# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર

**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

---

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પ્રત-પુસ્તકોને સ્કેન કરાવીને ૫૪ પુસ્તકોના સેટ નં.-૧ ની

ડી.વી.ડી. **(DVD)** બનાવી તેની યાદી ----- ઈ. સ. ૨૦૦૯ (સં. ૨૦૬૫)

*આ પુસ્તકો www.jainelibrary.org / www.jainelibrary.com વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |
| 026 | तत्त्पोपप्लवसिंहः | श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य | 188 |

| | | | |
|---|---|---|---|
| 027 | शक्तिवादादर्शः | श्री सुदर्शनाचार्य शास्त्री | 214 |
| 028 | क्षीरार्णव | श्री प्रभाशंकर ओघडभाई | 414 |
| 029 | वेधवास्तु प्रभाकर | श्री प्रभाशंकर ओघडभाई | 192 |
| 030 | शिल्परत्नाकर | श्री नर्मदाशंकर शास्त्री | 824 |
| 031 | प्रासाद मंडन | पं. भगवानदास जैन | 288 |
| 032 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१ | पू. लावण्यसूरिजी म.सा. | 520 |
| 033 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२ | पू. लावण्यसूरिजी म.सा. | 578 |
| 034 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१) | पू. लावण्यसूरिजी म.सा. | 278 |
| 035 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय३ (२) (३) | पू. लावण्यसूरिजी म.सा. | 252 |
| 036 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५ | पू. लावण्यसूरिजी म.सा. | 324 |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર ૩૦

<u>શિલ્પશાસ્ત્ર ગ્રંથ</u>

## શિલ્પરત્નાકર

**: દ્રવ્ય સહાયક :**

**પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિશ્વરજી મ.સા.ના સમુદાયના**
**પ.પૂ. આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની**
**પૂ. મહાનંદાશ્રીજી મ.સા.તથા શિષ્યા પૂ. વિરાગરત્નાશ્રીજી મ.સા.ની**
**પ્રેરણાથી બહેનોની જ્ઞાનખાતાની ઉપજમાંથી**

**: સંયોજક :**

**શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા**
**શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**
**શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન**
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

**સંવત ૨૦૬૫ ઈ.સ. ૨૦૦૯**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

श्रीविश्वकर्मणे नमः

# शिल्परत्नाकरः ।

शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशंकर-
सोमपुराविरचितः ।

प्रकाशकः-

शिल्पशास्त्री श्रीनर्मदाशङ्कर मूलजीभाई सोमपुरा
ध्रांगध्रा, ( काठीयावाड ).

आ ग्रंथना पुनर्मुद्रणादि सर्व हक्को ग्रंथकर्ताए पोताने
स्वाधीन राख्या छे, जेथी कोईए छापवो, छपाववो नहि.

प्रथमावृत्तिः
सं. १९९५

प्रत १०००
सन १९३९

मूल्य रु. १०-०-० दश रुपीआ.

"Aho Shrutgyanam"

પ્રકાશક :—
**શિલ્પશાસ્ત્રી શ્રીનર્મદાશંકર મુળજીભાઇ સોમપુરા.**
ઠે૦, હળવદ દરવાજા પાસે, ખારીમાં
મુ. **ધ્રાંગધ્રા**, કાઠીયાવાડ.

૧૧ : ૧૧ : ૧૯૩૯

મુદ્રક :—
**પં. મોતીદાસ ચેતનદાસજી**
કબીર પ્રિન્ટીંગ પ્રેસ, સીયાબાગ, **વડોદરા.**

"Aho Shrutgyanam"

# વિષય સૂચી.


| | | |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના .... .... .... .... .... | ૫–૮ |
| ૨ | ગ્રંથકર્તાનું નિવેદન.... .... .... .... .... | ૯–૨૦ |
| ૩ | વિષયાનુક્રમણિકા .... .... .... .... .... | ૧–૯ |
| ૪ | સુપ્રસિદ્ધ વિદ્વાનોના અભિપ્રાયો .... .... .... | ૧૦–૧૫ |
| ૫ | પ્રથમ રત્ન–આયાદિ અંગ વિચાર .... .... .... | ૧–૪૦ |
| ૬ | દ્વિતીય રત્ન–પ્રાસાદોત્પત્તિ રચના વિધિ.... .... .... | ૪૧–૭૪ |
| ૭ | તૃતીય રત્ન–મંડોવરથી દ્વારશાખા લક્ષણાધિકાર .... .... | ૭૫–૧૧૨ |
| ૮ | ચતુર્થ રત્ન–મંડપથી પ્રતિમા દૃષ્ટિ લક્ષણાધિકાર .... .... | ૧૧૩–૧૭૦ |
| ૯ | પંચમ રત્ન–શિખર અને નિર્દોષ લક્ષણાધિકાર .... .... | ૧૭૧–૨૨૦ |
| ૧૦ | ષષ્ઠ રત્ન–કેશરાદિ પ્રાસાદ લક્ષણાધિકાર .... .... | ૨૨૧–૨૬૦ |
| ૧૧ | સપ્તમ રત્ન–તિલકસાગરાદિ પ્રાસાદ લક્ષણાધિકાર .... .... | ૨૬૧–૨૮૮ |
| ૧૨ | અષ્ટમ રત્ન–ઋષભાદિ પ્રાસાદ લક્ષણાધિકાર .... .... | ૨૮૯–૩૩૦ |
| ૧૩ | નવમ રત્ન–વૈરાજ્યાદિ પ્રાસાદ લક્ષણાધિકાર .... .... | ૩૩૧–૩૪૯ |
| ૧૪ | દશમ રત્ન–મેર્વાદિ પ્રાસાદ લક્ષણાધિકાર .... .... | ૩૫૦–૩૯૩ |
| ૧૫ | એકાદશ રત્ન–દેવમૂર્તિ સ્વરૂપ લક્ષણાધિકાર .... .... | ૩૯૪–૪૬૯ |
| ૧૬ | દ્વાદશ રત્ન–જિન પ્રતિમા સ્વરૂપ લક્ષણાધિકાર .... .... | ૪૭૦–૫૧૦ |
| ૧૭ | ત્રયોદશ રત્ન–પ્રતિષ્ઠા વિધિ લક્ષણાધિકાર .... .... | ૫૧૧–૫૫૬ |
| ૧૮ | ચતુર્દશ રત્ન–જ્યોતિ મુંહૂર્ત લક્ષણાધિકાર .... .... | ૫૫૭–૬૩૧ |
| ૧૯ | પરિશિષ્ટ પ્રકરણ .... .... .... .... .... | ૧–૧૪ |
| ૨૦ | અગાઉના ગ્રાહકોનાં શુભ નામ .... .... .... | ૧૫–૧૬ |
| ૨૧ | શિલ્પશાસ્ત્ર પારિભાષિક શબ્દાર્થકોશ .... .... .... | ૧–૧૨ |


"Aho Shrutgyanam"

## —: પુસ્તક મળવાનાં ઠેકાણાં :—

૧ શિલ્પશાસ્ત્રી **નર્મદાશંકર મુલજીભાઇ** સોમપુરા.
ઠે૦ હળવદ દરવાજા પાસે, ખારીમાં,
મુ૦ **ધ્રાંગધ્રા** (સ્ટેટ), કાઠીયાવાડ.

૨ **વ્યવસ્થાપક, કબીર પ્રેસ,**
સીયાબાગ, **વડોદરા.**

૩ **મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર**
ઠે૦ ત્રણ દરવાજા, **અમદાવાદ.**

"Aho Shrutgyanam"

# પ્રસ્તાવના.

ધ્રાંગધ્રાના મૂળ વતની અને હાલ અમદાવાદના રહેવાશી શિલ્પશાસ્ત્રી રા. નર્મદાશંકર મૂળજીભાઇ સોમપુરાએ ઘણા પરિશ્રમને અંતે પ્રસિદ્ધ કરેલો પ્રસ્તુત શિલ્પરત્નાકર નામનો ગ્રંથ અવલોકનાર્થે મારા તરફ મોકલાવ્યો અને ટુંક સમયમાં શકય તે ગ્રંથાવલોકન મ્હેં કર્યું.

૨. આ ગ્રંથ તૈયાર કરવામાં કાળ, દ્રવ્ય અને બુદ્ધિનો સદ્વ્યય કરી ગ્રંથકારે તેનો લાભ જનતાને આપ્યો છે. રા. નર્મદાશંકરે જાતે શિલ્પશાસ્ત્રનો અભ્યાસ કરી સ્વહસ્તે કેટલાક પ્રાસાદો એટલે દેવાલયોની રચનાનાં કામ પણ કર્યાં છે. શેરીશા, પાનસર, પાલીતાણા વિગેરે સ્થળોએ પ્રાચીન પદ્ધતને અનુસરીને નવા થએલા પ્રાસાદોની રચનાનાં ગ્રંથકારના સ્વહસ્તે થએલાં કામ સુપ્રસિદ્ધ છે. આવા અનુભવી શિલ્પશાસ્ત્રીના પરિશ્રમથી પ્રસિદ્ધ થયેલા આ ગ્રંથની ગણના શ્રેયાન પંક્તિમાં કરવી તે યોગ્યજ થશે.

૩. રા. નર્મદાશંકરનો વડોદરા રાજ્ય સાથેનો સંબંધ ઘણો જુનો છે. સને ૧૯૨૬ માં કૈ. શ્રીમંત સયાજીરાવ મહારાજ મહેસાણા પ્રાંતના કલોલ તાલુકામાં પધાર્યા અને કલોલ નજીક શેરીશા ગામની મુલાકાત લીધી. તે પ્રસંગે તેઓશ્રીનો રા. નર્મદાશંકર સાથે પ્રથમ પરિચય થયો. કૈ. શ્રીમંત મહારાજા સાહેબને શિલ્પશાસ્ત્ર અને કળા–કૌશલ્ય પ્રત્યે ભારે શોખ હતો અને તેના પરિણામ રૂપેજ રા. નર્મદાશંકરને વડોદરામાં કલાભવનમાં પ્રાચીન શિલ્પશાસ્ત્રના અધ્યાપક તરીકે તથા રાજ્યના સાર્વજનીક બાંધકામ ખાતામાં પણ કામ કરવા માટે નીમવામાં આવ્યા. આ સંજોગોમાં મારો ગ્રંથકાર સાથે પરિચય થયો અને તે કાયમ છે.

૪. કૈ. શ્રીમંત મહારાજા સાહેબની માર્ગદર્શી સૂચનાથી રા. નર્મદાશંકરે આ ગ્રંથ રચ્યો છે અને તેમ કરવામાં બાર વર્ષનો કાળક્ષેપ થયો છે. ગ્રંથનો મુખ્ય ભાગ ૬૩૧ પૃષ્ઠનો છે. વિષયનો બોધ સુલભ કરવા માટે આકૃતિઓ તેમજ છાયાચિત્રો મોટા પ્રમાણમાં આપ્યાં છે. જેમાંની કેટલીક આકૃતિઓ રા. નર્મદાશંકરે જાતેજ સુંદર રીતે દોરેલી છે. આથી ગ્રંથકારની મહેનત અને દ્રવ્યના વ્યયનો પુરો ખ્યાલ થાય છે.

૫. આપણા દેશમાં કલાત્મક ગ્રંથ છાપવામાં ઘણી મુશીબત નડે છે અને તેમાંએ શિલ્પશાસ્ત્રના ગ્રંથ પ્રસિદ્ધિનું કામ તો અતિ ખર્ચાળ હોય છે. આથી પાશ્ચિમાત્ય એટલે સુધરેલી ઢબના ગ્રંથની મૂળ કિંમત વધી જાય છે. રત્નાકર ગ્રંથની કિંમત જનતાને ભારે ન પડે તે અર્થે રા. નર્મદાશંકરે ઓછી રાખી છે. આમાં ગ્રંથકારની

"Aho Shrutgyanam"

મહેનતનો મ્હોંબદલો પણ મળે તેમ નથી. જેથી પ્રસ્તુત ગ્રંથ તરફ સહાનુભૂતિ દર્શાવી ગ્રંથકારે લીધેલા પરિશ્રમને તથા કરેલાં પ્રયત્નને અપનાવી લેવા જનતાને મારી ખાસ ભલામણ છે.

૬. આ ગ્રંથનાં ૧૪ રત્નો એટલે વિભાગ છે જે વિષયાનુસાર ગોઠવ્યા છે. તેમાં મુખ્ય વિભાગ રત્ન ત્રીજાથી શરૂ થાય છે, જેમાં ભૂમિશોધન, ખાતવિધિ વિગેરે તથા પીઠ સુધીના પ્રાસાદના અંગોની રચનાની માહિતી આપી છે. ૪ થા વિભાગમાં પીઠથી મંડોવર સુધી તથા ગર્ભગૃહ એટલે સેંટમ (Sanctum) અને મંડપનું વિવેચન કરેલું છે. મંડપની અનેકવિધ રચનાના નકશા પણ તેમાં આપ્યા છે. ૫ મા રત્નમાં શિખર રચનાવિધિ તથા કળશના નિયમો છે. ૬ ઠા રત્નમાં કેશરાદિ ૨૫ પ્રાસાદોની રચના વર્ણવેલી છે. ૭, ૮, ૯ અને ૧૦ મા રત્નોમાં પણ વૈરાજ્યાદિ પ્રાસાદ તથા ઋષભાદિ જૈન પ્રાસાદોના પ્રકાર દર્શાવ્યા છે. ૧૧ અને ૧૨ મા રત્નોમાં મૂર્તિઓનાં સ્વરૂપ, તીર્થંકરો તથા યક્ષયક્ષિણીઓ અને વિદ્યાદેવીઓનાં વર્ણન આપ્યાં છે. ૧૩ મા રત્નમાં પ્રતિષ્ઠાવિધિ, વાસ્તુપૂજન તથા મુહૂર્ત જોવા માટે જ્યોતિષ વિષયનો સમાવેશ કરેલો છે.

૭. શિલ્પશાસ્ત્રમાં પ્રાસાદ અને તેના ઉપાંગોના પ્રમાણ સંબંધી નિયમો છે. આવા નિયમો ઘડવા માટે લાંબા વખતનો વ્યવહારૂ અનુભવ હોવો જોઇએ. આવા નિયમો પાશ્ચાત્ય દેશમાં પણ શિલ્પપ્રેમી ગ્રીસ દેશના લોકોએ કરેલા હતા. અને તે સંબંધી ગ્રંથ બિટ્રૂબિયસ (Vitruvivs) નામના ગ્રંથકારે રચ્યો છે. આ ગ્રંથમાં અને આપણા દેશના શિલ્પ ગ્રંથમાં કેટલાક અંશે સામ્યતા છે. ઇસ્વીસનની શરૂઆતમાં વ્યાપારાર્થે ગ્રીસ અને રોમના દરીઆઇ વેપારી હિંદના દક્ષિણ કિનારે સૌરાષ્ટ્રથી ઠેઠ મલબાર કાંઠા સુધી પહોંચ્યા હતા એટલે ઉપરોક્ત સામ્યતાનાં અનેક કારણો પૈકીનું આ એક કારણ હશે એવું સહેજે અનુમાન થાય છે.

૮. પરદેશના પરધર્મી શકરાજા રૂદ્રદમન જે અવંતી નરેશ થયો, તેણે ગિરનાર નજીક સુદર્શન નામનું તળાવ જે મૌર્યવંશીય ચંદ્રગુપ્ત અને અશોક રાજાએ પ્રથમ બાંધેલું તે સંબંધના શિલાલેખમાં તે સમયના પ્રાસાદોનો પણ ઉલ્લેખ કર્યો છે.

૯. કવિકુલગુરૂ કાળીદાસના મેઘદૂતમાં અવંતી નગરીનું વર્ણન આપેલું છે. તેમાં તે સમયના શિલ્પનું વ્યાપક સ્વરૂપ દર્શાવ્યું છે.

૧૦. સમુદ્રગુપ્ત જેવા મહાન સમ્રાટે ઉદયજ એટલે હાલના ગિરનાર પર્વતના તળે સુદર્શન તળાવનો પુનરુદ્ધાર કર્યો, તે સમયે તે નજીક ભગવાન વિષ્ણુનું સુંદર મંદિર રચ્યું.

૧૧. દશપૂર એટલે ગ્વાલિઅર રિયાસતનું હાલના મંદોસરના શિલાલેખમાં, લાટ દેશના શિલ્પી માળવા અને રજપુતાનાના પ્રદેશમાં ઇ. સ. ૫ મી સદીમાં દાખલ થયા એવો ઉલ્લેખ છે, તેમજ તેમાં લાટ દેશના વિહારોની પણ નોંધ છે.

"Aho Shrutgyanam"

૧૨. પ્રસિદ્ધ ચીની મુસાફર હ્યુએનત્સંગ ( Hieun Thsang ) ૭ મી સદીની ચાલીસીના અરસામાં આખા ભારતવર્ષમાં ઘુમ્યો અને તે ગુજરાતમાં પણ ફર્યો હતો. તેણે કરેલા વર્ણનમાં બુદ્ધ ધર્મના ચૈત્યો, વિહારો તથા સનાતની ધર્મનાં દેવાલયોનો ઉલ્લેખ કરેલો છે.

૧૩. રાષ્ટ્રકૂટવંશસંસ્થાપક કૃષ્ણ રાજાએ એલોરામાં કૈલાસ નામનો સુંદર પ્રાસાદ બાંધ્યો અને તેનો ઉલ્લેખ એક તામ્રપટમાં મોટા હર્ષથી કર્યો છે. આ તામ્રપટ લાટ ( ગુજરાત ) દેશમાં આવતા કેટલાક ગામોનું દાન કરવા સંબંધમાં છે. જેથી લાટ દેશના શિલ્પ વિષે આવતો સંબંધ પ્રાચીન અને મહત્વનો છે.

૧૪. ભારતીય શિલ્પશાસ્ત્ર સંબંધી પ્રાચીન ગ્રંથનું આંગ્લભાષામાં પ્રથમ રચેલું પુસ્તક રામરાજના નામથી ઓળખાય છે. એના કર્તાનું નામ રામરાજા છે, તે મ્હૈસુર સંસ્થાનમાં ન્યાયાધીશ હતા, અને એનો આ ગ્રંથ લંડનની રોયલ એશીઆટીક સોસાયટીના આશ્રય નીચે ઇ. સ. ૧૮૩૪ માં પ્રસિદ્ધ થયો. ભરતભૂમિના શિલ્પ સાથે યુરોપીય દેશોનો પરિચય પ્રથમ આ ગ્રંથથી થયો. ત્યાર બાદ સર જેમ્સ ફરગ્યુસન નામે પ્રસિદ્ધ શિલ્પશાસ્ત્રવિશારદ ગ્રંથકારે હિંદુસ્થાનના શિલ્પશાસ્ત્ર ઉપર, ઘણો રસ લઇ, કેટલાક ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે તેમજ પુરાણ વસ્તુ સંશોધન ખાતાએ પ્રાચીન ચૈત્યો, દેવાલયો અને સ્થળોના સંરક્ષણાર્થે તેનું આસ્થાપૂર્વક પરિશીલન કરી, જનતાની તે તરફની લાગણી જાગૃત કરી છે. આવાજ પ્રકારનું કામ, આપણા લોકપ્રિય ગુર્જર નરેશ કૈલાસવાસી શ્રીમંત સયાજીરાવ મહારાજ એઓશ્રીએ ગુજરાત માટે કર્યું છે.

૧૫. ગુજરાતમાં પ્રાસાદ બાંધવાનાં સાધનો સુલભ હોવાથી લોકમાં પ્રાસાદ બાંધવાની લાગણી ઘણી છે. કઠણ પથ્થરની ખાણો સોનગીર, આમનગર, ધ્રાંગધ્રા, પોરબંદર વિગેરે ઠેકાણે છે, જેનો ઉપયોગ ઘણા વર્ષોથી પ્રાસાદો બાંધવા તરફ થયો છે. અરવલ્લી, વિંધ્યાચળ તથા સહ્યાદ્રિ જેવા ગિરિરાજની વચ્ચે ગુજરાત દેશ હોઇ, ત્યાંના ઇમારતી લાકડાનો ઉપયોગ શિલ્પકળાના વિસ્તાર તરફ થયો છે. આવા સંજોગોમાં સોલંકી વંશના મૂળરાજ, સિદ્ધરાજ અને કુમારપાળ જેવા સુપ્રસિદ્ધ રાજપુરૂષોના સમયમાં શિલ્પશાસ્ત્ર વિસ્તૃત થયું. ગુર્જર દેશની વિખ્યાત પાટનગરી પાટણમાં મંડન નામે સૂત્રધાર હતો, જેના સમય સંબંધે આધારભૂત ઉલ્લેખ કરવા સાધન નથી, પરંતુ મંડનરચિત શિલ્પશાસ્ત્રના ગ્રંથાનુસાર રાણા કુંભે બાંધેલા પ્રાસાદો, કીર્તિસ્થંભો વિગેરે આજે પણ ચીતોડ ગઢમાં મોજુદ છે.

૧૬. ઇ. સ. ૧૯ મી સદીના પૂર્વચતુર્થાંશમાં પ્રસિદ્ધ ગ્રંથકાર ટૉડે મારવાડ અને મેવાડના કેટલાક સુંદર પ્રાસાદોનાં રેખાચિત્રો પોતાના ગ્રંથમાં આપી, તે સંબંધી બુઝાતી લાગણી ફરીથી પ્રદીપ્ત કરી. આવા અનેક પ્રકારના પ્રયત્નોથી ગત સૈકામાં

"Aho Shrutgyanam"

પાશ્ચાત્ય અને પૌર્વાત્ય કલાપ્રેમી વિદ્વાનોનું લક્ષ શિલ્પશાસ્ત્ર તરફ આકર્ષિત થયું અને તેથી સૂત્રધાર, શિલ્પી, કારીગર વિગેરે વર્ગના કામને ઉત્તેજન આપવા તરફ પ્રયત્ન થવા લાગ્યો, અને પ્રાચીન શિલ્પશાસ્ત્રનું પુનર્જીવન થયું.

૧૭. ઉપરોકત રામરાજ ગ્રંથમાં કરેલું વિવેચન દ્રાવિડ દેશને લાગુ પડે એવું છે. તેના વિભાગ પણ પીઠ, સ્તંભ, પ્રસ્તર, વિમાન, ગોપુર એ પ્રમાણે પાડેલા છે. જે "માનસાર" ગ્રંથ ઉપરથી લીધેલા છે. થોડાંક વર્ષ પૂર્વે અલાહાબાદના ડૉ. આચાર્યે માનસાર ઉપર ત્રણ ભાગમાં એક ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. માનસાર ગ્રંથમાં પ્રાસાદના મુખ્ય ભાગ તથા તેના ઉપાંગના પ્રમાણ (Proportion) સંબંધી ચોકસાઇથી નિયમ આપેલા છે. પરંતુ શિલ્પરત્નાકર ગ્રંથમાં અને અન્ય શિલ્પના ગ્રંથોમાં પણ આવા પ્રમાણ બાબત નિયમો આપ્યા છે. આવી જાતની સામ્યતા પરથી સ્પષ્ટ થાય છે કે શિલ્પના ગ્રંથનું બીજ એકજ હશે.

૧૮. કૈલાસવાસી રા. વઝે એલ. સી. ઇ. એન્જીનીયરે હિંદી શિલ્પશાસ્ત્રનો અભ્યાસ કરી એ સંબંધના ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે. તેમના કહેવા પ્રમાણે પ્રાચીન સમયમાં ૧૮ સંહિતા હતી. જે પૈકી કશ્યપ, ભૃગુ, મય અને વિશ્વકર્મા સંહિતા હાલ પણ પ્રચલિત છે. આ સંહિતાઓનો ઉલ્લેખ મત્સ્ય પુરાણમાં છે. ભૃગુ અને વિશ્વકર્માની સંહિતા લાટ દેશમાં વધુ પ્રમાણમાં ઉપયોગમાં આવતી હતી અને તે દક્ષિણથી ઉત્તર પ્રદેશમાં પ્રથમ ચાલુકય અને રાષ્ટ્રકૂટના રાજાઓના વખતમાં દાખલ થઇ હશે એમ અમને લાગે છે. આ સંહિતાનું થએલું એકીકરણ તે રાજવંશનો લોપ થવાના સમયનું હશે, કારણ કે તે એકીકરણમાં ગુજરાત પ્રદેશને લાટ એ નામથી સંબોધેલો છે. આવી સંહિતાઓનું એકીકરણ કરવાનું કાર્ય મુસલમાની રિયાસતમાં બંધ પડયું. મુસલમાની રિયાસતમાં મહમદ ગીઝની, મહમદ તઘલખ અને મહમદ બેગડા જેવા કટ્ટર ધર્માભિમાનીના સમયમાં કેટલાક પ્રાસાદો, મંદિરો વિગેરે ખંડીત થયાં. અકબર જેવા પરધર્મસહિષ્ણુ બાદશાહના કાળમાં ખંડીત થયેલા પ્રાસાદોનો જે જીર્ણોદ્ધાર થયો તે અલ્પ પ્રમાણમાં હતો.

૧૯. હાલ પ્રાચીન હિંદુ સંસ્કૃતિના પુનરૂજ્જીવનની આશા ઉત્પન્ન થઇ છે, અને તેની સફળતા માટે પ્રાચીન શિલ્પશાસ્ત્રનો પુરેપુરો પરિચય થવાની આવશ્યકતા છે. આવાં સંજોગોમાં રા. નર્મદાશંકર જેવા વ્યાસંગી અને કાર્યદક્ષ શિલ્પીના હસ્તે પ્રસ્તુત ગ્રંથ પ્રસિદ્ધ થાય તે સંતોષની વાત છે, જેથી આ ગ્રંથને આશ્રય આપવા જનતાને અમારી હાર્દિક ભલામણ છે.

**મુ. શિવસદન,**
**પ્રતાપગંજ, વડોદરા.**
તા. ૪–૮–૩૯

**વા. રા. તળવલકર.**
એફ. આર. આઇ. બી. એ. (લંડન), એલ. સી. ઇ. (મુંબઇ).
**સ્ટેટ આર્કીટેકટ, વડોદરા સંસ્થાન.**

"Aho Shrutgyanam"

# ગ્રંથકર્તાનું નિવેદન.

ભારતવર્ષની દિવ્ય ભૂમિમાં ધર્મ કર્મની એક એવી અપૂર્વ સંયોજના થયેલી દૃષ્ટિગોચર થાય છે કે આજે હજારો વર્ષ વીતી ગયાં હોવા છતાં પણ તેની વાસ્તવિકતા વધુને વધુ સ્પષ્ટ થતી જાય છે. હાલના વૈજ્ઞાનિક જમાનામાં પણ તેની યથાર્થતા વિદ્વાનો દ્વારા માન્ય થતી જાય છે. આવા સમયે એની મહત્તા વિષે વિશેષ લખવું એ દીપકથી સૂર્યનાં દર્શન કરાવવા સમાન છે. ભારતની આ સંસ્કૃતિ જેટલી પુરાતન અને આદર્શ છે તેટલી જ તેની સ્થાપત્ય કળા પણ પ્રાચીન અને આદર્શ છે. ભારતના ઋષિ મુનિઓએ જેમ ભારતીય સંસ્કૃતિમાં પોતાના આત્મોન્નતિના આદર્શને ઓતપ્રોત કરી દીધો છે તેમ તેના વિદ્વાન્ સ્થપતિઓએ પોતાની સ્થાપત્ય કળામાં ભારતીય જીવનના આદર્શને સમાવી દીધો છે. ભારતની આજની તેની ગુલામી અને પતનાવસ્થામાં પણ ભારતવર્ષની આ સર્વોત્કૃષ્ટ સ્થાપત્ય કળા અને તેમાં આત્મસમર્પણ કરનારા સ્થપતિ-ઓનું જીવંત કળાકૌશલ્યના પ્રતીક સમા અને યદૃચ્છયા બચી ગયેલા તેના ભગ્નાવશેષો આજે પણ દેશવિદેશના અનેકાનેક યાત્રીઓને પોતાના તરફ આકર્ષી રહ્યા છે.

વિદેશીઓના આક્રમણને લીધે આ કળાને પણ ઘણું સહન કરવું પડ્યું છે. સ્થાપત્ય કળાના સુંદરમાં સુંદર કલામય અનેક પ્રાસાદો આજે ભૂમિશાયી થઈ પડેલા જોવામાં આવે છે અને તેના ભગ્નાવશેષો જોઈ આજે પણ યાત્રી તેની ભવ્યતાના ખ્યાલથી આશ્ચર્યચકિત બને છે. વિદેશીઓના આક્રમણ પહેલાંનો કાળ સ્થાપત્ય કળાની ઉન્નતિનો કાળ હતો. તે વખતમાં શૈવ, બૌદ્ધ અને વૈષ્ણવ રાજા મહારાજાઓ તરફથી આ કળાને ઘણું સારૂં પ્રોત્સાહન મળ્યું હતું. જૈન શાશનકાળમાં પણ તેના શાશકો તેમજ શેઠ શાહુકારો દ્વારા આ કળા વધુ પોષણ પામી હતી. આજે પણ ન્હાના મ્હોટા રૂપમાં શેઠ શાહુકારો આ કળાને પોતાના ધાર્મિક ભાવને લઇ પોષણ આપી રહ્યા છે. પરંતુ હાલના અંગ્રેજી શાસન કાળમાં જો કે તેની રક્ષા તરફ ધ્યાન આપવામાં આવ્યું છે તો પણ પોષણ અને ઉત્તેજનના અભાવે દિન પ્રતિદિન હ્રાસ થતો જાય છે અને ભારતીય કળાને બદલે પાશ્ચિમાત્ય કળાને ઉત્તેજન મળતું હોવાને લીધે રાજા મહારાજાઓ તથા શેઠ શાહુકારોનું ધ્યાન ભારતની આ પુનીત સ્થાપત્ય કળા કે જે વિજ્ઞાનસિદ્ધ છે, તેના તરફથી દૂર થયું છે અને ભારતની આ પ્રાચીન અને સુંદર કળાનો લગભગ અભાવ થતો જાય છે. આ ભારતનું એક મોટું દુર્દૈવજ ગણાય !

હિંદુ સંસ્કૃતિનો મૂળ આધાર ધર્મ છે અને ચાર પ્રકારના પુરૂષાર્થોમાં પણ ધર્મને જ પહેલો પુરૂષાર્થ ગણવામાં આવેલો છે. તેથી બધા ગ્રંથોનો પ્રારંભ જેવી રીતે

"Aho Shrutgyanam"

ધર્મવૃદ્ધિ થાય એ દૃષ્ટિએ જ થયેલો છે અને આજ કારણને લઇ શિલ્પશાસ્ત્ર ( સ્થાપત્ય કળા ) ની વિજ્ઞાનસિદ્ધ બાબતોમાં પણ ધર્મની ભાવના ઓતપ્રોત થયેલી જોવામાં આવે છે. એમાં પ્રાચીન ઋષિમુનિઓની રચના બુદ્ધિની એ ખૂબી છે કે શિલ્પશાસ્ત્ર જેવા સર્વોપયોગી શાસ્ત્રમાં પણ હિન્દુ સંસ્કૃતિના મૂળને સંક્રાન્ત કરી લીધું છે.

અનેક કળાના અગાધ સમુદ્રરૂપ શિલ્પશાસ્ત્રના મુખ્ય આચાર્ય શ્રી વિશ્વકર્મા છે અને તેમણે શિલ્પના અનેક ગ્રંથો રચેલા છે. એ ગ્રંથોના આધારે બીજા શિલ્પકારોએ પણ રચેલા કેટલાક ગ્રંથો જોવામાં આવે છે. જ્યારે આપણે આ ગ્રંથો વાંચીએ છીએ ત્યારે તેમાં રહેલી ખૂબીઓ આપણને જાણવા મળે છે અને પ્રાચીન શિલ્પકારોના હાથે બનેલા પ્રાસાદોનાં વર્ણનો વાંચતાં તેમાં વર્ણવેલી અત્યંત અદ્‌ભુતતાને જોઇ ‘ અતિશયોક્તિ કરેલી છે. ’ એમ જે કહેવામાં અગર માનવામાં આવે છે તે કબૂલવા હૃદય ના પાડે છે. કારણ કે તેવા પ્રાસાદોના ભગ્નાવશેષો જોઇ આજે પણ પાશ્ચિમાત્ય કળાકારો તેની અદ્‌ભુતતા માટે મુક્તકંઠે પ્રશંસા જ કરે છે.

ગુજરાતમાં સિદ્ધપુરમાં આવેલો રૂદ્રમહાલય ( રૂદ્રમાળ ), તારંગાજી (તારંગા હિલ) ઉપરનો શ્રી અજિતનાથ પ્રભુનો શ્વેતાંબર જૈન પ્રાસાદ, ગિરિવર આબુમાં આવેલાં અદ્‌ભુત કોતરણી કામવાળાં દેલવાડાનાં જૈન દેરાસરો, બહેચરાજી નજીક આવેલો મુંઢેરા ગામનો પ્રાચીન સૂર્ય પ્રાસાદ, મારવાડ અને મેવાડની સંધિએ રાણકપુરનો શ્રી ધરણીવિહાર નામનો ચોમુખ પ્રાસાદ અને સૌરાષ્ટ્રમાં શ્રી સોમપુર ( પ્રભાસ પાટણ ) માં આવેલો શ્રી સોમનાથ મહાદેવનો પ્રાચીન પ્રાસાદ વગેરે પ્રાસાદો ભારતની આ સ્થાપત્ય કળાના ઉત્કૃષ્ટ નમુનાઓ છે. આ પ્રાસાદોની અદ્‌ભુત કારીગરી જોવાને પશ્ચિમના એંજીનીયરો તેમજ ભારતના ગવર્નરો અને વાયસરાયો પણ જાય છે. એટલું જ નહિ પરંતુ તેના ફોટાઓ પણ પાડી જાય છે. ઉપરના પ્રાસાદો તેમજ મોટી અંબાજી પાસેના શ્રી કુંભારીયાજીના જૈન પ્રાસાદો વગેરેના ઘુમટો, છતો, સ્તંભો, મંડોવરો, શિખરો, દ્વારો અને સામરણો વગેરેની સુંદર કારીગરી આ પુસ્તકમાં આપવામાં આવેલા ફોટાઓ ઉપરથી જોઇ શકાશે.

શિલ્પશાસ્ત્રરૂપી રત્નાકરમાં અનેક પ્રકારની કારીગરીના ભંડારો ભર્યા છે પરંતુ ભારતવર્ષની માલિકીપણાનું સ્વાભિમાન ધરાવતા પ્રચંડ બાહુબળશાલી શૂરવીર ક્ષત્રિયોમાં કુસંપ વધવાથી વિધર્મીઓ ફાવી ગયા. વિધર્મીઓના જુલ્મી રાજ્ય અમલમાં તેઓ હિંદુઓને વટલાવતા અને મૂર્તિઓના ટુકડે ટુકડા કરી નાખતા તેમજ દેવાલયો તોડી નાખતા. જેવાં કે સિદ્ધપુરનો રૂદ્રમહાલય, અને સૌરાષ્ટ્ર–પ્રભાસ પાટણમાં આવેલો શ્રીસોમનાથ મહાદેવનો અલૌકિક પ્રાસાદ. એ કાળના જુલ્મી શાશકોએ ઘણાં સુંદર દેવાલયોનો નાશ કરી નાખ્યો. એટલુંજ નહિ પરંતુ શિલ્પ-

"Aho Shrutgyanam"

શાસ્ત્રનાં અનેક ગ્રંથરત્નો શિલ્પીઓ પાસેથી જોર જુલ્મથી પડાવી લઇ અગ્નિને ભેટ કરી દીધાં તેમજ અન્ય ધર્મનો નાશ કરી દીનમાં લાવવાથી મોટું પુણ્ય થાય છે એવી માન્યતાથી દીન ધર્મ સ્વીકારે તેને જીવતદાન આપતા અને અસ્વીકાર કરે તેને તરવારને ઘાટ ઉતારતા. આવા જુલ્મોને લીધે લાખો રૂપીયા ખર્ચી બનાવેલાં અદ્ભુત કોતરણી કામવાળાં સુંદર દેવાલયોના રક્ષણનું કામ અશકય થઇ પડયું હતું તો પછી નવાં તો બનાવાયજ કેમ ? આવી પરિસ્થિતિને લીધે શિલ્પશાસ્ત્રના અભ્યાસીઓની જરૂર નહિં રહેવાથી પરંપરાગત શિલ્પવિદ્યા શીખવાનું પણ અશકય થઈ પડયું. અને કદાચ કોઇએ ગુપ્ત રીતે ગ્રંથો સાચવી રાખ્યા હશે તો કામ કરાવનારાઓના અભાવે ઉધઇનો ભોગ થઈ પડ્યાં. આવી રીતે શિલ્પકળાના સુંદર ગ્રંથો છિન્નભિન્ન થઇ જવાથી કોઇની પાસે સાંગોપાંગ સંપૂર્ણ ગ્રંથો રહી શકયા નહિ અને કોઇની પાસે રહ્યા તો કોઇ ગ્રંથનો અર્ધો ભાગ તો કોઇનો પોણો ભાગ અને કોઇનો પા ભાગ રહ્યો. તેમાં પણ હસ્તલિખિત ગ્રંથો એક બીજાના ઉતારા હોવાથી અને સંસ્કૃત ભાષાનું જ્ઞાન નહિં રહેવાથી અશુદ્ધ થઇ ગયેલા છે એટલે ગ્રંથકર્તાને આ ગ્રંથ રચવામાં શુદ્ધિ અશુદ્ધિ માટે ઘણી મુશ્કેલી વેઠવી પડી છે. તેમ છતાં ઉપરના કારણોને લઇ કોઇ ઠેકાણે ભૂલ કે અશુદ્ધિ રહી ગયેલ હોય તો વિદ્વાન વર્ગ ક્ષમા કરી મને સૂચિત કરશે તો હું તેમનો આભારી થઇશ અને બીજી આવૃત્તિમાં સુધારો કરીશ.

આ ગ્રંથ રચવામાં અપરાજીત, સૂત્રસંતાન, ક્ષીરાર્ણવ ( ક્ષીરાણ ), દીપાર્ણવ ( દીપારણ ) વૃક્ષાર્ણવ, ( વૃક્ષારણ ), વાસ્તુકૌતુક, સમરાંગણ, વાસ્તુસાર અને નિર્દોષ વાસ્તુ; આ પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો સારાંશ તથા પ્રાસાદમંડન, રૂપમંડન, ચોવિસ તીર્થંકરોના જિન પ્રાસાદ, આયતત્ત્વ અને કુંડસિદ્ધિ; આ પાંચ ગ્રંથો સંપૂર્ણ સમાવી લીધેલા છે. તે સાથે પ્રાસાદનાં દરેક અંગો જેવાં કે જગતી, પીઠ, મહાપીઠ, કણપીઠ, મંડોવર, દ્વારશાખા, સ્તંભો તથા કેશરાદિ, તિલકસાગરાદિ, ઋષભાદિ, વૈરાજ્યાદિ અને મેર્વાદિ પ્રાસાદોનાં શિખરો, મંડપો, સામરણો, મૂર્તિઓ અને પરિકરો વિગેરેના નકશાઓ આપવામાં આવેલા છે જેથી શિલ્પકળાના અભ્યાસીઓને આ ગ્રંથ ઘણો ઉપયોગી થઇ પડશે એટલુંજ નહિ પરંતુ પ્રતિષ્ઠા કરાવનાર અને જ્યોતિષીઓને પણ ઘણો ઉપયોગી છે; કેમકે કુંડોની રચનાના નકશાઓ સહિત મુહૂર્ત જોવા માટે જ્યોતિષના વિષયનું પણ સંપૂર્ણ વિવેચન ગ્રંથના ચૌદમા રત્નમાં આપવામાં આવેલું છે એટલે એકંદરે આ ગ્રંથ સ્થાપત્ય કળાના શિક્ષણ માટે સર્વથા ઉપયોગી બને એવી યોજના રાખી ક્રમવાર રચવામાં આવ્યો છે.

શિલ્પશાસ્ત્રમાં દેવાલયો અને મકાનો વગેરે બનાવવામાં શરૂઆતથી અંત સુધી ઘણી સૂક્ષ્મ રીતે શુભાશુભનો વિચાર કરી દેવાલય કે મકાન કેવી રીતે વધુ ઉત્તમ

"Aho Shrutgyanam"

અને સુખકર થાય તેની ખાસ કાળજી રાખવામાં આવી છે અને તેના માટે પ્રારંભમાં જ શુભ દિવસ, શુભ નક્ષત્ર અને આયાદિનો પુરો વિચાર કરી પછી કાર્યારંભ કરવાને જણાવવામાં આવેલું છે. આય, નક્ષત્ર, વ્યય, તારા વગેરેના ગણીતથી ઉત્તમ પ્રકારનો મેળ સાધી કાર્યારંભ કરવામાં આવે તો સુખ પ્રાપ્ત થાય છે અને તેથી વિરૂદ્ધ કાર્ય થાય તો રહેનાર દુઃખ પામે છે. આવી રીતે ગૃહપ્રવેશ માટે પણ મુહૂર્ત જોવાનું વિધાન કરેલું છે અર્થાત્ પ્રત્યેક કાર્યમાં શાસ્ત્ર સાથે કળાનું સામંજસ્ય સાધી દેવાલય કે ગૃહનિર્માણ કરવું એવો શિલ્પશાસ્ત્રનો મુખ્ય આશય છે. શાસ્ત્રીય પદ્ધતિએ તૈયાર થયેલાં દેવાલયો અને ગૃહો કરનાર, કરાવનારને તથા ગામ, નગર અને રાષ્ટ્રને સુખપ્રદ લાભકર્તા અને અભ્યુદય સાથે કલ્યાણકર્તા માનેલાં છે. અન્યથા કરનાર, કરાવનાર તેમજ ગ્રામ, નગર અને દેશને હાનિકર્તા ગણેલાં છે. પરંતુ હાલમાં પોતાને શિક્ષિત માનતા સુધરેલા લોકો આ બધા શાસ્ત્રીય વિચારોને વહેમ માની ઉપેક્ષા વૃત્તિ દેખાડે છે. પરંતુ જો વિચાર કરવામાં આવે તો જણાઇ આવશે કે તે વહેમ નથી પરંતુ વાસ્તવિક વસ્તુસ્થિતિ છે.

આપણે બાળકની જન્મ કુંડલી કરાવીએ છીએ. તેમાં જો તેના જન્મ વખતે સારા ગ્રહોનો યોગ થયો હોય તો તે બાળક પરાક્રમી અને સુખી જીવન ગાળનાર થાય છે અને નબળા ગ્રહોનો યોગ પડયો હોય તો તે બાળક અલ્પાયુષી અને દુઃખી જીવન વ્યતીત કરે છે. જન્મકુંડલીમાં બાર ભુવનો હોય છે અને બાર ભુવનોમાં ઉચ્ચ નીચ સ્થાનોમાં પડેલા ગ્રહોના આધારે બાળકના ભાવી જીવનનો અંદાજ આપણે બાંધીએ છીએ અને તે પ્રમાણે આપણી ધારણા ઘણા પણ અંશે સાચી પડે છે. તેવીજ રીતે ઘર કે દેવમંદિર બનાવતી વખતે પણ ઉત્તમ યોગ અને અનુકૂળ નક્ષત્ર, ચંદ્ર, આય, વ્યય વગેરે આવેલાં હોય તો તેનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે અને ખરાબ હોય તો ખરાબ ફળ પ્રાપ્ત થાય છે. આ પ્રાચીન ઋષિ મુનિઓની સૂક્ષ્મ દૃષ્ટિ અને રચના બુદ્ધિનું કૌશલ્ય અને ખુબી છે. તેને આપણે સૂક્ષ્મ વિચારના અભાવે જાણી શકતા નથી અને ઉપરછલા વિચારને વશ બની વહેમ છે એમ માની ધુતકારી કાઢીએ છીએ એ આપણી કેવળ અજ્ઞાનતા છે.

પ્રાચીન ઋષિમુનિઓ ઘણા બુદ્ધિમાન અને તત્ત્વવેત્તા હતા. એમણે રચેલા ગ્રંથોનો સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કર્યા શિવાય વહેમ કે હંબગ ગણી કાઢવા એ આપણું અદૂરદર્શીપણું ગણાય. આપણાં પુરાણ વગેરે શાસ્ત્રોમાં વિમાન (વાયુમાન–એરોપ્લેન) ની વાતો આવે છે. તેને સુધરેલા ગપ્પાં માનતા; પરંતુ બુદ્ધિમાન અને પરિશ્રમી વિદેશી વિદ્વાનોએ એને ગપ્પાં નહીં માનતાં શોધખોળ કરી વિમાન બનાવી આપણી નજર સમક્ષ મૂક્યું અને ત્યારેજ આપણે વિશ્વાસ કરતા થયા. આપણાજ ગ્રંથો

"Aho Shrutgyanam"

ઉપરથી એ લોકોએ શોધખોળ કરી અનેક જાતની શોધો કરી છે. પશ્ચિમના કળાકારોને અનેક જાતની મદદ મળે છે તેમજ ત્યાંના ગૃહસ્થો કળાના શોખીન હોવાથી લાખો રૂપીયા ખર્ચી ધારેલું કામ પાર પાડે છે. આપણા હિંદુસ્થાનના રાજામહારાજાઓ અને ગૃહસ્થોએ તો આ બાબતમાં પૂંઠજ ફેરવી છે. પોતાના એશઆરામમાં મસ્ત બનેલા રહેવાથી ગપ્પાં માની બેદરકાર બન્યા અને પ્રાચીન શાસ્ત્રોનો અભ્યાસ પણ છોડયો અને કળાકારોને મદદ કરવામાંથી પણ ગયા એટલે કળા કે કળાકારોને કોણ સંભાળે ? આવા કારણોને લઇ ભારતવર્ષની કળાનો નાશ થયો છે. એક સુંદર ગુલાબનો છોડ છે અને તેને સુંદર ફુલો પણ આવે છે પરંતુ તેને જો પાણીરૂપી પોષણ ન મળે તો સહેજે સુકાઇ જાય એ સ્વાભાવિક છે.

કેટલાક હાલના સુધરેલા લોકો કહે છે કે લાખો રૂપીઆ ખર્ચી દેવમંદિરો બંધાવવાં અને તેમાં સુંદર કોતરણી કામ કરી નાહક પૈસા ખર્ચી નાખવા એ કેવળ મૂર્ખતા છે. તેના કરતાં છોકરાઓને ભણાવવા માટે સ્કુલો, બોર્ડીંગ હાઉસો વગેરે બંધાવવામાં પૈસા ખર્ચવા એ ઉત્તમ છે. જો કે તેમની આ વાત જમાના પ્રમાણે માનવા યોગ્ય છે. વિદ્યા પ્રચાર માટે સ્કુલો અને બોર્ડીંગ હાઉસો–નિવાસગૃહો બંધાવાં જોઇએ પરંતુ એકનો નિષેધ કરી બીજાની અગત્યતા બતાવવી એ કેવળ ટુંકી દૃષ્ટિએ જોવા સરખું છે. બુદ્ધિમાનોએ તો વિશાળ દૃષ્ટિએ બન્ને બાબતોનો પુરતો વિચાર કરવો જોઇએ. કારણ કે કળા પણ એક વિદ્યા છે અને તેની રક્ષા કરવી તથા તેના પૂજકોને ઉત્તેજન આપવું એ પણ ધનવાન દેશાભિમાની પુરૂષોનું કર્તવ્ય છે. વિદ્યા, કળા, વહેપાર અને ખેતી; એ કોઇપણ દેશનું ખરેખરૂં ધન છે. આપણો દેશ ધર્મપ્રધાન હોવાથી આપણી વિદ્યા, કળા, વહેપાર અને ખેતી પણ ધર્માનુકૂળ રીતે થાય એ આપણા પ્રાચીન ઋષિમુનિઓનો આદર્શ હતો. તેવી જ રીતે આપણા પ્રાચીન શિલ્પીઓએ પણ ધર્માનુકૂળ દેવમંદિરો, રાજપ્રાસાદો અને ઘરોની રચના કરેલી છે. કહ્યું છે કે:—

**नगराणां भूषणार्थं देवानां निलयाय च ।**
**लोकानां धर्महेत्वर्थं क्रीडार्थं सुरयोषिताम् ॥**

"દેવમંદિર કે પ્રાસાદોની રચના નગરોની શોભા, દેવોના નિવાસ, લોકોની ધર્મવૃદ્ધિ અને દેવાંગનાઓની ક્રીડા માટે હોય છે." વળી,

**आलयं सर्वभूतानां विजयाय जितात्मनाम् ।**
**धर्मार्थकाममोक्षाणां प्राप्तिहेतुश्च कामदः ॥**

"પ્રાસાદ પ્રાણીમાત્રનું આશ્રય સ્થાન, વીર પુરૂષોની કીર્તિ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિમાં કારણભૂત તેમજ સર્વ કામનાઓને આપનારો હોય છે."

"Aho Shrutgyanam"

સુંદર પ્રાસાદો સર્વ રીતે કલ્યાણકારી હોય છે.

**गीतनृत्यैश्च वादित्रैः प्रेक्षणीयैर्मनोहरैः ।**
**नानाध्वजपताकैश्च तोरणैश्च विभूषिताः ॥**
**पुरराजप्रजादीनां सर्वकालं तु शांतिदाः ।**
**सर्वकामप्रदाश्चैते नित्यं कल्याणकारकाः ॥**

"ગીત, નૃત્ય અને વાદ્યોથી નિત્ય ગુંજાયમાન, દર્શનીય અને મનોહર નાના પ્રકારની ધ્વજાઓ, પતાકાઓ તથા તોરણોથી અલંકૃત પ્રાસાદો નગર, રાજા અને પ્રજા વગેરેને સર્વકાળ સુખ શાંતિ આપનારા, સર્વ કામનાઓને પુરનારા તથા નિત્ય કલ્યાણ કરનારા છે."

સુંદર દેવાલયો, ભવ્ય મહાલયો કોઇ પણ દેશના ગૌરવ અને શોભાને વધારનારા છે. સુંદર દેવમંદિરો, મહેલો, બગીચાઓ, તલાવો, પ્રતોલ્યાઓ અને કીર્તિસ્તંભો કરાવવા; એ નગરોના અલંકાર છે. તેને લીધે નગરોની શોભા વધે છે અને પ્રાણીમાત્રને વિશ્રાન્તિ મળે છે. એટલું જ નહિ પણ તેમાં ધાર્મિક પુરૂષોનો વિજય અને કીર્તિ સમાયેલી છે. માટે રાજામહારાજાઓ અને સદ્‌ગૃહસ્થોએ પોતાના નગરોમાં સુંદર દેવાલયો અને રાજપ્રાસાદો તેમજ સુંદર ગૃહો કુશળ અને શાસ્ત્ર-વિશારદ શિલ્પીઓને હાથે બંધાવવાં જોઇએ. કારણ કે લક્ષ્મી ચંચલ હોવાથી તેનું રક્ષણ કરવા આપણે ગમે તેટલા ઉપાયો કરીએ તો પણ તે આપણા હાથમાંથી સરકી જશે. માટે તેના પહેરેગીર ન થતાં માલીક બની તેનો સદુપયોગ કરવો જોઇએ અને તેથીજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ સાથે સંસારમાં અક્ષય કીર્તિ પ્રાપ્ત થાય છે. આનો આજે પણ આપણને પ્રત્યક્ષ પુરાવો જોવા મળે છે. જુઓ, ગિરિરાજ આબુ ઉપરના દેલવાડાના જૈન પ્રાસાદો. ત્યાંનું સુંદર કોતરણી કામ અને સુંદર કલામય બાંધણી જોઇ પશ્ચિમના ઇજીનીયરો તથા યાત્રીઓ મુગ્ધ બની જાય છે અને મુક્તકંઠે પ્રશંસા કરે છે. આ પ્રાસાદો પ્રસિદ્ધ ચાલુક્ય વંશના રાજા ભીમદેવના સેનાધિપતિ વિમલદેવે તથા પ્રખ્યાત મહામંત્રીઓ વસ્તુપાલ અને તેજપાલે બંધાવેલા છે. તેમજ ગુજરાતમાં સિદ્ધપુરમાં મૂળરાજ સોલંકીએ રૂદ્રમહાલય (રૂદ્રમાળ), શ્રીરાણકપુર ( મારવાડ ) માં શેઠ ધનાશા પોરવાડે શ્રીધરણીવિહાર નામનો અલૌકિક ચતુર્મુખ પ્રાસાદ અને અમદાવાદમાં શેઠ હઠીસીંગે બાવન જિનાલયો સાથેનું સુંદર દેવાલય બંધાવ્યું છે. જેથી આ ધાર્મિક પુરૂષોની અમર કીર્તિ સુવર્ણ અક્ષરોએ ઇતિહાસમાં લખાયેલી છે અને હજારો યાત્રીઓ દર વર્ષ યાત્રાએ જઇ તેમના નામને અમર બનાવે છે. અનેક રાજામહારાજાઓ અને શેઠ શાહુકારો થઇ ગયા. તેઓ શક્તિસંપન્ન અને ધનાઢ્ય હતા પરંતુ લોભવૃત્તિના કારણે આવાં ધાર્મિક કાર્યો કરી શકયા નહિ. જેને લીધે આજે તેમને કોઇ યાદ પણ કરતું નથી.

"Aho Shrutgyanam"

પરંતુ જેમ આવાં સુંદર કાર્ય ઉદાર દિલના ધાર્મિક પુરૂષોથી જ બની શકે છે તેમ તેના માટે કુળશીળવાન ઉત્તમ અને શાસ્ત્રને જાણનાર શિલ્પીઓની પણ જરૂર છે. શિલ્પીઓ કેવા હોવા જોઇએ તે બાબતમાં તેમના ભેદો સાથે નીચે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે. શિલ્પીમાં નીચેના ગુણો તો અવશ્ય હોવા જોઇએ.

स्थपतिः स्थापनार्हः स्यात्सर्वशास्त्रविशारदः ।
न हीनांगोऽतिरिक्तांगो धार्मिकस्तु दयापरः ॥
अमात्सर्योऽनसूयश्च तांत्रिकः स्वभिजातवान् ।
गणितज्ञः पुराणज्ञः सानन्दश्चाप्यलुब्धकः ॥
चित्रज्ञः सर्वदेशज्ञः सत्यवादी जितेन्द्रियः ।
अरोगी चाप्रमादी च सप्तव्यसनवर्जितः ॥
सुनामा दृढबन्धुश्च वास्तुविद्याब्धिपारगः ॥

"સ્થપતિ–મુખ્ય શિલ્પી–સૂત્રધાર સ્થાપના–રચનાવિધિમાં સંપૂર્ણ યોગ્યતાવાળો, સર્વ શાસ્ત્રોને જાણનારો તેમજ હીનાંગ અને અધિકાંગ વિગેરે શિલ્પીના ૧૪ * દોષોથી રહિત, ધાર્મિક, દયાવાન, માત્સર્ય અને ઇર્ષા રહિત, તંત્રશાસ્ત્રને જાણનાર, § ઉત્તમ

---

* શિલ્પીના ૧૪ દોષો ગ્રંથાન્તરે ગણાવ્યા છે.

हीनांगो ह्यधिकांगश्च प्रलंबो वामनस्तथा ।
कुष्ठांगो ह्यन्धकश्चैव मुखवक्रः कृशस्तथा ॥
अस्वरः शब्दहीनश्च कृष्णांगस्तस्करस्तथा ।
विकलश्चैव वैरूपः शिल्पिदोषाश्चतुर्दश ॥

"ઓછાં અંગવાળો, અધિક અંગવાળો, પ્રમાણથી ઉંચો, ઠીંગણો, કોઢવાળો, આંધળો, વાંકા મોંઢાવાળો, પાતળો, સ્વરહીન, તોતડો, રંગે કાળો, ચોરવૃત્તિ વાળો, વિકલાંગ એટલે અપંગ અથવા અર્ધાંગ વાયુ વગેરેથી દુઃખી તેમજ બેડોળ; આ ચૌદ શિલ્પીના દોષો છે. સૂત્રધાર આ ચૌદ દોષોથી રહિત હોવો જોઇએ."

§ સોમપુરા સંબંધે નીચે પ્રમાણે પ્રભાસખંડમાં વર્ણન છે.

सौराष्ट्रे सोमपूया वै सोमेशस्य समीपतः ।
सोमेन च कृतो यज्ञः स्वपापस्य विशुद्धये ॥
तत्र यज्ञे वृता ये च ब्राह्मणाः परमोज्ज्वलाः ।
तेभ्यः सोमपुरं सर्वं निवासार्थं ददौ मुदा ॥
दक्षिणास्वर्णरत्नाढ्यं दानानि विविधानि च ।
सोमेन सोमपुर्यां वै स्थापिता ये द्विजोत्तमाः ॥
ते वै सोमपुरा विप्रा विज्ञेया नात्र संशयः ।
नाडीमार्गात्समुत्पन्नाः पार्वतीवचनात्तदा ॥

"Aho Shrutgyanam"

સોમપુરાના કુળમાં ઉત્પન્ન થયેલો, ગણીત શાસ્ત્રનો વિદ્વાન્, પુરાણોનો જ્ઞાતા, આનંદી સ્વભાવવાળો, લોભ વૃત્તિથી રહિત, ચિત્રકળાનો વિજ્ઞાતા, સર્વ દેશોનું જ્ઞાન ધરાવનારો, સાચું બોલનારો, જિતેન્દ્રિય, નીરોગી, અપ્રમાદી, સપ્ત મહાવ્યસનોથી મુક્ત, સુંદર નામવાળો, ઘણા બંધુવર્ગવાળો અને વાસ્તુવિદ્યામાં પારંગત હોવો જોઇએ."

ઉપર જણાવેલા સ્થપતિ–મુખ્ય શિલ્પી ઉપરાંત બીજા ત્રણ શિલ્પકારોનું વર્ણન પણ ગ્રંથોમાં મળે છે. 'મનુષ્યાલય ચંદ્રિકા' નામના ગ્રંથના પહેલા અધ્યાયમાં ચાર પ્રકારના શિલ્પકારો બતાવેલા છે.

स्थपतिः सूत्रग्राही तक्षकसंज्ञश्च वर्धकिः क्रमशः ।
स्वोचितकर्मणि दक्षा ग्राह्यास्ते कारवश्चतुर्धेति ॥

"સ્થપતિ, સૂત્રગ્રાહી, તક્ષક અને વર્ધકિ ક્રમે આ ચાર શિલ્પકારો પોતપોતાના કામમાં દક્ષ હોવા જોઇએ." +

* સૌરાષ્ટ્ર (સોરઠ) દેશમાં આવેલા પ્રભાસ પાટણ, સોમપુરીમાં સોમનાથ મહાદેવ નજીક પૂર્વે ચંદ્રમાએ પોતાનો ક્ષયદોષ દૂર થવા માટે યજ્ઞ કર્યો હતો. તેમાં ઉત્તમ તેજસ્વી બ્રાહ્મણોને યજ્ઞ માટે વરણ કર્યા. યજ્ઞકાર્ય થઇ રહ્યા પછી તે બ્રાહ્મણોને સંપૂર્ણ સોમપુરી રહેવાને માટે દાન આપી. તેમજ રત્નો સાથે દક્ષિણા અને વિવિધ જાતનાં બીજાં દાનો પણ આપ્યાં. ચંદ્રમાએ સોમપુરીમાં દાનદક્ષિણા વિગેરેથી સંતુષ્ટ કરી જે બ્રાહ્મણોને ત્યાં નિવાસ કરાવ્યો તેઓ 'સોમપુરા' નામના બ્રાહ્મણો કહેવાયા. (હાલના સોમપુરા શિલ્પીઓ પણ તે બ્રાહ્મણોના વંશજો છે.) અને તેઓ પાર્વતીના વચનથી બ્રહ્મદેવના કમલદંડના માર્ગે તે વખતે ઉત્પન્ન થયા હતા."

+ સ્થપતિ વગેરે ચાર શિલ્પકારોનાં કર્તવ્ય નીચે મુજબ 'મનુષ્યાલય ચંદ્રિકા' નામના ગ્રંથમાં બતાવેલાં છે.

जानीयात्स्थापनार्हं स्थपतिमथ गुणैः प्रायशस्तेन तुल्यः,
सूत्रग्राही सुतो वा स्थपतिमतिगतिप्रेक्षकः शिष्यको वा ।
स्थूलानां तक्षणात्तक्षक इति कथितः सन्ततं हृष्टचित्तो,
दार्वाद्यन्योन्यसंमेलनपटुरुदितो वर्धकिः सावधानः ॥

"સ્થાપનામાં સંપૂર્ણ યોગ્યતા ધરાવનારને 'સ્થપતિ' જાણવો. સ્થપતિના જેવાજ ગુણો ધરાવનાર અને સ્થપતિની મતિ અને ગતિને અનુસરનાર સ્થપતિના પુત્ર અથવા શિષ્યને 'સૂત્રગ્રાહી' જાણવો. મોટા પાષાણો ઘડી સુંદર કોતર કામ કરનાર અને સદા પ્રસન્ન ચિત્ત રહેનાર કારીગરને તક્ષક' તથા લાકડાનું સુંદર કોતર કામ કરનાર કારીગરને વર્ધકિ જાણવો."

ગ્રંથાન્તરે,

स्थपतेस्तस्य शिष्यो वा सूत्रग्राही सुतोऽथवा ।
स्थपत्याज्ञानुरोधी च सर्वकर्मविशारदः ॥
सूत्रदण्डप्रमाणज्ञो मानोन्मानप्रमाणवित् ।
तक्षणात् स्थूलसूक्ष्माणां तक्षकः स तु कीर्तितः ॥

"Aho Shrutgyanam"

શિલ્પશાસ્ત્રમાં આ ચાર પ્રકારના શિલ્પકારોનું વર્ણન મળે છે. તે હાલના ઈન્જીનીયર ખાતાના સ્ટાફને લગભગ મળતું આવે છે. બાંધકામ ખાતાના ઉપરીને પ્રાચીન વખતમાં સ્થપતિ કહેવામાં આવતો અને હાલમાં તેને ચીફ ઇન્જીનીયર કહે છે. સ્થપતિના હાથ નીચે રહી કળાનું કામ કરનારને સૂત્રગ્રાહી કહેતા અને હાલમાં તેને આર્કીટેકટ કહે છે.

**विना स्थपत्यादिचतुष्टयेन गृहादि कर्तुं न च शक्यतेऽस्मात् ।**
**प्रसादितैस्तैरथ विप्रवर्य सुसूक्ष्मधीः कारयतां गृहाणि ॥**

"હે વિપ્રવર્ય સ્થપતિ વગેરે ચારની મદદ વગર ગૃહાદિ કાર્ય કરવું અશક્ય છે. તેથી તેમને ખુશી કરી દીર્ઘ દૃષ્ટિવાળા પુરૂષોએ ગૃહાદિ કાર્ય કરાવવું."

આ પ્રમાણે દેશ, કાળ, સમય તેમજ ગ્રહાદિનો ઉત્તમ યોગ, ભૂમિ આદિની શુદ્ધિ, પાષાણ વગેરેની પરીક્ષા અને ઉત્તમ સંયોજનાપૂર્વક પ્રાસાદ કે ગૃહ નિર્માણ કરવું એવો પ્રાચીન શિલ્પશાસ્ત્રનો સ્પષ્ટ આશય ઉપરના વર્ણન ઉપરથી જણાઇ આવે છે. વળી આવા સર્વાંગપૂર્ણ કાર્ય માટે યોગ્ય શિલ્પીની ખાસ આવશ્યકતા

---

**मृत्कर्मज्ञो गुणी शक्तः सर्वकर्मस्वतंत्रकः ।**
**गुरुभक्तः सदा हृष्टः स्थपत्याद्यनुगः सदा ॥**
**तक्षितानां तक्षकेणाप्युपर्युपरि युक्तितः ॥**
**वृद्धिकृद् वर्धकिः प्रोक्तः सूत्रग्राह्यनुगः सदा ॥**
**एभि र्विनापि सर्वेषां कर्म कर्तुं न शक्यते ॥**
**तस्मादेव सदा पूज्यः स्थपत्यादिचतुष्टयः ॥**

સ્થપતિનો પુત્ર અથવા શિષ્ય સૂત્રગ્રાહી જાણવો અને તે સ્થપતિની આજ્ઞાનું પાલન કરનારો અને સર્વ કાર્યોમાં નિપુણ હોવો જોઇએ.

સૂત્ર, દંડ અને પ્રમાણ તેમજ માન, ઉન્માન અને પ્રમાણને જાણનારો અને સ્થૂલ તથા સૂક્ષ્મ પાષાણોને જે ઘડનાર હોય તેને તક્ષક કહ્યો છે.

માટીનું કામ જાણનારો, ગુણવાન્ સશક્ત, દરેક કાર્ય કરવામાં સ્વતંત્ર, ગુરૂભક્ત, હમેશાં પ્રસન્ન ચિત્ત અને સ્થપતિ વિગેરેની આજ્ઞાને વશ વર્તનારો તેમજ તક્ષિત–ઘડેલા પાષાણોને સુધારો વધારો કરી વૃદ્ધિ કરનારો વર્ધકિ જાણવો અને તે સદા સૂત્રગ્રાહીને અનુસરનારો હોય છે.

આમના સિવાય કોઇપણ કાર્ય થઇ શકે નહિ. માટે સ્થપતિ વિગેરે ચાર શિલ્પકારોની સદા માન પ્રતિષ્ઠા કરવી.

"Aho Shrutgyanam"

હોય છે. અને તેટલા માટે શિલ્પીના ગુણો સંબંધે પણ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આઠ્યો છે. એ આપણા પ્રાચીન શિલ્પકારોની અપૂર્વ બુદ્ધિમત્તાની પરાકાષ્ઠા રૂપ છે.

શિલ્પના ગ્રંથોમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે દેવમંદિર, પ્રાસાદ કે ગૃહનું કાર્ય એકજ હાથે પુરૂં થવું જોઇએ. જો તેમ ન થાય તો મતિવિભેદને લઇ ક્રિયાવિભેદ થાય અને તેને લીધે શાસ્ત્રસિદ્ધ કાર્ય થઇ શકે નહિ અને કાર્યની જે સિદ્ધિ થવી જોઇએ તે પણ થઇ શકે નહિ. એટલા માટે શિલ્પીએ કરાવનાર રાજા કે ગૃહસ્થ પ્રત્યે વફાદાર રહેવું જોઇએ અને રાજા કે ગૃહસ્થે શિલ્પી પ્રત્યે પુરો વિશ્વાસ ધરાવવો જોઇએ. તેઓ બન્ને પરસ્પર રીતે એક બીજા સાથે કાર્યસિદ્ધિ માટે જવાબદારીથી બંધાયેલા છે. શિલ્પના ગ્રંથોમાં કહ્યું છે કે;

**एकहस्ते तु कल्याणं द्विहस्ते मृत्युरेव च ।**
**गृहदेवैकशिल्पिनं भाषितं विश्वकर्मणा ॥**

" એક હાથે થયેલું કાર્ય કલ્યાણકારી થાય છે અને બે હાથે થયેલા કાર્યમાં મૃત્યુનો સંભવ છે માટે ગૃહકાર્ય અને દેવકાર્ય એટલે દેવમંદિર વગેરે કાર્યો એકજ શિલ્પીના હાથે કરાવવાં એવું શ્રીવિશ્વકર્માએ કહેલું છે. "

આ તરફ પણ આજકાલના કામ કરાવનારાઓએ ખાસ લક્ષ આપવું જોઇએ. આજકાલ તો નકશો–પ્લાન બીજાના હાથે તૈયાર થાય છે અને તે પ્રમાણે કામ કરવાનું ત્રીજાને સોંપાય છે. તેને લીધે તેની શાસ્ત્રશુદ્ધતા નાશ થવા પામે છે અને ગૃહ નિર્માણ જે ગૃહસ્થના સુખ અને કલ્યાણ માટે હોય છે તે દુઃખ અને વિનાશનું કારણ થઇ પડે છે.

વળી હાલમાં થોડાં વર્ષો થયાં આપણાં પ્રાચીન શિલ્પશાસ્ત્રોનાં વિજ્ઞાનસિદ્ધ વિધાનોની વિરૂદ્ધ જઇ લોખંડનો પણ દેવમંદિરો, રાજમહાલયો તેમજ ઘરોમાં ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ દેવમંદિર, રાજપ્રાસાદ કે ઘરમાં લોખંડનો ઉપયોગ આપણાં શાસ્ત્રોમાં નિષિદ્ધ કરેલો છે. નીચેના શ્લોકમાં લોખંડને ગૃહનિર્માણ કાર્યમાં ત્યાગ કરવા જણાવેલું છે.

**काष्ठे मृदिष्टके चैव पाषाणे धातुरत्नजे ॥**
**उत्तरोत्तरदृढं द्रव्यं लौहकर्म विवर्जयेत् ॥**

" લાકડું, ઇંટો, પત્થર, ધાતુ, રત્ન; આ દ્રવ્યો એક બીજાથી વધારે દૃઢ મજબૂત છે અર્થાત્ લાકડાથી ઇંટો, ઇંટોથી પત્થર, પત્થરથી સોનું વગેરે ધાતુઓ અને ધાતુઓથી રત્નો વધુ મજબૂત છે. ગૃહાદિ કાર્યમાં લોહકર્મ (લોખંડનું કામ) કરવું નહિ. "

"Aho Shrutgyanam"

કારણ કે,

उत्तमोत्तमधात्वादि पाषाणेष्टिककाष्ठकम् ।
श्रेष्ठमध्याधमं द्रव्यं लौहं चैवाधमाधमम् ॥

" ધાતુ અને રત્ન; આ દ્રવ્ય ઉત્તમોત્તમ છે. પાષાણ, ઇંટ અને લાકડું; આ ત્રણ દ્રવ્યો અનુક્રમે શ્રેષ્ઠ, મધ્યમ અને અધમ છે પરંતુ લોઢું આ દ્રવ્ય તો અધમાધમ એટલે અત્યંત હીન દ્રવ્ય છે. "

આવા તો અનેક વિષયો શિલ્પકળાના અગાધ સમુદ્રમાં પડેલા છે કે જો તેનો અત્રે વિસ્તારથી વિચાર કરવામાં આવે તો એક મોટો વિશાળ ગ્રંથ થઇ જાય એમાં સંદેહ નથી. આ બધા વિષયોને જાણવાની જિજ્ઞાસા ધરાવનાર સજ્જનોને આદ્યંત આ ગ્રંથ જોવાની ખાસ ભલામણ છે. તેમને આ ગ્રંથમાં સંપૂર્ણ શાસ્ત્રીય શિલ્પકળાનું જ્ઞાન જાણવા મળશે.

આ ગ્રંથની પ્રસ્તાવના લખવા બદ્દલ વડોદરા રાજ્યશિલ્પાધિકારી અને હાલના ચીફ ઇંજીનીયર સાહેબ **શ્રીમાન્ રા. રા. વા. રા. તલવલકર સાહેબ એફ.** આર. આઇ. બી. એ. (લંડન), એલ. સી. ઇ. ( મુંબઇ ) એમનો હું ઘણો આભારી છું. પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે આપે મારી સાથે એક સન્મિત્ર તરીકેનો સંબંધ કાળજીપૂર્વક અત્યાર સુધી જાળવી રાખ્યો છે. તે માટે હું આપનો સ્નેહાધિન છું. પ્રસ્તાવના લખવા માટેની મારી પ્રાર્થના આપે સહર્ષ સ્વીકારી મને તેમજ જનતાને આભારી બનાવ્યા છે. પ્રસ્તાવનામાં પ્રાચીન શિલ્પશાસ્ત્ર સંબંધે જણાવેલા આપના વિચારો ઘણા મનનીય તેમજ પ્રોત્સાહક હોઇ આપની ઉત્તમ ગુણજ્ઞતાનો પરિચય કરાવે છે.

તે પ્રમાણે આ ગ્રંથ માટે સુન્દર અને ઉદાર અભિપ્રાયો આપવા બદ્દલ રા. રા. ડૉ. હીરાનંદ શાસ્ત્રી, ડીરેક્ટર ઑફ આર્કેલોજીકલ ડીપાર્ટમેંટ ઑફ બરોડા સ્ટેટ ( વડોદરા રાજ્ય પુરાતત્વ સંશોધન ખાતાના અધિકારી સાહેબ ), કલાભવનના પ્રોફેસર રા. રા. વી. વી. વડનેરકર સાહેબ, ગુજરાતના સમર્થ નવલકથાકાર અને સાક્ષર રા. રા. રમણલાલ વસંતલાલ દેસાઇ એમ. એ. તેમજ ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર અને ' કુમાર ' માસિકના તંત્રી રા. રા. રવિશંકર મ. રાવળ (અમદાવાદ) એમનો પણ હું અત્યંત આભારી છું.

આ ગ્રંથની તૈયારી કરવામાં મને સર્વ રીતે મદદરૂપ થવા બદ્દલ આ ગ્રંથના મુદ્રક પંડિત મોતીદાસજી એમનો હું અત્યંત આભારી થયો છું. આ ગ્રંથનું સુંદર છાપકામ પણ તેમની દેખરેખ નીચે થયેલું હોઇ ઘણી સારી રીતે કરી આપ્યું છે તે

"Aho Shrutgyanam"

માટે પણ તેઓ ધન્યવાદને પાત્ર છે. તેમજ આ ગ્રંથનાં પ્રુફો અને કોપી તપાસવામાં કાળજીપૂર્વક શ્રમ લઇ કાર્ય કરવા માટે વેદશાસ્ત્રસંપન્ન શાસ્ત્રીશ્રી જદુરામ જીવણરામ વડોદરા એમનો પણ હું આભાર માનું છું.

તેમજ સોમપુરા ભગવાનજી હરિશંકર એમણે પ્રાચીન હસ્તલિખિત સૂત્રસંતાન નામનું પુસ્તક આ ગ્રંથના કામમાં ઉપયોગ કરવા આપવા ઉદારતા બતાવી છે તથા મીસ્ત્રી પ્રભાશંકર ઓઘડલાલ ( પાલીતાણા ) એમણે પણ સ્વહસ્તલિખિત પુસ્તક મેળવણી કરી જોવા આપેલું તેમનો પણ સહૃદય આભાર માનું છું.

જે ભાઇઓએ પ્રથમથી ગ્રાહક બની આ પુસ્તકને ઉત્તેજન આપ્યું છે તેમનો પણ અત્રે આભાર માનવામાં આવે છે.

શિલ્પશાસ્ત્રી નર્મદાશંકર મુળજીભાઇ સોમપુરા.

"Aho Shrutgyanam"

# વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **પ્રથમ રત્ન.** | |
| મંગલાચરણ ... ... ... | ૧ |
| સૂત્રધાર લક્ષણ ... ... ... | ૩ |
| શુભ મુહુર્તમાં કાર્યારંભ ... ... | ,, |
| ગજ વિધાન ... ... ... | ,, |
| ગજમાં ફુલ તથા રેખા વિધાન ... | ૪ |
| જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ હસ્તમાન | ૫ |
| ગજના પુષ્પના દેવતાઓ દબાવાથી થતા દોષો | ૬ |
| પુષ્પાન્તરે હસ્ત ગ્રહણથી ગુણાવગુણ | ,, |
| અંગુલાદિથી પૃથ્વીનું પ્રમાણ ... | ૭ |
| અષ્ટવિધ સૂત્રનાં નામ ... ... | ,, |
| અષ્ટ પ્રકારના સૂત્રનો નકશો ... | ૮ |
| કાટખુણો બનાવવાની રીત ... | ૯ |
| આયાદિ એકવીસ અંગ વિચાર ... | ,, |
| આયાદિ એકવિસ અંગનાં નામ ... | ૧૦ |
| આય, નક્ષત્ર વિગેરે મેળવવાનાં સ્થાન | ,, |
| આય લાવવાની રીત અને નામ ... | ,, |
| આય દેવાનાં સ્થાન ... ... | ૧૧ |
| પ્રતિકૂળ આય આપવાથી થતા દોષો | ,, |
| ધ્વજાય, ધૂમ્રાય, સિંહાય દેવાનાં સ્થાન | ૧૨ |
| શ્વાનાય, વૃષાય, ખરાય, ગજાય, ધ્વાંક્ષાય દેવાનાં સ્થાન ... ... | ૧૩ |
| એક બીજાને અનુકૂળ આય ... | ૧૪ |
| આયોને રહેવાની દિશા અને તેનાં સ્વરૂપ | ,, |
| આયોના સ્વરૂપનો નકશો ... ... | ૧૫ |
| માણસનો આય લાવવાની રીત ... | ૧૬ |
| ઘરની દિવાલમાં આય આપવા વિષે ... | ૧૭ |
| **નક્ષત્ર ફળ** કાઢવાની રીત ... | ૧૮ |
| ક્ષેત્રફળ ઉપરથી નક્ષત્ર ઉપજાવવાની રીત | ,, |
| **ગણ** વિચાર ... ... ... | ,, |
| દેવગણ, રાક્ષસગણ, મનુષ્યગણ નક્ષત્ર | ૧૯ |
| અધોમુખ નક્ષત્ર ... ... ... | ,, |
| તિર્યઙ્મુખ તથા ઉર્ધ્વમુખ નક્ષત્ર ... | ૨૦ |
| નક્ષત્ર તથા ચંદ્રની દિશા ... ... | ૨૧ |
| ચંદ્રની દિશાનું ફળ ... ... | ,, |
| નક્ષત્ર વૈર ... ... ... | ,, |
| **વ્યય** ઉપજાવવાની રીત ... ... | ૨૨ |
| આઠ વ્યયનાં નામ અને આયની સાથે આપવાની રીત ... ... | ,, |
| **તારા** ઉપજાવવાની રીત ... ... | ૨૩ |
| શુભાશુભ તારા ... ... ... | ૨૪ |
| **ક્ષેત્રની** નાડી ઉપજાવવાની રીત | ,, |
| સર્પાકાર નાડીચક્ર તથા કોષ્ટક ... | ૨૫ |
| નક્ષત્રની રાશિ ઉપજાવવાની રીત ... | ૨૬ |
| રાશિચક્ર અને રાશિનો ઇષ્ટ અનિષ્ટ ભાવ | ૨૭ |
| ઘર અને ઘરધણીની રાશિથી ઇષ્ટ અનિષ્ટ જોવાનું કોષ્ટક ... ... | ૨૮ |
| **બાર રાશિના** સ્વામી ... ... | ૨૯ |
| રાશિના સ્વામીઓનો મિત્ર શત્રુ ભાવ જોવાનું કોષ્ટક ... ... | ૩૦ |
| ક્ષેત્રના નામાક્ષર ઉપજાવવાની રીત ... | ,, |
| ઘરનાં ધ્રુવાદિ સોળ નામ ... ... | ૩૧ |
| **અંશક** ઉપજાવવાની રીત ... ... | ,, |
| ઇન્દ્રાંશક આપવાનાં સ્થાન ... ... | ,, |
| યમાંશક તથા રાજાંશક આપવાનાં સ્થાન | ૩૨ |
| **લગ્ન** ઉપજાવવા વિષે ... ... | ,, |
| **તિથિ** ઉપજાવવા વિષે તથા કોષ્ટક ... | ૩૩ |
| **વાર** ઉપજાવવા વિષે ... ... | ,, |
| **કરણ** ઉપજાવવા વિષે ... ... | ૩૪ |
| **યોગ** ઉપજાવવા વિષે તથા કોષ્ટક ... | ,, |
| **વર્ગ** ઉપજાવવા વિષે ... ... | ૩૫ |


"Aho Shrutgyanam"

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **તત્ત્વ** ઉપજાવવા વિષે ... ... | ૩૫ |
| મનુષ્યના નામાક્ષર ઉપરથી વર્ગ લાવવાનું કોષ્ટક ... ... ... | ૩૬ |
| પાંચ તત્વનાં નામ અને ફળ ... | ,, |
| ઘર અને પ્રાસાદના આયુષ્ય વિષે ... | ,, |
| આયાદિ અંગો મેળવવા વિષે ... | ૩૭ |
| નક્ષત્ર, ગણ, ચંદ્રાદિ જોવાનું કોષ્ટક ... | ૩૮ |
| સમચોરસ ક્ષેત્રની મૂળ રાશિ તથા નક્ષત્રનું કોષ્ટક ... ... ... | ૩૯ |

**દ્વિતીય રત્ન.**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રાસાદોત્પત્તિ પ્રકરણ ... ... | ૪૧ |
| શુદ્ધ છંદના આઠ પ્રાસાદ... ... | ૪૮ |
| દેશાનુસાર પ્રાસાદ વિધાન ... | ,, |
| દેશાનુસાર પ્રાસાદોની ઉત્પત્તિ ... | ૫૦ |
| પ્રાસાદોની જ્ઞાતિ વિષે ... ... | ,, |
| કલિંગાદિ પ્રાસાદોના સ્વરૂપ વિષે ... | ,, |
| પ્રાસાદોના વર્ણ વિષે ... ... | ૫૧ |
| રાજસ, તામસ અને સાત્વિક પ્રાસાદ | ,, |
| કયા પ્રાસાદો કયા દેશમાં કરવા ... | ,, |
| પ્રાસાદ રચનાવિધિ પ્રકરણ ... | ૫૨ |
| પ્રાસાદ કરવાનાં સ્થાન ... ... | ,, |
| નગરાભિમુખ પ્રાસાદ વિધાન ... | ,, |
| યથાશક્તિ પ્રાસાદ વિધાન ... | ૫૩ |
| પ્રાસાદ કરવાથી થતું પુણ્ય ... | ,, |
| શિલ્પીને ગુરૂદ્વારા અભ્યાસ વિધાન ... | ,, |
| શુભ મુહૂર્ત જોવાનું વિધાન ... | ૫૪ |
| દિક્ સાધન ... ... ... | ,, |
| ભૂમિ શોધન વિધિ ... ... | ,, |
| શલ્ય શોધન વિધિ ... ... | ૫૫ |
| પ્રાસાદનું માપ ક્યાંથી લેવું ... | ૫૬ |
| કૂર્મશિલા સ્થાપન વિધિ... ... | ,, |
| નાગવાસ્તુ વિચાર ... ... | ,, |
| નાગવાસ્તુ ચક્ર... ... ... | ૫૭ |
| પાષાણ કૂર્મશિલા માન ... ... | ૫૮ |
| કૂર્મશિલા સ્વરૂપ અને કરવાની દિશા | ૫૯ |
| નવ શિલાઓનાં નામ ... ... | ૬૦ |
| પ્રાસાદ માને કૂર્મ તથા શિલા માને કૂર્મ | ,, |
| અષ્ટદિશાની શિલાનાં નામ, માન અને સ્વરૂપ ... ... ... | ૬૧ |
| પ્રથમ શિલા સ્થાપન વિધિ ... | ૬૨ |
| કૂર્મશિલા સહિત આઠ દિશાઓની શિલાનો નકશો ... ... ... | ૬૩ |
| કૂર્મશિલા સંપુટમાં રાખવા વિષે ... | ૬૪ |
| કૂર્મન્યાસ અને શિલા સ્થાપન વખતે બલિદાન ... ... ... | ,, |
| પ્રાસાદ જગતી વિધાન ... ... | ૬૫ |
| જગતીના ખૂણા અને ફાલનાઓ વિષે | ૬૭ |
| જગતીની ઉંચાઇનું પ્રમાણ ... | ,, |
| ,, બીજું પ્રમાણ ... | ,, |
| જગતીમાં ઘાટ કરવાના વિભાગો ... | ૬૮ |
| પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ભીટમાન | ૬૯ |
| પ્રાસાદ પીઠમાન ... ... | ૭૦ |
| પીઠમાન બીજું ... ... | ૭૧ |
| પીઠની ઉંચાઇમાં ગજાદિ થરો કરવાના વિભાગ ... ... ... | ૭૨ |
| જગતી, ભીટ, મહાપીઠનો નકશો ... | ૭૩ |
| અલ્પ દ્રવ્યમાં સાધારણ પીઠમાન ... | ૭૪ |
| પ્રાસાદની ઉંચાઇના પ્રમાણથી પીઠમાન | ,, |

**તૃતીય રત્ન.**

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મંડોવર–પ્રાસાદનું ઉભણીમાન ... | ૭૫ |
| બીજું અને ત્રીજું ઉભણીમાન ... | ૭૬ |
| ચોથું ઉભણીમાન ... ... | ૭૭ |
| આયદોષ સુધારવા હીનાધિક કરવા વિષે | ,, |
| મંડોરાના અંગોનું પુનર્વિધાન કરવા વિષે | ,, |
| ૧૪૪ ભાગનો મંડોવરો કરવાના થરો | ૭૮ |
| ૧૪૪ ભાગના મંડોવરના અંગોનું સ્વરૂપ લક્ષણ ... ... ... | ૭૯ |
| ૧ ખરો અને ૨ કુંભો ... ... | ,, |


"Aho Shrutgyanam"

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૩ કલશો, ૪ અંતરાલ અને ૫ કેવાલ | ૮૦ |
| ૬ માંચી અને ૭ જાંઘી ... | ૮૧ |
| ૮ ડોઢિયો અને ૯ ભરણી ... | ૮૩ |
| ૧૦ શિરાવટ્ટી ... ... | ૮૪ |
| ૧૧ માલા કપોતાલી, ૧૨ અંતરાલ અને ૧૩ છાજુ ... ... | ૮૫ |
| ૧૪૪ ભાગનો મંડોવરનો નકશો તથા ફોટાએ ... ... ... | ૮૬ |
| ૧૨૯ ભાગનો તથા ૧૦૮ ભાગનો મંડોવર | ૮૭ |
| ૨૭ ભાગનો તથા ચતુર્મુખ પ્રાસાદને ૫૭ ભાગનો મંડોવર ... ... | ૮૮ |
| સામાન્ય મંડોવર અને થરવાળા ઓલંબે કરવા તથા પ્રાસાદની નાસિકાએ | ૮૯ |
| ૪ જાતના મંડોવરનો નકશો તથા ફોટો | ૯૦ |
| પ્રાસાદના ભદ્રની ૫ અને ૭ નાસિકાએ | ૯૧ |
| પ્રાસાદના ગભારાના ૫ પ્રકાર અને ભદ્રાદિ ફાલનાએ કરવા વિષે ... | ૯૨ |
| પ્રાસાદની દિવાલની જાડાઇનું પ્રમાણ | ૯૩ |
| પ્રાસાદને ભ્રમણી કરવા વિષે ... | ,, |
| ભ્રમ વિનાના પ્રાસાદો, ભ્રમ ભિત્તિમાન અને ભ્રમ કરવા વિષે ... | ૯૪ |
| મંડપ ભ્રમયુક્ત કરવા વિષે ... | ૯૫ |
| યથાશાસ્ત્ર પ્રાસાદ અને મંડપ વિધાન | ૯૬ |
| દીવો મૂકવાનો ગોખલો કરવા વિષે ... | ,, |
| પ્રાસાદની કોળીનું પ્રમાણ ... | ૯૭ |
| પ્રાસાદને દ્વારો મુકવાની દિશા ... | ,, |
| નાગરાદિ દ્વારમાન ... ... | ,, |
| નાગરાદિ દ્વિતીય માન ... ... | ૯૮ |
| ભૂમિજાદિ પ્રાસાદ દ્વારમાન ... | ૯૯ |
| દ્રાવિડાદિ દ્વારમાન ... ... | ,, |
| પરસ્પર દ્વારમાન કરવા વિષે ... | ૧૦૦ |
| દ્વારશાખા લક્ષણ તથા શાખાનાં નામ | ૧૦૧ |
| દ્વારશાખાની પહોળાઇનું માન ... | ૧૦૨ |
| ત્રિશાખા દ્વાર પ્રમાણ તથા નકશો ... | ,, |



| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પંચશાખા દ્વારમાન તથા નકશો ... | ૧૦૫ |
| સપ્તશાખા દ્વારમાન તથા નકશો ... | ૧૦૭ |
| નવશાખા દ્વારમાન તથા નકશો ... | ,, |
| દ્વારના ઉંબરાનું ચતુર્વિધ પ્રમાણ ... | ૧૧૧ |
| સંખાવટ પ્રમાણ ... ... | ૧૧૨ |


## ચતુર્થ રત્ન.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રાસાદોના મંડપોનું વિધાન ... | ૧૧૩ |
| પાંચ તથા વર્ધમાનાદિ અષ્ટ પ્રકારના મંડપ | ૧૧૪ |
| મંડપના પદ વિભાગ ... ... | ૧૧૫ |
| પ્રનાલે કરવાનું મગરના મુખનો ફોટો | ૧૧૬ |
| તારંગાજીના જૈન પ્રાસાદના તલદર્શનનો નકશો ... ... ... | ૧૧૭ |
| રૂદ્રમાળના પ્રાસાદના તલદર્શનનો નકશો | ૧૧૮ |
| નવચોકીની વેદિકા તથા દેરાણી જેઠાણીના ગોખલાની બાજુનો દેખાવ ફોટો... | ૧૧૯ |
| ૭ ચોકીની વેદિકાનો પડખાનો દેખાવ | ,, |
| પ્રતોલી (શણગારચોકી)ની ઉંચાઇનું પ્રમાણ | ૧૨૧ |
| પ્રાસાદ તથા મંડપની સોપાન પંક્તિ પ્રમાણ | ૧૨૩ |
| શેરીસાની ૬ ચોકીની દેરીનો નકશો | ,, |
| દ્વાદશ મંડપવિધાન તથા તલદર્શનના નકશા | ૧૨૪ |
| સપ્ત મંડપ વિધાન તથા નકશા ... | ૧૨૫ |
| સપ્ત વિંશતિ મંડપ વિધાન તથા નકશા | ૧૨૭ |
| મંડપના સ્તંભની ઉંચાઇનું પ્રમાણ | ૧૩૧ |
| પાટ તથા સ્તંભ સમ વિષમ કરવા વિષે | ,, |
| કુંભિ, સ્તંભ, ભરણું અને શરાના વાઢ વિષે | ૧૩૨ |
| સ્તંભની જાડાઇ પાંચ પ્રકારે ... | ,, |
| સ્તંભના ઘાટની પાંચ પ્રકારની જાતિ | ૧૩૩ |
| ૩ જાતના સ્તંભના નકશા તથા ફોટાએ | ૧૩૪ |
| જિનના દેવાલયોને મંડપ વિધાન ... | ૧૩૫ |
| ચોમુખ પ્રાસાદમાં મેઘનાદાદિ મંડપ વિધાન | ,, |
| જિન દેવાલયની ચતુર્દિક્ષુ જિનાલય વિધાન | ,, |
| ૫૨ તથા ૭૨ બોતેર જિનાલયનો ક્રમ | ,, |
| પુંડરીક અને બલાણ વિધાન ... | ૧૩૬ |
| ૫૨ જિનાલયનો નકશો તથા ફોટો ... | ૧૩૭ |


"Aho Shrutgyanam"

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રાસાદની ચતુર્દિક્ષુ રથશાલાદિ વિધાન | ૧૩૯ |
| ઉપાશ્રય વિધાન ... ... | ૧૪૦ |
| જાળી તથા ગોખ મૂકવાનું પ્રમાણ ... | ,, |
| મંડપોપરિ ઘુમટ વિધાન તથા નકશો અને ફોટો ... ... | ,, |
| ઘુમટના થરોના વિભાગનું બીજું પ્રમાણ | ૧૪૨ |
| મંડપ તથા પ્રાસાદને સાંમરણ વિધાન | ૧૪૫ |
| દેવતાઓનાં વાહનોના સ્થાન વિષે ... | ,, |
| વાહનોદય પ્રમાણ ... ... | ૧૪૮ |
| પ્રાસાદની ચતુર્દિક્ષુ અન્ય પ્રાસાદ વિધાન | ,, |
| દૃષ્ટિદોષ ન લાગવા વિષે ... ... | ૧૪૯ |
| પૂર્વ તથા પશ્ચિમ મુખના દેવતાઓ | ૧૫૦ |
| દક્ષિણાભિમુખ દેવો અને હનુમાન ... | ,, |
| ગભારા અને દ્વારમાને મૂર્તિ અને સિંહાસનનું પ્રમાણ ... ... | ૧૫૧ |
| પ્રાસાદના માને ઉભી મૂર્તિનું પ્રમાણ | ૧૫૨ |
| શેષશાયી ભગવાનની સૂતી મૂર્તિનું પ્રમાણ | ,, |
| સર્વ દેવતાઓનાં પંચવિધ સિંહાસન | ૧૫૩ |
| દેવતાઓના સ્થાનોનાં મંડલ ... | ,, |
| દેવતાઓના સ્થાનોના ૨૮ ભાગ ... | ૧૫૪ |
| જૈન પ્રતિમાનું સિંહાસન કરવા વિષે | ૧૫૬ |
| શિવલિંગની જળાધારીનું પ્રમાણ | ,, |
| જળાધારી કરવાના સ્વરૂપના ૧૮ ભાગ તથા નકશો ... ... | ૧૫૭ |
| ૧૦ પ્રકારની જળાધારીનું પ્રમાણ | ૧૫૯ |
| શિવની જળાધારીઓનું ફળ | ૧૬૦ |
| લિંગસહિત જળાધારી માપવાનાં પંચસૂત્ર | ,, |
| શિવાલયમાં લિંગ પ્રવેશ વિધાન | ૧૬૧ |
| સિંહાસનની પ્રણાલ કરવા વિષે | ૧૬૨ |
| શિવનું સ્નાનોદક ગુપ્ત માર્ગે જવા વિષે | ૧૬૩ |
| જૈન પ્રતિમાની દૃષ્ટિ દ્વારમાને કરવા વિષે | ,, |
| દ્વારમાને જિન તથા લક્ષ્મીનારાયણાદિની દૃષ્ટિ રાખવાનો નકશો ... | ૧૬૪ |
| સર્વ દેવતાની દૃષ્ટિનું પ્રમાણ ... | ૧૬૫ |
| **પંચમ રત્ન.** | |
| નાગરાદિ, દ્રાવિડાદિ અને સાંધારાદિ પ્રાસાદોનાં લક્ષણ ... ... | ૧૭૧ |
| લતિન, શ્રીવત્સ અને નાગરાદિ જાતિનાં લક્ષણ ... ... ... | ૧૭૨ |
| લંબચોરસ તથા ગોળ પ્રાસાદો કરવા વિષે | ,, |
| ૪ થી ૧૬૨ ભાગ સુધી પ્રાસાદોનાં તલ કરવાનું પ્રમાણ ... ... | ,, |
| રાણકપુરના અષ્ટભદ્રી સૂર્યપ્રાસાદનું તલ દર્શન અને ફોટો ... ... | ૧૭૩ |
| પ્રાસાદની ફાલણાઓના ૧૦૮ ભેદો વિષે | ૧૭૪ |
| એક તલ ઉપર શિખરો બહુ પ્રકારે થવા વિષે ... ... ... | ,, |
| ગભારામાં પાયચાની રેખા ગરવાથી દોષ | ૧૭૫ |
| શિખરની રેખાની ઉંચાઇનું પ્રમાણ | ,, |
| પ્રાસાદના અંગાનુસાર શૃંગો ચઢાવવા વિષે | ,, |
| ભદ્રે ઉરૂશૃંગો કરવાનું પ્રમાણ ... | ૧૭૬ |
| શિખરના સ્કંધનું પ્રમાણ... ... | ,, |
| શિખરમાં ગોખ, સિંહ અને શુકનાશનું પ્રમાણ ... ... ... | ૧૭૭ |
| શિખરનાં ઇંડકની ગણત્રી તથા પાણીતાર વિષે ... ... ... | ૧૭૮ |
| મંડોવર, શિખર તથા શૃંગોની ઉંચાઇનું પ્રમાણ ... ... ... | ૧૭૯ |
| પાયચામાં દશાઇના નાસક પાડવાનું પ્રમાણ ... ... ... | ,, |
| વાલંજરની રેખાઓનું પ્રમાણ ... | ૧૮૦ |
| શિખરની ઉંચાઈ તથા રેખા છોડવાનું પ્રમાણ ... ... ... | ,, |
| ઉરૂશૃંગ તથા દશાઇના નાસક અને વાલંજરની રેખા છોડવાનો નકશો | ૧૮૧ |
| શિખરની રેખા કામડીથી છોડવાનું પ્રમાણ | ૧૮૩ |
| શિખરની રેખા છોડવાના નકશાઓ | ,, |
| ધ્વજાપુરુષ પ્રમાણ ... ... | ૧૮૪ |


"Aho Shrutgyanam"

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| શિખરના આમલસારાનું પ્રમાણ ... | ૧૮૫ |
| કલશના ઘાટના ભાગો, નકશા તથા વિધાન | ૧૮૬ |
| પ્રાસાદ પુરુષ આમલસારામાં પધરાવવા વિષે | ૧૮૮ |
| પ્રાસાદના ધ્વજાદંડનું પ્રમાણ ... | ૧૮૯ |
| ધ્વજાદંડની જાડાઇનું તથા પર્વના અંકથી ધ્વજાદંડનાં ૧૩ નામ ... | ૧૯૦ |
| દેવીના ધ્વજાદંડનું અને પાટલીનું પ્રમાણ | ૧૯૧ |
| ધ્વજાની પતાકાનું પ્રમાણ તથા નકશો | ૧૯૨ |
| ધ્વજાદંડ રોપવાનું તથા કલાબાનું પ્રમાણ | ,, |
| ચતુર્મુખ પ્રાસાદને ધ્વજાદંડ રોપવાની દિશા | ૧૯૩ |
| ધ્વજાદંડની પાટલી કિંચિત્ ઇશાન તરફ રાખવાનું વિધાન ... ... | ,, |
| ધ્વજા ચઢાવ્યા પછી ફરકવાનું ફળ | ૧૯૪ |
| ધ્વજા વગર શિખર નહિ રાખવા વિષે | ,, |
| શિખરને ધ્વજા ચઢાવવાનું પુણ્ય | ,, |
| શ્રીસોમનાથ મહાદેવના પ્રાસાદનો નકશો | ૧૯૫ |
| મોઢેરાના પ્રાસાદના દ્વારનો નકશો | ૧૯૬ |
| જીર્ણોદ્ધાર કરવાથી થતું પુણ્ય ... | ૧૯૭ |
| જીર્ણોદ્ધાર કરવાનું વિધાન ... | ,, |
| શિવાલય ન ચલાવવા વિષે ... | ૨૦૦ |
| મૂર્તિ ઉત્થાપન કરવાની વિધિ ... | ,, |
| દિઙ્મૂઢ વિચાર ... ... | ૨૦૧ |
| ભિન્ન દોષ પ્રકરણ ... ... | ૨૦૨ |
| નિર્દોષ લક્ષણ ... ... | ૨૦૩ |
| જગતીથી મંડપાદિ નીચા કરવાથી દોષ | ૨૦૪ |
| ગૃહ વિષે દ્વાર તથા દાદરો મુકવા વિષે | ૨૦૭ |
| વર્જનીય ગૃહ અને નિર્દોષ પ્રકરણ | ,, |
| ઘરની જમીન ઉંચી નીચી કરવા વિષે | ૨૦૮ |
| સમૂલ, પ્રતિકાર, અને અંતક ઘર વિષે | ૨૦૯ |
| ઘરના ખુણા વેધ ... ... | ,, |
| વાઢભંગ તથા પછીતે દ્વાર મુકવા વિષે | ૨૧૦ |
| સ્તંભ, બારણાં અને ગવાક્ષના વાઢ વિષે | ૨૧૧ |
| દ્વારનાં કમાડ વિગેરે વિષે ... | ,, |
| ઘર ઉપર વૃક્ષ અને પ્રાસાદની છાયા તજવા વિષે ... ... | ૨૧૬ |
| પુષ્પ તથા ફળવાળાં વૃક્ષ રોપવા વિષે | ૨૧૬ |
| દેવાલય માન હીન કરવા વિષે ... | ૨૧૭ |
| પ્રતોલ્યાનું પ્રમાણ તથા નકશો અને ફોટો | ૨૧૮ |
| પ્રતોલ્યાના સ્તંભોનું માન અને સ્વરૂપ | ૨૨૦ |
| **ષષ્ઠ રત્ન.** | |
| કેશરાદિ પંચવિંશતિ પ્રાસાદો નકશાઓ સાથે | ૨૨૧ |
| **સપ્તમ રત્ન.** | |
| તિલકસાગરાદિ પંચવિંશતિ પ્રાસાદ લક્ષણાધિકાર નકશા સહિત ... ... | ૨૬૧ |
| **અષ્ટમ રત્ન.** | |
| ઋષભાદિ દ્વિસપ્તતિ પ્રાસાદ લક્ષણાધિકાર નકશા સહિત ... ... | ૨૮૯ |
| **નવમ રત્ન.** | |
| વૈરાજ્યાદિ પંચવિંશતિ પ્રાસાદ લક્ષણાધિકાર નકશા સહિત ... | ૩૩૧ |
| **દશમ રત્ન.** | |
| મેર્વાદિ વિંશતિપ્રાસાદ લક્ષણાધિકાર નકશા સહિત ... ... ... | ૩૫૦ |
| **એકાદશ રત્ન.** | |
| દેવમૂર્તિસ્વરૂપ લક્ષણાધિકાર શિલા પરીક્ષા | ૩૯૪ |
| ઘરમાં પ્રતિમા પૂજ્વાનું પ્રમાણ ... | ૩૯૫ |
| પ્રાસાદમાં તથા પ્રાસાદ વિના પૂજ્યા પ્રતિમા | ૩૯૬ |
| શુભમૂર્તિ તથા ખંડિતમૂર્તિ પૂજા વિચાર | ,, |
| પુનઃ સંસ્કારને યોગ્ય મૂર્તિ ... | ૩૯૭ |
| ભૈરવને મુખ્ય પ્રાસાદ ન કરવા વિષે ... | ,, |
| અધિકહીનાંગ મૂર્તિ નિષેધ ... | ,, |
| વિરૂપ મૂર્તિ નિષેધ, સન્મુખ વત્સમાં નિષિદ્ધ કાર્ય ... ... | ૩૯૮ |
| પાષાણમૂર્તિનું શિર વિધાન ... | ,, |
| એક તાલથી સોળ તાલની મૂર્તિનું પ્રમાણ | ,, |
| ગણેશની પ્રતિમાનું પ્રમાણ ... | ૩૯૯ |
| ૭ તાલથી નવ તાલ મૂર્તિ વિભાગ | ૪૦૦ |


"Aho Shrutgyanam"

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મૂર્તિ વિસર્જન, તથા ગૃહપૂજા નિષિદ્ધ મૂર્તિ | ૪૦૨ |
| મૂર્તિ સ્વરૂપ, આયુધ, વર્ણન કમલાસન | ૪૦૩ |
| બ્રહ્મા, પિતામહ, વિરંચિ, સાવિત્રી ... | ૪૦૪ |
| બ્રહ્માયતન ... ... ... | ૪૦૫ |
| બ્રહ્માના અષ્ટ દ્વારપાલ ... ... | ,, |
| ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વણવેદનાં સ્વરૂપ ... ... ... | ૪૦૬ |
| નૃત્યશાસ્ત્ર, વિશ્વકર્મા, ઋષિનું સ્વરૂપ | ૪૦૭ |
| સૂર્યની ૧૨ મૂર્તિઓનું વર્ણન ... | ૪૦૮ |
| પંચદેવ પ્રતિષ્ઠા અને પંચદેવનાં નામ | ૪૧૦ |
| સૂર્યાયતનમાં બીજા ગ્રહોનાં સ્થાન ... | ૪૧૧ |
| સૂર્યના અષ્ટ દ્વારપાલનાં નામ અને સ્વરૂપ | ,, |
| નવગ્રહ મૂર્તિનું સ્વરૂપ લક્ષણ ... | ૪૧૫ |
| અષ્ટ દિગ્પાલનાં સ્વરૂપ ... ... | ૪૧૭ |
| વિષ્ણુની ચાર મૂર્તિ તથા વર્ણભેદે પૂજ્યા | ૪૧૯ |
| વિષ્ણુની ચતુર્વિંશ મૂર્તિ સ્વરૂપ લક્ષણ | ૪૨૧ |
| કાર્તિક–સંકર્ષણ, ગરૂડધ્વજ, જયંત, ગોવર્ધન ... ... ... | ૪૨૪ |
| મત્સ્ય, કૂર્મ, વરાહ અને નૃસિંહાવતાર, વામન, પરશુરામ, રામ, બલરામ અવતાર, બુદ્ધાવતાર, કલ્કિ અવતાર | ૪૨૫ |
| જલશાયી ભગવાનનું સ્વરૂપ ... | ૪૨૬ |
| શાલિગ્રામ મૂર્તિ તથા શિલા લક્ષણ ... | ,, |
| ગરૂડ તથા ગરૂડનું સ્વરૂપ... ... | ૪૨૯ |
| વૈકુંઠ, તથા વિશ્વરૂપ ... ... | ૪૩૦ |
| અનંત અને ત્રૈલોક્યમોહન ... | ૪૩૧ |
| વિષ્ણુ આયતન ... ... | ,, |
| વિષ્ણુના અષ્ટ દ્વારપાલ ... ... | ૪૩૨ |
| શિવ–મૂર્તિ સ્વરૂપ વર્ણન ... | ૪૩૩ |
| એકદશ રૂદ્ર સ્વરૂપ ... ... | ૪૩૪ |
| ઉમામહેશ્વર મૂર્તિ લક્ષણ... ... | ૪૩૭ |
| હરિહર અને હરિહરપિતામહ મૂર્તિ | ૪૩૮ |
| ઉમાદેવી તથા નારાયણાશ્રિતા લક્ષ્મીદેવી | ૪૩૯ |
| યુગ્મ મૂર્તિ લક્ષણ ... ... | ,, |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| લિંગ સ્વરૂપ લક્ષણ, રત્નલિંગ, ધાતુલિંગ, પાષાણલિંગ વિગેરે ... ... | ૪૩૯ |
| લિંગ ભેદે પ્રાસાદ ભેદ ... ... | ૪૪૩ |
| શુભ ચિન્હ, વર્ણ ભેદે શુભ રેખા ... | ૪૪૫ |
| લિંગ સ્વરૂપ માન, પૂજા માન વિગેરે | ૪૪૬ |
| બાણલિંગ સ્વરૂપ લક્ષણ, દોષ લક્ષણ, પૂજા વિધાન, ફલ વિગેરે ... | ૪૪૭ |
| લિંગદૈર્ઘ્ય, વિસ્તાર તથા વૃષમાન ... | ૪૪૯ |
| પીઠિકા (જલાધારી) સ્વરૂપ લક્ષણ | ૪૫૦ |
| મુખ લિંગ લક્ષણ ... ... | ૪૫૧ |
| એકદ્વાર તથા ચતુર્મુખ શિવાયતન | ૪૫૨ |
| શિવના અષ્ટ દ્વારપાલ ... | ,, |
| દેવી સ્વરૂપ લક્ષણ વર્ણન–ઉમા, પાર્વતી, ગૌરી, રંભાગૌરી, ... ... | ૪૫૪ |
| ગૌરી આયતન તથા તેના અષ્ટ દ્વારપાલ | ૪૫૫ |
| ગણેશ સ્વરૂપ લક્ષણ ... ... | ૪૫૬ |
| ગણેશાયતન ... ... | ૪૫૭ |
| ગણેશના અષ્ટ દ્વારપાળ ... | ,, |
| શ્રી કાર્તિક સ્વામી ... ... | ૪૫૮ |
| પંચ લીલા દેવી ... ... | ૪૫૯ |
| મહાલક્ષ્મી, ક્ષેમંકરી ... ... | ,, |
| હરસિદ્ધિ, ત્રણ માત્રીદેવી, ચામુંડા ... | ૪૬૦ |
| યોગેશ્વરી, કાત્યાયની, મહિષાસુરમર્દિની | ૪૬૧ |
| ચંડિકાના અષ્ટ દ્વારપાલ ... | ૪૬૨ |
| લક્ષ્મી, મહાલક્ષ્મી ... ... | ૪૬૩ |
| મહાવિદ્યા અને સરસ્વતી ... | ૪૬૪ |
| બ્રહ્માણી, માહેશ્વરી ... ... | ,, |
| કૌમારી, વૈષ્ણવી ... ... | ૪૬૫ |
| વારાહી, ઇન્દ્રાણી ... ... | ,, |
| રક્તચામુંડા ... ... | ૪૬૬ |
| વીરેશ્વર ભગવાન, ક્ષેત્રપાલ ... | ,, |
| બટુક ભૈરવ ... ... | ૪૬૭ |
| આઠ આયોનાં સ્વરૂપ ... | ,, |


"Aho Shrutgyanam"

| વિષય | પૃષ્ઠ |
|---|---|

### દ્વાદશ રત્ન.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શ્રીજિન મૂર્તિ સ્વરૂપ લક્ષણ ... | ૪૭૦ |
| ચોવીસ તીર્થંકરોનાં નામ, વર્ણ ... | ,, |
| ,, ,, લંછન, જન્મ નક્ષત્ર | ૪૭૧ |
| ,, ,, જન્મ રાશિ ... | ૪૭૨ |
| ચોવીસ યક્ષનાં નામ ... ... | ,, |
| ,, યક્ષિણીનાં નામ ... ... | ,, |
| ૧૬ વિદ્યા દેવીનાં નામ ... | ૪૭૩ |
| યક્ષ યક્ષિણી સ્વરૂપ લક્ષણ ... | ,, |
| વિદ્યા દેવી–સ્વરૂપ લક્ષણ ... | ૪૮૫ |
| દેવીઓના આયુધની ઉંચાઇનું પ્રમાણ | ૪૮૮ |
| શ્રીજિનદેવના અષ્ટ દ્વારપાલ ... | ૪૮૯ |
| સમોસણ તથા સિંહાસન લક્ષણ ... | ૪૯૦ |
| ઘરમંદિરમાં સ્થાપના ન કરવા વિષે... | ,, |
| શ્રી જિન પ્રતિમા વિભાગ વર્ણન ... | ૪૯૧ |
| પ્રતિમા માન ... ... ... | ,, |
| બેઠી પ્રતિમાનું ચતુર્વિધ માન ... | ૪૯૨ |
| ,, ત્રિવિધ માન ... | ,, |
| ,, સ્વરૂપ–વિભાગ ... | ,, |
| બેઠી પ્રતિમાના પ્રમાણનાં ૪ સૂત્ર ... | ૪૯૭ |
| ઉભી જિન મૂર્તિનું પ્રમાણ ... | ,, |
| માનહીન તથા શાસ્ત્રહીન ન કરવા વિષે | ૪૯૮ |
| આંગળમાને શુભાશુભ પ્રતિમા ... | ,, |
| પ્રતિમામાં શુભ અશુભ રેખા કે ડાઘ | ૪૯૯ |
| હીનાંગે દોષ વર્ણન ... ... | ૫૦૦ |
| પરિકર લક્ષણ... ... ... | ૫૦૨ |
| રથિકા સંયુક્ત જીરણ લક્ષણ ... | ૫૦૮ |
| દિવાલને અડીને પ્રતિમા ન બેસાડવા વિષે | ,, |
| ખંડિત તથા દુષ્ટ મનુષ્યના સ્પર્શ વિષે | ૫૦૯ |
| ઘરમંદિરમાં ધ્વજા ન રાખવા વિષે ... | ,, |
| વજ્રલેપ તથા તેના ગુણ ... ... | ૫૧૦ |


### ત્રયોદશ રત્ન.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રતિષ્ઠાવિધિ લક્ષણાધિકાર મંડપ વિધાન | ૫૧૧ |
| મંડપાર્થે ભૂમિ શોધનપૂર્વક દિક્શોધન | ,, |
| પ્રથમ મંડપ તથા વેદી પ્રમાણ ... | ૫૧૩ |
| ધ્વજા અને પતાકા વિષે ... ... | ૫૧૪ |
| કુંડ વિધાન ... ... ... | ૫૧૫ |
| પૂર્વાદિ ક્રમથી નવ કુંડ નિવેશ પ્રકાર | ,, |
| પંચકુંડી તથા એક કુંડી નિવેશ પ્રકાર | ,, |
| વિપ્રાદિ વર્ણક્રમથી તથા સ્ત્રીઓને કુંડ વિશેષ કથન ... ... | ૫૧૬ |
| હોમ સંખ્યા પ્રમાણે કુંડમાન ... | ,, |
| કુંડોનું ભુજમાન ... ... | ૫૧૭ |
| ૧ સર્વકુંડોના પ્રકૃતિભૂત ચતુષ્કોણનું સાધન | ૫૧૮ |
| ૨ યોનિકુંડ ... ... ... | ૫૧૯ |
| ૩ અર્ધ ચંદ્ર કુંડ ... ... | ૫૨૦ |
| ૪ ત્રિકોણ અને ૫ વર્તુલ કુંડ ... | ૫૨૧ |
| ૫ ષટ્કોણ કુંડ બે જાતના ... | ૫૨૩ |
| ૭ પદ્મ કુંડ ... ... ... | ૫૨૪ |
| ૮ અષ્ટકોણ કુંડ બે જાતના ... | ૫૨૫ |
| ખાત તથા કુંડમાન ... ... | ૫૨૬ |
| મેખલાના કનિષ્ઠાદિ ભેદ ... ... | ,, |
| મેખલા લક્ષણ... ... ... | ,, |
| યોનિ લક્ષણ ... ... ... | ૫૨૭ |
| મંડલ વિધાન ... ... ... | ,, |
| ઋત્વિજો તથા અન્ય વિધાન ... | ૫૨૮ |
| વસ્ત્રાલંકાર અને નૈવેદ્ય શિલ્પિને આપવા વિષે ... ... ... | ૫૩૦ |
| પ્રાસાદના દેવતાઓનું પૂજન ... | ૫૩૧ |
| દેવતાની પ્રતિષ્ઠા કર્યા પછી પ્રથમ દર્શન | ૫૩૩ |
| શિલ્પિએ આશિર્વાદ આપવા વિષે ... | ,, |
| સૂત્રધાર પૂજન ... ... | ,, |
| આચાર્ય પૂજન ... ... | ૫૩૪ |
| પ્રાસાદ તથા પ્રતિષ્ઠા કર્યાનું ફળ ... | ૫૩૫ |
| જૈન પ્રતિષ્ઠા વિષે ... ... | ,, |
| ગ્રહ પ્રતિષ્ઠા વિષે ... ... | ૫૩૬ |
| વાપીકૂપાદિ પ્રતિષ્ઠા વિષે ... ... | ,, |
| સપ્ત તથા ૧૪ પુણ્યાહ ... ... | ૫૩૭ |
| સપ્ત પુણ્યાહ પ્રતિષ્ઠાનું મહાફળ ... | ,, |


"Aho Shrutgyanam"

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વાસ્તુપુરૂષની ઉત્પત્તિ ... ... | ૫૩૯ |
| વાસ્તુ પૂજન ન કરવાથી દોષ ... | ૫૪૧ |
| વાસ્તુદેવોનું પૂજન વિધાન ... | ,, |
| ૬૪ પદનો વાસ્તુ ... ... | ,, |
| ૮૧ પદનો વાસ્તુ ... ... | ૫૪૨ |
| ૧૦૦ પદનો વાસ્તુ ... ... | ૫૪૩ |
| વાસ્તુ પૂજન વિધિ ... ... | ૫૪૬ |
| દિગ્પાલ પૂજન વિધિ ... ... | ૫૫૩ |
| પૂજા સામગ્રી ... ... | ૫૫૬ |
| **ચતુર્દશ રત્ન.** | |
| જ્યોતિર્મુહૂર્ત લક્ષણાધિકાર, ત્યાજ્ય પ્રકરણ | ૫૫૭ |
| ક્રૂર ગ્રહે ભોગવેલું નક્ષત્ર શુભ કામમાં લેવા વિષે ... ... | ૫૫૮ |
| રાહુથી હણાયેલ નક્ષત્ર શુભ કયારે થાય | ૫૫૯ |
| ગૃહારંભમાં શુભાશુભ માસ ,, | ,, |
| ગ્રહારંભમાં શુભાશુભ સંક્રાન્તિ | ,, |
| પ્રતિષ્ઠામાં લેવાના માસ ... | ૫૬૦ |
| નંદાદિ તિથિઓમાં કરવાનાં કાર્ય | ,, |
| સામાન્ય શુભાશુભ તિથિઓ ... | ૫૬૧ |
| શુભ નામક તિથિઓનું વર્ણન | ૫૬૨ |
| શુભાશુભ વાર ... ... | ૫૬૩ |
| પ્રતિષ્ઠાના વાર ... ... | ,, |
| પ્રત્યેક વારમાં કરવાનાં કાર્ય ... | ૫૬૪ |
| વારનો આરંભ કયારે થાય ... | ૫૬૫ |
| ગ્રહ ચક્ર ... ... | ૫૬૬ |
| શુભાશુભ નક્ષત્ર ... ... | ૫૬૭ |
| નક્ષત્રમાં વિશેષ શુભાશુભ કાર્ય ... | ૫૬૮ |
| ગૃહારંભમાં નક્ષત્ર અને વારનું ફળ ... | ૫૬૯ |
| પુષ્ય નક્ષત્રની પ્રશંસા ... ... | ૫૭૦ |
| નક્ષત્ર કોષ્ટક ... ... | ૫૭૧ |
| યોગનાં નામ ... ... | ૫૭૪ |
| અશુભ યોગની તજવાની ઘડી ... | ,, |
| કરણ પ્રકરણ ... ... | ૫૭૫ |
| કરણ ચક્ર ... ... | ૫૭૬ |
| ભદ્રા સંબંધમાં વિશેષ ... ... | ૫૭૭ |
| ભદ્રાનું અંગ વિભાગનું ફળ ... | ,, |
| કલ્યાણી ભદ્રા ... ... ... | ,, |
| ભદ્રાના દોષોનો અપવાદ ... ... | ,, |
| ભદ્રા ચક્ર ... ... ... | ૬૭૮ |
| ચંદ્રનું શુભાશુભ ફળ ... ... | ૫૭૯ |
| શુકલપક્ષ વિશેષ ... | ,, |
| તારાબલ તથા કોષ્ટક ... ... | ૫૮૦ |
| ચંદ્રની દિશા ... ... ... | ,, |
| ચંદ્રની દિશાનું ફળ ... ... | ૫૮૧ |
| અન્ય દોષોને હરનાર ચંદ્ર... ... | ,, |
| ચારે દિશામાં ફરતા ચંદ્રની ઘડી ... | ,, |
| રાશિ લગ્ન ચક્ર ... ... | ૫૮૨ |
| ૧૨ રાશિના પુરૂષ તથા સ્ત્રીના ઘાત ચંદ્રાદિ | ૫૮૪ |
| ગ્રહબલ અને ચંદ્રબલ વિષે ... | ૫૮૫ |
| તિથિવાર સિદ્ધિયોગ ... ... | ,, |
| નક્ષત્ર વાર અમૃત સિદ્ધિયોગ ... | ૫૮૬ |
| અમૃત સિદ્ધિયોગ તજવા વિષે ... | ,, |
| સિદ્ધિયોગ ચક્ર... ... ... | ,, |
| વાર, તિથિ, નક્ષત્ર મળી થતું યોગ ચક્ર | ૫૮૭ |
| નક્ષત્ર, વાર અને તિથિથી થતા અશુભ યોગ ચક્ર... ... ... | ૫૮૭ |
| સર્વ દોષોનો નાશ કરનાર રવિ યોગ... | ,, |
| આનંદાદિ ૨૮ યોગનું ચક્ર ... | ૫૮૮ |
| તિથિવારથી દુષ્ટ યોગ ... ... | ૫૯૧ |
| તિથિવારનક્ષત્રોત્પન્ન દુષ્ટ યોગ તથા સિદ્ધિયોગ ચક્ર... ... ... | ૫૯૨ |
| ત્રિવિધ ગંડાંત તજવા વિષે ... | ,, |
| કુલિક, કંટક, કાલવેલા અને યમઘંટ નામક ત્યાજ્ય મુહુર્ત ... | ૫૯૪ |
| દિવસે તથા રાત્રિએ કુલિકાદિ ચક્ર ... | ,, |
| દુષ્ટ ક્ષણ ... ... | ,, |
| માસ, તિથિ, નક્ષત્ર લગ્ન શૂન્ય ચક્ર ... | ૫૯૫ |
| તિથિ શૂન્ય લગ્ન ચક્ર ... | ,, |


"Aho Shrutgyanam"

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આવશ્યક કાર્યે યોગનો અપવાદ ... | ૫૯૫ |
| અભિજિત્ નામનું મુહૂર્ત ... | ૫૯૬ |
| છાયા મુહૂર્ત ... ... | ,, |
| લેણદેણ જોવાનો વિચાર... ... | ૫૯૭ |
| પ્રતિમા અને પ્રતિષ્ઠા કરાવનારને વૈર ભાવ જોવા વિષે ... | ૫૯૮ |
| લગ્નકુંડલી બનાવવાની રીત ... | ,, |
| ગ્રહોની ઉચ્ચાદિ રાશિ ચક્ર ... | ૬૦૦ |
| ગ્રહોની દૃષ્ટિ ... ... | ,, |
| આખો દિવસ અને આખી રાત મળી ભોગવાતા બારે રાશીઓનાં લગ્નનાં ઘડી પળ જોવાનું કોષ્ટક ... ... | ૬૦૧ |
| લગ્નનાં ઘડીપળ જોવાનું કોષ્ટક તથા લગ્ન કે જન્મકુંડલી બનાવવા માટે લગ્ન શોધનની રીત ... ... | ૬૦૨ |
| અમદાવાદમાં અયનાંશ ૨૩ ના આધારે વર્તેલું લગ્ન પત્ર ... ... | ૬૦૪ |
| લગ્નકુંડળીમાં રાશિ અને ગ્રહો બેસાડવાની રીત ... ... ... | ૬૦૬ |
| નવાંશ કુંડળી બનાવવાની રીત ... | ૬૦૯ |
| નવાંશ ચક્ર ... ... ... | ,, |
| લગ્ન, હોરા, દ્રેષ્કાર, નવાંશ, દ્વાદશાંશ, ત્રિશાંશ માનનું કોષ્ટક ... | ૬૧૦ |
| ઘર તથા દેવમંદિરોના આરંભમાં લગ્નબળ વિચાર ... ... | ૬૧૧ |
| ગૃહારંભમાં શુભ યોગો ... ... | ,, |
| લગ્નેશ નેષ્ટ યોગ ફળ ... ... | ૬૧૨ |
| પ્રવેશ તથા પ્રતિષ્ઠા વખતે લગ્ન બળ... | ૬૧૩ |
| ગૃહ પ્રવેશ વખતે સૂર્ય જોવા વિષે ... | ૬૧૪ |
| પ્રતિષ્ઠા કુંડળીમાં ગ્રહ સ્થાપના ... | ,, |
| લગ્નેશ નિષેધ ગ્રહો વિષે ... ... | ૬૧૫ |
| દેવતા અનુકુળ લગ્નબળ ... ... | ,, |
| ચંદ્રમાનું ફળ... ... ... | ,, |
| ગ્રહોની દૃષ્ટિ પડવા વિષેનું ફળ ... | ૬૧૬ |
| ચંદ્ર અને ગ્રહોથી થતા ૪ કુયોગ ... | ૬૧૭ |
| યુતિ દોષ વિષે... ... ... | ,, |
| લગ્ન શુદ્ધિ વિષે ... ... | ,, |
| લગ્ન બલ વિષે... ... ... | ૬૧૮ |
| વિવાહ લગ્ને શુભ યોગ ... ... | ૬૧૯ |
| ગૃહારંભ વખતે વૃષ ચક્ર જોવું ... | ૬૨૦ |
| ખાત વખતે પૃથ્વી સૂતી કે બેઠી જોવા વિષે ... ... ... | ૬૨૧ |
| કૂર્મશિલા સ્થાપન વખતે કૂર્મ ચક્ર જોવું | ,, |
| દ્વાર સ્થાપનના મુહૂર્ત વખતે વત્સ જોવો | ૬૨૨ |
| બારણું બેસાડતાં દ્વાર ચક્ર જોવું ... | ૬૨૪ |
| સ્તંભ ચોઢતી વખતે સ્તંભ ચક્ર જોવું | ૬૨૫ |
| મોભ તથા પાટ વખતે મોભ ચક્ર જોવું | ૬૨૬ |
| આમલસારો સ્થાપતી વખતે ઘંટા ચક્ર જોવા વિષે ... ... | ૬૨૭ |
| પ્રવેશ વખતે કલશ ચક્ર જોવા વિષે ... | ૬૨૮ |
| હોમ વખતે આહુતિ ચક્ર જોવાની રીત | ૬૨૯ |
| પ્રવેશ વખતે વત્સ, રાહુ તથા સૂર્યાદિ ગ્રહો જોવા વિષે ... ... | ,, |
| રાહુ સન્મુખ હોવા છતાં દ્વાર મુકવાનું વિધાન ... ... ... | ૬૩૦ |
| વત્સદોષ ઉત્પન્ન ન થવા વિષે ... | ,, |


## અથ પરિશિષ્ટ પ્રકરણ.


| | |
|---|---|
| જિન સિંહાસન માટે રાહુની સર્વાંગ મૂર્તિ... | ૧ |
| દ્વાર માને ઉભી પ્રતિમા ... ... | ,, |
| પ્રાસાદમાને પ્રતિમાનું પ્રમાણ ... ... | ,, |
| કોળીનું પ્રમાણ ... ... ... | ૨ |
| કોળીના અગ્રભાગે મંડપ વિધાન વિગેરે ... | ,, |
| પ્રાસાદનું દેવતા સ્વરૂપે વર્ણન ... ... | ૫ |
| સૂત્રધાર પૂજન વિધિ... ... ... | ૭ |
| ચોડવાનો વજ્રલેપ ... ... ... | ૯ |
| વાસ્તુશાસ્ત્રાવતાર ... ... ... | ૧૨ |


"Aho Shrutgyanam"

# સુપ્રસિદ્ધ વિદ્વાનોના અભિપ્રાયો

વડોદરા રાજ્યના પુરાતત્ત્વ સંશોધન ખાતાના ડાયરેક્ટર **શ્રીમાન્ રા. રા. ડૉ. હીરાનંદ શાસ્ત્રી** એમનો અભિપ્રાયઃ—

Silpasastri Narmadasankar Muljibhai has done well in bringing out the **Silparatnakara** which is sure to prove highly useful for reference. I have gone through it and can say that it is carefully written and is an authentic work. The old Indian Architecture is being neglected nowadays and is giving way to Saracenic and European styles. Mr. Narmadasankar's Silparatnakara contains numerous authentic illustrations. They will certainly be of help in the study and understanding of that ancient – or rather mediaeval – style of Indian Architecture in which the magnificent buildings, particularly temples, of Gujarat and Kathiawad were constructed. It would have been more advantageous had the learned Silpasastri discussed the history of architecture in India and added a critical introduction to his Silparatnakara. All the same Mr. Narmadasankar deserves every encouragement and I recommend his book to lovers of Indian Architecture. Such useful works should find room in important libraries where they can be easily consulted by the general public.

( Sd. ) **Hiranand Sastri**,
Director of Archaeology.

## ( ઉપરના મૂળ અંગ્રેજી અભિપ્રાયનું ગુજરાતી ભાષાન્તર )

શિલ્પશાસ્ત્રી નર્મદાશંકર મૂળજીભાઇએ જ્ઞાનકોષની દૃષ્ટિએ ચોકક્સ અતિ ઉપયોગી થઈ પડે એવો ' શિલ્પ રત્નાકર ' ગ્રંથ બહાર પાડી એક ભારે રાષ્ટ્રીય સેવા બજાવી છે. હું તે આદ્યન્ત જોઈ ગયો છું. એટલે હું ખાત્રીથી કહી શકું છું કે આ લખાણ બહુજ સંભાળપૂર્વક થયું હોઈ એ પુસ્તક એક પ્રમાણ ગ્રંથ છે. અત્યારે પ્રાચીન હિન્દી સ્થાપત્યની ઉપેક્ષા થઇ રહી છે એટલું જ નહિ પણ વિશેષમાં એ કલા ઇસ્લામી ઢબ અને યુરોપીય પદ્ધતિઓ પ્રતિ ઢળતી જાય છે. પરિણામે વિદેશી સ્થાપત્યને અગ્ર સ્થાન મળતું જાય છે. શ્રીયુત્ નર્મદાશંકરના શિલ્પ રત્નાકરમાં શિલ્પના નમુનાનાં અસંખ્ય ચિત્રો છે. તેનાથી જૂનાં ભવ્ય મકાનો, ખાસ કરીને ગુજરાત અને કાઠીઆવાડનાં દેવાલયોની પ્રાચીન અથવા મધ્યમ યુગની સ્થાપત્ય કલા અને પદ્ધતિનો સમજપૂર્વક અભ્યાસ કરવાનું સરળ થઇ પડશે. આ વિદ્વાન શિલ્પશાસ્ત્રીએ હિન્દી સ્થાપત્યનો ઇતિહાસ આપી

"Aho Shrutgyanam"

શિલ્પ રત્નાકરમાં એક બારીક ચર્ચાત્મક પ્રસ્તાવના રજુ કરી હોત તો તે વિશેષ ઉપકારક થઇ પડત. છતાંય એકંદરે આ ગ્રંથ અત્યંત આવકારદાયક અને હરેક રીતે ઉત્તેજનપાત્ર છે. હિન્દી સ્થાપત્યના પ્રેમીઓને આ શિલ્પ રત્નાકરની હું ખાસ ભલામણ કરૂં છું. વળી સામાન્ય જનતાના સરળ ઉપયોગ માટે અગત્યનાં સર્વ પુસ્તકાલયોમાં આવા ગ્રંથોને સ્થાન હોવું ઘટે.

( સહી. ) **હીરાનંદ શાસ્ત્રી,**
પુરાતત્ત્વ વિદ્યા નિયામક.

---

આ ગ્રંથની એક કાચી પ્રત હિંદુસ્તાનના પુરાતત્ત્વ સંશોધન ખાતાના ડાયરેકટર જનરલ **શ્રીમાન્ રા. રા. રાવબહાદુર કે. એન. દીક્ષિત સાહેબ** તરફ રા. રવિશંકર રાવળ એમના મ.રફત મોકલવામાં આવી હતી. તેના ઉપર મળેલો અભિપ્રાયઃ—

D. O. No. 464/39-7864.
**Director General of Archæology in India.**
New Delhi, the 12th. Septr. 1939.

Dear Mr. Rawal,

I am much obliged to you for your letter without date and sending me an unbound volume of Silparatnakar. Your friend, Shastri Narmadashankar Sompura's work is really of inestimable value. It is surprising to see that without any knowledge of English he is able to draw the component parts of the temples according to the **Silpa Shastras** and elucidate the meaning of the latter so well. He appears to be similar in architecture to what Pandit Bhagwanlal Indraji was in the field of Sanskritic epigraphy.

I am glad to know that you are having an exhibition of the Roerich paintings in October.

Your's sincerely,
( Sd. ) **K. N. Dikshit.**

ડી. ઓ. નં. ૪૬૪/૩૯-૭૮૬૪
**ડાયરેકટર જનરલ ઑફ આર્કીયોલોજી ઇન ઈંડિયા.**
ન્યુ દેલ્હી, ૧૨ મી સપ્ટેમ્બર, ૧૯૩૯.

વ્હાલા મિત્ર રાવલ,

હું તમારા પત્ર તેમજ શિલ્પ રત્નાકરની કાચી પ્રત મોકલી આપવા માટે ઘણો આભારી છું. તમારા મિત્ર શાસ્ત્રી નર્મદાશંકર સોમપુરાનો ગ્રંથ વાસ્તવમાં ઘણોજ કિંમતી છે. વધુ આશ્ચર્યકારક તો એ છે કે ઇંગ્લીશનું સાધારણ જ્ઞાન ન ધરાવતા છતાં પણ, તેઓ શિલ્પશાસ્ત્રીય પદ્ધતિને અનુસરતાં દેવાલયોના અંગભૂત વિભાગોનું સુરેખ ચિત્રાંકન દોરી શકયા છે અને વળી તેટલીજ સફળતાથી શિલ્પ-શાસ્ત્રના મર્મનું રહસ્યોદ્‌ઘાટન પણ કરી શકયા છે. તેઓ સ્થાપત્ય કળામાં પંડિત ભગવાનલાલ ઇંદ્રજીના સમકક્ષ છે કે જેમણે સ્થાપત્યકળાના સંસ્કૃત ક્ષેત્રમાં નામના મેળવેલી છે.

વળી તમો ઓકટોબરમાં પ્રસિદ્ધ ચિત્રકાર રોરિકના ચિત્રોનું પ્રદર્શન ભરનાર છો એ જાણી હું ઘણો ખુશી થયો છું.

( સહી. ) **કે. એન. દીક્ષીત.**

"Aho Shrutgyanam"

વડોદરા–કલાભવનના પ્રોફેસર **શ્રીમાન્ રા. રા. વી. વી. વડનેરકર સાહેબનો** અભિપ્રાયઃ–

The Art of Indian Architecture has suffered a great deal for the last so many centuries due to the several foreign invasions. Yet, that unbroken building tradition, with tremendous and vital force of genuine and inherited craftsmanship, has kept the art still living in India. Several manuscripts in Sanskrit on Indian Architecture, Sculpture, etc., are still in existence but in possession of the people who are by nature very conservative. In these modern days it is difficult to come across a person who is both an Architect and a Scholar, and even for such a person the task of collecting manuscripts, reading, collecting and interpreting the material so collected in suitable Gujrati phraseology is not an easy one.

Mr. Narbadashankar Muljibhai Sompura, Shilpashastri, is to be congratulated for having undertaken this difficult task. This book "Shilpa Ratnakar" is a treatise on ancient Indian Architecture and gives all the information which heretofore was available with great difficulty. The book is complete in every respect and deals with each problem from technical, aesthetic, constructional and even religious point of view. Many cases by way of illustrations have been quoted and the description of the rules, development, etc., with regard to each is conveyed in words which even a beginner would follow with rapt interest. Substantial datas have been drawn from such treatises on Indian Architecture as, "Aparajita", "Kshirarnava", "Sutrasantan", "Diparnava", "Vraksharnava", "Vastukautuka", "Vastumandala", "Vastumanjari", "Vastusara", while treatises like "Prasadmandan" and "Rupamandana", have been completely incorporated in this book.

The book contains a large number of photographs, diagrams and other illustrations of a very instructive and explanatory nature, and are arranged and grouped in such a manner as to make reference very easy.

Mr. N. M. Sompura, Shilpashastri, has rendered a yeoman service to the cause of Indian Architecture. I have no doubt that

"Aho Shrutgyanam"

his work, the first of its kind in Gujrati literature, would stimulate thought and keen interest among those discerning men and women–the cultured public–on whom the future of the development of Indian Art and Architecture depends.

( Sd. ) **V. V. Vadnerkar,**
L. R. I. B. A. (LONDON).
CHARTERED ARCHITECT,
Head of the Department of Arts and Architecture, Kala Bhavan, Baroda.

## ( ઉપરના અંગ્રેજી અભિપ્રાયનું ભાષાન્તર )

ગઇ કેટલીય સદીઓથી વિદેશી આક્રમણોથી હિન્દી સ્થાપત્ય કલાને ઘણું શોષવું પડયું છે. છતાંય તે સ્થાપત્યની પ્રથા વંશપરંપરાગત સાચી કારીગરીથી હિન્દમાં આજે ય અખંડ અને જીવતી જાગતી રહી છે. અત્યારે પણ હિન્દી સ્થાપત્ય અને શિલ્પને લગતા કેટલાએ સંસ્કૃત હસ્તલિખિત ગ્રંથો સ્વભાવે રૂઢિચુસ્ત લોકોના કબ્જામાં છે. આધુનિક યુગમાં સ્થાપત્યકાર અને તજજ્ઞ વિદ્વાન હોય એવી એકજ વ્યક્તિ મળવી દુર્લભ હોય છે, અને કદાચ એવી વ્યક્તિ જડી આવે તો પણ તેને માટે આ કલાના ગ્રંથોની હસ્તલિખિત પ્રતો શોધવી અને ભેગી કરવી, અને એ રીતે સંગ્રહેલી સામગ્રીને વાંચી, સમજી તેનો સમન્વય કરી ઉચિત ગુજરાતી પરિભાષામાં તેનો અર્થબોધ કરવો એ કંઈ સહેલું કામ નથી.

આવું ભગીરથ કાર્ય ઉઠાવવા માટે શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂળજીભાઇ સોમપુરાને ખરેખર અભિનંદન ઘટે છે. આ 'શિલ્પરત્નાકર' આપણા પ્રાચીન હિન્દી સ્થાપત્ય વિષે પ્રમાણ ગ્રંથ છે. અત્યાર સુધી અલભ્ય ગણાતી સઘળી માહિતી આ ગ્રંથમાં મળે છે. કળાકૌશલ્યના શાસ્ત્રીય નિયમો, પ્રત્યક્ષ બાંધકામ, સૌન્દર્ય અને ધાર્મિક વૃત્તિ વગેરે વિવિધ કુટિલ પ્રશ્નોની વિગતવાર ચર્ચાથી ભરપૂર આ ગ્રંથ સર્વાંગસંપૂર્ણ ગણી શકાય. વળી લેખકે આવી કઠણ સ્થાપત્ય કલાના નિયમોનું બ્યાન, કલાના ઉગમ અને વિકાસનાં વર્ણનો એવી તો સચોટ શૈલીથી સરળ ભાષામાં કર્યાં છે કે એ કલાના નવા અભ્યાસીને પણ એમાં ઉંડો રસ પડે.

'અપરાજિત', 'ક્ષીરાર્ણવ', 'સૂત્રસંતાન', 'દીપાર્ણવ', 'વૃક્ષાર્ણવ', 'વાસ્તુકૌતુક', 'વાસ્તુમંડલ', 'વાસ્તુમંજરી', 'વાસ્તુસાર', જેવા પ્રાચીન સ્થાપત્ય ગ્રંથોમાંથી ઉપયોગી સર્વ સામગ્રી આમાં પુષ્કળ સંગ્રહી છે, તેમજ 'પ્રાસાદમંડન' અને 'રૂપમંડન' જેવી પુસ્તિકાઓ સમગ્ર રીતે આમાં સમાવી લીધેલ છે.

સ્થાપત્યનાં અર્થબોધક ટીપ્પણો અને અસંખ્ય ચિત્રો, ફોટોગ્રાફો અને માહિતી ઇત્યાદિના સવ્યવસ્થિત વર્ગીકરણ અને સુંદર સંકલનથી પુસ્તકનું વસ્તુદર્શન સરળ બન્યું છે.

આ ગ્રંથ પ્રકાશનથી શિલ્પશાસ્ત્રી ન. મ. સોમપુરાએ હિન્દી સ્થાપત્યની ભારે સેવા બજાવી છે અને મને સંપૂર્ણ ખાત્રી છે કે ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારના આ સૌથી પ્રથમ પુસ્તકથી

"Aho Shrutgyanam"

જેના પર હિન્દી કલા અને સ્થાપત્યનું ભાવી અવલંબે છે એવાં કેળવાયલાં વિવેકી સ્ત્રીપુરુષોમાં આ બાબતનો ઉંડો રસ અને વિચાર જાગૃત કરશે.

**વી. વી. વડનેરકર,** એલ. આર. આઇ. બી. એ. (લંડન).
ચાર્ટર્ડ આર્કીટેક્ટ,
કલા અને સ્થાપત્યના આચાર્ય, કલાભવન, **વડોદરા.**

---

મહાગુજરાતના સુપ્રસિદ્ધ નવલકથાકાર, વડોદરા રાજ્યના પ્રેસરીપોર્ટસ્ ખાતાના અધિકારી અને સાક્ષર રા. રા. **શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇ** એમ. એ. એમનો અભિપ્રાયઃ—

શ્રીયુત નર્મદાશંકર મુળજીભાઈ સોમપુરા રચિત શિલ્પરત્નાકર નામનો ગ્રંથ હું જોઇ ગયો. ગ્રંથ જોયા પછી શ્રીયુત નર્મદાશંકર જેવા સ્થપતિ માટે મને બહુ માનની લાગણી થઇ આવી. સર્વ જીવન ક્રિયાને શાસ્ત્ર બનાવી દેતી આર્ય સંસ્કૃતિ શિલ્પ અને સ્થાપત્યને પણ શાસ્ત્ર કેવી રીતે બનાવી રહી હતી તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત મને શિલ્પરત્નાકરના વાંચનમાંથી મળ્યું છે.

ગણિતની પુરી ચોકસાઇ, દેશ કાળ પ્રસંગ અને પંથ વિશિષ્ટતાની સાચવણી, કલાના ૩૯ નિયમો, અને છતાં નવીન કલ્પનાને રહેતો અવકાશ એ સર્વનું સુભગ મિશ્રણ આપણા શિલ્પશાસ્ત્રમાં કેવી રીતે થયું છે એ આ ગ્રંથના વાંચનથી બહુજ સ્પષ્ટ થાય છે. પાયાથી માંડી શિખર કળશ સુધીની રચનાનું શાસ્ત્રીય જ્ઞાન આ ગ્રંથમાંથી મળી આવે છે, અને આધારભૂત શિલ્પગ્રંથોના શ્લોક અને તેમનાં ભાષાન્તર દ્વારા જ્ઞાનવૃદ્ધિ સાથે આપણા પૂર્વકાલીન શાસ્ત્ર માટે માન અને અભિમાનની લાગણી પુસ્તક જોતાં ઉત્પન્ન થાય છે. જ્ઞાનની દૃષ્ટિએ આ ગ્રંથ અત્યંત કીમતી હોઇ નવા અને જુના સ્થપતિઓએ તેને પોતાની પાસે નિત્ય રાખવા જેવો છે. પાશ્ચિમાત્ય શિલ્પશાસ્ત્રનું યુનિવર્સીટીદ્વારા જ્ઞાન મેળવી આપણા દેશનાં મકાનો, મંદિરો, પ્રાસાદો, મૂર્તિઓ અને સાર્વજનિક બાંધકામો રચવાની હીમ્મત કરનારા પદવિધરો આવા ગ્રંથો તરફ અગર ગ્રંથોમાં સંગ્રહાયલા નિયમો પ્રમાણે રચાયલાં યુગ યુગ સુધી જીવતાં આપણાં પ્રાચીન બાંધકામો તરફ જરા દૃષ્ટિ કરે તો મ્હોટાંન્હાનાં કદરૂપાં ખોખાને બદલે તેઓ વધારે સુશોભિત, સગવડભર્યાં અને દીર્ઘાયુ બાંધકામોની રચના કરી શકે.

શિલ્પ સ્થાપત્ય એ માનવજીવનનું અત્યંત ઉપયોગી અને મર્મભર્યું અંગ છે. એમાં પ્રજાજીવનની સુઘડતા, કલાપ્રિયતા, ઉદારતા અને ધ્યેયનાં સ્ફોટન થઇ શકે છે. ભાઇ નર્મદાશંકરે આ ગ્રંથમાં કલાના જે ઉત્તમ નમુનાઓ શાસ્ત્રનાં દૃષ્ટાંત તરીકે મુક્યા છે એથી પુસ્તકની શોભામાં અને તેના ઉપયોગીપણામાં પણ ઘણો વધારો થાય છે. આંખને અને હૃદયને આકર્ષી રાખતાં શિલ્પરત્નો શાસ્ત્રીય નિયમોને અનુસરે છે એ જાણી આપણને એમ પણ ખાતરી થશે કે સૌન્દર્ય–શિલ્પસૌન્દર્ય એ માત્ર તરંગ કે ફાંટાબાજપણું નથી. એ સૌન્દર્ય નિયમ પાલનથી–સંયમથીજ પ્રાપ્ત થાય છે.

એ નમૂનાઓના વર્તમાન યુગને સમજાય એવા વિગતવાર નકશા પણ જુના શાસ્ત્રને નવીન સ્વરૂપમાં રજુ કરે એમ છે. ગુજરાત, દક્ષિણ, માળવા, રાજપૂતાના અને યુક્તપ્રાન્તોની સીમાને બાંધતા મધ્યહીંદ પ્રદેશને માફક આવેલી સ્થાપત્ય શ્રેણીના પુસ્તકમાં આપેલા નમૂના હજી પણ આપણા શિલ્પની કલગી સરખા છે. દેલવાડાનાં જૈનમંદિરો, અમદાવાદવાળી હઠીસીંગની વાડી, વડોદરા રાજ્યનું મોઢેરા સૂર્યમંદિર, તારંગાનાં દેરાસરો, અને વડનગરની કમાન એ સઘળાં આજ પણ આપણી સ્થાપત્ય કળાના ગર્વ ઉપજાવતા નમૂના છે જેમનાં ચિત્રોથી પુસ્તકને અત્યંત શોભાયમાન પણ બનાવવામાં આવ્યું છે.

"Aho Shrutgyanam"

શાસ્ત્ર અને પ્રત્યક્ષ કળાનું સંમિશ્રણ કરતો આ શિલ્પ રત્નાકર ગ્રંથ ગુજરાતી ભાષામાં અજોડ છે. ભાઇ નર્મદાશંકરની વિદ્વત્તા અને ખંત પ્રશંસાપાત્ર છે. કલાકાર અને કારીગર કહેવાતા વર્ગ તરફ જરા ઉંચાપણાથી નીહાળતા ભણેલાઓ આ ગ્રંથ જોશે તો તેમને શ્રી. નર્મદાશંકરની કલાભાવના, વિદ્વત્તા અને અનુભવ પ્રત્યે જરૂર માન ઉત્પન્ન થશે. તેઓ માત્ર લેખક નથી. તેમને હાથે વર્તમાન યુગનાં કેટલાંયે સ્થાપત્યો રચાયાં છે.

ગ્રંથને સંપૂર્ણ સફળતા અને સહાય મળે એમ હું ઇચ્છું છું. ગુજરાત આ ગ્રંથને નહીં સત્કારે તો કયા ગ્રંથને સત્કારશે ?

૨૩ જુલાઇ ૧૯૩૯
વડોદરા.

**રમણલાલ વ. દેસાઇ**

---

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રીયુત્ **રા. રવિશંકર મ. રાવળ** ( અમદાવાદ ) એમનો અભિપ્રાયઃ—

શિલ્પશાસ્ત્રી શ્રીમાન્ નર્મદાશંકરભાઇ,

આપે ' શિલ્પરત્નાકર ' ગ્રંથ ગુજરાતી ભાષામાં ઉતારીને ભારતીય સંસ્કૃતિની પરમ સેવા કરી છે. અનેક સૈકાઓથી સિદ્ધ થયેલી આપણી સ્થાપત્ય વિદ્યાનો સાંગોપાંગ અભ્યાસ ધરાવતા વિદ્વાનોમાં આપનું નામ આથી અમર થશે.

ઇંગ્રેજી ભાષાદ્વારા હિંદી સ્થાપત્યનું અધકચરૂં જ્ઞાન પામેલા ઇંજનેરો અને આર્કીટેક્ટોને આપના આ ગ્રંથના અનુશીલનથી બહુજ લાભ થશે. ઉપરાંત દેશી ભાષાભાષી આપણા દેશના કારીગરોને આ ગ્રંથમાંથી ભારતીય કળાના સ્વરૂપોનું વિધિયુક્ત જ્ઞાન મળશે. અને તેની અસરથી મકાનો ( ફરનીચરો), ઉપસ્કરો અને વપરાશના બીજા પદાર્થો ભારતીય સ્વરૂપ પામશે. સાહિત્યકારોને પણ આમાંથી સાચી પરિભાષા મળી રહેશે. અનેક રીતે ઉપકારક થાય એવો આ ગ્રંથ પૂર્ણ લોક આદરને પાત્ર થાય અને આપનો શ્રમ સફળ થાય એવું હૃદયપૂર્વક ઇચ્છું છું.

**રવિશંકર મ. રાવળ.**

---

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

श्रीगणेशाय नमः ।

# शिल्परत्नाकरः ।

## ॥ मंगलाचरणम् ॥

### मंदाक्रान्ता ।

गौरीपुत्रं द्विरदवदनं भूतराजं गणेशं ।
शुण्डादण्डं सुबृहदुदरं रक्तवर्णं सुरेशम् ॥
देवश्रेष्ठं पशुपतिसुतं सिद्धिबुद्धिप्रदश्च ।
सिंदूराढ्यं स्वजनशुभदं विघ्नराजं नमामि ॥ १ ॥

હાથીના મુખવાળા, પ્રાણિમાત્રની ઉત્પત્તિનું કારણ, શૂંઢ રૂપી દંડને ધારણ કરનાર, વિશાળ ઉદરવાળા, રકતવર્ણ, દેવતાઓના ઇશ્વર, સિદ્ધિ અને બુદ્ધિના દાતા, સિંદૂરથી શોભાયુકત અંગવાળા, પોતાના ભક્તજનોનું કલ્યાણ કરનાર અને પશુપતિ દેવાધિદેવ મહાદેવ તથા પાર્વતીના પુત્ર વિઘ્નહર્તા દેવશ્રેષ્ઠ ગણપતિને હું વંદન કરૂં છું. ૧.

### वसंततिलका ।

वेदात्मिकां सुरनरोरगवंदितांघ्रिं ।
बुद्धिप्रदां शुभनिनादितनादवीणाम् ॥
पूर्णां मयूरविहितासनहस्तमालां ।
देवीं नमामि कमलासनवक्त्रजाताम् ॥ २ ॥

દેવ, મનુષ્યાદિથી પૂજિત ચરણોવાળી, બુદ્ધિદાત્રી, કલ્યાણકારી, સ્વર વીણાને વગાડનારી, મોરના વાહનવાળી, હાથમાં માલા ધારણ કરનારી અને કમલયોનિ બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થયેલી વેદ સ્વરૂપિણી પૂર્ણ સરસ્વતી દેવીને હું નમસ્કાર કરૂં છું. ૨.

### अनुष्टुप् छंद ।

हंसारूढश्च शुभ्राङ्गं सेवितश्च सुरासुरैः ॥
वन्देऽहं विश्वकर्माणं त्रिनेत्रं शिल्पकारणम् ॥ ३ ॥

"Aho Shrutgyanam"

હંસના ઉપર બેઠેલા, ગૌર વર્ણવાળા, સુર અને અસુરોથી સેવા કરાયેલા તથા શિલ્પશાસ્ત્રના કારણરૂપ ત્રિનેત્ર વિશ્વકર્માને હું નમસ્કાર કરૂં છું. ૩.

**स्रग्धरा ।**

**कंबासूत्राम्बुपात्रं वहति करतले पुस्तकं ज्ञानसूत्रं ।**
**हंसारूढस्त्रिनेत्रः शुभमुकुटशिराः सर्वतो वृद्धकायः ॥**
**त्रैलोक्यं येन सृष्टं सकलसुरगृहं राजहर्म्यादिहर्म्यं ।**
**देवोऽसौ सूत्रधारो जगदखिलहितः पातु वो विश्वकर्मा ॥ ४ ॥**

જેણે એક હાથમાં ગજ, બીજા હાથમાં સૂત્ર, ત્રીજા હાથમાં કમંડલુ અને ચોથા હાથમાં પુસ્તક ધારણ કરેલું છે. વળી જે હંસ ઉપર બેઠેલા છે, જેને ત્રણ નેત્ર છે, મસ્તક ઉપર સુંદર મુકુટ જેણે ધારણ કરેલો છે, વૃદ્ધાવસ્થામાં રહેલા, ત્રણે લોકના સ્રષ્ટા તેમજ સર્વ પ્રકારનાં દેવગૃહો, રાજગૃહો તથા બીજાં સર્વ સામાન્ય ગૃહોની રચના કરનાર અને સર્વ જગતના હિતકર્તા સૂત્રધાર વિશ્વકર્મા તમારૂં રક્ષણ કરો. ૪.

**सर्गाद्यसूत्रधारस्य प्रसादाद्विश्वकर्मणः ॥**
**अनायासेन बोधाय सर्वेषां शिल्पिनां तथा ॥ ५ ॥**
**नानाग्रंथान् समालोच्य सारमुद्धृत्य सर्वतः ॥**
**नर्मदाशंकराख्येन शिल्परत्नाकरः कृतः ॥ ६ ॥**

ઉત્પત્તિ સમયના આદ્ય સૂત્રધાર વિશ્વકર્માની કૃપાથી સર્વ શિલ્પીઓને થોડા પરિશ્રમે શિલ્પશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત થાય એટલા માટે અનેક ગ્રંથોની આલોચના કરી સર્વ ગ્રંથોનો સાર લઇ **શિલ્પશાસ્ત્રી નર્મદાશંકર** નામના સૂત્રધારે **શિલ્પરત્નાકર** નામનો આ ગ્રંથ રચ્યો છે. ૫, ૬.

**ग्रंथेऽस्मिन् गुर्जरे ख्याताः प्रासादा ये सुखावहाः ॥**
**तेषां लक्षणलक्ष्याणि तथास्ति रचनाविधिः ॥ ७ ॥**

આ ગ્રંથમાં ગુર્જર દેશમાં પ્રચલિત સુખદાયી પ્રાસાદોનાં લક્ષણો તેમજ લક્ષ્યો (સ્વરૂપો) વર્ણવેલાં છે અને પ્રાસાદોની સંપૂર્ણ રચનાવિધિ–ક્રિયા વિધિ પણ વર્ણવેલી છે. ૭.

"Aho Shrutgyanam"

# प्रथमं रत्नम् ।

## સૂત્રધાર લક્ષણ.

**सुशीलश्चतुरो दक्षः शास्त्रज्ञो लोभवर्जितः ॥**
**क्षमावान् स्याद्द्विजश्चैव सूत्रधारः स उच्यते ॥ १ ॥**

સુશીલ, ચતુર, કાર્યમાં પ્રવીણ, શિલ્પશાસ્ત્રને પરિપૂર્ણ જાણનાર, લોભ રહિત ક્ષમાવાન અને દ્વિજ જ્ઞાતિ જે હોય તેને સૂત્રધાર જાણવો. ૧.

**स्वलक्षणैश्च संपूर्ण यस्मिन्राज्ये सुशिल्पिनम् ॥**
**न तत्र जायते विघ्नं कथितं विश्वकर्मणा ॥ २ ॥**

પોતાના લક્ષણોથી સંપન્ન એવા સુજ્ઞ શિલ્પીને જે રાજ્યમાં માનપૂર્વક નિવાસ કરાવવામાં આવે છે તે રાજ્યમાં કોઇ પણ પ્રકારનું વિઘ્ન આવતું નથી. એ પ્રમાણે વિશ્વકર્માએ કથન કરેલું છે. ૨.

## શુભ મુહૂર્તમાં કાર્યારંભ.

**शुभे मासे सिते पक्षे वर्तिते चोत्तरायणे ॥**
**चंद्रताराबले पूर्णे सुलग्ने च शुभे दिने ॥ ३ ॥**

સૂત્રધારે શુભ માસ, શુકલ પક્ષ અને ઉત્તરાયણના સૂર્યમાં ચંદ્ર અને તારાનું પરિપૂર્ણ બળ જોઈ શુભ દિવસે અને શુભ લગ્નમાં નવીન કામનો આરંભ કરવો. ૩.

## ગજ વિધાન.

**हस्तलक्षणमानश्च गायत्रीमानसंभवम् ॥**
**विज्ञेयं सूत्रधारेण सर्वकार्योपकारणम् ॥ ४ ॥**

હસ્ત ( ગજ ) નું લક્ષણ તથા પ્રમાણ ગાયત્રી મંત્રની વર્ણ સંખ્યા ( ૨૪ ) માંથી ઉદ્ભવેલું છે અને તે સર્વ પ્રકારના શિલ્પકાર્યોનું મુખ્ય સાધન છે, એ સૂત્રધારે જાણવું જોઇએ. ૪.

**सूर्योदयप्रतिष्ठायां सुदृष्टिपथमागतः ॥**
**जालान्तरगतो रश्मिस्तस्मिन्यदृश्यते रजः ॥ ५ ॥**

"Aho Shrutgyanam"

परमाणुरिति प्रोक्तो रेणुश्चैव तदष्टभिः ॥
रेण्वष्टभिश्च केशाग्रः केशाग्राष्टा च लिक्षिका ॥ ६ ॥
लिक्षा यूका यवैश्चैव चाष्टगुणैर्मतोऽङ्गुलः ॥
गायत्र्याक्षरसंख्यैश्च हस्तः स्याच्छुभलक्षणः ॥ ७ ॥

સૂર્યોદય થયા પછી ગૃહાદિના જાળીયામાંથી સૂર્યનાં જે કિરણો આપણી દૃષ્ટિએ પડે છે અને તેમાં જે સૂક્ષ્મ રજઃકણ જોવામાં આવે છે તેને **'પરમાણુ'** કહે છે. એવાં આઠ પરમાણુ મળી એક **'રેણુ'** થાય છે. આઠ રેણુનો એક **'કેશાગ્ર,'** આઠ કેશાગ્રની એક **'લિક્ષા'** (લીંખ), આઠ લિક્ષાની એક **'યૂકા'** (**'જૂ'**), આઠ યૂકાનો એક આડો **'યવ'** ( જવ ) અને આઠ યવનો એક **'અંગુલ'** ( આંગળ ) થાય છે. ગાયત્રી મંત્રના અક્ષરો ચોવીસ છે તેથી તેટલી સંખ્યાવાળો અર્થાત્ ચોવીસ આંગળનો એક **'હસ્ત'** ( ગજ ) થાય છે, તે શ્રેષ્ઠ છે. ૫, ૬, ૭.

रक्तचंदनकाष्ठस्य मधूकखदिरौ तथा ॥
वंशजो धातुजः कार्यः शिल्पशास्त्रविशारदैः ॥ ८ ॥

શિલ્પશાસ્ત્રના વિદ્વાન્ શિલ્પિઓએ રક્ત ચંદન, મહુડો, ખેર, વાંસ અને તાંબું, ચાંદી તથા સોનાનો ગજ બનાવવો. ૮.

## ગજમાં ફૂલ તથા રેખા વિધાન.

पर्वरेखास्त्रिमात्राभिस्ताश्च पुष्पैरलङ्कृताः ॥
अग्रे रुद्रो विधिर्मध्ये विष्णुरन्ते प्रतिष्ठितः ॥ ९ ॥

હસ્તમાં ( ગજમાં ) ત્રણ ત્રણ માત્રાઓ ( આંગળો ) ના અંતરે પર્વની રેખાઓ કરવી અને તેમને ફૂલો ( ચોકડીઓ ) વડે અલંકૃત કરવી. હસ્તના પહેલા છેડા ઉપર રુદ્ર, મધ્ય ભાગમાં બ્રહ્મા અને અંતના છેડા ઉપર વિષ્ણુની પ્રતિષ્ઠા કરવી. ૯.

रुद्रो वायुर्विरूपश्च वह्निर्ब्रह्मा यमस्तथा ॥
वरुणो धनदो विष्णुः पुष्पेषु नव देवताः ॥ १० ॥

રુદ્ર, વાયુ, વિશ્વકર્મા, અગ્નિ, બ્રહ્મા, કાલ, વરૂણ, કુબેર અને વિષ્ણુ; આ નવ દેવતાઓ પુષ્પોમાં રહેલા છે અર્થાત્ પર્વના દેવતાઓ છે. ૧૦.

एकैकाङ्गुलभागेषु त्रयोविंशतिरेखकाः ॥
ईशो वायुश्च विश्वेशो वह्निर्ब्रह्मा च भास्करः ॥ ११ ॥

"Aho Shrutgyanam"

**रुद्रकालविरूपाश्च वसवोऽष्टौ गजाननः ॥**
**वरुणः कार्तिकेयश्च इच्छादेवी क्रिया तथा ॥ १२ ॥**
**ज्ञानच्च धनदश्चंद्रो जयः श्रीवासुदेवकः ॥**
**बलरामश्च कामाख्यो विष्णू रेखासु देवताः ॥ १३ ॥**

હસ્તમાં એકેક આંગળના અંતરે ત્રેવીસ રેખાઓ કરવી ( અને તેમાં અનુક્રમે નીચે આપેલા દેવતાઓ સ્થાપવા ). (૧) ઇશ, (૨) વાયુ, (૩) વિશ્વેદેવા, (૪) અગ્નિ, (૫) બ્રહ્મા, (૬) સૂર્ય, (૭) રૂદ્ર, (૮) કાલ, (૯) વિશ્વકર્મા, (૧૦) અષ્ટવસુ, (૧૧) ગણેશ, (૧૨) વરૂણ, (૧૩) કાર્તિક સ્વામી, (૧૪) ઇચ્છાદેવી, (૧૫) ક્રિયાદેવી, (૧૬) જ્ઞાનદેવ, (૧૭) કુબેર, (૧૮) ચંદ્રમા, (૧૯) જય, (૨૦) શ્રીવાસુદેવ, (૨૧) બલરામ, (૨૨) કામદેવ અને (૨૩) વિષ્ણુ. આ પ્રમાણે અનુક્રમે ત્રેવીસ રેખાઓના ત્રેવીસ દેવતાઓ જાણવા. ૧૧, ૧૨, ૧૩.

**ब्रह्मणः पञ्चमं स्थानं द्विधा भक्तश्च कारयेत् ॥**
**अष्टमश्च त्रिधा भक्तं द्वादशश्च चतुर्विधम् ॥ १४ ॥**

બ્રહ્મા ( મધ્યભાગ સ્થિત ) થી પાંચમા સ્થાનમાં બે, આઠમામાં ત્રણ અને બારમામાં ચાર રેખાઓ કરવી. ૧૪.

## જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ હસ્તમાન.

**अष्टयवोदरैर्ज्येष्ठो मध्यमो यवसप्तभिः ॥**
**षड्भिश्चैव लघुर्ज्ञेयः त्रिविधं हस्तलक्षणम् ॥ १५ ॥**

ઉત્તમ આઠ આડા જવના આંગળ પ્રમાણથી બનેલો ચોવીસ માત્રાનો હસ્ત જ્યેષ્ઠ, સાત આડા જવથી મધ્યમ અને છ આડા જવથી કનિષ્ઠ માનનો જાણવો. આ પ્રમાણે વિવિધ હસ્તમાન બનાવવામાં આવે છે. ૧૫.

**नगरग्रामखेटादीन् क्रोशादियोजनादिकम् ॥**
**वनोपवनमार्गादीन् ज्येष्ठहस्तेन मापयेत् ॥ १६ ॥**

નગર, ગ્રામ, ખેટ, કોશ અને યોજનાદિ તેમજ વન, ઉપવન ( બગીચાઓ ) તથા માર્ગાદિ જ્યેષ્ઠ ગજથી માપવા. ૧૬.

**प्रासादप्रतिमालिङ्गं जगतीपीठमंडपान् ॥**
**राज्ञां निवासहर्म्याणि मध्यमेन च मापयेत् ॥ १७ ॥**

"Aho Shrutgyanam"

દેવપ્રાસાદ, પ્રતિમા–મૂર્તિ, શિવલિંગ, જગતી, પીઠ, મંડપ, રાજમહેલ અને હવેલીઓ મધ્યમ ગજથી માપવાં. ૧૭.

**शय्यासने च यानानि छत्रसिंहासनादिकम् ॥**
**शस्त्रास्त्रकूपपात्राणि कनिष्ठेन च मापयेत् ॥ १८ ॥**

શય્યા ( પલંગ, ખાટલો વગેરે ), આસન, યાન ( રથ, પાલખી આદિ ), છત્ર, સિંહાસન, શસ્ત્રાસ્ત્ર, કૂવો, વાવ તથા પાત્રાદિ કનિષ્ઠ ગજથી માપવાં. ૧૮.

### ગજના પુષ્પના દેવતાઓ દબાવવાથી થતા દોષો.

**उच्चाटनं तथा व्याधी रोगः संतापकारणम् ॥**
**अग्नेर्भयं प्रजापीडा मृत्युर्निर्धनपातने ॥ १९ ॥**
**पुष्पस्थदेवतानाञ्च रुद्रादीनां क्रमात्तथा ॥**
**एते दोषाः प्रजायन्ते पीडितेन च पाणिना ॥ २० ॥**

ઉચ્ચાટન ( વિદેશગમન ), અસાધ્ય વ્યાધિ, રોગ, સંતાપનું કારણ, અગ્નિનો ભય, પ્રજાઓને પીડા, મૃત્યુ, નિર્ધનતા અને નર્કપાતક; આટલા દોષો પુષ્પોમાં રહેલા અનુક્રમે રૂદ્રાદિ દેવતાઓને ( ગજ ઉપાડતી વખતે ) હાથથી પીડિત કરવા (દબાવવા)થી ઉત્પન્ન થાય છે ( માટે યુક્તિથી ગજને પકડવો ). ૧૯, ૨૦.

### પુષ્પાન્તરે હસ્ત ગ્રહણથી ગુણાવગુણ.

**ब्रह्मानलकयोर्मध्ये पुत्रलाभो भविष्यति ॥**
**ब्रह्मा यमस्तयोर्मध्ये कर्ता शिल्पी च नश्यति ॥ २१ ॥**
**विश्वानलकयोर्मध्ये निष्पन्ने पुरवृद्धिता ॥**
**यमवरुणयोर्मध्ये मध्यमञ्च विनिर्दिशेत् ॥ २२ ॥**
**त्वष्टृपवनयोर्मध्ये शुभं तत्सर्वकामदम् ॥**
**वरुणयक्षराड्मध्ये मध्यमञ्च विनिर्दिशेत् ॥ २३ ॥**

બ્રહ્મા અને અગ્નિના મધ્યમાં ગજ પકડવાથી પુત્રલાભ, બ્રહ્મા અને કાળની મધ્યમાં કર્તા અને શિલ્પીનો નાશ, વિશ્વકર્મા અને અગ્નિના મધ્યમાં કાર્ય સંપૂર્ણ થતાં નગરની વૃદ્ધિ, કાળ અને વરૂણના મધ્ય ભાગે મધ્યમ, વિશ્વકર્મા અને વાયુના મધ્યમાં શુભ અને સર્વ કામપ્રદ તથા વરૂણ અને કુબેરના મધ્ય ભાગમાં પકડવાથી મધ્યમ ફળની પ્રાપ્તિ થાય છે. ૨૧, ૨૨, ૨૩.

"Aho Shrutgyanam"

अनावृष्टिभयं लोके देशभङ्गो न संशयः ॥
रुद्रपवनयोर्मध्ये यदा हस्तं तु धारयेत् ॥ २४ ॥

રૂદ્ર અને વાયુના મધ્ય ભાગમાં જો ગજ ધારણ કરવામાં આવે તો લોકમાં અનાવૃષ્ટિનો ભય તથા દેશભંગ થાય; એમાં સંશય આણવો નહિ. ૨૪.

विष्णुधनदयोर्मध्ये हस्तश्चैव ग्रहेद्यदि ॥
विविधास्तत्र भोगाश्च कार्यसिद्धिर्न संशयः ॥ २५ ॥

વિષ્ણુ અને કુબેરના મધ્ય ભાગમાં જો ગજ પકડે તો વિવિધ પ્રકારના ભોગો તથા કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે; એમાં સંશય નથી. ૨૫.

### અંગુલાદિથી પૃથ્વીનું પ્રમાણ.

मात्रैकाङ्गुलिका कला परिमिता मात्राद्वयं सर्वथा।
पर्वत्रीणि तथाङ्गुलानि विहिता मुष्टिश्चतुर्मात्रिका ॥
मात्राद्वादशभिर्वितस्तिररिति वा तालोऽपि विज्ञायते।
तालौ द्वौ च करस्तु किष्कुरुदितः पादोनहस्तद्वयम् ॥२६॥

એક આંગળની એક '**માત્રા**', બે માત્રાની એક '**કલા**', ત્રણ માત્રા અથવા આંગળનો એક '**પર્વ**', ચાર માત્રાની એક '**મુષ્ટિ**', બાર માત્રાનો એક '**તાલ**' અથવા '**વિતસ્તિ**', બે તાલનો એક '**કર**' અને પોણા બે કર ( ગજ ) નો એક '**કિષ્કુ**' થાય છે. ૨૬.


चापस्तूर्यकरैः सहस्रयुगलैश्चापैर्मतः क्रोशकः।
गव्यूतिश्च तथा बुधैः परिमिता क्रोशद्वयाभ्यां सदा ॥
गव्यूतिद्वयमानजन्यकथितं मानं तथा योजने।
कोटीनां शतयोजनैः परिमिता भूमिश्च सर्वा बुधैः ॥२७॥

ચાર હાથનો એક ચાપ ( દંડ ) [ધનુષ્ય], બે હજાર ચાપનો એક ક્રોશ ( ગાઉ ), બે ક્રોશની એક ગવ્યૂતિ, અને બે ગવ્યૂતિનો એક યોજન થાય છે. વિદ્વાનોએ સમગ્ર પૃથ્વીને સો કરોડ યોજનની કહી છે. ૨૭.

### અષ્ટવિધ સૂત્રનાં નામ.

दृष्टिः करस्तथा मौञ्जं कार्पासश्चावलंबकम् ॥
काष्ठसृष्टिविलेख्यानि सूत्राण्यष्ट वदन्ति च ॥ २८ ॥

"Aho.Shrutgyanam"


अष्ट प्रकारना सूत्र
२ गज अने तेना देवता
रुद्र
१ महादेव
२ वायु
वायु
३ विश्वदेव
४ अग्नि
५ विधि
विश्वकर्मा
७ रुद्र
८ यम
अग्नि
९ विश्वकर्मा
१० वसु
११ गणेश
ब्रह्मा
१२ वरुण
१३ कार्तिकस्वामी
काल
१५ क्रिया देवी
१६ ज्ञान
१७ धनद
वरुण
१८ चंद्र
१९ जय
२० वासुदेव
सोम
२१ हली
२२ कामदेव
२३ विष्णु
विष्णु
१ दृष्टि सूत्र
६ काट खुणो
३ मुंजनी दोरी
४ सुतरनी दोरी
५ ओळंबो
८ प्रकार
७ साधणी

શિલ્પશાસ્ત્રના વિદ્વાનોએ આઠ પ્રકારનાં સૂત્રો કથન કરેલાં છે. તેનાં નામ નીચે પ્રમાણે:—

(૧) દૃષ્ટિ, (૨) ગજ, (૩) મુંજની દોરી, (૪) સુતરની દોરી, (૫) અવલંબક (ઓલંબો), (૬) કાષ્ઠ (કાટખૂણો), (૭) સૃષ્ટિ (સાધણી અથવા લેવલ) અને (૮) વિલેખ્ય અર્થાત્ પ્રકાર; આ આઠ સૂત્રોનાં નામ છે. ૨૮.

## કાટખૂણો બનાવવાની રીત.

**सूर्याङ्गुलमितं दैर्घ्ये विस्तृतौ च नवाङ्गुलम् ॥**
**उभयोः कोणसंलग्नं तिथ्यङ्गुलमुदीरितम् ॥ २९ ॥**

પહેલી રેખા બાર (૧૨) આંગળ લાંબી અને બીજી રેખા નવ (૯) આંગળ પહોળી દોરવી. તે એવી રીતે કે બે રેખાના છેડાનું અંતર પંદર (૧૫) આંગળ થાય. એટલે કાટખૂણો ચોક્કસ થયો જાણવો. ૨૯.

# अथ आयादि एकवीस अंग विचार ।

**आयश्च क्षेत्रनक्षत्रे नक्षत्रगणकस्तथा ॥**
**ऋक्षभोगस्तु चंद्रस्य नक्षत्रवैरशोधनम् ॥ ३० ॥**
**व्ययस्तारास्तथा नाडी राशिस्तत्स्वामिमित्रता ॥**
**नामाक्षरफलश्चापि त्वंशो लग्नं तिथिस्तथा ॥ ३१ ॥**
**वाराः करणयोगाश्च वर्गस्तत्त्वविचारणम् ॥**
**गृहादीनां तथाऽयुष्यं संशोध्य भवनादिषु ॥ ३२ ॥**
**आयादिक्रमतः क्षेत्रे चांगानि त्वेकविंशतिः ॥**
**प्रासादे भवने चैव मतिमान् गणयेत्सुधीः ॥ ३३ ॥**

બુદ્ધિશાળી ડાહ્યા પુરૂષે આયાદિ ક્રમથી પ્રાસાદ તથા ભવનાદિના ક્ષેત્રમાં વિચારવાનાં આયાદિ એકવીસ અંગોનાં નામ નીચે પ્રમાણે છેઃ—



"Aho Shrutgyanam"

## આયાદિ એકવીસ અંગનાં નામ.

| | | |
|---|---|---|
| ૧ આય ઉપજાવવો. | ૮ તારા. | ૧૫ તિથિ. |
| ૨ ક્ષેત્રફળ ઉપજાવવું. | ૯ નાડી. | ૧૬ વાર. |
| ૩ નક્ષત્ર ઉપજાવવું. | ૧૦ રાશિ. | ૧૭ કરણ. |
| ૪ નક્ષત્રના ગણ. | ૧૧ રાશિ સ્વામિ મિત્રતા. | ૧૮ યોગ. |
| ૫ નક્ષત્રની દિશા. | ૧૨ નામાક્ષર. | ૧૯ વર્ગ. |
| ૬ નક્ષત્ર વૈર. | ૧૩ અંશક. | ૨૦ તત્ત્વ. |
| ૭ વ્યય. | ૧૪ લગ્ન. | ૨૧ ક્ષેત્રનો આવરદા. |

## આય, નક્ષત્ર વિગેરે મેળવવાના સ્થાન વિષે.

**भित्तिमध्ये गृहे मानं तन्मध्ये शयनासने ॥**
**प्रासादे भित्तिबाह्येषु मंडपे च सुरालये ॥ ३४ ॥**

ગૃહાદિમાં ભિત્તિની અંદરથી માપ લઈ ગણિત મેળવવું અને શયનાસન અર્થાત્ ખાટલો, પલંગ વિગેરેનું માપ પણ અંદરના ગાળેથી લેવું અથવા પલંગની બે ઈસો અને બે ઉપળાં છોડી અંદરના ગાળે માપ લેવું. દેવતાઓના પ્રાસાદ અને મંડપોનું માપ ભિત્તિની બહારની બાજુએ કર્ણીએ લઇ ગણિત મેળવવું. ૩૪.

## આય લાવવાની રીત અને આયનાં નામ.

**आय ऋक्षं व्ययस्तारा अंशकानि क्रमेण तु ॥**
**धामस्य दीर्घता व्यासे गुणिते चाष्टभाजिते ॥ ३५ ॥**
**ध्वजाद्याश्चैव शेषं वै लभते नात्र संशयः ॥**
**ध्वजो धूम्रस्तथा सिंहः श्वानो वृषो खरो गजः ॥ ३६ ॥**
**ध्वाङ्क्षश्चैव समं दृष्ट्वा प्राच्यादिषु प्रदक्षिणाः ॥**
**अन्योन्याभिमुखास्ते च क्रमछंदानुसारतः ॥ ३७ ॥**

આય, નક્ષત્ર, વ્યય, તારા અને અંશક; એમને દેવમંદિર અને ઘર કરવાના કાર્યમાં અનુક્રમે શુભાશુભ જોઈ આરંભ કરવો.

પ્રથમ ઘર અથવા દેવમંદિરની જમીનને લાંબી તથા પહોળી માપી આવેલી લંબાઇ પહોળાઇનો ગુણાકાર કરી આઠે ભાગવા, શેષ જે વધે તે અનુક્રમે ધ્વજાદિ આય જાણવા. એમાં સંશય કરવો નહિ.

"Aho Shrutgyanam"

(૧) ધ્વજ, (૨) ધૂમ્ર, (૩) સિંહ, (૪) શ્વાન, (૫) વૃષ, (૬) ખર, (૭) ગજ અને (૮) ધ્વાંક્ષ; એ આઠ આય છે અને એ આઠ આયો પૂર્વાદિ દિશાઓના ક્રમથી અર્થાત્ પૂર્વ દિશામાં ધ્વજાય, અગ્નિકોણમાં ધૂમ્રાય અને દક્ષિણ દિશામાં સિંહાય. એવી રીતે અનુક્રમથી આઠે દિશાએ સામસામા મુખ રાખી રહેલા જાણવા. ૩૫, ૩૬, ૩૭.

## આય દેવાનાં સ્થાન.

ध्वजो गजो वृषो सिंहः शस्यते सुरवेश्मनि ॥
अधमानां खरो ध्वाङ्क्षो धूम्रः श्वानः सुखावहः ॥ ३८ ॥
कल्याणं कुरुते सिंहो नृपाणाश्च विशेषतः ॥
विप्रस्य च ध्वजो देयो वृषो वैश्यमुदाहृतः ॥ ३९ ॥
शूद्रस्य वै गजः प्रोक्तः सर्वकामफलप्रदः ॥
ध्वजे चैवार्थलाभश्च संतापो धूम्र एव च ॥ ४० ॥
सिंहे च विपुलान् भोगान् कलहः शुनि वै भवेत् ॥
धनधान्यं वृषे चैव स्त्रीमरणं तु रासभे ॥ ४१ ॥
गजे भद्राणि पश्यंति ध्वाङ्क्षे च मरणं ध्रुवम् ॥
स्वस्वस्थाने स्थिताः सर्वे सर्वदा शुभकारकाः ॥ ४२ ॥

દેવાલયોમાં ધ્વજાય, વૃષાય અને ગજાય શ્રેષ્ઠ છે અને અધમ વર્ણના લોકોને ખરાય, ધ્વાંક્ષાય, ધૂમ્રાય અને શ્વાનાય સુખકારી છે. સિંહાય રાજાઓના મહેલોને વિષે વિશેષ સુખ આપનાર છે તથા બ્રાહ્મણોના ઘર વિષે ધ્વજાય, વૈશ્યના ઘર વિષે વૃષાય અને શૂદ્રના ઘર વિષે ગજાય આપવો; એ પ્રમાણે ચારે વર્ણને પોતપોતાના અધિકાર પ્રમાણે આયો આપવાથી સર્વ કામનાઓ પૂર્ણ કરે છે. ધ્વજાય સર્વ પ્રકારે અર્થ લાભ કરનારો છે. ધૂમ્રાય સંતાપકારક છે. સિંહાય નાના પ્રકારના ભોગોને આપનારો છે. વૃષાય ધન ધાન્ય આપનારો છે. ખરાય ઘરધણીની સ્ત્રીનું મરણ કરનારો છે. ગજાય કલ્યાણપ્રદ છે અને ધ્વાંક્ષાય ઘરધણીનો નાશ કરે છે. માટે સ્થાનભ્રષ્ટ આય આપવા નહિ. પોતપોતાના સ્થાનમાં રહેલા સર્વ આયો શુભકર્તા છે. ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨.

## પ્રતિકૂળ આય આપવાથી થતા દોષો.

सिंहे च स्वामिनो भक्षः श्वा पशूंश्चैव भक्षयेत् ॥
धूम्रायः पुत्रकं भक्षेत् ध्वाङ्क्षः स्त्रीश्चैव भक्षयेत् ॥ ४३ ॥

"Aho Shrutgyanam"

સિંહાય સ્વામીનો નાશ કરે છે. શ્વાનાય પશુઓનો નાશ કરે છે, ધૂમ્રાય પુત્રનો નાશ કરે છે અને ધ્વાંક્ષાય ઘરધણીની સ્ત્રીનું ભક્ષણ કરે છે. ૪૩.

### ધ્વજાય દેવાનાં સ્થાન.

**प्रासादे प्रतिमा लिङ्गे जगतीपीठमंडपे ॥**
**वेदिकुंडे कृते चैव पताकाछत्रचामरे ॥ ४४ ॥**
**वापीकूपतडागानां कुंडानाश्च जलाशये ॥**
**ध्वजो शुभश्च संस्थाने ध्वजं तत्र प्रदापयेत् ॥ ४५ ॥**
**आसने देवपीठेषु वस्त्रालंकारभूषणे ॥**
**केयूरमुकुटादौ च निवेशयेद् ध्वजः शुभः ॥ ४६ ॥**

સર્વે પ્રકારના પ્રાસાદ, ઉભી તથા બેઠી પ્રતિમા અને મહાદેવના લિંગ વિષે તેમજ પ્રાસાદોની જગતી ( ઓટલો ), પીઠિકા અને મંડપ, વેદી, કુંડ ( પાણીનો કુંડ ), પતાકા ( ધ્વજા ), છત્ર, ચામર, વાવ, કૂવો, પાણી ભરવાનાં ટાંકાં, તળાવ, દેવને બેસાડવાનું આસન, દેવની પીઠિકા, વસ્ત્ર, * અલંકાર (ઘરેણું), આભૂષણ, બાજુબંધ, હાર અને મુકુટ વિગેરે સ્થાનોમાં ધ્વજાય આપવો શુભ છે. ૪૪, ૪૫, ૪૬.

### ધૂમ્રાય દેવાનાં સ્થાન.

**अग्निकर्मेषु सर्वेषु होमशालागृहेषु च ॥**
**धूमाग्निकुंडसंस्थाने होमकर्मगृहेऽपि वा ॥ ४७ ॥**

અગ્નિવડે જેની જીવિકા હોય, જેવા કે લુહાર, સોની, કંસારા અને ભાડભુંજા વિગેરેનાં ઘર, રસોઇખાનું, હોમશાળા અને આહૂતિ આપવાના કુંડો તથા હોમ કરવાના ઘરમાં ધૂમ્રાય આપવો. ૪૭.

### સિંહાય દેવાનાં સ્થાન.

**आयुधानां समस्तेषु नृपाणां भवनेषु च ॥**
**सिंहासने नृपस्थाने सिंहं तत्र निवेशयेत् ॥ ४८ ॥**

દરેક જાતનાં આયુધો રાખવાનાં ઘર, રાજાઓના મહેલો, રાજાઓને બેસવાનાં આસનો અને દરેક સિંહાસનોમાં તેમજ સિંહદ્વારોને વિષે સિંહાય આપવો. ૪૮.

* નાના દાગીનાઓ વિષે ગજ અને આંગળથી માપ લઇ શકાય નહિ માટે આંગળ, જવ, યૂકા, લિક્ષા અને કેશાગ્ર વડે માપ લઇ આય મેળવવો. કારણ કે હીરા આદિ રત્નોનું આંગળે માપ થાય નહિ.

"Aho Shrutgyanam"

### શ્વાનાય દેવાનાં સ્થાન.

**म्लेच्छानाश्च गृहे श्वानो विष्ठागारे नटस्य च ॥**
**वेश्यागृहेषु सर्वेषु श्वानः श्वानोपजीविनाम् ॥ ४९ ॥**

મ્લેચ્છ, ભંગી, અંત્યજ, નટ, વેશ્યા અને શ્વાન ( કુતરા ) વડે જેની આજીવિકા હોય તેવા લોકોનાં ઘર અને વિષ્ઠાગાર ( જાજરૂ ) માં શ્વાનાય આપવો. ૪૯.

### વૃષાય દેવાનાં સ્થાન.

**वणिक्कर्मसु सर्वेषु भोजनस्थानमंडपे ॥**
**वृषस्तुरंगशालायां गोशालागोकुलेषु च ॥ ५० ॥**

સર્વે પ્રકારના વેપારીઓની દુકાનો, વણિકનાં ઘર, ભોજનશાળા, મંડપ, અશ્વશાળા અને ગૌશાળા ઈત્યાદિ સ્થાનોમાં વૃષાય આપવો. ૫૦.

### ખરાય આપવાનાં સ્થાન.

**तंतुवितनुसाराणां वादित्राणां गृहेषु च ॥**
**कुलालरजकादीनां खरं गर्दभजीविनाम् ॥ ५१ ॥**

તંતુનો ધંધો કરનારા વણકરોમાં, સર્વ પ્રકારની વાજિંત્ર શાલામાં અને ગધેડાથી જીવન ચલાવનાર કુંભાર, રાવલ, ગોલા, ધોબી, ઓડ વિગેરેનાં અને કલાલ તથા રંગરેજનાં ઘરોમાં ખરાય આપવો. ૫૧.

### ગજાય દેવાનાં સ્થાન.

**अन्योपस्करकर्मादौ क्रीडागारे गृहे गजम् ॥**
**गजं तु गजशालायां सिंहं यत्नेन वर्जयेत् ॥ ५२ ॥**

શૂદ્રનાં ઘર, પાલખી, મેના, રથ, ગાડી, ગાડાં; શય્યા ( ખાટલો, પલંગ, કૉચ ), સ્ત્રિઓનું ક્રીડાગૃહ અને ગજશાળા ( હાથીખાના ) ઇત્યાદિ સ્થાનોમાં ગજાય આપવો, પરંતુ ગજશાળામાં સિંહાય કદાપિ આપવો નહિ. ૫૨.

### ધ્વાંક્ષાય દેવાનાં સ્થાન.

**मठेषु यंत्रशालासु जैनशालादिसंभवे ॥**
**ध्वांक्षश्चैव प्रदातव्यो शिल्पकर्मोपजीविनाम् ॥ ५३ ॥**

"Aho Shrutgyanam"

સંન્યાસીઓના મઠો, યંત્રશાળાઓ ( યંત્રો બનાવવાનાં કારખાનાં ), જૈનશાળા અને શિલ્પકામ કરનાર શિલ્પીઓના ઘરોમાં ધ્વાંક્ષાય આપવો. ૫૩.

**स्वे स्वे स्थाने स्थिताश्चैव सर्वे कल्याणकारकाः ॥**
**स्नेहानुगाश्च मैत्राद्यास्तत्रार्थे हितकामदाः ॥ ५४ ॥**

આઠે પ્રકારના આયો પોતપોતાના અનુકૂળ સ્થાને કલ્યાણકારી છે; પરંતુ પ્રતિકૂળ સ્થાને હાનિકર્તા છે. એક બીજાની પરસ્પરમાં સ્નેહ અને મૈત્રી જોઇ આય આપવાથી સર્વ પ્રકારે હિત અને કામનાઓને સફળ કરનારા છે. ૫૪.

### એક બીજાને અનુકૂળ આય.

**ध्वजस्थाने गजं दद्याद् सिंहं वृषभहस्तिनोः ॥**
**ध्वजः सर्वेषु दातव्यो वृषो नान्यत्र दीयते ॥ ५५ ॥**

ધ્વજાયના સ્થાનમાં ગજાય આપવો. વૃષાય અને ગજાયના સ્થાનમાં સિંહાય આપવામાં આવે તો સારો છે. ધ્વજાય દરેક આયોની સાથે શુભકર્તા છે. પણ વૃષાય ધ્વજાય સિવાય બીજા કોઇ પણ આયો સાથે આપવો નહિ. ૫૫.

### આયોને રહેવાની દિશાઓ.

**पूर्वे चैव ध्वजं दद्याद् धूम्रं चैवाग्निसंस्थिते ॥**
**याम्यायां च तथा सिंहं नैऋत्ये श्वानमेव च ॥ ५६ ॥**
**पश्चिमायां वृषं दद्याद् वायव्ये खरमुच्यते ॥**
**उत्तरे च गजं दद्याद् ईशाने ध्वाङ्क्षमेव च ॥ ५७ ॥**

ધ્વજાય પૂર્વ દિશાનો, ધૂમ્રાય અગ્નિકોણનો, સિંહાય દક્ષિણ દિશાનો, શ્વાનાય નૈરૂત્ય કોણનો, વૃષાય પશ્ચિમ દિશાનો, ખરાય વાવવ્ય કોણનો, ગજાય ઉત્તર દિશાનો અને ધ્વાંક્ષાય ઇશાન કોણનો સ્વામી છે. ૫૬, ૫૭.


### આયોનાં સ્વરૂપ.

**ध्वजः पुरुषरूपश्च धूम्रो मार्जाररूपकः ॥**
**सिंहः सिंहादिरूपश्च श्वानः श्वानादिरूपकः ॥ ५८ ॥**

"Aho Shrutgyanam"

**वृषो वृषभरूपश्च खरो रासभरूपकः ॥**
**गजश्च गजरूपेण ध्वांक्षः काकस्वरूपकः ॥ ५९ ॥**

ધ્વજાયનું સ્વરૂપ પુરૂષના જેવું, ધૂમ્રાયનું બીલાડાના જેવું, સિંહાયનું સિંહના જેવું, શ્વાનાયનું કુતરાના જેવું, વૃષાયનું બળદના જેવું, ખરાયનું ગધેડાના જેવું, ગજાયનું હાથીના જેવું અને ધ્વાંક્ષાયનું કાગડાના જેવું સ્વરૂપ છે. ૫૮, ૫૯.




"Aho Shrutgyanam"

सर्वे कुक्कुटरूपाश्चः पुरुषाकारपंगुलाः ॥
हस्ताभ्यां नररूपाश्च पादाभ्यां विहगात्मकाः ॥ ६० ॥
सर्वे तु सिंहग्रीवाश्च प्रबलाश्च महोत्कटाः ॥
महागुणेश्वराः प्रोक्ताः क्षेत्रपाश्च दिशाष्टसु ॥ ६१ ॥
वास्तुकर्मसु सर्वेषु चाष्टावायादिसंपदः ॥
पूजिताः प्रतिपूज्यंते निर्विघ्नं च पदे स्थिताः ॥ ६२ ॥

સર્વે આયોનો કેડથી નીચેનો ભાગ કુકડાના જેવો, કટિથી ઉપરના શરીરનો ભાગ તથા હાથ પુરૂષના જેવા, પગો પક્ષિના જેવા અને સર્વે આયોનું ગળુ સિંહના જેવું છે. આઠે આયો ઘણા પ્રબળ, તેજસ્વી અને ગુણવાન છે. આઠે દિશાઓમાં ક્ષેત્રપાળ તરીકે રહેલા છે. સર્વ પ્રકારનાં વાસ્તુકર્મોમાં તેમજ શુભ કામોમાં આ આઠ આયોનું પૂજન કરવાથી પોતાના સ્થાનમાં રહી નિર્વિઘ્ન કામની સમાપ્તિ કરાવી મનોરથોને સફળ કરે છે. ૬૦, ૬૧, ૬૨.

### માણસનો આય લાવવાની રીત.

रुद्रभागायते क्षेत्रे कृते पंचांशविस्तरे ॥
ऊर्ध्वपंक्तौ क्रमात्कोष्टेष्विन्द्रधिष्ण्यद्विभास्करान् ॥ ६३ ॥
तिथ्यष्टवेदरामेषु रागनन्दान् समालिखेत् ॥
तदधो मातृकान् वर्णानाद्यान्तांश्च क्रमाल्लिखेत् ॥ ६४ ॥
ऋॠऌॡविसर्गान्तसंयोगाक्षरवर्जितान् ॥
नामाक्षरस्य संघातं वसुभिर्विभजेत्सुधीः ॥ ६५ ॥
शेषमायो मनुष्यस्य ध्वजाद्यो देहगो भवेत् ॥
नक्षत्रं तारकांशौ च व्ययाद्यं चापि देहगम् ॥ ६६ ॥
ध्वजादीनां चतुर्णां तु चत्वारो वृषभादयः ॥
भक्षका भवने वर्ज्या गृहस्वामिविभक्षकाः ॥ ६७ ॥

અગિયાર ભાગ લાંબુ અને પાંચ ભાગ પહોળું ક્ષેત્ર બનાવવું અને તેમાં ઉપરની પંક્તિના કોઠામાં ૧૪, ૨૭, ૨, ૧૨, ૧૫, ૮, ૪, ૩, ૫, ૬ અને ૯ એ અંકો ક્રમથી લખવા. પછી તેની નીચેના કોઠાઓમાં અકારાદિ ક્રમથી ક્ષ સુધીના વર્ણો લખવા. તેમાં ऋ, ॠ, ऌ, ॡ, ળ, અનુસ્વાર, વિસર્ગ અને સંયુક્તાક્ષરો લેવા નહિ; એ પ્રમાણે કોષ્ટકમાં લખવું. ઉપરના કોષ્ટકમાં માણસના નામાક્ષરનો પહેલો અક્ષર

"Aho Shrutgyanam"

જોવો અને પછી ઉપરની પહેલી પંક્તિમાં જે અંક હોય તેની સાથે માણસના નામના જેટલા અક્ષરો હોય તેનો ગુણાકાર કરવો. ગુણાકારની સંખ્યાને બુદ્ધિમાન સૂત્રધારે આઠે ભાગવી, શેષ વધે તે ક્રમથી માણસના ધ્વજાદિ આય જાણવા. નક્ષત્ર, તારા, અંશ અને વ્યય પણ મનુષ્યના લાવવા. ધ્વજાદિ ( ધ્વજ, ધૂમ્ર, સિંહ અને શ્વાન ) ચાર આયોના અનુક્રમે વૃષભાદિ ( વૃષભ, ખર, ગજ અને ધ્વાંક્ષ ) ચાર આયો ભક્ષ્ય છે. હવે જો ગૃહનો આય ધણીના આયનું ભક્ષણ કરે એટલે સ્વામીનું મૃત્યુ થાય. માટે સામસામા ભક્ષક આયો આવે નહિ, તે યત્નથી તજવા. ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭.

## મનુષ્યનો આય લાવવાનું કોષ્ટક.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ૨૭ | ૨ | ૧૨ | ૧૫ | ૮ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ |
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | એ | ઐ | ઓ | ઔ | ~~અં~~ |
| ખ | ગ | ઘ | ઙ | ચ | છ | જ | ઝ | ઞ | ટ | ઠ |
| ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન | પ | ફ | બ |
| ભ | મ | ય | ર | લ | વ | શ | ષ | સ | હ | ~~ક્ષ~~ |

**ઉદાહરણઃ**– ધારો કે ઘરધણીનું નામ નટવરલાલ છે, તો તેનો પહેલો અક્ષર 'ન' આવ્યો. તે 'અ' વાળા કોઠામાંથી શોધી કાઢવો જોઇએ. તે પ્રમાણે 'ન' '૩' અંકવાળા કોઠામાં છે. ઘરધણીના નામાક્ષર '૬' છે. તેની સાથે કોઠાના અંક '૩' નો ગુણાકાર કરતાં '૧૮' થયા. તે અઢારને આઠે ભાગતાં '૨' શેષ વધ્યા. માટે ઘરધણીનો આય ધૂમ્રાય આવ્યો. અને ધારો કે ઘરનો આય ખરાય છે તો તે બે પરસ્પર ભક્ષ ગણાય માટે તજવા.

## ઘરની દિવાલોમાં આય આપવા વિષે.

**अग्रभित्तौ गजं दद्याद् वामदक्षिणयोर्ध्वजः ॥**
**पृष्ठभित्तौ तथा सिंहं सुखसौभाग्यदायकाः ॥ ६८ ॥**

ગૃહની આગળની દિવાલમાં ગજાય, ડાબી અને જમણી દિવાલોમાં ધ્વજાય તથા પછીતની દિવાલમાં સિંહાય આપવો તે સુખ તથા સૌભાગ્યને આપનાર છે. ૬૮.



"Aho Shrutgyanam"

## ક્ષેત્રફળ કાઢવાની રીત.

**आयामं क्षेत्रसंभूतं विस्तारं गुणयेदथ ॥**
**सप्तविंशैर्हरेद्भागं शेषं स्यात्फलनिश्चयः ॥ ६९ ॥**

ક્ષેત્રની ( દેવમંદિર, ઘર કે કોઈપણ વસ્તુનું માપ કરી આય, નક્ષત્ર લાવવું હોય તો તે ક્ષેત્ર કહેવાય ) લંબાઈ અને પહોળાઈને ગજઆંગળથી માપી લંબાઈ સાથે પહોળાઈનો ગુણાકાર કરી ૨૭ સે ભાગતાં જે શેષ અંક રહે તે મૂળરાશિ અર્થાત્ ક્ષેત્રફળ જાણવું. ૬૯.

**ઉદાહરણઃ–** ધારો કે કોઈએક દેવાલય ૬ ગજ ને ૧ આંગળ લાંબું અને ૬ ગજ ને ૧ આંગળ પહોળું છે. હવે ગુણાકાર કરવો સુગમ પડે એટલા માટે ગજના આંગળ કરવા. તે પ્રમાણે ૭ ગજ એક આંગળના ૧૪૫ આંગળ થયા. પહોળાઇ પણ તેટલીજ હોવાથી તેના પણ ૧૪૫ આંગળ થયા. ૧૪૫ × ૧૪૫ લંબાઇ પહોળાઇનો ગુણાકાર કરતાં ગુણાકાર ૨૧૦૨૫ આવ્યો, તેને ૨૭ સે ભાગતાં શેષ ૧૯ વધ્યા. તેથી ૧૯મી મૂળ રાશિ આવી. આ પ્રમાણે દરેક ક્ષેત્રની લંબાઇ પહોળાઇને ગુણીને ૨૭ સે ભાગી ક્ષેત્રફળ લાવવું.

## ક્ષેત્રફળ ( મૂળરાશિ ) ઉપરથી નક્ષત્ર ઉપજાવવાની રીત.

**फले चाष्टगुणे तस्मिन् सप्तविंशतिभाजिते ॥**
**यच्छेषं लभते तत्र नक्षत्रं तद् गृहेषु च ॥ ७० ॥**

ક્ષેત્રફળનો જે અંક આવ્યો હોય તેને આઠે ગુણી ૨૭ સે ભાગતાં જે શેષ વધે તે નક્ષત્રનો અંક જાણવો. એટલે તેટલામું ઘરનું નક્ષત્ર જાણવું. ૭૦.

**ઉદાહરણઃ–**ઉપર ક્ષેત્રફળ અથવા મૂળરાશિનો અંક ૧૯ આવ્યો છે. તેને આઠે ગુણતાં ૧૫૨ થયા. તેને ૨૭ સે ભાગતાં શેષ ૧૭ વધ્યા. એટલે અશ્વિની નક્ષત્રથી ગણતાં સત્તરમું નક્ષત્ર અનુરાધા આવ્યું. તે ઘરનું નક્ષત્ર સમજવું.

## ગણ વિચાર.

**स्वगणे चोत्तमा प्रीतिर्मध्यमा देवमानुषे ॥**
**कलहो देवदैत्यानां मृत्युर्मानवराक्षसे ॥ ७१ ॥**

ઘર તથા ઘરધણીના નક્ષત્રનો ગણ એક હોય તો ઉત્તમ. દેવ અને મનુષ્ય-ગણ હોય તો મધ્યમ પ્રીતિ જાણવી. દેવગણ અને દૈત્યગણ હોય તો કલહ કરાવે અને મનુષ્ય તથા રાક્ષસગણ હોય તો ઘરધણીનું મૃત્યુ થાય. ૭૧.

"Aho Shrutgyanam"

### દેવગણ નક્ષત્ર.

**अश्विनी रेवती हस्तो मृगः स्वातिः पुनर्वसुः ॥**
**श्रुतिः पुष्योऽनुराधा च नवानि देवतागणः ॥ ७२ ॥**

અશ્વિની, રેવતી, હસ્ત, મૃગશીર્ષ, સ્વાતિ, પુનર્વસુ, શ્રવણ, પુષ્ય અને અનુરાધા; આ નવ નક્ષત્રો દેવગણનાં જાણવાં. ૭૨.

### રાક્ષસગણ નક્ષત્ર.

**विशाखा मूलमश्लेषा मघा चित्रा च कृत्तिका ॥**
**धनिष्ठा शततारा च ज्येष्ठा वै राक्षसो गणः ॥ ७३ ॥**

વિશાખા, મૂલ, અશ્લેષા, મઘા, ચિત્રા, કૃત્તિકા, ધનિષ્ઠા, શતતારા અને જ્યેષ્ઠા; આ નવ નક્ષત્ર રાક્ષસગણનાં જાણવાં. ૭૩.

### મનુષ્યગણ નક્ષત્ર.

**भरणी त्रीणि पूर्वाणि चोत्तरात्रयमेव च ॥**
**आर्द्रा च रोहिणी चैव नवानि मानुषो गणः ॥ ७४ ॥**

ભરણી, ત્રણ પૂર્વા એટલે પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા અને પૂર્વાભાદ્રપદ; ઉત્તરાત્રય એટલે ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરા ભાદ્રપદ, આર્દ્રા અને રોહિણી; આ નવ નક્ષત્રો મનુષ્યગણનાં જાણવાં. ૭૪.

### અધોમુખ નક્ષત્ર.

**मघा मूलं विशाखा च कृत्तिका भरणी तथा ॥**
**पूर्वात्रयं तथाऽश्लेषाऽधोमुखाः परिकीर्तिताः ॥ ७५ ॥**
**भूकार्यमग्निकार्यं च युद्धश्च विविधं तथा ॥**
**अक्षकूपतडागांश्च वापीं भूमिगृहाणि च ॥ ७६ ॥**
**द्यूतारंभं निधिस्थानं निधानं खननं तथा ॥**
**गणितं ज्योतिषारंभं खातं बिलप्रवेशनम् ॥ ७७ ॥**
**अधोमुखानि कार्याणि तानि सर्वाणि कारयेत् ॥**

મઘા, મૂલ, વિશાખા, કૃત્તિકા, ભરણી, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ અને અશ્લેષા; આ નવ નક્ષત્ર અધોમુખનાં જાણવાં.

"Aho Shrutgyanam"

ભૂમિમાં કરવાનાં કાર્ય, જેવાં કે ભોંયરૂં વિગેરે, અગ્નિકાર્ય ( અગ્નિ સંબંધી કાર્ય ), વિવિધ પ્રકારનાં યુદ્ધો, ટાંકું, કૂવો, તળાવ, વાવ, ભૂમિમાં કરવાનાં ઘરો, જુગટું રમવું, જુગટું રમવાનું ઘર, દ્રવ્યનો ભંડાર કરવો, ધનસંગ્રહ કરવું, ખજાનો ખોલવો, ગણિત અને જ્યોતિષનો વિદ્યારંભ, ખાતકર્મ અને ગુહાપ્રવેશ તથા અધોમુખ જેટલાં કાર્યો હોય તે બધાં અધોમુખ નક્ષત્રોમાં કરવાં. ૭૫, ૭૬, ૭૭.

## તિર્યઙ્મુખ નક્ષત્ર.

अश्विनी रेवती ज्येष्ठा मृगशीर्षं पुनर्वसुः ॥ ७८ ॥
स्वातिर्हस्तोऽनुराधा च चित्रा तिर्यङ्मुखानि वै ॥
खनिजं वणिजं कार्यं सर्वबीजानि वापयेत् ॥ ७९ ॥
वाहनानि च यंत्राणि दमनं च विनिर्दिशेत् ॥
अश्वश्च गजमुष्ट्रं च वृषभं महिषं खरम् ॥ ८० ॥
दमनं कृषिवाणिज्ये गमनं क्षौरकर्म च ॥
अर्हटं चक्रयंत्राणि शकटानां च वाहनम् ॥ ८१ ॥
तिर्यङ्मुखानि कार्याणि तानि सर्वाणि कारयेत् ॥

અશ્વિની, રેવતી, જ્યેષ્ઠા, મૃગશીર્ષ, પુનર્વસુ, સ્વાતિ, હસ્ત, અનુરાધા અને ચિત્રા; આ નવ નક્ષત્રો તિર્યઙ્મુખનાં જાણવાં. ખાણો ખોદવી, સર્વ પ્રકારનો વ્યાપાર, દરેક જાતનાં બીજની વાવણી, નવીન વાહન તથા યંત્ર શરૂ કરવાં, ગાડાં, ગાડી અને રથ વિગેરે પહેલ વહેલાં જોડવાં, ઘોડો, હાથી, ઉંટ, બળદ, પાડો અને ગધેડાં વિગેરે પ્રાણિઓ નવીન ખરીદવાં, વેચવાં તથા પળોટવાનાં કામ, ખેતી, વાણિજ્ય, ગામ જવું, ક્ષૌર કર્મ ( પ્રથમ વાળ ઉતારવા ), રહેંટ ચલાવવો અથવા ગોઠવવો અને નાના પ્રકારનાં ચક્રયંત્રોને ચલાવવાં તેમજ ગોઠવવાં વિગેરે, તથા તિરછા મુખનાં બધાં કાર્યો તિર્યઙ્મુખ નક્ષત્રોમાં કરવાં શુભ છે. ૭૮, ૭૯, ૮૦, ૮૧.

## ઊર્ધ્વમુખ નક્ષત્ર.

पुष्यार्द्रे श्रवणश्चैव चोत्तरात्रयमेव च ॥ ८२ ॥
रोहिणी शततारा च धनिष्ठा नव सर्वदा ॥
प्रासादे तोरणं कार्यं कृषिं चैव समारभेत् ॥ ८३ ॥
पट्टाभिषेककार्यं च प्रासादे च ध्वजं क्षिपेत् ॥
ऊर्ध्ववक्त्राणि कार्याणि तानि सर्वाणि कारयेत् ॥ ८४ ॥

"Aho Shrutgyanam"

પુષ્ય, આર્દ્રા, શ્રવણ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, શતભિષા અને ધનિષ્ઠા; આ નવ નક્ષત્ર ઊર્ધ્વમુખનાં છે. એઓ પ્રાસાદનાં તોરણ, ખેતી, રાજાઓને પટ્ટાભિષેક, પ્રાસાદને ધ્વજ ચઢાવવામાં અને બીજાં દરેક પ્રકારનાં ઊર્ધ્વમુખ કાર્યો કરવામાં શુભ જાણવાં. ૮૨, ૮૩, ૮૪.

## નક્ષત્ર તથા ચંદ્રની દિશા.

**कृत्तिकादि सप्त सप्त पूर्वाद्याश्च प्रदक्षिणाः ॥**
**अष्टाविंशतियुक्तानां तत्र चंद्रमुनिं हरेत् ॥ ८५ ॥**

કૃત્તિકાદિ સાત સાત નક્ષત્રો અનુક્રમે પૂર્વાદિ દિશાઓનાં જાણવાં અર્થાત્ કૃત્તિકાથી સાત નક્ષત્રો પૂર્વ દિશાનાં, મઘાથી સાત નક્ષત્રો દક્ષિણ દિશાનાં, અનુરાધાથી સાત નક્ષત્રો પશ્ચિમ દિશાનાં અને શતતારકાથી ભરણી સુધીનાં છ નક્ષત્રો ઉત્તર દિશાનાં જાણવાં. ક્ષેત્રનું ગણિત કરતાં ક્ષેત્રનું નક્ષત્ર જે દિશામાં આવતું હોય તે દિશામાં ચંદ્ર જાણવો. ૮૫.

## ચંદ્રની દિશાનું ફળ.

**अग्रतो हरते आयुः पृष्ठतो हरते धनम् ॥**
**वामदक्षिणयोश्चंद्रो धनधान्यकरः स्मृतः ॥ ८६ ॥**
**प्रासादे राजहर्म्येषु चंद्रो दद्याद्धि चाग्रतः ॥**
**अन्येषां च न दातव्यः श्रीमदादिगृहेषु च ॥ ८७ ॥**

દરેક વર્ણનાં ઘરો બાંધવામાં, ચંદ્ર ઘરની સન્મુખ આવે તો ઘરધણીનું આયુષ્ય નષ્ટ કરે અને ઘરની પાછળ આવે તો ધનનો નાશ કરે તથા ઘરના જમણા અથવા ડાબા અંગે ચંદ્ર આવે તો ધનધાન્યની વૃદ્ધિ કરનાર છે અને તે ઘરમાં રહેનાર ઘરનો માલીક સુખી થાય છે. પ્રાસાદો, દેવમંદિરો તથા રાજાના મહેલોમાં ચંદ્ર સન્મુખ આપવાથી શ્રેષ્ઠ ફળ આપે છે. માટે ચંદ્ર સન્મુખ આપવો; પરંતુ બીજા વર્ણો તથા શ્રીમંત લોકોના ઘરને વિષે કદાપિ ચંદ્ર અગ્રભાગે આપવો નહિ. ૮૬, ૮૭.

## નક્ષત્રવૈર જોવા વિષે.

**वैरं चोत्तरफाल्गुनीश्वियुगले स्वातिभरण्योर्द्वयोः ।**
**रोहिण्युत्तरषाढयोः श्रुतिपुनर्वस्वोर्विरोधस्तथा ॥**
**चित्राहस्तकयोश्च पुष्यफणिनोर्ज्येष्ठाविशाखद्वयोः ।**
**प्रासादे भवनासने च शयने नक्षत्रवैरं त्यजेत् ॥ ८८ ॥**

"Aho Shrutgyanam"

ઉત્તરાફાલ્ગુની અને અશ્વિની નક્ષત્રો, સ્વાતિ અને ભરણી, રોહિણી અને ઉત્તરાષાઢા, શ્રવણ અને પુનર્વસુ, ચિત્રા અને હસ્ત, પુષ્ય અને અશ્લેષા તથા જ્યેષ્ઠા અને વિશાખા નક્ષત્રોને પરસ્પર વૈર છે. માટે પ્રાસાદ, ઘર, આસન, શય્યા વિગેરેમાં નક્ષત્રવૈર તજવું. ૮૮.

### વ્યય ઉપજાવવાની રીત.

**नक्षत्रं वसुभिर्भक्तं यच्छेषं तद् व्ययो भवेत् ॥**
**एकैकायस्य संस्थाने व्ययश्च त्रिविधः स्मृतः ॥ ८९ ॥**
**समो व्ययः पिशाचश्च राक्षसश्च व्ययाधिकः ॥**
**व्ययो न्यूनो नरो रक्षेद् धनधान्यकरः स्मृतः ॥ ९० ॥**

ક્ષેત્રનું જે નક્ષત્ર આવ્યું હોય તેના અંકને આઠે ભાગતાં જે શેષ વધે તે વ્યય જાણવો. વ્યય એકેક આયની સાથે ત્રણ પ્રકારે આવી શકે. આયનો અને વ્યયનો અંક સરખો આવે તો તે વ્યય પિશાચ ગણાય (અને તે અશુભ જાણવો). આય કરતાં વ્યયનો અંક વિશેષ આવે તો રાક્ષસ જાણવો (તે પણ સારો નહિં) અને આય કરતાં વ્યયનો અંક ઓછો આવે તો તે મનુષ્ય ગણાય અને તે શ્રેષ્ઠ છે તથા તેને ધન ધાન્ય અને લક્ષ્મી આપનારો જાણવો. ૮૯, ૯૦.

### આઠ વ્યયનાં નામ.

**शान्तः पौरश्च प्रद्योतः श्रियानंदो मनोहरः ॥**
**श्रीवत्सो विभवश्चैव चिंतात्मको व्ययाः स्मृताः ॥ ९१ ॥**

૧ શાન્ત, ૨ પૌર, ૩ પ્રદ્યોત, ૪ શ્રિયાનંદ, ૫ મનોહર, ૬ શ્રીવત્સ, ૭ વિભવ અને ૮ ચિંતાત્મક; આ આઠ વ્યય જાણવા. ૯૧.

**ध्वजे शान्तः शुभो ज्ञेयो नित्यं कल्याणकारकः ॥**
**भोगपूजाबलं दत्ते गीतवाद्यसुरालये ॥ ९२ ॥**
**धूम्रस्थाने यदा शांतो धातुद्रव्यफलप्रदः ॥**
**सिंहस्थाने तथा पौरो नित्यं भोगश्रियादिदः ॥ ९३ ॥**
**प्रद्योतः श्वानसंस्थाने नित्यं स्त्रीसुतसौख्यदः ॥**
**श्रियानंदो वृषस्थाने सर्वकामफलप्रदः ॥ ९४ ॥**
**मनोहरः खरे योज्यः सर्वसंपत्तिदायकः ॥**
**श्रीवत्सश्च गजे योज्यो गजसिंहबलाधिकः ॥ ९५ ॥**

"Aho Shrutgyanam"

**ध्वांक्षे च विभवः प्रोक्तः सर्वकामफलप्रदः ॥**
**चिंतात्मको व्ययो नित्यमायाष्टसु विवर्जयेत् ॥ ९६ ॥**

ધ્વજાયની સાથે શાન્ત વ્યય આપવો તે નિત્ય કલ્યાણકર્તા છે અને ગીત ગાવાના સ્થાનમાં, વાજીંત્ર વગાડવાના સ્થાનમાં તથા દેવાલયમાં આપવાથી નાના પ્રકારના ભોગ, પૂજા અને બલને આપે છે. ૯૨.

ધૂમ્રાયની સાથે શાંત વ્યય આપવાથી ધાતુ અને દ્રવ્યનો લાભ કરે અને સિંહાયની જોડે પૌર વ્યય દેવાથી અનેક પ્રકારના ભોગ અને લક્ષ્મી આપે. ૯૩.

શ્વાનાયની સાથે પ્રદ્યોત વ્યય આપવાથી નિત્ય સ્ત્રી અને પુત્રાદિકનું સુખ મળે અને વૃષાયની સાથે શ્રિયાનંદ વ્યય આપવાથી સર્વ કામનાઓની ફળસિદ્ધિ પ્રાપ્ત થાય. ૯૪.

ખરાયની સાથે મનોહર વ્યય યોજવાથી સર્વ પ્રકારની સંપત્તિ આપે અને ગજાયની સાથે શ્રીવત્સ વ્યય યોજવાથી હાથી અને સિંહથી અધિક બળ પ્રાપ્ત થાય. ૯૫.

ધ્વાંક્ષાયની જોડે વિભવ વ્યય આપવાથી સર્વ કામનાઓનું ફળ મળે પરંતુ આઠે આયોમાં ચિન્તાત્મક વ્યય નિત્ય યત્નથી વર્જવો. ૯૬.

## તારા ઉપજાવવાની રીત.

**गणयेत्स्वामिनक्षत्राद् यावदृक्षं गृहस्य च ॥**
**नवभिस्तु हरेद् भागं शेषं तारा प्रकीर्तिता ॥ ९७ ॥**
**शांता मनोहरा क्रूरा विजया च कुलोद्भवा ॥**
**पद्मिनी राक्षसी बाला चानंदा नवमी स्मृता ॥ ९८ ॥**

ઘરધણીના જન્મના નક્ષત્રથી ઘરના નક્ષત્ર સુધી ગણતાં જેટલા અંક આવે તેને નવે ભાગતાં જે શેષ રહે તે તારા સમજવી.

૧ શાંતા, ૨ મનોહરા, ૩ ક્રૂરા, ૪ વિજયા, ૫ કુલોદ્ભવા, ૬ પદ્મિની, ૭ રાક્ષસી, ૮ બાલા અને ૯ આનંદા; આ નવ તારાઓ છે. ૯૭, ૯૮.

**તારા જોવાનું ઉદાહરણ;–** ઘરધણીના નામનું નક્ષત્ર અનુરાધા છે અને ઘરનું નક્ષત્ર રેવતી છે. હવે અનુરાધાથી ગણતાં રેવતી સુધી ૧૧ અંક આવ્યા તેને ૯ ભાગતાં શેષ ૨ બે વધ્યા એટલે બીજી તારા મનોહરા આવી એમ સમજવું.

"Aho Shrutgyanam"

## શુભાશુભ તારા વિષે.

तारा: षट् च शुभाः प्रोक्ताः त्रिपंचसप्तवर्जिताः ॥
राक्षसीं कुलजां क्रूरां वर्जयेत् शुभकर्मसु ॥ ९९ ॥
जन्मतारा द्वितीया च षष्ठी चैव चतुर्थकी ॥
अष्टमी नवमी तारा षड् ताराश्च शुभावहाः ॥ १०० ॥
निर्धना सप्तमी तारा पंचमी हानिदायका ॥
तृतीया सर्वदा वर्ज्या तिस्रस्तारा विवर्जयेत् ॥ १०१ ॥

નવ તારાઓમાં ત્રીજી, પાંચમી અને સાતમી; એ ત્રણ તારાઓ છોડી બાકીની છ તારાઓને શુભ કહી છે. શુભ કાર્યોમાં રાક્ષસી, કુલોદ્ભવા અને ક્રૂરા; આ ત્રણ તારાઓ યત્નપૂર્વક વર્જવી. ૯૯.

શાંતા, મનોહરા, પદ્મિની, વિજયા, બાલા, વીરા અને આનંદા; આ છ તારાઓ કલ્યાણકારી છે. ૧૦૦.

સાતમી તારા રાક્ષસી ઘરધણીને દરિદ્રી બનાવે, પાંચમી કુલોદ્ભવા હાનિ કરે અને ત્રીજી ક્રૂરા તારા તો સર્વદા વર્જનીય છે. માટે યત્નથી આ ત્રણે તારાઓનો ત્યાગ કરવો. ૧૦૧.

## ક્ષેત્રની નાડી ઉપજાવવાની રીત.

त्रयनाड्यात्मकं चक्रं सर्पाकारस्वरूपकम् ॥
नवभागाङ्कितं कुर्यादश्विन्यादित्रिकं लिखेत् ॥१०२॥
एकनाडीस्थितं तस्मिन्नृक्षं चेद् वरकन्ययोः ॥
तेन मरणं विजानीयादंशतश्च स्थितं त्यजेत् ॥१०३॥
स्वामिसेवकमित्राणां गृहाणां गृहस्वामिनाम् ॥
राज्ञां तथा पुराणाश्च नाडीवेधः सुखावहः ॥१०४॥


ત્રણ નાડીની રેખાઓથી યુક્ત સર્પાકાર સ્વરૂપ નવ (૯) ભાગોના વાંકા આકારવાળું એક ચક્ર કરવું અને પછી ચક્રના એક ભાગમાં અનુક્રમે અશ્વિન્યાદિ ત્રણ ત્રણ નક્ષત્રોનું ત્રિક (જોડકું) લખવું અર્થાત્ સીધી પંક્તિમાં વેધવું. (આ પ્રમાણે નવ ભાગમાં સત્તાવીસ નક્ષત્રો આવી જશે). ૧૦૨.

આ પ્રમાણે બનાવેલા સર્પાકૃતિ ચક્રમાં વર અને કન્યાનું નક્ષત્ર એક નાડીમાં આવે તો વર કન્યાનું મૃત્યુ થાય તેથી નક્ષત્રોના અંશ અર્થાત્ ચરણ તજવા. ૧૦૩.

સ્વામી અને સેવક, મિત્ર મિત્ર, ગૃહ અને ગૃહસ્વામી, રાજા અને નગરોને એક નાડીમાં વેધ થાય તો સુખદાયક છે. ૧૦૪.

"Aho Shrutgyanam"

## सर्पाकार नाडीचक्र.



**સહેલી રીતે આદ્ય, મધ્ય અને અંત્ય સમજવાનું નાડીચક્ર.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| આદ્ય. | અશ્વિની. | આર્દ્રા. | પુનર્વસુ. | ઉત્તરા ફા. | હસ્ત. | જ્યેષ્ઠા. | મૂળ. | શતભિષા. | પૂર્વા ભાદ્રપદ. |
| મધ્ય. | ભરણી. | મૃગશિર. | પુષ્ય. | પૂર્વા ફાલ્ગુની. | ચિત્રા. | અનુરાધા. | પૂર્વાષાઢા. | ધનિષ્ઠા. | ઉત્તરા ભા. |
| અંત્ય. | કૃત્તિકા. | રોહિણી. | આશ્લેષા. | મઘા | સ્વાતિ. | વિશાખા. | ઉત્તરાષાઢા. | શ્રવણ. | રેવતી. |

"Aho Shrutgyanam"

## નક્ષત્રની રાશિ ઉપજાવવાની રીત.

**गृहक्षेत्रेषु यदृक्षं षष्टिघ्नं खशरोनितम् ॥**
**पंचत्रिंशत्शतैर्भक्ते शेषं वै मेषकादयः ॥१०५॥**

ક્ષેત્રનું જે નક્ષત્ર આવ્યું હોય તેના અંકને ૬૦ * સાઠે ગુણવા. તેમાંથી પચાસ (૫૦) બાદ કરી † (૧૩૫) એકસો પાંત્રીસે ભાગવા. શેષ જે વધે તેને (૧) એક ગણવો અને તે એકને ભાગાકારનો જે અંક આવે તેમાં ઉમેરતાં જેટલા અંક થાય તેટલામી રાશિ જાણવી. ૧૦૫.

## નક્ષત્રની રાશિ જાણવા વિષે.

**अश्विन्यादित्रयं मेषे सिंहे प्रोक्तं मघात्रयम् ॥**
**धने मूलत्रयं चापि शेषाणि नवराशिषु ॥१०६॥**

અશ્વિની, ભરણી અને કૃત્તિકા; આ ત્રણ નક્ષત્ર મેષ રાશિનાં, મઘા, પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની; આ ત્રણ સિંહ રાશિનાં તથા મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા; આ ત્રણ ધન રાશિનાં નક્ષત્રો જાણવાં. અને બાકીનાં (૧૮) અઢાર નક્ષત્રો નવ રાશિનાં જાણવાં અર્થાત્ રોહિણી અને મૃગશિર વૃષભ રાશિનાં, આર્દ્રા અને પુનર્વસુ મિથુન રાશિનાં, પુષ્ય અને આશ્લેષા કર્ક રાશિનાં તેમજ હસ્ત અને ચિત્રા કન્યા રાશિ, સ્વાતિ અને વિશાખા તુલા રાશિ, અનુરાધા અને જયેષ્ઠા વૃશ્ચિક રાશિ, શ્રવણ અને ધનિષ્ઠા મકર રાશિ, શતતારા અને પૂર્વાભાદ્રપદ કુંભ રાશિ તથા ઉત્તરાભાદ્રપદ અને રેવતી મીન રાશિનાં નક્ષત્ર જાણવાં. ૧૦૬.

**ઉદાહરણઃ–** ધારો કે ક્ષેત્રનું મૃગશિર નક્ષત્ર આવ્યું છે. અનુક્રમે અશ્વિની નક્ષત્રથી ગણતાં તે પાંચમું નક્ષત્ર થયું. નક્ષત્રના અંક (૫) ને રાત્રિદિવસની ઘડી (૬૦) ગુણવાથી (૩૦૦) થયા અને (૩૦૦) માંથી (૫૦) બાદ કરતાં (૨૫૦) બાકી રહ્યા. તેને (૧૩૫) ભાગવાથી શેષ * (૧૧૫) વધ્યા. તેનો (૧) અંક ગણી ભાગાકારના આવેલા અંક ૧ માં ઉમેરતાં (૨) બે થયા. એટલે બીજી રાશિ વૃષ આવી.

---

* ૬૦ ગુણવાનું કારણ દિવસ તથા રાત્રિ મળીને ૬૦ ઘડી થાય છે અને રાત્રિ દિવસનાં ચાર ચરણ થાય છે તેથી એક એક ચરણ પંદર ઘડીનું થાય. એવાં નવ ચરણનાં સવા બે નક્ષત્રની ૧ એક રાશિ થાય છે.

† એક ચરણની પંદર ઘડી થાય છે અને સવા બે નક્ષત્રનાં નવ ચરણ થાય છે. માટે પંદરને નવે ગુણવાથી ૧૩૫ થાય છે, તેથી એકસો પાંત્રીસે ભાગવામાં આવે છે.

* ભાગાકાર કરતાં શેષમાં ગમે તેટલા વધે તો પણ તેનો (૧) અંક ગણવો. પરંતુ શેષમાં જો (૩૪) વધે તો રાશિનો પહેલો પાયો, (૬૮) વધે તો બીજો અને (૧૦૨) વધે તો ત્રીજો પાયો સમજવો.

"Aho Shrutgyanam"

## રાશિ ચક્ર.

| નક્ષત્ર. | રાશિ. | નક્ષત્ર. | રાશિ. | નક્ષત્ર. | રાશિ. |
|---|---|---|---|---|---|
| અશ્વિની. | મેષ. | મઘા. | સિંહ. | મૂલ. | ધન. |
| ભરણી. | મેષ. | પૂર્વાફાલ્ગુની. | સિંહ. | પૂર્વાષાઢા. | ધન. |
| કૃત્તિકા. | મેષ. | ઉત્તરાફાલ્ગુની. | સિંહ. | ઉત્તરાષાઢા. | ધન. |
| રોહિણી. | વૃષ. | હસ્ત. | કન્યા. | શ્રવણ. | મકર. |
| મૃગશીર્ષ. | વૃષ. | ચિત્રા. | કન્યા. | ધનિષ્ઠા. | મકર. |
| આર્દ્રા. | મિથુન. | સ્વાતિ. | તુલા. | શતતારા. | કુંભ. |
| પુનર્વસુ. | મિથુન. | વિશાખા. | તુલા. | પૂર્વાભાદ્રપદ. | કુંભ. |
| પુષ્ય. | કર્ક. | અનુરાધા. | વૃશ્ચિક. | ઉત્તરાભાદ્રપદ. | મીન. |
| આશ્લેષા. | કર્ક. | જ્યેષ્ઠા. | વૃશ્ચિક. | રેવતી. | મીન. |

## રાશિનો ઇષ્ટ અનિષ્ટ ભાવ.

**सप्तमे चोत्तमा प्रीतिः ध्रुवं मृत्युः षडष्टके ॥**
**मध्यमा नवपंचस्थे पुष्टिर्दशाचतुर्थके ॥१०७॥**
**तृतीयैकादशे मैत्री द्वितीये द्वादशे रिपुः ॥**
**एवं च षड्विधं ज्ञेयमिष्टानिष्टं परस्परम् ॥१०८॥**

ઘરની રાશિથી ઘરના સ્વામીની રાશિ સાતમી આવે તો ઉત્તમ પ્રીતિ કરનારી થાય છે. છઠ્ઠી અથવા આઠમી આવે તો તે ખડાષ્ટક જાણવું અને તેવા ઘરમાં રહેનારનું મૃત્યુ થાય છે. નવમી અને પાંચમી રાશિ આવે તો તે મધ્યમ જાણવી. દશમી અને ચોથી રાશિ આવે તો તે પુષ્ટિકર્ત્તા છે, ત્રીજી અને અગિયારમી આવે તો મિત્રભાવ કરે તથા બીજી અને બારમી આવે તો શત્રુભાવ ઉત્પન્ન કરે છે; તેથી એક બીજી રાશિઓનો પરસ્પર ઇષ્ટાનિષ્ટ ભાવ સમજી ઘર અને દેવાલયોનાં કામો કરવાં. ૧૦૭, ૧૦૮.

"Aho Shrutgyanam"

## ઘર તથા ઘરના માલીકની રાશિ ख ઉપરથી ઇષ્ટ અનિષ્ટ જોવાનું કોષ્ટક.

क

| ઘરનાં નક્ષત્ર. | | | નામના અક્ષર. | અ લ ઈ | બ વ ઉ | ક છ ઘ | ડ હ | મ ટ | પ ઠ ણ | ર ત | ન ય | ભ ધ ફ ઢ | ખ જ | ગ સ | દ ચ ઝ થ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | રાશિ. | મેષ. | વૃષ. | મિથુન. | કર્ક. | સિંહ. | કન્યા. | તુલા. | વૃશ્ચિક. | ધન. | મકર. | કુંભ. | મીન. |
| અશ્વિની. | ભરણી. | કૃત્તિકા. | મેષ. | ઇષ્ટ. | દરિદ્ર. | શ્રેષ્ઠ. | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. | શ્રેષ્ઠ. | શ્રેષ્ઠ. | દરિદ્ર. |
| રોહિણી. | મૃગશીર્ષ. | | વૃષ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. |
| આર્દ્રા. | પુનર્વસુ. | | મિથુન. | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. | ,, |
| પુષ્ય. | આશ્લેષા. | | કર્ક. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. |
| મઘા. | પૂર્વા ફાલ્ગુની. | ઉત્તરાફાલ્ગુની | સિંહ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. |
| હસ્ત. | ચિત્રા. | | કન્યા. | મરણ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. |
| સ્વાતિ. | વિશાખા. | | તુલા. | પ્રીતિ. | મરણ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. |
| અનુરાધા. | જ્યેષ્ઠા. | | વૃશ્ચિક. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. |
| મૂલ. | પૂર્વાષાઢા. | ઉત્તરાષાઢા. | ધન. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. |
| શ્રવણ. | ધનિષ્ઠા. | | મકર. | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. | ,, |
| શતભિષા. | પૂર્વા ભાદ્રપદ. | | કુંભ. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. | દરિદ્ર. |
| ઉત્તરાભાદ્રપદ. | રેવતી. | | મીન. | દરિદ્ર. | ,, | શ્રેષ્ઠ. | કલેશ. | મરણ. | પ્રીતિ. | મરણ. | કલેશ. | ,, | શ્રેષ્ઠ. | દરિદ્ર. | ઇષ્ટ. |

ग

"Aho Shrutgyanam"

## કોષ્ટક સમજવાની રીત.

કોષ્ટકના 'ख' વાળા અંશમાં 'અ' આદિ લઈને બારે રાશિઓના અક્ષરો મૂકેલા છે. તેમાં ઘરધણીના નામનો પહેલો અક્ષર શોધી કાઢવો અને તે અક્ષરની નીચે તેની રાશિ જાણવી. 'क' વાળા અંશમાં નક્ષત્ર લખેલાં છે. તેમાં ઘરનું જે નક્ષત્ર આવ્યું હોય તે શોધી કાઢવું અને 'ग' વાળા અંશ તરફ નક્ષત્રની સીધી લાઇનમાં ઘરધણીની રાશિનો કોઠો જ્યાં આગળ મળતો હોય ત્યાંસુધી પહોંચવું અને તે કોઠામાં લખેલું તેનું ફળ સમજવું.

**ઉદાહરણઃ**–ધારો કે ઘરધણીનું નામ 'નાનાલાલ' છે અને એના નામનો પહેલો અક્ષર 'न' છે. 'ख' વાળા કોઠામાં જોતાં 'न'ની વૃશ્ચિક રાશિ આવી. સમજો કે ઘરનું નક્ષત્ર મૃગશિર છે. 'क' વાળા કોઠામાં જોતાં મૃગશિર નક્ષત્રની રાશિ વૃષ છે. હવે 'ग' વાળા કોઠામાં જોતાં બન્ને રાશિઓના કોઠા જ્યાં આગળ મળે છે ત્યાં ફળ 'प्रीति' લખેલું છે. એટલે તે શુભ જાણવું.

## બાર રાશિના સ્વામી.

**मेषवृश्चिकयोर्भौमः शुक्रो वृषतुलाधिपः ॥**
**कन्यामिथुनयोः सौम्यः प्रोक्तः कर्कस्य चंद्रमाः ॥१०९॥**
**सिंहस्याधिपतिः सूर्यो धनमीनाधिपो गुरुः ॥**
**शनिर्मकरकुंभस्य ह्येते राश्यधिपा मताः ॥११०॥**
**आत्मक्षेत्रे न बाधन्ते स्वस्था वै क्षेत्रपालकाः ॥**
**शत्रुगृहे प्रबाधन्ते विषमस्थानिका ग्रहाः ॥१११॥**

મેષ અને વૃશ્ચિકનો મંગળ, વૃષ અને તુલાનો શુક્ર, કન્યા અને મિથુનનો બુધ, કર્કનો ચંદ્રમા, સિંહનો સૂર્ય, ધન અને મીનનો ગુરૂ તથા મકર અને કુંભનો શનિ સ્વામી છે. આ સાત ગ્રહોને બાર રાશિના અને ક્ષેત્રના અધિપતિ દેવતાઓ જાણવા. બારે રાશિના સ્વામી ગ્રહો પોતાની રાશિમાં સ્વસ્થ રહી પીડા કરતા નથી; પરંતુ તેઓને વિષમ સ્થાન કરી શત્રુના સ્થાનમાં મુકવામાં આવે તો તે પીડા કરે છે. તેથી શત્રુ-મિત્રભાવ જોઈ ઘરોમાં યોજવા. ૧૦૯, ૧૧૦, ૧૧૧.

**मित्राणि कुजचन्द्रेज्याः शत्रू शनिसितौ रवेः ॥**
**मित्रे सूर्यबुधावेतौ रिपुः कोऽपि न शीतगोः ॥ ११२ ॥**
**जीवेन्दुरवयो भूमिसूनोर्मित्राणि विद्रिपुः ॥**
**सूर्यशुक्रौ हितौ शत्रुश्चन्द्रमा बोधनस्य तु ॥ ११३ ॥**

"Aho Shrutgyanam"

मित्राणि सूर्यभौमाब्जा विच्छुक्रौ त्वहितौ गुरोः ॥
मित्रे सौम्यशनी शत्रू भार्गवस्येन्दुभास्करौ ॥ ११४ ॥
सुहृदौ वित्सितौ सौरेः शत्रवोऽर्ककुजेन्दवः ॥
सर्वेषामेव खेटानामनुक्तास्ते समाः स्मृताः ॥ ११५ ॥

સૂર્યના મંગળ, ચંદ્રમા તથા ગુરૂ મિત્ર; શનિ, શુક્ર શત્રુ અને બુધ સમ છે. ચંદ્રના સૂર્ય, બુધ મિત્ર; શત્રુ કોઇ નથી અને મંગળ, ગુરૂ, શુક્ર, શનિ સમ છે. મંગળના ગુરૂ, ચંદ્ર, સૂર્ય મિત્ર; બુધ શત્રુ અને શુક્ર, શનિ સમ છે. બુધના સૂર્ય, શુક્ર મિત્ર; ચંદ્રમા શત્રુ અને ગુરૂ, શનિ, મંગળ સમ છે. ગુરૂના સૂર્ય, મંગળ, ચંદ્ર મિત્ર; બુધ, શુક્ર શત્રુ અને શનિ સમ છે. શુક્રના બુધ, શનિ મિત્ર; ચંદ્ર, સૂર્ય શત્રુ અને મંગળ, ગુરૂ સમ છે તથા શનિના બુધ, શુક્ર મિત્ર; સૂર્ય, મંગળ, ચંદ્ર શત્રુ અને ગુરૂ સમ છે. ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫.

## રાશિના સ્વામીઓનો મિત્રશત્રુભાવ જોવાનું કોષ્ટક.

| રાશિ. | સ્વામી. | મિત્રભાવ. | સમભાવ. | શત્રુભાવ. |
|---|---|---|---|---|
| સિંહ. | સૂર્ય. | ચંદ્ર, ગુરૂ, મંગળ. | બુધ. | શુક્ર, શનિ. |
| કર્ક. | ચંદ્ર. | સૂર્ય, બુધ. | ગુરૂ, શુક્ર, મંગળ, શનિ. | ૦ |
| મેષ, વૃશ્ચિક. | મંગળ. | સૂર્ય, ચંદ્ર, ગુરૂ. | શુક્ર, શનિ. | બુધ. |
| મિથુન, કન્યા. | બુધ. | સૂર્ય, શુક્ર. | મંગળ, ગુરૂ, શનિ. | ચંદ્ર. |
| ધન, મીન. | ગુરૂ. | સૂર્ય, ચંદ્ર, મંગળ. | શનિ. | બુધ, શુક્ર. |
| વૃષ, તુલા. | શુક્ર. | બુધ, શનિ. | મંગળ, ગુરૂ. | સૂર્ય, ચંદ્ર. |
| મકર, કુંભ. | શનિ. | બુધ, શુક્ર. | ગુરૂ. | સૂર્ય, ચંદ્ર, મંગળ. |

## ક્ષેત્રના નામાક્ષર ઉપજાવવા વિષે.

चतुर्भिर्गुणितं क्षेत्रं फलं षोडशभिर्भजेत् ॥
शेषं ध्रुवादिकं ज्ञेयं तन्नामानि यथाक्रमम् ॥ ११६ ॥

"Aho Shrutgyanam"

જે ક્ષેત્રફળ આવ્યું હોય તેને ચારે ગુણી (૧૬) સોળે ભાગતાં જે શેષ રહે તે ક્ષેત્રનાં ધ્રુવાદિ (૧૬) નામ જાણવાં. ૧૧૬.

## ઘરનાં ધ્રુવાદિ સોળ નામ.

ध्रुवं धान्यं जयं नंदं खरं कांतं मनोहरम् ॥
सुमुखं दुर्मुखं क्रूरं सुपक्षं धनदं क्षयम् ॥ ११७ ॥
आक्रंदं विपुलं चैव विजयं षोडशोत्तमम् ॥
कथितालिंदभेदेन ध्रुवादि नाम षोडश ॥ ११८ ॥

૧ ધ્રુવ, ૨ ધાન્ય, ૩ જય, ૪ નંદ, ૫ ખર, ૬ કાન્ત, ૭ મનોહર, ૮ સુમુખ, ૯ દુર્મુખ, ૧૦ ક્રૂર, ૧૧ સુપક્ષ, ૧૨ ધનદ, ૧૩ ક્ષય, ૧૪ આક્રંદ, ૧૫ વિપુલ, ૧૬ વિજય; આ ધ્રુવાદિ સોળ ઘરોનાં નામ છે અને તેઓના પોતાના નામ પ્રમાણે ગુણ દોષ છે. આ સોળે ઘરો અલિંદ (ઓસરી) ના ભેદે કરીને ધ્રુવાદિ નામો ધારણ કરે છે. *૧૧૭, ૧૧૮.

## અંશક ઉપજાવવાની રીત.

मूलराशौ व्ययं क्षिप्त्वा गृहनामाक्षराणि च ॥
त्रिभिरेव हरेद्भागं यच्छेषमंशकः स्मृतः ॥ ११९ ॥
इन्द्रो यमश्च राजा वै चांशकाः त्रय एव च ॥
त्रिप्रमाणं त्रिधोक्ताश्च ज्येष्ठमध्यकनिष्ठिकाः ॥ १२० ॥

ઘરની અથવા દેવાલયની મૂળ રાશિ (ક્ષેત્રફળ) ના અંકમાં આવેલા વ્યયનો તથા ઘર અથવા પ્રાસાદના નામના અક્ષરો ગણી તે અંક ઉમેરી ત્રણેનો સરવાળો કરી ત્રણે ભાગતાં જે શેષ વધે તે અંશક જાણવા. (૧) એક વધે તો 'ઇન્દ્રાંશક', (૨) બે વધે તો 'યમાંશક' અને (૩) ત્રણ વધે તો 'રાજાંશક' સમજવો. અંશકો પોતાના નામ પ્રમાણે ગુણો ધરાવે છે એટલે ઇન્દ્રાંશક ઉત્તમ, યમાંશક કનિષ્ઠ અને રાજાંશક મધ્યમ છે. ૧૧૯, ૧૨૦

## ઇન્દ્રાંશક આપવાનાં સ્થાન.

प्रासादे प्रतिमालिङ्गे जगतीपीठमंडपे ॥
वेद्यां कुंडे क्रतौ चैव इन्द्रध्वजपताकयोः ॥ १२१ ॥

---

* ગૃહના નામાક્ષર અલિંદ ભેદે તથા લઘુ ગુરૂ ભેદે પણ ઉપજાવાય છે. પરંતુ આ ગ્રંથ પ્રાસાદ સંબંધી વિશેષ હકીકત ધરાવતો હોવાથી તેનો વિસ્તાર કર્યો નથી. માટે અન્ય ગ્રંથમાં જોઇ લેવું.

"Aho Shrutgyanam"

**स्वर्गादिभोगयुक्तेषु नृत्यगीतमहोत्सवे ॥**
**अन्येषु शुभकार्येषु शुभ इन्द्रांशको मतः ॥ १२२ ॥**

પ્રાસાદ, પ્રતિમા, મહાદેવનું લિંગ, દેવાલયની જગતી (ઓટલો), પીઠિકા, મંડપ, વેદિ, કુંડ, યજ્ઞ, ઇન્દ્રધ્વજ, પતાકા, સ્વર્ગ સમાન સુખ ભોગવવાનાં સ્થાન, નૃત્યશાળા, ગીતશાળા, મહોત્સવ સ્થાન અને બીજાં શુભ કાર્યોમાં ઇન્દ્રાંશક આપવો શુભ છે. ૧૨૧, ૧૨૨.

### યમાંશક આપવાનાં સ્થાન.

**भैरवे क्षेत्रपाले च बाणागारे तथैव च ॥**
**ग्रहमातृगणादीनां संस्थानेषु तथैव हि ॥१२३॥**
**वणिक्कर्मविधौ चैव मद्यमांसादिकोद्भवे ॥**
**आयुधानां समस्तानां यमांशकं प्रदापयेत् ॥१२४॥**

ક્ષેત્રપાલ, ભૈરવ, બાણ ઇત્યાદિ શસ્ત્રાગારો, નવગ્રહ સ્થાન, દેવીઓનાં દેરાંઓ, દરેક પ્રકારની વહેપારી દુકાનો (હાટો), મદ્યમાંસાદિ વેચવાનાં તથા સમસ્ત આયુધો રાખવાનાં સ્થાનોમાં યમાંશક આપવો. ૧૨૩, ૧૨૪.

### રાજાંશક આપવાનાં સ્થાન.

**सिंहासने च शय्यायामश्वादिगजवाहने ॥**
**राज्योपस्करहर्म्येषु शुभो राजांशको मतः ॥१२५॥**

દેવતા તથા રાજાનાં સિંહાસન, શય્યા, અશ્વશાળા, ગજશાળા, રથાદિ વાહનો, રાજ્યની નાના પ્રકારની સામગ્રી રાખવાનાં સ્થાનો અને હવેલીઓમાં રાજાંશક આપવો શુભ મનાય છે. ૧૨૫.

### લગ્ન ઉપજાવવા વિષે.

**आयमृक्षं व्ययं तारामंशकं तु तथैव च ॥**
**तत्सर्वं भानुना भक्तं शेषं लग्नमुदीरितम् ॥१२६॥**

આય, નક્ષત્ર, વ્યય, તારા અને અંશક; એ પાંચના અંકોનો સરવાળો કરી (૧૨) બારે ભાગતાં જે શેષ રહે તે મેષાદિ ૧૨ રાશિલગ્ન જાણવાં. ૧૨૬.

"Aho Shrutgyanam"

## તિથિ ઉપજાવવા વિષે.

**आयमृक्षं व्ययं तारामंशकं तु तथैव च ॥**
**एकीकृत्य तु त्रिंशद्भिर्भक्तं शेषं तिथिर्भवेत् ॥ १२७ ॥**
**नंदाद्यास्तिथयो ज्ञेयाः स्वनामसदृशं फलम् ॥**
**नंदा च ब्राह्मणे प्रोक्ता भद्रा चैव हि क्षत्रिये ॥ १२८ ॥**
**वैश्यलोके जया ज्ञेया रिक्ता शूद्रे प्रदीयते ॥**
**शुभस्थानेषु सर्वेषु पूर्णां चैव नियोजयेत् ॥ १२९ ॥**

આય, નક્ષત્ર, વ્યય, તારા અને અંશકનો સરવાળો કરી તેને (૩૦) ત્રીસે ભાગતાં જે શેષ રહે તે તિથિ જાણવી (એટલે પંદરની અંદર રહે તો તેને શુક્લ પક્ષની તિથિ અને પંદરની ઉપરાંત શેષ રહે તો કૃષ્ણ પક્ષની તિથિ જાણવી). નંદાદિ તિથિઓ પોતાના નામ પ્રમાણે ફળ આપનારી છે. બ્રાહ્મણોને નંદા, ક્ષત્રિયોને ભદ્રા, વૈશ્ય લોકને જયા અને શૂદ્રોને રિક્તા તિથિ આપવી સારી છે. પૂર્ણા તિથિ સર્વ પ્રકારનાં શુભ સ્થાનોમાં યોજવાથી પૂર્ણ સુખ આપનારી છે. ૧૨૭, ૧૨૮, ૧૨૯.

### નંદાદિ તિથિઓનું કોષ્ટક.

| જાતિ. | તિથિ. | તિથિનો અંક. | | |
|---|---|---|---|---|
| બ્રાહ્મણ. | નંદા. | ૧ | ૬ | ૧૧ |
| ક્ષત્રિય. | ભદ્રા. | ૨ | ૭ | ૧૨ |
| વૈશ્ય. | જયા. | ૩ | ૮ | ૧૩ |
| શૂદ્ર. | રિક્તા. | ૪ | ૯ | ૧૪ |
| શુભ સ્થાન. | પૂર્ણા. | ૫ | ૧૦ | ૧૫ |

## વાર ઉપજાવવા વિષે.

**क्षेत्रं रुद्रगुणं कृत्वा सप्तभिर्भागमाहरेत् ॥**
**शेषं रव्यादयो वारा रविभौमौ विवर्जितौ ॥ १३० ॥**

ક્ષેત્રફળને (૧૧) અગિયારે ગુણી (૭) સાતે ભાગતાં જે શેષ વધે તે અનુક્રમે રવિ આદિ વારો જાણવા. એમાં રવિવાર અને મંગળવાર તજવા. ૧૩૦.

"Aho Shrutgyanam"

## કરણ ઉપજાવવા વિષે.

**क्षेत्रं नंदगुणं कृत्वा रुद्रैश्च भागमाहरेत् ॥**
**करणं जायते शेषं बवादीनि विलोकयेत् ॥ १२१ ॥**

ક્ષેત્રફળને નવે ગુણી અગિયારે ભાગતાં જે શેષ વધે તે બવાદિ કરણો જાણવાં. ૧૩૧.

( ૧ બવ, ૨ બાલવ, ૩ કૌલવ, ૪ તૈતિલ, ૫ ગર, ૬ વણિજ, ૭ વિષ્ટિ, ૮ શકુનિ, ૯ ચતુષ્પદ, ૧૦ નાગ, ૧૧ કિસ્તુઘ્ન; આ અગિયાર કરણોનાં નામ છે. પરંતુ મુખ્ય કરણો સાત છે અને ચાર સ્થિર કરણો મળી કુલ ૧૧ અગિયાર કરણો થાય છે).

## યોગ ઉપજાવવા વિષે.

**क्षेत्रं विश्वगुणं कृत्वा सप्तविंशतिभाजिते ॥**
**यच्छेषं जायते योगो विष्कुंभादिर्विनिर्दिशेत् ॥ १३२ ॥**

ક્ષેત્રની મૂળ રાશિના અંકને ૧૩ ગુણી ૨૭ ભાગતાં જે શેષ વધે તે વિષ્કુંભાદિ યોગ જાણવા. ૧૩૨.

### યોગનાં નામ.

| અંક. | નામ. | અંક. | નામ. | અંક. | નામ. |
|---|---|---|---|---|---|
| ૧ | વિષ્કુંભ. | ૧૦ | ગંજ. | ૧૯ | પરિઘ. |
| ૨ | પ્રીતિ. | ૧૧ | વૃદ્ધિ. | ૨૦ | શિવ. |
| ૩ | આયુષ્માન. | ૧૨ | ધ્રુવ. | ૨૧ | સિદ્ધ. |
| ૪ | સૌભાગ્ય. | ૧૩ | વ્યાઘાત. | ૨૨ | સાધ્ય. |
| ૫ | શોભન. | ૧૪ | હર્ષણ. | ૨૩ | શુભ. |
| ૬ | અતિગંજ. | ૧૫ | વજ્ર. | ૨૪ | શુક્લ. |
| ૭ | સુકર્મા. | ૧૬ | સિદ્ધિ. | ૨૫ | બ્રાહ્મ. |
| ૮ | ધૃતિ. | ૧૭ | વ્યતિપાત. | ૨૬ | ઐન્દ્ર. |
| ૯ | શૂલ. | ૧૮ | વરિયાણ. | ૨૭ | વૈધૃતિ. |

**નોંધ:**–યોગના નામ પ્રમાણે શુભાશુભ ફળ જાણવું.

"Aho Shrutgyanam"

## વર્ગ ઉપજાવવા વિષે.

### उपजातिवृत्तम् ।

दैर्घ्यं पृथुत्वेन च ताडनीयं ।
तयोर्यदैक्यं पुनरुच्छ्रयेण ॥
शेषोऽधिनाथो वसुभाजितेऽस्मिन् ।
समः प्रशस्तो विषमस्तु नैव ॥ १३३ ॥

### वसन्ततिलका ।

वर्गाष्टकस्य पतयो गरुडो बिडालः ।
सिंहस्तथैव शुनकोरगमूषकैणाः ॥
मेषक्रमेण गदिताः खलु पूर्वतोऽपि ।
यः पंचमः स रिपुरेव बुधैर्विवर्ज्यः ॥ १३४ ॥

ક્ષેત્રની લંબાઇને પહોળાઇની સાથે ગુણવી. તે બન્નેના ગુણાકારનો જે અંક આવે તેને ઘરની અથવા પ્રાસાદની ઉંચાઇ સાથે મેળવી સરવાળો કરતાં જે અંક આવે × તેને ૮ આઠે ભાગતાં શેષ જે રહે તે અધિપતિવર્ગ જાણવો. વર્ગમાં સમ સંખ્યાવાળા એટલે બીજો, ચોથો, છઠ્ઠો, આઠમો; એ ચાર વર્ગ શુભ છે અને વિષમ સંખ્યાવાળા એટલે પહેલો, ત્રીજો, પાંચમો અને સાતમો; એ ચાર અશુભ છે. ૧૩૩.

આઠ વર્ગોના અધિપતિ નીચે પ્રમાણે છેઃ– પહેલા વર્ગનો ગરૂડ, બીજા વર્ગનો બિલાડો, ત્રીજા વર્ગનો સિંહ, ચોથા વર્ગનો શ્વાન, પાંચમા વર્ગનો સર્પ, છઠ્ઠા વર્ગનો મૂષક, સાતમા વર્ગનો મૃગ અને આઠમા વર્ગનો મેષ; આ પ્રમાણે આઠ વર્ગો પૂર્વાદિ દિશાઓ અને અગ્નિ આદિ કોણુના સ્વામી છે. આ આઠ વર્ગોમાં પાંચમો વર્ગ શત્રુ છે, માટે સુજ્ઞ શિલ્પિઓએ તેને વર્જવો. સૂત્રધારે ગૃહ અને ગૃહસ્વામીના વર્ગ સાથે પરસ્પર વર્ગવૈર તજી વર્ગો આપવા તે શ્રેષ્ઠ છે. ૧૩૪.

## તત્વ ઉપજાવવા વિષે.

गुणयेदष्टभिः क्षेत्रं फलं षष्टिविभाजितम् ॥
लब्धं दशगुणं जीवेच्छेषं भूतसमाहृतम् ॥ १३५ ॥

ક્ષેત્રફળને આઠે ગુણી સાઠે ભાગવું અને ભાગાકારનો જે અંક આવે તેને દશે ગુણવા. ગુણાકાર કરતાં જેટલા અંક આવે તેટલાં વર્ષ ઘરનું આયુષ્ય જાણવું.

"Aho Shrutgyanam"

## મનુષ્યના નામાક્ષર ઉપરથી વર્ગ લાવવાનું કોષ્ટક.

| અંક. | નામના પહેલા અક્ષરો. | વર્ગ. | વૈરભાવ. |
|---|---|---|---|
| ૧ | અ, ઈ, ઉ, એ. | ગરૂડ. | સર્પને. |
| ૨ | ક, ખ, ગ, ઘ, ઙ. | બિલાડો. | મૂષકને. |
| ૩ | ચ, છ, જ, ઝ, ઞ. | સિંહ. | મૃગને. |
| ૪ | ટ, ઠ, ડ, ઢ, ણ. | શ્વાન | બિલાડાને. |
| ૫ | ત, થ, દ, ધ, ન. | સર્પ. | ગરૂડને. |
| ૬ | પ, ફ, બ, ભ, મ. | મૂષક. | બિલાડાને. |
| ૭ | ય, ર, લ, વ. | મૃગ. | સિંહને. |
| ૮ | શ, ષ, સ, હ. | મેષ. | મેષને. |

અને ક્ષેત્રફળને આઠે ગુણી (૬૦) સાઠે ભાગતાં શેષ જે અંક રહે તેને (૫) પાંચે ભાગતાં જે બાકી શેષ રહે તેને પૃથ્વી આદિ ઘરનાં તત્વ જાણવાં. ૧૩૫.

### પાંચ તત્વનાં નામ અને ફળ.

**पृथिव्यापस्तथा तेजो वायुराकाशमेव च ॥**
**पंच तत्वानि जानीयादंतकाले प्रभेदने ॥ १३६ ॥**

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ; એ પાંચ તત્વો છે. અને જે તત્વ ઘરનું આવ્યું હોય તે તત્વથી ઘરનો વિનાશ જાણવો. ૧૩૬.

### ઘર અને પ્રાસાદના આયુષ્ય વિષે.

**फलं नागगुणं षष्ट्या हृतं लब्धं फलं भवेत् ॥**
**मृन्मये शर्करा युक्ते गृहे जीवः सुनिश्चलः ॥ १३७ ॥**

ક્ષેત્રફળને આઠે ગુણી સાઠે ભાગતાં જે શેષ અંક રહે તેટલાં વર્ષ માટી અને કાંકરીનાં બનાવેલાં ઘરોનું આયુષ્ય નિશ્ચયપૂર્વક જાણવું. ૧૩૭.

**दशगुणं भवेदायुरिष्टिकामृत्सुधामये ॥**
**चूर्णपाषाणजे त्रिंशद्गुणश्च स्थितिरुत्तमा ॥ १३८ ॥**

"Aho Shrutgyanam"

ક્ષેત્રફળને આઠે ગુણી સાઠે ભાગતાં આવેલા ફળને દશગણું કરવાથી જે અંક આવે તેટલાં વર્ષનું ઇંટ, માટી અને ચુનાથી બનાવેલાં ઘર અથવા પ્રાસાદનું આયુષ્ય જાણવું. તે ફળને ત્રીસગણું કરવાથી જે અંક આવે તેટલું ચુના અને પત્થરોથી બનાવેલાં ઘર અથવા પ્રાસાદોનું આયુષ્ય જાણવું. આ ફળમાં પ્રાસાદોની સ્થિતિ ઉત્તમ છે. ૧૩૮.

**नवतिघ्ने फले नागैर्युक्ते पाषाणजे गृहे ॥**
**धातुजे भवने खाद्रिलोचनघ्ने फले भवेत् ॥ १३९ ॥**

ઉપર કહેલા ફળને '૯૦' ગણું કરવાથી કાંસા, પત્થરો અને ચુનાથી બનાવેલા પ્રાસાદોનું આયુષ્ય જાણવું તથા તે ફળને '૩૭૦' ગણું કરતાં જે અંક આવે તેટલાં વર્ષની સોના, ચાંદી આદિ ધાતુનિર્મિત પ્રાસાદોની આવરદા જાણવી. ૧૩૯.

## આયાદિ અંગો મેળવવા વિષે.

**द्विभिः श्रेष्ठं त्रिभिः श्रेष्ठं पंचभिः सर्वमुत्तमम् ॥**
**सप्तभिः सर्वकल्याणं नवभिः सर्वसंपदः ॥ १४० ॥**

સર્વ પ્રકારનાં ઘરો અને પ્રાસાદો કરવામાં આય તથા નક્ષત્ર એ બે અંગો મળે તો પણ શ્રેષ્ઠ છે તેમજ ત્રણ કે પાંચ અંગ મળે તો પણ સર્વોત્તમ છે અને સાત અંગ મળે તો કલ્યાણકારક સમજવાં તથા નવ અંગ મળે તો સર્વ સંપત્તિ આપનારાં છે. ૧૪૦.

**अल्पदोषं गुणश्रेष्ठं दोषायतं न तद्गृहम् ॥**
**आयव्ययौ प्रयत्नेन विरुद्धश्च विवर्जयेत् ॥ १४१ ॥**

સર્વ પ્રકારનાં ઘરો તથા પ્રાસાદો બનાવવામાં જો દોષ થોડો આવતો હોય અને ગુણ વધારે આવતો હોય તો તે ગૃહ દોષકારક ગણાય નહિ, તો પણ પ્રયત્નથી આયવ્યય મેળવવા અને વિરૂદ્ધ અંગોનો ત્યાગ કરવો. ૧૪૧.

**अल्पदोषार्धमाधिक्यं प्रासादमठमंदिरम् ॥**
**लिङ्गं वा प्रतिमा चैव न तद् दोषकरं भवेत् ॥ १४२ ॥**

પ્રાસાદ, મઠ, મંદિર, લિંગ અને પ્રતિમા; એ બધાં જો અલ્પ દોષથી અર્ધ ગુણાધિક્ય હોય તો પણ દોષકારક થતાં નથી. ૧૪૨.

"Aho Shrutgyanam"

## નક્ષત્ર, ગણ, ચંદ્રાદિ જોવાનું કોષ્ટક.

| નક્ષત્ર અંક. | મૂળ રાશિ. | નક્ષત્રનાં નામ. | ગણ. | ચંદ્રની દિશા. | વ્યય. | નાડી. | રાશિ. | રાશિના સ્વામી. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૭ | અશ્વિની. | દેવ. | ઉત્તર. | શાન્ત. | આદ્ય. | મેષ. | મંગળ. |
| ૨ | ૭ | ભરણી. | મનુષ્ય. | ઉત્તર. | પૌર. | મધ્ય. | મેષ. | મંગળ. |
| ૩ | ૨૪ | કૃત્તિકા. | રાક્ષસ. | પૂર્વ. | પ્રદ્યોત. | અંત્ય. | મેષ. | મંગળ. |
| ૪ | ૧૪ | રોહિણી. | મનુષ્ય. | પૂર્વ. | શ્રિયાનંદ. | અંત્ય. | વૃષ. | શુક્ર. |
| ૫ | ૪ | મૃગશિર. | દેવ. | પૂર્વ. | મનોહર. | મધ્ય. | વૃષ. | શુક્ર. |
| ૬ | ૨૧ | આર્દ્રા. | મનુષ્ય. | પૂર્વ. | શ્રીવત્સ. | આદ્ય. | મિથુન. | બુધ. |
| ૭ | ૧૬ | પુનર્વસુ. | દેવ. | પૂર્વ. | વિભવ. | આદ્ય. | મિથુન. | બુધ. |
| ૮ | ૬ | પુષ્ય. | દેવ. | પૂર્વ. | ચિંતાત્મક. | મધ્ય. | કર્ક. | ચંદ્ર. |
| ૯ | ૧૮ | આશ્લેષા. | રાક્ષસ. | પૂર્વ. | શાન્ત. | અંત્ય. | કર્ક. | ચંદ્ર. |
| ૧૦ | ૮ | મઘા. | રાક્ષસ. | દક્ષિણ. | પૌર. | અંત્ય. | સિંહ. | સૂર્ય. |
| ૧૧ | ૨૫ | પૂર્વા ફાલ્ગુની. | મનુષ્ય. | દક્ષિણ. | પ્રદ્યોત. | મધ્ય. | સિંહ. | સૂર્ય. |
| ૧૨ | ૧૫ | ઉત્તરા ફાલ્ગુની. | મનુષ્ય. | દક્ષિણ. | શ્રિયાનંદ. | આદ્ય. | સિંહ. | સૂર્ય. |
| ૧૩ | ૫ | હસ્ત. | દેવ. | દક્ષિણ. | મનોહર. | આદ્ય. | કન્યા. | બુધ. |
| ૧૪ | ૨૨ | ચિત્રા. | રાક્ષસ. | દક્ષિણ. | શ્રીવત્સ. | મધ્ય. | કન્યા. | બુધ. |
| ૧૫ | ૧૨ | સ્વાતિ. | દેવ. | દક્ષિણ. | વિભવ. | અંત્ય. | તુલા. | શુક્ર. |
| ૧૬ | ૨ | વિશાખા. | રાક્ષસ. | દક્ષિણ. | ચિંતાત્મક. | અંત્ય. | તુલા. | શુક્ર. |
| ૧૭ | ૧૯ | અનુરાધા. | દેવ. | પશ્ચિમ. | શાન્ત. | મધ્ય. | વૃશ્ચિક. | મંગળ. |
| ૧૮ | ૯ | જ્યેષ્ઠા. | રાક્ષસ. | પશ્ચિમ. | પૌર. | આદ્ય. | વૃશ્ચિક. | મંગળ. |
| ૧૯ | ૨૬ | મૂળ. | રાક્ષસ. | પશ્ચિમ. | પ્રદ્યોત. | આદ્ય. | ધન. | ગુરૂ. |
| ૨૦ | ૧૬ | પૂર્વાષાઢા. | મનુષ્ય. | પશ્ચિમ. | શ્રિયાનંદ. | મધ્ય. | ધન. | ગુરૂ. |
| ૨૧ | ૬ | ઉત્તરાષાઢા. | મનુષ્ય. | પશ્ચિમ. | મનોહર. | અંત્ય. | ધન. | ગુરૂ. |
| ૨૨ | ૨૩ | શ્રવણ. | દેવ. | પશ્ચિમ. | શ્રીવત્સ. | અંત્ય. | મકર. | શનિ. |
| ૨૩ | ૧૩ | ધનિષ્ઠા. | રાક્ષસ. | પશ્ચિમ. | વિભવ. | મધ્ય. | મકર. | શનિ. |
| ૨૪ | ૩ | શતભિષા | રાક્ષસ. | ઉત્તર. | ચિંતાત્મક. | આદ્ય. | કુંભ. | શનિ. |
| ૨૫ | ૨૦ | પૂર્વા ભાદ્રપદ. | મનુષ્ય. | ઉત્તર. | શાન્ત. | આદ્ય. | કુંભ. | શનિ. |
| ૨૬ | ૧૦ | ઉત્તરા ભાદ્રપદ. | મનુષ્ય. | ઉત્તર. | પૌર. | મધ્ય. | મીન. | ગુરૂ. |
| ૨૭ | ૨૭ | રેવતી. | દેવ. | ઉત્તર. | પ્રદ્યોત. | અંત્ય. | મીન. | ગુરૂ. |

"Aho Shrutgyanam"

# સમચોરસ ક્ષેત્રની મૂળ રાશિ તથા નક્ષત્રનું કોષ્ટક.

| માપ. ગ. ઇં. | મુળ રાશિ. | નક્ષત્ર. | માપ. ગ. ઇં. | મુળ રાશિ. | નક્ષત્ર. | માપ. ગ. ઇં. | મુળ રાશિ. | નક્ષત્ર. | માપ. ગ. ઇં. | મુળ રાશિ. | નક્ષત્ર. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦-૧ | ૧ | પુષ્ય | ૨-૧૧ | ૨૫ | પૂ. ફા. | ૪-૨૧ | ૨૭ | રેવતી. | ૭-૭ | ૭ | ભરણી. |
| ૦-૩ | ૯ | જ્યેષ્ઠા. | ૨-૧૩ | ૨૨ | ચિત્રા. | ૪-૨૩ | ૧૩ | ધનિષ્ઠા. | ૭-૯ | ૯ | જ્યેષ્ઠા. |
| ૦-૫ | ૨૫ | પૂર્વા ફા. | ૨-૧૫ | ૨૭ | રેવતી. | ૫-૧ | ૭ | ભરણી. | ૭-૧૧ | ૧૯ | અનુરાધા. |
| ૦-૭ | ૨૨ | ચિત્રા. | ૨-૧૭ | ૧૩ | ધનિષ્ઠા. | ૫-૩ | ૯ | જ્યેષ્ઠા. | ૭-૧૩ | ૧૦ | ઉત્તરા ભા. |
| ૦-૯ | ૨૭ | રેવતી. | ૨-૧૯ | ૭ | ભરણી. | ૫-૫ | ૧૯ | અનુરાધા. | ૭-૧૫ | ૯ | જ્યેષ્ઠા. |
| ૦-૧૧ | ૧૩ | ધનિષ્ઠા. | ૨-૨૧ | ૯ | જ્યેષ્ઠા. | ૫-૭ | ૧૦ | ઉત્તરા ભા. | ૭-૧૭ | ૧૬ | પૂર્વાષાઢા. |
| ૦-૧૩ | ૭ | ભરણી. | ૨-૨૩ | ૧૯ | અનુરાધા. | ૫-૯ | ૯ | જ્યેષ્ઠા. | ૭-૧૯ | ૪ | મૃગશિર. |
| ૦-૧૫ | ૯ | જ્યેષ્ઠા. | ૩-૧ | ૧૦ | ઉત્તરા ભા. | ૫-૧૧ | ૧૬ | પૂર્વાષાઢા. | ૭-૨૧ | ૨૭ | રેવતી. |
| ૦-૧૭ | ૧૯ | અનુરાધા. | ૩-૩ | ૯ | જ્યેષ્ઠા. | ૫-૧૩ | ૪ | મૃગશિર. | ૭-૨૩ | ૪ | મૃગશિર. |
| ૦-૧૯ | ૧૦ | ઉત્તરા ભા. | ૩-૫ | ૧૬ | પૂર્વાષાઢા. | ૫-૧૫ | ૨૭ | રેવતી. | ૮-૧ | ૧૬ | પૂર્વાષાઢા. |
| ૦-૨૧ | ૯ | જ્યેષ્ઠા. | ૩-૭ | ૪ | મૃગશિર. | ૫-૧૭ | ૪ | મૃગશિર. | ૮-૩ | ૯ | જ્યેષ્ઠા. |
| ૦-૨૩ | ૧૬ | પૂર્વાષાઢા. | ૩-૯ | ૨૭ | રેવતી. | ૫-૧૯ | ૧૬ | પૂર્વાષાઢા. | ૮-૫ | ૧૦ | ઉત્તરા ભા. |
| ૧-૧ | ૪ | મૃગશિર. | ૩-૧૧ | ૪ | મૃગશિર. | ૫-૨૧ | ૯ | જ્યેષ્ઠા. | ૮-૭ | ૧૯ | અનુરાધા. |
| ૧-૩ | ૨૭ | રેવતી. | ૩-૧૩ | ૧૬ | પૂર્વાષાઢા. | ૫-૨૩ | ૧૦ | ઉત્તરા ભા. | ૮-૯ | ૯ | જ્યેષ્ઠા. |
| ૧-૫ | ૪ | મૃગશિર. | ૩-૧૫ | ૯ | જ્યેષ્ઠા. | ૬-૧ | ૧૯ | અનુરાધા. | ૮-૧૧ | ૭ | ભરણી. |
| ૧-૭ | ૧૬ | પૂર્વાષાઢા. | ૩-૧૭ | ૧૦ | ઉત્તરા ભા. | ૬-૩ | ૯ | જ્યેષ્ઠા. | ૮-૧૩ | ૧૩ | ધનિષ્ઠા. |
| ૧-૯ | ૯ | જ્યેષ્ઠા. | ૩-૧૯ | ૧૯ | અનુરાધા. | ૬-૫ | ૭ | ભરણી. | ૮-૧૫ | ૨૭ | રેવતી. |
| ૧-૧૧ | ૧૦ | ઉત્તરા ભા. | ૩-૨૧ | ૯ | જ્યેષ્ઠા. | ૬-૭ | ૧૩ | ધનિષ્ઠા. | ૮-૧૭ | ૨૨ | ચિત્રા. |
| ૧-૧૩ | ૧૯ | અનુરાધા. | ૩-૨૩ | ૭ | ભરણી. | ૬-૯ | ૨૭ | રેવતી. | ૮-૧૯ | ૨૫ | પૂર્વા ફા. |
| ૧-૧૫ | ૯ | જ્યેષ્ઠા. | ૪-૧ | ૧૩ | ધનિષ્ઠા. | ૬-૧૧ | ૨૨ | ચિત્રા. | ૮-૨૧ | ૯ | જ્યેષ્ઠા. |
| ૧-૧૭ | ૭ | ભરણી. | ૪-૩ | ૨૭ | રેવતી. | ૬-૧૩ | ૨૫ | પૂર્વા ફા. | ૮-૨૩ | ૧ | પુષ્ય. |
| ૧-૧૯ | ૧૩ | ધનિષ્ઠા. | ૪-૫ | ૨૨ | ચિત્રા. | ૬-૧૫ | ૯ | જ્યેષ્ઠા. | ૯-૧ | ૧ | પુષ્ય. |
| ૧-૨૧ | ૨૭ | રેવતી. | ૪-૭ | ૨૫ | પૂર્વા ફા. | ૬-૧૭ | ૧ | પુષ્ય. | ૯-૩ | ૯ | જ્યેષ્ઠા. |
| ૧-૨૩ | ૨૨ | ચિત્રા. | ૪-૯ | ૯ | જ્યેષ્ઠા. | ૬-૧૯ | ૧ | પુષ્ય. | ૯-૫ | ૨૫ | પૂર્વા ફા. |
| ૨-૧ | ૨૫ | પૂર્વા ફા. | ૪-૧૧ | ૧ | પુષ્ય. | ૬-૨૧ | ૯ | જ્યેષ્ઠા. | ૯-૭ | ૨૨ | ચિત્રા. |
| ૨-૩ | ૯ | જ્યેષ્ઠા. | ૪-૧૩ | ૧ | પુષ્ય. | ૬-૨૩ | ૨૫ | પૂર્વા ફા. | ૯-૯ | ૨૭ | રેવતી. |
| ૨-૫ | ૧ | પુષ્ય. | ૪-૧૫ | ૯ | જ્યેષ્ઠા. | ૭-૧ | ૨૨ | ચિત્રા. | ૯-૧૧ | ૧૩ | ધનિષ્ઠા. |
| ૨-૭ | ૧ | પુષ્ય. | ૪-૧૭ | ૨૫ | પર્વા ફા. | ૭-૩ | ૨૭ | રેવતી. | ૯-૧૩ | ૭ | ભરણી. |
| ૨-૯ | ૯ | જ્યેષ્ઠા. | ૪-૧૯ | ૨૨ | ચિત્રા. | ૭-૫ | ૧૩ | ધનિષ્ઠા. | ૯-૧૫ | ૯ | જ્યેષ્ઠા. |

"Aho Shrutgyanam"

सूत्रधारेण यच्छुद्धं कृतं यत्स्थानसाधनम् ॥
तत्स्थानं सर्वजन्तूनां सुखदं स्यान्न संशयः ॥ १४३ ॥

इतिश्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे आयाद्येकविंशत्यंगलक्षणाधिकारे प्रथमं रत्नं समाप्तम् ।

સૂત્રધારે જે સ્થાનની સાધના સર્વ પ્રકારે શુદ્ધ કરી હોય તે સ્થાન સર્વ પ્રાણિઓને સુખદાયી થાય છે, એમાં લેશ પણ સંશય નથી. ૧૪૩.

ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ
સોમપુરારચિત શિલ્પ રત્નાકર નામના ગ્રંથનું
આયાદિ એકવીસ અંગ લક્ષણાધિકારનું
પહેલું રત્ન સંપૂર્ણ.

"Aho Shrutgyanam"

# द्वितीयं रत्नम् ।

## अथ प्रासादोत्पत्तिप्रासादरचनालक्षणाधिकारः ।

भारते वै महापुण्ये हिमवांश्च महागिरिः ॥
तस्यान्तिके महत्पुण्यं रम्यं दारुवनोत्तमम् ॥ १ ॥
तस्मिन् दारुवने दिव्ये सुरासुरनरोरगाः ॥
शक्राद्याश्च सुराः सर्वे वासुक्याद्याश्च पन्नगाः ॥ २ ॥
कुबेराद्यास्तथा यक्षा गंधर्वास्तुंबरादयः ॥
क्षत्रियाः सूर्यवंशीयाः सोमवंशप्रसूतयः ॥ ३ ॥
विद्याधरास्तथा सर्वे दीक्षिताश्च शिवार्चने ॥
नानामहोत्सवान् कृत्वा पूजितो जगदीश्वरः ॥ ४ ॥

### અથ પ્રાસાદોત્પત્તિ પ્રકરણ.

મહાપુણ્યશાળી ભારતવર્ષમાં હિમાલય નામે મહાન્ પર્વતરાજ છે. તેની નજીકમાં પવિત્ર તથા સુંદર દારૂવન આવેલું છે. તે દિવ્ય દારૂવનમાં ઇંદ્રાદિ સર્વ દેવો, વાસુકિ આદિ સર્પો, કુબેરાદિયક્ષો, તુંબરૂ આદિ ગંધર્વો, સૂર્યવંશી તથા ચંદ્રવંશી ક્ષત્રિયો અને વિદ્યાધરો વિગેરે સર્વ દેવો, અસુરો, સર્પો અને મનુષ્યો કલ્યાણસ્વરૂપ ભગવાન્ શિવની પૂજા–અર્ચના સારૂ ભેગા થયા અને યજ્ઞ મહોત્સવની દીક્ષા લઇ તેઓએ અનેકવિધ મહોત્સવો કરી યથાવિધિ જગદીશ્વરની પૂજા કરી. ૧, ૨, ૩, ૪.

सुरासुरनराद्यैश्च नंदादितिथिपञ्चसु ॥
विविधाकारसंयुक्तान् नानारूपान् विलक्षणान् ॥ ५ ॥
वैराज्यादीन् तथा पञ्च पञ्च कृत्वा च मण्डपान् ॥
विविधैस्स्तोत्रगीतैश्च तोषितो जगदीश्वरः ॥ ६ ॥

દેવ, દૈત્ય અને મનુષ્યાદિના એકત્રિત થએલા સમાજે અનુક્રમે નંદાદિ પાંચ તિથિઓમાં વિવિધ આકૃતિઓ તથા નાના પ્રકારનાં સ્વરૂપોથી યુક્ત વિલક્ષણ વૈરાજ્યાદિ પાંચ પાંચ યજ્ઞ મંડપો રચી વિવિધ પ્રકારનાં સ્તોત્રો અને ગીતોથી જગદીશ્વરને સંતુષ્ટ કર્યા. ૫, ૬.



"Aho Shrutgyanam"

ततस्तुष्टश्च पूजाभिर्दयालुर्जगदीश्वरः ॥
उक्तवाँश्च वरं ब्रूहि यत्स्यान्मनसि चिन्तितम् ॥ ७ ॥
ददामि त्वां तथा ब्रह्मन् सुरार्थं वक्तुमर्हसि ॥
तच्छ्रुत्वा च विधिः प्राह देवानां हितकाम्यया ॥ ८ ॥
यदि तुष्टोऽसि देवेश प्रार्थये त्रिदशाधिप ॥
येन येन कृता पूजा प्रकुर्याच्च शिवालयम् ॥ ९ ॥

ત્યારપછી વિવિધ પ્રકારની પૂજાઓથી સંતુષ્ટ થએલા દયાળુ જગદીશ્વરે કહ્યું. " તમારા મનમાં જે અભિલાષા હોય તે વર માગો; અને હે બ્રહ્મદેવ ! તમે જે માગશો તે હું તમને આપીશ. માટે દેવોના હિતાર્થે તમારે જે કહેવાનું હોય તે કહેવાને તમે યોગ્ય છો." પરમાત્માનું આ વચન સાંભળી દેવતાઓની હિતકામનાથી બ્રહ્મદેવે કહ્યું. "હે દેવાધિદેવ ! જો તમો અમારી પૂજાથી પ્રસન્ન થયા હો તો " જેમણે જેવા જેવા સ્વરૂપાકારવાળા યજ્ઞમંડપો કરી તમારૂં પૂજન કર્યું છે તેઓ તેવા તેવા સ્વરૂપાકારવાળાં શિવાલયો બનાવી તમારી પૂજા કરે. " એ વર આપવાની કૃપા કરો." ૭, ૮, ૯.

भवप्रसादहृष्टेश्च पूजाप्रासादसंज्ञिकाः ॥
वैराज्याद्याः समुत्पन्नाः सर्वाः प्रासादजातयः ॥ १० ॥

દેવાધિદેવ પરમાત્માની કૃપાદૃષ્ટિથી દેવાદિ સમાજે યજ્ઞમંડપો દ્વારા કરેલી પૂજા સંસારમાં પ્રાસાદોના નામે વિખ્યાત થઇ અને પ્રાસાદોની વૈરાજ્યાદિ સર્વ જાતિઓ ઉત્પન્ન થઇ. ૧૦.

वैराज्यपुष्पकैलासमणिपुष्पत्रिविष्टपाः ॥
इषुभेदे समुत्पन्नाः प्रासादास्सर्वकामदाः ॥ ११ ॥
ब्रह्मवाचोद्भवाश्चैते सुराणां पूजयोत्थिताः ॥
वैराज्याद्यास्तथैवाष्टाशीतिपश्चशतोत्तराः ॥ १२ ॥
त्रिशतं पुष्पका ज्ञेयाः कैलासाश्शतपञ्च वै ॥
मणिपुष्पाश्शतं सार्धं सार्धत्रिंशतविष्टपाः ॥ १३ ॥
अष्टाशित्युत्तराण्यैव शतान्यष्टादश स्मृताः ॥
ब्रह्मणोत्सृष्टवाक्येन चाद्या वैराज्यसंभवाः ॥ १४ ॥

વૈરાજ્ય, પુષ્પ, કૈલાસ, મણિપુષ્પ ( મણિક ) અને ત્રિવિષ્ટપ; આ પાંચ પ્રાસાદો બ્રહ્માના વચનથી દેવોની પૂજાવડે ઉત્પન્ન થયા અને તે સર્વ કામનાઓને આપનારા છે.

"Aho Shrutgyanam"

અવાન્તર ભેદોને લીધે વૈરાજ્યાદિ ૫૮૮, પુષ્પકાદિ ૩૦૦, કૈલાસાદિ ૫૦૦, મણિપુષ્પાદિ ૧૫૦ અને ત્રિવિષ્ટપાદિ ૩૫૦ પ્રકારના થાય છે. વૈરાજ્યાદિ પાંચ પ્રાસાદોની અવાન્તર ભેદો સાથે કુલ સંખ્યા ૧૮૮૮ થાય છે. ૧૧, ૧૨, ૧૩, ૧૪.

**पुनश्च दानवेन्द्रेण पूजां कृत्वा महोत्सवैः ॥**
**स्वस्तिकाः सर्वतोभद्रा वर्धमानास्तृतीयकाः ॥ १५ ॥**
**सूत्रपद्मा महापद्मा द्राविडकर्मचर्चिताः ॥**
**इषुभेदे समुत्पन्नाः प्रासादा विविधोत्तमाः ॥ १६ ॥**
**एकद्वित्रिचतुःपञ्चशतान्येकैकजन्मतः ॥**
**संख्याश्चार्धसहस्रन्तु पूर्वदेवैः कृतास्तथा ॥ १७ ॥**

દેવતાઓની પછી દાનવોના રાજાએ મહોત્સવ સાથે પૂજા કરી, તેથી સ્વસ્તિક, સર્વતોભદ્ર, વર્ધમાન, સૂત્રપદ્મ અને મહાપદ્મ; આ પાંચ દ્રાવિડ કર્મોથી પૂજાએલા ઉત્તમ પ્રાસાદો ઉત્પન્ન થયા અને અવાન્તર ભેદે કરી એકેકમાંથી બીજા સો સો પ્રાસાદો થયા. આ પ્રમાણે દાનવોની પૂજાથી કુલ ૫૦૦ પ્રાસાદો ઉત્પન્ન થયા. ૧૫, ૧૬, ૧૭.

**गन्धर्वैश्च कृता पूजा कृत्वा पञ्चमहोत्सवान् ॥**
**रुचको भवपद्माक्षौ मलयो वज्रकस्तथा ॥१८॥**
**इषुभेदे समुत्पन्नाः प्रासादा लतिनोद्भवाः ॥**
**षोडश रुचकाद्याश्च भवश्च विभवो द्वयौ ॥१९॥**
**मालाधरश्च पद्माक्षो मलयो मकरध्वजः ॥**
**वज्रकः स्वस्तिकः शङ्कुर्लतिनाः पञ्चविंशतिः ॥२०॥**

ગંધર્વોએ પાંચ મહોત્સવોવડે પૂજા કરી અને તેથી રૂચક, ભવ, પદ્માક્ષ, મલય અને વજ્રક નામના લતિનાદિ પાંચ પ્રાસાદો ઉત્પન્ન થયા. તેમાં રૂચકાદિ ૧૬, ભવ અને વિભવ, પદ્માક્ષ અને માલાધર, મલય અને મકરધ્વજ તથા વજ્રક, સ્વસ્તિક અને શંકુ એવા અવાન્તર ભેદો સાથે કુલ ૨૫ લતિનાદિ પ્રાસાદો થયા. ૧૮, ૧૯, ૨૦.

**वसुभिश्च कृता पूजा पञ्चभिश्च महोत्सवैः ॥**
**वराटः पुष्पकश्चैव श्रीपुंजश्च तृतीयकः ॥२१॥**
**सर्वतोभद्रसिंहौ च बाणभेदसमुद्भवाः ॥**
**द्वादशोत्तरशतं ज्ञेयाः प्रासादाश्च वराटकाः ॥२२॥**

"Aho Shrutgyanam"

પાંચ મહોત્સવવડે અષ્ટ વસુઓએ પૂજા કરી. તેમની પૂજાથી વરાટ, પુષ્પક, શ્રીપુંજ, સર્વતોભદ્ર અને સિંહ; આ પાંચ પ્રાસાદો ઉત્પન્ન થયા. અવાન્તર ભેદો સાથે વરાટાદિ પ્રાસાદો ૧૧૨ થાય છે. ૨૧, ૨૨.

**यक्षैश्चैव कृता पूजा पञ्चभिश्च महोत्सवैः ॥**
**विमानो गरुडो ध्वजो विजयो गंधमादनः ॥२३॥**
**विमानाः पञ्चधा ज्ञेयाः कर्तव्याः शांतिमिच्छुभिः ॥**
**त्रिचतुःपञ्चषट्सप्तपञ्चविंशोत्तरैश्शतैः ॥२४॥**

પાંચ મહોત્સવો દ્વારા યક્ષોએ પૂજા કરી અને તેથી વિમાન, ગરૂડ, ધ્વજ, વિજય અને ગંધમાદન; આ પાંચ વિમાનાદિ પ્રાસાદો ઉત્પન્ન થયા. સુખશાંતિ ઇચ્છનારા પુરૂષોએ આ પ્રાસાદો કરવા. અવાન્તર ભેદોથી વિમાનાદિ ૧૦૩, ગરૂડાદિ ૧૦૪, ધ્વજાદિ ૧૦૫, વિજયાદિ ૧૦૬ અને ગંધમાદનાદિ ૧૦૭ પ્રકારના થાય છે. કુલ ૫૨૫ પ્રકારના વિમાનાદિ પ્રાસાદો જાણવા. ૨૩, ૨૪.

**उरगैश्च कृता पूजा तदूर्ध्वं सप्रदक्षिणा ॥**
**केशरीनंदनश्चैव मंदारश्च तथा शुभः ॥२५॥**
**श्रीवृक्षश्चेन्द्रनीलश्च रत्नकूटश्च नामतः ॥**
**गरुडश्चेति पञ्चैते प्रासादा भ्रमसंयुताः ॥२६॥**
**पञ्चविंशस्तथाख्याताः प्रासादाः पर्वतोपमाः ॥**
**पृथकेकशतार्धेन पञ्चाशदुत्तरास्तथा ॥२७॥**
**द्वादशैव शतं चैव सांधाराश्च प्रकीर्तिताः ॥**
**शांतिदाः सर्वकालं तु नित्यकल्याणकारकाः ॥२८॥**

તદનંતર સર્પોએ (નાગલોકોએ) સપ્રદક્ષિણ પૂજા કરી, તેથી કેશરીનંદન, મંદાર, શ્રીવૃક્ષ, ઇન્દ્રનીલ અને રત્નકૂટ નામના ભ્રમસંયુક્ત પાંચ પ્રાસાદો ઉત્પન્ન થયા. આ પાંચમાંથી મુખ્ય ૨૫ પર્વત જેવા પ્રાસાદો થયા અને તેમાંથી અવાન્તર ભેદોવડે એકેકના ૫૦ ભેદો થયા. કુલ ૧૨૫૦ સાંધારાદિ પ્રાસાદો કહેલા છે. આ પ્રાસાદો સર્વકાળ શાંતિ આપનારા અને હમેશાં કલ્યાણકર્તા છે. ૨૫, ૨૬, ૨૭, ૨૮.

**विद्याधरैः पुनः कृत्वा पूजाश्चैव महोत्सवैः ॥**
**मिश्रका बहुरूपाढ्या अष्टादशाधिकं शतम् ॥२९॥**

"Aho Shrutgyanam"

ત્યારપછી પંચમહોત્સવો દ્વારા વિદ્યાધરોએ પૂજા કરી અને તેથી અનેક રૂપોવાળા ૧૧૮ મિશ્રકાદિ પ્રાસાદો ઉત્પન્ન થયા. ૨૯.

**भूपालैश्च महाराजैः कृता पूजा महोत्सवैः ॥**
**प्रासादानाञ्च भूपाला भूमिजा भूतिदायकाः ॥३०॥**
**चतुरस्रा वृतस्थाना अष्टशालास्त्रिधोदिताः ॥**
**पञ्चविंशोत्तराश्चैव षट्शतञ्च प्रकीर्तिताः ॥३१॥**

પૃથ્વીપતિ મહારાજાઓએ પાંચ મહોત્સવોથી યુક્ત પૂજા કરી, તેથી પ્રાસાદોમાં રાજારૂપ અને ઐશ્વર્ય આપનારા ભૂમિજાદિ પ્રાસાદો ઉત્પન્ન થયા. આ પ્રાસાદો ચોરસ, ગોળાકાર અને અઠાંશ એમ ત્રણ પ્રકારે થાય છે. અવાન્તર ભેદો સાથે આ પ્રાસાદોની કુલ સંખ્યા ૬૨૫ છે. ૩૦, ૩૧.

**दिवाकरेण कृता पूजा तेजसाश्च महोत्सवैः ॥**
**विमाननागरोद्भूताः छंदप्रासादसंज्ञकाः ॥३२॥**

દિવ્ય તેજવાળા પાંચ મહોત્સવોવડે સૂર્યનારાયણે પૂજા કરી, તેથી વિમાન-નાગરાદિ છંદ પ્રાસાદો ઉત્પન્ન થયા. ૩૨.

**सोमेन च कृता पूजा नानाविधमहोत्सवैः ॥**
**विमानपुष्पकोद्भूताः प्रासादाः सर्वकामदाः ॥३३॥**

નાનાવિધ પાંચ મહોત્સવોથી યુક્ત ચંદ્રની પૂજાથી વિમાનપુષ્પકાદિ સર્વ કામનાઓને પૂરણ કરનારા પ્રાસાદો ઉત્પન્ન થયા. ૩૩.

**गौर्या चैव महादेव्या पूजां कृत्वा महोत्सवैः ॥**
**वलभीति समुत्पन्नाः प्रासादा नारिसंज्ञकाः ॥३४॥**

આ યાગમહોત્સવના પ્રસંગમાં મહાદેવી ગૌરીએ પૂજન કરવાથી વલભ્યાદિ નામના સ્ત્રીજાતિ પ્રાસાદો ઉત્પન્ન થયા. ૩૪.

**हरसिद्ध्यादिदेवीभिः पूजां कृत्वा महोत्सवैः ॥**
**सिंहावलोकना नाम प्रासादा भुवनोत्तमाः ॥३५॥**
**दारुकर्मोद्भवाः सर्वे सिंहावलोकदारुजाः ॥**
**पिशाचेषु च सर्वेषु ये च देवात्मका मताः ॥३६॥**

"Aho Shrutgyanam"

तैश्च महोत्सवान् कृत्वा पूजा यागोत्सवे कृता ॥
तेभ्यश्चैव समुत्पन्नाः प्रासादा द्विविधाः स्मृताः ॥३७॥
नाम्ना ते च भुवि ख्याता फांसनाश्च नपुंसकाः ॥
स्त्रीलिङ्गास्ते न कर्तव्याः पुँल्लिङ्गेषु विवर्जिताः ॥३८॥

હરસિદ્ધિ આદિ દેવીઓની પૂજાથી સિંહાવલોકન નામના ભુવનોમાં ઉત્તમ પ્રાસાદો ઉત્પન્ન થયા. આ પ્રાસાદો કાષ્ઠથી બનતા હોવાને લીધે દારૂજાદિ કહેવાય છે અને તે સ્રીલિંગ પ્રાસાદો છે.

દેવો તરીકે ગણાતા પિશાચ અને ભૂતાદિગણોએ યાગોત્સવમાં મહોત્સવપૂર્વક પૂજા કરી, તેથી બે પ્રકારના પ્રાસાદો ઉત્પન્ન થયા અને તે સંસારમાં નપુંસકાદિ તથા ફાંસનાદિ પ્રાસાદોના નામે વિખ્યાત થયા. આ પ્રાસાદો સ્રીલિંગ તથા નપુંસક-લિંગના છે, તેથી પુલ્લિંગ (પુરૂષ જાતિ) પ્રાસાદોમાં વર્જિત છે અર્થાત્ કરવા નહિ. ૩૫, ૩૬, ૩૭, ૩૮.

प्रासादाकारपूजाभिर्देवदैत्यादिभिः क्रमात् ॥
चर्तुदश समुत्पन्नाः प्रासादानाश्च जातयः ॥३९॥

દેવ, દૈત્યાદિ સમાજે અનુક્રમે કરેલી પ્રાસાદાકાર પૂજાઓથી પ્રાસાદોની આ પ્રમાણે ચૌદ જાતિ ઉત્પન્ન થઇ. ૩૯.

सुरैस्तु नागराः ख्याता द्राविडा दानवेन्द्रकैः ॥
लतिनाः किन्न गन्धर्वैर्यक्षैश्चापि विमानजाः ॥४०॥
विद्याधरैस्तथा मिश्रा वसुभिश्च वराटकाः ॥
उरगैश्चैव सांधारा नृपै रम्यास्तु भूमिजाः ॥४१॥
विमाननागरच्छंदाः सूर्यलोकसमुद्भवाः ॥
चंद्रलोकसमुत्पन्नाः छंदाविमानपुष्पकाः ॥४२॥
पार्वतिसंभवाः सेनावल्भ्याकारसंस्थिताः ॥
हरसिद्ध्यादिदेविभिर्जाताः सिंहावलोकनाः ॥४३॥
व्यन्तरावस्थितैर्देवैः फांसनाकारिणो मताः ॥
नपुंसकाश्च विज्ञेयाः सर्वे वैराज्यसंभवाः ॥४४॥

૧ દેવતાઓથી નાગરાદિ, ૨ દાનવોથી દ્રાવિડાદિ, ૩ ગંધર્વોથી લતિનાદિ, ૪ યક્ષોથી વિમાનાદિ, ૫ વિદ્યાધરોથી મિશ્રકાદિ, ૬ વસુઓથી વરાટકાદિ, ૭ નાગ-

"Aho Shrutgyanam"

લોકોથી સાંધારાદિ, ૮ રાજાઓથી ભૂમિજાદિ, ૯ સૂર્યલોકથી વિમાનનાગરચ્છંદાદિ, ૧૦ ચંદ્રલોકથી વિમાનપુષ્પકછંદાદિ, ૧૧ પાર્વતીથી વલભ્યાદિ, ૧૨ હરસિદ્ધિ આદિ દેવીઓની પૂજાથી સિંહાવલોકન દારૂજાદિ, ૧૩ વ્યન્તરાવસ્થિત (પિશાચાદિ) દેવોની પૂજાથી ફાંસનાદિ અને ૧૪ નપુંસકાદિ; આ ચૌદ જાતિના પ્રાસાદો વૈરાજ્યાદિ પ્રાસાદોમાંથી ઉત્પન્ન થએલા જાણવા. ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪.

**मणिमुक्ताप्रवालाद्यैर्भूषणैः सुविभूषिताः ॥**
**सौवर्णराजताश्चैव देवानां सततं प्रियाः ॥४५॥**

મણિ, માણેક, મોતી અને પ્રવાલાદિ તથા અલંકારોથી સારી રીતે અલંકૃત કરાયેલા સુવર્ણ તથા ચાંદીના પ્રાસાદો દેવલોકોને નિત્ય પ્રિય છે. ૪૫.

**रीतिकास्ताम्रयुक्ताश्च पिशाचोरगरक्षसाम् ॥**
**देवलोके भवन्त्येते कामस्वच्छंदचारिणः ॥४६॥**

પીતળ અને તાંબાના પ્રાસાદો પિશાચ, નાગ અને રાક્ષસોને પ્રિય છે. આ પ્રાસાદો દેવલોકમાં કામનાની યથેષ્ટ સિદ્ધિ કરનાર છે. ૪૬.

**पातालेऽपि विनिर्दिष्टाः पाषाणैः स्फटिकैस्तथा ॥**
**इष्टिकाकाष्ठपाषाणैर्मृत्युलोकेऽपि नंदनाः ॥४७॥**

પાતાળમાં પાષાણો અને સ્ફટિક પત્થરોવડે પ્રાસાદો કરવા કહેલા છે. અને મૃત્યુલોકમાં આ પ્રાસાદો ઈંટ, કાષ્ઠ અને પાષાણોથી કરવામાં આવે તો સુખ આપનારા છે. ૪૭.

**नगराणां भूषणार्थं वै देवानां निलयाय च ॥**
**लोकानां धर्महेत्वर्थं क्रीडार्थं सुरयोषिताम् ॥४८॥**
**आलयं सर्वभूतानां विजयाय जितात्मनाम् ॥**
**धर्मार्थकाममोक्षाणां प्राप्तिहेतुश्च कामदः ॥४९॥**

પ્રાસાદ નગરોની શોભા, દેવતાઓના નિવાસ, લોકોના કલ્યાણ તેમજ ધર્મ, દેવાંગનાઓના વિલાસ તથા ક્રીડા અને ધાર્મિક પુરૂષોની વિજયકીર્તિ માટે હોય છે તેમજ પ્રાણીમાત્રને આશ્રયરૂપ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિમાં કારણ રૂપ તથા સર્વ કામનાઓને આપનારા છે. ૪૮, ૪૯.

"Aho Shrutgyanam"

**गीतनृत्यैश्च वादित्रैः प्रेक्षणीयैर्मनोहरैः ॥**
**नानाध्वजपताकैश्च तोरणैश्च विभूषिताः ॥५०॥**
**पुरराजप्रजादीनां सर्वकालं तु शांतिदाः ॥**
**सर्वकामप्रदाश्चैते नित्यं कल्याणकारकाः ॥५१॥**

ગીત, નૃત્ય અને વાદ્યથી નિત્ય શોભાયમાન, દર્શનીય અને મનોહર નાના પ્રકારની ધ્વજાઓ, પતાકાઓ તથા તોરણોથી અલંકૃત પ્રાસાદો નગર, રાજા અને પ્રજા વિગેરેને સર્વ કાળ શાંતિ આપનારા, સર્વકામનાઓની પૂર્તિ કરનારા તથા નિત્ય કલ્યાણ કરનારા છે. ૫૦, ૫૧.

### શુદ્ધ છંદના આઠ પ્રાસાદ.

**नागरा द्राविडाश्चैव भूमिजा लतिनास्तथा ॥**
**सांधाराश्च विमानाद्या मिश्रकाः पुष्पकांकिताः ॥५२॥**
**एते चाष्टौ शुभा ज्ञेयाः शुद्धच्छंदाः प्रकीर्तिताः ॥**
**देशजातिकुलस्थानवर्णभेदैरुपस्थिताः ॥५३॥**

૧ નાગરાદિ, ૨ દ્રાવિડાદિ, ૩ ભૂમિજાદિ, ૪ લતિનાદિ, ૫ સાંધારાદિ, ૬ વિમાનાદિ, ૭ મિશ્રકાદિ અને ૮ પુષ્પકાદિ; આ આઠ પ્રકારના પ્રાસાદો શુદ્ધ છંદના છે અને તે ચૌદ જાતિના પ્રાસાદોમાં શુભ જાણવા. ૫૨, ૫૩.

### દેશાનુસાર પ્રાસાદવિધાન.

**एते चाष्टौ प्रवर्तन्ते गंगातीरेषु सर्वदा ॥**
**अहिराज्येषु सांधाराः प्रवर्तन्ते च नागराः ॥५४॥**

ઉપર કથન કરેલા આ આઠ પ્રકારના પ્રાસાદો ગંગા કિનારે આવેલા પ્રદેશોમાં કરવા સર્વદા કલ્યાણકારી છે તથા સાંધારાદિ અને નાગરાદિ પ્રાસાદો અહિ રાજ્યના પ્રદેશમાં કરવા શુભ છે. ૫૪.

**कामरूगौडबङ्गेषु सांधारा लतिनोद्भवाः ॥**
**तुरकोदण्डहालेषु गंगोदधौ विमानकाः ॥५५॥**

કામરૂ ( આસામ ), ગૌડ અને બંગ અર્થાત્ બંગાલ પ્રદેશમાં સાંધારાદિ અને લતિનાદિ તથા તુર, કોદંડ અને હાલ તેમજ ગંગા સાગરના પ્રદેશોમાં વિમાનાદિ પ્રાસાદો કરવા પ્રશસ્ત છે ૫૫.

"Aho Shrutgyanam"

**चौडदेशे महाहानि नीलेश्रीनीलसंभवे ॥**
**मलये चैव कर्णाटे कलिङ्गे कान्यकुब्जके ॥५६॥**

ચોલ દેશ (તંજાવર દેશ), નાલેશ્રી અને નીલસંભવ પ્રદેશ, મલય દેશ (મલબાર), કર્ણાટક દેશ, કલિંગ દેશ અને કાન્યકુબ્જ (કનોજ) પ્રદેશમાં ઉપર બતાવેલા પ્રાસાદો કરવા હાનિકર્તા છે. ૫૬.

**वैराटे चैव वैरागे कोंकणे दक्षिणापथे ॥**
**नागरा द्रविडाः छंदा वैराटा भूमिजोद्भवाः ॥५७॥**
**लतिनाश्चैव सांधारा मिश्रकाश्च विमानजाः ॥**
**इत्युक्ताश्चाष्टछंदा वै प्रासादाः परिकीर्तिताः ॥५८॥**

વૈરાટ દેશ, વૈરાગ દેશ (ઘણું કરીને મિથિલા પ્રદેશ), કોંકણ દેશ અને દક્ષિણાપથ પ્રદેશોમાં નાગરાદિ, દ્રાવિડાદિ, વરાટાદિ, ભૂમિજાદિ, લતિનાદિ, સાંધારાદિ, મિશ્રકાદિ અને વિમાનાદિ; આ આઠ છંદના પ્રાસાદો કરવા શુભ છે. ૫૭,૫૮.

**जयन्त्यां मालवे देशे कांच्यां स्याच्च कलिञ्जरे ॥**
**मगधेऽन्तरवेद्याश्च मथुरायां हिमाश्रये ॥५९॥**
**दण्डकार्णवदेशेषु चतुःछंदाः प्रकीर्तिताः ॥**
**लतिना नागराश्चैव सांधारा भूमिजोद्भवाः ॥६०॥**

જયંતી (ઘણું કરી ઉજ્જયિની પ્રદેશ), માળવા દેશ, કાંચી પ્રદેશ, કલિંજર દેશ, મગધ (બિહાર) દેશ, અન્તરવેદીનો પ્રદેશ (પ્રયાગથી હરિદ્વાર સુધીનો ગંગા યમુના વચ્ચેનો દોઆબ પ્રદેશ), મથુરાનો પ્રદેશ, હિમાલયના આશ્રયભૂત પ્રદેશો તેમજ દંડકારણ્યની પાસે આવેલા સમુદ્ર કિનારાના પ્રદેશોમાં લતિનાદિ, નાગરાદિ, સાંધારાદિ અને ભૂમિજાદિ ચતુઃછંદ પ્રાસાદો કરવા હિતાવહ છે. ૫૯, ૬૦.

**सौराष्ट्रे गुर्जरे देशे स्वयंभूकाश्मीरान्तके ॥**
**सिंधौ चैव खुरासाणे तेजोगक्षणकादिषु ॥६१॥**

સૌરાષ્ટ્ર, ગુર્જર, સ્વયંભૂ (બ્રહ્માવર્ત), કાશ્મીર, સિંધુ, ખુરાસાણ અને તેજોગક્ષણકાદિ પ્રદેશોમાં ઉપર કહેલા ચતુઃછંદ પ્રાસાદો કરવા. ૬૧.

**विमाननागराछंदास्तथा विमानपुष्पकाः ॥**
**सिंहावलोकनाश्चैव फांसनाश्च रथारुहाः ॥६२॥**



"Aho Shrutgyanam"

**सर्वदेशे प्रवर्तन्ते व्योमवंदनवर्तिनः ॥**
**एते च भरतक्षेत्रे देशानुक्रममिष्यते ॥६३॥**

વિમાનનાગરાદિ તથા વિમાનપુષ્પકાદિ છંદના પ્રાસાદો, સિંહાવલોકનાદિ, ફાંસનાદિ અને રથારૂહાદિ પ્રાસાદો સર્વ દેશોમાં પ્રવર્તે છે. પરંતુ ભરત ક્ષેત્રમાં આ પ્રાસાદો દેશાનુસાર કરવા. ૬૨, ૬૩.

### દેશાનુસાર પ્રાસાદોની ઉત્પત્તિ અને જાતિવિષયક વિશેષ વિવેચન.

**नागरः पूर्वदेशे च कर्णाटे द्राविडः स्मृतः ॥**
**व्यंतरः पश्चिमे देशे वेशर उत्तरापथे ॥६४॥**
**कलिङ्गः कलिङ्गे देशे यामुनः सर्वतः स्थितः ॥**
**देशजातिश्च कथिता कुलस्थानो बलोद्भतः ॥६५॥**

પૂર્વમાં નાગરાદિ, દક્ષિણમાં દ્રાવિડાદિ, પશ્ચિમમાં વ્યંતરાદિ, ઉત્તરાપથમાં વેશરાદિ ( વૈરાજ્યાદિ ), કલિંગમાં કલિંગ પ્રાસાદો અને સર્વ દેશમાં યામુન પ્રાસાદો જાણવા અને કુલસ્થાન પ્રાસાદો બલદેશોદ્ભવ જાણવા. આ દેશ પ્રમાણે પ્રાસાદોની જાતિ કહી છે. ૬૪, ૬૫.

### પ્રાસાદોની જ્ઞાતિ વિષે.

**नागरो विप्रज्ञातिः स्याद् द्राविडः क्षत्रियोद्भवः ॥**
**व्यंतरो वैश्यजातिश्च वेशरस्तत्र संभवः ॥६६॥**

નાગરાદિ વિપ્ર જ્ઞાતિ, દ્રાવિડાદિ ક્ષત્રિયજ્ઞાતિ અને વ્યંતરાદિ ( નપુંસકાદિ ) તથા વેશરાદિ ( વૈરાજ્યાદિ ) વૈશ્યજ્ઞાતિના જાણવા. ૬૬.

### કલિંગાદિ પ્રાસાદોના સ્વરૂપ વિષે.

**कलिङ्गे चित्रकर्णाद्यं यामुने सर्वतः समम् ॥**
**कुलस्थानोद्भवे पत्रं वर्णभेदोऽनुकथ्यते ॥६७॥**

કલિંગ પ્રાસાદ ચિત્રવિચિત્ર કર્ણોવાળા, યામુન પ્રાસાદ ચારે બાજુ સમ રૂપાકારવાળા અને કુલસ્થાનોદ્ભવ પ્રાસાદ વેલપત્રોથી અલંકૃત કરવા. આગળ પ્રાસાદોના રંગભેદ કહ્યા છે. ૬૭.

"Aho Shrutgyanam"

## પ્રાસાદોના વર્ણ વિષે.

नागरः श्वेतवर्णाभो द्राविडो रक्तवर्णकः ॥
व्यन्तरः पीतसंकाशो वेशरो हरितोपमः ॥६८॥

નાગરાદિ શ્વેત, દ્રાવિડાદિ રક્ત, વ્યંતરાદિ પીત અને વેશરાદિ લીલા વર્ણના પ્રાસાદો જાણવા. ૬૮.

## રાજસ, તામસ અને સાત્વિક પ્રાસાદ.

सात्विकं नागरं विद्याद्राजसं द्राविडं तथा ॥
तामसं वेशरश्चेति त्रयो ब्रह्मादिदैवताः ॥६९॥
नागरो द्राविडश्चैव वेशरश्चेति तत्त्रिधा ॥
प्रासादः सर्वदेशेषु सद्देशमधुनोच्यते ॥७०॥

નાગરાદિ સાત્વિક, દ્રાવિડાદિ રાજસ અને વેશરાદિ પ્રાસાદો તામસ પ્રકૃતિના જાણવા તથા આ ત્રણે પ્રકારના પ્રાસાદો બ્રહ્મા, વિષ્ણુ અને શંકર; એ ત્રણે દેવતાઓ રૂપ છે. ત્રિગુણમય આ ત્રણે જાતના પ્રાસાદો સર્વ દેશોમાં થાય છે. ૬૯, ૭૦.

## કયા પ્રાસાદો કયા દેશમાં કરવા તે વિષે.

नागरः सात्विके देशे राजसे द्राविडस्तथा ॥
वेशरस्तामसे देशे क्रमेण परिकीर्तिताः ॥७१॥
नागरो भूसुरो जात्या वेशरो वैश्य उच्यते ॥
द्राविडस्तु नृपो ज्ञेय आकृतिः कथ्यतेऽधुना ॥७२॥

સાત્વિક દેશમાં નાગરાદિ, રાજસ દેશમાં દ્રાવિડાદિ અને તામસ દેશમાં વેશરાદિ પ્રાસાદો કરવા કહેલા છે. નાગરાદિ બ્રાહ્મણ, વેશરાદિ વૈશ્ય અને દ્રાવિડાદિ ક્ષત્રિય જાતિના પ્રાસાદો સમજવા. હવે આગળ પ્રાસાદોની આકૃતિ કહેવામાં આવશે. ૭૧, ૭૨.

एते समस्तप्रासादा देशानुक्रमसंस्थिताः ॥
यथाक्रमस्तथा कार्याः प्रासादानां तु सर्वतः ॥७३॥
विभक्तिस्तलछंदेषु शिखरोर्ध्वश्च कारयेत् ॥
अभिधानोर्ध्वमाख्यातं यथोक्तं तलछंदयोः ॥७४॥

"Aho Shrutgyanam"

**यदि वै छंदछंदो न चाद्याद्यं न प्रतिष्ठयेत् ॥**
**तत्प्रासादफलं नास्ति मोक्षश्चापि न विद्यते ॥७५॥**

ઉપર કહેલા સમસ્ત પ્રાસાદો દેશાનુક્રમે સ્થિતિ કરી રહેલા છે અને જે પ્રાસાદોનો જેવો ક્રમ કહેલો છે તે ક્રમ પ્રમાણે તે પ્રાસાદો કરવા. ક્ષેત્રના વિભાગ અને તલછંદથી શિખરપર્યંત જે પ્રાસાદોનું જે જે તલછંદ હોય તે પ્રમાણે પ્રાસાદો કરવા. જો પ્રાસાદોમાં છંદે છંદ મળતો ન આવે તો જે જે અંગોની અનુક્રમે પ્રતિષ્ઠા કરવાની હોય તેની પ્રતિષ્ઠા કરવી નહિ. છંદરહિત કરેલા પ્રાસાદનું ફળ મળતું નથી અને તેવા પ્રાસાદથી મોક્ષ પણ થતો નથી. ૭૩, ૭૪, ૭૫.

## અથ પ્રાસાદ રચના વિધિ પ્રકરણ.

### પ્રાસાદ કરવાનાં સ્થાન.

**नद्यां सिद्धाश्रमे तीर्थे पुरे ग्रामे च गह्वरे ॥**
**वापीवाटीतडागादिस्थाने कार्यं सुरालयम् ॥७६॥**

નદી કિનારે, સિદ્ધ પુરૂષોના આશ્રમમાં, તીર્થસ્થાનોમાં, નગરમાં, ગામમાં, ગુફાઓમાં, વાવ, બગીચા અને તળાવ વિગેરે સ્થાનોમાં દેવાલય કરવાં. ૭૬.

### નગરાભિમુખ પ્રાસાદ વિધાન.

**नगराभिमुखाः श्रेष्ठा मध्ये बाह्ये च देवताः ॥**
**गणेशो धनदो लक्ष्मीः पुरे द्वारे सुखावहाः ॥७७॥**

નગરાભિમુખ કરેલા પ્રાસાદો શ્રેષ્ઠ છે અને તે પ્રાસાદોના મધ્ય તથા બહારના ભાગમાં રહેલા દેવતાઓ સુખ આપનારા છે તથા ગણેશ, કુબેર અને લક્ષ્મી; એમની મૂર્તિઓ નગરના દરવાજામાં અથવા નગરમાં હોય તો સુખ આપનારી છે. ૭૭.

"Aho Shrutgyanam"

**प्रासादा वीतरागस्य पुरमध्ये सुखावहाः ॥**
**गुरुकल्याणकर्तारश्चतुर्दिक्षु प्रकल्पयेत् ॥७८॥**

નગરમાં કરવામાં આવેલા વીતરાગ જિન દેવતાઓના પ્રાસાદો સુખ આપનારા તથા વિશેષ કલ્યાણકારી છે તેમજ આ પ્રાસાદો ચારે દિશાઓમાં કરવા. ૭૮.

## યથાશક્તિ પ્રાસાદ વિધાન.

**स्वशक्त्येष्टकमृत्काष्ठशैलधातुजरत्नजम् ॥**
**देवतायतनं कुर्याद् धर्मार्थकाममोक्षदम् ॥७९॥**

પોતાની શક્તિ અનુસાર ઇંટ, માટી, કાષ્ઠ, પાષાણ, ધાતુ અને રત્ન વિગેરેનું દેવાલય કરે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ; એ ચારે પુરૂષાર્થોને આપે છે. ૭૯.

## પ્રાસાદ કરવાથી થતું પુણ્ય.

**तृणैः कोटिगुणं पुण्यं मृन्मये दशधा ततः ॥**
**इष्टकाभिः शतं तस्मात् शैलेयेऽनन्तकं स्मृतम् ॥८०॥**

તૃણ ( ઘાસ ) નું કરે તો કરોડગણું પુણ્ય થાય છે. મૃત્તિકાના પ્રાસાદનું તેથી દશગણું, ઇંટોના પ્રાસાદનું તેથી સોગણું અને પાષાણના પ્રાસાદનું અનન્ત પુણ્ય પ્રાપ્ત થાય છે. ૮૦.

**प्रासादानाञ्च सर्वेषां जायते दशभेदता ॥**
**चतुर्दश प्रवर्तन्ते ज्ञेया लोकानुसारतः ॥८१॥**

સમસ્ત પ્રાસાદોના ભેદ સામાન્ય રીતે દશ પ્રકારે થાય છે તેમજ પહેલા કહેલા ચૌદ જાતિના પ્રાસાદો પણ દશ ભેદે કરી લોકમાં પ્રવર્તે છે. તે બીજાં શાસ્ત્રો, લોકાચાર અને વિદ્વાન્ પુરૂષોદ્વારા જાણી લેવા. ૮૧.

## શિલ્પીને ગુરુદ્વારા અભ્યાસ વિધાન.

**ज्ञात्वा लक्षणलक्ष्याणि गुरुमार्गानुसारतः ॥**
**प्रासादभवनादीनां सर्वं ज्ञानमवाप्नुयात् ॥८२॥**

શિલ્પીએ ગુરૂદ્વારા સર્વ પ્રકારનાં લક્ષ્ય તથા લક્ષણોનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરી પ્રાસાદો અને ભવનો (ઘર) વિગેરેનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું. ૮૨.

"Aho Shrutgyanam"

## શુભ મુહૂર્ત જોવાનું વિધાન.

**शुभलग्ने सुनक्षत्रे पञ्चग्रहबलान्विते ॥**
**माससंक्रान्तिवत्सादिनिषिद्धकालवर्जिते ॥८३॥**

અશુભ માસ, સંક્રાન્તિ તથા વત્સાદિ નિષિદ્ધ કાલનો ત્યાગ કરી શુભ નક્ષત્ર અને પંચગ્રહોના બળથી યુક્ત એવા શુભ લગ્નમાં ગૃહારંભ વિધિ કરવો અર્થાત્ ભૂમિશોધનાદિ અને ખાતમુહૂર્ત કરવું. ૮૩.

## દિક્સાધન.

**रात्रौ दिक्साधनं कुर्याद् दीपसूत्रध्रुवैक्यतः ॥**
**समे भूमिप्रदेशे तु शङ्कुना दिवसे तथा ॥८४॥**

રાત્રિના સમયે દિક્સાધન ( શુદ્ધ ઉત્તર કે પૂર્વ દિશા સિદ્ધ કરવી તે ) દીવો, સૂત્ર ( ઓલંબો ) અને ધ્રુવનો તારો એક સરખી સીધી લાઇનમાં મેળવી કરવું અને પછી ખૂંટીઓ મારવી તથા દિવસે ભૂમિના સમ પ્રદેશમાં અર્થાત્ જમીન ઉંચી નીચી ન હોય તેવા પ્રદેશમાં શંકુવડે દિક્સાધન કરવું. ( ધ્રુવયંત્રથી પણ દિશાસાધન કરી શકાય છે. ) ૮૪.

## ભૂમિશોધન વિધિ.

**हस्तमात्रं खनेद् भूमिं मृत्तिकाश्च विपूरयेत् ॥**
**अधिका च समा न्यूना श्रेष्ठमध्यकनिष्ठिकाः ॥८५॥**
**पुनः खातं समाशोध्य जलेन परिपूरयेत् ॥**
**शिल्पी शतपदं गत्वा जलं पश्येत्परावृतः ॥८६॥**
**पादोने मध्यमा ज्ञेया कनिष्ठा चार्धहीनके ॥**
**संपूर्णे सफला भूमिः सर्वकार्यार्थसाधिनी ॥८७॥**

ભૂમિપરીક્ષા માટે જે ભૂમિમાં દેવમંદિર કે ગૃહાદિ કરવાનાં હોય તેમાં એક હાથ ઉંડો ચોરસ ખાડો ખોદી ફરી પાછો તેજ માટીથી પુરી દેવો. ખાડો પુરતાં માટી વધે તો શ્રેષ્ઠ ભૂમિ જાણવી, સરખી પુરાઈ રહે તો મધ્યમ અને ઘટે તો કનિષ્ઠ ભૂમિ જાણવી.

વળી વધારે પરીક્ષા કરવા માટે ફરી તે ખાડામાંની પુરેલી માટી કાઢી લઇ સાફ કરી ખાડો પાણીથી બરાબર ભરી દેવો અને શિલ્પીએ સો પગલાં કોઇ પણ દિશા તરફ જઈ પાછા આવી ખાડામાં ભરેલા જળનું નિરીક્ષણ કરવું. જો ખાડાનું

"Aho Shrutgyanam"

પાણી ચોથા ભાગનું ઘટી ગયું હોય તો મધ્યમ ભૂમિ જાણવી. અર્ધું ઘટયું હોય તો અધમ અને ખાડો સંપૂર્ણ જળથી ભરાયેલો હોય તો સફલા–ઉત્તમ ભૂમિ જાણવી અને આવી ભૂમિ સર્વ કાર્યાર્થને સાધનારી જાણવી. ૮૫, ૮૬, ૮૭. *

**सर्वदिक्षु प्रवाहो वा प्रागुदकूशंकरप्लवाः ॥**
**भूमिं परीक्षयेत् सम्यक् पञ्चगव्येन कोविदः ॥८८॥**

(જ્યાં પ્રાસાદ કરવો હોય ત્યાંની ભૂમિના શોધન માટે એક ( ખાડો ) કરવો અને ખોદેલા ખાડામાં કાંઠા બરોબર પાણી ભરવું.) જો પાણીનો પ્રવાહ સર્વ દિશાઓમાં અથવા પૂર્વ, ઉત્તર કે ઇશાન કોણ તરફ જાય તો તે જગ્યાએ કરેલો પ્રાસાદ ઉત્તમ ફલ આપે. આ પ્રમાણે ભૂમિની પરીક્ષા કરી ખોદેલી માટી પાછી ખાડામાં પુરી દેવી અને પંચગવ્ય ( ગાયનું દુધ, દહીં, ઘી, ગોમૂત્ર અને છાણ ) વડે વિદ્વાન્ શિલ્પીએ ભૂમિની શુદ્ધિ કરવી. ૮૮.

## શલ્યશોધન વિધિ.

**जानुमात्रं खनेद् भूमिमथवा पुरुषोन्मिताम् ॥**
**अधः पुरुषमात्रात्तु न शल्यं दोषदं गृहे ॥८९॥**
**जलान्तिकं स्थितं शल्यं प्रासादे दोषदं नृणाम् ॥**
**तस्मात्प्रासादिकीं भूमिं खनेद्यावज्जलान्तिकम् ॥९०॥**

શલ્ય કાઢવા માટે ઢીંચણ સુધી અથવા એક પુરૂષ પ્રમાણ ભૂમિ ખોદી ઘરની જમીનમાંથી શલ્ય કાઢી નાખવું અને માથોડાપુર નીચે હોય તો ઘર બાંધવામાં શલ્યનો દોષ લાગતો નથી.

---

* **ખુલાસો:–** ખાડો ખોદી માટી પુરવાથી વધે તો શ્રેષ્ઠ એટલે જમીન ઘણી સખ્ત અને મજબુત છે એમ સમજવું અને તેથી આવી જમીનને શ્રેષ્ઠ ગણેલી છે; કેમકે આવી જમીનમાં પાયા ઓછા ખોદવા પડે ને કામ મજબૂત થાય. માટી પુરતાં ખાડા બરોબર થાય તો તેવી જમીનને મધ્યમ ગણી છે, તેનું કારણ જમીન સાધારણ છે અને તેને લીધે પાયો વધારે ઉંડો ખોદવો પડે અને જો ખાડો પુરતાં માટી ઘટે તો તેવી જમીનને કનિષ્ઠ કહેલી છે, તેનું કારણ જમીન ઘણી પોચી અને તેવી જમીનમાં પાયો ઘણો ઉંડો ખોદવો જોઇએ.

ખાડો ખોદી પાણી ભરી કરવાની પરીક્ષાનો હેતુ પણ જમીનની જાત પારખવાનો છે. જો સખ્ત જમીન હોય તો પાણી ઘટે નહિ, સાધારણ હોય તો પાણી ઘટી જાય અને પોચી કે નરમ હોય તો જમીનમાં પાણી ઉતરી જાય.

"Aho Shrutgyanam"

પણ પ્રાસાદ બાંધવાની ભૂમિમાં તો પાણી આવે ત્યાં સુધી શલ્યનો દોષ લાગે છે તેથી જળ સુધી ભૂમિ ખોદી શલ્યશોધન કરવું. ૮૯, ૯૦.

## પ્રાસાદનું માપ ક્યાંથી લેવું તે વિષે.

**एकहस्तादिप्रासादाद्यावद्धस्तशतार्धकम् ॥**
**प्रमाणं कुंभके मूले नासिकाभित्तिबाह्यतः ॥९१॥**

એક (ગજ) થી ૫૦ પચાસ ગજ સુધીના પ્રાસાદોના માપનું પ્રમાણ કુંભાના મૂળમાંથી લેવું એટલે પ્રાસાદની ભિત્તિસહિત બહારની બે કર્ણો ( રેખાઓ ) થી માપ લેવું અને નાસિકાઓ ભીંતની બહાર સમજવી. ૯૧.

## કૂર્મશિલા સ્થાપન વિધિ.

**नागवास्तुं समालोक्य कुर्यात् खातविधिं सुधीः ॥**
**पाषाणान्ते जलान्ते वा तत्र कूर्मं निवेशयेत् ॥९२॥**

વિદ્વાન્ પુરૂષે ( શિલ્પીએ ) નાગવાસ્તુનો વિચાર કરી ખાતવિધિનો અર્થાત્ ગર્ત ખોદવાનો આરંભ કરવો અને પત્થર અથવા પાણી આવે ત્યાં સુધી ખોદાણ કરી પછી ત્યાં કૂર્મશિલાની વિધિવત્ સ્થાપના કરવી. ૯૨.

## નાગવાસ્તુ વિચાર.


**नागवास्तुंरथ ज्ञेयः पूर्वादिषु गतिः क्रमात् ॥**
**कन्यादित्रितये सूर्ये भाद्रादौ च त्रिमासके ॥९३॥**

કન્યા, તુલા અને વૃશ્ચિક આદિ ત્રણ ત્રણ રાશિઓની સૂર્યસંક્રાન્તિઓ તથા ભાદ્રપદ, આશ્વિન અને કાર્તિક આદિ ત્રણ ત્રણ માસોમાં નાગવાસ્તુ ( સર્પનું મુખ ) અનુક્રમે પૂર્વાદિ એટલે પૂર્વ, દક્ષિણ ઇત્યાદિચારે દિશાઓમાં ગતિ કરે છે એમ જાણવું. માટે જે દિશામાં સર્પનું મુખ હોય તેમાં ખાત ખોદવાનું કાર્ય કરવું નહિ. ૯૩.

**चतुष्षष्टिपदे क्षेत्रे लिखेदर्कादिवासरान् ।**
**शन्यङ्गारकयोर्यत्र शरीरं तत्र नो खनेत् ॥९४॥**

ચોસઠ (૬૪) ભાગનો સમચોરસ એક કોઠો કરવો અને તેમાં અનુક્રમે રવિ, સોમ વિગેરે સાત વારો લખવા. કોઠામાં જે સ્થળે એક પંક્તિમાં શનિ અને મંગળ આવે ત્યાં સર્પ ( નાગવાસ્તુ ) નું શરીર સમજવું અને ત્યાં ગર્ત, પ્રથમ જમીન ખોદવાનો આરંભ કરવો નહિ. ૯૪.

"Aho Shrutgyanam"




**शीर्षे च पितरौ हन्ति पृष्ठे हानिभयं भवेत् ॥**
**कुक्षौ खाते सुखं पुच्छे रोगपीडा न संशयः ॥९५॥**

સર્પના માથા ઉપર ખાત કરવામાં આવે તો માતપિતાનો નાશ થાય, પૃષ્ઠ ભાગે ( પીઠ ઉપર ) હાનિ અને ભય, કુક્ષિભાગે ( કમરના પડખે ) સુખ અને પુછડાના ભાગમાં ખાત કરે તો રોગપીડા થાય, એમાં શંકા નહિ. ૯૫.



"Aho Shrutgyanam"

**पूर्वास्ये चानिले खातं दक्षिणैशानमाश्रितम् ॥**
**जलाच्यां चाग्निकोणे तु सौम्ये च नैऋते खनेत् ॥९६॥**

સર્પનું મુખ પૂર્વ દિશામાં હોય તો વાયવ્ય કોણમાં, દક્ષિણ દિશામાં હોય તો ઈશાન કોણમાં, પશ્ચિમ દિશા તરફ હોય તો અગ્નિ કોણમાં અને ઉત્તર દિશામાં હોય તો નૈઋત્ય કોણમાં ખાતવિધિ કરવો શુભ છે. ૯૬. *

## પાષાણ કૂર્મશિલા માન.

**एकहस्ते तु प्रासादे शिला वेदाङ्गुला भवेत् ॥**
**द्व्यङ्गुला च भवेद् वृद्धिर्यावच्च दशहस्तकम् ॥९७॥**
**दशोर्ध्वं विंशपर्यंतं हस्ते हस्ते क्रमाङ्गुला ॥**
**अर्धाङ्गुला भवेद् वृद्धिर्यावद्धस्तशतार्धकम् ॥९८॥**

---

* 'વાસ્તુ કૌતુક' નામના ગ્રંથમાં નીચે પ્રમાણે નાગવાસ્તુ માટે વિશેષ વિવેચન છે.

उभयोः कुक्षयोः खातं मूलसूत्रेऽपराजिते ॥
दक्षिणायां तथा कुक्षौ मण्डनेन विशेषितम् ॥१॥
तथा ज्योतिर्निबन्धाख्ये ग्रंथे शिल्पात्प्रकाशितम् ॥
विशेषं वामगे कोणे आयुःकामार्थमारभेत् ॥२॥
मण्डनोक्ता गृहे कुक्षिर्योजनीया सदा बुधैः ॥
तथा ज्योतिर्निबंधोक्ता योज्या देवजलादिके ॥ ३ ॥

મૂલસૂત્ર અપરાજિતમાં સર્પની બન્ને કુક્ષિના ભાગે ખાતવિધિ કરવાનું વિધાન છે. પરંતુ મંડન સૂત્રધારે ગૃહાદિ કાર્યમાં સર્પની દક્ષિણ કુક્ષિના ભાગમાં ખાતવિધિ કરવો, એમ વિશેષ કહેલું છે. વળી જ્યોતિર્નિબંધ નામના ગ્રંથમાં આયુષ્યની કામના માટે વામકુક્ષિના ભાગમાં ખાતનો આરંભ કરવો, એમ વિશેષ કથન કરેલું છે.

વિદ્વાન્ શિલ્પીઓએ ગૃહારંભના કાર્યમાં મંડન સૂત્રધારે કહેલા દક્ષિણ કુક્ષિના ભાગમાં સદા ખાતવિધિ કરવો અને દેવ તથા જળ સંબંધી કાર્યોમાં અર્થાત્ દેવાલયો અને વાપી, કૂપ, તડાગાદિ કાર્યોમાં જ્યોતિર્નિબંધ ગ્રંથમાં કહેલા વામકુક્ષિના ભાગમાં ખાતવિધિ કરવો.

મંડન સૂત્રધારે અપરાજિતનો મત લઇ સર્પની બન્ને કુક્ષિમાં ખાતવિધિ કરવો શુભ કહ્યો છે અને તેમાં આટલો ઉમેરો કર્યો છે કે દેવમંદિર તથા કૂપાદિ કાર્યમાં, નાગવાસ્તુ જો પૂર્વાભિમુખ હોય તો, વામકુક્ષિ એટલે વાયવ્ય કોણમાં ખાતવિધિ કરવો અને ગૃહાદિ કાર્યમાં જમણી કુક્ષિ એટલે અગ્નિકોણમાં ખાતવિધિ કરવો. આ પ્રમાણે જ્યારે દક્ષિણાભિમુખ નાગવાસ્તુ હોય ત્યારે ઈશાન કોણ અને નૈઋત્ય કોણમાં અનુક્રમે ખાતવિધિ કરવો.

આ રીતે ખાતવિધિની વ્યવસ્થા કરવી હિતાવહ ગણી છે.

"Aho Shrutgyanam"

એક ગજના પ્રાસાદને ( કર્ણે એક ગજ પહોળા પ્રાસાદને ) ૪ ચાર આંગળની કૂર્મશિલા કરવી અને પછી દશ ગજ સુધી ગજે બે બે આંગળની વૃદ્ધિ કરવી. દશ ( ૧૦ ) થી વીસ ( ૨૦ ) ગજ સુધી એક આંગળ અને વીસ ( ૨૦ ) થી પચાસ ( ૫૦ ) ગજ સુધી ગજે અર્ધો આંગળ વૃદ્ધિ કરવી. ૯૭, ૯૮.

**अष्टाङ्गुलोच्छ्रिता स्वस्था चतुरस्रा करान्विता ॥**
**शैलजे स्वस्थमानोक्ता इष्टकानां तदर्द्धतः ॥९९॥**
**शैलजे शैलजा कार्या इष्टके इष्टकामया ॥**
**पिण्डस्यान्ते भवेत्पद्म शिलापिंडाष्टभागकम् ॥१००॥**

એક ગજ પહોળી તથા આઠ આંગળ ઉંચી ચોરસ કૂર્મશિલા ( એટલે કૂર્મશિલાની પહોળાઇના પ્રમાણના ત્રીજા ભાગે જાડી કરેલી )ને **'સ્વસ્થા'** કહે છે અને પાષાણના પ્રાસાદોને સ્વસ્થ માનની કૂર્મશિલા કરવી તથા ઇંટોના પ્રાસાદોને કૂર્મશિલાની પહોળાઇના અર્ધા માને જાડી કૂર્મશિલા કરવી. ૯૯.

પાષાણોના પ્રાસાદને પાષાણની અને ઇંટોના પ્રાસાદને ઇંટોની કૂર્મશિલા કરવી. કૂર્મશિલાના નીચેના ભાગમાં શિલાનો આઠમા અંશે પદ્મ કરવું. ૧૦૦.

## કૂર્મશિલા સ્વરૂપ વિધાન.

**प्रवाहमत्स्यमण्डूकमकरग्राससंयुता ॥**
**शङ्खसर्पघटैर्युक्ता मध्ये कूर्मेण भूषिता ॥१०१॥**

કૂર્મશિલા ઉપર બતાવેલા માન પ્રમાણે તૈયાર કર્યા પછી તેની અંદર નવ કોઠાઓ કરવા અને તે કોઠાઓમાં અનુક્રમે પહેલામાં પ્રવાહ એટલે પાણીનો દેખાવ, બીજામાં માછલું, ત્રીજામાં દેડકું, ચોથામાં મગર, પાંચમામાં ગ્રાસનું મુખ, છઠ્ઠામાં શંખ, સાતમામાં સર્પ અને આઠમામાં કુંભનું સ્વરૂપ કરી નવમા મધ્યના ભાગમાં કૂર્મ કરવો. ૧૦૧.

## કૂર્મશિલામાં સ્વરૂપો કરવાની દિશાઓનું વિધાન.

**कूर्मो मध्यस्थले तु गर्भरचना वह्नेः शिलायां जलं ।**
**याम्ये मीनमुखश्च नैऋतदिशि स्थाप्यं तथा दर्दुरम् ॥**
**वारुण्यां मकरश्च वायुदिशि वै ग्रासश्च सौम्ये ध्वनिः ।**
**नागं शङ्करदिक्षु पूर्वविषये कुंभः शिलावह्नितः ॥१०२॥**

"Aho Shrutgyanam"

કૂર્મશિલાના મધ્ય કોઠામાં કૂર્મ કરવો અને શિલાના અગ્નિકોણના કોઠામાં જલ (પાણીની લહેર), દક્ષિણ દિશામાં માછલું, નૈઋત્યમાં દેડકો, પશ્ચિમમાં મગર, વાયવ્યમાં ગ્રાસ, ઉત્તરમાં શંખ, ઈશાનમાં સર્પ અને પૂર્વ દિશામાં કુંભ કરવો. આ સ્વરૂપો શિલાના અગ્નિકોણથી અનુક્રમે પ્રદક્ષિણ કરવાં. ૧૦૨.

### નવ શિલાઓનાં નામ.

**नंदा भद्रा जया रिक्ता चाजिता वापराजिता ॥**
**शुक्ला सौभागिनी चैव धरणी नवमी शिला ॥१०३॥**

૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ રિક્તા, ૫ અજિતા, ૬ અપરાજિતા, ૭ શુક્લા, ૮ સૌભાગિની અને ૯ ધરણી; આ નવ શિલાનાં નામ જાણવાં. ૧૦૩.

### પ્રાસાદમાને કૂર્મ.

**अर्धाङ्गुलो भवेत्कूर्म एकहस्ते सुरालये ॥**
**अर्धाङ्गुला ततो वृद्धिः कार्या तिथिकरावधि ॥१०४॥**
**एकत्रिंशत्करान्तश्च तदर्धा वृद्धिरिष्यते ॥**
**ततोऽर्धापि शतार्धान्तं कुर्यादङ्गुलमानतः ॥१०५॥**

એક ગજના દેવાલયને સોના અથવા ચાંદીનો કૂર્મ અર્ધા આંગળનો કરવો અને પછી દરેક ગજે અર્ધા આંગળની વૃદ્ધિ પંદર (૧૫) ગજ સુધી કરવી. પંદર (૧૫) થી એકત્રીસ (૩૧) ગજ સુધી તેનાથી અર્ધી (પા પા આંગળ) અને એકત્રીસ (૩૧) થી પચાસ (૫૦) ગજ સુધી તેનાથી અર્ધા માનની એટલે ગજ પ્રત્યે એકેક દોરાની વૃદ્ધિ કરવી. ૧૦૪, ૧૦૫.

**चतुर्थांशाधिको ज्येष्ठः कनिष्ठो हीनयोगतः ॥**
**सुवर्णरूप्यजो वापि स्नाप्यः पञ्चामृतेन वै ॥१०६॥**

કૂર્મના માનથી ચોથા ભાગે અધિક કરવાથી જ્યેષ્ઠ અને ન્યૂન કરવાથી કનિષ્ઠ માનનો કૂર્મ જાણવો. સોના અથવા ચાંદીના કૂર્મની પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ અને સાકર) વડે સ્નાન કરાવી સ્થાપના કરવી. ૧૦૬.

### શિલામાને કૂર્મ.

**मध्ये कूर्मश्च दातव्यो रत्नालङ्कारसंयुतः ॥**
**हेमरूप्यमयः कार्यो दृढरूपमयो भवेत् ॥१०७॥**

"Aho Shrutgyanam"

शिलायाः पञ्चमांशेन कर्तव्यः कूर्म उत्तमः ॥
सर्वालङ्कारसंयुक्तो दिव्यपूजासुपूजितः ॥१०८॥
वस्त्रवैडूर्यसंयुक्त इन्द्रनीलसमन्वितः ॥
पुष्परागैश्च गोमेदैः प्रवालैः परिवेष्टितः ॥१०९॥

ખાતના મધ્ય ભાગમાં રત્નો અને અલંકારોથી વિભૂષિત કરી નવમી ધરણી નામે કૂર્મશિલા સ્થાપવી. કૂર્મ સોના અથવા રૂપાનો કરવો અને તે નક્કર ધાતુનો હોવો જોઇએ, પતરાનો નહિ. કૂર્મશિલાના પાંચમા અંશે વચલા કોઠામાં ઉત્તમ કૂર્મ-સ્વરૂપ કરવું તથા સર્વ પ્રકારના અલંકારોથી શણગારી, દિવ્ય પૂજાની સામગ્રીથી સારી રીતે પૂજા કરી તેને વસ્ત્રો તેમજ વૈડૂર્ય, ઇંદ્રનીલ, પુષ્પરાગ અને ગોમેદ વિગેરે મણિઓ તથા પ્રવાલોથી આચ્છાદિત કરવો. ૧૦૭, ૧૦૮, ૧૦૯.

### અષ્ટ દિશાની શિલાનાં નામ, માન તથા સ્વરૂપો.

नंदा भद्रा जया रिक्ता चाजिता चापराजिता ॥
शुक्ला सौभागिनी चैव शिलाश्चाष्टौ प्रकीर्तिताः ॥११०॥

૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ રિક્તા, ૫ અજિતા, ૬ અપરાજિતા, ૭ શુક્લા અને ૮ સૌભાગિની; આ આઠ દિશાઓની શિલાઓનાં નામ જાણવાં. ૧૧૦.

एकहस्ते च प्रासादे शिला सप्ताङ्गुला भवेत् ॥
ततः पञ्चकरं यावद् वृद्धिः कार्या च द्व्यङ्गुला ॥१११॥
पञ्चोर्ध्वं दशपर्यन्तं वृद्धिरेकाङ्गुला स्मृता ॥
दशोर्ध्वं विंशपर्यन्तं पादोना वृद्धिरङ्गुला ॥११२॥
विंशोर्ध्वश्च शतार्धान्तं वृद्धिरर्धाङ्गुला करे ॥
चतुरस्रा समा कार्या स्थूला वै चतुरंशतः ॥११३॥

એક ગજના પ્રાસાદને સાત (૭) આંગળ શિલા કરવી અને પછી પાંચ ગજ સુધી બે આંગળ, પાંચથી દશ સુધી એક, દશથી વીસ સુધી પોણો અને વીસથી પચાસ ગજ સુધી અર્ધા આંગળની વૃદ્ધિ કરવી. શિલા માન પ્રમાણે સમચોરસ કરવી અને તેના ચોથા ભાગે જાડી કરવી. ૧૧૧, ૧૧૨, ૧૧૩.

शिलाः कृत्वा प्रमाणेन शिलानामुपरि ततः ॥
अग्निकोणात् समारभ्य स्वरूपाणि प्रकल्पयेत् ॥११४॥

"Aho Shrutgyanam"

**शक्तिं दण्डं तथा खड्गं पाशाङ्कुशगदास्तथा ॥**
**त्रिशूलं वज्रकश्चैव आयुधानि प्रकल्पयेत् ॥११५॥**
**रक्तं श्यामं तथा नीलं पाण्डुरं श्वेतवर्णकम् ॥**
**हरितं शुक्लपीते च वस्त्राणि परिदापयेत् ॥११६॥**

પ્રાસાદના માન પ્રમાણે શિલાઓ તૈયાર કર્યા પછી અગ્નિકોણથી આરંભી શિલાઓ ઉપર નીચે પ્રમાણે સ્વરૂપો કરવાં. ૧૧૪.

અગ્નિકોણની શિલામાં શક્તિ, દક્ષિણ દિશાની શિલામાં દંડ, નૈઋત્ય કોણની શિલામાં ખડ્ગ, પશ્ચિમની શિલામાં પાશ, વાયવ્ય કોણની શિલામાં અંકુશ, ઉત્તરની શિલામાં ગદા, ઈશાન કોણની શિલામાં ત્રિશૂલ અને પૂર્વની શિલામાં વજ્ર; આ આયુધો કરવાં અને ઉપરના ક્રમે શિલાઓ ઉપર રાતું, કાળું, આસમાની, પાંડુરંગુ, ધોળું, લીલું, સફેદ અને પીળું; એવાં વસ્ત્રો ઓઢાડવાં. ૧૧૫, ૧૧૬.

**शिला निवेशयेत्पूर्वं शिलाः पीठनिबंधनम् ॥**
**जंघा च शिखरस्यैव वेदिका कलशान्तिकम् ॥११७॥**
**शिलोपरि समस्तं तु शिलाध उपपीठकम् ॥**
**एषा युक्तिर्विधातव्या शिलानां लक्षणं शुभम् ॥११८॥**
**संपुटेषु त्वधो खाते निधिकुंभान्नियोजयेत् ॥**
**शङ्खपद्ममहापद्ममकराः कुन्दनालकौ ॥११९॥**

પ્રથમ શિલાઓનું સ્થાપન કરવું; કારણ કે શિલાઓ પ્રાસાદની પીઠનું બંધારણ છે. જંઘા શિખર સુધીનું તથા વેદિકા (જગતી) કલશ સુધીનું બંધારણ છે. ૧૧૭.

આ અષ્ટ શિલાઓ ઉપર પીઠાદિ સમસ્ત પ્રાસાદની રચના કરવી અને શિલાઓથી ઉપપીઠ ( કણપીઠ ) વિગેરે ફાલનાના ભાગો નિકળતા રાખવા. આ યુક્તિ પ્રાસાદ રચનામાં શિલાઓનું સ્થાપન કરવા માટે યોજવી, એ શુભ લક્ષણ છે. ૧૧૮.

ખાતમાં શિલાઓની નીચે સંપુટો કરી તેમાં શંખ, પદ્મ, મહાપદ્મ, મકર, કુંદ, નાલ, કચ્છપ, મુકુંદ અને ખર્વ; આ નવ નિધિકુંભોની સ્થાપના કરવી. ૧૧૯.

## પ્રથમ શિલા સ્થાપન વિધિ.


**ईशानादग्निकोणाद्वा शिलाः स्थाप्याः प्रदक्षिणाः ॥**
**मध्ये कूर्मशिला पश्चाद्गीतवादित्रमङ्गलैः ॥१२०॥**

"Aho Shrutgyanam"

**नंदा पूर्वं प्रदातव्या शिलाः शेषाः प्रदक्षिणाः ॥**
**मध्ये च धरणी स्थाप्या यथाकर्म प्रयत्नतः ॥१२१॥**

ઇશાન અથવા અગ્નિકોણથી આરંભી પહેલાં અનુક્રમે અષ્ટ શિલાઓની સ્થાપના કરવી અને ત્યાર પછી મધ્ય ભાગમાં ગીતો, વાદ્યો અને મંગલ શબ્દો સાથે કૂર્મશિલાની સ્થાપના કરવી. અષ્ટ શિલાઓમાં પૂર્વ દિશામાં નંદા નામની શિલા સ્થાપવી અને બાકીની શિલાઓ પ્રદક્ષિણ ક્રમે સ્થાપ્યા પછી મધ્ય ભાગમાં વિધિ અનુસાર ધરણી નામની કૂર્મશિલા યત્નપૂર્વક સ્થાપવી. ૧૨૦, ૧૨૧.

**કૂર્મશિલા સાથે આઠ દિશાઓની બીજી આઠ શિલાઓનો નકશો.**




"Aho Shrutgyanam"

## કૂર્મશિલા સંપુટમાં રાખવા વિષે.

**शिलोर्ध्वेषु न दातव्या इष्टका वै कदाचन ॥**
**अनेन विधिना चैव सर्वपापक्षयो भवेत् ॥१२२॥**

અષ્ટ શિલાઓ ઇંટો મુકી કદાપિ ચણી કાઢવી નહિ પરંતુ ચારે બાજુએથી સંપુટ રૂપે ચણી લઇ ઉપર શિલા મુકી અંદર ખુલ્લી રાખવી અને નવમી ધરણી શિલાનો નાભિનળ મૂર્તિના સિંહાસન સુધી ખુલ્લો લાવવો. આ વિધિ કરવાથી સર્વ પાપોનો ક્ષય થાય છે. ૧૨૨.

## કૂર્મન્યાસ અને શિલાસ્થાપન વખતે બલિદાન વિધાન.

**बलिदानञ्च नैवेद्यं विविधं घृतसंयुतम् ॥**
**देवताभ्यः सुधीर्दद्यात् कूर्मन्यासे शिलासु च ॥१२३॥**

વિદ્વાન્ સૂત્રધારે કૂર્મના ન્યાસ તથા શિલાઓની સ્થાપના સમયે દેવતાઓને બલિદાન તથા વિવિધ પ્રકારનાં ઘૃતપકવ નૈવેદ્યો આપવાં. ૧૨૩.

## દિક્પાલને બલિ તથા શિલ્પીની પૂજા અને બ્રહ્મભોજનનું વિધાન.

**दिक्पालेभ्यो बलिं दद्याद् दिव्यवस्त्रञ्च शिल्पिने ॥**
**नालिकेरं फलं दद्याद् ब्रह्मभोजञ्च दक्षिणाम् ॥१२४॥**

કૂર્મશિલા બેસાડતી વખતે દિક્પાલોને પણ બલિદાન આપવું. શિલ્પીને દિવ્ય વસ્ત્ર, નાલીયેર અને ફળો આપવાં તથા બ્રહ્મભોજન કરાવી તેમને દક્ષિણા આપવી. ૧૨૪.

"Aho Shrutgyanam"

## પ્રાસાદજગતીવિધાન.

**प्रासादानामधिष्ठानं जगती सा निगद्यते ॥**
**यथा सिंहासनं राज्ञः प्रासादस्य तथैव सा ॥१२५॥**

પ્રાસાદોના અધિષ્ઠાનને જગતી ( ઓટલો ) કહે છે. રાજાનું અધિષ્ઠાન જેમ સિંહાસન છે તેમ પ્રાસાદનું સિંહાસન જગતી છે. ૧૨૫.

**चतुरस्रा तथाष्टास्रा वर्तुला चायता तथा ॥**
**जगती पञ्चधा प्रोक्ता प्रासादस्यानुरूपतः ॥१२६॥**

પ્રાસાદોની જગતી ચોરસ, અષ્ટકોણુ, ગોળ, લંબચોરસ અને પ્રાસાદને અનુ-રૂપ ( પ્રાસાદના તલના સ્વરૂપ પ્રમાણે ); એમ પાંચ પ્રકારની કહી છે. ૧૨૬.

**यादृशो मूलप्रासादो जगती चैव तादृशी ॥**
**भिन्नछंदा न कर्त्तव्या प्रासादे जगती च या ॥१२७॥**
**चतुरस्रा तथायत्ता वृत्ता वृत्तायता तथा ॥**
**अष्टास्रा च तथा कार्या छंदाः पञ्च प्रकीर्त्तिताः ॥१२८॥**
**चतुरस्रा वीरभद्रा सुपताका तथायता ॥**
**वृत्ता च पूर्णभद्रा वै वृत्तायत्ता तु भद्रिका ॥१२९॥**
**अष्टास्रा च जया प्रोक्ता विजया चैव स्वस्तिका ॥**
**अजिता षोडशास्रा च द्वात्रिंशास्राऽपराजिता ॥१३०॥**

જે પ્રકારનો મૂલ પ્રાસાદ હોય તે પ્રકારનીજ જગતી કરવી પરંતુ ભિન્ન છંદની કરવી નહિ; કારણુ કે જગતી પ્રાસાદનું સિંહાસન છે.

સમચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને અષ્ટકોણુ; આ જગતીના પાંચ છંદો કહેલા છે. સમચોરસ જગતીને **'વીરભદ્રા'** નામે કહી છે, લંબચોરસને **'સુપતાકા,'** ગોળને **'પૂર્ણભદ્રા'**, લંબગોળને **'ભદ્રિકા'** અને અષ્ટકોણુને **'જયા'** નામે કહી છે તથા એને **'સ્વસ્તિકા'** અને **'વિજયા'** પણુ કહી છે, સોળ કોણુની જગતીને **'અજિતા'** અને બત્રીસ કોણુની જગતીને **'અપરાજિતા'** કહી છે. ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦.

**प्रासादपृथुमानेन द्विगुणा च चतुर्गुणा ॥**
**क्रमात् पञ्चगुणा प्रोक्ता ज्येष्ठमध्यकनिष्ठिकाः ॥१३१॥**



"Aho Shrutgyanam"

પ્રાસાદની પહોળાઇના પ્રમાણથી બમણી, ચારગુણી અને પાંચગુણી જગતી કરવી. તે અનુક્રમે જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ માનની જાણવી. ૧૩૧.

**कनिष्ठे कनिष्ठा ज्येष्ठे ज्येष्ठा मध्ये च मध्यमा ॥**
**प्रासादे जगती कार्या स्वरूपा लक्षणान्विता ॥१३२॥**

કનિષ્ઠ માનના પ્રાસાદને કનિષ્ઠ, મધ્યમ માનના પ્રાસાદને મધ્યમ અને જ્યેષ્ઠ માનના પ્રાસાદને જ્યેષ્ઠ માનની જગતી લક્ષણોવડે યુકત સ્વરૂપવાળી કરવી. ૧૩૨.

**जगत्यास्त्रिचतुःपञ्चगुणं देवपुरं त्रिधा ॥**
**एकद्विवेदसाहस्त्रैर्हस्तैः स्याद्गजमंदिरम् ॥१३३॥**

પ્રાસાદથી ત્રણગુણી, ચારગુણી અને પાંચગુણી જગતી કરે તો એ ત્રણે '**દેવપુર**' નામની જગતીઓ ગણાય છે તથા એક, બે અને ચાર હજાર ચોરસ ગજના પ્રમાણથી જગતી કરવામાં આવે તો તે '**ગજમંદિર**' નામે કહેવાય છે. ૧૩૩.

**कलाष्टवेदहस्तैः स्याज्जगती राजपुरं समम् ॥**
**दैर्घ्ये तुल्या सपादेन सार्धांशेनाधिका शुभम् ॥१३४॥**

સોળ (૧૬), આઠ (૮) અને ચાર (૪) ગજની જગતી કરે તો તે '**રાજપુર**' સમાન કહેવાય અને લંબાઇ તથા પહોળાઈમાં સરખી તેમજ પહોળાઇથી સવાયી અથવા દોઢી લંબાઈમાં અધિક કરે તો તે પણ શુભ છે. ૧૩૪.

**रससप्तगुणा ज्ञेया जिनपर्यायसंस्थिता ॥**
**अर्काय च प्रकर्तव्या तथा च पुरुषत्रये ॥१३५॥**

પ્રાસાદથી છગુણી તથા સાતગુણી જગતી જિનના દેવાલયોને કરવી. સૂર્યના દેવાલયને તથા પુરૂષત્રય એટલે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવના દેવાલયને પણ તે પ્રમાણે કરવી. ૧૩૫.

**मण्डपानुक्रमेणैव सपादांशेन सार्धतः ॥**
**द्विगुणा बाह्यतः कार्या सहस्तायतने विधिः ॥१३६॥**

મંડપોના અનુક્રમે બહારના ભાગે જગતી નીકળતી મંડપથી સવાઈ, દોઢી અથવા બમણી કરવી. ૧૩૬.

"Aho Shrutgyanam"

**त्रिद्व्येकभ्रमसंयुक्ता ज्येष्ठमध्यकनिष्ठिकाः ॥**
**उच्छ्रायस्य त्रिभागेन भ्रमणीनां समृच्छ्रयः ॥१३७॥**

ત્રણ, બે અથવા એક ભ્રમણવાળી (પ્રાસાદને ફરતી) જગતી કરવી. તે અનુક્રમે જયેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ કહેવાય છે. તે ભ્રમણીઓની ઉંચાઇ જગતીની ઉંચાઇના ત્રીજા ભાગે એક બીજીથી ઓછી કરવી. ૧૩૭.

### જગતીના ખૂણા અને ફાલનાઓ વિષે.

**चतुःकोणैस्तथा सूर्यकोणैर्विंशतिकोणकैः ॥**
**अष्टाविंशतिषट्त्रिंशत्कोणैः स्युः पञ्च फालनाः ॥१३८॥**

૧ ચાર (૪), ૨ બાર (૧૨), ૩ વીસ (૨૦), ૪ અઠ્ઠાવીસ (૨૮) અને ૫ છત્રીસ (૩૬) ખૂણાઓવાળી જગતી કરવાથી પાંચ પ્રકારની જગતીની ફાલનાઓ થાય છે. ૧૩૮.

### જગતીની ઉંચાઇનું પ્રમાણ.

**प्रासादार्धार्कहस्तान्ता त्र्यंशे द्वाविंशतिः कराः ॥**
**द्वात्रिंशदन्ता तुर्यांशे भूतांशे च शतार्धका ॥१३९॥**

એક ગજથી બાર (૧૨) ગજ સુધી પ્રાસાદની પહોળાઇના માનથી અર્ધા માને જગતી ઉંચી કરવી અર્થાત્ દરેક ગજે બાર આંગળ સમજવી. બાર (૧૨) થી બાવીસ (૨૨) ગજ સુધી ત્રીજા ભાગે અર્થાત્ પ્રત્યેક ગજે આઠ (૮) આંગળ, બાવીસ (૨૨) થી બત્રીસ (૩૨) ગજ સુધી ચોથા ભાગે અર્થાત્ દરેક ગજે છ (૬) આંગળ અને બત્રીસ (૩૨)થી પચાસ (૫૦) ગજ સુધી પાંચમા અંશે અર્થાત્ દરેક ગજે પોણા પાંચ (૪।।।) આંગળની વૃદ્ધિ કરવી. આ જગતીની ઉંચાઇનું પહેલું પ્રમાણ સમજવું. ૧૩૯.

### જગતીની ઉંચાઇનું બીજું પ્રમાણ.

**एकहस्ते तु प्रासादे जगती तत्समोदया ॥**
**द्विहस्ते हस्तसार्द्धश्च त्रिहस्ते च द्विहस्तकम् ॥१४०॥**
**सार्धद्विकर उत्सेधः कार्यश्चतुःकरान्विते ॥**
**चतुर्हस्तोपरिष्टाच्च यावद् द्वादशहस्तकम् ॥१४१॥**
**प्रासादार्धप्रमाणेन त्रिभागेन ततः परम् ॥**
**चतुर्विंशतिपर्यन्तं कर्तव्यश्च सुलक्षणम् ॥१४२॥**

"Aho Shrutgyanam"

**पादेन चोच्छ्रयः कार्यो यावत्पञ्चाशहस्तकम् ॥
इदं मानञ्च कर्तव्यं जगतीनां समुच्छ्रये ॥१४३॥**

એક હસ્તના પ્રાસાદને જગતી એક ગજ ઉંચી કરવી. બે ગજનાને દોઢ, ત્રણ ગજનાને બે ગજ અને ચાર ગજના પ્રાસાદને અઢી ગજ ઉંચી જગતી કરવી અને પછી ચાર ગજથી બાર ગજ સુધી પ્રાસાદમાનના અર્ધા માને અર્થાત્ ગજે બાર આંગળ, બારથી ચોવીસ ગજ સુધી ત્રીજા ભાગે અર્થાત્ ગજે આઠ આંગળ અને ચોવીસથી પચાસ ગજ સુધી ચોથા ભાગે એટલે ગજે છ આંગળ ઉંચી જગતી કરવી. જગતીઓની ઉંચાઇમાં આ માન કરવું તે શુભ લક્ષણ છે. ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩.

**જગતીમાં ઘાટ કરવાના વિભાગો.**

**तदुच्छ्रायं भजेत् प्राज्ञस्त्वष्टाविंशतिभिः पदैः ॥
त्रिपदो जाड्यकुंभश्च द्विपदा कर्णिका तथा ॥१४४॥
पद्मपत्रसमायुक्ता त्रिपदा सरपट्टिका ॥
द्विपदं खुरकं कुर्यात् सप्तभागश्च कुंभकः ॥१४५॥
कलशः त्रिपदः प्रोक्तो भागैकान्तरपत्रिका ॥
कपोतालिः त्रिभागेन पुष्पकंठो युगांशकः ॥१४६॥
पुष्पको जाड्यकुंभश्च निर्गमश्चाष्टभिः पदैः ॥
कर्णेषु च दिशांपालाः प्राच्यादिषु प्रदक्षिणाः ॥१४७॥**

બુદ્ધિમાન્ શિલ્પીએ જગતીની ઉંચાઇના અઠ્ઠાવીસ ( ૨૮ ) વિભાગો કરવા. તેમાં ત્રણ ભાગનો જાડંબો, બે ભાગની કર્ણિકા, ત્રણ ભાગનું પદ્મપત્ર ( કમળપત્ર ) યુકત સરપટ્ટિકા ( છજ્જી અને ગ્રાસપટ્ટી ), બે ભાગનો ખુરક ( ખરો ), સાત ભાગનો કુંભક ( કુંભો ), ત્રણ ભાગનો કળશો ( કલશ ), એક ભાગની અન્તરપત્રિકા ( અંતરાલ અથવા અંધારી ), ત્રણ ભાગની કપોતાલી ( કેવાલ ) અને ચાર ભાગનો પુષ્પકંઠ ( દાશો ) કરવો. ૧૪૪, ૧૪૫, ૧૪૬.

પુષ્પકંઠ અને જાડ્યકુંભ નિર્ગમે ( નીકારે ) ચાર ચાર ભાગના રાખવા. કુલ આઠ ભાગ જાણવા અને કર્ણોમાં પૂર્વદિશાથી આરંભી ચારે દિશાઓમાં દિક્પાલોની મૂર્તિઓ કરવી. ૧૪૭.

**अतिस्थूला सुविस्तीर्णा प्रासादधारिणी शिला ॥
अतीव सुदृढा कार्या इष्टकाचूर्णवारिभिः ॥१४८॥**

"Aho Shrutgyanam"

પ્રાસાદને ધારણ કરનારી શિલાઓ (પહેલી જગતીના દાશાઓ) લાંબી, પહોળી તથા જાડી બનાવવી અને તેમને ઇંટો, ચૂનો અને પાણીથી મજબૂત ચોડવી અર્થાત્ કોઈપણ રીતે નીચેના ભાગમાં પોલાણ ન રહે તેવી રીતે ઇંટો, ચૂનો અને પાણીથી સભર ચોડવી. ૧૪૮.

## પ્રથમ ભીટમાન.

शिलोपरि भवेद् भीटमेकहस्ते युगाङ्गुलम् ॥
अर्धाङ्गुला भवेद् वृद्धिर्यावद्धस्तशतार्धकम् ॥१४९॥

જગતીની શિલા (દાશા) ઉપરથી એક ગજના પ્રાસાદને ચાર ( ૪ ) આંગળનું ઉંચું ભીટ કરવું અને ત્યારપછી પચાસ ( ૫૦ ) ગજ સુધી પ્રત્યેક ગજે અર્ધા ( ૦।। ) આંગળની વૃદ્ધિ કરવી. ૧૪૯.

## દ્વિતીય ભીટમાન.

अङ्गुलेनांशहीनेन चार्धार्धेन तथा क्रमात् ॥
पञ्चदिग्विंशतिर्यावत् शतार्धञ्च विवर्धनम् ॥१५०॥

એક ગજથી પાંચ ગજ સુધી ગજે એક આંગળ, પાંચથી દશ ગજ સુધી અંશ-હીન એટલે પોણો ( ૦।।। ) આંગળ, દશથી વીસ ગજ સુધી અર્ધો ( ૦।। ) આંગળ અને વીસથી પચાસ ગજ સુધી પા (૦।) આંગળની વૃદ્ધિ ભીટની ઉંચાઇમાં કરવી. ૧૫૦.

## તૃતીય અને ચતુર્થ ભીટમાન.

एकहस्ते तु प्रासादे भीटं वेदाङ्गुलं भवेत् ॥
हस्तादिपञ्चपर्यन्तं वृद्धिरेकैकमङ्गुलम् ॥१५१॥
पञ्चोर्ध्वं दशपर्यन्तं हस्ते पादोनमङ्गुलम् ॥
दशोर्ध्वं विंशपर्यन्तं कुर्याद्धस्तेऽर्धमङ्गुलम् ॥१५२॥
विंशोर्ध्वञ्च शतार्धान्तं चतुर्हस्तैकमङ्गुलम् ॥
शतार्धहस्तमानेन कुर्याच्च वृद्धिरङ्गुला ॥१५३॥

એક ગજના પ્રાસાદને ચાર ( ૪ ) આંગળ ઉંચું ભીટ કરવું અને પછી પાંચ ( ૫ ) ગજ સુધી ગજે એક આંગળ, પાંચથી દશ ગજ સુધી પોણો ( ૦।।। ) આંગળ, દશથી વીસ ગજ સુધી અર્ધો ( ૦।। ) આંગળ અને વીસથી પચાસ ગજ સુધી ચાર ગજે

"Aho Shrutgyanam"

એક આંગળ એટલે ગજે પા ( ૦। ) આંગળની વૃદ્ધિ કરવી. આ ત્રીજું ભીટમાન જાણવું તથા એક ગજથી પચાસ ગજ સુધી ગજે એક આંગળની વૃદ્ધિ કરવી એ ભીટનું ચોથું માન જાણવું. ૧૫૧, ૧૫૨, ૧૫૩.

**एकद्वित्रीणि भीटानि हीनहीनानि कारयेत् ॥**
**दस्योदयप्रमाणेन चतुर्थांशेन निर्गमम् ॥१५४॥**

એક, બે અને ત્રણ ઉપરા ઉપરી એક બીજાથી નાનાં ભીટ કરવાં અર્થાત્ એક બીજાથી પા ભાગે ઉપરનાં ભીટ નાનાં કરવાં અને તે દરેકને પોતાની ઉંચાઇના પ્રમાણથી ચોથા ભાગે નીકળતાં રાખવાં. ૧૫૪.

**एकभीटं द्विभीटं वा भीटत्रयमथोच्यते ॥**
**मुक्तिकं पुष्पकश्चैव ह्स्वं धर्मयशोऽपि च ॥१५५॥**

અનુક્રમે એક, બે અથવા ત્રણ ભીટ કરવાં. તેમનાં અનુક્રમે મુક્તિક, પુષ્પક અને ધર્મયશ; એવાં ત્રણ નામો જાણવાં. ૧૫૫.

**तृतीये च तदर्धेन चिप्पिकैः पुष्पकान्वितैः ॥**
**उच्छ्रयात् पादनिष्कासं कुर्याद्वै स्वस्वमानतः ॥१५६॥**

ભીટમાનમાં ત્રણ ભાગ કરી ઉપરના ત્રીજા ભાગમાં અર્ધભાગે પુષ્પયુક્ત ચિપ્પિકાઓ કરવી અને દરેક ભીટ પોતપોતાની ઉંચાઇના માને પા ભાગ નીકારે રાખવું. ૧૫૬.

**कर्णभद्रोपभद्राश्च रथोपरथकर्णिकाः ॥**
**भीटस्यापि त्विदं मानं पीठश्चैव तदूर्ध्वतः ॥१५७॥**

કર્ણ, ભદ્ર, ઉપભદ્ર તથા રથ, ઉપરથ અને કર્ણિકા; આ અંગો ભીટમાં પણ કરવાં અને ભીટ ઉપર પીઠ કરવી. ૧૫૭.

## પ્રાસાદ પીઠમાન.

**एकहस्ते तु प्रासादे पीठं वै द्वादशाङ्गुलम् ॥**
**हस्तादिपञ्चपर्यन्तं स्मृता पञ्चाङ्गुला करे ॥१५८॥**
**पञ्चोर्ध्वं दशपर्यन्तं वृद्धिर्वेदाङ्गुला भवेत् ॥**
**दशोर्ध्वं विंशपर्यन्तं हस्ते चैवाङ्गुलत्रया ॥ १५९ ॥**

"Aho Shrutgyanam"

**विंशोर्ध्वं षट्त्रिंशान्तं हस्ते कार्या तदर्द्धका ॥**
**षड्त्रिंशोर्ध्वं शतार्धान्तं तदर्धेन क्रमाङ्गुला ॥ १६० ॥**

એક ગજના પ્રાસાદને પીઠ બાર ( ૧૨ ) આંગળ ઉંચી કરવી અને પછી પાંચ ગજ સુધી ગજે પાંચ આંગળ, પાંચથી દશ ગજ સુધી ચાર આંગળ, દશથી વીસ ગજ સુધી ત્રણ આંગળ, વીસથી છત્રીસ ગજ સુધી દોઢ ( ૧॥ ) આંગળ અને છત્રીસથી પચાસ ગજ સુધી પોણા ( ૦॥। ) આંગળની વૃદ્ધિ કરવી. ૧૫૮, ૧૫૯, ૧૬૦.

## પીઠમાન બીજું.

**पीठमर्धे त्रिपादांशे एकद्वित्रिकरैर्गृहे ॥**
**चतुर्हस्ते त्रिसार्धान्तं पादान्तं पञ्चहस्तके ॥ १६१ ॥**
**दशविंशतिषट्त्रिंशत्शतार्धहस्तकावधि ॥**
**वृद्धिर्वेदत्रियुग्मैका संख्या स्यादङ्गुलैः क्रमात् ॥ १६२ ॥**

એક ગજના પ્રાસાદને અર્ધાંશે ( બાર આંગળ ) , બે ગજનાને ત્રીજા ભાગે ( સોળ આંગળ ), ત્રણ ગજના પ્રાસાદને ચોથા ભાગે ( ૧૮ આંગળ ), ચાર ગજનાને સાડા ત્રણ ભાગે ( લગભગ ર૭॥ આંગળ ) અને પાંચ ગજના પ્રાસાદને ચોથા ભાગે ( ત્રીસ આંગળ ) પીઠ કરવી. પાંચથી દશ ગજ સુધી ગજે ચાર આંગળ, દશથી વીસ ગજ સુધી ત્રણ આંગળ, વીસથી છત્રીસ ગજ સુધી બે આંગળ અને છત્રીસથી પચાસ ગજ સુધી ગજે એક આંગળ પીઠમાનમાં વૃદ્ધિ કરવી. ૧૬૧, ૧૬૨.

**पञ्चमांशं ततो हीनं कनीयः शुभलक्षणम् ।**
**पञ्चमांशाधिकश्चैव ज्येष्ठं त्वष्ट्रा विवक्षितम् ॥ १६३ ॥**

ઉપરના પ્રમાણથી પાંચમા અંશે ઓછી કરે તો કનિષ્ઠ માનની અને પાંચમા ભાગે અધિક ( ઉંચાઇમાં ) કરે તો જ્યેષ્ઠ માનની પીઠ થાય અને તે શુભ લક્ષણ છે એમ શ્રીવિશ્વકર્માએ કહ્યું છે. ૧૬૩.

**शुभदं सर्वतोभद्रं पद्मकञ्च वसुंधरम् ॥**
**सिंहपीठं ततो व्योम गरुडं हंसमेव च ॥ १६४ ॥**
**वृषभं यद् भवेत्पीठं मेरुमाधारकारणम् ।**
**पीठमानमिति ख्यातं प्रासादे आदिसीमया ॥ १६५ ॥**

"Aho Shrutgyanam"

અનુક્રમે ગજમાન પ્રમાણે ૧ શુભદ, ૨ સર્વતોભદ્ર, ૩ પદ્મક, ૪ વસુંધર, ૫ સિંહ, ૬ વ્યોમ, ૭ ગરૂડ, ૮ હંસ અને ૯ વૃષભ; આ નવ નામ પીઠનાં જાણવાં. વૃષભ પીઠ મેરૂ પ્રાસાદને આધારભૂત છે. તેવી રીતે દરેક પીઠ પોતપોતાના પ્રમાણાનુસાર પ્રાસાદને આધારરૂપ છે. આ પ્રમાણે પ્રાસાદની પહોળાઇની સીમાથી પીઠમાન કહ્યું છે. ૧૬૪, ૧૬૫.

## પીઠની ઉંચાઇમાં ગજાદિ થરોના વિભાગો કરવા વિષે.

**पञ्चांशं हीनमाधिक्यमेकैकं विधिवत्पुनः ।**
**त्रिपञ्चाशत्समुच्छ्रेऽत्र द्वाविंशश्चांशनिर्गमे ॥ १६६ ॥**
**नवांशा जाड्यकुंभस्य सप्तांशं कर्णकं भवेत् ।**
**सान्तरश्चैव छज्रिका सप्तांशा ग्रासपट्टिका ॥ १६७ ॥**
**सूर्यदिग्वसुभागैश्च गजवाजिनराः क्रमात् ।**
**वाजिस्थानेऽथवा कार्यं स्वस्य देवस्य वाहनम् ॥ १६८ ॥**


આવેલા પ્રમાણથી પાંચમા અંશે પીઠ હીન કરવાથી કનિષ્ઠ અને અધિક કરવાથી જ્યેષ્ઠ માનની થાય છે.

પીઠની ઉંચાઇમાં ત્રેપન (૫૩) વિભાગો કરવા અને બાવીસ ભાગ નીકારે રાખવા. જાડંબો ભાગ ૯, અંધારી સહિતકર્ણક (કણી) ભાગ ૭ અને છજ્જિકા સાથે ગ્રાસપટ્ટી ભાગ ૭ ની કરવી તથા બાર (૧૨), દશ (૧૦) અને આઠ (૮) ભાગનો અનુક્રમે ગજથર (હાથીનો થર), વાજિથર (અશ્વથર) અને નરથર કરવો અને અશ્વથરના સ્થાનમાં વિકલ્પે જે દેવતાનો પ્રાસાદ હોય તેના વાહનનો થર કરવો. ૧૬૬, ૧૬૭, ૧૬૮.

**पञ्चांशं कर्णिकाग्रे तु निर्गमे जाड्यकुंभकम् ।**
**त्रिसार्धं कर्णकं सार्धं चतुर्भिर्ग्रासपट्टिका ॥ १६९ ॥**
**कुञ्जराश्वनरा वेदरामयुग्मैश्च निर्गमः ।**
**अन्तरालमधस्तेषां मूर्ध्नोर्ध्वे कर्णयुग्मकम् ॥ १७० ॥**

કણીના અગ્રભાગથી નીકારે જાડંબો ભાગ પાંચ, કણી ભાગ સાડા ત્રણ (૩॥), અંતરાલ ભાગ અર્ધો (૦॥) અને છજ્જીકા સાથે ગ્રાસપટ્ટિકા ભાગ ચારની કરવી. ગજથર, અશ્વથર અને નરથર અનુક્રમે ચાર (૪), ત્રણ (૩) અને બે (૨) ભાગ નીકારે રાખવા તથા તે તે થરોના નીચે અંતરાલ અને મથાળે કણી તેમજ છજ્જિ કરવી. ૧૬૯, ૧૭૦.

"Aho Shrutgyanam"






"Aho Shrutgyanam"

## અલ્પ દ્રવ્યમાં સાધારણ પીઠમાન.

गजपीठं विना ह्यल्पद्रव्यैः पुण्यं महत्तरम् ॥
जाड्यकुंभः कणाली च ग्रासपट्टीस्तदा भवेत् ॥१७१॥
कामदं कर्णपीठं तु जाड्यकुंभः कणालिका ॥
लतिने निर्गमाद्धीनं सांधारे निर्गमाधिकम् ॥१७२॥

( યથાશક્તિ પ્રાસાદ કરવાનું વિધાન હોવાથી ) અલ્પ દ્રવ્યથી પણ મોટું પુણ્ય પ્રાપ્ત કરી શકાય છે. તેવા પ્રસંગે ગજપીઠ ન કરતાં જાડંબો, કણાલી (કણી) અને છજ્જી સહિત ગ્રાસપટ્ટી કરવી. આ પીઠને 'કામદ' પીઠ કહે છે અને જાડંબો તથા કણી કરવામાં આવે તો ' કર્ણપીઠ ' થાય છે. 'લતિનાદિ જાતિના પ્રાસાદોમાં કર્ણપીઠ નીકારે ઓછી અને સાંધારાદિ જાતિના પ્રાસાદોમાં અધિક કરવી. ૧૭૧, ૧૭૨.

## પ્રાસાદની ઉંચાઇના પ્રમાણથી પીઠમાન.

एकविंशतिसंभागाः प्रासादस्य समुच्छ्रये ॥
पञ्चादिनवभागान्तं पीठस्य पञ्चधोदयः ॥१७३॥

પ્રાસાદની ઉંચાઇમાં એકવીસ (૨૧) વિભાગો કરવા. તેમાં ૫, ૬, ૭, ૮ અને ૯ ભાગ સુધી પીઠની ઉંચાઇ કરવી. આ પ્રમાણે પીઠની ઉંચાઈ પાંચ પ્રકારે થાય છે. ૧૭૩.

सर्वेषां पीठमाधारः पीठहीनं निराश्रयम् ॥
पीठहीनं विनश्येत प्रासादभवनादिकम् ॥१७४॥

इतिश्री वास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते
शिल्परत्नाकरे प्रासादोत्पत्तिप्रासादरचनालक्षणाधिकारे
द्वितीयं रत्नं समाप्तम् ॥

સર્વ પ્રકારના પ્રાસાદોનો આધાર પીઠ છે અને પીઠરહિત દેવાલયો નિરાશ્રય-નિરાધાર થાય છે. નિરાધાર દેવાલયો ( પ્રાસાદો ) નો તથા ભવનાદિનો નાશ થાય છે. ૧૭૪.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું પ્રાસાદોત્પત્તિ અને પ્રાસાદરચનાલક્ષણાધિકારનું બીજું રત્ન સંપૂર્ણ.**

"Aho Shrutgyanam"

# तृतीयं रत्नम् ।

## अथ मण्डोवरादितो द्वारशाखालक्षणाधिकारः ।

अथातः संप्रवक्ष्यामि मण्डोवरस्य लक्षणम् ।
प्रासादस्य प्रमाणञ्च ज्ञातव्यं मूलनासिकम् ॥ १ ॥
रथोपरथनंदी च भद्रोपभद्रमेव च ॥
एते तु बाह्यतः ज्ञेया निर्गमाः पीठकादिकम् ॥ २ ॥

### મંડોવર માન.

હવે આગળ મંડોરાનું લક્ષણ કહીશ. પ્રાસાદની મૂલ નાસિકાથી (કર્ણ–રેખા)થી તેનું પ્રમાણ જાણવું. રથ, ઉપરથ અને નંદી તથા ભદ્ર, ઉપભદ્ર તેમજ પીઠાદિના નિર્ગમો પ્રમાણથી બહાર સમજવા. ૧, ૨.

### પ્રાસાદની ઉભણી (મંડોવર) નું પહેલું માન.

हस्तादिपञ्चपर्यन्तं विस्तारेणोदयः समः ॥
सुरेशमनुसप्तेषुरामचन्द्राङ्गुलाधिकः ॥ ३ ॥
पञ्चादिदशपर्यन्तं त्रिंशद्यावत्शतार्धकम् ॥
हस्ते हस्ते क्रमाद् वृद्धिर्मनुसूर्यनवाङ्गुला ॥ ४ ॥

એક ગજથી પાંચ ગજ સુધીના પ્રાસાદની ઉભણી પ્રાસાદની પહોળાઈ જેટલી ઉંચી કરવી અથવા એક ગજના પ્રાસાદને એક ગજ ચૌદ આંગળ, બે ગજના પ્રાસાદને બે ગજ ચૌદ આંગળ, ત્રણ ગજનાને ત્રણ ગજ સાત આંગળ, ચાર ગજનાને ચાર ગજ પાંચ આંગળ અને પાંચ ગજના પ્રાસાદને પાંચ ગજ ત્રણ આંગળ ઉભણી ઉંચી કરવી તથા પાંચ ગજથી દશ ગજ સુધી ગજે ચૌદ (૧૪) આંગળ, દશથી ત્રીસ ગજ સુધી બાર (૧૨) આંગળ અને ત્રીસથી પચાસ ગજ સુધી નવ (૯) આંગળની વૃદ્ધિ કરવી. ૩, ૪.

"Aho Shrutgyanam"

બીજું ઉભણીમાન.

एकहस्तादिपञ्चान्तं पृथुत्वेनोदयः समः ॥
हस्ते सूर्याङ्गुला वृद्धिर्यावत् त्रिंशत्करावधि ॥ ५ ॥
नवाङ्गुला करे वृद्धिर्यावद् हस्तशतार्धकम् ॥
पीठोर्ध्वे तूदयश्चैव छाद्यान्तो नागरादिषु ॥ ६ ॥

એક ગજથી પાંચ ગજ સુધી પ્રાસાદની પહોળાઈ બરોબર ઉંચી ઉભણી કરવી. પાંચથી ત્રીસ (૩૦) ગજ સુધી ગજે બાર (૧૨) આંગળ અને ત્રીસથી (૫૦) ગજ સુધી નવ (૯) આંગળ વૃદ્ધિ કરવી. નાગરાદિ જાતિના પ્રાસાદોમાં પીઠ ઉપરથી ઉભણીનો ઉદય (ઉંચાઈ) છાજાના મથાળા સુધી જાણવો. ૫, ૬.

ત્રીજું ઉભણીમાન.

एकहस्ते तु प्रासादे त्रयस्त्रिंशाङ्गुलोदयः ॥
द्विहस्ते तूदयः कार्यो सप्ताङ्गुलद्विहस्तकः ॥ ७ ॥
त्रिहस्ते च यदा मानमधिकं पञ्च चाङ्गुलाः ॥
चतुर्हस्तोदयः कार्य एकेनाङ्गुलिनाधिकः ॥ ८ ॥
विस्तरेण समः कार्यः पञ्चहस्तोदयस्तथा ॥
षड्हस्तस्योदयः कार्यो न्यूनो द्वावङ्गुलौ तथा ॥ ९ ॥
उदयः सप्तहस्ते च न्यूनः सप्ताङ्गुलश्च वै ॥
अष्टहस्तोदयः कार्यः षोडशाङ्गुलहीनकः ॥१०॥
हीन एकोनत्रिंशः स्यात् प्रासादे नवहस्तके ॥
दशहस्तोदयः कार्यश्चाष्टहस्तसमानकः ॥११॥
सपाददशहस्तश्च प्रासादे दशपञ्चके ॥
विंशहस्तोदये मानं सार्धद्वादशहस्तकम् ॥१२॥
पञ्चविंशोदये ज्ञेयं पादोनं दशपञ्चकम् ॥
त्रिंशहस्ते तथा मानं ज्ञेयं सप्तदशात्मकम् ॥१३॥
सपादमेकविंशश्च पञ्चत्रिंशकरात्मके ॥
व्योमवेदे यदा हस्ते सार्धा स्यादेकविंशतिः ॥१४॥
चतुर्विंशतिपादोनं बाणवेदकरात्मके ॥
शतार्धोदयमानं तु हस्ताः स्युः पञ्चविंशतिः ॥१५॥

"Aho Shrutgyanam"

એક ગજના પ્રાસાદને તેત્રીસ ( ૩૩ ) આંગળ, બે ગજનાને બે ગજ સાત આંગળ, ત્રણ ગજે ત્રણ ગજ પાંચ આંગળ, ચાર ગજે ચાર ગજ એક આંગળ, પાંચ ગજનાને પાંચ ગજ, છ ગજે છ ગજમાં બે આંગળ ઓછી અર્થાત્ પાંચ ગજ બાવીસ આંગળ, સાત ગજે સાત ગજમાં સાત આંગળ ઓછી અર્થાત્ છ ગજને સત્તર આંગળ, આઠ ગજનાને આઠ ગજમાં સોળ આંગળ ઓછી અર્થાત્ સાત ગજ આઠ આંગળ, નવ ગજે નવ ગજમાં ઓગણત્રીસ આંગળ ઓછી અર્થાત્ સાત ગજને ૧૯ આંગળ, દશ ગજનાને આઠ ગજ, પંદર ગજના પ્રાસાદને સવા દશ ગજ, વીસ ગજે સાડા બાર ગજ, પચીસ ગજે પોણા પંદર ગજ, ત્રીસ ગજે સત્તર ગજ, પાંત્રીસ ગજે સવા એકવીસ ગજ, ચાલીસ ગજે સાડી એકવીસ ગજ, પિસતાલીસ ગજે પોણી ચોવીસ ગજ અને પચાસ ગજના પ્રાસાદને પચીસ ગજ ઉંચી ઉભણી કરવી. ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫.

### ચોથું ઉભણીમાન.

**हस्तादिपञ्चपर्यन्तं विस्तारेण समुच्छ्रयः ॥**
**द्वादशाङ्गुलवृद्धिः स्याद् यावद्धस्तत्रयोदश ॥१६॥**
**एकादशाङ्गुला वृद्धिर्पर्यन्तमेकविंशतिः ॥**
**दशाङ्गुलैकविंशोर्ध्वं यावत्पञ्चाशहस्तकम् ॥१७॥**

એક ગજથી પાંચ ગજ સુધી પહોળાઇની બરોબર ઉભણીની ઉંચાઈ કરવી અને પાંચથી તેર ગજ સુધી ગજે બાર આંગળ, તેરથી એકવીસ ગજ સુધી અગિયાર આંગળ અને એકવીસથી પચાસ ગજ સુધી દશ આંગળ ઉભણીના માનમાં વૃદ્ધિ કરવી. ૧૬, ૧૭.

### આયદોષ સુધારવા હીનાધિક કરવા વિષે.

**अङ्गुलं द्वित्रिकं वापि कुर्यात् हीनाधिकं तथा ॥**
**आयदोषविशुद्ध्यर्थं ह्रस्ववृद्धी न दूषयेत् ॥१८॥**

ઉપરના માનમાં બે ત્રણ આંગળ ઓછું વધતું કરવું ઘટે તો કરવું, કારણ કે આયદોષની વિશુદ્ધિ માટે કરવામાં આવેલી વધઘટ દોષરૂપ થતી નથી. ૧૮.

### મંડોરાના અંગોનું પુનર્વિધાન કરવા વિષે.

**अंशोदये च कर्तव्यं प्रथमं षट् च छाद्यकम् ॥**
**यावत्समोदयश्चैव तावन्मण्डोवरं कृतम् ॥१९॥**

"Aho Shrutgyanam"

तथाद्यछाद्यसंस्थाने द्वे जंघे च प्रकीर्तिते ॥
दशजंघास्तथा शेषे शतार्धस्योदयान्तिमम् ॥२०॥
षड्विधं खेटछाद्यश्च द्विभूम्योरन्तरे मुने ॥
भरणिकोर्ध्वे भवेन्मञ्ची छाद्योर्ध्वेऽपि च मञ्चिका ॥२१॥
न च जंघा प्रदातव्या यावद् द्वादशसंख्यया ॥
किञ्चित्किञ्चिद्भवेन्न्यूनं कर्तव्यं भूमिकोच्छ्रये ॥२२॥
शतार्धे च महामानं महामेरौ तथाधिकम् ॥
विस्तारश्च तथा वच्मि शृणु त्वं ऋषिसत्तम ॥२३॥

મંડોરાની ઉંચાઇના પ્રમાણમાં એકથી છ સુધી છાજાં કરવાં અને પ્રાસાદ જેટલો પહોળો હોય તેટલી જો તેની ઉંચાઇ હોય તો તેવા સમ ઉદય વિસ્તારવાળા પ્રાસાદને મંડોરો કરવો અર્થાત્ એકથી પાંચ ગજ સુધીના પ્રાસાદને ફક્ત મંડોરોજ કરવો અને આથી મોટા માનના પ્રાસાદને પહેલા છાજાના સ્થાનમાં બે જંઘાઓ કરવી તથા પચાસ ગજના પહોળા પ્રાસાદની ઉભણીમાં ઉપરાઉપરી દશ જંઘાઓ કરવી અને ઉપર નીચેની બન્ને ભૂમિકાઓના અંતરમાં છ પ્રકારનાં ખેટછાદ્ય અર્થાત્ કૂટ, લાંબસીઓ તથા મંદરોયુક્ત છાદ્ય કરવાં. ભરણીના થર ઉપર તેમજ છાજા ઉપર મંચિકાનો થર કરવો અને પ્રાસાદને એક સાથે ઉપરાઉપરી બાર જંઘાઓથી વધારે કરવી નહિ તથા પ્રાસાદની ભૂમિકાઓ એક બીજાથી થોડા થોડા અંશે ક્રમે ક્રમે ઉપરની નાની કરતા જવું. આ મહામાન પચાસ ગજ પહોળા તથા મહામેર્વાદિ પ્રાસાદોનું જાણવું. હવે મંડોરાના અંગોનો વિસ્તાર કહું છું. ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩.

### ૧૪૪ ભાગનો મંડોરો કરવાના ઘાટના થરો.

वेदवेदेन्दुभक्तन्तु छाद्यान्तं पीठमस्तकात् ॥
खुरकः पञ्चभागः स्याद्विंशतिः कुंभकस्तथा ॥२४॥
कलशोऽष्टौ द्विसार्धन्तु कर्तव्यमन्तरालकम् ॥
कपोतिकाष्ट मञ्ची च कर्तव्या नवभागिका ॥२५॥
पञ्चत्रिंशद्यदा जंघा तिर्थ्यंशैरुद्गमो भवेत् ॥
वसुभिर्भरणिः कार्या शिरावट्टिर्दिगंशका ॥२६॥
अष्टांशा च कपोतालिर्द्विसार्धमन्तरालकम् ॥
छाद्यं त्रयोदशांशश्च दशभागो विनिर्गमः ॥२७॥

"Aho Shrutgyanam"

પીઠના મથાળેથી છાજાના મથાળા સુધી એકસો ચુંવાળીસ ( ૧૪૪ ) ભાગ કરવા. તેમાં ખરો ભાગ પાંચ, કુંભો ભાગ ૨૦, કલશો ભાગ ૮, અંતરાલ ભાગ ૨॥, કપોતિકા ( કેવાલ ) ભાગ ૮, મંચિકા ભાગ ૯, જંઘા ( જાંઘી ) ભાગ ૩૫, ઉદ્ગમ ( ડોઢિયો ) ભાગ ૧૫, ભરણી ભાગ ૮, શિરાવટ્ટી ભાગ ૧૦, કપોતાલિ (પુષ્પકંઠ) ભાગ ૮, અંતરાલ ભાગ ૨॥ અને છાદ્ય ( છાજું ) ભાગ ૧૩ કરવું અને નીકારે ભાગ ૧૦ નું કરવું. ૨૪, ૨૫, ૨૬, ૨૭.

## ૧૪૪ ભાગના મંડોવરના અંગોનું સ્વરૂપ લક્ષણ.

### ૧ ખુરક ( ખરો ).

**खुरकः पञ्चभागोर्ध्वो द्विभागः स्याच्च निर्गमे ॥**
**भागार्धान्तरपत्रं च कर्णः स्यात्तु द्विभागिकः ॥२८॥**
**वापीस्कंधश्च सार्धैको भागं स्यात्कणकोत्तमम् ॥**
**तस्याग्रं तु प्रकर्तव्यं पट्टिकोभयशोभनम् ॥२९॥**
**पट्टिका पदनिष्कासा कणकश्च सपादकम् ॥**
**महापाल्याश्च कुंभस्यापस्कन्धः कर्णनिर्गमः ॥३०॥**

ખરો પાંચ ભાગ ઉંચો અને બે ભાગ નીકારે કરવો. અર્ધા ભાગનું અંતરપત્ર, બે ભાગનો કર્ણ, દોઢ ભાગનો વાપીસ્કંધ અને એક ભાગનું ઉત્તમ કણક કરવું. કણકનો અગ્રભાગ બે પટ્ટિકાઓથી સુશોભિત કરવો અને પટ્ટિકાઓ નીકારે ભાગ એક રાખવી. કણક નીકારે સવા ભાગ રાખવું તથા કુંભાની મહાપાલી ( મોટી પંક્તિ)માં કર્ણ સુધી નીકળતો અપસ્કંધ કરવો. ૨૮, ૨૯, ૩૦.

### ૨ કુંભક ( કુંભો ).

**विंशतिभागकोत्सेधं तदूर्ध्वे कुंभकं न्यसेत् ॥**
**भागार्धः स्कंधपट्टश्च चिप्पिका भागिका मता ॥३१॥**
**सुललितं वृत्ताकारं स्कंधं कुर्याच्च कुंभके ॥**
**विचित्रपल्लवाकीर्णं चिप्पिका पद्मपत्रिका ॥३२॥**
**प्राच्यमध्यापराह्णेषु ब्रह्मविष्णुमहेश्वराः ॥**
**त्रिसंध्याभद्रशोभाढ्यं चित्रपरिकरैर्वृतम् ॥३३॥**
**नासिका रूपसंघाटा रथिकादलगर्भके ॥**
**पत्रमृणालशोभाढ्यं स्तंभिकातोरणं न्यसेत् ॥३४॥**

"Aho Shrutgyanam"

**सर्वं रूपमयं कुर्याद्विचित्राकाररूपिणम् ॥**
**आदिखुरकमानोत्थं प्रमाणं कुंभके वरम् ॥३५॥**

ખરા ઉપર વીસ ભાગની ઉંચાઇવાળો કુંભાનો થર મુકવો. અર્ધા ભાગનો સ્કંધપટ્ટ તથા એક ભાગની ચિપ્પિકા કરવી. કુંભાનું સ્કંધપટ્ટ ( કાંધનો પટ્ટો ) સુંદર ગોળાકાર અને વિચિત્ર પલ્લવોથી યુક્ત કરવું. ચિપ્પિકા કમળ પાંદડીઓથી યુક્ત કરવી. પહેલી, વચલી અને છેલ્લી એમ કુંભામાં ત્રણે બાજુઓમાં અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રની મૂર્તિઓ કરવી. ત્રિસંધ્યાનાં સ્વરૂપો વડે ભદ્ર શોભાસંપન્ન તેમજ વિચિત્ર પરિકરોથી યુક્ત કરવું. નાસિકાઓ એટલે કર્ણો પ્રતિરથના ખૂણાઓના મધ્ય ગર્ભે, રૂપસંઘાટા એટલે મૂર્તિઓવાળી કરવી. થાંભલીઓમાં કરવાનું તોરણ કમળ-પત્ર તથા કમળદંડથી શોભાયુક્ત કરી ઉપર પ્રમાણે સમગ્ર કુંભો સ્વરૂપમય તથા વિચિત્રાકાર સ્વરૂપનો કરવો. આદિ ખરાના માનમાંથી નીકળેલું કુંભાનું આ પ્રમાણ શ્રેષ્ઠ જાણવું. ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫.

### ૩ કલશ ( કલશો ) તથા અંતરાલ.

**कुंभोर्ध्वे कलशः कार्यश्चाष्टभागैर्विभाजितः ॥**
**मध्यं च चिप्पिकावृत्तं कार्यं षड्भागसंयुतम् ॥३६॥**
**तथोर्ध्वे चिप्पिका कार्या भागैकेन समन्विता ॥**
**पट्टबंधश्च शोभाढ्यो नानारत्नैस्तु संकुलः ॥३७॥**
**द्विसार्धान्तरपत्रश्च पुष्पकैर्दिव्यभूषितम् ॥**

કુંભાના ઉપર આઠ ભાગનો કલશ કરવો અને તેનો છ ભાગનો મધ્ય ભાગ ચિપ્પિકાઓથી ગોળ કરવો તથા તેના ઉપર એક ભાગની ચિપ્પિકા કરવી. નાના પ્રકારનાં રત્નયુક્ત અને શોભાસંપન્ન પટ્ટબંધ કરવો ને પુષ્પોના આકારોથી દિવ્ય શોભાવાળું અઢી ભાગનું અંતરપત્ર ( અંતરાલ ) કરવું. ૩૬, ૩૭.

### ૪ કપોતાલી ( કેવાલ ).

**अष्टभागा कपोताली भागार्धा स्कंधपट्टिका ॥३८॥**
**स्कंधो द्व्यसपादश्च पादैका मुखपट्टिका ॥**
**कर्णभागद्वयं कार्यं स्कन्धः सार्धद्वयोन्नतः ॥३९॥**
**भागार्धः स्कंधपट्टश्च कर्तव्यश्चावशंकितैः ॥**
**मुखपट्टी च कर्तव्या चाधोऽग्रे तु गगारकाः ॥४०॥**

"Aho Shrutgyanam"

**समताग्रे विधातव्या तेषान्तु चतुरङ्गुलैः ॥**
**ऊर्ध्वस्कंधो विधातव्यो दलगर्भसमुद्भवः ॥**
**समसुद्दालशीर्षे तु कर्तव्या च ठगारिका ॥४१॥**

કપોતાલી આઠ ભાગની કરવી. તેમાં અર્ધા ભાગની સ્કંધપટ્ટિકા ( ગલતનો કંદ ), સવા બે ભાગનો સ્કંધ, પા ભાગની મુખપટ્ટિકા, બે ભાગનો કર્ણ ( વચલી પટ્ટી ) કરવો અને તે સ્કંધ બહાર નીકળતો અઢી ભાગનો કરવો. અર્ધા ભાગનો સ્કંધપટ્ટ અવશંકિત સહિત ( ગલતો, અંદર પેશતો ) કરવો. મુખપટ્ટી કરવી તેમાં નીચેના અગ્રભાગે ગગારક કરવા અને તે બધા આગળના ભાગે ચાર ચાર આંગળ સરખા રાખવા. દલ (ભાગો) ના ગર્ભમાંથી નીકળતો ઉર્ધ્વસ્કંધ (ઉપરનો સ્કંધ) કરવો તથા કપોતાલીના દરેક અંગના મધ્ય ગર્ભે ઉપર ઠગારિકા કરવી. ૩૮, ૩૯, ૪૦, ૪૧.

## ૬ મંચિકા ( માંચી ).

**मञ्चिकाश्च प्रवक्ष्यामि भागैर्नवभिरुन्नता ॥**
**सपादान्तरपत्रश्च पादोनं कामरूपकम् ॥४२॥**
**पट्टिका भागपादेन स्कंधश्च द्व्यभागिकः ॥**
**मुखपट्टी भवेत्पादा सपादः कर्ण एव च ॥४३॥**
**सपादश्च भवेत्स्कंधः सपादान्तरपत्रिका ॥**
**कणकं भागसार्धन्तु पादा निर्वाणपट्टिका ॥४४॥**
**कपोताल्याश्च सूत्रेण कर्तव्या वै गगारकाः ॥**
**जंघास्तंभैर्निर्गमाढ्या भ्रमणैर्लंबनाक्रमैः ॥४५॥**

હવે મંચિકામાં કરવાના ઘાટો કહું છું. મંચિકા નવ ભાગ ઉંચી કરવી. તેમાં સવા ભાગનું અંતરપત્ર, પોણા ભાગનું કામરૂપ, પા ભાગની પટ્ટિકા, બે ભાગનો સ્કંધ; પા ભાગની મુખપટ્ટી, સવા ભાગનો કર્ણ, સવા ભાગનો સ્કંધ, સવા ભાગની અંતરપત્રિકા, અર્ધા ભાગનું કણક અને પા ભાગની નિર્વાણ પટ્ટિકા કરવી. કપોતાલીના સૂત્રે ગગારકો કરવા. જંઘાના થાંભલા નીકળતા રાખવા અને તેની નીચે લુંબો ( લાંબસીયો ) ગોળાકાર લટકતી કરવી. ૪૨, ૪૩, ૪૪, ૪૫.

## ૭ જંઘા ( જાંઘી ).

**जंघा कार्या तदूर्ध्वे च पञ्चत्रिंशोन्नता शुभा ॥**
**भ्रमनिर्वाणितैः स्तंभैर्नासिकोपाङ्गफालनाः ॥४६॥**



"Aho Shrutgyanam"

समस्तमूलनासासु स्तंभैः स्युश्चतुरस्त्रिकाः ॥
गजैश्च सिंहव्यालैश्च मकरैः समलङ्कृताः ॥४७॥
कर्णेषु चाष्टदिग्पालाः प्राच्यादिषु प्रदक्षिणाः ॥
नटेशं पश्चिमे भद्रे अंधकैः सह दक्षिणे ॥४८॥
चण्डयुक्तोत्तरे देवी दंष्ट्राननविशोभिता ॥
सूत्रदेवाश्च कर्तव्याः प्रतिरथे दिशाधिपाः ॥४९॥
मुनीन्द्रा वारिमार्गेषु प्रलीनास्तपशासने ॥
गवाक्षकांश्च भद्रेषु कुर्यान्निर्गमभूषितान् ॥५०॥
पञ्चारभणकैः स्तंभैर्छाद्यतिलकसंयुतैः ॥
ब्रह्मविष्णुमहादेवैरीलिकालवणैर्युतान् ॥५१॥

મંચિકા ઉપર પાંત્રીસ (૩૫) ભાગની ઉંચી જંઘા કરવી. ગોળાકાર થાંભલીઓ સહિત નાસિકાઓની ફાલનાઓ કરવી. બધી મૂલ નાસિકાઓમાં થાંભલીઓની ચોકીઓ કરવી અને તે હાથી, સિંહ અને વ્યાલ ( ગ્રાસ ) તથા મગરોથી અલંકૃત કરવી. જંઘાની કર્ણોમાં પૂર્વાદિ ક્રમથી અષ્ટ દિગ્પાલો કરવા. પશ્ચિમ બાજુના ભદ્રમાં નટેશ ( નૃત્ય કરતા રૂદ્ર ), દક્ષિણ ભદ્રમાં અંધકાસુરની સાથે લઢતા રૂદ્ર અને ઉત્તરે ચંડ દૈત્યનો નાશ કરતી તથા દંષ્ટ્રાઓથી શોભિત મુખવાળી દેવી કરવી. પ્રતિરથમાં સૂત્રદેવો તથા દિશાધિપો કરવા. વારિમાર્ગોમાં તપમાં ધ્યાનાવસ્થિત થએલા મુનીઓ કરવા. ભદ્રમાં ગવાક્ષો કરવાં અને તે નીકારે સુશોભિત તથા પંચારભણકો, સ્તંભો, છાદ્યો, તિલકો તેમજ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર અને ઇલિકાલવણો ( એટલે ગોખની થાંભલીઓ ઉપર અર્ધ ગોળાકાર તોરણો ) થી સંયુક્ત કરવાં. ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧.

नागरी च तथा लाटी वैराटी द्राविडी तथा ॥
शुद्धा तु नागरी जंघा परिकर्मविवर्जिता ॥५२॥
स्त्रीयुग्मसंयुता लाटी वैराटी पत्रसंकुला ॥
मंजरीबहुला कार्या जंघा वै द्राविडी सदा ॥५३॥
नागरी मध्यदेशे तु लाटी लाटे प्रकीर्त्तिता ॥
द्राविडी दक्षिणे भागे वैराटी सर्वदेशजा ॥५४॥

નાગરી, લાટી, વૈરાટી અને દ્રાવિડી; આ ચાર પ્રકારની જંઘાઓ જાણવી. પરિકર્મરહિત શુદ્ધ નાગરી, સ્ત્રીની જોડી યુક્ત લાટી, પત્રોથી વ્યાપ્ત બનાવેલી

"Aho Shrutgyanam"

અર્થાત્ પત્રોના જૂથવાળી વૈરાટી અને ઘણી મંજરીઓવાળી દ્રાવિડી જંઘા કરવી. મધ્ય દેશમાં નાગરી, લાટ ( ગુજરાત ) દેશમાં લાટી, દક્ષિણ દેશમાં દ્રાવિડી અને સર્વ દેશોમાં વૈરાટી જંઘા કરવી. ૫૨, ૫૩, ૫૪.

## ૮ ઉદ્‌ગમ ( ડોઢિયો ).

दशपञ्चोन्नतः कार्य उद्गमः सर्वकामदः ॥
छाद्यभागस्तथार्धेन कपोताली तदर्धतः ॥५५॥
पादमन्तरपत्रश्च सार्धपञ्चोद्गमोदयः ॥
द्वितीयश्चोद्गमः कार्यश्चाष्टसार्धसमुच्छ्रितः ॥५६॥
अर्धमन्तरपत्रश्च तत्प्रमाणान्धकारिका ॥
ग्रासस्य पट्टिका कार्या उच्छ्रये त्रयभागिका ॥५७॥
विचित्रकपिरूपाणि निर्गमोद्गमकर्णिकाः ॥
उत्पतद्दलरूपाश्च दृश्यन्ते भावरूपकाः ॥५८॥

ડોઢિયો ભાગ પંદર ઉંચો કરવો. અર્ધા ભાગનું છાજું, પા ભાગની કપોતાલી, પા ભાગનું અંતરપત્ર અને સાડા પાંચ ભાગનો પહેલો ડોઢિયો ઉંચો કરવો. બીજો ડોઢિયો સાડા આઠ ભાગનો ઉંચો કરવો. અર્ધા ભાગનું અંતરપત્ર અને અર્ધા ભાગની અંધારિકા કરવી. ગ્રાસપટ્ટી ઉંચી ત્રણ ભાગની કરવી. ડોઢિયાને નીકારે કર્ણિકાઓ કરવી. વિચિત્ર રૂપોના કપિઓ—વાંદરાઓ કુદાકુદ કરતા તથા નાના પ્રકારના ભાવો બતાવતા માલમ પડે તેવા સ્વરૂપમાં સમૂહરૂપે કરવા. ૫૫, ૫૬, ૫૭, ૫૮.

## ૯ ભરણી.

भरणी चाष्टभागोच्छ्रा चाधश्छन्दोवृतोद्भवम् ॥
उद्गमे ग्रासपट्टिश्च भरणस्कंधिकावटी ॥५९॥
वृताकारा न कर्तव्या समदला निर्गमोद्भवा ॥
पादोनं कामरूपश्च पादा स्यात्स्कंधपट्टिका ॥६०॥
चिप्पिका चार्धभागा तु सपादं कणकं तथा ॥
पट्टिकान्तरपट्टिश्च पादपादं विकल्पयेत् ॥६१॥
द्विभागः स्कंध आकार्यो भागार्धं कर्णकोत्पलम् ॥
पट्टिकान्तरपट्टिश्च पादपादं विकल्पयेत् ॥६२॥

"Aho Shrutgyanam"

भागार्धेश्च भवेत्स्कंधो वर्त्म पादोनभागकम् ॥
अन्तर्पत्रार्धभागं च कर्तव्यं सर्वकामदम् ॥६३॥
नासिकोपाङ्गसर्वेषु पल्लवाः कामरूपकाः ॥
अशोकपल्लवाकाराः कर्तव्याः सर्वकामदाः ॥६४॥
तमालपत्रकाकाराः कणके स्कंधबंधकाः ॥
तल्लीनाकारपत्रैश्च वृतस्य चोर्ध्वमार्गके ॥६५॥

ભરણી ૮ ભાગ ઉંચી કરવી અને ભરણીનો નીચેનો છંદ ગોળાકાર કરવો. નીકળતી ગ્રાસપટ્ટી તેમજ ભરણીની સ્કંધાવટી ગોળ કરવી. સમગ્ર ભરણી ગોળાકાર કરવી નહિ પરંતુ નીકારે સમદલ કરવી. પોણા ભાગનું કામરૂપ, પા ભાગની સ્કંધ-પટ્ટિકા, અર્ધા ભાગની ચિપ્પિકા, સવા ભાગનું કણુક તથા પા પા ભાગની પટ્ટિકા અને અંતરાલ કરવું. બે ભાગનો સ્કંધ, અર્ધા ભાગનું કર્ણોત્પલ અને પટ્ટિકાની અંતરાલ પા પા ભાગની કરવી. અર્ધા ભાગનો સ્કંધ, પોણા ભાગનું વર્ત્મ તથા અર્ધા ભાગનું અંતરપત્ર કરવું, તે સર્વ કામનાઓને આપનારૂં છે. નાસિકાઓના સર્વ ઉપાંગોમાં કામ-રૂપ પલ્લવો કરવાં તે આશોપાલવના પત્રના જેવા આકારવાળાં કરવાં,તે સર્વ કામનાઓને આપનારાં છે. કણુકમાં તમાલપત્રના આકારવાળા ભરણીના ઉપરના ગોળ ભાગે કણુકમાં લીન થતા પત્રોથી સ્કંધના બંધકો–બંધો કરવા. ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫.

## ૧૦ શિરાવટ્ટી.

शिरावट्टिश्च दिग्भागा चोच्छ्रये च प्रकीर्तिता ॥
भारपुत्तलिकैर्युक्ता कर्तव्या च त्रिभागिका ॥६६॥
पादोनस्तु भवेत्स्कंधः कर्णः पादोनभागिकः ॥
अन्तर्पत्रार्धभागं च कर्तव्यं सर्वकामदम् ॥६७॥
तदूर्ध्वे तु पदे पट्टं पञ्चभागैश्च संवृता ॥
तंत्रकेन प्रयुक्ता च मुक्तालङ्कारभूषिता ॥६८॥

શિરાવટી ભાગ દશની ઉંચી કરવી. તેમાં ત્રણ ભાગની ભારપુત્તલિકાઓથી યુક્ત કરવી. પોણા ભાગનો સ્કંધ, પોણા ભાગનો કર્ણ અને અર્ધા ભાગનું અંતરપત્ર કરવું, તે સર્વ કામનાઓને આપનારૂં છે. તેના ઉપરના ભાગે પટ્ટ કરવો. ગોળાઇમાં શિરાવટી ભાગ પાંચની કરવી અને તેને તંત્રપ્રયુક્ત તથા મોતીના અલંકારોથી વિભૂષિત કરવી. ૬૬, ૬૭, ૬૮.

"Aho Shrutgyanam"

### ૧૧ માલા કપોતાલી તથા ૧૨ અંતરાલ.

**तदूर्ध्वं तु कपोताली पूर्वमानविकल्पिता ॥**
**द्विसार्धान्तरपत्रं च कर्तव्यं सर्वकामदम् ॥६९॥**

શિરાવટીના ઉપર પૂર્વ માન પ્રમાણે કપોતાલી ( માલા કેવાલ ) કરવી અને અંતરપત્ર અઢી ભાગનું કરવું, તે સર્વ કામનાઓને આપનારૂં છે. ૬૯.

### ૧૩ છાદ્ય ( છાજું ).

**कूटछाद्योदये मानं भागाश्चैव त्रयोदश ॥**
**भागार्धा स्कंधपट्टिश्च स्कंधश्च त्रयभागिकः ॥७०॥**
**भागार्धा मुखपट्टिश्च चतुर्भागश्च छाद्यकम् ॥**
**दण्डिका भागिका ज्ञेया चाष्टार्धान्तरपत्रिका ॥७१॥**
**कर्णभागः सपादश्च स्कंधश्च द्वयभागिकः ॥**
**स्कंधपट्टिश्च पादा स्यात् कर्तव्या सर्वकामदा ॥७२॥**

કૂટછાદ્યની ઉંચાઈના માનમાં તેર ભાગ કરવા. તેમાં અર્ધા ભાગની સ્કંધપટ્ટી, ત્રણ ભાગનો સ્કંધ, અર્ધા ભાગની મુખપટ્ટી, ચાર ભાગનો છાજાનો ઉદય, એક ભાગની દંડિકા, ચાર ભાગની અંતરપત્રિકા, સવા ભાગનો કર્ણ, બે ભાગનો સ્કંધ અને પા ભાગની સ્કંધપટ્ટી કરવી, તે સર્વ કામનાઓને આપનારી છે. ૭૦, ૭૧, ૭૨.


**कपोताल्याग्रनिष्कासं कुर्यात्तु दशभागिकम् ॥**
**चतुर्भागो ह्यधःस्कंधः सार्धश्च मणिबंधकः ॥७३॥**
**चिप्पिका तस्य तुल्याग्रे कर्तव्या सर्वकामदा ॥**
**उच्छ्रयं कथयिष्यामि शृणुष्वैकाग्रमानसः ॥७४॥**

કપોતાલીથી નીકળતું છાજું ભાગ ૧૦ નું કરવું. છાજાનો નીચેનો સ્કંધ ચાર ભાગનો કરવો અને મણિબંધ દોઢ ભાગનો કરવો. મણિબંધના અગ્ર ભાગે તેના બરોબર ચિપ્પિકા કરવી, તે સર્વકામદા જાણવી. હવે છાજાના ઉપરના ભાગનું પ્રમાણ કહું છું, તે એકાગ્ર મનવાળો થઈ શ્રવણ કર. ૭૩, ૭૪.

**कामरूपं भवेद्भागं पादैका स्कंधपट्टिका ॥**
**चिप्पिका चैव भागार्धा पादैका मुखपट्टिका ॥७५॥**

"Aho Shrutgyanam"


१४४ भाग नो मंडोवर. अने तुल भाग १०




नर्मदाशंकर मु. सोमपुरा
शिल्प शास्त्री

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



મંડોવર.
શ્રી નેમનાથ જૈન દેરાસર, કુંભારીયાજી.

"Aho Shrutgyanam"

कर्णं द्विभागमित्युक्तं भागार्धं दण्डकं मतम् ॥
मणिबंधस्य संस्थाने त्रिभागे सारिलंबनम् ॥७६॥

એક ભાગનું કામરૂપ, પા ભાગની સ્કંધપટ્ટી, અર્ધા ભાગની ચિપ્પિકા, પા ભાગની મુખપટ્ટિકા, બે ભાગનો કર્ણ અને અર્ધા ભાગનો દંડક કરવો તથા મણિબંધના સ્થાને ત્રણ ભાગનું સારિલંબન કરવું. ૭૫, ૭૬.

प्रवेशं चैव षड्भागैर्द्व्यष्टकश्चैव निर्गतम् ॥
वार्यन्तरश्च षड्भागैः प्रवेशं च षडंशकम् ॥७७॥
स्वस्वस्थाने स्थितं सर्वं बलं दद्याद् बृहत्क्रमम् ॥
विभक्तिषोडशांशेन पृथुत्वमुदकान्तरे ॥७८॥

છ ભાગનો છાદ્યનો પ્રવેશ કરવો અને નીકારે દશ ભાગ રાખવા. વારિમાર્ગ છ ભાગનો તથા પ્રવેશ પણ છ ભાગનો કરવો.

પોતપોતાના સ્થાનમાં સ્થિત થયેલું સમગ્ર સ્વરૂપ ક્રમ પ્રમાણે મોટું બલ આપનારૂં છે અર્થાત્ પ્રાસાદને મજબૂત કરનાર છે. ભાગના સોળમા ભાગે પાણીતારની પહોળાઈ કરવી. ૭૭, ૭૮.

## ૧૧૪ ૧૨૯ ભાગનો મેરૂમંડોવરો.

मेरुमण्डोवरे माची भरण्युर्ध्वेऽष्टभागिका ॥
पञ्चविंशतिका जंघा चोद्गमश्च त्रयोदश ॥७९॥
अष्टांशा भरणी शेषं पूर्ववत् कल्पयेत्सुधीः ॥

મેરૂમંડોરાને ભરણીથી ઉપરના અંગોમાં માંચી ભાગ ૮, જંઘા ભાગ ૨૫, ડોઢિયો ભાગ ૧૩ અને ભરણી ભાગ ૮ ની કરવી તથા શેષ થરોનું પ્રમાણ બુદ્ધિમાન્ શિલ્પીએ પૂર્વ પ્રમાણે અર્થાત્ ૧૪૪ ભાગના મંડોરા પ્રમાણે જાણવું. ૭૯.

## ૧૦૮ ભાગનો મંડોવરો.

खुरकश्च चतुर्भागं कुंभकं दशपञ्चकम् ॥८०॥
प्रवेशश्च चतुर्भागं स्कंधं च पत्रसंयुतम् ॥
कुंभलिसश्च षड्भागं त्रिभागान्तरपत्रकम् ॥८१॥

"Aho Shrutgyanam"

कपोताली च षड्भागा मञ्चिकापि तथैव च ॥
द्वात्रिंशत्पादिकोच्छ्राया कार्या जंघा विचक्षणैः ॥८२॥
उद्गमं रुद्रभागं च कपिग्रासैरलङ्कृतम् ॥
भरणी चैव षड्भागा कपोताली षडेव तु ॥८३॥
त्रिभागान्तरपत्रं च कर्तव्यं च विचक्षणैः ॥
खूटछाद्यश्च दिग्भागं सप्तभागाधिनिर्गमः ॥८४॥

એકસો આઠ ભાગના મંડોરામાં ચાર ભાગનો ખરો અને પંદર ભાગનો કુંભો કરવો. કુંભાનો ઘાટ ચાર ભાગ અંદર પેશતો રાખવો તથા સ્કંધ પદ્મનાં પાંદડાંઓથી અલંકૃત કરવો. છ ભાગનો કળશો, ત્રણ ભાગની અંતરાલ, છ ભાગની કપોતાલી અને છ ભાગની મંચિકા કરવી. બુદ્ધિમાનોએ બત્રીસ ભાગની જંઘા કરવી તથા અગિયાર ભાગનો ડોઢિયો વાંદરા અને ગ્રાસમુખોથી સુશોભિત કરવો. છ ભાગની ભરણી, છ ભાગની કપોતાલી અને ત્રણ ભાગની અંતરાલ કરવી. છાજું દશ ભાગનું કરવું અને નીકળતું સાત ભાગથી વધારે રાખવું. ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪.

### ૨૭ ભાગનો મંડોવરો કરવા વિષે.

पीठतो छाद्यपर्यन्तं सप्तविंशतिभाजिते ॥
द्वादशखुरकादीनां भागसंख्या क्रमेण च ॥८५॥
स्यादेकवेदसार्धार्धसार्धसार्धाष्टभिस्त्रिभिः ॥
सार्धसार्धार्धभागद्विसार्धद्व्यंशैर्विनिर्गमः ॥८६॥

પીઠથી છાજા સુધી ૨૭ ભાગ કરવા અને તેમાં ખરાદિ બાર થરોની ભાગસંખ્યા ક્રમે નીચે પ્રમાણે જાણવી. ખરો ૧, કુંભો ૪, કલશો ૧।।, અંતરાલ ૦।।, કેવાલ ૧।।, મંચી ૧।।, જાંઘી ૮, ડોઢિયો ૩, ભરણી ૧।।, પુષ્પકંઠ ૧।।, અંતરાલ ૦।। અને છાજું ૨।। તથા નીકારે બે ભાગ કરવું. ૮૫, ૮૬.

### ચતુર્મુખ પ્રાસાદને ૫૭ ભાગના મંડોવરાના વિભાગો.

चतुर्मुखे तु प्रासादे मण्डोवरमतः शृणु ॥
खुरकश्च द्विभिर्भागैः कुंभकः सप्त एव च ॥८७॥
कलशश्च त्रिभागोच्छ्रो भागैकान्तरपत्रकम् ॥
कपोताली त्रिभागेन चार्धं वै त्वंतरालकम् ॥८८॥

"Aho Shrutgyanam"

मञ्चिकायास्त्रिभागाश्च जंघा पञ्चदशोत्तमा ॥
उद्गमः पञ्चभागश्च त्रिभागा भरणी भवेत् ॥८९॥
अर्धमन्तरपत्रं वै चतुर्भिश्च शिरावटी ॥
तेषां चतुर्मुखानां च प्रासादे छादनं शुभम् ॥९०॥
कपोताली त्रिभागा च माला च त्रयमेव च ॥
चतुर्भिः कूटछाद्यश्च प्रहारो वेदसंज्ञकः ॥९१॥

હવે ચતુર્મુખ પ્રાસાદને કરવાના મંડોવરનું પ્રમાણ સાંભળો. ખરો ૨, કુંભો ૭, કલશો ૩, અંતરપત્રિકા ૧, કપોતાલી ૩, અંતરાલ ૦॥, મંચિકા ૩, જંઘા ૧૫, ડોઢિયો ૫, ભરણી ૩, અંતરપત્રિકા ૦॥ અને શિરાવટી ૪ ભાગની કરવી. ચતુર્મુખ પ્રાસાદને શિરાવટીના મથાળેથી ઢાંકી દેવો શુભ છે. છાદન કર્યા પછી કપોતાલી ૩, માલા ( માલા કેવાલ ) ૩ અને છાજું ૪ ભાગનું કરવું તથા પ્રહાર ( નીકારે ) ૪ ભાગનો કરવો. ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧.

## સામાન્ય મંડોવરો કરવા વિષે.

शिरावट्युद्गमौ माञ्चीं जंघारूपाणि वर्जयेत् ॥
अल्पद्रव्ये महत्पुण्यं कथितं विश्वकर्मणा ॥९२॥

સામાન્ય મંડોવરો કરવો હોય તો શિરાવટી, ડોઢિયો, માંચી અને જંઘા; આટલાં સ્વરૂપો મંડોવરામાં છોડી દેવાં. કારણ કે શ્રીવિશ્વકર્માએ કહ્યું છે કે અલ્પ દ્રવ્યમાં પણ મોટું પુણ્ય પ્રાપ્ત થાય છે. ૯૨.

## મંડોવરાના થરવાળાઓ ઓલંબે કરવા વિષે.

कुंभादिस्थावराणां च निर्गमः समसूत्रतः ॥
पीठस्य निर्गमो बाह्ये तथैवाच्छादकस्य च ॥९३॥


કુંભાદિ થરવાળા નિર્ગમે ( નીકારે ) ઓલંબામાં એકસૂત્રે કરવા અને પીઠ તથા છાજાનો નિર્ગમ કુંભાદિથી બહારના ભાગે નીકળતો કરવો. ૯૩.


## પ્રાસાદની પહોળાઇમાં નાસિકા પાડવા વિષે.

कुंभकादिप्रमाणं च पृथुत्वं नासिकासु वै ॥
त्रिपञ्चसप्तनंदान्तमुपाङ्गफालना बहिः ॥९४॥




"Aho Shrutgyanam"


१२९ भागनो मेरु मंडोवरो
२७ भागनो मंडोवरो
चतुर्मुख प्रासादने ५७ भागनो मंडोवरो
सामान्य मंडोवरो १२९ भागमां
पाट. छाजियाथी ढांकवानो भाग
नर्मदाशंकर मु. सोमपुरा
शिल्प शास्त्री



ચતુર્મુખ પ્રાસાદનો મંડોવર જૈન દેરાસર, માઉન્ટ આબુ.

"Aho Shrutgyanam"



પૃષ્ઠ દર્શન મંડોવર જૈન દેરાસર રાણકપુર, મારવાડ.

"Aho Shrutgyanam"

કુંભાદિ થરોનું પ્રમાણ તથા (પ્રાસાદની) પહોળાઇ મૂલ નાસિકાઓએ (એટલે કર્ણોએ) જાણવી. ત્રણ, પાંચ, સાત અને નવ સુધી ઉપાંગોની ફાલનાઓ બહાર નીકળતી રાખવી. ૯૪.

कर्णं प्रतिरथश्चैव कर्णिका चैव नंदिका ॥
उपरथश्च भद्रं वै सुभद्रश्चैव संमुखम् ॥९५॥
एताः स्युर्वै प्रयोक्तव्याः कर्णोपाङ्गादिनासिकाः ॥
मूलसीमादितो बाह्यं न ता वास्तुपरिग्रहे ॥९६॥

કર્ણ, પ્રતિરથ, કર્ણિકા, નંદી, ઉપરથ, ભદ્ર અને સુભદ્ર અગ્રભાગે નીકળતાં કરવાં. કર્ણાદિ ઉપાંગોની આ નાસિકાઓ (ફાલનાઓ) પ્રાસાદની મૂલ સીમાદિથી બહાર રાખવી. કારણ કે ફાલનાઓ વાસ્તુના ઘેરાવામાં આવતી નથી. ૯૫, ૯૬.

## પ્રાસાદના ભદ્રની પાંચ નાસિકાઓ.

अथातः संप्रवक्ष्यामि भद्रार्धं शिखरं तथा ॥
भद्रार्धं च ततो वत्स ज्ञातव्यं मूलनासिकम् ॥९७॥
भद्रे द्वात्रिंशभागाश्च कर्तव्याश्च विचक्षणैः ॥
मूलनासा द्विभागा च त्रिभागा द्वितीया तथा ॥९८॥
वेदभागा तृतीया च भद्रश्चैव चतुर्दश ॥
पंचमी फालना कार्या उपाङ्गं सदृशं भवेत् ॥९९॥
यावद्धस्तप्रमाणेन विस्तारः क्रियते कटौ ॥
तावदंगुलमानेन फालनानां तु निर्गमः ॥१००॥

હવે ભદ્રાર્ધ અને શિખરનું પ્રમાણ કહું છું. તેમાં હે વત્સ, ભદ્રાર્ધનું પ્રમાણ મૂલ નાસિકાએ જાણવું. ભદ્રમાં બત્રીસ ભાગ કરવા અને તેમાં મૂલ નાસિકા બે ભાગની, બીજી ત્રણ ભાગની, ત્રીજી ચાર ભાગની અને ભદ્ર ચૌદ ભાગનું આખું કરવું. પાંચમી ફાલના તથા તેનાં ઉપાંગો પહેલા પ્રમાણે કરવાં. જેટલા ગજનો ભદ્રનો વિસ્તાર હોય તેટલા આંગળ ફાલનાઓના ભાગ નીકળતા રાખવા. ૯૭, ૯૮, ૯૯, ૧૦૦.

## સપ્ત નાસિકાઓ.


सप्तनासाः प्रवक्ष्यामि भद्रार्धं षड्विभागकम् ॥
प्रथमा वसुभिर्भागैर्द्वितीया रुद्रसंख्यया ॥१०१॥


"Aho Shrutgyanam"

**तृतीया वसुभिर्भागैश्चतुःसार्धैश्च मूलजा ॥**
**षष्ठी च सप्तमी चैव फालना नामनामतः ॥१०२॥**

હવે ભદ્રમાં પાડવાની સાત નાસિકાઓનું પ્રમાણ કહું છું. અર્ધું ભદ્ર છ ભાગનું, પહેલી ફાલના ૮ ભાગની, બીજી અગીયાર ભાગની, ત્રીજી આઠ ભાગની અને મૂળની નાસિકા સાડા ચાર ભાગની કરવી. છઠ્ઠી તથા સાતમી વિગેરે ફાલના પૂર્વમાને કરવી. ૧૦૧, ૧૦૨.

### પ્રાસાદના ભદ્રમાં નાસિકાઓ પાડવાનો નકશો.




### પ્રાસાદોના ગભારાના પાંચ પ્રકાર.

**वास्तोः पञ्चविधं क्षेत्रं चतुरस्रमथायतम् ॥**
**वृत्तं वृत्तायतश्चैवाष्टास्रं देवालयादिषु ॥१०३॥**


દેવાલયાદિમાં વાસ્તુક્ષેત્ર ( દેવાલયનો ગભારો ) સમચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને અષ્ટકોણ; આ પ્રમાણે પાંચ પ્રકારે થાય છે. ૧૦૩.

### ગભારામાં ભદ્રાદિ ફાલનાઓ કરવા વિષે.

**भद्रकं चतुरस्रञ्च सुभद्रं प्रतिभद्रकम् ॥**
**फालनीयं गर्भगृहं मर्म तत्र न पीड्यते ॥१०४॥**

ચોરસ તથા ભદ્ર, સુભદ્ર અને પ્રતિરથ વિગેરે ફાલનાઓ ગભારામાં કરવી. તેથી વાસ્તુપુરૂષનાં મર્મ અંગો પીડાતાં નથી. ૧૦૪.

"Aho Shrutgyanam"



પાર્શ્વદર્શન-મંડોવર. જૈન દેરાશર. રાણકપુર. ( મારવાડ ).

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

**अङ्गुलैकद्वित्रीणि वा गर्भगृहं यदायतम् ॥**
**यमचुल्ली तदा नाम भर्तुर्गृहं विनाशकम् ॥१०५॥**

એક, બે અથવા ત્રણ આંગળ લાંબો ગભારો કરવામાં આવે તો યમચુલ્લી નામનો ગભારો કહેવાય અને તે માલીકનો વિનાશકર્તા છે. ૧૦૫.

**मध्ये युगस्तंभच्छाद्यं सुभद्रप्रतिभद्रकम् ॥**
**फालनीयं गर्भगृहं दोषदं गर्भमायतम् ॥१०६॥**

ગભારાની અંદર (૪) ચાર સ્તંભ આખા અર્થાત્ ગભારો નાનો હોય તો ચાર ખૂણે પાવલા થાંભલા મૂકવા અને ઘુમટ વિગેરેથી ગભારો ઢાંકી દેવો તથા સુભદ્ર અને પ્રતિભદ્રયુક્ત ખાંચાવાળો ગભારો કરવો; કારણ કે લાંબો ગભારો દોષકર્તા છે. ૧૦૬.

**दारुजे वलभीष्वेव आयतं च न दूषयेत् ॥**
**प्रशस्तं सर्वकार्येषु चतुरस्रं शुभप्रदम् ॥१०७॥**

દારૂજાદિ તથા વલભ્યાદિ જાતિના પ્રાસાદોમાં લાંબો ગભારો દોષકર્તા ગણાતો નથી પરંતુ બધી જાતિના પ્રાસાદોમાં ચોરસ ગભારો સર્વ કાર્યોમાં પ્રશસ્ત અને શુભકર્તા માનેલો છે. ૧૦૭.

### પ્રાસાદની દિવાલની જાડાઇનું પ્રમાણ.

**इष्टकाकर्मसंयुक्ते भित्तिः पादे प्रकल्पयेत् ॥**
**पञ्चमांशे तथा सार्धे षडंशे चैव शैलजे ॥१०८॥**
**दारुजे सप्तमांशे च सांधारे चाष्टमांशके ॥**
**धातुजे रत्नजे चैव भित्तिः स्याद्दशमांशके ॥१०९॥**

ઈંટોના પ્રાસાદને ચોથા ભાગે, પાષાણના પ્રાસાદને પાંચમા, સાડા પાંચમા અથવા છઠ્ઠા ભાગે, દારૂજ એટલે લાકડાના પ્રાસાદને સાતમા ભાગે, સાંધારાદિ જાતિના પ્રાસાદને આઠમા ભાગે અને સુવર્ણાદિ ધાતુ તથા મણિ–માણિક્યાદિ રત્નોના પ્રાસાદને દશમા ભાગે ભિત્તિ જાડી કરવી. ૧૦૮, ૧૦૯.

### પ્રાસાદને ભ્રમણી કરવા વિષે.

**दशहस्ताधिकेभ्यः स्यात् प्रासादो भ्रमसंयुतः ॥**
**नवाष्टदशभागैश्च भ्रमभित्तिर्विधीयते ॥११०॥**

"Aho Shrutgyanam"

દશ (૧૦) ગજથી ઉપરાંતનો પ્રાસાદ ભ્રમવાળો કરવો એટલે પ્રાસાદનો ઓસાર પોલો કરી અંદર ફરવાની ભ્રમણી કરવી. તથા પ્રાસાદની પહોળાઇના આઠમા, નવમા અને દશમા ભાગે ભ્રમની ભિત્તિ જાડી કરવી. ૧૧૦.

### ભ્રમ વિનાના પ્રાસાદો કરવા વિષે.

**षट्त्रिंशत्कराधस्ताद् यावद्धस्तचतुष्टयम् ॥**
**निरंधारा विना भ्रामैः कर्तव्याः शान्तिमिच्छता ॥१११॥**

શાંતિ ઇચ્છતા પુરૂષે છત્રીસ (૩૬) ગજથી ચાર (૪) ગજ સુધીના પ્રાસાદો નિરંધાર ( વગર ભ્રમણીના ) કરવા. ૧૧૧.

### ભ્રમભિત્તિમાન.

**सभ्रमाद्दशमांशेन भित्तियुग्मे भ्रमन्तिका ॥**
**मध्यकोष्ठोद्भवा रेखा भ्रमतिभिः क्रमोद्गताः ॥११२॥**
**पञ्चमांशेन पृथुत्वं दशहस्तान्न मण्डुरम् ॥**
**तृतीयांशेन विश्रान्तं हीनं कुर्यात्समुच्छ्रयम् ॥११३॥**

ભ્રમવાળા પ્રાસાદને દિવાલની વચમાં પ્રાસાદની પહોળાઇના પ્રમાણથી દશમા ભાગે ભ્રમણી કરવી અને ભ્રમણીના મધ્ય ભાગમાંથી ઉત્પન્ન થએલી રેખાઓ ( ખાંચાઓ ) ક્રમ પ્રમાણે સીધી ઉપર લઇ જવી.

ભ્રમની દિવાલ પ્રાસાદના પ્રમાણથી પાંચમા ભાગે જાડી કરવી અને ભ્રમણીનો મંડોવર દશ ગજથી વધારે ઉંચો ( મોટામાં મોટા પ્રાસાદોને પણ ) કરવો નહિ; પરંતુ ત્રીજા ભાગે વિશ્રાંત કરવો અર્થાત્ ઢાંકી મજલા પાડી અનુક્રમે નીચેથી ઉપરના મજલા થોડા થોડા અંશે ( ઉંચાઇમાં ) નાના કરવા. ૧૧૨, ૧૧૩.

**विंशोर्ध्वन्तु शतार्धान्तं भद्रोदयप्रमाणतः ॥**
**एवं युक्तिर्विधातव्या प्रासादे परमोदये ॥११४॥**

વીસ ગજથી પચાસ ગજ સુધીના પ્રાસાદોને ભદ્રની ઉંચાઇના પ્રમાણે ભ્રમણીની ઉંચાઈ રાખવી. આ યુક્તિ મોટા પ્રમાણના પ્રાસાદોની ભ્રમણીના ઉદયમાં કરવી. ૧૧૪.

### પ્રાસાદને ભ્રમ કરવા વિષે.

**सभ्रमे सभ्रमं कुर्यान्निर्भ्रमे निर्भ्रमं तथा ॥**
**अन्यथा कारयेद्यस्तु सदोषं भ्रमहीनकम् ॥११५॥**

"Aho Shrutgyanam"

જે પ્રાસાદ ભ્રમયુક્ત કરવાનો કહ્યો છે તે પ્રાસાદ ભ્રમવાળો કરવો અને નિર્ભ્રમ ( ભ્રમ વગરનો ) પ્રાસાદ ભ્રમ વગરનો કરવો. અન્યથા કરે તો ભ્રમહીન થાય અને તે સદોષ ( દોષવાળો ) ગણાય. ૧૧૫.

**प्रासादो भ्रमसंयुक्तो ह्यदोषः सिध्यति तदा ॥**
**सदोषो भ्रमहीनश्च कर्ता तस्य विनश्यति ॥११६॥**

ભ્રમવાળો પ્રાસાદ નિર્દોષ કહેવાય અને તે ફળસિદ્ધિ આપે છે; પરંતુ ભ્રમહીન પ્રાસાદ સદોષ–દોષવાળો થાય છે અને તેથી તેનો કર્તા નાશ પામે છે. ૧૧૬.

### મંડપ ભ્રમયુક્ત કરવા વિષે.

**प्रासादं मण्डपश्चैव सभ्रमं स्तंभसंयुगम् ॥**
**पुत्रपौत्रादिवृद्धिश्च राज्यं तस्य भवेत्तदा ॥११७॥**

ભ્રમજાતિના પ્રાસાદોને પ્રાસાદ તથા મંડપ ભ્રમયુક્ત કરવા અને મંડપનો ભ્રમ થાંભલાઓ વડે કરવો. ઉપર પ્રમાણે ભ્રમયુક્ત પ્રાસાદ તથા મંડપ કરવાથી પુત્ર–પૌત્રાદિની વૃદ્ધિ તથા રાજ્યપ્રાપ્તિ થાય છે. ૧૧૭.

**तस्य वास्तोर्भवेद्वृद्धिर्वृद्धिहीनं न कारयेत् ॥**
**वृद्धिस्तु शुभदा ज्ञेया हीने हानिर्न संशयः ॥११८॥**

ભ્રમયુક્ત પ્રાસાદો કરવા હોય તો તે મોટા ( પ્રમાણના ) કરવા; પરંતુ વૃદ્ધિ-હીન કરવા નહિ. ભ્રમયુક્ત પ્રાસાદો પ્રમાણમાં જેમ વિશાળ કરવામાં આવે તેમ શુભ જાણવા. કારણ કે ભ્રમયુક્ત પ્રાસાદો પ્રમાણમાં નાના કરવામાં આવે તો હાનિ-કર્તા થાય, એમાં સંશય કરવો નહિ. ૧૧૮.

**सर्वसंकलितो वायुः पथ्यासंकीर्णमुद्धरेत् ॥**
**वेधसंघटिते वास्तौ परस्परविरोधकाः ॥११९॥**

ભ્રમયુક્ત પ્રાસાદની ભ્રમણી સાંકડી થાય તો સર્વ માણસોના શ્વાસોચ્છ્વાસનો વાયુ ભેગો થાય. માટે પથ્યાસંકીર્ણતાનો ઉદ્ધાર કરવો અર્થાત્ ભ્રમણી સાંકડી કરવી નહિ ( એટલા માટે ભ્રમવાળા પ્રાસાદો મોટા માનના કરવા કહેલા છે ). વેધયુક્ત વાસ્તુ ( પ્રાસાદ ) થાય તો તે પરસ્પર વિરોધકર્તા જાણવો. ૧૧૯.

"Aho Shrutgyanam"

**वेधसंघातकं वास्तु विध्यन्ति तत्र देवताः ॥**
**देववेधे हतः शिल्पी स्वामिनः कुलनाशनम् ॥१२०॥**

વેધનો ઘાતકર્તા જો વાસ્તુ થાય તો વાસ્તુમાં રહેલા દેવતાઓ વેધાય છે અને દેવતાઓનો વેધ થતાં શિલ્પી હણાય તથા વાસ્તુના માલિકના કુલનો નાશ થાય. ૧૨૦.

### યથાશાસ્ત્ર પ્રાસાદ તથા મંડપ વિધાન.

**प्रासादो मण्डपश्चैव विना शास्त्रेण यः कृतः ॥**
**विपरीतं विभागेषु योऽन्यथा विनिवेशयेत् ॥१२१॥**
**विपरीतं फलं तस्य अरिष्टं तु प्रजायते ॥**
**आयुर्नाशो मनस्तापः पुत्रनाशः कुलक्षयः ॥१२२॥**

શાસ્ત્રપ્રમાણ વગર પ્રાસાદ અને મંડપ તથા તલના વિભાગોમાં પણ વિપરીતપણે સ્વરૂપના ભાગોનો નિવેશ કરવામાં આવે તો તેવા પ્રાસાદનું ફળ વિપરીત આવે અને તેથી અરિષ્ટ ( દુઃખ, અશુભ ) ઉત્પન્ન થાય છે તથા આયુષનો નાશ, મનમાં સંતાપ, પુત્રનાશ અને કુલનો ક્ષય થાય છે. ૧૨૧, ૧૨૨.

### દીવો મૂકવાનો ગોખલો કરવા વિષે.

**दीपालयं प्रकर्तव्यं गृहस्य दक्षिणाङ्कके ॥**
**वामाङ्के तु न कर्तव्यं स्वामियशःसुखापहम् ॥१२३॥**

પ્રાસાદ અથવા ઘરના જમણા અંગમાં દીપાલય ( દીવો મુકવાનો ગોખલો ) કરવું; પરંતુ ડાબા અંગે કરવું નહિ; કારણ કે તે ઘરના સ્વામીના યશ અને સુખને હરણકર્તા છે. ૧૨૩.

**पूर्वे च दीपः पशुवृद्धिकश्च ।**
**वामे च दीपः पशुनाशनश्च ॥**
**पश्चाच्च दीपो धनराजलक्ष्मीं ।**
**रुद्रे च दीपो धनपुत्रलाभः ॥१२४॥**

પૂર્વભાગે દીવો પશુઓની વૃદ્ધિકર્તા, વામભાગમાં પશુઓનો નાશકર્તા, પાછળના ભાગમાં ધન અને રાજલક્ષ્મી આપનાર તથા ઈશાન કોણમાં મૂકેલો દીવો ધન અને પુત્રનો લાભકર્તા છે. ૧૨૪.

"Aho Shrutgyanam"

### પ્રાસાદની કોળીનું પ્રમાણ.

**दशभक्ते द्वित्रिवेदैर्भागैश्चैव तथार्धतः ॥**
**तृतीये पादके कोलिस्तदूर्ध्वे शुकनाशकः ॥१२५॥**

પ્રાસાદના વ્યાસ ( પહોળાઈ ) ના દશ ભાગ કરી તેમાંના બે, ત્રણ અથવા ચાર ભાગની કોળી કરવી અથવા પ્રાસાદના વ્યાસના અર્ધા ભાગે, ત્રીજા ભાગે અગર ચોથા ભાગે કોળી કરવી અને તેના ઉપર શુકનાશ કરવો. ૧૨૫.

## અથ દ્વારશાખા લક્ષણાધિકાર.

### પ્રાસાદોને દ્વારો મૂકવાની દિશા.

**एकं द्वारं भवेत् पूर्वे द्वितीयश्चैव पश्चिमे ॥**
**तृतीयं मध्यद्वारञ्च दक्षिणायां विवर्जयेत् ॥१२६॥**

પહેલું દ્વાર પૂર્વ દિશામાં, બીજું પશ્ચિમમાં અને ત્રીજું મધ્યમાં એટલે પૂર્વ-પશ્ચિમની મધ્ય ( ઉત્તર દિશામાં ) કરવું અને દક્ષિણ દિશામાં દ્વાર કરવું નહિ. ૧૨૬.

**चतुर्द्वारं चतुर्दिक्षु शिवब्रह्मजिनालये ॥**
**होमशाला चतुर्द्वारा क्वचिद्राजगृहे तथा ॥१२७॥**

શિવ, બ્રહ્મા અને જિનના દેવાલયોને ચારે દિશાઓમાં ચાર દ્વાર કરવાં તથા હોમશાળા ચાર દ્વારવાળી કરવી તેમજ કોઇક પ્રસંગે રાજાઓના પ્રાસાદ અર્થાત્ મહેલને પણ ચાર દ્વાર કરવાં. ૧૨૭.

### નાગરાદિ દ્વારમાન.

**एकहस्ते तु प्रासादे द्वारञ्च षोडशाङ्गुलम् ॥**
**इयं वृद्धिः प्रकर्तव्या यावद्धस्तचतुष्टयम् ॥१२८॥**
**वेदाङ्गुला भवेद् वृद्धिर्यावच्च दशहस्तकम् ॥**
**हस्तविंशतिमाने च हस्ते हस्ते त्रयाङ्गुला ॥१२९॥**



"Aho Shrutgyanam"

**द्व्यङ्गुला च भवेद्यावत् प्रासादे त्रिंशहस्तके ॥**
**अङ्गुलिका ततो वृद्धिर्यावत् पंचाशहस्तकम् ॥१३०॥**

એક ગજના પ્રાસાદને દ્વાર સોળ (૧૬) આંગળ ઉંચું કરવું અને ચાર ગજ સુધી સોળ સોળ આંગળની વૃદ્ધિ કરવી. ચાર ગજથી દશ ગજ સુધી ચાર (૪), દશથી વીસ ગજ સુધી ત્રણ (૩), વીસથી ત્રીસ ગજ સુધી બે (૨) અને ત્રીસથી પચાસ ગજ સુધી એક (૧) આંગળની વૃદ્ધિ દ્વારમાનમાં પ્રત્યેક ગજે કરવી. ૧૨૮, ૧૨૯, ૧૩૦.

**नागरं द्विविधं द्वारमुक्तं क्षीरार्णवे तथा ॥**
**दशमांशेन वै हीनं द्वारं स्वर्गे मनोरमम् ॥१३१॥**
**अधिकं दशमांशेन प्रासादे पर्वताश्रये ॥**
**तावत्क्षेत्रान्तरे ज्ञातुमर्हस्यादिमुनीश्वर ॥१३२॥**

ક્ષીરાર્ણવમાં નારદ પ્રત્યે વિશ્વકર્મા કહે છે કે, હે મુને ! નાગરાદિ જાતિનું દ્વારમાન બે પ્રકારનું થાય છે. આવેલા માનમાંથી દશમા અંશે હીન દ્વાર કરવામાં આવે તો સ્વર્ગમાં મનોરમ થાય છે તથા પર્વતના આશ્રયમાં કરેલા દેવાલયને દશમા અંશે અધિક કરવામાં આવે તો શુભ છે. હે આદિ મુનીશ્વર ! આ પ્રમાણે ક્ષેત્રાન્તરોમાં દ્વારમાન જાણી લેવાને તમે યોગ્ય છો. ૧૩૧, ૧૩૨.

**शिवद्वारं भवेज्ज्येष्ठं कनिष्ठञ्च जिनालये ॥**
**मध्यमं सर्वदेवानां सर्वकल्याणकारकम् ॥१३३॥**
**उत्तममुदयार्धेन मध्यं पादाधिकं तथा ॥**
**कनिष्ठं चाधिकं तत्र विस्तारे द्वारमेव च ॥१३४॥**

શિવાલયને જ્યેષ્ઠ, જિનાલયને કનિષ્ઠ અને બીજા સર્વ દેવતાઓનાં દેવાલયોને મધ્યમ દ્વારમાન કરવું તે સર્વ કલ્યાણકર્તા છે. ૧૩૩.

દ્વારની ઉંચાઈના અર્ધા ભાગે દ્વાર પહોળું કરવાથી જ્યેષ્ઠ, પહોળાઈના માનમાં પા ભાગે અધિક કરવાથી મધ્યમ અને તેમાં પણ કંઈક અધિક કરવાથી કનિષ્ઠ દ્વારમાન જાણવું. ૧૩૪.

## નાગરાદિ દ્વિતીય દ્વારમાન.

**एकहस्ते तु प्रासादे द्वारं च षोडशाङ्गुलम् ॥**
**षोडशाङ्गुलिका वृद्धिर्यावद्धस्तचतुष्टयम् ॥१३५॥**

"Aho Shrutgyanam"

**अष्टहस्तान्तकं यावद्दीर्घे वृद्धिर्गुणाङ्गुला ॥**
**द्व्यङ्गुला प्रतिहस्तश्च यावद्धस्तशतार्धकम् ॥१३६॥**

એક ગજના પ્રાસાદને દ્વાર સોળ આંગળ ઉંચું કરવું અને પછી ચાર ગજ સુધી દરેક ગજે સોળ આંગળની વૃદ્ધિ કરવી. ચારથી આઠ ગજ સુધી ત્રણ (૩) અને આઠથી પચાસ ગજ સુધી ગજે બે (૨) આંગળની વૃદ્ધિ કરવી. ૧૩૫, ૧૩૬.

**यानवाहनपर्यंकं द्वारं प्रासादसद्मनि ॥**
**दैर्घ्यार्धेन पृथुत्वस्य शोभनं तत्कलावधि ॥१३७॥**

પાલખી, દેવતાઓનાં વાહન, પલંગ તથા પ્રાસાદ અને ગૃહનું દ્વાર; એ સર્વે લંબાઇના અર્ધા ભાગે પહોળાં કરવાં. અને ઉંચાઇના સોળમા ભાગે પહોળાઈમાં વધારવાથી શોભાયમાન થાય છે. ૧૩૭.

### ભૂમિજાદિ પ્રાસાદ દ્વારમાન.

**एकहस्ते तु प्रासादे द्वारं सूर्याङ्गुलोदयम् ॥**
**हस्ते हस्तेऽर्कवृद्धिश्च यावच्च पंचहस्तकम् ॥१३८॥**
**पश्चाङ्गुला च सप्तान्ता नवान्ता वेदवृद्धिका ॥**
**द्व्यङ्गुला च शतार्धन्तु वृद्धिः कार्या करं प्रति ॥१३९॥**
**उच्छ्रयार्धेन विस्तारं शुभं स्याच्च कलाधिके ॥**
**भूमिजे द्वारमानश्च प्रयुक्तं वास्तुवेदिभिः ॥१४०॥**

એક ગજના પ્રાસાદને દ્વાર બાર (૧૨) આંગળ ઉંચું કરવું અને પછી પાંચ ગજ સુધી ગજે બાર આંગળની વૃદ્ધિ કરવી. પાંચથી સાત ગજ સુધી પાંચ આંગળ, સાતથી નવ ગજ સુધી ચાર (૪) આંગળ અને નવથી પચાસ ગજ સુધી ગજે બે આંગળની વૃદ્ધિ કરવી.

દ્વારની ઉંચાઇના અર્ધા ભાગે દ્વાર પહોળું કરવું. ઉંચાઇના સોળમા ભાગે અધિક પહોળું કરે તો તે શુભકર્તા છે. આ દ્વારમાન વાસ્તુશાસ્ત્રના જાણકાર વિદ્વાનોએ ભૂમિજાદિ પ્રાસાદોમાં યોજેલું છે. ૧૩૮, ૧૩૯, ૧૪૦.

### દ્રાવિડાદિ દ્વારમાન.

**प्रासाद एकहस्ते तु द्वारं कुर्याद्दशाङ्गुलम् ॥**
**दशाङ्गुला ततो वृद्धिर्यावच्च षड्हस्तकम् ॥१४१॥**

"Aho Shrutgyanam"

**अत ऊर्ध्वं दशहस्ते वृद्धिः स्यात्पञ्च चाङ्गुला ॥**
**द्व्यङ्गुला च ततो वृद्धिर्यावत्पञ्चाशहस्तकम् ॥१४२॥**
**पृथुत्वञ्च तदर्धेन शुभं स्याच्च कलाधिके ॥**
**द्राविडे द्वारविस्तारः प्रयुक्तो वास्तुवेदिभिः ॥१४३॥**

એક ગજના પ્રાસાદને દ્વાર દશ (૧૦) આંગળ ઉંચું કરવું અને પછી છ ગજ સુધી ગજે દશ આંગળની વૃદ્ધિ કરવી. છ ગજથી દસ ગજ સુધી પાંચ (૫) અને દશથી પચાસ ગજ સુધી ગજે બે (૨) આંગળની વૃદ્ધિ દ્વારમાનની ઉંચાઈમાં કરવી.

ઉંચાઇના અર્ધા ભાગે દ્વાર પહોળું કરવું અને શોભા માટે ઉંચાઇના સોળમા ભાગે પહોળાઇમાં વધારવું તે શુભ છે. વાસ્તુશાસ્ત્રના વેત્તાઓએ દ્રાવિડાદિ પ્રાસાદોમાં આ દ્વારમાન યોજેલું છે. ૧૪૧, ૧૪૨, ૧૪૩.

### પરસ્પર દ્વારમાન કરવા વિષે.

**विमाने भौमिजं मानं द्राविडेषु तथैव च ॥**
**मिश्रके लतिने चैव प्रशस्तं नागरोद्भवम् ॥१४४॥**
**विमाने नागरच्छन्दं कुर्याद्विमानपुष्पके ॥**
**सिंहावलोकने द्वारे नागरं शोभनं मतम् ॥१४५॥**
**वल्भ्यादौ भौमिजं मानं फांसागारेषु द्राविडम् ॥**
**धातुजे रत्नजे चैव दारुजे च रथारुहे ॥१४६॥**

વિમાનાદિ જાતિના પ્રાસાદોને ભૂમિજાદિ પ્રાસાદોનું દ્વારમાન કરવું તથા આ માન દ્રાવિડાદિ જાતિના પ્રાસાદોમાં પણ કરવું. મિશ્રકાદિ તથા લતિનાદિ જાતિના પ્રાસાદોને નાગરાદિ જાતિના પ્રાસાદોનું દ્વારમાન કરવું પ્રશસ્ત છે. ૧૪૪.

વિમાનાદિ તથા વિમાનપુષ્પકાદિ જાતિના પ્રાસાદોને તેમજ સિંહાવલોકનાદિ પ્રાસાદોને નાગરાદિ છંદનું દ્વારમાન કરવું; કારણ કે નાગરાદિ દ્વારમાન પરમ શોભાયમાન અને પ્રશસ્ત માનેલું છે. ૧૪૫.

વલ્ભ્યાદિ જાતિના ( સ્રીજાતિ ) પ્રાસાદોને ભૂમિજાદિ દ્વારમાન કરવું અને ફાંસનાદિ ( નપુંષક જાતિ ) પ્રાસાદોને તથા સુવર્ણાદિ ધાતુ અને મણિમાણિક્યાદિ રત્નોના પ્રાસાદોને તેમજ દારુજાદિ અને રથારૂહાદિ જાતિના પ્રાસાદોને દ્રાવિડ દ્વારમાન કરવું. ૧૪૬.

"Aho Shrutgyanam"

## દ્વારશાખા લક્ષણ.

**नवशाखा महेशस्य देवानां सप्तशाखिकाः ॥**
**पञ्चशाखाश्च सम्राजां त्रिशाखा मण्डलेश्वरे ॥१४७॥**

મહેશ્વરના દેવાલયને નવશાખા, બીજા સર્વ દેવોના દેવાલયોને સપ્તશાખા, સમ્રાટોના પ્રાસાદોને ( ચક્રવર્તી રાજાઓના મહેલોને ) પંચશાખા અને માંડલિક રાજાઓના મહેલોને ત્રિશાખા કરવી. ૧૪૭.

## શાખાનાં નામ.

**पद्मिनी नवशाखा च सप्तशाखा तु हंसिनी ॥**
**नंदिनी पञ्चशाखा तु त्रिशाखा सुभगी स्मृता ॥१४८॥**

નવશાખાનું 'પદ્મિની', સપ્તશાખાનું 'હંસિની', પંચશાખાનું 'નંદિની' અને ત્રિશાખાનું 'સુભગી' નામ કહ્યું છે. ૧૪૮.

**ध्वजश्च नवशाखायां वृषभः पञ्चशाखके ॥**
**त्रिशाखायां तथा सिंहः सप्तशाखे गजः स्मृतः ॥१४९॥**

નવશાખામાં ધ્વજાય, પંચશાખાના દ્વારમાં વૃષભાય, ત્રિશાખામાં સિંહાય અને સપ્તશાખાના દ્વારમાં ગજાય આપવો. ૧૪૯.

**एकशाखं भवेद् द्वारं शूद्रवैश्यद्विजेषु वै ॥**
**द्विशाखं होमशालायामग्निकर्मगृहे तथा ॥१५०॥**

શૂદ્ર, વૈશ્ય તથા બ્રાહ્મણના ઘરને એકશાખાનું તથા હોમશાળા અને અગ્નિ-કર્મથી આજીવિકા કરનારા લોકોના ઘરને બેશાખાનું દ્વાર કરવું. ૧૫૦.

**प्रासादा ज्ञातिरूपैश्च द्वारं तद्विधसूत्रतः ॥**
**तलछंदानुसारेण द्वारशाखां विभंजयेत् ॥१५१॥**

જાતિને અનુરૂપ પ્રાસાદો, પ્રાસાદોને અનુરૂપ સમસૂત્રે દ્વારો અને તલછંદા-નુસાર દ્વારશાખાઓના વિભાગ કરવા. ૧૫૧.

**त्रयाङ्गादिविभेदेन नवाङ्गस्यानुसारतः ॥**
**शाखात्रयं त्रयाङ्गेषु पञ्चाङ्गे पञ्चशाखिकाः ॥१५२॥**

"Aho Shrutgyanam"

**सप्ताङ्गे सप्तशाखा च नवशाखा नवाङ्गके ॥**
**हीनशाखा न कर्तव्या अधिकं नैव दूषयेत् ॥१५३॥**

ત્રયાંગાદિ વિષમભેદે કરીને નવાંગ સુધી દ્વારશાખાઓના વિભાગ કરવા. ત્રયાંગ પ્રાસાદમાં ત્રિશાખા, પંચાંગમાં પંચશાખા, સપ્તાંગમાં સપ્તશાખા અને નવાંગ પ્રાસાદમાં નવશાખા કરવી. પ્રમાણથી હીન શાખા કરવી નહિ, કેમકે હીનશાખા કરવાથી દોષ થાય છે અને અધિક શાખા કરવાથી દોષ થતો નથી. ૧૫૨, ૧૫૩.

## દ્વારશાખાની પહોળાઈનું માન.

**द्वारोच्छ्रयप्रमाणेन शाखां विस्तरयेत्सुधीः ॥**
**षडंशेन त्रिशाखा वै पञ्चशाखा च पञ्चभिः ॥१५४॥**
**सप्तशाखा युगांशेन नवशाखा त्रिभिस्तथा ॥**
**इदं मानञ्च ज्ञातव्यं शाखानां विस्तरे शुभम् ॥१५५॥**

બુદ્ધિમાન્ શિલ્પીએ દ્વારની ઉંચાઇના માને શાખાઓની પહોળાઇ કરવી. છઠ્ઠા ભાગે ત્રિશાખા, પાંચમા ભાગે પંચશાખા, ચોથા ભાગે સપ્તશાખા અને ત્રીજા ભાગે નવશાખા વિસ્તારમાં કરવી. આ માન શાખાઓનો વિસ્તાર કરવામાં શુભ જાણવું. ૧૫૪, ૧૫૫.

**अङ्गुलं सार्धमर्धं वा कुर्याद्धीनं तथाधिकम् ॥**
**आयदोषविशुद्ध्यर्थं ह्रस्ववृद्धी न दूषयेत् ॥१५६॥**


એક આંગળ, દોઢ આંગળ અથવા અર્ધો આંગળ દ્વારમાનમાં ઓછું વધતું કરવું. કારણ કે આય લાવવામાં આવતા દોષની વિશુદ્ધિ માટે કરેલી વધઘટ દોષરૂપ થતી નથી. ૧૫૬.

## ત્રિશાખા દ્વાર પ્રમાણ.

**चतुर्भागाङ्कितं कृत्वा त्रिशाखां वर्तयेत्ततः ॥**
**मध्ये द्विभागिकः स्तंभो भागैकेन च निर्गमः ॥१५७॥**
**पत्रशाखा च कर्तव्या खल्वशाखा तथैव च ॥**
**स्त्रीसंज्ञा च भवेत्शाखा पार्श्वयोः पृथुभागिका ॥१५८॥**
**पेटके विस्तरः कार्यः प्रवेशश्च युगांशकः ॥**
**कोणिका स्तंभमध्ये तु भूषणार्थाय पार्श्वयोः ॥१५९॥**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



સમદલ રૂપસ્તંભવાળું ત્રિશાખા દ્વાર, જૈન દેરાસર, માઉંટ આબુ.

"Aho Shrutgyanam"

દ્વારશાખામાં ચાર ભાગ કરી ત્રિશાખાઓ કરવી. મધ્યમાં રૂપસ્તંભ બે ભાગનો તથા નિકારે એક ભાગનો કરવો. રૂપસ્તંભની બન્ને બાજુઓમાં એકેક ભાગની પહોળી પત્રશાખા અને ખલ્વશાખા કરવી અને તે સ્ત્રીસંજ્ઞક જાણવી.

પેટક એટલે શાખાનો આગળ પડતો બહારનો ભાગ અર્થાત્ દ્વારપાલવાળો ઠેકીનો ભાગ દ્વારના પ્રવેશના વિસ્તારના ચોથા ભાગે પહોળો કરવો તથા શાખા અને રૂપસ્તંભના મધ્યમાં રૂપસ્તંભની બન્ને બાજુએ શોભા માટે કોણિકાઓ અર્થાત્ ચંપાછડીઓ કરવી. ૧૫૭, ૧૫૮, ૧૫૯.

## દ્વારશાખા રૂપસ્તંભનું બીજું પ્રમાણ.

**एकांशं सार्धभागं च पादोनद्वयमेव च ॥**
**द्विभागं निर्गमे कुर्यात् स्तंभं द्रव्यानुसारतः ॥१६०॥**


એક ભાગ ( ૧ ), દોઢ ( ૧ા ) ભાગ, પોણા બે ( ૧ાા ) ભાગ અને બે ( ૨ ) ભાગ નીકારે રૂપસ્તંભ કરવો. તે પોતાની દ્રવ્યશક્તિને અનુસરી કરવો. ( આ પ્રમાણ ત્રિ, પંચ, સપ્ત અને નવશાખાઓમાં પણ થાય છે). ૧૬૦.

**शाखोत्सेधचतुर्थांशे द्वारपालौ निवेशयेत् ॥**
**कालिंदी वामशाखायां दक्षिणायां च जाह्नवी ॥१६१॥**
**गंगार्कतनयायुग्ममुभयोर्वामदक्षिणे ॥**
**गंधर्वा निर्गता कार्या भागैकेन विचक्षणैः ॥१६२॥**
**तत्सूत्रे खल्वशाखाद्या सिंहशाखांशकोद्गता ॥**
**नंदी च वामशाखायां महाकालं च दक्षिणे ॥१६३॥**
**दक्षः स्यादन्तशाखायां निधिहस्ताः शुभोदयाः ॥**
**त्रिशाखं च त्विति प्रोक्तं पञ्चशाखमतः शृणु ॥१६४॥**


શાખાની ઉંચાઈના ચોથા ભાગે દ્વારપાલો કરવા અને વામશાખામાં યમુના દેવી તથા દક્ષિણ શાખામાં ગંગાદેવી કરવી. બન્ને શાખાઓની ડાબી જમણી બાજુએ ગંગા અને યમુના એમનું જોડું કરવું તથા બુદ્ધિમાન્ શિલ્પીએ ગંધર્વા શાખા નીકારે એક ભાગની કરવી. તેજ સૂત્રમાં પહેલી ખલ્વશાખા અને એક ભાગની સિંહશાખા કરવી. વામશાખામાં નંદી નામના ગણની મૂર્તિ અને દક્ષિણ શાખામાં મહાકાલની મૂર્તિ કરવી. અંતની શાખામાં દક્ષ પ્રજાપતિ કરવો અથવા હાથમાં નિધિકુંભો લીધેલા સુશોભિત દેવતાઓ કરવા. ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪.

"Aho Shrutgyanam"

## ત્રિશાખાદ્વાર તથા શંખાવટનો નકશો.




"Aho Shrutgyanam"



શ્રી કુંભારીયાજીના દેરાના જીનાલયની વચલી દેરીનું ત્રિશાખા દ્વાર.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

આ પ્રમાણે ત્રિશાખા દ્વારમાન કહ્યું. હવે પંચશાખા દ્વારમાન શ્રવણ કરો.

### પંચશાખા દ્વારમાન.

शाखाया विस्तरे मानं षड्भागेन तथा भजेत् ॥
भागभागा भवेत्शाखा रूपस्तंभो द्विभागिकः ॥१६५॥

निर्गतश्चैकभागेन रूपस्तंभः प्रशस्यते ॥
कोणिका स्तंभमध्ये तु ह्युभयोर्वामदक्षिणे ॥१६६॥

गंधर्वा निर्गमे कार्या भागैकेन विचक्षणैः ॥
तत्सूत्रे खल्वशाखा च सिंहशाखांशकोद्गता ॥१६७॥

सपादः सार्धभागश्च रूपस्तंभः प्रशस्यते ॥
तथोत्सेधाष्टमांशेन शाखोदरं प्रशस्यते ॥१६८॥

શાખાની પહોળાઈના માનમાં છ ભાગ કરી પંચશાખાનો વિસ્તાર કરવો. દરેક શાખા એકએક ભાગની અને રૂપસ્તંભ બે ભાગનો કરવો. રૂપસ્તંભ નીકારે એક ભાગનો કરવો પ્રશંસનીય છે. બન્ને બાજુના વામદક્ષિણ ભાગે સ્તંભ તથા શાખાઓના મધ્ય ભાગમાં કોણિકાઓ કરવી. બુદ્ધિમાન્ શિલ્પીઓએ ગંધર્વા શાખા નીકારે એક ભાગની કરવી તેમજ તેના તેજ સૂત્રમાં ખલ્વશાખા તથા સિંહશાખા એક ભાગની કરવી. રૂપસ્તંભ નીકારે સવાયો અથવા દોઢો કરવો સારો છે તથા ઉંચાઈના આઠમા ભાગે શાખાનું ઉદર કરવું પ્રશંસનીય છે. ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮.


पत्रशाखा च गंधर्वा रूपस्तंभस्तृतीयकः ॥
चतुर्थी खल्वशाखा च सिंहशाखा ततःपरम् ॥१६९॥

पञ्चशाखेति विख्याताः संक्षेपं कथितं मया ॥
अतः परं प्रवक्ष्यामि सप्तशाखाप्रमाणकम् ॥१७०॥


પહેલી પત્રશાખા, બીજી ગંધર્વશાખા, ત્રીજી રૂપસ્તંભ, ચોથી ખલ્વશાખા અને પાંચમી સિંહશાખા; આ પંચશાખાઓ પ્રસિદ્ધ છે. તે મેં સંક્ષેપમાં કહી. હવે પછી સપ્તશાખાનું પ્રમાણ કહીશ. ૧૬૯, ૧૭૦.

"Aho Shrutgyanam"

# પંચશાખા દ્વારનો નકશો તથા તલ.




"Aho Shrutgyanam"



શ્રીપાર્શ્વનાથ ભગવાનના મંડપનું પંચશાખા દ્વાર, રાણકપુર, ( મારવાડ ).

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

## સપ્તશાખા દ્વારમાન.

शाखां विस्तरयेन्मानं वसुभागविभाजितम् ॥
भागैका च भवेत् शाखा मध्यस्तंभो द्विभागिकः ॥१७१॥
कोणिका भागपादेन विस्तरे निर्गमे तथा ॥
निर्गमे भागसार्धेन रूपस्तंभः प्रशस्यते ॥१७२॥
गंधर्वा सिंहशाखा च निर्गमो भाग एव च ॥
निर्गमश्च तदर्धेन शेषाः शाखाः प्रशस्यते ॥१७३॥

શાખામાનમાં આઠ ભાગ કરી શાખાઓનો વિસ્તાર કરવો. દરેક શાખા એકેક ભાગની તથા વચલો રૂપસ્તંભ બે ભાગનો કરવો. વિસ્તારમાં તથા નીકારે પા ભાગની કોણિકા કરવી અને રૂપસ્તંભ નીકારે દોઢ ભાગ કરવો, તે સારો છે. ગંધર્વા અને સિંહશાખા નીકારે ભાગ એકેક તથા શેષ શાખાઓ નીકારે અર્ધા ભાગે કરવી પ્રશંસનીય છે. ૧૭૧, ૧૭૨, ૧૭૩.

पत्रशाखा च गंधर्वा रूपशाखा तृतीयका ॥
स्तंभशाखा भवेन्मध्ये रूपशाखा तु पञ्चमी ॥१७४॥
षष्ठ्याख्या खल्वशाखा च सिंहशाखा च सप्तमी ॥
प्रासादकर्णसंयुक्ता सिंहशाखाग्रसूत्रतः ॥१७५॥

પહેલી પત્રશાખા, બીજી ગંધર્વશાખા, ત્રીજી રૂપશાખા, ચોથી રૂપસ્તંભ શાખા, પાંચમી રૂપશાખા, છઠ્ઠી ખલ્વશાખા અને સાતમી સિંહશાખા; આ સપ્ત શાખાઓ જાણવી. સિંહશાખા પ્રાસાદના કર્ણના એકસૂત્રમાં રાખવી. ૧૭૪, ૧૭૫.


## નવશાખા દ્વારમાન.

नवशाखं प्रवक्ष्यामि देवानां दुर्लभं सदा ॥
यत्र विश्राम्यते शंभुस्त्रिदशैः संयुतः सदा ॥१७६॥

હવે નવશાખાનું દ્વારમાન કહીશ કે જે દેવતાઓને સદા દુર્લભ છે. કારણ કે નવશાખાયુક્ત પ્રાસાદમાં સદાસર્વદા દેવતાઓની સાથે શંભુ વિશ્રામ કરે છે. ૧૭૬.


शाखां विस्तरयेन्मानं रुद्रभागविभाजितम् ॥
द्विभागः स्तंभ इत्युक्त उभयोः कोणिकायुतः ॥१७७॥

"Aho Shrutgyanam"




सप्त शाखा द्वार तथा शंखावट नो नकशी

नर्मदाशंकर मु. सोमपुरा
शिल्प शास्त्री



શ્રીસૂર્યનારાયણના અષ્ટભદ્રી પ્રાસાદનું સપ્તશાખા દ્વાર. રાણકપુર, (મારવાડ).

"Aho Shrutgyanam"



શ્રીહઠીસિંગના દેરાસરનું સપ્તશાખાવાળું મુખ્ય પ્રવેશ દ્વાર. અમદાવાદ.

"Aho Shrutgyanam"

**निर्गमं चार्धभागेन पादोनद्वयमेव च ॥**
**रूपस्तंभद्वयं कार्यं गंधर्वाद्वयमेव च ॥१७८॥**

શાખાની પહોળાઈમાં ( ૧૧ ) અગીયાર ભાગ કરી શાખાઓનો વિસ્તાર કરવો. બન્ને ભાગમાં કોણિકાઓ સાથે બે ભાગનો રૂપસ્તંભ કરવો અને નીકારે દોઢ અથવા પોણા બે ભાગનો રાખવો. બે રૂપસ્તંભો તથા બે ગંધર્વશાખા કરવી. ૧૭૭, ૧૭૮.

**पत्रशाखा च गंधर्वा रूपस्तंभस्तृतीयकः ॥**
**चतुर्थी खल्वशाखा च गंधर्वा चैव पञ्चमी ॥१७९॥**
**षष्ठको रूपकस्तंभो रूपशाखा ततः परा ॥**
**खल्वशाखा च कर्तव्या सिंहशाखा तदन्तिके ॥१८०॥**

પહેલી પત્રશાખા, બીજી ગંધર્વશાખા, ત્રીજી રૂપસ્તંભ શાખા, ચોથી ખલ્વશાખા, પાંચમી ગંધર્વશાખા, છઠ્ઠી રૂપસ્તંભ શાખા, સાતમી રૂપશાખા, આઠમી ખલ્વશાખા અને નવમી સિંહશાખા નવશાખાના દ્વારમાનમાં કરવી. ૧૭૯, ૧૮૦.

**पेटके विस्तरः कार्यः प्रवेशाच्चतुरंशके ॥**
**पञ्चमांशे प्रकर्तव्यश्चतुःसार्धमथोच्यते ॥१८१॥**

શાખાના પેટક ( જાડાઇ ) નો વિસ્તાર દ્વારના પ્રવેશની પહોળાઇના ચોથા, પાંચમા અથવા સાડા ચાર અંશે કરવો. ૧૮૧.


**एवञ्च नवशाखं तु विभक्तं विश्वकर्मणा ॥**
**प्रासादे च नवाङ्गे वै नवशाखं तु कारयेत् ॥१८२॥**

આ પ્રમાણે વિશ્વકર્માએ નવશાખા દ્વારના વિભાગો કહેલા છે અને નવશાખા દ્વારમાન નવાંગ પ્રાસાદના તલને કરવું. ૧૮૨.

**यस्य देवस्य या मूर्तिः सैव कार्यान्तरङ्गके ॥**
**परिवारश्च शाखायां गणेशश्चोत्तराङ्गके ॥१८३॥**

જે દેવતા દેવાલયમાં સ્થાપન કરવાના હોય તેનીજ મૂર્તિ ઓતરંગમાં કરવી તથા શાખાઓમાં આવેલા પરિવારનાં પંક્તિબદ્ધ સ્વરૂપો પણ ઓતરંગમાં કરવાં અથવા ગણેશની મૂર્તિ ઓતરંગમાં કરવી. ૧૮૩.

"Aho Shrutgyanam"



नव शाखा द्वार अग्र दर्शननो नकशो
१ शाखा भाग ११
द्वार शाखा तथा उंबरानुं तल दर्शन
नर्मदाशंकर मु. सोमपुरा
शिल्प शास्त्री

"Aho Shrutgyanam"

ગ્રાસ મુખ અર્ધચંદ્ર ગ્રાસ મુખ બાજુનો દેખાવ



ઉદંબર, શ્રીનેમનાથ જૈન દેરાસર, ( કુંભારીઆજી ).



જગતી વિગેરે ઠેકાણે બાંધણામાં કરવાનાં
જુદી જુદી જાતનાં નકશી કામ.

"Aho Shrutgyanam"

**उक्तमानाधिकं द्वारं धनधान्यविनाशकम् ॥**
**हीने पीडां प्रकुर्वीत नलिने शत्रुविग्रहम् ॥१८४॥**
**स्त्रीरोगं न्यूनशाखं च मध्यस्तंभेषु मानतः ॥**
**हीनाः पीडां प्रकुर्वन्ति अधिके तु धनक्षयः ॥१८५॥**

કહેલા દ્વારમાનથી અધિક દ્વારમાન કરે તો ધનધાન્યનો વિનાશ થાય. ઓછું કરે તો પીડા અને વાંકુંચુકું કરે તો શત્રુ સાથે લડાઇ થાય. કહેલી શાખાઓથી ઓછી શાખાવાળું દ્વાર કરે તો સ્ત્રી રોગિણી થાય તથા શાખાના મધ્ય ભાગે કરેલા રૂપસ્તંભો માનથી ઓછા કરે તો પીડા અને અધિક કરે તો ધનનો ક્ષય થાય. ૧૮૪, ૧૮૫.

## દ્વારના ઉદુંબરનું પ્રમાણ.

**मूलकर्णस्य सूत्रेण कुंभेनोदुम्बरं समम् ॥**
**तदधः पञ्चरत्नानि स्थापयेत् शिल्पिपूजनात् ॥१८६॥**

મૂલ કર્ણ ( પ્રાસાદની રેખા ) ના એકસૂત્રમાં કુંભાની બરોબર ઉદુંબર ( ઉંબરો ) રાખવો અને શિલ્પી તથા ઉદુંબરની પૂજા કરી નીચે પંચરત્નો મૂકી સ્થાપન કરવો. ૧૮૬.

**द्वारव्यासत्रिभागेन मध्ये मंदारिको भवेत् ॥**
**वृत्तं मंदारिकं कुर्यात् मृणालपत्रसंयुतम् ॥१८७॥**
**जाड्यकुंभः कणाली च कीर्तिर्वक्त्रद्वयं तथा ॥**
**उदुम्बरस्य पार्श्वे च शाखायास्तलरूपकम् ॥१८८॥**

દ્વારની પહોળાઇના ત્રીજા ભાગે મધ્યમાં મંદારિક કરવો અને તે અર્ધચંદ્રાકારે ગોળ કરવો તથા તેને કમળપત્ર સંયુક્ત કરવો. અર્ધચંદ્રાકાર માણાની નીચે જાડંબો અને કણીયુક્ત કણપીઠ કરવી તથા માણાની બન્ને તરફ કોણિકા તથા ગ્રાસનાં મુખ કરવાં તેમજ ઉંબરાની પડખે જે જાતની શાખાઓ હોય તેનાં તલરૂપ ( તલકડા ) કરવાં. ૧૮૭, ૧૮૮.

## ઉદુંબરનું ચતુર્વિધ પ્રમાણ.

**उदुम्बरं तथा वक्ष्ये कुंभकान्तं तदुच्छ्रयम् ॥**
**तस्यार्धेन त्रिभागेन पादेन रहितं क्रमात् ॥१८९॥**

"Aho Shrutgyanam"

**चतुर्विधं तथा स्वस्थं कुर्याच्चैवमुदुम्बरम् ॥**
**उत्तमोत्तमचत्वारो न्यूनाधिकाश्च दोषकाः ॥१९०॥**

હવે ઉંબરાનું પ્રમાણ કહું છું. ઉંબરાની ઉંચાઇ કુંભાની બરોબર કરવી તથા તેના અર્ધા ભાગે, ત્રીજા ભાગે અને ચોથા ભાગે હીન કરવાથી ક્રમે ઉંબરાની ઉંચાઈનું ચાર પ્રકારનું પ્રમાણ જાણવું. ચારે પ્રમાણના ઉંબરાઓ એક એકથી ઉત્તમોત્તમ છે અને પ્રમાણથી ઉંચાઇમાં ઓછાવધતા કરવાથી દોષકર્તા છે. * ૧૮૯, ૧૯૦.

### શંખાવટ પ્રમાણ.

**खुरकेन समं कुर्यादर्धचन्द्रस्य चोच्छ्रुतिः ॥**
**द्वारव्याससमं दैर्घ्यं निर्गमं च तदर्धतः ॥१९१॥**
**द्विभागमर्धचन्द्रश्च भागेन द्वौ गगारकौ ॥**
**शङ्खपत्रसमायुक्तं पद्माकारैरलङ्कृतम् ॥१९२॥**

इति श्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे मण्डोवरादितो द्वारशाखालक्षणाधिकारे तृतीयं रत्नं समाप्तम् ॥

ખરાના મથાળા બરોબર એકસૂત્રમાં અર્ધચંદ્ર ( શંખુદ્વાર અર્થાત્ શંખાવટ ) નો મથાળો ઉંચાઇમાં રાખવો તથા દ્વારની પહોળાઇ જેટલો લાંબો અને તેનાથી અર્ધો નીકાળે રાખવો. અર્ધચંદ્ર ભાગ બે ( ૨ ) તથા અર્ધા અર્ધા ભાગના બે ગગારક અર્થાત્ ગગારા બન્ને પડખે કરવા. અર્ધચંદ્ર અને ગગારાની વચમાં શંખ કરવો તથા શંખની બન્ને બાજુએ ચંપાછડીયુક્ત વેલો કરવો અને અર્ધચંદ્રમાં પણ કમળની આકૃતિ જેવું ફૂલ તથા સુશોભિત વેલો બનાવવો. ૧૯૧, ૧૯૨.


**ઇતિ શ્રીવાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું મંડોવર દ્વારશાખાલક્ષણાધિકારનું ત્રીજું રત્ન સંપૂર્ણ.**

---

* ઉદુંબર કુંભાથી નીચો ઉતારવાનું કહેલ છે પરંતુ કેટલાક હાલના શિલ્પીઓ વગર સમજે શાખાના તલકડાથી નીચો ઉતારે છે પણ શાખાના તલરૂપ તલકડાને નીચા ઉતારતા નથી એ ભયંકર ભૂલ કરે છે. ઉંબરો કુંભાથી જેટલા અંશે નીચે ઉતારવો હોય તે પ્રમાણે તલકડા સ્તંભની કુંભીઓ સહિત એકસૂત્રમાં રાખવા જોઇએ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



શ્રીનેમનાથ ભગવાનના દેરાશરનો દેરાણીજેઠાણીનો ગોખલો, દેલવાડા. (માઉંટ આબુ)

"Aho Shrutgyanam"

# चतुर्थं रत्नम् ।

## अथ मण्डपादितोऽर्चादृष्टिलक्षणाधिकारः ।

**अथातः संप्रवक्ष्यामि मण्डपानां तु लक्षणम् ॥**
**प्रासादस्य प्रमाणेन मण्डपं कारयेद् बुधः ॥ १ ॥**

### અથ પ્રાસાદોના મંડપોનું વિધાન.

હવે પ્રાસાદોને કરવાના મંડપોનું લક્ષણ કહું છું. વિદ્વાન્ શિલ્પીએ પ્રાસાદના પ્રમાણને અનુરૂપ મંડપ કરવો. ૧.

**मूलकर्णेन सूत्रेण सलिलश्च चतुष्किका ॥**
**मण्डपस्तद्विनिष्क्रान्तः प्रासादशिखरं ततः ॥ २ ॥**

પ્રાસાદની મૂળ રેખાના એક સૂત્રમાં જોડીને કોળી ( સલિલ ) તેમજ ચોકી કરવી અને તેનાથી નીકળતો મંડપ કરવો તથા પ્રાસાદના ઉપર શિખર કરવું. ૨.

**कर्णगूढो विलोकास्य एकत्रिद्वारसंयुतः ॥**
**प्रासादाग्रे प्रकर्तव्याः सर्वदेवस्य मण्डपाः ॥ ३ ॥**

ગૂઢમંડપ અથવા વિલોકાસ્ય ( ખુલ્લો ) મંડપ એક દ્વાર અથવા ત્રણ દ્વારવાળો કરવો. આ પ્રમાણે સર્વ દેવતાઓના પ્રાસાદોના અગ્ર ભાગે મંડપો કરવા. ૩.

**गूढष्किकास्तथानन्ताः क्रमेण मण्डपास्तथा ॥**
**जिनस्याग्रे प्रकर्तव्याः सर्वेषां तु बलाणकम् ॥ ४ ॥**

જિનના દેવાલયોના અગ્રભાગે ક્રમે ગૂઢ મંડપો અને તેના અગ્રભાગે ચોકીઓ તથા ચોકીઓના અગ્રે રંગમંડપો ( નૃત્યમંડપો ) કરવા અને બલાણક તો સર્વ દેવતાઓનાં દેવાલયોને કરવાં. ૪.



"Aho Shrutgyanam"

## પાંચ પ્રકારનાં મંડપપ્રમાણ.

**समः सपादः प्रासादात् सार्धो पादोनतद्द्वयः ॥**
**द्विगुणो वा प्रकर्तव्यो मण्डपः पञ्चधा मतः ॥ ५ ॥**

૧ પ્રાસાદના પ્રમાણે, ૨ સવાયો, ૩ દોઢો, ૪ પોણા બેગણો અથવા ૫ દ્વિગુણ–બમણો મંડપ કરવો. પ્રાસાદોને કરવાના મંડપોના આ પાંચ પ્રકાર માનેલા છે. ૫.

**समं सपादं पञ्चाशत्पर्यन्तं दशहस्तकात् ॥**
**दशान्तं पञ्चतः सार्धं द्विपादोनं चतुःकरे ॥ ६ ॥**
**त्रिहस्ते द्विगुणं चैकहस्ते चैव चतुष्किका ॥**
**प्रायेण मंडपं सार्धं द्विगुणं प्रतिलिंदकम् ॥ ७ ॥**

દશથી પચાસ ગજ સુધીના પ્રાસાદને મંડપ પ્રાસાદના પ્રમાણે સરખો અથવા સવાયો, પાંચથી દશ ગજ સુધી દોઢો, ચાર ગજના પ્રાસાદને પોણા બેગણો અને ત્રણ ગજના પ્રાસાદને બમણો કરવો તથા એક ગજના પ્રાસાદને ચોકી કરવી. ઘણું કરી મંડપ દોઢો કરવો. પરંતુ પ્રતિલિંદક એટલે વચલા પદની બન્ને બાજુ અકેક ચોકીવાળો મંડપ બમણો કરવો. ૬, ૭.

**त्रिद्वारश्चैकवक्त्रः स्यान्मुखे चैव चतुष्किका ॥**
**गूढे प्रकाशके वृत्तमर्धोदयकरोटकम् ॥ ८ ॥**


ગૂઢમંડપ ત્રણ દ્વારવાળો અથવા એક દ્વારવાળો કરવો અને તેની આગળ ચોકી કરવી. ગૂઢ મંડપ અને ખુલ્લા મંડપ ઉપર કરોટક ( કલાડિયો અર્થાત્ ઘુમટ ) પહોળાઇના અર્ધા ભાગે ઉંચો અર્ધ ગોળાકાર કરવો. ૮.

## વર્ધમાનાદિ અષ્ટ પ્રકારના મંડપ.

**वर्धमानः स्वस्तिकाख्यो गरुडः सुरनंदनः ॥**
**सर्वतोभद्रकैलासौ इन्द्रनीलोऽथ रत्नकः ॥ ९ ॥**

૧ વર્ધમાન, ૨ સ્વસ્તિક, ૩ ગરૂડ, ૪ સુરનંદન, ૫ સર્વતોભદ્ર, ૬ કૈલાસ, ૭ ઇંદ્રનીલ અને ૮ રત્નસંભવ; આ વર્ધમાનાદિ આઠ મંડપોનાં નામ છે. ૯.

"Aho Shrutgyanam"




નૃત્ય મંડોવરના સ્તંભોનો દેખાવ.


Aho Shrutgyanam


# શ્રી સૂર્ય પ્રાસાદના થાંભલાનો દેખાવ. ગામ મુંઢેરા


મંડપનો સ્થંભ.




પ્રાસાદનો સ્થંભ.







નૃત્યમંડપના સ્તંભોનો દેખાવ.

"Aho Shrutgyanam"

चतुरस्रो वर्द्धमानः स्वस्तिको भद्रसंयुतः ॥
प्रतिरथैर्युतस्तार्क्ष्यः प्रतिभद्रश्च नंदनः ॥१०॥
कर्णिकः सर्वतोभद्रः कैलासो भद्रकाधिकः ॥
प्रतिरथद्वयेन्द्रश्च त्रिभिः स्याद्रत्नसंभवः ॥११॥
इत्यष्टौ च समाख्याता वर्धमानादिमण्डपाः ॥
बाह्यछंदे प्रकर्तव्या मण्डपाः सर्वकामदाः ॥१२॥

(૧) વર્ધમાન મંડપ ચોરસ, (૨) સ્વસ્તિક ભદ્રવાળો, (૩) ગરૂડ પ્રતિરથો વડે યુક્ત, (૪) સુરનંદન પ્રતિભદ્રવાળો, (૫) સર્વતોભદ્ર કોણિકાયુક્ત, (૬) કૈલાસ અધિક ભદ્રવાળો, અર્થાત્ મુખભદ્રવાળો, (૭) ઇંદ્રનીલ બે પ્રતિરથવાળો અને (૮) રત્નસંભવ ત્રણ પ્રતિરથવાળો કરવો. આ આઠ પ્રકારના વર્ધમાનાદિ મંડપો જાણવા અને તેની ફાલનાઓ તલછંદથી બહારના ભાગે નીકળતી કરવી. આ મંડપો સર્વ કામનાઓને આપનારા છે. ૧૦, ૧૧, ૧૨.

दलेनार्धेन पादेन दलस्य निर्गमो भवेत् ॥
मूलप्रासादकार्ये च पीठजंघे च मेखला ॥१३॥

મંડપોની ફાલનાઓ નીકારે સમચોરસ, અર્ધા ભાગે કે ચોથા ભાગે કરવી. મૂલ પ્રાસાદના કાર્યમાં પીઠ, જંઘા અને મેખલા વિગેરે જે પ્રમાણે હોય તે પ્રમાણે મંડપમાં પણ એકસૂત્રે કરવી. ૧૩.

गवाक्षेनान्वितं भद्रमथ जालकसंयुतम् ॥
गूढेऽथ कर्णगूढे वा भद्रे चन्द्रावलोकितम् ॥१४॥

મંડપમાં ભદ્રે ગવાક્ષ (ગોખ) જાળીવાળો કરવો. ગૂઢ અથવા કર્ણગૂઢ મંડપના ભદ્રમાં ચંદ્રાવલોકિત અર્થાત્ ખુલ્લો ગોખ કરવો. ૧૪.

### મંડપના પદવિભાગ.

पञ्चभागे द्वयं मध्ये सप्तभागे त्रयं तथा ॥
चत्वारि नवभागे च शालामध्ये प्रमाणकम् ॥१५॥

"Aho Shrutgyanam"


**चतुष्कञ्च तथाष्टांशं शुभं स्तंभानुसारतः ॥**
**संवरणं वितानञ्च ह्यर्धमानेन मण्डपे ॥१६॥**

(૧) મંડપમાં પાંચ ભાગ કરી મધ્યશાલાનું પદ ભાગ બે ( ૨ ), સાત ભાગ કરી ભાગ ત્રણ ( ૩ ) અને નવ ભાગ કરી ભાગ ચાર (૪) નું કરવું. આ મંડપની મધ્યશાલાનું અર્થાત્ વચ્ચેના પદનું પ્રમાણ જાણવું. સ્તંભોને અનુસરી ચોરસ તથા અષ્ટાંશ મંડપ કરવો શુભ છે તેમજ મંડપ ઉપર સામરણ તથા ઘુમટ કરવો અને તેની ઉંચાઇ પહોળાઇના અર્ધભાગે કરવી. ૧૫, ૧૬.


**प्राकारैर्मण्डिताः कार्याश्चतुर्द्वाराणि मण्डपे ॥**
**मकरैर्जलनिष्कासाः सोपानतोरणादिभिः ॥१७॥**

મંડપો ભિત્તિઓથી યુકત કરવા તથા મંડપમાં ચારે દિશાઓમાં દ્વારો મૂકવાં. મગરનાં મોઢાંવાળી પાણી નીકળવાની પ્રનાલો કરવી તેમજ મંડપને પગથીયાં તથા તોરણો ( મેરાપો ) વિગેરેથી સુશોભિત કરવો. ૧૭.

**પ્રનાલે કરવાનું મગરનું મુખ.**



"Aho Shrutgyanam"




નૃત્ય મંડપના સ્તંભનો તથા પાટનો દેખાવ.

"Aho Shrutgyanam"


"Aho Shrutgyanam"

## તારંગાજીના જૈન પ્રાસાદનું તલદર્શન.



"Aho Shrutgyanam"

## રુદ્રમાળના પ્રાસાદોનું તલ દર્શન. સિદ્ધપુર (ગુજરાત).





"Aho Shrutgyanam"




શ્રી રૂદ્રમાળનો રહેલો અવશેષ ભાગ, સીધપુર (ગુજરાત).

"Aho Shrutgyanam"




રૂદ્રમાળના પાટ અને શરાનું
કોતરણી કામ.
સીધપુર, (ગુજરાત).

"Aho Shrutgyanam"



રૂદ્રમાળના પાટનું કોતરકામ, સીધપુર (ગુજરાત).


"Aho Shrutgyanam"




રૂદ્રમાળના ચાર સ્તંભો
ઉપર ૧ પાટ લાંબો ફુટ
૨૭-૦×૩-૦×૩-૦ ની
સાઇઝનો હાલ મોજુદ
છે. વિક્રમ સંવત્ ૧૯૯૪
સીધપુર (ગુજરાત).

"Aho Shrutgyanam"

જૈન દેરાસરના ગૂઢ મંડપની આગળ નવચોકીની વેદિકા અને દેરાણી જેઠાણીના ગોખલાની બાજુનો દેખાવ, આબુ.



જૈન દેરાસરના ગૂઢ મંડપની આગળ છ ચોકીની વેદિકાના પડખાનો દેખાવ, કુંભારીયાજી.



"Aho Shrutgyanam"

**वेदिका पीठरूपैश्च शोभाभिर्बहुभिर्युता ॥**
**विचित्रं तोरणं कुर्यात्तत्र देवस्थितिस्तथा ॥१८॥**

નાના પ્રકારની શોભાવાળી પીઠાદિ સ્વરૂપની વેદિકા (મંડપ તથા શણગાર ચોકીની બીજી જગતી) કરવી અને તેમાં શોભાયમાન વિચિત્ર તોરણો કરવાં તથા દેવમૂર્તિઓ બેસાડવી. ૧૮.

**तोरणस्तंभकोत्तंभा विस्तारे गर्भमानतः ॥**
**भित्तिगर्भप्रमाणेन तयोर्मध्येऽथवा भवेत् ॥१९॥**

વેદિકા ઉપર તોરણના થાંભલાઓ ઉભા કરવા; તે ગર્ભ-ગભારાના વિસ્તારે, ભિત્તિના ગર્ભે અથવા બે સ્તંભોની વચ્ચે જોડીને ઉભા કરવા. ૧૯.

**मण्डपेषु च सर्वेषु पीठान्ते रङ्गभूमिका ॥**
**कुर्याद्वै द्वित्रिपट्टेन चित्रपाषाणजेन वा ॥२०॥**

દરેક પ્રકારના સર્વ મંડપોમાં પીઠના અંતમાં (પીઠના તલાંચા બરોબર) રંગભૂમિકા કરવી અને તેના ભોંયતળીયામાં બે ત્રણ પ્રકારના વિચિત્ર પટ્ટો કરવા અથવા રંગબેરંગી પાષાણોના ચિત્રપટોથી તેને શોભાયમાન કરવી અર્થાત્ રંગબેરંગી ગલીચા જેવી સુશોભિત કરવી. ૨૦.


**भद्रनिर्गमतुल्यं तु जगतीमण्डनिर्गमम् ॥**
**द्वितीयं तत्समं कुर्यात् प्रतिहारास्तदग्रतः ॥२१॥**
**आदिमूर्त्तेः पदत्यागात् प्रतिहाराश्च पार्श्वयोः ॥**
**राजसेनं चतुर्भागं सप्तभागा च वेदिका ॥२२॥**
**द्विभागासनपट्टश्च कक्षासनकरोन्नतम् ॥**
**मण्डाग्रे शुण्डिकाग्रे च प्रतोल्याग्रे तथैव च ॥२३॥**


જગતી અને મંડપ ભદ્ર પ્રમાણે નીકળતો કરવો તથા પ્રતોલી કરવાની જગતી પણ ભદ્ર બરાબર નીકળતી કરવી અને તેના અગ્રભાગે પ્રતિહારો કરવા. ડાબીજમણી બાજુએ કરવાના આ પ્રતિહારો મુખ્ય મૂર્તિના વચલા ભાગના પદને છોડીને બન્ને બાજુએ કરવા.

રાજસેન ચાર ભાગનું કરવું. વેદિકા (જાંધી) સાત ભાગની કરવી, બે ભાગનો આસનપટ્ટ (દાસો) કરવો તથા કક્ષાસન (કઠેડો) હાથ ઉંચો રહે તેટલો કરવો. આ રચનાવિધિ મંડપના અગ્રભાગે, શુંડિકાઓના અગ્રભાગે તેમજ પ્રતોલીના અગ્રભાગે જાણવી. ૨૧, ૨૨, ૨૩.


"Aho Shrutgyanam"

# શણગાર ચોકી અને તેની ઉંચાઇનું પ્રમાણ.



"Aho Shrutgyanam"






"Aho Shrutgyanam"



શ્રીનેમનાથ ભગવાનના નૃત્ય મંડપમાં દક્ષિણ તરફના ભદ્રક અને સ્વસ્તિક સ્તંભો અને તેની વચ્ચેનું તોરણ. જૈન દેરાશર, માઉન્ટ આબુ.

"Aho Shrutgyanam"



નૃત્ય મંડપના બે સ્તંભ અને તોરણ. જૈન દેરાશર, કુંભારીયાજી.

"Aho Shrutgyanam"

## પ્રતોલીની ઉંચાઇનું પ્રમાણ.

नरपीठस्य चोर्ध्वन्तु उत्तरङ्गस्य मस्तके ॥
कृत्वा च दश सार्धानि पदैकं राजसेनकम् ॥२४॥
वेदिका च द्विभागा तु भागार्धासनपट्टकम् ॥
स्तंभश्चैव चतुर्भागो भागार्धंभरणं भवेत् ॥२५॥
शीर्षमेकेन भागेन पट्टश्च सार्धभागतः ॥
कनिष्ठश्च समाख्यातं मध्यमं शृणु सांप्रतम् ॥२६॥

નરપીઠના ઉપરથી ઓતરંગના મથાળા સુધીમાં સાડા દશ ભાગ કરવા અને તેમાં એક ભાગનું રાજસેન, બે ભાગની વેદિકા, અર્ધા ભાગનું આસનપટ્ટ, ચાર ભાગનો થાંભલો, અર્ધા ભાગનું ભરણું, એક ભાગનું સરૂં અને દોઢ ભાગનો પાટડો કરવો. આ છૂટા મંડપમાં બેસવાની વેદિકા તથા કક્ષાસન વિગેરેનું માન તથા પ્રતોલીની ઉંચાઇનું કનિષ્ઠ માન કહ્યું. હવે મધ્યમ માન કહું છું તે સાંભળ. ૨૪, ૨૫, ૨૬.

नरपीठस्य चोर्ध्वं तु खूटछाद्यस्य मस्तके ॥
कृत्वा च दश सार्धानि पूर्वमानेन मध्यमा ॥२७॥

નરપીઠના ઉપરથી કૂટ છાજાના મથાળા સુધીમાં સાડા દશ પદ (ભાગ) કરવા અને પછી તેમાં કનિષ્ઠ માનમાં બતાવ્યા પ્રમાણે થરના ભાગો કરવા. એટલે મધ્યમ માનની પ્રતોલી જાણવી. ૨૭.

नरपीठस्य चोर्ध्वं तु यावद्भरणिमस्तके ॥
पदानि दश सार्धानि ज्येष्ठमानं विधीयते ॥२८॥


નરપીઠના ઉપરથી ભરણીના મથાળા સુધીમાં સાડા દશ પદ કરી તેમાં પૂર્વ પ્રમાણે થરોનાં પદો કરવાં. આ જ્યેષ્ઠ માનનો વિધિ જાણવો. ૨૮.

मण्डपाग्रे प्रतोल्याग्रे सोपानं शुण्डिकाग्रतः ॥
तोरणं कारयेत्तस्य पटपदानुसारतः ॥२९॥

મંડપના તેમજ પ્રતોલી ( શણગાર ચોકી ) ના અગ્ર ભાગમાં સોપાનના અગ્ર ભાગો એકસૂત્રમાં રહે તેવી રીતે સોપાન ( પગથીયાં ) કરવાં. પાટડાની નીચેની ફરકે તથા બન્ને સ્તંભો વચ્ચે શોભાયમાન તોરણો કરવાં. ૨૯.




"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

**શેરીસા શ્રીપાર્શ્વનાથ પ્રાસાદની છ ચોકીની દેરીઓના પડખાનો નકશો.**



**પ્રાસાદ તથા મંડપની સોપાનપંક્તિપ્રમાણ.**


**परिवारगजैर्युक्तं,**
**पंक्तिसोपानसंचयम् ॥**
**पंचसप्तनवाद्यैश्च,**
**कनिष्ठं मानमुत्तमम् ॥३०॥**
**एकादश दश त्रीणि,**
**तथा वै दशपंचकम् ॥**
**मध्यमानश्च विज्ञेयं,**
**कल्याणं च कलौ युगे ॥३१॥**
**सप्तदशैव सोपान-**
**मेकोनविंशतिर्भवेत् ॥**
**ज्येष्ठमानं भवेत्तच्च,**
**ह्येकविंशस्तथोत्तरम् ॥३२॥**


હાથીના પરિવારયુક્ત પંક્તિબદ્ધ સોપાનોનો સંચય કરવો અર્થાત્ સોપાનની બન્ને બાજુએ હાથણીઓનો પરિવાર (હાથીનાં સ્વરૂપો) કરવાં અને એક સરખા સૂત્રમાં નીચે ઢળતાં પગથીયાંની પંક્તિ કરવી. સોપાનસંચયમાં પાંચ, સાત અથવા નવ પગથીયાં કરવાં તે ઉત્તમ કનિષ્ઠ માન છે. અગિયાર, તેર અથવા પંદર પગથીયાં કરવાં તે મધ્યમાન જાણવું અને એ માન કલિયુગમાં કલ્યાણકર્તા છે. સત્તર, ઓગણીસ અથવા એકવીસ પગથીયાં કરવાં તે જ્યેષ્ઠ માન જાણવું. ૩૦,૩૧,૩૨.

"Aho Shrutgyanam"

## દ્વાદશ મંડપનાં નામ.


सुभद्रस्तु किरीटी च दुन्दुभिः प्रांतसंज्ञकः ॥
मनोहरस्तथा शान्तो नंदाक्षश्च सुदर्शनः ॥३३॥
रम्यकोऽथ सुनाभश्च सिंहसूर्यात्मकौ तथा ॥
निगूढाग्रे त्रिधा ख्याता द्वादश मुखमण्डपाः ॥३४॥






રંગમંડપના સ્તંભોનો દેખાવ, શ્વેતાંબર જૈનદેરાસર. માઉંટઆબુ.

"Aho Shrutgyanam"



ંગમંડપના સ્તંભોનો દેખાવ, શ્વેતાંબર જૈનદેરાસર. માઉંટઆબુ.

"Aho Shrutgyanam"

૧ સુભદ્ર, ૨ કિરીટી, ૩ દુંદુભિ, ૪ પ્રાન્ત, ૫ મનોહર, ૬ શાંત, ૭ નંદાક્ષ, ૮ સુદર્શન, ૯ રમ્યક, ૧૦ સુનાભ, ૧૧ સિંહ અને ૧૨ સૂર્યાત્મક; આ દ્વાદશ મંડપનાં નામ છે અને તે ગૂઢ મંડપના અગ્રભાગે ત્રણ રીતે કરવામાં આવે છે અને મુખમંડપ તરીકે વિખ્યાત છે. ૩૩, ૩૪.

## દ્વાદશ મંડપ વિધાન.

**एकत्रिवेदषट्सप्त–नवचतुष्किकान्वितः ॥**
**अग्रे भद्रं द्विपार्श्वे द्वे चाग्रपार्श्वद्वयस्तथा ॥३५॥**
**अग्रतश्चतुरस्रः स्यात्तथा पार्श्वेऽपि वै द्वयम् ॥**
**मुक्तकोणश्चतुष्कोणश्चेति द्वादश मंडपाः ॥३६॥**

( ૧ ) એક ચોકીવાળો ( એક પદવાળો ), ( ૨ ) ત્રણ ચોકીવાળો, ( ૩ ) ચાર ચોકીવાળો, ( ૪ ) છ ચોકીવાળો, ( ૫ ) સાત ચોકીવાળો, ( ૬ ) નવ ચોકીવાળો, ( ૭ ) અગ્ર ભાગે ભદ્રવાળો, ( ૮ ) બન્ને પડખે ભદ્રવાળો, ( ૯ ) અગ્ર ભાગે અને બન્ને પડખે ભદ્રવાળો, ( ૧૦ ) અગ્ર ભાગમાં ચોરસ અને બન્ને પડખે બે વધારે ભદ્રવાળો, ( ૧૧ ) મુક્તકોણ અને ( ૧૨ ) ચતુષ્કોણ; આ બાર મંડપો જાણવા. ૩૫, ૩૬. ( દ્વાદશ મંડપ વિધાનના નકશા માટે જુઓ પાન ૧૨૪. )

**गूढस्याग्रे प्रकर्तव्याश्चतुरस्रान्विता बहु ॥**
**चतुरस्रादिभेदेन वितानैर्बहुभिर्युताः ॥३७॥**

ગૂઢ મંડપના અગ્ર ભાગે ચોરસ ચોકીઓવાળા બીજા મંડપો કરવા. આ પ્રમાણે ચોરસ આદિ ભેદે કરી નાના પ્રકારના વિતાનો અર્થાત્ ઘુમટોથી યુક્ત ઘણા પ્રકારના મંડપો થાય છે. ૩૭.

**त्रिकाग्ररंगपर्यन्तं तत्रैव नृत्यमंडपान् ॥**
**प्रासादाग्रेऽथ सर्वत्र तांश्च कुर्याद् विधानतः ॥३८॥**


ત્રણ ચોકીના અગ્ર ભાગથી લઇ રંગભૂમિકા સુધી નૃત્યમંડપો કરવા અથવા સર્વ પ્રાસાદોના અગ્ર ભાગમાં વિધાન પ્રમાણે નૃત્યમંડપો કરવા. ૩૮.

## સપ્ત મંડપ વિધાન.


**द्वाराग्रे स्तंभवेदाद्याः प्रथमो मंडपो भवेत् ॥**
**द्विद्विस्तंभविवृद्धिश्च षोडशैव प्रकीर्तिताः ॥३९॥**

"Aho Shrutgyanam"

## सप्त प्रकार ना मंडपो ना तलदर्शन



"Aho Shrutgyanam"



નવચોકી અને નૃત્ય મંડપનો દેખાવ. જૈન દેરાશર, માઉંટ આબુ.

"Aho Shrutgyanam"

પ્રાસાદના દ્વારના અગ્ર ભાગે બાર સ્તંભોનો પહેલો મંડપ કરવો અને ત્યારપછી બે બે થાંભલા વધારવા. આવી રીતે સોળ થાંભલા થતાં સુધી વધારવાથી સાત પ્રકારના મંડપો થાય છે. ૩૯. ( સપ્ત.મંડપ વિધાનના નકશા માટે જુઓ પાન ૧૨૬. )

## સપ્તવિંશતિ મંડપ વિધાન.

सप्तविंशतिरुक्ताश्च मंडपा विश्वकर्मणा ॥
तलैस्तु विषमैस्तुल्यैः क्षणैः स्तंभसमैस्तथा ॥४०॥
प्रथमो द्वादशस्तंभो द्विद्विस्तंभविवर्धनात् ॥
यावत्षष्टिचतुर्युक्ताः सप्तविंशतिमंडपाः ॥४१॥

શ્રીવિશ્વકર્માએ સત્તાવીસ ( ૨૭ ) પ્રકારના મંડપો કરવાના કહેલા છે. તેમનાં તલો ( ગાળા અર્થાત્ પદો ) વિષમ ( એકી ) કરવાં અને ક્ષણ તથા થાંભલાઓ સમ ( બેકી ) કરવા. ૪૦.

પહેલો મંડપ બાર ( ૧૨ ) થાંભલાઓનો કરવો અને પછી બે બે થાંભલાઓ વધારવાથી બીજા મંડપો થાય છે. આ પ્રમાણે ચોસઠ ( ૬૪ ) થાંભલાઓ સુધી વૃદ્ધિ કરવી એટલે સત્તાવીસ ( ૨૭ ) પ્રકારના મંડપો થશે. ૪૧.

## સત્તાવીસ મંડપોનાં નામ.


पुष्पको पुष्पभद्रश्च सुप्रभो मृगनंदनः ॥
कौशिल्यो बुद्धिसंकीर्णो राजभद्रो द्रयावहः ॥४२॥
श्रीवत्सो विजयश्चैव वास्तुकीर्णश्च श्रीधरः ॥
यज्ञभद्रो विशालाक्षः सुश्रेष्ठः शत्रुमर्दनः ॥४३॥
भूजयो नंदनश्चैव तथा विमानभद्रकौ ॥
सुग्रीवो हर्षणश्चैव कर्णिकारः पराधिकः ॥४४॥
सिंहो वै सिंहभद्रश्च समसूत्रस्तथैव च ॥
इत्येते मंडपाः प्रोक्ताः सप्तविंशतिसंख्यया ॥४५॥

૧ પુષ્પક, ૨ પુષ્પભદ્ર, ૩ સુપ્રભ, ૪ મૃગનંદન, ૫ કૌશિલ્ય, ૬ બુદ્ધિ સંકીર્ણ, ૭ રાજભદ્ર, ૮ દ્રયાવહ, ૯ શ્રીવત્સ, ૧૦ વિજય, ૧૧ વાસ્તુકીર્ણ, ૧૨ શ્રીધર, ૧૩ યજ્ઞભદ્ર, ૧૪ વિશાલાક્ષ, ૧૫ સુશ્રેષ્ઠ, ૧૬ શત્રુમર્દન, ૧૭ ભૂજય, ૧૮ નંદન, ૧૯ વિમાન, ૨૦ ભદ્રક, ૨૧ સુગ્રીવ, ૨૨ હર્ષણ, ૨૩ કર્ણિકાર, ૨૪ પરાધિક, ૨૫ સિંહ, ૨૬ સિંહભદ્ર અને ૨૭ સમસૂત્ર; આ સત્તાવીસ મંડપો કહેલા છે. ૪૨, ૪૩, ૪૪, ૪૫.


"Aho Shrutgyanam"

निगूढा नृत्यमाख्याता अतश्चंद्रावलोकनाः ॥
भद्रावलोकनाश्चैते जालकैः कर्णकानुगाः ॥४६॥
निस्तंभा भित्तिभित्तिभिश्चतुष्काष्टांशकोत्तमैः ॥
स्तम्भे युग्मस्तंभाश्च मूलसूत्रसमुद्भवाः ॥४७॥

સત્યાવિશ પ્રકારના મંડપોના ૧ થી ૯ સુધીના તલદર્શન




"Aho Shrutgyanam"




નૃત્ય મંડપનો દેખાવ, માઉન્ટ આબુ.

"Aho Shrutgyanam"


"Aho Shrutgyanam"

२७ प्रकारना मंडपोना १० थी २२ सुधीना तल दर्शन





"Aho Shrutgyanam"




ગૂઢ–દિવાલ વગરના સ્તંભોવાળા મંડપોને નૃત્ય મંડપો કહેલા છે. ભદ્ર અને રેખાએ કરેલા ગવાક્ષો (ગોખ) કે જે જાળીઓવાળા હોય છે તેમને ચંદ્રાવલોકન કહે છે. થાંભલા વગરના મંડપો ભિત્તિઓ વડે ચોરસ અગર અષ્ટકોણ કરવા અને થાંભલાવાળા કરવા તો યુગ્મ એટલે સમ–બેકી થાંભલાઓ મૂલ સૂત્રને અનુસરી કરવા. ૪૬, ૪૭.

**क्षणमध्येषु सर्वेषु स्तंभमेकं न दापयेत् ॥**
**युग्मश्च दापयेत्तत्र वेधदोषविवर्जितम् ॥४८॥**
**मूलस्तंभे यदा सूत्रं स्तंभो देयस्तु मंडपे ॥**
**तदा पुरनृपादीनां यजमानस्य वै जयः ॥४९॥**
**स्तंभवेधे समुत्पद्येत्पद्मिनी नाम राक्षसी ॥**
**पीड्यन्ते पुरभूपाद्या वास्तुवेधं सदा हरेत् ॥५०॥**

મંડપોમાં થાંભલાઓ કરવા તે એકી કરવા નહિ પરંતુ યુગ્મ–સમ ( બેકી ) નાખવા અને વેધદોષ તજવો. ૪૮.

મૂળ પ્રાસાદના સૂત્ર સાથે જો મૂળ સ્તંભનું સૂત્ર મેળવી મંડપમાં થાંભલાઓ કરવામાં આવે તો નગર અને રાજા વગેરે તથા યજમાનનો સર્વદા વિજય થાય છે. ૪૯.

સ્તંભવેધ થાય તો પદ્મિની નામની રાક્ષસી ઉત્પન્ન થાય છે અને તેના વડે નગર, રાજા, પ્રજા વગેરેને પીડા પહોંચે છે. તેથી હમેશાં વાસ્તુવેધ તજવો અર્થાત્ વાસ્તુવેધ થવા દેવો નહિ. ૫૦.

"Aho Shrutgyanam"


"Aho Shrutgyanam"



નવચોકી અને નૃત્ય મંડપ, શ્રીનેમનાથ જૈન દેરાસર, માઉંટ આબુ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



નવચોકી અને નૃત્ય મંડપ. જૈન દેરાશર, શ્રીકુંભારીયાજી.

"Aho Shrutgyanam"

### મંડપના સ્તંભની ઉંચાઇનું પ્રમાણ.

**भजेदष्टाभिरेकांशा कुंभिः स्तंभश्च पञ्चभिः ॥**
**अर्धेन भरणं शीर्षमर्धेनैकेन पट्टकः ॥५१॥**

ઉભણીમાં આઠ ભાગ કરી તેમાં ૧ એક ભાગની કુંભી, ૫ ભાગનો સ્તંભ, ૦ાા અર્ધા ભાગનું ભરણું, ૦ાા અર્ધા ભાગનું શીર્ષ (શરૂં) અને એક ભાગનો પાટ ઉંચો કરવો. ૫૧.

### સ્તંભની ઉંચાઇનું બીજું પ્રમાણ.

**नवभक्ते समुच्छ्रे तु भागैका कुंभिका स्मृता ॥**
**षड्भागश्च भवेत्स्तंभो भागार्धं भरणं तथा ॥५२॥**
**भागार्धं च भवेत्शीर्षं भागैकेन च पट्टकः ॥**
**उच्छ्रयेन समः कार्यः सपादो विस्तरोऽथवा ॥५३॥**

ઉભણીની ઉંચાઇમાં ૯ નવ ભાગ કરી તેમાં એક ભાગની કુંભી, છ ભાગનો થાંભલો, અર્ધા ભાગનું ભરણું, અર્ધા ભાગનું શરૂં તથા એક ભાગનો પાટ કરવો અને ઉંચાઇથી સરખો અથવા સવાયો પહોળો કરવો. ૫૨, ૫૩.

**द्विभागेन नमच्छाद्यं तत्पेटं पट्टपेटके ॥**
**अर्धांशोर्ध्वा कपोताली द्विभागः पट्टविस्तरः ॥५४॥**
**पादकः कूटछाद्यश्च कुर्यात् पट्टस्य पेटके ॥**
**सपञ्चांशः सपादश्च सार्धभागश्च विस्तरात् ॥५५॥**

છાજું બે ભાગ નમતું કરવું અને પાટના પેટકમાં તેનું પેટ કરવું અર્થાત્ પાટની ઉંચાઇમાં ત્રીજા ભાગે ફાંસ પાડી છાજું ફાંસમાં બેસતું કરી પાટ અને છાજાનો તળાંચો–મથાળો એકસૂત્રમાં રાખવો. પાટના મથાળા ઉપર અર્ધા ભાગની કપોતાલી (કેવાલ) કરવી અને પાટ વિસ્તારમાં પહોળો બે ભાગનો કરવો. પાટ અને લાંબસીઓ-વાળું છાજું (કૂટછાદ્ય) પાટના તળાંચા તથા મથાળા બરોબર એકસૂત્રમાં કરવું, તથા વિસ્તારમાં પાટ ઉંચાઇનો પાંચમો ભાગ વધારી સવાયો અથવા દોઢો રાખવો. ૫૪, ૫૫.

### પાટ તથા સ્તંભ સમ વિષમ કરવા વિષે.

**मुख्यमण्डपसंघाते यदा भित्त्यन्तरं भवेत् ॥**
**न दोषाः स्तंभपट्टादौ समेऽपि विषमे तले ॥५६॥**

"Aho Shrutgyanam"

મુખ્ય મંડપની સાથે બીજો મંડપ કરવામાં જો ભિત્તિનું અંતર આવતું હોય તો સ્તંભ અને પાટ વિગેરે સમ અથવા વિષમ તલ કરવામાં આવે તો પણ દોષ આવતો નથી. ૫૬.

### કુંભિ, સ્તંભ, ભરણું અને શરાના વાઢ વિષે.

**कुंभकेन समा कुंभिः स्तंभश्चैव तथोद्गमे ॥**
**भरणी भरणं ज्ञात्वा कपोताली तथा शिरम् ॥५७॥**
**कूटछाद्यमधःसूत्रे कुर्यात्पट्टस्य पेटकम् ॥**
**अर्धोदये करोटश्च कर्तव्यं विधिपूर्वकम् ॥५८॥**

કુંભાના એકસૂત્રમાં કુંભી, દોઢિયાના મથાળે એકસૂત્રમાં સ્તંભ, ભરણીની સાથે એકસૂત્રમાં ભરણું તથા કપોતાલી અને શિર ( શરૂં ) એકસૂત્રમાં કરવું. નીચે એકસૂત્રમા કૂટછાદ્ય અને પાટનો તલાંચો (પેટક) એકસૂત્રમાં કરવો. પહોળાઇથી અર્ધો ઉંચાઇમાં વિધિપૂર્વક કરોટ ( કલાડીયો-ઘુમટ ) કરવો. ૫૭, ૫૮.

### સ્તંભની જાડાઇ પાંચ પ્રકારે કરવા વિષે.

**प्रासादस्य दशांशेन स्तंभानां पृथुविस्तरः ॥**
**कार्य एकादशांशेन द्वादशांशेन वै तथा ॥५९॥**
**त्रयोदशांशमानेन शक्रांशेन तथोच्यते ॥**
**एतन्मानं यथोद्दिष्टं स्तंभानां पृथुविस्तरे ॥६०॥**

સ્તંભોનો પૃથુ ( જાડાઇનો ) વિસ્તાર પ્રાસાદની પહોળાઇના પ્રમાણના દશમા ભાગે, અગિયારમા ભાગે, બારમા ભાગે, તેરમા ભાગે અથવા ચૌદમા ભાગે કરવો. સ્તંભોની જાડાઇનું આ પાંચ પ્રકારનું માન યથાશાસ્ત્ર કહેલું છે. એટલે પાષાણની મજબૂતીના આધારે યોગ્ય માન લેવું. ૫૯, ૬૦.

### સ્તંભની જાડાઇનું બીજું પ્રમાણ.

**प्रासाद एकहस्ते तु स्तंभो वा चतुरङ्गुलः ॥**
**द्विहस्ते चाङ्गुलाः सप्त त्रिहस्ते नव एव च ॥६१॥**
**ततो द्वादशहस्तान्तं हस्ते हस्ते द्वयाङ्गुला ॥**
**सपादाङ्गुलवृद्धिः स्यात्यावत्षोडशहस्तकम् ॥६२॥**

"Aho Shrutgyanam"



સ્વસ્તિક સ્તંભ. અષ્ટાસ્ત્ર સ્તંભ. ભદ્રક સ્તંભ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

**अङ्गुलिका ततो वृद्धिश्चत्वारिंशत्करावधि ॥**
**तदूर्ध्वे च शतार्धान्तं पादोनाङ्गुलिका भवेत् ॥६३॥**

અથવા એક ગજના પ્રાસાદને સ્તંભ ચાર ( ૪ ) આંગળ, ૨ ગજના પ્રાસાદને સાત ( ૭ ) અને ત્રણ ગજના પ્રાસાદને નવ ( ૯ ) આંગળ જાડો કરવો. ત્રણ ગજથી બાર ગજ સુધી દરેક ગજે બે બે આંગળ, બારથી સોળ ગજ સુધી સવા આંગળ, સોળથી ચાલીસ ગજ સુધી એક આંગળ અને ચાલીસથી પચાસ ગજ સુધીના પ્રાસાદને સ્તંભ જાડો કરવામાં ગજે પોણો ( ૦।।। ) આંગળ વૃદ્ધિ કરવી. ૬૧, ૬૨, ૬૩.

## સ્તંભના ઘાટની પાંચ પ્રકારની જાતિ વિષે.

**रुचका भद्रकाश्चैव वर्धमानास्तृतीयकाः ॥**
**अष्टास्राः स्वस्तिकाश्चैव स्तंभाः प्रासादरूपतः ॥६४॥**
**रुचकाश्चतुरस्राः स्युर्भद्रका भद्रसंयुताः ॥**
**वर्धमानोपभद्राः स्युरष्टास्राश्चाष्टका मताः ॥६५॥**
**आमनोर्ध्वे भवेद् भद्रं स्वस्तिकाश्चाष्टकर्णकैः ॥**
**पञ्चविधाश्च कर्तव्याः स्तंभाः प्रासादरूपिणः ॥६६॥**


પ્રાસાદને અનુરૂપ સ્તંભો પાંચ પ્રકારના થાય છે. તે અનુક્રમે નીચે પ્રમાણે જાણવા. (૧) રૂચક, (૨) ભદ્રક, (૩) વર્ધમાન, (૪) અષ્ટાસ્ર અને (૫) સ્વસ્તિક; આ પાંચ પ્રકારના સ્તંભોનાં નામ જાણવાં. રૂચક સ્તંભો ચોરસ, ભદ્રક સ્તંભો ભદ્રસંયુક્ત, વર્ધમાન સ્તંભો ઉપભદ્રયુક્ત, અષ્ટાસ્ર સ્તંભો અષ્ટકોણ તથા સ્વસ્તિક સ્તંભો મથાળે ભદ્રસંયુક્ત અને અષ્ટકોણ જાણવા. આ પાંચ પ્રકારના સ્તંભો પ્રાસાદોને અનુરૂપ કરવા. ૬૪, ૬૫, ૬૬.

## સ્તંભોમાં કોતરકામ કરવા વિષે.

**स्तंभोऽष्टास्रसुवृत्तभद्रसहितो रूपेण चालङ्कृतः**
**युक्तः पल्लवकैस्तथा भरणकं यत्पल्लवेनावृतम् ॥**
**कुम्भी भद्रयुता कुमारसहितं शीर्षं तथा किन्नराः ।**
**पत्रं चेति गृहे न शोभनमिदं प्रासादके शस्यते ॥६७॥**

સ્તંભ અષ્ટકોણ, સુંદર ગોળાકાર, ભદ્ર સહિત, મૂર્તિઓના રૂપોથી અલંકૃત અને પલ્લવો ( પાનપત્તાં ) સહિત કોતરેલો હોય, ભરણું વેલોથી અલંકૃત અને કોતરકામ કરેલું હોય તેમજ કુંભી પણ ભદ્રયુક્ત તથા શરાઓમાં કીચક અને કિન્નરોનાં સ્વરૂપો કોતરેલાં હોય. આવા સ્તંભો ઘરોની અંદર કરવા સારા નહિ પરંતુ પ્રાસાદોમાં કરવામાં આવે તો તે ઉત્તમ જાણવા. ૬૭.

"Aho Shrutgyanam"





"Aho Shrutgyanam"



મેઘનાદ મંડપ. રાણકપુર, (મારવાડ).

"Aho Shrutgyanam"



મેઘનાદ મંડપનો દેખાવ. રાણકપુર, (મારવાડ).

"Aho Shrutgyanam"



જિનાલય અને બલાણક સહિત ચતુર્મુખ ધરણી વિહાર પ્રાસાદ. રાણકપુર ( મારવાડ ).

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

## જિનના દેવાલયોને મંડપવિધાન.

**जिनाग्रे सोमसर्णं च शुकाग्रे गूढमण्डपः ॥**
**गूढस्याग्रे चतुष्का वै तदग्रे नृत्यमण्डपः ॥६८॥**

જિનના દેવાલયના અગ્રભાગે સમોસર્ણ ( સમોસણ ), શુક ( શુકનાશને બેસવાની જગ્યા કે જેને કોળી કહે છે ) ના અગ્રભાગે ગૂઢમંડપ, ગૂઢમંડપના અગ્રભાગે ચોકી અને ચોકીના અગ્રભાગે નૃત્યમંડપ કરવો. ૬૮.

## ચોમુખ પ્રાસાદમાં મેઘનાદાદિ મંડપવિધાન.

**प्रासादछन्द-उक्ताश्च मण्डपाः सर्वकामदाः ॥**
**सिंहद्वारे विशेषेण मेघश्च श्रीमनोरमः ॥६९॥**
**तदग्रे मेघनादश्च कोष्ठानि पञ्चविंशतिः ॥**
**नालिमण्डप आख्यातो विस्तारे मेघ उत्तमः ॥७०॥**
**मण्डपं मेघनादश्च कुर्याच्च द्विषणान्तरे ॥**
**तथा सणान्तरे नाल्यं बलाणश्च तु मूर्धनि ॥७१॥**

પ્રાસાદના છંદાનુસાર કહેલા મંડપો સર્વકામનાઓને આપનારા છે. ચોમુખ અને ભ્રમવાળા પ્રાસાદોના સિંહદ્વારે વિશેષ કરીને મેઘમંડળની માફક સુંદર મેઘ-મંડપ અને તેની આગળ મેઘનાદ મંડપ કરવો અને તે પચીસ કોઠાનો કરવો. તેની આગળ નાલિમંડપ કરવો. એટલે કે પગથીયાં ચઢવાનાં નીચે આવે તેવા મંડપને નાલિ-મંડપ કહે છે. મેઘમંડપથી બે પદ છોડી મેઘનાદ મંડપ કરવો અને મેઘનાદ મંડપથી એક પદ છોડી નાલિમંડપ કરવો અને તેના ઉપર બલાણક કરવું. ૬૯, ૭૦, ૭૧.

## જિન દેવાલયની ચતુર્દિક્ષુ જિનાલય વિધાન.

**द्विसप्तत्या द्विबाणैर्वा चतुर्विंशतितोऽथवा ॥**
**जिनालयैश्चतुर्दिक्षु सहितं जिनमंदिरम् ॥७२॥**

જિનાલયની ચારે દિશાઓમાં બોતેર ( ૭૨ ), બાવન ( ૫૨ ) અથવા ચોવીસ ( ૨૪ ) જિનાલય સહિત જિનમંદિર કરવું. ૭૨.

## બાવન (૫૨) જિનાલયની દેરીઓનો ક્રમ.

**वामदक्षे चतुस्त्रिंशदष्टौऽग्रे नव पृष्ठतः ॥**
**मूलप्रासादसंयुक्ते वर्णसंख्याजिनालये ॥७३॥**

"Aho Shrutgyanam"

મૂળ પ્રાસાદની ડાબી જમણી બાજુએ સત્તર સત્તર દેરીઓ મળી કુલ ચોત્રીસ, આઠ દેરીઓ આગળના ભાગે અને નવ પાછળના ભાગે તથા એક મૂળ પ્રાસાદ મળી કુલ બાવન (૫૨) જિનાલય જાણવાં. ૭૩.

## બોતેર (૭૨) જિનાલયની દેરીઓનો ક્રમ.

**वामदक्षे च पञ्चाशत् पृष्ठे रुद्रोऽग्रतो दश ॥**
**मूलप्रासादसंयुक्ते द्वासप्ततिर्जिनालये ॥७४॥**

મુખ્ય પ્રાસાદની જમણી તથા ડાબી તરફ પચીસ પચીસ દેરીઓ તેમજ પાછળ અગીયાર અને આગળના ભાગમાં દશ તથા મુખ્ય પ્રાસાદ મળી કુલ બોતેર (૭૨) જિનાલય જાણવાં. ૭૪.

**प्रासादस्तंभकर्णानां वेधं द्वारेषु वर्जयेत् ॥**
**प्रासादमण्डपानान्तु गर्भे कृत्वा सुखं वहेत् ॥७५॥**

ચારે તરફની દેરીઓના દ્વારોમાં મુખ્ય પ્રાસાદના સ્તંભો તથા કર્ણોનો વેધ તજવો. બાવન જિનાલયની દેરીઓ પ્રાસાદ અને મંડપોના ગર્ભે કરવાથી અનંત સુખ આપનારી થાય છે. ૭૫.

## પુંડરીક અને બલાણુ વિધાન.

**शिवः सूर्यो विधिर्विष्णुश्चंडिका जिन एव च ॥**
**एतेषाञ्च सुराणाञ्च कुर्यादग्रे बलाणकम् ॥७६॥**


શિવ, સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, ચંડિકા અને જિન; આ દેવતાઓનાં દેવાલયોને અગ્ર ભાગે ( તથા સમગ્ર દેવતાઓનાં દેવાલયોને અગ્રભાગે ) બલાણક ( જિનને પુંડરીક ) કરવાં. ૭૬.

**बलाणं देवताग्रे च राजद्वारे गृहे तथा ॥**
**जलाशयेऽथ कर्तव्यं सर्वेषां मुखमंडपे ॥७७॥**

દેવાલય, રાજામહારાજાઓના રાજપ્રાસાદો, ગૃહ તથા જલાશયના અગ્રભાગે તેમજ સર્વ દેવાલયોના મુખ્ય મંડપના અગ્રભાગે બલાણુ કરવું. ૭૭.

**जगतीपीठविस्तीर्णं पादपादेन वर्जितम् ॥**
**शालालिंदेन गर्भेण प्रासादेन समं भवेत् ॥७८॥**

"Aho Shrutgyanam"




બાવન (૫૨) જિનાલયની દેરીનાં અંદરનાં બારણાં અને સ્તંભોની પંક્તિ. જૈનદેરાસર, માઉંટ આબુ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"




ત્યાસી જીનાલયવાળા ધર્ણિવિહાર ચૌમુખ પ્રાસાદનું પૂર્વ અને દક્ષિણ તરફનું કર્ણ દર્શન. શ્રી રાણકપુર ( મારવાડ ).

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

બાવન જિનાલયના તલદર્શનનો નકશો. ચંદ્રાવતી–સરોતરા, ઉત્તર ગુજરાત.






"Aho Shrutgyanam"

મૂલ પ્રાસાદની જગતી તથા પીઠની સમાન વિસ્તારવાળું એટલે એક બે પદ છોડી, શાલા અને અલિંદના ગર્ભે બલાણુ કરવું અને તે ઉંચાઇમાં પ્રાસાદના બરોબર કરવું. ૭૮.

**कनिष्ठमुत्तमे मध्ये मध्यं ज्येष्ठे कनिष्ठिके ॥**
**एकद्वित्रिचतुःपञ्चरससप्तपदान्तरे ॥७९॥**

૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ પદના અંતરે બલાણુ કરવાથી અનુક્રમે નીચે પ્રમાણે જ્યેષ્ઠ, મધ્ય અને કનિષ્ઠના ભેદો થાય છે. એક પદના અંતરે કરે તો કનિષ્ઠ કનિષ્ઠ, બે પદના અંતરે કનિષ્ઠ મધ્ય, ત્રણ પદના અંતરે કનિષ્ઠ જ્યેષ્ઠ, ચાર પદના અંતરે મધ્ય કનિષ્ઠ, પાંચ પદના અંતરે મધ્ય મધ્ય, છ પદના અંતરે મધ્ય જ્યેષ્ઠ અને સાત પદના અંતરે બલાણુ કરે તો જ્યેષ્ઠ બલાણુક જાણવું. ૭૯.

**मूलप्रासादसंद्वारे मंडपे च बलाणकम् ॥**
**न्यूनाधिकं न कर्तव्यं दैर्घ्ये हस्ताङ्गुलाधिकम् ॥८०॥**

મૂલ પ્રાસાદના દ્વારની સન્મુખ તથા મંડપમાં બલાણુ કરવું અને પ્રમાણથી ઉંચું કે નીચું કરવું નહિ. પરંતુ ઉંચાઇમાં જેટલા ગજ અને આંગળ હોય તે પ્રમાણે બરાબર ઉંચું કરવું.

**पेटकं चित्ररङ्गानि सर्वेषां समसूत्रतः ॥**
**आङ्गणेन समं पेटं जगत्याश्च श्रुतो गजः ॥८१॥**
**जगत्यग्रे तथा कार्यं वामतंत्रबलाणकम् ।**
**वामेऽथ दक्षिणे द्वारे वेदिका मत्तवारणम् ॥८२॥**

પાટડો અને ચિત્રરંગ ( બારણાનો ઓતરંગ ); એ બધાં પોતપોતાના વાઢેવાઢ એકસૂત્રમાં કરવાં તેમજ આંગણાના ભાગની સાથે સમાન સૂત્રમાં પાટડા કરવા. અને જગતીમાં ગજ (હાથી) કરવા તથા જગતીના અગ્રભાગે તે પ્રમાણે વામતંત્રનું બલાણુ કરવું અને પ્રાસાદના ડાબા તથા જમણા દ્વારમાં વેદિકા તેમજ મત્તવારણ ( કઠેડો ) કરવું. ૮૧, ૮૨.


**सप्तोर्ध्वभूमयः कार्या नृत्यमण्डपसूत्रतः ॥**
**मत्तवारणकं वेदी वितानतोरणैर्युता ॥८३॥**
**राजद्वारबलाणे च पञ्च वा सप्त भूमिकाः ॥**
**तद्वि मानं बुधैः प्रोक्तं पुष्करं वारिमध्यतः ॥८४॥**

"Aho Shrutgyanam"



નૃત્ય મંડપના ઘુમ્મટનો દેખાવ. શ્રી નેમનાથ જૈનમંદિર, માઉન્ટ આબુ.

"Aho Shrutgyanam"



નૃત્ય મંડપના ઘુમ્મટનો દેખાવ. શ્રીકુંભારીયાજી જૈન દેરાશર.

"Aho Shrutgyanam"

નૃત્યમંડપના સમાન સૂત્રે બલાણુમાં ઊર્ધ્વભૂમિઓ ( ઉપરની ભૂમિકાઓ ) સાત સુધી કરવી અને તેમને મત્તવારણ ( કઠેડા ) તથા વિતાન અને તોરણોથી યુક્ત વેદિકાઓ કરવી. ૮૩.

રાજપ્રાસાદને કરેલા બલાણુમાં પાંચ અથવા સાત ભૂમિકાઓ કરવી અને તેના પ્રમાણમાં વારિમાર્ગ ( પ્રાસાદ અને બલાણુની વચ્ચે છુટ્ટી જગ્યા ) મોટો રાખવો. એમ બુદ્ધિમાન્ સૂત્રધારોએ કહેલું છે. ૮૪.

**हर्म्ये शालागृहे वापि कर्तव्यं गोपुराकृति ॥**
**एकभूमिस्त्रिभूमिश्च गृहाग्रे द्वारमस्तके ॥८५॥**

રાજાના પ્રાસાદ તથા શાલાગૃહને નગરના દરવાજા જેવી આકૃતિવાળું બલાણ કરવું અને ઘરના અગ્રભાગમાં તથા દ્વારના મસ્તકે એક ભૂમિ અથવા ત્રણ ભૂમિવાળું બલાણ કરવું . ( ઘરની આગળ કરેલા બલાણને ડેરી કહે છે ). ૮૫.

**मंडपाद्गर्भसूत्रेण वामदक्षिणयोर्दिशोः ॥**
**अष्टापदं प्रकर्तव्यं त्रिशालाया बलाणकम् ॥८६॥**

મંડપના ગર્ભસૂત્રે ડાબી તથા જમણી દિશાઓમાં અષ્ટાપદ કરવું અને ત્રિશાલા ( ત્રણ પદની ચોકી ) ના અગ્રભાગે બલાણ કરવું. ૮૬.

## પ્રાસાદની ચતુર્દિક્ષુ રથશાલાદિનું વિધાન.

**अपरे रथशाला च मठः सव्ये प्रतिष्ठितः ॥**
**उत्तरे सूदशाला च प्रोक्ता श्रीविश्वकर्मणा ॥८७॥**
**कोष्ठागारश्च वायव्ये वह्निभागे महानसम् ॥**
**पुष्पगेहं तथेशाने नैऋत्ये पात्रशालिका ॥८८॥**
**शस्त्रागारश्च पुरतो वारुणे च जलाश्रयम् ॥**
**मठस्योपरितः कुर्याद् विद्यावाचनमंडपम् ॥८९॥**

પ્રાસાદની પશ્ચિમે રથશાળા, દક્ષિણે મઠ અને ઉત્તરે સૂદશાળા ( રસોઇઆઓની શાળા ) કરવી એમ શ્રીવિશ્વકર્માએ કહેલું છે. ૮૭.

વાયુકોણમાં કોષ્ઠાગાર ( કોઠાર ), અગ્નિકોણમાં મહાનસ ( પાકશાળા ), ઇશાન કોણમાં પુષ્પગૃહ, નૈઋત્ય કોણમાં પાત્રશાળા ( વાસણો મૂકવાની શાળા ), પ્રાસાદના અગ્રભાગે શસ્ત્રાગાર ( આયુધશાળા ) એટલે શસ્ત્ર મૂકવાનું સ્થાન, પશ્ચિમ

"Aho Shrutgyanam"

દિશામાં જલાશય ( કુંડ, કૂવો, ટાંકું ) અને મઠની ઉપરની ભૂમિમાં વિદ્યાવાચનનો મંડપ કરવો અર્થાત્ વ્યાખ્યાન આદિ ઉપદેશ કરવાનો મંડપ કરવો. ૮૮, ૮૯.

### ઉપાશ્રય વિધાન.

**प्रासादस्योत्तरे याम्यां तथाग्रे पश्चिमेऽपि च ॥**
**यतीनामाश्रयं कुर्यान् मठं तद् द्वित्रिभूमिकम् ॥९०॥**
**द्विशालमध्ये षड्दारुः पटशालाग्रशोभिता ॥**
**मत्तवारणमग्रे च तदूर्ध्वं पटभूमिषु ॥९१॥**

પ્રાસાદની ઉત્તરે, દક્ષિણે, પૂર્વે અથવા પશ્ચિમે યતિઓના નિવાસાર્થે ઉપાશ્રય કરવો અને તે બે કે ત્રણ ભૂમિવાળો કરવો. ૯૦.

મઠ અથવા ઉપાશ્રયમાં બે શાળાઓ મધ્યે ષટ્દારૂ ( બે દિવાલમાં ભીંતાડા સ્તંભ ચાર અને બે પાટડીઓ મળી નંગ ૬ ને ષટ્દારૂ કહેવામાં આવે છે ) મૂકવાં. આગળના ભાગે સુશોભિત પટશાળા કરવી અને તેના અગ્રભાગે પટશાળાની ઉપરની ભૂમિકાઓમાં મત્તવારણ ( કઠેડા ) કરવાં. ૯૧.

### જાળી તથા ગોખ મૂકવાનું પ્રમાણ.

**द्वारोर्ध्वे च त्रिभागेन द्वारं जालगवाक्षके ॥**
**दैर्घ्ये हीनं प्रकर्तव्यं समसूत्रश्च मूर्धनि ॥९२॥**

દ્વારની ઉંચાઈમાં ત્રણ ભાગ કરી બે ભાગની જાળી તથા ગોખ કરવો. જાળી અને ગોખ લંબાઈમાં નાના હોય તો દોષ નથી પરંતુ દ્વાર, જાળી અને ગોખ; એ ત્રણેના ઉપરના વાઢ એકસૂત્રમાં રાખવા. ૯૨.

### મંડપોપરિ ઘુમ્મટ વિધાન.


**क्षेत्रार्धस्य षडंशाः स्युरेकोनाष्टास्रमुच्यते ॥**
**कलास्रं क्षेत्रषड्भागे षष्ठांशेन च संयुते ॥९३॥**

ક્ષેત્રના અર્ધના છ ભાગ કરવા અને તેમાંથી એક ભાગ છોડતાં બાકી રહેલા પાંચ ભાગનો અષ્ટાસ્ર ( અઠાંશ ) તથા ક્ષેત્રના ( જે જગ્યા હોય તેના ) છ ભાગ કરી તેમાંના પાંચ ભાગો છોડી છઠ્ઠા એક ~~ભાગની~~ ભાગમાં તેનો છઠ્ઠો ભાગ ઉમેરતા કલાસ્ર ( સોળ હાંશ ) થાય છે. ૯૩.

**अष्टास्रे षोडशास्रश्च वृत्तं कुर्यात्तदूर्ध्वतः ॥**
**उदयं विस्तरार्धेन षष्ट्यंशसंविभाजिते ॥९४॥**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"




ઘુમટમાં વિદ્યાધરોમાં કરેલાં સ્વરૂપો. જૈન દેરાસર, ( કુંભારીઆજી ).

"Aho Shrutgyanam"

મંડપ ઉપર અઠાંસ કરી તેના ઉપર સોળ હાંસ કરવી. અને પછી ઉપરના ભાગે ગોળાકાર ઘુમ્મટ કરવો અને તે પહોળાઈના અર્ધા ભાગે ગોળાકાર ઉંચો કરવો તથા તેની ઉંચાઈમાં સાઠ ( ૬૦ ) ભાગ કરવા. ૯૪.

## ઘુમ્મટના ગડદા (દાદરી) તથા ૬, ૮, ૧૨, ૨૦ હાંસ છોડવાની રીતનો નકશો.




"Aho Shrutgyanam"

**कर्णदर्दरिकाः सप्त भागेन निर्गमोदयौ ॥**
**रूपकण्ठस्तु पञ्चांशो द्विभागेनात्र निर्गमम् ॥९५॥**

સાત ભાગની કર્ણદર્દરિકાઓ કરવી અને તે નિર્ગમે ( નીકારે ) તથા ઉંચાઇમાં સરખી રાખવી. પાંચ ભાગનો રૂપકંઠ કરવો અને નીકારે બે ભાગ રાખવો. ૯૫.

**विद्याधरैः समायुक्तं षोडशाष्टदिवाकरैः ॥**
**जिनसंख्यामितैर्वापि दन्तावलैर्विराजितम् ॥९६॥**

સોળ ( ૧૬ ), આઠ ( ૮ ) અથવા બાર ( ૧૨ ) વિદ્યાધરોથી યુક્ત ઘુમ્મટ કરવો. અથવા ચોવીસ ( ૨૪ ) હાથીઓ વડે વિરાજિત ઘુમ્મટ કરવો. ૯૬.

**विद्याधरपृथुत्वेन सप्तांशो निर्गमो भवेत् ॥**
**तदूर्ध्वे चित्ररूपाश्च नर्त्तिका नृत्यशोभिताः ॥९७॥**

વિદ્યાધરો તેમની પહોળાઇથી સાત ભાગ નીકારે કરવા અને તેમના ઉપર વિચિત્ર રૂપોને ધારણ કરેલી નૃત્ય કરતી શોભાયમાન નર્ત્તિકા—નાચ કરતી પુતળીયો કરવી. ૯૭.

**जगतुल्ये तु षट्सार्धं द्वितीया च षड्भागिका ॥**
**तृतीया सार्धपञ्चांशा कोलाणि त्रीणि पंच वा ॥९८॥**

પહેલી જગતુલ્યા સાડા ( ૬॥ ), બીજી ( ૬ ) છ ભાગની તથા ત્રીજી સાડા-પાંચ ( ૫॥ ) ભાગની કરવી અને ત્રણ અથવા પાંચ કોલ કરવા. ૯૮.


**मध्ये वितानं कर्तव्यं चित्रवर्णविराजितम् ॥**
**नाटकादिकथारूपस्वनाकारविराजितम् ॥९९॥**

મંડપની મધ્યમાં વિતાન ( અર્ધ ગોળાકાર ) કરવું અને તે નાના પ્રકારના ચિત્ર વિચિત્ર રંગોથી શોભાયમાન તથા નાટકાદિના કથાભાગોને અનુસરતી, સંગીત કરતી ( ગાતી ), વાદ્યાદિ વગાડતી અને નૃત્ય કરતી આકૃતિવાળી પુતળીયો વિગેરેથી ચિત્રિત કરવું. ૯૯.

## ઘુમ્મટના થરોના વિભાગનું બીજું પ્રમાણ.


**उच्छ्रयं विस्तरार्धेन षट्षष्टिभिर्विभाजिते ॥**
**कर्णदर्दरिका कार्या सप्तभागप्रमाणतः ॥१००॥**

"Aho Shrutgyanam"



ચોમુખ પ્રાસાદના પશ્ચિમ તરફના મંડપના ઘુમ્મટનો દેખાવ, માઉંટ આબુ.

"Aho Shrutgyanam"



ચૌમુખ પ્રાસાદના ઉત્તર તરફના ઘુમ્મટનો દેખાવ. માઉન્ટ આબુ.

"Aho Shrutgyanam"

रूपकण्ठश्चतुर्भागः कलाविद्याधरैर्युतः ॥
गवाक्षश्चैव षड्भागं सार्धषड्भागिकं तथा ॥१०१॥
पञ्चभागं भवेत्कोलं चतुःसार्धं चतुर्थकम् ॥
एवं तु कारयेन्नित्यं वितानानेकमंडितम् ॥१०२॥

ઘુંમટ તેની પહોળાઈના અર્ધા ભાગે ઉંચો કરવો અને તેમાં છાસઠ ( ૬૬ ) ભાગ કરવા. તેમાં સાત ( ૭ ) ભાગની કર્ણદર્દરી, સોળ વિદ્યાધરોથી યુક્ત ચાર ( ૪ ) ભાગનો રૂપકંઠ, સાડા છ ( ૬॥ ) ભાગનું પહેલું ગવાક્ષ, છ ભાગનું બીજું ગવાક્ષ, પાંચ ભાગનું કોલ અને ચોથું ગવાક્ષ સાડા ચાર ભાગનું કરવું. આવી રીતે અનેક વિતાનોથી મંડિત થયેલો ઘુંમટ હંમેશાં કરવો. ૧૦૦, ૧૦૧, ૧૦૨.

एकादशशतान्येव वितानानां त्रयोदश ॥
शुद्धसंघाटमिश्राणि क्षिप्ताक्षिप्तानि यानि च ॥१०३॥

અનેકવિધ ભેદોને લીધે વિતાનો ( ઘુમ્મટો ) ની સંખ્યા અગિયારસો ને તેર ( ૧૧૧૩ ) થાય છે અને તે શુદ્ધ સંઘાટ, મિશ્ર સંઘાટ ( એક બીજાના સંઘાટો પરસ્પર મેળવી કરેલા ), ક્ષિપ્ત ( નિર્ગમે નીકળતા થરો) અને અક્ષિપ્ત (નિર્ગમે નહિં નીકળતા થરો) વિગેરે અનેક પ્રકારના કરવામાં આવે છે. ૧૦૩. ૩ટિકાન

वितानानि विचित्राणि वस्त्रचित्रादिभेदतः ॥
सप्तसु यानि लोकेषु तस्माद् हृद्यानि लोकतः ॥१०४॥


નાના પ્રકારના વસ્ત્રાલંકાર ( પહેરવેશ ) અને ચિત્રોના ભેદને લીધે ચિત્ર વિચિત્ર અનેકવિધ વિતાનો (મંડપો) થાય છે તથા સાત લોકમાંના દેખાવોથી અલંકૃત કરવામાં આવતા હોવાથી જોતાંજ લોકોને આનંદ આપનારા થાય છે. ૧૦૪.

रत्नगर्भसूर्यकान्तिचन्द्रतारावितानकम् ॥
विचित्रमण्डपं जैनं कृतं तस्मै नमः सदा ॥१०५॥

રત્નોથી જડેલો ગભારો, સૂર્યના કિરણો જેવી કાન્તિવાળાં ચિત્રો તથા ચંદ્ર અને તારાઓના દેખાવોથી યુક્ત એવો વિતાનવાળો વિચિત્ર જૈનમંડપ જેમણે કર્યો હોય તેમને સદા સર્વદા ( અમારા ) નમસ્કાર હો. ૧૦૫.

"Aho Shrutgyanam"

**શ્રી વાસુપૂજ્ય મહારાજના દેરાસરના ગભારા ઉપરનું સાંભરણ અને ઘુમટીનો નકશો. રૂપાસુરચંદની પોળ, અમદાવાદ.**





"Aho Shrutgyanam"



જિનાલયની ચોકીઓમાં કરેલો ભદ્રિક ઘુમ્મટ, શ્રીનેમનાથ જૈન મંદિર, માઉંટ આબુ.

"Aho Shrutgyanam"



જિનાલયના ખુણાના મંડપના ઘુમ્મટનો દેખાવ. શ્રીનેમનાથ જૈનમંદિર, માઉન્ટ આબુ.

"Aho Shrutgyanam"

## મંડપ તથા પ્રાસાદને સાંભરણ વિધાન.

**सांभर्णञ्च प्रकर्तव्यं प्रथमं पंचघंटनम् ॥**
**चतुर्घंटाभिवृद्ध्या च यावदेकोत्तरं शतम् ॥१०६॥**

પહેલું સાંભરણ પાંચ ઘંટાવાળું કરવું અને પછી ચાર ચાર ઘંટાઓ વધારી એકસોને એક ઘંટાઓ સુધી વૃદ્ધિ કરવી. ૧૦૬.

**पञ्चविंशातिरित्युक्ताः प्रथमं रसभागिकम् ॥**
**वेदोत्तरं शतं यावद् वेदांशा वृद्धिरिष्यते ॥१०७॥**

પહેલું સાંભરણ છ ભાગનું કરવું અને ત્યાર પછી ચાર ચાર ભાગની વૃદ્ધિ એકસોને ચાર ( ૧૦૪ ) ભાગ સુધી કરવી. આ પ્રમાણે વૃદ્ધિ કરવાથી પચીસ પ્રકારનાં સાંભરણો થાય છે. ૧૦૭.

**भद्रार्धे रथिकार्धेन नवाङ्गं वामदक्षिणे ॥**
**रथिकार्धोदयेनैव घण्टाकूटे ततो बकम् ॥१०८॥**

ડાબી તથા જમણી બાજુએ ભદ્રના અર્ધા ભાગમાં રથના અર્ધા ભાગે નવાંગ ( નવ ઘંટાવાળું સાંભરણ ) કરવું તથા રથિકાની પહોળાઇના અર્ધ ભાગે રથિકા ઉપર ઘંટા તથા કૂટ કરવાં અને તેના ઉપર બક ( કલશ ) કરવો. ૧૦૮.

**कलाकूटान्विता पूर्वा पञ्चभिः कलशैर्युता ॥**
**भागैर्विषमतुल्यैश्च ह्येवं कुर्वीत लक्ष्यतः ॥१०९॥**

પહેલી ઘંટા કલાકૂટથી યુક્ત પાંચ કલશવાળી કરવી તથા એકી અને એકી ભાગો વડે આ પ્રમાણે લક્ષ્યપૂર્વક એકી ઘંટાઓની રચના કરવી. ૧૦૯.


## દેવતાઓનાં વાહનોનાં સ્થાન વિષે.

**प्रासादवाहनस्थानं कर्तव्या च चतुष्किका ॥**
**एकद्वित्रिचतुःपञ्चरससप्तपदान्तरे ॥११०॥**


એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત પદના અંતરે પ્રાસાદના દેવતાના વાહનના સ્થાન માટે ચોકી કરવી. ૧૧૦.



"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"




નવચોકીની ઘુમટીની અંદરનો દેખાવ. જૈન દેરાસર, (કુંભારીયાજી).



ગૂઢ મંડપ ઉપરનું સામરણ. જૈન દેરાસર, (કુંભારીયાજી).


"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



નવચોકીની ઘુમટીનો દેખાવ. શ્રીનેમનાથ જૈન મંદિર, માઉંટ આબુ.


"Aho Shrutgyanam"




નવચોકીની છતનો દેખાવ. જૈન દેરાશર, કુંભારીઆજી.

"Aho Shrutgyanam"

## ઘેટી પાગની દેરીનો નકશો. શ્રી શેત્રુંજય, પાલીતાણા. (કાઠીઆવાડ)





## વાહનોદય પ્રમાણ.

**अर्चायास्तु नवांशेषु पञ्चषट्सप्तभागिकः ॥**
**गुह्यनाभिस्तनान्तो वा त्रिविधो वाहनोदयः ॥१११॥**

દેવતાની મૂર્તિમાં પગથી શિખા સુધી નવ ભાગો કરવા. તેમાં પાંચ, છ અને સાત ભાગ સુધી વાહન ઉંચું કરવું અથવા ગુહ્યભાગ, નાભિ અને સ્તનભાગ (વક્ષસ્થલ) ના બરોબર વાહનોદય કરવો એટલે વાહનની દૃષ્ટિની ઉંચાઇ રાખવી. ૧૧૧.

**पादजानुकटिं यावदर्चाया वाहनस्य च ॥**
**वृषस्य विष्णुभागान्तः सूर्ये चाप्यंसकान्तकः ॥११२॥**

દેવતાના ચરણ, જાનુ ( ઢીંચણ ) અથવા કટિપર્યંત વાહનનો ઉદય કરવો અને મહાદેવના વૃષ ( પોઠિયા ) નો ઉદય લિંગના વિષ્ણુભાગના અંત ( જળાધારી ) સુધી તથા સૂર્યના વાહનનો ઉદય અંસ ( ખભા ) સુધી કરવો. ૧૧૨.

## પ્રાસાદની ચતુર્દિક્ષુ અન્ય પ્રાસાદ વિધાન.

**अग्रतः पृष्ठतश्चैव वामदक्षिणयोर्दिशोः ॥**
**प्रासादं कारयेदन्यं नाभिवेधं विवर्जयेत् ॥११३॥**

દેવાલયના અગ્રભાગે, પાછળના ભાગે તથા ડાબી અને જમણી તરફ બીજા પ્રાસાદો કરવા અને તેમનો નાભિવેધ વર્જવો અર્થાત્ મુખ્ય પ્રાસાદ અને મંડપોના ગર્ભે કરવા. ગર્ભ છોડીને કરવાથી નાભિવેધ ઉત્પન્ન થાય છે. ૧૧૩.


**शिवस्याग्रे न कर्तव्या त्वर्चारूपेण देवता ॥**
**प्रभा नष्टा न भोगाय यथा तारा दिवाकरे ॥११४॥**

શિવના દેવાલયની સન્મુખ બીજા દેવતાનું દેવાલય પૂજવાના રૂપમાં કરવું નહિ; કારણ કે તે દેવતાનું તેજ ( પ્રભા ) નષ્ટ થાય છે અને ફળ આપવાને અસમર્થ બને છે. જેમ સૂર્યોદયમાં તારાઓ નષ્ટપ્રભાવાળા થાય છે અને પ્રકાશ આપી શકતા નથી તેમ શિવની આગળ બીજા દેવતાઓ નષ્ટપ્રભાવવાળા થાય છે તેથી સુખ આપવાને અસમર્થ બને છે. ૧૧૪.

**शिवस्याग्रे शिवं कुर्याद् ब्रह्माणं ब्रह्मणोऽग्रतः ॥**
**विष्णोरग्रे भवेद् विष्णुर्जैने जैनो रवे रविः ॥११५॥**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



મંડપની છતમાં કોતરેલા તીર્થંકરોના ચારિત્રનો દેખાવ. જૈન દેરાસર, (કુંભારીયાજી).

"Aho Shrutgyanam"

શિવના દેવાલયના અગ્રભાગે શિવાલય, બ્રહ્માના દેવાલયના અગ્રભાગે બ્રહ્માનું, વિષ્ણુના દેવાલયના અગ્રભાગે વિષ્ણુનું, જિનના દેવાલયના અગ્રભાગે જિનનું અને સૂર્યના દેવાલયના અગ્રભાગે સૂર્યનું દેવાલય કરવું. ૧૧૫.

**ब्रह्मा विष्णुश्चैकनाभिर्द्वाभ्यां दोषो न विद्यते ॥**
**शिवस्याग्रे न वासश्च दृष्टिवेधे महद् भयम् ॥११६॥**

બ્રહ્મા અને વિષ્ણુ એકનાભિ ( બન્નેનાં દેવાલય સામસામાં ) કરવા. એ બન્નેની એકનાભિ થવાથી દોષ થતો નથી; પરંતુ શિવાલયના અગ્રભાગે બ્રહ્મા અને વિષ્ણુનો વાસ (દેવાલય) કરવો નહિ; કારણ કે તેમનો દૃષ્ટિવેધ થતાં મહાન્ ભય ઉત્પન્ન થાય છે. ૧૧૬.

**ब्रह्मा विष्णुरेकनाभिर्जिने दोषो न विद्यते ॥**
**शिवाग्रे चान्यदेवाश्च दृष्टिवेधे महद् भयम् ॥११७॥**

જિનાલયમાં બ્રહ્મા અને વિષ્ણુ એકનાભિ થાય તો દોષ થતો નથી; પરંતુ શિવાલયની સન્મુખ બીજા દેવતાઓ કરવા નહિ; કારણ કે તેમનો દૃષ્ટિવેધ થતાં મોટો ભય ઉત્પન્ન થાય છે. ૧૧૭.

**चंडिकाग्रे भवेन्मात्री यक्षे क्षेत्रादिभैरवः ॥**
**स्वस्वामिभिश्च विज्ञेया ये यस्यापि हितैषिणः ॥११८॥**

ચંડિકાના દેવાલયના અગ્રભાગે માત્રીગણનાં દેવાલય કરવાં અને યક્ષરાજ કુબેરના દેવાલયના અગ્રભાગે ક્ષેત્રપાલ ને ભૈરવ વગેરેનાં દેવાલય કરવાં તથા સેવકસ્વામી, ઇષ્ટમિત્ર અને પરસ્પર હિતૈષી દેવતાઓનાં દેવાલય એકનાભિ (સામસામાં ગર્ભે) કરવાં. ૧૧૮.

**शिवसूर्याग्रतो गेहं न कुर्याज्जिनपृष्ठतः ॥**
**पार्श्वयोर्ब्रह्मविष्णोश्च चण्ड्याश्चतुर्दिशं न वै ॥११९॥**

શિવ અને સૂર્યના દેવાલયના અગ્રભાગે, જિનાલયના પૃષ્ઠ ( પાછળના ) ભાગે, બ્રહ્મા અને વિષ્ણુના પાર્શ્વ ( બન્ને બાજુના ) ભાગે તથા ચંડિકાની ચારે દિશાએ ઘર કરવું નહિ. ૧૧૯.

## દૃષ્ટિદોષ ન લાગવા વિષે.

**प्रसिद्धराजमार्गस्य प्राकारान्तरतोऽपि वा ॥**
**स्थापयेदन्यदेवस्य तत्र दोषो न विद्यते ॥१२०॥**

પ્રસિદ્ધ રાજમાર્ગ અથવા પ્રાકાર ( કોટ, કિલ્લા ) નું અંતર પડતું હોય તો એક દેવના દેવાલયના સામું બીજા દેવતાનું દેવાલય કરવામાં દૃષ્ટિદોષ આવતો નથી. ૧૨૦.

"Aho Shrutgyanam"

## પૂર્વ તથા પશ્ચિમમુખના દેવતાઓ.

**पूर्वापरस्य देवानां कुर्यान्नो दक्षिणोत्तरम् ॥**
**ब्रह्मविष्णुशिवानाञ्च गृहं पूर्वापरामुखम् ॥१२१॥**

પૂર્વ તથા પશ્ચિમ દિશાના મુખવાળા દેવોનાં દેવાલયો દક્ષિણ તથા ઉત્તર દિશાના મુખવાળાં કરવાં નહિ. બ્રહ્મા, વિષ્ણુ અને શિવનાં દેવાલય પૂર્વ તથા પશ્ચિમ મુખનાં કરવાં. ૧૨૧.

**पूर्वापरमुखा देवाः शुभाश्च पुरसन्मुखाः ॥**
**अशुभा दक्षिणास्यास्तु उत्तराभिमुखास्तथा ॥१२२॥**
**ब्रह्मा विष्णुश्च रुद्रार्कौ गुह इन्द्रश्च देवताः ॥**
**पूर्वापरमुखाश्चैते सर्वदा शुभकारकाः ॥१२३॥**
**ब्रह्मा विष्णुश्च रुद्रार्कौ पुरं हन्ति पराङ्मुखाः ॥**
**शिवो जिनो हरिर्धाता शुभाः सर्वदिशामुखाः ॥१२४॥**

પૂર્વ અને પશ્ચિમાભિમુખ તથા નગરાભિમુખ દેવો શુભ છે; પરંતુ દક્ષિણ તથા ઉત્તરાભિમુખ દેવો અશુભ છે. બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, સૂર્ય, કાર્તિક સ્વામી અને ઇન્દ્ર; આ દેવતાઓ પૂર્વ તથા પશ્ચિમદિશા સામે મુખવાળા સદા શુભકર્તા છે. ૧૨૨, ૧૨૩.

બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર અને સૂર્ય; આ દેવતાઓ જો પુરથી પરાઙ્મુખ હોય અર્થાત્ નગર તરફ પીઠ કરીને રહેલા હોય તો પુરનો નાશ કરે છે. શિવ, તીર્થંકર, વિષ્ણુ અને બ્રહ્મા; આ દેવો સર્વ દિશાના મુખવાળા શુભ છે. ૧૨૪.

## દક્ષિણાભિમુખ દેવો.


**विघ्नेशो भैरवश्चण्डी नकुलीशो ग्रहास्तथा ॥**
**मातरो धनदश्चैव शुभा दक्षिणदिङ्मुखाः ॥१२५॥**

ગણેશ, ભૈરવ, ચંડિકા, નકુલીશ, નવગ્રહો, માતૃદેવતા અને કુબેર; આ દેવો દક્ષિણાભિમુખ શુભ છે અર્થાત્ એમનાં દેવાલયો દક્ષિણાભિમુખ કરવાં. ૧૨૫.

## હનુમાન બેસાડવાની દિશા.


**नैऋत्याभिमुखः कार्यो हनुमान् वानरेश्वरः ॥**
**अन्ये विदिङ्मुखा देवा न कर्तव्याः कदाचन ॥१२६॥**

"Aho Shrutgyanam"



રંગમંડપની બાજુની છતોમાં કોતરેલા તીર્થંકરોના ચરિત્રનો દેખાવ, શ્રીકુંભારીઆજી.

"Aho Shrutgyanam"



રંગમંડપની બાજુની છતોમાં કોતરેલો તીર્થંકરોના ચારિત્રનો દેખાવ, શ્રીકુંભારીઆજી.

"Aho Shrutgyanam"

વાનરપતિ હનુમાન્ નૈઋત્યાભિમુખ બેસાડવા ( હનુમાનનું દેવાલય દક્ષિણાભિમુખ પણ કરવું ); કિન્તુ બીજા દેવતાઓ કદાપિ વિદિઙ્મુખ અર્થાત્ કોણના મુખવાળા બેસાડવા નહિ. ૧૨૬.

# अथ मूर्तिविधान प्रकरण ।

**तृतीयांशेन गर्भस्य प्रासादे प्रतिमोत्तमा ॥**
**मध्यमा स्वदशांशोना पंचांशोना कनीयसी ॥१२७॥**

પ્રાસાદના ગભારાના ત્રીજા ભાગે પ્રતિમા કરવી તે ઉત્તમ ( જ્યેષ્ઠ માનની ) જાણવી અને પ્રતિમાના આવેલા પ્રમાણના દશમા ભાગે હીન કરવાથી મધ્યમા અને પાંચમા ભાગે હીન કરવાથી કનિષ્ઠ માનની પ્રતિમા જાણવી. ( આ માન બેઠેલી જૈન પ્રતિમાની પલાંઠીનું જાણવું ). ૧૨૭.

## દ્વારના માને મૂર્તિ અને સિંહાસનનું પ્રમાણ.

**द्वारोच्छ्रयश्च नवधा भागमेकं परित्यजेत् ॥**
**द्वात्रिंशद्भिर्भजेद् द्वारं चतुर्भागान् परित्यजेत् ॥१२८॥**

દ્વારની ઉંચાઈમાં નવ (૯) ભાગ કરી ઉપરનો એક ભાગ છોડવો અને બાકીના આઠ ભાગમાં ચાર ભાગની પ્રતિમા ઉંચી તથા ચાર ભાગનું સિંહાસન ઉંચું કરવું. તેજ પ્રમાણે દ્વારની ઉંચાઈમાં બત્રીસ ( ૩૨ ) ભાગ કરી તેમાંથી ઉપરના ચાર ભાગો છોડવા. શેષ રહેલા અઠ્ઠાવીસ ( ૨૮ ) ભાગોમાં નીચે પ્રમાણે પ્રતિમા તથા સિંહાસનનું પ્રમાણ અનુક્રમે જાણવું. ૧૨૮.

**द्वारदैर्घ्ये तथा विश्वतिथिशक्रकलांशकैः ॥**
**ऊर्ध्वे चैवासनस्थानं मनुशक्रतिथीनकैः ॥१२९॥**

દ્વારની લંબાઇ ( ઉંચાઇ ) માંના ચૌદ ( ૧૪ ), પંદર (૧૫), તેર (૧૩) અને સોળ (૧૬) ભાગોમાં પ્રતિમા તથા ચૌદ (૧૪), તેર (૧૩), પંદર (૧૫) અને બાર (૧૨) ભાગોમાં સિંહાસન ઉંચું કરવું. ૧૨૯.

"Aho Shrutgyanam"

## દ્વારની ઉંચાઇના માને મૂર્તિ અને સિંહાસનના ભાગનું કોષ્ઠક

| નંબર. | પબાશણ ભાગ. | પ્રતિમા ભાગ. | ઉપરના છોડવાના ભાગ. | દ્વારની ઉંચાઇમાં કુલ ભાગ. |
|---|---|---|---|---|
| ૧ | [illegible] ભાગ. | ૪ ભાગ. | ૧ ભાગ. | ૯ ભાગ. |
| ૨ | ૧૪ ભાગ. | ૧૪ ભાગ. | ૪ ભાગ. | ૩૨ ભાગ. |
| ૩ | ૧૫ ભાગ. | ૧૩ ભાગ. | ૪ ભાગ. | ૩૨ ભાગ. |
| ૪ | ૧૩ ભાગ. | ૧૫ ભાગ. | ૪ ભાગ. | ૩૨ ભાગ. |
| ૫ | ૧૬ ભાગ. | ૧૨ ભાગ. | ૪ ભાગ. | ૩૨ ભાગ. |

### પ્રાસાદના માને ઊભી મૂર્તિનું પ્રમાણ.

**प्रासाद एकहस्ते तु मूर्तिरेकादशाङ्गुला ॥**
**दशाङ्गुला ततो वृद्धिर्यावद्धस्तचतुष्टयम् ॥१३०॥**
**द्व्यङ्गुला दशहस्तान्तं शतार्धमङ्गुलस्य च ॥**
**अतिवृद्धिर्दशांशोना मध्यमा च कनीयसी ॥१३१॥**

એક ગજના પ્રાસાદને મૂર્તિ અગિયાર (૧૧) આંગળ ઉંચી કરવી અને પછી ચાર ગજ સુધી દરેક ગજે દશ (૧૦) આંગળ, ચારથી દશ ગજ સુધી બે (૨) આંગળ અને દશથી પચાસ ગજ સુધી એક (૧) આંગળની વૃદ્ધિ કરવી.

આ પ્રમાણે આવેલા જ્યેષ્ઠ માનમાંથી દશમા ભાગે હીન કરવાથી મધ્યમા અને મધ્યમાના માનમાંથી દશમા ભાગે હીન કરવાથી કનિષ્ઠ માનની મૂર્તિ જાણવી. ૧૩૦,૧૩૧.

### શેષશાયી ભગવાનની સૂતી મૂર્તિનું પ્રમાણ.

**सप्तांशे गर्भगेहे तु द्वौ भागौ परिवर्जयेत् ॥**
**पंचभागो भवेद्देवः शयनस्थः सुखावहः ॥१३२॥**

સાત ભાગ કરેલા ગભારામાંના બે ભાગ છોડી પાંચ ભાગના સૂતેલા શેષશાયી ભગવાનની મૂર્તિ કરવી તે સુખ આપનારી છે. ૧૩૨.

"Aho Shrutgyanam"




છતમાં કોતરેલા કુડચલવાળા વેલાનો દેખાવ. શ્રીરાણકપુર ( મારવાડ )



છતમાં કોતરેલા નાગપાશના સ્વરૂપનો દેખાવ.

"Aho Shrutgyanam"



રંગમંડપની બાજુની છતોમાં કોતરેલો તીર્થંકરોના ચારિત્રનો દેખાવ. શ્રીકુંભારીઆજી.

"Aho Shrutgyanam"

## સર્વ દેવતાઓનાં પંચવિધ સિંહાસન પ્રમાણ.

प्रासादगर्भस्य दलं विधेयं।
द्वाराग्रखण्डं परिवर्जनीयम् ॥
अन्ये दले पञ्चविभागकार्यं।
तस्मिन् विधेयानि निजासनानि ॥१३३॥
यक्षादयश्च प्रथमे विभागे।
द्वितीयभागेऽखिलदेवता वै ॥
ब्रह्मा च विष्णुश्च जिनस्तृतीये।
चतुर्थभागादधिके हरस्य ॥१३४॥

પ્રાસાદના ગભારાના સરખા બે ભાગ કરી દ્વાર તરફનો પહેલો ખંડ (વિભાગ) તજવો. પછી બાકી રહેલા બીજા ખંડમાં પાંચ વિભાગો કરવા અને તેમાં દેવતાઓનાં પોતપોતાનાં સિંહાસનો કરવાં. પાંચ વિભાગોમાંના પછીતથી પ્રથમ વિભાગમાં યક્ષાદિ, બીજા વિભાગમાં સર્વ દેવતાઓ, ત્રીજા વિભાગમાં બ્રહ્મા, વિષ્ણુ અને જિન દેવતાઓનું સિંહાસન કરવું તથા ચોથા ભાગથી અધિક પાંચમા વિભાગમાં અર્થાત્ ગભારાના મધ્ય ભાગે શિવનું સ્થાન કરવું. ૧૩૩, ૧૩૪.

## દેવતાઓના સ્થાનોનાં મંડલ વિષે.

प्रासादानां समस्तानां विभक्तिर्गर्भभित्तया ॥
गर्भमध्येषु सर्वेषु देवताः क्रमसंस्थिताः ॥१३५॥
चतुरस्रं तथायत्तं वृत्तं चैव वृतायतम् ॥
अष्टास्रं च तथा प्रोक्तं गर्भप्रासादरूपतः ॥१३६॥
ब्रह्मस्थानादिगर्भं च भित्तिपर्यंतमेखला ॥
विभक्तिक्रमछंदेषु मण्डलं भवनाकृति ॥१३७॥

સમસ્ત પ્રાસાદોમાં ગભારાની ભિત્તિથી વિભાગો કરવા અને સર્વ પ્રકારના ગભારાઓના મધ્ય ભાગથી ક્રમાનુસાર દેવતાઓ બેસાડવા. ગર્ભ અને પ્રાસાદને અનુરૂપ દેવતામંડલ સમચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને અષ્ટ હાંસ કરવું. બ્રહ્માના સ્થાનાદિ રૂપ ગભારાને ભિત્તિ સુધી મેખલા કરવી તથા વિભાગ, ક્રમ અને છંદાનુસાર તેના ઉપર ભવનાકૃતિ મંડલ રચવું અર્થાત્ છત્રીઓ કરવી. ૧૩૫, ૧૩૬, ૧૩૭.



"Aho Shrutgyanam"

## દેવતાઓના સ્થાનોના અઠ્ઠાવીસ ભાગ કરવા વિષે.

अष्टाविंशाश्च विज्ञेया गर्भानुरूपमध्यतः ॥
एकैकदेवताश्चैव क्रमशो मण्डले स्थिताः ॥१३८॥


ગભારાને અનુરૂપ મધ્યમાંથી (પછીતની ભિત્તિ તરફ) અઠ્ઠાવીસ (૨૮) વિભાગો કરવા અને તેમાં ક્રમાનુસાર મંડલોમાં એકેક દેવતા સ્થાપવા. ૧૩૮.

प्रथमे मण्डले चैव यद् भवेद् गर्भमध्यतः ॥
शिवस्य परमं स्थानं यन्मेरोर्भुवि मध्यतः ॥१३९॥
यवैर्यवार्धकं किञ्चित् कुर्यादीशानमाश्रितम् ॥
मण्डलोर्ध्वे समस्ताश्च ततः सूत्रेषु देवताः ॥१४०॥
पादपद्माग्रसंस्थाने स्वके च पदमध्यतः ॥
पदस्य गर्भसंस्थाने पार्श्वगर्भादिके तथा ॥१४१॥
कर्णपिप्पलिकासूत्रं भुजगर्भे तु संस्थितम् ॥
पादगुल्फगर्भसूत्रे पदगर्भेषु देवताः ॥१४२॥

પ્રથમ મંડલ જે ગભારાના મધ્યથી આરંભ થાય છે તેમાં શિવનું પરમ શ્રેષ્ઠ સ્થાન, ભૂમિના મધ્યમાં જેમ મેરૂનું સ્થાન છે તેમ જાણવું. યવમાત્ર અથવા યવાર્ધ જરા ઇશાન કોણ તરફ રહેલું સ્થાન કરવું અને ત્યાર પછી મંડલો ઉપર એકસૂત્રમાં સર્વ દેવતાઓ બેસાડવા. ચરણકમલના અગ્રસંસ્થાનના મધ્યમાં તેમજ મૂર્તિના ચરણના મધ્યભાગમાં, પદના ગર્ભસ્થાનમાં, પડખેના ગર્ભમાં તેમજ ભુજાના ગર્ભમાં કર્ણશષ્કુલિ (કાનના મધ્ય ભાગ) થી લીધેલું સૂત્ર પાદગુલ્ફ (પગની ઘુંટીયો) ના ગર્ભમાં એકસૂત્રે કરવું અને પદોના ગર્ભે દેવતાઓ એકસૂત્રે સ્થાપવા. ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨.

द्वितीये हिरण्यगर्भो नकुलीशस्तृतीयके ॥
चतुर्थे चैव सावित्री रुद्रः स्यात्पदपञ्चमे ॥१४३॥
षष्ठके चैव षड्वक्त्रः सप्तमे च पितामहः ॥
अष्टमे वासुदेवश्च नवमे च जनार्दनः ॥१४४॥
दशमे विश्वदेवाश्च ह्यग्निरेकादशे स्थितः ॥
द्वादशे भास्करश्चैव दुर्गा स्याच्च त्रयोदशे ॥१४५॥

"Aho Shrutgyanam"



પુંડરીકજીનો પાર્શ્વદર્શનનો દેખાવ. શેઠ હઠીસીંગ જૈન દેરાશર, અમદાવાદ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

चतुर्दशे च विघ्नेशो ग्रहाश्च दशपंचमे ॥
षोडशे च भवेन्मात्री गणाश्च दशसप्तके ॥१४६॥
भैरवोऽष्टादशे चैव क्षेत्रपैकोनविंशतिः ॥
विंशतौ यक्षराजश्च हनुमानेकविंशतौ ॥१४७॥
द्वाविंशतौ भृगो घोरस्तथापरः पदाधिके ॥
चतुर्विंशे भवेद्दैत्यो राक्षसश्च पदाधिके ॥१४८॥
पिशाचश्चैव षड्विंशे भूताश्चैव पदाधिके ॥
तस्याग्रे च पदे शून्यं क्रमेण स्थितमण्डलम्॥ १४९॥

બીજા મંડલમાં હિરણ્યગર્ભ, ત્રીજામાં નકુલીશ, ચોથામાં સાવિત્રી, પાંચમામાં રૂદ્રમૂર્તિ, છઠ્ઠામાં ષડ્વક્ત્ર (કાર્તિક સ્વામી), સાતમામાં પિતામહ (બ્રહ્મા), આઠમામાં વાસુદેવ, નવમામાં જનાર્દન, દશમામાં વિશ્વદેવ, અગિયારમામાં અગ્નિ, બારમામાં ભાસ્કર, તેરમામાં દુર્ગા, ચૌદમામાં વિઘ્નેશ, પંદરમામાં નવગ્રહો, સોળમામાં માત્રી દેવતાઓ, સત્તરમામાં ગણો, અઢારમામાં ભૈરવ, ઓગણીસમામાં ક્ષેત્રપાલ, વીસમામાં યક્ષરાજ, એકવીસમામાં હનુમાન્, બાવીસમામાં ઘોરભૃગ, તેવીસમામાં અપર દેવતા, ચોવીસમામાં દૈત્ય, પચીસમામાં રાક્ષસ, છવીસમામાં પિશાચ, સત્તાવીસમામાં ભૂતો અને તેની આગળનું છેલ્લું અઠ્ઠાવીસમું મંડલ શૂન્ય રાખવું. આ પ્રમાણે અનુક્રમે મંડલની સ્થાપના કરવી. ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭. ૧૪૮, ૧૪૯.

विष्णुस्थान उमादेवी ब्रह्मस्थाने सरस्वती ॥
सावित्री मध्यदेशे तु लक्ष्मीः सर्वत्र दापयेत् ॥१५०॥
वीतरागो विघ्नराजो ये चोक्ता जिनशासने ॥
मातृमण्डलमध्ये तु देवतानां समस्तकम् ॥१५१॥

વિષ્ણુના સ્થાનમાં ઉમાદેવી, બ્રહ્માના સ્થાને સરસ્વતી, મધ્યદેશે સાવિત્રી અને સર્વત્ર (સર્વ સ્થાનોમાં) લક્ષ્મીદેવી સ્થાપવી. વીતરાગ, વિઘ્નરાજ આદિ જે દેવો જિનશાસનમાં કહેલા છે તે સમસ્ત દેવતાઓ માતૃમંડલમાં સ્થાપવા. ૧૫૦, ૧૫૧.

पर्यंकस्यासनोर्ध्वश्च विष्णुरूपाणि यद् भवेत् ॥
विष्णुस्थाने जलेशायी वाराहस्तत्पदे स्थितः ॥१५२॥
विष्णुरूपाणि सर्वाणि नवमं पदमाश्रयेत् ॥
कल्किस्तथैव रेवन्तः पदवाराहमाश्रयेत् ॥१५३॥

"Aho Shrutgyanam"

પર્યંકાસન ઉપર સૂતેલા શેષશાયી ભગવાન અને વિષ્ણુના દશ અવતારનાં સ્વરૂપો વિષ્ણુસ્થાનમાં સ્થાપવાં તેમજ તે પદમાં વારાહ સ્થાપવો તથા નવમા ભાગમાં વિષ્ણુનાં સર્વ પ્રકારનાં સ્વરૂપોની મૂર્તિઓ સ્થાપવી અને વારાહના સ્થાનમાં અશ્વ સાથે કલ્કિ અવતારની મૂર્તિ સ્થાપવી. ૧૫૨, ૧૫૩.

अर्धनारीश्वरो देवो रुद्रस्थाने प्रतिष्ठयेत् ॥
हरिः शंभुरुमामूर्तिर्विष्णुस्थाने प्रकल्पयेत् ॥१५४॥
सप्तमे ब्रह्मसंस्थाने मिश्रमूर्तिः प्रतिष्ठयेत् ॥
त्रिदेवस्थानके चैव हरिहरपितामहाः ॥१५५॥
पितामहश्च चन्द्रार्कौ स्थापयेत्पदभास्करे ॥
वेदाश्च ब्रह्मसंस्थाने ऋषीणां पदभास्करे ॥१५६॥

રુદ્રના સ્થાનમાં અર્ધનારીશ્વર તથા વિષ્ણુના સ્થાનમાં હરિ, શંકર અને ઉમાની મૂર્તિઓ સ્થાપવી. સાતમા બ્રહ્માના સ્થાનમાં મિશ્રમૂર્તિ ( ત્રણે દેવોની ભેગી મૂર્તિ ) દત્તાત્રેય, ત્રિદેવના સ્થાનકમાં હરિ, હર અને પિતામહ, સૂર્યના સ્થાનમાં પિતામહ, ચંદ્ર અને સૂર્ય, બ્રહ્માના સ્થાનમાં ચાર વેદો તથા સૂર્યના સ્થાનમાં ઋષિઓની સ્થાપના કરવી. ૧૫૪, ૧૫૫, ૧૫૬.

अतःपरं तु ये देवा ग्रंथोक्ताश्च महत्पराः ॥
सान्निध्यं सर्वकालन्तु परिकरे प्रदापयेत् ॥१५७॥

આ સિવાય જે દેવતાઓ અન્ય ગ્રંથોમાં કહેલા અને તેજસ્વી હોય તેમને પરિકર (મંડલ) માં સર્વકાલ જેના સાન્નિધ્યમાં તેઓ રહેતા હોય તેના સ્થાનમાં સ્થાપવા. ૧૫૭.

### જૈન પ્રતિમાનું સિંહાસન કરવા વિષે.


सिंहासनश्च जैनानां गजसिंहविभूषितम् ॥
मध्ये च धर्मचक्रश्च तत्पार्श्वे यक्षयक्षिणी ॥१५८॥

જૈન દેવતાઓનું સિંહાસન હાથી અને સિંહથી વિભૂષિત, મધ્ય ભાગમાં ધર્મચક્રયુક્ત અને તેની આજુબાજુએ યક્ષ તથા યક્ષિણી યુક્ત કરવું. ૧૫૮.

### શિવલિંગની જળાધારીનું પ્રમાણ.


योन्याश्च लिङ्गमुच्छ्रेयं तस्माच्च पीठविस्तरम् ॥
पीठिकायाः त्रिभागेन कर्तव्या मेखला ततः ॥१५९॥

"Aho Shrutgyanam"



શણગાર ચોકી ઉપરનું સાંમરણ તથા ગોખ, શેઠ હઠીસીંગનું દેરાશર, અમદાવાદ.

"Aho Shrutgyanam"



ઘેટીપાગની સાંમરણવાળી તૈયાર થયેલી દ્હેરી, શેત્રુંજય ( પાલીતાણા ).



એક ચોકી ઉપરનું સાંમરણ. રાણકપુર, મારવાડ.

"Aho Shrutgyanam"

तदर्धेन मुखस्यैव विस्तारश्च त्रिभागिकम् ॥
तत्पदस्य त्रिभागेन कर्तव्या मेखला ततः ॥१६०॥
मेखलायाः त्रिभागेन खातं विद्यात्तथा सुधीः ॥
विष्णुभागोच्छ्रयं यावत् पीठिका चोच्छ्रिता ततः ॥१६१॥

જળાધારીમાં લિંગ ઉભું કરવું અને તેની પહોળાઇના પ્રમાણે પીઠિકાનો ફરતો વિસ્તાર કરવો. પીઠિકાના ત્રીજા ભાગે જળાધારીની પ્રનાલ નીકારે કરવી. તેના અર્ધા ભાગે પ્રનાલનું મુખ પહોળું રાખવું. મુખના ત્રીજા ભાગે પાણીતારનો વિસ્તાર કરવો, અને પ્રનાલના ત્રીજા ભાગે મેખલા કરવી. મેખલાના ત્રીજા ભાગે પાણી જવાની પ્રનાલ ઉંડી (ખાત) કરવી તથા પીઠિકા ઉંચી વિષ્ણુના ભાગ સુધી કરવી અર્થાત્ એ ભાગ ઉંચી કરવી. ૧૫૯, ૧૬૦, ૧૬૧.


## જળાધારી કરવાના સ્વરૂપના ૧૮ ભાગ.


उच्छ्रयेऽष्टादशान्भागान् कृत्वा शास्त्रविचक्षणः ॥
कर्णं तु सार्धभागेन पट्टिका चार्धभागिका ॥१६२॥
द्वितीया चार्धभागेन स्कंधश्चैव त्रिभागिकः ॥
पट्टिका स्कंधमूले तु चार्धभागं ततो न्यसेत् ॥१६३॥
अंतःपट्टं तथा कार्यं सार्धभागेन शोभितम् ॥
पट्टिका चार्धभागा तु द्विभागं कर्णकं भवेत् ॥१६४॥
पट्टिका चार्धभागा तु सार्धा चान्तरपट्टिका ॥
पट्टिका चार्धभागा तु त्रिभिश्च स्कंध एव च ॥१६५॥
पट्टिका चार्धभागा तु द्वितीया तत्समा भवेत् ॥
सार्धभागं तथा कर्णमाद्यस्थानेषु पट्टिका ॥१६६॥
प्रवेशं सप्तभिर्भागैः पीठिका च तथा बुध ॥
कर्णं सार्धत्रयं ज्ञेयं पादोना पट्टिका भवेत् ॥१६७॥

જળાધારીની ઉંચાઇમાં અઢાર (૧૮) ભાગ કરવા. તેમાં દોઢ ભાગનો કર્ણ, અર્ધા ભાગની પટ્ટિકા, બીજી પટ્ટિકા અર્ધા ભાગની અને સ્કંધ ત્રણ ભાગનો કરવો. સ્કંધના મૂળમાં અર્ધા ભાગની પટ્ટિકા કરવી અને દોઢ ભાગનું અંતરપત્ર કરવું તથા અર્ધા ભાગની પટ્ટિકા કરવી. બે ભાગનો કર્ણ કરવો. અર્ધા ભાગની પટ્ટિકા, દોઢ ભાગનું અંતરપત્ર તથા અર્ધા ભાગની પટ્ટિકા કરવી. ત્રણ ભાગનો સ્કંધ કરવો અને સ્કંધની નીચે

"Aho Shrutgyanam"

## શિવલિંગની જળાધારીના દેખાવનો નકશો.



અર્ધા અર્ધા ભાગની બે પટ્ટિકાઓ કરવી, અને દોઢ ભાગનો કર્ણ કરવો. પીઠિકાનો પ્રવેશ (અંદર પેશતો ભાગ) સાત ભાગનો અને તેનો કર્ણ નીકળતો સાડા ત્રણ ભાગનો કરવો તથા પોણા ભાગની પટ્ટિકા નીકળતી કરવી. ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭.

**यावद्दीर्घं भवेल्लिङ्गं तावत्पीठस्य विस्तरः ॥**
**उमा तु पीठिका ज्ञेया लिङ्गं ंकर उच्यते ॥१६८॥**

જેટલા પ્રમાણમાં લિંગ મોટું હોય તેટલા પ્રમાણમાં પીઠિકાનો વિસ્તાર (પહોળાઇ) કરવો. પીઠિકા ઉમારૂપ અને લિંગ શંકરરૂપ જાણવું. ૧૬૮.

**न्यूनाधिका न कर्तव्या उमायाः शङ्करस्य च ॥**
**न्यूनाधिकाकृतिर्दोषं कुरुते राष्ट्रविभ्रमम् ॥१६९॥**

ઉમા અને શંકર (જળાધારી તથા લિંગ) નાં સ્વરૂપો પ્રમાણથી ન્યૂનાધિક કરવાં નહિ; કારણ કે પીઠિકા અને લિંગ પ્રમાણથી ન્યૂનાધિક આકૃતિવાળાં થાય તો દોષ અને દેશમાં વિભ્રમ પેદા થાય છે. ૧૬૯.

### દશ (૧૦) પ્રકારની જળાધારીઓનું પ્રમાણ.

**अर्धचंद्रत्रिकोणाद्या विज्ञेया दश पीठिकाः ॥**
**एतासां रूपसंस्थानं कथयामि निबोधत ॥१७०॥**

અર્ધચંદ્રા અને ત્રિકોણા આદિ દશ પ્રકારની પીઠિકાઓ (જળાધારીઓ) જાણવી. તેમનાં સ્વરૂપ અને સંસ્થાન કહું છું તે તમે સાંભળો. ૧૭૦.

**मण्डला चतुरस्रा च मेखलैकेन संस्थिता ॥**
**द्विमेखला भवेद् वापी यक्षी चैव त्रिमेखला ॥१७१॥**
**पूर्णचंद्रा च विज्ञेया रुद्राणां सततं प्रिया ॥**
**षडस्री च भवेद् वज्री मेखलात्रयभूषिता ॥१७२॥**
**षोडशास्री भवेत्पद्मा किञ्चिद् ह्रस्वानुमूलतः ॥**
**लग्नज्याधनुषाकारा अर्धचंद्रा च सा भवेत् ॥१७३॥**
**त्रिकोणा चोर्ध्वतो ह्रस्वा शक्त्या च सदृशी भवेत् ॥**
**विश्वा चोत्तरपूर्वेण प्रशस्ता दक्षिणातिगा ॥१७४॥**

"Aho Shrutgyanam"

(૧) ચોરસ અને એક મેખલાવાળી જળાધારી મંડલા, (૨) ચોરસ અને બે મેખલાવાળી વાપી, (૩) ચોરસ અને ત્રણ મેખલાવાળી યક્ષી તથા (૪) ચોરસ અને ચાર મેખલાવાળી પૂર્ણચંદ્રા જળાધારી જાણવી ને તે રૂદ્રોને હંમેશાં પ્રિય છે; (૫) ષટ્કોણ અને ત્રણ મેખલાવાળી વજ્રી, (૬) સોળ કોણની અને મૂલ ભાગમાં કંઇક નાની પદ્મા, (૭) ચઢાવેલા ધનુષના જેવા આકારવાળી અર્ધચંદ્રા, (૮) ઉપરના ભાગે નાની અને શક્તિ નામના આયુધના જેવા આકારવાળી ત્રિકોણા, (૯) ઉત્તર અને પૂર્વમાં કરેલી વિશ્વા અને (૧૦) દક્ષિણમાં વૃદ્ધિ પામેલી પ્રશસ્તા જળાધારી જાણવી. ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪.

### શિવની જળાધારીઓના ફળ વિષે.

**यच्छते स्थण्डिला यानं धनधान्ये तु पुष्करी ॥**
**गोमहिषीप्रदा वापी यक्षी सर्वार्थसंपदम् ॥१७५॥**
**मण्डला बहुला कीर्ति पूर्णचंद्रा तु शांतिदा ॥**
**शत्रुविनाशिनी वज्री पद्मा सौभाग्यदायिनी ॥१७६॥**
**अर्धचंद्रा ददत्पुत्रा त्रिकोणा शत्रुनाशिनी ॥**
**योन्यर्थश्चैव देवस्य पीठिकास्तत्र कीर्तिताः ॥१७७॥**

(૧) સ્થંડિલા યાન ( પાલખી ), (૨) પુષ્કરી ધનધાન્ય, (૩) વાપી ગાય, ભેંસ વિગેરે પશુ, (૪) યક્ષી સર્વાર્થ સંપત્તિ, (૫) મંડલા ઘણી કીર્તિ, (૬) પૂર્ણચંદ્રા શાંતિ, (૭) વજ્રી શત્રુનો નાશ કરનારી, (૮) પદ્મા સૌભાગ્ય આપનારી, (૯) અર્ધચંદ્રા પુત્ર આપનારી અને (૧૦) ત્રિકોણા શત્રુનો નાશ કરનારી જાણવી. યોનિના કાર્યમાં એમને દેવની પીઠિકાઓ કહેલી છે. ૧૭૫, ૧૭૬, ૧૭૭.

**शैले नियोजयेच्छैला दारुजे दारुजा तथा ।**
**पार्थिवे पार्थिवा कार्या लोहजे लोहजोत्तमा ॥१७८॥**

પાષાણના લિંગને પાષાણની, લાકડાના લિંગને લાકડાની, માટીના લિંગને માટીની અને લોઢાના લિંગને લોઢાની જળાધારી કરવી. ૧૭૮.

### લિંગસહિત જળાધારી માપવાનાં પંચસૂત્રો

**लिङ्गं परीधीपृथुमूलसूत्रं ।**
**ततो द्वितीयं पृथु पीठिकायाम् ॥**
**ब्रह्मा च विष्णुस्तथाशंकरान्तं ।**
**चोर्ध्वं त्रिभागं तृतीयं च सूत्रम् ॥१७९॥**

"Aho Shrutgyanam"

चतुर्थकं लिङ्गप्रणालमग्रं ।
यत् पञ्चमं लिङ्गशिरस्य सूत्रे ॥
न्यूनाधिकं हानिकरं प्रजायै ।
प्रतापवृद्धिः समकायसूत्रे ॥१८०॥

લિંગ જાડું હોય તેને ફરતું સૂત્ર ફેરવતાં જે માપ થાય તે લિંગની પરિધિ કહેવાય ને તે પ્રથમ સૂત્ર જાણવું. તેજ સૂત્રની લંબાઇ પ્રમાણે જળાધારી પહોળી રાખવી તે બીજું સૂત્ર, એજ સૂત્રની લંબાઇના બ્રહ્મા, વિષ્ણુ અને શંકર નામે ત્રણ ભાગ કરી વિષ્ણુના બીજા ભાગ સુધી જળાધારી ઉંચી અને એક ભાગ શંકર ( લિંગ જળાધારીથી ઉંચું ) નો મળી ત્રીજું સૂત્ર, એજ સૂત્રથી લિંગ થકી જળાધારીની પ્રનાલ નીકારે રાખવી તે ચોથું સૂત્ર અને એજ સૂત્ર પ્રમાણે જળાધારી સહિત લિંગના મસ્તક સુધી માપવું, એ પાંચમું સૂત્ર જાણવું. આ પાંચ સૂત્રના પ્રમાણથી ન્યૂનાધિક લિંગ અથવા જળાધારી થાય તો પ્રજાને હાનિકર્તા નિવડે અને સૂત્ર પ્રમાણે સમાન લિંગ અને જળાધારી કરે તો તેજની વૃદ્ધિ થાય છે. ૧૭૯, ૧૮૦.

## શિવાલયમાં લિંગપ્રવેશ વિધાન.

याम्याश्रितं स्वामिविनाशहेतु
प्रवेशलिङ्गं द्विविधं सुविज्ञैः ॥
आकाशमार्गे कृतरंगमध्ये ।
प्रासाद अर्धे च ततो द्वितीयम् ॥१८१॥

શિવાલયમાં દક્ષિણ દિશાએથી લિંગનો પ્રવેશ કરવો સ્વામીનો નાશકર્તા છે. વિદ્વાનોએ લિંગપ્રવેશ બે પ્રકારે કહેલો છે. પહેલો આકાશ માર્ગે એટલે અધુરા શિખરમાંથી અને બીજો અર્ધો પ્રાસાદ થયા પછી કૃતરંગ એટલે ઓતરંગ થયા બાદ ઓતરંગ ઉપરથી પ્રવેશ કરવો શુભ માનેલો છે. ૧૮૧.

स्वदेशसौख्यं धनराज्यवृद्धिः ।
स्वामी च नाके तु करोति चिन्ताम् ॥
स्वदेशधर्मो बहुलः प्रजायाम् ।
त्यजन्ति रोगाः पशुपुत्रलाभः ॥१८२॥



"Aho Shrutgyanam"

ઉપર બતાવ્યા પ્રમાણે લિંગપ્રવેશ કરવામાં આવે તો સ્વદેશમાં સુખ, ધન અને રાજ્યની વૃદ્ધિ થાય, સ્વામી સ્વર્ગની ચિંતા કરે, પ્રજામાં ઘણા પ્રમાણમાં સ્વદેશધર્મની વૃદ્ધિ થાય, રોગો નાશ પામે અને પશુ,પુત્રનો લાભ થાય. ૧૮૨.

### દ્વારમાર્ગે લિંગપ્રવેશ કરવાથી દોષ.

**लिङ्गप्रवेशो यदि द्वारमध्ये ।**
**स्वदेशभंगो नहि राजवृद्धिः ॥**
**पृष्ठिप्रवेशो न करोति लिङ्गम् ।**
**करोति खातं नहि वामभागे ॥१८३॥**

જો દ્વારના મધ્યમાંથી લિંગનો પ્રવેશ કરવામાં આવે તો સ્વદેશનો ભંગ થાય તેમજ રાજ્યની વૃદ્ધિ થાય નહિ. પાછળના ભાગમાંથી લિંગનો પ્રવેશ તેમજ દક્ષિણ દિશા તરફ જળાધારીનો ખાત (પ્રનાલ) કરતા નથી. માટે આ બે કાર્યો કરવાં નહિ. ૧૮૩.

### સિંહાસનની પ્રનાલ કરવા વિષે.

**पूर्वापरं यदा द्वारं प्रणालं चोत्तरे शुभम् ॥**
**प्रशस्तं शिवलिङ्गानामिति शास्त्रार्थनिश्चयः ॥१८४॥**

જ્યારે શિવાલયનું દ્વાર પૂર્વ કે પશ્ચિમ મુખનું હોય ત્યારે પ્રનાલ ઉત્તર દિશામાં કરવી શુભ છે; કેમકે શિવલિંગોની પ્રનાલ ઉત્તર દિશામાં કરવી પ્રશસ્ત છે. આ પ્રમાણે સર્વ શાસ્ત્રોનો સિદ્ધાન્ત છે. ૧૮૪.

**अर्चानां तु मुखं पूर्वं प्रणालं वामतः शुभम् ॥**
**उत्तरायां न विज्ञेया ह्यर्चारूपेण देवता ॥१८५॥**

દેવતાઓનું મુખ પૂર્વદિશામાં હોય તો વામભાગે અર્થાત્ ઉત્તર દિશાએ પ્રનાલ કરવી શુભ છે અને ઉત્તર દિશામાં અર્ચા રૂપે દેવતાઓ કરવા નહિ. ૧૮૫.

**जैनयुक्तसमस्ताश्च याम्योत्तरक्रमैः स्थिताः ॥**
**वामदक्षिणयोगेन कर्तव्यं सर्वकामदम् ॥१८६॥**
**वामे वामं प्रकर्तव्यं दक्षिणे दक्षिणं शुभम् ॥**
**मण्डपादिप्रतिमायां तथा युक्त्या विधीयते ॥१८७॥**

"Aho Shrutgyanam"

જિનના દેવાલયોમાં દક્ષિણ અને ઉત્તરના ક્રમે પ્રતિમાઓ બેસાડવી અને તેમના વામદક્ષિણ યોગે પ્રનાલ કરવી, એ સર્વ કામનાઓને આપનારી છે. વામ ભાગની પ્રતિમાને વામભાગે તથા દક્ષિણ ભાગની પ્રતિમાને દક્ષિણ ભાગે પ્રનાલ કરવી શુભ છે. મંડપાદિમાં સ્થાપેલી પ્રતિમાઓમાં પ્રનાલ માટે આ યુક્તિ કરવી. ૧૮૬,૧૮૭.

**मण्डपे ये स्थिता देवास्तेषां वामे च दक्षिणे ॥**
**प्रणालं कारयेद्धीमान् जगत्यां वै चतुर्दिशि ॥१८८॥**

મંડપમાં રહેલા દેવતાઓના વામ અને દક્ષિણ ભાગમાં બુદ્ધિમાન્ શિલ્પીએ પ્રનાલ કરવી અને જગતીમાં ચારે દિશાએ પ્રનાલ કરવી શુભ છે ૧૮૮.

## શિવનું સ્નાનોદક ગુપ્ત માર્ગે જવા વિષે.

**शिवस्नानोदकं गूढं मार्गे चण्डमुखे क्षिपेत् ॥**
**दृष्टौ न लंघनं तत्र हन्ति पुण्यं पुराकृतम् ॥१८९॥**

શિવના સ્નાનનું જળ ચંડ ઋષિની મૂર્તિના મુખદ્વારે થઇ ગુપ્ત રીતે ભૂમિની અંદર જવા દેવું તેમજ તે જળના ઉપર દૃષ્ટિ ન પડવી જોઇએ તથા તેનું ઉલ્લંઘન ન થવું જોઇએ; કારણ કે તેમ થવાથી પૂર્વ જન્મના પુણ્યનો ક્ષય થાય છે. ૧૮૯.

## જૈન પ્રતિમાની દૃષ્ટિ દ્વારમાને કરવા વિષે.

**द्वारश्चैवाष्टभिर्भक्ते भागमेकं परित्यजेत् ॥**
**सप्तमे सप्तमे भागे दृष्टिसूत्रं न चालयेत् ॥१९०॥**

દ્વારની ઊંચાઇમાં આઠ ભાગ કરી ઉપરનો એક ભાગ છોડવો તથા સાતમા ભાગમાં આઠ ભાગ કરવા અને તેમાંનો ઉપરનો એક ભાગ છોડી સાતમા ભાગે દૃષ્ટિ રાખવી ઉત્તમ છે. દૃષ્ટિસૂત્ર ચલિત કરવું નહિ. ૧૯૦.


**ऊर्ध्वदृष्टिर्द्रव्यनाशमधस्था भोगहानिदा ॥**
**रेखादृष्टिर्विधातव्या बहुपुण्यविवर्धिनी ॥१९१॥**

દૃષ્ટિસૂત્રથી ઉંચી દૃષ્ટિ રાખવામાં આવે તો દ્રવ્યનો નાશ કરે અને નીચી રાખવામાં આવે તો ભોગની હાનિ કરે છે. તેથી દૃષ્ટિસૂત્રની રેખામાં દૃષ્ટિ રાખવી તે ઘણા પુણ્યની વૃદ્ધિ કરનારી છે. ૧૯૧.

"Aho Shrutgyanam"

## દ્વારમાને જિન તથા લક્ષ્મીનારાયણાદિની દૃષ્ટિ રાખવાનો નકશો.

**ટીપણી:**–હાલમાં કેટલાક જૈન મુનિઓ પ્રભુની દૃષ્ટિ વિષે ખરું રહસ્ય નહિ સમજતાં ઉલ્ટો અર્થ કરી સંપૂર્ણ સાતમા ભાગે દૃષ્ટિ માનતા નથી અને સાતમા ભાગના મધ્યમાં એટલે ૬॥ સાડા છ ભાગમાં દૃષ્ટિ રાખવા વિધિ કરનારાઓને જણાવે છે. ખરી રીતે જોતાં એ તેમની ભૂલ થાય છે; કારણ કે દ્વારની ઉંચાઇમાં ૮ આઠ ભાગ કરી ઉપરનો ૧ એક ભાગ તજવો અને નીચેના ૭ સાતમા ભાગમાં આઠ ભાગ કરી આઠમો ઉપરનો ૧ ભાગ તજી ૭ સાતમા ભાગમાં પ્રભુની દૃષ્ટિ રાખવી એવો શ્લોકનો અર્થ છે. તેમ છતાં તેનો અર્થ એવો કરે છે કે ૭ સાતમા ભાગની અંદર વચ્ચે દૃષ્ટિ રાખવી. પરંતુ તેમનું આ માનવું તદ્દન અસંભવિત છે કેમકે તેમ કરવાથી ઉપરનો આઠમો ૧ એક ભાગ તજવાનું કહેલું છે તેના બદલે ૧॥ દોઢ ભાગ તજાય છે અને ૭ સાતમા ભાગમાં દૃષ્ટિ ન આવતાં ૬॥ સાડા છ ભાગે આવે છે. માટે આમ માનવું અયોગ્ય છે.




ધારો કે આપણે કોઇની પાસે ૭ સાત રૂપીઆ માંગીએ છીએ તો સાત પુરા લઇશું; પરંતુ ૬॥ સાડા છ કે ૬॥। પોણા સાત લઇશું નહિ. તેવી રીતે પ્રભુની દૃષ્ટિ સાતમા ભાગે કહી છે છતાં પોણા સાત ભાગે કે સાડા છ ભાગે રાખવી એ આપણી ભૂલ ગણાય તેવી ભૂલો ન થવા પામે તે માટે બાજુના નકશામાં સ્પષ્ટ ચીતરી બતાવેલું છે. તે પ્રમાણે દૃષ્ટિ રાખવી.

"Aho Shrutgyanam"

## વિષ્ણુ, શેષશાયી તથા મહાદેવની દૃષ્ટિ.

षड्भागस्य च पञ्चांशे लक्ष्मीनारायणादिकम् ॥
शयनार्चेशलिङ्गानि द्वारार्धे न व्यतिक्रमेत् ॥१९२॥

દ્વારની ઉંચાઇમાં છ ભાગ કરી તેમાંનો ઉપરનો એક ભાગ છોડી પાંચમા ભાગે લક્ષ્મીનારાયણ વિગેરે વિષ્ણુમૂર્તિઓની દૃષ્ટિ રાખવી તથા શેષશાયી ભગવાન અને મહાદેવની દૃષ્ટિ દ્વારના અર્ધા ભાગે રાખવી. પ્રમાણથી વ્યતિક્રમ કરવો નહિ. ૧૯૨.

## સર્વ દેવતાઓની દૃષ્ટિનું પ્રમાણ.

ब्रह्मविष्णुशिवस्यान्तं तथैवोदुम्बरान्तकम् ॥
स्थापयेत् शिवलिङ्गानां द्वारार्धे न व्यतिक्रमात् ॥१९३॥
द्वारोच्छ्रये तु यन्मानं वसुभागविभाजितम् ॥
शुभाशुभस्थदृष्टिश्च हिताहितफलप्रदा ॥१९४॥
अष्टधा च पुनः प्रोक्तं पदमेकोद्गताक्षकम् ॥
चतुष्षष्ट्युच्छ्रितं कार्यं शाखान्तकमुदुम्बरात् ॥१९५॥
विषमस्थानसर्वेषु देवदृष्टिश्च योजिता ॥
द्वात्रिंशद्दृष्टिस्थानानि विलोमानि कलाद्वयम् ॥१९६॥

બ્રહ્મા, વિષ્ણુ અને શિવના ભાગ સુધી, ઉંબરા સુધી તેમજ દ્વારના અર્ધ ભાગ સુધી શિવલિંગોની દૃષ્ટિ રાખવી. આથી વ્યતિક્રમે રાખવી નહિ.

દ્વારની ઉંચાઇમાં આવેલું જે માન તેને આઠે ભાગવું અને તે ભાગોનાં શુભ અને અશુભ સ્થાનોમાં રહેલી દૃષ્ટિ ક્રમે હિત અને અહિત ફલને આપનારી જાણવી.

ઉપરના આઠ ભાગોમાંના એકેક ભાગમાં ફરી આઠ આઠ (૮) ભાગો કરવાથી કુલ દ્વારના ઉંબરાથી આરંભી શાખાના અંત સુધીમાં ચોસઠ (૬૪) ભાગો થાય છે. તેમાંના સર્વ વિષમ (એકી) સ્થાનોમાં દેવતાની દૃષ્ટિ યોજવી. ચોસઠ ભાગોમાંનાં એકીવાળાં બત્રીસ સ્થાન દૃષ્ટિસ્થાન તથા બેકીવાળાં બત્રીસ સ્થાન વિલોમ એટલે દૃષ્ટિહીન સ્થાન જાણવાં. ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬.

## શુભાશુભ દૃષ્ટિ વિષે.

शुभं प्रतिष्ठिता दृष्टिर्विलोमे चाशुभोद्गमः ॥
दृष्टिदोषविपाकेन स्थाननाशो धनक्षयः ॥१९७॥

"Aho Shrutgyanam"

**नगरे ग्रामे पुरे राष्ट्रे तीर्थे तपोवनाश्रये ॥**
**दृष्टिपातहतं यच्च न पुनश्च प्ररोहति ॥१९८॥**

યથાસ્થાનમાં પ્રતિષ્ઠિત થએલી દૃષ્ટિ શુભ છે અને વિલોમ સ્થાનમાં રહેલી દૃષ્ટિથી અશુભની ઉત્પત્તિ થાય છે. દૃષ્ટિદોષના પરિણામે સ્થાનનો નાશ તથા ધનનો ક્ષય થાય છે.

નગર, ગ્રામ, પુર, રાષ્ટ્ર, તીર્થ, તપોવન અને આશ્રમ; આ સ્થાનો જો વિલોમ સ્થાનમાં રહેલી દેવતાની દૃષ્ટિથી હણાય તો તે ફરી સજીવન થતાં નથી અર્થાત્ સમૂલ નષ્ટ થાય છે. ૧૯૭, ૧૯૮.

**ऊर्ध्वदृष्टिर्द्रव्यनाशो भोगहानिरधस्तथा ॥**
**सुखदा सर्वकाले च समदृष्टिर्न संशयः ॥१९९॥**

યોગ્ય સ્થાનથી ઉંચી દૃષ્ટિ હોય તો દ્રવ્યનો નાશ થાય અને નીચી હોય તો ભોગોની હાનિ કરે છે તથા સમદૃષ્ટિ સદાસર્વદા સર્વકાળ સુખ આપનારી છે. એમાં કોઇ વાતનો સંશય નથી. ૧૯૯.

### સર્વ દેવતાઓનાં દૃષ્ટિ સ્થાન.

**उदुम्बराद्यथा प्रोक्तमुत्तरङ्गस्य मध्यतः ॥**
**देवताक्रमसंस्थानं कथयामि यथाविधि ॥२००॥**

ઉંબરાથી ઓતરંગ સુધી જે પ્રમાણે દેવતાઓનાં ક્રમસ્થાન કહેલાં છે તે પ્રમાણે યથાવિધિ કહું છું. ૨૦૦

**आदिसृष्ट्यष्टितत्त्वानि चायुर्लक्षमधिष्ठितम् ॥**
**विघ्नः प्राज्ञस्तथा शान्तिर्नवतत्त्वे शिवः स्थितः ॥२०१॥**

આદિ, સૃષ્ટિ, અષ્ટિ, તત્ત્વ, આયુર્, લક્ષ, વિઘ્ન, પ્રાજ્ઞ તથા શાન્તિ; આ નવ તત્ત્વોમાં શિવ રહેલા છે. ૨૦૧.

**प्रथमे तु भवेदादिः सृष्टिश्चैव तृतीयके ॥**
**पंचमे च भवेत्तत्त्वमष्टिश्च सप्तमे स्थितः ॥२०२॥**
**नवमे आयुषः स्थानं लक्षमेकादशे स्थितम् ॥**
**त्रयोदशे भवेद् विघ्नो भवेत्प्राज्ञो द्वयाधिके ॥२०३॥**

"Aho Shrutgyanam"

शान्तिः सप्तदशे ज्ञेया शिवतत्त्वैश्च संस्थिताः ॥
व्यक्ताव्यक्तं तदूर्ध्वेषु क्रमेणापि सुसंस्थितम् ॥२०४॥
अव्यक्तश्च पदं ज्ञेयमेकोनविंशतौ स्थितम् ॥
व्यक्ताव्यक्तैकविंशश्च व्यक्तं च त्रयविंशके ॥२०५॥

(૧) પ્રથમ સ્થાનમાં આદિ તત્વ, (૩) ત્રીજા સ્થાનમાં સૃષ્ટિ તત્વ, (૫) પાંચમામાં તાવ. (૭) સાતમામાં અષ્ટિ તત્વ, (૯) નવમામાં આયુર્ તત્વ, (૧૧) અગિયારમામાં લક્ષ તત્વ, (૧૩) તેરમામાં વિજ્ઞ તત્વ, (૧૫) પંદરમામાં પ્રાજ્ઞ તત્વ અને (૧૭) સત્તરમામાં શાંતિ તત્વ જાણવું. આ નવ શિવતત્વો વડે સ્થિત થએલા ભાગો જાણવા. આ નવ તત્વોની ઉપર ક્રમથી વ્યક્તાવ્યક્ત તત્વો રહેલાં છે.

(૧૯) ઓગણીસમા ભાગમાં અવ્યક્ત, (૨૧) એકવીસમામાં વ્યક્તાવ્યક્ત અને (૨૩) તેવીસમામાં વ્યક્ત જાણવું. ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫.

पञ्चविंशे फणीन्द्राणां कार्याः कामकलोत्तमाः ॥
सप्तविंशे समुत्सेधं तत्कुर्याज्जलशायिनः ॥२०६॥
ऊनत्रिंशे गरुत्मन्तं मातरस्त्वेकत्रिंशतौ ॥
त्रयस्त्रिंशे भवेद्यक्षो भृंगवाराह ऊर्ध्वके ॥२०७॥
सप्तत्रिंश उमारुद्रौ बोधश्च तद्द्वयाधिके ॥
चन्द्रवेदात्मके स्थाने ब्रह्मयुग्मं प्रदापयेत् ॥२०८॥
दुर्वासा गुणवेदाख्ये ह्यगस्त्यो नारदस्तथा ॥
भूतवेदात्मके स्थाने लक्ष्मीनारायणं विदुः ॥२०९॥
धाता च विधिवत्स्थाप्यश्चत्वारिंशाधिसप्तमे ॥
पञ्चाशत्तम एकोने शारदा गणनायकौ ॥२१०॥
तत्र द्वयाधिके कार्यः पद्मासन सुसंस्थितः ॥
त्रिपंचाशत्तमे कार्या हरसिद्धिश्च कामदा ॥२११॥
ब्रह्मा विष्णुश्च सूर्यश्च वीतरागोद्भवः क्रमात् ॥
ऊर्ध्वे च दृष्टिसंस्थानं पंचपंचाशतिक्रमात् ॥२१२॥
शुक्राचार्यस्तदूर्ध्वे च चण्डिकैकोनषष्टिभिः ॥
भैरवश्चैकषष्टौ वै वैतालश्च त्रिषष्टिभिः ॥२१३॥

"Aho Shrutgyanam"

# प्रासादना द्वारमाने सर्व देवोनी दृष्टिनां

द्वारना उंबरा मथाळेथी ओतरंगना तलाना सुधीमां ६४ भाग करवा.

| भाग | |
|---|---|
| | शांति तत्व. |
| १७ | |
| १६ | ० |
| | प्राज्ञ तत्व. |
| १५ | |
| १४ | ० |
| | विज्ञ तत्व. |
| १३ | |
| १२ | ० |
| | लक्ष तत्व. |
| ११ | |
| १० | ० |
| | आयुर् तत्व. |
| ९ | |
| ८ | ० |
| | अष्टि तत्व. |
| ७ | |
| ६ | ० |
| | तत्व. |
| ५ | |
| ४ | ० |
| | सृष्टि तत्व. |
| ३ | |
| २ | ० |
| | आदि तत्व. |
| १ | |

आ ९ तत्वो शिवनां दृष्टि स्थान छे.

| भाग | |
|---|---|
| ३४ | ० |
| | कुबेरनी दृष्टि. |
| ३३ | |
| ३२ | ० |
| | मातृगणनी दृष्टि. |
| ३१ | |
| ३० | ० |
| | गरुडनी दृष्टि. |
| २९ | |
| २८ | ० |
| | जलशायी भगवाननी दृष्टि. |
| २७ | |
| २६ | ० |
| | शेषनागनी दृष्टि. |
| २५ | |
| २४ | ० |
| | व्यक्त. |
| २३ | |
| २२ | ० |
| | व्यक्ताव्यक्त. |
| २१ | |
| २० | ० |
| | अव्यक्त. |
| १९ | |
| १८ | ० |

"Aho Shrutgyanam"

# सूत्र स्थानोनुं कोष्ठक.

| | | | |
|---|---|---|---|
| ૪૯ | शारदा अने गणपतिनी दृष्टि. | ૬૪ | o |
| ૪૮ | o | ૬૩ | वैतालनी दृष्टि, |
| ૪૭ | धाता (ब्रह्मा) नी दृष्टि. | ૬૨ | o |
| ૪૬ | o | ૬૧ | भैरवनी दृष्टि. |
| ૪૫ | लक्ष्मीनारायणनी दृष्टि. | ૬૦ | o |
| ૪૪ | o | ૫૯ | चंडिका देवीनी दृष्टि. |
| ૪૩ | दुर्वासा, अगस्त्य अने नारदनी दृष्टि. | ૫૮ | o |
| ૪૨ | o | ૫૭ | शुक्राचार्यनी दृष्टि. |
| ૪૧ | ब्रह्मा सावित्रीनी दृष्टि. | ૫૬ | o |
| ૪૦ | o | ૫૫ | ब्रह्मा, विष्णु, सूर्य ने जिनमूर्तिनीदृष्टि |
| ૩૯ | बुद्ध भगवाननी दृष्टि. | ૫૪ | o |
| ૩૮ | o | ૫૩ | मनोरथ पूरनारी हरसिद्धिनी दृष्टि. |
| ૩૭ | उमा अने रुद्रनी दृष्टि. | ૫૨ | o |
| ૩૬ | o | ૫૧ | पद्मासनने बेठेला ब्रह्मानी दृष्टि. |
| ૩૫ | भूंग-वाराह अवतारनी दृष्टि. | ૫૦ | o |

બત્રીસ દૃષ્ટિસ્થાનોનું કોષ્ઠક ઉપર આપવામાં આવ્યું છે. કોષ્ઠકમાં તે તે દૃષ્ટિસ્થાન સામે કયા દેવની દૃષ્ટિ રાખવી તે બતાવેલું છે અને શૂન્ય સ્થાનોને જૂદાં પાડનારી લાંબી લીટી દોરેલી છે. વળી જિનદેવતાઓની દૃષ્ટિ માટે સ્વતંત્ર નકશો બનાવી મૂક્યો છે. એટલે શિલ્પીઓને દૃષ્ટિસ્થાનના જ્ઞાન માટે ઘણી સરળતા થઈ પડશે એવી આશા છે. કોષ્ઠકમાં દ્વારના ઉંબરાથી તળાંચાના મથાળા સુધીમાં ૬૪ ચોસઠ ભાગ કરી વિષમ ભાગો દૃષ્ટિસ્થાન અને સમ ભાગો શૂન્ય સ્થાન તરીકે બતાવેલા છે તે જાણવું.



"Aho Shrutgyanam"

**तदूर्ध्वश्च पदं शून्यं महामर्म क्षयावहम् ॥**
**पादे कार्या कटिं यावदर्चादृष्टिस्तु वाहने ॥२१४॥**

(૨૫) પચીસમા પદમાં શેષનાગ, (૨૭) સત્તાવીસમામાં શેષશાયી ભગવાન, (૨૯) ઓગણત્રીસમામાં ગરૂડ, (૩૧) એકત્રીસમામાં માતૃગણ, (૩૩) તેત્રીસમામાં કુબેર, (૩૫) પાંત્રીસમામાં ભૃંગવારાહ, (૩૭) સાડત્રીસમામાં ઉમા અને રૂદ્ર, (૩૯) ઓગણચાલીસમામાં બુદ્ધ, (૪૧) એકતાલીસમામાં બ્રહ્માનું યુગ્મ (બ્રહ્મા અને સાવિત્રી), (૪૩) તેંતાલીસમામાં દુર્વાસા, અગસ્ત્ય તથા નારદ, (૪૫) પીસતાલીસમામાં લક્ષ્મીનારાયણ, (૪૭) સુડતાલીસમામાં ધાતા, (૪૯) ઓગણપચાસમામાં શારદા અને ગણપતિ, (૫૧) એકાવનમામાં પદ્માસનમાં બેઠેલા બ્રહ્મા, (૫૩) ત્રેપનમામાં મનોરથ પૂરનારી હરસિદ્ધિ, (૫૫) પંચાવનમામાં બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય અને વીતરાગ, (૫૭) સત્તાવનમામાં શુક્રાચાર્ય, (૫૯) ઓગણસાઠમામાં ચંડિકા, (૬૧) એકસઠમામાં ભૈરવ, (૬૩) ત્રેસઠમામાં વૈતાલ અને તેના ઉપરનું (૬૪) ચોસઠનું પદ શૂન્ય રાખવું. કારણ કે તે મહામર્મનું સ્થાન છે અને નાશ કરનાર છે. વાહનની દૃષ્ટિ અર્ચાના પગ અથવા કટિ સુધી રાખવી. ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪.

**धर्मार्थकाममोक्षाणां दृष्टिस्थापनपूजनात् ॥**
**सर्वार्चादृष्टिसंस्थानं भुक्तिमुक्तिप्रदं भवेत् ॥२१५॥**

इति श्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते
शिल्परत्नाकरे मण्डपादितोऽर्चादृष्टिलक्षणाधिकारे
चतुर्थं रत्नं समाप्तम् ॥


દૃષ્ટિના સ્થાપન અને પૂજનથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ; આ ચારે પુરૂષાર્થોની સિદ્ધિ થાય છે તથા સર્વ દેવતાઓની દૃષ્ટિઓનું આ સ્થાપન ભોગ અને મુક્તિને આપનારૂં છે. ૨૧૫.

**ઇતિ શ્રીવાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું મંડપ, મૂર્તિવિધાન, દેવદૃષ્ટિ લક્ષણાધિકારનું ચોથું રત્ન સંપૂર્ણ.**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

## સાંધારાદિ જાતિનો પ્રાસાદ.



શ્રીરંગજીનું મંદિર, શ્રીપુષ્કરરાજ (અજમેર).

"Aho Shrutgyanam"

# पञ्चमं रत्नम् ॥

## अथ शिखर–निर्दोषयोर्लक्षणाधिकारः ।

**विचित्ररूपसंघातैर्भद्रे गवाक्षभूषितैः ॥**
**वितानफालनाशृंगैरनेकैर्नागरा मताः ॥१॥**

### નાગરાદિ પ્રાસાદનાં લક્ષણ.

જે પ્રાસાદો વિચિત્ર શોભાયમાન રૂપોના ઘાટવાળા હોય, ભદ્રમાં ગવાક્ષો (ગોખોથી) વિભૂષિત કરેલા હોય અને વિતાનો (ઘુંમટો), ફાલણાઓ તથા અનેક પ્રકારનાં શૃંગોથી યુક્ત હોય તે નાગરાદિ જાતિના પ્રાસાદો જાણવા. ૧.

### દ્રાવિડાદિ જાતિના પ્રાસાદોનાં લક્ષણ.

**पीठोपरि भवेद् वेदी पीठानि त्रीणि पञ्च वा ॥**
**पीठतो द्राविडे रेखा लताशृङ्गादिसंयुताः ॥२॥**

જે પ્રાસાદોને પીઠ ઉપર વેદી હોય તથા ત્રણ અથવા પાંચ પીઠ હોય તેમજ જેમાં પીઠથી વેલપત્તાઓવડે યુકત રેખાઓ કરેલી હોય તથા લતા, શૃંગો વિગેરેથી વિભૂષિત હોય તે દ્રાવિડાદિ જાતિના પ્રાસાદો જાણવા. ૨.

### સાંધારાદિ જાતિના પ્રાસાદોનાં લક્ષણ.

**भूमिकोपरि भूमिश्च ह्रस्ववृद्धिविवेकतः ॥**
**विभक्ता दलसंयुक्ताः सांधारास्तत्प्रकीर्तिताः ॥३॥**

જે પ્રાસાદોને મજલા ઉપર મજલા હોય અને તે એકએકથી ઉપરા ઉપરી નાના ક્રમથી કરેલા હોય તથા તલ પ્રમાણે વિભાગ કરેલા અને દલોથી યુક્ત હોય તે સાંધારાદિ જાતિના પ્રાસાદો જાણવા. ૩.

"Aho Shrutgyanam"

## લતિન, શ્રીવત્સ તથા નાગરાદિ જાતિનાં લક્ષણ.

**शृङ्गेणैकेन लतिनाः श्रीवत्सा वारिसंयुताः ॥**
**नागरा भ्रमसंयुक्ता ऊर्ध्वे शृङ्गैश्च भूषिताः ॥४॥**

એકશૃંગવાળા લતિનાદિ જાતિના, વારિમાર્ગ (પાણીતાર) વાળા શ્રીવત્સાદિ જાતિના તથા ભ્રમવાળા અને ઉપરના ભાગે શૃંગોવડે સુશોભિત કરેલા પ્રાસાદો નાગરાદિ જાતિના જાણવા. ૪.

## લંબચોરસ તથા ગોળ પ્રાસાદો કરવા વિષે.

**विस्तारे तु चतुर्भागमायामे पञ्चभागकम् ॥**
**ऊर्ध्वे त्रिकलशान् कुर्यात् पृष्ठाग्रे चैव सिंहकम् ॥५॥**

ક્ષેત્રની પહોળાઈમાં ચાર (૪) ભાગો અને લંબાઈમાં પાંચ (૫) ભાગો કરવા તથા ઉપરના ભાગે ત્રણ (૩) કલશો કરવા તેમજ પાછળના ભાગે અને આગળના ભાગે સિંહ બેસાડવા. ૫.

**वृत्तायतास्तु कर्तव्याः सार्धं वामे च दक्षिणे ॥**
**कर्णान्ते भ्रामयेत्तत्र वृत्ते भद्राणि चाष्ट वै ॥६॥**

લંબગોળ પ્રાસાદો કરવા અને તેમની ડાબી તથા જમણી બાજુ તરફ મળી દોઢ ભાગ વધારવો. આ પ્રમાણે કરવાથી લંબગોળ પ્રાસાદો થાય છે. કર્ણથી ફરતી પ્રાસાદોના તલોની ફાલણાઓ બહાર નીકળતી કરવી તથા ગોળ ગભારાને આઠ ભદ્રો કરવાં અને તેથી ' અષ્ટભદ્રી ' પ્રાસાદો થાય છે. ૬.


**प्रासादो वर्तुलाधिष्टः प्रायेणैकाण्डकः शुभः ॥**
**श्रेण्यण्डकानि कर्णे वा मण्डपं तत्स्वरूपकम् ॥७॥**


ગોળાકાર પ્રાસાદ વિશેષ કરીને એક ઈંડકનો શુભ છે અથવા કર્ણે હારબંધ ઈંડકો કરવાં અને મંડપ પણ પ્રાસાદના સ્વરૂપ પ્રમાણે કરવો. ૭.

## ૪ થી ૧૧૨ ભાગ સુધી પ્રાસાદોનાં તલ કરવાનું પ્રમાણ.

**चतुर्भागं समारभ्य यावत्सूर्योत्तरं शतम् ॥**
**समांशैर्विषमैः कार्या अनन्तभेदफालनाः ॥८॥**

"Aho Shrutgyanam"






લતિનાદિ  જાતિના પ્રાસાદ તલ ભાગ ૧૦, કુંભારીયાજી.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

શ્રી સૂર્યનારાયણના અષ્ટભદ્રી પ્રાસાદનું તલદર્શન, શ્રીરાણકપુર, મારવાડ.




"Aho Shrutgyanam"

ચાર (૪) ભાગથી આરંભ કરી એકસો બાર (૧૧૨) ભાગ સુધી પ્રાસાદનાં તલો થઈ શકે છે તેમજ સમાંશ (બેકી) અને વિષમાંશ (એકી) ના ભેદોએ કરી અનંત ભેદોવાળી ફાલણાઓ થઇ શકે છેઃ ૮.

## પ્રાસાદની ફાલણાઓના ૧૦૮ ભેદો વિષે.

**अष्टोत्तरशतं भेदा अंशवृद्ध्या भवन्ति ते ॥**
**समांशैर्विषमैः कार्या अनन्तभेदफालनाः ॥९॥**

એક એક ભાગની વૃદ્ધિ કરવાથી ફાલણાઓના એકસો આઠ (૧૦૮) ભેદો થાય છે. આવી રીતે સમાંશ અને વિષમાંશના ભેદોએ કરી અનંત પ્રકારની ફાલણાઓ થાય છે. ૯.

## એક તલ ઉપર શિખરો બહુ પ્રકારે થવા વિષે.

**एकस्यापि तलस्योर्ध्वे शिखराणि बहून्यपि ॥**
**तेषां नामानि जायन्ते चोर्ध्वभागानुसारतः ॥१०॥**

એકજ તલના ઉપર ઘણાં શિખરો થઇ શકે છે અને તે બધાંનાં નામો તથા જાતો શિખરો ઉપર ચઢાવેલાં ઇંડકો અનુસાર ઉત્પન્ન થાય છે. ૧૦.

**छाद्यस्योर्ध्वे प्रहारः स्यात् शृङ्गे शृङ्गं तथैव च ॥**
**प्रासादशृंगशृंगेषु ह्यधो भागे तु छाद्यकम् ॥११॥**


છાજાના ઉપરના ભાગે પ્રહાર કરવો અર્થાત્ છાજાનો ભાગ બહાર ઢળતો રાખી શિખરનો આરંભ કરી દબાવવો અને એક બીજાથી અર્ધભાગે પાછાં હઠતાં શૃંગો ઉપર શૃંગો ચઢાવવાં તથા પ્રાસાદનાં જે ઉરુશૃંગ વિગેરે શૃગો તેના ઉપર પણ શૃંગો કરવાં અને નીચેના ભાગે છાજું કરવું. ૧૧.

**मूलकर्णे रथादौ वा चैकद्वित्रिक्रमं न्यसेत् ॥**
**नीरन्ध्रे मूलभित्तौ च सांधारे भ्रमभित्तिषु ॥१२॥**

મૂલકર્ણ (રેખા) અથવા રથાદિ ઉપર ક્રમે એક, બે અને ત્રણ સુધી શૃંગો ચઢાવવાં. નીરંધ્ર એટલે ભ્રમ વગરના પ્રાસાદને મૂલભિત્તિએ એટલે ઓસારની અંદરની ફરકે તથા સાંધાર અર્થાત્ ભ્રમવાળા પ્રાસાદને ભ્રમભિત્તિએ પાયચાફરક રાખવી એટલે ત્યાં સુધી શૃંગો ચઢાવવાં. ૧૨.


"Aho Shrutgyanam"

## નાગરાદિ જાતિના પ્રાસાદ.



પૃષ્ઠ દર્શન.

શ્રીપાર્શ્વનાથ ભગવાનના
શિખરનો દેખાવ.
શ્રી રાણકપુર, (મારવાડ).



કર્ણ દર્શન.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

### ગભારામાં પાયચાની રેખા ગરવાથી દોષ.

निरंधारेषु सर्वेषु नागरे मिश्रकेऽपि वा ॥
विमाननागरे छंदे कुर्याद् विमानपुष्पके ॥१३॥
भित्तिपृथुत्वमानं यत् तत्संख्या च क्रमोद्गता ॥
गर्भमध्ये यथा रेखा महामर्मक्षयोद्भवा ॥१४॥
एकद्वित्रिक्रमाच्चैव रेखा गर्भसमुद्भवा ॥
संकीर्णा दोषदा ज्ञेया विपुला च सुखावहा ॥१५॥

સર્વ પ્રકારના નિરંધારાદિ, નાગરાદિ, મિશ્રકાદિ. વિમાનનાગરછંદ અને વિમાનપુષ્પકાદિ પ્રાસાદોને ગભારાની ભિત્તિ પહોળી હોય તેના માને ક્રમ અર્થાત્ શૃંગની સંખ્યા ચઢાવવી; પરંતુ જો ગભારાની અંદર પાયચાની રેખા ગરે તો તે મહામર્મનો ક્ષય કરનારી છે. ૧૩, ૧૪.

એક, બે અને ત્રણ ક્રમ એટલે શીખરાં ચઢાવવાં ને તે શીખરના પાયચાની રેખા અને ગભારાની ફરક સુધી ચઢાવી શકાય છે. પરંતુ જો શિખરના પાયચાની રેખા ગભારા કરતાં સાંકડી થાય તો દોષ કરનારી જાણવી અને વિપુલા એટલે વિસ્તારવાળી થાય તો સુખ આપનારી જાણવી. ૧૫.

### શિખરની રેખાની ઉંચાઇનું પ્રમાણ.

रेखाविस्तारमानेन सपादेन समुच्छ्रयः ॥
त्रिभागसहितश्चैव सार्धं कृत्वा विचक्षणैः ॥१६॥
रेखात्रयं प्रकर्तव्यं ज्येष्ठमध्यकनिष्ठकम् ॥
स्कंधस्योर्ध्वोदये घण्टा सर्वकामफलप्रदा ॥१७॥

શિખરની રેખાઓની ઉંચાઇ રેખાના અથવા દરેક શૃંગ અને ઉરુશૃંગના પાયચાની પહોળાઈના માનથી સવાયી, પહોળાઇનો ત્રીજો ભાગ મેળવી અગર પહોળાઇથી દોઢી કરવી. આ પ્રમાણે જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ માન શિખરની રેખાઓનું જાણવું. શિખરના સ્કંધ ઉપર આમલસારો કરવો તે સર્વ કામનાઓના ફળને આપનારો છે. ૧૬, ૧૭.

### પ્રાસાદના અંગાનુસાર શૃંગો ચઢાવવા વિષે.

प्रहारांशं पुनर्दद्यात् पुनः शृंगाणि कारयेत् ॥
प्रासादः शृंगशृंगेषु विभक्तश्च प्रकल्पयेत् ॥१८॥

"Aho Shrutgyanam"

નીચેના શૃંગોના મધ્યગર્ભને દબાવતાં બીજાં શૃંગો ચઢાવવાં અને તે એવી રીતે ચઢાવવાં કે પોતાના અંગો સાથે પ્રાસાદ શૃંગો ઉપર ચઢાવેલાં શૃંગોમાં સ્પષ્ટ વિભક્ત થયેલો માલમ પડે. ૧૮.

**अधोभागं समस्तस्य कुर्याद् वाद्यविभूषितम् ॥**
**पक्षभागे ह्यधःशृंङ्गमूर्ध्वे शृंगं चरोद्गमम् ॥१९॥**

સમસ્ત શૃંગોના નીચેના ભાગે વાદ્યયુક્ત સ્વરૂપો કરવાં તથા શૃંગોની પડખે અને ઉપરની પડખે દોઢિયાથી જોડેલી શૃંગિકાઓ ( શિખરીઓ ) કરવી. ૧૯.

**उरुशृंगे यदा लुप्तं रेखाकर्णोदकान्तरम् ॥**
**सूत्रकारापके पीडा कर्तरि वै महद्भयम् ॥२०॥**

રેખાના કર્ણનો ખુલ્લો ભાગ જો ઉરૂશૃંગોથી દબાવવામાં આવે તો સૂત્રધારને પીડા તથા પ્રાસાદ કરાવનારને મોટો ભય ઉત્પન્ન થાય. ૨૦.

## ભદ્રે ઉરૂશૃંગો કરવાનું પ્રમાણ.

**उरुशृंगाणि भद्रे तु ह्येकादिग्रहसंख्यया ॥**
**त्रयोदश समूर्ध्वेऽधो लुप्तः सप्तोरुशृंगकैः ॥२१॥**
**घण्टाबाह्यं प्रमाणश्च स्कन्धान्तं कारयेद् बुधः ॥**
**एकैकयुक्तिसूत्रञ्च कर्तव्यं सर्वकामदम् ॥२२॥**

ભદ્ર ઉપર ઉરૂશૃંગો એકથી નવસુધી કરી શકાય છે. પહેલા ઉરૂશૃંગના પાયચાના તળાચાંથી બીજા ઉરૂશૃંગના સ્કંધ ( બાંધણા ) સુધી તેર ( ૧૩ ) ભાગ કરવા અને નીચેના સાત ભાગ સુધી પહેલું ઉરૂશૃંગ ઉંચું કરી બીજા ઉરૂશૃંગને દબાવવું.


એક બીજા ઉરૂશૃંગોને યુક્તિપૂર્વક દબાવવાનું આ પ્રમાણ ઉરૂશૃંગોના સ્કંધ સુધી જાણવું અને બુદ્ધિમાન્ પુરૂષે આમલસારો પ્રમાણથી બહાર સમજવો. આ પ્રમાણે યુક્તિસૂત્રે સુશોભિત કરવાથી સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. ૨૧, ૨૨.

## શિખરના સ્કંધનું પ્રમાણ.

**रेखामूलस्य दिग्भागाः कुर्यादग्रे षडंशकाः ॥**
**षड्बाह्यं दोषदं प्रोक्तं पञ्चमध्ये न शोभनम् ॥२३॥**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



શ્રીસૂર્યનારાયણનો અષ્ટભદ્રી પ્રાસાદ. શ્રીરાણકપુર ( મારવાડ )

"Aho Shrutgyanam"

રેખાના મૂળ ( પાયચા )માં દશ ભાગ કરવા અને ઉપરનો સ્કંધ ( બાંધણાનો મથાળો ) છ ભાગનો કરવો. છ ભાગથી મોટો સ્કંધ કરવાથી દોષકર્તા થાય છે અને પાંચ ભાગથી નાનો કરવામાં આવે તો શોભાયમાન થતો નથી. ૨૩.

**तस्मात्सर्वप्रयत्नेन स्कंधाधिकं न कारयेत् ॥**
**मानप्रमाणसंयुक्तं शास्त्रदृष्ट्या च कारयेत् ॥२४॥**
**आयुरारोग्यसौभाग्यं लभते नात्र संशयः ॥**
**मूलस्कंधप्रतिष्टे तु स्कंधवेध इति स्मृतः ॥२५॥**
**शिल्पिना हन्यते स्वामी स्कंधवेधे न संशयः ॥**
**निर्गमो हस्तसंख्यातैरङ्गुलै रूपमादिशेत् ॥२६॥**

તેથી સર્વ પ્રકારે પ્રમાણથી અધિક સ્કંધ કરવો નહિ. પરંતુ શાસ્ત્રની દૃષ્ટિથી માન અને પ્રમાણ યુક્ત કરવો. આમ કરવાથી આયુષ્ય, આરોગ્ય અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે, એમાં જરા પણ સંશય નથી. ધ્વજાદંડ જો મૂલસ્કંધમાં પ્રવેશી જાય અર્થાત્ સ્કંધમાં જો ધ્વજાદંડનો પ્રવેશ થઇ જાય તો સ્કંધવેધ થયો ગણાય છે અને સ્કંધવેધ થાય તો શિલ્પી સ્વામીનો નાશકર્તા થાય છે, એમ નિઃસંદેહ જાણવું. ગજે આંગળના માને ધ્વજાદંડનો કલાબો નીકળતો કરવો. આ રીતે તેના ઘાટનું સ્વરૂપ કરવું. ૨૪, ૨૫, ૨૬.

## શિખરમાં ગોખ, સિંહ અને શુકનાશનું પ્રમાણ.

**आद्ये क्रमे गवाक्षश्च द्वितीये माढमेव च ॥**
**सिंहस्थानं तृतीये च चतुर्थे सिंहमाश्रयेत् ॥२७॥**

છાજા ઉપરથી શિખરના પહેલા શૃંગના મથાળા સુધી ગવાક્ષ, બીજા શૃંગના મથાળા સુધી માઢરો, ત્રીજા શૃંગના મથાળા સુધી સિંહસ્થાન અને ચોથા શૃંગના મથાળા સુધી શુકનાશનો સિંહ કરવો. ૨૭.

**त्रिमूर्तयस्तु भद्रान्ते रथिका सर्वकामदा ॥**
**शुकनाशस्तथा सिंहा भद्रे त्वेकैकसंयुताः ॥२८॥**

ત્રણે બાજુના ભદ્રોના ગવાક્ષોમાં દેવતાની મૂર્તિઓ કરવી. આ પ્રમાણે કરેલી રથિકા સર્વ કામને આપનારી છે. પ્રાસાદના અગ્રભાગે શુકનાશ અને ત્રણે બાજુના ભદ્રો ઉપર એકેક સિંહ કરવો. ૨૮.



"Aho Shrutgyanam"

**छाद्यतः स्कंधपर्यन्तमेकविंशतिभाजिते ॥**
**नन्दशक्रान्तयोर्मध्ये प्रमाणं पञ्चधा मतम् ॥२९॥**
**कुमारः कपिरूढश्च निघण्टो हि निशाचरः ॥**
**चन्द्रघोषश्च विज्ञेयः शुकनाशश्च पञ्चधा ॥३०॥**

છાજાના મથાળાથી સ્કંધ ( શિખરના બાંધણા મથાળા ) સુધી એકવીસ ( ૨૧ ) ભાગ કરવા. તેમાંના ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ ભાગ સુધીમાં શુકનાશ ઉંચો કરવાનું પ્રમાણ પાંચ પ્રકારે માનેલું છે. આ પાંચ પ્રકારના શુકનાશોનાં નામ અનુક્રમે (૧) કુમાર, (૨) કપિરૂઢ, (૩) નિઘંટ, (૪) નિશાચાર અને (૫) ચંદ્રઘોષ છે. આ પાંચ પ્રકારનો શુકનાશો જાણવા. ૨૯, ૩૦.

**एकतो विषमैर्नन्दैः सिंहस्थानानि कल्पयेत् ॥**
**तस्या विभक्तिसूत्रे तु कोलिकायामसूत्रतः ॥३१॥**

કોળીના ભાગમાં લંબાઇના સૂત્રે એકથી નવ સુધીની વિષમ સંખ્યાએ અર્થાત્ ૧, ૩, ૫, ૭ અને ૯ ભાગ સુધી સિંહ એટલે શુકનાશનાં સ્થાનો કરવાં. ૩૧.

**मण्डपे स्तंभकं दद्यान् मध्यपट्टानुसारतः ॥**
**शुकनाशसमाघण्टा न्यूना तेन न चाधिका ॥३२॥**

મંડપમાં સ્તંભ કરવા તે પાટના મધ્ય ગર્ભે તલાંચા બરોબર કરવા. મંડપનો આમલસારો શુકનાશની બરોબર ઉંચો કરવો. આમલસારો શુકનાશથી નીચો કર્યો હોય તો સારો પરંતુ ઉંચો કરવો સારો નથી. ૩૨.


## શિખરનાં ઇંડકની ગણત્રી તથા પાણીતાર વિષે.

**शृङ्गोरुशृङ्गप्रत्यङ्गैरण्डकान् गणयेत् सुधीः ॥**
**नवाङ्गे तिलकं कर्णे कुर्यात्प्रासादभूषणम् ॥३३॥**
**कर्णप्रतिरथरथं चोपरथं सुभद्रकम् ॥**
**वार्यन्तराश्च मार्गेषु शुद्धाश्चैवाङ्गसंख्यया ॥३४॥**


શૃંગ, ઉરૂશૃંગ અને પ્રત્યંગોથી અંડકો ( ઇંડકો )ની ગણત્રી બુદ્ધિમાન પુરૂષે કરવી તથા પ્રાસાદની શોભા માટે કર્ણ ઉપર તેમજ નવ અંગોના ખૂણાઓ ઉપર તિલક કરવાં.

કર્ણ, પ્રતિરથ, રથ, ઉપરથ અને સુભદ્ર વિગેરેના વાર્યન્તરો ( પાણીતાર )ના માર્ગો અંગની સંખ્યા પ્રમાણે સ્પષ્ટ કરવા. ૩૩, ૩૪.

"Aho Shrutgyanam"




શ્રીતુરજા ભવાનીનું મંદિર, વાયા સોલાપુર.



ગોપુર (દ્રાવિડ જાતિ, પ્લાસ્ટરના મોડલ ઉપરથી) કલાભવન. બરોડા.

"Aho Shrutgyanam"



દ્રાવિડ જાતિનો પ્રાસાદ, પગોડા ( તાંજોર ).

"Aho Shrutgyanam"

## મંડોવર, શિખર તથા શૃંગોની ઉંચાઇનું પ્રમાણ.

**मूलशिलां समारभ्य ह्युदये कलशान्तिकम् ॥**
**विभक्तिर्विंशभागैस्तु अत ऊर्ध्वं प्रकल्पयेत् ॥३५॥**
**अष्टभिरुदये ज्येष्ठमष्टसार्धैश्च मध्यमम् ॥**
**कनिष्ठं नवभिर्भागैर्मण्डोवरं त्रिधा स्मृतम् ॥३६॥**
**शेषे चैवोर्ध्वभागे तु कर्तव्यः शिखरोदयः ॥**
**इदं मानं समुद्दिष्टं प्रयुक्तं वास्तुवेदिभिः ॥३७॥**

મૂલ શિલા અર્થાત્ ખરાના તલથી કલશના છેડા સુધી ઉંચાઇમાં વીસ (૨૦) ભાગ કરવા અને પછી આ ભાગોમાં પ્રાસાદનાં ઉપરનાં અંગોની કલ્પના કરવી. ઉંચાઇમાં મંડોરો આઠ ભાગે કરવામાં આવે તો જ્યેષ્ઠ, સાડા આઠ ભાગે મધ્યમ અને નવ ભાગે કનિષ્ઠ માનનો જાણવો. આ પ્રમાણે મંડોવર ત્રણ પ્રકારનો જાણવો તથા બાકી રહેલા ઉંચાઇના ભાગમાં શિખરનો ઉદય કરવો. મંડોવર તથા શિખરનો ઉદય કરવામાં વાસ્તુશાસ્ત્રના વિદ્વાનોએ આ માન પ્રયુક્ત કરેલું એટલે પ્રયોગમાં લીધેલું છે એમ જાણવું. ૩૫, ૩૬, ૩૭.

## શિખરનાં શૃંગો કરવાનું પ્રમાણ.

**प्रासादे दशभागस्य द्वित्रिवेदांशसंमितः ॥**
**प्रासादार्धेन पादेन त्रिभागे निर्मितस्तथा ॥३८॥**

પ્રાસાદમાં દશ (૧૦) ભાગો કરી તેમાંના બે (૨), ત્રણ (૩) અને ચાર (૪) ભાગ સુધી અથવા પ્રાસાદના પા ભાગે, અર્ધા ભાગે તથા પોણા ભાગે શિખરાં ( શૃંગો ) નો ઉદય કરી શકાય છે. ૩૮.

## પાયચામાં દશાઇના નાસકે પાડવાનું પ્રમાણ.

**दशांशाः शिखरे मूले चाग्रे तत्र नवांशकाः ॥**
**सार्धांशकौ रथौ कोणौ द्वौ शेषं भद्रमिष्यते ॥३९॥**

શિખરની મૂલ રેખાના પાયચાના તળાંચે દશ (૧૦) ભાગ કરવા અને ઉપર બાંધણા મથાળે નવ (૯) ભાગ કરવા. તેમાં બબ્બે ભાગના બે કર્ણો, દોઢ દોઢ ભાગના બે પઢરા અને ત્રણ ભાગનું ભદ્ર મળી કુલ દશ ભાગ તળાંચે જાણવા. બાંધણા મથાળેના ભાગમાં પણ બબ્બે ભાગના બે કર્ણો, દોઢ દોઢ ભાગના બે પઢરા અને બે ભાગનું વચ્ચે ભદ્ર કરવું. કુલ ભાગ નવ ૯ જાણવા. ૩૯.

"Aho Shrutgyanam"

## વાલંજરની રેખાઓનું પ્રમાણ.

**तथा वालंजरे प्राज्ञो भागभेदं विशेषतः ॥**
**द्वाविंशपदकं कार्यं चतुर्भिर्मूलनासिका ॥४०॥**
**प्रतिरथे त्रयो भागा द्वितीये द्वयमेव च ॥**
**द्विभागश्चैव भद्रार्धं भागभागश्च निर्गमम् ॥४१॥**

બુદ્ધિમાન શિલ્પીએ વાલંજરમાં ભાગ કરવાનો ભેદ વિશેષે કરીને જાણવો. શિખરના પાયચામાં બાવીસ (૨૨) ભાગો કરવા. તેમાં ચાર (૪) ભાગની મૂલ નાસિકા, ત્રણ ભાગનો પ્રતિરથ ( પઢરો ), બે ભાગનો બીજો પઢરો તથા બે ભાગનું અડધું ભદ્ર કરવું અને નીકારે એક એક ભાગ કરવું. ૪૦, ૪૧.

**त्रयोदश च कर्तव्याः स्कन्धोर्ध्वे तु प्रयत्नतः ॥**
**त्रिधा कर्णविभागश्च द्विभाग ऊर्ध्वकर्णकः ॥४२॥**
**तथा रथप्रभेदेन शेषं भद्रं प्रकीर्तितम् ॥**
**वालंजरे च विज्ञेया रेखाभेदाः स्वयं तथा ॥४३॥**

શિખરના બાંધણા મથાળામાં તેર (૧૩) ભાગો કરવા. તેમાં ત્રણ ભાગનો કર્ણ, બે ભાગનો ઉર્ધ્વ કર્ણ ( પઢરો ) તથા એક એક ભાગનો રથ અને ભદ્ર કરવું. આ પ્રમાણે વાલંજર નામની શિખરની નમણની રેખાઓના ભેદ જાણી લેવા. ૪૨, ૪૩.


## શિખરની ઉંચાઇ તથા રેખા છોડવાનું પ્રમાણ.

**सपादं शिखरं कार्यं सार्धैकं शिखरं तथा ॥**
**सपादकर्णयोर्मध्ये रेखाः स्युः पञ्चविंशतिः ॥४४॥**
**उदये कर्णयोर्मध्ये रेखाश्च पञ्चविंशतिः ॥**
**प्रोक्ता रेखाः कलाभेदैर्नमनं पञ्चविंशतिः ॥४५॥**

શિખર કર્ણ ( પાયચા ) થી સવાયું અથવા દોઢું ઉંચું કરવું તથા સવાયા ઉંચા શિખર અને કર્ણના મધ્ય ભાગમાં પચીસ (૨૫) રેખાઓ છોડવી તેમજ શિખર અને કર્ણના મધ્ય ભાગની ઉંચાઇમાં આડી અને ઉભી પચીસ (૨૫) રેખાઓ છોડવી. ઉપર કહેલી રેખાઓ સોળ ભેદે કરી પણ છોડી શકાય છે. આ પ્રમાણે રેખાઓનું નમણ ( ગોળાકાર ) પચીસ પ્રકારે જાણવું. ૪૪, ૪૫.


"Aho Shrutgyanam"

ઉરૂશૃંગ અને દશાઈના નાસક છોડવાનોનકશો.
બાંધણાના મથાળે કુલ ભાગ.૯.




પાયચા તળાંચે કુલ ભાગ ૧૦.

વાલંજરના નાસક છોડવાનો નકશો.
બાંધણાના મથાળે કુલ ભાગ ૧૩.



પાયચા તળાંચે કુલ ભાગ ૨૨.

**पञ्चनन्दकयुग्मान्तं खण्डानि तान्यनुक्रमात् ॥**
**अंशवृद्धिः कला कार्या दैर्घ्ये तुल्यकला समा ॥४६॥**

પાયચાથી બાંધણા સુધી ઉંચાઇમાં અને બાંધણેથી નમણમાં પાંચ ભાગથી ઓગણત્રીસ (૨૯) ભાગ સુધી અનુક્રમે સરખા ભાગ કરવા. એટલે પાંચ ભાગ ઉંચાઇમાં અને પાંચ ભાગ નમણની પહોળાઇમાં કરવા. આમાં એકેક ભાગ ક્રમે વધારવાથી રેખા છોડવાના પચીસ ભેદ થાય છે. ૪૬.

**अष्टादितोऽष्टषष्ट्यन्तं चतुर्वृद्धिश्च षोडश ॥**
**दैर्घ्ये तुल्या कला स्कंधे चैकहीनं न शोभनम् ॥४७॥**

આઠ (૮) થી અડસઠ (૬૮) સુધી ચાર ચાર ભાગે વૃદ્ધિ કરવાથી રેખા છોડવાના સોળ ( ૧૬ ) ભેદ થાય છે અર્થાત્ ૮, ૧૨, ૧૬ અને ૨૦ એવી રીતે ઉંચાઇ તથા

"Aho Shrutgyanam"

પહેળાઈમાં સરખા ભાગ કરવા. ઓછા વધતા ભાગ કરવા નહિ; કેમકે તે શોભાયમાન લાગતું નથી. ૪૭.

ऊर्ध्वे चाष्टदशांशाः स्युस्तिर्यक् षोडश वै तथा ॥
चित्रेऽस्मिंश्च भवत्येवं रेखाणां षट्शरद्वयम् ॥४८॥

ઉંચાઈમાં અઢાર (૧૮) ભાગ કરવા તથા તિર્યક્ એટલે બાંધણે નમણમાં (૧૬) ભાગ કરવા. આ ચિત્રમાં આ પ્રમાણે રેખાઓ છોડવાના બસો છપ્પન ( ૨૫૬ ) પ્રકાર થાય છે. ( ઉંચાઈમાં ૧૮ અને બાંધણાની નમણમાં ૧૬ ભાગ કહ્યા છે. માટે નીચે એ ભાગ છોડી રેખાની નમણ છોડવી. ) ૪૮.

त्रिखण्डात् खण्डवृद्धिश्च यावदष्टादशैव च ॥
एकैकशः कलाष्टौ च समार्चा यस्य षोडश ॥४९॥
द्वितीये प्रथमे खण्डे कलाष्टौ द्वितीये नव ॥
तृतीये दशखण्डेषु शेषेष्वधोऽष्ट वै क्रमात् ॥५०॥
अष्टदिक्सूर्यभागैश्च त्रिखण्डा च तृतीयका ॥
अनेन क्रमयोगेन कोष्ठकैस्तं प्रपूरयेत् ॥५१॥


ત્રિખંડથી ખંડ વૃદ્ધિ અઢાર (૧૮) ખંડ સુધી કરવી. એક એકની આઠ કળાએ કરી સોળ સોળ સમાર્ચાઓ ( ભેદો ) થાય છે. પહેલી સમાર્ચા, ત્રિખંડાના ત્રણ ખંડોમાં આઠ આઠ ભાગે કરવા અને તેની કુલ સંખ્યા ( સમાર્ચા ) ચોવીસ (૨૪) જાણવી. બીજી, ત્રિખંડાના પ્રથમ ખંડમાં આઠ, બીજામાં નવ તથા ત્રીજામાં દશ ભાગ કરવા, કુલ સત્તાવીસ. બાકીની ત્રિખંડાઓના ખંડોમાંના પહેલા નીચેના ખંડમાં આઠ આઠ કલા અને બીજા તથા ત્રીજા ખંડોમાં ક્રમે એકેક તથા બબ્બે કલાની વૃદ્ધિ કરવી તે સોળ ત્રિખંડાઓ પૂરી થતાં સુધી કરવી.

પહેલા ખંડમાં આઠ (૮), બીજા ખંડમાં દશ (૧૦) અને ત્રીજા ખંડમાં બાર (૧૨) ભાગ કરવા. કુલ સમાર્ચા ત્રીસ ( ૩૦ ) ભાગની ત્રીજી ત્રિખંડા જાણવી. આ ક્રમયોગથી કોષ્ઠકો વડે ત્રિખંડાની સોળ સમાર્ચા પૂર્ણ કરવી. ૪૯, ૫૦, ૫૧.

रेखाणां जायते संख्या षट्पञ्चाशत्शतद्वयम् ॥
दैर्घ्ये भवन्ति यावन्त्यः कलाः स्कंधेऽपि तत्समाः ॥५२॥

આ પ્રમાણે કુલ રેખાઓની સંખ્યા બસો છપ્પન્ન (૨૫૬) થાય છે. જેટલી રેખાઓ ઉંચાઈમાં થાય છે તેટલીજ રેખાઓ સ્કંધે નમણમાં પણ જાણવી. ૫૨.

"Aho Shrutgyanam"



ભોયણીના દેરાશરનો પાછળનો દેખાવ.



બોર્ડીંગના દેરાશરનો દેખાવ. (અમદાવાદ)

"Aho Shrutgyanam"


"Aho Shrutgyanam"

## શિખરની રેખા કામડીથી છોડવાનું પ્રમાણ.


**रेखामूलस्य विस्तारात् पद्मकोशं समालिखेत् ॥**
**चतुर्गुणेन सूत्रेण सपादशिखरोदयः ॥५३॥**

રેખા (પાયચા) ના મૂળના વિસ્તારથી ચાર ગણું સૂત્ર લાંબું રાખી વગર ખીલેલા કમળ પુષ્પ ( પદ્મકોશ ) ના આકારે શિખરની નમણ છોડવી અને શિખરની ઉંચાઇ સવાયી કરવી. ૫૩.

**૫ ભાગથી ૨૯ ભાગ સુધી નીચે પ્રમાણે એકેક ભાગ વધારવાથી રેખા છોડવાના ૨૫ ભેદ થાય છે.**




**૮ ભાગથી ૬૮ સુધી ચાર ચાર ભાગ વધારવાથી નીચે પ્રમાણે રેખા છોડવાના ૧૬ ભેદ થાય છે.**




"Aho Shrutgyanam"

**દ્વિખંડાના ભેદ ૬ નીચે પ્રમાણે.**


૨-૪, ૪-૮, ૬-૧૨, ૮-૧૬, ૩-૫, ૮-૧૦.

**ત્રિખંડા એકેકની વૃદ્ધિ ભેદ ૮.**


૨-૩-૪, ૩-૪-૫, ૪-૫-૬, ૫-૬-૭, ૬-૭-૮, ૭-૮-૯, ૮-૯-૧૦, ૮-૧૦-૧૧.

**ત્રિખંડા બબ્બેની વૃદ્ધિ ભેદ ૮.**


૨-૪-૬, ૩-૬-૮, ૪-૮-૧૦, ૫-૧૦-૧૨, ૬-૧૨-૧૪, ૭-૧૪-૧૬, ૮-૧૬-૧૮, ૮-૧૦-૧૨.




**દ્વિખંડાના ભેદના નકશા ૨.**



**ત્રિખંડાના ભેદના નકશા ૨.**



**ત્રિખંડાના બીજા ભેદના નકશા ૨.**

રેખા છોડવાની રીતના ઉપર પ્રમાણે બબ્બે નમુના બતાવેલા છે તેવી રીતે દરેક જાતના ભેદોના ભાગ પ્રમાણે રેખાની ગોળાઇ છોડવી.


## ધ્વજાપુરૂષ પ્રમાણ.

**रेखायाः षष्ठके भागे तस्यान्ते पादवर्जितम् ॥**
**ध्वजाधरस्तु कर्तव्यो दक्षिणे च प्रतीरथे ॥५४॥**

શિખરના પાયચાથી બાંધણા સુધી રેખાની ઉંચાઇમાં છ (૬) ભાગ કરી છઠ્ઠા ભાગમાં ચાર (૪) ભાગ કરવા અને તેમાંનો ઉપરનો એક ભાગ છોડી શેષ રહેલા ત્રણ ભાગનો દક્ષિણ બાજુના પ્રતિરથમાં ધ્વજાધર અર્થાત્ ધ્વજાપુરૂષ કરવો. ૫૪.

"Aho Shrutgyanam"


"Aho Shrutgyanam"




સૂર્ય પ્રાસાદ અને તેની આગળ નૃત્ય મંડપ તથા સૂર્ય કુંડના તલદર્શનનો નકશો.
ગા. મુંઢેરા, ઉત્તર ગુજરાત.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



શ્રીસૂર્યપ્રાસાદનું પાર્શ્વદર્શન. ગામ મુંઢેરા (ગુજરાત).

"Aho Shrutgyanam"



સૂર્યપ્રાસાદની આગળ કરેલા મંડપનું અને તેના અગ્ર ભાગે બે સ્તંભની ઉત્તંગ નામની પ્રતોલ્યાનું પાર્શ્વદર્શન.
ગામ મુંઢેરા ( ગુજરાત ).

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

### ધ્વજાપુરૂષનું બીજું માન.

**शिखरार्धे त्रिभागार्धे वंशाधारं सुनिश्चलम् ॥**
**पताका च करे वामे ध्वजस्तम्भोऽथ दक्षिणे ॥५५॥**

પાયચાથી શિખરના સ્કંધ સુધીમાં બે ભાગ કરી ઉપરના અર્ધા ભાગમાં ત્રણ (૩) ભાગ કરવા અને તેના અર્ધા ભાગે દૃઢ વંશાધાર કરવો. તેના ડાબા હાથમાં ધ્વજા આપવી અને વંશાધારને જમણા હાથે ધ્વજસ્તંભ પકડેલો કરવો. ૫૫.

**प्रासादपृष्ठदेशे तु दक्षिणे च प्रतीरथे ॥**
**ध्वजाधरस्तु कर्तव्य ईशाने नैऋतेऽथवा ॥५६॥**

પ્રાસાદના પૃષ્ઠ ભાગે જમણી બાજુના પઢરામાં ધ્વજાપુરૂષ કરવો. પૂર્વમુખના પ્રાસાદને ધ્વજાપુરૂષ નૈઋત્યમાં અને પશ્ચિમમુખના પ્રાસાદને ઇશાન કોણમાં કરવો. ૫૬.

### શિખરના આમલસારાનું પ્રમાણ.

**रथयोरुभयोर्मध्ये वृत्तमामलसारकम् ॥**
**उत्सेधो विस्तरार्धेन चतुर्भागविभाजितम् ॥५७॥**
**ग्रीवा चामलसारस्य पादोनाथ सपादकः ॥**
**चन्द्रिकाभागमेकेन भ्रमिरामलसारिका ॥५८॥**

પ્રાસાદના સ્કંધે બે રથ ( બે પઢરા ) ની વચમાં પઢરા બરોબર ગોળ આમલસારો કરવો અને પહોળાઇથી અર્ધ ઉંચો કરવો. ઉંચાઇમાં ચાર (૪) ભાગ કરવા. તેમાં આમલસારાનું ગળું પોણો (૦॥।) ભાગ રાખવું તથા આમલસારો સવા (૧।) ભાગનો કરવો. ચંદ્રિકા ( ચંદ્રસ–ગલત ) ભાગ એક (૧) અને તેના ઉપર ગોળ આમલસારી ( ઝાંઝરી ) ભાગ એકની કરવી. ૫૭, ૫૮.

### આમલસારો તથા ઇંડાનું પ્રમાણ.

**कोशान्तरे तथा सप्तभक्ते ग्रीवा तु भागतः ॥**
**सार्धमामलसारश्च पद्मपत्रश्च सार्धकम् ॥५९॥**
**त्रिभाग उच्चकलशो द्विभागस्तस्य विस्तरः ॥**
**प्रासादस्याष्टमांशेन पृथुत्वं कलशोऽण्डकम् ॥६०॥**
**षोडशांशैर्युतं श्रेष्ठं द्वात्रिंशांशैस्तु मध्यमम् ॥**
**अण्डके त्रिविधं मानं विज्ञेयं सर्वकामदम् ॥६१॥**

"Aho Shrutgyanam"

પદ્મકોશ ( સ્કંધના બાંધણા ) માં સાત (૭) ભાગ કરવા. તેમાં એક (૧) ભાગની ગ્રીવા ઉંચી, આમલસારો ભાગ દોઢ ઉંચો અને પદ્મપત્ર ( ચંદ્રસ અથવા ગલત ) તથા ઝાંઝરી પોણા પોણા (૦॥।) ભાગની કરવી.

કલશ ત્રણ ( ૩ ) ભાગ ઉંચો અને બે ( ૨ ) ભાગ પહોળો કરવો. પ્રાસાદ કર્ણે પહોળો હોય તેના આઠમા ભાગે કલશ ( ઇંડુ ) પહોળું કરવું અને પહોળાઇથી દોઢું ઉંચું કરવું. સોળમા ભાગે પહોળાઇમાં વધારવાથી શ્રેષ્ઠ તથા બત્રીસમા ભાગે વધારવાથી મધ્યમ માનનો કલશ જાણવો. આ પ્રમાણે ઇંડકનું ત્રિવિધ માન જાણવું તે સર્વ કામનાઓને પૂર્ણ કરનારૂં છે. ૫૯, ૬૦, ૬૧.

### કલશનું બીજું પ્રમાણ.

**पञ्चमांशेन रेखायाः पृथुत्वं तस्य कारयेत् ॥**
**घण्टाविस्तारपादेन तस्य पादयुतं पुनः ॥६२॥**
**कुर्यात्कलशविस्तारमुच्छ्रयं तस्य सार्धकम् ॥**
**नागरे लतिने स्वस्थं सांधारे चैव मिश्रके ॥६३॥**

મૂલ રેખાની ( પાયચાની ) પહોળાઇના પાંચમા ભાગે કલશની પહોળાઇ કરવી અથવા આમલસારાની પહોળાઇના ચોથા ભાગે કલશ પહોળો કરવો અને તેમાં કલશના આવેલા પ્રમાણનો ચોથો ભાગ વધારવો. આ પ્રમાણે કલશનો વિસ્તાર કરવો અને દોઢો ઉંચો કરવો. લતિનાદિ, નાગરાદિ, સાંધારાદિ અને મિશ્રકાદિ જાતિના પ્રાસાદોને કલશનું આ માન યોગ્ય છે. ૬૨, ૬૩.

### કલશના ઘાટના ભાગો.

**उच्छ्रयं नवभागश्च विस्तारं षड्भागिकम् ॥**
**प्रमाणे सूत्रमाख्यातं कलशं सर्वकामदम् ॥६४॥**
**ग्रीवा पीठं भवेद् भागः त्रिभागेनाण्डकं तथा ॥**
**कर्णिके भागतुल्ये च त्रिभागं बीजपूरकम् ॥६५॥**
**अग्रैकांशश्च मूले द्वौ वह्निवेदांशकर्णिके ॥**
**ग्रीवा द्वौ पीठमर्धं द्वौ षड्भागविस्तराण्डकम् ॥६६॥**


કલશ ઉંચો નવ ભાગનો અને પહોળો છ ભાગનો કરવો. પ્રમાણમાં કહેલા સૂત્રાનુસાર કલશ કરવાથી સર્વ કામનાઓને આપનારો થાય છે.

ગ્રીવા ( ગળું ) તથા પીઠ (નીચેની ગલત) મળી એક (૧) ભાગ, અંડક ત્રણ (૩) ભાગ, છજ્જી તથા કણી એકેક ભાગ અને બીજપૂર ( ડોડલો ) ત્રણ (૩) ભાગનો કરવો.

"Aho Shrutgyanam"

પહોળાઇમાં ડોડલનો અગ્રભાગ એક (૧) ભાગ અને મૂળમાં જાડો બે ભાગ, કણી ત્રણ ભાગ, છજ્જી ચાર ભાગ, ગ્રીવા બે ભાગ, અડધું પીઠ બે ભાગ ( આખું ચાર ભાગ ) અને અંડક છ (૬) ભાગનું પહોળું કરવું. ૬૪, ૬૫, ૬૬.

## કલશ સાથે આમલસારાનો નકશો.




શિખરના ઇંડા ( કળશ ) નું વિધાન.

**शैलजे शैलजं कुर्याद् दारुजे दारुजं तथा ॥**
**धातुजे धातुजश्चैव इष्टके त्वैष्टकं शुभम् ॥६७॥**
**चित्रे चित्रं विधातव्यं हेमजं सर्वकामदम् ॥**
**श्रेष्ठश्च सर्वश्रेष्ठानां सुवर्णकलशं ध्वजम् ॥६८॥**

પાષાણના પ્રાસાદને પાષાણનો, દારૂ ( કાષ્ઠ ) ના પ્રાસાદને કાષ્ઠનો, સોનું, ચાંદી આદિ ધાતુના પ્રાસાદને મૂળ ધાતુઓનો, ઇંટોના પ્રાસાદને ઇંટોનો અને ચિત્ર પ્રાસાદને ચિત્ર કલશ કરવો. પરંતુ સોનાનો કલશ કરવો તે સર્વ કામનાઓને આપનારો છે. સોનાનો કલશ અને ધ્વજદંડ કરવો તે સર્વોત્તમ છે. ૬૭, ૬૮.

**क्षीरार्णवसमुत्पन्नं प्रासादस्याग्र्यजातकम् ॥**
**मङ्गलेषु च सर्वेषु कलशं स्थापयेद् बुधः ॥६९॥**

"Aho Shrutgyanam"

ક્ષીરાર્ણવમાંથી ઉત્પન્ન થએલા ( કહેલા ) પ્રાસાદપૂજાના અર્ઘ્ય અર્થાત્ પૂજન પ્રકારથી સર્વ પ્રકારનાં મંગલ ગીતો તથા વાદ્યો સાથે વિદ્વાને પ્રાસાદના કલશની પૂજા કરી સ્થાપના કરવી. ૬૯.

### પ્રાસાદપુરૂષ પ્રાસાદના આમલસારામાં પધરાવવા વિષે.

**अथातः संप्रवक्ष्यामि पुरुषस्य प्रवेशनम् ॥**
**न्यसेच देवतागारे जीवस्थाने फलं लभेत् ॥७०॥**

હવે હું પ્રાસાદપુરૂષ પધરાવવાનો વિધિ કહું છું. દેવાલયોમાં જીવસ્થાને ( જેમ શરીરમાં બ્રહ્મરંધ્ર એ જીવસ્થાન મનાયેલું છે તેમ પ્રાસાદરૂપ શરીરમાં આમલસારો એ જીવસ્થાન જાણવું ) પ્રાસાદપુરૂષ પધરાવવાથી પ્રાસાદ કર્યો સફળ થાય છે. ૭૦.

**प्रमाणश्चास्य वक्ष्यामि प्रासादे चैव हस्तके ॥**
**तथार्धाङ्गुलसंख्या च कर्तव्या नात्र संशयः ॥७१॥**
**अर्धाङ्गुला भवेद् वृद्धिर्यावत्पञ्चाशहस्तकम् ॥**
**एवंविधश्च कर्तव्यं सर्वकामफलप्रदम् ॥७२॥**

હવે પ્રાસાદપુરૂષનું પ્રમાણ કહું છું. એક ગજના પ્રાસાદને અર્ધા (o॥) આંગળનો પ્રાસાદપુરૂષ કરવો. આ વિષે શંકા લાવવી નહિ અને ત્યાર પછી એકથી પચાસ ગજ સુધી દરેક ગજે અર્ધા ( o॥ ) આંગળની વૃદ્ધિ કરવી. આ પ્રમાણે પ્રાસાદપુરૂષ કરવો તે સર્વ કામનાઓના ફળને આપનારો છે. ૭૧, ૭૨.

**शयनश्चापि निर्दिष्टं पद्मश्च दक्षिणे करे ॥**
**त्रिपताकं करं वामं कारयेद् हृदि संस्थितम् ॥७३॥**
**घृतपात्रश्च तन्मध्ये ताम्रजातं सुवर्णजम् ॥**
**सुवर्णपुरुषं तत्र रूप्यपर्यङ्कशायिनम् ॥७४॥**
**पर्यङ्कस्य चतुःपादे कुंभाश्चत्वार एव च ॥**
**सहेमनिधिसंयुक्ता आत्ममुद्राभिमुद्रिताः ॥७५॥**

પ્રાસાદપુરૂષનું ( ચાંદીનું ) શયનાસન ( પર્યંક, પલંગ ) કરવાનો નિર્દેશ કરેલો છે. પ્રાસાદપુરૂષના દક્ષિણ હાથમાં કમળ આપવું તથા ડાબો હાથ ત્રણ પતાકાવાળી ધ્વજા ધારણ કરેલો અને છાતી ઉપર રાખેલો કરવો. તે એવી રીતે કે ધ્વજા પકડેલો હાથનો ભાગ છાતી ઉપર રહે અને ધ્વજા–પતાકાનો ભાગ ખભા ઉપર આવે.

"Aho Shrutgyanam"

આમલસારામાં તાંબાનું અથવા સોનાનું બનાવેલું ઘૃતપાત્ર મૂકવું તેમજ સોનાનો બનાવેલો પ્રાસાદપુરૂષ પધરાવવો અને તેને ચાંદીના પલંગ ઉપર રેશમી ગાદલું, ઓશિકું અને ઓછાડ પાથરી સૂવાડવો.

પલંગના ચારે પાયાની પાસે ચાર કુંભો મૂકવા અને તે સુવર્ણ દ્રવ્ય યુક્ત તથા પોતાની મુદ્રા–ચિન્હ સ્વરૂપથી મુદ્રિત કરેલા મૂકવા અર્થાત્ પલંગના ચારે પાયાની પાસે મૂકવાના જે નિધિકુંભો કરવા કહેલા છે તે તાંબા અથવા સોનાના કરવા અને તેમાં સોના નાણું નાખવું તથા જે નિધિના તે કુંભો હોય તેની મુદ્રા તેના ઉપર અંકિત કરવી. જેમકે શંખ નામનો નિધિકુંભ હોય તો તે કુંભ ઉપર શંખનું ચિન્હ કરવું, મહાપદ્મ હોય તો કમળ અને કચ્છપ હોય તો કાચબાની મુદ્રાથી મુદ્રિત કરવો કે જેથી અમુક નામનો નિધિકુંભ છે તે સ્પષ્ટ રીતે ઓળખી શકાય. તે નિધિકુંભો ક્રમે શંખ, પદ્મ, મહાપદ્મ અને મકર નામના જાણવા. ૭૩, ૭૪, ૭૫.

## પ્રાસાદના ધ્વજાદંડનું પ્રથમ પ્રમાણ.

**प्रासादव्यासमानेन दण्डमानं प्रकीर्तितम् ॥**
**मध्यं हीनं दशांशेन पञ्चमांशेन चावरम् ॥७६॥**

પ્રાસાદ કર્ણે ( રેખાએ ) જેટલો પહોળો હોય તે પ્રમાણે ધ્વજાદંડ લાંબો કરવો તે જ્યેષ્ઠ માન, તેમાંથી દશમા ભાગે નાનો કરવાથી મધ્યમ માન અને પાંચમા ભાગે નાનો કરવાથી કનિષ્ઠ માનનો ( ધ્વજાદંડ ) જાણવો. ૭૬.

## દ્વિતીય પ્રમાણ.

**दण्डः कार्यस्तृतीयांशे शिलातः कलशान्तिकम् ॥**
**मध्यमष्टांशहीनेऽसौ षड्भागश्च कनिष्ठिकः ॥७७॥**

શિલા એટલે જગતીના મથાળાથી કલશની ટોચ સુધી ઉંચાઈના ત્રણ ભાગો કરી એક ભાગ જેટલો લાંબો ધ્વજાદંડ કરવો. આ જ્યેષ્ઠ માન જાણવું. તેમાંથી આઠમા અંશે નાનો કરવાથી મધ્યમ માન અને છઠ્ઠા ભાગે નાનો કરવામાં આવે તો કનિષ્ઠ માનનો ધ્વજાદંડ જાણવો. ૭૭.

## તૃતીય પ્રમાણ.

**मूलरेखाप्रमाणेन कनिष्ठं दण्डसंभवम् ॥**
**मध्यमं द्वादशांशेन षडंशेन तथोत्तमम् ॥७८॥**

"Aho Shrutgyanam"

મૂલ રેખા (શિખરના પાયચા) ના પ્રમાણે ધ્વજાદંડ લાંબો કરવાથી કનિષ્ઠ માન જાણવું. આવેલા માનમાં તેનો બારમો ભાગ વધારવાથી મધ્યમ માન અને છઠ્ઠો ભાગ વધારવાથી જ્યેષ્ઠ માનનો ધ્વજાદંડ જાણવો. ૭૮.

पिंडश्च कथितं वत्स उदयश्च ह्यतः शृणु ॥
प्रासादकोणमर्यादां सप्तहस्तान्तकं मतम् ॥७९॥
गर्भमाने च कर्तव्यं हस्ताः स्युः पञ्चविंशतिः ॥
रेखामानश्च कर्तव्यं यावत्पञ्चाशहस्तकम् ॥८०॥

ધ્વજાદંડનું માન કહ્યું. હવે કયું માન ક્યાંથી ક્યાં સુધી લેવું તે કહું છું તે સાંભળ. એકથી સાત હાથ સુધી પ્રાસાદના કોણ માને, પચીસ હાથ સુધી ગભારાના માને તથા પચાસ હાથ સુધી પાયચાના વિસ્તારના માને ધ્વજાદંડની લંબાઇ કરવી. ૭૯, ૮૦.

### ધ્વજાદંડની જાડાઇનું પ્રમાણ.

एकहस्ते तु प्रासादे दंडः पादोन आङ्गुलः ॥
अर्धाङ्गुला भवेद् वृद्धिर्यावत्पञ्चाशहस्तकम् ॥८१॥

એક ગજના પ્રાસાદને ધ્વજાદંડ પોણો ( ૦ાા ) આંગળ જાડો કરવો અને પછી દરેક ગજે અર્ધા ( ૦ાા ) આંગળની વૃદ્ધિ પચાસ ( ૫૦ ) ગજ સુધી કરવી. ૮૧.

वंशमयोऽथ कर्तव्य आञ्जनो मधुकस्तथा ॥
सींसपः खादिरश्चैव पिंडश्चैव तु कारयेत् ॥८२॥

ધ્વજાદંડ વાંસનો, અંજન વૃક્ષનો, મધુક ( મહૂડા ) નો, શીસમનો તથા ખેરના વૃક્ષનો કરવો, અને તે પિંડના આકારનો એટલે ગોળાકાર કરવો. ૮૨.

सुवृत्तः सारदारुश्च ग्रन्थिकोटरवर्जितः ॥
पर्वभिर्विषमः कार्यः समग्रन्थिः सुखावहः ॥८३॥

સુંદર ગોળાકાર, સારા પાકા અને કઠણ લાકડાનો, ગ્રંથિ ( ગાંઠ ), કોટર ( કાંણાં ) થી રહિત, વિષમ ( એકી ) પર્વ ( ગાળા ) વાળો અને સમગ્રંથિ એટલે બેકી ગાંઠ ( કાંકણી ) વાળો ધ્વજાદંડ કરવો તે સુખકારી જાણવો. ૮૩.

### પર્વના અંકથી ધ્વજાદંડનાં તેર (૧૩) નામો.

जयन्तस्त्वेकपर्वश्च त्रिपर्वः शत्रुमर्दनः ॥
पिङ्गलः पञ्चपर्वैश्च सप्तभिर्भानुसंभवः ॥८४॥

"Aho Shrutgyanam"

श्रीमुखो नवपर्वैश्च त्वेकादशे तु नन्दनः ॥
त्रयोदशे त्रिदिव्यश्च तिथिषु दिव्यशेखरः ॥८५॥
सप्तदशे च कालो वै उत्कट ऊनविंशकः ॥
सूर्याक्षस्त्वेकविंशश्च द्व्यधिके कमलोद्भवः ॥८६॥
द्व्यधिके विश्वकर्मश्च नामानि पर्वसंख्यया ॥
त्रयोदश विजानीयात् शिल्पशास्त्रविशारदः ॥८७॥

(૧) એક પર્વનો જયંત, (૨) ત્રણ પર્વનો શત્રુમર્દન, (૩) પાંચ પર્વનો પિંગલ, (૪) સાત પર્વનો ભાનુસંભવ, (૫) નવ પર્વનો શ્રીમુખ, (૬) અગિયાર પર્વનો નંદન, (૭) તેર પર્વનો ત્રિદિવ્ય, (૮) પંદર પર્વનો દિવ્યશેખર, (૯) સત્તર પર્વનો કાલદંડ, (૧૦) ઓગણીસ પર્વનો ઉત્કટ, (૧૧) એકવીસ પર્વનો સૂર્યાક્ષ, (૧૨) તેવીસ પર્વનો કમલોદ્ભવ અને (૧૩) પચીસ પર્વનો વિશ્વકર્મ; આ તેર ધ્વજાદંડનાં નામો છે અને તે પર્વોની સંખ્યાના માને થાય છે. એ રહસ્ય શિલ્પશાસ્ત્રમાં વિશારદ પુરૂષે જાણી લેવું. ૮૪, ૮૫, ૮૬, ૮૭.

## દેવીના ધ્વજાદંડનું પ્રમાણ.

समपर्वे यदा दंडस्तत्र शक्तिमयं बहु ॥
समे च विषमे प्रोक्तं शुभं तद्भवने द्वयम् ॥८८॥

સમપર્વ એટલે બેકી પર્વવાળો દંડ શક્તિમય ગણાય છે એટલે દેવીના ભવનોમાં સમ અને વિષમ પર્વ ( બન્ને પ્રકારનો ) ધ્વજાદંડ શુભ કહેલો છે. ૮૮.


## ધ્વજાદંડની પાટલીનું પ્રમાણ.

तदूर्ध्वे संप्रवक्ष्यामि मर्कटीश्च सुशोभनाम् ॥
दंडदीर्घषडंशेन मर्कटी चार्धविस्तरा ॥८९॥
समुच्छ्रिता त्रिभागैश्च किंकिणीमंडिता शुभा ॥
कलशं कारयेत्तस्याः पञ्चमांशेन दीर्घतः ॥९०॥
अर्धचंद्राकृतिर्मध्ये पक्षे कुर्याद् गगारकम् ॥
वंशोर्ध्वे कलशश्चैव पक्षे घंटाप्रलम्बनम् ॥९१॥

હવે હું ધ્વજાદંડના ઉપરના ભાગે કરવાની સુશોભિત મર્કટીનું પ્રમાણ કહું છું. દંડની લંબાઇના છઠ્ઠા ભાગે મર્કટી ( પાટલી ) લાંબી કરવી તથા લંબાઇના અર્ધા ભાગે પહોળી અને પહોળાઇના ત્રીજા ભાગે જાડી કરવી તેમજ કાંગરીના ઘાટોથી સુશોભિત કરવી તે શુભકર્તા જાણવી.

"Aho Shrutgyanam"

મર્કટીની લંબાઇના પાંચમા ભાગે કલશ ઉંચો કરવો તથા મર્કટીના નીચેના મધ્ય ભાગે અર્ધચંદ્રાકાર કરવો અને તેની બન્ને બાજુએ ગગારક ( ગગારા ) કરવા. દંડની ઉપર કલશ મૂકવો અને પાટલીની બાજુઓએ ફરતી લટકતી ઘંટડીઓ લટકાવવી. ૮૯, ૯૦, ૯૧.




### ધ્વજાની પતાકાનું પ્રમાણ

**ध्वजादण्डप्रमाणेन,**
**दैर्घ्याष्टांशेन विस्तरे ॥**
**नानावस्त्रविचित्राढ्या,**
**त्रिपञ्चाग्रमुखा क्रमात् ॥९२॥**

ધ્વજાદંડના પ્રમાણે લાંબી ધ્વજાની પતાકા કરવી અને તે લંબાઇના આઠમા ભાગે પહોળી કરવી. ધ્વજાની પતાકા નાના પ્રકારના રંગબેરંગી વસ્ત્રોથી શોભાયમાન ત્રણ અથવા પાંચ પટવાળી કરવી. ૯૨.

### ધ્વજાદંડ રોપવાનું પ્રમાણ.

**मूलगर्भस्य यन्मानं,**
**दक्षिणां दिशमाश्रिते ॥**
**अनुगम्योपरि कार्यो,**
**ध्वजादंडस्य चोच्छ्रयः ॥९३॥**

ગભારાના મૂળના માને જમણી દિશાનો આશ્રય કરી રહેલા સ્કંધના અનુગમ્ય ( પઢરા ) ઉપર ધ્વજાદંડને ઉભો કરવો. ૯૩.

### ધ્વજાદંડના કેલાબાનું પ્રમાણ.

**प्रासादे पृष्ठिभागे तु,**
**दक्षिणे चैव चानुगे ॥**
**स्तंभवेधस्तु कर्तव्यो,**
**भित्तिषष्ठसमांशके ॥९४॥**

"Aho Shrutgyanam"

**घण्टोदयप्रमाणेन स्तंभिका-उदयो भवेत् ॥**
**हस्तस्याङ्गुलिविस्तारं तस्याधः कलशो भवेत् ॥९५॥**

પ્રાસાદના પાછલા ભાગે જમણે પઢરે ધ્વજાદંડનો કલાબો કરવો અને તેની પહોળાઈ ભીંતના છઠ્ઠા ભાગે રાખવી. આમલસારાની ઉંચાઇ બરાબર કલાબો ઉંચો રાખવો અને ધ્વજાદંડની બેઠક જેટલા ગજનો પ્રાસાદ હોય તેટલા આંગળ પહોળી કરવી તથા નીચે લાંબસીના આકારે કળશ કરવો અને તેમાં ધ્વજાદંડનું સાલ ઘાલવાનો છેદ પાડવો. ૯૪, ૯૫.

**प्रासादे मेरुशृंगे तु भद्रे कोणे च चानुगे ॥**
**मूलप्रासादमानेन द्रष्टव्यं ध्वजलक्षणम् ॥९६॥**

મેરૂશૃંગ પ્રાસાદમાં તો ભદ્રે, કર્ણે અથવા પઢરે મૂલ પ્રાસાદના માને ધ્વજાદંડ રોપવાનું લક્ષણ જાણવું. ૯૬.

**तोरणे तु तथा चैव शुकनासे बलाणके ॥**
**मूलप्रासादमानेन ध्वजादंडनिवेशनम् ॥९७॥**

તોરણ, શુકનાશ તથા બલાણકમાં મૂલ પ્રાસાદના માને ધ્વજાદંડ રોપવો. ૯૭.

**ચતુર્મુખ પ્રાસાદને ધ્વજાદંડ રોપવાની દિશા.**

**चतुर्मुखे ततो वक्ष्ये प्रासादे सर्वकामदे ॥**
**ईशानीं दिशमाश्रित्य ध्वजादंडनिवेशनम् ॥९८॥**

હવે ચતુર્મુખ પ્રાસાદમાં ધ્વજાદંડ રોપવાનું પ્રમાણ કહું છું. ચતુર્મુખ પ્રાસાદ સર્વ કામનાઓને આપનારો છે. તેમાં ઇશાન કોણનો આશ્રય કરી ધ્વજાદંડનો નિવેશ કરવો. ૯૮.

**ધ્વજાદંડની પાટલી કિંચિત્ ઇશાન તરફ રાખવાનું વિધાન.**

**ईशान्यां कुरुते किञ्चित् स्थपकः स्थापकः सदा ॥**
**राज्यवृद्धिः स्थले वृद्धिः प्रजा सौख्येन नन्दति ॥९९॥**

સૂત્રધાર તથા પ્રતિષ્ઠા કરાવનાર માલિક ઇશાન કોણનો કિંચિત્ આશ્રય કરેલી ધ્વજાદંડની પાટલી રાખે તો તેના રાજ્યની તેમજ સ્થાનની વૃદ્ધિ થાય અને પ્રજા સદા સર્વદા સુખથી આનંદ પામે. ૯૯.



"Aho Shrutgyanam"

ધ્વજા ચઢાવ્યા પછી ધ્વજા ફડકવાનું ફળ.

**वाताहतपताकानां फुङ्कारो यत्र दृश्यते ॥**
**तत्कृतं निष्फलं याति पुण्यं तस्य न विद्यते ॥१००॥**

પ્રતિષ્ઠા વખતે ધ્વજા ચઢાવતાં પવનને લીધે જોરથી ફડફડાટ કરતી પતાકા દેખાય તો કરેલું કાર્ય નિષ્ફળ જાય છે અને તેનું પુણ્ય પણ મળતું નથી. ૧૦૦.

**पुरे च नगरे कोटे रथे राजगृहे तथा ॥**
**वापीकूपतडागेषु ध्वजा कार्या सुशोभना ॥१०१॥**

પુરમાં, નગરમાં, કોટ ઉપર, રથ ઉપર, રાજમહેલ ઉપર તથા વાવ, કૂવો અને તલાવના કિનારા ઉપર; એ સર્વ સ્થળે સુશોભિત ધ્વજા ચઢાવવી. ૧૦૧.

ધ્વજા વગર શિખર નહિ રાખવા વિષે.

**निश्चिन्हं शिखरं दृष्ट्वा ध्वजाहीनं सुरालयम् ॥**
**असुरा वासमिच्छन्ति ध्वजाहीनं न कारयेत् ॥१०२॥**

ચિન્હ રહિત શિખર તથા ધ્વજા રહિત દેવાલયને જોઇ અસુરો વાસ કરવાને ઇચ્છે છે માટે ધ્વજા સિવાય પ્રાસાદો રાખવા નહિ. ૧૦૨.

શિખરને ધ્વજા ચઢાવવાનું પુણ્ય.


**ध्वजोच्छ्रायेन तुष्यन्ति देवताः पितरस्तथा ॥**
**दशाश्वमेधिकं पुण्यं सर्वतीर्थधरादिकम् ॥१०३॥**
**पञ्चाशत्पूर्वपश्चाज्ज्ञानात्मानश्च तथाधिकम् ॥**
**शतमेकोत्तरं सोऽपि तारयेन्नरकार्णवात् ॥१०४॥**


ધ્વજા ચઢાવવાથી દેવતાઓ તથા પિતૃલોકો પ્રસન્ન થાય છે અને દશ અશ્વમેધ યજ્ઞનું, સમગ્ર તીર્થોમાં સ્નાનનું તથા સમસ્ત પૃથ્વી પ્રદક્ષિણા કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. જે પુરૂષ ધ્વજા ચઢાવે છે તે પચાસ થઇ ગયેલા પૂર્વજોનો તથા પચાસ પછીના વંશજોનો અને અધિકમાં પોતાનો એમ કુલ એકસો ને એક (૧૦૧) પુરૂષોનો નરક રૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરે છે. ૧૦૩, ૧૦૪.

---

"Aho Shrutgyanam"

श्री सोमनाथ महादेवना प्रासादनुं तळ दर्शन. प्रभास पाटण.





મોઢેરા ટેમ્પલની દ્વારશાખા.

"Aho Shrutgyanam"

# अथ निर्दोष प्रकरण ।

## જીર્ણોદ્ધાર કરવાથી થતું પુણ્ય.

**वापीकूपतडागानि प्रासादभवनानि च ॥**
**जीर्णान्युद्धारयेद्यस्तु पुण्यमष्टगुणं लभेत् ॥१०५॥**

જીર્ણ થયેલાં વાવ, કૂવો, તલાવ, પ્રાસાદ અને ઘર વિગેરેનો જે જીર્ણોદ્ધાર કરાવે છે તેને નવાં કરવાથી જેટલું પુણ્ય થાય તેનાથી આઠગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. ૧૦૫.

## જીર્ણોદ્ધાર કરવાનું વિધાન.

**तद्रूपं तत्प्रमाणञ्च पूर्वसूत्रं न चालयेत् ॥**
**हीने तु जायते हानिरधिके स्वजनक्षयः ॥१०६॥**
**चलिते चालिते वाऽपि दिङ्मूढस्थनवादिषु ॥**
**तस्मात्सर्वप्रयत्नेन पूर्वसूत्रं न चालयेत् ॥१०७॥**

પ્રથમ જે પ્રાસાદ કે ભવનાદિ કરેલાં હોય તે રૂપનો તથા તેજ પ્રમાણેનો જીર્ણોદ્ધાર કરવો. પરંતુ પૂર્વસૂત્રને છોડી બીજા સ્વરૂપનો કરવો. નહિ. પ્રથમ કરેલા પ્રમાણથી ઓછો કરે તો હાનિ થાય અને અધિક કરવામાં આવે તો કુટુંબીઓનો નાશ થાય. પૂર્વસૂત્રને ચલિત અથવા ચાલિત કરવા, કરાવવાથી તેમજ નવાં કરાવવાથી દિઙ્મૂઢ થવાનો સંભવ રહે છે માટે સર્વ પ્રયત્નોથી પૂર્વસૂત્રને છોડી જીર્ણોદ્ધાર કરવો નહિ. ૧૦૬, ૧૦૭.

**वास्तुद्रव्याधिकं कुर्यात् मृत्काष्ठे शैलजं हि वा ॥**
**शैलजे धातुजं चैव धातुजे रत्नजं तथा ॥१०८॥**

વાસ્તુ ( પ્રાસાદ અથવા ઘર ) પહેલાં કરેલું હોય તેનાથી અધિક કરવું અર્થાત્ માટીનું હોય તો લાકડાનું, લાકડાનું હોય તો ઇંટનું અને ઇંટનું હોય તો પાષાણનું કરવું. પાષાણનું હોય તો સુવર્ણાદિ ધાતુનું અને ધાતુનું હોય તો મણિમાણેક્યાદિ રત્નોનું કરવું. ( પરંતુ હીનદ્રવ્ય કરવું નહિ ). ૧૦૮.

"Aho Shrutgyanam"

## અધિક અથવા હીન અંગ કરવાથી શુભાશુભ.

आयहीने ह्यपत्यघ्नं व्ययहीने च भोगजम् ॥
स्तंभवेधे भयं घोरं स्वकुलोच्छेदनं भवेत् ॥१०९॥
मर्मवेधे हनेद् बंधुं त्रिशूले च महाभयम् ॥
मानहीने प्रजापीडा स्थूले चोरभयं तथा ॥११०॥
तस्मात्सर्वप्रयत्नेन हीनाङ्गं नैव कारयेत् ॥
अधिकाङ्गश्च कर्तव्यः प्रासादभूषणैर्गुणैः ॥१११॥

જીર્ણોદ્ધાર કરતાં આયહીન થાય તો પુત્રાદિનો નાશ, વ્યયહીન થાય તો ભોગો સંબંધી દુઃખ, સ્તંભનો વેધ આવે તો ભયંકર દુઃખ અને પોતાના કુલનો નાશ થાય. મર્મવેધ થતાં બંધુનો નાશ, ત્રિશૂલ ( વાંકુંચુંકું ) થાય તો મહાન્ ભય, પૂર્વમાનથી હીન થાય તો પ્રજાપીડા અને જાડું થાય તો ચોરનો ભય થાય; માટે સર્વ રીતે હીનાંગ જીર્ણોદ્ધાર કરવો નહિ. બને તો પ્રાસાદની શોભા વધારનારા ગુણોથી અધિકાંગ જીર્ણોદ્ધાર કરવો સારો છે. પરંતુ હીનાંગ કદાપિ કરવો નહિ. ૧૦૯, ૧૧૦, ૧૧૧.

## જીર્ણ અમુક ઉંચાઇથી રહિત પાડી નવું કરવા વિષે.

अव्यक्तं मृन्मयं चाल्यं त्रिहस्तान्तश्च शैलजम् ॥
दारुजं पुरुषार्धश्च अत ऊर्ध्वं न चालयेत् ॥११२॥

માટીનું દેવાલય આકારરહિત થઇ ગયું હોય તો તેને પાડી નવું કરવું. ગજ ત્રણેક જેટલું પાષાણનું તથા અર્ધા પુરૂષ જેટલું અર્થાત્ દોઢેક ગજ લાકડાનું દેવાલય ઉંચું રહ્યું હોય અને બાકીનું પડી ગયું હોય તો તે પાડી નવું કરવું. પરંતુ ઉપર કહેલા પ્રમાણથી ઉપરાંત ઉંચું હોય તો પાડવું નહિ. ૧૧૨.

## વાસ્તુભંગ કરવાથી દોષ.

अचलं चालयेद् वास्तुं पुरप्रासादमंदिरम् ॥
पतितौ नर्कघोरे च यावच्चन्द्रदिवाकरौ ॥११३॥

ઘર, નગર તથા દેવાલયનું વાસ્તુ જીર્ણ થયું ન હોય ( તેમજ પોતાની મેળે પડી જાય તેમ ન હોય ) તેવા વાસ્તુને ચલિત કરે અર્થાત્ પાડે તો પાડનાર તથા પડાવનાર બન્ને જ્યાં સુધી આકાશમાં ચંદ્ર સૂર્ય પ્રકાશે ત્યાં સુધી ઘોર નરકમાં પડે છે. ૧૧૩.

"Aho Shrutgyanam"

## જીર્ણોદ્ધારમાં આચાર્ય તથા શિલ્પીની સલાહ.

अथ तं चालयेदादौ जीर्णाङ्गं चैव दूषितम् ॥
आचार्यशिल्पिभिः प्राज्ञैः शास्त्रदृष्ट्या समुद्धरेत् ॥११४॥

હવે જો જીર્ણ થએલા પ્રાસાદાદિનું દૂષિત કોઇ અંગ ફરીથી કરવું હોય તો બુદ્ધિમાન્ પુરુષોએ પહેલાં વિચારશીલ આચાર્ય તથા શિલ્પીની સલાહ લેવી અને ત્યાર પછી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે જીર્ણોદ્ધાર કરવો. ૧૧૪.

## જીર્ણ પ્રાસાદ અથવા ઘર પાડવાની વિધિ.

सुमुहूर्ते दिने ऋक्षे लग्ने चन्द्रे बलोत्तमे ॥
चन्द्रताराबले चैव योगे चामृतसंभवे ॥११५॥
देवपूजां ततः कृत्वा क्षेत्रपालादिसंयुताम् ॥
दिक्पालेषु बलिं दद्याद् वास्तुदेवेषु सर्वतः ॥११६॥
आचार्यशिल्पिनां पूजां वस्त्रालङ्कारसंयुताम् ॥
तैश्चापि युक्तःसर्वैस्तु गच्छेद्वै देवसंकुलम् ॥११७॥
स्वर्णजं रूप्यजं वापि कुर्यान्नागवृषादिकम् ॥
तस्य दन्तेन शृंगेण पतितं पातयेत्सुधीः ॥११८॥

શુભ દિવસ, શુભ નક્ષત્ર, શુભ લગ્ન, ઉત્તમ બલવાન્ ચંદ્ર અને ચંદ્રતારાના બલ સંયુક્ત શુભ મુહૂર્તમાં તથા અમૃતસિદ્ધિયોગમાં જીર્ણોદ્ધાર કરવો.

શુભ મુહૂર્ત જોયા પછી જે દિવસે અને જે સમયે જીર્ણોદ્ધાર આરંભ કરવાનો હોય તે વખતે માલીકે ક્ષેત્રપાલસહિત દેવતાની પૂજા કરવી. અને દિક્પાલો તથા વાસ્તુદેવોને સર્વ રીતે બલિ આપવો તેમજ આચાર્ય અને શિલ્પીઓની પણ વસ્ત્ર અને અલંકારાદિથી પૂજા કરવી. પૂજન કાર્ય થઇ રહ્યા પછી સર્વને સાથે લઇ જીર્ણોદ્ધાર કરવાના સ્થળે જવું.

વિદ્વાન્ પુરૂષે જીર્ણોદ્ધારનું કાર્ય આરંભતાં પહેલાં સોનાનો અગર રૂપાનો હાથી અથવા પોઠિયો બનાવરાવવો અને તે હાથીની દંતશૂળ અગર પોઠિયાના શિંગડા-વડે પ્રાસાદના જીર્ણ થયેલા અંગને પાડવું અને પછી સર્વ ભાગ પાડી નંખાવવો. ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮.

अन्यवास्तुच्युतं द्रव्यमन्यवास्तौ न योजयेत् ॥
प्रासादे न भवेत् पूजा गृहे च न वसेद् गृही ॥११९॥

"Aho Shrutgyanam"

બીજા મકાનનો તથા દેવાલયનો પડી ગયેલ પાષાણુ, લાકડું, ઇંટ, ચૂનો વિગેરે સામાન હોય તે બીજા મકાન યા દેવાલયના કામમાં લેવો નહિ અને લેવામાં આવે તો પૂજા પ્રતિષ્ઠા થાય નહિ તથા જો મકાનના કામમાં લેવામાં આવે તો તે ઘરમાં તેનો માલીક રહેવા પામે નહિ. ૧૧૯.

## શિવાલય ન ચલાવવા વિષે.

**स्वसंस्थाने स्थितं यत्र विप्र वास्तुशिवालयम् ॥**
**अचाल्यं सर्वदेवेषु चलिते राष्ट्रविभ्रमः ॥१२०॥**

હે વિપ્ર ! જે સ્થળે વાસ્તુ કરી શિવાલય કરેલું હોય અને પોતાના સંસ્થાનમાં સ્થિત હોય તો ચલાવવું નહિ; કારણ કે સર્વ દેવોમાં શિવાલય અચાલ્ય છે અને જો તેને ચલિત કરવામાં આવે તો દેશભંગ થાય. ૧૨૦.

**अचाल्यं चालयेद् वास्तुं प्रासादं ब्रह्मरुद्रयोः ॥**
**देशच्छेदो भवेत्तस्य अचिरेणैव सांप्रतम् ॥१२१॥**

બ્રહ્મા અને શિવના અચાલ્ય વાસ્તુ પ્રાસાદને ચલિત કરે તો થોડાજ કાળમાં તેના દેશનો ઉચ્છેદ થાય. ૧૨૧.

**देवस्योत्थापनश्चैव कुलं नाशयति ध्रुवम् ॥**
**स्त्रीपुत्रमरणश्चैव षड्मासे पूजकात्ययः ॥१२२॥**

અચલ દેવતાનું ઉત્થાપન કરવાથી નિશ્ચય કુલનો નાશ થાય છે તેમજ સ્ત્રી પુત્રનું મરણ નીપજે છે તથા પૂજા કરનારનો છ માસમાં નાશ થાય છે. ૧૨૨.

## મૂર્તિ ઉત્થાપન કરવાની વિધિ.

**प्रासादप्रतिमोत्थापश्चरलग्ने शुभे दिने ॥**
**लञ्चेन चालयेद्देवं सर्वदोषविवर्जिते ॥१२३॥**

સર્વ દોષોથી વિમુક્ત એવા શુભ દિવસે ચર લગ્નમાં પ્રાસાદની પ્રતિમાનું ઉત્થાપન કરવું અને પ્રથમ લંચ ( લંછન ) વડે દેવને ચલિત કરવા. ૧૨૩.

**लञ्चनश्च गजाश्वस्य रूप्यकं वज्रकं तथा ॥**
**शिल्पिना ह्रियते दोषः सर्वकामफलप्रदम् ॥१२४॥**

"Aho Shrutgyanam"

હાથી અગર અશ્વનું રૂપાનું અથવા વજ્રનું લંચન કરવું તે સર્વ કામનાઓના ફળને આપનારૂં છે. આ પ્રમાણે લંચન વડે પ્રતિમોત્થાપન કરવાથી થતો દોષ શિલ્પી દ્વારા દૂર કરાય છે. ૧૨૪.

**सोमपुरास्वहस्तेन संचरेद्देवशुद्धये ॥**
**शिल्पिहस्ते कृते सौख्यं शूद्रवर्ण विवर्जयेत् ॥१२५॥**

સોમપુરા જ્ઞાતિના શિલ્પીના હસ્તે દેવશુદ્ધિનો આરંભ કરવો; કારણ કે સોમપુરા જ્ઞાતિના શિલ્પીના હસ્તે દેવશુદ્ધિ કરાવવાથી સુખકારક થાય છે. અને દેવશુદ્ધિના કાર્યમાં શૂદ્ર વર્ણને વર્જવો. ૧૨૫.

## દિઙ્મૂઢ વિચાર.

**सूत्रपातस्तु कर्तव्यः सानुप्राच्योरनन्तरम् ॥**
**चतुरस्रं समं कृत्वा दिङ्मूढं परिवर्जयेत् ॥१२६॥**

પહેલાં પૂર્વપશ્ચિમમાં સૂત્ર છોડવું અને પછી સમચોરસ ક્ષેત્ર કરી દિઙ્મૂઢનો દોષ વર્જવો. ૧૨૬.

## દિઙ્મૂઢ થવાથી દોષ.

**पूर्वपश्चिमदिङ्मूढो वास्तुः स्त्रीनाशकः स्मृतः ॥**
**दक्षिणोत्तरदिङ्मूढः सर्वनाशकरो भवेत् ॥१२७॥**

પૂર્વ અને પશ્ચિમ દિશામાં દિઙ્મૂઢ દોષવાળો વાસ્તુ સ્ત્રીનો નાશકર્તા જાણવો તથા ઉત્તર અને દક્ષિણ દિશામાં દિઙ્મૂઢ થયેલો વાસ્તુ સર્વ નાશકર્તા થાય. ૧૨૭.

**दिङ्मूढेन कृते वास्तौ पुरप्रासादमन्दिरे ॥**
**अर्थनाशः क्षयो मृत्युर्निर्वाणं नैव गच्छति ॥१२८॥**

નગર, રાજમહેલ કે દેવમંદિરનું દિઙ્મૂઢ દોષવાળું વાસ્તુ કરવામાં આવે તો દ્રવ્યનાશ, કુલક્ષય અને મૃત્યુ થાય તથા કર્તા મોક્ષને પ્રાપ્ત થતો નથી. ૧૨૮.

## દિઙ્મૂઢનો દોષ ન લાગવા વિષે.

**दिशोश्च विदिशोश्चैव वास्तुवेधविशोधनम् ॥**
**जीर्णेन वर्तिते वास्तौ वेधदोषो न विद्यते ॥१२९॥**

"Aho Shrutgyanam"

બે દિશા અને બે ખૂણાઓમાં વાસ્તુવેધનું શોધન કરવું. જીર્ણોદ્ધાર કરેલ વાસ્તુમાં વેધદોષ લાગતો નથી. ૧૨૯.

**पूर्वोत्तरदिशामूढं मूढं पश्चिमदक्षिणे ॥**
**तत्रामूढश्च मूढं वा यत्र तीर्थसमाहितम् ॥१३०॥**

પૂર્વ અને ઉત્તર કે પશ્ચિમ અને દક્ષિણ દિશાઓથી દિઙ્મૂઢ દોષવાળા પ્રાસાદો કરવા નહિ; પરંતુ તીર્થ સ્થાનમાં મૂઢ અથવા અમૂઢ જોવાતું નથી. ૧૩૦.

**सिद्धायतनतीर्थेषु नदीनां संगमेषु च ॥**
**स्वयंभूबाणलिङ्गेषु तत्र दोषो न विद्यते ॥१३१॥**

સિદ્ધ પુરૂષોના આશ્રમ, તીર્થસ્થાન, નદીઓના સંગમ અને સ્વયંભૂ બાણ-લિંગમાં દિઙ્મૂઢ વાસ્તુનો દોષ લાગતો નથી. ૧૩૧.

---

## ભિન્ન દોષ પ્રકરણ.

**मण्डलं जालकश्चैव कलिकं सुखिरं तथा ॥**
**छिद्रं छन्दिश्च काराश्च महादोषा इति स्मृताः ॥१३२॥**

દેવાલયમાં મંડળો વળે–ખાડા પડે, કરોડિયાનાં જાળાં થાય, ભમરીનાં દર થાય, તિરાડો પડે–બાકાં પડે, ચૂનાની છોમાં તિરાડો પડે અને ભીંતમાં ફાટો પડે; આ સાત મોટા દોષો જાણવા. ૧૩૨.

**भिन्नं दोषकरं यत्स्यात् प्रासादमठमन्दिरम् ॥**
**मुखाभिजालकं द्वार रश्मिभिश्च प्रभेदितम् ॥१३३॥**

પ્રાસાદ, મઠ કે મંદિર ભિન્ન દોષવાળું થાય તે કહું છું. કરોડિયાએ દ્વારના પ્રવેશમાં જાળ કરેલી હોય તથા ભિત્તિ વિગેરેની તિરાડોમાંથી સૂર્યનાં કિરણો અંદર આવતાં હોય તો તે પણ ભિન્ન દોષકર્ત્તા જાણવું. ૧૩૩.

**ब्रह्मविष्णुशिवेनानां भिन्नं दोषकरं न हि ॥**
**जिनगौरीगणेशानां गृहे भिन्नं विवर्जयेत् ॥१३४॥**

બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને સૂર્ય; એમના દેવાલયોમાં ભિન્ન દોષ લાગતો નથી. જિનાલયમાં તથા ગૌરી અને ગણેશના દેવાલયોમાં ભિન્ન દોષ તજવો. ૧૩૪.

"Aho Shrutgyanam"

**व्यक्ताव्यक्तं गृहं कुर्यात्तथेष्टानिष्टमूर्तिकम् ॥**
**यथा स्वामी शरीरस्य प्रासादस्यापि तादृशम् ॥१३५॥**

દેવાલયો તેમજ ઘરો વ્યક્ત અને અવ્યક્ત કરવાં અર્થાત્ ગુણદોષ જોઈ કરવાં તથા ઇષ્ટ અને અનિષ્ટ મૂર્તિઓના યોગ જોવા. કેમ કે જેવી રીતે શરીરનો સ્વામી પોતાના શરીરનું ઇષ્ટ વસ્તુથી રક્ષણ કરે છે અને અનિષ્ટ વસ્તુનો ત્યાગ કરે છે તેવી રીતે પ્રાસાદના વિષયમાં પણ જાણવું. ૧૩૫.

**एकं वा बहुधा रूपं ब्रह्मणः शिवसूर्ययोः ॥**
**स्वके स्वकेन वै स्थाप्यं प्रासादं भिन्नवर्जितम् ॥१३६॥**

બ્રહ્મા, શિવ અને સૂર્ય; એમનાં એક અથવા અનેક રૂપો તેમના પોતાના પ્રાસાદોમાં સ્થાપવાં અને પ્રાસાદમાં ભિન્ન દોષ વર્જવો. ૧૩૬.

---

## નિર્દોષ લક્ષણ.

**छन्दभेदो न कर्तव्यो जातिभेदस्तथा पुनः ॥**
**उत्पद्यते महामर्म जातिभेदे कृते सति ॥१३७॥**

પ્રાસાદમાં છંદ તથા જાતિભેદ કરવો નહિ. પ્રાસાદની જાતિનો ભેદ તથા તલનો ભેદ કર્યાથી મહામર્મ–મહાસંકટ ઉત્પન્ન થાય છે. ૧૩૭.

**परीते विपरीते वा राजराष्ट्रभयङ्करम् ॥**
**तस्मात्सर्वप्रयत्नेन एकजात्यैवमाचरेत् ॥१३८॥**

જે છંદ તથા જાતિનો પ્રાસાદ હોય તેને છોડીને અથવા તેનાથી વિપરીત કરવામાં આવે તો રાષ્ટ્રને ભયકર્તા થાય છે માટે સર્વ પ્રકારે યત્નપૂર્વક એક જાતિ તથા એક છંદ કાર્ય કરવું પણ જાતિભેદ કરવો નહિ. ૧૩૮.

**द्वारहीने हतं चक्षुर्नालिहीने धनक्षयः ॥**
**अपदे स्थापिते स्तंभे महारोगं विनिर्दिशेत् ॥१३९॥**

પ્રમાણથી નાના દ્વારવાળું દેવાલય કરવાથી નેત્રહાનિ, પ્રનાલહીન કરવાથી ધનનો નાશ અને પદહીન સ્તંભો મૂકવાથી મહારોગ થાય. ૧૩૯.

"Aho Shrutgyanam"

**स्तंभव्यासोदये हीने कर्ता तत्र विनश्यति ॥**
**प्रासादे पीठहीने तु नश्यन्ति गजवाजिनः ॥१४०॥**

સ્તંભો પહોળાઇ અને ઉંચાઇમાં પ્રમાણહીન કરવાથી કર્તાનો નાશ થાય છે તથા પીઠહીન પ્રાસાદ કરવાથી હાથી અને ઘોડાઓનો નાશ થાય છે. ૧૪૦.

**रथोपरथहीने तु प्रजापीडां विनिर्दिशेत् ॥**
**कर्णहीने तु प्रासादे फलं नैव हि विस्तरे ॥१४१॥**

રથ અને ઉપરથહીન પ્રાસાદ કરવાથી પ્રજાને પીડા કર્તા થાય તથા કર્ણ-હીન પ્રાસાદ થાય તો પ્રાસાદ કરાવ્યાનું કંઇ પણ ફળ પ્રાપ્ત થતું નથી. ૧૪૧.

**जंघाहीने हरेद् बन्धुं कर्तृकारादिकं तथा ॥**
**शिखरे हीनमाने तु पुत्रपौत्रधनक्षयः ॥१४२॥**

જંઘાહીન પ્રાસાદ કરવાથી બંધુ, કર્તા અને કરાવનાર આદિનો નાશ થાય તેમજ માનહીન શિખર કરવાથી પુત્ર, પૌત્ર અને ધનનો ક્ષય થાય. ૧૪૨.

**अतिदीर्घे कुलच्छेदो ह्रस्वे व्याधिसमुद्भवः ॥**
**तस्माच्छास्त्रकृते माने सुखदं सर्वकामदम् ॥१४३॥**

પ્રાસાદ પ્રમાણથી ઘણો ઉંચો કરવામાં આવે તો કુલનો નાશ થાય. અને પ્રમાણથી નીચો કરવામાં આવે તો વ્યાધિની ઉત્પત્તિ થાય. તેથી શાસ્ત્રમાં કહેલા પ્રમાણથી પ્રાસાદનું માન કરવું તે સર્વ પ્રકારનાં સુખ તથા કામનાઓને આપનાર જાણવું ૧૪૩.

**मानप्रमाणसंयुक्ता शास्त्रदृष्टिश्च कारयेत् ॥**
**आयुःपूर्णश्च सौभाग्यं लभते पुत्रपौत्रकम् ॥१४४॥**

માન અને પ્રમાણ સંયુક્ત શાસ્ત્રદષ્ટિથી ઘર અથવા પ્રાસાદ કરવાથી પૂર્ણ આયુષ્યની સાથે સૌભાગ્યવૃદ્ધિ અને પુત્રપૌત્રાદિકનું પૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે. ૧૪૪.

**જગતીથી મંડપાદિ નીચા કરવાથી દોષ.**

**जगत्या न लोप्या शाला शालातश्चैव मण्डपः ॥**
**प्रासादे म डपेनैव ग्रस्ते वै दोषकारकम् ॥१४५॥**

"Aho Shrutgyanam"

જગતીથી શાલા ( શણગાર ચોકી ) નીચી કરવી નહિ તેમજ શાલાથી મંડપ નીચો કરવો નહિ અને મંડપથી પ્રાસાદનો ગભારો નીચો કરવો નહિ; કેમકે નીચો કરવાથી પ્રાસાદ દોષકારક થાય છે. ૧૪૫.

**प्रासादोच्छ्रयविस्तारो जगती वामदक्षिणे ॥**
**छायाभेदो न कर्तव्यस्तथा लिङ्गस्य पीठिका ॥१४६॥**

જગતી ડાબી તથા જમણી બાજુએ પ્રાસાદના પ્રમાણથી ઉંચાઇ તથા પહોળાઇમાં સરખી રાખવી અને છાયાભેદ ( પહોળો અથવા સાંકડો ) કરવો નહિ તેવીજ રીતે લિંગની પીઠ ( જળાધારી ) પણ બન્ને બાજુએ સરખી રાખવી જોઇએ. લિંગથી એક તરફ પહોળી અને બીજી તરફ સાંકડી હોવી જોઇએ નહિ. ૧૪૬.

**छन्दभेदो न कर्तव्यः प्रासादमठमंदिरे ॥**
**स्त्रीमृत्युशोकसन्तापपुत्रपतिधनक्षयः ॥१४७॥**

પ્રાસાદ, મઠ તથા મંદિરમાં છંદભેદ કરવો નહિ; કેમકે છંદભેદ કરવાથી સ્ત્રીનું મૃત્યુ, શોક, સંતાપ તથા પુત્ર, પતિ અને ધનનો નાશ થાય છે. ૧૪૭.

**राजमार्गान्तरे वेधो न प्राकारान्तरेऽपि च ॥**
**स्तंभपदादिवेधस्तु न भित्त्यन्तरतो भवेत् ॥१४८॥**

રાજમાર્ગ અથવા પ્રાકાર ( કોટ, કિલ્લો ) વચમાં આવતો હોય તો સામસામાં દેવાલયો કરવામાં વેધદોષ લાગતો નથી તેમજ સ્તંભોના પદોનો વેધ પણ જો વચમાં ભિત્તિનું અંતર પડતું હોય તો લાગતો નથી. ૧૪૮.

**पदहीनं न कर्तव्यं प्रासादमठमंदिरम् ॥**
**एकस्तंभे कृते द्वारे पुत्रपतिधनक्षयः ॥१४९॥**

પ્રાસાદ, મઠ તથા મંદિર પદહીન કરવાં નહિ. દ્વારની વચ્ચે એક થાંભલો આવે તો પુત્ર, પતિ અને ધનનો ક્ષય થાય છે. ૧૪૯.

**स्तंभिकाकुंभिकासर्वतलमानं न लोपयेत् ॥**
**उदुम्बरशिरं सर्वं समसूत्रञ्च कारयेत् ॥१५०॥**

સ્તંભો અને કુંભિઓ; એ સર્વનું તલમાન લોપવું નહિ અને તે સર્વ ઉંબરાના મથાળાએ સમસૂત્રમાં રાખવાં. ૧૫૦.

"Aho Shrutgyanam"

वापीमण्डपगेहानां तृतीयस्तंभवर्जनम् ॥
शिल्पिनो नरकं यान्ति स्वामिसर्वधनक्षयः ॥१५१॥

વાવ, મંડપ અને ઘરોમાં ત્રણ થાંભલા મૂકવા નહિ અર્થાત્ બે, ચાર અથવા છ એમ બેકી સંખ્યાના થાંભલાઓ મૂકવા. અને જો એકી થાંભલા મૂકવામાં આવે તો શિલ્પીઓ નરકમાં પડે અને ઘર કરાવનાર સ્વામીના સર્વ ધનનો નાશ થાય. ૧૫૧.

ટીપ:–પ્રાસાદમાં પ્રવેશ કરતાં ડાબી કે જમણી બાજુ એકી થાંભલા કરવાથી બાહુહીન થાય માટે કરવા નહિ. પણ પ્રાસાદની લંબાઇમાં પદના હિસાબે કરવાથી દોષ આવતો નથી.

पदलोपं दिशालोपं गर्भलोपं तथैव च ॥
उभौ तौ नरकं यातः स्थापकः स्थपकः सदा ॥१५२॥

પ્રાસાદમાં પદલોપ, દિશાલોપ તથા ગર્ભલોપ થાય તો પ્રાસાદ કરાવનાર તથા કરનાર બન્ને સદાના માટે નરકે જાય છે. ૧૫૨.

थरभङ्गो यदा यस्य कोपितास्तत्र देवताः ॥
शिल्पिनश्च क्षयं यान्ति तद्भवेत् स्वामिमृत्युदम् ॥१५३॥

જો દેવાલયના ઇંટો કે પાષાણના થરોનો ભંગ કરવામાં આવે તો તેમાં રહેલા દેવતાઓ કોપાયમાન થાય છે અને તેથી શિલ્પીઓનો ક્ષય થાય છે તથા તેવું દેવાલય સ્વામીનું મૃત્યુકર્તા નિવડે છે. ૧૫૩.

शूचिमुखं भवेच्छिद्रं पृष्ठे यदा करोति च ॥
प्रासादे न भवेत्पूजा गृहे क्रीडन्ति राक्षसाः ॥१५४॥

પ્રાસાદ અથવા ઘરની પછીતના ભાગમાં સોયના મુખ જેવડું છિદ્ર રહી જાય અગર રાખે તો તેવા પ્રાસાદમાં દેવપૂજા થતી નથી અને ઘરમાં રાક્ષસો નિવાસ કરી ક્રીડા કરે છે. ૧૫૪.

शास्त्रमार्गं परित्यज्य आत्मबुद्धिर्यदा भवेत् ॥
तत्फलं सर्वतो नास्ति प्रासादमठमंदिरम् ॥१५५॥

શાસ્ત્રની મર્યાદા અને વિધિનો ત્યાગ કરી જે કર્તા કેવળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી પ્રાસાદ; મઠ કે મંદિર કરે છે તે સર્વથા નિષ્ફળ જાય છે. અર્થાત્ કેવળ બુદ્ધિના આધારે કરેલા પ્રાસાદ, મઠ કે મંદિરનું સમગ્ર ફળ નાશ પામે છે. માટે શાસ્ત્ર-માર્ગ છોડી અહં બુદ્ધિથી કદાપિ કાર્ય કરવું નહિ. ૧૫૫.

"Aho Shrutgyanam"

## ગૃહ વિષયક વિવેચન.

**उपर्युपरि भूमीनां द्वारं कुर्यात्प्रदक्षिणम् ॥**
**नापसव्येन कुर्वीत गृहमारोहणं तथा ॥१५६॥**

ઉપરાઉપરિ ભૂમિવાળા એટલે બે ત્રણ માળવાળાં ઘરોને દક્ષિણ ક્રમે અર્થાત્ જમણી બાજુએ દ્વાર કરવાં તથા આરોહણ એટલે સીઢી અથવા દાદરો મૂકવો તે પણ જમણી બાજુએ મૂકવો; પરંતુ ડાબી બાજુએ મૂકવો નહિ. ૧૫૬.

### ચાર પ્રકારનાં પ્રવેશદ્વાર વિષે.

**उत्सङ्गः पूर्णबाहुश्च हीनबाहुस्तथापरः ॥**
**प्रतिकार्य इति प्रोक्तं प्रवेशानां चतुष्टयम् ॥१५७॥**
**उत्सङ्गश्चोत्तरमुखे पूर्णबाहुश्च पूर्वतः ॥**
**हीनबाहुस्तथा याम्ये प्रतिकायः सवारुणे ॥१५८॥**

૧ ઉત્સંગ, ૨ પૂર્ણબાહુ, ૩ હીનબાહુ અને ૪ પ્રતિકાર્ય; આ પ્રમાણે ચાર પ્રકારના દ્વારના પ્રવેશ કહ્યા છે. ૧૫૭.

ઉત્તરાભિમુખ દ્વારનો પ્રવેશ હોય તો તે ઉત્સંગ, પૂર્વાભિમુખ હોય તો પૂર્ણબાહુ, દક્ષિણાભિમુખ હોય તો હીનબાહુ અને પશ્ચિમાભિમુખ દ્વારનો પ્રવેશ હોય તો તે પ્રતિકાર્ય જાણવો. ૧૫૮.

### વર્જનીય ગૃહ.

**गृध्रकाककपोताश्च कपिसंग्रामभूषणाः ॥**
**वर्जयेद्गृहचित्रेषु श्रेयस्तत्र न विद्यते ॥१५९॥**

ઘરની દિવાલોમાં કરવાનાં ચિત્રોમાં ગીધ, કાગડો, હોલો, વાંદરો તથા યુદ્ધ સંબંધીનાં ચિત્રો ચીતરવાં નહિ; કારણ કે તેવા ઘરમાં રહેનારને સુખ પ્રાપ્ત થતું નથી. ૧૫૯.

### ઘર વિષે નિર્દોષ પ્રકરણ.

**निर्दोषं शास्त्रदृष्टेन निर्दोषं जीर्णमेव च ।**
**निर्दोषं ब्रह्मणो वर्ज्यं निर्दोषं सिध्यति ध्रुवम् ॥१६०॥**

શાસ્ત્રનિર્દિષ્ટ વિધિ અનુસાર તૈયાર થયેલું, જીર્ણ થયેલું અને બ્રાહ્મણોએ તજી દીધેલું નિર્દોષ જાણવું. ૧૬૦.

"Aho Shrutgyanam"

**ब्रह्मक्षत्रियवैश्यानां शूद्राणां भवनेषु च ॥**
**एकद्वारमयं श्रेष्ठं बहुद्वारं विवर्जयेत् ॥१६१॥**

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રોના ઘરમાં એક બારણાવાળું ઘર શ્રેષ્ઠ છે. ઘણાં બારણાંવાળું ઘર કરવું નહિ. ૧૬૧.

**सूर्पकं ह्यधिकं पृष्ठे विकर्णश्चैव कारयेत् ।**
**शिल्पिनो नरकं यान्ति स्वामी च निर्धनो भवेत् ॥१६२॥**

સૂપડાના આકારવાળું, પાછળના ભાગે પહોળું અગર વાંકાચૂકા ખૂણાવાળું ઘર કરવામાં આવે તો શિલ્પીઓ નરકમાં પડે અને ઘરધણી નિર્ધન થાય. ૧૬૨.

**सूर्पाकारं गृहं कार्यं विकर्णं नैव कारयेत् ।**
**अग्रतश्च भवेच्छ्रेष्ठं पृष्ठिनं परिवर्जयेत् ॥१६३॥**

સૂપડાના આકારનું ઘર કરવું પરંતુ વાંકાચૂકા ખૂણાવાળું કરવું નહિ. આગળના ભાગે પહોળું થાય તો સારૂં પરંતુ પાછળના ભાગે કરવું નહિ. તે સારૂં નથી. ૧૬૩.

**दृष्ट्वा रौद्रकरालश्च भीषणं शतरौद्रकम् ॥**
**वर्जयेच्च गृहं शीघ्रं श्रेयस्तत्र न विद्यते ॥१६४॥**

જે ઘર જોવામાં ભયંકર, વિકરાલ, ભીષણ અને હજારો રૌદ્રસ્વરૂપવાળું દેખાય અર્થાત્ જેને જોતાંની સાથેજ આપણા મનમાં ભય ઉત્પન્ન થાય તેવા ઘરનો શીઘ્ર ત્યાગ કરવો. કારણ કે તેવા ઘરમાં રહેવામાં સુખ નથી. ૧૬૪.

**द्विकोणं गोमुखश्चैव धननाशः पतिव्रजः ॥**
**त्रिकोणं मृत्युदं ज्ञेयं षडंशं धर्मनाशनम् ॥१६५॥**

બે ખૂણાવાળું તથા ગાયના મુખ જેવું ઘર કરે તો ક્રમે ધનનો નાશ અને ઘરધણીનું પરદેશગમન થાય. ત્રિકોણ ઘર મૃત્યુ આપનાર અને છહાંસનું ઘર કરે તો તે ધર્મનો નાશ કરનાર જાણવું. ૧૬૫.

## ઘરની જમીન ઉંચી નીચી કરવા વિષે.

**अलिंदाश्चैव लिंदाश्च वामतंत्रानुसारतः ॥**
**बाह्यद्वारं तु कर्तव्यं किञ्चिन्न्यूनादिकं भवेत् ॥१६६॥**

"Aho Shrutgyanam"

ઘરના ઓરડા કરતાં પરસાળ ( ઓસરી ) નીચી કરવી અને પરસાળ કરતાં છુટ પરસાળ નીચી કરવી. તેવી રીતે જેટલા આગળના ખંડો હોય તે બધા એકએકથી ન્યૂન કરવા પણ ઉંચા કરવા નહિ. ૧૬૬.

## સમૂલ ઘર વિષે.

**कर्णाधिकश्च हीनास्यं यद् गृहं तादृशं भवेत् ॥**
**समूलं तद्विजानीयात् हन्यते बन्धुबान्धवः ॥१६७॥**

જે ઘરના ઓરડાનો કરો લાંબો હોય અને પછીત ટુંકી હોય તો તેવું ઘર સમૂળ કહેવાય. તેવા ઘરમાં રહેનારના પરિવારનો નાશ થાય. માટે ઓરડો જરા પહોળો રાખવો અને લંબાણમાં જરા ટુંકો રાખવો. ૧૬૭.

## પ્રતિકાર ઘર વિષે.

**पृष्ठे बाहुसमे मृत्युर्द्वारवास्तु यदा भवेत् ॥**
**प्रतिकार्यश्च तद् विद्याद् न वासं तत्र कारयेत् ॥१६८॥**

જે ઘરની પછીતે અથવા બાજુના કરે બારણું હોય તે ઘરને પ્રતિકાર્ય ( પ્રતિકાર ) ઘર કહે છે. તેવા ઘર વિષે વાસ ન કરવો. ૧૬૮.

## અંતક ઘર વિષે.

**वामे ज्येष्ठं भवेत्तत्र दक्षिणे च कनिष्ठिकम् ॥**
**अंतकाख्यं भवेद् वेश्म हन्यते कुलसंपदः ॥१६९॥**

એક ઘરનાં બે ઘર કરેલાં હોય, તેમાં ડાબી બાજુનું મોટું અને જમણી તરફનું ઘર નાનું હોય તો તે ઘર અંતક કહેવાય અને તે કુલની સંપત્તિનો નાશ કરે. ( માટે બન્ને ઘર સરખાં કરવાં અગર જમણું મોટું કરવું અને મોટું ઘર મોટા ભાઇને રહેવા આપવું તો દોષ નથી ). ૧૬૯.

## ઘરના ખૂણાવેધ વિષે.

**त्रिकोणं पंचकोणं वा रथाकारं तथैव च ॥**
**वेधश्च नाडिरेखाणां तारायां वंशनाशकः ॥१७०॥**

ઘરના ત્રણ ખૂણા પડે અથવા પાંચ ખૂણા પડે તેવું ઘર કરવામાં આવે તો તથા રથના આકારે ( પાછળ પહોળું અને આગળ સાંકડું ) તેમજ નાડી, રેખા અને તારાનો વેધ જેમાં હોય તેવું ઘર વંશનો નાશકર્તા થાય છે. ૧૭૦.



"Aho Shrutgyanam"

### અલિંદ, ભારવટ તથા કુંભીના દોષ વિષે.

**नैको लघुर्वामदिशाविभागे ।**
**मध्ये पटो दारुणवर्णगेहम् ॥**
**स्तंभासनं हीनमपि क्षयाय ।**
**यदाधिकं रोगकरं तदा स्यात् ॥१७१॥**

ઘરની ડાબી બાજુ એક નાનો અલિંદ હોય તે સારો નહિ, ઘરના મધ્યે એક પાટડો હોય તે ઘર ભયંકર આકૃતિનું જાણવું અને થાંભલાની કુંભી પ્રમાણ કરતાં નાની હોય તો ક્ષયકર્તા તથા જો પ્રમાણ કરતાં મોટી હોય તો રોગકર્તા જાણવી. ૧૭૧.

### વાઢભંગ કરવાથી દોષ વિષે.

**समानसूत्रे शुभमग्रभित्तिः ।**
**श्रेणीविभंजे सुतवित्तनाशः ॥**
**गर्भस्य वेधे न सुखी कदाचित् ।**
**स्वामी विभिन्नेन च दोषकारी ॥१७२॥**

ઘરની સર્વ ભીંતો અગ્રભાગે સમાન સૂત્રમાં રાખવી શુભ છે. જો વાઢનો ભંગ કરવામાં આવે તો પુત્ર અને ધનનો નાશ થાય તેમજ જો ઘરનો ગર્ભવેધ થાય તો સ્વામી કદાપિ સુખી રહી શકતો નથી. કારણ કે વાઢભંગ દોષકર્તા થાય છે. ૧૭૨.

### પડખે તથા પછીતે દ્વાર મૂકવા વિષે.

**कुक्षौ द्वारं न कर्तव्यं पृष्ठे द्वारं विवर्जयेत् ॥**
**पृष्ठे चैव भवेद्रोगी कुलक्षयश्च निर्दिशेत् ॥१७३॥**

ઘરની પડખે બારણું મૂકવું નહિ તેમજ પછીતે પણ દ્વાર વર્જવું. અને જો પછીતે દ્વાર કરે તો રોગી થાય તથા કુલનો ક્ષય થાય. ૧૭૩.

**पृष्ठे गवाक्षकं नैव वामांगे परिवर्जयेत् ॥**
**अग्रतश्च भवेच्छ्रेष्ठं जयमानं सदा जयः ॥१७४॥**

ઘરની પછીતે તેમજ ઘરના ડાબા પડખે ગોખ ( ઝરૂખો ) મૂકવો નહિ; પરંતુ ઘરના આગળના ભાગમાં ગવાક્ષ મૂકે તો તે શ્રેષ્ઠ અને સદા જય કર્તા જાણવો. ૧૭૪.

"Aho Shrutgyanam"

### દ્વાર ગર્ભથી જરા ઇશાન તરફ સ્થાપવા વિષે.

**मध्ये न स्थापयेद् द्वारं गर्भं नैव परित्यजेत् ॥**
**किञ्चिन्मात्रं तथेशाने द्वारं तु स्थापयेद्बुधः ॥१७५॥**

ઘરની મધ્યમાં બારણું મૂકવું નહિ, તેમ ગર્ભ પણ તજવો નહિ. પરંતુ કિંચિન્માત્ર ઇશાન તરફ દ્વારનું સ્થાપન કરવું. ૧૭૫.

### બારણાના તલનો લોપ ન કરવા વિષે.

**द्वारसर्वेषु गेहानां तलमानं न लोपयेत् ॥**
**अग्रतो पृष्ठतश्चैव समसूत्रञ्च कारयेत् ॥१७६॥**

ઘરમાં જેટલાં બારણાં મૂક્યાં હોય તે બધાંના તલમાનનો લોપ કરવો નહિ. પરંતુ સર્વ દ્વારો આગળના ભાગે તથા પાછળના ભાગે સમસૂત્રે કરવાં. ૧૭૬.

### સ્તંભ, બારણાં અને ગવાક્ષનો વાઢ એકસૂત્રમાં કરવા વિષે.

**द्वारस्तंभगवाक्षं तु भङ्गकोणञ्च कोणयेत् ॥**
**मुखमण्डपसंयुक्तं श्रेणीभंगो न कारयेत् ॥१७७॥**

દ્વારના સ્તંભ તથા ગવાક્ષના સ્તંભ તેમજ ગવાક્ષ અને દ્વાર એમના વાઢના કોણેકોણ મળવા જોઇએ તથા સર્વ કાર્ય મુખમંડપને જોડીને સૂત્રમાં કરવું. કોઇના વાઢનો ભંગ કરવો નહિ. ૧૭૭.

### દ્વારનાં કમાડ વિષે.

**उत्ताना अर्थनाशायाऽधोमुखा व्याधिसाधकाः ॥**
**मिलिता व्याधिपीडायै विकर्णाश्च निहन्ति वै ॥१७८॥**

દ્વારનાં કમાડ અંદરના ભાગે ઉપરથી નમતાં હોય તો અર્થનો નાશ કરે, બહારના ભાગે ઉપરથી નમતાં હોય તો વ્યાધિ કરે, આપોઆપ વસાઇ જાય તેવાં હોય તો વ્યાધિની પીડા કરે તથા વિકર્ણ ( વાંકાંચુકાં ) હોય તો ઘરના ધણીનો નાશ કરે. ૧૭૮.

**द्वारमध्ये स्थितो वृक्षो ह्यश्वत्थश्च यदा भवेत् ॥**
**अन्तरे भित्तिका कार्या त्वन्यवास्तु न दोषकृत् ॥१७९॥**

"Aho Shrutgyanam"

બારણા વચ્ચે બરાબર સામે જો પીપળાનું વૃક્ષ હોય તો વચમાં ભીંત કરવી એટલે બીજા વાસ્તુનો દોષ લાગતો નથી. ૧૭૯.

**द्वारमध्ये स्थितो वृक्षः क्षीरवृक्षो यदा भवेत् ॥**
**नित्यश्च क्षीरनैवेद्यमन्यवास्तु न दोषकृत् ॥१८०॥**

બારણા વચ્ચે સામે જો કોઈ ક્ષીરવૃક્ષ એટલે દૂધવાળું ઝાડ હોય તો તેને હમેશાં દૂધનું નૈવેદ્ય ધરાવવું. જેથી બીજા વાસ્તુનો દોષ લાગતો નથી. ૧૮૦.

**द्वारमध्ये गृहाणान्तु कल्पवृक्षो यदा भवेत् ॥**
**सप्तकल्पैः समं ज्ञेयं पुत्रपौत्रादिवर्धनम् ॥१८१॥**

ઘરોના દ્વારના મધ્ય ભાગે જો કલ્પવૃક્ષ હોય તો સાત કલ્પો સુધી પુત્ર, પૌત્રાદિની વૃદ્ધિ થાય છે. ૧૮૧.

**द्वारमध्ये स्थितो वृक्षो निम्बवृक्षो यदा भवेत् ॥**
**असुरेषु भवेदिष्टमन्यत्र परिवर्जयेत् ॥१८२॥**

દ્વારના મધ્યમાં જો લીમડાનું ઝાડ હોય તો તે અસુરોના ઘરોને ઇષ્ટ છે. બીજાનાં ઘરોમાં વર્જવું. ૧૮૨.

**द्वारमध्ये स्थितो वृक्षो वटवृक्षो यदा भवेत् ॥**
**अन्तरे भित्तिका कार्या ह्यन्यवास्तु न दूषितम् ॥१८३॥**

જો દ્વારના મધ્યમાં વડનું ઝાડ હોય તો વચમાં ભીંત કરવી. જેથી બીજા વાસ્તુનો દોષ આવતો નથી. ૧૮૩.

**छिद्रपृष्ठं न कर्तव्यं ध्रुवादिगृहषोडश ॥**
**अलिन्दः पृष्ठद्वारश्च ह्यन्यवास्तु न दोषकृत् ॥१८४॥**

ધ્રુવાદિ સોળ ઘરોને પછીતે છિદ્ર કરવું નહિ. પછીતે ઓસરી (પરસાળ) કરી દ્વાર મૂક્યું હોય તો બીજા વાસ્તુનો દોષ લાગતો નથી. ૧૮૪.

**द्वारमध्ये गृहाणान्तु ह्येकस्तम्भं न कारयेत् ॥**
**युग्मेषु च भवेच्छ्रेष्ठमेकैकं परिवर्जयेत् ॥१८५॥**

ઘરોનાં બારણાંઓની વચ્ચે અથવા સન્મુખ એકી સ્તંભ કરવો નહિ. પરંતુ જો બેકી સ્તંભ હોય તો સારા છે. માટે એકી સ્તંભનો ત્યાગ કરવો. ૧૮૫.

"Aho Shrutgyanam"

द्वारमध्ये गृहाणान्तु कोणमेकं न कारयेत् ॥
युग्मेषु च भवेच्छ्रेष्ठमेकैकं परिवर्जयेत् ॥१८६॥

ઘરોનાં દ્વારની મધ્યમાં અથવા સન્મુખ એકી ખૂણો કરવો નહિ. બેકી ખૂણા હોય તો સારા છે. માટે એકી ખૂણાનો ત્યાગ કરવો. ૧૮૬.

पृष्ठे कार्यं गवाक्षं न वामाङ्गे परिवर्जयेत् ॥
अग्रतश्च भवेच्छ्रेष्ठं जयमानौ च सर्वदा ॥१८७॥

ઘરની પછીતના ભાગમાં ગોખ કે બારી કરવી નહિ તેમજ ડાબી બાજુએ પણ કરવી નહિ. આગળના ભાગે બારી કે ગોખ કરવો સારો છે અને તે જય તથા માનને સદા વધારનારો છે. ૧૮૭.

यदा पृष्ठे च कर्तव्यमग्रतः परिवर्जयेत् ॥
तद्गृहमशुभं ज्ञेयं पुत्रपतिधनक्षयः ॥१८८॥

જો ઘરની પછીતે બારી કરે અને આગળના ભાગમાં કરે નહિ તો તે ઘર અશુભકારી છે તેમજ પુત્ર, પતિ અને ધનનો નાશ કરે છે. ૧૮૮.

चतुर्द्वारं चतुर्दिक्षु ह्यूर्ध्वश्चतुर्गवाक्षकम् ॥
नृपाणां भवने श्रेष्ठमन्यत्र परिवर्जयेत् ॥१८९॥

રાજાના મહેલો ચારે દિશામાં ચાર દ્વારવાળા અને ઉપર ચાર બારીવાળા હોય તો તે શ્રેષ્ઠ છે. બીજાને માટે સારા નથી. ૧૮૯.

द्वारस्तम्भगवाक्षाणां भङ्गो न कोणकर्णयोः ॥
मुखमण्डपसंयुक्तं श्रेणीभङ्गं न कारयेत् ॥१९०॥

દ્વાર, સ્તંભ, ગોખ તેમજ કોણ અને કર્ણ; એમનો ભંગ કરવો નહિ; પરંતુ મુખમંડપ બરાબર કરવાં. કોઇ કોઇનો શ્રેણીભંગ કરવો નહિ. ૧૯૦.

भञ्जिता लोपिता येन ब्रह्मदोषो महाभयः ॥
शिल्पिनो निष्कुलं यान्ति स्वामिसर्वधनक्षयः ॥१९१॥

જેણે શ્રેણીભંગ કર્યો હોય તેને મહા ભયંકર બ્રહ્મહત્યાનો દોષ લાગે છે તેમજ શિલ્પીઓના વંશનો નાશ થાય છે અને ઘરધણીના સર્વ ધનનો ક્ષય થાય છે. ૧૯૧.

"Aho Shrutgyanam"

क्षीणे क्षीणे च सर्वं स्यात् श्रेणीभङ्गं न कारयेत् ॥
अग्रतः पृष्ठतश्चैव समसूत्रश्च कारयेत् ॥१९२॥

ઈંટોના થરેથર એકસૂત્રમાં ચોડવા; પરંતુ શ્રેણીભંગ કરવો નહિ તેમજ આગળ પાછળના તમામ થરો એકસૂત્રે રાખવા. ૧૯૨.

इष्टकाकर्मसर्वेषु थरमानं न लोपयेत् ॥
पाषाणे तु प्रकर्तव्यं न दोषमदृष्टादिकम् ॥१९३॥

ઈંટોના સમસ્ત કામોમાં થરમાનનો લોપ કરવો નહિ. પત્થરના કામમાં થરમાનનો લોપ થાય તો અદૃષ્ટાદિ દોષ લાગતો નથી. ૧૯૩.

यदा कार्यं गवाक्षं तु श्रेणीभङ्गं न कारयेत् ॥
स्वामिनः शोषणं ज्ञेयं षण्मासे कृतनाशनम् ॥१९४॥

જો ગવાક્ષ કરવા હોય તો તેમનો શ્રેણીભંગ કરવો નહિ. શ્રેણીભંગ થાય તો સ્વામીનું શોષણ થઇ છ માસમાં મૃત્યુ થાય. ૧૯૪.

मध्यस्तम्भे च यन्मानं तन्मानमग्रतो भवेत् ॥
क्षीणे क्षीणे भवेद्‌वृद्धिरन्यवास्तु न दोषकृत् ॥१९५॥

અંદરના સ્તંભનું જે માન હોય તે માન આગલા ભાગમાં લેવું. આગળના ભાગનું તલ નીચું હોય તો સ્તંભમાં વૃદ્ધિ કરી વાઢ મેળવવો. જેથી બીજા વાસ્તુનો દોષ લાગતો નથી. ૧૯૫.

एकशालं त्रिशालश्च पञ्चशालश्च सप्तकम् ॥
दैर्घ्ये वृद्धिश्च कर्तव्या विस्तारे न च दोषकृत् ॥१९६॥

એક શાળા, ત્રણ શાળા, પાંચ શાળા અને સાત શાળાવાળા ઘરની લંબાઇ અને પહોળાઇમાં વૃદ્ધિ કરવી તે દોષકારક નથી. ૧૯૬.

द्वारे सर्वगृहाणान्तु ह्यूर्ध्वं जालं न कारयेत् ॥
जाले जाले भयं जीवो गवाक्षं स्वामिसौख्यदम् ॥१९७॥

સર્વ પ્રકારનાં ઘરોનાં દ્વારોમાં ઉપરના ભાગે જાળી કરવી નહિ; કારણ કે દરેક જાળીએ જીવનો ભય ( એટલે કરોળીઆ જાળાં કરી રહે વિગેરે જીવાત થવાનો ભય ) રહેલો છે. પરંતુ બારી કરી હોય તો તે ઘરધણીના સુખને વધારનારી છે. ૧૯૭.

"Aho Shrutgyanam"

**पृष्ठे द्वारं न कर्तव्यमेकभूमिगृहेऽपि च ॥**
**द्वितीयभूमिकं द्वारं न दोषमदृष्टादिकम् ॥१९८॥**

એક ભૂમિ ( માળ ) વાળા ઘરમાં પછીતે દ્વાર મૂકવું નહિ. બે ભૂમિવાળા ઘરમાં પાછળ દ્વાર મૂક્યું હોય તો અદૃષ્ટાદિ દોષ લાગતો નથી. ૧૯૮.

**युग्मगृहे प्रकर्तव्यमेकस्वामिगृहेऽपि च ॥**
**मध्ये भित्तिद्वयं कार्यमेकैकं परिवर्जयेत् ॥१९९॥**

બે જોડે ઘરો, એક ઘરધણીનાં હોય તો પણ તેમની વચ્ચે બે ભીંત કરવી અર્થાત્ દરેક ઘરની જુદી ભીંત કરવી. એક ભીંતે બે ઘર કરવાં નહિ. ૧૯૯.

**करहीनं न कर्तव्यं प्रासादमठमंदिरम् ॥**
**स्त्रीनाशः शोकसन्तापौ स्वामिसर्वधनक्षयः ॥२००॥**

પ્રાસાદ, ઘર અને મંદિર કરહીન એટલે ડાબી અને જમણી બાજુ પ્રમાણમાં નાનું મોટું કરવું નહિ. કરહીન થાય તો સ્ત્રીનો નાશ, શોક અને સંતાપ તથા ઘરધણીના સર્વ ધનનો ક્ષય થાય છે. ૨૦૦.

**शालाग्रे च प्रकर्तव्यमाकाशश्चैव दापयेत् ॥**
**मण्डपः सुदृढः कार्यः स्वामितेजःसुखावहः ॥२०१॥**

શાળાના આગલા ભાગમાં ખુલ્લો ચોક રાખવો અને તેના આગળ સારો દૃઢ મંડપ કરવો તે ઘરધણીના તેજને વધારનાર તથા સુખ આપનાર છે. ૨૦૧.

**एकभूमिस्तु कर्तव्या द्वितीयां चैव कारयेत् ॥**
**भूमिभूमिसमायुक्तं न दोषमदृष्टादिकम् ॥२०२॥**

એક તેમજ બે ભૂમિવાળું ઘર કરવું. લંબાઇ અને પહોળાઇમાં ઉપર અને નીચે સમાન ભૂમિવાળા ઘરને અદૃષ્ટાદિક દોષ લાગતો નથી. ૨૦૨.

**एकशालं गृहं कार्यं द्वारञ्च सन्मुखं भवेत् ॥**
**द्विशालञ्च चतुःशालं ह्यग्रे द्वारञ्च सन्मुखम् ॥२०३॥**

એક શાળાનું ઘર કરવું અને તેનું દ્વાર સન્મુખ રાખવું. બે શાળા તથા ચાર શાળાવાળા ઘરનું દ્વાર પણ આગળના ભાગે સન્મુખ રાખવું. ૨૦૩.

"Aho Shrutgyanam"

**पृष्ठे ध्वजः प्रदातव्यः स्थापयेदग्रतो गजम् ॥**
**वामदक्षिणयोर्हानिरेतन्मानश्च मंदिरम् ॥२०४॥**

ઘરની પછીતની દિવાલમાં ધ્વજાય અને આગલી દિવાલમાં ગજાય આપવો. ધ્વજાય અગર ગજાય ડાબી કે જમણી બાજુની દિવાલમાં આપવામાં આવે તો હાનિ કરે છે. મંદિરે પણ આ માન પ્રમાણે કરવું. ૨૦૪.

**अशास्त्रं मंदिरं कृत्वा प्रजाराजगृहं तथा ॥**
**तद्गृहमशुभं ज्ञेयं श्रेयस्तत्र न विद्यते ॥२०५॥**

શાસ્ત્રવિધિ રહિત દેવમંદિર તેમજ પ્રજા અગર રાજાનું ઘર કરવામાં આવે તો તે અશુભ જાણવું. તેવા ઘરમાં નિવાસ કરવો શ્રેયસ્કર્તા નથી. ૨૦૫.

### ઘર ઉપર વૃક્ષ અને પ્રાસાદની છાયા તજવા વિષે.

**यामयोर्वेश्मनि छायां वृक्षप्रासादजां त्यजेत् ॥**
**सौम्यादितः शुभाः प्लक्षवटौदुम्बरपिप्पलाः ॥२०६॥**

દિવસના બીજા અને ત્રીજા પ્રહર ( પહોર ) ની વૃક્ષ તથા પ્રાસાદની છાયા ઘર ઉપર ત્યાગવી; કારણ કે તે દોષકર્તા છે. પરંતુ પહેલા અને ચોથા પહોરની છાયા દોષકારક નથી. ઘરની ઉત્તરે પીપળો, પૂર્વે વડ, દક્ષિણે ઉમરડો તથા પશ્ચિમે પીંપર; એ વૃક્ષો રોપવાં શુભ છે. ૨૦૬.

**सौवर्णमपि वृक्षश्च धारयेन्न गृहाश्रमे ॥**
**आश्रयन्ति च भूताद्याः कलिं कुर्वन्ति दारुणम् ॥२०७॥**

ઘરની પાસે સોનાનું વૃક્ષ હોય તો પણ રોપવું નહિ; કારણ કે ભૂત, પિશાચાદિ વૃક્ષોનો આશ્રય કરી નિવાસ કરે છે તથા દારૂણ કલહ ઉત્પન્ન કરે છે. ૨૦૭.

### પુષ્પ તથા ફળવાળાં વૃક્ષ રોપવા વિષે.

**खर्जूरीदाडिमीरम्भाद्राक्षाजम्बूलकर्णिकाः ॥**
**नृपाणां भवने श्रेष्ठा अन्यत्र परिवर्जयेत् ॥२०८॥**

ખજૂરી, દાડમ, કેળ, દ્રાક્ષ, જાંબુ અને સોપારીનાં ઝાડો રાજપ્રાસાદોમાં રોપવાં ઉત્તમ કહ્યાં છે. બીજે ઠેકાણે રોપવાં નહિ. ૨૦૮

"Aho Shrutgyanam"

जातिपुष्पाणि सर्वाणि नागवल्लीदलानि च ॥
नृपाणां भवने श्रेष्ठान्यन्यत्र परिवर्जयेत् ॥२०९॥
पूगीफलानि सर्वाणि देववृक्षास्तथैव च ॥
शुभं भवति भूपाले ह्यन्यत्र परिवर्जयेत् ॥२१०॥

જાઇ, જુઇ વગેરે ફુલોની વેલો તેમજ નાગરવેલ તથા સોપારીનાં ઝાડ તેમજ દેવવૃક્ષો રાજભવનમાં રોપવાં સારાં છે. બીજે ઠેકાણે રોપવાં નહિ. ૨૦૯, ૨૧૦.

वर्जयेद्वैश्यशूद्राणां क्षत्रियाणां शुभं भवेत् ॥
द्वारे सिंहो नृपाणां तु संग्रामे च सदा जयः ॥२११॥

વૈશ્ય અને શૂદ્રના ઘરના દ્વાર ઉપર અગર દ્વારના બેય પડખે સિંહ કરવા નહિ. રાજાઓના પ્રાસાદના દ્વાર ઉપર સિંહ કરવા શ્રેષ્ઠ છે અને હમેશાં સંગ્રામમાં વિજય મળે છે. ૨૧૧.

## દેવાલય માનહીન કરવા વિષે.

दीर्घे मानाधिके ह्रस्वे वक्रे चापि सुरालये ।
छंदभेदे जातिभेदे हीनमाने महद्भयम् ॥२१२॥

દેવાલય ઉંચાઇમાં પ્રમાણથી લાંબું, નાનું, વાંકું અગર છંદભેદ અને જાતિભેદ વાળું હોય તથા માનહીન કરેલું હોય તો મોટો ભય કરે. ૨૧૨.

## દશ રેખા છોડવાનું પ્રમાણ.

रेखामानं कथं प्रोक्तं प्रासादमठमंदिरम् ॥
नामभागप्रभेदेन कथं चैवापराजिते ॥२१३॥
चंपिता लोपिता येन यमदोषो महान् भवेत् ॥
शिल्पिनो नर्कं यांति स्वामिसर्वधनक्षयः ॥२१४॥
नवभागं भवेत्क्षेत्रं भागैश्च सदनं क्षरेत् ॥
रेखारूपं प्रमाणं तु सूत्रपट्टिं परित्यजेत् ॥२१५॥

પ્રાસાદ, મઠ કે મંદિરમાં છોડવાનું રેખામાન અપરાજિતમાં કેવી રીતનું કહેલું છે તેના નામ, ભાગ અને ભેદો સાથે કહો. દશ રેખા ઉપર દિવાલ કે સ્થંભ આવવાથી દબાય કે તેનો લોપ થાય તો યમદોષ ઉત્પન્ન થાય છે અને શિલ્પી નરકમાં જાય તથા



"Aho Shrutgyanam"

સ્વામીના સર્વ ધનનો નાશ થાય છે. ક્ષેત્રમાં નવ ભાગ કરવા અને ભાગના પ્રમાણે વાસ્તુની રેખાઓ છોડવી. સૂત્રપટ્ટીનો ત્યાગ કરવો એટલે સૂત્રપટ્ટી છોડી દિવાલ કે સ્તંભ મુકવો. ૨૧૩, ૨૧૪, ૨૧૫.

**गृहकर्मसु सर्वेसु चैकाशीतिपदं भवेत् ॥**
**कामदं नाम तद् वास्तु दश रेखाः प्रकीर्तिताः ॥२१६॥**
**यशोदा वसुधाहिल्या सीता तारा मनोहरा ॥**
**पद्मिनी हंसिनी वीरा द्रौपदी च प्रकीर्तिताः ॥२१७॥**

દરેક પ્રકારના ગૃહકાર્યમાં એકાશી પદનો કામદ નામનો વાસ્તુ પૂજવો. તેની દશ રેખાઓ કહેલી છે. (૧) યશોદા, (૨) વસુધા, (૩) અહિલ્યા, (૪) સીતા, (૫) તારા, (૬) મનોહરા, (૭) પદ્મિની, (૮) હંસિની, (૯) વીરા અને (૧૦) દ્રૌપદી; આ દશ રેખાઓનાં નામ જાણવાં. ૨૧૬, ૨૧૭.

## પ્રતોલ્યાનું પ્રમાણ.

**प्राकारे देवसद्माग्रे राजद्वारे महस्मृतौ ॥**
**जलाशयाग्रे कर्तव्यं सर्वाग्रे च प्रतोल्यकम् ॥२१८॥**


કિલ્લામાં (કિલ્લાના દરવાજામાં પેશતાં નગરની અંદર), દેવાલયની આગળ, રાજમહેલના દ્વાર (દરવાજા) આગળ, કોઇ મોટા મહોત્સવની સ્મૃતિ તરીકે તેમજ કોઇ રાજ્યના વિજયના સ્મારક રૂપે તથા જળાશયના અગ્ર ભાગે; આ સર્વ સ્થળે તેમના આગળના ભાગમાં પ્રતોલ્યક કરવી અર્થાત્ કીર્તિસ્તંભ ઉભો કરવો. ૨૧૮.

## ચાર પ્રકારની પ્રતોલ્યાનાં નામ અને લક્ષણ.

**स्तम्भद्वयेन चोत्तंगो युग्मैर्मालाधरस्तथा ॥**
**चतुरस्रश्चतुस्तम्भैर्विचित्रः परिकीर्तितः ॥२१९॥**
**उभयपक्षे तु स्तम्भः स्याद्वेदिका चित्ररूपिका ॥**
**षट्स्तम्भैश्च शोभाढ्यो मकरध्वज उच्यते ॥२२०॥**

(૧) બે સ્તંભવાળા પ્રતોલ્યક અર્થાત્ (કીર્તિસ્તંભ)ને ઉત્તંગ, (૨) બે જોડે સ્તંભવાળાને માલાધર, (૩) ચોરસ અને ચાર સ્તંભવાળાને વિચિત્ર તથા (૪) બે એકેક અને બે જોડે સ્તંભવાળા તેમજ વિચિત્ર સ્વરૂપોવાળી વેદિકા સાથેના છ સ્તંભવાળાને મકરધ્વજ કહે છે. ૨૧૯, ૨૨૦.

"Aho Shrutgyanam"




બે સ્તંભવાળી ઉત્તંગ નામની પ્રતોલ્યા. વડનગર ( ગુજરાત ).

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

## ચાર પ્રકારની પ્રતોલ્યાનાં તલદર્શન.

૧ ઉત્તુંગ. ૨ માલાધર.



૩ વિચિત્ર. ૪ મકરધ્વજ.

### પહોળાઇ-ઉંચાઇના માને ત્રિવિધ માનનું પ્રમાણ.

**प्रतोल्यानां प्रवक्ष्यामि कनिष्ठमध्यमोत्तमम् ॥**
**उच्छ्रयं त्रिविधं वत्स ! द्वारप्राकारकादपि ॥२२१॥**
**प्रतोल्याद्वारमुच्छ्रितं हस्तपञ्चदशोत्तमम् ॥**
**त्रयोदशं तथा मध्यमेकादशं कनिष्ठकम् ॥२२२॥**
**उत्तमश्चाष्टहस्तैस्तु सप्तहस्तैश्च मध्यमः ॥**
**कनिष्ठः षट्हस्तैश्च विस्तारस्त्रिविधोदितः ॥२२३॥**

હવે પ્રતોલ્યાની ઉંચાઇ અને પહોળાઇનું ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ માન કહું છું. હે પુત્ર ! પ્રતોલ્યાની ઉંચાઇ દ્વારના પ્રાકાર એટલે ઘેરાવાના માને ત્રણ પ્રકારની થાય છે તે નીચે પ્રમાણે જાણવી. પ્રતોલ્યાનું દ્વાર (એટલે ઉભણીનું માન) પંદર હાથ ઉંચું હોય

"Aho Shrutgyanam"

તો ઉત્તમ, તેર હાથ હોય તો મધ્યમ અને અગિયાર હાથ ઉંચું હોય તો કનિષ્ઠ માનનું જાણવું. તેવીજ રીતે પ્રતોલ્યાની પહોળાઇ પણ ત્રણ પ્રકારની જાણવી. આઠ હાથની પહોળાઇ હોય તો ઉત્તમ, સાત હાથની હોય તો મધ્યમ અને છ હાથની હોય તો કનિષ્ઠ માનની જાણવી. ૨૨૧, ૨૨૨, ૨૨૩.

**પ્રતોલ્યાના સ્તંભોનું માન, લક્ષણ અને સ્વરૂપવિધાન.**

**प्रासादस्य तु मानेन पदश्चैव हि कारयेत् ॥**
**पीठश्च द्व्यपादोनं भागैकेन च कुंभिका ॥२२४॥**
**पञ्चभागो भवेत्स्तंभो भागार्धं भरणं भवेत् ॥**
**शरमेकेन भागेन गडदी पीठमानिका ॥२२५॥**
**शरं च पूर्वमानेन भागैकं पट्टमेव च ॥**
**तदूर्ध्वे कूटछाद्यन्तु तिलकं स्तम्भमस्तके ॥२२६॥**
**त्रिसप्तनवभागेषु त्वीलिकालवणानि वै ॥**
**मध्ये सदाशिवं कुर्यात् ब्रह्मविष्णू च पार्श्वयोः ॥२२७॥**
**तदूर्ध्वे दक्षिणोद्भूतमीलिकाभिरलङ्कृतम् ॥**
**एवं सर्वविधानेन कर्तव्यश्च प्रतोल्यकम् ॥२२८॥**


इति श्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे शिखर–निर्दोषयोर्लक्षणाधिकारे गुर्जरभाषायां पञ्चमं रत्नं समाप्तम् ॥

પ્રાસાદના સ્તંભના પદ પ્રમાણે પ્રતોલ્યાના સ્તંભનું પદ રાખવું. પ્રતોલ્યાની કણપીઠ પોણા બે ( ૧ાા ) ભાગ ઉંચી કરવી. એક ( ૧ ) ભાગની કુંભી, પાંચ ( ૫ ) ભાગનો સ્તંભ, અર્ધા ( ૦ાા ) ભાગનું ભરણું, એક ( ૧ ) ભાગનું શરૂં, પોણા બે ( ૧ાા ) ભાગની ગડદી ( ઠેકી ) તથા એક (૧) ભાગનું મોટું શરૂં કરવું અને પાટ એક ( ૧ ) ભાગનો ઉંચો કરવો. તેના ઉપર કૂટછાદ્ય (ગલત સહિત વાધરાવાળું છાજું) કરવું અને તેના ઉપર બન્ને સ્તંભના ગર્ભે મથાળે તિલક કરવાં તેમજ વચલા ગાળામાં ત્રણ, સાત અને નવ ભાગો કરી તેના ઉપર ઇલિકાલવણ એટલે ગોળાકાર તોરણો કરવાં. પ્રતોલ્યાના મધ્ય ભાગમાં શંકર અને આજુબાજુના પડખે બ્રહ્મા તથા વિષ્ણુની મૂર્તિઓ કરવી. તેમના ઉપર પણ ઇલિકા તોરણો કરવાં. ૨૨૪, ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮.

**ઇતિ શ્રીવાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું શિખર અને નિર્દોષ લક્ષણાધિકારનું પાંચમું રત્ન સંપૂર્ણ.**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



ચતુર્મુખ પ્રાસાદ. શ્રીરાણકપુર, મારવાડ.

"Aho Shrutgyanam"

# षष्ठं रत्नम् ।

## अथ श्रीकेशरादिपञ्चविंशतिप्रासादलक्षणाधिकारः ।

### ભેદ માન.

**शृणु वत्स प्रवक्ष्यामि प्रासादानां तु लक्षणम् ॥**
**युग्मत्रीण्येकवेदेषु षड्चत्वारस्तथाभिदः ॥ १ ॥**

( સૂત્ર સંતાન નામના ગ્રંથમાં વિશ્વકર્મા પોતાના પુત્રને ઉદ્દેશી કહે છે, ) હે પુત્ર, કેશરાદિ જાતિના પ્રાસાદોનાં લક્ષણ કહું છું તે સાંભળ. નીચે બતાવેલા તલાનુસાર આ પ્રાસાદોના સાત ભેદ વડે પચીસ પ્રાસાદ થાય છે. પહેલા ભેદના ૨, બીજાના ૩, ત્રીજાનો ૧, ચોથાના ૪, પાંચમાના ૫, છઠ્ઠાના ૬ અને સાતમા ભેદના ૪ ભેદ જાણવા ૧.

### તુલભાગ પ્રમાણ.

**समतलाः प्रकर्तव्याः सप्ततलाः प्रकीर्तिताः ॥**
**वसुदिग्सूर्यस्वःखण्डाष्टादशद्वयविंशतिः ॥ २ ॥**

કેશરાદિ પ્રાસાદો સમતલના કરવા અને તે સાત તલના કહ્યા છે. તે તલ નીચે પ્રમાણે વસુ ( ૮ ), દિગ્ ( ૧૦ ), સૂર્ય ( ૧૨ ), સ્વઃ ( ૧૪ ), ખંડ ( ૧૬ ), અષ્ટાદશ ( ૧૮ ) અને દ્વયવિંશતિ ( ૨૨ ) ભાગનાં જાણવાં. ૨.

**प्रासादाः केशराद्याश्च सर्वकामफलप्रदाः ॥**
**त्रिलोकेषु सदा पूज्याः कथिताः पञ्चविंशतिः ॥ ३ ॥**

કેશરાદિ પચીસ પ્રાસાદો સર્વ કામનાઓના ફળને આપનારા છે અને ત્રણે લોકોમાં સદા પૂજવા યોગ્ય છે. ૩.

### ઈંડકમાને પ્રાસાદભેદ.

**आद्यः पञ्चाण्डको ज्ञेयः केशरी नाम नामतः ॥**
**तावत्कार्या चतुर्वृद्धिर्यावदेकोत्तरं शतम् ॥ ४ ॥**

"Aho Shrutgyanam"

પહેલો પાંચ ઇંડકનો કેશરી નામનો પ્રાસાદ જાણવો અને પછી પ્રત્યેક પ્રાસાદે ચાર ચાર ઇંડકની વૃદ્ધિ એકસો એક ઈંડક સુધી કરવી. ૪.

**નામ.**

**केशरी सर्वतोभद्रो नंदनो नंदशालिकः ॥**
**नंदीशो मंदिरश्चैव श्रीवत्सश्चामृतोद्भवः ॥ ५ ॥**
**हिमवान् हेमकूटश्च कैलासः पृथिवीजयः ॥**
**इन्द्रनीलो महानीलो भूधरो रत्नकूटकः ॥ ६ ॥**
**वैडूर्यः पद्मरागश्च वज्रको मुकुटोज्वलः ॥**
**ऐरावतो राजहंसो गरुडो वृषभध्वजः ॥ ७ ॥**
**मेरुः प्रासादराजश्च देवानामालयं हि सः ॥**
**केशराद्याः समाख्याता नामतः पञ्चविंशतिः ॥ ८ ॥**

( ૧ ) કેશરી, ( ૨ ) સર્વતોભદ્ર, ( ૩ ) નંદન, ( ૪ ) નંદશાલિક, ( ૫ ) નંદીશ, ( ૬ ) મંદર, ( ૭ ) શ્રીવત્સ, ( ૮ ) અમૃતોદ્ભવ, ( ૯ ) હિમવાન્, ( ૧૦ ) હેમકૂટ, ( ૧૧ ) કૈલાસ, ( ૧૨ ) પૃથિવીજય, ( ૧૩ ) ઇન્દ્રનીલ, ( ૧૪ ) મહાનીલ, ( ૧૫ ) ભૂધર, ( ૧૬ ) રત્નકૂટક, ( ૧૭ ) વૈડૂર્ય, ( ૧૮ ) પદ્મરાગ, ( ૧૯ ) વજ્રક, (૨૦) મુકુટોજ્વલ, (૨૧) ઐરાવત, (૨૨) રાજહંસ, (૨૩) ગરૂડ, (૨૪) વૃષભધ્વજ અને (૨૫) પ્રાસાદરાજ મેરૂ, અને તે દેવોનું સ્થાન છે. ઉપર પ્રમાણે નામે કરી કેશરાદિ પચીસ પ્રાસાદો કહ્યા. ૫, ૬, ૭, ૮.

## કેશરી પ્રાસાદ પ્રથમ-૧ વિભક્તિ.

**चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टधा प्रतिभाजिते ॥**
**भ्रमणीभागमेकेन भित्तयोर्गर्भषोडशी ॥ ९ ॥**

સમચોરસ ક્ષેત્ર કરી તેના આઠ ભાગ કરવા. બન્ને બાજુની ભિત્તિમાંના મધ્યમાં સોળ ભાગ કરી તેમાં એક એક ભાગની ફરતી ભ્રમણી કરવી. ૯.

**भागेनैव च कर्तव्या ज्ञातव्या च सदा बुधैः ॥**
**मध्यपंक्तिर्विदध्याच्च बाह्यपंक्तिश्च कथ्यते ॥१०॥**

બુદ્ધિમાન્ પુરૂષોએ એક ભાગની ભ્રમણી કરવી અને સદા એજ માનથી ભ્રમણી જાણવી. ઉપર પ્રમાણે મધ્ય ભાગની પંક્તિ કરવી. હવે બહારના ભાગની પંક્તિ કહીએ છીએ. ૧૦.

"Aho Shrutgyanam"

**भद्रार्धन्तु द्वयं कार्यं द्विभागं कोणमुच्यते ॥**
**निर्गमभागमेकेन चतुर्दिक्षु व्यवस्थितम् ॥११॥**

અર્ધું ભદ્ર બે ભાગ, કોણ બે ભાગ અને ભદ્ર નીકારે એક ભાગનું કરવું. કુલ ભાગ આઠ જાણવા. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ૧૧.

**रेखाः षट्त्रिंशभागेन कोणे श्रृंगं तथोपरि ॥**
**पश्चाण्डकस्तु विज्ञेयः केशरी नाम नामतः ॥१२॥**

શિખરના નમણની રેખાઓ છત્રીસ ભાગે ખેંચવી અને કોણે એક શૃંગ ચઢાવવું. આ પાંચ ઇંડકનો કેશરી નામનો પ્રાસાદ જાણવો. ૧૨.

**ईदृशं कुरुते यस्तु प्रासादं तु सुशोभनम् ॥**
**स याति परमं स्थानं यत्र देवः सदाशिवः ॥१३॥**

જે પુરૂષ આવો સુશોભિત કેશરી પ્રાસાદ કરે છે તે સદાશિવના સ્થાન (કૈલાસ) ને પામે છે. ૧૩.

**राज्यलक्ष्मीप्रदो दिव्यः शत्रुपक्षक्षयंकरः ॥**
**राज्यार्थी लभते राज्यं पुत्रार्थी बहुपुत्रकान् ॥१४॥**
**कन्यार्थी लभते कन्यां विद्यार्थी शास्त्रमाप्नुयात् ॥**
**यं यं चिन्तयते कामं तं तं प्राप्नोति मानवः ॥१५॥**


કેશરી પ્રાસાદ રાજ્યલક્ષ્મીને આપનારો તથા શત્રુપક્ષનો ક્ષય કરનારો છે. આ પ્રાસાદ કરવાથી રાજ્યાર્થી રાજ્ય મેળવે, પુત્રાર્થી બહુ પુત્રોને પ્રાપ્ત કરે, કન્યાર્થી કન્યા મેળવે અને વિદ્યાર્થી શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરે તેમજ મનુષ્ય જે જે કામનાનું ચિંતવન કરે તે તે કામનાને પ્રાપ્ત કરે. ૧૪, ૧૫.

ઇતિશ્રી કેશરી પ્રાસાદ, તુલ ભાગ ૮, ઇંડક ૫, પ્રથમ પ્રાસાદ ૧.

## સર્વતોભદ્ર પ્રાસાદ દ્વિતીય-દ્વિતીય ભેદ.


**चतुरस्त्रीकृते क्षेत्रे चाष्टधा भाजिते पुनः ॥**
**कोणं भागद्वयं कार्यं शाला भागद्वया तथा ॥१६॥**
**निर्गमभागमेकेन भागैकेन च भित्तयः ॥**
**भ्रमणीभागमेकेन गर्भं षोडशभागिकम् ॥१७॥**

"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



કેશરાદિ જાતિનો નંદન પ્રાસાદ.

"Aho Shrutgyanam"

ચોરસ ક્ષેત્રમાં આઠ ભાગ કરી કોણ બે ભાગ, અડધું ભદ્ર ભાગ બે અને નીકારે એક ભાગ કરવું તથા પ્રાસાદની અંદર સોળ ભાગ કરી એક એક ભાગની ભિત્તિઓ તેમજ એક ભાગની ભ્રમણી કરવી. ૧૬, ૧૭.

**कोणे शृङ्गं तथा कार्यं भद्रे शृङ्गं तथैव च ॥**
**रेखाः षोडशभागेन कर्तव्यास्तु सदा बुधैः ॥१८॥**

કોણ ઉપર તથા ભદ્રે એક એક શૃંગ ચઢાવવું અને શિખરના નમણુની રેખાઓ સોળ ભાગે ખેંચવી. ૧૮.

**भद्रे रथिका तिलकं सार्धा पादं तथैव च ॥**
**नवाण्डकस्तु विज्ञेयः सर्वतोभद्रनामतः ॥१९॥**

ભદ્રે રથિકા ( દોઢિયો ) દોઢ ભાગની તથા તિલક પા પા ભાગનાં કરવાં. આ નવ ઇંડકનો સર્વતોભદ્ર નામનો પ્રાસાદ જાણવો. ૧૯.

**देवानाञ्च हितार्थाय राजा सौख्येन नंदति ॥**
**भुक्तिमुक्तिकरो दिव्यः प्रासादः सर्वभद्रकः ॥२०॥**

આ તેજસ્વી સર્વતોભદ્રક પ્રાસાદ વૈભવ તથા મુક્તિનો દાતા અને દેવતાઓને હિતકર્તા છે તેમજ રાજા પરિપૂર્ણ સુખ ભોગવે છે. ૨૦.

ઇતિશ્રી સર્વતોભદ્ર પ્રાસાદ, તુલભાગ ૮, ઇંડક ૯, તિલક ૮, દ્વિતીય પ્રાસાદ ૨.

### નંદન પ્રાસાદ તૃતીય–૨ વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे दशधा भागभाजिते ॥**
**शालार्धं सार्धभागेन चानुगं सार्धमेव च ॥२१॥**
**कोणं भागद्वयं कार्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥**
**रेखाः षट्त्रिंशभागेन कर्तव्यास्तु सदा बुधैः ॥२२॥**

ચોરસ ક્ષેત્રમાં દશ ભાગ કરી અડધું ભદ્ર દોઢ ભાગ, પઢરો દોઢ ભાગ તથા કોણ બે ભાગનો કરવો. ચારે દિશામાં ઉપરોક્ત વ્યવસ્થા કરવી અને શિખરની નમણુની રેખાઓ છત્રીસ ભાગે ખેંચવી. ૨૧, ૨૨.

**कोणे शृङ्गद्वयं कार्यं भद्रे शृङ्गं तथैव च ॥**
**चानुगे तिलकं कार्यं भद्रे च रथिकोपरि ॥२३॥**
**अनेनैव तु योगेन कर्तव्यः शिल्पिनोदयः ॥**
**त्रयोदशाण्डकैश्चैव प्रासादो नंदनो मतः ॥२४॥**



"Aho Shrutgyanam"

કોણુ ઉપર બે શૃંગ અને ભદ્રે એકેક શૃંગ ચઢાવવું. પઢરે તિલક અને ભદ્રે રથિકા ( દોઢિયો ) કરવી. ઉપરોક્ત યોગે કરી શિલ્પીએ ઉદય કરવો. તેર ઇંડકવાળો આ નંદન નામનો પ્રાસાદ જાણવો. ૨૩, ૨૪.

**नंदने गोत्रवृद्धिः स्यान्नन्दन्ते पुत्रपौत्रकाः ॥**
**ईदृशं कुरुते यस्तु स लभेदक्षयं पदम् ॥२५॥**

નંદન પ્રાસાદ કરવામાં આવે તો ગોત્રની વૃદ્ધિ થાય અને પુત્રપૌત્રાદિ સુખોપભોગનો ભોકતા બને. આ પ્રમાણે નંદન પ્રાસાદ જે કરે છે તે અક્ષય પદને પ્રાપ્ત થાય છે. ૨૫.

ઇતિશ્રી નંદન પ્રાસાદ, તુલ ભાગ ૧૦, ઈંડક ૧૩, તિલક ૮, તૃતીય પ્રાસાદ ૩.

## નંદશાલી પ્રાસાદ ચતુર્થ–દ્વિતીય ભેદ.

**चतुरस्त्रीकृते क्षेत्रे दशधा भागभाजिते ॥**
**कोणं भागद्वयं कार्यं सार्धभागेन चानुगम् ॥२६॥**
**शाला च सार्धभागेन निर्गमश्चैकभागिकः ॥**
**बाह्यपंक्तिश्च कर्तव्या चतुर्दिक्षु व्यवस्थिता ॥२७॥**

ચોરસ ક્ષેત્રમાં દશ ભાગ કરી કોણુ ભાગ બે, પઢરો ભાગ દોઢ, શાલા ( અડધું ભદ્ર ) ભાગ દોઢની કરવી અને નીકારે એક ભાગની કરવી તથા ચારે બાજુની દિશાએ બાહ્યપંક્તિની આ પ્રમાણે વ્યવસ્થા કરવી. ૨૬, ૨૭.


**रेखाः षट्त्रिंशभागेन कर्तव्यास्तु सदा बुधैः ॥**
**पंक्तिकोणेषु श्रृङ्गश्च तिलकश्च नियोजयेत् ॥२८॥**
**रथोपरि च कूटन्तु ह्यूर्ध्वे रेखाः प्रकीर्तिताः ॥**
**चानुगे च चतुर्दिक्षु श्रृङ्गमेकं नियोजयेत् ॥२९॥**

બુદ્ધિમાન્ શિલ્પીઓએ શિખરના નમણુની રેખાઓ છત્રીસ ભાગે કરવી તથા કોણુ ઉપર એક શૃંગ અને તિલક કરવું. ભદ્રના ખૂણાઓ ઉપર કૂટ કરવાં અને તેના ઉપરથી ઉરૂશૃંગની રેખાઓ ખેંચવી તથા પઢરે ચારે દિશામાં એકએક શૃંગ ચઢાવવું. ૨૮,૨૯.


**भद्रे च श्रृङ्गमेकं तु दिशासु स्थापयेद् बुधः ॥**
**सप्तदशाण्डकोपेतः प्रासादो नंदिशालिकः ॥३०॥**

"Aho Shrutgyanam"


## કેશરાદિ જાતિનો નંદન પ્રાસાદ.



પાર્શ્વ દર્શન



ચોકીના ભાગનું છેદ દર્શન




ગભારાનું છેદ દર્શન

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

ચારે દિશાએ ભદ્રે એકએક ઉરૂશૃંગ ચઢાવવું. સત્તર ઇંડકનો આ નંદિશાલિક પ્રાસાદ જાણવો. ૩૦.

ઇતિશ્રી નંદિશાલિક પ્રાસાદ, તુલભાગ ૧૦, ઇંડક ૧૭, તિલક ૪, ચતુર્થ પ્રાસાદ ૪.




"Aho Shrutgyanam"

## નંદીશ પ્રાસાદ પંચમ-તૃતીય ભેદ

नंदीशश्च प्रवक्ष्यामि वर्त्तनां च यथाविधि ॥
चतुरस्त्रीकृते क्षेत्रे दशधा प्रतिभाजिते ॥३१॥
कोणं भागद्वयं कार्यं सार्धभागेन चानुगम् ॥
शाला च भागसार्धेन निर्गमश्चैकभागिकः ॥३२॥

નંદીશ પ્રાસાદ અને તેનાં લક્ષણો યથાવિધિ કહું છું. ચોરસ ક્ષેત્રમાં દશ ભાગ કરી કોણ બે ભાગ, પઢરો દોઢ ભાગ તથા શાલા દોઢ ભાગની કરવી અને નીકારે એક ભાગની રાખવી. ૩૧, ૩૨.

एवं ते कथितं वत्स ! चतुर्दिक्षु नियोजयेत् ॥
चानुगे शृङ्गमेकं तु कोणे शृङ्गद्वयं तथा ॥३३॥
शालायां रथिका योज्या चैकं शृङ्गन्तु दापयेत् ॥
रेखाः षट्त्रिंशभागेन कर्तव्यास्तु सदा बुधैः ॥३४॥

હે પુત્ર, ઉપર કહેલાં લક્ષણો ચારે દિશામાં યોજવાં અને પઢરે એક તથા કોણે બે બે શૃંગ ચઢાવવાં. ભદ્રે દોઢિયો કરવો અને એક ઉરૂશૃંગ ચઢાવવું. વળી છત્રીસ ભાગે શિખરના નમણની રેખાઓ ખેંચવી. ૩૩, ૩૪.

एकविंशाण्डकैर्वत्स नंदीशो नाम उच्यते ॥
ईदृशं कुरुते यस्तु स लभेदक्षयं पदम् ॥३५॥


હે વત્સ ! એકવીસ ઇંડકો ચઢાવવાથી નંદીશ નામનો પ્રાસાદ કહેવાય છે અને આ પ્રાસાદનો કરનાર અક્ષય પદને પામે છે. ૩૫.

ઇતિશ્રી નંદીશ પ્રાસાદ, તુલ ભાગ ૧૦, ઇંડક ૨૧, પંચમ પ્રાસાદ ૫.

## મંદિર પ્રાસાદ ષષ્ઠ-૩ વિભક્તિ.

मंदिरश्च प्रवक्ष्यामि सूर्यमाने विभाजिते ॥
भद्रं भागद्वयं कार्यं चानुगं द्वयभागिकम् ॥३६॥
कोणं भागद्वयं कार्यं चतुर्दिक्षु नियोजयेत् ॥
कोणे शृगद्वयं स्थाप्यं चानुगे शृङ्गमेव च ॥३७॥
भद्रे शृङ्गद्वयं कार्यं चानुगे तिलकं न्यसेत् ॥
रेखाविस्तारभागश्च चतुष्षष्टिप्रमाणकः ॥३८॥

"Aho Shrutgyanam"



તલ ભાગ ૧૦ નંદીશ પ્રાસાદ. કેશરાદિ જાતિ, શ્રીકુંભારીયાજી.

"Aho Shrutgyanam"


"Aho Shrutgyanam"




કેશરાદિ જાતિનો પ્રાચીન મંદિર પ્રાસાદ.　　એકાંડી પ્રાસાદ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"




(૫) નંદીશ પ્રાસાદ.
તૃતીય ભેદ.
૨૧ ઇંડક.




(૬) મંદિર પ્રાસાદ.
૩ વિભક્તિ.
૨૫ ઇંડક.
૮ તિલક.

"Aho Shrutgyanam"

હવે મંદિર પ્રાસાદનું સ્વરૂપ કહું છું તે સાંભળ, ચોરસ ક્ષેત્રમાં બાર ભાગ કરી ભદ્રાર્ધ ભાગ બે, પઢરો ભાગ બે તથા કોણ ભાગ બેનો કરવો અને એ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. કોણે બે બે અને પઢરે એકએક શૃંગ તથા ભદ્રે બે બે ઉરૂશૃંગ અને પઢરે એકએક તિલક ચઢાવવું અને શિખરના નમણની રેખાઓનો વિસ્તાર ચોસઠ ભાગે કરવો. ૩૬, ૩૭, ૩૮.

**नानारूपधरो दिव्यो मंदिरः शुभलक्षणः ॥**
**भागद्वादशसंयुक्तः पञ्चविंशाण्डकैर्युतः ॥३९॥**

નાના રૂપોને ધારણ કરનારો, દિવ્ય, તુલ ભાગ બારનો તથા પચીસ ઇંડકવાળો શુભ લક્ષણ મંદિર પ્રાસાદ જાણવો. ૩૯.

ઇતિશ્રી મંદિર પ્રાસાદ, તુલ ભાગ ૧૨, ઇંડક ૨૫, તિલક ૮, ૫૪ પ્રાસાદ ૬.

## શ્રીવત્સ પ્રાસાદ સપ્તમ–૪ વિભકિત.

**चतुरस्त्रीकृते क्षेत्रे चतुर्दशविभाजिते ॥**
**भद्रं भागद्वयं कार्यं भागैकेन च नंदिका ॥४०॥**
**द्विभागश्चानुगं ज्ञेयं कोणं भागद्वयं तथा ॥**
**भद्रे निर्गमभागैकश्चानुगं पूर्वमानतः ॥४१॥**
**कोणं समदलं कृत्वा भागैकेन च नंदिका ॥**
**एवमेव समाख्यातं चतुर्दिक्षु व्यवस्थितम् ॥४२॥**

ચોરસ ક્ષેત્રમાં ચૌદ ભાગ કરી અર્ધું ભદ્ર ભાગ બે, નંદિકા ભાગ એક, પઢરો ભાગ બે અને કોણ ભાગ બેનો કરવો. તથા ભદ્ર નીકારે ભાગ એક, પઢરો સમચોરસ, કોણ સમદલ અને નંદિકા પણ સમદલ કરવી. ઉપર પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ૪૦, ૪૧, ૪૨.

**भद्रे च रथिका योज्या नंदी तिलकभूषणा ॥**
**कोणे शृङ्गत्रयं कार्यं भद्रे शृङ्गद्वयं तथा ॥४३॥**
**प्रतिकर्णेषु कर्तव्या चैकशृंगव्यवस्थिता ॥**
**चानुगे तु द्वयं कार्यं तिलकश्च सुशोभनम् ॥४४॥**

ભદ્રે દોઢિયો અને નંદીએ તિલક કરવું તથા કોણે શૃંગ ત્રણ, ભદ્રે બે ઉરૂશૃંગ, પઢરે એક શૃંગ અને સુશોભિત બબ્બે તિલકો કરવાં. ૪૩, ૪૪.

"Aho Shrutgyanam"

रेखाणाश्चैव विस्तारं चतुष्षष्टिविभागकैः ॥
चतुर्विंशतितिलकैरेकोनत्रिंशदण्डकैः ॥४५॥

શિખરના નમણુની રેખાઓનો વિસ્તાર ચોસઠ ભાગે કરવો. ચોવીસ તિલકો અને ઓગણત્રીસ ઇંડકવાળો શ્રીવત્સ પ્રાસાદ જાણવો. ૪૫.

ઇતિશ્રી શ્રીવત્સ પ્રાસાદ, તુલ ભાગ ૧૪, ઇંડક ૨૯, તિલક ૨૪, સપ્તમ પ્રાસાદ ૭.

### અમૃતોદ્ભવ પ્રાસાદ અષ્ટમ-દ્વિતીય ભેદ.

चतुरस्त्रीकृते क्षेत्रे चतुर्दशविभाजिते ॥
शाला भागद्वया कार्या भागैकेन च नंदिका ॥४६॥
प्रतिकर्णं द्विभागं तु कोणश्चैव द्विभागिकम् ॥
निर्गमे चानुगं वत्स द्विभागं तत्र कल्पयेत् ॥४७॥

ચોરસ ક્ષેત્રમાં ચૌદ ભાગ કરી અડધું ભદ્ર ભાગ બે, નંદિકા ભાગ એક, પ્રતિકર્ણ ભાગ બે અને કોણભાગ બેનો કરવો તથા નીકારે પઢરો બે ભાગનો કરવો. ૪૬, ૪૭.

नंदिकाभागमेकेन निर्गमेऽपि तथैव च ॥
भद्रे च रथिका कार्या शृङ्गत्रयसमन्विता ॥४८॥
नंदिका चैव विज्ञेया तिलकेन विभूषिता ॥
चानुगे शृङ्गमेकं स्यात्तिलकं लक्षणान्वितम् ॥४९॥
कोणे कोणे विधातव्या शृङ्गत्रयव्यवस्थिता ॥
ऊर्ध्वे रेखाश्च कर्तव्याश्चतुष्षष्टिपदैस्तथा ॥५०॥

નીકારે નંદી એક ભાગ કરવી. ભદ્રે રથિકા અને ત્રણ ઉરૂશૃંગ, નંદિકાએ તિલક, પઢરે એક શૃંગ અને તિલક તથા કોણે ત્રણ ત્રણ શૃંગો કરવાં અને ઉપર નમણુની રેખાઓ ચોસઠ ભાગે ખેંચવી. ૪૮, ૪૯, ૫૦.

त्रयस्त्रिंशाण्डकैर्युक्तः कलातिलकभूषितः ॥
अमृतोद्भवनामा च सदा वृद्धिकरो नृणाम् ॥५१॥

તેત્રીસ ઇંડકો તથા સોળ તિલકોથી વિભૂષિત થએલો અમૃતોદ્ભવ નામનો આ પ્રાસાદ હમેશાં માણસોને વૃદ્ધિકર્તા જાણવો. ૫૧.

ઇતિશ્રી અમૃતોદ્ભવ પ્રાસાદ, તુલ ભાગ ૧૪, ઇંડક ૩૩, તિલક ૧૬, અષ્ટમ પ્રાસાદ ૮.

"Aho Shrutgyanam"

(૭) શ્રીવત્સ પ્રાસાદ.

૪ વિભાક્ત.

૨૯ ઇંડક.


૨૪ તિલક.

(૮) અમૃતોદ્ભવ પ્રાસાદ.

દ્વિતીય ભેદ.

૩૩ ઇંડક.

૧૬ તિલક.




"Aho Shrutgyanam"

## હિમવાન્ પ્રાસાદ નવમ-તૃતીય ભેદ.

चतुरस्त्रीकृते क्षेत्रे चतुर्दशविभाजिते ॥
शाला भागद्वया कार्या भागैकेन च नंदिका ॥५२॥
चानुगं द्वयभागश्च तत्प्रमाणश्च कोणकम् ॥
भागैकं निर्गमे भद्रं भागैकेन च नंदिका ॥५३॥

ચોરસ ક્ષેત્રમાં ચૌદ ભાગ કરી અડધું ભદ્ર ભાગ બે, નંદિકા ભાગ એક, પઢરો ભાગ બે અને કોણ ભાગ બેનો કરવો. ભદ્ર તથા નંદિકા નીકારે એકએક ભાગની કરવી. ૫૨, ૫૩.

भागिकश्चानुगं ज्ञेयं चतुर्दिक्षु व्यवस्थितम् ॥
त्रिशृंगं रथिका भद्रे नंदिकाशृंगमेव च ॥५४॥
प्रतिकर्णे च कर्तव्यं शृङ्गमेकं तथोपरि ॥
चानुगे तिलकं ज्ञेयं कर्णे शृङ्गद्वयं तथा ॥५५॥
तदूर्ध्वे तिलकं कार्यं शोभनं लक्षणान्वितम् ॥
रेखाविस्तारमानश्च चतुष्षष्टिपदैर्मतम् ॥५६॥

પઢરો નીકારે એક ભાગ કરવો. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ભદ્રે દોઢિયો અને ત્રણ ઉરૂશૃંગ, નંદિકાએ એકએક શૃંગ, પ્રતિકર્ણે એક શૃંગ તથા તિલક, કર્ણે બે શૃંગ અને સુશોભિત એક તિલક કરવું તેમજ નમણુની રેખાઓનું વિસ્તારમાન ચોસઠ ભાગે કરવું. ૫૪, ૫૫, ૫૬.

हिमवांश्च सदा पूज्यः सप्तत्रिंशाण्डकैर्युतः ॥
तिलकैश्चैव कर्तव्यः सूर्यालङ्कारभूषितैः ॥५७॥

સાડત્રીસ ઇંડકો તથા બાર તિલકથી સંયુકત હિમવાન્ પ્રાસાદ કરવો તે સદા પૂજવા યોગ્ય છે. ૫૭.

ઇતિશ્રી હિમવાન્ પ્રાસાદ, તુલ ભાગ ૧૪, ઇંડક ૩૭, તિલક ૧૨, નવમ પ્રાસાદ ૯.

## હેમકૂટ પ્રાસાદ દશમ-ચતુર્થ ભેદ.

हेमकूटश्च कर्तव्यः प्रासादः शुभलक्षणः ॥
चतुरस्त्रीकृते क्षेत्रे चतुर्दशविभाजिते ॥५८॥

શુભ લક્ષણ હેમકૂટ પ્રાસાદ કરવો ને ચોરસ ક્ષેત્રમાં ચૌદ ભાગ કરવા. ૫૮.



"Aho Shrutgyanam"

शालार्धं द्वयभागश्च भागैकेन च नंदिका ॥
द्विभागं चानुगं ज्ञेयं कोणं भागद्वयं तथा ॥५९॥

ભદ્રાર્ધ ભાગ બે, નંદિકા ભાગ એક, પઢરો ભાગ બે અને કોણ ભાગ બેનો કરવો. ૫૯.

कर्णे च प्रतिकर्णे तु नंदिकायां तथैव च ॥
समानश्च प्रकर्तव्यं भद्रं निर्गमभागिकम् ॥६०॥

કર્ણ, પ્રતિકર્ણ અને નંદિકા નીકારે સમદલ કરવી તથા ભદ્ર નીકારે એક-ભાગનું કરવું. ૬૦.

भद्रे च रथिका कार्या मार्धपादेन भूषिता ॥
कर्णे शृङ्गत्रयं कार्यं प्रतिकर्णे द्वयं तथा ॥६१॥
शृङ्गं शृङ्गं तथा स्थाप्यं तिलकं वामदक्षिणे ॥
भद्रे शृङ्गत्रयं कार्यं तदूर्ध्वे मंजरी तथा ॥६२॥

ભદ્રે દોઢ ભાગનો દોઢિયો, કર્ણે ત્રણ શૃંગ, પ્રતિકર્ણે બે શૃંગ; એ પ્રમાણે શૃંગ ચઢાવવાં અને નંદિકાએ એકએક તિલક કરવું તથા ભદ્રે ત્રણ ઉરૂશૃંગ અને કૂટ કરવાં. ૬૧, ૬૨.

छायाया विस्तरः कार्यश्चतुष्षष्टिपदैस्तथा ॥
एकाधिकैस्तथा चैव चत्वारिंशद्भिरण्डकैः ॥६३॥
तिलकैरष्टभिर्युक्तः कूटाकारैर्विभूषितः ॥
हेमकूटकनामोऽयं प्रासादश्च सुशोभनः ॥६४॥

પ્રાસાદની છાયાનો વિસ્તાર અર્થાત્ નમણની રેખાનો વિસ્તાર ચોસઠ ભાગે કરવો. એકતાલીસ ઇંડકો તથા આઠ તિલકોથી સંયુક્ત અને કૂટાકાર મંજરીઓથી વિભૂષિત થએલો આ હેમકૂટ નામનો સુશોભિત પ્રાસાદ જાણવો. ૬૩, ૬૪.

ઇતિશ્રી હેમકૂટ પ્રાસાદ, તુલ ભાગ ૧૪, ઇંડક ૪૧, તિલક ૮, દશમ પ્રાસાદ ૧૦.

## કૈલાસ પ્રાસાદ એકાદશ-૫ વિભક્તિ.

चतुरस्रीकृते क्षेत्रे कलासंख्याविभाजिते ॥
भद्रं भागद्वयं कार्यं नंदिका भागिकैव च ॥६५॥

"Aho Shrutgyanam"

(૯) હિમવાનપ્રાસાદ.

તૃતીય ભેદ.

૩૭ ઇંડક.


૧૨ તિલક.


(૧૦) હેમકૂટપ્રાસાદ.

ચતુર્થ ભેદ.

૪૧ ઇંડક.

૮ તિલક.




"Aho Shrutgyanam"

**प्रतिरथं द्विभागश्च नंदिका चैव भागिका ॥**
**कोणं भागद्वयं कार्यं भद्रं भागविनिर्गतम् ॥६६॥**
**नंदिका प्रतिकर्णं च कर्णश्चैव तथैव हि ॥**
**समदलश्च कर्तव्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥६७॥**

ચોરસ ક્ષેત્રમાં સોળ ભાગ કરી ભદ્રાર્ધ ભાગ બે, નંદિકા ભાગ એક, પ્રતિરથ ભાગ બે, નંદિકા ભાગ એક, કોણ ભાગ બે તથા ભદ્ર નિર્ગમે ભાગ એક તેમજ કર્ણ, પ્રતિકર્ણ અને નંદિકા; એ સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા જાણવી. ૬૫, ૬૬, ૬૭.

**अत ऊर्ध्वं प्रवक्ष्यामि शिखरं क्रियते पुनः ॥**
**प्रथमे चैव कर्तव्यं द्वितीये पादके तथा ॥६८॥**
**शृङ्गं शृङ्गं तथा योज्यमुपर्युपरि संस्थितम् ॥**
**तृतीये तिलकं का यद्यूर्ध्वे रेखाश्च स्थापयेत् ॥६९॥**

તલવિભાગ કહ્યા પછી હવે શિખરની ક્રિયા કહું છું. પ્રથમ પંક્તિ એટલે કર્ણ, નંદિકા, પઢરો; એ શિખરની પહેલી પંક્તિ જાણવી. એના ઉપર એકેક શૃંગ, દ્વિતીય પાદ એટલે કર્ણ અને નંદિકા; એ શૃંગની દ્વિતીય પંક્તિ જાણવી. એના ઉપર બીજું એક શૃંગ ઉપરાઉપરી ચઢાવવું અને તૃતીય પાદ એટલે કર્ણની રેખાએ તિલક કરવું અને તેના ઉપર રેખાનો પાયચો સ્થાપવો. ૬૮, ૬૯.

**चतुष्षष्टिपदैः प्रोक्तो रेखाविस्तारमानतः ॥**
**भद्रे च रथिका कार्या तदूर्ध्वे शृङ्गकत्रयम् ॥७०॥**

ચોસઠ ભાગે રેખાની નમણુ કરવી અને ભદ્રે હોઢિયો તથા ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં. ૭૦.

**पश्चभिरधिकैश्चैव चत्वारिंशद्भिरण्डकैः ॥**
**चतुर्भिस्तिलकैर्युक्तः कैलासो लक्षणान्वितः ॥७१॥**

પીસતાલીસ ઈંડકો તથા ચાર તિલકો વડે વિભૂષિત થયેલો લક્ષણાન્વિત આ કૈલાસ નામનો પ્રાસાદ જાણવો. ૭૧.

ઇતિશ્રી કૈલાસ પ્રાસાદ, તુલ ભાગ ૧૬, ઈંડક ૪૫, તિલક ૪, એકાદશ પ્રાસાદ ૧૧.

## પૃથિવીજય પ્રાસાદ દ્વાદશ-દ્વિતીય ભેદ.

**चतुरस्रीकृते क्षेत्रे कलासंख्याविभाजिते ॥**
**शाला भागद्वया कार्या भागेनैकेन नंदिका ॥७२॥**

"Aho Shrutgyanam"

**प्रतिरथं द्विभागश्च नंदिका भागिकैव च ॥**
**कोणं भागद्वयं कार्यं दिशासु विदिशासु च ॥७३॥**

ચોરસ ક્ષેત્રમાં સોળ ભાગ કરી અડધું ભદ્ર ભાગ બે, નંદિકા ભાગ એક, પ્રતિરથ ભાગ બે, બીજી નંદિકા ભાગ એક તથા કોણ ભાગ બેનો કરવો અને આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ૭૨, ૭૩.

**उरुत्रयसमायुक्ता भद्रे च रथिका तथा ॥**
**कर्णे च प्रतिकर्णे च नंदिकायां तथैव च ॥७४॥**
**आद्यपंक्तिस्तु कर्तव्या सर्वा शृङ्गव्यवस्थिता ॥**
**शृङ्गं द्वितीयपंक्तौ तु तृतीये च तथा स्मृतम् ॥७५॥**

ભદ્રે દોઢિયો અને ત્રણ ઉરૂશૃંગ; કર્ણ, પ્રતિકર્ણ અને નંદિકા એટલે પ્રથમ પંક્તિએ એકેક શૃંગની વ્યવસ્થા કરવી. દ્વિતીય પંક્તિ એટલે કર્ણ અને નંદીએ એકેક શૃંગ અને તૃતીય પંક્તિ એટલે શૃંગની ત્રીજી પંકિત અર્થાત્ કર્ણે ત્રીજું એકેક શૃંગ ચઢાવવું. ૭૪, ૭૫.

**रेखाविस्तारमानन्तु चतुष्षष्टिपदैः स्मृतम् ॥**
**तथा चैकोनपञ्चाशदण्डकैः पृथिवीजयः ॥७६॥**

નમણની રેખાનો વિસ્તાર ચોસઠ ભાગે કરવો. ઓગણપચાસ ઇંડકોથી વિભૂષિત થએલો આ પૃથિવીજય નામનો પ્રાસાદ જાણવો. ૭૬.

ઇતિશ્રી પૃથિવીજય પ્રાસાદ, તુલ ભાગ ૧૬, ઇંડક ૪૯, દ્વાદશ પ્રાસાદ ૧૨.

### ઇન્દ્રનીલ પ્રાસાદ ત્રયોદશ–તૃતીય ભેદ.

**इन्द्रनीलं प्रवक्ष्यामि प्रासादं सुरवल्लभम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे कलासंख्याविभाजिते ॥७७॥**

હવે દેવોને પ્રિય એવો ઇન્દ્રનીલ પ્રાસાદ કહું છું. ચોરસ ક્ષેત્રમાં સોળ ભાગ કરવા. ૭૭.

**भद्रं भागद्वयं कार्यं भागेनैकेन नंदिका ॥**
**द्विभागश्चानुगं ज्ञेयं नंदिका भागिकैव च ॥७८॥**
**कोणं भागद्वयं कार्यं भद्रं भागविनिर्गतम् ॥**
**नंदिका प्रतिकर्णश्च निर्गमं विस्तरेण तु ॥७९॥**


"Aho Shrutgyanam"

(૧૧) કૈલાસ પ્રાસાદ. (૧૨) પૃથિવીજયપ્રાસાદ.

૫ વિભક્તિ. દ્વિતીય ભેદ.

૪૫ ઇંડક. ૪૯ ઇંડક.

૪ તિલક.




"Aho Shrutgyanam"

ભદ્રાર્ધ ભાગ બે, નંદિકા ભાગ એક, પઢરો ભાગ બે, બીજી નંદિકા ભાગ એક અને કોણ ભાગ બેનો કરવો તથા નીકારે ભદ્ર એક ભાગ અને નંદિકા તેમજ પ્રતિકર્ણ વિસ્તાર બરોબર નીકારે કરવો. ૭૮, ૭૯.

आद्यपंक्तिस्तु कर्तव्या शृङ्गशृङ्गनियोजिता ॥
शृङ्गं द्वितीयपंक्तौ तु तिलकं वामदक्षिणे ॥८०॥
भद्रे च रथिका कार्या तथोरुत्रयमेव च ॥
शतं युगाधिका षष्टी रेखायां क्रियते बुधैः ॥८१॥

કર્ણ, પ્રતિકર્ણ અને નંદિકાએ એકએક શૃંગની પ્રથમ પંક્તિ; કર્ણ, નંદિકા અને પઢરે એકએક શૃંગની બીજી પંક્તિ કરવી અને નંદિકાએ એકએક તિલક કરવું. ભદ્રે દોઢિયો અને ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં તેમજ બુદ્ધિમાન્ પુરૂષોએ રેખાની નમણ એકસો ચોસઠ ભાગે કરવી. ૮૦, ૮૧.

अष्टभिस्तिलकैश्चैव त्रयपञ्चाशदण्डकैः ॥
देवासुरमनुष्याणामिन्द्रनीलश्च सिद्धिदः ॥८२॥

ત્રેપન ઈંડકો તથા આઠ તિલકો વડે સુશોભિત થએલો આ ઇન્દ્રનીલ નામનો પ્રાસાદ દેવ, અસુર અને મનુષ્યોને સિદ્ધિપ્રદ જાણવો. ૮૨.

ઇતિશ્રી ઇન્દ્રનીલ પ્રાસાદ, તુલ ભાગ ૧૬, ઇંડક ૫૩, તિલક ૮, ત્રયોદશ પ્રાસાદ ૧૩.

## મહાનીલ પ્રાસાદ ચતુર્દશ–ચતુર્થ ભેદ.

अथातः संप्रवक्ष्यामि महानीलस्य लक्षणम् ॥
चतुरस्रीकृते क्षेत्रे कलासंख्याविभाजिते ॥८३॥

હવે મહાનીલ પ્રાસાદનું લક્ષણ કહું છું. ચોરસ ક્ષેત્રમાં સોળ ભાગ કરવા. ૮૩.

शाला भागद्वया कार्या भागेनैकेन नंदिका ॥
चानुगं तु द्विभागैश्च भागेन नंदिका शुभा ॥८४॥
कर्णद्विभागमित्युक्तं निर्गमं भद्रभागिकम् ॥
नंदिका प्रतिकर्णन्तु पूर्वविस्तरमानतः ॥८५॥

અર્ધું ભદ્ર ભાગ બે, નંદિકા ભાગ એક, પઢરો ભાગ બે, બીજી નંદી ભાગ એક તથા કર્ણ ભાગ બેનો કરવો. ભદ્ર નીકારે એક ભાગ અને નંદિકા તથા પ્રતિકર્ણ સમદલ કરવાં. ૮૪, ૮૫.

"Aho Shrutgyanam"

दिशायां विदिशायां तु स्थापयेच्च सदा बुधः ॥
शृङ्गं शृङ्गं तथा कार्यं कर्णे च तृतीयं न्यसेत् ॥८६॥
द्विपदे तिलकं स्थाप्यं भद्रे च रथिका तथा ॥
शृङ्गत्रयं तु शालायामूर्ध्वे शिखरविस्तरः ॥८७॥

દિશા–વિદિશામાં ઉપરોક્ત વ્યવસ્થા કરવી અને પૂર્વ પ્રમાણે પ્રથમ ( શૃંગ ) પંકિત તથા દ્વિતીય પંકિતમાં શૃંગ ચઢાવવાં અને કર્ણે ત્રીજું એકએક વધારે શૃંગ ચઢાવવું. બીજી પંક્તિમાં નંદીએ તિલક કરવું તથા ભદ્રે દોઢિયો અને ત્રણ ઉરૂશૃંગો ચઢાવવાં. ઉપરના ભાગે શિખરનો વિસ્તાર કરવો. ૮૬, ૮૭.

शतं युगाधिका षष्टिः कर्तव्या तु सदा बुधैः ॥
तिलकाष्टो महानीलः सप्तपञ्चाशदण्डकैः ॥८८॥

રેખાની નમણ એકસો ચોસઠ ભાગે કરવી. આઠ તિલક અને સત્તાવન ઇન્ડકોથી સંયુક્ત આ મહાનીલ નામનો પ્રાસાદ જાણવો. ૮૮.

ઇતિશ્રી મહાનીલ પ્રાસાદ, તુલ ભાગ ૧૬, ઇન્ડક ૫૭, તિલક ૮, ચતુર્દશ પ્રાસાદ ૧૪.

## ભૂધર પ્રાસાદ પંચદશ–પંચમ ભેદ.

भूधरश्च प्रवक्ष्यामि लभते यस्य भूफलम् ॥
चतुरस्रीकृते क्षेत्रे कलाभागविभाजिते ॥८९॥

હવે ભૂધર પ્રાસાદ કહું છું કે જે કરવાથી પૃથ્વીનો લાભ થાય છે. પ્રાસાદના ચોરસ ક્ષેત્રમાં સોળ ભાગ કરવા. ૮૯.


भद्रं भागद्वयं कार्यं भागेन नंदिका शुभा ॥
प्रतिरथं द्विभागश्च नंदिका भागिकैव च ॥९०॥
कर्णं द्विभागिकं ज्ञेयं निर्गमं भद्रभागिकम् ॥
समदलं तु कर्तव्यं प्रतिकर्णश्च नंदिका ॥९१॥


અડધું ભદ્ર ભાગ બે, નંદિકા ભાગ એક, પ્રતિરથ ભાગ બે, બીજી નંદિકા ભાગ એક, કર્ણ ભાગ બે, ભદ્ર નીકારે એક ભાગ તથા પ્રતિકર્ણ અને નંદિકા નીકારે સમદલ કરવાં. ૯૦, ૯૧.

"Aho Shrutgyanam"

(૧૩) ઇન્દ્રનીલ પ્રાસાદ.
તૃતીય ભેદ.
૫૩ ઇંડક.
૮ તિલક.

(૧૪) મહાનીલ પ્રાસાદ.
ચતુર્થ ભેદ.
૫૭ ઇંડક.
૮ તિલક.






"Aho Shrutgyanam"

**बाह्यपंक्तिः सदा स्थाप्या ह्यतश्च शिखरं शृणु ॥**
**शिखरे प्रथमे पट्टे शृङ्गं शृङ्गं नियोजयेत् ॥९२॥**
**तथा द्वितीयपादेषु ह्युपाङ्गं वामदक्षिणे ॥**
**भद्रे शृङ्गत्रयं कार्यं रथिकाश्च नियोजयेत् ॥९३॥**

ઉપર પ્રમાણે બાહ્ય પંક્તિ સ્થાપવી. હવે શિખરના ભાગો સાંભળ. શિખરની પ્રથમ પંક્તિ તથા દ્વિતીય પંક્તિ એકએક શૃંગની કરવી અને કર્ણ તેમજ પ્રતિકર્ણની વામદક્ષિણે અર્થાત્ બીજી નંદિકાએ ઉપાંગ-પ્રત્યંગ ચઢાવવું. ભદ્રે ત્રણ ઉરૂશૃંગ અને એક દોઢિયો કરવો. ૯૨, ૯૩.

**रेखाणाश्चैव विस्तारः कार्यो विस्तारमानतः ॥**
**अण्डकैरेकषष्टिभिः प्रासादो भूधरो मतः ॥९४॥**

પ્રથમ કહેલા વિસ્તારમાને નમણની રેખાનો વિસ્તાર કરવો. એકસઠ ઇંડકોથી શોભાયમાન આ ભૂધર નામનો પ્રાસાદ જાણવો. ૯૪.

ઇતિશ્રી ભૂધર પ્રાસાદ, તુલભાગ ૧૬, ઇંડક ૬૧, પંચદશ પ્રાસાદ ૧૫.

## રત્નકૂટ પ્રાસાદ ષોડશ-૬ વિભક્તિ.

**अथातः संप्रवक्ष्यामि रत्नकूटस्य लक्षणम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे ह्यष्टादशविभाजिते ॥९५॥**

હવે રત્નકૂટ પ્રાસાદનું લક્ષણ કહું છું તે સાંભળ. સમચોરસ ક્ષેત્રમાં અઢાર ભાગ કરવા. ૯૫.

**भद्रं भागद्वयं कार्यं निर्गमे भागिकं तथा ॥**
**नंदिकाभागमेकेन विस्तरे निर्गमेऽपि वा ॥९६॥**
**द्वितीया तत्समा प्रोक्ता प्रतिकर्णं द्विभागिकम् ॥**
**समदलं प्रकर्तव्यं नंदिकाभागमेव च ॥९७॥**
**विस्तरे निर्गमे कुर्यात् कोणं भागद्वयं तथा ॥**
**एतच्च स्थापयेत्प्राज्ञो दिशासु विदिशासु च ॥९८॥**

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક, નંદિકા ભાગ એક તથા નીકારે પણ એક ભાગ, બીજી નંદિકા સમદલ ભાગ એક, પ્રતિકર્ણ ભાગ બે સમદલ, ત્રીજી નંદિકા

"Aho Shrutgyanam"

સમદલ ભાગ એક અને કોણ ભાગ બેનો સમદલ કરવો. આ પ્રમાણે ચારે દિશાઓમાં રચના કરવી. ૯૬, ૯૭, ૯૮.

**तदूर्ध्वे शिखरं कार्यं सर्वलक्षणसंयुतम् ॥**
**तिलकं रथिका भद्रे चत्वारि शृङ्गकानि वै ॥९९॥**
**नंदिका शृङ्गिका कार्या स्थापयेत्पूर्वमानतः ॥**
**तृतीयपट्टतिलकं ह्युपाङ्गं वामदक्षिणे ॥१००॥**
**चानुगे शृङ्गकं स्थाप्यमूर्ध्वे शिखरविस्तरः ॥**
**शतयुगाधिका षष्टी रेखायाश्च विधीयते ॥१०१॥**

તેના ઉપર સર્વ લક્ષણોથી સંયુક્ત શિખર કરવું. ભદ્રે ચાર ઉરૂશૃંગ, તિલક અને દોઢિયો કરવો તથા નંદિકાએ પૂર્વ પ્રમાણે શૃંગો સ્થાપવાં. ત્રીજી પંક્તિએ તિલકો કરવાં. વામદક્ષિણ ભાગે ઉપાંગ એટલે પ્રત્યંગ કરવાં. પઢરે પણ શૃંગ કરવાં અને ત્યાર પછી એકસો ચોસઠ પદના ભેદે નમણની રેખાઓ ખેંચવી. ૯૯, ૧૦૦, ૧૦૧.

**चत्वारिंशचतुष्षष्टिकूटतिलकभूषितः ॥**
**रत्नकूटः सदा स्थाप्यश्चाण्डकैः पञ्चषष्टिभिः ॥१०२॥**

ચુંવાળીસ તિલકો, ચોસઠ કૂટો અને પાંસઠ ઇંડકોથી શોભાયમાન કરાયેલો આ રત્નકૂટ નામનો પ્રાસાદ જાણવો. ૧૦૨.

ઇતિશ્રી રત્નકૂટ પ્રાસાદ, તુલ ભાગ ૧૮, ઇન્ડક ૬૫, તિલક ૪૪,
કૂટ ૬૪, ષોડશ પ્રાસાદ ૧૬.


## વૈડૂર્ય પ્રાસાદ સપ્તદશ–દ્વિતીય ભેદ.

**वैडूर्यश्च प्रवक्ष्यामि प्रासादं रत्नवल्लभम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टादशविभाजिते ॥१०३॥**

હવે રત્નોમાં પ્રિય એવા વૈડૂર્ય પ્રાસાદનું સ્વરૂપ કહું છું. ચોરસ ક્ષેત્રમાં અઢાર ભાગ કરવા. ૧૦૩.

**भद्रं भागद्वयं कार्यं भागेनैकेन निर्गतम् ॥**
**नंदिकाभागमेकेन विस्तरे निर्गमेऽपि च ॥१०४॥**
**द्वितीया तत्समा प्रोक्ता प्रतिकर्णं द्विभागिकम् ॥**
**समदलं तथा कार्यं भागेनैकेन नंदिका ॥१०५॥**

"Aho Shrutgyanam"




(૧૫) ભૂધર પ્રાસાદ.

પંચમ ભેદ.


૬૧ ઇંડિક.

(૧૬) રત્નકૂટ પ્રાસાદ.

૬ વિભક્તિ.

૬૫ ઇંડક.

૪૪ તિલક.




"Aho Shrutgyanam"

**निर्गमे च समा प्रोक्ता कोणश्चैव द्विभागिकम् ॥**
**समदलश्च कर्तव्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥१०६॥**

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક, વિસ્તારમાં અને નીકારે નંદિકા ભાગ એક, બીજી નંદિકા પણ ભાગ એક, પ્રતિકર્ણ સમદલ ભાગ બે, ત્રીજી નંદિકા સમદલ ભાગ એક; અને કોણ સમદલ ભાગ બેનો કરવો. ચારે દિશામાં આ પ્રમાણે વ્યવસ્થા કરવી. ૧૦૪, ૧૦૫, ૧૦૬.

**तदूर्ध्वे शिखरं कार्यं भद्रे च रथिका भवेत् ॥**
**तदूर्ध्वमुरुचत्वारि नंदिकाशृङ्गमेव च ॥१०७॥**
**द्वितीये द्वितिलकश्च त्रीणि शृङ्गानि चानुगे ॥**
**नंदिका तिलकयुग्मा कोणे च त्रयशृङ्गकम् ॥१०८॥**
**द्विपदे चैव कर्तव्यमुपाङ्गं वामदक्षिणे ॥**
**शतं युगाधिका षष्टिः पदरेखाश्च विस्तरेत् ॥१०९॥**

તેના ઉપર શિખર કરવું. ભદ્રે દોઢિયો અને તેના ઉપર ચાર ઉરૂશૃંગ કરવાં. નંદિકાએ એક શૃંગ કરવું. બીજી નંદીએ બે તિલક કરવાં. પઢરે ત્રણ શૃંગ કરવાં. ત્રીજી નંદીએ બબે તિલક કરવાં. કોણ ઉપર ત્રણ શૃંગ ચઢાવવાં અને બીજા પદમાં વામ દક્ષિણે નંદી ઉપર પ્રત્યંગ ચઢાવવાં. એકસો ચોસઠ પદના ભાગે રેખાઓ વિસ્તારવી. અર્થાત્ રેખાની નમણ છોડવી. ૧૦૭, ૧૦૮, ૧૦૯.

**नवषष्ठ्यण्डकोपेतो वैडूर्यश्चैव कल्पयेत् ॥**
**चत्वारिंशत्तिलकैश्च घण्टाकूटैः समन्वितः ॥११०॥**

અગણોતેર ઇન્ડકો, ચાલીસ તિલકો અને ઘંટાકૂટોથી સંયુક્ત આ વૈડૂર્ય પ્રાસાદ જાણવો. ૧૧૦.

**ईदृशं कुरुते यस्तु प्रासादं सर्वकामदम् ॥**
**तस्य सिध्यन्ति देवाश्च सुलभमक्षयं पदम् ॥१११॥**

આવા પ્રકારનો સર્વ કામનાઓને આપનારો વૈડૂર્ય પ્રાસાદ જે કરે છે તેના ઉપર દેવો પ્રસન્ન થાય છે અને તેને અક્ષય પદ સુલભ થાય છે. ૧૧૧.

ઇતિશ્રી વૈડૂર્ય પ્રાસાદ, તુલ ભાગ ૧૮, ઇન્ડક ૬૯, તિલક ૪૦, સપ્તદશ પ્રાસાદ ૧૭.

### પદ્મરાગ પ્રાસાદ અષ્ટાદશ-તૃતીય ભેદ.

**पद्मरागं प्रवक्ष्यामि प्रासादं सर्वकामदम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टादशविभाजिते ॥११२॥**

"Aho Shrutgyanam"

હવે સર્વ કામનાઓને આપનારા પદ્મરાગ પ્રાસાદનું લક્ષણ કહું છું. ચોરસ ક્ષેત્રમાં અઢાર ભાગ કરવા. ૧૧૨.

शाला भागद्वया कार्या भागैकेन च निर्गता ॥
पल्लवीभागमेकेन विस्तरे निर्गमे तथा ॥११३॥
द्वितीया च तथा प्रोक्ता चानुगं तु द्विभागिकम् ॥
निर्गमे च तथा कार्यं नंदिकाभागमेव च ॥११४॥
निर्गमे च तथा स्थाप्या कोणश्चैव द्विभागिकम् ॥
समदलश्च कर्तव्यं स्थापयेच्च दिशाष्टसु ॥११५॥

અડધું ભદ્ર ( શાલા ) ભાગ બે અને નીકાળે ભાગ એક કરવું. નંદિકા ભાગ એક સમદલ તથા બીજી નંદિકા પણ તે પ્રમાણે એક ભાગની કરવી. પઢરો ભાગ બે સમદલ કરવો. ત્રીજી નંદિકા ભાગ એક સમદલ કરવી અને કોણ ભાગ બે સમદલ કરવો. આ પ્રમાણે આઠે દિશાઓમાં સ્થાપના કરવી. ૧૧૩, ૧૧૪, ૧૧૫.

विचित्रा रथिका कार्या भद्रे गवाक्षनिर्गता ॥
तदूर्ध्वे ह्युरुचत्वारः सार्धपादेन भूषिताः ॥११६॥
नंदिकाया द्वयोर्ध्वे तु शृङ्गं शृङ्गं नियोजयेत् ॥
शृङ्गोर्ध्वे तिलकं स्थाप्यं प्रतिकर्णे त्रिशृङ्गकम् ॥११७॥
अग्रे पल्लविकायां तु द्वितीये तिलकद्वयम् ॥
कोणे शृङ्गद्वयं स्थाप्यमूर्ध्वे तिलकमंजरी ॥११८॥
द्वितीयके पदे कार्यमुपाङ्गं वामदक्षिणे ॥
रेखानां पदविस्तारं समं चत्वारि संचयेत् ॥११९॥


ભદ્રે ગોખ ( ઝરૂખો ) નીકળતો કરવો તથા વિચિત્ર રથિકા કરવી અને તેના ઉપર ચાર ઉરૂશૃંગો કરવાં અને તે વિસ્તારથી દોઢાં ઉંચાં કરવાં. ભદ્ર પાસેની બન્ને નંદિકાઓએ એકએક શૃંગ ચઢાવવું અને શૃંગો ઉપર તિલક કરવું. પ્રતિકર્ણે ત્રણ શૃંગો કરવાં અને તેની આગળની નંદિકાએ બીજા પદમાં બે તિલક કરવાં. કોણ ઉપર બે શૃંગ ચઢાવવાં, અને ઉપરના ભાગે તિલક યુક્ત એક મંજરી કરવી. બીજી પંક્તિમાં નંદીએ પ્રત્યંગ કરવાં અને સમચોરસ ભાગે રેખા છોડવાનો વિસ્તાર કરવો. ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯.


( **ટીપઃ**–રેખા છોડવાના કેટલા ભાગ કરવા તે બતાવ્યા નથી માટે ઉપર પ્રમાણે ભાગ સમજવા. )

"Aho Shrutgyanam"

(૧૭) વૈડૂર્ય પ્રાસાદ.
દ્વિતીય ભેદ.
૬૯ ઇંડક.
૪૦ તિલક.

(૧૮) પદ્મરાગ પ્રાસાદ.
તૃતીય ભેદ.
૭૩ ઇંડક.
૩૬ તિલક.




"Aho Shrutgyanam"

त्रिसप्तत्यण्डकैर्युक्तः पद्मरागो विधीयते ॥
षट्त्रिंशत्तिलकैश्चैव सुरूपश्च सुशोभनः ॥१२०॥

તોતેર ઇંડકો તથા છત્રીસ તિલકોથી સંયુક્ત સુંદર અને શોભાયમાન પદ્મરાગ પ્રાસાદ કરવો. ૧૨૦.

ઇતિશ્રી પદ્મરાગ પ્રાસાદ, તુલ ભાગ ૧૮, ઇંડક ૭૩, તિલક ૩૬, અષ્ટાદશ પ્રાસાદ ૫૮.

## વજ્રક પ્રાસાદ એકોનવિંશતિતમ–ચતુર્થ ભેદ.

वज्रकश्च प्रवक्ष्यामि सर्वशोभासमन्वितम् ॥
चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टादशविभाजिते ॥१२१॥

શોભાથી અલંકૃત કરાએલો વજ્રક પ્રાસાદ કહું છું. ચોરસ ક્ષેત્રમાં અઢાર ભાગ કરવા. ૧૨૧.

शाला भागद्वया कार्या भागैकेन च निर्गता ॥
पल्लवीभागमेकेन निर्गमेऽपि तथैव च ॥१२२॥
द्वितीया च तथा कार्या चानुगश्च द्विभागिकम् ॥
निर्गमे च समं प्रोक्तं नंदिकाभागमेव च ॥१२३॥
कोणं भागद्वयं कार्यं स्थापयेच्च दिशासु वै ॥
तदूर्ध्वे शिखरं कार्यं सर्वलक्षणसंयुतम् ॥१२४॥

શાલા ભાગ બે અને નીકારે ભાગ એકની કરવી. નંદિકા ભાગ એકની સમદલ, બીજી નંદી પણ ભાગ એકની સમદલ, પઢરો ભાગ બેનો સમદલ, ત્રીજી નંદિકા ભાગ એકની સમદલ અને કોણ ભાગ બેનો સમદલ કરવો તથા ચારે દિશામાં આ પ્રમાણે સ્થાપવા અને તેના ઉપર સર્વ લક્ષણ સંયુક્ત શિખર કરવું. ૧૨૨, ૧૨૩, ૧૨૪.

भद्रे च रथिका कार्या ह्युरुचत्वारि कल्पयेत् ॥
नंदिकाया द्वये चैव शृङ्गं शृङ्गं नियोजयेत् ॥१२५॥
तदूर्ध्वे तिलकं स्थाप्यं चानुगे त्रयशृङ्गकम् ॥
तालद्वया च संस्थाप्या नंदिका तिलकांकिता ॥१२६॥
कोणे शृङ्गत्रयं कार्यमुपाङ्गं वामदक्षिणे ॥
रेखाविस्तारमूर्ध्वे च पदानां कारयेद् बुधः ॥१२७॥

"Aho Shrutgyanam"

ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગ કરવાં. ભદ્ર પાસેની બન્ને નંદિકાઓએ એકએક શૃંગ અને તિલક સ્થાપવું. પઢરે ત્રણ શૃંગો ચઢાવવાં. ત્રીજી નંદીએ ત્રણ ત્રણ તિલક એટલે તાલદ્વય અર્થાત ચોવીસ તિલક કરવાં. કોણ ઉપર ત્રણ ત્રણ શૃંગ ચઢાવવાં અને વામદક્ષિણે પ્રત્યંગ કરવું. તેના ઉપર બુદ્ધિમાન પુરૂષે ભાગ પ્રમાણે રેખા વિસ્તાર કરવો. ૧૨૫, ૧૨૬, ૧૨૭.

**शतश्च युगवेदानां रेखाविस्तारकल्पना ॥**
**सप्तसप्तत्यधिकैश्च प्रासादो वज्रको मतः ॥१२८॥**
**द्वात्रिंशत्तिलकैर्युक्तो घण्टाकूटैः समन्वितः ॥**
**वज्रकं कारयेद्यस्तु वज्रं पतति शत्रुषु ॥१२९॥**

રેખાનો વિસ્તાર એકસો ચુંવાળીસ પદોએ કરવો. સીતોતેર ઇંડકો અને બત્રીસ તિલકો તથા ઘંટાકૂટો વડે યુક્ત આ વજ્રક પ્રાસાદ જાણવો. જે પુરૂષ આ પ્રાસાદ કરાવે છે તેના શત્રુઓ ઉપર વજ્ર પડી શત્રુનો નાશ થાય છે. ૧૨૮, ૧૨૯.

ઇતિશ્રી વજ્રક પ્રાસાદ, તુલ ભાગ ૧૮, ઇંડક ૭૭, તિલક ૩૨, એકોનવિંશતમ પ્રાસાદ ૧૯.

## મુકુટોજ્જ્વલ પ્રાસાદ વિંશતિતમ–પંચમ ભેદ.

**मुकुटं सुन्दरं वक्ष्ये प्रासादं मुकुटोज्ज्वलम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टादशविभाजिते ॥१३०॥**

મુકુટના સમાન સુંદર આકારવાળા મુકુટોજ્જ્વલ પ્રાસાદનું લક્ષણ કહું છું. ચોરસ ક્ષેત્રમાં અઢાર ભાગ કરવા. ૧૩૦.

**शाला भागद्वया कार्या निर्गमे भागिका तथा ॥**
**विस्तरेत्पूर्वमानेन कोणं द्विभागसुन्दरम् ॥१३१॥**
**एतत्तु स्थापयेत्प्राज्ञो दिशासु विदिशासु च ॥**
**तदूर्ध्वे शिखरं कार्यं सर्वलक्षणसंयुतम् ॥१३२॥**

શાલા ભાગ બે અને નીકારે ભાગ એકની કરવી. તલનાં બીજાં નંદિકાદિ અંગો પૂર્વમાને વિસ્તારવાં અને કોણ ભાગ બેનો સમદલ કરવો. એ પ્રમાણે બુદ્ધિમાને દિશા-વિદિશામાં વ્યવસ્થા કરવી અને તેના ઉપર સર્વ લક્ષણ યુક્ત શિખર કરવું. ૧૩૧, ૧૩૨.

**प्रथमपल्लविकायां तु शृङ्गं शृङ्गं नियोजयेत् ॥**
**भद्रे च रथिका कार्या शृङ्गचत्वारि कल्पयेत् ॥१३३॥**




"Aho Shrutgyanam"


(૧૯)વજ્રક પ્રાસાદ. (૨૦)મુકુટોજ્જવલપ્રાસાદ.

ચતુર્થ ભેદ. પંચમ ભેદ.

૭૭ ઇંડક. ૮૧ ઇંડક.

૩૨ તિલક. ૨૮ તિલક.




"Aho Shrutgyanam"

**द्विपदे चैव संस्थाप्यं तिलकं शृङ्गमन्तरे ॥**
**तिलकं पादतृतीये ह्युपाङ्गं वामदक्षिणे ॥१३४॥**
**रेखाविस्तारमूर्ध्वे च कुर्याद्वै पूर्वमानतः ॥**
**एवं लक्षणसंयुक्तः प्रासादो मुकुटोज्ज्वलः ॥१३५॥**

કર્ણ પાસેની પહેલી નંદીએ એક શૃંગ ચઢાવવું. ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગ કરવાં. બીજી પંક્તિએ નંદીએ તિલક કરવું. બીજાં અંગો ઉપર પૂર્વ પ્રમાણે જાણવું. ત્રીજી પંક્તિએ એટલે કર્ણે તિલક કરવાં અને વામદક્ષિણ ભાગે પ્રત્યંગ કરવું તથા પૂર્વમાને રેખાઓનો વિસ્તાર કરવો. ઉપરોક્ત લક્ષણોથી યુક્ત મુકુટોજ્જવલ નામનો પ્રાસાદ જાણવો. ૧૩૩, ૧૩૪, ૧૩૫.

**एकाशीत्यण्डकैरष्टाविंशतितिलकैस्तथा ॥**
**तस्य चोमापतिः सिध्येत् कूटमुकुटमंडितः ॥१३६॥**

એકાશી ઇંડકો તથા અઠ્ઠાવીસ તિલકો વડે સુશોભિત અને કૂટરૂપી મુકુટને ધારણ કરેલો આ મુકુટોજ્જવલ પ્રાસાદ જે કરાવે છે તેના ઉપર ઉમાપતિ પ્રસન્ન થાય છે. ૧૩૬.

ઇતિશ્રી મુકુટોજ્જવલ પ્રાસાદ, તુલ ભાગ ૧૮, ઇંડક ૮૧,
તિલક ૨૮, વિંશતિતમ પ્રાસાદ. ૨૦.

### ઐરાવત પ્રાસાદ એકવિંશતિતમ-ષષ્ઠ ભેદ.

**ऐरावतं प्रवक्ष्यामि प्रासादं सर्वकामदम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे पूर्वमाने विभाजिते ॥१३७॥**

સર્વ કામનાઓને આપનારા ઐરાવત પ્રાસાદનું સ્વરૂપ કહું છું. ચોરસ ક્ષેત્રમાં પૂર્વાનુસાર અઢાર ભાગ કરવા. ૧૩૭.

**भद्रं भागद्वयं कार्यं भागैकेन च निर्गतम् ॥**
**पल्लवीभागमेकेन निर्गमेऽपि तथा भवेत् ॥१३८॥**
**द्वितीया तत्समा प्रोक्ता प्रतिकर्णं द्विभागिकम् ॥**
**समदलं च कर्तव्यं भागैकेन च नंदिका ॥१३९॥**
**निर्गमे च तथा कार्या कोणश्चैव द्विभागिकम् ॥**
**निर्गमे तत्समं प्रोक्तं स्थापयेच्च दिशासु वै ॥१४०॥**

"Aho Shrutgyanam"

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. પલ્લવી ( નંદિકા ) ભાગ એક, બીજી નંદિકા ભાગ એક, પ્રતિકર્ણ ભાગ બે, ત્રીજી નંદિકા ભાગ એક અને કર્ણ ભાગ બે. એ બધાં અંગો સમદલ કરવાં તથા ઉપર પ્રમાણે સર્વ દિશાઓમાં વ્યવસ્થા કરવી. ૧૩૮, ૧૩૯, ૧૪૦.

**शिखरं कारयेत्तत्र सर्वशोभासमन्वितम् ॥**
**शृङ्गन्तु प्रथमपंक्तौ स्थापयेच्च सदा बुधः ॥१४१॥**
**द्वितीया पंक्तिका कार्या सुशृङ्गतिलकान्तरा ॥**
**तृतीयपदशृङ्गन्तु ह्युपाङ्गं वामदक्षिणे ॥१४२॥**
**भद्रे च रथिका कार्या ह्युरुचत्वारि कल्पयेत् ॥**
**ऊर्ध्वे रेखाः प्रकर्तव्याः शतवेदयुगैः पदैः ॥१४३॥**

સર્વ શોભા સંયુક્ત શિખર કરવું. પ્રથમ પંક્તિમાં એકએક શૃંગ, દ્વિતીય પંક્તિમાં એટલે ( કર્ણ અને પઢરે ) શૃંગ તથા નંદિકાએ તિલક કરવું. તૃતીય પંક્તિમાં એકએક શૃંગ ચઢાવવું તથા વામદક્ષિણ ભાગે પ્રત્યંગ કરવું. ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગ કરવાં અને એકસો ચુંવાળીસ પદ ભેદે રેખાઓ ખેંચવી. ૧૪૧, ૧૪૨, ૧૪૩.

**पञ्चाशीत्यण्डकैर्युक्तः प्रासादो गजराजकः ॥**
**चतुर्विंशतितिलकैः कर्तव्यश्च सदा बुधैः ॥१४४॥**

પંચાસી ઇંડકો અને ચોવીસ તિલકોથી યુક્ત એવો ઐરાવત પ્રાસાદ સર્વદા બુદ્ધિમાન પુરૂષોએ કરવો. ૧૪૪.

**प्रासादं कारयेद्यस्त्वैरावतं सुरवल्लभम् ॥**
**त्रैलोक्यं क्षुभ्यते तस्य यशस्वी वसुधातले ॥१४५॥**

દેવતાઓને પ્રિય એવો આ ઐરાવત પ્રાસાદ જે કરાવે છે તેનાથી સમગ્ર ત્રૈલોકય ક્ષોભ પામે છે અને તે પુરૂષ વસુધાતલ ઉપર યશસ્વી થાય છે. ૧૪૫.

ઇતિશ્રી ઐરાવત પ્રાસાદ, તુલ ભાગ ૧૮, ઇંડક ૮૫, તિલક ૨૪,
એકવિંશતિતમ પ્રાસાદ ૨૧.

## રાજહંસ પ્રાસાદ દ્વાવિંશતિતમ–૭ વિભક્તિ.

**राजहंसं प्रवक्ष्यामि राज्ञाञ्च वृद्धिकारकम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे द्वाविंशपदभाजिते ॥१४६॥**

રાજાઓના રાજ્ય અને પરિવારની વૃદ્ધિ કરનારા રાજહંસ પ્રાસાદનું લક્ષણ કહું છું. ચોરસ ક્ષેત્રને બાવીસે ભાગવું. ૧૪૬.

"Aho Shrutgyanam"

**शाला भागद्वया कार्या भागैकेन च निर्गता ॥**
**पल्लवी भागिका कार्या समदला सुशोभना ॥१४७॥**
**चानुगं तु द्विभागैश्च विस्तरे निर्गमेऽपि च ॥**
**द्वितीयं तत्समं प्रोक्तं तृतीयश्च तथैव च ॥१४८॥**
**कोणं भागद्वयं कल्प्यं निर्गमेऽपि तथा भवेत् ॥**
**एतद् वत्स प्रकर्तव्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥१४९॥**

શાલા–અર્ધું ભદ્ર બે ભાગ અને નીકારે એક ભાગ કરવું. નંદિકા ભાગ એક સમદલ કરવી. પહેલો પઢરો ભાગ બે, બીજો પઢરો ભાગ બે અને ત્રીજો પઢરો પણ ભાગ બે તથા કોણ ભાગ બે સમદલ કરવો. હે વત્સ! ઉપર પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી. ૧૪૭, ૧૪૮, ૧૪૯.

**तदूर्ध्वे शिखरं कार्यं सर्वशोभासमन्वितम् ॥**
**भद्रे च रथिका कार्या ह्युरुचत्वारि कल्पयेत् ॥१५०॥**
**पल्लवी शृङ्गसंयुक्ता कर्तव्या लक्षणान्विता ॥**
**कर्णे वै प्रतिकर्णे च शृङ्गं शृङ्गं नियोजयेत् ॥१५१॥**
**द्वितीयपंक्तिशृङ्गन्तु ह्युपाङ्गं वामदक्षिणे ॥**
**तृतीयपंक्तितिलकं कुर्याचैव सुशोभनम् ॥१५२॥**
**रेखाणाश्चैव विस्तारं तदूर्ध्वे कल्पयेत्सुधीः ॥**
**षट्पञ्चद्विशतानां तु भागैः कुर्याच्च सर्वदा ॥१५३॥**


તેના ઉપર સર્વ શોભાથી સંયુક્ત શિખર કરવું. ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગ કરવાં. નંદિકાએ લક્ષણાન્વિત એકએક શૃંગ કરવું તથા કર્ણે અને પ્રતિ–કર્ણે એકએક શૃંગ કરવું. બીજી પંક્તિમાં પણ એકએક શૃંગ કરવું. તૃતીય પંક્તિમાં એટલે કર્ણે સુશોભિત તિલક કરવું અને વામદક્ષિણે પ્રત્યંગ કરવું. તેના ઉપર બુદ્ધિમાન પુરૂષે બસો છપ્પન ભાગે શિખરના નમણની રેખાઓનો વિસ્તાર કરવો. ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩.

**एकोननवतिसंख्यैरण्डकै राजहंसकः ॥**
**चतुर्भिस्तिलकैर्युक्तः सर्वदा सौख्यदायकः ॥१५४॥**

નેવ્યાસી ઇંડકો તથા ચાર તિલકોથી સંયુક્ત આ રાજહંસ પ્રાસાદ જાણવો અને તે સર્વદા સુખદાયી છે. ૧૫૪.

ઇતિશ્રી રાજહંસ પ્રાસાદ, તુલ ભાગ ૨૨, ઇંડક ૮૯, તિલક ૪,
દ્વાવિંશતિતમ પ્રાસાદ ૨૨.

"Aho Shrutgyanam"




(૨૧) ઐરાવત પ્રાસાદ.

ષષ્ઠ ભેદ.

૮૫ ઈંડક.


૨૪ તિલક.

(૨૨) રાજહંસ પ્રાસાદ.

૭ વિભક્તિ.

૮૯ ઈંડક.

૪ તિલક.




"Aho Shrutgyanam"

## ગરૂડ પ્રાસાદ ત્રયોવિંશતિતમ-પ્રથમ ભેદ.

**गरुडस्य प्रवक्ष्यामि स्वरूपं लक्षणान्वितम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे द्वाविंशपदभाजिते ॥१५५॥**

ગરૂડ પ્રાસાદનું લક્ષણયુક્ત સ્વરૂપ કહું છું. ચોરસ ક્ષેત્રમાં બાવીસ ભાગ કરવા. ૧૫૫.

**शाला भागद्वया कार्या भागैका च विनिर्गता ॥**
**पल्लवी भागिका कार्या समदला सुशोभना ॥१५६॥**
**चानुगं तु द्विभागैश्च विस्तरे निर्गमेऽपि च ॥**
**द्वितीयं तत्समं प्रोक्तं तृतीयन्तु तथैव च ॥१५७॥**
**कोणं भागद्वयं कल्प्यं निर्गमे च तथा भवेत् ॥**
**एतद् वत्स प्रकर्तव्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥१५८॥**

શાલા ભાગ બે અને નીકારે એક ભાગની કરવી. નંદિકા એક ભાગની સમદલ કરવી તથા પહેલો પઢરો, બીજો પઢરો અને ત્રીજો પઢરો ભાગ બેનો સમદલ તેમજ કોણ ભાગ બે સમદલ કરવો. હે વત્સ ! આ પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી. ૧૫૬, ૧૫૭, ૧૫૮.

**तदूर्ध्वे शिखरं कार्यं सर्वशोभासमन्वितम् ॥**
**भद्रे च रथिका कार्या ह्युरुचत्वारि कल्पयेत् ॥१५९॥**
**पल्लवी तिलकारूढा सिंहव्यालसमन्विता ॥**
**प्रतिकर्णे तथा कर्णे शृङ्गं शृङ्गं नियोजयेत् ॥१६०॥**
**द्वितीयपंक्तिशृङ्गश्च तृतीया च तथैव हि ॥**
**उपाङ्गश्च प्रकर्तव्यं शोभनं वामदक्षिणे ॥१६१॥**

તેના ઉપર શોભા સંયુક્ત શિખર કરવું. ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગો કરવાં. નંદિકાએ તિલક કરવું અને તે સિંહવ્યાલાદિથી યુક્ત કરવું. પ્રતિકર્ણે અને કર્ણે એકએક શૃંગ, બીજી તથા ત્રીજી પંક્તિએ પણ એકએક શૃંગ ચઢાવવું. વામદક્ષિણ ભાગે સુશોભિત પ્રત્યંગ કરવું. ૧૫૯, ૧૬૦, ૧૬૧.

**रेखाविस्तारमानश्च षट्पञ्चद्विशतैः पदैः ॥**
**त्रिनवत्यण्डकैर्युक्तो वसुतिलकसंयुतः ॥१६२॥**

"Aho Shrutgyanam"

બસો છપ્પન પદના ભેદે કરી નમણની રેખાઓના વિસ્તારનું માન કરવું. ત્રણું ઇંડકો અને આઠ તિલકોથી સંયુક્ત ગરૂડ પ્રાસાદ જાણવો. ૧૬૨.

**दानवानां विघाताय गरुडश्च नियोजयेत् ॥**
**सिद्धिश्च सर्वकामानां प्रतिपक्षक्षयस्तथा ॥१६३॥**

અસુરોના નાશ માટે રાજ્યમાં ગરૂડ પ્રાસાદ યોજવો. તે સર્વ કામનાઓની સિદ્ધિ કરનારો તથા શત્રુપક્ષનો ક્ષય કરનારો છે. ૧૬૩.

ઇતિશ્રી ગરૂડ પ્રાસાદ, તુલ ભાગ ૨૨, ઇંડક ૯૩, તિલક ૮, ત્રયોવિંશતિતમ પ્રાસાદ ૨૩.

**વૃષભ પ્રાસાદ ચતુર્વિંશતિતમ–તૃતીય ભેદ.**

**वृषभश्च प्रवक्ष्यामि प्रासादं लक्षणान्वितम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे द्वाविंशपदभाजिते ॥१६४॥**

લક્ષણયુકત વૃષભ નામના પ્રાસાદનું સ્વરૂપ કહું છું. ચોરસ ક્ષેત્રમાં બાવીસ વિભાગ કરવા. ૧૬૪.

**भद्रं भागद्वयश्चैव भागैकेन च निर्गतम् ॥**
**नंदिकाभागमेकेन निर्गमे तु तथापि च ॥१६५॥**
**चानुगं तु द्विभागैश्च विस्तरे निर्गमेऽपि च ॥**
**द्वितीयं तु तथा कार्यं तृतीयश्च तथैव च ॥१६६॥**
**कोणं भागद्वयं कार्यं निर्गमेऽपि च तत्समम् ॥**
**एवञ्च स्थापयेत्प्राज्ञो दिशासु विदिशासु वै ॥१६७॥**

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. નંદિકા ભાગ એકની સમદલ કરવી. પહેલો, બીજો અને ત્રીજો પઢરો ભાગ બેબે તથા કોણ ભાગ બે સમદલ કરવો. બુદ્ધિમાન પુરૂષોએ આ પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી. ૧૬૫, ૧૬૬, ૧૬૭.

**अथातः शिखरं कार्यं सर्वशोभासमन्वितम् ॥**
**भद्रे च रथिका कार्या चतुरुरुसमन्विता ॥१६८॥**
**नंदिका प्रतिकर्णेषु कोणे शृङ्गं नियोजयेत् ॥**
**द्वितीयपंक्तिशृङ्गन्तु शृङ्गश्चैव तृतीयके ॥१६९॥**

"Aho Shrutgyanam"

तिलकश्च तृतीयायामुपाङ्गं वामदक्षिणे ॥
रेखाविस्तारमानन्तु षट्पश्चद्विशतैः पदैः ॥१७०॥

ત્યારપછી સર્વ શોભાથી અલંકૃત શિખર કરવું. ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગ ચઢાવવાં. નંદિકા, ત્રણે પ્રતિકર્ણો અને કોણે એકએક શૃંગ યોજવું. બીજી પંક્તિ તથા ત્રીજી પંક્તિ પણ એકએક શૃંગ યુક્ત કરવી. અને ત્રીજી પંક્તિમાં કોણે તિલક કરવું તથા વામદક્ષિણ ભાગે પ્રત્યંગ કરવું. શિખરના નમણની રેખાઓનો વિસ્તાર બસો છપ્પન પદના ભેદે કરવો. ૧૬૮, ૧૬૯, ૧૭૦.

ऋषिग्रहसमायुक्तैरण्डकैर्वृषभः स्मृतः ॥
चतुर्भिस्तिलकैश्चैव कर्तव्यस्तु सदा बुधैः ॥१७१॥

ઋષિ એટલે સાત અને ગ્રહ એટલે નવ અર્થાત્ સત્તાણું ઇંડકો તથા ચાર તિલકવાળો આ વૃષભ નામનો પ્રાસાદ કહ્યો છે અને તે ડાહ્યા પુરૂષોએ સર્વદા કરવા યોગ્ય છે. ૧૭૧.

प्रासादं कारयेद् वत्स सर्वाङ्गं लक्षणान्वितम् ॥
हरवाहनसंयुक्तं देवानामपि दुर्लभम् ॥१७२॥

હે વત્સ ! સર્વાંગ અને સંપૂર્ણ લક્ષણોથી પરિપૂર્ણ આ વૃષભ નામનો પ્રાસાદ દેવતાઓને પણ દુર્લભ છે. ૧૭૨.

ઇતિશ્રી વૃષભ પ્રાસાદ, તુલ ભાગ ૨૨, ઇંડક ૯૭, તિલક ૪, ચતુર્વિંશતિતમ પ્રાસાદ ૨૪.

## મેરૂ પ્રાસાદ પંચવિંશતિતમ–ચતુર્થ ભેદ.

अथातः संप्रवक्ष्यामि मेरोश्च लक्षणं शुभम् ॥
चतुरस्रीकृते क्षेत्रे द्वाविंशपदभाजिते ॥१७३॥

હવે મેરૂ પ્રાસાદનું શુભ લક્ષણ કહું છું. ચોરસ ક્ષેત્રમાં બાવીસ ભાગ કરવા. ૧૭૩.


भद्रं भागद्वयं कार्यं भागैकेन विनिर्गतम् ॥
पल्लवीभागमेकेन निर्गमेऽपि तथा भवेत् ॥१७४॥
चानुगं तु द्विभागैश्च विस्तरे निर्गमेऽपि च ॥
द्वितीयं कोणभागन्तु तृतीयश्च तथैव हि ॥१७५॥



"Aho Shrutgyanam"

(૨૩) ગરૂડ પ્રાસાદ.
દ્વિતીય ભેદ.
૯૩ ઇંડક.
૮ તિલક.

(૨૪) વૃષભ પ્રાસાદ.
તૃતીય ભેદ.
૯૭ ઇંડક.
૪ તિલક.





"Aho Shrutgyanam"

(૨૫) મેરૂ પ્રાસાદ.

ચતુર્થ ભેદ.

૧૦૧ ઇંડક.




कोणं भागद्वयं कार्यं,
  निर्गमे पूर्वमानतः ॥
एवञ्च स्थापयेत्प्राज्ञ-
  श्चतुर्दिक्षु व्यवस्थितम् ॥१७६॥

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. નંદિકા ભાગ એક સમદલ કરવી. પહેલો, બીજો અને ત્રીજો પઢરો તથા કોણ; એ બધાં અંગો બબ્બે ભાગ સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશાઓમાં અંગોની વ્યવસ્થા કરવી. ૧૭૪, ૧૭૫, ૧૭૬.

अथातः शिखरं कार्यं,
  सर्वलक्षणलक्षितम् ॥
भद्रे च रथिका कार्या,
  ह्युरुचत्वारि कल्पयेत् ॥१७७॥
नंदिकाप्रतिकर्णेषु,
  कर्णे चैव तथैव च ॥
शृङ्गं शृङ्गं तथा कार्यं,
  प्रथमपंक्तिभूषणम् ॥१७८॥
द्वितीयपादशृङ्गन्तु,
  तृतीयेषु तथैव च ॥
तृतीयपादके स्थाप्य-
  मुपाङ्गं वामदक्षिणे ॥१७९॥
रेखाणाञ्चैव विस्तारः,
  कर्तव्यश्च सदा बुधैः ॥
षट्पञ्चद्विशतानां तु,
  पदै रेखाश्च कल्पयेत् ॥१८०॥

સર્વ લક્ષણોથી લક્ષિત એવું શિખર કરવું. ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગો

"Aho Shrutgyanam"

ચઢાવવાં. નંદિકા, ત્રણ પ્રતિકર્ણો અને કોણ ઉપર એટલે પ્રથમ પંક્તિ એકએક શૃંગથી વિભૂષિત કરવી. બીજી પંકિતએ એટલે ત્રણ પઢરા અને કોણ ઉપર તથા ત્રીજી પંકિતએ એટલે બીજો પઢરો અને કોણ ઉપર એકએક શૃંગ ચઢાવવું. ત્રીજી પંકિતએ વામદક્ષિણ ભાગે પ્રત્યંગ કરવું અને બુદ્ધિમાન પુરૂષોએ રેખાઓનો વિસ્તાર સર્વદા બસો છપ્પન પદના ભેદે રેખાઓ ખેંચી કરવો. ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦.

**एकोत्तरशतैर्वत्स मेरुश्च कल्प्यतेऽण्डकैः ॥**
**प्रासादः सिध्यते यस्य लभते चाक्षयं पदम् ॥१८१॥**

इति श्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते
शिल्परत्नाकरे केशरादिपञ्चविंशतिप्रासादलक्षणाधिकारे
गुर्जरभाषायां ष ं रत्नं समाप्तम् ॥

એકસો એક ઇંડકો વડે વિભૂષિત થયેલો આ મેરૂ પ્રાસાદ જાણવો. જે આ પ્રાસાદ કરાવે છે તે અક્ષય પદનો ભોકતા બને છે. ૧૮૧.

ઇતિશ્રી મેરૂ પ્રાસાદ, તુલ ભાગ ૨૨, ઇંડક ૧૦૧, પંચવિંશતિતમ પ્રાસાદ ૨૫.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું કેશરાદિ પંચાવિંશતિ પ્રાસાદ લક્ષણાધિકાર નામનું છઠ્ઠું રત્ન સંપૂર્ણ.**

"Aho Shrutgyanam"

# सप्तमं रत्नम् ।

## अथ तिलकसागरादिपञ्चविंशतिप्रासादलक्षणाधिकारः ।

विश्वकर्मा उवाच ।

**शृणु वत्स प्रवक्ष्यामि प्रासादानां यथाक्रमम् ॥**
**सर्वेषां धामजातीनां सारसंबोधहेतुना ॥१॥**
**विभक्तिछंदतिलकैस्तिलकसागरोद्भवाः ॥**
**क्षीरार्णवे समुत्पन्ना नाम्ना तिलकसागराः ॥२॥**

શ્રીવિશ્વકર્મા કહે છે હે વત્સ ! સાંભળ, હવે હું તને બધી જાતના પ્રાસાદોનો સાર સમજાય એવા હેતુથી યથાક્રમે વિભાગ, છંદ અને તિલકોના ભેદે થતા તિલકસાગરાદિ જાતિના પ્રાસાદો કહું છું. આ પ્રાસાદોની ઉત્પત્તિ ક્ષીરાર્ણવમાંથી થયેલી છે અને તિલકસાગરાદિ નામે સુપ્રસિદ્ધ છે. ૧, ૨.

**प्रशस्ताः शांतिदाः सर्वे प्रसादाय भवन्ति च ॥**
**विभक्तितलछंदेषु शिखरस्योर्ध्वलक्षणम् ॥३॥**
**शृंगोरुशृङ्गप्रत्यंगा रथोपरथकर्णिकाः ॥**
**संक्षेपं कथयिष्यामि यादृशाः शांतिकारकाः ॥४॥**

પ્રસિદ્ધ મહિમાવાળા અને શાંતિ આપનારા આ પ્રાસાદો દેવોને ઘણા પ્રિય છે. વિભાગ, તલ અને છંદથી શિખર સુધી શૃંગ, ઉરૂશૃંગ, પ્રત્યંગ, રથ, ઉપરથ અને કર્ણ; એ બધાં અંગો વિભાગ પ્રમાણે કરવાં. હું આ બધાનાં લક્ષણ સંક્ષેપમાં કહીશ કે જેથી તેઓ શાંતિ આપનારા થાય. ૩, ૪.

**शिखरस्य प्रमाणेन चोच्छ्रयो मण्डपस्य वै ॥**
**हीनांगे हीनछंदे च बह्वङ्गेऽर्धे च दीनता ॥५॥**
**एकस्कंधे बहुशाखे स्कंधहीनैकशाखयोः ॥**
**प्रशस्ताः शाखायुक्तास्तु छंदालङ्कारशोभिताः ॥६॥**

શિખરના પ્રમાણથી મંડપ ઉંચો કરવો. આ પ્રાસાદો ઓછા અંગવાળા, હીનછંદવાળા, અધિક અંગવાળા અને અર્ધાંગવાળા થાય તો દરિદ્રતા આપે છે.

"Aho Shrutgyanam"

તેથી હીનસ્કંધવાળા અગર એક શાખા ( રેખા ) વાળા કરવા નહિ પરંતુ એક સ્કંધ-વાળા તથા ઘણી રેખાઓવાળા કરવા. તલછંદના પ્રમાણે ઘણી રેખાઓ વડે અલંકૃત થયેલા આ પ્રાસાદોની મહિમા ઘણી છે. ૫, ૬.

## તિલકસાગરાદિ પચીસ પ્રાસાદોનાં નામ.

तिलकसागरश्चाद्यो गौरीतिलकरुद्रकौ ॥
श्रीतिलको हरिश्चैव लक्ष्मीभूतिलकौ तथा ॥७॥
रंभातिलक इन्द्रश्च मंदिरो हेमवांस्तथा ॥
कैलासतिलकः पृथ्वीतिलकश्च त्रयोदशः ॥८॥
त्रिभुवनेन्द्रनीलौ च सर्वांगतिलकस्तथा ॥
सुरवल्लभनामा च सिंहश्च मकरध्वजः ॥९॥
मंगलस्तिलकाक्षश्च पद्मकः सोमकस्तथा ॥
विजयतिलकश्चैव त्रैलोक्यतिलकस्तथा ॥१०॥
पञ्चविंश इमे प्रोक्ताः प्रासादास्तिलकाभिधाः ॥
तिलकसागरनाम्ना प्रसिद्धा भुवनोत्तमाः ॥११॥

( ૧ ) તિલકસાગર, ( ૨ ) ગૌરીતિલક, ( ૩ ) રૂદ્રતિલક, ( ૪ ) શ્રીતિલક, ( ૫ ) હરિતિલક, ( ૬ ) લક્ષ્મીતિલક, ( ૭ )ભૂતિલક, ( ૮ ) રંભાતિલક, ( ૯ ) ઇન્દ્રતિલક, ( ૧૦ ) મંદિરતિલક, ( ૧૧ ) હેમવાન્‌તિલક, ( ૧૨ ) કૈલાસતિલક, ( ૧૩ ) પૃથ્વી-તિલક, ( ૧૪ ) ત્રિભુવનતિલક, ( ૧૫ ) ઇન્દ્રનીલતિલક, ( ૧૬ ) સર્વાંગતિલક, (૧૭) સુરવલ્લભતિલક, ( ૧૮ ) સિંહતિલક, ( ૧૯ ) મકરધ્વજતિલક, ( ૨૦ ) મંગલતિલક, ( ૨૧ ) તિલકાક્ષ, ( ૨૨ ) પદ્મતિલક, ( ૨૩ ) સોમતિલક, ( ૨૪ ) વિજયતિલક, અને ( ૨૫ ) ત્રૈલોક્ય તિલક.

આ તિલકસાગરાદિ નામના પચીસ પ્રાસાદોનાં નામ જાણવાં. આ પ્રાસાદો તિલકસાગરદિ નામે સુપ્રસિદ્ધ છે અને ભુવનોમાં ઉત્તમ છે. ૭, ૮, ૯, ૧૦, ૧૧.

## તિલકસાગર પ્રાસાદ–પ્રથમ. ૧ વિભક્તિ.

छंदालङ्कारसंयुक्ताः कथ्यन्ते मुनिसत्तम ॥
वेदास्रश्च चतुःस्तम्भैर्दिशांपतिसुरैर्धृतम् ॥१२॥
छाद्यकूटसमायुक्तं घण्टासिंहसमुद्भवम् ॥
ईदृशं कुरुते यस्तु स लभेचाक्षयं पदम् ॥१३॥

"Aho Shrutgyanam"

હે મુનિશ્રેષ્ઠ નારદજી ! હવે છંદ અને અલંકારો વડે શોભાયમાન થયેલા તિલક-સાગરાદિ પ્રાસાદો કહું છું.

ચોરસ ક્ષેત્રમાં ચાર સ્તંભ કરવા અને તેમાં ચારે દિશાઓના દિગ્પાળોની મૂર્તિઓ કરવી. છાજું તથા કૂટ કરવાં તેમજ આમલસારો તથા સિંહ કરવા. આ પ્રાસાદનું નામ તિલકસાગર છે અને કરનાર અક્ષયપદનો ભોક્તા થાય છે. ૧૨, ૧૩.

ઇતિશ્રી તિલકસાગર પ્રાસાદ, તુલ ચતુરસ્ર, ઇંડક ૧, પ્રાસાદ ૧ લો.

## ગૌરીતિલક પ્રાસાદ દ્વિતીય-દ્વિતીય ભેદ.

**अष्टतिलकसंघातः कर्णे रेखासमायुतः ॥**
**अष्टतिलकसंयुक्तो गौरीतिलकसंज्ञकः ॥१४॥**

ઉપર પ્રમાણે ચોરસ ક્ષેત્ર કરી પ્રાસાદની રચના કરવી. વિશેષમાં આઠ તિલકો કરવાં અને કર્ણ ઉપર રેખાઓ ખેંચવી. આઠ તિલકોવાળો આ પ્રાસાદ ગૌરીતિલક નામનો જાણવો. ૧૪.

ઇતિશ્રી ગૌરીતિલક પ્રાસાદ, તુલ ચતુરસ્ર, ઇંડક ૧, તિલક ૮, પ્રાસાદ ૨ જો.


## રૂદ્રતિલક પ્રાસાદ-તૃતીય.

**चतुरस्रीकृते क्षेत्रे चाष्टभागविभाजिते ॥**
**कर्णे भागद्वयं कार्यं भद्रं भागद्वयं तथा ॥१५॥**
**कर्णोर्ध्वे तिलकं कुर्याच्चतुर्दिक्षु सुशोभनम् ॥**
**रुद्रतिलकनामोऽयं ह्येकाण्डी सर्वकामदः ॥१६॥**

સમચોરસ ક્ષેત્ર કરી આઠ ભાગ કરવા. તેમાં કર્ણ બે ભાગ અને અર્ધું ભદ્ર પણ બે ભાગનું કરવું. કર્ણ ઉપર તિલક કરવાં. આ પ્રમાણે ચારે દિશાએ સુશોભિત પ્રાસાદ કરવો. આ પ્રાસાદનું નામ રૂદ્રતિલક જાણવું. એક ઇંડકવાળો આ પ્રાસાદ સર્વ કામનાઓને આપનારો છે. ૧૫, ૧૬.

ઇતિશ્રી રૂદ્રતિલક પ્રાસાદ, તુલ ભાગ ૮, ઇંડક ૧, તિલક ૪, પ્રાસાદ ૩ જો.

"Aho Shrutgyanam"




૧ તિલકસાગર પ્રાસાદ.

પ્રથમ વિભક્તિ.


૧ ઇંડક.

૨ ગૌરીતિલક પ્રાસાદ.


દ્વિતીય ભેદ.

૧ ઇંડક.

૮ તિલક.



"Aho Shrutgyanam"





૩ રૂદ્રતિલક પ્રાસાદ.  ૪ શ્રીતિલક પ્રાસાદ.

૨ વિભક્તિ.  દ્વિતીય ભેદ.

૧ ઇંડક.  ૫ ઇંડક.

૪ તિલક.  ૪ તિલક.




૩૪

## શ્રીતિલક પ્રાસાદ ચતુર્થ-દ્વિતીય ભેદ.

**कर्णे शृङ्गं प्रदातव्यं तदूर्ध्वे तिलकं न्यसेत् ॥**
**भद्रे सिंहस्तथा कार्यः पञ्चाण्डकविभूषितः ॥**
**श्रीतिलकः समाख्यातः कर्तृशांतिश्रियावहः ॥१७॥**

ઉપર પ્રમાણે તલમાન કરી વધારેમાં કર્ણે શૃંગ અને તિલક કરવાં તથા ભદ્રે સિંહ કરવા. પાંચ ઇંડક વડે શોભાયમાન થયેલો શ્રીતિલક નામને આ પ્રાસાદ કર્તાને શાંતિ અને લક્ષ્મી આપે છે. ૧૭.

ઇતિશ્રી શ્રીતિલક પ્રાસાદ, ભાગ ૮, ઇંડક ૫, તિલક ૪, પ્રાસાદ ૪ થો.

## હરિતિલક પ્રાસાદ પંચમ-તૃતીય ભેદ.

**भद्रे शृङ्गं प्रदातव्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥**
**नवाण्डकसमायुक्तश्चतुर्भिस्तिलकैर्युतः ॥**
**हरितिलकसंज्ञो वै सिद्धकिन्नरसेवितः ॥१८॥**

આઠ ભાગના ચોરસ ક્ષેત્રમાં પૂર્વ પ્રમાણે તલમાન કરવું. વિશેષમાં ભદ્રે એક ઉરૂશૃંગ ચઢાવવું. નવ ઇંડક તથા ચાર તિલકો વડે શોભિત આ હરિતિલક પ્રાસાદ સિદ્ધો તેમજ કિન્નરોથી સેવાયેલો છે. ૧૮.

ઇતિશ્રી હરિતિલક પ્રાસાદ, ભાગ ૮, ઇંડક ૯, તિલક ૪, પ્રાસાદ ૫ મો.

## લક્ષ્મીતિલક પ્રાસાદ ષષ્ઠ-ચતુર્થ ભેદ.

**भद्रे शृङ्गं द्वितीयञ्च रथिकां स्थापयेत्तथा ॥**
**चत्वारि तिलकान्येव ह्यण्डकानि त्रयोदश ॥**
**लक्ष्मीतिलकनामोऽयं श्रियः प्रीत्यर्थहेतवे ॥१९॥**

ક્ષેત્રમાન ઉપર પ્રમાણે કરી ભદ્રે બીજું વધારે એક શૃંગ ચઢાવવું અને દોઢિયો કરવો. તેર ઇંડકો અને ચાર તિલકો વાળો લક્ષ્મીતિલક નામનો આ પ્રાસાદ લક્ષ્મીની પ્રસન્નતાને વધારનારો જાણવો. ૧૯.

ઇતિશ્રી લક્ષ્મીતિલક પ્રાસાદ, ભાગ ૮, ઇંડક ૧૩, તિલક ૪, પ્રાસાદ ૬ ઠ્ઠો.


"Aho Shrutgyanam"


૫ હરિતિલક પ્રાસાદ. ૬ લક્ષ્માતિલક પ્રાસાદ.

તૃતીય ભેદ. ચતુર્થ ભેદ.

૯ ઇંડક. ૧૩ ઇંડક.

૪ તિલક. ૪ તિલક.




"Aho Shrutgyanam"

## ભૂતિલક પ્રાસાદ સપ્તમ-૩ વિભક્તિ.

चतुरस्त्रीकृते क्षेत्रे दशधा भाजिते पुनः ॥
कोणं भागद्वयं कार्यं सार्धभागेन चानुगम् ॥
शाला च सार्धभागेन निर्गमं च पदोनकम् ॥२०॥

ચોરસ ક્ષેત્રના દશ ભાગ કરવા અને તેમાં બે ભાગનો કર્ણ, દોઢ ભાગનો પઢરો અને દોઢ ભાગનું અર્ધું ભદ્ર કરવું.ભદ્ર નીકારે નીકળતું પોણા ભાગનું કરવું. ૨૦.

प्रथमपंक्तिकोणेषु शृङ्गं तत्र नियोजयेत् ॥
तथोपरि तिलकं तु ह्यूर्ध्वरेखाः प्रकीर्तिताः ॥२१॥
अनुगे च चतुर्दिक्षु शृङ्गमेकं नियोजयेत् ॥
तस्योर्ध्वे तिलकं चैव प्रत्यंगं वामदक्षिणे ॥२२॥
भद्रे शृङ्गद्वयं प्रोक्तं दिशासु स्थापयेद्बुधः ॥
द्वादशतिलकान्येव ह्यूनविंशाण्डकानि च ॥
भूतिलकः समाख्यातः सर्वकामार्थसाधनः ॥२३॥

કર્ણની પહેલી પંક્તિએ શૃંગ તથા તિલક કરવાં. પઢરે પણ શૃંગ તથા તિલક કરવાં અને ડાબે જમણે અંગે પ્રત્યંગ કરવાં. ભદ્રે બે શૃંગ ચઢાવવાં. આ રીતે ચારે દિશામાં રચના કરવી. બાર તિલક તથા ઓગણીસ ઇંડક વાળો ભૂતિલક નામનો આ પ્રાસાદ જાણવો અને તે સર્વ કામ તેમજ અર્થને સાધનારો છે. ૨૧, ૨૨, ૨૩.

ઇતિશ્રી ભૂતિલક પ્રાસાદ, ભાગ ૧૦, ઇંડક ૨૯, તિલક ૧૨, પ્રાસાદ ૭ મો.

## રંભાતિલક પ્રાસાદ અષ્ટમ-દ્વિતીય ભેદ.

कर्णे शृङ्गद्वयं कार्यं तिलकञ्च तथानुगे ।
अष्टभिस्तिलकैर्युक्तस्त्रयस्त्रिंशद्भिरण्डकैः ॥
रंभातिलकनामा च कर्तव्यः शांतिमिच्छता ॥२४॥

ઉપર પ્રમાણેના તલમાં કર્ણે બે શૃંગ કરવાં અને પઢરે તિલક ચઢાવવું. આઠ તિલક અને તેત્રીસ ઇંડકવાળો આ રંભાતિલક નામનો પ્રાસાદ જાણવો અને શાંતિની ઇચ્છાવાળા પુરૂષે આ પ્રાસાદ કરવો. ૨૪.

ઇતિશ્રી રંભાતિલક પ્રાસાદ, ભાગ ૧૦, ઇંડક ૩૩, તિલક ૮, પ્રાસાદ ૮ મો.


"Aho Shrutgyanam"

૭ ભૂતિલક પ્રાસાદ.

તૃતીય વિભક્તિ.

૨૯ ઇંડક.


૧૨ તિલક.




૮ રંભાતિલક પ્રાસાદ.

દ્વિતીય ભેદ.


૩૩ ઇંડક. ૮ તિલક.




૯ ઇન્દ્રતિલક પ્રાસાદ.

તૃતીય ભેદ.

૪૧ ઇંડક. ૪ તિલક.




"Aho Shrutgyanam"

### ઇન્દ્રતિલક પ્રાસાદ નવમ-તૃતીય ભેદ.

**प्रतिरथेषु शृङ्गैकं कर्णोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**अण्डान्येकचत्वारिंशच्चत्वारि तिलकानि च ॥**
**इंद्रतिलकसंज्ञश्च पूज्यः सुरनरेश्वरैः ॥२५॥**

ઉપર પ્રમાણેના તલમાં પઢરે એકેક શૃંગ ચઢાવવું અને કર્ણે તિલક કરવાં. એકતાલીસ ઇંડક અને ચાર તિલકવાળા આ પ્રાસાદનું નામ ઇન્દ્રતિલક છે અને તે દેવતા તથા રાજાઓને પૂજવા યોગ્ય છે. ૨૫.

ઇતિશ્રી ઇન્દ્રતિલક પ્રાસાદ, ભાગ ૧૦, ઇંડક ૪૧, તિલક ૪, પ્રાસાદ ૯ મો.

### મંદિરતિલક પ્રાસાદ દશમ-૪ વિભક્તિ.

**मंदिरतिलकं वक्ष्ये सूर्यभागं विभाजयेत् ॥**
**भद्रं भागद्वयं कार्यं चानुगं द्वयभागिकम् ॥**
**कोणं भागद्वयं कृत्वा चतुर्दिक्षु नियोजयेत् ॥२६॥**

હવે મંદિરતિલક પ્રાસાદ કહું છું. ચોરસ ક્ષેત્રના બાર ભાગ કરી તેમાં બે ભાગનું અર્ધું ભદ્ર, બે ભાગનો પ્રતિરથ અને બે ભાગનો કર્ણ કરવો. આ પ્રમાણે ચારે દિશામાં રચના કરવી. ૨૬.

**कोणे शृङ्गद्वयं स्थाप्यं चानुगे शृङ्गमेव च ॥**
**द्वितीयक्रमे तिलकं चतुर्दिक्षु व्यवस्थितम् ॥२७॥**
**भद्रे च रथिका कार्या ह्युरुशृङ्गत्रयं तथा ॥**
**प्रत्यंगं यदि प्रत्यंगमुरोश्च वामदक्षिणे ॥२८॥**
**तदधो मंजरी कार्या पद्माकारा सुवर्तिता ॥**
**चतुर्विंशातिलकश्च ह्यण्डकसप्तत्रिंशतिः ॥**
**नानारूपधरो दिव्यो मंदिरो मंदिरोपमः ॥२९॥**

કર્ણે બે તથા પઢરે એક શૃંગ ચઢાવવું. બીજી પંક્તિએ તિલક કરવાં. ભદ્રે દોઢિયો તથા ત્રણ ઉરૂશૃંગ કરવાં. ઉરૂશૃંગને પડખે પ્રત્યંગ કરવાં અને તેની નીચે કમળ પુષ્પના જેવી મંજરીઓ કરવી. સાડત્રીસ ઇંડક તથા ચોવીસ તિલકવાળો આ પ્રાસાદ મંદિરતિલક જાણવો. ૨૭, ૨૮, ૨૯.

ઇતિશ્રી મંદિરતિલક પ્રાસાદ, તલ ભાગ ૧૨, ઇંડક ૩૭, તિલક ૨૪, પ્રાસાદ ૧૦ મો.

"Aho Shrutgyanam"

## હેમવાન્ તિલક પ્રાસાદ એકાદશ–દ્વિતીય ભેદ.

**प्रतिरथोर्ध्वे शृङ्गाणि कर्णोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**विंशतितिलकैः पञ्चचत्वारिंशद्भिरण्डकैः ॥**
**हेमवांश्च तदा नाम कर्तव्यः सर्वशांतिदः ॥३०॥**

ઉપર પ્રમાણેના તલમાં પ્રતિરથે શૃંગ ચઢાવવું અને કર્ણે તિલક કરવાં. પીસ્તાળીસ ઇંડક અને વીસ તિલકવાળો આ હેમવાન્ તિલક નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વ પ્રકારે શાંતિ આપનારો છે. ૩૦.

ઇતિશ્રી હેમવાન્ તિલક પ્રાસાદ, ભાગ ૧૨, ઇંડક ૪૫, તિલક ૨૦, પ્રાસાદ ૧૧ મો.

## કૈલાસતિલક પ્રાસાદ દ્વાદશ–તૃતીય ભેદ.

**प्रतिरथे च तिलकं स्थापयेच्च सुशोभनम् ॥**
**अण्डाकान्यूनपञ्चाशद् गायत्री तिलकानि च ॥**
**कर्णोर्ध्वे तु यदा शृङ्गं नाम्ना कैलाससंभवः ॥३१॥**

ઉપર પ્રમાણેના તલ ઉપર વધારેમાં પઢરે તિલક કરવાં અને કર્ણે શૃંગ ચઢાવવું. ઓગણપચાસ ઇંડક અને ચોવીસ તિલકવાળો આ પ્રાસાદ કૈલાસતિલક જાણવો. ૩૧.

ઇતિશ્રી કૈલાસતિલક પ્રાસાદ, ભાગ ૧૨, ઇંડક ૪૯, તિલક ૨૪, પ્રાસાદ ૧૨ મો.

## પૃથ્વીતિલક પ્રાસાદ ત્રયોદશ–ચતુર્થ ભેદ.

**तिलकं यदि कर्णोर्ध्वे शृङ्गं प्रतिरथोर्ध्वके ॥**
**अण्डानि सप्तपञ्चाशद् विंशतितिलकानि च ॥**
**पृथ्वीतिलकसंज्ञश्च पृथ्वीभ्रमणपुण्यदः ॥३२॥**

પૂર્વ પ્રમાણેના તલ ઉપર વધારેમાં કર્ણે તિલક અને પઢરે શૃંગ ચઢાવવું. આ સત્તાવન ઇંડક અને વીસ તિલકવાળા પ્રાસાદનું નામ પૃથ્વીતિલક છે અને તે પૃથ્વીપ્રદક્ષિણાનું પુણ્ય આપનાર જાણવો. ૩૨.

ઇતિશ્રી પૃથ્વીતિલક પ્રાસાદ, ભાગ ૧૨, ઇંડક ૫૭, તિલક ૨૦, પ્રાસાદ ૧૩ મો.


"Aho Shrutgyanam"

૧૦ મંદિરતિલક પ્રાસાદ.


ચતુર્થ વિભક્તિ.

૩૭ ઇંડક.


૨૪ તિલક.





૧૧ હેમવાન્ તિલક પ્રાસાદ.
દ્વિતીય ભેદ.
૪૫ ઇંડક. ૨૦ તિલક.




૧૨ કૈલાસ તિલક પ્રાસાદ.
તૃતીય ભેદ.
૪૯ ઇંડક. ૨૪ તિલક.




૧૩ પૃથ્વી તિલક પ્રાસાદ.
ચતુર્થ ભેદ
૫૭ ઇંડક. ૨૦ તિલક.




"Aho Shrutgyanam"

## ત્રિભુવનતિલક પ્રાસાદ ચતુર્દશ–૫ વિભક્તિ.

चतुरस्त्रीकृते क्षेत्रे चाष्टाविंशतिभाजिते ॥
शालार्धश्च चतुर्भागं द्विपदं निर्गमं स्मृतम् ॥३३॥
नंदिका पदमात्रेण निर्गमे च तथा भवेत् ॥
अनुगं च चतुर्भागं विस्तरे निर्गमे तथा ॥३४॥
कोणिकाभागमेकेन निर्गमे पूर्वमानतः ॥
कोणश्चैव चतुर्भागं निर्गमे विस्तरे तथा ॥३५॥

ચોરસ ક્ષેત્રના અઠ્ઠાવીસ ભાગ કરવા અને તેમાં ચાર ભાગનું અર્ધું ભદ્ર, કરવું અને નીકાશે ભાગ બે કરવા, નંદિકા ભાગ એક સમદલ કરવી, પઢરા ચાર ભાગના સમદલ, કર્ણિકા ભાગ એક સમચોરસ અને કર્ણ ચાર ભાગના સમદલ કરવો. ૩૩, ૩૪, ૩૫.

श्रीवत्सश्च श्रीवत्सस्तिलकं च तृतीयकम् ॥
कर्णे च प्रतिकर्णे च कुर्याच्चैवं चतुर्दिशि ॥३६॥
श्रीवत्सतिलकश्चैव नंदिकायां क्रमद्वयम् ॥
भद्रे वै रथिका कार्या स्वरूपा लक्षणान्विता ॥३७॥
तदूर्ध्वे ह्युरुचत्वारि प्रत्यंगं वामदक्षिणे ॥
तदधो मंजरी ज्ञेया पद्माकारा सुवर्तिता ॥३८॥
षट्त्रिंशतितिलकानि कूटाकारसुशोभितम् ॥
पञ्चषष्टिस्तथाण्डानि त्रिभुवनसमाह्वयः ॥३९॥

કર્ણે અને પઢરે બબ્બે શ્રીવત્સ શૃંગ અને તિલક કરવાં. નંદીએ શ્રીવત્સ અને તિલક તથા ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગો કરવાં. ડાબેજમણે પ્રત્યંગ કરવાં તથા નીચે કમળ પુષ્પના આકારે મંજરીઓ કરવી. છત્રીસ તિલક અને પાંસઠ ઇંડકવાળો આ ત્રિભુવનતિલક નામનો પ્રાસાદ જાણવો. ૩૬, ૩૭, ૩૮, ૩૯.

ઇતિશ્રી ત્રિભુવનતિલક પ્રાસાદ, ભાગ ૨૮, ઇંડક ૬૫, તિલક ૩૬, પ્રાસાદ ૧૪ મો.

## ઇન્દ્રનીલતિલક પ્રાસાદ પંચદશ–દ્વિતીય ભેદ.

तृतीयक्रमशृङ्गश्च तिलकं प्रतिरथोर्ध्वके ॥
ऊनसप्ततिरण्डानि षड्त्रिंशत्तिलकानि च ॥
इन्द्रतिलकनामोऽयं कर्तव्यः शांतिमिच्छता ॥४०॥



"Aho Shrutgyanam"

ઉપર પ્રમાણે તલ માન કરી વધારેમાં કર્ણે ત્રીજી પંક્તિએ તિલક છે તે ઉતારી શૃંગ ચઢાવવું અને પ્રતિરથે તિલક કરવું. અગણોસીત્તેર ઈંડક અને બત્રીસ તિલકવાળો આ ઇન્દ્રનીલતિલક નામનો પ્રાસાદ જાણવો. ૪૦.

ઇતિશ્રી ઇન્દ્રનીલતિલક પ્રાસાદ, ભાગ ૨૮, ઈંડક ૬૯, તિલક ૩૨, પ્રાસાદ ૧૫ મો.

## સર્વાંગતિલક પ્રાસાદ ષોડશ– ૬ વિભક્તિ.

**शृणु वत्स प्रवक्ष्यामि सर्वाङ्गतिलकं शुभम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे द्वात्रिंशपदभाजिते ॥४१॥**
**भद्रश्च षट्पदं वत्स चतुर्भागैश्च निर्गमः ॥**
**नंदिकाभागमेकेन विस्तरे निर्गमे तथा ॥**
**अग्रे च कोणिका कार्या पूर्वमानेन कल्पना ॥४२॥**


હે વત્સ, હવે સર્વાંગતિલક પ્રાસાદ કહું છું તે સાંભળ. ચોરસ ક્ષેત્રના બત્રીસ ભાગ કરવા અને તેમાં છ ભાગનું અર્ધું ભદ્ર કરવું અને તે નીકળતું ચાર ભાગ રાખવું. નંદિકા એક ભાગની સમદલ કરવી અને આગળનો ભાગ ત્રિભુવનતિલક પ્રાસાદના પ્રમાણે કરવો. એટલે પઢરો ચાર ભાગ સમદલ, કર્ણિકા ભાગ એકની સમચોરસ તથા કર્ણ ભાગ ચારનો સમદલ કરવો. ૪૧, ૪૨.

**श्रीवत्सचतुस्तिलकं कर्तव्यश्च चतुर्दिशि ॥**
**भद्रे च रथिका कार्या तवंगा हि विभूषिता ॥४३॥**
**तदूर्ध्वे चोरुचत्वारि प्रत्यंगं वामदक्षिणे ॥**
**तदधो मंजरी कार्या स्वरूपा लक्षणान्विता ॥४४॥**
**आमलसारश्च कलशं पूर्वमानेन कारयेत् ॥**
**त्रिसप्तत्यण्डकैर्युक्तस्तिलकान्यष्टविंशतिः ॥**
**सर्वाङ्गतिलको नाम प्रासादः सर्वशांतिदः ॥४५॥**

ત્રિભુવનતિલક પ્રમાણે કર્ણાદિનાં અંગો કરી કર્ણે એક શ્રીવત્સ વધારી તિલક ચઢાવવું. ભદ્રે દોઢિયો કરી ચાર ઉરૂશૃંગ કરવાં અને ડાબે જમણે અંગે પ્રત્યંગ કરવાં. નીચે મંજરી કરવી. આમલસારો અને કળશ કરવો. તોતેર ઈંડક અને અઠ્ઠાવીસ તિલકનો આ સર્વાંગતિલક પ્રાસાદ જાણવો. ૪૩, ૪૪, ૪૫.

ઇતિશ્રી સર્વાંગતિલક પ્રાસાદ, ભાગ ૩૨, ઈંડક ૭૩, તિલક ૨૮, પ્રાસાદ ૧૬ મો.

"Aho Shrutgyanam"




(૧૪) ત્રિભવન તિલક પ્રાસાદ.


૫ વિભક્તિ.

૬૫ ઇંડક.

૩૬ તિલક.

(૧૫) ઇંદ્રનીલ તિલક પ્રાસાદ.
દ્વિતીય ભેદ.

૬૯ ઇંડક. ૩૬ તિલક.




## સુરવલ્લભતિલક પ્રાસાદ સપ્તદશ-દ્વિતીય ભેદ.

**कोणेषु त्रीणि शृङ्गाणि,**
**प्रतिरथे त्रयमेव च ॥**
**सप्तसप्ततिरण्डानि,**
**गायत्रीतिलकानि च ॥**
**वल्लभश्च समाख्यातः,**
**सर्वकामार्थसाधकः ॥४६॥**


ઉપર પ્રમાણે તલ કરી કર્ણે અને પઢરે ત્રણ ત્રણ શૃંગ ચઢાવવાં. સીતોત્તેર ઇંડક અને ચોવીસ તિલકવાળો, સર્વ કામનાઓ તથા અર્થની સિદ્ધિ કરનારો આ સુરવલ્લભ-તિલક પ્રાસાદ જાણવો. ૪૬.

ઇતિશ્રી સુરવલ્લભતિલક પ્રાસાદ, ભાગ ૩૨, ઇંડક ૭૭, તિલક ૨૪, પ્રાસાદ ૧૭ મો.

"Aho Shrutgyanam"


(૧૬) સર્વાંગ તિલક પ્રાસાદ.
૬ વિભક્તિ.

૭૩ ઇંડક. ૨૮ તિલક.




(૧૭) સુરવલ્લભ તિલક પ્રાસાદ.
દ્વિતીય ભેદ.

૭૭ ઇંડક ૨૪ તિલક.





(૧૮) સિંહ તિલક પ્રાસાદ.

૭ વિભક્તિ.

૨૫ ઇંડક.

૪ તિલક.




"Aho Shrutgyanam"

## સિંહતિલક પ્રાસાદ અષ્ટાદશ-૭ વિભક્તિ

**चतुरस्रीकृते क्षेत्रे चाष्टभागविभाजिते ॥**
**शालार्धं तु द्विभागश्च भागैकेन च निर्गमम् ॥४७॥**
**कोणं द्विभागमित्युक्तं चतुर्दिक्षु व्यवस्थितम् ॥**
**तदूर्ध्वे शिखरं कार्यं सर्वलक्षणसंयुतम् ॥४८॥**

ચોરસ ક્ષેત્રના આઠ ભાગ કરવા અને તેમાં અર્ધું ભદ્ર બે ભાગનું કરવું અને એક ભાગ નીકળતું રાખવું. કર્ણ બે ભાગનો કરવો. આ પ્રમાણે ચારે દિશામાં રચના કરી તેના ઉપર સર્વ લક્ષણ સંયુક્ત શિખર કરવું. ૪૭. ૪૮.

**केशरी तिलकश्चैव क्रमाद् द्वयश्च कोणके ॥**
**भद्रे च रथिका कार्या तवंगा वामदक्षिणे ॥४९॥**
**तदूर्ध्वे शृङ्गमेकश्च स्थापयेच्च चतुर्दिशि ॥**
**तदूर्ध्वे शिखरं कृत्वा पद्माकारं सुवर्तितम् ॥५०॥**
**अण्डानि पञ्चविंशश्च चत्वारि तिलकानि च ॥**
**सिंहतिलकनामोऽयं सर्वकार्यार्थसाधकः ॥५१॥**

કર્ણે પાંચ ઇંડકવાળું કેશરી શૃંગ કરવું અને તેના ઉપર એક તિલક કરવું. ભદ્રે દોઢિયો કરી એક ઉરૂશૃંગ ચઢાવવું અને તેના ઉપર સુંદર કમળકોશના આકારે શિખર કરવું. પચીસ ઇંડક અને ચાર તિલકવાળો આ સિંહતિલક પ્રાસાદ જાણવો અને તે સર્વ કાર્ય અને અર્થને આપનારો છે. ૪૯, ૫૦, ૫૧.

ઇતિશ્રી સિંહતિલક પ્રાસાદ, ભાગ ૮, ઇંડક ૨૫, તિલક ૪, પ્રાસાદ ૧૮ મો.

## મકરધ્વજ પ્રાસાદ એકોનવિંશતિ-૮ વિભક્તિ

**चतुरस्रीकृते क्षेत्रे दशधा प्रविभाजिते ॥**
**कोणं भागद्वयं कार्यं सार्धभागेन चानुगम् ॥**
**शाला च सार्धभागेन निर्गमश्च पदोनकम् ॥५२॥**

ચોરસ ક્ષેત્રના દશ ભાગ કરવા અને તેમાં બે ભાગનો કર્ણ, દોઢ ભાગનો પઢરો તથા દોઢ ભાગનું અર્ધું ભદ્ર કરવું અને તે નીકળતું પોણો ભાગ રાખવું. ૫૨.

**केशरी तिलकश्चैव क्रमद्वयव्यवस्थितम् ॥**
**कोणमानं प्रतिरथे कर्तव्यं शास्त्रपारगैः ॥५३॥**

"Aho Shrutgyanam"

भद्रे वै रथिका कार्या सर्वशोभासमन्विता ॥
द्विशृङ्गं स्थापयेदूर्ध्वं प्रत्यंगं वामदक्षिणे ॥५४॥
तस्याधो मंजरी कार्या सर्वशोभासमन्विता ॥
सप्तसप्ततिरण्डानि प्रासादः मकरध्वजः ॥५५॥
द्वादशतिलकान्येव घण्टाकूटसमन्वितः ॥
यादृशो छंदप्रासादो मण्डपश्च तथैव हि ॥
ईदृशं कुरुते यस्तु स लभेचाक्षयं पदम् ॥५६॥

કર્ણે કેશરી શૃંગ અને તિલક કરવું તથા પઢરે પણ તેજ પ્રમાણે કેશરી શૃંગ અને તિલક કરવું. ભદ્રે હોઢિયો કરી બે ઉરૂશૃંગ ચઢાવવાં અને ડાબે જમણે પ્રત્યંગ કરવાં. નીચે મંજરીઓ કરવી. સીત્તોતેર ઇંડક અને બાર તિલકવાળો આ મકરધ્વજ પ્રાસાદ જાણવો. જેવા છંદનો પ્રાસાદ હોય તેવોજ મંડપ કરવો. આ રીતે જે પ્રાસાદ કરે છે તે અક્ષય પદનો ભોકતા બને છે. ૫૩, ૫૪, ૫૫, ૫૬.

ઇતિશ્રી મકરધ્વજ પ્રાસાદ, ભાગ ૧૦, ઇંડક ૭૭, તિલક ૧૨, પ્રાસાદ ૧૯ મો.

## મંગલતિલક પ્રાસાદ વિંશતિ–દ્વિતીય ભેદ.

मकरध्वजे तु प्रासादे कर्तव्यास्तु नवाण्डकाः ॥
कोणे द्वितीयशृङ्गं तु प्रत्यंगं वामदक्षिणे ॥५७॥
तस्याधो मंजरी कार्या सर्वशोभासमन्विता ॥
प्रतिरथे च तिलकं घण्टाकूटैश्च संस्थितम् ॥५८॥
तिलकान्यष्ट ह्यण्डानि पञ्चचत्वारिंशद् शतम् ॥
मंगलतिलको नाम कर्तव्यः शांतिमिच्छता ॥५९॥

મકરધ્વજ પ્રાસાદના તલમાન ઉપર શૃંગો નવાંડક કરવાં અને કર્ણે બીજું વધારેનું એક નવાંડક શૃંગ ચઢાવવું. ડાબે જમણે પ્રત્યંગ કરવાં અને નીચે મંજરીઓ કરવી. પઢરે તિલક કરવાં. એકસો પીસતાલીસ ઇંડક અને આઠ તિલકવાળો આ મંગલ તિલક નામનો પ્રાસાદ જાણવો અને શાંતિની ઇચ્છા રાખનારે કરવો. ૫૭, ૫૮, ૫૯.

ઇતિશ્રી મંગલતિલક પ્રાસાદ, ભાગ ૧૦, ઇંડક ૧૪૫, તિલક ૮, પ્રાસાદ ૨૦ મો.

## તિલકાક્ષતિલક પ્રાસાદ એકવિંશતિ–તૃતીય ભેદ.

चतुरस्रीकृते क्षेत्रे दशभागविभाजिते ॥
कोणं भागद्वयं कार्यं सार्धभागेन चानुगम् ॥६०॥

"Aho Shrutgyanam"

**शालार्धं सार्धभागेन निर्गमं च पदोनकम् ॥**
**तलमानं समाख्यातमूर्ध्वमानं च कथ्यते ॥६१॥**

ચોરસ ક્ષેત્રના દશ ભાગ કરવા અને તેમાં બે ભાગનો કર્ણ, દોઢ ભાગનો પઢરો તથા દોઢ ભાગનું અર્ધું ભદ્ર કરવું અને નીકળતું પોણો ભાગ રાખવું. આ તલમાન કહ્યું. હવે ઉપરનું માન કહું છું. ૬૦, ૬૧.

**केशरी सर्वतोभद्रस्तिलकं कोणके तथा ॥**
**अनुगे केशरी दाप्यश्चतुर्दिक्षु नियोजयेत् ॥६२॥**
**भद्रे च रथिका कार्या तवंगा वामदक्षिणे ॥**
**तदूर्ध्वे त्रीणि शृङ्गाणि प्रत्यंगं वामदक्षिणे ॥६३॥**
**तस्याधो मंजरी कार्या स्वरूपा लक्षणान्विता ॥**
**सप्तदशाधिकशतैश्चाण्डकैस्तु विभूषितः ॥६४॥**
**चत्वारि तिलकान्येव घण्टाकूटसमन्वितः ॥**
**यादृशः छंदप्रासादो मण्डपश्च तथैव हि ॥६५॥**
**ईदृशं कुरुते यस्तु प्रासादं सुरवल्लभम् ॥**
**स याति परमं स्थानं यत्र देवो सदाशिवः ॥६६॥**

કર્ણે સર્વતોભદ્ર, કેશરી અને તિલક કરવું તથા પઢરે કેશરી શૃંગ ચઢાવવું. ભદ્રે દોઢિયો કરી ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં અને મંજરીઓ કરવી. એકસો સત્તર ઇંડક અને ચાર તિલકવાળો આ તિલકાક્ષતિલક પ્રાસાદ જાણવો. જેવા છંદનો પ્રાસાદ હોય તેવો મંડપ કરવો. આવી રીતે દેવતાઓને પ્રિય એવો આ પ્રાસાદ જે કરે છે તે સદાશિવના પરમ સ્થાનને પામે છે. ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬.

ઇતિશ્રી તિલકાક્ષતિલક પ્રાસાદ, ભાગ ૧૦, ઇંડક ૧૧૭, તિલક ૪, પ્રાસાદ ૨૧ મો.

## પદ્મતિલક પ્રાસાદ દ્વાવિંશતિ–ચતુર્થ ભેદ.

**तथा शृङ्गेषु कर्तव्याः सर्वभद्रनवाण्डकाः ॥**
**शताधिकोनपश्चाशद् ह्यण्डानि तिलकं युगम् ।**
**पद्मकश्च तदा नाम कर्तृशांतिश्रियावहः ॥६७॥**

ઉપર પ્રમાણે તલમાન કરી બધાં શૃંગો નવાંડી સર્વતોભદ્રનાં કરવાં. એકસો ઓગણપચાસ ઇંડક અને ચાર તિલકવાળો આ પ્રાસાદ પદ્મતિલક જાણવો અને તે કર્તાને શાંતિ તથા લક્ષ્મી આપનારો છે. ૬૭.

ઇતિશ્રી પદ્મતિલક પ્રાસાદ, ભાગ ૧૦, ઇંડક ૧૪૯, તિલક ૪, પ્રાસાદ ૨૨ મો.


"Aho Shrutgyanam"

(૧૯) મકરધ્વજ તિલક પ્રાસાદ.


૮ વિભક્તિ.

૭૭ ઇંડક.


૧૨ તિલક.





(૨૦) મંગલ તિલક પ્રાસાદ.
દ્વિતીય ભેદ.
૧૪૫ ઇંડક. ૮ તિલક.




(૨૧) તિલકાક્ષ તિલક પ્રાસાદ.
તૃતીય ભેદ.
૧૧૭ ઇંડક. ૪ તિલક.




(૨૨) પદ્મ તિલક પ્રાસાદ.
ચતુર્થ ભેદ.
૧૪૯ ઇંડક. ૪ તિલક.




"Aho Shrutgyanam"

## સોમતિલક પ્રાસાદ ત્રયોવિંશતિ–૯ વિભક્તિ.

चतुरस्त्रीकृते क्षेत्रे सूर्यभागविभाजिते ॥
शालार्धं द्वयभागश्च चानुगश्च द्विभागिकम् ॥६८॥
कोणं द्विभागमित्युक्तं स्थापयेद्विदिशादिशि ॥
तलमानं समाख्यातमूर्ध्वमानश्च कथ्यते ॥६९॥

ચોરસ ક્ષેત્રના બાર ભાગ કરવા અને તેમાં અર્ધું ભદ્ર બે ભાગનું, પઢરો બે ભાગનો તથા કર્ણ બે ભાગનો કરવો. આ પ્રમાણે તલમાન કહ્યું. હવે ઉપરનું માન કહું છું. ૬૮, ૬૯.

कोणे क्रमद्वयं कार्यं सर्वतोभद्रमेव च ॥
सर्वतोभद्रतिलकं प्रतिरथे नियोजयेत् ॥७०॥
कोणिकाभद्रकोणेषु तिलकैकं नियोजयेत् ॥
भद्रे च रथिका चित्रा तवंगा वामदक्षिणे ॥७१॥
तदधो मंजरी कार्या पद्माकारा सुवर्त्तिका ॥
पञ्चषष्टिशताग्रैश्च ह्यण्डकैश्च विभूषितः ॥७२॥
चतुर्विंशतितिलकैर्घण्टाकूटैश्च संयुतः ॥
तस्याग्रे मण्डपः कार्यः प्रासादस्यानुरूपतः ॥७३॥
तथा संवर्णका कार्या घण्टातिलकशोभिता ॥
ईदृशं कुरुते यस्तु प्रासादं सोमतिलकम् ॥
स याति परमं स्थानं यत्र देवो सदाशिवः ॥७४॥

કર્ણે સર્વતોભદ્રનાં બે શૃંગો કરવાં. પઢરે સર્વતોભદ્ર અને તિલક કરવું. ભદ્રની અને પ્રતિરથમાંથી નિકળેલી કોણીએ એકેક તિલક કરવું. ભદ્રે દોઢિયો કરી ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં અને ડાબેજમણે અંગે પ્રત્યંગ કરવાં. નીચે મંજરીઓ કરવી. એકસો પાંસઠ ઈંડક તથા ચોવીસ તિલકવાળો આ સોમતિલક પ્રાસાદ જાણવો. તેના આગળ પ્રાસાદને અનુરૂપ મંડપ કરવો અને તે ઘંટા અને કૂટથી સંયુક્ત કરવો. તેના ઉપર ઘંટા અને તિલકોથી સુશોભિત સાંમરણ કરવું. આવી રીતનો સોમતિલક પ્રાસાદ જે કરે છે તે સદાશિવના શ્રેષ્ઠ સ્થાનને પામે છે. ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪.

ઇતિશ્રી સોમતિલક પ્રાસાદ, ભાગ ૧૨, ઈંડક ૧૬૫, તિલક ૨૪, પ્રાસાદ ૨૩ મો.

## વિજયતિલક પ્રાસાદ ચતુર્વિંશતિ–દ્વિતીય ભેદ.

शृणु वत्स प्रवक्ष्यामि विजयतिलकं शुभम् ॥
कर्णान्तं गर्भपर्यन्तं विभक्तौ भागयोजना ॥७५॥



"Aho Shrutgyanam"

चतुरस्त्रीकृते क्षेत्रे दिवाकरविभाजिते ॥
भागद्वयश्च शालार्धं भागैकेन च निर्गमम् ॥७६॥
द्विभागमनुगं ज्ञेयं विस्तरे निर्गमे तथा ॥
कोणं द्विभागमित्युक्तं स्थापयेच्च चतुर्दिशि ॥७७॥

વિશ્વકર્મા કહે છે હે વત્સ ! સાંભળ, હુવે હું તને વિજયતિલક પ્રાસાદનું લક્ષણ અને તેની કર્ણથી ગર્ભ પર્યંતની ભાગયોજના પણ કહું છું.

ચોરસ ક્ષેત્રના બાર ભાગ કરી તેમાં બે ભાગનું અર્ધું ભદ્ર કરવું અને એક ભાગ નિકારે કરવું. પઢરો સમદલ કરવો તથા કર્ણ પણ સમદલ રાખવો. ચારે બાજુએ આ પ્રમાણે રચના કરવી. ૭૫, ૭૬, ૭૭.

तलमानं समाख्यातमूर्ध्वमानश्च कथ्यते ॥
सर्वतोभद्रतिलकं कोणे च क्रमद्वयम् ॥७८॥
क्रमद्वयं प्रतिरथे सर्वतोभद्रकं तथा ॥
केशरी च समाख्यातः शृङ्गश्च भद्रकोणगम् ॥७९॥
अनेनैव तु भागेन भद्रं गवाक्षभूषितम् ॥
मत्तवारणसंयुक्तमीलिकातोरणैर्युतम् ॥८०॥
तस्योर्ध्वं रथिका कार्या चित्रा गवाक्षभूषिता ॥
संवरणेन संयुक्ता घण्टाकूटसमन्विता ॥८१॥
तस्योर्ध्वे च ह्युरुत्रीणि स्वरूपं लक्षणान्वितम् ॥
प्रत्यंगं यदि प्रत्यंगमुरोश्च वामदक्षिणे ॥८२॥
तदधो मंजरी कार्या तवंगानेकभूषिता ॥
यादृशः छन्दप्रासादो मण्डपश्च तथैव हि ॥८३॥
तदूर्ध्वे संवरणा कार्या घण्टातिलकसंयुता ॥
गजसिंहसमाकीर्णा नानाभरणभूषिता ॥८४॥
नवाष्टाधिशतैरण्डैर्विजयतिलकः स्मृतः ॥
विंशतिस्तिलकान्येव घण्टाकूटयुतानि च ॥८५॥
ईदृशं कुरुते यस्तु प्रासादं विजयं शुभम् ॥
विजयं सर्वकालेषु शिवपुर्यां स गच्छति ॥८६॥


"Aho Shrutgyanam"

(૨૩) સોમ તિલક પ્રાસાદ.

૯ વિભક્તિ.

૧૬૫ ઇંડક.


૨૪ તિલક.




ઉપર પ્રમાણે તલમાન કહી હવે ઉપરનું માન કહું છું. કર્ણે બે ક્રમ એટલે કેશરી અને સર્વતોભદ્રનાં શૃંગ કરવાં અને તિલક ચઢાવવાં. પઢરે સર્વતોભદ્ર અને કેશરી શૃંગ કરવું. ભદ્રે ગવાક્ષ કરવું અને તેને મત્તવારણ એટલે કઠેડો પણ કરવો અને તે ઇલિકાતોરણો વડે સુશોભિત કરવો. તેના ઉપર સુશોભિત દોઢિયો કરવો અગર તેને સાંમરણવાળો તથા ઘંટા અને કૂટોથી યુક્ત કરવો. તેના ઉપર ભદ્રે ત્રણ ઉરૂશૃંગો કરવાં અને ડાબેજમણે અંગે પ્રત્યંગ કરવાં. નીચે મંજરીઓ કરવી.

જેવા છંદનો પ્રાસાદ હોય તેવો મંડપ કરવો અને તેના ઉપર સાંમરણ કરવું અને તેને ઘંટા તથા કૂટોથી સુશોભિત કરવું. તેમાં હાથી અને સિંહો પણ કરવા અને નાના આભરણોથી વિભૂષિત મૂર્તિઓ કરવી. એકસો નેવાસી ઇંડક તથા વીસ તિલકવાળો આ વિજયતિલક પ્રાસાદ જે કરે છે તેનો સર્વ કાળમાં વિજય થાય છે

(૨૪) વિજય તિલક પ્રાસાદ.
દ્વિતીય ભેદ.
૧૮૯ ઇંડક. ૨૦ તિલક.




"Aho Shrutgyanam"

અને મરણ બાદ શિવપુરીમાં જાય છે. ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬.
ઇતિશ્રી વિજયતિલક પ્રાસાદ, ભાગ ૧૨, ઇંડક ૧૮૯, તિલક ૨૦, પ્રાસાદ ૨૪ મો.

### ત્રૈલોકયતિલક પ્રાસાદ પંચવિંશતિ–૧૦ વિભકિત.

शृणु वत्स प्रवक्ष्यामि त्रैलोक्यतिलकं वरम् ॥
चतुरस्त्रीकृते क्षेत्रे द्वात्रिंशपदभाजिते ॥८७॥
कर्णान्तं गर्भपर्यन्तं विभागानां सुनिश्चयम् ॥
भद्रन्तु रसभागश्च युगभागश्च निर्गमः ॥८८॥
नंदिका चन्द्रभागा च विस्तरे निर्गमे समा ॥
प्रतिरथं वेदभागं निर्गमे च तथैव हि ॥८९॥
कोणिकेन्दुभागा च निर्गमे चेन्दुभागिका ॥
कोणं तु युगभागश्च स्थापयेच्च चतुर्दिशि ॥९०॥
पीठोपरि च संस्थाप्यं भद्रं गवाक्षभूषितम् ॥
मत्तवारणसंयुक्तमीलिकावलणैर्युतम् ॥९१॥
ईदृशं कारयेद्यस्य भद्रं प्रासादभूषणम् ॥
तलमानं समाख्यातमूर्ध्वमानश्च कथ्यते ॥९२॥

શ્રીવિશ્વકર્મા કહે છે હે વત્સ ! સાંભળ, હવે હું શ્રેષ્ઠ ત્રૈલોકયતિલકનું લક્ષણ કહું છું. ચોરસ ક્ષેત્રમાં બત્રીસ ભાગ કરવા અને તેમાં કર્ણથી ગર્ભ સુધીના ભાગોનો જે નિશ્ચય થયેલો છે તે સાંભળ. અર્ધું ભદ્ર છ ભાગનું કરવું અને નીકારે ચાર ભાગ રાખવું. એક ભાગની નંદી સમદલ કરવી. ચાર ભાગનો પઢરો સમદલ કરવો અર્થાત્ પહોળો તેમજ નીકળતો સરખો રાખવો. કણિકા એક ભાગની સરખી કરવી તથા કર્ણ ચાર ભાગનો સરખો કરવો. આ બધું પીઠ ઉપર રચી ભદ્ર કરવું તે ગોખથી યુક્ત કરવું અને તેને મત્તવારણ એટલે કઠેડો કરવો. તેને ઇલિકાના વલણોથી યુક્ત કરવો અર્થાત્ તોરણયુક્ત બે સ્તંભો કરવા. પ્રાસાદના ભૂષણ રૂપ ભદ્રને આવી રીતે સુશોભિત બનાવવું. આ પ્રમાણે તલમાન કહી હવે ઉપરનું માન કહું છું. ૮૭, ૮૮, ૮૯ ૯૦, ૯૧, ૯૨.

केशरी सर्वतोभद्रो नंदनश्च तृतीयकः ॥
अनुक्रमेण संस्थाप्यः कोणमध्ये व्यवस्थितः ॥९३॥

"Aho Shrutgyanam"

नंदिकाकोणिकायां तु,
केशरीश्च नियोजयेत् ॥
नवंगडैश्च संयुक्तं,
तिलकश्चैव दापयेत् ॥९४॥
केशरी सर्वतोभद्रो,
नंदनश्च तृतीयकः ॥
प्रतिरथे च संस्थाप्य-
श्चतुर्दिक्षु व्यवस्थितम् ॥९५॥
भद्रोर्ध्वे रथिका कार्या,
भद्रं गवाक्षभूषितम् ॥
तदूर्ध्वे संवर्णं कार्यं,
घण्टातिलकसंयुतम् ॥९६॥
ईलिकावलणैर्युक्तं,
गजसिंहसमन्वितम् ॥
तदूर्ध्वे च ह्युरुत्रीणि,
स्वरूपं लक्षणान्वितम् ॥९७॥
प्रत्यंगं यदि प्रत्यंग-
मुरोश्च वामदक्षिणे ॥
तदधो मंजरी कार्या,
पद्माकारसमन्विता ॥९८॥


કર્ણે અનુક્રમથી કેશરી, સર્વતોભદ્ર અને નંદનનાં શૃંગો કરવાં. નંદીએ તથા કોણીએ કેશરી શૃંગ ચઢાવવું. ભદ્રે દોઢિયો અને તિલક કરવું તથા પઢરે કેશરી, સર્વતોભદ્ર અને નંદનનાં શૃંગ કરવાં. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ભદ્રે દોઢિયો કરવો અગર ગવાક્ષ પણ કરવો. તેના ઉપર સાંમરણ કરવું અને તે ઘંટા અને તિલકોથી યુક્ત કરવું. તેમાં

(૨૫) ત્રૈલોક્ય તિલક પ્રાસાદ.

૧૦ વિભક્તિ.

૪૨૫ ઇંડક.

૨૪ તિલક.




"Aho Shrutgyanam"


ઇલિકાનાં વલણુ તથા ગજ અને સિંહો કરવા. તેના ઉપર ત્રણ ઉરૂશૃંગો કરવાં. ડાબેજમણે પ્રત્યંગો કરવાં. નીચે મંજરીઓ પદ્મકોશાકારે કરવી. ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮.

द्वात्रिंशपदमध्याच्च विंशतिपदभाजिते ॥
एते भागाः समाख्याता रेखाविस्तारमादिशेत् ॥९९॥
रेखाविस्तारमानेन सपादेन तथोच्छ्रयः ॥
तवंगडैश्च संयुक्तमुद्गमैश्च समाकुलम् ॥१००॥
बाणाक्षिवेदसंख्यानि ह्यण्डकानि च दृश्यते ॥
तिलकानि चतुर्विंशं तवंगोद्गमसंयुतः ॥१०१॥
आमलसारश्च कलशः कर्तव्यस्तु सुशोभनः ॥
पताकामर्कटीदण्डं पूर्वमानेन कारयेत् ॥१०२॥
यादृशः छंदप्रासादो मण्डपश्च तथैव हि ॥
तदूर्ध्वे संवर्णं कार्यं घण्टाकूटैश्च संयुतम् ॥१०३॥
गजासिंहविरालैस्तु मुनिविद्याधरैर्युतम् ॥
दृश्यश्चैव तथा सांध्यं प्रासादो भुवनोपमः ॥१०४॥
अथर्वदेवलोकेन कर्ता कारापकैः समः ॥
अतिसाकाम्यमाप्नोति स्वर्गोत्पत्तिश्च देवता ॥१०५॥
अन्यथा कुरुते यस्तु शिल्पी चैवाल्पबुद्धिमान् ॥
शिल्पिनो निष्कुलं यान्ति कर्तृकारापकावुभौ ॥१०६॥
अतः सर्वप्रयत्नेन शास्त्रदृष्टेन कारयेत् ॥
आयुरारोग्यसौभाग्यं कर्तृकारापकस्य च ॥१०७॥

इति श्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते
शिल्परत्नाकरे तिलकसागरादिपञ्चविंशतिप्रासादलक्षणाधिकारे
गुर्जरभाषायां सप्तमं रत्नं समाप्तम् ॥

બત્રીસ ભાગના તળમાં રેખાવિસ્તારનો પાયચો વીસ ભાગનો કરવો અને રેખાવિસ્તારના માનથી સવાયો ઉંચો કરવો તથા તવંગડ એટલે ગોખ અને દોઢિયાથી સુશોભિત કરવો. ચારસો પચીસ ઇંડક, ચોવીસ તિલક અને ગોખ તથા દોઢિયા

"Aho Shrutgyanam"



શેઠ હઠીસીંગનું જૈન દેરાસર, અમદાવાદ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"


વડે તેમજ આમલસારો અને કળશ વિગેરેથી સુશોભિત પ્રાસાદ કરવો. પતાકા, મર્કટી અને ધ્વજાદંડ પૂર્વમાન પ્રમાણે કરવાં. જેવા છંદનો પ્રાસાદ હોય તેવો મંડપ કરવો અને તેના ઉપર સાંમરણ કરવું. તે ઘંટા અને કૂટો સહિત કરવું તેમજ ગજ, સિંહ, વિરાલ, વિદ્યાધર, મુનિ વિગેરેની આકૃતિઓ વડે તેમજ સંધ્યા કરતા મુનિઓની મૂર્તિઓ વડે અલંકૃત કરવું.

ભુવનોપમ આ પ્રાસાદનો કર્તા કરનારાઓની સાથે અથર્વ નામના દેવલોકને પામે છે અને સ્વર્ગપ્રાપ્તિ થઈ દેવત્વ મેળવે છે. જે વિધિ છોડી બીજી રીતે પ્રાસાદ રચે છે એવો અલ્પબુદ્ધિ શિલ્પી પોતે તથા કર્તા બન્નેના કુળને નિર્વંશ બનાવે છે. માટે સર્વ પ્રયત્નથી શાસ્ત્રદૃષ્ટિયુક્ત પ્રાસાદો કરાવવા. શાસ્ત્રદૃષ્ટિથી થયેલા પ્રાસાદો કર્તા તેમજ કરનારાઓનાં આયુષ્ય, આરોગ્ય અને સૌભાગ્યની વૃદ્ધિ કરે છે. ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭.

ઇતિશ્રી ત્રૈલોક્યતિલક પ્રાસાદ, ભાગ ૩૨, ઇંડક ૪૨૫, તિલક ૨૪, પ્રાસાદ ૨૫ મો.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું તિલકસાગરાદિ પંચાવિંશતિ પ્રાસાદ લક્ષણાધિકાર નામનું સાતમું રત્ન સંપૂર્ણ.**


"Aho Shrutgyanam"


गाम मोझारिया श्री विश्वकर्मा ना देवालय नो नकशो
— तिलकसागरादि प्रासाद तुल भाग १० —
नाम रंभातिलक प्रा:
— प्रमाण ॥ आंगल-१ गज —
शिल्प शास्त्री




શ્રી અજિતનાથ શ્વેતાંબર જૈન પ્રાસાદ, શ્રી તારંગાજી.

"Aho Shrutgyanam"




શ્રી અજિતનાથ શ્વેતાંબર જૈન પ્રાસાદ, શ્રી તારંગાજી.

"Aho Shrutgyanam"




શ્રીપાર્શ્વનાથ ભગવાનના દેરાસરના ગૂઢ મંડપનો નકશો. શેરીસા, (ઉત્તર ગુજરાત).

"Aho Shrutgyanam"

# अष्टमं रत्नम् ।

॥ अथ ऋषभादिद्विसप्ततिप्रासादलक्षणाधिकारः ॥

## क्षीरार्णवे ऋषभादिप्रासादानां विषये जयविश्वकर्मणोः संवादः ।

मेरुपृष्ठे समासीनं विश्वकर्ममहाप्रभुम् ॥
वेदवेदाङ्गसंपन्नमप्सरोगणसेवितम् ॥१॥
देवदानवगंधर्वसिद्धविद्याधरैर्नरैः ॥
ऋषिसंघसमाकीर्णं सेवितं विविधैर्गणैः ॥२॥
विश्वकर्मणि संयुक्तं समागम्य जयोऽब्रवीत् ॥
प्रणमामि प्रभो त्वाञ्च सर्वज्ञ विश्वकारक ॥३॥

મેરૂના શિખર ઉપર બીરાજેલા, વેદવેદાંગને જાણનારા, અપ્સરાઓના ગણોથી સેવાયેલા, દેવ, દાનવ, ગંધર્વ, સિદ્ધ અને વિદ્યાધરોથી પૂજિત થયેલા, ઋષિઓના સમુદાયથી ઘેરાયેલા તથા બીજા નાના પ્રકારના દેવોના ગણોથી સેવાતા અને વિશ્વનાં કાર્યો કરવામાં યોજાયેલા એવા મહાપ્રભુ શ્રીવિશ્વકર્મા પાસે આવી તેમનો પુત્ર જય કહેવા લાગ્યો કેઃ "હે સમગ્ર વિશ્વની રચના કરનાર સર્વજ્ઞ પ્રભો ! આપને હું પ્રણામ કરૂં છું." ૧, ૨, ૩.

### जय उवाच ।

प्रासादास्तु त्वया प्रोक्ता वैराज्यकुलसंभवाः ॥
विभक्तितलमेतेषां त्वया प्रोक्तं सुविस्तरम् ॥४॥

જયે કહ્યુંઃ "હે પ્રભો ! આપે વૈરાજ્ય કુલમાં ઉત્પન્ન થયેલા પ્રાસાદોનો વિધિ કહ્યો છે તેમજ તેમના વિભાગો અને તલોનાં લક્ષણો પણ ઘણા વિસ્તારપૂર્વક કહ્યાં છે." ૪.

जिनेन्द्रा वीतरागाश्च केवलिज्ञानसंभवाः ॥
त्रिलोकेशाश्च सर्वज्ञाः सर्वदेवेषु पूजिताः ॥५॥
प्रासादा जिननामानो विभक्त्या ऋषभादयः ॥
रचनाविधिमेतेषां कथयस्व मम प्रभो ॥६॥



"Aho Shrutgyanam"

"હે પ્રભો ! હવે કૃપા કરી મને મોહ વિગેરેથી રહિત, કેવલ જ્ઞાનની પ્રાપ્તિવાળા, ત્રિલોકના ઇશ તથા સર્વજ્ઞ અને સર્વ દેવતાઓમાં પૂજાયેલા એવા શ્રીજિનેન્દ્ર પ્રભુ ઋષભાદિ તીર્થંકરોના પોતપોતાના નામવાળા પ્રાસાદોની રચનાવિધિ કહો." ૫, ૬.

**जगत्याः पीठमाकारं मण्डोरं शिखरोत्तमम् ॥**
**द्वारमानं जगत्यङ्गं मंडपं परमोत्तमम् ॥७॥**
**कलशमामलसारं पताकां दण्डमर्कटीम् ॥**
**रूपं वै लक्षणं तात कथयस्व मम प्रभो ॥८॥**

"હે પ્રભો ! જગતી તથા તેની પીઠોનાં સ્વરૂપો, મંડોરા, તેના ઉપર રચવાનાં ઉત્તમ પ્રકારનાં શિખરો, દ્વારમાન, જગતીનાં અંગો, શ્રેષ્ઠ મંડપો, કલશ અને આમલસારો, પતાકા, ધ્વજદંડ અને મર્કટી (પાટલી); એમનાં સ્વરૂપો તથા લક્ષણો કૃપા કરી મને કહો." ૭, ૮.

**विश्वकर्मा उवाच ।**

**श्रृणु वत्स महाप्राज्ञ यच्च त्वं परिपृच्छसि ॥**
**प्रासादांश्च जिनेन्द्राणां कथयामि समासतः ॥९॥**

વિશ્વકર્માએ કહ્યું: "હે પુત્ર ! તું જે પૂછે છે તે શ્રીજિનેન્દ્ર મહાપ્રભુઓના પ્રાસાદોની જે વિધિ છે તે સર્વ સંક્ષેપથી હું તને કહું છું તે તું સાંભળ." ૯.

**मध्यप्रासादमेरुश्च भद्रप्रासादनागरः ॥**
**अंतको द्राविडश्चैव लतिनश्च महीधरः ॥१०॥**
**एवमादिविचारेण ऋषभादिः प्रजायते ॥**
**जिनेन्द्राणां प्रियाश्चैव धर्मार्थकाममोक्षदाः ॥११॥**

મધ્ય મેરૂ, કલ્યાણકારી નાગરાદિ, અંતકાદિ, દ્રાવિડાદિ, લતિનાદિ અને મહીધરાદિ વિગેરે જાતિના પ્રાસાદોમાંથી ઋષભાદિ પ્રાસાદો ઉત્પન્ન થાય છે અર્થાત્ ઉપર્યુક્ત પ્રાસાદોનાં અંગો, તલો અને શિખરાદિનો વિચાર કરી ઋષભાદિ પ્રાસાદો કરવામાં આવે છે. આ પ્રાસાદો શ્રીજિનેન્દ્ર પ્રભુઓને વિશેષ કરીને પ્રિય છે અને તે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ; એ ચારે પુરૂષાર્થોને આપનારા છે. ૧૦, ૧૧.

**ઋષભાદિ ૭૨ પ્રાસાદોનાં નામ.**

**ऋषभश्चैव कैलासः सुरेन्द्रो ह्यजितस्तथा ॥**
**गजेन्द्रोऽथ विशालश्च स्वयंभूश्चैव सप्तमः ॥१२॥**

"Aho Shrutgyanam"

क्षीराक्षश्चैव संतोषो ह्यभिनन्दनसंज्ञकः ॥
अविघ्नश्च प्रमोदश्च सुरवल्लभनामकः ॥१३॥
सुमतिश्च सुबुद्धिश्च सुप्रियश्चैव षोडशः ॥
पद्मप्रभुश्च विज्ञेयः पद्मरागोऽथ पुष्टिदः ॥१४॥
सुपार्श्वश्चैव विज्ञेयः प्रासादस्तु सुनंदनः ॥
श्रीवल्लभस्तथा प्रोक्तश्चन्द्रप्रभसुनामकः ॥१५॥
चन्द्रशेखरसंज्ञश्च विमानो सुविधिस्तथा ॥
सुश्रियो वसुपुष्पश्च शीतलोऽथ श्रियेन्दुकः ॥१६॥
दनुराजश्रियांशौ च श्रीवत्सः पुत्रदस्तथा ॥
शीतलो नाम विज्ञेयः प्रासादः कीर्तिदायकः ॥१७॥
मनोहरस्तथा प्रोक्तः स्वकुलः कुलनन्दनः ॥
वासुपूज्योऽथ संख्यातो रत्नसंभवसंज्ञकः ॥१८॥
विमलो मुक्तिसंघट्टो ह्यनन्तश्च सुरेन्द्रकः ॥
वृक्षराजश्च विज्ञेयो धर्मदो धर्मवृक्षकः ॥१९॥
शान्तश्चैव प्रसंख्यातः कामदायककुन्थुदौ ॥
शक्तिदो हर्षणश्चैव नाम्ना कमलकन्दकः ॥२०॥
केवली च तथार्हन्तो महेन्द्रः पापनाशनः ॥
मानसंतुष्टिसंज्ञश्च गौरवश्च सुनामकः ॥२१॥
सुमतिकीर्तिनामश्च जिनेन्द्रायतनस्तथा ॥
राजेन्द्रश्चैव नेमीन्द्रो यतिभूषणनामकः ॥२२॥
सुपुष्पश्चैव विज्ञेयः पार्श्ववल्लभसंज्ञकः ॥
पद्मावृतो यरूपश्च वीरविक्रमनामकः ॥२३॥
मष्टादयश्च विज्ञेयः तुष्टिपुष्टिर्जिनप्रियः ॥
नाम्नैवं कथितं सर्वं द्वासप्ततिजिनालयम् ॥
अत ऊर्ध्वं प्रवक्ष्यामि स्वरूपं लक्षणान्वितम् ॥२४॥

૧ ઋષભ, ૨ કૈલાસ, ૩ સુરેન્દ્ર, ૪ અજિત, ૫ ગજેન્દ્ર, ૬ વિશાલ, ૭ સ્વયંભૂ, ૮ ક્ષીરાક્ષ, ૯ સંતોષ, ૧૦ અભિનંદન, ૧૧ અવિઘ્ન, ૧૨ પ્રમોદ, ૧૩ સુરવલ્લભ, ૧૪ સુમતિ, ૧૫ સુબુદ્ધિ, ૧૬ સુપ્રિય, ૧૭ પદ્મપ્રભુ, ૧૮ પદ્મરાગ, ૧૯ પુષ્ટિદ, ૨૦ સુપાર્શ્વ, ૨૧ સુનંદન, ૨૨ શ્રીવલ્લભ, ૨૩ ચન્દ્રપ્રભ, ૨૪ ચન્દ્રશેખર, ૨૫ વિમાન,

"Aho Shrutgyanam"

૨૬ સુવિધિ, ૨૭ સુશ્રિય, ૨૮ વસુપુષ્પ, ૨૯ શીતલ, ૩૦ શ્રિયેન્દુ, ૩૧ દનુરાજ, ૩૨ શ્રિયાંશ, ૩૩ શ્રીવત્સ, ૩૪ પુત્રદ, ૩૫ શીતલ, ૩૬ કીર્તિદાયક, ૩૭ મનોહર, ૩૮ સ્વકુલ, ૩૯ કુલનંદન, ૪૦ વાસુપૂજ્ય, ૪૧ રત્નસંભવ, ૪૨ વિમલ, ૪૩ મુક્તિસંઘટ્ટ, ૪૪ અનન્ત, ૪૫ સુરેન્દ્ર, ૪૬ વૃક્ષરાજ, ૪૭ ધર્મદ, ૪૮ ધર્મવૃક્ષ, ૪૯ શાન્ત, ૫૦ કામદાયક, ૫૧ કુન્થુદ, ૫૨ શક્તિદ, ૫૩ હર્ષણ, ૫૪ કમલકન્દ, ૫૫ કેવલી, ૫૬ અર્હન્ત, ૫૭ મહેન્દ્ર, ૫૮ પાપનાશન, ૫૯ માનસંતુષ્ટિ, ૬૦ ગૌરવ, ૬૧ સુમતિકીર્તિ, ૬૨ જિનેન્દ્રાયતન, ૬૩ રાજેન્દ્ર, ૬૪ નેમીન્દ્ર, ૬૫ યતિભૂષણ, ૬૬ સુપુષ્પ, ૬૭ પાર્શ્વવલ્લભ, ૬૮ પદ્માવૃત, ૬૯ યરૂપ, ૭૦ વીરવિક્રમ, ૭૧ મષ્ટાદય અને ૭૨ મો તુષ્ટિપુષ્ટિ પ્રાસાદ જાણવો. આ પ્રમાણે બોતેર પ્રાસાદ જે જિનદેવોને પ્રિય છે તે સર્વ જિનાલયનાં નામો કહ્યાં. હવે તેમનું લક્ષણ સહિત સ્વરૂપ કહું છું. ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪.

## ( ૧ ) શ્રીઋષભપ્રાસાદ—૧ લી વિભક્તિ.

**चतुरस्त्रीकृते क्षेत्रे द्वात्रिंशत्पदभाजिते ॥**
**कर्णभागत्रयं कार्यं प्रतिकर्ण तथैव च ॥२५॥**
**उपरथं त्रिभागश्च भद्रार्धं वेदभागिकम् ॥**
**नंदिका कर्णिका चैव ह्येकभागा व्यवस्थिता ॥२६॥**


ચોરસ ક્ષેત્ર કરી તેના બત્રીસ (૩૨) ભાગ કરવા. તેમાંના ત્રણ (૩) ભાગનો કર્ણ કરવો તેમજ પ્રતિકર્ણ પણ ત્રણ (૩) ભાગનો કરવો. ઉપરથ ભાગ ત્રણ (૩) અને અર્ધું ભદ્ર ભાગ ચાર (૪)નું કરવું તથા કર્ણ અને પ્રતિકર્ણ તેમજ ઉપરથ અને ભદ્રની વચ્ચે એક એક ભાગની નંદિકા અને કર્ણિકા કરવી. ૨૫, ૨૬.

**कर्णे च कर्मचत्वारि प्रतिकर्णे क्रमत्रयम् ॥**
**उपरथे द्वयं ज्ञेयं कर्णिकाद्वयमेव च ॥२७॥**
**विंशतिर्ह्युरुश्रृङ्गाणि प्रत्यङ्गं षोडशं भवेत् ॥**
**कर्णे च केशरी दद्यान्नंदनो नंदशालिकः ॥२८॥**
**नंदीशः प्रथमं कर्म ह्यूर्ध्वे तिलकशोभनम् ॥**
**आदिजिनाय कर्त्तव्यः प्रासादो नाम चर्षभः ॥२९॥**

કર્ણ ઉપર ચાર કર્મ, પ્રતિકર્ણ ઉપર ત્રણ કર્મ, ઉપરથ ઉપર બે તથા કર્ણિકાઓ ઉપર બે બે કર્મ કરવાં. ચારે દિશાઓનાં મળી ઉરૂશૃંગ વીસ (૨૦) અને પ્રત્યંગો સોળ (૧૬) કરવાં. કર્ણના ઉપરનાં ચાર કર્મોમાં પહેલું કર્મ નંદીશ, બીજું નંદશાલિક, ત્રીજું

"Aho Shrutgyanam"

નંદન અને ચોથું કેશરી ચઢાવવું તથા ઉપર સુશોભિત તિલક કરવું. આ પ્રાસાદનું નામ ઋષભ પ્રાસાદ છે અને તે પહેલા તીર્થંકર શ્રીઋષભદેવને માટે કરવો. ૨૭, ૨૮, ૨૯.




(૧)ઋષભપ્રાસાદ
૧લી વિભક્તિ.
૭૩૩ ઇંડક.
૪ તિલક.

ઇતિશ્રી ઋષભપ્રાસાદ પ્રથમ, તુલ ભાગ ૩૨, ઇંડક ૭૩૩, તિલક ૪.

## (૨) કૈલાસપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपं तत्प्रमाणञ्च,**
**रथोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**कैलासो नाम विज्ञेयः,**
**स्वरूपो लक्षणान्वितः ॥३०॥**

ઉપર પ્રમાણે સ્વરૂપ અને પ્રમાણ કરવું અને વધારેમાં ઉપરથે તિલક ચઢાવવું. આ કૈલાસ નામનો પ્રાસાદ જાણવો. ૩૦.

ઇતિશ્રી કૈલાસપ્રાસાદ દ્વિતીય, ઇંડક ૭૩૩, તિલક ૧૨.

## (૩) સુરેન્દ્રપ્રાસાદ તૃતીય ભેદ.

**कैलासस्य तु संस्थाने,**
**ह्युपरथोर्ध्वे मंजरी ॥**
**सुरेन्द्रश्च तदा नाम,**
**पुरे वै धर्मवर्धनः ॥३१॥**


કૈલાસ પ્રાસાદના તલ તથા સ્વરૂપ ઉપર વધારેમાં ઉપરથે એક મંજરી કરવી. આ સુરેન્દ્ર નામનો પ્રાસાદ જાણવો અને તે નગરમાં ધર્મની વૃદ્ધિ કરનારો છે. ૩૧.

ઇતિશ્રી સુરેન્દ્રપ્રાસાદ તૃતીય, ઇંડક ૭૩૩, તિલક ૧૨, મંજરી ૮.

"Aho Shrutgyanam"

(૪) અજિતપ્રાસાદ ચતુર્થ—
૨ જી વિભક્તિ.

चतुरस्रीकृते क्षेत्रे,
द्वादशपदभाजिते ॥
कर्णभागद्वयं कार्यं,
प्रतिकर्णं तथैव च ॥३२॥
भद्रार्धं सार्धभागेन,
नंदी तु चार्धभागतः ॥
कर्णे कर्मत्रयं कार्यं,
प्रतिकर्णे क्रमद्वयम् ॥३३॥
अष्टौ चैवोरुशृंगाणि,
प्रत्यंगमष्टकं भवेत् ॥
कर्णे च केशरी दाप्यः,
सर्वतोभद्रमेव च ॥३४॥
नंदनश्च प्रदातव्य-
श्चतुष्कर्णेषु शोभितः ॥
अजितो नाम प्रासादो,
विज्ञेयः सुरवल्लभः ॥३५॥




(૪) અજિતપ્રાસાદ.
૨ જી વિભક્તિ.
૨૬૯ ઇંડક.

સમચોરસ ક્ષેત્રના બાર (૧૨) ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ બે (૨), પ્રતિકર્ણ ભાગ બે (૨), નંદીભાગ અર્ધો (૦।।) અને અર્ધું ભદ્ર ભાગ દોઢ (૧।।) નું કરવું. આ પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી. કર્ણે ત્રણ કર્મ અને પ્રતિકર્ણે બે ક્રમ કરવા. ચારે દિશાએ મળી આઠ ઉરૂશૃંગ અને આઠ પ્રત્યંગ કરવાં. કર્ણે પહેલું કર્મ નંદન, બીજું સર્વતોભદ્ર અને ત્રીજું કેશરી ચઢાવવું. (પ્રતિકર્ણે પહેલું નંદન અને બીજું કેશરી ચઢાવવું). આ પ્રાસાદનું અજિત નામ છે અને તે દેવોને

"Aho Shrutgyanam"

ઘણો પ્રિય છે. આ પ્રાસાદ બીજા તીર્થંકર શ્રીઅજિતનાથ પ્રભુને કરવો. ૩૨, ૩૩, ૩૪, ૩૫.

ઇતિશ્રી અજિતનાથપ્રાસાદ ચતુર્થ, તુલ ભાગ ૧૨, ઇંડક ૨૬૯.

## ( ૫ ) ગજેન્દ્રપ્રાસાદ દ્વિતીય ભેદ.

**अजितस्य च संस्थाने भद्रे त्रयोरुशृङ्गकम् ॥**
**गजेन्द्रो नाम विख्यातः सर्वदेवेषु वल्लभः ॥३६॥**

અજિત પ્રાસાદના તળ અને સ્વરૂપમાં ભદ્રે ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં. આ ગજેન્દ્ર નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વ દેવોને પ્રિય છે. ૩૬.

ઇતિશ્રી ગજેન્દ્રપ્રાસાદ પંચમ, ઇંડક ૨૭૩.

## ( ૬ ) વિશાલપ્રાસાદ તૃતીય ભેદ.

**तिलकं नंदिकायाश्च विशालो नाम नामतः ॥**
**सर्वदेवेषु कर्तव्यः प्रासादो जिनवल्लभः ॥३७॥**

ગજેન્દ્રપ્રાસાદના તળ અને સ્વરૂપ ઉપર વધારેમાં નંદિકાએ એક તિલક ચઢાવવું. આ વિશાલ નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વ દેવોને કરવો. આ પ્રાસાદ સર્વ તીર્થંકરોને ઘણો પ્રિય છે. ૩૭.

ઇતિશ્રી વિશાલપ્રાસાદ ષષ્ઠ, ઇંડક ૨૭૩, તિલક ૧૬.


## ( ૭ ) સ્વયંભપ્રાસાદ—૩ ૭ વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे त्वष्टादशविभाजिते ॥**
**कर्णभागद्वयं कार्यं कर्णिका भागिका तथा ॥३८॥**
**प्रतिरथं कर्णमानेन नंदिका पदविश्रुता ॥**
**भद्रार्द्धं त्रयभागेन चतुर्दिक्षु व्यवस्थितम् ॥३९॥**

ચોરસ ક્ષેત્રના અઢાર ( ૧૮ ) ભાગ કરવા. બે ભાગનો કર્ણ, એક ભાગની કર્ણિકા, બે ભાગનો પ્રતિરથ, એક ભાગની નંદિકા અને અડધું ભદ્ર ત્રણ ભાગનું કરવું. આ પ્રમાણે ચારે બાજુ રચના કરવી. ૩૮, ૩૯.

**कर्णे कर्मद्वयं कार्यं केशरी च श्रीवत्सकम् ।**
**प्रतिकर्णे कर्णमानेन कर्णिनंद्योश्च शृङ्गकम् ॥४०॥**

"Aho Shrutgyanam"




(૭) સ્વયંભૂપ્રાસાદ.
૩ જી વિભક્તિ.
૧૧૩ ઇંડક.

भद्रे चैवोरुचत्वारि,
प्रत्यङ्गमष्टकं भवेत् ॥
स्वयंभूश्चैव नामोऽयं,
जिनेन्द्रो संभवप्रियः ॥४१॥

કર્ણે બે કર્મ કેશરી અને શ્રીવત્સનાં કરવાં. પ્રતિકર્ણે પણ કેશરી અને શ્રીવત્સનાં બે કર્મ કરવાં. કર્ણિકા અને નંદીએ શૃંગ ચઢાવવું. ભદ્રે ચાર ઉરૂશૃંગો કરવાં અને આઠ પ્રત્યંગો ચઢાવવાં. સ્વયંભૂ નામનો આ પ્રાસાદ શ્રીસંભવનાથ તીર્થંકરને પ્રિય છે. ૪૦, ૪૧.

ઇતિશ્રી સ્વયંભૂપ્રાસાદ સપ્તમ, તુલ ભાગ ૧૮, ઇંડક ૧૧૩.

## (૮) ક્ષીરાક્ષપ્રાસાદ દ્વિતીય ભેદ.

तद्रूपं तत्प्रमाणश्च,
कर्णोर्ध्वे तिलकं न्यसेत् ॥
क्षीराक्षश्चैव नामोऽयं,
प्रासादस्तु मनोहरः ॥४२॥

સ્વયંભૂપ્રાસાદના તળ અને સ્વરૂપમાં વધારેમાં કર્ણ ઉપર તિલક કરવું. આ ક્ષીરાક્ષ નામનો પ્રાસાદ જાણવો. ૪૨.

ઇતિશ્રી ક્ષીરાક્ષપ્રાસાદ અષ્ટમ, ઇંડક ૧૧૩, તિલક ૪.

## (૯) સંતોષપ્રાસાદ તૃતીય ભેદ.

तत्तुल्यश्च तदूर्ध्वेन,
कर्णो नंदी च शृंगिका ॥
संतोषश्चैव प्रासादः,
कर्तव्यश्च सुखावहः ॥४३॥

"Aho Shrutgyanam"


ઉપર પ્રમાણેના તલ અને સ્વરૂપમાં કર્ણીએ તેમજ નંદિકાએ શૃંગ ચઢાવવું. આ સંતોષ નામનો પ્રાસાદ જાણવો.

ઇતિશ્રી સંતોષપ્રાસાદ નવમ; ઇંડક ૧૨૯, તિલક ૪.

(૧૦) અભિનંદન પ્રાસાદ.
૪ થી વિભકિત.
૧૭૭ ઇંડક.
૧૨ તિલક.

### (૧૦) અભિનંદન પ્રાસાદ—
### ૪ થી વિભક્તિ.

**चतुरस्त्रीकृते क्षेत्रे,**
**त्वष्टादशविभाजिते ॥**
**त्रयस्त्रयस्त्रिषु स्थाने,**
**हस्तांगुलनिर्गमम् ॥४४॥**
**कर्णे कर्मद्वयं कार्यं,**
**प्रतिकर्णे क्रमद्वयम् ॥**
**भद्रं वै ह्युरुबाहुभ्यां,**
**कर्तव्यं च चतुर्दिशम् ॥४५॥**
**अभिनंदननामोऽयं,**
**तिलकैश्च सुखावहः ॥**
**प्रासादं कुरुते यस्तु,**
**स्वर्गलोके स मोदते ॥४६॥**




ચોરસ ક્ષેત્રના અઢાર (૧૮) ભાગ કરવા. અડધું ભદ્ર, કર્ણ અને પ્રતિકર્ણ; એ ત્રણેય ત્રણ ત્રણ ભાગના કરવા અને નીકારે હસ્તાંગુલ એટલે પ્રાસાદ કર્ણે જેટલા ગજ પહોળો હોય તેટલા આંગળ કરવા. કર્ણે કેશરી અને સર્વતોભદ્રનાં બે કર્મ કરવાં. પ્રતિકર્ણે પણ બે કર્મ કરવાં. ભદ્રે બે ઉરૂશૃંગ ચઢાવવાં. કર્ણ, પ્રતિકર્ણ અને ભદ્ર ઉપર તિલક કરવાં. આ અભિનંદન નામનો પ્રાસાદ જાણવો અને તે સુખ આપનારો છે. આ પ્રાસાદ જે કરે છે તે સ્વર્ગલોકમાં સુખ પામે છે. ૪૪,૪૫,૪૬.

ઇતિશ્રી અભિનંદનપ્રાસાદ દશમ, તુલ ભાગ ૧૮, ઇંડક ૧૭૭, તિલક ૧૨.



"Aho Shrutgyanam"

## ( ૧૧ ) અવિઘ્નપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपश्च प्रकर्तव्यं रथोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**अविघ्नो नाम विज्ञेयः प्रासादो विपुलः श्रिया ॥४७॥**

અભિનંદન પ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારેમાં રથે તિલક કરવું. આ અવિઘ્ન નામનો પ્રાસાદ જાણવો અને તે પુષ્કળ લક્ષ્મી આપનારો છે. ૪૭.

ઇતિશ્રી અવિઘ્નપ્રાસાદ એકાદશ, ઇંડક ૧૭૭, તિલક ૨૦.

## ( ૧૨ ) પ્રમોદપ્રાસાદ તૃતીય ભેદ.

**अविघ्नस्य च संस्थाने ह्युरुशृङ्गं तृतीयकम् ॥**
**प्रमोदो नाम प्रासादो विज्ञेयः सुरभूषणः ॥४८॥**

અવિઘ્નપ્રાસાદના તળ અને સ્વરૂપ ઉપર ભદ્રે વધારેમાં ત્રીજું ઉરૂશૃંગ ચઢાવવું. આ દેવતાઓને ભૂષણરૂપ પ્રમોદ નામનો પ્રાસાદ જાણવો. ૪૮.

ઇતિશ્રી પ્રમોદપ્રાસાદ દ્વાદશ, ઇંડક ૧૮૧, તિલક ૨૦.

## ( ૧૩ ) સુરવલ્લભપ્રાસાદ ચતુર્થ ભેદ.

**कर्णे श्रीवत्सकं कार्यं प्रासादः सुरवल्लभः ॥**
**सर्वदेवेषु कर्तव्यो देवानाञ्च सदा प्रियः ॥४९॥**

અવિઘ્નપ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારેમાં કર્ણે એક શ્રીવત્સ શૃંગ કરવું. આ સુરવલ્લભ નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વ દેવોને હંમેશાં પ્રિય છે. ૪૯.

ઇતિશ્રી સુરવલ્લભપ્રાસાદ ત્રયોદશ, ઇંડક ૧૮૫, તિલક ૨૦.


## ( ૧૪ ) સુમતિનામ પ્રાસાદ—૫ મી વિભક્તિ

**चतुरस्रीकृते क्षेत्रे चतुर्दशविभाजिते ॥**
**कर्णौ द्विभागविस्तीर्णौ प्रतिकर्णस्तथैव च ॥५०॥**
**निर्गमस्तत्समो ज्ञेयो नंदिका भागविश्रुता ॥**
**भद्रार्धश्च द्विभागेन कर्तव्यश्च चतुर्दिशम् ॥५१॥**

ચોરસ ક્ષેત્રના ચૌદ ( ૧૪ ) ભાગ કરવા. બે ભાગનો કર્ણ તથા બે ભાગનો પ્રતિકર્ણ કરવો. નીકારે સમદલ કરવા અને એક ભાગની નંદિકા કરવી. બે ભાગનું અડધું ભદ્ર કરવું. આ પ્રમાણે ચારે દિશામાં યોજના કરવી. ૫૦, ૫૧.

**कर्णे शृंगद्वयं कार्यं प्रतिकर्णे तथैव च ॥**
**भद्रे चैवोरुचत्वारि प्रत्यङ्गश्च ततोऽष्टमिः ॥५२॥**

"Aho Shrutgyanam"




(૧૪) સુમતિપ્રાસાદ.

૫ મી વિભક્તિ.

૫૭ ઇંડક.

**नंदिकायां श्रृङ्गकूटं,**
**सुमतिर्नाम नामतः ॥**
**तस्य संदर्शनादेव,**
**मुक्तिभाग् नात्र संशयः ॥५३॥**

કર્ણે ઉપર બે શૃંગ કરવાં અને પ્રતિકર્ણે પણ બે શૃંગ કરવાં. ભદ્રે ચાર ઉરૂશૃંગો કરવાં અને આઠ પ્રત્યંગ કરવાં. નંદીએ એક શૃંગ અને કૂટ કરવું. આ સુમતિ નામનો પ્રાસાદ જાણવો અને તે દર્શનમાત્રથી મુક્તિ આપનારો છે. ૫૨, ૫૩.

ઇતિશ્રી સુમતિપ્રાસાદ ચતુર્દશ, તુલ ભાગ ૧૪, ઇંડક ૫૭.

## (૧૫) સુબુદ્ધિપ્રાસાદ દ્વિતીય ભેદ.

**सुमतेश्चैव संस्थाने,**
**कर्णे पञ्चाण्डकं तथा ॥**
**सुबुद्धिश्च तदा नाम,**
**कर्तव्यो बुद्धिवर्धनः ॥५४॥**

સુમતિપ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારેમાં કર્ણે ઉપર પંચાંડી કેશરી કર્મ કરવું. આ સુબુદ્ધિનામનો પ્રાસાદ જાણવો અને તે બુદ્ધિને વધારનારો છે. ૫૪.
ઇતિશ્રી સુબુદ્ધિપ્રાસાદ પંચદશ, ઇંડક ૭૩.

## (૧૬) સુપ્રિયપ્રાસાદ તૃતીય ભેદ.

**तद्रूपञ्च प्रकर्तव्यं,**
**रथोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**सुप्रियो नाम विज्ञेयः**
**पुरे वै प्रीतिवर्धनः ॥५५॥**

"Aho Shrutgyanam"

સુબુદ્ધિ પ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારેમાં રથે એક તિલક કરવું. આ સુપ્રિય નામનો પ્રાસાદ જાણવો અને તે નગરમાં પ્રીતિ વધારનારો છે. ૫૫.


ઇતિશ્રી સુપ્રિયપ્રાસાદ ષોડશ,
ઇંડક ૭૩, તિલક ૮.

### (૧૭) પદ્મવલ્લભપ્રાસાદ-૬ઠ્ઠી વિભક્તિ. ૨૦૯ ઇંડક.

चतुरस्त्रीकृते क्षेत्रे,
विंशधा प्रतिभाजिते ॥
कर्णं द्विभागिकं ज्ञेयं,
कर्णिका भागविस्तृता ॥५६॥
प्रतिकर्णं द्विभागेन,
नंदिका पदविस्तृता ॥
भद्रार्द्धञ्च चतुर्भागं,
स्थापयेच्च चतुर्दिशम् ॥५७॥

ચોરસ ક્ષેત્રના વીસ (૨૦) ભાગ કરવા. કર્ણ બે ભાગનો અને કર્ણિકા એક ભાગની કરવી. પ્રતિકર્ણ બે ભાગનો અને નંદિકા એક ભાગની તથા અડધું ભદ્ર ચાર ભાગનું કરવું. આ પ્રમાણે ચારે દિશામાં રચના કરવી. ૫૬, ૫૭.

केसरी सर्वतोभद्रं,
रथे कर्णे च दापयेत् ॥
कर्णिकायां श्रृङ्गकूटं,
नंदिकायां तथैव च ॥५८॥
भद्रे चैवोरुचत्वारि,
प्रत्यङ्गश्च ततोऽष्टभिः ॥
पद्मवल्लभनामोऽयं,
जिनेन्द्रो पद्मवल्लभः ॥५९॥




"Aho Shrutgyanam"

રથ અને કર્ણ ઉપર કેશરી અને સર્વતોભદ્રનાં કર્મ કરવાં. કોણિકાએ શૃંગ અને કૂટ કરવાં અને નંદિકાએ પણ શૃંગ અને કૂટ ચઢાવવાં. ભદ્રે ચાર (૪) ઉરૂશૃંગ અને આઠ (૮) પ્રત્યંગ કરવાં. આ પદ્મવલ્લભ નામનો પ્રાસાદ જાણવો અને તે શ્રીપદ્મપ્રભુને પ્રિય છે. ૫૮, ૫૯.

ઇતિશ્રી પદ્મવલ્લભપ્રાસાદ સપ્તદશ, તુલ ભાગ ૨૦, ઇંડક ૨૦૯.

## (૧૮) પદ્મરાગપ્રાસાદ દ્વિતીય ભેદ.

**पद्मवल्लभसंस्थाने कर्त्तव्यः पद्मरागकः ॥**
**कर्णोर्ध्वे तिलकं दद्यात् स्वरूपो लक्षणान्वितः ॥६०॥**

પદ્મવલ્લભપ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારેમાં કર્ણે તિલક કરવું. આ સ્વરૂપ અને લક્ષણયુક્ત પદ્મરાગ નામનો પ્રાસાદ જાણવો. ૬૦.

ઇતિશ્રી પદ્મરાગપ્રાસાદ અષ્ટાદશ, ઇંડક ૨૦૯, તિલક ૪.

## (૧૯) પુષ્ટિવિવર્ધન પ્રાસાદ તૃતીય ભેદ.

**तद्रूपश्च प्रकर्त्तव्यं रथोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**पुष्टिविवर्धनो नाम तुष्टिपुष्ट्योश्च वर्धनः ॥६१॥**

પદ્મરાગપ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારે રથ ઉપર તિલક કરવું. આ પુષ્ટિવિવર્દ્ધન નામનો પ્રાસાદ જાણવો અને તે તુષ્ટિપુષ્ટિને વધારનારો છે. ૬૧.


ઇતિશ્રી પુષ્ટિવિવર્દ્ધનપ્રાસાદ એકોનવિંશતિ, ઇંડક ૨૦૯, તિલક ૧૨.

## (૨૦) સુપાર્શ્વનામ પ્રાસાદ–૭ મી વિભક્તિ.

**दिग्भागे च कृते क्षेत्रे कर्णं चैव द्विभागिकम् ॥**
**प्रतिरथं सार्धभागं निर्गमे तत्समं भवेत् ॥६२॥**
**भद्रं चैव त्रिभागेन कपिलाभद्रमानयोः ॥**
**निर्गमं पदमानेन चतुर्दिक्षु नियोजयेत् ॥६३॥**
**कर्णे कर्मद्वयं कार्यं रथे भद्रे तथोद्गमः ॥**
**सुपार्श्वो नाम विज्ञेयो गृहराजः सुखावहः ॥६४॥**

ચોરસ ક્ષેત્રના દશ (૧૦) ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ બે (૨) અને પ્રતિકર્ણ ભાગ દોઢ (૧॥) નો કરવો. નીકારે સમચોરસ કરવો અને આખું ભદ્ર ભાગ ત્રણ (૩)નું કરવું તેમજ ભદ્રના માનમાં કપિલાભદ્ર કરવું અને તે એક ભાગ નિકળતું રાખવું. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી. ૬૨, ૬૩.

"Aho Shrutgyanam"




કર્ણે ઉપર બે ( ૨ ) કર્મ ચઢાવવાં અને પ્રતિરથે તથા ભદ્રે ડોઢિયો કરવો. આ પ્રાસાદનું નામ સુપાર્શ્વપ્રાસાદ છે અને તે સાતમા શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને માટે કરવો. આ પ્રાસાદ પ્રાસાદોનો રાજા છે અને તે સુખ આપનારો છે. ૬૪.

ઇતિશ્રી સુપાર્શ્વવલ્લભપ્રાસાદ વિંશતિ,
તુલ ભાગ ૧૦, ઈંડક ૫૭.

## (૨૧) સુનંદનપ્રાસાદ દ્વિતીય ભેદ.

**प्रासादा बहवः सन्ति,**
**चतुर्विंशतिमूर्तिषु ॥**
**तन्न प्राज्ञेन संदेहः,**
**कर्तव्यः पुनरागते ॥६५॥**
**रथे वै शृङ्गमेकं स्याद्,**
**भद्रे चैव चतुर्दिशम् ॥**
**सुनंदनः स विज्ञेयः,**
**कृते च विपुलां श्रियम् ॥६६॥**

ચોવીસ તીર્થંકરોને બહુ પ્રકારના પ્રાસાદો કરવામાં આવે છે. તેથી ફરીથી પણ એજ તીર્થંકરોને બીજા પ્રાસાદો કરવાનું કહેવામાં આવે તો બુદ્ધિમાન્ પુરૂષોએ તેમાં શંકા કરવી નહિ. ૬૫.

સુપાર્શ્વપ્રાસાદ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને પ્રતિરથે એક શૃંગ ચઢાવવું તથા ભદ્રે પણ એક ઉરૂશૃંગ કરવું. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી. આ પ્રાસાદનું નામ સુનંદનપ્રાસાદ છે. આ પ્રાસાદ કરવાથી પુષ્કળ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૬૬.

ઇતિશ્રી સુનંદનપ્રાસાદ એકવિંશતિ, ઈંડક ૬૯.

"Aho Shrutgyanam"

## ( ૨૨ ) શ્રીવલ્લભપ્રાસાદ તૃતીય ભેદ.

**रथोर्ध्वे तिलकं दद्यात् भद्रे चैव चतुर्दिशम् ॥**
**श्रीवल्लभस्तदा नाम प्रासादो जिनवल्लभः ॥६७॥**

પ્રતિરથ ઉપર તિલક ચઢાવવું અને ભદ્રે પણ ચારે દિશાએ ભદ્રના ખુણા ઉપર તિલક કરવાં. આ શ્રીવલ્લભ નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વ તીર્થંકરોને પ્રિય છે. ૬૭.

ઇતિશ્રી શ્રીવલ્લભપ્રાસાદ દ્વાવિંશતિ, ઇંડક ૬૯, તિલક ૧૬.

## ( ૨૩ ) ચંદ્રપ્રભપ્રાસાદ ચતુર્થ ભેદ.

**उरुश्रृङ्गं पुनर्दद्यात् चंद्रप्रभश्च नामतः ॥**
**सर्वदेवेषु कर्त्तव्यो जिनानां तु विशेषतः ॥६८॥**

શ્રીવલ્લભપ્રાસાદના તલ અને સ્વરૂપમાં ભદ્રે ફરી એક ઉરૂશૃંગ ચઢાવવું. આ ચંદ્રપ્રભ નામનો પ્રાસાદ જાણવો. તે બધા દેવોને માટે કરવો. વિશેષ કરીને તીર્થંકરોને માટે કરવો. ૬૮.

ઇતિશ્રી ચંદ્રપ્રભપ્રાસાદ ત્રયોવિંશતિ, ઇંડક ૭૩, તિલક ૧૬.

## ( ૨૪ ) ચંદ્રશેખરપ્રાસાદ પંચમ ભેદ.

**रथोर्ध्वे केशरी कर्म तस्य श्रृङ्गं विवर्जयेत् ॥**
**चंद्रशेखरनामोऽयं प्रासादो वीतरागकः ॥६९॥**

પ્રતિરથ ઉપરનું શૃંગ કાઢીને તે સ્થળે કેશરી કર્મ ( પાંચ ઇંડકનું ) કરવું. આ પ્રાસાદનું નામ ચંદ્રશેખરપ્રાસાદ છે અને તે વીતરાગને માટે કરવો. ૬૯.

ઇતિશ્રી ચંદ્રશેખરપ્રાસાદ ચતુર્વિંશતિ, ઇંડક ૧૦૫, તિલક ૧૬.

## ( ૨૫ ) વિમાનપ્રાસાદ ષષ્ઠ ભેદ.

**कर्णे च तिलकं दद्यात् प्रासादश्च विमानकः ॥**
**सर्वदेवेषु कर्तव्यः स्वरूपो लक्षणान्वितः ॥७०॥**

ઉપર પ્રમાણે તલ અને સ્વરૂપ કરી કર્ણે તિલક કરવું. આ સ્વરૂપ અને લક્ષણાન્વિત વિમાન નામનો પ્રાસાદ જાણવો. ૭૦.

ઇતિશ્રી વિમાનપ્રાસાદ પંચવિંશતિ, ઇંડક ૧૦૫, તિલક ૨૦.

"Aho Shrutgyanam"

## ( ૨૬ ) સુવિધિપ્રાસાદ સપ્તમ ભેદ.

**प्रतिरथे द्वयं कर्म सुविधिर्नाम नामतः ॥**
**सर्वदेवेषु कर्तव्यः स्वरूपो लक्षणान्वितः ॥७१॥**

ઉપર પ્રમાણે તલ અને સ્વરૂપ કરવું અને પ્રતિરથ ઉપર બે કર્મ સર્વતોભદ્ર અને કેશરી કરવાં. આ સ્વરૂપ અને લક્ષણાન્વિત સુવિધિ નામનો પ્રાસાદ જાણવો. ૭૧.

ઇતિશ્રી સુવિધિપ્રાસાદ ષડ્‌વિંશતિ, ઇંડક ૧૭૭, તિલક ૧૨.

## ( ૨૭ ) સુશ્રિયપ્રાસાદ અષ્ટમ ભેદ.

**तद्रूपे तत्प्रमाणे च रथे तिलकश्च दापयेत् ॥**
**सुश्रियो नाम विज्ञेयः प्रासादः सुरभूषणः ॥७२॥**

ઉપર પ્રમાણે કહેલા સ્વરૂપમાં પ્રતિરથે એક તિલક ચઢાવવાથી દેવોને ભૂષણરૂપ સુશ્રિય નામનો પ્રાસાદ જાણવો. ૭૨.

ઇતિશ્રી સુશ્રિયપ્રાસાદ સપ્તવિંશતિ, ઇંડક ૧૭૭, તિલક ૨૦.

## ( ૨૮ ) વસુપુષ્પકપ્રાસાદ નવમ ભેદ.

**सुश्रियस्य च संस्थाने भद्रे श‍ृङ्गविवर्धनम् ॥**
**वसुपुष्पकनामोऽयं प्रासादो जिनवल्लभः ॥७३॥**

સુશ્રિયપ્રાસાદના તલ અને સ્વરૂપમાં ભદ્રે એક ઉરૂશૃંગ વધારવાથી જિન તીર્થંકરોને વલ્લભ એવો વસુપુષ્પક નામનો પ્રાસાદ જાણવો. ૭૩.

ઇતિશ્રી વસુપુષ્પકપ્રાસાદ અષ્ટાવિંશતિ, ઇંડક ૧૮૧, તિલક ૨૦.

## ( ૨૯ ) શીતલપ્રાસાદ–૮ મી વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे द्वात्रिंशत्पदभाजिते ॥**
**पञ्चभागो भवेत्कर्णः प्रतिकर्णस्तथैव च ॥७४॥**
**कर्णप्रतिकर्णयोर्मध्ये कोणिका भागविश्रुता ॥**
**भद्रं चैव चतुर्भागं नंदिका पदविश्रुता ॥७५॥**
**समदलश्च कर्त्तव्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥**
**प्रासादस्य स्वरूपश्च कर्तव्यं विधिमानतः ॥७६॥**

ચોરસ ક્ષેત્રના બત્રીસ ( ૩૨ ) ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ પાંચ ( ૫ ) તેમજ પ્રતિકર્ણ પણ ભાગ પાંચ (૫) નો કરવો. કર્ણ અને પ્રતિકર્ણની વચમાં કોણી ભાગ એક

"Aho Shrutgyanam"

( ૧ ) ની કરવી. અર્ધું ભદ્ર ભાગ ચાર ( ૪ ) અને નંદિકા ભાગ એક ( ૧ ) ની કરવી. નીકારે સમદલ કરવું. આ પ્રમાણે ચારે દિશાએ વ્યવસ્થા કરવી. ૭૪, ૭૫, ૭૬.


**श्रीवत्सः केशरी चैव,**
**सर्वतोभद्रमेव च ॥**
**कर्णे चैव प्रदातव्यं,**
**रथे चैव तु तत्समम् ॥७७॥**
**नंदिकाकर्णिकायाश्च,**
**द्विशृंगतिलकं न्यसेत् ॥**
**भद्रे चैवोरुचत्वारि,**
**शीतलो नाम विश्रुतः ॥७८॥**
**प्रत्यक्षजिनरूपश्च,**
**सुश्रियस्य विवर्द्धनः ॥**
**सुखदोऽयं प्रकर्तव्य-**
**श्चन्द्रप्रभुजिनाय च ॥७९॥**

( ૨૯ ) શીતલ-પ્રાસાદ

૮ મી વિભકિત.

૨૨૯ ઇંડક.

૮ તિલક.




કર્ણ ઉપર પહેલું કર્મ સર્વતોભદ્ર, બીજું કેશરી અને ત્રીજું શ્રીવત્સ નામનું ચઢાવવું તેમજ પ્રતિરથે પણ તેજ પ્રમાણે સર્વતોભદ્ર, કેશરી અને શ્રીવત્સ કર્મ ચઢાવવાં. નંદિકાએ તથા કોણિકાએ બે બે શૃંગ અને એક તિલક ચઢાવવું. ભદ્રે ચાર ઉરૂશૃંગો કરવાં. આ પ્રાસાદનું નામ શીતલ પ્રાસાદ જાણવું અને તે લક્ષ્મીની વૃદ્ધિ કરનારો તથા સર્વ સુખોને આપનારો છે. પ્રત્યક્ષ જિન સ્વરૂપ એવો આ પ્રાસાદ શ્રીચંદ્રપ્રભુ ભગવાનને માટે કરવો. ૭૭, ૭૮, ૭૯.

ઇતિશ્રી શીતલપ્રાસાદ એકોનત્રિંશત્,
તુલભાગ ૩૨, ઇંડક ૨૨૯, તિલક ૮.



"Aho Shrutgyanam"

## ( ૩૦ ) શ્રિયેન્દુપ્રાસાદ દ્વિતીય ભેદ.

तद्रूपश्च प्रकर्तव्यं रथोर्ध्वे तिलकं न्यसेत् ॥
श्रियेन्दुर्नाम विज्ञेयः सुरराजश्रियावहः ॥८०॥

શીતલ પ્રાસાદ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરી રથે એક તિલક ચઢાવવું. આ શ્રિયેન્દુ નામનો પ્રાસાદ જાણવો અને તે ઇંદ્રના વૈભવને આપનારો છે. ૮૦.

ઇતિશ્રી શ્રિયેન્દુપ્રાસાદ ત્રિંશત્, ઇંડક ૨૨૯, તિલક ૧૬.

## ( ૩૧ ) દનુરાજપ્રાસાદ તૃતીય ભેદ.

नंदिकाकर्णिकायाश्च तिलकं तु सुशोभनम् ॥
दनुराजस्तदा नाम कर्तव्यश्च गृहोत्तमः ॥८१॥

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરી નંદિકા અને કોણિકાઓ ઉપર એક એક સુશોભિત તિલક ચઢાવવું. આ પ્રાસાદનું નામ દનુરાજ છે અને તે પ્રાસાદોમાં ઉત્તમ જાણવો. ૮૧.

ઇતિશ્રી દનુરાજપ્રાસાદ એકત્રિંશત્, ઇંડક ૨૨૯, તિલક ૩૨.


## ( ૩૨ ) શ્રિયાંશપ્રાસાદ–૯ મી વિભક્તિ.

चतुरस्रीकृते क्षेत्रे चतुर्विंशतिभाजिते ॥
भद्रार्धं त्रिपदं वत्स द्वौ रथौ कर्णतत्समः ॥८२॥
निर्गतं तत्प्रमाणेन सर्वशोभासमन्वितम् ॥
कर्णे रथे तथा भद्रे द्वे शृङ्गे तिलकं न्यसेत् ॥८३॥
श्रियांशो नाम विज्ञातो विपुलश्रीविवर्धनः ॥
कार्यः सुविधिनाथाय धर्मार्थमोक्षसाधनः ॥८४॥

સમચોરસ ક્ષેત્રના ચોવીસ (૨૪) ભાગ કરવા. તેમાં કર્ણ, પ્રતિરથ, ઉપરથ અને ભદ્રાર્ધ; એ સર્વે અંગો ત્રણ ત્રણ ભાગનાં કરવાં તથા નીકારે પણ સમદલ તલ પ્રમાણે શોભાયમાન કરવાં. કર્ણ અને પ્રતિરથે બે બે શૃંગો અને તિલક ચઢાવવાં તથા ભદ્રે બે ઉરૂશૃંગ કરવાં. પુષ્કળ લક્ષ્મીની વૃદ્ધિ કરનારો તથા ધર્મ, અર્થ, મોક્ષને આપનારો આ શ્રિયાંશ નામનો પ્રાસાદ જાણવો અને તે શ્રીસુવિધિનાથ પ્રભુને માટે કરવો. ૮૨, ૮૩, ૮૪.

ઇતિશ્રી શ્રિયાંશપ્રાસાદ દ્વાત્રિંશત્, તુલભાગ ૨૪, ઇંડક ૪૯, તિલક ૧૨.

"Aho Shrutgyanam"




(૩૨) શ્રિયાંશ-પ્રાસાદ

૯ મી વિભક્તિ.

૪૯ ઇંડક.

૧૨ તિલક.

## ( ૩૩ ) શ્રીવત્સપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपश्च प्रकर्तव्यं,**
**तिलकं चोपरथके ॥**
**श्रीवत्सो नाम विज्ञेयः,**
**श्रीपतेश्च सुखावहः ॥८५॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને વિશેષમાં ઉપરથે તિલક ચઢાવવું. આ પ્રાસાદનું નામ શ્રીવત્સ પ્રાસાદ છે અને તે લક્ષ્મીપતિના સુખને આપનારો છે. ૮૫.

ઇતિશ્રી શ્રીવત્સપ્રાસાદ ત્રયસ્ત્રિંશત્,
ઇંડક ૪૯, તિલક ૨૦.

## ( ૩૪ ) પુત્રદપ્રાસાદ તૃતીય ભેદ.

**तत्र स्थाने च कर्तव्यः,**
**कर्णोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**पुत्रदो नाम विज्ञेयः,**
**पुत्रपौत्रादिवर्धनः ॥८६॥**

શ્રીવત્સ પ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારે કર્ણ ઉપર તિલક ચઢાવવું. આ પુત્રદ નામનો પ્રાસાદ જાણવો અને તે પુત્રપૌત્રાદિ પરિવારની વૃદ્ધિ કરનારો છે. ૮૬.

ઇતિશ્રી પુત્રદપ્રાસાદ ચતુસ્ત્રિંશત્,
ઇંડક ૪૯, તિલક ૨૪.

## ( ૩૫ ) શીતલપ્રાસાદ-૧૦ મી વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे,**
**चतुर्विंशतिभाजिते ॥**
**कर्णश्चैव समाख्यातं,**
**चतुर्भागं च विश्रुतम् ॥८७॥**

(૩૫) શીતલ-
પ્રાસાદ.

૧૦ વિભક્તિ.

૩૩ ઇંડક.

૨૪ તિલક.

**प्रतिरथं त्रयं ज्ञेयं,**
**भद्रार्धं भूतभागिकम् ॥**
**रथे कर्णे च शृङ्गैकं,**
**तदूर्ध्वे तिलकद्वयम् ॥८८॥**
**द्वादशैवोरुशृङ्गाणि,**
**प्रत्यंगानि ततोऽष्टभिः ॥**
**शीतलश्च तदा नाम,**
**प्रासादो जिनवल्लभः ॥८९॥**

ચોરસ ક્ષેત્રના ચોવિસ ( ૨૪ ) ભાગ કરવા. કર્ણ ભાગ ચાર ( ૪ ), પ્રતિરથ ભાગ ત્રણ ( ૩ ) અને અર્ધું ભદ્ર ભાગ પાંચ ( ૫ ) નું કરવું. કર્ણ તથા પ્રતિરથ ઉપર એકેક શૃંગ કરવું અને તેના ઉપર બે બે ( ૨ ) તિલકો ચઢાવવાં. ભદ્રે બાર ( ૧૨ ) ઉરૂશૃંગો ચઢાવવાં અને આઠ ( ૮ ) પ્રત્યંગો કરવાં. આ પ્રાસાદનું નામ શીતલપ્રાસાદ છે અને દશમા તીર્થંકર શ્રીશીતલનાથ પ્રભુને માટે કરવો. ૮૭, ૮૮, ૮૯.


ઇતિશ્રી શીતલપ્રાસાદ પંચત્રિંશત્, તુલ ભાગ ૨૪, ઇંડક ૩૩, તિલક ૨૪.

## (૩૬) કીર્તિદાયકપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपं तत्प्रमाणञ्च,**
**कर्तव्यं पूर्वमानतः ॥**
**कर्णोर्ध्वे च द्वयं शृङ्गं,**
**प्रासादः कीर्तिदायकः ॥९०॥**

ઉપર પ્રમાણે તલ અને સ્વરૂપ જાણવું. વિશેષમાં કર્ણે બે શૃંગો કરવાં. આ પ્રાસાદ કીર્તિદાયક નામનો જાણવો. ૯૦.

ઇતિશ્રી કીર્તિદાયકપ્રાસાદ ષડ્ત્રિંશત્, ઇંડક ૩૭, તિલક ૨૦.




"Aho Shrutgyanam"

## ( ૩૭ ) મનોહરપ્રાસાદ તૃતીય ભેદ.

**कर्णेन सदृशं कार्यं प्रतिकर्णे तथैव च ॥**
**तद्रूपं तत्प्रमाणञ्च भद्रोर्ध्वे तत्समं तथा ॥९१॥**
**मनोहरश्च विज्ञेयः प्रासादो जिनमार्गतः ॥**
**धर्मलाभश्च वृद्धिश्च संगतिर्महतां भवेत् ॥९२॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને કર્ણ સમાન પ્રતિરથે બે શૃંગ ચઢાવવાં તથા ભદ્રે ઉરૂશૃંગ છે તેજ પ્રમાણે કરવાં. આ મનોહર નામનો પ્રાસાદ જાણવો અને તે ધર્મનો લાભ, વૃદ્ધિ અને મહાત્માઓની સંગતિ આપનારો થાય છે. ૯૧, ૯૨.

ઇતિશ્રી મનોહરપ્રાસાદ સપ્તત્રિંશત્, ઇંડક ૪૫, તિલક ૧૨.

## ( ૩૮ ) સ્વકુલપ્રાસાદ–૧૧ મી વિભક્તિ.

**चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टादशविभाजिते ॥**
**कर्णभागत्रयं कार्यं रथभागत्रयं तथा ॥९३॥**
**भद्रार्द्धं त्रिपदं वत्स चतुर्दिक्षु नियोजयेत् ॥**
**निर्गमं पदमानेन हस्ताङ्गुलप्रमाणतः ॥९४॥**
**शृङ्गश्च तिलकं कर्णे रथे भद्रे तु शृङ्गकम् ॥**
**स्वकुलो नाम विज्ञेयः श्रेयांशजिनवल्लभः ॥९५॥**

સમચોરસ ક્ષેત્રના અઢાર (૧૮) ભાગ કરવા. હે પુત્ર ! તેમાં કર્ણ, પ્રતિરથ અને અર્ધું ભદ્ર ત્રણ ત્રણ ભાગનું કરવું. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી. નીકારે પદમાને અથવા હસ્તાંગુલ પ્રમાણે એટલે જેટલા ગજનો કર્ણે પ્રાસાદ હોય તેટલા આંગળ નીકારે રાખવો.


કર્ણ અને રથ ઉપર એક એક શૃંગ અને તેના ઉપર એક એક તિલક ચઢાવવું. ભદ્રે એક ઉરૂશૃંગ કરવું. સ્વકુલ નામનો આ પ્રાસાદ ૧૧ મા શ્રેયાંશનાથ પ્રભુને માટે કરવો. ૯૩, ૯૪, ૯૫.

ઇતિશ્રી સ્વકુલપ્રાસાદ અષ્ટાત્રિંશત્, તુલ ભાગ ૧૮, ઇંડક ૧૭, તિલક ૧૨.

## (૩૯) કુલનંદનપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपं तत्प्रमाणञ्च कर्तव्यं पूर्वमानतः ॥**
**उरुशृङ्गाष्टकं कुर्यात्प्रासादे कुलनंदने ॥९६॥**

"Aho Shrutgyanam"




(૩૮) સ્વકુલ-પ્રાસાદ.

૧૧મી વિભક્તિ.

૧૭ ઇંડક.

૧૨ તિલક.

ઉપર પ્રમાણે તલ અને સ્વરૂપ કરી ભદ્રે ચારે દિશાએ મળી આઠ ઉરૂશૃંગ કરવાં. આ પ્રાસાદ કુલનંદન નામનો જાણવો. ૯૬.

ઇતિશ્રી કુલનંદનપ્રાસાદ એકોનચત્વારિંશત્, ઇંડક ૨૧, તિલક ૧૨.

## (૪૦) વાસુપૂજ્ય પ્રાસાદ–૧૨ મી વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे,**
**द्वाविंशपदभाजिते ॥**
**पदानां तु चतुर्भागं,**
**कर्णे चैव तु कारयेत् ॥९७॥**
**कोणिका पदमानेन,**
**प्रतिरथं त्रिभागकम् ॥**
**नंदिकाभागमेकेन,**
**भद्रार्धश्च द्विभागिकम् ॥९८॥**
**कर्णे कर्मत्रयं कार्यं,**
**प्रतिकर्णे क्रमद्वयम् ॥**
**नंदिकर्ण्योः शृङ्गकूट-**
**मूर्ध्वे तिलकशोभनम् ॥९९॥**
**भद्रे चोरुत्रयं कार्यं,**
**प्रत्यंगाष्टकलक्षितम् ॥**
**वासुपूज्यस्तदा नाम,**
**वासुपूज्यसुवल्लभः ॥१००॥**


ચોરસ ક્ષેત્રના બાવીસ (૨૨) ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ ચાર (૪) નો તથા કોણિકા ભાગ એક (૧) ની કરવી. પ્રતિરથ ભાગ ત્રણ (૩) તથા નંદિકા ભાગ એક (૧) ની અને અર્ધું ભદ્ર ભાગ બે (૨) નું કરવું.

"Aho Shrutgyanam"

કર્ણે ત્રણ કર્મ કરવાં અને પ્રતિરથે બે ક્રમ કરવા. નંદિકા અને કોણિકાએ એક એક શૃંગકૂટ કરવું અને તેના ઉપર શોભાયમાન તિલક ચઢાવવું. ભદ્રે ત્રણ ઉરૂશૃંગો અને આઠ પ્રત્યંગો કરવાં.

વાસુપૂજ્ય નામનો આ પ્રાસાદ બારમા શ્રીવાસુપૂજ્ય પ્રભુને પ્રિય છે. આ પ્રાસાદ તેમને માટે કરવો. ૯૭, ૯૮, ૯૯, ૧૦૦.

ઇતિશ્રી વાસુપૂજ્યપ્રાસાદ ચત્વારિંશત્, તુલ ભાગ ૨૨, ઇંડક ૨૫૭, તિલક ૧૬.




(૪૦) વાસુપૂજ્ય પ્રાસાદ.

૧૨ મી વિભક્તિ

૨૫૭ ઇંડક.

૧૬ તિલક.

## (૪૧) રત્નસંભવપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपश्च प्रकर्तव्यं,**
**कर्णोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**रत्नसंभवनामोऽयं,**
**गृहराजः सुखावहः ॥१०१॥**
**धर्मदः कीर्तिदश्चैव,**
**पुरे धर्मविवर्धनः ॥**
**धर्मरूपाश्च कर्तारः,**
**कारोऽपि धर्मनायकः ॥१०२॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને વધારામાં કર્ણ ઉપર એક (૧) તિલક ચઢાવવું. આ પ્રાસાદનું નામ 'રત્નસંભવ' છે.

આ બધા પ્રાસાદોમાં સર્વોત્તમ છે તથા સર્વ પ્રકારનું સુખ, ધર્મ અને કીર્તિને આપનારો તથા નગરમાં ધર્મની વૃદ્ધિ કરનારો છે. આ પ્રાસાદના કરનાર ધાર્મિક અને કરાવનાર ઉત્તમ ધાર્મિક જાણવા. ૧૦૧, ૧૦૨.

ઇતિશ્રી રત્નસંભવપ્રાસાદ એકચત્વારિંશત્, ઇંડક ૨૫૭, તિલક ૨૦.

"Aho Shrutgyanam"

## (૪૨) વિમલવલ્લભપ્રાસાદ-૧૩ મી વિભક્તિ.

चतुरस्रीकृते क्षेत्रे चतुर्विंशतिभाजिते ॥
पादोनपञ्चभागेन कर्णस्तत्र विधीयते ॥१०३॥
तत्समः प्रतिकर्णश्च पादैका कोणिनंदिका ॥
भद्रार्धं सार्धपंचार्धं निर्गमं भागमेव च ॥१०४॥
समानश्च रथं ज्ञेयं कर्तव्यश्च चतुर्दिशम् ॥
प्रासादस्य स्वरूपश्च कर्तव्यं लक्षणान्वितम् ॥१०५॥

ચોરસ ક્ષેત્રના ચોવિસ (૨૪) ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ ત્રણ (૩) અને પ્રતિરથ પણ તેજ પ્રમાણે ત્રણ (૩) ભાગનો કરવો તથા કોણી અને નંદિકા એક એક ભાગની કરવી. અર્ધું ભદ્ર ભાગ ચાર (૪) નું કરવું અને નીકારે એક ભાગ રાખવું. પ્રતિરથ નીકારે સમચોરસ કરવો. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી. ૧૦૩, ૧૦૪, ૧૦૫.

कर्णे शृङ्गत्रयं कार्यं प्रतिकर्णे तथैव च ॥
नंदिकाकोणिकायाश्च शृङ्गकूटं सुशोभनम् ॥१०६॥
भद्रे चैवोरुचत्वारि प्रत्यंगानि ततोऽष्टभिः ॥
विमलवल्लभनामोऽयं प्रासादो विमलप्रियः ॥१०७॥
प्रासादेऽस्मिन्कृते चैव धर्मं मोक्षं च विंदति ॥
इह लोके लभेत्कीर्तिं स्वर्गे चैव महीयते ॥१०८॥

કર્ણે અને પ્રતિરથે ત્રણ ત્રણ (૩) શૃંગ કરવાં. નંદિકા અને કોણિકાએ સુશોભિત એક એક શૃંગ તથા કૂટ કરવાં. ભદ્રે ચાર (૪) ઉરૂશૃંગો ચઢાવવાં અને આઠ (૮) પ્રત્યંગો કરવાં.


આ પ્રાસાદનું નામ 'વિમલવલ્લભ' અને તે ૧૩ મા શ્રીવિમલનાથ પ્રભુને પ્રિય છે. આ પ્રાસાદ કરવાથી ધર્મ અને મોક્ષ મળે છે તથા કરાવનાર આ લોકમાં કીર્તિ અને સ્વર્ગમાં પ્રતિષ્ઠા પામે છે. ૧૦૬, ૧૦૭, ૧૦૮.

ઇતિશ્રી વિમલવલ્લભપ્રાસાદ દ્વિચત્વારિંશત્, તુલ ભાગ ૨૪, ઈંડક ૭૭.

## (૪૩) મુક્તિસંઘટ્ટપ્રાસાદ દ્વિતીય ભેદ.

तद्रूपश्च प्रकर्तव्यं दापयेत्तिलकं रथे ॥
कर्णिकायां द्विशृङ्गं हि प्रासादो जिनवल्लभः ॥१०९॥

"Aho Shrutgyanam"




(૪૨)વિમલવલ્લભ પ્રાસાદ

૧૩ મી વિભક્તિ.

૭૭ ઇંડક.

मुक्तिसंघट्टनामोऽयं,
　भुक्तिमुक्तिप्रदायकः ॥
सर्वजिनेषु कर्तव्यो,
　यथेच्छं कामदायकः ॥११०॥

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું. વિશેષમાં રથે એક તિલક ચઢાવવું અને કોણિકાએ બે બે શૃંગ કરવાં; આ પ્રાસાદ જિનદેવોને ઘણો પ્રિય છે. "મુક્તિસંઘટ્ટ" નામનો આ પ્રાસાદ વૈભવ અને મોક્ષને આપનારો તથા ઇચ્છિત સર્વ કામનાઓની સિદ્ધિ કરનારો છે. તે સર્વ જિનદેવતાઓને માટે શુભ છે. ૧૦૯, ૧૧૦.

ઇતિશ્રી મુક્તિસંઘટ્ટપ્રાસાદ ત્રિચત્વારિંશત્,
ઇંડક ૮૫, તિલક ૮.

### (૪૪) અનંતપ્રાસાદ–૧૪ મી વિભક્તિ.

चतुरस्त्रीकृते क्षेत्रे,
　विंशतिपदभाजिते ॥
त्रीणि त्रीणि पदं नंद्यां,
　पुनस्त्रीणि च भद्रके ॥१११॥
निर्गमं पदमानेन,
　त्रिषु स्थानेषु भद्रके ॥
कर्णे कर्मत्रयं कार्यं,
　रथोर्ध्वे चैव तत्समम् ॥११२॥
भद्रे चैवोरुचत्वारि,
　नंदिकायां क्रमद्वयम् ॥
अनंतो नाम विज्ञेय-
　श्चानन्तश्रियमालभेत् ॥११३॥



"Aho Shrutgyanam"

સમચોરસ ક્ષેત્રના વીસ (૨૦) ભાગ કરવા. તેમાં કર્ણ, પ્રતિરથ અને અર્ધું ભદ્ર ત્રણ ત્રણ (૩) ભાગનું કરવું તેમજ નંદિકા ભાગ એક (૧) ની ભદ્રની પાસે કરવી. નીકારે સર્વ અંગો એક એક ભાગનાં રાખવાં.


કર્ણ અને રથ ઉપર ત્રણ ત્રણ કર્મ ચઢાવવાં. ઉરૂશૃંગ ચાર (૪) કરવાં અને નંદિકાએ શૃંગ બે (૨) કરવાં. આ 'અનંત' નામનો પ્રાસાદ જાણવો અને તે ચૌદમા શ્રી અનંતનાથ પ્રભુને માટે કરવો. આ પ્રાસાદ કરવાથી અનંત લક્ષ્મી મળે છે. ૧૧૧, ૧૧૨, ૧૧૩.

ઇતિશ્રી અનંતપ્રાસાદ ચતુશ્ચત્વારિંશત્,
તુલ ભાગ ૨૦, ઇંડક ૪૫૩.

(૪૪) અનંત-પ્રાસાદ.

૧૪ વિભક્તિ.

૪૫૩ ઇંડક.




## (૪૫) સુરેન્દ્રપ્રાસાદ દ્વિતીય ભેદ.

**अनंतस्यैव संस्थाने,**
**रथोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**सुरेन्द्रो नाम विज्ञेयः,**
**सर्वदेवेषु वल्लभः ॥११४॥**

અનંત પ્રાસાદ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને વિશેષમાં રથ ઉપર એક તિલક ચઢાવવું. આ પ્રાસાદનું નામ "સુરેન્દ્ર" પ્રાસાદ છે અને તે સર્વ દેવોને પ્રિય છે. ૧૧૪.

ઇતિશ્રી સુરેન્દ્રપ્રાસાદ પંચચત્વારિંશત્,
ઇંડક ૪૫૩, તિલક ૮.

## (૪૬) વૃક્ષરાજપ્રાસાદ તૃતીય ભેદ.

**नंदिकायां प्रदातव्यं,**
**वृक्षराजेति नामतः ॥**
**कृतेनानेन देवानां,**
**सुखं भवति शाश्वतम् ॥११५॥**

"Aho Shrutgyanam"

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ સમજવું અને નંદિકાએ એક તિલક વધારવું. આ પ્રાસાદ "વૃક્ષરાજ" નામનો જાણવો અને આ પ્રાસાદ કરવાથી દેવોને નિત્ય સુખની પ્રાપ્તિ થાય છે. ૧૧૫.

ઇતિશ્રી વૃક્ષરાજપ્રાસાદ ષડ્ ચત્વારિંશત્, ઇંડક ૪૫૩, તિલક ૧૬.

## (૪૭) ધર્મદપ્રાસાદ–૧૫ મી વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे त्वष्टाविंशतिभाजिते ॥**
**कर्णं रथं च भद्रार्धं युगभागं विधीयते ॥११६॥**
**निर्गमं तत्प्रमाणेन नंदिकोणी द्विभागिका ॥**
**केशरी सर्वतोभद्रं रथे कर्णे च दापयेत् ॥११७॥**
**तदूर्ध्वे तिलकं ज्ञेयं सर्वशोभासमन्वितम् ॥**
**नंदिकाकोणिकायाश्च शृंगोर्ध्वे शृंगमुत्तमम् ॥११८॥**
**भद्रे चैवोरुत्वारि प्रत्यङ्गानि चतुर्दिशम् ॥**
**धर्मदो नाम विख्यातः पुरे धर्मविवर्धनः ॥११९॥**

ચોરસ ક્ષેત્રના અઠ્ઠાવીસ (૨૮) ભાગ કરવા. તેમાં કર્ણ, પ્રતિરથ અને અર્ધું ભદ્ર ચાર ચાર (૪) ભાગનું કરવું. નીકારે પણ તેજ પ્રમાણે કરવું. નંદિકા અને કોણિકા એક એક ભાગની સમદલ કરવી. કર્ણે અને રથે પહેલું શૃંગ સર્વતોભદ્ર અને બીજું શૃંગ કેશરી કરવું તથા તેમના ઉપર શોભાયમાન એક એક તિલક ચઢાવવું. નંદિકા અને કોણિકાએ બે બે શૃંગ કરવાં. ભદ્રે ચાર ઉરૂશૃંગો અને ચારે દિશાએ મળી આઠ પ્રત્યંગો કરવાં.

આ પ્રાસાદનું નામ ધર્મદ પ્રાસાદ છે અને તેના કરવાથી નગરમાં લક્ષ્મીની વૃદ્ધિ થાય છે અને ૧૫ મા શ્રીધર્મનાથ પ્રભુને માટે કરવો. ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯.


ઇતિશ્રી ધર્મદપ્રાસાદ સપ્તચત્વારિંશત્, તુલ ભાગ ૨૮, ઇંડક ૨૨૫, તિલક ૧૨.

## (૪૮) ધર્મવૃક્ષપ્રાસાદ દ્વિતીય ભેદ.

**रथोर्ध्वे च कृते शृङ्गे धर्मवृक्षश्च नामतः ॥**
**धर्मवृद्धिश्च ऋद्धिश्च जिनानां तु विशेषतः ॥१२०॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ જાણવું અને રથ ઉપર તિલકના બદલે એક શૃંગ ચઢાવવું. આ ધર્મવૃક્ષ નામનો પ્રાસાદ જાણવો અને તે ધર્મની

"Aho Shrutgyanam"




(૪૭) ધર્મદપ્રાસાદ
૧૫મી વિભક્તિ.
૨૨૫ ઇંડક.
૧૨ તિલક.

વૃદ્ધિ કરનારો, રિદ્ધિને આપનારો અને જિનેંદ્રોને વિશેષ પ્રિય છે. ૧૨૦.

ઇતિશ્રી ધર્મવૃક્ષપ્રાસાદ અષ્ટચત્વારિંશત્,
ઇંડક ૨૩૩, તિલક ૪.

## (૪૯) શાંતપ્રાસાદ–૧૬ મી વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे,**
**द्वादशांशविभाजिते ॥**
**कर्णभागद्वयं कार्यं,**
**प्रतिकर्णं तथैव च ॥१२१॥**
**भद्रार्धं सार्धभागेन,**
**नंदिका चार्धभागतः ॥**
**कर्णे कर्मद्वयं कार्यं,**
**प्रतिकर्णे तथैव च ॥१२२॥**
**नंदिकायां शृङ्गकूटे,**
**ह्युरुशृङ्गाणि द्वादश ॥**
**शांतो नाम च विज्ञेयः,**
**कर्तव्यः सर्वदेवताः ॥१२३॥**

ચોરસ ક્ષેત્રના બાર (૧૨) ભાગ કરવા. કર્ણ અને પ્રતિકર્ણ બે બે ભાગના કરવા. અર્ધું ભદ્ર દોઢ ભાગ તથા નંદિકા અર્ધા ભાગની કરવી. કર્ણે અને પ્રતિકર્ણે બે બે કર્મો કરવાં. નંદિકાએ એક શૃંગ અને તેના ઉપર કૂટ કરવું તથા ભદ્રે ચારે દિશાએ મળી બાર (૧૨) ઉરૂશૃંગો કરવાં.

શાંત નામનો આ પ્રાસાદ સર્વ જિન દેવોને માટે કરવો. (વિશેષે કરી ૧૬ મા શ્રી શાંતિનાથ પ્રભુને માટે કરવામાં આવે છે. આ પ્રાસાદને શ્રીલિંગપ્રાસાદ પણ કહે છે). ૧૨૧, ૧૨૨, ૧૨૩.

ઇતિશ્રી શાંતપ્રાસાદ એકોનપંચાશત્,
તુલ ભાગ ૧૨, ઇંડક ૧૮૯.

"Aho Shrutgyanam"

## (૫૦) કામદાયકપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपं तत्प्रमाणश्च,**
**कर्तव्यं पूर्वमानतः ॥**
**उरुश्रृङ्गं पुनर्दद्यात्,**
**प्रासादः कामदायकः ॥१२४॥**

પૂર્વ માન પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને ભદ્રે ફરી એક ઉરૂશૃંગ વધારવું. આ પ્રાસાદનું નામ કામદાયકપ્રાસાદ છે. ૧૨૪.


ઇતિશ્રી કામદાયકપ્રાસાદ, પંચાશત્, ઈંડક ૧૯૩.

## (૫૧) શ્રીકુંથુનાથપ્રાસાદ-૧૭મી વિભક્તિ.


**चतुरस्रीकृते क्षेत्रे,**
**चाष्टभागविभाजिते ॥**
**कर्णः स्यादेकभागश्च,**
**प्रतिकर्णस्तथैव च ॥१२५॥**
**नंदिका चैव भागार्धा,**
**त्रिपदं भद्रविस्तरम् ॥**
**निर्गमं पदमानेन,**
**स्थापयेच्च दिशासु वै ॥१२६॥**
**कर्णे च केशरी दद्यात्,**
**तदूर्ध्वे तिलकं न्यसेत् ॥**
**प्रतिकर्णे च तद्रूपं,**
**नंद्यां तु तिलकं न्यसेत् ॥१२७॥**
**भद्रे श्रृङ्गद्वयं कार्यं,**
**कुंथुर्नामेति नामतः ॥**
**देवानां वल्लभः श्रेष्ठो,**
**जिनेन्द्रः कुंथुवल्लभः ॥१२८॥**

ચોરસ ક્ષેત્રના આઠ (૮) ભાગ કરવા. કર્ણ અને પ્રતિકર્ણ એકેક (૧) ભાગના કરવા. ભદ્રની

(૪૯)શાંતપ્રાસાદ.
૧૬ મી વિભક્તિ.
૧૮૯ ઈંડક.




"Aho Shrutgyanam"




(૫૧)કુંથુનાથ-પ્રાસાદ.

૧૭મીવિભક્તિ

૬૯ ઇંડક.

૨૦ તિલક.

પડખે અર્ધા ભાગની નંદિકા કરવી અને આખું ભદ્ર ત્રણ ભાગનું કરવું તથા નીકારે એક ભાગ રાખવું. આ પ્રમાણે ચારે દિશાએ સ્થાપના કરવી.

કર્ણે કેશરીશૃંગ કરવું અને તેના ઉપર એક તિલક ચઢાવવું. પ્રતિકર્ણે પણ કર્ણ સમાન એક કેશરી શૃંગ અને તિલક કરવું. નંદિકાએ એક તિલક કરવું. ભદ્રે બે ઉરૂશૃંગ કરવાં. આ કુંથુ-નાથપ્રાસાદ જાણવો અને તે સર્વદેવોને પ્રિય એવા સર્વ શ્રેષ્ઠ જિનેન્દ્ર ૧૭ મા શ્રીકુંથુનાથ પ્રભુને માટે કરવો. ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮.

ઇતિશ્રી કુંથુનાથપ્રાસાદ એકપંચાશત્, તુલ ભાગ ૮, ઇંડક ૬૯, તિલક ૨૦.

## (૫૨) શક્તિદપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपश्च प्रकर्तव्यं,**
**रथोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**शक्तिदो नाम विज्ञेयः,**
**श्रीदश्चैव सुखावहः ॥१२९॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને રથ ઉપર એક તિલક છે તેની ઉપર બીજું એક તિલક કરવું. આ શક્તિદ નામનો પ્રાસાદ જાણવો અને તે લક્ષ્મી તથા સુખને આપનારો છે. ૧૨૯.

ઇતિશ્રી શક્તિદપ્રાસાદ દ્વિપંચાશત્, ઇંડક ૬૯, તિલક ૨૮.

## ( ૫૩ ) હર્ષણપ્રાસાદ તૃતીય ભેદ.


**कर्णोर्ध्वे तु प्रदातव्यं,**
**शृङ्गं शृङ्गं तथैव च ॥**
**प्रासादो हर्षणो नाम,**
**जिनानां हर्षदायकः ॥१३०॥**

"Aho Shrutgyanam"

(૫૪) કમલકંદ પ્રાસાદ.

૧૮ મી વિભક્તિ.

૨૧ ઇંડક.




પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ સમજવું અને કર્ણ ઉપર એકેક શૃંગ ચારે દિશાએ વધારે ચઢાવવું. આ પ્રાસાદનું નામ હર્ષણપ્રાસાદ જાણવું અને તે જિનેન્દ્રોને હર્ષ આપનાર છે. ૧૩૦.

ઇતિશ્રી હર્ષણપ્રાસાદ ત્રિપંચાશત્, ઇંડક ૭૧, તિલક ૨૮.

## ( ૫૪ ) કમલકંદ શ્રીઅરનાથવલ્લભ પ્રાસાદ–૧૮ મી વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे,**
**चाष्टभागविभाजिते ॥**
**कर्णं द्विभागिकं ज्ञेयं,**
**भद्रार्धश्च द्विभागिकम् ॥१३१॥**
**कर्णे च शृङ्गमेकं तु,**
**केशरी च विधीयते ॥**
**भद्रे चैवोद्गमः कार्यो,**
**जिनेन्द्रश्चारनाथकः ॥१३२॥**
**इति त्वं विद्धि भो वत्स,**
**प्रासादो जिनवल्लभः ॥**
**कमलकंदनामोऽयं,**
**जिनशासनमार्गतः ॥१३३॥**

ચોરસ ક્ષેત્રના આઠ (૮) ભાગ કરી કર્ણ બે (૨) ભાગનો કરવો અને અર્ધું ભદ્ર પણ બે (૨) ભાગનું કરવું. કર્ણ ઉપર કેશરી નામનું એક શૃંગ ચઢાવવું અને ભદ્રે દોઢિઓ કરવો. હે વત્સ ! આ પ્રાસાદની રચનાવિધિ આ પ્રમાણે છે અને તે ૧૮ મા શ્રીઅરનાથ પ્રભુને માટે કરવામાં આવે છે. આ પ્રાસાદનું નામ જિનશાસનાનુસાર "કમલકંદ" જાણવું. ૧૩૧, ૧૩૨, ૧૩૩.

ઇતિશ્રી કમલકંદ શ્રીઅરનાથવલ્લભપ્રાસાદ ચતુઃપંચાશત્, તુલ ભાગ ૮, ઇંડક ૨૧.

"Aho Shrutgyanam"

## ( ૫૫ ) કેવલીનામપ્રાસાદ દ્વિતીય ભેદ.

**कर्णे च तिलकं ज्ञेयं श्रीशैलेश्वरवल्लभः ॥**
**केवली नाम प्रासादः सर्वजिनेषु पूजितः ॥१३४॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ જાણવું અને કર્ણે એક તિલક વધારવું. શ્રીશૈલેશ્વરને વલ્લભ એવો આ "કેવલી" નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વજિનોમાં પૂજાયેલો છે. ૧૩૪.

ઇતિશ્રી કેવલીપ્રાસાદ પંચપંચાશત્, ઇંડક ૨૧, તિલક ૪.

## ( ૫૬ ) અર્હન્તપ્રાસાદ તૃતીય ભેદ.

**भद्रे चैवोरुचत्वारि प्रासादे त्वरिनाशने ॥**
**दापितोऽसौ जिनेन्द्रेण चार्हन्तेन महात्मना ॥१३५॥**

પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને ભદ્રે ચાર ઉરૂશૃંગો ચારે દિશાએ મળી ચઢાવવાં. આ પ્રાસાદનું નામ " અર્હન્ત " છે અને તે મહાત્માશ્રી જિનેન્દ્ર અર્હંત પ્રભુએ આપેલો છે. ૧૩૫.

ઇતિશ્રી અર્હન્તપ્રાસાદ ષટ્પંચાશત્, ઇંડક ૨૫, તિલક ૪.

## ( ૫૭ ) મહેન્દ્રનામ શ્રીમલ્લિનાથવલ્લભપ્રાસાદ–૧૯ મી વિભકિત.


**चतुरस्रीकृते क्षेत्रे द्वादशपदभाजिते ॥**
**कर्णं भागद्वयं कार्यं प्रतिरथश्च सार्धकम् ॥१३६॥**
**भद्रार्धश्च द्विसार्धन्तु चतुर्दिक्षु व्यवस्थितम् ॥**
**कर्णे कर्मद्वयं कार्यं प्रतिरथे तथैव च ॥१३७॥**
**द्वादशैवोरुशृङ्गाणि स्थापयेच्च चतुर्दिशम् ॥**
**महेन्द्रश्चेति नामोऽयं जिनेन्द्रो मल्लिवल्लभः ॥१३८॥**

ચોરસ ક્ષેત્રના બાર ( ૧૨ ) ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ બે ( ૨ ), પ્રતિરથ ભાગ દોઢ ( ૧॥ ) અને અર્ધું ભદ્ર ભાગ અઢી (૨॥) નું કરવું. આ પ્રમાણે ચારે દિશાએ વ્યવસ્થા કરવી. કર્ણ અને પ્રતિરથ ઉપર બે બે કર્મ કરવાં. ભદ્રે ચારે દિશાએ મળી બાર ઉરૂશૃંગો ચઢાવવાં.

આ પ્રાસાદનું નામ મહેન્દ્ર પ્રાસાદ છે અને તે ઓગણીસમા જિનેન્દ્ર શ્રીમલ્લિનાથ પ્રભુને માટે કરવામાં આવે છે. ૧૩૬, ૧૩૭, ૧૩૮.

ઇતિશ્રી શ્રીમહેન્દ્રપ્રાસાદ સપ્તપંચાશત્, તુલ ભાગ ૧૨, ઇંડક ૧૮૧, તિલક ૮.

"Aho Shrutgyanam"




(૫૭) મહેન્દ્ર-પ્રાસાદ.

૧૯મી વિભક્તિ.

૧૮૧ ઇંડક.

૮ તિલક.

## (૫૮) પાપનાશનપ્રાસાદ દ્વિતીય ભેદ.

**रथोर्ध्वे तिलकं दद्यात्,**
**प्रासादो पापनाशनः ॥**
**ज्ञानमोक्षप्रदाता वै,**
**जिनेन्द्रानाञ्च विश्रुतः ॥१३९॥**

મહેન્દ્ર પ્રાસાદ પ્રમાણે તલ તથા સ્વરૂપ જાણવું અને વિશેષમાં રથ ઉપર એક તિલક ચઢાવવું. આ પ્રાસાદનું નામ "પાપનાશન" છે અને તે સર્વ જિનોમાં પ્રસિદ્ધિ પામેલો તથા જ્ઞાન અને મોક્ષનો દાતા છે. ૧૩૯.

ઇતિશ્રી પાપનાશનપ્રાસાદ અષ્ટપંચાશત્,
ઇંડક ૧૮૧, તિલક ૧૬.

## (૫૯) માનસંતુષ્ટિપ્રાસાદ મુનિસુવ્રત વલ્લભ–૨૦ મી વિભક્તિ.

**चतुरस्त्रीकृते क्षेत्रे,**
**चतुर्दशविभाजिते ॥**
**बाहुद्वयं रथं कर्णं,**
**भद्रार्धञ्च त्रिभागिकम् ॥१४०॥**
**श्रीवत्सः केशरी चैव,**
**कर्णे रथे क्रमद्वयम् ॥**
**द्वादशैवोरुशृङ्गाणि,**
**स्थापयेच्च चतुर्दिशम् ॥१४१॥**
**मानसंतुष्टिनामोऽयं,**
**जिनेन्द्रो मुनिसुव्रतः ॥**
**व्रतादि नियमं पूर्णं,**
**दर्शनादेव सिध्यति ॥१४२॥**

ચોરસ ક્ષેત્રના ચૌદ (૧૪) ભાગ કરવા. તેમાં કર્ણ અને પ્રતિરથ બેબે ભાગના કરવા. અર્ધું

૪૧

"Aho Shrutgyanam"

ભદ્ર ભાગ ત્રણનું કરવું. કર્ણ અને પ્રતિરથ ઉપર બે બે ક્રમ કરવાં. તેમાં પહેલું કેશરી અને બીજું શ્રીવત્સ ચઢાવવું. ચારે દિશાએ મળી ભદ્રે બાર (૧૨) ઉરૂશૃંગો કરવાં.

આ પ્રાસાદનું નામ "માનસંતુષ્ટિ" છે અને તે વીસમા જિનેન્દ્ર શ્રીમુનિસુવ્રત સ્વામીને માટે કરવામાં આવે છે. તેમજ આ પ્રાસાદના દર્શન કરવા માત્રથીજ સર્વ પ્રકારના વ્રતનિયમાદિક પૂર્ણ થાય છે. ૧૪૦, ૧૪૧, ૧૪૨.

ઇતિશ્રી માનસંતુષ્ટિપ્રાસાદ એકોનષષ્ઠિ, તલ ભાગ ૧૪, ઇંડક ૮૫, તિલક ૮.

## ( ૬૦ ) ગૌરવપ્રાસાદ દ્વિતીય ભેદ.

**मानसंतुष्टिसंस्थाने,**
**कर्णे द्विकेशरीं न्यसेत् ॥**
**गौरवो नाम विज्ञेयः,**
**कर्तव्यः त्रिषु मूर्तिषु ॥१४३॥**

માનસંતુષ્ટિપ્રાસાદ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને કર્ણ ઉપર બે કેશરી કર્મ ચઢાવવાં. આ પ્રાસાદનું નામ ગૌરવ છે અને તે ત્રિમૂર્તિના માટે કરવો. ૧૪૩.

ઇતિશ્રી ગૌરવપ્રાસાદ ષષ્ઠિ, ઇંડક ૧૦૧, તિલક ૮.

## ( ૬૧ ) સુમતિકીર્તિનામ શ્રીનમિનાથવલ્લભપ્રાસાદ–૨૧મી વિભક્તિ.


**चतुरस्त्रीकृते क्षेत्रे,**
**षड्विंशपदभाजिते ॥**
**कर्णे भागास्तु चत्वारः,**
**प्रतिकर्णे तथैव च ॥१४४॥**

(૫૯) માનસંતુષ્ટિ પ્રાસાદ.


૨૦મી વિભક્તિ.

૮૫ ઇંડક.

૮ તિલક.




"Aho Shrutgyanam"




(૬૧) સુમતિકીર્તિ-પ્રાસાદ.

૨૧ મી વિભકિત.

૪૭૩ ઇંડક.

૧૬ તિલક.

भद्रं दिग्भागिकं कुर्या-
चतुर्दिक्षु व्यवस्थितम् ॥
कर्णे कर्मत्रयं कार्यं,
प्रतिकर्णे क्रमद्वयम् ॥१४५॥
द्वादशैवोरुशृंगाणि,
प्रत्यंगानि द्वात्रिंशतिः ॥
मंदिरं प्रथमे कर्मे,
सर्वतोभद्रमेव च ॥१४६॥
केशरी तृतीये कर्मे,
मंजरीतिलकैर्युतम् ॥
सुमतिकीर्तिनामोऽयं,
नमिनाथस्य वल्लभः ॥१४७॥

ચોરસ ક્ષેત્રના છવ્વીસ (૨૬) ભાગ કરવા. કર્ણ અને પ્રતિકર્ણ બન્ને ચાર ચાર ભાગના કરવા. આખું ભદ્ર દશ ભાગનું કરવું. આ પ્રમાણે ચારે તરફ વ્યવસ્થા કરવી. કર્ણે મંદિર, સર્વતોભદ્ર અને કેશરી નામે ત્રણ કર્મ અને પ્રતિકર્ણે મંદિર અને સર્વતોભદ્ર નામે બે કર્મ કરવાં તથા તેમના ઉપર સુશોભિત મંજરીઓ કરવી. બાર ઉરૂશૃંગો તથા બત્રીસ (૩૨) પ્રત્યંગો કરવાં. આ પ્રાસાદનું નામ "સુમતિકીર્તિ" છે અને એકવીસમા શ્રી નમિનાથ પ્રભુને માટે કરવામાં આવે છે. ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭.

ઇતિશ્રી સુમતિકીર્તિનામ શ્રીનમિનાથવલ્લભ-
પ્રાસાદ એકષષ્ઠિ, તુલ ભાગ ૨૬,
ઇંડક ૪૭૩, તિલક ૧૬.

"Aho Shrutgyanam"

## (૬૨) જિનેન્દ્રાયતનપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपश्च प्रकर्तव्यं रथे शृङ्गं च दापयेत् ॥**
**जिनेन्द्रायतनो नाम प्रासादः सुरसुप्रियः ॥१४८॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને વિશેષમાં રથે એક શૃંગ વધારવું. આ પ્રાસાદનું નામ જિનેન્દ્રાયતન છે અને તે દેવોને ઘણો પ્રિય છે. ૧૪૮.

ઇતિશ્રી જિનેન્દ્રાયતનપ્રાસાદ દ્વિષષ્ઠિ, ઇંડક ૪૮૧, તિલક ૮.

## (૬૩) રાજેન્દ્રપ્રાસાદ તૃતીય ભેદ.

**तद्रूपश्च प्रकर्तव्यमुरुशृंगाणि षोडश ॥**
**पूजिते लभते राज्यं स्वर्गे च पृथिवीतले ॥१४९॥**

પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરી ભદ્રે સોળ ( ૧૬ ) ઉરૂશૃંગો કરવાં. આ રાજેન્દ્ર નામનો પ્રાસાદ જાણવો. આ પ્રાસાદ કરી પૂજવાથી પૂજનાર સ્વર્ગ તેમજ પૃથ્વીનું રાજ્ય મેળવે છે. ૧૪૯.

ઇતિશ્રી રાજેન્દ્રપ્રાસાદ ત્રિષષ્ઠિ, ઇંડક ૪૮૫, તિલક ૮.

## (૬૪) નેમીન્દ્રનામ શ્રીનેમિનાથવલ્લભપ્રાસાદ–૨૨ મી વિભક્તિ.

**चतुरस्त्रीकृते क्षेत्रे द्वाविंशपदभाजिते ॥**
**बाह्वेन्दुयुग्मरूपेन्दु–द्वयेन्दुभिः क्रमेण वै ॥१५०॥**
**भद्रार्धश्च द्वयं कार्यं स्थापयेत्तु चतुर्दिशम् ॥**
**केशरी सर्वतोभद्रं कर्णे चैव क्रमद्वयम् ॥१५१॥**
**केशरी तिलकश्चैव रथोर्ध्वे तु प्रकीर्तितम् ॥**
**कर्णिका नंदिका चैव शृङ्गतिलकभूषिता ॥१५२॥**
**भद्रे चैवोरुचत्वारि प्रत्यङ्गं षोडशं भवेत् ॥**
**नेमीन्द्रसमनामोऽयं प्रासादो नेमिवल्लभः ॥१५३॥**

સમચોરસ ક્ષેત્રના બાવીસ (૨૨) ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ બે (૨), કર્ણિકા ભાગ એક ( ૧ ), પ્રતિકર્ણ ભાગ બે ( ૨ ), કોણિકા ભાગ એક ( ૧ ), ઉપરથ ભાગ બે ( ૨ ), નંદિકા ભાગ એક ( ૧ ) અને ભદ્રાર્ધ ભાગ બે ( ૨ ) નું કરવું. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી.

"Aho Shrutgyanam"

કર્ણે ઉપર પહેલું શૃંગ સર્વતોભદ્ર અને બીજું કેશરી શૃંગ મળી બે કર્મો કરવાં અને પ્રતિરથ અને ઉપરથ ઉપર કેશરી શૃંગ અને એક તિલક ચઢાવવું. કોણિકાઓ અને નંદિકાઓ એકએક શૃંગ તથા એકેક તિલકથી વિભૂષિત કરવી. ભદ્રે ચાર ઉરૂશૃંગો ચઢાવવાં અને સોળ પ્રત્યંગ કરવાં. આ અતિ સુંદર પ્રાસાદનું નામ નેમીન્દ્ર પ્રાસાદ છે અને તે બાવીસમા શ્રીનેમિનાથ પ્રભુને પ્રિય છે. ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩.


ઇતિશ્રી નેમીન્દ્રનામ શ્રીનેમિનાથવલ્લભપ્રાસાદ ચતુષ્ષષ્ઠિ, તુલ ભાગ ૨૨, ઇંડક ૧૯૩, તિલક ૪૦.

(૬૪) નેમીન્દ્ર-પ્રાસાદ.

૨૨મી વિભક્તિ.

૧૯૩ ઇંડક.

૪૦ તિલક.




## (૬૫) યતિભૂષણપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तत्तुल्यं तत्प्रमाणञ्च,**
**रथे श्रृङ्गञ्च दापयेत् ॥**
**वल्लभः सर्वदेवानां,**
**कर्तव्यः सुरवल्लभः ॥१५४॥**


ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ સમજવું અને રથ ઉપર તિલક કાઢી એક શૃંગ ચઢાવવું. આ પ્રાસાદને 'યતિભૂષણ' પ્રાસાદ કહે છે અને તે દેવતાઓને પ્રિય છે તથા સર્વ દેવતાઓને માટે કરવામાં આવે છે. ૧૫૪.

ઇતિશ્રી યતિભૂષણ સુરવલ્લભપ્રાસાદ પંચષષ્ઠિ, ઇંડક ૨૦૧, તિલક ૩૨.

## (૬૬) સુપુષ્પપ્રાસાદ તૃતીય ભેદ.

**तद्रूपं तत्प्रमाणञ्च,**
**रथे दद्याच्च केशरी ॥**
**सुपुष्पो नाम विज्ञेयः,**
**प्रासादः सुरवल्लभः ॥१५५॥**

"Aho Shrutgyanam"




(૬૭) પાર્શ્વવલ્લભ પ્રાસાદ.

૨૩મી વિભક્તિ.

૧૧૩ ઇંડક.

૮ તિલક.

પૂર્વ પ્રમાણે પ્રાસાદનું તલ તથા સ્વરૂપ કરવું અને વિશેષમાં રથે શૃંગને બદલે એક કેશરી શૃંગ ચઢાવવું. આ પ્રાસાદનું નામ "સુપુષ્પ" છે અને તે દેવોને ઘણો પ્રિય છે. ૧૫૫.

ઇતિશ્રી સુપુષ્પપ્રાસાદ ષટ્ષષ્ઠિ,
ઇંડક ૨૩૩, તિલક ૩૨.

## ( ૬૭ ) પાર્શ્વવલ્લભપ્રાસાદ–
## ૨૩ મી વિભક્તિ.

**चतुरस्रीकृते क्षेत्रे**
**षड्विंशतिविभाजिते ॥**
**कर्णादिगर्भपर्यन्तं,**
**विभागानां तु लक्षणम् ॥१५६॥**
**वेदरूपगुणेन्दुभि-**
**र्भद्रार्धन्तु चतुष्पदम् ॥**
**श्रीवत्सः केशरी चैव,**
**रथे कर्णे च दापयेत् ॥१५७॥**
**कर्णिकायां ततः शृङ्गं,**
**प्रत्यंगानि ततोऽष्टभिः ॥**
**भद्रे चैवोरुचत्वारि,**
**प्रासादः पार्श्ववल्लभः ॥१५८॥**

ચોરસ ક્ષેત્રના છવ્વીસ ( ૨૬ ) ભાગ કરવા. કર્ણથી તે ગર્ભ સુધી કરવાના વિભાગોનું લક્ષણ આ પ્રમાણે જાણવું. કર્ણ ભાગ વેદ એટલે ચાર (૪), કોણિકા ભાગ રૂપ એટલે એક ( ૧ ), પ્રતિકર્ણ ભાગ ગુણ એટલે ત્રણ (૩) અને નંદિકા ભાગ ઇન્દુ એટલે એક તથા ભદ્રાર્ધ ભાગ ચાર (૪) નું કરવું.

"Aho Shrutgyanam"

કર્ણે અને રથ ઉપર પહેલું શૃંગ કેશરી અને બીજું શ્રીવત્સ ચઢાવવું. કોણિકાઓએ એકએક શૃંગ કરવું અને આઠ (૮) પ્રત્યંગો કરવાં તથા ભદ્રે ચાર (૪) ઉરૂશૃંગો ચઢાવવાં. આ પ્રાસાદનું નામ "પાર્શ્વવલ્લભ" છે અને તેવીસમા શ્રીપાર્શ્વનાથ પ્રભુને માટે કરવામાં આવે છે. ૧૫૬, ૧૫૭, ૧૫૮.

ઇતિશ્રી પાર્શ્વવલ્લભપ્રાસાદ સપ્તષષ્ઠિ, તુલ ભાગ ૨૬, ઇંડક ૧૧૩, તિલક ૮.

## (૬૮) પદ્માવૃતપ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपं तत्प्रमाणञ्च कर्णोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**पद्मावृतश्च विज्ञेयः कर्तव्यः सर्वदेवताः ॥१५९॥**

પૂર્વ પ્રાસાદના માને તલ અને સ્વરૂપ કરવું અને વિશેષમાં કર્ણ ઉપર એક તિલક ચઢાવવું. આ પ્રાસાદનું નામ "પદ્માવૃત" છે અને તે સર્વ દેવોને માટે કરવો. ૧૫૯.

ઇતિશ્રી પદ્માવૃતપ્રાસાદ અષ્ટષષ્ઠિ, ઇંડક ૧૧૩, તિલક ૧૨.

## (૬૯) યરૂપપ્રાસાદ તૃતીય ભેદ.

**तद्रूपञ्च प्रकर्तव्यं प्रतिकर्णे तथैव च ॥**
**यरूपो नाम विज्ञेयः प्रासादः सुरवल्लभः ॥१६०॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરી પ્રતિકર્ણે કર્ણ સમાન શૃંગો તથા તિલક ચઢાવવાં. દેવતાઓને પ્રિય એવા આ પ્રાસાદનું નામ યરૂપ છે. ૧૬૦.

ઇતિશ્રી યરૂપપ્રાસાદ એકોનસપ્તતિ, ઇંડક ૧૧૩, તિલક ૨૦.

## (૭૦) વીરવિક્રમનામ શ્રીમહાવીરસ્વામીવલ્લભપ્રાસાદ-૨૪ મી વિભક્તિ.


**चतुरस्त्रीकृते क्षेत्रे चतुर्विंशतिभाजिते ।**
**कर्णं त्रिभागिकं ज्ञेयं प्रतिकर्णश्च तत्समम् ॥१६१॥**
**कर्णिका नंदिका भागा भद्रार्धश्च चतुष्पदम् ॥**
**श्रीवत्सः केशरी चैव सर्वतोभद्रमेव च ॥१६२॥**
**रथे कर्णे प्रदातव्यं प्रत्यङ्गानि ततोऽष्टभिः ॥**
**भद्रे चैवोरुचत्वारि कर्णिकाश्रृङ्गमुत्तमम् ॥१६३॥**
**वीरविक्रमनामोऽयं प्रासादो जिनवल्लभः ।**
**कथितो हि मया तुभ्यं जिनार्थं लोकविश्रुतः ॥१६४॥**

"Aho Shrutgyanam"

સમચોરસ ક્ષેત્ર કરી તેના ચોવીસ (૨૪) ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ ત્રણનો કરવો તેમજ પ્રતિકર્ણ પણ ત્રણ ભાગનો કરવો અને કોણિકા તથા નંદિકા એકએક ભાગની કરવી. અર્ધું ભદ્ર ચાર (૪) ભાગનું કરવું. કર્ણે અને રથે પહેલું શૃંગ સર્વતોભદ્ર, બીજું કેશરી અને ત્રીજું શ્રીવત્સ ચઢાવવું. આઠ (૮) પ્રત્યંગો કરવાં. ભદ્રે ચાર (૪) ઉરૂશૃંગો ચઢાવવાં અને નંદિકાએ તેમજ કોણિકાએ ઉત્તમ એક એક શૃંગો ચઢાવવાં.

શ્રીવિશ્વકર્મા પોતાના પુત્ર જયને સંબોધી કહે છે કે, હે પુત્ર, મેં તને જિનેન્દ્રોને અત્યંત પ્રિય વીરવિક્રમ નામનો ચોવીસમી વિભક્તિનો સીત્તેરમો પ્રાસાદ કહ્યો કે જે ત્રિલોકમાં પ્રખ્યાત છે અને તે ચોવીસમા તીર્થંકર શ્રીમહાવીર સ્વામીને માટે કરવામાં આવે છે. ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪.

ઇતિશ્રી વીરવિક્રમનામ શ્રીમહાવીરસ્વામીવલ્લભ પ્રાસાદ સપ્તતિ, તુલ ભાગ ૨૪, ઇંડક ૨૨૧.




(૭૦) વીરવિક્રમ પ્રાસાદ.

૨૪ મી વિભક્તિ.

૨૨૧ ઇંડક,

## (૭૧) મષ્ટાદય પ્રાસાદ દ્વિતીય ભેદ.

**तद्रूपश्च प्रकर्तव्यं,**
**कर्णोर्ध्वे तिलकं न्यसेत् ॥**
**मष्टादयश्च विज्ञेयः,**
**प्रासादो जिनवल्लभः ॥१६५॥**

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને વિશેષમાં કર્ણે એક તિલક ચઢાવવું. આનું નામ "મષ્ટાદયપ્રાસાદ" છે અને તે જિનેન્દ્રોને અતિ પ્રિય છે. ૧૬૫.

ઇતિશ્રી મષ્ટાદય નામ જિનવલ્લભપ્રાસાદ એકસપ્તતિ, ઇંડક ૨૨૧, તિલક ૪.

"Aho Shrutgyanam"

## (૭૨) તુષ્ટિપુષ્ટિ નામ પ્રાસાદ તૃતીય ભેદ.

तद्रूपश्च प्रकर्तव्यमुरुशृङ्गाणि पञ्च वै ॥
तुष्टिपुष्टिश्च नामा वै प्रासादो जिनवल्लभः ॥१६६॥

પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું અને ભદ્રે પાંચ ઉરૂશૃંગો ચઢાવવાં. આનું નામ "તુષ્ટિપુષ્ટિપ્રાસાદ" છે અને તે સર્વ તીર્થંકરોને ઘણો પ્રિય છે. ૧૬૬.

ઇતિશ્રી તુષ્ટિપુષ્ટિ નામ જિનવલ્લભપ્રાસાદ, દ્વિસપ્તતિ, ઇંડક ૨૨૫, તિલક ૪.

## જિનેન્દ્રપ્રાસાદોનો મહિમા.

चतुर्विंशविभक्तानि जिनेन्द्राणां विशेषतः ॥
चतुर्दिशं चतुर्द्वारं पुरमध्ये सुखावहम् ॥१६७॥

વિશેષ કરીને જિનેન્દ્રોના પ્રાસાદોનાં તલો ચોવીસ પ્રકારનાં છે. આ તલોમાંનું કોઇપણ દેવાલય નગરના મધ્યે ચારે દિશાએ ચતુર્મુખ કરવામાં આવે તો તે સુખ આપનારૂં છે. ૧૬૭.

शान्तिदाः पुष्टिदाश्चैव प्रजाराज्यसुखावहाः ॥
अश्वगजबलीवर्दैर्महीषैर्नंदिकैस्तथा ॥१६८॥
सर्वां श्रियमवाप्नोति स्थापिते च महीतले ॥
नगरे ग्रामे पुरमध्ये प्रासादा ऋषभादयः ॥१६९॥
जगत्या मण्डपैर्युक्ताः क्रियन्ते वसुधातले ॥
शिल्पायत्तश्च राज्यं वै स्वर्गे चैव महीतले ॥१७०॥
दक्षिणोत्तरमुखाश्च प्राचीपश्चिमदिङ्मुखाः ॥
वीतरागस्य प्रासादाः पुरमध्ये सुखावहाः ॥१७१॥

इतिश्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे ऋषभादिप्रासादलक्षणाधिकारे गुर्जरभाषायामष्टमं रत्नं समाप्तम् ॥

આ પ્રાસાદો શાંતિ અને પુષ્ટિને આપનારા તથા રાજા, પ્રજા અને રાજ્યને સુખ આપનારા છે. આ પ્રાસાદો પૃથ્વીતલમાં સ્થાપન કરવાથી ઘોડા, હાથી, બળદ, અને મહીષાદિ પશુ, ધન તથા માંગલિક વસ્તુથી સંપન્ન સર્વ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થાય છે.



"Aho Shrutgyanam"

નગરમાં, ગ્રામમાં અથવા પુરના મધ્યભાગમાં જગતી અને મંડપો સંયુક્ત ઋષભાદિ પ્રાસાદો પૃથ્વીતલમાં કરવામાં આવે છે. કારણ કે રાજલક્ષ્મી સ્વર્ગમાં તેમજ પૃથ્વીમાં શિલ્પને આધીન છે.

પુરના મધ્યભાગે, દક્ષિણોત્તર મુખ અથવા પૂર્વપશ્ચિમ મુખના વીતરાગ જિનેન્દ્રોના પ્રાસાદો કરવા સુખાવહ છે. ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું ઋષભાદિ દ્વિસપ્તતિ પ્રાસાદ લક્ષણાધિકાર નામનું આઠમું રત્ન સંપૂર્ણ.**

"Aho Shrutgyanam"

# नवमं रत्नम् ।

## अथ वैराज्यादिपञ्चविंशतिप्रासादलक्षणाधिकारः ।

### श्री नागराहि जाति–वैराज्यादि–पंचविंशति प्रासाद.

**वैराज्यादीनथो वक्ष्ये प्रासादान् पञ्चविंशतिम् ॥**
**चतुरस्रो भवेदेकः त्रयाङ्गास्त्रय एव च ॥१॥**
**पञ्चाङ्गाश्च तथा पञ्च सप्ताङ्गाः सप्त कारयेत् ॥**
**नवाङ्गा नव विख्याताः प्रासादाः पञ्चविंशतिः ॥२॥**

હવે વૈરાજ્યાદિ પચીસ પ્રાસાદોનું સ્વરૂપ લક્ષણ કહું છું. તેમાં એકાંગનો એક પ્રાસાદ ચતુરસ્ર જાણવો અને ત્રયાંગના ત્રણ પ્રાસાદો જાણવા. પંચાંગના પાંચ પ્રાસાદો, સપ્તાંગના સાત પ્રાસાદો તથા નવાંગના નવ પ્રાસાદો જાણવા. આ પ્રમાણે વૈરાજ્યાદિ પ્રાસાદોની કુલ સંખ્યા પચીસ જાણવી. ૧, ૨.

### એકાંગ એક પ્રાસાદ.

**वैराज्यश्चतुरस्रश्च कर्तव्यो विधिपूर्वकम् ॥**

વૈરાજ્ય નામનો એકાંગી એક (૧) પ્રાસાદ વિધિપૂર્વક સમચોરસ કરવો.

### ત્રયાંગ ત્રણ પ્રાસાદ.

**अतस्तु नंदनश्चैव सिंहः श्रीनंदनस्तथा ॥३॥**
**त्रयाङ्गा वै त्रयश्चैते कर्तव्याश्च सदा बुधैः ॥**

(૧) નંદન, (૨) સિંહ (સિંહકર્ણ) તથા (૩) શ્રીનંદન; આ ત્રણ પ્રાસાદો ત્રયાંગી જાણવા અને તે ત્રયાંગ તલ ઉપર સર્વદા બુદ્ધિમાનોએ કરવા. ૩.

### પંચાંગ પંચ પ્રાસાદ.

**मन्दिरो मलयश्चैव विमानः सुविशालकः ॥४॥**
**त्रैलोक्यभूषणश्चैव पञ्चाङ्गाश्च प्रकीर्तिताः ॥**

(૧) મંદિર, (૨) મલય, (૩) વિમાન, (૪) સુવિશાલ અને (૫) ત્રૈલોક્યભૂષણ; આ પાંચ પ્રાસાદો પંચાંગી જાણવા. ૪.

"Aho Shrutgyanam"

## સપ્તાંગ સપ્ત પ્રાસાદ.

सप्ताङ्गान् कथयिष्यामि प्रासादान् सर्वकामदान् ॥५॥
शान्तिदा विघ्नहर्तारः शुद्धवंशे समुद्भवाः ॥
महेन्द्रो रत्नशीर्षश्च सितशृङ्गोऽथ भूधरः ॥६॥
भुवनमण्डलाख्यश्च त्रैलोक्यविजयस्तथा ॥
क्षितिवल्लभनामा च सप्ताङ्गाश्च प्रकीर्तिताः ॥७॥

હવે સર્વ કામનાઓને આપનારા સપ્તાંગ પ્રાસાદોનાં નામ કહું છું. જે શાંતિપ્રદાતા, વિઘ્નહરનારા અને શુદ્ધવંશમાં ઉત્પન્ન થએલા છે.

(૧) મહેન્દ્ર, (૨) રત્નશીર્ષ, (૩) સિતશૃંગ, (૪) ભૂધર, (૫) ભુવનમંડપ, (૬) ત્રૈલોક્યવિજય અને (૭) ક્ષિતિવલ્લભ; આ સાત પ્રાસાદોને સપ્તાંગી પ્રાસાદ કહેલા છે. ૫,૬,૭.

## નવાંગ નવ પ્રાસાદ.

महीधरश्च कैलासो नवमाल्यस्तृतीयकः ॥
गंधमादननामा च सर्वाङ्गसुन्दरस्तथा ॥८॥
विजयानन्दनामा च सर्वाङ्गतिलकस्तथा ॥
महाभोगश्च विज्ञेयो मेरुश्च नवमः स्मृतः ॥९॥
प्रासादा नवसंख्याश्च नवाङ्गाः परिकीर्तिताः ॥
वैराज्याद्याः समाख्याताः प्रासादाः पञ्चविंशतिः ॥१०॥

(૧) મહીધર, (૨) કૈલાસ, (૩) નવમાલ્ય, (૪) ગંધમાદન, (૫) સર્વાંગસુંદર, (૬) વિજયાનંદ, (૭) સર્વાંગતિલક, (૮) મહાભોગ અને (૯) નવમો મેરૂ; આ નવ પ્રાસાદો નવાંગી જાણવા.

આ પ્રમાણે ભેદો સહિત વૈરાજ્યાદિ પચીસ પ્રાસાદોનાં નામ કહ્યાં. ૮,૯,૧૦.

एतेषां रूपनिर्वाणं कथयामि यथाविधि ॥
शृणु वत्स महाप्राज्ञ तलछंदनिरूपकम् ॥११॥

હે મહાબુદ્ધિશાળી વત્સ ! હવે આ પ્રાસાદોનું સ્વરૂપનિર્વાણ યથાવિધિ કહું છું કે જે તલ અને છંદનું નિરૂપણ કરનારૂં છે, તે સાંભળ. ૧૧.

"Aho Shrutgyanam"

**एते समतला ज्ञेयाः समनिर्गमनिर्गताः ॥**
**समजातिः समं सूत्रं शुद्धच्छन्दाः प्रकीर्तिताः ॥१२॥**

આ પ્રાસાદો સમતલ તથા સમદલ જાણવા. સમજાતિ અને સમસૂત્રવાળા આ પ્રાસાદોને શુદ્ધચ્છંદના પ્રાસાદો કહ્યા છે. ૧૨.

**विभक्तिभिन्नछंदानां विभक्तिसूत्रनिर्गताः ॥**
**निर्गता गर्भसूत्रैश्च गर्भाण्येवमनेकधा ॥१३॥**

પ્રાસાદની વિભક્તિને લીધે ભિન્ન ભિન્ન છંદોનાં તલો સમદલ, ગર્ભસૂત્ર એટલે અર્ધભાગે ( અને હસ્તાંગુલ પણ ) નીકળતાં કરવામાં આવે છે. તેવીજ રીતે ગભારા પણ અનેક પ્રકારના થાય છે. ૧૩.

**समाश्च विषमाश्चैव समाश्चैव तथा समाः ॥**
**विषमा विषमा ज्ञेया विषमाः कीर्तिताः समाः ॥१४॥**

સમ પ્રાસાદોને વિષમ ગભારો તથા સમ પ્રાસાદોને સમ ગભારો પણ કરવો. વિષમને વિષમ તથા વિષમ પ્રાસાદને સમ ગભારો પણ કરી શકાય છે. ૧૪.

**विचित्राङ्गा विभक्ताश्च विचित्रं सूत्रनिर्गताः ॥**
**विचित्रशिखराकाराः कर्मवैचित्र्यशोभिताः ॥१५॥**

વળી આ પ્રાસાદો અનેક પ્રકારના અંગોવાળા તેમજ વિભક્તિવાળા તથા નાના પ્રકારના સૂત્રોથી નીકળતા અને નાના પ્રકારના શિખરોવાળા તથા વિચિત્ર પ્રકારનાં કર્મ ( ઇંડકો ) વડે સુશોભિત કરવામાં આવે છે. ૧૫.

### વૈરાજ્ય પ્રાસાદ પ્રથમ.

**वैराज्यञ्च प्रवक्ष्यामि प्रासादं सर्वकामदम् ॥**
**यत्र विश्राम्यते रुद्रो विष्णुर्ब्रह्मा रविस्तथा ॥१६॥**

સર્વ કામનાઓને આપનાર વૈરાજ્ય પ્રાસાદનું લક્ષણ કહું છું. જેમાં રૂદ્ર, વિષ્ણુ, બ્રહ્મા અને સૂર્ય નિવાસ કરે છે અર્થાત્ આ પ્રાસાદ રૂદ્ર, વિષ્ણુ, બ્રહ્મા અને સૂર્યને માટે કરવો. ૧૬.

**एकद्वारश्चतुर्द्वारं द्वारत्रयमथोच्यते ॥**
**द्वारद्वयञ्च कर्तव्यं दूषणं न कदाचन ॥१७॥**

એક દ્વારવાળો, ચાર દ્વારવાળો, ત્રણ દ્વારવાળો અને બે દ્વારવાળો પ્રાસાદ કરવો. તેમાં દોષ લાગતો નથી. ૧૭.

"Aho Shrutgyanam"

**माहेन्द्रोत्तरयाम्यश्च पूर्वापरोत्तरादिकम् ॥**
**अपरोत्तरयाम्यश्च त्रिद्वारं त्रिविधोद्गतम् ॥१८॥**

ત્રણ દ્વારવાળા દેવાલયને પૂર્વ, ઉત્તર અને દક્ષિણ; પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર અથવા પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ; એમ ત્રણ પ્રકારે દ્વાર મૂકવાં. ૧૮.

**पूर्वापरद्वयं द्वारं याम्योत्तरश्च दूषयेत् ॥**
**एकद्वारश्च माहेन्द्रं चतुर्द्वारं चतुर्दिशम् ॥१९॥**

બે દ્વારવાળા દેવાલયનાં બે દ્વાર પૂર્વ અને પશ્ચિમ દિશામાં કરવાં. પરંતુ ઉત્તર અને દક્ષિણ દિશામાં કરવાં નહિ. એક દ્વારવાળા દેવાલયનું એક દ્વાર પૂર્વદિશામાં કરવું અને ચતુર્દ્વારવાળા દેવાલયને ચાર દ્વાર ચારે દિશાઓમાં કરવાં. ૧૯.

**पूर्वश्च भुक्तिदं द्वारं मुक्तिदं वरुणोद्गतम् ॥**
**याम्योत्तरं शिवे द्वारं कृते दोषो महद्भयम् ॥२०॥**

પૂર્વદિશામાં કરેલું દ્વાર ભુક્તિ આપનારૂં અને પશ્ચિમ દિશામાં મૂકેલું દ્વાર મુક્તિ આપનારૂં જાણવું. શિવાલયને ઉત્તર અને દક્ષિણ દિશામાં દ્વાર કરવામાં આવે તો મોટો દોષ અને ભયકર્ત્તા થાય છે. ૨૦.

**एकद्वारश्च माहेन्द्रमन्यथा दोषदं भवेत् ॥**
**भद्रं सर्वत्र कल्याणं चतुर्द्वारं शिवालयम् ॥२१॥**

એક દ્વારવાળા દેવાલયનું દ્વાર પૂર્વદિશામાંજ કરવું. બીજી દિશામાં કરે તો દોષકર્તા થાય. ચતુર્દ્વારનું શિવાલય સર્વત્ર સારૂં અને કલ્યાણકર્તા જાણવું. ૨૧.

**ब्रह्मविष्णुरवीन् कुर्याद् यथोक्तं पूर्वमेव हि ॥**
**जिने समोसरणाद्यं दिशादोषो न विद्यते ॥२२॥**

પૂર્વોક્ત પ્રમાણે યથાવિધિ બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્યનાં દેવાલયોને દ્વારો કરવાં તથા જિનેન્દ્રને સમોસરણાદિ કરવું એટલે દિશાદોષ લાગતો નથી. ૨૨.

### (૧) વૈરાજ્ય એકાંગ પ્રથમ પ્રાસાદ સ્વરૂપલક્ષણ.

**चतुरस्रं समं शुद्धं षोडशाक्षे प्रकल्पितम् ॥**
**वेदाख्ये गर्भमाख्यातं भित्तिः सूर्यपदोद्भवा ॥२३॥**

સમ અને શુદ્ધ છંદનું સોળ ભાગનું સમચોરસ ક્ષેત્ર કરવું. તેમાં ચાર ભાગનો ગભારો કરવો અને બાર ભાગની ( ભ્રમણી સહિત ) ભિત્તિ કરવી. ૨૩.

"Aho Shrutgyanam"

**भ्रमनिर्वाणकस्तम्भसीमा प्राग्रीवकोद्गता ॥**
**चतुर्भागोन्नता भित्तिः सपादं शिखरोन्नतम् ॥२४॥**

ભ્રમને ઢાંકનારા થાંભલાઓના મથાળે પ્રાગ્રીવ એટલે પાટડા નાખી છાતિઆ ઢાંકવા. સ્તંભમાં અગર સ્તંભને જોડીને મૂર્તિઓ કરવી. ચાર ભાગની બે ભિત્તિઓ તેમજ બીજી બાજુ પણ (૪) ભાગની બે ભિત્તિઓ કરવી. તેમજ ચાર (૪) ભાગની બન્ને તરફ મળી ભ્રમણી કરવી અને સવાયું ઉંચું શિખર કરવું. ૨૪.

**चतुर्गुणैः पृथक्सूत्रैः पद्मकोशं समालिखेत् ॥**
**स्कंधकोशान्तरश्चैव सप्तभागैश्च कारयेत् ॥२५॥**

ચારગુણા પૃથક્ સૂત્રો વડે શિખરના પદ્મકોશની રેખાઓ ખેંચવી અને સ્કંધ તથા કોશાની વચ્ચેના ભાગમાં અર્થાત્ બાંધણામાં સાત ભાગ કરવા. ૨૫.

**આમલસારાના ઘાટના ભાગ.**

**ग्रीवाभागसमुत्सेधं सार्धमामलसारकम् ॥**
**पद्मपत्रं तथा सार्धं त्रिभागं कलशोन्नतम् ॥२६॥**

આમલસારાની ગ્રીવા એક ભાગ ઉંચી કરવી. આમલસારો દોઢ ભાગ, પદ્મપત્ર ( ઝાંઝરી મળી ) દોઢ ભાગ અને કલશ ત્રણ ભાગ ઉંચો કરવો. ૨૬.

**शुकनाशस्तथा सिंहाः कर्णोर्ध्वे च प्रकल्पयेत् ॥**
**जगती पञ्चगुणा ख्याता चतुर्मुखा च कामदा ॥२७॥**

શુકનાશ અને બાજુના ખૂણાઓએ સિંહો કરવા. પ્રાસાદથી પાંચગણી પહોળી જગતી કરવી સારી કહી છે. ચોમુખ જગતી કામનાઓને પૂર્ણ કરનારી છે. ૨૭.

**इमं यः कारयेदेवं प्रासादश्च विराजकम् ॥**
**एकविंशतिस्वर्गेषु लभते राज्यमीप्सितम् ॥२८॥**

જે પુરૂષ ઉપર પ્રમાણે લક્ષણયુક્ત વૈરાજ્ય પ્રાસાદ કરાવે છે અગર કરે છે તે એકવીસ સ્વર્ગ મધ્યે એટલે એકવીસ બ્રહ્માંડમાં ઇચ્છિત રાજ્યને પામે છે. ૨૮.

ઇતિશ્રી વૈરાજ્ય પ્રાસાદ પ્રથમ, તુલ ચતુરસ્ર, ઈંડક ૧.

"Aho Shrutgyanam"

## अथ त्र्याङ्गप्रासाद.

### ( ૨ ) નંદન પ્રાસાદ– ત્ર્યાંગ પ્રથમ પ્રાસાદ.

वैराज्यस्य च संस्थाने नंदनं कारयेच्छुभम् ॥
कर्णभागं तु चैकैकमुदकान्तरभूषितम् ॥२९॥
द्विभागश्च भवेद् भद्रमर्धभागेन निर्गतम् ॥
भागार्धं पार्श्वसूत्रं तु निर्गमे तत्समं तथा ॥३०॥
सार्धभागस्य विस्तारे मुखभद्रं विधीयते ॥

વૈરાજ્યપ્રાસાદના ચોરસ ક્ષેત્ર પ્રમાણે ક્ષેત્ર કરી તે ઉપર કલ્યાણકર્તા નંદન પ્રાસાદ કરવો. વારિમાર્ગ સાથે કર્ણ એક ભાગનો કરવો અને આખું ભદ્ર બે ભાગનું કરવું અર્થાત્ અર્ધું ભદ્ર એક ભાગનું કરવું અને નીકારે અર્ધો ભાગ રાખવું. અર્ધા ભાગનું પાર્શ્વસૂત્ર સમદલ ( ૫ા ૫ા ભાગનું ભદ્રની બન્ને બાજુ ) કરવું તથા તેનાથી નીકળતું દોઢ ભાગના વિસ્તારમાં મુખભદ્ર કરવું. ૨૯, ૩૦.

कर्णे च श्रृङ्गमेकैकं भद्रे द्वयोरुमंजरी ॥३१॥
शिखरं त्रयविस्तारं पादोनवेदमुच्छ्रितम् ॥
पद्मकोशोद्भवे सूत्रे घटं पञ्च शिखान्तकम् ॥३२॥
रथिकोद्भवभद्रन्तु नंदनं सर्वकामदम् ॥
नंदते चेह लोके सः स्वर्गे वा त्रिदशैः सह ॥३३॥


કર્ણે એકએક શૃંગ તથા ભદ્રે બે ઉરૂશૃંગ ચઢાવવાં. શિખરનો વિસ્તાર ત્રણ ભાગ કરવો અને પોણાચાર ભાગે ઉંચું કરવું. પદ્મકોશના સમસૂત્રે શિખા-પર્યંત અર્થાત્ કલશની શિખા સુધી ભાગ પાંચ કરવા. ભદ્રે ડોઢિયો કરવો. આ નંદન નામે પ્રાસાદ જાણવો અને તે સર્વ કામનાઓને પૂર્ણ કરનારો છે. જે પુરૂષ આ પ્રાસાદ કરાવે છે તે આ લોકમાં સુખ ભોગવે છે તેમજ સ્વર્ગમાં પણ દેવોની સાથે આનંદ ભોગવે છે. ૩૧, ૩૨, ૩૩.

ઇતિશ્રી નંદનપ્રાસાદ દ્વિતીય, તુલભાગ ૪, ઇંડક ૧૩.

### ( ૩ ) સિંહપ્રાસાદ– ત્ર્યાંગ દ્વિતીય પ્રાસાદ.

मुखभद्रे प्रतिभद्रमुद्गमश्च रथोपरि ॥
कर्णश्रृङ्गे तथा सिंहः सिंहनामा स उच्यते ॥३४॥

"Aho Shrutgyanam"




**એકાંગ એક પ્રાસાદ.**
(૧) વૈરાજ્ય પ્રાસાદ ચતુરસ્ર.
પ્રથમ વિભક્તિ, ૧ ઈંડક.

**ત્ર્યાંગ ત્રણ પ્રાસાદ.**
(૨) નંદનપ્રાસાદ, દ્વિતીય
વિભક્તિ, ૧૩ ઈંડક.

(૩) સિંહ પ્રાસાદ.
દ્વિતીય ભેદ, ૧૩ ઈં.

(૪) શ્રીનંદનપ્રાસાદ.
તૃતીય ભેદ, ૨૯ ઈં.



"Aho Shrutgyanam"

તલ ઉપર પ્રમાણે કરવું અને વધારેમાં મુખભદ્રમાં એક પ્રતિભદ્ર કરવું. તેના ઉપર ડોઢિયો કરવો. કર્ણે શૃંગ અને તેના ગાળામાં સિંહ કરવો. આ સિંહ નામનો પ્રાસાદ જાણવો. ૩૪.

**देवानां तु प्रकर्तव्यं सिंहसूत्रं तु शाश्वतम् ॥**
**तुष्येद् गिरिसुता तस्य धनपुत्रसुभाग्यकम् ॥३५॥**

દેવોને માટે સિંહ પ્રાસાદ કરવો. એથી પાર્વતી પ્રસન્ન થાય છે અને ધન, પુત્ર તથા સૌભાગ્યને આપે છે. ૩૫.

ઇતિશ્રી સિંહપ્રાસાદ તૃતીય, ઇંડક ૧૩.

### ( ૪ ) શ્રીનંદનપ્રાસાદ—ત્ર્યંગ–તૃતીય પ્રાસાદ.

**कर्णे शृङ्गं तु कर्तव्यं पञ्चाण्डकविभूषितम् ॥**
**श्रीनंदनस्तदा नाम कर्तुः संतानवर्धनः ॥३६॥**

ઉપર પ્રમાણે તલ કરી કર્ણે પંચાંડક શૃંગ ચઢાવવું. આ શ્રીનંદન નામનો પ્રાસાદ જાણવો અને તે કર્તાને સંતાનની વૃદ્ધિ કરનારો છે. ૩૬.

ઇતિશ્રી નંદનપ્રાસાદ ચતુર્થ, ઇંડક ૨૯.

ઇતિશ્રી ત્ર્યાંગ ત્રણ પ્રાસાદ.

## अथ पञ्चाङ्ग पञ्च प्रासाद.

### ( ૫ ) મન્દિરપ્રાસાદ–પંચાંગ–પ્રથમ પ્રાસાદ.

**षड्भागभाजिते क्षेत्रे कर्णश्च भागभागिकम् ॥**
**द्विभागश्च भवेद् भद्रं निर्गमे चार्धभागिकम् ॥३७॥**
**प्रतिरथश्च भागैकं भागैकश्च विनिर्गतम् ॥**
**चतुर्भागमितं गर्भं कर्तव्यं तु सदा बुधैः ॥३८॥**

ચોરસ ક્ષેત્રમાં છ ભાગ કરી કર્ણ ભાગ એકનો કરવો, ભદ્ર આખું ભાગ બેનું કરવું અને નીકારે અર્ધો ભાગ રાખવું. પ્રતિરથ એક ભાગ સમદલ કરવો અને ગભારો ચાર ભાગનો કરવો. બુદ્ધિમાનોએ સર્વદા આ પ્રમાણે તલમાન કરવું. ૩૭, ૩૮.

**भद्रे कर्णे द्वयं शृङ्गमेकं प्रतिरथे स्मृतम् ॥**
**एवंविधश्च कर्तव्यो मंदिरश्च शिवात्मजम् ॥३९॥**

"Aho Shrutgyanam"

**यत्पुण्यश्च भवेन्मेरौ कृते तु लक्षणान्विते ॥**
**मेरुपुण्यार्धपुण्यं तु लभते मंदिरे कृते ॥४०॥**

ભદ્રે અને કર્ણે બે બે શૃંગો તથા પ્રતિરથે એક શૃંગ ચઢાવવું. આ પ્રમાણે મંદિર પ્રાસાદ કરવો અને તે ગણેશને માટે કરવો.

જે પુણ્ય મેરૂ પ્રાસાદ કરાવવાથી થાય છે તેનાથી અર્ધો અર્ધ પુણ્ય મંદિરપ્રાસાદ કરાવવાથી થાય છે. ૩૯, ૪૦.

ઇતિશ્રી મંદિરપ્રાસાદ પંચમ, તુલ ભાગ ૬, ઇંડક ૨૫.

## ( ૬ ) મલયપ્રાસાદ–પંચાંગ–દ્વિતીય પ્રાસાદ.

**भद्रे शृङ्गत्रयं कुर्यान्मलयो नाम नामतः ॥**
**अन्यच्च पूर्ववज्ज्ञेयं प्रासादः सर्वकामदः ॥४१॥**

ભદ્રે ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં અને અન્ય સર્વે પૂર્વવત્ જાણવું. આ મલય નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વ કામનાઓને પૂર્ણ કરનારો છે. ૪૧.

ઇતિશ્રી મલયપ્રાસાદ ષષ્ઠ, ઇંડક ૨૯.

## ( ૭ ) વિમાનપ્રાસાદ–પંચાંગ–તૃતીય પ્રાસાદ.

**त्यक्त्वैकभद्रशृङ्गं तु प्रत्यंगानि च दापयेत् ॥**
**प्रतिरथे तिलकश्च विमानः सर्वकामदः ॥४२॥**

ભદ્રેથી એક ઉરૂશૃંગ ઉતારી કર્ણની વામદક્ષિણ બાજુએ પ્રત્યંગ ચઢાવવાં અને પ્રતિરથે તિલક કરવું. આ સર્વ કામનાઓને પૂર્ણ કરનારો વિમાન નામનો પ્રાસાદ જાણવો. ૪૨.

ઇતિશ્રી વિમાનપ્રાસાદ સપ્તમ, ઇંડક ૩૩, તિલક ૮.

## ( ૮ ) વિશાલપ્રાસાદ–પંચાંગ–ચતુર્થ પ્રાસાદ.


**तलश्च पूर्ववज्ज्ञेयं प्रासादे सुविशालके ॥**
**तृतीयं शृङ्गकं भद्रे संभवेत्सुविशालकः ॥४३॥**

વિશાલ પ્રાસાદનું તલ પૂર્વવત્ જાણવું અને ભદ્રે ત્રીજું એક ઉરૂશૃંગ ચઢાવવાથી વિશાલ નામનો પ્રાસાદ થાય છે. ૪૩.

ઇતિશ્રી વિશાલપ્રાસાદ અષ્ટમ, ઇંડક ૩૭, તિલક ૮.


"Aho Shrutgyanam"

## પંચાંગ પંચ પ્રાસાદ.





(૫) મંદિર પ્રાસાદ.
તૃતીય વિભક્તિ.
૨૫ ઇંડક.


(૬) મલયપ્રાસાદ.
દ્વિતીય ભેદ.
૨૯ ઇંડક.





(૭) વિમાન
પ્રાસાદ.
તૃતીય ભેદ.
૩૩ ઇંડક.
૮ તિલક.




(૮) વિશાલ
પ્રાસાદ.
ચતુર્થ ભેદ.
૩૭ ઇંડક.
૮ તિલક.




(૯) ત્રૈલોક્યભૂષણ
પ્રાસાદ.
પંચમ ભેદ.
૪૧ ઇંડક.
૪ અષ્ટદલમંજરી.




"Aho Shrutgyanam"

### ( ૯ ) ત્રૈલોક્યભૂષણપ્રાસાદ–પંચાંગ–પંચમ પ્રાસાદ.

**त्यक्त्वैकभद्रशृङ्गं तु विक्रमं प्रतिरथके ॥**
**कर्णे चाष्टदलं कुर्यान् नाम्ना त्रैलोक्यभूषणः ॥४४॥**

ભદ્રેથી એક ઉરૂશૃંગ ઉતારી પ્રતિરથે એક વધારવું અને કર્ણે અષ્ટદલ મંજરી કરવી. આ ત્રૈલોક્યભૂષણ નામનો પ્રાસાદ જાણવો. ૪૪.

ઇતિશ્રી ત્રૈલોક્યભૂષણપ્રાસાદ નવમ, ઇંડક ૪૧, મંજરી ૪.
ઇતિશ્રી પંચાંગ પંચ પ્રાસાદ.

## अथ सप्ताङ्ग सप्त प्रासाद.

### ( ૧૦ ) મહેન્દ્રપ્રાસાદ–સપ્તાંગ–પ્રથમ પ્રાસાદ.

**अष्टभागायते क्षेत्रे भुजकर्णौ विशोध्यते ॥**
**कर्णं प्रतिरथं रथं भद्रार्धं भागभागिकम् ॥४५॥**
**प्रतिरथश्च भागैकमर्धार्धं रथभद्रकम् ॥**
**उदकान्तारयुक्ताद्यं पञ्चांशं गर्भविस्तरम् ॥४६॥**

ચોરસ ક્ષેત્રમાં આઠ ભાગ કરી કર્ણ, પ્રતિરથ, ઉપરથ અને ભદ્રાર્ધ એક એક ભાગનું કરવું. પ્રતિરથ નીકારે એક ભાગ તથા ઉપરથ અને ભદ્ર નીકારે અર્ધો અર્ધો ભાગ કરવો. કર્ણ વારિમાર્ગ–પાણીતાર સાથે કરવો અને ગભારાનો વિસ્તાર પાંચ ભાગનો કરવો. ૪૫, ૪૬.

**द्वे शृङ्गे तिलकं कर्णे प्रतिरथे द्वयं तथा ॥**
**उपरथे चैकशृङ्गं ह्युरुशृङ्गाणि द्वादश ॥४७॥**

કર્ણે બે બે શૃંગ અને એક તિલક, પ્રતિરથે બે બે શૃંગ, ઉપરથે એક શૃંગ અને ભદ્રે કુલ બાર ઉરૂશૃંગો ચઢાવવાં. ૪૭.

**पञ्चांशं मूलशिखरं घण्टाकलशसंयुतम् ॥**
**कर्ता चैवेप्सितान् भोगान् महेन्द्रे प्राप्नुयात्सदा ॥४८॥**

શિખરના મૂળમાં બાંધણા મથાળે પાંચ ભાગ કરવા અને ( તે પ્રમાણેજ ૫ ભાગની ઉંચાઇમાં ) શિખર ઘંટાકલશ સંયુક્ત કરવું. આ મહેન્દ્ર પ્રાસાદ જાણવો. આ પ્રાસાદ કરાવવાથી કર્તા ઇચ્છિત ભોગોને સર્વદા પ્રાપ્ત કરે છે. ૪૮.

ઇતિશ્રી મહેન્દ્રપ્રાસાદ દશમ, તુલ ભાગ ૮, ઇંડક ૪૫, તિલક ૪.

"Aho Shrutgyanam"

## ( ૧૧ ) રત્નશીર્ષપ્રાસાદ–સપ્તાંગ–દ્વિતીય પ્રાસાદ.

**तलश्च पूर्ववज्ज्ञेयं प्रासादे रत्नशीर्षके ॥**
**कर्णे शृङ्गत्रयं कुर्याद् रत्नशीर्षः स उच्यते ॥४९॥**

રત્નશીર્ષ પ્રાસાદના તલવિભાગ પૂર્વવત્ કરવા અને વિશેષમાં કર્ણે ત્રણ શૃંગો ચઢાવવાં. આ રત્નશીર્ષ નામનો પ્રાસાદ જાણવો. ૪૯.

ઇતિશ્રી રત્નશીર્ષપ્રાસાદ એકાદશ, ઇંડક ૪૯.

## ( ૧૨ ) સિતશૃંગપ્રાસાદ–સપ્તાંગ–તૃતીય પ્રાસાદ.

**त्यक्त्वैकभद्रशृङ्गन्तु मतालम्बश्च कारयेत् ॥**
**तस्य छाद्योर्ध्वकर्णेषु ततः शृङ्गाणि दापयेत् ॥५०॥**
**सितशृङ्गस्तदा नाम ईश्वरस्य सदाप्रियः ॥**
**एवंविधश्च कर्तव्यः प्रासादः सर्वकामदः ॥५१॥**

ભદ્રેથી એક ઉરૂશૃંગ કાઢી મતાલંબ એટલે ગોખ કરવો અને તેના છાદ્યના ખૂણા ઉપર એક એક શૃંગ ચઢાવવું. આ સિતશૃંગ નામનો પ્રાસાદ જાણવો અને તે ઇશ્વરને સર્વદા પ્રિય છે તથા સર્વ કામનાઓને આપનારો છે. ૫૦, ૫૧.

ઇતિશ્રી સિતશૃંગપ્રાસાદ દ્વાદશ, ઇંડક ૫૩.

## ( ૧૩ ) ભૂધરપ્રાસાદ–સપ્તાંગ–ચતુર્થ પ્રાસાદ.

**तच्छृंगेषु तिलकानि ह्युपरथे तथैव च ॥**
**प्रतिरथोर्ध्वरेखोर्ध्वे तिलकानि प्रदापयेत् ॥५२॥**
**शेषं पश्चाण्डकं शृङ्गं भूधराख्यः स उच्यते ॥**

કર્ણ, ઉપરથ તથા પ્રતિરથે તિલક ચઢાવવાં અને ગોખના ખૂણાના શૃંગોએ પંચાંડીક શૃંગ કરવાં. આ ભૂધર નામનો પ્રાસાદ જાણવો. ૫૨.

ઇતિશ્રી ભૂધરપ્રાસાદ ત્રયોદશ, ઇંડક ૮૫, તિલક ૨૦.


## ( ૧૪ ) ભુવનમણ્ડપપ્રાસાદ–સપ્તાંગ–પંચમ પ્રાસાદ.

**श्रीवत्सश्चैव रेखोर्ध्वे नाम्ना भुवनमण्डपः ॥५३॥**

ઉપર પ્રમાણે તલ શૃંગો કરી કર્ણે એક શ્રીવત્સ શૃંગ વધારવાથી ભુવનમંડપ નામનો પ્રાસાદ થાય છે. ૫૩.

ઇતિશ્રી ભુવનમંડપપ્રાસાદ ચતુર્દશ, ઇંડક ૮૯, તિલક ૧૬.

"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

### (૧૫) ત્રૈલોક્યવિજયપ્રાસાદ–સપ્તાંગ–ષષ્ઠ પ્રાસાદ.

**उपरथे द्वयं शृङ्गं कुर्याच्च तिलकं तथा ॥**
**त्रैलोक्यविजयो नाम प्रासादः सर्वकामदः ॥५४॥**

ઉપર પ્રમાણે તલ કરી ઉપરથે બે શૃંગો અને તિલક કરવાથી ત્રૈલોક્યવિજય નામનો પ્રાસાદ થાય છે, અને તે સર્વ કામનાઓને આપનારો છે. ૫૪.

ઇતિશ્રી ત્રૈલોક્યવિજયપ્રાસાદ પંચદશ, ઇંડક ૯૭, તિલક ૧૬.

### (૧૬) ક્ષિતિવલ્લભપ્રાસાદ–સપ્તાંગ–સપ્તમ પ્રાસાદ.

**तद्रूपं तत्प्रमाणञ्च कर्तव्यं क्षितिवल्लभे ॥**
**भद्रे शृङ्गं पुनर्दद्यान्नाम्ना वै क्षितिवल्लभः ॥५५॥**

ક્ષિતિવલ્લભ પ્રાસાદનું પૂર્વવત્ રૂપ અને તલમાન કરી વિશેષમાં ભદ્રે એક ઉરૂશૃંગ ફરી ચઢાવવાથી ક્ષિતિવલ્લભ નામનો પ્રાસાદ થાય છે. ૫૫.

ઇતિશ્રી ક્ષિતિવલ્લભપ્રાસાદ ષોડશ, ઇંડક ૧૦૧, તિલક ૧૬.
ઇતિશ્રી સપ્તાંગ સપ્ત પ્રાસાદ.

## अथ नवाङ्ग नव प्रासाद.

### (૧૭) મહીધરપ્રાસાદ–નવાંગ–પ્રથમ પ્રાસાદ.

**महीधरं प्रवक्ष्येऽहं शतमूलविभाजितम् ॥**
**पदिकं च ततः कर्णं भद्रं द्विपदमिश्रितम् ॥५६॥**
**कर्णस्योभयपक्षे तु प्रतिरथानि च त्रयम् ॥**
**निर्गतानि समांशेन भागार्धं भद्रनिर्गमम् ॥५७॥**

હવે મહીધર પ્રાસાદ કહું છું. ચોરસ ક્ષેત્રમાં દશ ભાગ કરી એક ભાગનો કર્ણ, આખું ભદ્ર ભાગ બે અને કર્ણના બન્ને પડખે ત્રણ ત્રણ પ્રતિરથો એકએક ભાગના કરવા અને તે નીકારે સમદલ કરવા. ભદ્ર નીકારે ભાગ અર્ધો રાખવું. ૫૬, ૫૭.

**षड्भागभाजितं गर्भं सप्तभागमथोच्यते ॥**
**कर्णे प्रतिरथे भद्रे द्वे द्वे शृङ्गे च कारयेत् ॥५८॥**
**रथोपरथे तिलकं प्रत्यङ्गञ्च रथोपरि ॥**
**मतालम्बयुतं भद्रं महीधरश्च नामतः ॥५९॥**

"Aho Shrutgyanam"

ગભારો છ અથવા સાત ભાગનો કરવો. કર્ણે, પ્રતિરથે અને ભદ્રે બે બે શૃંગો ચઢાવવાં. રથે અને ઉપરથે તિલક કરવું. રથે પ્રત્યંગ ચઢાવવું અને ભદ્રે ગોખ કરવો. આ મહીધર નામનો પ્રાસાદ જાણવો. ૫૮, ૫૯.

ઇતિશ્રી મહીધરપ્રાસાદ સપ્તદશ, તલ ભાગ ૧૦, ઇંડક ૪૧, તિલક ૧૬.

## ( ૧૮ ) કૈલાસપ્રાસાદ–નવાંગ–દ્વિતીય પ્રાસાદ.

**भद्रे शृङ्गं तृतीयश्च कैलासश्च तदोच्यते ॥**

ભદ્રે એક ત્રીજું ઉરૂશૃંગ ચઢાવવાથી કૈલાસ નામનો પ્રાસાદ જાણવો.

ઇતિશ્રી કૈલાસપ્રાસાદ અષ્ટાદશ, ઇંડક ૪૫, તિલક ૧૬.

## ( ૧૯ ) નવમાલ્યપ્રાસાદ–નવાંગ–તૃતીય પ્રાસાદ.

**भद्रे त्यक्त्वा रथे शृङ्गं नवमाल्यः स उच्यते ॥६०॥**

ભદ્રેથી એક ઉરૂશૃંગ ઉતારી રથે એક શૃંગ ચઢાવવાથી નવમાલ્ય નામનો પ્રાસાદ થાય છે. ૬૦.

ઇતિશ્રી નવમાલ્યપ્રાસાદ એકોનવિંશતિ, ઇંડક ૪૯, તિલક ૮.

## ( ૨૦ ) ગંધમાદનપ્રાસાદ–નવાંગ–ચતુર્થ પ્રાસાદ.

**तथा भद्रे पुनर्दद्यात् स भेवद् गंधमादनः ॥**

તથા ફરી ભદ્રે એક ઉરૂશૃંગ ચઢાવવાથી ગંધમાદન નામનો પ્રાસાદ થાય છે.

ઇતિશ્રી ગંધમાદનપ્રાસાદ વિંશતિ, ઇંડક ૫૩, તિલક ૮.

## ( ૨૧ ) સર્વાંગસુંદરપ્રાસાદ–નવાંગ–પંચમ પ્રાસાદ.

**त्यक्त्वा भद्रे रथे शृङ्गं सर्वाङ्गसुंदरस्तथा ॥६१॥**

ભદ્રેથી એક ઉરૂશૃંગ કાઢી ઉપરથે એક શૃંગ ચઢાવવાથી સર્વાંગસુંદર નામનો પ્રાસાદ થાય છે. ૬૧.

ઇતિશ્રી સર્વાંગસુંદર પ્રાસાદ એકવિંશતિ, ઇંડક ૫૭, તિલક ૧૬.

## ( ૨૨ ) વિજયાનન્દપ્રાસાદ–નવાંગ–ષષ્ઠ પ્રાસાદ.

**भद्रे दद्यात् पुनः शृङ्गं विजयानन्दसंज्ञकः ॥**



"Aho Shrutgyanam"

ભદ્રે ફરી એક ઉરૂશૃંગ ચઢાવવાથી વિજયાનંદ નામનો પ્રાસાદ થાય છે.

ઇતિશ્રી વિજયાનંદપ્રાસાદ દ્વાવિંશતિ, ઇંડક ૬૧, તિલક ૧૬.

### ( ૨૩ ) સર્વાંગતિલકપ્રાસાદ–નવાંગ–સપ્તમ પ્રાસાદ.

**मतालम्बयुतं भद्रमुरुशृङ्गं परित्यजेत् ॥६२॥**
**मतालंबोभयकर्णे शृङ्गद्वयश्च कारयेत् ॥**
**सर्वांगतिलको ज्ञेयः कर्तुः संतानभोगदः ॥६३॥**

ભદ્રે ગોખ કરવો અને એક ઉરૂશૃંગ કાઢી નાખવું. ગોખના બન્ને કર્ણે (ખૂણાઓએ) એક એક શૃંગ કરવું. આ સર્વાંગતિલક નામનો પ્રાસાદ જાણવો. તે કર્તાને સંતાન અને વૈભવની સિદ્ધિ આપનારો છે. ૬૨, ૬૩.

ઇતિશ્રી સર્વાંગતિલકપ્રાસાદ ત્રયોવિંશતિ, ઇંડક ૬૫, તિલક ૧૬.

### ( ૨૪ ) મહાભોગપ્રાસાદ–નવાંગ–અષ્ટમ પ્રાસાદ.

**उरुशृङ्गं ततो दद्यान् मतालम्बसमन्वितम् ॥**
**महाभोगस्तदा नाम सर्वकामफलप्रदः ॥६४॥**

મતાલંબ સહિત ભદ્રે ફરી એક ઉરૂશૃંગ ચઢાવવાથી મહાભોગ નામનો પ્રાસાદ થાય છે અને તે સર્વ કામનાઓના ફળને આપનારો છે. ૬૪.

ઇતિશ્રી મહાભોગપ્રાસાદ ચતુર્વિંશતિ, ઇંડક ૬૯, તિલક ૧૬.

### ( ૨૫ ) મેરૂપ્રાસાદ–નવાંગ–નવમ પ્રાસાદ.


**कर्णप्रतिरथरथोपरथादिसमुद्भवः ॥**
**मेरुश्चापि समाख्यातः सर्वदेवैश्च संयुतः ॥६५॥**

કર્ણ, પ્રતિરથ, રથ અને ઉપરથાદિએ એક એક શૃંગોની વૃદ્ધિ સહિત વર્તમાન મેરૂ પ્રાસાદ જાણવો અને તે સમસ્ત દેવતાઓ વડે નિવાસ કરાએલો જાણવો. ૬૫.


**सर्वकाञ्चनमये मेरौ यत् पुनस्त्रिप्रदक्षिणैः ॥**
**शैले पक्केष्टके सप्त लभेत् पुण्यं समाधिकम् ॥६६॥**

સુવર્ણમય મેરૂ પર્વતની ત્રણ પ્રદક્ષિણા કરવાથી જે ફળ મળે છે તેથી અધિક ફળ પત્થરના તથા પાકી ઇંટોના કરેલા મેરૂ નામના પ્રાસાદની સાત પ્રદક્ષિણા કરવાથી મળે છે. ૬૬.


"Aho Shrutgyanam"





"Aho Shrutgyanam"





(૨૨) વિજયાનંદ પ્રાસાદ.
ષષ્ઠ ભેદ.
૬૧ ઈંડક.
૧૬ તિલક.




(૨૩) સર્વાંગતિલક પ્રાસાદ.
સપ્તમ ભેદ.
૬૫ ઈંડક.
૧૬ તિલક.




(૨૪) મહાભોગ પ્રાસાદ.
અષ્ટમ ભેદ.
૬૯ ઈંડક.
૧૬ તિલક.




(૨૫) મેરૂ પ્રાસાદ.
નવમ ભેદ.
૯૭ ઈંડક.

"Aho Shrutgyanam"

**वैराज्यप्रमुखा यत्र नागरा ब्रह्मणोदिताः ॥**
**वल्लभाः सर्वदेवानां शिवस्यापि विशेषतः ॥६७॥**

इतिश्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे वैराज्यादिपञ्चविंशतिप्रासादलक्षणाधिकारे गुर्जरभाषायां नवमं रत्नं समाप्तम् ॥

બ્રહ્મદેવે કહેલા વૈરાજ્ય પ્રમુખ નાગરાદિ પ્રાસાદો સર્વ દેવતાઓને પ્રિય છે અને વિશેષ કરીને શિવને વધારે પ્રિય છે. ૬૭.

ઇતિશ્રી મેરૂપ્રાસાદ પંચવિંશતિ, ઇંડક ૯૭.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મૂલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું વૈરાજ્યાદિ પંચવિંશતિ પ્રાસાદ લક્ષણાધિકાર નામનું નવમું રત્ન સંપૂર્ણ.**

"Aho Shrutgyanam"

# दशमं रत्नम् ।

## अथ मेर्वादिविंशतिप्रासादलक्षणाधिकारः ।

### श्रीमेर्वादि विंशतिप्रासाद ।

### જ્યેષ્ઠ મેરૂ પ્રાસાદ–પ્રથમ મેરૂ.

**अथातः संप्रवक्ष्यामि ज्येष्ठप्रासादवर्तनाम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे द्विसप्ततिविभाजिते ॥१॥**

હવે જ્યેષ્ઠ મેરૂ પ્રાસાદનું લક્ષણ કહું છું. સમચોરસ ક્ષેત્ર કરી તેને બોતેર ભાગોથી વિભાજિત કરવું અર્થાત્ ચોરસ ક્ષેત્રમાં બોતેર ભાગ કરવા. ૧.

**भित्तिश्च सार्धचत्वारः सार्धतूर्या भ्रमन्तिका ॥**
**युक्तोक्तभागमानेन मध्यप्रासादवर्त्तना ॥२॥**

ભિત્તિ સાડા ચાર ભાગની તથા ભ્રમણી સાડા ચાર ભાગની કરવી. ઉક્ત ભાગમાને પ્રાસાદના અંદરની ફરતી ભ્રમણી અને ભિત્તિમાન યોજવું. ૨.

### દ્વિતીય પ્રાસાદ કલ્પના.

**चतुरस्रीकृतं क्षेत्रं दशधा भाजयेत्पुनः ।**
**भ्रमणीभागमेकेन भागैकेन च भित्तयः ॥३॥**

ફરી સમચોરસ ક્ષેત્રને દશ ભાગે ભાગવું અને ભ્રમણી તથા ભિત્તિઓ એકએક ભાગની કરવી. ૩.

**कोणं भागद्वयं प्रोक्तं प्रतिरथं सार्धांशकम् ॥**
**भद्रं भागत्रयं कार्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥४॥**

કોણ ભાગ બે, પ્રતિરથ ભાગ દોઢ અને આખું ભદ્ર ભાગ ત્રણનું કરવું. આ પ્રમાણે દસાઇ તલ ભ્રમણીની અંદર કરવાની વ્યવસ્થા ચારે દિશામાં કરવી. ૪.

"Aho Shrutgyanam"

## તૃતીય પ્રાસાદ કલ્પના.

**प्रासादा द्वितीयाः ख्याता जनानंदसुखावहाः ॥**
**दशधा चाष्टधा कृत्वा तृतीयांश्च प्रकल्पयेत् ॥५॥**

ઉપર પ્રમાણે દ્વિતીય પ્રાસાદોની રચના કરવી. આ પ્રાસાદો માણસોને આનંદ તેમજ સુખ આપનારા છે. તેવીજ રીતે દશ ભાગે અથવા આઠ ભાગે તૃતીય પ્રાસાદોની પણ કલ્પના કરવી. ૫.

**द्विभागं कोणमित्युक्तं भद्रं भागद्वयं भवेत् ॥**
**प्रासादाश्च तृतीया वै हरये ब्रह्मणे प्रियाः ॥६॥**

તલ ભાગ આઠના ક્ષેત્રમાં કોણ ભાગ બે તથા ભદ્રાર્ધ ભાગ બેનું કરવું. આ પ્રમાણે તૃતીય પ્રાસાદોની રચના કરવી. આ પ્રાસાદો હરિ અને બ્રહ્માને પ્રિય છે. ૬.

**विष्णू रुद्रस्तथा ब्रह्मा मेरुमध्ये प्रतिष्ठिताः ॥**
**त्रिप्रासादे त्रयो देवा राजानां तु सुखावहाः ॥७॥**

તલાનુસાર વર્ણવેલા ત્રણ પ્રકારના મેરૂ નામના પ્રાસાદોમાં ક્રમે વિષ્ણુ, રૂદ્ર અને બ્રહ્માને સ્થાપન કરવા. આ પ્રાસાદો રાજાઓને સુખ આપનારા છે. ૭.

**तलमानं समाख्यातमूर्ध्वमानं तु कथ्यते ॥**
**पूर्वोक्तद्विसप्तत्यंशाः कर्णादिभद्रकान्तरे ॥८॥**

પ્રાસાદના મધ્ય ભાગનું માન કહ્યું. હવે ઉપરનું (બહારનું) માન કહીએ છીએ. પૂર્વે કહેલા બોતેર તલભાગો કર્ણાદિથી ભદ્રાર્ધ સુધીના અંતરમાં યોજવા. ૮.

## જ્યેષ્ઠ મેરૂ સ્વરૂપ વર્ણન.

**रसकरयुगयुग्म–ऋतुनयननिगम–**
**युग्मभिश्चैव कर्तव्या संख्याभिर्भागकल्पना ॥९॥**

રસ (૬), કર (૨), યુગ (૪), યુગ્મ (૨), ઋતુ (૬), નયન (૨), નિગમ (૪) અને યુગ્મ (૨); એ સંખ્યાએ કર્ણથી લઈ ભદ્ર સુધીના અંગોના ભાગની યોજના કરવી. ૯.

**वसुभागसमं भद्रं षड्भागेन विनिर्गतम् ॥**
**तवंगरथिका भद्रे पञ्चशृङ्गाणि चोपरि ॥१०॥**

"Aho Shrutgyanam"

ભદ્રાર્ધ ભાગ આઠ અને નીકારે ભાગ છનું કરવું તેમજ ભદ્રે ગોખ તથા દોઢિઓ અને પાંચ ઉરૂશૃંગો ચઢાવવાં. ૧૦.

**सर्वतोभद्रनंदीशौ प्रासादः पृथिवीजयः ॥**
**उपर्युपरि संस्थाप्याः कोणमध्ये व्यवस्थिताः ॥११॥**

કોણે સર્વતોભદ્ર, નંદીશ અને પૃથિવીજય પ્રાસાદનાં ક્રમ અનુક્રમે ઉપરા ઉપરી ચઢાવવાં. સર્વતોભદ્ર ઇંડક ૯, નંદીશ ઇંડક ૨૧ અને પૃથિવીજય ઇંડક ૪૯ નો જાણવો. ૧૧.

**केशरी सर्वतोभद्रो नंदिशालस्तृतीयकः ॥**
**चानुगोपरि दातव्याः क्रमत्रयं च कल्पयेत् ॥१२॥**

કર્ણના સમભાગી પઢરે કેશરી, સર્વતોભદ્ર અને નંદિશાલનાં ક્રમ ચઢાવવાં. કેશરી ઇંડક ૫ અને નંદિશાલ ઇંડક ૧૭ નો જાણવો. ૧૨.

**केशरी केशरी चैव श्रीवत्सश्च श्रीवत्सकः ॥**
**प्रतिपूर्वेषु निर्दिष्टा भद्रस्य वामदक्षिणे ॥१३॥**

ભદ્રની વામદક્ષિણ બાજુની નંદિકાઓ ઉપર કેશરી, કેશરી, શ્રીવત્સ અને શ્રીવત્સનાં ઇંડકો ચઢાવવાં. શ્રીવત્સ એક ઇંડકનો જાણવો. ૧૩.

**केशरी केशरी चैव श्रीवत्सश्च श्रीवत्सकः ॥**
**स्थापयेच्च तथा वत्स कोणस्य वामदक्षिणे ॥१४॥**

હે વત્સ ! કોણની વામદક્ષિણ બાજુએ આવેલી નંદિકાઓ ઉપર કેશરી, કેશરી, શ્રીવત્સ અને શ્રીવત્સનાં ઇંડકો ચઢાવવાં. ૧૪.

**नंदिकाः षड् विख्याताः षट्क्रमाच्च व्यवस्थिताः ॥**
**श्रीवत्सास्तत्र निर्दिष्टाः प्रतिकर्णस्य दक्षिणे ॥**
**श्रीवत्सास्तत्र कर्तव्या नान्यथा कारयेद् बुधः ॥**
**भद्रे च नासिका कार्या श्रीवत्सस्तत्र निर्मितः ॥१५॥**

કોણ અને ભદ્રની વચ્ચે નાની મોટી મળી કુલ છ નંદિકાઓ કરેલી છે. તે બધી નંદિકાઓ ઉપર ઉપરોક્ત શ્લોકો પ્રમાણે કેશરી, કેશરી, શ્રીવત્સ અને શ્રીવત્સનાં ઇન્ડકો ચઢાવવાનાં કહ્યાં છે. પરંતુ વિશેષતા એટલી જાણવી કે પ્રત્યેક પ્રતિકર્ણના

"Aho Shrutgyanam"

વામદક્ષિણ ભાગે રહેલી બે ભાગવાળી નંદિકાઓએ એક કેશરી સિવાય બીજાં બધાં ઇન્ડકો શ્રીવત્સનાં ચઢાવવાં. આનાથી વિપરીત કાર્ય બુદ્ધિમાનોએ કરવું નહિ અને ભદ્રે નાસિકા કરી તેના ઉપર એક શ્રીવત્સનું ઇન્ડક ચઢાવવું. ૧૫.

**प्रत्यंगास्तत्र कर्तव्याश्चत्वारो वामदक्षिणे ॥**
**वसुभिश्च समाख्याताः स्थापयेच्च दिशासु वै ॥१६॥**

કર્ણ, પ્રતિકર્ણ તથા ભદ્રની વામદક્ષિણે; એમ ચાર ઠેકાણે પ્રત્યંગ ચઢાવવાં અને તે દરેક આઠ આઠની સંખ્યાવાળાં જાણવાં. આ પ્રમાણે ચારે દિશાઓમાં સ્થાપના કરી કુલ બત્રીસ (૩૨) પ્રત્યંગ કરવાં. ૧૬.

**अथातः संप्रवक्ष्यामि रेखाणामपि लक्षणम् ॥**
**द्विसप्ततिपदे चैव चतुःपञ्चांशभाजितैः ॥१७॥**

હવે રેખાઓનું પણ લક્ષણ કહું છું. બોતેર પદના પ્રાસાદમાં ચોપન પદના ભેદે કરી શિખરની નમણની રેખાઓ ખેંચવી. ૧૭.

**एकोत्तरसहस्रैश्च भूषितश्च शुभाण्डकैः ॥**
**ज्येष्ठमेरुः समाख्यातः प्रासादः सर्वसत्तमः ॥१८॥**

એક હજાર ને એક શુભ ઇન્ડકો વડે સુશોભિત જ્યેષ્ઠ મેરૂ પ્રાસાદ જાણવો. આ પ્રાસાદ સર્વજાતિના પ્રાસાદોમાં સર્વોત્તમ છે. ૧૮.

ઇતિશ્રી જ્યેષ્ઠ મેરૂ પ્રાસાદ, તલ ભાગ ૭૨, ઇન્ડક ૧૦૦૧, પ્રથમ પ્રાસાદ.

## મધ્યમ મેરૂ પ્રાસાદ–દ્વિતીય મેરૂ.

**शृणु वत्स प्रवक्ष्यामि मेरुमध्यमलक्षणम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे चतुष्षष्टिविभाजिते ॥१९॥**


હે વત્સ ! હવે મધ્યમ મેરૂ પ્રાસાદનું લક્ષણ કહું છું તે સાંભળ. ચોરસ ક્ષેત્રમાં ચોસઠ ભાગ કરવા. ૧૯.

**मुनियमगुणवेद–रसयुगर्तुभिस्तथा ॥**
**गर्भादिकोणपर्यन्तं त्रिभागं भद्रनिर्गतम् ॥२०॥**

મુનિ (૭), યમ (૨), ગુણ (૩), વેદ (૪), રસ (૬), યુગ (૪) અને ઋતુ (૬); એ સંખ્યાઓ વડે ગર્ભાદિથી કોણ પર્યંતના ભાગો કરવા અને ભદ્ર નીકારે ત્રણ ભાગ રાખવું. ૨૦.



"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

भद्रं तु सप्तभिर्भागैर्नंदिका च द्विभागिका ॥
द्वितीया नंदिका कार्या भागत्रयव्यवस्थिता ॥२१॥
प्रतिकर्णं तथा वाक्य–भागैश्च परिकल्पयेत् ॥
प्रतिरथं ततो वत्स निर्दिष्टं रसभागिकम् ॥२२॥
प्रतिकर्णं तथा चाग्रे चतुर्भागैश्च योजयेत् ॥
षड्भागिकं तथा कोणं चतुर्दिक्षु व्यवस्थितम् ॥२३॥

ભદ્ર ભાગ સાત, પહેલી નંદિકા ભાગ બે, બીજી નંદિકા ભાગ ત્રણ, પ્રતિકર્ણ ભાગ ચાર, પ્રતિરથ ભાગ છ, પ્રતિકર્ણ ભાગ ચાર અને કોણ ભાગ છનો કરવો. આ પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી. ૨૧, ૨૨, ૨૩.

भ्रमणी रसभागेन षड्भागेन च भित्तयः ॥
भागविंशतिविस्तारं रेखोर्ध्वं कारयेद् बुधः ॥२४॥

છ ભાગની ભ્રમણી તથા છ છ ભાગની ભિત્તિઓ કરવી અને બુદ્ધિમાન પુરૂષે રેખાઓ વીસ ભાગે ખેંચવી. ૨૪.

केशरी सर्वतोभद्रो नंदनो नंदिशालिकः ॥
अनुक्रमेण संस्थाप्याः कोणमध्ये व्यवस्थिताः ॥२५॥

કેશરી, સર્વતોભદ્ર, નંદન અને નંદશાલી પ્રાસાદનાં ક્રમો કોણ ઉપર અનુક્રમે વ્યવસ્થિત ચઢાવવાં. નંદનનાં ઇન્ડક ૧૩ જાણવાં. ૨૫.

श्रीवत्सद्वौ तथा कार्यौ केशरी च तृतीयकः ॥
प्रतिकर्णे तु दातव्या ह्युपर्युपरि संस्थिताः ॥२६॥

શ્રીવત્સ, શ્રીવત્સ અને કેશરી ઇન્ડકો પ્રતિકર્ણે ઉપરાઉપરી ક્રમે ચઢાવવાં. ૨૬.

श्रीवत्सः केशरी चैव सर्वतोभद्रकस्तथा ॥
चानुगोपरि दातव्याः प्रासादत्रयभूषणाः ॥२७॥

શ્રીવત્સ, કેશરી અને સર્વતોભદ્રનાં ક્રમો પઢરે ચઢાવવાં. ૨૭.

श्रीवत्सः केशरी चैव नंदिकायां नियोजयेत् ॥
द्वितीया नंदिका कार्या श्रीवत्सद्वयभूषणा ॥२८॥

"Aho Shrutgyanam"

શ્રીવત્સ અને કેશરી ઇન્ડકો પ્રથમ નંદિકાએ ચઢાવવાં તથા બીજી નંદિકા એ શ્રીવત્સનાં ઇન્ડકો વડે શણગારવી. ૨૮.

**प्रतिरथेऽनुगे कर्णे नंदिकायां तथैव च ॥**
**तदर्धे त्रिभागं कृत्वा प्रत्यङ्गं वामदक्षिणे ॥२९॥**

પઢરો, પ્રતિરથ, કર્ણ અને નંદિકા; એમના ઉપરના ભાગે ત્રણે ઠેકાણે વામ-દક્ષિણે પ્રત્યંગ ચઢાવવું. ૨૯.

**एतदेव समाख्यातं दिशासु विदिशासु च ॥**
**पूर्वोक्ताश्चाण्डका ज्ञेयाः सकलश्च तथैव हि ॥३०॥**

દિશાઓ અને વિદિશાઓમાં ઉપર પ્રમાણે ઇન્ડકયોજના કરવી. અને પૂર્વોક્ત પ્રમાણે ઇન્ડકો જાણવાં તથા શિખરનું માન પણ પૂર્વ પ્રમાણે કરવું. ૩૦.

**पञ्चपञ्चशताण्डानि मध्यमश्च प्रकीर्तितः ॥**
**तथा संवरणैर्युक्तो वरालिकासमाकुलः ॥३१॥**
**कूटकैश्च विचित्रैश्च घण्टिकाभिः सुशोभनः ॥**
**गजसिंहैः समाख्यातो मुनिविद्याधरैर्युतः ॥३२॥**

પાંચસો પાંચ (૫૦૫) ઇન્ડકોને ધારણ કરનારો, સાંમરણ યુક્ત, વરાલિકાઓ વડે વ્યાપ્ત, વિચિત્ર કૂટકો અને ઘંટિકાઓથી સુશોભિત, હાથી અને સિંહ સંયુક્ત તથા મુનિઓ અને વિદ્યાધરોથી સંપન્ન એવો આ મધ્યમ મેરૂ પ્રાસાદ જાણવો. ૩૧, ૩૨.

**मंडपश्च तदेवास्य सर्वशोभासमन्वितः ॥**
**तद्रूपे तत्प्रमाणेन मध्यमेरुः प्रकीर्तितः ॥३३॥**


સર્વ પ્રકારની શોભા વડે અલંકૃત થએલો મંડપ પણ પ્રાસાદના રૂપ અને પ્રમાણાનુસાર કરવો. ૩૩.

**ईदृशं कुरुते यस्तु प्रासादं वास्तुशोभनम् ॥**
**प्रयाति परमं स्थानं यत्र देवः सदाशिवः ॥३४॥**

ઉપરોક્ત લક્ષણોથી સંપન્ન મધ્યમ મેરૂ પ્રાસાદ જે પુરૂષ કરાવે છે તે જ્યાં સર્વદા સદાશિવ દેવ બિરાજમાન થએલા છે તેવા પરમ સ્થાનને પ્રાપ્ત થાય છે. ૩૪.

ઇતિશ્રી મધ્યમ મેરૂ પ્રાસાદ, તલ ભાગ ૬૪, ઇન્ડક ૫૦૫, દ્વિતીય પ્રાસાદ.

"Aho Shrutgyanam"




(૨) મધ્યમ મેરૂ પ્રાસાદ.

દ્વિતીય ભેદ.

૫૦૫ ઇંડક.

### કનિષ્ઠ મેરૂ પ્રાસાદ–તૃતીય મેરૂ.

**कनिष्ठश्च प्रवक्ष्यामि,**
**प्रासादं मेरुसंज्ञकम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे,**
**चतुःपश्चांशभाजिते ॥३५॥**

કનિષ્ઠ મેરૂ પ્રાસાદનું સ્વરૂપલક્ષણ કહું છું. સમચોરસ ક્ષેત્રમાં ચોપન ભાગ કરવા. ૩૫.


**शत्रुरामाग्निदर्शन–**
**गुणषड्भिस्तथा क्रमात् ॥**
**भद्रादिकर्णपर्यंतं,**
**विभागान्योजयेत् सुधीः ॥३६॥**

બુદ્ધિમાન પુરૂષે શત્રુ (૬), રામ (૩), અગ્નિ (૩), દર્શન (૬), ગુણ (૩) અને છ; એ સંખ્યાઓ વડે ક્રમે ભદ્રથી લઇ કર્ણ સુધીના વિભાગોની યોજના કરવી. ૩૬.

**षड्भागश्चैव भद्रार्धं,**
**द्विभागश्चैव निर्गतम् ॥**
**नंदिका च त्रिभागैश्च,**
**विस्तरे निर्गमेऽपि च ॥३७॥**
**द्वितीया तत्समा प्रोक्ता,**
**ह्यंगप्रत्यंगकल्पना ॥**
**चानुगश्च तथा षड्भि–**
**र्निर्गमेऽपि तथैव च ॥३८॥**
**नंदिका च त्रिभिर्भागै–**
**र्निर्गमे विस्तरे तथा ॥**
**कोणं षड्भागिकं ज्ञेयं,**
**चतुर्दिक्षु व्यवस्थितम् ॥३९॥**

ભદ્રાર્ધ ભાગ છ અને નીકારે ભાગ બે, નંદિકા ભાગ ત્રણ, બીજી નંદિકા ભાગ ત્રણ, પઠરો ભાગ છ, ત્રીજી નંદિકા ભાગ ત્રણ

"Aho Shrutgyanam"




(૩) કનિષ્ઠ મેરૂ પ્રાસાદ.

તૃતીય ભેદ.

૨૯૩ ઇંડક.

અને કોણ ભાગ છ; એ બધાં અંગો નીકારે સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરી અંગોની સ્થાપના કરવી. ૩૭, ૩૮, ૩૯.

**भित्तिश्च सार्धचत्वारः,**
**सार्धतूर्या भ्रमन्तिका ॥**
**रेखास्तु सदृशा भागै-**
**र्मध्यप्रासादकल्पितैः ॥४०॥**

ભિત્તિ સાડા ચાર ભાગ તથા ભ્રમણી સાડા ચાર ભાગની કરવી અને શિખરના નમણની રેખાઓ મધ્ય મેરૂ પ્રાસાદમાં કહેલા ભાગમાન પ્રમાણે ખેંચવી. ૪૦.

**प्रतिरथे तथा कोणे,**
**क्रमत्रयव्यवस्थिताः ॥**
**अण्डकैश्चैव विज्ञेयः,**
**केशरी नाम नामतः ॥४१॥**
**नंदिकायां प्रतिकर्णे,**
**श्रीवत्सं तत्र कारयेत् ॥**
**उपर्युपरि संस्थाप्या,**
**क्रमधारा व्यवस्थिता ॥४२॥**
**भद्रे च नासिका कार्या,**
**श्रीवत्सद्वयकल्पना ॥**
**शालायां शृङ्गचत्वारि,**
**प्रत्यंगं वामदक्षिणे ॥४३॥**

પ્રતિરથ અને કોણ ઉપર ત્રણ ત્રણ કેશરી શૃંગ ચઢાવવાં. નંદિકા તથા પ્રતિકર્ણે ત્રણ ત્રણ શ્રીવત્સ ઉપરાઉપરી ક્રમે ચઢાવવાં. ભદ્રમાં નાસિકા કરી બે શ્રીવત્સ કરવાં તથા ચાર ઉરૂશૃંગ ચઢાવવાં અને વામદક્ષિણ ભાગે પ્રત્યંગ ચઢાવવું. ૪૧, ૪૨, ૪૩.

"Aho Shrutgyanam"

**त्रिनवतिद्विशतैश्च ह्यण्डकैश्च विभूषितः ॥**
**कनिष्ठश्च तथा ज्ञेयः प्रासादो मेरुसंज्ञकः ॥४४॥**

બસો ત્રાણું ઇન્ડકોથી અલંકૃત કરેલો આ કનિષ્ઠ મેરૂ નામનો પ્રાસાદ જાણવો. ૪૪.

**मण्डपश्चैव कर्तव्यः सर्वशोभासमन्वितः ॥**
**घण्टाकूटः स विज्ञेयो गणविद्याधरप्रियः ॥४५॥**

સર્વ શોભા યુક્ત મંડપ ઘંટાકૂટ સંપન્ન કરવો અને તે ગણ તથા વિદ્યાધરોને પ્રિય છે. ૪૫.

**ईदृशं कुरुते यस्तु प्रासादं सुरवल्लभम् ॥**
**स याति परमं स्थानं यत्र देवः सदाशिवः ॥४६॥**

દેવતાઓને વલ્લભ એવો આ પ્રાસાદ જે પુરૂષ કરાવે છે તે જ્યાં સર્વદા સદાશિવ દેવ બિરાજમાન થયેલા છે તેવા પરમ સ્થાનને પામે છે. ૪૬.

ઇતિશ્રી કનિષ્ઠ મેરૂ પ્રાસાદ, તલ ભાગ ૫૪, ઇન્ડક ૨૯૩, તૃતીય પ્રાસાદ.

### મંદિર પ્રાસાદ–ચતુર્થ મેરૂ.

**मंदिरं कथयिष्यामि प्रासादं मंदिरोपमम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टात्रिंशविभाजिते ॥४७॥**

મંદિરો જેવો મંદિર પ્રાસાદ કહું છું. ચોરસ ક્ષેત્રમાં આડત્રીસ વિભાગો કરવા. ૪૭.

**चतुर्भिश्चैव भागैस्तु भद्रविस्तारमादिशेत् ॥**
**निर्गमश्च द्विभागैश्च भागैकेन च नंदिका ॥४८॥**
**द्वितीया नंदिका कार्या भागद्वयव्यवस्थिता ॥**
**चानुगं पञ्चभागैस्तु नंदिका च द्विभागिका ॥४९॥**
**कोणं तु पञ्चभागैश्च स्थापयेच्च दिशासु वै ॥**
**भित्तिः सार्धत्रया कार्या सार्धत्रयभ्रमन्तिका ॥५०॥**


ભદ્ર વિસ્તારમાં ચાર ભાગ તથા નિકારે બે ભાગ કરવું. નંદિકા ભાગ એક, બીજી નંદિકા ભાગ બે, પઢરો ભાગ પાંચ, ત્રીજી નંદિકા ભાગ બે અને કોણ ભાગ

"Aho Shrutgyanam"

પાંચ; આ બધાં અંગો સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ભિત્તિ તથા ભ્રમણી સાડા ત્રણ ત્રણ ભાગની કરવી. ૪૮, ૪૯, ૫૦.

**रेखाश्च द्वादशैर्भागैश्चतुर्दिक्षु व्यवस्थिताः ॥**
**त्रयश्च केशरी कोणे ह्यूर्ध्वे श्रीवत्सकल्पना ॥५१॥**
**श्रीवत्सश्चैव श्रीवत्सौ ह्यूर्ध्वे च तिलकं न्यसेत् ॥**
**नंदिकाश्च समाख्याताः क्रमत्रयव्यवस्थिताः ॥५२॥**
**शालायामुरुचत्वारि प्रत्यंगं वामदक्षिणे ॥**
**रेखोर्ध्वं द्वादशैर्भागैः स्वरूपं लक्षणान्वितम् ॥५३॥**

મધ્ય પ્રાસાદનું તલ બાર (૧૨) ભાગનું કરવું. આ પ્રમાણે ચારે દિશાએ વ્યવસ્થા કરવી. કોણ ઉપર ત્રણ કેશરી અને એક શ્રીવત્સ તથા પઢરે ત્રણ શ્રીવત્સ અને તિલક કરવું અને બધી નંદિકાઓ ઉપર ત્રણ ત્રણ શ્રીવત્સનાં ઇન્ડકો ચઢાવવાં. ભદ્રે ચાર ઉરૂશૃંગો તથા વામદક્ષિણે પ્રત્યંગ કરવાં અને રેખાઓના ઉર્ધ્વ ભાગે બાર ભાગ કરી સુંદર ઘાટ યુક્ત શિખરનું સ્વરૂપ કરવું. ૫૧, ૫૨, ૫૩.




(૪) મંદિર પ્રાસાદ

ચતુર્થ મેરૂ.

ઈંડક ૧૮૫, તિલક ૮.

"Aho Shrutgyanam"

**पञ्चाशीतिशतैश्चैव ह्यण्डकैश्च विभूषितः ॥**
**प्रासादो मंदिरो ज्ञेयः सौख्यदो मंदिरोपमः ॥५४॥**

એકસો પંચાશી ઇન્ડકો વડે સુશોભિત થયેલો આ મંદિર પ્રાસાદ જાણવો અને તે સુખ આપનારો છે. ૫૪.

ઇતિશ્રી મંદિર પ્રાસાદ, તલ ભાગ ૩૮, ઇન્ડક ૧૮૫, તિલક ૮, ચતુર્થ પ્રાસાદ.

## લક્ષ્મીકોટર પ્રાસાદ-પંચમ મેરૂ.

**लक्ष्मीकोटरमाचक्षे प्रासादं सर्वकामदम् ॥**
**लक्ष्मीदं सौख्यदश्चैव सर्वार्थसिद्धिदायकम् ॥५५॥**

સર્વ કામનાઓને પૂર્ણ કરનાર, લક્ષ્મી અને સુખને આપનાર તથા સર્વાર્થની સિદ્ધિ કરનાર લક્ષ્મીકોટર પ્રાસાદનું લક્ષણ કહું છું. ૫૫.

**चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टात्रिंशविभाजिते ॥**
**शालायां भागचत्वारो निर्गमे द्वयभागिका ॥५६॥**
**पल्लवीभागमेकेन निर्गमेण तु तत्समा ॥**
**चानुगे भागचत्वारो निर्गमे द्वयभागिकम् ॥५७॥**
**पल्लवीभागमेकेन निर्गमं पूर्वमानतः ॥**
**चानुगं वेदभागेन विस्तरे निर्गमेऽपि च ॥५८॥**
**नंदिकाभागमेकेन निर्गमं पूर्वमानतः ॥**
**कोणे तु भागचत्वारः स्थापयेच्च दिशासु वै ॥५९॥**

ચોરસ ક્ષેત્રમાં આડત્રીસ ભાગ કરી ભદ્રાર્ધ ભાગ ચાર અને નીકારે ભાગ બેનું કરવું. નંદિકા ભાગ એક સમદલ કરવી. પઢરો ભાગ ચાર અને નીકારે ભાગ બેનો કરવો. બીજી નંદિકા ભાગ એક, પ્રતિકર્ણ ભાગ ચાર, ત્રીજી નંદિકા ભાગ એક અને કોણ ભાગ ચાર સમદલ કરવો. આ પ્રમાણે ચારે દિશાઓમાં અંગો સ્થાપવાં. ૫૬, ૫૭, ૫૮, ૫૯.

**भित्तिर्द्विभागिका ज्ञेया भ्रमणी द्वयभागिका ॥**
**रेखोर्ध्वं दशभिर्भागैर्मध्यप्रासादकल्पना ॥६०॥**


ભિત્તિ ભાગ બે તથા ભ્રમણી ભાગ બેની કરવી. રેખાનું પ્રમાણ દશ ભાગે જાણવું. આ પ્રમાણે મધ્ય પ્રાસાદની રચના કરવી. ૬૦.



"Aho Shrutgyanam"

केशरी केशरी चैव क्रमद्वयव्यवस्थिताः ॥
कोणमध्ये तु संस्थाप्या रेखाविस्तारमूर्ध्वतः ॥६१॥
नंदिकाश्चैव कर्तव्यास्तिलकद्वयभूषिताः ॥
चानुगे कोणमानेन स्थापयेच्च सदा बुधः ॥६२॥
श्रीवत्सनंदिका कार्या तदूर्ध्वे तिलकं न्यसेत् ॥
नासिका तिलकं भद्रे त्रयश्रृङ्गं तथैव च ॥६३॥
रेखोर्ध्वं दशभागैश्च प्रत्यंगं वामदक्षिणे ॥
पूर्वोक्तभागमानेन ह्यण्डकः क्रियते बुधैः ॥६४॥

કોણ ઉપર બે કેશરી ઇંડકો ક્રમે ચઢાવવાં અને ઉપર રેખાવિસ્તાર કરવો. બધી નંદિકાઓ બે બે તિલકોથી વિભૂષિત કરવી. પઢરે કોણ પ્રમાણે ઇંડકો ચઢાવવાં. ચાર ભાગવાળી નંદિકાએ શ્રીવત્સ તથા તિલક કરવું. ભદ્રના ખણે તિલક અને ત્રણ ઉરૂશૃંગો કરવાં. રેખાઓનું ઉર્ધ્વ ભાગમાન દશ ભાગે કરવું. વામદક્ષિણ ભાગે પ્રત્યંગ ચઢાવવું અને બુદ્ધિમાન શિલ્પીઓએ કલશના ઇંડકનું માન પૂર્વોક્ત માને કરવું. ૬૧,૬૨,૬૩,૬૪.




(૫) લક્ષ્મીકોટર પ્રાસાદ.
પંચમ મેરૂ.
ઇંડક ૧૪૯, તિલક ૬૪.

"Aho Shrutgyanam"

**ग्रहवेदैकसंख्याभिरण्डकैर्लक्ष्मीकोटरः ॥**
**प्रासादश्चैव कर्तव्यः सर्वशोभासमन्वितः ॥६५॥**

એકસો ઓગણપચાસ ઇંડકોથી સંપન્ન અને સર્વ શોભાયુક્ત લક્ષ્મીકોટર પ્રાસાદ કરવો. ૬૫.

ઇતિશ્રી લક્ષ્મીકોટર પ્રાસાદ, તલ ભાગ ૩૮, ઇંડક ૧૪૯, તિલક ૬૪, પંચમ પ્રાસાદ.

## કૈલાસ પ્રાસાદ–ષષ્ઠ મેરૂ.

**शृणु वत्स प्रवक्ष्यामि कैलासं सुरवल्लभम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे भागषड्त्रिंशभाजिते ॥६६॥**

હે વત્સ ! હુવે દેવતાઓને વલ્લભ એવો કૈલાસ પ્રાસાદ કહું છું તે સાંભળ. ચોરસ ક્ષેત્રમાં છત્રીસ ભાગ કરવા. ૬૬.

**भद्रार्धं भागचत्वारो निर्गमेण द्विभागिकम् ॥**
**नंदिका द्वयभागेन विस्तरेण तथैव च ॥६७॥**
**अग्रे च नंदिका कार्या पूर्वमानेन कल्पिता ॥**
**चानुगं वेदभागेन नंदिका द्वयभागिका ॥६८॥**
**कोणं तु भागचत्वारः स्थापयेच्च दिशासु वै ॥**
**तदूर्ध्वे शिखरं कार्यं सर्वलक्षणसंयुतम् ॥६९॥**

ભદ્રાર્ધ ભાગ ચાર અને નીકારે ભાગ બેનું કરવું. પ્રથમ નંદિકા ભાગ બે, બીજી નંદિકા ભાગ બે, પઢરો ભાગ ચાર, ત્રીજી નંદિકા ભાગ બે અને કોણુ ભાગ ચાર; આ બધાં અંગો સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી અને ઉર્ધ્વ ભાગે સર્વ લક્ષણુયુક્ત શિખર કરવું. ૬૭, ૬૮, ૬૯.

**कोणे शृङ्गत्रयं कार्यं श्रीवत्सं तत्र स्थापयेत् ॥**
**चानुगे च त्रयं शृङ्गं नंदिकात्रयमेव च ॥७०॥**
**नंदिकोर्ध्वे तथा प्राज्ञैः कार्या तिलककल्पना ॥**
**भद्रे गवाक्षकं कार्यं विचित्रितमुरुत्रयम् ॥७१॥**

કોણુ ઉપર ત્રણુ શ્રીવત્સ શૃંગ સ્થાપવાં. પઢરે તેમજ ત્રણે નંદિકાઓએ પણુ ત્રણ ત્રણુ શ્રીવત્સ શૃંગ ચઢાવવાં અને નંદિકાઓ ઉપર તિલક કરવાં. ભદ્રે વિચિત્ર ગવાક્ષ સાથે ત્રણુ ઉરૂશૃંગો કરવાં. ૭૦, ૭૧.

"Aho Shrutgyanam"

**रेखोर्ध्वं द्वादशैर्भागैः प्रत्यङ्गं वामदक्षिणे ॥**
**मण्डपः क्रियते वत्स प्रासादतलरूपकः ॥७२॥**

રેખાઓનો ઉર્ધ્વ વિસ્તાર બાર ભાગે કરવો અને વામદક્ષિણે પ્રત્યંગ કરવું તથા હે વત્સ ! પ્રાસાદના તલના સ્વરૂપ પ્રમાણે મંડપ કરવો. ૭૨.


**एकोनत्रिंशशतैश्च ह्यण्डकैश्च विभूषितः ॥**
**चतुर्विंशतिलकैश्च कैलासस्तु सुशोभनः ॥७३॥**

એકસો ઓગણત્રીસ ઇંડકો તથા ચોવીસ તિલકો વડે વિભૂષિત અને સુશોભિત થયેલો કૈલાસ પ્રાસાદ જાણવો. ૭૩.

**कैलासः क्रियते येन प्रासादः पुण्यहेतवे ॥**
**उमापतिः प्रसन्नः स्याल्लभते चाक्षयं पदम् ॥७४॥**

જે પુરૂષ પુણ્યાર્થે કૈલાસ પ્રાસાદ કરાવે છે તેના ઉપર ઉમાપતિ પ્રસન્ન થાય છે અને તે અક્ષય પદને પામે છે. ૭૪.

ઇતિશ્રી કૈલાસ પ્રાસાદ, તલ ભાગ ૩૬, ઇંડક ૧૨૯, તિલક ૨૪, ૫૪ પ્રાસાદ.




(૬) કૈલાસ પ્રાસાદ.
૫૪ મેરૂ.
ઇંડક ૧૨૯, તિલક ૨૪.

## પંચવક્ત્ર પ્રાસાદ-સપ્તમ મેરૂ.

**श्रृणु वत्स प्रवक्ष्यामि पञ्चवक्रस्य लक्षणम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे ह्यष्टादशविभाजिते ॥७५॥**

હે વત્સ ! હવે પંચવક્ત્ર પ્રાસાદનું લક્ષણ કહું છું તે શ્રવણ કર. ચોરસ ક્ષેત્રમાં અઢાર ભાગ કરવા. ૭૫.

**भद्रार्धं द्विविभागैस्तु भागैकेन विनिर्गतम् ॥**
**नंदिकाभागमेकेन द्वितीया तु तथैव च ॥७६॥**
**चतुरंगं द्विभागैश्च निर्गमे चैव तत्समम् ॥**
**नंदिका पूर्वमानेन कर्णश्चेति द्विभागिकः ॥७७॥**
**एवं च स्थापयेत्प्राज्ञो दिशासु विदिशासु वै ॥**
**भित्तिश्च सार्धभागेन सार्धभागा भ्रमन्तिका ॥७८॥**

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. નંદિકા ભાગ એક, બીજી નંદિકા ભાગ એક, પઢરો ભાગ બે, ત્રીજી નંદિકા ભાગ એક અને કોણ ભાગ બે; આ બધાં અંગો સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશાઓમાં અંગો સ્થાપવાં. ભિત્તિ ભાગ દોઢ અને ભ્રમણી ભાગ દોઢની કરવી. ૭૬, ૭૭, ૭૮.

**मध्यप्रासादकं कार्यं दशधा कल्पयेत्पुनः ॥**
**तदूर्ध्वे शिखरं कार्यं स्वरूपं लक्षणान्वितम् ॥७९॥**

મધ્ય પ્રાસાદ એટલે ભ્રમણીની અંદરના પ્રાસાદનું તલ દશ ભાગનું કરવું અને તેના ઉપર લક્ષણયુક્ત શિખરનું સ્વરૂપ કરવું. ૭૯.


**केशरी नंदनश्चैव नंदिशालस्तृतीयकः ॥**
**कोणोर्ध्वे तु विनिर्दिष्टाः पंचवक्रविभूषणाः ॥८०॥**
**नंदिकाप्रतिकर्णेषु तिलकानि नियोजयेत् ॥**
**भद्रे च रथिका ज्ञेया तदूर्ध्वे च त्रयोरुकम् ॥८१॥**
**प्रत्यङ्गं तत्र कर्तव्यं कर्णस्य वामदक्षिणे ॥**
**रेखोर्ध्वं रसभागेन कर्तव्यश्च सदा बुधैः ॥८२॥**

કોણ ઉપર કેશરી, નંદન અને નંદિશાલનાં ઇંડકો ચઢાવવાં. નંદિકાઓ તથા પ્રતિકર્ણ ઉપર તિલકો કરવાં. ભદ્રે દોઢિઓ અને ત્રણ ઉરૂશૃંગો કરવાં. વામદક્ષિણભાગે પ્રત્યંગ કરવું. ઉર્ધ્વભાગે રેખાઓ છ ભાગે ખેંચવી. ૮૦, ૮૧, ૮૨.

"Aho Shrutgyanam"

**शतमेकाधिका षष्टिरण्डकानि नियोजयेत् ॥**
**द्विसप्ततितिलकानि पंचवक्रे तु कल्पयेत् ॥८३॥**

એકસો એકસઠ ઇંડકો અને બોતેર તિલકોવાળો પંચવક્ત્ર પ્રાસાદ જાણવો. ૮૩.
ઇતિશ્રી પંચવક્ત્ર પ્રાસાદ, તલ ભાગ ૧૮, ઇંડક ૧૬૧, તિલક, ૭૨, સપ્તમ પ્રાસાદ.




(૭) પંચવક્ત્ર પ્રાસાદ.
સપ્તમ મેરૂ.
ઇંડક ૧૬૧, તિલક. ૭૨.

## વિમાન પ્રાસાદ–અષ્ટમ મેરૂ.

**श्रृणु वत्स प्रवक्ष्यामि विमानस्य तु लक्षणम् ॥**
**षड्विंशप्रमिता वत्स निर्दिष्टा तत्र कल्पना ॥८४॥**

હે વત્સ ! હવે વિમાન પ્રાસાદનું લક્ષણ કહું છું તે શ્રવણ કર. આ પ્રાસાદના ચોરસ ક્ષેત્રમાં છવ્વીસ ભાગ કરવા. ૮૪.

**भद्रार्धं तु द्विभागैश्च भागेनैव विनिर्गतम् ॥**
**नंदिकाभागमेकेनर्निर्गमेऽपि तथैव हि ॥८५॥**
**द्वितीया च द्विभागैश्च पदैकेन विनिर्गता ॥**
**प्रतिरथं त्रिभिर्भागैर्निर्गमेऽपि च तत्समम् ॥८६॥**

"Aho Shrutgyanam"

**तथाहि नंदिका दृष्टा भागद्वयसमन्विता ॥**
**निर्गमे च पदैकेन कोणं स्याच्च द्विभागिकम् ॥८७॥**

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. નંદિકા ભાગ એક સમદલ કરવી. બીજી નંદિકા ભાગ બે અને નીકારે ભાગ એક કરવી. પઢરો ભાગ ત્રણ સમદલ કરવો. ત્રીજી નંદિકા ભાગ બે અને નીકારે એક ભાગ તથા કોણ ભાગ બે સમદલ કરવો. ૮૫, ૮૬, ૮૭.

**स्थापयेच्च चतुर्दिक्षु विदिशायां तथैव च ॥**
**भित्तिर्द्विभागिका दृष्टा द्विभागेन भ्रमन्तिका ॥८८॥**

ઉપર પ્રમાણે ચારે દિશાઓમાં અંગોની સ્થાપના કરવી. અને ભિત્તિ ભાગ બે તથા ભ્રમણી ભાગ બેની કરવી. ૮૮.

**मध्ये प्रासादमाने तु दशभागान् प्रकल्पयेत् ॥**
**तदूर्ध्वे शिखरं कार्यं सर्वशोभासमन्वितम् ॥८९॥**

મધ્ય પ્રાસાદનું તલમાન દશ ભાગોનું કરવું. અને તેના ઉપર સર્વ પ્રકારે શોભાયુક્ત શિખર કરવું. ૮૯.

**कोणे शृङ्गत्रयं कार्यं चानुगे च तथैव हि ॥**
**नंदिकायां च शृङ्गैकमूर्ध्वे च तिलकं न्यसेत् ॥९०॥**
**नंदिकायां तिलकं च भद्रस्य वामदक्षिणे ॥**
**भद्रे च रथिका कार्या ह्युरुचत्वारि कल्पयेत् ॥९१॥**
**प्रत्यङ्गं वामसव्ये च स्थापयेच्च दिशासु वै ॥**
**रेखोर्ध्वं नवभिर्भागैरित्युक्तश्च स्वयंभुवा ॥९२॥**


કોણે ત્રણ શૃંગ તેમજ પઢરે પણ ત્રણ શૃંગ ચઢાવવાં. બે નંદિકાઓ ઉપર એક એક શૃંગ અને તિલક કરવું તથા ભદ્રના વામદક્ષિણે રહેલી નંદિકાએ તિલક ચઢાવવું. આ પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી. મથાળાના ભાગે નવ ભાગે રેખાઓ ખેંચવી એમ બ્રહ્માએ કહેલું છે. ૯૦, ૯૧, ૯૨.

**चतुर्विंशतितिलकैश्च घण्टाकूटैः समन्वितः ॥**
**सप्तसप्ततिभिश्चैव विमानश्चाण्डकैर्मतः ॥९३॥**

ચોવીસ તિલકો, ઘંટાકૂટો ને સીત્તોતેર ઇંડકો વડે શોભિત વિમાન પ્રાસાદ જાણવો. ૯૩.

ઇતિશ્રી વિમાન પ્રાસાદ, તલ ભાગ ૨૬, ઇંડક ૭૭, તિલક ૨૪, અષ્ટમ પ્રાસાદ.

"Aho Shrutgyanam"




(૮) વિમાન પ્રાસાદ.
અષ્ટમ મેરૂ.
ઇંડક ૭૭, તિલક ૨૪.

**ગંધમાદન પ્રાસાદ–નવમ મેરૂ.**

**श्रृणु वत्स प्रवक्ष्यामि स्वरूपं लक्षणान्वितम् ॥**
**गन्धर्वैः सेवितं नित्यं प्रासादं गंधमादनम् ॥९४॥**

હે વત્સ ! ગંધર્વોએ નિત્ય સેવેલો અને સ્વરૂપલક્ષણથી યુક્ત ગંધમાદન નામનો પ્રાસાદ હવે કહું છું તે શ્રવણ કર. ૯૪.

**चतुरस्रीकृते क्षेत्रे षड्त्रिंशत्पदभाजिते ॥**
**भद्रार्धं भागचत्वारस्तदर्धेन तु निर्गमः ॥९५॥**
**नंदिकाभागमेकेन निर्गमेऽपि च तत्समा ॥**
**नंदिकाभागमेकेन निर्गमः स्यात्तथैव हि ॥९६॥**
**चातुरं भागचत्वारो विस्तरे निर्गमेऽपि च ॥**
**नंदिकाभागमेकेन निर्गमे पूर्वमानतः ॥९७॥**

"Aho Shrutgyanam"

द्वितीया च द्विभागैस्तु निर्गमे च प्रकीर्तिता ॥
पल्लवीभागमेकेन निर्गमे स्यात्तथैव च ॥९८॥
कोणं च भागचत्वारः स्थापयेच्च दिशासु वै ॥
बाह्यपंक्तिश्च संस्थाप्या मध्यपंक्तिश्च कथ्यते ॥९९॥

ચોરસ ક્ષેત્રમાં છત્રીસ ભાગ કરી ભદ્રાર્ધ ભાગ ચાર અને નીકારે બે ભાગ કરવું. નંદિકા ભાગ એક, બીજી નંદિકા ભાગ એક, પઢરો ભાગ ચાર; ત્રીજી નંદિકા ભાગ એક, ચોથી નંદિકા ભાગ બે, પાંચમી નંદિકા ભાગ એક તથા કોણ ભાગ ચાર; આ બધાં અંગો નીકારે સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી. આ બહારની પંક્તિનું માન કહ્યું. હવે અંદરની પંક્તિનું પ્રમાણ કહું છું. ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯.

भित्तिः सार्धद्वया कार्या सार्धत्रया भ्रमन्तिका ॥
मध्ये प्रासादकं कार्यं विभज्य दशभागकैः ॥१००॥

ભિત્તિ ભાગ અઢી તથા ભ્રમણી ભાગ સાડા ત્રણની કરવી અને મધ્ય પ્રાસાદનું તલ દશ (૧૦) ભાગનું કરવું. ૧૦૦.

कोणं भागद्वयं कुर्यात् सार्धभागेन चानुगम् ॥
भद्रार्धं सार्धभागेन स्थापयेच्च दिशासु वै ॥१०१॥
मध्ये पंक्तिस्तु विख्याता ऊर्ध्वपंक्तिस्तु कथ्यते ॥
अत ऊर्ध्वं तु शिखरं ज्ञातव्यश्च सदा बुधैः ॥१०२॥

ઉપર બતાવેલા દશ ભાગોમાં કોણ ભાગ બે, પઢરો ભાગ દોઢ અને ભદ્રાર્ધ ભાગ દોઢનું કરવું. એ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ઉપર પ્રમાણે મધ્ય-પંક્તિનું પ્રમાણ કહ્યું. હવે ઉર્ધ્વપંક્તિનું પ્રમાણ કહું છું. એની ઉપર શિખરનું માન સર્વદા ડાહ્યા પુરૂષોએ જાણી લેવું. ૧૦૧, ૧૦૨.

केशरीत्रयकोणं तु ऊर्ध्वे च तिलकं न्यसेत् ॥
पल्लवीपदमात्राश्च पञ्चतिलकभूषिताः ॥१०३॥
द्विपदानंदिकायाश्च शृङ्गचत्वारि कल्पयेत् ॥
तदूर्ध्वे तिलकं कार्यं कूटाकारं सुशोभनम् ॥१०४॥
चानुगे च ततो वत्स केशरीद्वयकल्पना ॥
तदूर्ध्वे मंजरी कार्या सर्वलक्षणसंयुता ॥१०५॥



"Aho Shrutgyanam"


**अग्रपल्लविकायां तु तिलकं पूर्वमानतः ॥**
**पञ्च वै ह्युरुशृङ्गाणि नंदिका तिलकद्वया ॥१०६॥**

કોણુ ઉપર ત્રણુ કેશરી ઈંડકો ચઢાવવાં અને ઉપર તિલક કરવું. એક ભાગની બધી નંદિકાઓ પાંચ પાંચ તિલકો સંયુક્ત કરવી. બે ભાગની બધી નંદિકાઓ ઉપર ચારચાર શૃંગો અને ઉપર એક તિલક કરવું. પઢરે બે કેશરી અને ઉપર સુંદર મંજરી અર્થાત્ તિલકો કરવાં. ભદ્રે પાંચ ઉરૂશૃંગો ચઢાવવાં અને ભદ્રની પાસેની નંદીએ બે તિલકો કરવાં. ૧૦૩, ૧૦૪, ૧૦૫ ૧૦૬.

**त्रयोदशविभागैश्च रेखोर्ध्वं तत्र कारयेत् ॥**
**पूर्वमानप्रमाणेन ज्ञातव्यश्च सदा बुधैः ॥१०७॥**

ઉપરની રેખાની ગોળાઈ તેર ભાગે છોડવી અને બુદ્ધિમાન્ શિલ્પીઓએ પૂર્વ-માન પ્રમાણે શિખરનું સ્વરૂપલક્ષણુ જાણવું. ૧૦૭.

**चतुष्षष्टिशतैश्चैव तिलकैस्तु विभूषितः ॥**
**नवाधिकद्विशताण्डैः प्रासादो गंधमादनः ॥१०८॥**




(૯) ગંધમાદન પ્રાસાદ.

નવમ મેરૂ.

ઈંડક ૨૦૯, તિલક ૧૬૪,

"Aho Shrutgyanam"

એકસો ચોસઠ તિલકો તથા બસો નવ ઇંડકોથી વિભૂષિત થએલો આ ગંધમાદન પ્રાસાદ જાણવો. ૧૦૮.

ઇતિશ્રી ગંધમાદન પ્રાસાદ, તલ ભાગ ૩૬, ઇંડક ૨૦૯, તિલક ૧૬૪, નવમ પ્રાસાદ.

## મુક્તકોણ પ્રાસાદ–દશમ મેરૂ.

**वर्तनां मुक्तकोणस्य शृणु वत्स यथाविधि ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे षड्विंशतिविभाजिते ॥१०९॥**

હે વત્સ ! હવે મુક્તકોણ પ્રાસાદની વર્તના કહું છું તે તું યથાવિધિ શ્રવણ કર. ચોરસ ક્ષેત્રમાં છવ્વીસ ભાગ કરવા. ૧૦૯.

**पदत्रयं च शालार्धं पदैकेन विनिर्गतम् ॥**
**नंदिका द्विपदा ज्ञेया निर्गमेण च तत्समा ॥११०॥**
**चानुगं त्रयभागैश्च निर्गमेण तथैव हि ॥**
**नंदिका द्विपदा कार्या तत्समा च विनिर्गता ॥१११॥**
**कोणं पदत्रयं वत्स स्थापयेच्च दिशासु वै ॥**
**भित्तिः पदद्वया ज्ञेया द्विभागेन भ्रमन्तिका ॥११२॥**

ભદ્રાર્ધ ભાગ ત્રણ અને નીકારે ભાગ એક કરવું. નંદિકા ભાગ બે, પઢરો ભાગ ત્રણ, બીજી નંદિકા ભાગ બે અને કોણ ભાગ ત્રણ; આ બધાં અંગો સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશાઓમાં સ્થાપના કરવી. ભિત્તિ ભાગ બે તથા ભ્રમણી ભાગ બેની કરવી. ૧૧૦, ૧૧૧, ૧૧૨.

**मध्ये प्रासादकं कार्यं दशभागैश्च पूर्वतः ॥**
**तस्योर्ध्वे शिखरं कार्यं शोभनश्च सदा बुधैः ॥११३॥**

સર્વદા બુદ્ધિમાનોએ પ્રાસાદના મધ્ય ભાગે પૂર્વ પ્રમાણે દશ ભાગનું તલ કરી ઉપર શોભાયુક્ત શિખર કરવું. ૧૧૩.

**केशरीद्वयकोणं तु तिलकमूर्ध्वमादिशेत् ॥**
**द्विपदा नंदिकाः सर्वाः शृङ्गोर्ध्वे तिलकं न्यसेत् ॥११४॥**
**केशरी चैव श्रीवत्सः प्रतिकर्णे तथा भवेत् ॥**
**विचित्रा रथिका कार्या भद्रे वै स्यादुरुत्रयम् ॥११५॥**


"Aho Shrutgyanam"

**प्रत्यंगास्तत्र दातव्याः कर्णस्य वामदक्षिणे ॥**
**ऊर्ध्वे मंजरिका स्थाप्या सर्वशोभासमाकुला ॥११६॥**

કોણે બે કેશરી ઇંડકો અને ઉપર એક તિલક કરવું. બે ભાગવાળી બધી નંદિકાઓએ એક એક શૃંગ અને ઉપર તિલક કરવું. પઢરે કેશરી અને શ્રીવત્સનાં ઇંડકો ચઢાવવાં. ભદ્રે વિચિત્ર દોઢિયો અને ત્રણ ઉરૂશૃંગો કરવાં તથા કોણની વામ-દક્ષિણ બાજુએ પ્રત્યંગ ચઢાવવાં અને તેના ઉપર સર્વ શોભાયુક્ત મંજરિકા સ્થાપવી. ૧૧૪, ૧૧૫, ૧૧૬.

**रेखोर्ध्वं नवभागैश्च कार्यं वत्स सुलक्षणम् ॥**
**विंशतितिलकैर्युक्तः कूटाकारैः सुशोभनः ॥११७॥**
**पञ्चविंशशताग्रैस्तु ह्यण्डकैश्च विभूषितः ॥**
**भुक्तिमुक्तिप्रदो ज्ञेयः प्रासादो मुक्तकोणकः ॥११८॥**

રેખાના ઉપરના ભાગે નવ ભાગ કરી શિખરની રેખાઓ છોડવી. વીસ તિલકોથી સંયુક્ત, કૂટાકારો વડે સુશોભિત અને એકસો પચીસ ઇંડકોથી વિભૂષિત




(૧૦) મુક્તકોણપ્રાસાદ.
દશમ મેરૂ.
ઇંડક ૧૨૫, તિલક ૨૦.

"Aho Shrutgyanam"

થએલો તથા વૈભવ અને મુક્તિને આપનારો આ મુક્તકોણ નામનો પ્રાસાદ જાણવો. ૧૧૭, ૧૧૮.

ઇતિશ્રી મુક્તકોણ પ્રાસાદ, તલ ભાગ ૨૬, ઇંડક ૧૨૫, તિલક ૨૦, દશમ પ્રાસાદ.

## ગિરિપ્રાસાદ–એકાદશ મેરૂ.

**शृणु वत्स प्रवक्ष्यामि प्रासादं गिरिसंज्ञकम् ॥**
**गन्धर्वकिन्नरैः सेव्यं नानालक्षणलक्षितम् ॥११९॥**

હે વત્સ ! ગંધર્વો અને કિંનરોએ સેવવા યોગ્ય અને નાના પ્રકારનાં લક્ષણોથી યુક્ત એવો ગિરિ નામનો મેરૂ પ્રાસાદ કહું છું તે શ્રવણ કર. ૧૧૯.

**चतुरस्त्रीकृते क्षेत्रे द्वात्रिंशपदभाजिते ॥**
**भद्रार्धं भागचत्वारो भागैकेन विनिर्गतम् ॥१२०॥**
**नंदिका पदमात्रेण निर्गमेण च तत्समा ॥**
**चानुगं द्विपदं ज्ञेयं निर्गमेण तथैव हि ॥१२१॥**
**नंदिकाभागमेकेन निर्गमेण च तत्समा ॥**
**प्रतिरथं द्विपदश्च निर्गमेण तु तत्समम् ॥१२२॥**
**नंदिका पदमात्रेण पदैकेन विनिर्गता ॥**
**चानुगं द्विपदं कार्यं निर्गमेण तथैव च ॥१२३॥**
**पल्लवीभागमेकेन निर्गमेण तदर्धतः ॥**
**कोणं भागद्वयं कार्यं स्थापयेच्च दिशासु वै ॥१२४॥**

ચોરસ ક્ષેત્રમાં બત્રીસ ભાગ કરી ભદ્રાર્ધ ભાગ ચાર અને નીકારે ભાગ એકનું કરવું. નંદિકા એક ભાગ, પઢરો બે ભાગ, બીજી નંદિકા એક ભાગ, પ્રતિરથ બે ભાગ, ત્રીજી નંદિકા એક ભાગ, બીજો પઢરો બે ભાગ; આ સર્વ અંગો સમદલ કરવાં. ચોથી નંદિકા એક ભાગ અને નીકારે અર્ધા ભાગની કરવી તથા કોણ બે ભાગનો સમદલ કરવો. આ પ્રમાણે ચતુર્દિશામાં અંગો સ્થાપવાં. ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪.


**एषा तु बाह्यिका पंक्तिर्मध्यपंक्तिस्तु कथ्यते ॥**
**भित्तिर्भागद्वया कार्या भ्रमणी च द्विभागिका ॥१२५॥**

ઉપર પ્રમાણે બહારની પંક્તિ કહી. હવે અંદરની પંક્તિનું પ્રમાણ કહીએ છીએ. ભિત્તિ ભાગ બે અને ભ્રમણી ભાગ બેની કરવી. ૧૨૫.

"Aho Shrutgyanam"

कोणे च श्रृङ्गचत्वारि कर्तव्यानि सदा बुधैः ॥
पल्लवीपदिकाः सर्वाः तिलकत्रयभूषणाः ॥१२६॥
चानुगे त्रयश्रृङ्गं तु तिलकश्च तथोपरि ॥
द्वितीये चानुगे वत्स श्रृङ्गचत्वारि कल्पयेत् ॥१२७॥
तृतीये त्रयश्रृङ्गश्च तिलकश्चैव दापयेत् ॥
भद्रे च रथिका कार्या ह्युरुचत्वारि कल्पयेत् ॥१२८॥
प्रत्यङ्गाश्च प्रदातव्या उरोश्च वामदक्षिणे ॥
तदूर्ध्वे मंजरी कार्या पद्मिका चैव वर्त्तिका ॥१२९॥

સર્વદા બુદ્ધિમાનોએ કોણુ ઉપર ચાર શૃંગ કરવાં તથા એકએક ભાગની બધી નંદિકાઓ ત્રણુ ત્રણુ તિલકોથી વિભૂષિત કરવી. પહેલે પઢરે ત્રણુ શૃંગ અને તિલક કરવું. બીજે પઢરે ચાર શૃંગ, ત્રીજે ત્રણુ શૃંગ અને એક તિલક કરવું. ભદ્રે હોઢિયો અને ચાર ઉરૂશૃંગો ચઢાવવાં તથા ઉરૂશૃંગની વામદક્ષિણ બાજુએ પ્રત્યંગો કરવાં. કોણે અને પહેલે પઢરે બે બે તથા ભદ્રના ખૂણે એક તિલક એટલે મંજરી કરવી. તે પદ્મકોશના રૂપમાં વર્તુલાકારની કરવી. ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯.




( ૧૧ ) ગિરિપ્રાસાદ.
એકાદશ મેરૂ.
ઈંડક ૧૪૫, તિલક ૧૩૬.

"Aho Shrutgyanam"

**रेखोर्ध्वं द्वादशैर्भागैः कर्तव्यं तु सदा बुधैः ॥**
**पूर्वमानेन कर्तव्यं रेखोर्ध्वं तु विचक्षणैः ॥१३०॥**

બુદ્ધિશાળી પુરૂષોએ પાયચાની રેખા બાર (૧૨) ભાગે છોડવી અર્થાત્ પૂર્વમાનાનુસાર રેખાઓ ખેંચવી. ૧૩૦.

**षड्त्रिंशातिशतसंख्यैर्तिलकैस्तु विभूषितः ॥**
**शतैकपञ्चचत्वारिंशदण्डैस्तुः गिरिः स्मृतः ॥१३१॥**

એકસો છત્રીસ તિલકો અને એકસો પીસતાળીસ ઇંડકો વડે શોભાયમાન આ ગિરિ પ્રાસાદ જાણવો. ૧૩૧.

ઇતિશ્રી ગિરિ પ્રાસાદ, તલ ભાગ ૩૨, ઇંડક ૧૪૫, તિલક ૧૩૬, એકાદશ પ્રાસાદ.

## તિલક પ્રાસાદ–દ્વાદશ મેરૂ.

**तिलकन्तु प्रवक्ष्यामि यथावदनुपूर्वशः ॥**
**चतुरस्रीकृते क्षेत्रे चाष्टादशविभाजिते ॥१३२॥**

હવે તિલક પ્રાસાદનું સ્વરૂપ લક્ષણ કહું છું. સમચોરસ ક્ષેત્રમાં અઢાર ભાગ કરવા. ૧૩૨.

**भद्रार्धं द्विपदं वत्स पदैकेन विनिर्गतम् ॥**
**नंदिकाभागमेकेन निर्गमेण च तत्समा ॥१३३॥**
**पल्लवी पदमात्रेण निर्गमेण तथैव च ॥**
**चानुगं तु द्विभागैश्च निर्गमेण तथैव हि ॥१३४॥**
**नंदिकाभागमेकेन विस्तरे निर्गमेऽपि च ॥**
**कोणं भागद्वयं वत्स स्थापयेच्च दिशासु वै ॥१३५॥**

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. નંદિકા ભાગ એક, બીજી નંદિકા ભાગ એક, પઢરો ભાગ બે; ત્રીજી નંદિકા ભાગ એક અને કોણ ભાગ બે; આ બધાં અંગો સમદલ કરવાં અને ચારે દિશાએ સ્થાપવાં. ૧૩૩, ૧૩૪, ૧૩૫.

**एतत्तु बाह्यपंक्त्यां वै ज्ञातव्यञ्च सदा बुधैः ॥**
**भित्तिः सार्धविभागेन सार्धभागा भ्रमन्तिका ॥१३६॥**


"Aho Shrutgyanam"

अ प्रासादकं कार्यं दशभागैश्च पूर्वशः ॥
एवञ्च मध्यपंक्त्यां तु ततश्च शिखरं शृणु ॥१३७॥

બુદ્ધિમાનોએ ઉપરોક્ત માન બહારની પંક્તિનું જાણવું. ભિત્તિ દોઢ ભાગ તથા ભ્રમણી દોઢ ભાગની કરવી અને પૂર્વવત્ દશ ભાગનું તલ કરવું. આ પ્રમાણે મધ્ય પંક્તિનું માન જાણવું. હવે શિખરનું લક્ષણ શ્રવણ કર. ૧૩૬, ૧૩૭.

त्रितिलकं तथा कोणे त्रितिलकं तु चानुगे ॥
नंदिकाः पदिकाः सर्वास्तिलकद्वयभूषणाः ॥१३८॥
भद्रे च रथिका चित्रा ह्युरुत्रयसमन्विता ॥
प्रत्यंगश्चैव कर्तव्यं कर्णस्य वामदक्षिणे ॥१३९॥
रेखोर्ध्वं चैव षड्भागैः कर्तव्यं तु सदा बुधैः ॥
एवं च शिखरे मानं ज्ञातव्यं सर्वदा शुभम् ॥१४०॥

કોણ તથા પઢરે ત્રણત્રણ તિલક કરવાં અને એક એક ભાગની બધી નંદિકાઓ બે બે તિલકોનાં આભૂષણોવાળી કરવી. ભદ્રે દોઢિયો અને ત્રણ ઉરૂશૃંગો




(૧૨) તિલક પ્રાસાદ.
દ્વાદશ મેરૂ.
ઈંડક ૨૧, તિલક ૮૪.

"Aho Shrutgyanam"

ચઢાવવાં તથા કર્ણની વામદક્ષિણ બાજુએ પ્રત્યંગ કરવું. રેખાઓની ગોળાઇ છ ભાગે છોડવી. આ પ્રમાણે બુદ્ધિશાળી શિલ્પીઓએ શિખરમાન સર્વદા જાણવું. ૧૩૮, ૧૩૯, ૧૪૦.

**चतुरशीतिभिश्चैव तिलकैस्तु विभूषितः ॥**
**अण्डकैरेकविंशैस्तु तिलकाख्यः प्रकीर्तितः ॥१४१॥**

ચોર્યાશી તિલકો અને એકવીસ ઇંડકો વડે શોભાયમાન આ તિલક નામનો મેરૂ પ્રાસાદ જાણવો. ૧૪૧.

ઇતિશ્રી તિલક પ્રાસાદ, તલ ભાગ ૧૮, ઇંડક ૨૧, તિલક ૮૪, દ્વાદશ પ્રાસાદ.

### ચન્દ્રશેખર પ્રાસાદ–ત્રયોદશ મેરૂ.

**श्रृणु वत्स प्रवक्ष्यामि चन्द्रशेखरलक्षणम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे चतुस्त्रिंशद्विभाजिते ॥१४२॥**

હે વત્સ ! હવે ચંદ્રશેખર પ્રાસાદનું લક્ષણ કહું છું તે શ્રવણ કર. ચોરસ ક્ષેત્રમાં ચોત્રીસ ભાગ કરવા. ૧૪૨.

**भद्रार्धं पञ्चभिः कार्यं पदैकेन विनिर्गतम् ॥**
**पल्लवीपदमेकेन निर्गमेण तथैव च ॥१४३॥**
**द्वितीया द्विपदा ज्ञेया निर्गमेण तथैव च ॥**
**चानुगं तु चतुर्भागं पदमध्या तु पल्लवी ॥१४४॥**
**निर्गमेण पदा वत्स कर्तव्या तु सदा बुधैः ॥**
**कोणं समदलं कार्यं भागचत्वारि कल्पयेत् ॥१४५॥**
**अतोऽष्टदलमध्याच्च पल्लवी पदशोभिता ॥**
**एतद् वै बाह्यपंक्त्यां तु स्थापयेच्च विचक्षणः ॥१४५॥**

ભદ્રાર્ધ ભાગ પાંચ અને નીકારે ભાગ એક કરવું. પલ્લવી–નંદિકા ભાગ એક તથા બીજી નંદિકા ભાગ બે સમદલ કરવી. પઢરો ભાગ ચાર અને એક ભાગ નીકારે કરવો. ત્રીજી નંદિકા ભાગ એક તથા કર્ણ ભાગ ચાર; આ બધાં અંગો સમદલ કરવાં. આ પ્રમાણે બહારની પંક્તિમાન ચારે દિશામાં કરવું. ૧૪૩, ૧૪૪, ૧૪૫.

**मध्यपंक्त्युद्भवे वत्स ज्ञातव्यं तु सदा बुधैः ॥**
**भित्तिः सार्धद्वया ज्ञेया सार्धद्वया भ्रमन्तिका ॥१४६॥**



"Aho Shrutgyanam"

**दशभागैर्विभक्ते तु मध्यप्रासादकल्पना ॥**
**तदूर्ध्वं शिखरं वत्स पद्माकारं सुशोभनम् ॥१४७॥**

બુદ્ધિમાનોએ અંદરની પંક્તિનું સ્વરૂપમાન સર્વદા નીચે પ્રમાણે જાણવું. ભિત્તિ ભાગ અઢી અને ભ્રમણી ભાગ અઢીની કરવી. અંદરના પ્રાસાદનું તલમાન દશ ભાગનું કરી તેના ઉપર પદ્માકાર સુશોભિત શિખર કરવું. ૧૪૬, ૧૪૭.

**कर्णे शृङ्गत्रयं कार्यमूर्ध्वे च तिलकं न्यसेत् ॥**
**चानुगे च द्वयं शृङ्गं द्वयशृङ्गा तु नाटिका ॥१४८॥**
**ऊर्ध्वे द्वितिलकं दाप्यं कूटाकारं सुवर्णिकम् ॥**
**नंदिकाशृङ्गमेकं तु भद्रस्य वामदक्षिणे ॥१४९॥**
**भद्रे च रथिका कार्या उरुशृङ्गचतुष्टयम् ॥**
**प्रत्यंगाश्च प्रदातव्या उरोश्च वामदक्षिणे ॥१५०॥**

કોણે ત્રણ શૃંગ અને એક તિલક કરવું. પઢરે બે શૃંગ કરવાં. નાટિકા ( બે નાની નંદિકા)એ બે બે શૃંગ ચઢાવવાં, મોટી નંદિકાએ અને ભદ્રની વામદક્ષિણે એક એક શૃંગ ચઢાવવું અને આ બધાં અંગો ઉપર બે બે તિલકો કરવાં તથા ભદ્રે દોઢિયો અને ચાર ઉરૂશૃંગ કરવાં તથા ભદ્રના ખૂણે એક તિલક કરવું અને ઉરૂશૃંગની વામ-દક્ષિણ બાજુએ પ્રત્યંગો ચઢાવવાં. ૧૪૮, ૧૪૯, ૧૫૦.

**रेखोर्ध्वं द्वादशैर्भागैः कर्तव्यश्च विचक्षणैः ॥**
**पताकामर्कटीदण्डान् पूर्वमानेन कारयेत् ॥१५१॥**


બુદ્ધિમાનોએ ઉપરની રેખાઓ બાર (૧૨) ભાગે છોડવી અને પતાકા, મર્કટી તથા દંડ પૂર્વમાને કરવા. ૧૫૧.

**द्वयनवतिभिश्चैव तिलकैश्च विभूषितः ॥**
**नवोत्तरशताण्डैश्च प्रासादश्चन्द्रशेखरः ॥१५२॥**

બાણું તિલકો તથા એકસો નવ ઇંડકો વડે શોભાયમાન આ ચંદ્રશેખર નામનો મેરૂ પ્રાસાદ જાણવો. ૧૫૨.

ઇતિશ્રી ચંદ્રશેખર પ્રાસાદ, તલ ભાગ ૩૪, ઇંડક ૧૦૯, તિલક ૯૨, ત્રયોદશ પ્રાસાદ.

"Aho Shrutgyanam"




મંદિરતિલક પ્રાસાદ–ચતુર્દશ મેરૂ.

**श्रृणु वत्स प्रवक्ष्यामि मंदिरतिलकं शुभम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे चाष्टाविंशतिभाजिते ॥१५३॥**

હે વત્સ ! હવે શુભ મંદિરતિલક પ્રાસાદ કહું છું તે શ્રવણ કર. ચોરસ ક્ષેત્રમાં અઠ્ઠાવીસ ભાગ કરવા. ૧૫૩.

**भद्रार्धश्च चतुष्पादं द्विपदेन विनिर्गतम् ॥**
**नंदिका द्विपदा कार्या निर्गमेण तथैव च ॥१५४॥**
**चानुगं भागचत्वारि निर्गमे विस्तरेऽपि च ॥**
**कोणश्च पदचत्वारि कर्तव्यं च चतुर्दिशम् ॥१५५॥**


ભદ્રાર્ધ ભાગ ચાર અને નીકારે ભાગ બેનું કરવું. નંદિકા ભાગ બે, પઢરો ભાગ ચાર તથા કોણ ભાગ ચારનો સમદલ કરવો. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ૧૫૪, ૧૫૫.

"Aho Shrutgyanam"

एतच्च बाह्यपंक्त्यास्तु मध्यपंक्तिश्च कथ्यते ॥
प्रासादं स्थापयेत्तत्र भजेद् द्वादशभिः पदैः ॥१५६॥
पूर्वमानेन कर्तव्यं सूत्रयेल्लक्षणान्वितम् ॥
तदूर्ध्वे शिखरं कार्यं सर्वशोभासमन्वितम् ॥१५७॥

આ બાહ્ય (બહારની) પંક્તિનું માન જાણવું. હવે મધ્યપંક્તિનું માન કહું છું. અંદરની પંક્તિના બાર ભાગ કરી પ્રાસાદ સ્થાપવો અને પૂર્વમાને એટલે ભિત્તિ તથા ભ્રમણી લક્ષણયુક્ત કરી તેના ઉપર સર્વ શોભા વડે અલંકૃત થએલું શિખર કરવું. ૧૫૬, ૧૫૭.

श्रीवत्सः केशरी चैव सर्वतोभद्रमेव च ॥
एतानि त्रयशृङ्गाणि कर्णोर्ध्वे तु प्रदापयेत् ॥१५८॥
चानुगे तिलकत्रीणि त्रितिलका च नंदिका ॥
भद्रे च रथिका कार्या ह्युरुत्रयसमन्विता ॥१५९॥




(૧૪) મંદિરતિલક પ્રાસાદ.
ચતુર્દશ મેરૂ.
ઈંડક ૭૩, તિલક ૫૬.

"Aho Shrutgyanam"

तदूर्ध्वे मंजरी कार्या पद्माकारा सुवर्त्तिका ॥
रेखोर्ध्वमष्टभागैश्च कर्तव्यं तु सदा बुधैः ॥१६०॥

કર્ણે શ્રીવત્સ, કેશરી અને સર્વતોભદ્ર; એ ત્રણ શૃંગો ચઢાવવાં. પઢરે અને નંદિકાએ ત્રણત્રણ તિલકો કરવાં તથા ભદ્રે રથિકા તેમજ ત્રણ ઉરૂશૃંગો ચઢાવવાં અને તેના ઉપર પદ્માકારે સુવર્તુલા મંજરી કરવી. રેખાઓની વર્તના આઠ ભાગે ખેંચવી. ૧૫૮, ૧૫૯, ૧૬૦.

षट्पञ्चाशत्तिलकैश्च मंदिरतिलकः स्मृतः ॥
त्र्यधिकैः सप्ततिभिश्च ह्यण्डकैः सुविभूषितः ॥१६१॥

છપ્પન તિલકો અને તોતેર ઇંડકો વડે શોભાયમાન થએલો આ મંદિર નામનો પ્રાસાદ જાણવો. ૧૬૧.

ઇતિશ્રી મંદિરતિલક પ્રાસાદ, તલ ભાગ ૨૮, ઇંડક ૭૩, તિલક ૫૬, ચતુર્દશ પ્રાસાદ.

## સૌભાગ્ય પ્રાસાદ–પંચદશ ભેદ.

श्रृणु वत्स प्रवक्ष्यामि सौभाग्यं लक्षणान्वितम् ॥
प्रासादं कारयेद्यस्तु सौभाग्यं लभते सदा ॥१६२॥

હે વત્સ ! હવે લક્ષણયુક્ત સૌભાગ્ય પ્રાસાદ કહું છું તે શ્રવણ કર. જે આ પ્રાસાદ કરાવે છે તે સર્વદા સૌભાગ્યને પામે છે. ૧૬૨.

चतुरस्रीकृते क्षेत्रे दिवाकरविभाजिते ॥
भागद्वयं तु भद्रार्धं पदमेकं च निर्गमे ॥१६३॥
प्रतिरथं द्विभागैश्च निर्गमेण तु तत्समम् ॥
कोणं भागद्वयं कार्यं स्थापयेच्च चतुर्दिशम् ॥१६४॥

ચોરસ ક્ષેત્રમાં બાર ભાગ કરી ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. પ્રતિરથ ભાગ બે અને કોણ ભાગ બે સમદલ કરવો. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. ૧૬૩, ૧૬૪.


एषा च बाह्यपंक्तिस्तु मध्यपंक्तिश्च कथ्यते ॥
भित्तिर्भागेन कर्तव्या भागैकेन च वर्त्तिका ॥१६५॥
मध्ये प्रासादकं कार्यं पदना पदसंख्यया ॥
अथातः शिखरं वक्ष्ये स्वरूपं लक्षणान्वितम् ॥१६६॥

"Aho Shrutgyanam"

આ બાહ્યપંક્તિ જાણવી. હવે મધ્યપંક્તિ કહું છું. ભિત્તિ તથા વર્તિકા-ભ્રમણી એક એક ભાગની કરવી અને પૂર્વમાને એટલે તલમાન બાર ભાગનું બાહ્ય-પંકિત પ્રમાણે કરવું. હવે લક્ષણાન્વિત શિખરનું સ્વરૂપ કહું છું. ૧૬૫, ૧૬૬.

**श्रीवत्सद्वयिका कार्या कोणमध्ये व्यवस्थिता ॥**
**चानुगे शृङ्गमेकं तु तदूर्ध्वे तिलकं न्यसेत् ॥१६७॥**
**भद्रे च रथिका कार्या ह्युरुद्वयसमन्विता ॥**
**प्रत्यंगश्च तथा कार्यं कर्णस्य वामदक्षिणे ॥१६८॥**
**तदूर्ध्वे मंजरी कार्या सर्वशोभासमन्विता ॥**
**रेखोर्ध्वे भागचत्वारो ज्ञातव्यास्तु सदा बुधैः ॥१६९॥**

કોણે બે શ્રીવત્સ ચઢાવવાં. પઢરે એક શૃંગ અને ઉપર તિલક ચઢાવવું. ભદ્રે બે ઉરૂશૃંગ સાથે રથિકા કરવી અને કર્ણના વામદક્ષિણ ભાગે પ્રત્યંગ ચઢાવવું તથા તેના ઉપર સર્વ શોભાયુક્ત મંજરી કરવી અને ચાર ભાગે રેખાઓ ખેંચવી. ૧૬૭, ૧૬૮, ૧૬૯.




(૧૫) સૌભાગ્ય પ્રાસાદ.
પંચદશ મેરૂ.
ઇંડક ૩૩, તિલક ૧૬.

"Aho Shrutgyanam"

**षोडशतिलकैश्चैव कूटाकारैः सुशोभनः ॥**
**अण्डकत्रयत्रिंशद्भिः सौभाग्यश्च प्रकीर्तितः ॥१७०॥**

કૂટાકાર સુંદર સોળ તિલકો તથા તેત્રીસ ઇંડકો વડે સુશોભિત આ સૌભાગ્ય નામનો મેરૂ પ્રાસાદ જાણવો. ૧૭૦.

ઇતિશ્રી સૌભાગ્ય પ્રાસાદ, તલ ભાગ ૧૨, ઇંડક ૩૩, તિલક ૧૬, પંચદશ પ્રાસાદ.

## સુન્દર પ્રાસાદ–ષોડશ મેરૂ.

**सुन्दरश्च प्रवक्ष्यामि प्रासादं शुभलक्षणम् ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे द्वाविंशपदभाजिते ॥१७१॥**

હવે શુભ લક્ષણવાળો સુંદર નામનો મેરૂ પ્રાસાદ કહું છું. ચોરસ ક્ષેત્રમાં બાવીસ ભાગ કરવા. ૧૭૧.

**भागत्रयं तु भद्रार्धं द्विभागेन विनिर्गतम् ॥**
**नंदिकाभागमेकेन निर्गमेण तथा भवेत् ॥१७२॥**
**चानुगश्च त्रिभिर्भागैर्विस्तरे निर्गमेऽपि च ॥**
**नंदिका पूर्वमानेन कर्तव्या तु सदा बुधैः ॥१७३॥**
**कोणं भागत्रयं कार्यं स्थापयेच्च चतुर्दिशम् ॥**
**एवञ्च बाह्यपंक्तिश्च ज्ञातव्या सुविचक्षणैः ॥१७४॥**

ભદ્રાર્ધ ભાગ ત્રણ અને નીકારે બે ભાગ કરવું. નંદિકા ભાગ એક, પઢરો ભાગ ત્રણ, બીજી નંદિકા ભાગ એક અને કોણ ભાગ ત્રણ સમદલ કરવો. આ પ્રમાણે ચારે દિશામાં સ્થાપના કરવી. વિચક્ષણ પુરૂષોએ ઉપર પ્રમાણે બાહ્ય પંક્તિનું સ્વરૂપ જાણવું. ૧૭૨, ૧૭૩, ૧૭૪.

**भित्तिश्च द्विपदा कार्या द्विपदा च भ्रमन्तिका ॥**
**रेखोर्ध्वं दशभिर्भागैस्तदूर्ध्वे शिखरं स्मृतम् ॥१७५॥**

ભિત્તિ ભાગ બે અને ભ્રમણી ભાગ બેની કરવી તથા રેખાનું તલમાન દશ ભાગે કરી તેના ઉપર શિખર કરવું. ૧૭૫.

**कोणमध्ये तु कर्तव्या श्रीवत्सत्रयकल्पना ॥**
**चानुगे द्वयश्शृङ्गश्च ज्ञातव्यं तिलकं तथा ॥१७६॥**

"Aho Shrutgyanam"


नंदिकाः पदिकाः सर्वास्तिलकद्वयभूषणाः ॥
भद्रे च रथिका स्थाप्या ह्युरुत्रयविभूषिता ॥१७७॥
प्रत्यंगश्च तथा स्थाप्यमुरोश्च वामदक्षिणे ॥
रेखाविस्तारमूर्ध्वे च गर्भोर्ध्वं सप्तभागिकम् ॥१७८॥

કોણે ત્રણ શ્રીવત્સ શૃંગ ચઢાવવાં. પઢરે બે શૃંગ અને એક તિલક કરવું. એક એક ભાગની બધી નંદિકાઓ બે બે તિલકો વડે સુશોભિત કરવી. ભદ્રે દોઢિયો અને ત્રણ ઉરૂશૃંગ કરવાં. ઉરૂશૃંગની વામદક્ષિણ બાજુએ પ્રત્યંગ ચઢાવવું. રેખાઓના ઉપર ભાગે વિસ્તાર ભાગ સાતનો કરવો અને તે ગભારાના ઉપરના ભાગે જાણવો. ૧૭૬, ૧૭૭, ૧૭૮.

वेददिग्पालसंख्यैश्च तिलकैः सुविभूषितः ॥
ऊनपञ्चाशदण्डैश्च प्रासादश्चैव सुन्दरः ॥१७९॥

અડતાલીસ તિલકો અને ઓગણપચાસ ઇંડકો વડે શોભાયમાન આ સુંદર નામનો મેરૂ પ્રાસાદ જાણવો. ૧૭૯.

ઇતિશ્રી સુંદર પ્રાસાદ, તલ ભાગ ૨૨, ઇંડક ૪૯, તિલક ૪૮, ષોડશ પ્રાસાદ.




(૧૬) સુંદર પ્રાસાદ.
ષોડશ મેરૂ.
ઇંડક ૪૯, તિલક ૪૮.

"Aho Shrutgyanam"

## શ્રીતિલક પ્રાસાદ–સપ્તદશ મેરૂ.

**श्रीतिलकं प्रवक्ष्यामि विपुलश्रीप्रदो मतः ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे पदविंशतिभाजिते ॥१८०॥**

હવે શ્રીતિલક નામનો મેરૂ પ્રાસાદ કહું છું કે જે વિપુલ લક્ષ્મીને આપનારો છે. ચોરસ ક્ષેત્રમાં વીસ ભાગ કરવા. ૧૮૦.

**भद्रार्धं द्विपदं कार्यं पदैकेन विनिर्गतम् ॥**
**पल्लवी पदमात्रेण निर्गमेण तथैव च ॥१८१॥**
**चानुगं द्विपदं ज्ञेयं निर्गमेण तु तत्समम् ॥**
**द्विपदं चानुगं वत्स पूर्वमानेन लाञ्छयेत् ॥१८२॥**
**कोणं भागत्रयं कार्यं स्थापयेच्च चतुर्दिशम् ॥**
**कथिता बाह्यपंक्तिश्च मध्यपंक्तिस्तु कथ्यते ॥१८३॥**

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. પલ્લવી ભાગ એક, પઢરો ભાગ બે, બીજો પઢરો ભાગ બે અને કોણ ભાગ ત્રણ સમદલ કરવો. આ પ્રમાણે ચારે દિશાઓમાં વ્યવસ્થા કરવી. આ બાહ્યપંક્તિનું પ્રમાણ કહ્યું. હવે મધ્ય પંક્તિનું પ્રમાણ કહું છું. ૧૮૧, ૧૮૨, ૧૮૩.

**भित्तिः सार्धद्विपादा च भ्रमणी हि तथा भवेत् ॥**
**तदूर्ध्वे शिखरं कार्यं सर्वशोभासमन्वितम् ॥१८४॥**

ભિત્તિ તથા ભ્રમણી બન્ને અઢી અઢી ભાગની કરવી અને ઉપરના ભાગે સર્વ શોભા યુક્ત શિખર કરવું. ૧૮૪.

**केशरी सर्वतोभद्रो नंदनश्च तृतीयकः ॥**
**क्रमत्रयेण संस्थाप्यः कोणमध्ये व्यवस्थितम् ॥१८५॥**
**तदूर्ध्वे तिलकं योज्यं कूटाकारं सुशोभनम् ॥**
**श्रीवत्सद्वयतिलकं चानुगेषु प्रदापयेत् ॥१८६॥**
**पल्लवीपदमात्रायां तिलकश्च प्रदापयेत् ॥**
**विचित्रा रथिका भद्रे ह्युरुचत्वारि कल्पयेत् ॥१८७॥**

કોણ ઉપર કેશરી, સર્વતોભદ્ર અને નંદન પ્રાસાદનાં ઇંડકો અનુક્રમે ચઢાવવાં અને ઉપર તિલક કરવું. પહેલે પઢરે બે શ્રીવત્સ અને એક તિલક તથા બીજે પઢરે



"Aho Shrutgyanam"

એક શ્રીવત્સ અને એક તિલક કરવું. એક ભાગની નંદિકાએ તિલક ચઢાવવું અને ભદ્રે વિચિત્ર રથિકા સાથે ચાર ઉરૂશૃંગો કરવાં. ૧૮૫, ૧૮૬, ૧૮૭.


**पञ्चभागप्रमाणेन रेखोर्ध्वश्चैव विस्तरेत् ॥**
**एवंविधश्च कर्तव्यं ज्ञातव्यश्च सदा बुधैः ॥१८८॥**

ઉપરના ભાગે રેખાઓ પાંચ ભાગે વિસ્તારવી. આ પ્રમાણે બુદ્ધિમાન શિલ્પીઓએ રેખામાનનું પ્રમાણ સર્વદા જાણવું. ૧૮૮.

**षड्त्रिंशत्तिलकैश्चैव कूटाकारसुवर्त्तिभिः ॥**
**ऊनपञ्चाशदधिकैः श्रीतिलकः शताण्डकैः ॥१८९॥**

કૂટાકાર અને વર્તુલાકાર છત્રીસ તિલકો તથા એકસો ઓગણપચાસ ઇંડકો વડે શોભાયમાન થયેલો આ શ્રીતિલક નામનો મેરૂ પ્રાસાદ જાણવો. ૧૮૯.

ઇતિશ્રી શ્રીતિલકપ્રાસાદ, તલ ભાગ ૨૦, ઇંડક ૧૪૯, તિલક ૩૬, સપ્તદશ પ્રાસાદ.




(૧૭) શ્રીતિલક પ્રાસાદ.
સપ્તદશ મેરૂ.
ઇંડક ૧૪૯, તિલક ૩૬.

## વિશાલ પ્રાસાદ–અષ્ટાદશ મેરૂ

**विशालश्च प्रवक्ष्यामि विशालपदमुच्यते ॥**
**चतुरस्रीकृते क्षेत्रे चाष्टाविंशतिभाजिते ॥१९०॥**

હવે વિશાલ નામનો મેરૂ પ્રાસાદ કહું છું તે શ્રવણ કર, કે જેનાથી વિશાલ પદની પ્રાપ્તિ થાય છે. ચોરસ ક્ષેત્રમાં અઠ્ઠાવીસ (૨૮) ભાગ કરવા. ૧૯૦.

**शालार्धं त्रिपदं कार्यं द्विपदेन विनिर्गतम् ॥**
**नंदिका पदमात्रेण निर्गमेण तथा भवेत् ॥१९१॥**
**चानुगं द्विपदं ज्ञेयं निर्गमे विस्तरेऽपि च ॥**
**पल्लवीभागमेकेन निर्गमे चैव तत्समा ॥१९२॥**
**चानुगं द्विपदं ज्ञेयं निर्गमेण तथैव च ॥**
**नंदिकाभागमेकेन निर्गमेण तथैव च ॥१९३॥**
**कोणे च भागचत्वारः स्थापयेत्तु चतुर्दिशम् ॥**
**बाह्यपंक्तिश्च विख्याता मध्यपंक्तिस्तु कथ्यते ॥१९४॥**

ભદ્રાર્ધ ભાગ ત્રણ અને નીકારે ભાગ બે કરવું. નંદિકા ભાગ એક, પઢરો ભાગ બે, બીજી નંદિકા ભાગ એક, બીજો પઢરો ભાગ બે, ત્રીજી નંદિકા ભાગ એક અને કોણ ભાગ ચાર; આ સર્વ અંગો સમદલ કરવાં. આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી. આ બાહ્ય પંક્તિનું માન કહ્યું. હવે મધ્ય પંક્તિનું પ્રમાણ કહું છું. ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪.

**भित्तिः सार्धद्विभागा च सार्धद्वया भ्रमन्तिका ॥**
**मध्ये प्रासादकं कार्यं दशभागविभाजिते ॥१९५॥**

ભિત્તિ અઢી ભાગ તથા ભ્રમણી અઢી ભાગની કરવી અને મધ્ય પ્રાસાદનું તલમાન દશ ભાગે કરવું. ૧૯૫.

**श्रीवत्सः केशरी चैव सर्वतोभद्रमेव च ॥**
**क्रमत्रयेण कोणे तु स्थापनीया विचक्षणैः ॥१९६॥**
**नंदिकास्तिलकारूढाः कर्तव्याः सर्वदा शुभाः ॥**
**श्रीवत्सः केशरी चैव तिलकश्चैव चानुगे ॥१९७॥**


"Aho Shrutgyanam"

**श्रीवत्सतिलकश्चापि चानुगे तु द्वयं न्यसेत् ॥**
**चानुगनंदिकानां तु ह्युर्ध्वे चैव सुमंजरी ॥१९८॥**
**प्रत्यंगास्तत्र कर्तव्या ऊर्ध्वे चैवापि मंजरी ॥**
**उरुचतुःसमायुक्तं भद्रं गवाक्षभूषणम् ॥१९९॥**

શ્રીવત્સ, કેશરી અને સર્વતોભદ્ર પ્રાસાદનાં ઇંડકો કોણે અનુક્રમે ચઢાવવાં. બધી નંદિકાઓ ઉપર તિલક કરવાં. પહેલા પઢરાએ શ્રીવત્સ અને કેશરી ઇંડકો તથા તિલક તેમજ બીજા પઢરાએ બે શ્રીવત્સ અને તિલક ચઢાવવાં. પઢરા અને નંદીઓએ કૂટાકાર મંજરીઓ કરવી તથા પ્રત્યંગો કરી તેમના ઉપર પણ મંજરી કરવી. ભદ્રે ગવાક્ષ અને ચાર ઉરૂશૃંગો કરવાં. ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯.

**रेखोर्ध्वं नवभिर्भागैः कर्तव्यं तु सदा बुधैः ॥**
**पूर्वमानेन ज्ञातव्यं स्वरूपं लक्षणान्वितम् ॥२००॥**

ઉપરના બાંધળાના મથાળે નવ ભાગે રેખાઓ ખેંચવી. શિખરનું પૂર્વમાન પ્રમાણે લક્ષણ યુક્ત સ્વરૂપ જાણી લેવું. ૨૦૦.




(૧૮) વિશાલ પ્રાસાદ.
અષ્ટાદશ મેરૂ.
ઇંડક ૧૫૭, તિલક ૪૦.

"Aho Shrutgyanam"

**चत्वारिंशत्तिलकैश्च कूटाकारैः सुशोभनैः ॥**
**सप्तपञ्चाशदधिकैर्विशालश्च शताण्डकैः ॥२०१॥**

કૂટાકાર સુશોભિત ચાલીસ તિલકો તથા એકસો સત્તાવન ઇંડકોવાળો આ વિશાલ નામનો મેરૂ પ્રાસાદ જાણવો. ૨૦૧.

ઇતિશ્રી વિશાલ પ્રાસાદ, તલ ભાગ ૨૮, ઇંડક ૧૫૭, તિલક ૪૦, અષ્ટાદશ પ્રાસાદ.

## શ્રીપર્વતકૂટ પ્રાસાદ–એકોનવિંશતિતમ મેરૂ.

**श्रीकूटश्च प्रवक्ष्यामि विप्राणां साध्यते श्रिया ॥**
**चतुरस्त्रीकृते क्षेत्रे दिवाकरविभाजिते ॥२०२॥**

હવે શ્રીપર્વતકૂટ પ્રાસાદ કહું છું. જેનાથી બ્રાહ્મણોને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. ચોરસ ક્ષેત્રમાં બાર ભાગ કરવા. ૨૦૨.

**पदद्वयं तु शालार्धं भागैकेन विनिर्गतम् ॥**
**नंदिकाभागमेकेन विस्तरे निर्गमेऽपि च ॥२०३॥**
**द्वितीया तत्समा कार्या कोणश्चैव द्विभागिकम् ॥**
**एतत्तु कथितं वत्स चतुर्दिक्षु व्यवस्थितम् ॥२०४॥**

ભદ્રાર્ધ ભાગ બે અને નીકારે ભાગ એક કરવું. નંદિકા ભાગ એક, બીજી નંદિકા ભાગ એક તથા કોણ ભાગ બે સમદલ કરવો. હે પુત્ર ! આ પ્રમાણે ચારે દિશાઓમાં માન યોજવું. ૨૦૩, ૨૦૪.

**भित्तिश्च सार्धभागेन सार्धभागा भ्रमन्तिका ॥**
**मध्ये प्रासादकं स्थाप्यं पदानां दशकल्पना ॥२०५॥**

ભિત્તિ તથા ભ્રમણી દોઢ દોઢ ભાગની કરવી અને અંદરના પ્રાસાદનું તલ દશ ભાગનું કરવું. ૨૦૫.


**कोणं भागद्वयं कार्यं सार्धभागेन चानुगम् ॥**
**शालार्धं सार्धभागेन स्थापयेद्दिग्विदिक्षु च ॥२०६॥**
**भित्तिश्च कर्णमानेन शेषं गर्भगृहं भवेत् ॥**
**तदूर्ध्वे शिखरं कार्यं सर्वशोभासमन्वितम् ॥२०७॥**

"Aho Shrutgyanam"

ઉપર કહેલા દશ ભાગમાં બે ભાગનો કોણ, દોઢ ભાગનો પઢરો અને દોઢ ભાગનું ભદ્રાર્ધ કરવું અને તે સર્વ ચારે તરફ કરવું. ભિત્તિ કર્ણના માને કરવી અને શેષ ગભારો જાણવો. તેના ઉપર સર્વ શોભાવડે અલંકૃત કરાયેલું શિખર કરવું. ૨૦૬, ૨૦૭.

**क्रमत्रयेण कोणे तु तिलकानि प्रदापयेत् ॥**
**सर्वाश्च नंदिकाः कार्यास्तिलकद्वयभूषणाः ॥२०८॥**
**तत्समा द्वितीया स्थाप्या तिलकं पूर्वमानतः ॥**
**मत्तवारणसंयुक्तं शिखरं पूर्वलक्षणम् ॥२०९॥**
**ईलिकातोरणैर्युक्तं घण्टाकलशभूषितम् ॥**
**तिलकसिंहसंपृक्तं मुनिविद्याधरैर्युतम् ॥२१०॥**

કોણે અનુક્રમે ત્રણ તિલકો સ્થાપવાં. બધી નંદિકાઓ બે બે તિલકો વડે સુશોભિત કરવી. પૂર્વલક્ષણાનુસાર મત્તવારણ, ઇલિકાતોરણ, ઘંટા, કલશાદિથી વિભૂષિત તથા સિંહ, તિલક, મુનિ અને વિદ્યાધરો સંયુક્ત શિખર કરવું. ૨૦૮, ૨૦૯, ૨૧૦.




(૧૯)શ્રીપર્વતકૂટપ્રાસાદ.
એકોનવિંશતિ પ્રાસાદ.
ઈંડક ૧, તિલક ૪૪.

"Aho Shrutgyanam"

षणत्रयेषु संस्थाप्या चतुष्की द्वादशोच्यते ॥
सांवरणश्च कर्तव्यं गजसिंहसमन्वितम् ॥२११॥
तदूर्ध्वे शिखरं स्थाप्यं स्वरूपं लक्षणान्वितम् ॥
रेखोर्ध्वे द्विपदं ज्ञेयं तदूर्ध्वे चाण्डकं शुभम् ॥२१२॥

ત્રણ ત્રણ પદની ત્રણ ચોકીઓ મળી કુલ બાર ચોકીઓવાળો મંડપ કરવો. હાથીઓ અને સિંહોથી સંયુક્ત તેના ઉપર સાંવરણ કરવું અને સ્વરૂપ લક્ષણ યુક્ત શિખર કરવું. મથાળે બે ભાગે રેખાઓ ખેંચવી અને તેના ઉપર શુભ એક ઇંડક ચઢાવવું. ૨૧૧, ૨૧૨.

ઇતિશ્રી પર્વતકૂટ પ્રાસાદ, તલ ભાગ ૧૨, ઇંડક ૧, તિલક ૪૪, એકોનવિંશતિ પ્રાસાદ.

## નંદિવર્ધન પ્રાસાદ–વિંશતિતમ મેરૂ.

श्रृणु वत्स प्रवक्ष्यामि प्रासादं नंदिवर्धनम् ॥
नन्दन्ते ह्यमराः सर्वे कृते वै नंदिवर्धने ॥२१३॥

હે વત્સ ! હવે હું નંદિવર્ધન નામનો વીસમો મેરૂ પ્રાસાદ કહું છું તે તું શ્રવણ કર. નંદિવર્ધન પ્રાસાદ કરાવવાથી સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે. ૨૧૩.

चतुरस्त्रीकृते क्षेत्रे भागद्वाविंशभाजिते ॥
शालार्धे त्रिपदं कार्यं पदैकेन विनिर्गतम् ॥२१४॥
चानुगं द्वयभागन्तु विस्तरे निर्गमेऽपि च ॥
नंदिकाभागमेकेन निर्गमेण तथा भवेत् ॥२१५॥
द्वितीयं तत्समं प्रोक्तं ज्ञातव्यं तु सदा बुधैः ॥
नंदिकाभागमेकेन निर्गमेण तथैव च ॥२१६॥
कोणं भागद्वयं कार्यं स्थापयेच्च चतुर्दिशम् ॥
भित्तिश्च भागिका ज्ञेया भागत्रयभ्रमन्तिका ॥२१७॥

ચોરસ ક્ષેત્રમાં બાવીસ ભાગ કરી ભદ્રાર્ધ ભાગ ત્રણ અને નીકારે ભાગ એક કરવું. પઢરો ભાગ બે, નંદિકા ભાગ એક, બીજો પઢરો ભાગ બે, બીજી નંદિકા ભાગ એક તથા કોણ ભાગ બે; આ સર્વ અંગો સમદલ ચારે દિશાઓમાં કરવાં. ભિત્તિ એક ભાગની તથા ભ્રમણી ત્રણ ભાગની કરવી. ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭.


"Aho Shrutgyanam"

**मध्ये प्रासादकस्थानमष्टभागन्तु कल्पयेत् ॥**
**तदूर्ध्वे शिखरं कार्यं सर्वलक्षणसंयुतम् ॥२१८॥**

મધ્ય પ્રાસાદનું તલમાન આઠ ભાગનું કરવું અને તેના ઉપર સર્વ લક્ષણ યુક્ત શિખર કરવું. ૨૧૮.

**क्रमत्रयं तु कोणे स्यात् श्रीवत्सत्रयकल्पना ॥**
**चानुगे शृङ्गयुग्मन्तु तदूर्ध्वे तिलकं न्यसेत् ॥२१९॥**
**नंदिकातिलकं युग्मं कोणस्य वामदक्षिणे ॥**
**भद्रे च रथिका कार्या ह्युरुत्रयसमन्विता ॥२२०॥**
**नंदिकातिलकं युग्ममूर्ध्वे प्रत्यंगकं न्यसेत् ॥**
**ऊर्ध्वे च मंजरी कार्या यावदूर्ध्वा च षट्पदा ॥२२१॥**


કોણ ઉપર અનુક્રમે ત્રણ શ્રીવત્સ શૃંગ ચઢાવવાં. બંને પઢરાઓએ બે બે શૃંગ અને એક એક તિલક ચઢાવવું. કોણના વામદક્ષિણ ભાગે રહેલી નંદિકાએ બે તિલકો





(૨૦) નંદિવર્ધનપ્રાસાદ.
વિંશતિ મેરૂ.
ઇંડક ૫૭, તિલક ૪૦.

"Aho Shrutgyanam"

મોગલાઈ સ્ટાઇલની છત્રી.



"Aho Shrutgyanam"


FIG. 2. PLAN.
FIG. 3. PLAN.
FIG. 3.
FIG. 1. ELEVATION.
FIG. 5. ELEVATION.

કરવાં. ભદ્રે રથિકા અને ત્રણ ઉરૂશૃંગો ચઢાવવાં અને બીજી નંદીએ બે તિલકો કરવાં તથા પ્રત્યંગ ચઢાવવું અને તેના ઉપર મંજરી કરવી. અને છ ભાગે રેખા ખેંચવી. ૨૧૯, ૨૨૦, ૨૨૧.

**चत्वारिंशत्तिलकैश्च कूटाकारैः सुवर्त्तिभिः ॥**
**सप्तपञ्चाशदण्डैस्तु प्रासादो नंदिवर्धनः ॥२२२॥**

इतिश्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे मेर्वादिविंशतिप्रासादलक्षणाधिकारे गुर्जरभाषायां दशमं रत्नं समाप्तम् ॥

કૂટાકાર અને સુવર્તુલ ચાલીસ તિલકો અને સત્તાવન ઇંડકોથી શોભાયમાન થયેલો આ નંદિવર્ધન નામનો વીસમો મેરૂ પ્રાસાદ જાણવો. ૨૨૨.

ઇતિશ્રી નંદિવર્ધન પ્રાસાદ, તલ ભાગ ૨૨, ઇંડક ૫૭, તિલક ૪૦, વિંશતિતમ પ્રાસાદ.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મુલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું મેર્વાદિવિંશતિ પ્રાસાદલક્ષણાધિકાર નામનું દશમું રત્ન સંપૂર્ણ.**



"Aho Shrutgyanam"

# एकादशं रत्नम् ।

## अथ देवमूर्तिस्वरूपलक्षणाधिकारः ।

### ३५ विधान.

**प्रासादे लिङ्गमूर्तीनां प्रमाणं शास्त्रलक्ष्यतः ।**
**मनुष्यपशुपक्ष्यादिरूपं कुर्यात्तदाकृति ॥१॥**

પ્રાસાદમાં સ્થાપવાનાં લિંગ તેમજ મૂર્તિઓનું પ્રમાણ શાસ્ત્રદૃષ્ટિથી કરવું તથા મનુષ્ય, પશુ અને પક્ષી આદિ સ્વરૂપો તેમની આકૃતિઓ પ્રમાણે કરવાં. ૧.

### શિલા પરીક્ષા

**निबिडा निर्व्रणा मृद्वी सुगंधा मधुरा शिला ॥**
**सर्वार्चालिङ्गपीठेषु श्रेष्ठा कान्तियुता च या ॥२॥**

ઝીણા પોગરની, છિદ્ર રહિત, મૃદ્વી ( કોમળ ઝીણા પોગરની ), સુગંધીવાળી, જોવામાં પ્રિય લાગે તેવી અને કાંતિયુક્ત શિલા સર્વ પ્રકારની પ્રતિમાઓ, શિવલિંગો તથા જળાધારીઓ વિગેરેના કાર્યમાં શ્રેષ્ઠ છે. ૨.

**विमलं हेमकांस्यादि चिह्नं लोहमयं हि यत् ॥**
**तथान्यद्विविधं चिह्नं प्रतिमायां भयावहम् ॥३॥**


શુદ્ધ સોનું અને કાંસુ વિગેરે ધાતુ તેમજ લોઢાનું ચિન્હ તથા બીજાં જુદા જુદા પ્રકારનાં ચિન્હો જો પ્રતિમામાં હોય તો તે ભય આપનારી જાણવી. ૩.

**भृङ्गकपोतकुमुदमाषमुद्गसितोपमा ॥**
**पाण्डुरा घृतपद्माभा सर्वार्चासु शिला शुभा ॥४॥**

ભમરો, હોલો, કમળનું પોયણું, અડદ, મગ અને સુખડના જેવા રંગવાળી; સફેદ, ઘી તથા રાતા કમળના જેવી કાંતિવાળી શિલા સર્વપ્રકારની પ્રતિમાઓમાં કલ્યાણકારી છે. ૪.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



પ્રાચીન મૂર્તિઓની મુદ્રાઓ અને હસ્તમાં પકડેલા આયુધોના થોડા નમુના.

"Aho Shrutgyanam"

## મુહૂર્ત વિધાન.

**सुदिने सुमुहूर्ते च शकुने शान्तचेष्टिते ॥**
**प्रतिमागृहकाष्ठादि कर्म कुर्यान्न चान्यथा ॥५॥**

શુભ દિવસે સારા મુહૂર્તમાં શાંત ચેષ્ટાવાળાં શકુન જોઇ પ્રતિમા ઘડવાનું, ઘર બનાવવાનું તથા કાષ્ઠ વગેરેનું કાર્ય કરવું. અશુભ સમયમાં કરવું નહિ. ૫.

## શિલા જાતિ.

**एकवर्णा घना स्निग्धा मूलाग्रादार्जवान्विता ॥**
**अजघण्टारवा या सा पुंशिलेति प्रकीर्तिता ॥६॥**

જે શિલા એક રંગી, ઝીણા પોગરની, ચિકણી, મૂળથી અગ્ર સુધી એક સરખી, બકરાના શબ્દ અને ઘંટાના અવાજ જેવા અવાજવાળી હોય તે પુરૂષશિલા કહેવાય છે. ૬.

**स्थूलमूला कृशाग्रा या कंसतालसमध्वनिः ॥**
**स्त्रीशिला कृशमूलाग्रस्थूला षंढातिनिःस्वना ॥७॥**

જે શિલા મૂળ ભાગમાં જાડી, આગળના ભાગમાં પાતળી તથા કિડતાલના જેવા અવાજવાળી હોય તે સ્ત્રીશિલા કહેવાય છે. તેમજ જે શિલા મૂળના ભાગમાં પાતળી, આગળના ભાગમાં જાડી તથા અવાજ વિનાની હોય તે નપુંસકશિલા કહેવાય છે. ૭.

**लिङ्गानि प्रतिमाश्चैव कुर्यात् पुंशिलया बुधः ॥**
**युञ्ज्यात् स्त्रीशिलया सम्यक् पीठिकाशंसिमूर्त्तयः ॥८॥**
**षण्ढोपलेन कर्तव्या ब्रह्मकूर्मशिला तथा ॥**
**प्रासादतलकुण्डादि कर्म कुर्याद्विचक्षणः ॥९॥**

બુદ્ધિમાન શિલ્પીએ શિવલિંગો તથા પ્રતિમાઓ પુંશિલાની કરવી. પીઠિકાઓ તથા સ્ત્રીજાતિની પ્રતિમાઓ સ્ત્રીશિલાની કરવી તથા બ્રહ્માની મૂર્તિ, કૂર્મશિલાઓ તેમજ પ્રાસાદોનાં તલ અને કુંડાદિ કાર્ય બુદ્ધિમાન્ શિલ્પીએ ષંઢ–નપુંસક શિલાનું કરવું. ૮, ૯.

## ઘરમાં પ્રતિમા પૂજવાનું પ્રમાણ.

**आरभ्यैकाङ्गुलादूर्ध्वं पर्यन्तैकादशाङ्गुलम् ॥**
**गृहेषु प्रतिमा पूज्या नाधिका शस्यते ततः ॥१०॥**

"Aho Shrutgyanam"

ઘરમાં એક આંગળથી ૧૧ આંગળ સુધીની પ્રતિમાઓ પૂજવી. એથી અધિક પ્રમાણુની પ્રતિમાઓ પૂજવી સારી નથી. ૧૦.

## પ્રાસાદમાં પૂજવાની પ્રતિમા તથા પ્રાસાદ વિના પૂજ્ય પ્રતિમા.

**तदूर्ध्वं नवहस्तान्तं पूजनीया सुरालये ॥**
**दशहस्तादितो याऽर्चा प्रासादेन विनाऽर्चयेत् ॥११॥**

બાર આંગળથી નવ ગજ સુધીની પ્રતિમાઓ દેવાલયમાં પૂજવી; પરંતુ દશ ગજ ઉપરની પ્રતિમાઓ પ્રાસાદ વિનાની પૂજવી. ૧૧.

## ચોકીમાં પૂજવાની મૂર્તિનું પ્રમાણુ.

**दशादिकरवृद्ध्या तु षड्विंशप्रतिमाः पृथक् ॥**
**बाणवेदकरान् यावच् चतुष्कयां पूजयेत्सुधीः ॥१२॥**

દશ ગજથી વધારી છવ્વીસ ગજ સુધીની તથા વધારેમાં વધારે પીસતાલીસ ગજ સુધીની પ્રતિમાઓ બુદ્ધિમાન્ પુરૂષે મૂર્તિ ઉપર ચતુષ્કી (ચોકી) કરી પૂજવી. ૧૨.

## શુભ મૂર્તિ.

**अष्टलोहमयी मूर्त्तिः शैलरत्नमया तथा ॥**
**श्रेष्ठवृक्षमया वापि प्रवालादिमयी शुभा ॥१३॥**

અષ્ટધાતુ, પાષાણુ, રત્ન, શ્રેષ્ઠવૃક્ષ અને પ્રવાળાં વગેરેની મૂર્તિઓ શુભ છે. ૧૩.


## ખંડિતમૂર્તિપૂજાવિચાર.

**अतीताब्दशता या स्यात् स्थापिता या महोत्तमैः ॥**
**खण्डिता स्फुटिताऽप्यर्च्या ह्यन्यथा दोषदायिका ॥१४॥**

જે પ્રતિમાને સો વર્ષ થઇ ગયાં હોય અને જે મહાન્ પુરૂષોએ સ્થાપિત કરેલી હોય તે પ્રતિમા ખંડિત અથવા તૂટેલી હોય તો પણ પૂજવી. બીજી ખંડિત પ્રતિમાનું પૂજન કરવાથી દોષકર્તા થાય છે. ૧૪.

**विषमस्थानमाश्रित्य भग्नं यथास्थितं पुरा ॥**
**तत्र स्थाने स्थिता देवा भग्नाः पूज्याः फलप्रदाः ॥१५॥**

"Aho Shrutgyanam"



શેઠ હઠીસીંગના દેરાશરના પુંડરીકજીના મુખ્ય પ્રવેશદ્વારની પડખે કરેલા ગોખલાનો દેખાવ, અમદાવાદ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

વિષમ સ્થાન (જંગલ)માં દેવાલય કરેલાં હોય તથા તેમાં દેવતાઓ સ્થાપન કરેલા હોય અને તે ખંડિત થયા હોય તો પણ તેવીજ સ્થિતિમાં પૂજન કરવાથી ફળ આપનારા થાય છે. ૧૫.

## પુનઃ સંસ્કારને યોગ્ય મૂર્તિ.

**रत्नधातुविलेपाढ्या वङ्क्या संस्कारयोग्यका ॥**
**काष्ठपाषाणजा भग्नाः संस्कारार्हा न देवताः ॥१६॥**

જે મૂર્તિ રત્ન તથા ધાતુની તથા વિલેપવાળી અને બેડોળ હોય તો તે પુનઃ સંસ્કારને યોગ્ય છે. તેમજ કાષ્ઠ અને પાષાણ નિર્મિત મૂર્તિઓ ખંડિત હોય તો તે પુનઃ સંસ્કાર ( સુધારી પૂજવા ) ને યોગ્ય થતી નથી. ૧૬.

## ભૈરવને મુખ્ય પ્રાસાદ ન કરવા વિષે.

**भैरवः शस्यते लोके प्रेत्यायतनसंस्थितः ॥**
**न मूलायतने कार्यो भैरवः सुभयंकरः ॥१७॥**

દક્ષિણ દિશામાં રહેલો ભૈરવ લોકમાં સુખકારી છે. પરંતુ મુખ્ય પ્રાસાદ કરી ભૈરવની પ્રતિષ્ઠા કરવી નહિ; કારણ કે ભૈરવ મહાભયંકર દેવતા છે. ૧૭.

## અધિકહીનાંગ મૂર્તિ નિષેધ.

**नरसिंहो वराहो वा तथाऽन्येऽपि भयंकराः ॥**
**नाधिकाङ्गा न हीनाङ्गाः कर्तव्या देवताः क्वचित् ॥१८॥**

તેવીજ રીતે નરસિંહ, વરાહ ભગવાન વિગેરે બીજા દેવો પણ ભયંકર છે તેથી તેમનાં પણ મુખ્ય દેવાલયો કરી સ્થાપન કરવા નહિ. તેમજ દેવતાઓની પ્રતિમાઓ અધિક અંગવાળી અને હીન અંગવાળી કદાપિ કરવી નહિ. ૧૮.

**प्रतिमा काष्ठलेपाश्मदन्तचित्रायसा गृहे ॥**
**मानाधिका परीवारसहिता नैव पूज्यते ॥१९॥**

જે પ્રતિમા કાષ્ઠની, લેપની, પત્થરની, દાંતની, રંગથી ચિત્રેલી અને લોહની હોય; તેમજ જે અધિક માનવાળી તથા દેવપરિવારવાળી હોય તે પ્રતિમા ઘરમાં પૂજવી નહિ. ૧૯.

રહિત

"Aho Shrutgyanam"

## વિરૂપ મૂર્તિનિષેધ.

**नर्दनं रोदनं हास्यमुन्मीलननिमीलने ॥**
**देवा यत्र प्रकुर्वन्ति तत्र विद्यान्महद्भयम् ॥२०॥**

જે પ્રતિમાની આકૃતિ ગર્જના કરતી, રડતી, મીંચેલી અથવા વિકાળ આંખોવાળી હોય તો તે મોટો ભય ઉત્પન્ન કરે. ( માટે તેવી આકૃતિની પ્રતિમા કરવી નહિ.) ૨૦.

## સન્મુખ વત્સમાં નિષિદ્ધ કાર્ય.

**वत्से नाभिमुखे कुर्याद्वासं द्वारञ्च वास्तुनः ॥**
**प्रवेशं प्रतिमादीनां गुर्वीणाञ्च विशेषतः ॥२१॥**

વત્સ સન્મુખ આવતો હોય તો વાસ્તુમાં પ્રવેશ કરવો નહિ અને દ્વાર મૂકવું નહિ તથા વિશેષ કરીને મોટી પ્રતિમાઓનો પ્રવેશ સન્મુખ વત્સ હોય ત્યારે કરવોજ નહિ. ૨૧.

## પાષાણ મૂર્તિનું શિરવિધાન.

**प्राक्पश्चाद्दक्षिणे सौम्ये स्थिता भूमौ तु या शिला ।**
**प्रतिमायाः शिरस्तस्याः कुर्यात्पश्चिमदक्षिणे ॥२२॥**

પૃથ્વીમાં શિલાના જે ભાગો પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દિશામાં રહેલા હોય તે ધ્યાનમાં રાખી તે શિલાના પશ્ચિમ અને દક્ષિણ દિશા તરફના શિલાભાગમાં પ્રતિમાનું શીર્ષ કરવું. ૨૨.

## એક તાલથી પાંચ તાલની મૂર્તિનું પ્રમાણ.

**ग्रासवक्त्रमेकभागो द्वौ पक्षी कुञ्जरास्त्रयः ।**
**किन्नराश्वाश्च चतुस्तालाः पञ्चांशाश्च सुरा वृषाः ॥२३॥**

એક ભાગનું ગ્રાહનું મુખ કરવું. બે ભાગના પક્ષી કરવા. ત્રણ તાલના હાથી કરવા. ચાર તાલના કિન્નરો અને ઘોડા કરવા તથા પાંચ તાલના દેવતાઓ તથા વૃષો ( આખલા ) કરવા. ૨૩.

## છથી સાત તાલની મૂર્તિનું પ્રમાણ.

**शूकरो वामनश्चापि षट्तालो गणनायकः ।**
**सप्तभागाः प्रकर्तव्या वृषशूकरमानवाः ॥२४॥**

"Aho Shrutgyanam"

વંરાહાવતાર, વામનાવતાર અને ગણપતિ; એ છ તાલના કરવા અને વૃષભ, શૂકર તથા મનુષ્ય સાત તાલનાં કરવાં. ૨૪.

## આઠથી દશ તાલની મૂર્તિનું પ્રમાણ.

**अष्टांशा पार्वती देवी सर्वे देवा नवांशकाः ।**
**दशतालो भवेद्रामो बली रुद्रो जिनस्तथा ॥२५॥**

પાર્વતી દેવીની પ્રતિમા આઠ તાલની કરવી અને બીજા બધા દેવતાઓ નવ તાલના કરવા. રામ, બલદેવ, રૂદ્ર અને જિન; એ દશ તાલના કરવા. ૨૫.

## અગીયારથી તેર તાલની મૂર્તિનું પ્રમાણ.

**ताला एकादश स्कंदो हनूमान्भूतचण्डिकाः ।**
**ताला द्वादश वैतालो राक्षसाश्च त्रयोदश ॥२६॥**

કાર્તિકસ્વામી, હનુમાન, ભૂત અને ચંડિકાદેવી; એ બધાં અગીયાર તાલનાં કરવાં. બાર તાલનો વૈતાલ કરવો અને રાક્ષસો તેર તાલના કરવા. ૨૬

## ચૌદથી સોળ તાલની મૂર્તિનું પ્રમાણ.

**दैत्याश्चतुर्दशांशाश्च भृगुरूपास्ततोऽधिकाः ॥**
**कलांशाः क्रूरदेवाः स्युरत ऊर्ध्वं न कारयेत् ॥२७॥**

દૈત્યો ચૌદ તાલના કરવા અને ભૃગુઋષિની પ્રતિમા પંદર તાલની કરવી તથા ક્રૂર દેવી દેવતાઓ સોળ તાલના કરવા; પરંતુ આથી ઉપરાંત મોટા કરવા નહિ. ૨૭.

## तालानुसार मूर्तिविधान.

### ગણેશની પ્રતિમાનું સ્વરૂપ.

**गणेशो मूषकारूढो धत्ते दन्तपरश्वधौ ॥**
**पङ्कजं मोदकं सृष्ट्या नागास्यो नागमण्डितः ॥२८॥**

ગણેશની મૂર્તિ ઉંદર ઉપર બેઠેલી અને ચારે હાથમાં જમણા ક્રમે દાંત, ફરશી, કમળ અને લાડુ ધારણ કરેલી, હાથીના જેવા મુખવાળી તથા સર્પના ભૂષણવાળી કરવી. ૨૮.

"Aho Shrutgyanam"

## छ ताल मूर्ति विभाग.

### ગણેશના પ્રતિમાનું માન.

मुखं तालद्वयं तस्य जठरं तत्समं भवेत् ॥
गुह्यं वेदाङ्गुलश्चोरुः सप्त जंघा च तत्समा ॥२९॥
गुणाङ्गुलं भवेज्जानुः पादः कार्यो गुणाङ्गुलः ॥
रसतालमिति प्रोक्तं सप्ततालमथोच्यते ॥३०॥

મુખ બે તાલ, મુખથી પેટ સુધી બે તાલ, જઠરથી ગુહ્યભાગ સુધી ચાર આંગળ, ગુહ્યભાગથી ઢીંચણ સુધીનો સાથળનો ભાગ સાત આંગળ, જાનુ ( ઢીંચણ ) ત્રણ આંગળ, ઢીંચણથી પગ સુધીનો જંઘાભાગ સાત આંગળ અને પગનો ભાગ ત્રણ આંગળ કરવો. આ પ્રમાણ છ તાલની ઉભી મૂર્તિનું જાણવું. હવે સપ્તતાલનું પ્રમાણ કહું છું. ૨૯, ૩૦.

### સપ્તતાલ મૂર્તિવિભાગ.

सप्ततालं प्रवक्ष्यामि केशान्तं च त्रयभागकम् ॥
वक्त्रं तालप्रमाणं स्यात् कंधरास्त्वङ्गुलत्रयाः ॥३१॥
सार्धदशाङ्गुलं वक्षो मध्यं नवभिरङ्गुलैः ॥
सार्धसप्तमेढ्रनाभी ह्युरुरष्टादशाङ्गुलैः ॥३२॥
जान्वङ्गुलत्रयं श्रेष्ठं जङ्घाष्टदशाङ्गुलैः ॥
पादोत्सेधस्त्रिमात्रश्च मनुजाः सप्ततालकैः ॥३३॥

હવે સપ્તતાલનું પ્રમાણ કહું છું. કેશાન્ત ત્રણ ભાગ, મુખ એક તાલ, ગળું ત્રણ આંગળ, છાતી સાડાદશ આંગળ, ઉદરનો ભાગ નવ આંગળ, લિંગ અને નાભિ વચ્ચેનો ભાગ સાડાસાત આંગળ, સાથળ અઢાર આંગળ, ઢીંચણ ત્રણ આંગળ, જંઘા અઢાર આંગળ અને પગ ત્રણ આંગળના કરવા. આ પ્રમાણેના સાત તાલના પ્રમાણથી મનુષ્યોની મૂર્તિઓ કરવી. ૩૧, ૩૨, ૩૩.

### અષ્ટતાલ મૂર્તિવિભાગ.

अष्टतालं प्रवक्ष्यामि देव्याश्चंड्याश्च लक्षणम् ॥
अष्टताले मुखं तालं केशान्तं त्र्यङ्गुलं स्मृतम् ॥३४॥

"Aho Shrutgyanam"

**ग्रीवा च त्र्यङ्गुला कार्या हृदयन्तु नवाङ्गुलम् ॥**
**मध्यं द्वादशमात्रञ्च नाभिमेढ्रे नवाङ्गुलैः ॥३५॥**
**उरुः स्यादेकविंशत्या जानुश्चैव गुणाङ्गुलैः ॥**
**जङ्घा तथैकविंशत्या पादमूलं गुणाङ्गुलम् ॥३६॥**

હવે આઠ તાલની મૂર્તિનું પ્રમાણ કહું છું અને તે દેવી ચંડિકાનું જાણવું. અષ્ટતાલના પ્રમાણમાં મુખ એક તાલ, કેશાન્ત ત્રણ આંગળ, કંઠ ત્રણ આંગળ, હૃદય નવ આંગળ, મધ્યભાગ (હૃદયથી નાભિ) બાર આંગળ, નાભિ અને લિંગ વચ્ચેનો ભાગ નવ આંગળ, સાથળ એકવીસ આંગળ, ઢીંચણ ત્રણ આંગળ, જંઘા (ઢીંચણથી નીચે પગની ઘુંટી સુધી) એકવીસ આંગળ અને પાદમૂલ ત્રણ આંગળનું કરવું. ૩૪, ૩૫, ૩૬.

### નવતાલ મૂર્તિ વિભાગ.

**नवतालं तु विज्ञेयं ब्रह्माद्या देवता यथा ॥**
**केशान्तश्च त्रिमात्रं तु कर्तव्यं देवरूपकम् ॥३७॥**
**यावन्मानो भवेत्तालो विभज्येच्चैव भागिकैः ॥**
**सूर्यरामदशार्काङ्घिवसुजिनयुगार्हता- ॥३८॥**
**वेदा वक्त्रं गलं हृत्कं नाभिरुदरगुह्यके ॥**
**तथोरुजानुजङ्घाश्च चरणश्च यथाक्रमम् ॥३९॥**

નવ તાલના માનની બ્રહ્માદિ દેવતાઓની મૂર્તિઓ કરવામાં આવે છે. તેનું માન નીચે પ્રમાણે જાણવું. કેશાંત ત્રણ આંગળ, મુખ બાર આંગળ, કંઠ ત્રણ આંગળ, હૃદય દશ આંગળ, નાભિ બાર આંગળ, ઉદર ચાર આંગળ, ગુહ્ય આઠ આંગળ, સાથળ ચોવીસ આંગળ, ઢીંચણ ચાર આંગળ, જંઘા ચોવીસ આંગળ અને પગ ચાર આંગળના કરવા. ૩૭, ૩૮, ૩૯.

**मुखस्यापि त्रिभागेन ललाटं नासिका हनुः ॥**
**इदं मानविभागांश्च बुधः कुर्यात्तु विस्तृतौ ॥४०॥**

મુખના ત્રણ ભાગ કરી એક એક ભાગનાં કપાળ, નાસિકા અને દાઢી કરવી. તથા મૂર્તિના વિસ્તારનું માન અને વિભાગો બુદ્ધિમાને નીચે પ્રમાણે જાણવા. ૪૦.

### વિસ્તારે મૂર્તિ વિભાગ.

**विस्तरे स्तनगर्भे तु द्वादशाङ्गुलमीरितम् ॥**
**तद्बाह्ये वेदवेदांशो कक्ष एकान्तरे ततः ॥४१॥**



"Aho Shrutgyanam"

सप्तसप्ताङ्गुलौ बाहू दैर्घ्ये तौ षोडशाङ्गुलैः ॥
करोष्ठो दशमात्रश्च विस्तरेऽग्रे गुणाङ्गुलः ॥४२॥
दैर्घ्ये सूर्याङ्गुलः पाणिर्विस्तरे पञ्चमात्रिकः ॥
मध्यं मन्वङ्गुलं व्यासे कटिः प्रोक्ता जिनाङ्गुला ॥४३॥
मूल एकादशोरुः स्याज्जङ्घा प्रान्ते युगाङ्गुला ॥
चतुर्दशाङ्गुलः पादः स्तनोर्ध्वश्च युगाङ्गुलम् ॥४४॥
कक्षास्कंधस्तदूर्ध्वश्च कर्तव्यश्चाष्टभागिकः ॥
ग्रीवा चाष्टाङ्गुला व्यासे पादः प्रोक्तः षडङ्गुलः ॥४५॥

બે સ્તનોનો વચલો ભાગ વિસ્તારમાં બાર આંગળ અને સ્તનથી બગલ સુધીની બન્ને બાજુ ચાર ચાર આંગળ કરવી તથા કાખ અને બાહુ વચ્ચે એક આંગળનું અંતર રાખવું. બન્ને હાથ સાત સાત આંગળ જાડા અને ખભાથી કોણી સુધી સોળ સોળ આંગળ લાંબા કરવા. કરોષ્ઠ (કોણીથી પહોંચા સુધીનો ભાગ) દશ આંગળ અને કાંડાનો વિસ્તાર ત્રણ આંગળ કરવો. હથેળી બાર આંગળ લાંબી અને પાંચ આંગળ પહોળી કરવી. કમર (મધ્ય ભાગ) ની પહોળાઇ ચૌદ આંગળની રાખવી અને કટિ (કેડ) ચોવીસ આંગળ પહોળી રાખવી. સાથળનું મૂળ અગિયાર આંગળ, જંઘાનો નીચેનો પગ પાસેનો ભાગ ચાર આંગળ પહોળો રાખવો તથા પગ ચૌદ આંગળ લાંબો કરવો. બાહુથી સ્તનનો ભાગ ચાર આંગળ ઉંચો રાખવો. કાખથી ખભાનો ઉપરનો ભાગ આઠ આંગળ રાખવો. કંઠ આઠ ભાગ અને પગ છ ભાગ પહોળા રાખવા. ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫.

षट्सप्तनवांशानामुद्देशोऽत्र प्रदर्शितः ॥
ज्ञेयो मानविभागस्य विस्तरः पूर्वशास्त्रतः ॥४६॥

ઉપર પ્રમાણે છ તાલ, સપ્તતાલ, અષ્ટતાલ અને નવ તાલના ઉદ્દેશ ભાગો બતાવ્યા છે. વિશેષમાં પૂર્વાચાર્યોનાં શાસ્ત્રો જોઇ માન અને ભાગોનો વિસ્તાર જાણી લેવો. ૪૬.

## મૂર્તિ વિસર્જન.

अङ्गप्रत्यङ्गभग्नां तु धीमान् मूर्तिं विसर्जयेत् ॥
नखाभरणमालास्त्रभग्नान् तान्न विसर्जयेत् ॥४७॥

બુદ્ધિશાળી પુરૂષે અંગ, પ્રત્યંગથી તૂટેલી મૂર્તિનું વિસર્જન કરી દેવું; પરંતુ તેનાં નખ, આભરણો, માલા, આયુધો વિગેરે ભગ્ન હોય તો વિસર્જન કરવાં નહિ. ૪૭.

"Aho Shrutgyanam"

## ગૃહે પૂજાનિષિદ્ધ મૂર્તિ.

**गृहे लिङ्गद्वयं नार्च्यं गणेशत्रयमेव च ॥**
**शक्तित्रयं तथा शङ्खं मत्स्यादिदशकाङ्कितम् ॥४८॥**

ઘરમાં બે શિવલિંગ, ત્રણ ગણેશની મૂર્તિઓ, ત્રણ શક્તિની મૂર્તિઓ અને મત્સ્ય (માછલું) વિગેરે દશ ચિન્હોથી અંકિત થએલો શંખ પૂજવો નહિ. ૪૮.

**द्वे चक्रे द्वारिकायास्तु शालिग्रामद्वयं तथा ॥**
**द्वौ शंखौ नार्चयेद्गेहे सूर्ययुग्मं तथैव च ॥४९॥**

દ્વારકાનાં બે ચક્રો, બે શાલિગ્રામો, બે શંખો તથા બે સૂર્યની મૂર્તિઓ ઘરમાં પૂજવી નહિ. ૪૯.

**एतेषां पूजनान्नूनमुद्वेगं प्राप्नुयाद्गृही ॥**
**तुलस्यां नार्चयेच्चण्डीं दीपं सूर्यं गणेश्वरम् ॥५०॥**

ઉપર કહેલા દેવતાઓનું ઘરમાં પૂજન કરવાથી નિશ્ચય ગૃહસ્થ ઉદ્વેગને પામે છે. તથા તુલસીના ક્યારામાં ચંડી, દીવો, સૂર્ય અને ગણેશની પૂજા કરવી નહિ. ૫૦.

## મૂર્તિ–સ્વરૂપ–લક્ષણ–આયુધ વર્ણન.

**ब्रह्मादीनाञ्च देवानां देवीनाञ्च यथाक्रमम् ॥**
**आयुधानि तथा वर्णान् वाहनं कथयाम्यथ ॥५१॥**

હવે બ્રહ્માદિ ત્રિદેવ, બીજા બધા દેવતાઓ તથા દેવીઓનાં આયુધો, વર્ણો અને વાહનોનું વર્ણન કરૂં છું. ૫૧.

### કમલાસન.

**ऋग्वेदादिप्रभेदेन कृतादियुगभेदतः ॥**
**विप्रादिवर्णभेदेन चतुर्वक्त्रश्चतुर्भुजः ॥५२॥**

ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ; એ ચાર વેદોના ભેદે કરી તેમજ સત્યયુગ, ત્રેતા, દ્વાપર અને કલિયુગ; એ ચાર યુગોના તથા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર; એ ચાર વર્ણોના ભેદે કરી બ્રહ્માની મૂર્તિ ચાર મુખ તથા ચાર હાથવાળી જાણવી. ૫૨.

"Aho Shrutgyanam"

**दक्षिणाधःकरात्सृष्ट्या जपमालां तथा स्रुचम् ॥**
**ग्रन्थं कमण्डलुं धत्ते सकूर्चः कमलासनः ॥५३॥**

નીચેના દક્ષિણ હાથથી આરંભી અનુક્રમે ચારે હાથોમાં જપમાલા, શરવો, પુસ્તક અને કમંડલુ ધારણ કરેલા, દાઢી મૂછવાળા તથા કમળના આસન ઉપર બેઠેલા કમલાસન (બ્રહ્મા) જાણવા. ૫૩.

### બ્રહ્મા.

**पुस्तकश्चाक्षसूत्रश्च स्रुचिश्चैव कमण्डलुम् ॥**
**ब्रह्मणश्च भवेन्मूर्त्तिः कृते स्यात्सुखदायिनी ॥५४॥**

પુસ્તક, રૂદ્રાક્ષની માળા, શરવો અને કમંડલુને ધારણ કરેલી બ્રહ્માની મૂર્તિ જાણવી અને તે સત્યયુગમાં સુખદાયી છે. ૫૪.

### પિતામહ.

**कमण्डलुश्चाक्षसूत्रं स्रुचिश्च पुस्तकं तथा ॥**
**पितामहस्य स्यान्मूर्त्तिस्त्रेतायां सौख्यदायिनी ॥५५॥**

કમંડલુ, અક્ષમાલા, શરવો અને પુસ્તકને ધારણ કરેલી પિતામહની મૂર્તિ જાણવી અને તે ત્રેતાયુગમાં સુખ આપનારી છે. ૫૫.

### વિરંચિ.

**अक्षसूत्रं पुस्तकञ्च स्रुचिश्चैव कमण्डलुम् ॥**
**विरञ्चेश्च भवेन्मूर्त्तिर्द्वापरे सुखदायिनी ॥५६॥**

અક્ષસૂત્ર, પુસ્તક, શરવો અને કમંડલુને ધારણ કરેલી વિરંચિની મૂર્તિ દ્વાપર યુગમાં સુખદાયી જાણવી. ૫૬.

### સાવિત્રી.

**अक्षसूत्रं पुस्तकञ्च धत्ते पद्मकमण्डलू ॥**
**चतुर्वक्त्रा तु सावित्री श्रोत्रियाणां गृहे हिता ॥५७॥**

અક્ષસૂત્ર (સ્ફટિકની માળા), પુસ્તક, કમળ તથા કમંડલુને અનુક્રમે ચારે હાથોમાં ધારણ કરેલી અને ચાર મુખવાળી સાવિત્રીની મૂર્તિ શ્રોત્રિયો (અગ્નિહોત્રીઓ) ના ઘરમાં હિતકારી છે. ૫૭.

"Aho Shrutgyanam"

## બ્રહ્માયતન.

**आग्नेयां तु गणेशस्य मातृस्थानं तु दक्षिणे ॥**
**नैऋत्ये तु सहस्राक्षं वारुण्यां जलशायिनम् ॥५८॥**
**वायव्ये पार्वतीरुद्रौ ग्रहांश्चैवोत्तरे न्यसेत् ॥**
**ईशाने कमलादेवीं प्राच्यां तु धरणीधरम् ॥५९॥**

બ્રહ્માના પ્રાસાદમાં અગ્નિકોણમાં ગણેશ, દક્ષિણ દિશામાં માતૃદેવી, નૈઋત્ય કોણમાં ઇન્દ્ર, પશ્ચિમદિશામાં જલશાયી, વાયવ્ય કોણમાં કમલાદેવી, ઉત્તરદિશામાં નવગ્રહ અને પૂર્વ દિશામાં ધરણીધરનું સ્થાપન કરવું. ૫૮, ૫૯.

## બ્રહ્માના અષ્ટ દ્વારપાલ.

**ब्रह्मणोऽष्टौ प्रतीहारान् कथयिष्याम्यनुक्रमात् ॥**
**पुरुषाकारगम्भीराः सकूर्चा मुकुटोज्ज्वलाः ॥६०॥**

બ્રહ્માના આઠ દ્વારપાલ હવે હું અનુક્રમે કહીશ. તેઓ પુરૂષાકારના, ગંભીર સ્વભાવ ધારણ કરેલા, દાઢી અને મૂછોવાળા તથા ઉજ્જલ મુકુટ ધારણ કરેલા જાણવા. ૬૦.

## પૂર્વ દિશાના દ્વારપાલ.

**पद्मस्रक्पुस्तकं दण्डः सत्यो वामेऽथ दक्षिणे ॥**
**सव्यापसव्यहस्ते च पद्मदण्डश्च धर्मकः ॥६१॥**

પૂર્વ દિશાના ડાબા ભાગમાં ડાબા જમણા હાથમાં પદ્મ, માલા, પુષ્તક અને દંડધારી સત્ય નામનો દ્વારપાલ જાણવો તથા પૂર્વ દિશાના જમણા ભાગમાં પદ્મ, દંડ, માલા અને પુસ્તકને ધારણ કરનાર ધર્મ નામનો દ્વારપાલ જાણવો. ૬૧.

## દક્ષિણ દિશાના દ્વારપાલ.

**अक्षं पद्मागमौ दण्डं करैर्धत्ते प्रियोद्भवः ॥**
**दण्डागमस्रक्फलकैर्यज्ञः स्यात्सर्वकामदः ॥६२॥**

અક્ષમાલા, પદ્મ, પુસ્તક અને દંડધારી પ્રિયોદ્ભવ નામે તથા દંડ, પુસ્તક, માલા અને ઢાલધારી સર્વ કામનાઓને આપનારો યજ્ઞ નામે દ્વારપાલ જાણવો અને તે દક્ષિણ દિશાના પ્રતીહાર છે. ૬૨.

"Aho Shrutgyanam"

## પશ્ચિમ દિશાના દ્વારપાલ.

**अक्षसूत्रगदाखेटदण्डैर्विजयनामकः ॥**
**अधोहस्तापसव्येन खेटके यज्ञभद्रकः ॥६३॥**

અક્ષસૂત્ર, ગદા, ઢાલ અને દંડધારી વિજય નામે તથા અક્ષસૂત્ર, ગદા, દંડ અને ઢાલધારી યજ્ઞભદ્ર નામે પ્રતીહાર જાણવો. આ બે પ્રતિહારો પશ્ચિમ દિશાના છે. ૬૩.

## ઉત્તર દિશાના દ્વારપાલ.

**अक्षपाशाङ्कुशदण्डैर्भवश्च सर्वकामदः ॥**
**दण्डाङ्कुशपाशपद्मैर्विभवः सर्वशान्तिदः ॥६४॥**

અક્ષસૂત્ર, પાશ, અંકુશ અને દંડધારી સર્વ કામનાઓને આપનારો ભવ નામે તથા દંડ, અંકુશ, પાશ અને પદ્મધારી સર્વ શાંતિકર વિભવ નામે દ્વારપાલ જાણવો. આ બે પ્રતીહારો ઉત્તર દિશાના છે. ૬૪.

## ઋગ્વેદનું સ્વરૂપ.

**ऋग्वेदः श्वेतवर्णः स्याद्द्विभुजो रासभाननः ॥**
**अक्षमालाम्बुपात्रश्च बिभ्रन् स्वाध्ययने रतः ॥६५॥**

સફેદ વર્ણનો, ગર્દભના મુખવાળો, બે હાથવાળો અને અક્ષમાળા તથા કમંડલુને ધારણ કરનારો તેમજ સ્વાધ્યયનમાં પ્રીતિવાળો ઋગ્વેદ જાણવો. ૬૫.

## યજુર્વેદનું સ્વરૂપ.

**अजास्यः पीतवर्णः स्याद् यजुर्वेदोऽक्षसूत्रधृक् ॥**
**वामे चाङ्कुशपाणिस्तु भूतिदो मङ्गलप्रदः ॥६६॥**

બકરાના મુખવાળો, પીળા વર્ણવાળો તથા અક્ષસૂત્ર જેણે જમણા હાથમાં અને અંકુશ વામહાથમાં ધારણ કરેલું છે એવો ઐશ્વર્ય આપનારો અને મંગલ કરનારો યજુર્વેદ જાણવો. ૬૬.

## સામવેદનું સ્વરૂપ.

**नीलोत्पलदलाभासः सामवेदो हयाननः ॥**
**अक्षमालाधृतः सव्ये वामे कंबुधरः स्मृतः ॥६७॥**

"Aho Shrutgyanam"

નીલ કમલના દલ સમાન કાંતિવાળો, ઘોડાના મુખવાળો તથા જમણા હાથમાં અક્ષમાલા અને ડાબા હાથમાં શંખધારી સામવેદ જાણવો. ૬૭.

## અથર્વણવેદનું સ્વરૂપ.

**अथर्वणाभिधो वेदो धवलो मर्कटाननः ॥**
**अक्षसूत्रश्च खट्वाङ्गं बिभ्राणो विजयश्रियै ॥६८॥**

ધોળા વર્ણવાળો, માંકડાના મુખવાળો તથા જમણા હાથમાં અક્ષસૂત્ર અને ડાબા હાથમાં ખટ્વાંગ ( ઇસ ) ધારી અથર્વણવેદ વિજય અને લક્ષ્મી આપનારો જાણવો. ૬૮.

## નૃત્યશાસ્ત્રનું સ્વરૂપ.

**नृत्यशास्त्रं सितं रम्यं मृगवक्त्रं जटाधरम् ॥**
**अक्षसूत्रं त्रिशूलश्च बिभ्राणश्च त्रिलोचनम् ॥६९॥**

મૃગના જેવા મુખવાળી, મનોહર, સુંદર ગૌરવર્ણવાળી, જટાધારી, ત્રિનેત્ર તથા જમણા હાથમાં અક્ષમાલા અને ત્રિશૂલધારિણી નૃત્યશાસ્ત્રની મૂર્તિ જાણવી. ૬૯.

## વિશ્વકર્માનું સ્વરૂપ.

**विश्वकर्मा चतुर्बाहुरक्षमालाञ्च पुस्तकम् ॥**
**कम्बां कमण्डलुं धत्ते त्रिनेत्रो हंसवाहनः ॥७०॥**

અનુક્રમે ચારે હાથમાં અક્ષમાલા, પુસ્તક, ગજ અને કમંડલુને ધારણ કરેલા, ત્રણ નેત્રવાળા તથા હંસના વાહનવાળા વિશ્વકર્મા જાણવા. ૭૦.

## ઋષિનું સ્વરૂપ.

**जटिलाः श्मश्रुलाः शान्ता आसीना ध्यानतत्पराः ॥**
**कमण्डल्वक्षसूत्राभ्यां संयुता ऋषयः स्मृताः ॥७१॥**

જટાધારી, દાઢી અને મૂછોવાળા, શાંત સ્વભાવના, બેઠેલા, ધ્યાનસ્થ તથા કમંડલુ અને અક્ષમાલાથી જેમના બન્ને હાથ યુક્ત છે એવા ઋષિઓ જાણવા. ૭૧.

"Aho Shrutgyanam"

## સૂર્યની બાર મૂર્તિઓનું વર્ણન.

### ૧ લી સુધામ્ની.

**दक्षिणे पौष्करा माला करे वामे कमण्डलुः ॥**
**पद्माभ्यां शोभितौ हस्तौ सुधाम्नी प्रथमा स्मृता ॥७२॥**

જેના નીચેના જમણા હાથમાં કમળની માળા તથા ડાબા હાથમાં કમંડલુ છે તેમજ ઉપરના બન્ને હાથ પદ્મોથી શોભાયમાન છે એવી સૂર્યની સુધામ્ની નામની પહેલી મૂર્તિ જાણવી. ૭૨.

### ૨ જી મિત્રા.

**शूलं वामकरे यस्य दक्षिणे सौम्य एव च ॥**
**मित्रनामा त्रिनयना कुशेशयविभूषिता ॥७३॥**

નીચેના ડાબા હાથમાં ત્રિશૂલ અને જમણા હાથે અભય ધારણ કરેલી, ત્રણ નેત્રવાળી તથા ઉપરના બન્ને હાથ કમળથી સુશોભિત છે એવી સૂર્યની મિત્રા નામની બીજી મૂર્તિ જાણવી. ૭૩.

### ૩ જી આર્યમણી.

**प्रथमे तु करे चक्रं तथा वामे च कौमुदी ॥**
**मूर्तिरार्यमणी ज्ञेया सपद्मौ पाणिपल्लवौ ॥७४॥**

જમણા હાથમાં ચક્ર તથા ડાબા હાથમાં ગદા અને બીજા બન્ને હાથે પદ્મથી વિભૂષિત થએલી એવી સૂર્યની આર્યમણી નામની ત્રીજી મૂર્તિ જાણવી. ૭૪.

### ૪ થી રૌદ્રી.

**चक्रं तु दक्षिणे यस्या गदा वामे प्रतिष्ठिता ॥**
**सा मूर्ती रौद्री ज्ञातव्या प्रणालपद्मभूषिता ॥७५॥**

જેના જમણા હાથમાં ચક્ર અને ડાબા હાથમાં ગદા છે તથા બન્ને હાથ કમળ-દંડથી વિભૂષિત છે તે સૂર્યની રૌદ્રી નામની ચૌથી મૂર્તિ જાણવી. ૭૫.

### ૫ મી વારૂણી.

**चक्रं तु दक्षिणे यस्या वामे पाशः सुशोभनः ॥**
**सा वारुणी भवेन्मूर्त्तिः पद्मपत्रकरद्वया ॥७६॥**

"Aho Shrutgyanam"

જેના દક્ષિણ હાથમાં ચક્ર અને વામ હાથમાં સુશોભિત પાશ છે તથા જેના બન્ને હાથ કમળરેખાથી વિભૂષિત થએલા છે તે સૂર્યની વારૂણી નામની પાંચમી મૂર્તિ જાણવી. ૭૬.

### ૬ ઠી સંમતા.

**कमण्डलुं दक्षिणतो ह्यक्षमालाञ्च वामतः ॥**
**सा भवेत्संमता सूर्यमूर्तिः पद्मविभूषिता ॥७७॥**

જમણા હાથમાં કમંડલુ અને ડાબા હાથમાં અક્ષમાલા ધારણ કરેલી તથા બન્ને હાથ પદ્મરેખાથી શોભિત છે એવી સૂર્યની સંમતા નામની છઠ્ઠી મૂર્તિ જાણવી. ૭૭.

### ૭ મી ભગમૂર્તિ.

**यस्यास्तु दक्षिणे शूलं वामहस्ते सुदर्शनम् ॥**
**भगमूर्त्तिः समाख्याता पद्महस्ता शुभाय वै ॥७८॥**

જેના જમણા હાથમાં ત્રિશૂલ અને ડાબા હાથમાં સુદર્શન ચક્ર છે તથા બન્ને હાથમાં કમલરેખા છે તે સૂર્યની ભગ નામની સાતમી મૂર્તિ જાણવી અને તે કલ્યાણ કરનારી છે. ૭૮

### ૮ મી વિશ્વમૂર્તિ.

**अथ वामकरे मालां त्रिशूलं दक्षिणे करे ॥**
**सा विश्वमूर्त्तिः सुखदा पद्मलाञ्छनलक्षिता ॥७९॥**

ડાબા હાથમાં માલા અને જમણા હાથમાં ત્રિશૂલ ધારણ કરનારી તથા પદ્મના લાંછનવાળી એટલે બન્ને હાથમાં કમળ ધારણ કરેલી સૂર્યની વિશ્વમૂર્તિ નામની આઠમી મૂર્તિ જાણવી. ૭૯.

### ૯ મી પૂષા.

**पूषाख्या च रवेर्मूर्त्तिर्द्विभुजा पद्मलाञ्छना ॥**
**सर्वपापहरा ज्ञेया सर्वलक्षणलक्षिता ॥८०॥**

સૂર્યની પૂષા નામની નવમી મૂર્તિ બે હાથવાળી અને કમળના લાંછનવાળી તેમજ સર્વ લક્ષણો સહિત સર્વ પાપોને હરણ કરનારી જાણવી. ૮૦.

### ૧૦ મી સાવિત્રી.

**दक्षिणे तु गदा यस्या वामे हस्ते सुदर्शनम् ॥**
**पद्माढ्या या तु सावित्री मूर्त्तिः सर्वार्थसाधिनी ॥८१॥**



"Aho Shrutgyanam"

જેના જમણા હાથમાં ગદા અને ડાબા હાથમાં સુદર્શન ચક્ર છે તથા બન્ને હાથ પદ્મરેખાથી સુશોભિત છે તે સૂર્યની સર્વ કાર્યને સાધનારી સાવિત્રી નામની દશમી મૂર્તિ જાણવી. ૮૧.

## ૧૧ મી ત્વાષ્ટ્રી.

स्रुचश्च दक्षिणे हस्ते वामे हेमजकीलकम् ॥
मूर्त्तिस्त्वाष्ट्री भवेत्सा च पद्मरुद्धकरद्वया ॥८२॥

જેના જમણા હાથમાં શરવો અને ડાબા હાથમાં સોનાની ખીલી છે તથા બન્ને હાથમાં પદ્મનાં ચીહ્ન છે તે સૂર્યની ત્વાષ્ટ્રી નામની અગિયારમી મૂર્તિ જાણવી. ૮૨.

## ૧૨ મી વૈષ્ણવી.

सुदर्शनकरा सव्ये पद्महस्ता तु वामतः ॥
एषा च द्वादशी मूर्त्तिर्विष्णोरमिततेजसः ॥८३॥

જેના જમણા હાથમાં સુદર્શન ચક્ર અને ડાબા હાથમાં કમળ ધારણ કરનારી એવી આ અમિત તેજસ્વી સૂર્યની વૈષ્ણવી નામની બારમી મૂર્તિ જાણવી. ૮૩.

## બાર આદિત્યનાં નામ.

धाता मित्रोऽर्यमा रुद्रो वरुणः सूर्य एव च ॥
भगो विवस्वान् पूषा च सविता त्वष्टृविष्णुकौ ॥८४॥

૧ ધાતા, ૨ મિત્ર, ૩ અર્યમા, ૪ રૂદ્ર, ૫ વરૂણ, ૬ સૂર્ય, ૭ ભગ, ૮ વિવસ્વાન, ૯ પૂષા, ૧૦ સવિતા, ૧૧ ત્વષ્ટ્રા અને ૧૨ વિષ્ણુ; આ બાર આદિત્યોનાં નામ જાણવાં. ૮૪.

## પંચદેવ પ્રતિષ્ઠા.

सूर्यैकदन्ताच्युतशक्तिरुद्रा विघ्नेशशक्तीश्वरविष्णुसूर्याः ।
श्रीनाथविघ्नेशभगाम्बिकेशाश्चण्डीशहेरम्बपतङ्गताक्ष्यार्ः ॥
श्रीकण्ठसूर्याखुरथाम्बिकाजाः प्रदक्षिणं मध्यविदीक्ष्य पूज्याः ।
स्वस्थानगाः सर्वमनोरथास्ते यच्छन्ति विघ्नानि परत्र संस्थाः ॥८५॥

સૂર્ય પંચાયતન, ગણેશ પંચાયતન, વિષ્ણુ પંચાયતન, શક્તિ પંચાયતન અને રૂદ્ર પંચાયતનમાં નીચે પ્રમાણે યથાવિધિ પંચદેવોની પ્રતિષ્ઠા કરવી. **સૂર્ય**

"Aho Shrutgyanam"

**પંચાયતનમાં** સૂર્ય, ગણેશ, વિષ્ણુ, શક્તિ અને રૂદ્ર; **ગણેશ પંચાયતનમાં** ગણેશ, શક્તિ, રૂદ્ર, વિષ્ણુ અને સૂર્ય; **વિષ્ણુ પંચાયતનમાં** વિષ્ણુ, ગણેશ, સૂર્ય, શક્તિ અને રૂદ્ર; **શક્તિ પંચાયતનમાં** શક્તિ, રૂદ્ર, ગણેશ, સૂર્ય અને વિષ્ણુ તથા **રૂદ્ર પંચાયતનમાં** રૂદ્ર, સૂર્ય, ગણેશ, શક્તિ અને વિષ્ણુ; આ પંચદેવ ઉપર પ્રમાણે જેનું દેવાલય હોય તેને મધ્યમાં સ્થાપી પ્રદક્ષિણ વિધિથી પૂજવા. આ પંચદેવો પોતપોતાના સ્થાનમાં રહી સર્વ મનોરથોને પૂરનારા છે પરંતુ વિપરીત સ્થાન થવાથી તેઓ વિઘ્નકર્તા થાય છે. ૮૫.

## પંચદેવનાં નામ.

**सूर्यो विनायको विष्णुश्चण्डी शम्भुस्तथैव च ॥**
**अनुक्रमेण पूज्यास्ते फलदास्स्युः सदार्चने ॥८६॥**

સૂર્ય, ગણેશ, વિષ્ણુ, ચંડી અને શંભુ; આ પંચદેવ ઉપર કહેલા અનુક્રમે પૂજવા. તે સર્વદા ફલ આપનારા થાય છે. ૮૬.

## સૂર્યાયતનમાં બીજા ગ્રહોનાં સ્થાન.

**आग्नेयां तु कुजः स्थाप्यो गुरुर्याम्ये प्रतिष्ठितः ॥**
**नैऋत्ये राहुसंस्थानं शुक्रस्थानश्च पश्चिमे ॥८७॥**
**वायव्ये केतुसंस्थानं सौम्यायां बुध एव च ॥**
**ईशाने च शनिः स्थाप्यः प्राच्यां स्थाप्यश्च चन्द्रमाः ॥८८॥**

સૂર્યાયતનમાં મધ્યમાં સૂર્ય, અગ્નિકોણમાં મંગળ, દક્ષિણ દિશામાં ગુરૂ, નૈરૃત્ય કોણમાં રાહુ, પશ્ચિમ દિશામાં શુક્ર, વાયવ્ય કોણમાં કેતુ, ઉત્તર દિશામાં બુધ, ઇશાન કોણમાં શનિ અને પૂર્વ દિશામાં ચંદ્રમા સ્થાપવા. ૮૭, ૮૮.


## સૂર્યના અષ્ટ દ્વારપાલનાં નામ અને સ્વરૂપ.

**दण्डी च पिङ्गलश्चैव आनन्दश्चान्तकस्तथा ॥**
**चित्रो विचित्रो ज्ञातव्यः किरणाक्षः सुलोचनः ॥८९॥**
**सर्वे च पुरुषाकाराः कर्तव्याः शान्तिमिच्छता ॥**
**चतुर्द्वारेषु च स्थाप्या दिशाश्चैव प्रदक्षिणाः ॥९०॥**

દંડી, પિંગલ, આનંદ, અન્તક, ચિત્ર, વિચિત્ર, કિરણાક્ષ અને સુલોચન; આ આઠ સૂર્યના પ્રતીહારો (દ્વારપાલો)નાં નામ છે. સુખ શાન્તિની વાંચ્છના રાખતા પુરૂષે તે સર્વ પુરૂષાકારના કરવા અને દિશાઓના પ્રદક્ષિણ ક્રમથી ચારે દ્વારોમાં સ્થાપવા. ૮૯, ૯૦.


"Aho Shrutgyanam"

## પ્રાચીન દેવાલયમાં કોતરેલી મૂર્તિઓના નમુના.



સૂર્ય પ્રાસાદના મંડોવરમાં કરેલી
સૂર્યની મૂર્તિ, મુંઢેરા. (ગુજરાત).










"Aho Shrutgyanam"

## પ્રાચીન પ્રાસાદોના મંડોવરમાં કરેલી મૂર્તિઓ.









"Aho Shrutgyanam"

### પૂર્વ દિશાના.

**तर्जनी किरणं ताम्रचूडदण्डायुधे तथा ॥**
**वामभागे स्थितो दण्डी पिङ्गलश्च ततः शृणु ॥९१॥**

તર્જની, કિરણ, તામ્રચૂડ ( કુકડો ) અને દંડ ધારણ કરેલો તથા પૂર્વ દિશાના વામ ભાગમાં રહેલો દંડી નામનો દ્વારપાલ જાણવો. હવે પિંગલ નામનો દ્વારપાલ કહું છું તે સાંભળો. ૯૧.

**शक्तिश्च किरणस्थाने किरणं ताम्रचूडके ॥**
**तर्जनीदण्डयुक्तश्च पिङ्गलः पूर्वदक्षिणे ॥९२॥**

કિરણના સ્થાનમાં શક્તિ, તામ્રચૂડના સ્થાનમાં કિરણ તથા તર્જની અને દંડ પૂર્વવત્ ધારણ કરનારો પિંગલ નામનો અગ્નિકોણ તરફનો પૂર્વ દિશાનો દ્વારપાલ જાણવો. ૯૨.

### દક્ષિણ દિશાના.

**द्वितर्जन्यौ वज्रदण्डौ बिभ्रच्चानन्दकः स्मृतः ॥**
**व्यत्यये तर्जनीदण्डे स भवेदन्तकः शुभः ॥९३॥**

બે તર્જની, વજ્ર, અને દંડધારી આનંદ તથા તર્જની અને દંડને ડાબા જમણા કરવાથી અન્તક નામનો દ્વારપાલ જાણવો. આ બે દક્ષિણ દિશાના છે. ૯૩.

### પશ્ચિમ દિશાના.

**द्वे तर्जन्यौ पद्मदण्डौ धत्ते चित्रश्च पश्चिमे ॥**
**व्यत्यये तर्जनीदण्डे विचित्रो नाम नामतः ॥९४॥**

બે તર્જની, પદ્મ અને દંડધારી ચિત્ર તથા તર્જની અને દંડને ડાબાજમણા કરવાથી વિચિત્ર; આ બે પશ્ચિમ દિશાના દ્વારપાલ જાણવા. ૯૪.

### ઉત્તર દિશાના.

**तर्जन्यौ किरणं दण्डं किरणाक्षश्च धारयन् ॥**
**व्यत्यये तर्जनीदण्डे प्रतीहारः सुलोचनः ॥९५॥**

બે તર્જની, કિરણ અને દંડને ધારણ કરનારો કિરણાક્ષ તથા તર્જની અને દંડને ડાબાજમણી ધારણ કરનારો સુલોચન; આ બે ઉત્તર દિશાના પ્રતીહાર જાણવા. ૯૫.

"Aho Shrutgyanam"

## નવગ્રહ મૂર્તિનું સ્વરૂપ લક્ષણ.

### આદિત્યનું સ્વરૂપ.

**सर्वलक्षणसंयुक्तं सर्वाभरणभूषितम् ॥**
**द्विभुजश्चैकवक्त्रश्च श्वेतपङ्कजधृत्करम् ॥९६॥**
**वर्तुलं तेजसां बिम्बं मध्यस्थं रक्तवाससम् ॥**
**सप्तमुखहयैर्युक्तं रथे सारथिना युतम् ॥**
**आदित्यस्य त्विदं रूपं कुर्यात् पापप्रणाशनम् ॥९७॥**

સર્વ લક્ષણોથી યુક્ત, સર્વ પ્રકારના આભરણોથી અલંકૃત, બે હાથવાળી, એક મુખવાળી, શ્વેત કમળ ધારણ કરનારી તથા તેજના ગોળાકાર બિંબમંડલના મધ્ય-ભાગમાં રહેલી અને રાતાં કપડાંવાળી તથા સપ્તમુખી અશ્વયુક્ત રથારૂઢ થયેલી આદિત્યની મૂર્તિ કરવી અને તે સર્વ પાપોનો નાશ કરનારી જાણવી. ૯૬, ૯૭.

### ગ્રહોના વર્ણ.

**श्वेतः सोमः कुजो रक्तो बुधः सितो गुरुस्तथा ॥**
**शुक्रः श्वेतः शनी राहुः कृष्णो धूम्रास्तु केतवः ॥९८॥**

ચંદ્ર શ્વેત, મંગળ રાતો, બુધ અને ગુરૂ શ્વેત, શુક્ર શ્વેત, શનિ અને રાહુ શ્યામ તથા કેતુ ધૂમ્ર વર્ણનો જાણવો. ૯૮.

### ચંદ્ર.

**चंद्रश्चैव विधातव्यः श्वेतः श्वेताम्बरावृतः ॥**
**दशश्वेताश्वसंयुक्त आरूढः स्यंदने शुभे ॥९९॥**
**द्विभुजो दक्षिणे पाणौ गदां बिभ्रन्पृथूदरः ॥**
**वामस्तु वरदो हस्तः शशाङ्कस्य निरूप्यते ॥१००॥**

શ્વેત વર્ણવાળો, શ્વેત વસ્ત્રને ધારણ કરનારો, શ્વેત દશ ઘોડાના શુભ રથમાં બેઠેલો, બે ભુજાવાળો, જમણા હાથમાં ગદાધારી અને વામહસ્ત વરદયુક્ત એવો ચંદ્રમા જાણવો. ગ્રન્થાન્તરે હરણનું વાહન કહેલું છે. ૯૯, ૧૦૦.

### મંગલ.

**चतुर्भुजो मेषारूढश्चाङ्गारसदृशाकृतिः ॥**
**दक्षिणे वरदः शक्तिर्वामे शूलगदे कुजः ॥१०१॥**

"Aho Shrutgyanam"

મંગળ ચાર ભુજાવાળો, ઘેટા ઉપર બેઠેલો અને અંગારા જેવી રાતી આકૃતિવાળો કરવો. જમણા નીચલા હાથમાં વરદ અને ઉપરના હાથમાં શક્તિ તથા ડાબા બન્ને હાથમાં અનુક્રમે શૂલ અને ગદા આપવી. ૧૦૧.

### બુધ.

**सिंहारूढो बुधो ज्ञेयः कर्णिकारसमप्रभः ॥**
**पीतशाल्यम्बरधरः स्वर्णभूषाविभूषितः ॥१०२॥**
**वरदखड्गसंयुक्तः खेटकेन समन्वितः ॥**
**गदया च समायुक्तो बिभ्राणो दोश्चतुष्टये ॥१०३॥**

સિંહ ઉપર બેઠેલો, કરેણના પુષ્પ જેવી કાંતિવાળો, પીળી થઇ ગયેલી ડાંગેરના જેવાં પીત વસ્ત્રોને ધારણ કરનારો, સોનાના અલંકારોથી શણગારેલો તથા ચારે હાથમાં વરદ, તરવાર, ઢાલ અને ગદાને ધારણ કરનારો બુધ જાણવો. ૧૦૨, ૧૦૩.

### ગુરૂ.

**बृहस्पतिर्गजारूढः पीतवर्णश्चतुर्भुजः ॥**
**वरदश्चाक्षसूत्रश्च बिभ्रन् दण्डकमण्डलू ॥१०४॥**

હાથી ઉપર બેઠેલો, પીતવર્ણવાળો, ચાર ભુજાવાળો તથા વરદ, અક્ષમાલા, દંડ અને કમંડલુને ધારણ કરનારો બૃહસ્પતિ જાણવો. ગ્રંથાન્તરોમાં ગુરૂનું વાહન હંસ પણ માનેલું છે. ૧૦૪.

### શુક્ર.

**शुक्रस्तु श्वेतवर्णश्च हयारूढश्चतुर्भुजः ॥**
**अक्षसूत्रश्च दण्डश्च धत्ते पाशकमण्डलू ॥१०५॥**

શ્વેત વર્ણવાળો, અશ્વ ઉપર બેઠેલો, ચાર ભુજાવાળો તથા અક્ષમાલા, દંડ, પાશ અને કમંડલુને ધારણ કરેલો શુક્ર જાણવો. ૧૦૫.

### શનિ.

**शौरिश्चतुर्भुजो नीलो ज्ञेयो महिषवाहनः ॥**
**वरदबाणसंयुक्तश्चापजलधरो भवेत् ॥१०६॥**

ચાર હાથવાળો, શ્યામ રંગનો, પાડાના વાહનવાળો તથા વરદ, બાણ, ધનુષ્ય અને કલશને ધારણ કરનારો શનિ જાણવો. ૧૦૫.

"Aho Shrutgyanam"

રાહુ.

**सिंहासनगतो राहुर्विकालवदनोऽसितः ॥**

કેતુ.

**सर्पपुच्छाकृतिर्धूम्रो वरगदान्विताः कराः ॥१०७॥**

સિંહાસન ઉપર બેઠેલો, કેવળ ભયંકર મુખની આકૃતિવાળો તથા શ્યામરંગનો રાહુ જાણવો. તેમજ વગર માથાનો, કેડથી સર્પના પૂછડા જેવી આકૃતિવાળો, ધૂમાડાના જેવા વર્ણનો અને જેના હાથો વરદ અને ગદાથી સંયુક્ત છે એવો કેતુ જાણવો. ૧૦૭.

ગ્રહ સ્વરૂપ.

**ग्रहाः किरीटिनः कार्या नवतालप्रमाणकाः ॥**
**रक्तकुंडलकेयूरहाराभरणभूषिताः ॥१०८॥**

ગ્રહો મુકુટધારી, નવતાલના પ્રમાણવાળા, રાતાં કુંડલો, બાજુબંધો અને હારોના આભૂષણોવડે શણગારેલા કરવા ૧૦૮.

## અષ્ટ દિગ્પાલ.

ઇન્દ્ર.

**वरं वज्राङ्कुशौ चैव कुंडिं धत्ते करैस्तु यः ॥**
**गजारूढः सहस्राक्ष इन्द्रः पूर्वदिशाधिपः ॥१०९॥**

વર, વજ્ર, અંકુશ અને અમૃતની કુંડી ( કલશ ) ને પ્રદક્ષિણ ક્રમથી ચારે હાથમાં ધારણ કરનારા, હાથીના વાહનવાળા તથા હજાર નેત્રવાળા પૂર્વદિશાના અધિપતિ ઇન્દ્રદેવ જાણવા. ૧૦૯.

અગ્નિ.

**वरदः शक्तिहस्तश्च समृणालकमंडलुः ॥**
**ज्वालापुञ्जनिभो देवो मेषारूढो हुताशनः ॥११०॥**

વરદ, શક્તિ, કમળદંડ અને કમંડલુધારી, જ્વાલાના સમૂહ જેવી કાન્તિવાળા અને ઘેટા ઉપર બેઠેલા અગ્નિકોણના અધિપતિ અગ્નિદેવ જાણવા. ૧૧૦.



"Aho Shrutgyanam"

### યમ.

**लेखनीं पुस्तकं धत्ते कुक्कुटं दंडमेव च ॥**
**महामहिषमारूढो यमः कृष्णाङ्ग ईरितः ॥१११॥**

લેખણુ, પુસ્તક, કૂકડો તથા દંડધારી, મોટા પાડા ઉપર બેઠેલા અને કાળા શરીરવાળા દક્ષિણુ દિશાના અધિપતિ યમદેવ જાણુવા. ૧૧૧.

### નૈઋતિ.

**खड्गश्च खेटकं हस्तैः कर्तिकां वैरिमस्तकम् ॥**
**दंष्ट्री करालवदनः श्वानारूढश्च राक्षसः ॥११२॥**

તરવાર, ઢાલ, કરવત અને શત્રુના મસ્તકને ધારણુ કરનારા, મોટી દાઢીવાળા, ભયંકર મુખવાળા તથા કુતરાના વાહનવાળા નૈરૃત્ય કોણુના અધિપતિ રાક્ષસ જાણુવા. ૧૧૨.

### વરૂણુ.

**वरं पाशोत्पले कुण्डीं हस्तैर्बिभ्रत्क्रमाच्च यः ॥**
**नक्रारूढः स कर्तव्यो वरुणः पश्चिमाश्रितः ॥११३॥**

વરદ, પાશ, કમળ તથા અમૃતકુંડીને ધારણુ કરનારા તથા મગર ઉપર બેઠેલા પશ્ચિમ દિશાના અધિપતિ વરૂણુદેવ જાણુવા. ૧૧૩.

### વાયુ.

**वरं ध्वजां पताकाश्च कमंडलुं करैर्दधत् ॥**
**मृगारूढो हरिद्वर्णः पवनो वायुदिग्पतिः ॥११४॥**

વરદ, ધ્વજા, પતાકા અને કમંડલુધારી, હરિણુ ઉપર આરૂઢ થએલા તથા લીલા વર્ણુના વાયુકોણુના અધિપતિ પવનદેવ જાણુવા. ૧૧૪.

### કુબેર.

**बिभर्ति यो गदाकुम्भबीजानि च कमंडलुम् ॥**
**हस्तेषु धनदो ज्ञेयः सौम्यायां गजवाहनः ॥११५॥**

ક્રમે હાથમાં ગદા, નિધિકુંભ, બીજોરૂં અને કમંડલુને ધારણુ કરનારા તથા હાથી ઉપર બેઠેલા ઉત્તર દિશાના અધિપતિ કુબેર જાણુવા. ૧૧૫.

"Aho Shrutgyanam"

## ઇશાનદેવ ( શંકર ).

**वरं तथा त्रिशूलञ्च नागेन्द्रं बीजपूरकम् ॥**
**बिभ्राणो वृषमारूढ ईशानो धवलद्युतिः ॥११६॥**

વર, ત્રિશૂલ, નાગેન્દ્ર ( સર્પરાજ ) અને બીજોરાને ધારણ કરનારા, નંદી ઉપર બેઠેલા તથા શ્વેત કાંતિવાળા ઇશાન કોણના અધિપતિ ઇશાનદેવ જાણવા. ૧૧૬.

## વિષ્ણુની ચાર મૂર્તિ.

### યુગભેદે મૂર્તિ પ્રમાણ.

**वासुदेवः संकर्षणः प्रद्युम्नश्चानिरुद्धकः ॥**
**श्वेतो रक्तः पीतः कृष्णः क्रमात्कृतयुगादिषु ॥११७॥**

કૃતાદિ ચાર યુગમાં અનુક્રમે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધની મૂર્તિ રંગે શ્વેત, રક્ત, પીત અને કૃષ્ણ જાણવી. ૧૧૭.

### દ્વિજાતિ પૂજ્યા મૂર્તિ.

**पूज्या द्विजातिभिश्चैते छत्राभं कुक्कुटाण्डवत् ॥**
**त्रपुषाभञ्च बालेन्दूपमं कुर्यात् शिरः क्रमात् ॥११८॥**

ઉપર કહેલી મૂર્તિઓ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ પૂજવી અને ક્રમથી એ મૂર્તિઓનું મસ્તક છત્ર જેવું, કૂકડાના ઇંડાના જેવું, કલઇના જેવું તેમજ બાલચંદ્રના જેવું કરવું. ૧૧૮.

### વિપ્રપૂજ્યા મૂર્તિ.

**नारायणश्च केशवो माधवो मधुसूदनः ॥**
**पूजिता मूर्त्तयो ह्येता विप्राणां सौख्यदायिकाः ॥११९॥**

નારાયણ, કેશવ, માધવ અને મધુસૂદન; એમની મૂર્તિઓનું પૂજન બ્રાહ્મણોને સુખદાયક છે. ૧૧૯.

### ક્ષાત્રિયપૂજ્યા તથા વૈશ્યપૂજ્યા મૂર્તિ.

**मधुसूदनविष्णू च क्षत्रियाणां फलप्रदौ ॥**
**त्रिविक्रमो वामनश्च वैश्यानामर्चने शुभौ ॥१२०॥**

"Aho Shrutgyanam"

ક્ષત્રિયોને માટે મધુસૂદન અને વિષ્ણુની મૂર્તિ ફલ આપનારી છે તથા વૈશ્યને માટે ત્રિવિક્રમ અને વામનની મૂર્તિ પૂજામાં શુભ છે. ૧૨૦.

### શૂદ્રપૂજ્યા મૂર્તિ.

**पूजिता श्रीधरी मूर्त्तिः शूद्राणाञ्च सुखावहा ॥**
**चतुर्वर्णैः सदा पूज्या मूर्तयश्च शुभप्रदाः ॥१२१॥**

શૂદ્રોને માટે શ્રીધર ( લક્ષ્મીનારાયણ ) ની મૂર્તિ પૂજવી સુખકારી છે. ઉપર પ્રમાણે ચારે વર્ણોએ મૂર્તિઓ સદા પૂજવી તે કલ્યાણ કરનારી છે. . ૧૨૧.

### ચર્મકારાદિને પૂજ્યા મૂર્તિ.

**चर्मकृद्रजकानाञ्च नटस्य वरटस्य च ॥**
**मेदभिल्लकिरातानां हृषीकेशः सुखावहः ॥१२२॥**

મોચી, ધોબી, નટ, રંગરેજ, ષંઢ, ભીલ અને કિરાત વિગેરે જાતિઓને માટે હૃષીકેશની મૂર્તિ પૂજવી સુખાવહ છે. ૧૨૨.

### કુંભારાદિને તથા બ્રહ્મચારી આદિને પૂજ્યા મૂર્તિ.

**कुम्भकारवणिग्वेश्याचक्रिकध्वजिनामपि ॥**
**सर्वेषां प्रकृतीनाञ्च पद्मनाभः सुखावहः ॥**
**दामोदरः सौख्यदः स्याद् ब्रह्मचार्यैकदंडिनाम् ॥१२३॥**

કુંભાર, વેપારી, વેશ્યા, ઘાંચી, કલાલ તથા સર્વ સામાન્ય પ્રજાને માટે પદ્મનાભની મૂર્તિ પૂજવી સુખકર્તા છે. બ્રહ્મચારીઓ તથા એકદંડી સંન્યાસીઓને માટે દામોદરની મૂર્તિ પૂજવી સુખદ છે. ૧૨૩.

### સર્વવર્ણ પૂજ્યા મૂર્તિ.

**हरिहरस्वर्णगर्भा नरसिंहोऽथ वामनः ॥**
**वाराहः सर्ववर्णेषु सौख्यदा हितकारकाः ॥१२४॥**

હરિ, હર, હિરણ્યગર્ભ, નરસિંહ, વામન અને વારાહ; એમની મૂર્તિઓ સર્વે વર્ણોને સુખ તથા કલ્યાણકર્તા છે. ૧૨૪.

"Aho Shrutgyanam"

## વિષ્ણુની ચતુર્વિંશ મૂર્તિ સ્વરૂપ લક્ષણ.

### ૧ વાસુદેવ, ૨ કેશવ.

**वासुदेवो गदाशंखचक्रपद्मविभूषितः ॥**
**केशवः कमलं धत्ते कम्बुं चक्रं गदामपि ॥१२५॥**

ગદા, શંખ, ચક્ર અને પદ્મથી વિભૂષિત થયેલા વાસુદેવ તથા કમળ, શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનારા કેશવ જાણવા. ૧૨૫.

### ૩ નારાયણ, ૪ માધવ.

**नारायणः कम्बुपद्मगदाचक्रधरो भवेत् ॥**
**माधवस्तु गदां चक्रं शंखं वहति पङ्कजम् ॥१२६॥**

શંખ, પદ્મ, ગદા અને ચક્રધારી નારાયણ તથા ગદા, ચક્ર, શંખ અને પદ્મધારી માધવ જાણવા. ૧૨૬.

### ૫ પુરૂષોત્તમ, ૬ અધોક્ષજ.

**पुरुषोत्तमस्तु चक्रपद्मशंखगदाधरः ॥**
**अधोक्षजः सरसिजगदाशंखसुदर्शनः ॥१२७॥**

ચક્ર, પદ્મ, શંખ અને ગદાધારી પુરૂષોત્તમ તથા પદ્મ, ગદા, શંખ અને સુદર્શન ચક્રધારી અધોક્ષજ જાણવા. ૧૨૭.

### ૭ સંકર્ષણ, ૮ ગોવિંદ.

**संकर्षणो गदाकम्बुसरसीरुहचक्रभृत् ॥**
**गोविंदो धरते चक्रं गदां पद्मं च कम्बुकम् ॥१२८॥**

ગદા, શંખ, પદ્મ અને ચક્રધારી સંકર્ષણ તથા ચક્ર, ગદા, પદ્મ અને શંખધારી ગોવિંદ જાણવા. ૧૨૮.


### ૯ વિષ્ણુ, ૧૦ મધુસૂદન.

**विष्णुः कौमोदकीं पद्मं पाञ्चजन्यं सुदर्शनम् ॥**
**मधुसूदनकश्चक्रं शंखं सरसिजं गदाम् ॥१२९॥**

કૌમોદકી ગદા, પદ્મ, પાંચજન્ય શંખ અને સુદર્શન ચક્રધારી વિષ્ણુ તથા ચક્ર, શંખ, પદ્મ અને ગદાધારી મધુસૂદન જાણવા. ૧૨૯.

"Aho Shrutgyanam"

## ( ૯ ) ભાગની નારાયણની મૂર્તિ.




"Aho Shrutgyanam"

શ્રીરાણકપુર (મારવાડ) ના સૂર્ય પ્રાસાદમાં સ્થાપિત સૂર્ય તથા સૂર્યાણીની પ્રતિમાઓ.




શ્રીસૂર્યદેવની મૂર્તિ.



શ્રીસૂર્યાણીની મૂર્તિ.

"Aho Shrutgyanam"



૧૪ મી ત્રિવિક્રમ વિષ્ણુની પ્રાચીન મૂર્તિ.

"Aho Shrutgyanam"

## ૧૧ અચ્યુત, ૧૨ ઉપેન્દ્ર.

**अच्युतस्तु गदापद्मशंखचक्रसमन्वितः ॥**
**उपेन्द्रो वहते शंखं गदां चक्रं कुशेशयम् ॥१३०॥**

ગદા, પદ્મ, શંખ અને ચક્રવાળા અચ્યુત તથા શંખ, ગદા, ચક્ર અને પદ્મને ધારણ કરનારા ઉપેન્દ્ર જાણવા. ૧૩૦.

## ૧૩ પ્રદ્યુમ્ન, ૧૪ ત્રિવિક્રમ.

**प्रद्युम्नश्च चक्रशंखगदाम्भोजानि पाणिभिः ॥**
**त्रिविक्रमः पद्मगदाचक्रशंखान् बिभर्ति यः ॥१३१॥**

ચક્ર, શંખ,ગદા અને પદ્મધારી પ્રદ્યુમ્ન તથા પદ્મ, ગદા, ચક્ર અને શંખ ધારણ કરનાર ત્રિવિક્રમ જાણવા. ૧૩૧.

## ૧૫ વામન, ૧૬ શ્રીધર.

**वामनस्तु शंखचक्रगदापद्मलसत्करः ॥**
**श्रीधरो वारिजं चक्रं गदां शंखं दधाति यः ॥१३२॥**

શંખ, ચક્ર, ગદા અને પદ્મવડે શોભિત હસ્તવાળા વામન તથા પદ્મ, ચક્ર, ગદા અને શંખને ધારણ કરનારા શ્રીધર ( લક્ષ્મીનારાયણ ) જાણવા. ૧૩૨.

## ૧૭ નરસિંહ, ૧૮ જનાર્દન.

**नरसिंहश्चक्रपद्मगदाकम्बुविराजितः ॥**
**जनार्दनोऽम्बुजं चक्रं कम्बुं कौमोदकीं दधत् ॥१३३॥**

ચક્ર, પદ્મ, ગદા અને શંખથી વિરાજિત નરસિંહ તથા પદ્મ, ચક્ર, શંખ અને કૌમોદકી ગદાધારી જનાર્દન જાણવા. ૧૩૩.

## ૧૯ અનિરૂદ્ધ, ૨૦ હૃષીકેશ, ૨૧ પદ્મનાભ.

**अनिरुद्धो लसच्चक्रगदाशंखारविन्दवान् ॥**
**हृषीकेशो गदां चक्रं पद्मं शंखश्च धारयन् ॥**
**पद्मनाभः पाञ्चजन्यं पद्मं चक्रं गदामपि ॥१३४॥**

"Aho Shrutgyanam"

ચક્ર, ગદા, શંખ અને કમળવડે શોભાયમાન હસ્તવાળા અનિરૂદ્ધ; ગદા, ચક્ર, પદ્મ અને શંખને ધારણ કરનારા હૃષીકેશ તથા પાંચજન્ય શંખ, પદ્મ, ચક્ર અને ગદાધારી પદ્મનાભ જાણવા. ૧૩૪.

## ૨૨ દામોદર, ૨૩ હરિ.

**दामोदरोऽम्बुजं शंखं गदां धत्ते सुदर्शनम् ॥**
**हरिर्धारयते कम्बुं चक्रं तामरसं गदाम् ॥१३५॥**

પદ્મ, શંખ, ગદા અને સુદર્શન ચક્રને ધારણ કરનારા દામોદર તથા શંખ,ચક્ર, પદ્મ અને ગદાધારી હરિ જાણવા. ૧૩૫.

## ૨૪ કૃષ્ણ.

**कृष्णः करैः पाञ्चजन्यं गदां पद्मं सुदर्शनम् ॥**
**धत्ते सर्वगुणोपेतः स चैव पुरुषोत्तमः ॥१३६॥**

પાંચજન્ય શંખ, ગદા, પદ્મ અને સુદર્શન ચક્રધારી, સર્વકલા સંપન્ન કૃષ્ણ જાણવા અને તે પુરૂષોત્તમ પણ કહેવાય છે. ૧૩૬.

**एतास्तु मूर्तयो ज्ञेया दक्षिणाधःकरैः क्रमात् ॥**
**वासुदेवादिवर्णाः स्युः षड् षडेते तदादयः ॥१३७॥**

દક્ષિણ બાજુના નીચેના હાથના ક્રમે ચારે ભુજાઓમાં આયુધના ફેરફાર વડે આ વિષ્ણુની ચોવીસ મૂર્તિઓ જાણવી. તથા વાસુદેવાદિ છ છ દેવો અનુક્રમે એકેક વર્ણના જાણવા. ૧૩૭.

## કાર્તિક સંકર્ષણ, ગરૂડધ્વજ.

**सङ्कर्षणः कार्त्तिकोऽब्जशक्तिखेटकम्बुभिः ॥**
**गरुडध्वजतार्क्ष्यस्थोऽब्जशंखध्वजचिह्नवान् ॥१३८॥**


કમળ, શક્તિ, મૂસલ અને શંખધારી કાર્તિક સંકર્ષણ તથા કમળ, શંખ, ધ્વજદંડ અને ધ્વજાધારી ગરૂડ ઉપર બેઠેલા ગરૂડધ્વજ જાણવા. ૧૩૮.

## જયન્ત, ગોવર્ધન.

**जयन्तोऽक्षचक्रदण्डपद्मैर्वादित्रसंवृतः ॥**
**गोवर्धनश्चाक्षचक्रशंखपद्मैर्गवां हितः ॥१३९॥**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"



રામ, લક્ષ્મણ, જાનકી અને હનુમાનજીની મૂર્તિ.

"Aho Shrutgyanam"

અક્ષમાલા, ચક્ર, દંડ અને કમલધારી તથા વાજિંત્રવાળા જયંત અને અક્ષમાલા, ચક્ર, શંખ અને પદ્મ સહિત ગાયોના હિતકર્તા ગોવર્ધન જાણવા. ૧૩૯.

### મત્સ્ય, કૂર્મ, વારાહ અવતાર.

**मत्स्यकूर्मौ स्वस्वरूपौ नृवराहो गदाम्बुजे ॥**
**विभ्रमाढ्यो वराहास्यो दंष्ट्राग्रेण धृता धरा ॥१४०॥**

મત્સ્યાવતાર અને કૂર્માવતાર; આ બે અવતારો પોતાના સ્વરૂપના છે. વરાહાવતાર મનુષ્યાકૃતિ ગદા અને પદ્મ ધારણ કરેલા, ભુંડના જેવા મુખવાળા, વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત તથા દંષ્ટ્રાના અગ્ર ભાગે પૃથ્વી ધારણ કરેલા જાણવા. ૧૪૦.

### નૃસિંહાવતાર.

**नृसिंहः सिंहवक्त्रोऽतिदंष्ट्रालः कुटिलोरुकः ॥**
**हिरण्योरुस्थलासक्तविदारणकरद्वयः ॥१४१॥**

સિંહના મુખવાળા, અત્યંત મોટી દાઢોવાળા, જેનું ઉદર ભયંકર છે એવા તથા હિરણ્યકશિપુના વક્ષસ્થલને ચીરવામાં આસક્ત થએલા નૃસિંહાવતાર જાણવા. ૧૪૧.

### વામન, પરશુરામ, રામ, બલરામ અવતાર.

**वामनः सशिखः श्यामो दण्डपात्रपीताम्बरः ॥**
**जटाजिनधरो रामो भार्गवः परशुं दधत् ॥**
**रामः शरेषुधृक् श्यामः ससीरमूसलो बलः ॥१४२॥**

શિખાધારી, શ્યામવર્ણના, પીતામ્બર પહેરેલા, દંડ અને કમંડલુને ધારણ કરનારા વામનાવતાર, જટાધારી, મૃગચર્મ ઓઢેલા અને પરશુને ધારણકર્તા પરશુરામ, શ્યામવર્ણ અને ધનુષબાણધારી રામાવતાર તથા હલ અને મૂસલધારી બલરામ જાણવા. ૧૪૨.

### બુદ્ધાવતાર, કલ્કિ અવતાર.

**बुद्धः पद्मासनो रक्तस्त्यक्ताभरणमूर्धजः ॥**
**कक्षापवस्त्रो ध्यानस्थो द्विभुजश्चोर्ध्वपाणिकः ॥**
**कल्किः सखड्गोऽश्वारूढो हरेरथ वरा इमे ॥१४३॥**



"Aho Shrutgyanam"

પદ્માસનમાં બેઠેલા, રાતા વર્ણના, અલંકારો અને કેશ જેમણે ત્યાગેલા છે એવા અને કાખમાં વસ્ત્ર જેમણે ધારણ કરેલું છે, ધ્યાનાવસ્થામાં રહેલા, બે હાથવાળા અને એક હાથ જેમણે ઉંચો કરેલો છે એવા બુદ્ધ ભગવાન જાણવા. ખડ્ગધારી અને અશ્વારૂઢ કલ્કિ અવતાર જાણવા. આ પ્રમાણે દેવોને વરદાનરૂપે મળેલા હરિના આ દશ અવતારો જાણવા. ૧૪૩.

## જલશાયી.

**सुप्तरूपं शेषतल्पे दक्षो दण्डभुजोऽस्य तु ॥**
**शिरोधरो वा वामस्तु सपुष्पश्च जलेशयः ॥१४४॥**
**तन्नाभिपङ्कजे धाता श्रीर्भूमिश्च शिरोंऽघ्रिगे ॥**
**निध्यस्त्रादिस्वरूपाणि पार्श्वयोर्मधुकैटभौ ॥१४५॥**

શેષનાગ ઉપર સૂતેલા, દક્ષિણ હાથમાં કમળદંડ ધારણ કરેલા, વામ હસ્ત જેમણે ઉશિકા તરીકે રાખેલો છે, જેમની નાભિમાંથી કમળ પુષ્પ નીકળેલું છે અને તે નાભિ કમળમાં બ્રહ્મા બિરાજેલા છે, મસ્તક પાસે પૃથ્વી દેવી ઉભેલાં છે, લક્ષ્મી જેમની ચરણ-સેવા કરી રહ્યાં છે, નિધિ અને આયુધ વિગેરે સ્વરૂપો સહિત તથા બન્ને પાર્શ્વ ભાગમાં મધુ અને કૈટભ નામના દૈત્યો ઉભા રહેલા છે એવા જલશાયી ભગવાન જાણવા. ૧૪૪. ૧૪૫.

## શાલિગ્રામ-મૂર્તિ લક્ષણ.

**नागभोगसमाकारा शिला सूक्ष्मा च या भवेत् ।**
**पूजनीया प्रयत्नेन स्थिरा स्निग्धा सुवर्तुला ॥१४६॥**

નાગની ફેણ જેવા આકારવાળી, ઝીણા પોગરની, સ્થિર અને ગોળાકાર તથા સુંવાળી શાલિગ્રામ શિલા પ્રયત્નથી પૂજવી. ૧૪૬.

## શુભ લક્ષણ.

**तत्राप्यामलकीमाना सूक्ष्ममाना च या भवेत् ॥**
**तस्यामेव सदा कृष्णः श्रिया सह वसत्यसौ ॥१४७॥**

તેમાં પણ જે શિલા આમળાના જેવડા માનની તેમજ તેથી પણ સૂક્ષ્મ માનની હોય તેમાં લક્ષ્મી સાથે કૃષ્ણ સદા નિવાસ કરે છે. ૧૪૭.

"Aho Shrutgyanam"

यथा यथा शिला सूक्ष्मा तथा तथा महत्फलम् ॥
तस्मात्संपूजयेन्नित्यं धर्मकामार्थमुक्तये ॥१४८॥

શાલિગ્રામની શિલા જેમ જેમ સૂક્ષ્મ તેમ તેમ મહાફલદાતા છે. તેથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષાર્થે સૂક્ષ્મ માનની શિલા નિત્ય પૂજવી જોઇએ. ૧૪૮.

## નિષિદ્ધ લક્ષણ શાલિગ્રામ શિલા.

कपिला कर्बुरा भग्ना रूक्षा छिद्राकुला च या ॥
रेखाकुला स्थिरा स्थूला बहुचक्रैकचक्रिका ॥१४९॥
बृहन्मुखी बृहच्चक्रा बद्धचक्रा च या पुनः ॥
वृद्धचक्राऽथवा या स्याद्भिन्नचक्रा त्वधोमुखी ॥१५०॥
दग्धा सुरक्ता चाऽपूज्या भीषणा पंक्तिचक्रिका ।
पूजयेद्यः प्रमादेन दुःखमेव लभेत् सदा ॥१५१॥

જે શાલિગ્રામની શિલા કપિલ વર્ણવાળી, કાબર ચિતર વર્ણવાળી, ખડબચડી, ભાંગેલી, છિદ્રવાળી, રેખાવાળી, સ્થિર ન રહે એવી, જાડી, ઘણાં ચક્રોવાળી, એકજ ચક્રવાળી, મોટા મુખવાળી, મોટાં મોટાં ચક્રોવાળી, બંધાયેલાં ચક્રવાળી, જૂદાં જૂદાં ચક્રવાળી, નીચે મુખવાળી, દગ્ધા ( બળેલી ), અત્યંત રાતી, ભયંકર આકારવાળી તથા હારબંધ ચક્રવાળી હોય તે પૂજવી નહિ અને પ્રમાદથી એવી શિલાની જે પૂજા કરે છે તેને કેવળ સદા દુઃખજ પ્રાપ્ત થાય છે. ૧૪૯, ૧૫૦, ૧૫૧.

खण्डिता स्फुटिता भिन्ना पार्श्वभिन्ना प्रभेदिता ॥
शालिग्रामसमुद्भूता शिला दोषप्रदा नहि ॥१५२॥

ખંડિત થએલી, ફાટ પડેલી, ચીરાવાળી, બાજુએ ફાટ પડેલી અગર તૂટેલી શાલિગ્રામની શિલા હોય તે દોષકારક થતી નથી. ૧૫૨.

## શિલાભેદે પુણ્ય.

स्निग्धा सिद्धिकरा ज्ञेया कृष्णा कीर्तिप्रदायिका ॥
पाण्डुरा पापदहना पीता पुत्रप्रदायिका ॥
नीला दिशति लक्ष्मीञ्च रक्ता भोगप्रदायिनी ॥१५३॥

"Aho Shrutgyanam"

સુંવાળી શાલિગ્રામ શિલા સિદ્ધિ કરનારી, કૃષ્ણુ રંગની શિલા કીર્તિ આપનારી, શ્વેત રંગની પાપને બાળનારી, પીળા વર્ણુની પુત્ર આપનારી, નીલા રંગની લક્ષ્મી આપનારી અને લાલ રંગની સુખ આપનારી જાણુવી. ૧૫૩.

### વર્ણ ભેદે શાલિગ્રામ મૂર્તિભેદ.

**कपिलो नारसिंहश्च वामनश्चातसीनिभः ॥**
**वासुदेवो सितो ज्ञेयो रक्तः संकर्षणो मतः ॥१५४॥**
**दामोदरस्तु नीलाभश्चानिरुद्धस्तथैव च ॥**
**श्यामो नारायणः क्षेत्रवैष्णवः कृष्णवर्णकः ॥**
**बहुवर्णस्त्वनन्ताख्यः श्रीधरः पीत उच्यते ॥१५५॥**

કપિલ વર્ણુવાળા શાલિગ્રામ નરસિંહ ભગવાન જાણુવા. અળશીના પુષ્પ જેવા વર્ણુવાળા વામન, શ્વેત વર્ણુવાળા વાસુદેવ, રાતા વર્ણુવાળા સંકર્ષણુ, શ્યામ વર્ણુવાળા દામોદર, અનિરૂદ્ધ અને નારાયણુ, કૃષ્ણુ વર્ણુવાળા ક્ષેત્રવૈષ્ણુવ, બહુ વર્ણુવાળા અનંત અને પીળા વર્ણુવાળા શ્રીધર શાલિગ્રામ જાણુવા. ૧૫૪, ૧૫૫.

### મુખ લક્ષણુ.

**वृत्तसूत्रेऽष्टमो भाग उत्तमं वक्रलक्षणम् ॥**
**मध्यमं तु चतुर्भागं कनिष्ठश्च त्रिभागिकम् ॥१५६॥**

શાલિગ્રામ શિલાની ગોળાઇ ( પરિઘ ) ના માપથી આઠમા ભાગે મુખ હોય તો તે ઉત્તમ, ચોથા ભાગે મધ્યમ અને ત્રીજા ભાગે કનિષ્ઠ જાણુવું. ૧૫૬.

### લક્ષ્મીનારાયણુ શાલિગ્રામ.

**लक्ष्मीनारायणो देवस्त्रिभिश्चक्रैर्व्यवस्थितः ॥**
**पूजनीयः प्रयत्नेन भुक्तिमुक्तिफलप्रदः ॥१५७॥**

ત્રણુ ચક્રો જેમાં છે એવી શાલિગ્રામની શિલા લક્ષ્મીનારાયણુની જાણુવી અને તે પ્રયત્નપૂર્વક પૂજવી; કારણુ કે તે સુખ અને મુક્તિ આપનારી છે. ૧૫૭.

### પ્રતિષ્ઠા અવિધાન શાલિગ્રામ.

**अहं ब्रह्मादयो देवाः सर्वभूतानि केशवः ॥**
**सदा सन्निहितास्तत्र प्रतिष्ठाकर्म नास्त्यतः ॥१५८॥**

"Aho Shrutgyanam"

લક્ષ્મીનારાયણની શાલિગ્રામ શિલામાં હું (વિશ્વકર્મા), બ્રહ્માદિ દેવો, સર્વ ભૂતો અને કેશવ; એ સર્વ દેવતાઓ સદા રહેલા છે. તેથી તેનું પ્રતિષ્ઠા કર્મ થતું નથી ૧૫૮.

## આહુતિપુણ્ય.

**शालिग्रामशिलाग्रे तु यो जुहोति हुताशनम् ॥**
**एकाहुतिर्हुता सम्यक् कल्पकोटिगुणोत्तरा ॥१५९॥**

શાલિગ્રામ શિલાની મૂર્તિ આગળ જે અગ્નિમાં હોમ કરી એક પણ આહુતિ સારી રીતે આપે છે તેને તે કોટિકલ્પનું પુણ્ય આપનારી થાય છે. ૧૫૯.

## ગરૂડ.

**तार्क्ष्यो मरकतप्रेक्षः कौशिकाकारनासिकः ॥**
**चतुर्भुजस्तु कर्तव्यो वृत्तनेत्रमुखस्तथा १६०॥**
**गृध्रोरुजानुचरणः पक्षद्वयविभूषितः ॥**
**प्रभासंस्थानसौवर्णः कलापेन विराजितः ॥१६१॥**
**छत्रश्च पूर्णकुम्भश्च करयोस्तस्य कारयेत् ॥**
**करद्वयश्च कर्तव्यस्तथा विरचिताञ्जलिः ॥१६२॥**

લીલા વર્ણનો, ઘૂવડના જેવી નાસિકાવાળો, ચાર ભુજાવાળો, ગોળ નેત્ર તથા ગોળ મુખવાળો, ગીધના જેવા, સાથળ, જાનુ અને પગવાળો, બે પાંખોવાળો, સુવર્ણના જેવી કાંતિવાળો, મોરની કળા માફક ખુલ્લી પાંખોવાળો, એક હાથમાં છત્ર અને બીજા હાથમાં કુંભ તથા બે હાથ અંજલિ અર્થાત્ નમસ્કાર મુદ્રાવાળા જેના છે એવો ગરૂડ જાણવો. ૧૬૦, ૧૬૧, ૧૬૨.

## ગરૂડનું સ્વરૂપ.

**वामोऽग्रे कुञ्चितः पश्चादन्यपादस्तु जानुना ॥**
**पृथिवीसंश्रितः पत्रो गारुडं स्यात्तदासनम् ॥१६३॥**

ડાબો પગ આગળના ભાગમાં વાળેલો અને જમણો પગ પાછળના ભાગમાં ઢીંચણથી વાળેલો તથા પાંખો પૃથિવી ઉપર પડેલી કરવી. આ ગરૂડનું સ્વરૂપ જાણવું. ૧૬૩.

"Aho Shrutgyanam"

## વૈકુંઠ.

**वैकुण्ठं तु प्रवक्ष्यामि सोऽष्टबाहुर्महाबलः ॥**
**तार्क्ष्यासनश्चतुर्वक्त्रः कर्तव्यः शान्तिमिच्छता ॥१६४॥**
**गदां खड्गं शरं चक्रं दक्षिणे तु चतुष्करे ॥**
**शंखं खेटं धनुः पद्मं वामे दद्याचतुष्टये ॥१६५॥**

શાન્તિ ઇચ્છનારે વૈકુંઠની મૂર્તિ મહાબળવાળી, આઠ ભુજાવાળી, ગરૂડ ઉપર બેઠેલી અને ચાર મુખવાળી કરવી. અને તેના જમણી બાજુના ચારે હાથમાં અનુક્રમે ગદા, ખડ્ગ, બાણ અને ચક્ર તથા ડાબી બાજુના હાથમાં શંખ, ઢાલ, ધનુષ અને પદ્મ આપવું. ૧૬૪, ૧૬૫.

**अग्रतः पुरुषाकारं नारसिंहश्च दक्षिणे ॥**
**अपरं स्त्रीमुखाकारं वाराहास्यं तथोत्तरम् ॥१६६॥**

વૈકુંઠ મૂર્તિનું અગ્રભાગનું મુખ પુરૂષના જેવું, દક્ષિણ તરફનું નરસિંહના જેવું, પશ્ચિમ તરફનું સ્ત્રીના મુખ જેવું અને ઉત્તર તરફનું મુખ વરાહના મુખ જેવું કરવું. ૧૬૬.

## વિશ્વરૂપ.

**एकोनविंशहस्तैश्च विश्वरूपश्चतुर्मुखः ॥**
**पताकाहलशंखाश्च वज्रांकुशशरास्तथा ॥१६७**
**चक्रश्च बीजपूरश्च वरो दक्षिणबाहुषु ॥**
**दण्डपाशौ गदा शार्ङ्गोत्पलानि श्रृंगी मूसलम् ॥१६८॥**
**अक्षश्च वामहस्तेषु द्विहस्ते योगमुद्रकः ॥**
**वैनतेयोपरिस्थो नृसिंहस्त्रीशूकराननः ॥१६९॥**

વિશ્વમૂર્તિ ઓગણીસ હાથવાળી કરવી. દક્ષિણ બાજુના હાથમાં ક્રમે પતાકા, હલ, શંખ, વજ્ર, અંકુશ, બાણ, ચક્ર, બીજોરૂં અને વર તથા ડાબી તરફના હાથમાં દંડ, પાશ, ગદા, ધનુષ, કમલ, શૃંગી, મૂસલ અને સ્ફટિકની માળા આપવી અને બન્ને તરફના એકેક હાથમાં યોગમુદ્રા કરવી. ગરૂડ ઉપર બેઠેલી તેમજ નર, સિંહ, સ્ત્રી અને વરાહનાં મુખો જેવાં ચાર મુખોવાળી આ વિશ્વમૂર્તિ જાણવી. ૧૬૭, ૧૬૮, ૧૬૯.

"Aho Shrutgyanam"

## અનંત.

अनन्तोऽनन्तरूपस्तु हस्तैर्द्वादशभिर्युतः ॥
अनन्तशक्तिसंवीतो गरुडस्थश्चतुर्मुखः ॥१७०॥
दक्षिणे तु गदाखड्गौ चक्रं वज्रांकुशौ शरः ॥
शंखं खेटं धनुः पद्मं दण्डपाशौ च वामतः ॥१७१॥
क्रमान्नरसिंहनारीवाराहमुखवन्मुखैः ॥
मुखानि पूर्ववत्तस्याऽप्यथ त्रैलोक्यमोहनः ॥१७२॥

ચાર મુખવાળી અનંતની મૂર્તિ અનંત સ્વરૂપવાળી, બાર હાથવાળી, અનંત શક્તિવાળી, ગરૂડ ઉપર બેઠેલી અને નર, સિંહ, સ્ત્રી અને વરાહના જેવાં ચાર મુખવાળી જાણવી. અને તેના જમણા હાથમાં ગદા, તરવાર, ચક્ર, વજ્ર, અંકુશ અને શર (બાણ) તથા ડાબા હાથમાં શંખ, ઢાલ, ધનુષ, પદ્મ, દંડ અને પાશ આપવો. અનંત મૂર્તિનાં ચાર મુખો વિશ્વમૂર્તિ પ્રમાણે કરવાં. હવે ત્રૈલોક્ય મૂર્તિનું સ્વરૂપ કહું છું. ૧૭૦, ૧૭૧, ૧૭૨.

## ત્રૈલોક્ય મોહન.

षोडशभुजो गरुडारूढः प्राग्वच्चतुर्मुखः ॥
गदा चक्रांकुशौ बाणः शक्तिश्चक्रं वरं क्रमात् ॥१७३॥
दक्षेषु मुद्गरः पाशः शार्ङ्गशंखाब्जकुण्डिकाः ॥
शृङ्गी वामेषु हस्तेषु योगमुद्राकरद्वयः ॥
नरश्च नारसिंहश्च शूकरं कपिलाननम् ॥१७४॥

ત્રૈલોક્ય મોહનની મૂર્તિ સોળ હાથવાળી, ગરૂડનું વાહન અને ચાર મુખવાળી કરવી. દક્ષિણ બાજુના હાથ અનુક્રમે ગદા, ચક્ર, અંકુશ, બાણ, શક્તિ, ચક્ર અને વર તથા વામ હાથ મુગ્દર, પાશ, ધનુષ, શંખ, કમળ, કુંડિકા અને શૃંગીયુક્ત કરવા. બે હાથો યોગમુદ્રા યુક્ત કરવા તથા નર, સિંહ, શૂકર અને કપિલાદેવીના જેવાં ચાર મુખ કરવાં. ૧૭૩, ૧૭૪.

## વિષ્ણુ–આયતન.

दक्षिणे पुण्डरीकाक्षः पूर्वे नारायणः स्मृतः ॥
गोविंदः पश्चिमे स्थाप्य उत्तरे मधुसूदनः ॥१७५॥

"Aho Shrutgyanam"

**ईशाने स्थापयेद्विष्णुमाग्नेयां तु जनार्दनः ॥**
**नैऋत्ये पद्मनाभश्च वायव्ये माधवस्तथा ॥१७६॥**
**केशवो मध्यतः स्थाप्यो वासुदेवोऽथवा बुधैः ॥**
**सङ्कर्षणः प्रद्युम्नो वाऽनिरुद्धो वा यथाविधि ॥१७७॥**
**दशावतारसंयुक्तः प्रोक्तश्च जलशायकः ॥**
**अग्रतः शूकरः स्थाप्यः सर्वदेवमयः शुभः ॥१७८॥**

દક્ષિણે પુંડરીકાક્ષ, પૂર્વે નારાયણ, પશ્ચિમે ગોવિંદ, ઉત્તરે મધુસૂદન, ઇશાને વિષ્ણુ, અગ્નિ કોણે જનાર્દન, નૈરૂત્યકોણે પદ્મનાભ, વાયુ કોણમાં માધવ અને મધ્ય ભાગમાં કેશવ અથવા વિદ્વાન્ શિલ્પીઓએ યથાવિધિ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ અથવા દશાવતાર સહિત જલશાયી સ્થાપવા અને અગ્રભાગે સર્વદેવ સ્વરૂપ તથા શુભરૂપ શૂકર ભગવાન સ્થાપવા. ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮.

## વિષ્ણુના અષ્ટ દ્વારપાલ.

**प्रतिहारांस्ततो वक्ष्ये दिशां चतसृणां क्रमात् ॥**
**वामनाकाररूपाश्च कर्तव्याः सर्वतः शुभाः ॥१७९॥**

હવે ચાર દિશાઓના વિષ્ણુના પ્રતિહારો કહું છું તે સાંભળો અને તે વામનાકાર સ્વરૂપના કરવા સર્વ રીતે શુભકર્તા છે. ૧૭૯.

## પૂર્વ દિશાના

**तर्जनीं शंखचक्रे च चण्डो दण्डं दधत्क्रमात् ॥**
**वामस्थाने प्रचण्डोऽपसव्ये च दक्षिणे शुभः ॥१८०॥**

પ્રદક્ષિણ ક્રમે ચારે હાથમાં તર્જની, શંખ, ચક્ર અને દંડધારી પૂર્વ દિશાનો ડાબા ભાગે રહેલો ચંડ તથા ઉપરના આયુધોને ડાબા જમણી ફેરફાર કરવાથી પૂર્વ દિશાનો જમણા દક્ષિણ ભાગમાં રહેલો પ્રચંડ નામનો દ્વારપાલ જાણવો અને તે શુભ છે. ૧૮૦.

## દક્ષિણ દિશાના.

**पद्मं खड्गं खेटकश्च क्रमाद् बिभ्रद् गदां जयः ॥**
**विलोमे पद्मगदयोर्विजयस्तु क्रमान्न्यसेत् ॥१८१॥**

"Aho Shrutgyanam"

પદ્મ, તરવાર, ઢાલ અને ગદાધારી જય નામનો તથા પદ્મ અને ગદાને પરસ્પર બદલવાથી વિજય નામનો દ્વારપાલ જાણવો. આ બે પ્રતિહારો દક્ષિણ દિશાના છે. ૧૮૧.

### પશ્ચિમ દિશાના.

**तर्जनी बाणचापौ च गदा धाता च सूष्टितः ॥**
**गदापसव्ये तैरस्त्रैर्विधाता वामदक्षयोः ॥१८२॥**

તર્જની, બાણ, ધનુષ અને ગદાધારી ધાતા નામનો તથા ગદાને અપસવ્ય કરી પૂર્વનાં અસ્ત્રો સાથે વિધાતા નામનો દ્વારપાલ જાણવો. આ બે પશ્ચિમ દિશાના ક્રમે વામ અને દક્ષિણ ભાગમાં રહેલા દ્વારપાલ જાણવા. ૧૮૨.

### ઉત્તર દિશાના.

**तर्जनीं कमलं शंखं गदां बिभ्रन् सुभद्रकः ॥**
**शस्त्रापसव्ययोगेन प्रतिभद्रः क्रमान्न्यसेत् ॥१८३॥**

તર્જની, કમલ, શંખ અને ગદા ધારણ કરતો સુભદ્ર તથા ઉપરનાં આયુધોને અપસવ્ય કરવાથી પ્રતિભદ્ર નામનો દ્વારપાલ જાણવો. આ બે ઉત્તર દિશાના વામ અને દક્ષિણ ભાગમાં રહેલા પ્રતિહાર જાણવા. ૧૮૩.

---

## શિવ-મૂર્તિ-સ્વરૂપવર્ણન.

### સદ્યોજાત.

**शुक्लाम्बरधरं देवं शुक्लमालानुलेपनम् ॥**
**जटाभारयुतं कुर्याद्भालेन्दुकृतशेखरम् ॥१८४॥**
**त्रिलोचनं सौम्यमुखं कुण्डलाभ्यामलङ्कृतम् ॥**
**सद्योजातं महोत्साहं वरदाभयहस्तकम् ॥१८५॥**

સદ્યોજાત નામે દેવ શ્વેતવસ્ત્રધારી, શ્વેતમાલા અને શ્વેત ચંદનવાળા, જટાધારી, લલાટમાં ચંદ્રને ધારણ કરનારા, ત્રણ નેત્રવાળા, સૌમ્ય મુખવાળા, કુંડલો વડે અલંકૃત કર્ણવાળા, ઘણા ઉત્સાહ સંપન્ન તથા વરદ અને અભય હસ્તવાળા કરવા. ૧૮૪, ૧૮૫.



"Aho Shrutgyanam"

## એકાદશ રુદ્ર સ્વરૂપ.

### ૧ વામદેવ.

रक्ताम्बरधरं देवं रक्तयज्ञोपवीतिनम् ॥
रक्तोष्णीषं रक्तनेत्रं रक्तमाल्यानुलेपनम् ॥१८६॥
जटाचंद्रधरं कुर्यात् त्रिनेत्रं तुंगनासिकम् ॥
वामदेवं महाबाहुं खड्गखेटकधारिणम् ॥१८७॥

વામદેવ રાતા વસ્ત્રને ધારણ કરનારા, રાતા યજ્ઞોપવીતવાળા, રક્ત મુકુટધારી, રાતાં નેત્રવાળા, રાતી માલા અને રાતા ચંદનવાળા, જટાજૂટમાં ચંદ્રને ધારણ કરનારા, ત્રણ નેત્રવાળા, ઉંચી નાસિકાવાળા અને મહાબાહુ તથા ખડ્ગ અને ઢાલધારી કરવા. ૧૮૬, ૧૮૭.

### ૨ અઘોર.

दंष्ट्राकरालवदनं सर्पशीर्षं त्रिलोचनम् ॥
रुण्डमालाधरं देवं सर्पकुण्डलमण्डितम् ॥१८८॥
भुजङ्गकेयूरधरं सर्पहारोपवीतिनम् ॥
गोनसं कटिसूत्रञ्च गले वृश्चिकमालिकम् ॥१८९॥
नीलोत्पलदलश्याममतसीपुष्पसन्निभम् ॥
पिङ्गभ्रूपिङ्गजटिलं शशाङ्ककृतशेखरम् ॥१९०॥
तक्षकमुष्टिकश्चैव पादयोस्तस्य नूपुरौ ॥
अघोररूपकं कुर्यात् कालरूपमिवापरम् ॥१९१॥
महावीर्यं महोत्साहमष्टबाहुं महाबलम् ॥
त्रासयन्तं रिपोः सङ्घं निवेशो यत्र भूतले ॥१९२॥
खट्वाङ्गञ्च कपालञ्च खेटकं पाशमेव च ॥
वामहस्तेषु कर्तव्यमेतच्छस्त्रचतुष्टयम् ॥१९३॥
त्रिशूलं परशुखड्गौ दण्डश्चैवारिमर्दनम् ॥
शस्त्राण्येतानि चत्वारि दक्षिणेषु करेषु च ॥१९४॥

અઘોર રુદ્ર મોટી દાઢોને લીધે વિકાળ મુખવાળા, મસ્તક ઉપર સર્પ ધારણ કરનારા, ત્રણ નેત્રવાળા, મસ્તકોની માળાને ધારણ કરનારા, કાનોમાં સર્પોનાં કુંડલવાળા,

"Aho Shrutgyanam"



"Aho Shrutgyanam"



"Aho Shrutgyanam"

સર્પના બાહુબંધવાળા, સર્પનું ઉપવીતવાળા, ગોનસ નામના સર્પની મેખલાવાળા, કંઠમાં વીંછીની માળાવાળા, નીલ કમળના જેવા શ્યામવર્ણવાળા, અળસીના પુષ્પ જેવી શ્યામ કાંતિવાળા, પીળી ભ્રૂકુટિ અને પીળી જટાવાળા, લલાટમાં ચંદ્રને ધારણ કરનારા, બન્ને પગમાં તક્ષક અને મુષ્ટિક નામના સર્પરૂપી ઝાંઝરવાળા, બીજા કાળના જેવા ભયંકર રૂપવાળા, મહા પરાક્રમશાળી, મોટા ઉત્સાહવાળા અને આઠ હાથવાળા, મહા બળવાન, જ્યાં હોય ત્યાં શત્રુ સમૂહને ત્રાસ આપનારા, ડાબા હાથમાં ખટ્વાંગ, કપાલ, ઢાલ અને પાશ તથા જમણા હાથમાં શૂલ, ફરશી, ખડ્ગ અને શત્રુને મર્દન કરનારો દંડ ધારણ કરેલા કરવા. ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪.

### ૩ તત્પુરૂષ.

**पीताम्बरस्तत्पुरुषः पीतयज्ञोपवीतवान् ॥**
**मातुलिङ्गं करे वामेऽक्षमालां दक्षिणे तथा ॥१९५॥**

તત્પુરૂષ રૂદ્ર પીળા વસ્ત્રવાળા, પીળું યજ્ઞોપવીતવાળા, વામ હસ્તમાં બીજોરૂં અને દક્ષિણ હસ્તમાં અક્ષમાળા ધારણ કરેલા કરવા. ૧૯૫.

### ૪ ઇશાન.

**शुद्धस्फटिकसङ्काशो जटाचन्द्रविभूषितः ॥**
**अक्षं त्रिशूलहस्तौ च कपालं वामतः शुभः ॥१९६॥**

શુદ્ધ સ્ફટિકના જેવી શ્વેત કાંતિવાળા, જટા અને ચંદ્ર વડે વિભૂષિત, દક્ષિણ હાથમાં અક્ષમાલા અને ત્રિશૂલ તથા વામ હાથમાં કપાલ અને ત્રિશૂલધારી ઇશાન રૂદ્ર જાણવા. ૧૯૬,

### ૫ મૃત્યુંજય.

**कपालमालिनं श्वेतं शशाङ्ककृतशेखरम् ॥**
**व्याघ्रचर्मधरं मृत्युञ्जयं नागेन्द्रभूषितम् ॥१९७॥**
**त्रिशूलश्चाक्षमाला च दक्षिणे करयोः स्मृता ॥**
**कपालं कुण्डिका वामे योगमुद्राकरद्वयम् ॥१९८॥**

ખોપરીની માળાવાળા, શ્વેત વર્ણવાળા, લલાટમાં ચંદ્રવાળા, વ્યાઘ્રચર્મ ધારણ કરનારા અને સર્પરાજથી વિભૂષિત થએલા મૃત્યુંજય રૂદ્ર કરવા. તેમના જમણા

"Aho Shrutgyanam"

હાથમાં ત્રિશૂલ તથા અક્ષમાળા, ડાબા હાથમાં કપાલ અને કુંડિકા આપવી તથા બે હાથ યોગમુદ્રાવાળા કરવા. ૧૯૭, ૧૯૮.

### ૬ કિરણાક્ષ.

**चतुर्भुजं महाबाहुं शुक्लपादाक्षपाणिकम् ॥**
**पुस्तकाभयहस्तश्च किरणाक्षं त्रिलोचनम् ॥१९९॥**

ચાર ભુજાવાળા, મોટા બાહુવાળા, સફેદ પગવાળા, બે હાથમાં માળાવાળા તેમજ બીજા બે હાથમાં પુસ્તક અને અભયવાળા તથા ત્રણ નેત્રવાળા કિરણાક્ષ રૂદ્ર કરવા. ૧૯૯.

### ૭ શ્રીકંઠ.

**चित्रवस्त्रधरं कुर्यात् चित्रयज्ञोपवीतिनम् ॥**
**चित्ररूपं महेशानं चित्रैश्वर्यसमन्वितम् ॥२००॥**
**चतुर्बाहुश्चैकवक्त्रं सर्पालङ्कारभूषितम् ॥**
**खड्गं धनुः शरं खेटं श्रीकण्ठं बिभ्रतं भुजैः ॥२०१॥**

વિચિત્ર વસ્ત્રધારી, વિચિત્ર યજ્ઞોપવીત યુક્ત, વિચિત્ર રૂપવાળા, વિચિત્ર ઐશ્વર્ય સંપન્ન, ચાર બાહુ, એક મુખ અને સર્પના અલંકારોથી વિભૂષિત શ્રીકંઠ નામે રૂદ્ર સ્વરૂપ કરવું તથા ચારે હાથમાં અનુક્રમે તરવાર, ધનુષ, બાણ અને ઢાલ આપવી. ૨૦૦, ૨૦૧.

### ૮ અહિર્બુધ્ન.

**अहिर्बुध्नो गदासर्पचक्रडमरुमुद्गरान् ॥**
**शूलाङ्कुशाक्षमालांश्च दक्षिणोर्ध्वं क्रमाद्दधत् ॥२०२॥**
**तोमरं पट्टिशं चर्मकपालं तर्जनीं घटम् ॥**
**शक्तिश्च परशुं वामहस्तेषु धारयत्यसौ ॥२०३॥**

અનુક્રમે ઉપરથી આરંભી જમણા હાથમાં ગદા, સર્પ, ચક્ર, ડમરૂ, મુદ્ગર, ત્રિશૂલ, અંકુશ અને અક્ષમાલા તથા ડાબા હાથમાં તોમર, પટ્ટિશ, ચર્મ, કપાલ, તર્જની, ઘટ, શક્તિ અને ફરશી ધારણ કરેલાં છે એવા અહિર્બુધ્ન નામના રૂદ્ર જાણવા. ૨૦૨, ૨૦૩.

### ૯ વિરૂપાક્ષ.

**विरूपाक्षस्ततः खड्गं शूलं डमरुमङ्कुशम् ॥**
**सर्पं चक्रं गदामक्षसूत्रं बिभ्रन्कराष्टके ॥२०४॥**

"Aho Shrutgyanam"

खेटं खट्वांङ्गशक्ती च परशुं तर्जनीं घटम् ॥
घण्टां कपालकश्चेति वामोर्ध्वादिकराष्टके ॥२०५॥

જમણા આઠ હાથમાં ખડ્ગ, ત્રિશૂલ, ડમરૂ, અંકુશ, સર્પ, ચક્ર, ગદા અને અક્ષમાલા અને ડાબા હાથમાં ઢાલ, ખટ્વાંગ, શક્તિ, ફરશી, તર્જની, ઘડો, ઘંટા અને કપાલ ધારણ કરનારા વિરૂપાક્ષ નામના રૂદ્ર જાણવા. ૨૦૪, ૨૦૫.

૧૦ બહુરૂપ.

बहुरूपो दधद्दक्षे डमरुश्च सुदर्शनम् ॥
सर्पं शूलाङ्कुशौ कुंभं कौमुदीं जपमालिकाम् ॥२०६॥
घण्टां कपालखट्वांङ्गे तर्जनीं कुण्डिकां धनुः ॥
परशुं पट्टिशश्चेति वामोर्ध्वादिकराष्टके ॥२०७॥

જમણી બાજુના હાથમાં અનુક્રમે ડમરૂ, સુદર્શન ચક્ર, સર્પ, ત્રિશૂલ, અંકુશ, કુંભ, ગદા અને જપમાલા તથા વામ હાથમાં ઘંટા, કપાલ, ખટ્વાંગ, તર્જની, કુંડિકા, ધનુષ, પરશુ અને પટ્ટિશધારી બહુરૂપ નામના રૂદ્ર જાણવા. ૨૦૬, ૨૦૭.

૧૧ ત્ર્યંબક.

त्र्यंबकश्चक्रखेटश्च डमरुं मुद्गरं शरम् ॥
शूलाङ्कुशमक्षसूत्रं दक्षिणोर्ध्वक्रमेण हि ॥२०८॥
गदाखट्वांङ्गपात्राणि कार्मुकं तर्जनीघटौ ॥
परशुं पट्टिशश्चेति वामोर्ध्वादिकराष्टके ॥२०९॥

ચક્ર, ઢાલ, ડમરૂ, મુદ્ગર, બાણ, ત્રિશૂલ, અંકુશ અને અક્ષમાલા; આ આયુધો ઉપરથી આરંભી દક્ષિણ હાથમાં તથા ગદા, ખટ્વાંગ, પાત્ર, ધનુષ, તર્જની, ઘડો, પરશુ અનેપટ્ટિશ; આ આયુધો ઉપરના ક્રમે વામ હાથમાં ધારણ કરેલા ત્ર્યમ્બક નામના રૂદ્ર જાણવા. ૨૦૮, ૨૦૯.

ઉમા–મહેશ્વર–મૂર્તિ લક્ષણ.

उमामहेश्वरं वक्ष्ये उमया सह शङ्करम् ॥
मातुलिङ्गं त्रिशूलश्च धरते दक्षिणे करे ॥२१०॥
आलिङ्गितं वामहस्ते नागेन्द्रं द्वितीये करे ॥
हरस्कंधे उमाहस्तं दर्पणं द्वितीये करे ॥२११॥

"Aho Shrutgyanam"

**अधस्ताद् वृषभं कुर्यात्कुमारञ्च गणेश्वरम् ॥**
**भृङ्गीरटं तथा कुर्यान्निर्मांसं नित्यसंस्थितम् ॥२१२॥**

હવે ઉમા સાથે શંકરની મૂર્તિનું સ્વરૂપ કહું છું. જમણા હાથમાં બીજોરૂં અને ત્રિશૂલધારી અને ઉપલો વામ હસ્ત ઉમાના કંઠમાં આલિંગન કરેલો, બીજો હાથ સર્પથી વિભૂષિત, ઉમાનો એક હાથ હરના ખભા ઉપર પડેલો અને ઉમાનો બીજો હાથ દર્પણ ધારણ કરેલો, એવું ઉમામહેશ્વરનું સ્વરૂપ કરવું. નીચેના ભાગમાં નંદી કરવો તેમજ કાર્તિક સ્વામી અને ગણેશ કરવા તથા શરીરે કૃશ એવો ભૃંગીરટ નામનો ગણ નિત્ય પાસે બેઠેલો કરવો. ૨૧૦, ૨૧૧, ૨૧૨.

## હરિહર મૂર્તિ.

**कार्यो हरिहरस्यापि दक्षिणार्धे शिवः सदा ॥**
**हृषीकेशश्च वामार्धे श्वेतनीलाकृतिः क्रमात् ॥२१३॥**
**वरत्रिशूलचक्राब्जधारिणौ बाहुषु क्रमात् ॥**
**दक्षिणे वृषभः पार्श्वे वामे विहगराडिति ॥२१४॥**

હરિહરની મૂર્તિના દક્ષિણના અર્ધ ભાગમાં શિવ તથા વામાર્ધ ભાગમાં હૃષીકેશની મૂર્તિ કરવી અને તે ક્રમથી શ્વેત અને નીલ વર્ણની કરવી તથા વરદ અને ત્રિશૂલ તથા ચક્ર અને પદ્મ; એ ચાર આયુધો ધારણ કરેલી કરવી તેમજ જેના જમણી બાજુના દક્ષિણ પાર્શ્વ ભાગમાં નંદી અને વામ ભાગમાં ગરૂડ બેઠેલા છે એવી કરવી. ૨૧૩, ૨૧૪.

## હરિહરપિતામહ.

**एकपीठसमारूढास्तनुष्वेकनिवासिनः ॥**
**षड्भुजश्च चतुर्वक्त्रं सर्वलक्षणसंयुतम् ॥२१५॥**
**अक्षसूत्रं त्रिशूलञ्च गदां कुर्याच्च दक्षिणे ॥**
**कमण्डलुश्च खट्वाङ्गं चक्रं वामभुजे तथा ॥२१६॥**

એક પીઠ ઉપર બેઠેલા, એકજ શરીરમાં બિરાજેલા, છ હાથવાળા, ચારમુખ વાળા અને સર્વ લક્ષણોથી સંપન્ન હરિહર પિતામહ ( વિષ્ણુ, શિવ, બ્રહ્મા ) કરવા. અને અનુક્રમે છ હાથમાં અક્ષમાલા, ત્રિશૂલ, અને ગદા જમણા હાથમાં તથા કમંડલુ, ખટ્વાંગ અને ચક્ર વામ હાથમાં ધારણ કરેલા જાણવા. ૨૧૫, ૨૧૬.

"Aho Shrutgyanam"

### ઉમાદેવી તથા નારાયણાશ્રિતા લક્ષ્મીદેવી.

**उमाश्च द्विभुजां कुर्याल्लक्ष्मीं नारायणाश्रिताम् ॥**
**देवं शस्त्रैः स्वकीयैश्च गरुडोपरि संस्थितम् ॥२१७॥**
**दक्षिणः कण्ठलग्नः स्याद्वामहस्तः सरोजधृक् ॥**
**विभोर्वामकरो लक्ष्म्याः कुक्षिभागे स्थितः सदा ॥२१८॥**

ઉમાની મૂર્તિ બે હાથવાળી કરવી. લક્ષ્મીની મૂર્તિ નારાયણના ડાબા ઉત્સંગ ઉપર બેઠેલી તથા નારાયણને પોતાના શસ્ત્રોથી સંયુક્ત અને ગરૂડ ઉપર બેઠેલા કરવા. લક્ષ્મીનો જમણો હાથ નારાયણના કંઠમાં રાખેલો કરવો અને ડાબા હાથમાં કમળ આપવું તેમજ નારાયણનો નીચેનો ડાબો હાથ લક્ષ્મીની કમરમાં વીંટાએલો કરવો. ૨૧૭, ૨૧૮.

### યુગ્મ મૂર્તિ લક્ષણ.

**सर्वेषामेव देवानामेवं युग्मं विधीयते ॥**
**तेषां शक्तिः पृथक्रूपा तदस्त्रवाहनाकृतिः ॥२१९॥**

સર્વ દેવતાઓનાં યુગ્મ સ્વરૂપ ઉપર બતાવ્યા પ્રમાણે કરવાં. તેઓની શક્તિનું સ્વરૂપ જુદું કરવું અને તેમનાં શસ્ત્રો અને વાહનોનાં સ્વરૂપો પણ જુદાં કરવાં. ૨૧૯.

---

## લિંગ સ્વરૂપ વર્ણન.

### લિંગભેદે ફલ ભેદ.

**स्थिरलक्ष्मीप्रदं हैमं राजतश्चैव राज्यदम् ॥**
**प्रजावृद्धिकरं ताम्रं वाङ्गमायुर्विवर्धनम् ॥२२०॥**
**विशेषकारकं कांस्यं पित्तलं भुक्तिमुक्तिदम् ॥**
**सीसकं शत्रुहल्लिङ्गमायसं रिपुनाशनम् ॥२२१॥**
**अष्टलोहमयं लिङ्गं कुष्ठरोगक्षयापहम् ॥**
**त्रिलोहसंभवं लिङ्गं मन्त्रध्वनिप्रसिद्धिदम् ॥२२२॥**
**आयुष्यं हीरकं लिङ्गं भोगदं मौक्तिकोद्भवम् ॥**
**सुखकृत्पुष्परागोत्थं वैडूर्यं शत्रुमर्दनम् ॥२२३॥**
**श्रीप्रदं पद्मरागोत्थमिन्द्रनीलं यशःप्रदम् ॥**
**लिङ्गं मणिमयं पुष्ट्यै स्फटिकं सर्वकामदम् ॥२२४॥**

"Aho Shrutgyanam"

સુવર્ણનું લિંગ અવિચલ લક્ષ્મી આપનારૂં, ચાંદીનું રાજ્ય આપનારૂં, તાંબાનું પ્રજાવૃદ્ધિ કરનારૂં, કલઇનું આયુષ્ય વધારનારૂં, કાંસાનું પ્રતિષ્ઠા આપનારૂં, પિત્તળનું સુખ અને મુક્તિ દેનારૂં, સીસાનું શત્રુનો નાશ કરનારૂં, લોઢાનું રિપુનો નાશ કરનારૂં, અષ્ટધાતુનું કુષ્ઠ રોગ અને ક્ષયનો નાશ કરનારૂં, ત્રિલોહનું મંત્ર, ધ્વનિ અને પ્રસિદ્ધિ દેનારૂં, હીરાનું આયુષ્ય વધારનારૂં, મોતીનું ભોગ આપનારૂં, પુષ્પરાગ મણિનું સુખ આપનારૂં, વૈડૂર્ય મણિનું શત્રુનો નાશ કરનારૂં, પદ્મરાગનું લક્ષ્મી આપનારૂં, ઇન્દ્રનીલ મણિનું યશ આપનારૂં, મણિમય પુષ્ટિ કરનારૂં અને સ્ફટિકનું લિંગ સર્વ કામનાઓને આપનારૂં જાણવું. ૨૨૦, ૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૪.

### દ્વિધા રત્ન લિંગ.

**रत्नं लिङ्गं द्विधा ख्यातं स्वपीठं धातुपीठकम् ॥**
**धातुजं तु स्वयोनिस्थं सिद्धिमुक्तिप्रदायकम् ॥२२५॥**

રત્નોનાં લિંગોના બે પ્રકાર છે. એક સ્વપીઠ અને બીજો ધાતુપીઠ. એટલે રત્નોના લિંગને રત્નની પીઠ અથવા ધાતુની પીઠ ( જળાધારી ) કરવી. ધાતુના લિંગને ધાતુની જળાધારી કરવી સિદ્ધિ અને મુક્તિ દાયક છે. ૨૨૫.

### લિંગભેદે પીઠિકા ભેદ.

**ताम्रजं पुष्परागस्य स्फटिकस्य तु राजतम् ॥**
**ताम्रजं मौक्तिकस्यापि शेषाणां हेमजं मतम् ॥२२६॥**

પુષ્પરાગના લિંગને તાંબાની, સ્ફટિકના લિંગને ચાંદીની, મોતીના લિંગને તાંબાની તથા બાકીનાં શેષ લિંગોને સોનાની જળાધારી કરવી શુભ છે. ૨૨૬.

### ચલ લિંગ.

**मुद्गादेकाङ्गुलं वापि यद्वा द्व्यङ्गुलनिर्मितम् ॥**
**सपीठं भिन्नपीठं वा रत्नं लिङ्गं चलं मतम् ॥२२७॥**

મગના દાણાથી આરંભી એક આંગળ અથવા બે આંગળ સુધીના માનનું રત્ન લિંગ પીઠ સહિત અથવા જુદી પીઠવાળું હોય તો તેને સર્વત્ર ચલાયમાન કરી શકાય તેવું માનેલું છે. ૨૨૭.

### રત્ન લિંગમાં માન વિકલ્પ.

**समस्तमणिजातीनां दीप्तिः सान्निध्यकारणम् ॥**
**मानोन्मानप्रमाणादि रत्ने ग्राह्यं न वा बुधैः ॥२२८॥**

"Aho Shrutgyanam"

સમસ્ત મણિ જાતિનાં લિંગોની કાંતિ એજ શિવનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. તેથી વિદ્વાનોએ રત્ન લિંગોમાં માન, ઉન્માન અને પ્રમાણ વગેરે જોવાની જરૂર નથી. ૨૨૮.

## ચલાચલ લિંગ.

**शैलेयं भोगदं लिङ्गं मृन्मयं सर्वकामदम् ॥**
**दारुजं वसुसिद्ध्यर्थं सर्वमतश्चलाचलम् ॥२२९॥**

પાષાણનું લિંગ વૈભવ આપનારૂં, માટીનું સર્વ કામનાઓને પૂર્ણ કરનારૂં અને કાષ્ઠનું લિંગ ધનની સિદ્ધિ આપનારૂં છે. એ સિવાયનાં બીજાં બધાં લિંગો સ્થિર અને અસ્થિર ફલ આપનારાં જાણવાં. ૨૨૯.

## ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ લિંગમાન.

**एकाङ्गुलादिपञ्चान्तं लिङ्गं स्याच्च कनिष्ठकम् ॥**
**षट्पूर्वादिदशान्तश्च मध्यमेकादशादितः ॥२३०॥**

એક આંગળથી પાંચ આગળ સુધીનું લિંગ કનિષ્ઠ, છ થી દશ સુધીનું મધ્યમ અને અગીઆર આંગળથી મોટા માનનું લિંગ ઉત્તમ જાણવું. ૨૩૦.

## સ્થિર અસ્થિર લિંગ.

**नैकहस्तादितोऽधस्ते प्रासादे स्थिरतां नयेत् ॥**
**स्थिरं न स्थापयेद्गेहे गृहिणां दुःखकृच्च यत् ॥२३१॥**

એક ગજથી નાના પ્રાસાદમાં સ્થિર લિંગનું સ્થાપન કરવું નહિ. તથા ઘરમાં સ્થિર (અચલ) લિંગ સ્થાપવું નહિ; કારણ કે ગૃહસ્થોને તે દુઃખકર્તા છે. ૨૩૧.

## મુખ્ય પ્રમાણ મનસ્તુષ્ટિ.

**बाणे लक्षणहीनेऽपि यत्र वै रोचते मनः ॥**
**तत्र पूजां हि कर्तॄणां धर्मकामार्थमोक्षदम् ॥२३२॥**

યદ્યપિ બાણલિંગ લક્ષણહીન હોય તો પણ જેના દર્શનથી મનને સંતોષ થતો હોય તેની પૂજા કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મળે છે. ૨૩૨.



"Aho Shrutgyanam"

## નવ રત્નલિંગ પ્રમાણ.

**रत्नमेकाङ्गुलं लिङ्गमङ्गुलाङ्गुलवृद्धितः ॥**
**नवान्तं नवलिङ्गानि वृद्धिर्वा मुद्गमानिका ॥२३३॥**

રત્નલિંગ એક આંગળનું કરવું અને પછી એક એક આંગળની વૃદ્ધિ નવ આંગળ સુધી કરવી. અથવા મગના દાણાના માને વૃદ્ધિ કરવી. આ રીતે નવ રત્ન લિંગોનું પ્રમાણ જાણવું. ૨૩૩.

## નવ ધાતુલિંગ પ્રમાણ.

**धातोरष्टाङ्गुलं पूर्वमष्टाष्टाङ्गुलवर्धनात् ॥**
**त्रिहस्तान्तं नवैवं स्युर्लिङ्गानि च यथाक्रमम् ॥२३४॥**

ધાતુનું પહેલું લિંગ આઠ આંગળનું કરવું અને પછી આઠ આઠ આંગળની વૃદ્ધિ ત્રણ ગજ સુધી કરવી. આ નવ ધાતુલિંગોનું પ્રમાણ જાણવું. ૨૩૪.

## નવ કાષ્ઠલિંગ પ્રમાણ.

**दृढकाष्ठमयं लिङ्गं कर्तव्यं षोडशाङ्गुलम् ॥**
**षोडशाङ्गुलिका वृद्धिः षट्करान्तं नवैव हि ॥२३५॥**

મજબૂત કાષ્ઠનું પહેલું લિંગ સોળ આંગળના માનનું કરવું અને પછી સોળ સોળ આંગળની વૃદ્ધિ છ ગજ સુધી કરવી. આ નવ કાષ્ઠલિંગોનું પ્રમાણ જાણવું. ૨૩૫.

## નવ પાષાણ લિંગ પ્રમાણ.

**हस्तादिनवहस्तान्तं शैललिङ्गं विधीयते ॥**
**हस्तवृद्ध्या नवैवं स्युर्मध्ये वृद्धिर्यदृच्छया ॥२३६॥**

એક ગજથી નવ ગજ સુધીનાં પાષાણલિંગ કરી શકાય છે. અનુક્રમે એકેક ગજની વૃદ્ધિ નવ ગજ સુધી કરી નવ લિંગો કરવાં. આ નવ લિંગોમાં મધ્યના લિંગોના પ્રમાણની વૃદ્ધિ ઇચ્છાનુસાર થઇ શકે છે. ૨૩૬.

"Aho Shrutgyanam"

### લિંગ વિસ્તાર માન.

**मृद्दारुलोहशैलानां दैर्घ्ये भक्ते जिनांशकैः ॥**
**कुर्यात् षट्सार्धसप्ताष्टनवांशैर्विस्तरं शुभम् ॥२३७॥**

માટી, કાષ્ઠ, લોહ, પાષાણ લિંગોની લંબાઇને ચોવીસે ભાગવી અને તેના સાડા છ, સાત, આઠ અથવા નવ ભાગે પહોળાઇ કરવી તે શુભ છે. ૨૩૭.

### લિંગાર્થે શુભ કાષ્ઠ.

**श्रीपर्णी शिंशुपाशोकः शिरीषः खदिरोऽर्जुनः ॥**
**चंदनं श्रीफलं नीम्बो रक्तचंदनबीजकौ ॥२३८॥**
**कर्पूरो देवदारुश्च चंदनं पारिजातकम् ॥**
**चम्पको मधुवृक्षश्च हिन्तालश्चागुरुः शुभः ॥२३९**

શ્રીપર્ણી, શિંશુષા, અશોક, શિરીષ, ખદિર, અર્જુન, ચંદન, શ્રીફલ, લીમડો, રક્તચંદન, બીજક, કર્પૂર, દેવદારૂ, ચંદન, પારિજાતક, ચંપક, મધુવૃક્ષ (મહુડો), હિન્તાલ અને અગરૂવૃક્ષ; આ વૃક્ષો કાષ્ઠલિંગને માટે શુભ છે. ૨૩૮, ૨૩૯.

### નિષિદ્ધ કાષ્ઠ.

**निर्व्रणाः सुदृढाः सर्वे लिङ्गार्थे सौख्यदायकाः ॥**
**ग्रन्थिकोटरसंयुक्तान् शाखोद्भूतान् परित्यजेत् ॥२४०॥**

છિદ્રરહિત, મજબૂત અને કઠણ એવાં ઉપરનાં સર્વ વૃક્ષોનાં કાષ્ઠ લિંગના માટે સુખદાયી છે; પરંતુ તેમના ગાંઠવાળા, છિદ્રોવાળા અને શાખાપ્રશાખાવાળા ભાગો તજવા. ૨૪૦.

### લિંગ ભેદે પ્રાસાદ ભેદ.

**निलयं दारुलिङ्गानामिष्टकादारुजं शुभम् ॥**
**शैलजं धातुरत्नानां स्वरूपं वाधिकं शुभम् ॥२४१॥**
**धातुजे रत्नजे बाणे दारुजे च स्वयंभुवि ॥**
**गृहं न्यूनाधिकं वापि वक्त्रलिङ्गेषु पार्थिवे ॥२४२॥**

"Aho Shrutgyanam"

કાષ્ઠનાં લિંગોનો પ્રાસાદ ઈંટો અને કાષ્ઠનો કરવો શુભ છે. ધાતુ અને રત્નોનાં લિંગોનો પ્રાસાદ પાષાણનો અથવા તે તે લિંગની જાતિના સ્વરૂપનો કરવો અધિક શુભ છે. ધાતુનાં, રત્નનાં, કાષ્ઠનાં અને સ્વયંભૂ લિંગ તેમજ વક્ત્ર અને પાર્થિવ લિંગનાં મંદિર અધિક અથવા ન્યૂન માનનાં થઈ શકે છે. ૨૪૧, ૨૪૨.

## પ્રાસાદ માને જ્યેષ્ઠલિંગ માન.

**हस्तमानं भवेल्लिङ्गं वेदहस्ते सुरालये ॥**
**ज्येष्ठलिङ्गं तु वेदांशे षड्त्रिंशे नवहस्तकम् ॥२४३॥**

ચાર ગજના પ્રાસાદને એક ગજ લાંબું લિંગ કરવું. અને પ્રાસાદની પહોળાઈના ચોથા ભાગે લિંગ લાંબું કરવાથી જ્યેષ્ઠમાન લિંગ થાય છે. આ પ્રમાણે છત્રીસ ગજના પ્રાસાદમાં નવ ગજ લાંબું લિંગ થાય છે. આ જ્યેષ્ઠ માનના નવ લિંગોનું પ્રમાણ જાણવું. ૨૪૩.

## પ્રાસાદમાને મધ્યમ લિંગ માન.

**पञ्चादिभूतवेदांशे प्रासादे हस्तसंख्यया ॥**
**मध्यमं पञ्चमांशेन हस्तादिनवहस्तकम् ॥२४४॥**

પાંચ ગજથી પીસતાલીસ ગજ સુધીના પ્રાસાદમાં પ્રાસાદ માનથી પાંચમા ભાગે લિંગ લાંબું કરવું. આ નવ હાથ સુધીનાં મધ્યમ માનનાં નવ લિંગોનું પ્રમાણ જાણવું. ૨૪૪.

## પ્રાસાદમાને કનિષ્ઠ લિંગ માન.

**कृतादियुगतत्संख्ये हस्तसंख्ये सुरालये ॥**
**षडंशेन प्रकर्तव्यं हस्तादिनवहस्तकम् ॥२४५॥**

છ ગજથી ચોપન ગજ સુધીના પ્રાસાદને છઠ્ઠા ભાગે એટલે છ ગજે એક ગજ લાંબું લિંગ કરવું. આ પ્રમાણે અનુક્રમે નવ ગજ સુધીનાં કનિષ્ઠમાનનાં નવ લિંગોનું પ્રમાણ જાણવું. ૨૪૫.

## લિંગ માને પ્રાસાદ માન.

**कनिष्ठा ज्येष्ठलिङ्गेषु मध्यमा मध्यमेषु च ॥**
**प्रासादा कनिष्ठे ज्येष्ठाः सीमामानमिदं स्मृतम् ॥२४६॥**

"Aho Shrutgyanam"

જ્યેષ્ઠ માનના લિંગોમાં કનિષ્ઠ, મધ્ય માનના લિંગોમાં મધ્યમ અને કનિષ્ઠ માનના લિંગોમાં જ્યેષ્ઠ માનના પ્રાસાદો કરવા. આ લિંગ અને પ્રાસાદોનું સીમામાન જાણવું. ૨૪૬.

### ગભારા માને લિંગ માન.

**गर्भे पञ्चांशके त्र्यंशैर्ज्येष्ठं लिङ्गं तु मध्यमम् ॥**
**नवांशे पञ्चभागं स्याद्गर्भार्धे कनिष्ठोदयम् ॥२४७॥**

ગભારામાં પાંચ ભાગ કરી ત્રણ ભાગનું લિંગ લાંબું કરવું તે ગભારા માને લિંગનું જ્યેષ્ઠ માન જાણવું. ગભારામાં નવ ભાગ કરી પાંચ ભાગનું મધ્યમ અને ગભારાના અર્ધ ભાગે લિંગ કરવું તે કનિષ્ઠમાન જાણવું. ૨૪૭.

### પ્રાસાદમાને લિંગમાન.

**प्रासादे दशांशेन भागार्धं लिङ्गमेव च ॥**
**लिङ्गमानप्रमाणन्तु तन्मानो वृषभो भवेत् ॥२४८॥**

પ્રાસાદની પહોળાઇમાં દશ ભાગ કરી અર્ધા ભાગનું લિંગ જાડું કરવું. આ લિંગની જાડાઇના માનનું પ્રમાણ જાણવું. નંદી દ્વારના અર્ધા ભાગે ઉંચો કરવો. ૨૪૮.

### શુભ ચિન્હ.

**पद्म शंखो ध्वजः छत्रं खड्गः स्वस्तिकचामरे ॥**
**वज्रं दण्डोऽर्धचन्द्रो गौश्चक्रं मत्स्यो घटः शुभाः ॥२४९॥**

પદ્મ, શંખ, ધ્વજા, છત્ર, તરવાર, સ્વસ્તિક ( સાથીઓ ), ચામર, વજ્ર, દંડ, અર્ધ ચંદ્રાકાર, ગાય, ચક્ર, માછલું અને ઘટ; એ લિંગોમાં હોય તો શુભ ચિન્હો જાણવાં. ૨૪૯.

### વર્ણ ભેદે શુભ રેખા.

**सौख्यदं चिह्नमित्याद्यमावर्त्तो दक्षिणोऽपि यः ॥**
**श्वेता रक्ता पीता कृष्णा रेखा वर्णेषु सौख्यदाः ॥२५०॥**

ઉપર કહેલાં ચિન્હાદિ યુક્ત લિંગ સુખ આપનારૂં જાણવું તથા જે લિંગમાં દક્ષિણાવર્ત્ત (સવળો ભમરો) હોય તે પણ શુભ જાણવું. ધોળી, રાતી, પીળી અને કાળી; એ ચાર રંગની રેખાઓ અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર; એ ચાર વર્ણોને સુખ આપનારી છે. ૨૫૦.

"Aho Shrutgyanam"

## લિંગ સ્વરૂપ માન.

### બ્રહ્મા, વિષ્ણુ, શિવ ભાગમાન.

**ब्रह्मांशश्चतुरस्रोऽधो मध्येऽष्टास्रस्तु वैष्णवः ॥**
**पूजाभागः सुवृत्तः स्यात् पीठोर्ध्वे शङ्करस्य च ॥२५१॥**

જળાધારી ઉપર રહેલા લિંગનો નીચેનો ચોખંડો ભાગ બ્રહ્માનો અંશ જાણવો અને મધ્યનો અષ્ટાસ્ર ( અઠાંશ ) ભાગ વિષ્ણુનો અંશ જાણવો તથા ઉપરનો સુંદર ગોળાકાર ભાગ પૂજાભાગ (શિવનો અંશ) જાણવો. ૨૫૧.

### પૂજાભાગ માન.

**पूजाया एकलांशेन लिङ्गचिह्ने दशांशके ॥**
**पीठस्योर्ध्वे द्विभागेन रेखाः कार्याः प्रदक्षिणाः ॥२५२॥**

લિંગની ઉંચાઇમાં દશ ભાગો કલ્પી તેમાંનો ઉપરનો એક ભાગ પૂજાભાગ જાણવો અને જળાધારીના ઉપરના બે ભાગોએ પ્રદક્ષિણ ક્રમે રેખાઓ કરવી. ૨૫૨.

### મસ્તક માન.

**मस्तकं मानमध्ये तु बाह्यगे राष्ट्रविभ्रमः ॥**
**छत्राभमष्टमांशेन सार्धद्व्यंशषडंशकैः ॥२५३॥**

લિંગનું મસ્તક માનના મધ્ય ભાગે રાખવું અને માનમાંથી બહાર જાય અર્થાત્ ગર્ભે ગોળાઇ ન થતાં વાંકુંચુંકું થાય તો રાષ્ટ્રનો નાશ થાય છે. આઠમા અથવા સાડા આઠમા ભાગે લિંગનો ઉપરનો ભાગ (મસ્તક) છત્રના જેવા આકારનો કરવો. ૨૫૩.

### સ્વરૂપ લક્ષણ.

**त्रपुषाभं विस्तरार्धं कुक्कुटाण्डं शिरो मतम् ॥**
**त्रिभागे लिङ्गविस्तारे चैकांशे भालचन्द्रकम् ॥२५४॥**
**सार्धकांशेन तुल्यं स्याद्दशांशे बुद्बुदाकृति ॥**
**अधोर्ध्वमध्यहीनं यल्लिङ्गं नाशकरं भवेत् ॥२५५॥**

પહોળાઇનો અર્ધભાગ કલાઇના જેવી કાંતિવાળો અને લિંગનું મસ્તક કુકડાના ઇંડાના જેવી લંબગોળ આકૃતિવાળું કરવું. લિંગની પહોળાઇમાં ત્રણ ભાગ કરી એક

"Aho Shrutgyanam"

ભાગમાં ભાલચંદ્ર (અર્ધચંદ્ર) વિસ્તારવો. લંબાઈમાં કરેલા દશ ભાગોમાંથી ઉપરના દોઢ ભાગે બુદ્બુદાકૃતિ ( પાણીમાં થતા પરપોટાના જેવા આકારવાળું ) લિંગ કરવું. ઉપરના ભાગમાં તેમજ મધ્ય ભાગમાં જો લિંગ માનથી ઓછું થાય તો નાશકર્તા જાણવું. ૨૫૪, ૨૫૫.

## સર્વ દેવ સ્થાપન.

**दैर्घ्ये वा संधिरेखाभिर्युक्तं काकपदाकृति ॥**
**लिङ्गं नानाश्रिताः सर्वे लिङ्गे वै सर्वदेवताः ॥२५६॥**
**स्थापयेन्मुख्यदेवस्य स्कंधमेढ्रान्तरे सुरान् ॥**
**एवंविधं प्रकर्तव्यं लिङ्गं सर्वार्थकामदम् ॥२५७॥**

લિંગની લંબાઈમાં રહેલી રેખાઓ સંધિરેખાઓ યુક્ત હોય તો તે લિંગ કાકપદાકૃતિ જાણવું અને તેમાં સર્વ દેવો રહેલા હોય છે. લિંગમાં મુખ્ય દેવના સ્કંધ અને મેઢ્રના વચલા અંતરમાં સર્વ દેવી દેવતાઓ સ્થાપન કરવા. આ પ્રમાણે લિંગ કરવું તે સર્વ અર્થ અને કામનાઓને પૂર્ણ કરનારૂં છે. ૨૫૬, ૨૫૭.

## બાણલિંગ સ્વરૂપ લક્ષણ.

### બાણ લિંગનાં સ્થાન.

**वाराणस्यां प्रयागे च गंगायाः संगमेषु च ॥**
**कुरुक्षेत्रे सरस्वत्यां बाणलिङ्गं शुभावहम् ॥२५८॥**
**यानि वै नर्मदायाश्च ह्यन्तर्वेद्याश्च संगमे ॥**
**केदारे च प्रभासे च बाणलिङ्गं सुखावहम् ॥२५९॥**

કાશી, પ્રયાગ, ગંગાનદીનાં સંગમસ્થાન, કુરૂક્ષેત્ર અને સરસ્વતીમાંથી નીકળેલું બાણલિંગ કલ્યાણકર્તા છે તથા નર્મદા, અન્તર્વેદી, નદીના સંગમ, કેદારેશ્વર અને પ્રભાસ ક્ષેત્રમાંનું બાણલિંગ સુખકર્તા છે. ૨૫૮, ૨૫૯.

## બાણલિંગ પરીક્ષા.

**त्रिपञ्चवारं यस्यैव तुलासाम्यं न जायते ॥**
**तदा बाणं समाख्यातं त्विदं पाषाणसंभवम् ॥२६०॥**

પાષાણનું જે લિંગ ત્રણ અથવા પાંચ વખત તોલતાં દરેક વખતે તેનું સરખું તોલ ન આવે તે બાણલિંગ જાણવું. ૨૬૦.

"Aho Shrutgyanam"

## દોષ લક્ષણ.

**स्थूलं खण्डश्च दीर्घश्च स्फुटितं छिद्रसंयुतम् ॥**
**बिन्दुयुक्तश्च शूलाग्रं कृष्णं पीतं तथैव हि ॥२६१॥**
**वक्रश्च मध्यहीनश्च बहुवर्णश्च यद्भवेत् ॥**
**वर्जयेन्मतिमाँल्लिङ्गं सर्वदोषकरं यतः ॥२६२॥**

જે બાણલિંગ જાડું, ખંડિત થએલું, લાંબું, ફાટેલું, છિદ્રોવાળું, ટપકાંવાળું, જેનો અગ્ર ભાગ ત્રિશૂલની અણી જેવો હોય તેવું, કાળું, પીળું, વાંકું, મધ્યમાં પાતળું અને ઘણા વર્ણોવાળું હોય તેનો બુદ્ધિમાન પુરૂષે ત્યાગ કરવો. કારણ કે તે સમસ્ત દોષોને ઉત્પન્નકર્તા છે. ૨૬૧, ૨૬૨.

## ભક્તિપૂર્વક પૂજાવિધાન.

**महानदीसमुद्भूतं सिद्धिक्षेत्रादिसंभवम् ॥**
**पाषाणं परया भक्त्या लिङ्गं तत्पूजयेत्सुधीः ॥२६३॥**

મહાનદી (મોટી, સતતધારાથી વહેનારી નદીઓ ) તથા સિદ્ધિક્ષેત્ર વગેરેમાંથી ઉત્પન્ન થએલું પાષાણલિંગ બુદ્ધિમાન પુરૂષે ઘણી શ્રદ્ધા અને ભક્તિપૂર્વક પૂજવું. ૨૬૩.

## નિત્ય બાણપૂજા વિધાન.

**सदोषं गुणयुक्तं वा बाणं पूज्यं हि नित्यशः ॥**
**बलं लक्ष्मीं समाक्रम्य भुज्यते बाणलिङ्गतः ॥२६४॥**

બાણલિંગ દોષયુક્ત હોય અથવા ગુણયુક્ત હોય પરંતુ હમેશાં પૂજવા યોગ્યજ છે. કારણ કે બાણલિંગના પૂજનથી મનુષ્ય બલપૂર્વક લક્ષ્મીને તાબે કરી તેનો ઉપભોક્તા બને છે. ૨૬૪.

## લિંગપૂજને ફલ.

**सर्वयज्ञतपोदानं तथा वेदेषु यत्फलम् ॥**
**तत्फलं कोटिगुणितं प्राप्यते लिङ्गपूजनात् ॥२६५॥**

લિંગનું પૂજન કરવાથી સર્વ યજ્ઞ, તપ અને દાન તથા વેદોનું પઠન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય તેથી કરોડો ગણું ફળ પ્રાપ્ત થાય છે. ૨૬૫.

"Aho Shrutgyanam"

**शतवारं कुरुक्षेत्रे सहस्त्रं जाह्नवीजले ॥**
**लक्षवारं नर्मदायां कोटिश्च कुरुजाङ्गले ॥२६६॥**
**कृत्वा स्नानं तथा पिण्डं होमं दानञ्च भोजनम् ॥**
**गुणितं कोटिवारश्च सर्वं पुण्यं लभेन्नरः ॥२६७॥**

માણસ કુરૂક્ષેત્રમાં સો વખત, ગંગાજળમાં હજાર વખત, નર્મદામાં લાખવાર અને કુરૂજાંગલમાં કરોડોવાર સ્નાન, પિંડદાન, હોમ, દાન અને ભોજનાદિ પુણ્યકાર્ય કરવાથી જે પુણ્ય ફલ મેળવે છે તેનાથી કરોડો ગણું પુણ્ય તેને લિંગના પૂજનથી મળે છે. ૨૬૬, ૨૬૭.

## શિવતીર્થોદક.

**पद्मे शतसहस्त्रेषु बाणे पञ्चशतेषु च ॥**
**स्वयंभुवि सहस्त्रान्ते शिवतीर्थोदकं स्मृतम् ॥२६८॥**

જ્યાં એક લાખ કમળો, પાંચસો બાણુલિંગ અને એક હજાર સ્વયંભૂલિંગ હોય ત્યાં શિવતીર્થોદક જાણવું. ૨૬૮.

## લિંગ દૈર્ધ્ય, વિસ્તાર તથા વૃષમાન.

**लिङ्गायामसमं दैर्घ्ये चोच्छ्रये पीठिका समा ॥**
**सप्तभागायतो नंदी पञ्चभागोन्नतो भवेत् ॥२६९॥**

લિંગની જાડાઈ પ્રમાણે ઉંચાઇ રાખવી અને ઉંચાઇ પ્રમાણે પીઠિકા ( જળાધારી ) રાખવી. નંદી ( વૃષ ) સાત ભાગ લાંબો અને પાંચ ભાગ ઉંચો કરવો. ૨૬૯.

## ન્યૂનાધિક વૃષમાન.

**बाणलिङ्गे वृषं कुर्यात् स्वयंभूमुखमृन्मये ॥**
**शतसहस्त्रलिङ्गेषु वृषं न्यूनाधिकं विदुः ॥२७०॥**

બાણુલિંગ, સ્વયંભૂલિંગ, મુખલિંગ, મૃન્મયલિંગ તથા એક લાખ લિંગોમાં વૃષ ન્યૂનાધિક કરવો. ૨૭૦.



"Aho Shrutgyanam"

## પીઠિકા સ્વરૂપ લક્ષણ.

**पृथुत्वं पीठिकायास्तु लिङ्गायामसमं भवेत् ॥**
**उदयो विष्णुभागान्त उमावत् पीठिका स्मृता ॥२७१॥**

જળાધારીની પહોળાઇ લિંગની લંબાઇ બરોબર કરવી તથા વિષ્ણુના ભાગ સુધી ઉંચી કરવી. જળાધારી ઉમાનું સ્વરૂપ જાણવું. ૨૭૧.

**विस्तारस्य त्रिभागेन प्रणालश्चाधिकं मतम् ॥**
**तदर्धेनाग्रविस्तारं त्रिभागो जलवाहकः ॥२७२॥**

વિસ્તાર ( પહોળાઈ ) ના ત્રીજા ભાગે પ્રણાલ કરવું અથવા તેથી અધિક અંશે પણ કરવું. તેનાથી અર્ધા ભાગે આગળના ભાગનો વિસ્તાર કરવો અને તેના ત્રીજા ભાગે પાણી જવાનો માર્ગ કરવો. ૨૭૨.

## એક જાતિ પીઠ વિધાન.

**जात्यैकया विधातव्यं नेष्टमन्योन्यसंकरम् ॥**
**आहुः शैलेन्द्रजे केचित् पीठं पक्केष्टकामयम् ॥२७३॥**

જળાધારી એક જાતિની કરવી. મિશ્ર જાતિની જળાધારી ઇષ્ટ નથી. કેટલાક શાસ્ત્રકારો પાષાણના લિંગને પકવેલી ઇંટોની જળાધારી કરવી એમ કહે છે. ૨૭૩.

## સંધિ.

**उपर्युपरि पीठानां संधी रंगावसानके ॥**
**नालस्य मध्यमध्ये च कर्णे संधिं न कारयेत् ॥२७४॥**

ઉપરાઉપરી કરેલી પીઠિકાઓની સંધિ રંગાવસાનક એટલે ગલતની ઘસીઓમાં કરવી. પરંતુ નાલના મધ્યભાગે અને કર્ણે ( કોણમાં ) સંધિ કરવી નહિ. ૨૭૪.

## પીઠિકાના દશ ભેદ.

**चतुरस्रादिवृत्तानां पीठिका दशधा स्मृता ॥**
**उन्नता दर्पणाकारा बाह्ये मेखलयान्विता ॥२७५॥**

ચોરસ, ગોળ આદિ ભેદોએ કરી પીઠિકા દશ પ્રકારની જાણવી. પીઠિકા દર્પણના આકારે ઉન્નત (મધ્યભાગે જરા ઉપેટી) તથા બહારના ભાગે મેખલાવાળી કરવી. ૨૭૫.

"Aho Shrutgyanam"

## પીઠિકામાં જગતી પીઠ માન.

**त्रयोदश तु पीठे ये जगत्याश्च परिक्षिपेत् ॥**
**ऊर्ध्वाधो जाड्यकुम्भश्च तन्मध्ये कणकं भवेत् ॥२७६॥**
**अर्चादैर्घ्यसमा दैर्घ्ये लिङ्गायामायता भवेत् ॥**
**यस्य देवस्य या पत्नी पीठे तां परिकल्पयेत् ॥२७७॥**

જગતીમાં વર્ણવેલી તેર ભાગની પીઠ પ્રમાણે જળાધારીની પીઠ પણ કરવી. જળાધારીને ઉપરનીચે જાડંબો કરવો અને તે જાડંબાની વચમાં કણક, કર્ણિકા–કણી કરવી. જળાધારી લંબાઇમાં લિંગની લંબાઈ સમાન તથા પહોળાઇમાં લિંગની પહોળાઇ બરાબર લિંગને ફરતી કરવી અને જે દેવની જે પત્ની હોય તેની પીઠમાં કલ્પના કરવી. ૨૭૬, ૨૭૭.

## મુખલિંગ લક્ષણ.

**मुखलिङ्गं त्रिवक्त्रं स्यादेकवक्त्रं चतुर्मुखम् ॥**
**सन्मुखश्चैकवक्त्रं स्यात् त्रिवक्त्रं पृष्ठतो नहि ॥२७८॥**

મુખલિંગ અથવા મુખસહિત લિંગ ત્રણ મુખવાળું, એક મુખવાળું અથવા ચાર મુખવાળું કરવું. એક મુખવાળું મુખલિંગ સન્મુખ કરવું અને ત્રણ મુખવાળા મુખ-લિંગને પૃષ્ઠ ભાગે મુખ કરવું નહિ. ૨૭૮.

**पश्चिमास्यं सितं शुभ्रं कुङ्कुमाभं तथोत्तरम् ॥**
**याम्यं कृष्णकरालं स्यात् प्राच्यं दीप्ताग्निसन्निभम् ॥२७९॥**

મુખલિંગનું પશ્ચિમ દિશા તરફનું મુખ શ્વેત કાંતિવાળું, ઉત્તર દિશા તરફનું કુંકુમની કાંતિવાળું, દક્ષિણ દિશાનું કાળું અને ભયંકર કાંતિવાળું તથા પૂર્વ દિશા તરફનું મુખ પ્રજ્વલિત અગ્નિ સમાન કાંતિવાળું કરવું. ૨૭૯.

**सद्यो वामं तथा घोरं तत्पुरुषश्च चतुर्थकम् ॥**
**पञ्चमश्च तथेशानं योगिनामप्यगोचरम् ॥२८०॥**

સદ્યોજાત, વામદેવ, અઘોર, ચોથા તત્પુરૂષ અને પાંચમા ઇશાન રૂદ્રનાં સ્વરૂપો યોગી લોકોને પણ અગમ્ય છે. ૨૮૦.

"Aho Shrutgyanam"

## એક દ્વાર શિવાયતન.

वामे गणाधिपः स्थाप्यो दक्षिणे पार्वती तथा ॥
नैऋत्ये भास्करं विद्याद् वायव्ये च जनार्दनम् ॥२८१॥
मातृकामातृसंस्थानं कारयेद् दक्षिणां दिशम् ॥
सौम्ये शान्तिगृहं कुर्याद्यक्षाधीशस्तु पश्चिमे ॥२८२॥

એક દ્વાર શિવાયતનમાં વામ ભાગે ગણપતિ, દક્ષિણ ભાગે પાર્વતી, નૈરૂત્ય કોણમાં સૂર્ય, વાયુકોણમાં જનાર્દન, દક્ષિણ દિશામાં માતૃકા દેવીઓનું સંસ્થાન, ઉત્તર દિશામાં શાન્તિગૃહ અને પશ્ચિમ દિશામાં કુબેર બેસાડવા. ૨૮૧, ૨૮૨.

## ચતુર્મુખ શિવાયતન.

वामे शान्तिगृहं कुर्याद्यशोद्वारश्च दक्षिणे ॥
मध्ये रुद्रः प्रतिष्ठाप्यो मातृस्थानश्च दक्षिणे ॥२८३॥
वामे देवी महालक्ष्मीरुमा वै भैरवस्तथा ॥
ब्रह्मविष्णू तथा रुद्रं पृष्ठिदेशे तु कारयेत् ॥२८४॥
चन्द्रादित्यौ स्थितौ कर्णौ आग्नेयां स्कंद एव च ॥
ईशाने विघ्नराजश्च धूम्र ईशानगोचरे ॥२८५॥

ચતુર્મુખ શિવાયતનમાં વામભાગે શાન્તિગૃહ અને દક્ષિણભાગમાં યશોદ્વાર કરવું. મધ્યભાગે રૂદ્ર સ્થાપવો. દક્ષિણ દિશામાં માતૃકા દેવીઓનું સ્થાન કરવું. વામભાગમાં દેવી મહાલક્ષ્મી, ઉમા તથા ભૈરવ બેસાડવા. પાછળના ભાગમાં બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર સ્થાપવા. કોણાઓમાં ચંદ્ર અને સૂર્ય બેસાડવા, અગ્નિકોણમાં સ્કંદ, ઈશાનકોણમાં ગણેશ તથા નૈઋત્યકોણમાં ધૂમ્ર બેસાડવો. ૨૮૩, ૨૮૪, ૨૮૫.

## શિવના અષ્ટ દ્વારપાલ.

### પૂર્વ દિશાના

मातुलिङ्गश्च नागेन्द्रं डमरूं बीजपूरकम् ॥
नन्दी मुकुटशोभाढ्यः सर्वाभरणभूषितः ॥२८६॥
खट्वाङ्गश्च कपालश्च डमरूं बीजपूरकम् ॥
दंष्ट्राकरालवदनो महाकालस्तु दक्षिणे ॥२८७॥

"Aho Shrutgyanam"

બીજોરૂં, સર્પ, ડમરૂ અને બીજપૂરકધારી, મુકુટની શોભાવાળો તથા સર્વાલંકારોથી વિભૂષિત પૂર્વદિશાના વામભાગે રહેલો નંદી નામનો દ્વારપાલ જાણવો. તેમજ ખટ્વાંગ, કપાલ, ડમરૂ અને બીજપૂરકધારી અને દંષ્ટ્રાથી વિકરાળ મુખવાળો પૂર્વ દિશાના દક્ષિણ ભાગે રહેલો મહાકાલ નામનો દ્વારપાલ જાણવો. ૨૮૬, ૨૮૭.

## દક્ષિણ દિશાના

**तर्जनीश्च त्रिशूलश्च डमरूं गजमेव च ॥**
**हेरम्बो वामभागे स्याद् भृंगी दक्षिणतः स्मृतः ॥२८८॥**
**गजं डमरूश्च खट्वाङ्गं तर्जनीं वामहस्तके ॥**
**उभौ च दक्षिणे द्वारे भृङ्गी दक्षिणतः शुभः ॥२८९॥**

તર્જની, ત્રિશૂલ, ડમરૂ અને ગજધારી દક્ષિણ દિશાના ડાબા ભાગે રહેલો હેરંબ નામનો તથા ગજ, ડમરૂ, ખટ્વાંગ અને વામ હસ્તમાં તર્જનીવાળો દક્ષિણ દિશાના જમણા ભાગમાં રહેલો ભૃંગી નામનો દ્વારપાલ જાણવો. ૨૮૮, ૨૮૯.

## પશ્ચિમ તથા ઉત્તર દિશાના

**त्रिशूलं डमरूश्चैव खट्वाङ्गश्च कपालकम् ॥**
**कपालं डमरूं दन्तं बीजपूरं तथा दधत् ॥२९०॥**
**दुर्मुखः पश्चिमे वामे पाण्डुरो दक्षिणे तथा ॥**
**मातुलिङ्गं मृणालश्च खट्वाङ्गपद्मदण्डकौ ॥२९१॥**
**सितो वामेऽसितो दक्षे उत्तरद्वारसंस्थितौ ॥**
**पद्मदण्डश्च खट्वाङ्गं मृणालं बीजपूरकम् ॥२९२॥**

ત્રિશૂલ, ડમરૂ, ખટ્વાંગ અને કપાલધારી પશ્ચિમ દિશાના વામ ભાગમ રહેલો દુર્મુખ નામનો તથા કપાલ, ડમરૂ, દાંત અને બીજપૂરકધારી પશ્ચિમ દિશાના દક્ષિણ ભાગે રહેલો પાંડુર નામનો દ્વારપાલ જાણવો. માતુલિંગ, કમળ, ખટ્વાંગ અને પદ્મદંડધારી ઉત્તર દિશાના વામભાગસ્થિત સિત નામનો તથા પદ્મદંડ, ખટ્વાંગ, કમળ અને બીજપૂરકધારી ઉત્તર દિશાના દક્ષિણ ભાગમાં રહેલો અસિત નામનો દ્વારપાલ જાણવો. ૨૯૦, ૨૯૧, ૨૯૨.

"Aho Shrutgyanam"

# દેવી સ્વરૂપ લક્ષણ વર્ણન.

## ઉમાદેવી.

**अथ गौर्याः प्रवक्ष्यामि प्रमाणं मूर्तिनिर्णयम् ॥**
**चतुर्भुजा त्रिनेत्रा च सर्वाभरणभूषिता ॥२९३॥**
**अक्षसूत्राम्बुजे धत्ते दर्पणश्च कमण्डलुम् ॥**
**उमानाम्नी भवेन्मूर्तिर्वंदिता त्रिदशैरपि ॥२९४॥**

હવે ગૌરીની મૂર્તિનું પ્રમાણ કહીશ. ચાર ભુજાવાળી, ત્રણ નેત્રવાળી, સર્વ આભરણોથી વિભૂષિત, અક્ષમાલા, પદ્મ, દર્પણ અને કમંડલુ જેણે પ્રદક્ષિણ ક્રમે ચારે ભુજાઓમાં ધારણ કરેલાં છે એવી તથા દેવતાઓથી વંદિત થયેલી ઉમા નામની ગૌરીની મૂર્તિ જાણવી. ૨૯૩, ૨૯૪.

## પાર્વતી.

**अक्षसूत्रं शिवं देवं गणाध्यक्षं कमण्डलुम् ॥**
**पक्षद्वयेऽग्निकुण्डौ च पार्वती पर्वतोद्भवा ॥२९५॥**

દક્ષિણક્રમે નીચેના હાથમાં અક્ષમાલા, ઉપરના હાથમાં જળાધારી સહિત શિવલિંગ, વામ બાજુના ઉપરના હાથમાં ગણેશ અને નીચેના હાથમાં કમંડલુ ધારણ કરેલી તથા બન્ને બાજુએ અગ્નિકુંડોથી યુક્ત અને પર્વતથી ઉદ્ભવેલી પાર્વતીની મૂર્તિ જાણવી. ૨૯૫.

## ગૌરી.

**अक्षसूत्रं तथा पद्ममभयश्च वरं तथा ॥**
**गोधासनाश्रया मूर्तिर्गेहे पूज्या श्रियै सदा ॥२९६॥**

અક્ષમાલા, પદ્મ, અભય અને વરદ હાથવાળી તથા ઘોના ઉપર બેઠેલી ગૌરીની મૂર્તિ ઘરમાં સદા પૂજવી. તે લક્ષ્મીને આપનારી છે. ૨૯૬.

## રંભાગૌરી.

**कमण्डल्वक्षसूत्रे च बिभ्राणा वज्रमङ्कुशम् ॥**
**गजासनस्थिता रम्भा कर्तव्या सर्वकामदा ॥२९७॥**

"Aho Shrutgyanam"

કમંડલુ, અક્ષમાલા, વજ્ર અને અંકુશ ધારિણી તથા હાથીના વાહનવાળી રંભા નામની ગૌરીની મૂર્તિ કરવી. તે સર્વ કામનાઓને આપનારી છે. ૨૯૭.

## ચામુંડાગૌરી.

शूलाक्षसूत्रदण्डांश्च बिभ्राणा श्वेतचामरम् ॥
चामुण्डेति समाख्याता सर्वपापप्रणाशिनी ॥२९८॥

ત્રિશૂલ, અક્ષમાલા, દંડ અને શ્વેત ચામર ધારણ કરનારી ચામુંડા નામની ગૌરીની મૂર્તિ કરવી તે સર્વ પાપને નાશ કરનારી છે. ૨૯૮.

## ત્રિપુરાગૌરી.

नागपाशाङ्कुशौ चैवाभयदं वरदं करम् ॥
त्रिपुरा नाम संपूज्या वंदिता त्रिदशैरपि ॥२९९॥

નાગપાશ, અંકુશ, અભય તથા વરદ ભુજાવાળી ત્રિપુરા નામની ગારીની મૂર્તિ પૂજવી. જે દેવતાઓથી પણ વંદિત થએલી છે. ૨૯૯.

## ગૌરી આયતન.

वामे सिद्धी रमा याम्ये सावित्री चैव पश्चिमे ॥
पृष्ठे कर्णद्वये कार्या भगवती सरस्वती ॥३००॥
ईशाने तु गणेशः स्यात्कुमारश्चाग्निकोणके ॥
मध्ये गौरी प्रतिष्ठाप्या सर्वाभरणभूषिता ॥३०१॥

ગૌર્યાયતનમાં વામ ભાગે સિદ્ધિ, દક્ષિણ ભાગે લક્ષ્મી, પશ્ચિમે સાવિત્રી, પાછળના બન્ને કર્ણોમાં ભગવતી અને સરસ્વતી, ઇશાન કોણમાં ગણેશ અને અગ્નિકોણે કુમારસ્વામી સ્થાપવા તથા મધ્ય ભાગમાં સર્વ આભરણોથી વિભૂષિત ગૌરીની પ્રતિષ્ઠા કરવી. ૩૦૦, ૩૦૧.

## ગૌરીની અષ્ટ દ્વારપાલિકાઓનાં નામ.

जया च विजया चैव ह्यजिता चापराजिना ॥
विभक्ता मङ्गला चैव मोहिनी स्तम्भिनी तथा ॥३०२॥

"Aho Shrutgyanam"

જયા, વિજયા, અજિતા, અપરાજિતા, વિભક્તા, મંગલા, મોહિની અને સ્તંભિની; આ આઠ ગૌરીની દ્વારપાલિકાઓ જાણવી. ૩૦૨.

**अभयाङ्कुशपाशैश्च दण्डेनैव जया मता ॥**
**सव्यापसव्ययोगेन विजया नाम सा भवेत् ॥३०३॥**
**अभयाब्जपाशदण्डै राजिता चापराजिता ॥**
**अभयवज्राङ्कुशदण्डैर्विभक्ता चैव मङ्गला ॥३०४॥**
**अभयशङ्खाब्जदण्डैर्मोहिनी स्तंभिनी तथा ॥**
**गौर्या आयतने सृष्ट्या चाष्टौ स्युर्द्वारपालिकाः ॥३०५॥**

અભય, અંકુશ, પાશ અને દંડધારિણી જયા તથા ડાબા જમણાં આયુધો કરવાથી વિજયા નામની દ્વારપાલિકા જાણવી. અભય, પદ્મ, પાશ અને દંડધારિણી અજિતા અને આયુધોને સવ્યાપસવ્ય કરવાથી અપરાજિતા; અભય, વજ્ર, અંકુશ અને દંડધારિણી વિભક્તા અને આયુધોના સવ્યાપસવ્ય યોગે મંગલા; અભય, શંખ, પદ્મ અને દંડધારિણી મોહિની તથા સવ્યાપસવ્ય યોગે સ્તંભિની નામની દ્વારપાલિકા જાણવી અને આ આઠે દ્વારપાલિકાઓ ગૌરીના પ્રાસાદમાં પૂર્વથી પ્રદક્ષિણ ક્રમે ચારે દિશામાં સ્થાપવી. ૩૦૩, ૩૦૪, ૩૦૫.

## ગણેશ સ્વરૂપ લક્ષણ.

### ગણેશ.

**दन्तश्च परशुं पद्मं मोदकश्च गजाननः ॥**
**गणेशो मूषकारूढो बिभ्राणः सर्वकामदः ॥३०६॥**

હાથીદાંત, ફરસી, પદ્મ અને મોદક ( લાડુ ) ધારી ચાર હાથવાળા, હાથીના મુખવાળા તથા ઉંદર ઉપર બેઠેલા સર્વ કામનાઓને પૂરનારા ગણેશ જાણવા. ૩૦૬.

### હેરંબ.

**वरं तथाङ्कुशं दन्तं दक्षिणे परशुं तथा ॥**
**वामे कपालबाणाक्षान् कौमोदिकीं तथैव हि ॥३०७॥**
**धारयन्तं करेभ्यश्च पञ्चवक्त्रं त्रिलोचनम् ॥**
**हेरम्बं मूषकारूढं कुर्यात्सर्वार्थकामदम् ॥३०८॥**

"Aho Shrutgyanam"

વર, અંકુશ, દંત અને પરશુ જમણા ચારે હાથમાં અને કપાલ, બાણ, માલા અને કૌમોદકી ગદા વામ હાથોમાં ધારણ કરેલા, પાંચ મુખવાળા, ત્રણ નેત્રવાળા અને મૂષક ઉપર બેઠેલા હેરંબ ગણેશ કરવા. તે સર્વ ઇચ્છિત ફળના દેનારા છે. ૩૦૭, ૩૦૮.

### વક્રતુંડ.

**लम्बोदरं त्रिनेत्रश्च पाशाङ्कुशधरं परम् ॥**
**वरदाभयहस्तश्च लसत्कर्णं सचामरम् ॥३०९॥**

ત્રણ નેત્રવાળા, પાશ અને અંકુશધારી તથા વરદ અને અભય હસ્તવાળા, કર્ણોમાં કુંડલધારી, ચામરવાળા અને લાંબા ઉદરવાળા વક્રતુંડ ગણેશ જાણવા. ૩૦૯.

### ગણેશાયતન.

**वामाङ्गे गजकर्णं तु सिद्धिं दद्याच्च दक्षिणे ॥**
**पृष्ठिकर्णे तथा द्वौ च धूम्रको बालचन्द्रमाः ॥३१०॥**
**उत्तरे तु सदा गौरी याम्ये चैव सरस्वती ॥**
**पश्चिमे यक्षराजश्च बुद्धिः पूर्वे सुसंस्थिता ॥३११॥**

ગણેશાયતનમાં વામાંગે ગજકર્ણ, દક્ષિણ અંગે સિદ્ધિ, પૃષ્ઠિકર્ણોમાં ધૂમ્રક અને બાલચંદ્રમા, ઉત્તર દિશામાં ગૌરી, દક્ષિણ દિશામાં સરસ્વતી, પશ્ચિમે યક્ષરાજ કુબેર તથા પૂર્વ દિશામાં બુદ્ધિ દેવતા સ્થાપવી. ૩૧૦, ૩૧૧.

### ગણેશના અષ્ટ દ્વારપાળ.

**सर्वे च वामनाकाराः सौम्याश्च पुरुषाननाः ॥**
**तर्जनी परशुः पद्म ह्यविघ्नो दण्डहस्तकः ॥३१२॥**
**तर्जनीदण्डापसव्ये तु स भवेद् विघ्नराजकः ॥**
**तर्जनी खड्गखेटे च दण्डहस्तश्च वक्रकः ॥३१३॥**
**तर्जनीदंडापसव्ये तु दक्षिणे बलवान् भवेत् ॥**
**तर्जनी बाणचापे च दण्डश्च गजकर्णकः ॥३१४॥**
**तर्जनीदंडापसव्ये तु गोकर्णः पश्चिमे स्मृतः ॥**
**तर्जनीपद्माङ्कुशांश्च दण्डं हस्तेषु सौम्यकः ॥३१५॥**
**तर्जनीदण्डापसव्ये तु स चैव श्रुतिदायकः ॥**
**पक्षद्वारादिके सर्वे प्राच्यादिपृष्ठसंस्थिताः ॥३१६॥**



"Aho Shrutgyanam"

ગણેશના આઠ પ્રતિહારો વામનાકાર, સૌમ્ય સ્વરૂપ અને પુરૂષના મુખવાળા કરવા. તર્જની, પરશુ, પદ્મ અને દંડધારી અવિઘ્ન નામે દ્વારપાળ તથા તર્જની અને દંડને પરસ્પર બદલી ડાબાજમણી કરવાથી વિઘ્નરાજ નામે જાણવો. તર્જની, ખડ્ગ, ઢાલ અને દંડધારી સુવક્ર નામે તથા તર્જની અને દંડના સવ્યાપસવ્ય યોગે બલવાન નામે દ્વારપાળ જાણવો. તર્જની, બાણ, ધનુષ્ય અને દંડધારી ગજકર્ણ નામે તથા તર્જની અને દંડના સવ્યાપસવ્ય યોગે ગોકર્ણ નામે પશ્ચિમ દ્વારના દ્વારપાળ જાણવા. તર્જની, પદ્મ, અંકુશ અને દંડધારી સૌમ્યક નામે તથા તર્જની અને દંડના સવ્યાપસવ્ય યોગે શ્રુતિદાયક નામે દ્વારપાળ જાણવો. આ સર્વ પ્રતિહારો પૂર્વાદિ દિશાઓના ક્રમે દ્વારોના બન્ને પડખે રહેલા જાણવા. ૩૧૨, ૩૧૩, ૩૧૪, ૩૧૫, ૩૧૬.

## શ્રી કાર્તિકસ્વામી.

**कार्त्तिकेयं प्रवक्ष्यामि तरुणादित्यसन्निभम् ॥**
**कमलोदरवर्णाभं कुमारं सुकुमारकम् ॥३१७॥**
**खण्डकैश्चीरकैर्युक्तं मयूरवरवाहनम् ॥**
**स्थानीयं खेटनगरे भुजा द्वादश कल्पयेत् ॥३१८॥**
**चतुर्भुजं कर्पटे स्याद् वने ग्रामे द्विबाहुकम् ॥**
**दक्षिणे शक्तिपाशौ च खड्गं बाणं त्रिशूलकम् ॥३१९॥**
**वरदश्चैकहस्तः स्यादथवाऽभयदो भवेत् ॥**
**धनुः पताका मुष्टिश्च तर्जनी तु प्रसारिता ॥३२०॥**
**खेटकं ताम्रचूडश्च वामहस्तेषु शस्यते ॥**
**द्विभुजस्य करे शक्तिर्वामोर्ध्वे चैव कुर्कुटः ॥३२१॥**
**चतुर्भुजे शक्तिपाशौ वामतो दक्षिणे त्वसिः ॥**
**वरदोऽभयदो वापि दक्षिणे स्यात्तुरीयकः ॥३२२॥**

કાર્ત્તિકસ્વામી નવીન ઉદય પામતા સૂર્યની કાંતિ સમાન કાંતિવાળા તેમજ કમળના ઉદરના વર્ણની સમાન કાંતિવાળા સુકુમાર કુમાર કરવા. તથા ખંડ વસ્ત્રોથી ભૂષિત થએલા અને મયૂરના વાહન સહિત કરવા. * ખેટ અથવા નગરમાં બાર ભુજાવાળી મૂર્તિ કરવી. કર્પટમાં ચતુર્ભુજવાળી અને વન તથા ગ્રામમાં બે ભુજાવાળી મૂર્તિ કરવી.

---

* ૧૭, ૧૩ કે ૯ હાથ પહોળા રસ્તા જેમાં હોય તે ક્રમે જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ નગર કહેવાય છે. નગરના અર્ધને ગ્રામ, ગ્રામના અર્ધ જેટલાને ખેટ અને ખેટના અર્ધ જેટલું નાનું ગામડું હોય તેને કર્પટ કહે છે.

"Aho Shrutgyanam"

દક્ષિણ હાથોમાં શક્તિ, પાશ, ખડ્ગ, બાણ, ત્રિશૂલ અને એક હાથ વરદ અથવા અભય આપનારો કરવો. વામ હાથોમાં ધનુષ, પતાકા, મુષ્ટિ, તર્જની (ઉંચી કરેલી), ઢાલ અને કુકુડો આપવો શુભ છે.

બે ભુજાવાળી મૂર્તિના દક્ષિણ હાથમાં શક્તિ અને વામ હાથમાં બેઠેલો કુકુડો આપવો. ચાર ભુજાવાળી મૂર્તિના દક્ષિણ હાથોમાં તરવાર અને વરદ અથવા અભય તથા વામ હાથોમાં શક્તિ અને પાશ આપવો. ૩૧૭, ૩૧૮, ૩૧૯, ૩૨૦, ૩૨૧, ૩૨૨.

## પંચ લીલાદેવી.

**अक्षसूत्राम्बुपात्रे च ह्यधोहस्तौ प्रकाशयेत् ॥**
**सर्वासामीदृशौ हस्तौ द्वावूर्ध्वौ कथयाम्यथ ॥३२३॥**
**पद्मयुग्मे लीलया स्याल्लीला पद्म च पुस्तकम् ॥**
**लीलाङ्गी पाशपद्माभ्यां ललिता वज्रमङ्कुशम् ॥**
**पाशाङ्कुशौ लीलावती लीला वै पञ्च कीर्तिताः ॥३२४॥**

અક્ષમાલા અને જલપાત્રયુક્ત પાંચે લીલા દેવીઓના નીચેના હસ્તો કરવા અને ઉપરના બન્ને હાથોનાં આયુધો નીચે પ્રમાણે જાણવાં.

બન્ને ઉર્ધ્વ હાથમાં બે પદ્મ ધારિણી લીલયા નામે, પદ્મ અને પુસ્તકધારિણી લીલા નામે, પાશ અને પદ્મધારિણી લીલાંગી નામે, વજ્ર અને અંકુશધારિણી લલિતા નામે તથા પાશ અને અંકુશધારિણી લીલાવતી નામે દેવી જાણવી. આ પાંચ લીલાદેવીઓ કહેલી છે. ૩૨૩, ૩૨૪.

## મહાલક્ષ્મી.

**वरं त्रिशूलखेटे च पानपात्रञ्च बिभ्रती ॥**
**नीलकण्ठं तथा नागं महालक्ष्मीः प्रकीर्त्तिता ॥३२५॥**

વર, ત્રિશૂલ, ઢાલ અને જલપાત્રને ધારણ કરનારી તથા મોર અથવા હાથીના વાહનવાળી મહાલક્ષ્મી કહી છે. ૩૨૫.

## ક્ષેમંકરી.

**वरं त्रिशूलपद्मे च पानपात्रं करे तथा ॥**
**क्षेमंकरी तदा नाम क्षेमारोग्यप्रदायिनी ॥३२६॥**

વર, ત્રિશૂલ, પદ્મ અને જલપાત્ર ધારિણી ક્ષેમ અને આરોગ્યને આપનારી ક્ષેમંકરી નામની દેવી જાણવી. ૩૨૬.

"Aho Shrutgyanam"

### હરસિદ્ધિ.

**कमण्डलुश्च खड्गश्च डमरुं पानपात्रकम् ॥**
**हरसिद्धिस्तदा नाम सर्वेषां सिद्धिहेतवे ॥३२७॥**

કમંડલુ, તલવાર, ડમરૂ અને જલપાત્ર ધારણ કરનારી હરસિદ્ધિ નામની દેવી જાણવી અને તે સર્વને સિદ્ધિ આપવામાં કારણભૂત છે. ૩૨૭.

### ત્રણ માત્રી દેવી.

**गोधासना भवेद्गौरी लीलया हंसवाहना ॥**
**सिंहारूढा भवेद्दुर्गा मातरः स्वस्ववाहनाः ॥३२८॥**

ઘોના વાહનવાળી ગૌરી, હંસના વાહનવાળી લીલયા, સિંહારૂઢ થયેલી દુર્ગા અને માતૃદેવતાઓ પોતપોતાના વાહનોવાળી જાણવી. ૩૨૮.

### ચામુંડા.

**चण्डिका क्रूररूपा च पिङ्गकेशा कृशोदरी ॥**
**रक्ताक्षी मग्ननेत्रा च निर्मांसा विकृतानना ॥३२९॥**
**व्याघ्रचर्मपरीधाना भुजङ्गाभरणान्विता ।**
**कपालमालिनी कृष्णा शवारूढा भयावहा ॥३३०॥**
**शूलखेटांकुशाः खड्गो धनुः पाशः कुशेशयम् ॥**
**कुठारो दर्पणं घण्टा शङ्खश्चक्रं गदा पविः ॥३३१॥**
**दण्डो मुद्गर इत्येतै र्यथास्थायुधसंयुता ॥**
**बाहुषोडशसंयुक्ता चण्डमुण्डविघातिनी ॥३३२॥**

ચંડિકા સ્વરૂપ ધારિણી, ક્રૂર સ્વરૂપવાળી, પીળા કેશવાળી, પાતળા ઉદરવાળી, રાતી આંખોવાળી, ઊંડા નેત્રોવાળી, કેવળ હાડપિંજરવાળી અને વિકાળ મુખવાળી તથા વ્યાઘ્રચર્મને ધારણ કરનારી, સર્પોના આભરણોથી વિભૂષિત થયેલી, કપાલની માળા પહેરેલી, કાળા વર્ણની, મુડદા ઉપર બેઠેલી અને ભય ઉત્પન્ન કરનારી તથા ત્રિશૂલ, ઢાલ, અંકુશ, ખડ્ગ, ધનુષ, પાશ, પદ્મ, કુવાડો, દર્પણ, ઘંટા, શંખ, ચક્ર, ગદા, વજ્ર, દંડ અને મુદ્ગર; એ સોળ આયુધોથી યુક્ત સોળ ભુજાવાળી અને ચંડમુંડને મારનારી ચામુંડા દેવી જાણવી. ૩૨૯, ૩૩૦, ૩૩૧, ૩૩૨.

"Aho Shrutgyanam"

## યોગેશ્વરી.

खड्गश्चैव तथा पात्रं मूसलं लाङ्गलं तथा ॥
आख्याता रक्तचामुण्डा देवी योगेश्वरीति च ॥३३३॥

ખડ્ગ, પાત્ર, મૂસલ અને હળ ધારિણી રક્ત ચામુંડા દેવી જાણવી. એને યોગેશ્વરી પણ કહેલી છે. ૩૩૩.

## પ્રશંસા.

अनया व्याप्तमखिलं जगत्स्थावरजङ्गमम् ॥
इमां यः पूजयेद् भक्त्या स व्याप्नोति चराचरम् ॥३३४॥

આ યોગેશ્વરી દેવીથી સમગ્ર સ્થાવર- જંગમાત્મક જગત્ વ્યાપ્ત થએલું છે. જે માણસ ભક્તિપૂર્વક આ દેવીનું પૂજન કરે છે તે સમસ્ત ચરાચર વિશ્વમાં વ્યાપ્ત થાય છે. ૩૩૪.

अधीते य इदं नित्यं रक्तदन्त्याः वपुस्तवम् ॥
तं सा परिचरेद् देवी पतिप्रियमिवाङ्गना ॥३३५॥

રક્તદંતી દેવીના સ્વરૂપના આ સ્તોત્રનો જે પુરૂષ નિત્ય પાઠ કરે છે તેની આ દેવી જેમ સુલક્ષણા પતિવ્રતા અંગના પોતાના પ્રિય પતિની પરિચર્યા કરે તેમ પરિચર્યા કરે છે. ૩૩૫.

## કાત્યાયની દેવી.

कात्यायनीं ततो वक्ष्ये दशहस्तां महाभुजाम् ॥
तेजःप्रतापदां नित्यं नृपाणां सुखबोधिनीम् ॥३३६॥

હવે હું કાત્યાયની દેવીનું સ્વરૂપ કહીશ. જે મોટા દશ હાથોવાળી અને સર્વદા રાજાઓને તેજ અને પ્રતાપ આપનારી તથા સુખ વધારનારી છે. ૩૩૬.

## મહિષાસુરમર્દિની ચંડિકા.

त्रिभङ्गीस्थानसंस्थाना महिषासुरसूदिनी ॥
दक्षिणे शूलखड्गौ च चक्रं बाणाब्जशक्तिकाः ॥३३७॥

"Aho Shrutgyanam"

खेटकं पूर्णचापश्च पाशमङ्कुशमेव च ॥
घण्टाश्च वामतो दद्याद् दैत्यमूर्धजधृत्करा ॥३३८॥
अधस्तान्महिषश्चैव शिरच्छिन्नं प्रदर्शयेत् ॥
शिरच्छेदोद्भवं तद्वद् दानवं खड्गपाणिनम् ॥३३९॥
हृदि शूलेन निर्भिन्नं तिर्यग्दन्तविभूषितम् ॥
रक्तरक्तीकृताङ्गश्च रक्तविस्फारितेक्षणम् ॥३४०॥
देव्यास्तु दक्षिणं पादं समं सिंहोपरि स्थितम् ॥
किञ्चिदूर्ध्वं तथा वाममङ्गुष्ठं महिषोपरि ॥३४१॥

ત્રિભંગીપણે ઉભેલી, મહિષાસુરનો નાશ કરતી, દક્ષિણ હાથમાં ક્રમે ત્રિશૂલ, ખડ્ગ, ચક્ર, બાણ, પદ્મ, શક્તિ, અને વામ હાથમાં ઢાલ, ચઢાવેલું ધનુષ, પાશ, અંકુશ તથા ઘંટા ધારિણી અને એક હાથમાં જેણે દૈત્યનું મસ્તક કેશમાંથી પકડેલું છે એવી કરવી. તથા નીચે જેનું મસ્તક કાપી નાખેલું છે એવો પડેલો પાડો કરવો. તે પ્રમાણે માથું કપાયલો અને જેના હાથમાં તરવાર છે એવો મહિસાસુર દાનવ પણ બતાવવો અને તે હૃદયમાં ત્રિશૂળથી ભેદાયેલો, વાંકા દાંતવાળો, રક્તથી જેનાં અંગો રંગાયેલાં છે, ફાટેલી અને લાલચોળ જેની આંખો છે એવા સ્વરૂપવાળો કરવો. દેવીનો દક્ષિણ પગ સિંહના ઉપર રહેલો તથા વામ પગનો અંગુઠો કંઇક ઉંચેથી મહિષના ઉપર અડકેલો કરવો. ૩૩૭, ૩૩૮, ૩૩૯, ૩૪૦, ૩૪૧.

## ચંડિકાના અષ્ટ દ્વારપાલ.

चंडिकायाः प्रतीहारान् कथयिष्याम्यनुक्रमात् ॥
वैतालः करटश्चैव पिङ्गाक्षो भ्रूकुटिस्तथा ॥३४२॥
धूम्रकः कङ्कटश्चैव रक्ताक्षश्च सुलोचनः ॥
दंष्ट्रानना विकटास्या विस्फुरद्दशनोज्ज्वलाः ॥
बर्बरीकृष्णदेहाश्च रक्ताक्षाश्च महाबलाः ॥३४३॥

ચંડિકાના આઠ પ્રતીહારોનાં નામ અનુક્રમે કહું છું :– વૈતાલ, કરટ, પિંગાક્ષ, ભ્રૂકુટિ, ધૂમ્રક, કંકટ, રક્તાક્ષ અને સુલોચન નામે જાણવા. તે બધા લાંબી દંષ્ટ્રાયુક્ત મુખવાળા, ખુલ્લા મોઢાના, તેજસ્વી અને ધોળા દાંતવાળા, કાબરચિત્રા અને કાળા દેહવાળા, રાતી આંખોવાળા અને મહાબળવાન કરવા. ૩૪૨, ૩૪૩.

"Aho Shrutgyanam"

तर्जनीश्चैव खट्वाङ्गमूर्ध्वं डमरुदण्डकौ ॥
वैतालस्तु समाख्यातोऽपसव्ये करटः पुनः ॥३४४॥
अभयं खड्गखेटे च दंडं पिङ्गललोचनः ॥
सव्यापसव्ययोगेन भवेद्भ्रूकुटिनामकः ॥३४५॥
तर्जनीं वज्राङ्कुशौ च दंडं धूम्रक ईरितः ॥
सव्यापसव्ययोगेन भवेत्कङ्कटनामकः ॥३४६॥
तर्जनीं च त्रिशूलञ्च खट्वाङ्गं दंडमेव च ॥
रक्ताक्षो नामभेदेन वामे चैव त्रिलोचनः ॥
दिग्द्वारपक्षयुग्मेषु प्रशस्ता विघ्ननाशकाः ॥३४७॥

તર્જની, ખટ્વાંગ, ડમરૂ અને દંડધારી વૈતાલ નામે તથા આયુધોના સવ્યાપસવ્ય યોગે કરટ નામે; અભય, ખડ્ગ, ગદા અને દંડધારી પિંગલાક્ષ નામે તથા આયુધના સવ્યાપસવ્ય યોગે ભ્રૂકુટિ; તર્જની, વજ્ર, અંકુશ અને દંડધારી ધૂમ્રક નામે તથા આયુધના સવ્યાપસવ્ય યોગે કંકટ નામે; તર્જની, ત્રિશૂલ, ખટ્વાંગ અને દંડધારી રક્તાક્ષ નામે તથા વામયોગે ત્રિલોચન ( સુલોચન ) નામે દ્વારપાળ જાણવા. દિશાના દ્વારો તથા દ્વારોના બેય પડખામાં પૂર્વાદિ ક્રમે રહેલા દ્વારપાલો પ્રશસ્ત અને વિઘ્નહર્તા છે. ૩૪૪, ૩૪૫, ૩૪૬, ૩૪૭.

## લક્ષ્મી.

अष्टपत्राम्बुजस्योर्ध्वे लक्ष्मीः सिंहासने शुभे ॥
विनायकवदासीना सर्वाभरणभूषिता ॥३४८॥
ऊर्ध्वहस्तौ प्रकर्तव्यौ देव्याः पङ्कजधारिणौ ॥
वामेऽमृतघटं धत्ते दक्षिणे मातुलिङ्गकम् ॥३४९॥

આઠ દળવાળા કમળના શુભ સિંહાસન ઉપર વિનાયકની પેઠે આરૂઢ થયેલી, સર્વ આભરણોથી સમલંકૃત, ઉપરના બન્ને હાથમાં પદ્મધારિણી, નીચેના વામ હસ્તમાં અમૃતનો ઘડો તથા દક્ષિણ બાજુના નીચેના હાથમાં માતુલિંગ ધારણ કરેલી લક્ષ્મી જાણવી. ૩૪૮, ૩૪૯.

## મહાલક્ષ્મી.

क्षेत्रे कोलापुरादन्ये महालक्ष्मीर्यदार्च्यते ॥
लक्ष्मीवत्सा तदा कार्या रूपाभरणभूषिता ॥३५०॥

"Aho Shrutgyanam"

**दक्षिणाधःकरे पात्रमूर्ध्वे कौमोदकी भवेत् ॥**
**वामोर्ध्वे खेटकं धत्ते श्रीफलं तदधःकरे ॥३५१॥**

કોલાપુર ક્ષેત્ર સિવાયના અન્ય ક્ષેત્રમાં જ્યારે મહાલક્ષ્મીનું પૂજન કરવામાં આવે ત્યારે તેનું સ્વરૂપ લક્ષ્મી પ્રમાણે સર્વાભરણોથી સંપન્ન કરવું.

કોલાપુર ક્ષેત્રમાં પૂજવાની મહાલક્ષ્મીની મૂર્તિના દક્ષિણ બાજુના નીચેના હાથમાં પાત્ર તથા ઉપરના હાથમાં કૌમોદકી ગદા આપવી તેમજ વામ બાજુના ઉર્ધ્વ હસ્તમાં ઢાલ અને નીચેના હાથમાં શ્રીફળ આપવું. ૩૫૦, ૩૫૧.

## મહાવિદ્યા અને સરસ્વતી.

**एकवक्त्रा चतुर्हस्ता मुकुटेन विराजिता ॥**
**प्रभामंडलसंयुक्ता कुंडलान्वितशेखरा ॥३५२॥**
**अक्षाब्जवीणापुस्तका महाविद्या प्रकीर्त्तिता ॥**
**वराक्षाब्जपुस्तका च सरस्वती शुभावहा ॥३५३॥**

એક મુખવાળી, ચાર ભુજાવાળી, મુકુટધારિણી, પ્રભામંડલ–તેજના મંડલથી યુક્ત, કુંડલો યુક્ત કર્ણવાળી અને અક્ષમાલા, પદ્મ, વીણા અને પુસ્તકધારિણી મહાવિદ્યા જાણવી તથા ઉપર પ્રમાણેના સ્વરૂપવાળી અને વરદ, અક્ષમાલા, પદ્મ અને પુસ્તકધારિણી કલ્યાણકારી સરસ્વતી જાણવી. ૩૫૨, ૩૫૩.

## બ્રહ્માણી.

**हंसारूढा प्रकर्तव्या साक्षसूत्रकमंडलूः ॥**
**स्रुचश्च पुस्तकं धत्ते ऊर्ध्वहस्तद्वये शुभा ॥३५४॥**

હંસના વાહન ઉપર બેઠેલી, ક્રમે નીચેના હાથોમાં અક્ષમાલા અને કમંડલુ તથા ઉપરના બન્ને હાથોમાં સ્રુચિ અને પુસ્તકધારિણી શુભકર્તા બ્રહ્માણી જાણવી. ૩૫૪.

## માહેશ્વરી.

**माहेश्वरी प्रकर्तव्या वृषभासनसंस्थिता ॥**
**कपालशूलखट्वाङ्गा वरदा च चतुर्भुजा ॥३५५॥**

વૃષભના ઉપર બેઠેલી તથા કપાલ, ત્રિશૂલ, ખટ્વાંગ અને વરદ આયુધોથી સંપન્ન ચારભુજાવાળી માહેશ્વરી દેવી કરવી. ૩૫૫.

"Aho Shrutgyanam"

## કૌમારી.

कुमाररूपकौमारी मयूरवरवाहना ॥
रक्तवस्त्रधृक् वरदा शूलशक्तिगदाधरा ॥३५६॥

કુમાર સ્વરૂપવાળી, મયૂરના વાહનવાળી, રક્ત વસ્ત્રોને ધારણ કરેલી તથા વર, ત્રિશૂલ, શક્તિ અને ગદાધારિણી કૌમારી દેવી જાણવી. ૩૫૬.

## વૈષ્ણવી.

वैष्णवी विष्णुसदृशी गरुडोपरि संस्थिता ॥
चतुर्बाहुश्च वरदा शंखचक्रगदाधरा ॥३५७॥

વિષ્ણુના સમાન સ્વરૂપવાળી, ગરૂડ ઉપર બેઠેલી તથા વર, શંખ, ચક્ર અને ગદાયુક્ત ચાર ભુજાવાળી વૈષ્ણવી દેવી જાણવી. ૩૫૭.

## વારાહી.

वाराहीं तु प्रवक्ष्यामि महिषोपरि संस्थिता ॥
वाराहसदृशी देवी घण्टाचामरधारिणी ॥३५८॥
गदाचक्रधरा तद्वद् दानवेन्द्रविघातिनी ॥
लोकानाञ्च हितार्था या सर्वव्याधिविनाशिनी ॥३५९॥

મહિષ ( પાડા ) ઉપર બેઠેલી, વારાહના જેવા સ્વરૂપવાળી, ઘંટા અને ચામર ધારિણી તેમજ ગદા અને ચક્રધારિણી, દાનવેન્દ્રનો નાશ કરનારી, લોકોની હિતકર્તા તથા સર્વ વ્યાધિઓનો નાશ કરનારી વારાહી દેવી કરવી. ૩૫૮, ૩૫૯.

## ઇન્દ્રાણી.

इन्द्राणी त्विन्द्रसदृशी वज्रशूलगदावरा ॥
गजासनगता देवी लोचनैर्बहुभिर्वृता ॥३६०॥

ઇંદ્રના સમાન સ્વરૂપવાળી, વજ્ર, ત્રિશૂલ, ગદા અને વર યુક્ત ચાર ભુજાવાળી, હાથી ઉપર બેઠેલી અને ઘણા લોચનોવાળી ઇન્દ્રાણી કરવી. ૩૬૦.



"Aho Shrutgyanam"

## રક્ત ચામુંડા.

**दंष्ट्राला क्षीणदेहा च गर्ताक्षा भीमरूपिणी ॥
दिग्बाहुः क्षामकुक्षिश्च मूसलं चक्रमार्गणे ॥३६१॥
अङ्कुशं बिभ्रती खड्गं दक्षिणेष्वथ वामतः ॥
खेटं पाशं धनुर्दंडं कुठारश्चेति बिभ्रती ॥३६२॥
चामुंडा प्रेतगा रक्ता विक्रान्तास्या हि भीषणा ॥
द्विभुजा वा प्रकर्तव्या कर्त्तिकाकर्परान्विता ॥३६३॥**

મોટી વિક્રાળ દાઢોવાળી, શુષ્ક દેહવાળી, ઉંડી આંખોવાળી, ભયંકર સ્વરૂપવાળી, દશ ભુજાવાળી, ક્ષીણ કમરવાળી; મૂસલ, ચક્ર, બાણ, અંકુશ અને ખડ્ગ દક્ષિણ હાથોમાં ધારણ કરેલી તથા ઢાલ, પાશ, ધનુષ, દંડ અને કુઠાર વામ હાથોમાં ધારણ કરનારી, મુડદા ઉપર બેઠેલી, વિક્રાળ મુખવાળી અને ભયંકર રક્તચામુંડા દેવી કરવી. અથવા કર્ત્તિકા અને કર્પરસંયુક્ત બે ભુજાવાળી કરવી. ૩૬૨, ૩૬૩.

## વીરેશ્વર ભગવાન.

**वीरेश्वरश्च भगवान् वृषारूढो धनुर्धरः ॥
वीणात्रिशूलहस्तश्च मातृणामग्रतो भवेत् ॥
मध्ये वा मातरः कार्या अन्ते तासां विनायकः ॥३६४॥**

વૃષ ઉપર બેઠેલા, ધનુર્ધારી, વીણા અને ત્રિશૂળને ધારણ કરેલા વીરેશ્વર ભગવાન કરવા અને તે માત્રી દેવતાઓના અગ્ર ભાગે સ્થાપવા તેમજ મધ્ય ભાગે માત્રી દેવતાઓ સ્થાપવી અને તેમની પાછળના અંત ભાગે વિનાયક સ્થાપવા. ૩૬૪.

## ક્ષેત્રપાલ.

**क्षेत्रपालो विधातव्यो दिग्वासा घंटभूषितः ॥
कर्त्तिकां डमरूं बिभ्रत् दक्षिणे तु करद्वये ॥३६५॥
वामे शूलं कपालश्च मुण्डमालोपवीतिकः ॥
ह्रस्वहस्तो महोरस्कः सर्पग्रन्थितशेखरः ॥३६६॥**

દિગંબર, ઘંટથી વિભૂષિત, દક્ષિણ હાથોમાં કર્ત્તિકા (કરવત) અને ડમરૂ તથા વામ હાથોમાં ત્રિશૂલ અને કપાલધારી, મુંડમાલાના ઉપવીતવાળા, ટુંકા હાથવાળા, મોટી છાતીવાળા અને સર્પોથી વિંટાયલી જટાવાળા ક્ષેત્રપાલ કરવા. ૩૬૫, ૩૬૬.

"Aho Shrutgyanam"

## બટુક ભૈરવ.

**खट्वाङ्गमसिपाशौ च शूलश्च बिभ्रतं करैः ॥**
**डमरूश्च कपालश्च वरदं भुजगं तथा ॥३६७॥**
**आत्मवर्णसमोपेतं सारमेयसमन्वितम् ॥**
**ध्यात्वा जपेत्सुसंहृष्टः सर्वान् कामानवाप्नुयात् ॥३६८॥**

ખટ્વાંગ, તરવાર, પાશ અને ત્રિશૂલ દક્ષિણ હાથોમાં તથા ડમરૂ, કપાળ, વર અને ભુજંગ વામ હાથોમાં ધારણ કરેલો, પોતાના ભૈરવ વર્ણથી યુક્ત, કુતરાસહિત બટુક ભૈરવ કરવો. જે માણસ ઉપરોક્ત સ્વરૂપવાળા બટુક ભૈરવનું હર્ષયુક્ત ધ્યાન કરી જાપ કરે છે તે સર્વ કામનાઓને પામે છે. ૩૬૭, ૩૬૮.

## આઠ આયોનાં સ્વરૂપ.

### ૧ ધ્વજાય.

**ध्वजाभयास्त्रपूर्वेशो ध्वजश्च ध्वजरूपकः ॥**
**बालार्कसदृशो भाति सर्वलक्षणसंयुतः ॥३६९॥**

એક હાથમાં ધ્વજા અને બીજા હાથમાં અભય ધારણ કરેલો, ધ્વજા સ્વરૂપ-વાળો, બાલ સૂર્યના જેવી કાંતિવાળો અને સર્વ લક્ષણો વડે યુક્ત થયેલો ધ્વજાય પૂર્વ દિશાનો સ્વામી જાણવો. ૩૬૯.

### ૨ ધૂમ્રાય.

**बिभ्रत्सर्पासिवह्निश्च धूम्रश्च धूम्रवाहनः ॥**
**नीलकंठस्तथाङ्गैश्च सर्वाभरणभूषितः ॥३७०॥**

સર્પરૂપી તરવાર અને અગ્નિને ધારણ કરેલો, ધૂમ્ર સ્વરૂપ, ધૂમાડાના વાહનવાળો, નીલા કંઠવાળો અને અંગોએ સર્વ આભરણો વડે શોભાયેલો અગ્નિકોણનો સ્વામી ધૂમ્રાય જાણવો. ૩૭૦.

### ૩ સિંહાય.

**सिंहः सिंहसमारूढः खड्गाभयदहस्तकः ॥**
**किरीटकुंडलै र्युक्तो हेमवर्णो भयंकरः ॥३७१॥**

"Aho Shrutgyanam"

સિંહના ઉપર બેઠેલો, તરવાર અને અભય ધારણ કરેલો, મુગટ અને કુંડલો પહેરેલો, સોનાના જેવા વર્ણવાળો અને ભયંકર આકૃતિવાળો દક્ષિણ દિશાનો સ્વામી સિંહાય જાણવો. ૩૭૧.

### ૪ શ્વાનાય.

**श्वानः श्वानसमारूढः सर्पफणिचापधरः ॥**
**कृष्णवर्णः स विज्ञेयः कपालयुतहस्तकः ३७२॥**

કુતરા ઉપર બેઠેલો, એક હાથમાં સર્પની ફણાવાળા ધનુષને ધારણ કરેલો તથા બીજા હાથમાં કપાળ (ખોપરી) ને ધારણ કરેલો અને કાળા વર્ણવાળો નૈરૃત્ય કોણનો સ્વામી શ્વાનાય જાણવો. ૩૭૨.

### ૫ વૃષાય.

**वृषो वृषभारूढो बाणचापसमायुतः ॥**
**श्वेतरूपश्च विज्ञेयः सर्वाभरणभूषितः ॥३७३॥**

આખલા ઉપર બેઠેલો, બાણ અને ધનુષને ધારણ કરનારો, સફેદ વર્ણનો તથા સર્વાભરણોથી શોભિત થયેલો પશ્ચિમ દિશાનો સ્વામી વૃષાય જાણવો. ૩૭૩.

### ૬ ખરાય.

**खरश्च खरमारूढः शृङ्गीडमरुहस्तकः ॥**
**धूम्रवर्णः स विज्ञेयो रक्ताभरणभूषितः ॥३७४॥**

ગધેડા ઉપર બેઠેલો, ૃંગી અને ડમરૂ ધારણ કરેલો, ધૂમાડાના જેવા વર્ણવાળો અને રાતાં આભરણો વડે શૃંગારેલો વાયુકોણનો સ્વામી ખરાય જાણવો. ૩૭૪.

### ૭ ગજાય.

**गजश्चैव गजारूढो गदावरदहस्तकः ॥**
**श्यामवर्णः स विज्ञेयो हिमांशुसदृशोपमः ॥३७५॥**

હાથી ઉપર બેઠેલો, ગદા અને વરદ હસ્તવાળો, શ્યામવર્ણનો અને ચંદ્રમાના જેવી કાંતિવાળો ઉત્તર દિશાનો સ્વામી ગજાય જાણવો. ૩૭૫.

"Aho Shrutgyanam"


## ૮ ધ્વાંક્ષાય.

**ध्वांक्षः सर्पसमारूढो विरालवदनस्तथा ॥**
**मत्स्यकर्त्तरिसंयुक्तः कपिलकृष्णलोचनः ॥३७६॥**

इतिश्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे देवमूर्तिस्वरूपलक्षणाधिकारे गुर्जरभाषायामेकादशं रत्नं समाप्तम् ॥

સર્પના ઉપર બેઠેલો, ભયંકર મુખવાળો, માછલું અને કાતર ધારણ કરેલો તથા કપિલ અને કાળાં લોચનવાળો ઇશાન કોણનો સ્વામી ધ્વાંક્ષાય જાણવો. * ૩૭૬.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મુલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું દેવમૂર્તિસ્વરૂપ લક્ષણાધિકાર નામનું અગિયારસું રત્ન સંપૂર્ણ.**



* આ આઠ આયોનાં મુખ, શરીર અને પગના સ્વરૂપનું વર્ણન પ્રથમ રત્નમાં પૃષ્ઠ ૧૪ થી ૧૬ સુધીમાં કરેલું છે.

"Aho Shrutgyanam"

# द्वादशं रत्नम् ।

## अथ जिनप्रतिमास्वरूपलक्षणाधिकारः ।

### શ્રી જિન-મૂર્તિ સ્વરૂપ લક્ષણ વર્ણન.

#### ચોવીસ તીર્થંકરોનાં નામ.


अत ऊर्ध्वं प्रवक्ष्यामि जिनान् तीर्थङ्कराभिधान् ॥
चतुर्विंशतिसंख्यांश्च ऋषभोऽजितसम्भवौ ॥१॥
अभिनन्दननामा च सुमतिः पद्मप्रभुस्तथा ॥
सुपार्श्वश्चन्द्रप्रभुश्च सुविधिः स्यादथ शीतलः ॥२॥
श्रेयांसो वासुपूज्यश्च विमलोऽनन्ततीर्थकृत् ॥
धर्मः शान्तिश्च कुन्थुश्चाऽरो मल्लिर्मुनिसुव्रतः ॥३॥
नमिर्नेमिश्च पार्श्वश्च महावीरस्तथा स्मृतः ॥
चतुर्विंशतिरर्हन्तः लोके पूज्यतमाः स्मृताः ॥४॥

હવે તીર્થંકર જેમની સંજ્ઞા છે એવા ચોવીસ જિનેશ્વર ભગવાનનાં નામ કહું છું:- (૧) ઋષભનાથ, (૨) અજિતનાથ, (૩) સંભવનાથ, (૪) અભિનંદન, (૫) સુમતિનાથ, (૬) પદ્મપ્રભુ, (૭) સુપાર્શ્વનાથ, (૮) ચંદ્રપ્રભુ, (૯) સુવિધિનાથ, (૧૦) શીતલનાથ, (૧૧) શ્રેયાંસનાથ, (૧૨) વાસુપૂજ્ય, (૧૩) વિમલનાથ, (૧૪) અનંતનાથ, (૧૫) ધર્મ-નાથ, (૧૬) શાન્તિનાથ, (૧૭) કુંથુનાથ, (૧૮) અરનાથ, (૧૯) મલ્લિનાથ, (૨૦) મુનિ સુવ્રત, (૨૧) નમિનાથ, (૨૨) નેમિનાથ, (૨૩) પાર્શ્વનાથ અને (૨૪) મહાવીર સ્વામી. આ પ્રમાણે ચોવીસ અર્હન્તોનાં નામ જાણવાં અને તેઓ લોકમાં પૂજ્યતમ જાણવા. ૧, ૨, ૩, ૪.

#### વર્ણ.

रक्तः पद्मप्रभुश्चैव पद्माभो वासुपूज्यकः ॥
चन्द्रप्रभुश्च चन्द्राभो नेमिश्च नीलवर्णकः ॥५॥
मल्लिश्च पार्श्वनाथश्च नीलाभौ च प्रकीर्तितौ ॥
हेमत्विषो जिनाः शेषा रूपाणीति समासतः ॥६॥

"Aho Shrutgyanam"



પરિકરવાળી પ્રતિમાજીની આગળ પબાસણ ઉપર બે સ્તંભિકાઓ સાથેનું તોરણ.
જૈન દેરાસર, કુંભારીયાજી.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

પદ્મપ્રભુ રક્ત વર્ણના, વાસુપૂજ્ય પદ્મ વર્ણના, ચન્દ્રપ્રભુ ચંદ્રના સમાન કાંતિવાળા, નેમિનાથ નીલ વર્ણના, તેમજ મલ્લિનાથ તથા પાર્શ્વનાથ પણ નીલ વર્ણવાળા કહેલા છે અને શેષ જિન દેવતાઓ સુવર્ણના જેવી કાંતિવાળા જાણવા. આ પ્રમાણે સંક્ષેપમાં વર્ણસ્વરૂપ જાણવું. ૫, ૬.

### લંછન.

**वृषो गजोऽश्वप्लवगौ क्रौञ्चोऽब्जस्वस्तिकौ शशी ॥**
**मकरः श्रीवत्सः शृङ्गी महिषः शूकरस्तथा ॥७॥**
**श्येनो वज्रमृगच्छागा नंद्यावर्त्तो घटोऽपि च ॥**
**कूर्मो नीलोत्पलं शङ्खो फणी सिंहोऽर्हतां ध्वजाः ॥८॥**

(૧) વૃષ, (૨) હાથી, (૩) અશ્વ, (૪) વાંદરો, (૫) ક્રૌંચ પક્ષી, (૬) પદ્મ, (૭) સ્વસ્તિક, (૮) ચંદ્રમા, (૯) મગર, (૧૦) શ્રીવત્સ, (૧૧) ગેંડો, (૧૨) પાડો, (૧૩) સૂવર, (૧૪) શ્યેન ( બાજ ), (૧૫) વજ્ર, (૧૬) મૃગ, (૧૭) બકરો, (૧૮) નંદ્યાવર્ત, (૧૯) ઘડો, (૨૦) કૂર્મ, (૨૧) નીલ કમલ, (૨૨) શંખ, (૨૩) સર્પ અને (૨૪) સિંહ; એ અનુક્રમે અર્હન્ દેવતાઓના ધ્વજ ( લંછન ) જાણવા. ૭, ૮.

### જન્મ નક્ષત્ર.

**उत्तराषाढरोहिण्यौ मृगशीर्षपुनर्वसू ॥**
**मघा चित्रा विशाखा चाऽनुराधा मूलमेव च ॥९॥**
**पूर्वाषाढा श्रुतिश्चैव शततारोत्तरापदे ॥**
**रेवती पुष्यभरण्यौ कृत्तिका रेवती क्रमात् ॥१०॥**
**अश्विनी श्रवणाश्विन्यौ तथा चित्रा विशाखिका ॥**
**उत्तराफाल्गुनी चेति जिनानां जन्मभानि वै ॥११॥**

(૧) ઉત્તરાષાઢા, (૨) રોહિણી, (૩) મૃગશીર્ષ, (૪) પુનર્વસુ, (૫) મઘા, (૬) ચિત્રા, (૭) વિશાખા, (૮) અનુરાધા, (૯) મૂલ, (૧૦) પૂર્વાષાઢા, (૧૧) શ્રવણ, (૧૨) શતભિષા, (૧૩) ઉત્તરા ભાદ્રપદ, (૧૪) રેવતી, (૧૫) પુષ્ય, (૧૬) ભરણી, (૧૭) કૃત્તિકા, (૧૮ રેવતી, (૧૯) અશ્વિની, (૨૦) શ્રવણ, (૨૧) અશ્વિની, (૨૨) ચિત્રા, (૨૩) વિશાખા અને (૨૪) ઉત્તરાફાલ્ગુની; આ ચોવીસ નક્ષત્રો અનુક્રમે જિન દેવતાઓનાં જન્મનક્ષત્ર જાણવાં. ૯, ૧૦, ૧૧.

"Aho Shrutgyanam"

### જન્મરાશિ.

धनं वृषो मिथुनश्च मिथुनं सिंहकन्यके ॥
तुला वृश्चिकनामा च धनधने मकरस्तथा ॥१२॥
कुम्भमीनौ च मीनश्च कर्कमेषौ तथा वृषः ॥
मीनमेषौ तथा चैव मकरो मेषकन्यके ॥१३॥
तुला कन्या तथैवेति राशयश्च ह्यनुक्रमात् ॥
चतुर्विंशजिनानाञ्च एता वै जन्मराशयः ॥१४॥

(૧) ધન, (૨) વૃષ, (૩) મિથુન, (૪) મિથુન, (૫) સિંહ, (૬) કન્યા, (૭) તુલા, (૮) વૃશ્ચિક, (૯) ધન, (૧૦) ધન, (૧૧) મકર, (૧૨) કુંભ, (૧૩) મીન, (૧૪) મીન, (૧૫) કર્ક, (૧૬) મેષ, (૧૭) વૃષભ, (૧૮) મીન, (૧૯) મેષ, (૨૦) મકર, (૨૧) મેષ, (૨૨) કન્યા, (૨૩) તુલા અને (૨૪) કન્યા; આ ચોવીસ રાશિઓ અનુક્રમે જિન ભગવાનની જન્મરાશિઓ જાણવી. ૧૨, ૧૩, ૧૪.

### ચોવીસ યક્ષનાં નામ.

गोमुखश्च महायक्षः त्रिमुखो यक्षनायकः ॥
तुम्बरुः कुसुमश्चापि मातङ्गो विजयोऽजितः ॥१५॥
ब्रह्म चेश्वरश्चापि कुमारः षण्मुखस्तथा ॥
पातालः किन्नरश्चैव गरुडश्च गन्धर्वकः ॥१६॥
यक्षेन्द्रश्च कुबेरश्च वरुणो भ्रूकुटिस्तथा ॥
गोमेधपार्श्वमातङ्गाः कार्या अर्हदुपासकाः ॥१७॥

(૧) ગોમુખ, (૨) મહાયક્ષ, (૩) ત્રિમુખ, (૪) યક્ષનાયક–ઇશ્વર, (૫) તુંબરૂ, (૬) કુસુમ, (૭) માતંગ, (૮) વિજય, (૯) અજિત, (૧૦) બ્રહ્મ, ૧૧) મનુજ (ઇશ્વર), (૧૨) કુમાર, (૧૩) ષણ્મુખ, (૧૪) પાતાલ, (૧૫) કિન્નર, (૧૬) ગરૂડ, (૧૭) ગંધર્વ, (૧૮) યક્ષેન્દ્ર, (૧૯) કુબેર, (૨૦)વરૂણ, (૨૧) ભ્રૂકુટિ, (૨૨) ગોમેધ, (૨૩) પાર્શ્વ અને (૨૪) માતંગ; આ ચોવીસ જિનદેવતાઓના ક્રમે યક્ષો જાણવા. ૧૫, ૧૬, ૧૭.

### ચોવીસ યક્ષિણીનાં નામ.

चक्रेश्वर्यजिता बाला दुरितारिश्च कालिका ॥
महाकाली तथा श्यामा शान्ता भ्रूकुटितारिके ॥१८॥

"Aho Shrutgyanam"

अशोका मानवी चंडा विदिता चाङ्कुशी तथा ॥
कंदर्पा निर्वाणी बाला धारिणी धरणप्रियां ॥१९॥
नरदत्ता च गंधर्वाऽम्बिका पद्मावती तथा ॥
सिद्धायिका च जैनानां क्रमाच्छासनदेवताः ॥२०॥

(૧) ચક્રેશ્વરી, (૨) અજિતબાલા, (૩) દુરિતારિ, (૪) કાલિકા, (૫) મહાકાલી, (૬) શ્યામા, (૭) શાન્તા, (૮) ભ્રૂકુટિ, (૯) સુતારિકા, (૧૦) અશોકા, (૧૧) માનવી, (૧૨) ચંડા, (૧૩) વિદિતા, (૧૪) અંકુશી, (૧૫) કંદર્પા–પન્નગા, (૧૬) નિર્વાણી, (૧૭) બાલા–બલા–અચ્યુતા, (૧૮) ધારિણી, (૧૯) ધરણપ્રિયા–વૈરોટયા, (૨૦) નરદત્તા, (૨૧) ગંધર્વા–ગાંધારી, (૨૨) અંબિકા, (૨૩) પદ્માવતી અને (૨૪) સિધ્ધાયિકા; આ ચોવીસ યક્ષિણીઓ તીર્થંકરોની ક્રમે શાશનદેવીઓ જાણવી. ૧૮, ૧૯, ૨૦.

## સોળ વિદ્યાદેવીનાં નામ.

प्रथमा रोहिणी ज्ञेया प्रज्ञप्तिर्वज्रश्रृंखला ॥
वज्राङ्कुशी समाख्याता चक्रेश्वरी तथैव हि ॥२१॥
नरदत्ता च काली च महाकाली च गौरिका ॥
गान्धारी च महाज्वाला विज्ञातव्या च मानवी ॥२२॥
वैरोट्याच्छुप्तिका चैव मानसी महामानसी ॥
इमे षोडशसंख्याका विद्यादेव्यः शुभप्रदाः ॥२३॥

(૧) રોહિણી, (૨) પ્રજ્ઞપ્તિ, (૩) વજ્રશૃંખલા, (૪) વજ્રાંકુશી, (૫) ચક્રેશ્વરી, (૬) નરદત્તા, (૭) કાલી, (૮) મહાકાલી, (૯) ગૌરિકા–ગૌરી, (૧૦) ગાન્ધારી, (૧૧) મહાજ્વાલા, (૧૨) માનવી, (૧૩) વૈરોટયા, (૧૪) અચ્છુપ્તિકા–અચ્છુપ્તા, (૧૫) માનસી અને (૧૬) મહામાનસી; આ જૈનશાશનમાં માનેલી સોળ વિદ્યાદેવીઓનાં નામ છે. આ વિદ્યાદેવીઓ કલ્યાણકારિણી જાણવી. ૨૧, ૨૨, ૨૩.

## યક્ષ–યક્ષિણી સ્વરૂપ લક્ષણ.

### ૧ ગોમુખ યક્ષ.

ऋषभे गोमुखो यक्षो हेमवर्णो गजासनः ॥
वराक्षसूत्रपाशांश्च बीजपूरं करेषु च ॥२४॥



"Aho Shrutgyanam"

સુવર્ણના જેવા વર્ણવાળો, હાથી ઉપર બેઠેલો તથા નીચેના જમણા હાથથી પ્રદક્ષિણ ક્રમે ચતુર્બાહુમાં વર, અક્ષમાલા, પાશ અને બીજોરાને ધારણ કરેલો શ્રીઋષભદેવ ભગવાનનો ગોમુખ યક્ષ જાણવો. ૨૪.

### ૧ અપ્રતિચક્રા.

**चक्रेश्वरी हेमवर्णा ताक्ष्यारूढाष्टबाहुका ॥**
**वरं बाणं चक्रपाशौऽकुशचक्राशनी धनुः ॥२५॥**

સુવર્ણવર્ણા, ગરૂડારૂઢ, આઠ ભુજાવાળી તથા વર, બાણ, ચક્ર, પાશ, અંકુશ, ચક્ર, વજ્ર અને ધનુષ; આ આયુધો પ્રદક્ષિણ ક્રમે ધારણ કરેલી અપ્રતિચક્રા નામની ચક્રેશ્વરી યક્ષિણી જાણવી. ૨૫.

### ૨ ચક્રેશ્વરી.

**द्वादशभिर्भुजैर्युक्ता ह्यष्टचक्रा च वज्रके ॥**
**मातुलिङ्गाभये चैव पद्मस्था गरुडोपरि ॥२६॥**

બાર ભુજાવાળી, પદ્મના આસનવાળી, ગરૂડ ઉપર બેઠેલી તથા આઠ ચક્રો, બે વજ્રો, માતુલિંગ અને અભયધારિણી ચક્રેશ્વરી યક્ષિણી દ્વિતીય ભેદે જાણવી. ૨૬.

### ૨ મહાયક્ષ.

**अजिते च महायक्षः श्यामश्च चतुराननः ॥**
**अष्टबाहुर्गजारूढ आयुधैश्च विभूषितः ॥२७॥**
**वरमुद्गराक्षसूत्रपाशांश्च दक्षिणेष्वथ ॥**
**बीजपूरकाभयांकुशशक्तिर्वामदोष्षु च ॥२८॥**

શ્યામવર્ણનો, ચાર મુખવાળો, અષ્ટ બાહુ સંયુક્ત, હાથીના વાહનવાળો તથા વર, મુદ્‌ગર, માળા અને પાશ દક્ષિણ હાથોમાં તથા બીજોરૂં, અભય, અંકુશ અને શક્તિ વામ હાથોમાં ધારણ કરેલો શ્રીઅજિતનાથ ભગવાનનો મહાયક્ષ જાણવો. ૨૭,૨૮.

### ૨ અજિતા.

**लोहारूढाऽजिता देवी गौरवर्णा चतुर्भुजा ॥**
**दक्षिणतो वरं पाशं बीजपूरं तथांकुशम् ॥२९॥**

બકરાના વાહન ઉપર આરૂઢ, ગૌરવર્ણા, ચાર ભુજાવાળી તથા દક્ષિણક્રમે વર, પાશ, બીજપૂર અને અંકુશને ધારણ કરેલી અજિતા યક્ષિણી જાણવી. ૨૯.

"Aho Shrutgyanam"

### ૩ ત્રિમુખ યક્ષ.

**सम्भवे त्रिमुखश्चैव त्रिनेत्रः त्रिमुखाकृतिः ॥**
**मयूरस्यासनं श्यामो षड्भुजश्च महाबलः ॥३०॥**
**नकुलगदाभयानि दक्षिणेष्वथ बाहुषु ॥**
**मातुलिङ्गनागावक्षसूत्रश्च वामतः स्मृतम् ॥३१॥**

ત્રણ નેત્રવાળો, ત્રણ મુખવાળો, મયૂરના વાહનવાળો, શ્યામવર્ણનો, છ બાહુવાળો, મહાબલી તથા દક્ષિણ હસ્તોમાં નોળીયો, ગદા અને અભય; વામ હસ્તોમાં બીજોરૂં, સર્પ અને માળાયુક્ત શ્રીસંભવનાથ ભગવાનનો ત્રિમુખ યક્ષ જાણવો. ૩૦,૩૧,

### ૩ દુરિતારી.

**मेषारूढा चतुर्हस्ता गौराभा दुरितारिका ॥**
**मालिकां वरदश्चैव फलश्चाभयमेव हि॥३२॥**

ઘેટાના વાહનવાળી, ચાર ભુજાવાળી, ગૌર વર્ણની તથા માલા, વર, ફલ અને અભયયુક્ત હસ્તવાળી દુરિતારિ યક્ષિણી જાણવી. ૩૨.

### ૪ ઇશ્વર યક્ષ.

**ईश्वरः श्यामवर्णश्च यक्षो वै गजवाहनः ॥**
**मातुलिङ्गाक्षसूत्रे च नकुलश्चाङ्कुशं दधत् ॥३३॥**

શ્યામવર્ણનો, હાથીના વાહનવાળો તથા માતુલિંગ, અક્ષમાલા, નકુલ અને અંકુશને ધારણ કરનારો શ્રીઅભિનંદન પ્રભુનો ઇશ્વર નામનો યક્ષ જાણવો. ૩૩.

### ૪ કાલી.

**श्यामाभा पद्मसंस्था च कालीदेवी चतुर्भुजा ॥**
**दक्षिणे वरदं पाशं वामे नागाङ्कुशौ तथा ॥३४॥**

શ્યામકાંતિવાળી, પદ્મના ઉપર બેઠેલી, ચાર ભુજાવાળી તથા વર, પાશ, નાગ અને અંકુશધારિણી કાલીદેવી યક્ષિણી જાણવી. ૩૪.

"Aho Shrutgyanam"

### ૫ તુમ્બરૂ યક્ષ.

**श्वेतश्चतुर्भुजश्चैव तुम्बरुस्ताक्ष्र्यवाहनः ॥**
**वरं शक्तिं गदाश्चैव नागपाशं बिभर्ति यः ॥३५॥**

શ્વેતવર્ણનો, ચાર બાહુવાળો, ગરૂડના વાહનવાળો તથા વર, શક્તિ, ગદા અને નાગપાશધારી શ્રીસુમતિનાથ ભગવાનનો તુંબરૂ નામનો યક્ષ જાણવો. ૩૫.

### ૫ મહાકાલી.

**सुवर्णाभा महाकाली पद्मारूढा चतुर्भुजा ॥**
**दक्षिणतो वरं पाशं मातुलिङ्गाङ्कुशौ तथा ॥३६॥**

સુવર્ણના સમાન કાંતિવાળી, પદ્મના ઉપર આરૂઢ થયેલી તથા વર, પાશ, માતુલિંગ અને અંકુશ યુક્ત ચાર ભુજાવાળી મહાકાલી યક્ષિણી જાણવી. ૩૬.

### ૬ કુસુમ યક્ષ.

**कुसुमो नीलवर्णश्च यक्षः कुरङ्गवाहनः ॥**
**मातुलिङ्गाभये चैव नकुलश्चाक्षमालिकाम् ॥३७॥**

નીલવર્ણનો, મૃગના વાહનવાળો તથા માતુલિંગ, અભય, નકુલ અને અક્ષમાલાને ધારણ કરનારો શ્રીપદ્મપ્રભુનો કુસુમ નામનો યક્ષ જાણવો. ૩૭.

### ૬ અચ્યુતા.

**श्यामवर्णाच्युता देवी नरारूढा चतुर्भुजा ॥**
**वरदश्च तथा बाणं धनुश्चाभयदं शुभा ॥३८॥**

શ્યામવર્ણા, મનુષ્યના વાહનવાળી તથા વર, બાણ, ધનુષ અને અભયયુક્ત ચાર ભુજાવાળી અચ્યુતા યક્ષિણી જાણવી. ૩૮.

### ૭ માતંગ યક્ષ.

**मातङ्गो नीलवर्णश्च गजारूढश्चतुर्भुजः ॥**
**दक्षिणे बिल्वपाशौ च वामे च नकुलाङ्कुशौ ॥३९॥**

"Aho Shrutgyanam"

નીલવર્ણનો, ગજના ઉપર આરૂઢ થએલો, ચાર ભુજાવાળો તથા દક્ષિણ હસ્તોમાં બિલ્વફળ અને પાશ, વામ હસ્તોમાં નકુલ અને અંકુશ ધારણ કરેલો શ્રીસુપાર્શ્વનાથ ભગવાનનો માતંગ નામનો યક્ષ જાણવો. ૩૯.

### ૭ શાન્તા.

**शान्ता च हेमवर्णाभा गजारूढा चतुर्भुजा ॥**
**वरदश्च तथा मालां शूलश्चाभयमेव च ॥४०॥**

સુવર્ણના વર્ણ સમાન કાન્તિવાળી, હાથી ઉપર બેઠેલી તથા વર, માલા, શૂલ અને અભયયુક્ત ચાર ભુજાવાળી શાન્તા યક્ષિણી જાણવી. ૪૦.

### ૮ વિજય યક્ષ.

**हरिद्वर्णश्च विज्ञेयो विजयो हंसवाहनः ॥**
**त्रिनेत्रो द्विभुजश्चैव चक्रमुद्गरसंयुतः ॥४१॥**

લીલા વર્ણનો, હંસના વાહનવાળો, ત્રણ આંખ અને બે ભુજાવાળો તથા ચક્ર અને મુદ્‌ગરધારી શ્રીચંદ્રપ્રભુ ભગવાનનો વિજય નામનો યક્ષ જાણવો. ૪૧.

### ૮ જ્વાલા.

**ज्वाला च भ्रूकुटिः पीता हंसारूढा चतुर्भुजा ॥**
**खड्गश्च मुद्गरश्चैव फलकं परशुं तथा ॥४२॥**

હંસના વાહનવાળી, પીળા વર્ણની તથા ખડ્ગ, મુદ્ગર, ઢાલ અને પરશુયુક્ત ચાર ભુજાવાળી જ્વાલા ( ભ્રૂકુટિ ) નામે યક્ષિણી જાણવી. ૪૨.

### ૯ અજિત યક્ષ.

**अजितः श्वेतवर्णश्च कूर्मारूढश्चतुर्भुजः ॥**
**मातुलिङ्गाक्षसूत्रे च बिभ्रन्नकुलकुन्तकौ ॥४३॥**

શ્વેતવર્ણ, કૂર્મનું વાહન અને ચાર ભુજાવાળો તથા માતુલિંગ, અક્ષમાલા, નકુલ અને કુન્તક (ભાલો) ધારી શ્રીસુવિધિનાથ પ્રભુનો અજિત નામનો યક્ષ જાણવો. ૪૩.

"Aho Shrutgyanam"

### ૯ સુતારિકા.

**गौरवर्णा सुतारा च वृषारूढा चतुर्भुजा ॥**
**वरदं त्वक्षसूत्रञ्च कलशञ्च तथाङ्कुशम् ॥४४॥**

ગૌરવર્ણની, વૃષભ ઉપર આરૂઢ થયેલી તથા વર, અક્ષસૂત્ર, કલશ અને અંકુશ યુક્ત ચાર ભુજાવાળી સુતારા યક્ષિણી જાણવી. ૪૪.

### ૧૦ બ્રહ્મ યક્ષ.

**ब्रह्मश्चतुर्मुखो यक्षः श्वेतश्च कमलासनः ॥**
**त्रिनेत्रोऽष्टभुजो ज्ञेयो मातुलिङ्गञ्च मुद्गरम् ॥४५॥**
**धत्ते पाशाभये चैव नकुलञ्च गदाङ्कुशौ ॥**
**दक्षिणाधःक्रमादक्षसूत्रञ्चैवाष्टबाहुषु ॥४६॥**

ચાર મુખવાળો, શ્વેત વર્ણનો, કમલના આસનવાળો, ત્રિનેત્ર, આઠ બાહુવાળો તથા માતુલિંગ, મુદ્ગર, પાશ, અભય, નકુલ, ગદા, અંકુશ અને અક્ષસૂત્ર; આ આઠ આયુધો દક્ષિણ તરફના નીચેના બાહુના ક્રમે ધારણ કરેલો શ્રીશીતલનાથ ભગવાનનો બ્રહ્મ નામનો યક્ષ જાણવો. ૪૫, ૪૬.

### ૧૦ અશોકા.

**अशोका नीलवर्णा च पद्मारूढा चतुर्भुजा ॥**
**वरदञ्च तथा पाशं फलकञ्चाङ्कुशं तथा ॥४७॥**

નીલ વર્ણવાળી, પદ્મ ઉપર બેઠેલી તથા વર, પાશ, ફલક અને અંકુશયુક્ત ચાર ભુજાવાળી અશોકા યક્ષિણી જાણવી. ૪૭.

### ૧૧ મનુજ યક્ષ

**मनुजो धवलो ज्ञेयः त्रिनेत्रो वृषवाहनः ॥**
**मातुलिङ्गं गदाञ्चैव नकुलाक्षे चतुष्टये ॥४८॥**

સફેદ વર્ણનો, ત્રિનેત્ર, વૃષભના વાહનવાળો તથા માતુલિંગ, ગદા, નકુલ અને અક્ષસૂત્રધારી શ્રીશ્રેયાંસનાથ ભગવાનનો મનુજ ( ઇશ્વર ) નામનો યક્ષ જાણવો. ૪૮.

"Aho Shrutgyanam"

## ૧૧ માનવી.

**श्रीवत्सा मानवी देवी चन्द्राभा सिंहवाहना ॥**
**वरदं मुद्गरश्चैव कलशश्च तथाङ्कुशम् ॥४९॥**

ચંદ્રના સમાન કાંતિવાળી, સિંહના વાહનવાળી તથા વર, મુદ્ગર, કલશ અને અંકુશયુક્ત ચતુર્ભુજા શ્રીવત્સા( માનવી ) યક્ષિણી જાણવી. ૪૯.

## ૧૨ કુમાર યક્ષ.

**श्वेतवर्णः कुमारश्च हंसारूढश्चतुर्भुजः ॥**
**बीजपूरं तथा बाणं नकुलं धारयन् धनुः ॥५०॥**

શ્વેત વર્ણનો, હંસના વાહનવાળો, ચાર ભુજાવાળો તથા બીજપૂર, બાણ, નકુલ અને ધનુષને ધારણ કરનારો શ્રીવાસુપૂજ્ય સ્વામીનો કુમાર નામનો યક્ષ જાણવો. ૫૦.

## ૧૨ ચંડા.

**चण्डा च प्रवरा देवी श्यामाश्वस्था चतुर्भुजा ॥**
**वरदश्च तथा शक्तिं प्रसूनश्च तथा गदाम् ॥५१॥**

શ્યામવર્ણની, અશ્વારૂઢ તથા વર, શક્તિ, પુષ્પ અને ગદાયુક્ત ચાર ભુજાવાળી ચંડા યક્ષિણી જાણવી. આને ગ્રથાન્તરે પ્રવરા પણ કહી છે. ૫૧.

## ૧૩ ષણ્મુખ યક્ષ.

**षण्मुखः श्वेतवर्णश्च भु र्द्वादशभिर्युतः ॥**
**फलं चक्रं तथा बाणं खड्गं पाशाक्षसूत्रके ॥५२॥**
**नकुलं चक्रधनुषी फलश्चैवांकुशाभये ॥**
**दक्षिणाधःक्रमाद् धत्ते षण्मुखः शिखिवाहनः ॥५३॥**

શ્વેતવર્ણનો, છ મુખવાળો, બાર બાહુવાળો, મયૂરના વાહનવાળો તથા ફલ, ચક્ર, બાણ, તલવાર, પાશ, અક્ષસૂત્ર, નકુલ, ચક્ર, ધનુષ, ઢાલ, અંકુશ અને અભય વિગેરે આયુધો દક્ષિણક્રમથી ધારણ કરેલો શ્રીવિમલનાથ પ્રભુનો ષણ્મુખ નામનો યક્ષ જાણવો. ૫૨, ૫૩.

"Aho Shrutgyanam"

### ૧૩ વિદિતા.

**विदिता विजया देवी पद्मस्था स्वर्णसन्निभा ॥**
**शरं पाशं तथा धत्ते धनुर्नागं चतुष्करे ॥५४॥**

પદ્મના ઉપર બેઠેલી, સુવર્ણના સમાન વર્ણવાળી તથા બાણ, પાશ, ધનુષ અને સર્પયુકત ચાર ભુજાવાળી વિદિતા ( વિજ્યા ) યક્ષિણી જાણવી. ૫૪.

### ૧૪ પાતાલ યક્ષ.

**पातालस्त्रिमुखो रक्तः षड्भुजो नक्रवाहनः ॥**
**पद्मं खड्गं तथा पाशं नकुलं फलमालिके ॥५५॥**

ત્રણ મુખવાળો, રાતા વર્ણનો, છ બાહુવાળો, મગરના વાહનવાળો તથા પદ્મ, ખડ્ગ, પાશ, નકુલ, ઢાલ અને અક્ષમાલાધારી શ્રીઅનંતનાથ પ્રભુનો પાતાલ નામે યક્ષ જાણવો. ૫૫.

### ૧૪ અંકુશા.

**गौरवर्णाङ्कुशा देवी पद्मारूढा चतुर्भुजा ॥**
**दक्षिणे खड्गपाशौ च वामे च फलकाङ्कुशौ ॥५६॥**

ગૌરવર્ણા, પદ્મારૂઢ તથા ખડ્ગ, પાશ, ઢાલ અને અંકુશ સંયુકત ચતુર્ભુજા અંકુશા યક્ષિણી જાણવી. ૫૬.

### ૧૫ કિન્નર યક્ષ.

**किन्नरस्त्रिमुखो रक्तः कूर्मवाहनषड्भुजः ॥**
**बीजपूरं गदाभीती नकुलं पद्ममालिके ॥५७॥**

ત્રણ મુખવાળો, રક્ત વર્ણનો, કૂર્મના વાહનવાળો, છ હાથવાળો તથા બીજપૂર, ગદા, અભય, નકુલ, પદ્મ અને અક્ષમાલાધારી શ્રીધર્મનાથ પ્રભુનો કિન્નર નામનો યક્ષ જાણવો. ૫૭.

### ૧૫ કન્દર્પા.

**कन्दर्पा पन्नगा देवी गौराभा मत्स्यवाहना ॥**
**उत्पलश्चाङ्कुशं धत्तेऽभयं पद्मं चतुष्टये ॥५८॥**

ગૌર વર્ણવાળી, મત્સ્યના ઉપર બેઠેલી તથા કમળ, અંકુશ, અભય અને પદ્મયુકત ચાર હાથવાળી કંદર્પા ( પન્નગા ) યક્ષિણી જાણવી. ૫૮.

"Aho Shrutgyanam"

### ૧૬ ગરૂડ યક્ષ.

**क्रोडास्यो गरुडः श्यामो वराहस्थश्चतुर्भुजः ॥**
**बीजपूरं तथा पद्मं नकुलश्चाक्षसूत्रकम् ॥५९॥**

સુવરના મુખવાળો, શ્યામ વર્ણનો, વરાહ ( સૂવર ) ના ઉપર આરૂઢ થયેલો, ચાર ભુજાવાળો તથા બીજપૂર, પદ્મ, નકુલ અને અક્ષસૂત્રધારી શ્રીશાંતિનાથ ભગવાનનો ગરૂડ નામનો યક્ષ જાણવો. ૫૯.

### ૧૬ નિર્વાણી.

**कनकाभा च निर्वाणी पद्मारूढा चतुर्भुजा ॥**
**पुस्तकश्चोत्पलं धत्ते सरोरुहकमण्डलू ॥६०॥**

સુવર્ણના જેવા વર્ણવાળી, પદ્મના આસનવાળી તથા પુસ્તક, પોયણું, કમલ અને કમંડલુ યુક્ત ચાર ભુજાવાળી નિર્વાણી યક્ષિણી જાણવી. ૬૦.

### ૧૭ ગન્ધર્વ યક્ષ.

**गन्धर्वः श्यामवर्णश्च हंसारूढश्चतुर्भुजः ॥**
**वरदश्च तथा पाशं मातुलिङ्गाङ्कुशौ दधन् ॥६१॥**

શ્યામ વર્ણનો, હંસના ઉપર બેઠેલો, ચાર ભુજાવાળો તથા વર, પાશ, માતુલિંગ અને અંકુશધારી શ્રીકુંથુનાથ ભગવાનનો ગંધર્વ નામનો યક્ષ જાણવો. ૬૧.

### ૧૭ બાલા.

**बालाभिधाच्युता देवी स्वर्णाभा शिखिवाहना ॥**
**बीजपूरं त्रिशूलश्च भुशुण्डिश्चोत्पलं तथा ॥६२॥**

સુવર્ણના સમાન કાંતિવાળી, મયૂરના વાહનવાળી તથા બીજપૂર, ત્રિશૂલ, ભુશુંડિ અને કમળયુકત ચાર ભુજાવાળી બાલા નામની અચ્યુતા યક્ષિણી જાણવી. ૬૨.

### ૧૮ યક્ષેન્દ્ર યક્ષ.

**यक्षेन्द्रः षण्मुखः श्यामः त्रिनेत्रः शङ्खवाहनः ॥**
**द्वादशहस्तशोभाढ्यो यक्षश्चारजिनस्य तु ॥६३॥**



"Aho Shrutgyanam"

**बीजपूरं तथा बाणं खड्गमुद्गरपाशकान् ॥**
**अभयनकुलौ चापं फलं शूलाङ्कुशाक्षकान् ॥६४॥**

છ મુખવાળો, શ્યામ વર્ણનો, ત્રિનેત્ર, શંખના વાહનવાળો, બાર હસ્તવાળો તથા બીજપૂર, બાણ, ખડ્ગ, મુદ્ગર, પાશ, અભય, નકુલ, ધનુષ, ઢાલ, શૂલ, અંકુશ અને અક્ષમાલાધારી યક્ષેન્દ્ર નામનો શ્રીઅરનાથ પ્રભુનો યક્ષ જાણવો. ૬૩, ૬૪.

## ૧૮ ધારિણી.

**धारिणी नीलवर्णा च पद्मारूढा चतुर्भुजा ॥**
**मातुलिङ्गोत्पले धत्ते पद्माक्षसूत्रके तथा ॥६५॥**

નીલ વર્ણની, પદ્મના ઉપર આરૂઢ તથા બીજોરૂં, ઉત્પલ, પદ્મ અને અક્ષમાલાસંયુકત ચાર ભુજાવાળી ધારિણી યક્ષિણી જાણવી. ૬૫.

## ૧૯ કુબેર યક્ષ.

**कुबेरः कूबरो ज्ञेयो गजारूढश्चतुर्मुखः ॥**
**नीलवर्णोऽष्टबाहुश्च वरदश्च त्रिशूलकम् ॥६६॥**
**परशुमभयश्चैव बीजपूरश्च मुद्गरम् ॥**
**शक्तिं तथाक्षसूत्रश्च धारयनष्टबाहुषु ॥६७॥**

કૂબડા આકારવાળો, હાથી ઉપર બેઠેલો, ચાર મુખવાળો, નીલ વર્ણનો, આઠ બાહુ સંયુક્ત તથા વર, ત્રિશૂલ, પરશુ, અભય, બીજપૂર, મુદ્ગર, શક્તિ અને અક્ષસૂત્રધારી શ્રીમલ્લિનાથ ભગવાનનો કુબેર નામનો યક્ષ જાણવો. ૬૬, ૬૭.

## ૧૯ વૈરાટ્યા.

**वैराट्या कृष्णवर्णा च पद्मारूढा चतुर्भुजा ॥**
**मुक्तामालां वरश्चैव शक्तिश्च मातुलिङ्गकम् ॥६८॥**

કાળા વર્ણની, પદ્મના આસન ઉપર બેઠેલી તથા મુક્તામાલા, વર, શકિત અને માતુલિંગને ધારણ કરેલા ચાર બાહુવાળી વૈરાટ્યા યક્ષિણી જાણવી. ૬૮.

## ૨૦ વરૂણ યક્ષ.

**श्वेतो वरुणो यक्षः त्रिनेत्रो वृषवाहनः ।**
**चतुराननसूर्याक्षो जटामुकुटभूषितः ॥६९॥**

"Aho Shrutgyanam"

**बीजपूरगदाबाणान् शक्तिश्च नकुलोत्पले ॥**
**कार्मुकं परशुश्चैव धारयत्यष्टबाहुषु ॥७०॥**

શ્વેત વર્ણનો, ત્રિનેત્ર, વૃષભના વાહનવાળો, ચાર મુખવાળો, પ્રત્યેક મુખ ત્રણત્રણ નેત્રવાળાં, જટાના મુકુટથી સુશોભિત તથા બીજપૂર, ગદા, બાણ, શક્તિ, નકુલ, કમળ, ધનુષ અને પરશુને ( આઠે બાહુઓમાં ) ધારણ કરતો શ્રીમુનિસુવ્રત સ્વામીનો વરૂણ નામનો યક્ષ જાણવો. ૬૯, ૭૦.

## ૨૦ નરદત્તા.

**नरदत्ता च स्वर्णाभा भद्रासना चतुर्भुजा ॥**
**वराक्षसूत्रसंयुक्ता बीजपूरकशूलिका ॥७१॥**

સોનાના વર્ણ જેવી કાન્તિવાળી, ભદ્રાસનથી બેઠેલી તથા વર, અક્ષસૂત્ર, બીજપૂર અને શૂલસંયુક્ત ચતુર્ભુજા નરદત્તા–અચ્છુપ્તા યક્ષિણી જાણવી. ૭૧.

## ૨૧ ભ્રૂકુટિ યક્ષ.

**भ्रूकुटिर्हेमवर्णश्च त्रिनेत्रो वृषवाहनः ॥**
**चतुर्मुखोऽष्टबाहुश्च द्वादशाक्षविभूषितः ॥७२॥**
**बीजपूरं तथा शक्तिं मुद्गरश्चाभयं तथा ॥**
**नकुलं परशुं वज्रं धारयत्यक्षसूत्रकम् ॥७३॥**

સુવર્ણ જેવા વર્ણવાળો, ત્રિનેત્ર, વૃષભના વાહનવાળો, ચાર મુખવાળો, આઠ બાહુવાળો, પ્રત્યેક મુખ ત્રણત્રણ નેત્રવાળાં તથા બીજપૂર, શક્તિ, મુદ્ગર, અભય, નકુલ, પરશુ, વજ્ર અને અક્ષમાલા ધારણ કરેલો શ્રીનમિનાથ ભગવાનનો ભ્રૂકુટિ નામનો યક્ષ જાણવો. ૭૨, ૭૩.

## ૨૧ ગાન્ધારી.

**श्वेतवर्णा च गान्धारी हंसारूढा चतुर्भुजा ॥**
**वरदखड्गसंयुक्ता बीजपूरककुन्तिका ॥७४॥**

શ્વેતવર્ણની, હંસના ઉપર બેઠેલી તથા વર, ખડ્ગ, બીજપૂર અને કુન્તક ( ભાલા ) ધારિણી ચતુર્ભુજા ગાન્ધારી યક્ષિણી જાણવી. ૭૪.

"Aho Shrutgyanam"

## ૨૨ ગોમેધ યક્ષ.

**गोमेधः षड्भुजः श्यामः त्रिमुखो नरवाहनः ॥**
**बीजपूरं तथा पर्शुं चक्रश्च नकुलं तथा ॥७५॥**
**त्रिशूलश्च तथा शक्तिं षड्भुजेषु बिभर्ति यः ॥**
**यक्षः श्रीनेमिनाथस्य कर्तव्यो लक्षणैर्युतः ॥७६॥**

છ બાહુ, ત્રિનેત્ર, શ્યામ વર્ણ અને મનુષ્યના વાહનવાળો તથા બીજપૂર, પર્શૂ, ચક્ર, નકુલ, શૂલ અને શક્તિધારી તથા લક્ષણસંપન્ન શ્રીનેમિનાથ ભગવાનનો ગોમેધ નામનો યક્ષ જાણવો. ૭૫, ૭૬.

## ૨૨ અંબિકા.

**अम्बा च स्वर्णसन्निभा सिंहारूढा चतुर्भुजा ॥**
**आम्रालीश्च तथा पाशं धत्ते चांकुशपुत्रकान् ॥७७॥**

સુવર્ણના સમાન કાન્તિવાળી, સિંહ ઉપર બેઠેલી તથા આમ્રાલી ( કેરીનો લુમખો ), પાશ, અંકુશ અને ઢીંચણ ઉપર પુત્રને ધારણ કરેલી ચાર ભુજાવાળી અંબિકા યક્ષિણી જાણવી. ૭૭.

## ૨૩ પાર્શ્વ યક્ષ.

**फणाभूषाशिरः पार्श्वः कूर्मारूढो गजाननः ॥**
**बीजपूरोरगौ नागं नकुलं श्यामवर्णकः ॥७८॥**

સર્પની ફણા જેના મસ્તક ઉપર ભૂષણરૂપ થએલી છે એવો, કાચબાના વાહનવાળો, હાથીના મુખવાળો, શ્યામ વર્ણનો તથા બીજપૂર, સર્પ, નાગ અને નકુલધારી શ્રીપાર્શ્વનાથ ભગવાનનો પાર્શ્વ નામે યક્ષ જાણવો. ૭૮.

## ૨૩ પદ્માવતી.

**पद्मावती च स्वर्णाभा कुर्कुटसर्पवाहना ॥**
**पद्मपाशान्विता सव्ये फलकांकुशसंयुता ॥७९॥**

સુવર્ણના સમાન કાંતિવાળી, કુર્કુટ નામના સર્પના વાહનવાળી તથા પદ્મ, પાશ, ફલક અને અંકુશ સંયુક્ત ચાર ભુજાવાળી પદ્માવતી યક્ષિણી જાણવી. ૭૯.

"Aho Shrutgyanam"

### ૨૪ માતંગ યક્ષ.

**मातङ्गः श्यामवर्णश्च द्विभुजो गजवाहनः ॥**
**दक्षिणे नकुलं धत्ते बीजपूरश्च वामतः ॥८०॥**

શ્યામવર્ણનો, બે હાથ અને હાથીના વાહનવાળો તથા દક્ષિણ હાથમાં નકુલ અને વામ બાહુમાં બીજપૂરધારી શ્રીમહાવીર સ્વામીનો માતંગ નામે યક્ષ જાણવો. ૮૦.

### ૨૪ સિદ્ધાયિકા.

**सिद्धायिका हरिद्वर्णा सिंहारूढा चतुर्भुजा ॥**
**पुस्तकश्चाभयं धत्ते वीणां वै मातुलिङ्गकम् ॥८१॥**

લીલા વર્ણની, સિંહારૂઢ તથા પુસ્તક, અભય, વીણા અને માતુલિંગયુકત ચાર ભુજાવાળી સિદ્ધાયિકા યક્ષિણી જાણવી. ૮૧.

## વિદ્યા દેવી—સ્વરૂપ લક્ષણ.

### ૧ રોહિણી.

**सुरभिवाहनारूढा गौरवर्णा तु रोहिणी ॥**
**अक्षबाणधनुःखड्गसमन्वितचतुष्करा ॥८२॥**

સુરભિ ( ગાય ) ના વાહન ઉપર આરૂઢ થયેલી, ગૌરવર્ણની તથા અક્ષમાલા, બાણ, ધનુષ અને તરવાર યુકત ચાર ભુજાવાળી રોહિણી વિદ્યાદેવી જાણવી. ૮૨.

### ૨ પ્રજ્ઞપ્તિ.

**प्रज्ञप्तिः श्वेतवर्णा च मयूरवरवाहना ॥**
**वरदशक्तिसंयुक्ता सशक्तिमातुलिङ्गिका ॥८३॥**

શ્વેતવર્ણની, મયૂરના શ્રેષ્ઠ વાહનવાળી તથા જમણા હાથ વર, શક્તિસંયુક્ત અને ડાબા હાથ શકિત, માતુલિંગ સહિત પ્રજ્ઞપ્તિ નામે વિદ્યાદેવી જાણવી. ૮૩.

### ૩ વજ્રશૃંખલા.

**चतुर्भुजा च शङ्खाभा पद्मस्था वज्रशृङ्खला ॥**
**वरदशृङ्खलायुक्ता शृङ्खलापद्मसंयुता ॥८४॥**

"Aho Shrutgyanam"

શંખના સમાન કાંતિવાળી, પદ્મના આસનવાળી તથા જમણા હાથ વર, શૃંખલા ( સાંકળ ) યુક્ત અને ડાબા હાથ શૃંખલા, પદ્મસંયુક્ત ચાર ભુજાવાળી વજ્રશૃંખલા નામની વિદ્યાદેવી જાણવી. ૮૪.

## ૪ વજ્રાંકુશી.

**वज्राङ्कुशी गजारूढा कनकाभा चतुर्भुजा ॥**
**वरदं वज्रकं धत्तेऽङ्कुशश्च मातुलिङ्गकम् ॥८५॥**

હાથી ઉપર બેઠેલી, સુવર્ણના સમાન કાંતિવાળી તથા વર, વજ્ર, અંકુશ અને માતુલિંગને ધારણ કરેલા ચાર ભુજાવાળી વજ્રાંકુશા નામની વિદ્યાદેવી જાણવી. ૮૫.

## ૫ ચક્રેશ્વરી.

**गरुडस्था तडिद्वर्णाऽप्रतिचक्रा चतुर्भुजा ॥**
**चक्रेश्वरीति या ख्याता चक्रयुक्तचतुष्करा ॥८६॥**

ગરૂડના વાહનયુક્ત, વીજળીના સમાન કાંતિવાળી તથા ચક્રયુક્ત ચાર ભુજાવાળી અપ્રતિચક્રા જાણવી. જે ચક્રેશ્વરીના નામે પણ ઓળખાય છે. ૮૬.

## ૬ નરદત્તા.

**नरदत्ता च हेमाभा महिषीवाहनस्थिता ॥**
**वरदखड्गसंयुक्ता खेटकमातुलिङ्गिका ॥८७॥**

સુવર્ણના સમાન કાંતિવાળી, ભેંસના વાહન ઉપર બેઠેલી તથા જમણા હાથ વર, ખડ્ગયુક્ત અને ડાબા હાથ ઢાલ, માતુલિંગયુક્ત ચતુર્ભુજા નરદત્તા નામે વિદ્યાદેવી જાણવી. ૮૭.

## ૭ કાલી.

**काली तु कृष्णवर्णा स्यात्पद्मासना चतुर्भुजा ॥**
**अक्षसूत्रगदावज्राऽभययुक्तचतुष्करा ॥८८॥**

કાળા વર્ણની, પદ્મના આસન ઉપર બેઠેલી તથા અક્ષમાલા, ગદા, વજ્ર અને અભયયુક્ત ચાર ભુજાવાળી કાલી નામે વિદ્યાદેવી. જાણવી. ૮૮.

"Aho Shrutgyanam"

### ૮ મહાકાલી.

**महाकाली तमालाभा पुरुषवाहनस्थिता ॥**
**अक्षसूत्रं तथा वज्रं धत्तेऽभयश्च घंटिकाम् ॥८९॥**

તમાલ વૃક્ષના સમાન કાંતિવાળી, પુરૂષના વાહનવાળી તથા અક્ષમાલા, વજ્ર, અભય અને ઘંટને ધારણ કરેલા ચાર ભુજાવાળી મહાકાલી નામે વિદ્યાદેવી જાણવી. ૮૯.

### ૯ ગૌરી.

**गौरी कनकवर्णाभा गोधावाहनसंस्थिता ॥**
**वरदमूसलाक्षाब्जसमन्वितचतुष्करा ॥९०॥**

સુવર્ણના જેવી કાંતિવાળી, ઘોના વાહન ઉપર બેઠેલી તથા વર, મૂસલ, અક્ષમાલા અને કમળ સહિત ચાર ભુજાવાળી ગૌરી નામે વિદ્યાદેવી જાણવી. ૯૦.

### ૧૦ ગાંધારી.

**गान्धारी नीलवर्णा च कमलासनसंस्थिता ॥**
**वरदं मूसलं वज्रमभयश्चैव बिभ्रती ॥९१॥**

નીલવર્ણા, કમલાસનવાળી તથા વર, મૂસલ, વજ્ર અને અભયધારિણી ચતુર્ભુજા ગાન્ધારી નામે વિદ્યાદેવી જાણવી. ૯૧.

### ૧૧ મહાજ્વાલા.

**मार्जारवाहना नित्यं ज्वालोद्भासिकरद्वया ॥**
**शशांकधवला ज्वाला देवी भद्रं ददातु नः ॥९२॥**

બિલાડાના વાહનવાળી, અગ્નિની જ્વાલાથી જેના બન્ને હાથો શોભાયમાન છે એવી અને ચંદ્ર સમાન શ્વેત વર્ણવાળી મહાજ્વાલા જાણવી અને તે અમારૂં કલ્યાણ કરો. ૯૨.

### ૧૨ માનવી.

**मानवी श्यामवर्णा च कमलस्था चतुर्भुजा ॥**
**वरदपाशशाखाक्षसूत्रालंकृतहस्तका ॥९३॥**

શ્યામવર્ણ, કમલના ઉપર બેઠેલી તથા વર, પાશ, પલ્લવયુક્ત શાખા અને અક્ષમાલા વડે અલંકૃત, ચાર ભુજાવાળી માનવી જાણવી. ૯૩.

"Aho Shrutgyanam"

### ૧૩ વૈરોટ્યા.

**वैरोट्या श्यामवर्णा चाजगरासनसंस्थिता ॥**
**सव्ये खड्गोरगौ धत्ते वामे खेटकपन्नगौ ॥९४॥**

શ્યામ વર્ણવાળી, અજગરના આસનવાળી તથા ખડ્ગ, સર્પ, ઢાલ અને સર્પ યુક્ત ચાર ભુજાવાળી વૈરોટ્યા જાણવી. ૯૪.

### ૧૪ અચ્છુપ્તા.

**अच्छुप्ता च तडिद्वर्णा तुरगवाहनस्थिता ॥**
**खड्गबाणधनुःखेटविभूषितचतुर्भुजा ॥९५॥**

વિજળીના સમાન વર્ણવાળી, અશ્વના વાહનવાળી તથા ખડ્ગ, બાણ, ધનુષ્ય અને ઢાલ યુક્ત ચાર ભુજાવાળી અચ્છુપ્તા દેવી જાણવી. ૯૫.

### ૧૫ માનસી.

**मानसी धवलाभा च हंसवाहनसंस्थिता ॥**
**वरदवज्रवज्राक्षवलयान्वितबाहुका ॥९६॥**

ધોળી કાંતિવાળી, હંસ ઉપર બેઠેલી તથા વર, વજ્ર, વજ્ર અને અક્ષમાલાના કંકણયુક્ત ચાર ભુજાવાળી માનસી નામની વિદ્યાદેવી જાણવી. ૯૬.

### ૧૬ મહામાનસી.

**सिंहासनसमासीना धवला महामानसी ॥**
**वरासिखेटकैर्युक्ता कुण्डया चैव चतुर्भुजा ॥९७॥**

સિંહ ઉપર બેઠેલી, ધોળા વર્ણવાળી તથા વર, તરવાર, ઢાલ અને કુંડિકાયુકત ચાર ભુજાવાળી મહામાનસી ( નાગદેવી ) જાણવી. ૯૭.

### દેવીઓના આયુધની ઉંચાઇનું પ્રમાણ.

**आयुधं जिनदेवीनां केशान्तादधिकं न हि ॥**
**कृते कारापकः स्वामी गृहंकर्ता विनश्यति ॥९८॥**

જિનશાસ્ત્રમાં કહેલી ચાર નિકાયની દેવીઓનાં આયુધ કેશાન્તથી અધિક ઉંચાં કરવાં નહિ. જો અધિક કરવામાં આવે તો કરાવનાર સ્વામી, ઘર અને કરાવનારનો વિનાશ થાય છે. ૯૮.

"Aho Shrutgyanam"

## શ્રી જિનદેવના અષ્ટ દ્વારપાલ,

### નામ.

**इन्द्र इन्द्रजयश्चैव माहेन्द्रो विजयस्तथा ॥**
**धरणेन्द्रः पद्मकश्च सुनाभः सुरदुन्दुभिः ॥९९॥**

ઇન્દ્ર, ઇન્દ્રજય, માહેન્દ્ર, વિજય, ધરણેન્દ્ર, પદ્મક, સુનાભ અને સુરદુન્દુભિ; આ આઠ જિનદેવતાઓના દ્વારપાલ જાણવા. ૯૯.

**फलं वज्राङ्कुशौ दण्डमिन्द्र इन्द्रजयस्तथा ॥**
**द्वौ वज्रौ फलदण्डौ च माहेन्द्रो विजयोद्भवः ॥१००॥**
**वज्राभयफणीदण्डैर्धरणेन्द्रश्च पद्मकः ॥**
**फलं वंशीद्वयं दण्डः सुनाभः सुरदुन्दुभिः ॥१०१॥**

ફલ, વજ્ર, અંકુશ અને દંડધારી ઇન્દ્ર તથા આ આયુધો સવ્યાપસવ્ય કરવાથી ઇન્દ્રજય નામના પૂર્વદિશાના ક્રમે વામદક્ષિણ ભાગમાં રહેલા દ્વારપાલ જાણવા.

વજ્ર, વજ્ર, ફલ અને દંડધારી માહેન્દ્ર તથા આ આયુધો સવ્યાપસવ્ય કરી વિજય નામના દક્ષિણ દિશાના વામદક્ષિણ ભાગે રહેલા દ્વારપાલ જાણવા.

વજ્ર, અભય, સર્પ અને દંડધારી ધરણેન્દ્ર તથા સવ્યાપસવ્ય યોગે પદ્મક નામના પશ્ચિમ દિશાના વામદક્ષિણ ભાગે રહેલા દ્વારપાલ જાણવા.

ફલ, બંસુરી બંસુરી અને દંડધારી સુનાભ તથા સવ્યાપસવ્ય યોગે સુરદુન્દુભિ નામના ઉત્તર દિશાના દ્વારપાલ જાણવા. ૧૦૦, ૧૦૧.

**इत्यष्टौ च प्रतीहारा वीतरागे प्रकीर्तिताः ॥**
**नगरादिपुरग्रामे सर्वे विघ्नप्रणाशनाः ॥१०२॥**

આ પ્રમાણે વીતરાગ દેવતાના આઠ પ્રતીહારો કહ્યા. એ નગર વિગેરે તેમજ પુર અને ગામમાં વિઘ્નનો નાશ કરનારા જાણવા. ૧૦૨.



"Aho Shrutgyanam"

## સમોસરણ તથા સિંહાસન લક્ષણ.

**श्रीआदिनाथनेमी च पार्श्वौ वीरश्चतुर्थकः ॥**
**चक्रेश्वर्यम्बिका पद्मावती सिद्धायिकेति च ॥१०३॥**
**कैलासं समोसरणं सिद्धिवर्ति सदा शिवम् ॥**
**सिंहासनं धर्मचक्रमुपरीतातपत्रकम् ॥१०४॥**

શ્રી આદિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને ચોથા મહાવીર સ્વામી તથા ચક્રેશ્વરી, અંબિકા, પદ્માવતી અને સિદ્ધાયિકા દેવી યુક્ત કૈલાસ સમોસરણ જાણવું. તે સિદ્ધિદાયક અને સદા કલ્યાણકારી છે. સિંહાસન, ધર્મચક્ર તથા છત્ર સંયુક્ત કરવું. ૧૦૩, ૧૦૪.

## ઘરમંદિરમાં સ્થાપના ન કરવા વિષે.

**नेमिश्च मल्लिनाथश्च वीरो वैराग्यकारकाः ॥**
**त्रयो वै मंदिरे स्थाप्याः शुभदा न गृहे मताः ॥१०५॥**

વૈરાગ્યવાન નેમિનાથ, મલ્લિનાથ અને મહાવીર સ્વામી; આ ત્રણ તીર્થંકરોની દેવાલયોમાંજ સ્થાપના કરવી. ઘરમંદિરમાં સ્થાપવા શુભકર્તા નથી. ૧૦૫.

**ऋषभादिजिनपंक्तिः स्थाप्या दक्षिणतः सदा ॥**
**चतुर्विंशजिनालये सर्वस्मिन्सृष्टिमार्गतः ॥१०६॥**

શ્રીઋષભદેવ આદિ જિનેશ્વરની પંક્તિ સૃષ્ટિમાર્ગે એટલે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર; એ પ્રમાણે સ્થાપવી. સમસ્ત જિનાલયમાં આ પ્રમાણે સમજવું. ૧૦૬.

**चतुर्विंशतिपृथक्त्वे जिनानां च द्वासप्ततिः ॥**
**मूलनायको भवेद्यस्तु तस्य स्थाने सरस्वती ॥१०७॥**
**जिनालये जिनं कुर्यादंते कुर्यात्सरस्वतीम् ॥**
**सरस्वती जिनश्चैव ह्यन्योन्यमवरोधकम् ॥१०८॥**

ચોવીસ જિનાલયોના પૃથક્ પૃથક્ ભેદો વડે ( ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ભેદો વડે ) બોતેર જિનાલય થાય છે. જે મૂલનાયક હોય તેના સ્થાને સરસ્વતી દેવી કરવી અને જિનાલયમાં તો જિન દેવતા કરવા અને પાછળના અંત ભાગે સરસ્વતી કરવી. સરસ્વતી અને જિન દેવતા પરસ્પર એક બીજાના અવરોધ કર્તા જાણવા. ૧૦૭, ૧૦૮.

"Aho Shrutgyanam"

## શ્રી જિન પ્રતિમા વિભાગ વર્ણન.

### જિનસ્વરૂપ.

**अरूपं रूपमापन्नं विश्वरूपं जगत्प्रभुम् ॥**
**केवलं ज्ञानमूर्तिश्च वीतरागं जिनेश्वरम् ॥१०९॥**
**द्विभुजश्चैकवक्त्रश्च बद्धपद्मासनस्थितम् ॥**
**लीयमानपरब्रह्मजिनमूर्तिजगद्गुरुम् ॥११०॥**

નિરાકાર અને વિશ્વરૂપ, જગતના પ્રભુ તથા કેવલ જ્ઞાનની મૂર્તિરૂપ વીતરાગ જિનેશ્વર સ્વરૂપાકારને પ્રાપ્ત થએલા કરવા. ૧૦૯.

બે ભુજાવાળા, એક મુખવાળા, પદ્માસનવાળીને બેઠેલા તથા પરબ્રહ્મના ધ્યાનમાં લીન થએલી મુદ્રાવાળા જિનમૂર્તિ જગદ્ગુરૂ કરવા. ૧૧૦.

**नामसङ्ख्या समाख्याता प्रयुक्ता वास्तुवेदके ॥**
**चतुर्विंशत्यृषभाद्या वर्धमानान्तकास्तथा ॥१११॥**
**ऋषभादिपरीवारो दुर्गमो वर्णसंकरः ॥**
**तेन चाङ्गुलसंख्या वै प्रतिमामानकर्मणि ॥११२॥**

શ્રીઋષભાદિથી શ્રીવર્ધમાન સુધીના ચોવીસ તીર્થંકરોની વાસ્તુવેદમાં વર્ણવેલી નામસંખ્યા પૂર્વે કહી છે. શ્રીઋષભાદિ પરિવાર વર્ણની મિશ્રતાને લીધે તેમનાં સ્વરૂપ લક્ષણ જાણવાં અત્યંત કઠિન છે તેથી પ્રતિમાના માનના કાર્યમાં અંગુલ સંખ્યાના પ્રમાણથી પ્રતિમાનું સ્વરૂપ કહ્યું છે. ૧૧૧, ૧૧૨.

### પ્રતિમામાન.

**प्रासादमाने स्यादर्चा द्वारमाने विशेषतः ॥**
**प्रमाणं द्वारमानेन ह्यन्यथा निष्फलं भवेत् ॥११३॥**

પ્રાસાદમાને પ્રતિમા કરવી પરંતુ વિશેષતઃ દ્વારમાને કરવી શુભ છે. કારણ કે પ્રતિમાનું માન દ્વારમાને લેવું સારૂં, અન્યથા નિષ્ફળ થાય છે. ૧૧૩.

**अर्चा चोत्पन्नमानेन द्वाराधिपाज्जिनोदयः ॥**
**प्रासादो वीतरागस्य नो शास्त्रोदरमध्यमः ॥११४॥**

"Aho Shrutgyanam"

ઉત્પન્ન થયેલા માને કરેલી શ્રીજિનદેવની અર્ચા ( પ્રતિમા ) દ્વારપાલથી ઉંચે સ્થાપવી તથા વીતરાગનો પ્રાસાદ, જેની શાખાઓનું ઉદર મધ્ય માનનું છે એવો કરવો નહિ. અર્થાત્ વીતરાગના પ્રાસાદમાં દ્વારની પહોળાઇ મધ્યમ માનની કરવી નહિ. ૧૧૪.

**देवलोकत्रिलोकेषु न वै शस्या तथार्चिता ॥**
**जयः स्यादधमे माने शाखोदरं न लंघयेत् ॥११५॥**

મધ્યમ માનના દ્વારના માને કરેલી પ્રતિમાની પૂજા સ્વર્ગલોક તેમજ ત્રિલોકમાં પ્રશંસનીય થતી નથી. કનિષ્ઠ માનનું દ્વાર કરવાથી જય થાય છે માટે તે સિવાયના માને કરી શાખોદરનું ઉલ્લંઘન કરવું નહિ. ૧૧૫.

## બેઠી પ્રતિમાનું ચતુર્વિધ માન.

**आद्यं द्वारश्च पादोनं प्रान्ते शाखोदरी तथा ॥**
**त्रिधा भक्तश्च कर्तव्यं प्रमाणश्च चतुर्विधम् ॥११६॥**

દ્વારમાને પ્રતિમા કરવાનું ચાર પ્રકારનું પ્રમાણ નીચે પ્રમાણે જાણવું. પ્રથમ દ્વારની પહોળાઇમાં ચાર ભાગ કરી તેમાંથી એક ભાગ છોડી ત્રણ ભાગની, બીજું શાખાઓના અંત ભાગ સુધીની, ત્રીજું શાખાઓના ઉદરમાં પ્રવેશતી અને ચોથું ત્રણ ભાગ કરી બે ભાગની પ્રતિમા કરવી. ૧૧૬.

## ત્રિવિધમાન.

**पञ्चमात्रं प्रान्तद्वारं विस्तरार्धमलङ्कृतम् ॥**
**त्रिधा मानश्च कर्तव्यमर्चा चतुर्मुखा यदा ॥११७॥**

ચોમુખ પ્રાસાદમાં ચારે દિશામાં પ્રતિમા સ્થાપન કરવાને દ્વારમાને પ્રતિમા-માન નીચે પ્રમાણે ત્રિવિધમાન લેવું. પાંચ ભાગ કરી ચાર ભાગે, દ્વારના પ્રાન્તભાગે અને પહોળાઇના અર્ધ ભાગે શોભાયમાન પ્રતિમામાન કરવું. ૧૧૭.

## સ્વરૂપ-વિભાગ.

**प्रतिमोच्छ्रयमाने तु कर्तव्याश्चतुरंशकाः ॥**
**तत्रांशेषु प्रकुर्वीत चाङ्गुलानां चतुर्दश ॥११८॥**

પ્રતિમાની ઉંચાઇના માનમાં ચાર ભાગો કરવા. અને તે ચારે ભાગોમાં ચૌદ ચૌદ આંગળો અર્થાત્ ચૌદ ચૌદ વિભાગો કરવા. ૧૧૮.

"Aho Shrutgyanam"

**तेनाङ्गुलप्रमाणेन षट्पञ्चाशत्समुच्छ्रयः ॥**
**विस्तारस्तत्प्रमाणेन कर्तव्यः सर्वकामदः ॥११९॥**

ઉપરોક્ત આંગુલ પ્રમાણે કુલ છપ્પન આંગુલ યુક્ત પ્રતિમાની કેશાંત પર્યંતની ઉંચાઇ થઇ. ઉંચાઇના પ્રમાણે પહોળાઇ પણ પનોઠીએ છપ્પન ભાગોથી યુક્ત કરવી તે સર્વ કામનાઓને આપનારી છે. ૧૧૯.

**अस्तकस्योच्छ्रयः कार्यश्चाष्टाङ्गुलप्रमाणतः ॥**
**पादश्चाष्टाङ्गुलः प्रोक्तः दोस्तुला चतुरंगुला ॥१२०॥**

પ્રતિમાના આસન (મસૂર) ની ઉંચાઇ આઠ આંગળની કરવી. પગ આઠ આંગળ જાડા કરવા અને કરતુલા ( બન્ને હાથ જોડેલો પંજો ) ચાર આંગળની કરવી. ૧૨૦.

**चतुरंगुलकं गुह्यं स्तनगर्भश्चतुर्दश ॥**
**त्रयोदशतु हृच्चैव केशान्तश्च त्रयोदश ॥१२१॥**

ગુહ્યભાગ ચાર આંગળનો કરવો. ગુહ્ય ભાગથી સ્તનગર્ભ સુધીનો ભાગ ચૌદ આંગળ, સ્તનગર્ભથી કંઠ સુધીનો હૃદયભાગ તેર આંગળ અને કંઠથી કેશાંત સુધીનો મુખભાગ પણ તેર આંગળનો કરવો. ૧૨૧.

**ललाटश्च चतुर्भागं नासिका पंच कीर्तिता ॥**
**अङ्गुलमोष्ठमध्यश्च तूर्याङ्गुलमहौष्ठकम् ॥१२२॥**

મુખના તેર ભાગોમાં ચાર આંગળનું કપાળ, પાંચ આંગળની નાસિકા, એક આંગળનો નાસિકા અને ઓષ્ઠનો મધ્ય ભાગ તથા ઉપરના ઓષ્ઠથી નીચે દાઢી સુધીનો ભાગ ચાર આંગળ કરવો. ૧૨૨.

**नासिकौष्ठद्वयोर्मध्ये प्रवेशश्चाङ्गुलस्य वै ॥**
**अर्धाङ्गुलमध्यौष्ठं द्व्यङ्गुला च हनुस्तथा ॥१२३॥**

નાસિકા અને ઓષ્ઠની વચ્ચેનો પ્રવેશભાગ એક આંગળનો રાખવો. બન્ને ઓષ્ઠ અર્ધા અર્ધા આંગળના અને દાઢી બે આંગળની કરવી. (કુલ ભાગ ચાર) ૧૨૩.

"Aho Shrutgyanam"

**एवञ्च षड्पञ्चाशदुच्छ्रये च विशेषतः ॥**
**ऊर्ध्वे षडंगुलं ज्ञेयं केशान्तस्य परिस्थितिः ॥१२४॥**

આ પ્રમાણે ઉંચાઇમાં વિશેષે કરી છપ્પન ભાગો કરવા અને કેશાંતની ઉપલ્યો ભાગ શિખા પર્યંત છ આંગળ કરવો. (એ રીતે કુલ સીત્તેર (૭૦) આંગળ અથવા ભાગો જાણવા.) ૧૨૪.

**वक्त्रविस्तारमानं च ह्यङ्गुलानि चतुर्दश ॥**
**ग्रीवा दशाङ्गुला प्रोक्ता स्तनगर्भे च द्वादश ॥१२५॥**

મુખની પહોળાઇ ચૌદ આંગળની કરવી તથા ગળું જાડું દશ આંગળ કરવું અને બન્ને સ્તનનો મધ્ય ભાગ પહોળાઇમાં બાર આંગળ રાખવો. ૧૨૫.

**कक्षमध्यं प्रकुर्वीत द्वाविंशतिविभागकैः ॥**
**कटिविस्तारमानञ्च ह्यङ्गुलानाञ्च षोडश ॥१२६॥**

બન્ને કાખનો મધ્ય ભાગ બાવીસ આંગળનો તથા કટિ–કમરની પહોળાઇ સોળ આંગળની કરવી. ૧૨૬.

**बाह्यकक्षप्रमाणञ्च ह्यष्टादशाङ्गुलस्तथा ॥**
**बाहुविस्तरतः प्राज्ञोऽष्टाङ्गुलात्मकमूर्ध्वकम् ॥१२७॥**

હૃદયના મધ્યેથી કાખ બહાર બાહુ સુધીનો ભાગ અઢાર આંગળનો કરવો. (બન્ને બાજુએ મળી કુલ ૩૬ છત્રીસ આંગળ જાણવા) અને બાહુવિસ્તારમાં ઉપરનો ભાગ આઠ આંગળ જાડો કરવો. ૧૨૭.

**सप्ताङ्गुलमधःस्थाने चाष्टादश कराग्रतः ॥**
**दैर्घ्यं तत्र प्रकर्तव्यं विस्तारेऽष्टाङ्गुलाश्च वै ॥१२८॥**

કોણીથી નીચેનો હાથનો ભાગ સાત આંગળ જાડો કરવો અને કોણીથી આંગળીઓ સુધીનો હાથનો ભાગ અઢાર આંગળ લાંબો કરવો તથા પંજો આઠ આંગળ પહોળો કરવો. ૧૨૮.

**झेलकञ्च चतुर्भागं बाह्वग्रं पञ्चभागकम् ॥**
**मत्स्यकं सप्तसार्धञ्च घसीकञ्चैव द्व्यङ्गुलम् ॥१२९॥**

"Aho Shrutgyanam"

કાંડામાં હાથ જાડો ચાર ભાગ અને બાહુનો આગળનો ભાગ પહોળો પાંચ ભાગ કરવો. તથા કોણીએ સાડા સાત ભાગ જાડો અને પેટ તથા હાથની વચ્ચે બે ભાગની ઘસી કરવી. ૧૨૯.

**आसनश्चाष्टविंशत्या षोडशाङ्गुलमस्तकम् ॥**
**कर्णनासाग्रकं कार्यं शोभनश्च दशाङ्गुलम् ॥१३०॥**

આસન ( પલાંઠીથી પૃષ્ઠ ભાગ સુધી ) પહોળું અઠ્ઠાવીસ ભાગ કરવું. અને કર્ણ સહિત મસ્તક સોળ ભાગ પહોળું કરવું તથા કાનથી નાસિકાનો અગ્રભાગ દશ ભાગનો રાખવો. ૧૩૦.

**दैर्घ्ये दशाङ्गुलः प्रोक्तः कर्णश्च द्व्यङ्गुलो मतः ॥**
**चतुरंगुलकं चक्षुर्विस्तारे द्व्यङ्गुलं मतम् ॥१३१॥**

કાન લાંબો દશ આંગળ અને પહોળો બે આંગળનો કરવો તથા આંખ લાંબી ચાર આંગળ અને પહોળી બે આંગળ રાખવી. ૧૩૧.

**नासिका तूर्यभागा च ह्यग्रे सार्धाङ्गुला मता ॥**
**ललाटं हर्बटी ज्ञेया क्षोभना च त्र्यङ्गुला ॥१३२॥**

નાસિકા પહોળી ચાર ભાગની કરવી અને ઉંચી અગ્રભાગે દોઢ આંગળની કરવી. તથા કપાળ અને દાઢી નાસિકાના અગ્રભાગેથી ત્રણ ભાગ અંદર પડતી કરવી. ૧૩૨.

**ग्रीवा दशाङ्गुला प्रोक्ता कर्णायामं दशाङ्गुलम् ॥**
**त्रयसार्धश्च विस्तारो भागभागश्च निर्गमः ॥१३३॥**

ગળું દશ આંગળ જાડું કરવું. કર્ણની લંબાઇ દશ આંગળ કરવી તથા સાડા ત્રણ આંગળની પહોળાઇ કરવી અને નીકારે નીકળતો કાન એકેક ભાગનો કરવો. ૧૩૩.

**श्रीवत्सः पञ्चभागः स्यात् त्रिभागो विस्तरे मतः ॥**
**निर्गमं त्रयभागश्च स्तनगर्भे सुशोभनः ॥१३४॥**

શ્રીવત્સ પાંચ ભાગ લાંબો અને ત્રણ ભાગ પહોળો કરવો. નીકારે ( ઉંચો ) નીકળતો ત્રણ ભાગ રાખવો. એ પ્રમાણે બે સ્તનોનો મધ્યભાગ સુશોભિત કરવો. ૧૩૪.

"Aho Shrutgyanam"

**उदरमष्टांगुलं स्यादुदयमेकादश तु ॥**
**कटिबाहुषणं प्रोक्तमङ्गुलत्रयमेव च ॥१३५॥**

ઉદર આઠ ભાગ પહોળું અને અગિયાર ભાગ ઉંચું કરવું તથા કમર અને બાહુનો મધ્યભાગ ( ગાળો ) ત્રણ ભાગ રાખવો. ૧૩૫.

**दशपञ्च भवेत्पादश्चाङ्गुलं पिंडकद्वयम् ॥**
**छिद्रं द्विभागिकं मूले विस्तरे द्वयमेव च ॥१३६॥**

પગ પંદર ભાગ રાખવો અને પગની પિંડીઓ એક એક ભાગની કરવી તથા આસન વાળેલા પગના મૂળમાં પાણી જવાનું છિદ્ર બે ભાગ લાંબું અને બે ભાગ પહોળું કરવું. ૧૩૬.

**गर्भस्था नवभागाष्टौ हस्ताग्रं द्वयमेव च ॥**
**द्वादश च स्थिता जंघा चाग्रे पृष्ठे तथैव च ॥१३७॥**

ગાદીના મધ્ય ભાગે રહેલી ચોરસી નવ ભાગ લાંબી અને આઠ ભાગ પહોળી કરવી તથા હાથનો અગ્ર ભાગ બે આંગળ જાડો કાંણા પાસે રાખવો અને પગની આગળની તેમજ પાછળની જંઘાઓ બાર ભાગ જાડી કરવી. ૧૩૭.

**तथाग्रे पञ्च यत्नेन चतुरङ्गुलमानकम् ॥**
**षड्भिर्भागैश्च कर्तव्यो वामपादश्च मध्यके ॥१३८॥**

તેમજ પાણી નીકળવાના કાણા પાસે પગનું કાંડું પાંચ આંગળ જાડું કરવું અને અંગુઠા પાસેનો પગનો પંજો ચાર ભાગ જાડો કરવો તથા પલાંઠીના મધ્યમાં છ ભાગ ખોદી ડાબો પગ દેખાડવો. ૧૩૮.

**कर्तव्यं शास्त्रसंमत्या स्वरूपं लक्षणान्वितम् ।**
**एवं युक्तिर्विधातव्या प्रतिमामानकर्मणि ॥१३९॥**


શાસ્ત્રાનુસાર સર્વ લક્ષણોથી સંયુક્ત પ્રતિમાનું સ્વરૂપ કરવું તથા પ્રતિમાના વિભાગમાનના કાર્યમાં ઉપર બતાવેલી યુક્તિ પ્રમાણે ભાગમાને પ્રતિમાનું સ્વરૂપ ઘડવું. ૧૩૯.

"Aho Shrutgyanam"



વિમલ-વસહીં સમવસરણની રચના.
જૈન દેરાશર, માઉન્ટ આબુ.

"Aho Shrutgyanam"



કાઉસ્સગ, જૈન દેરાશર, કુંભારીયાજી.

"Aho Shrutgyanam"

**इत्येतत् कथितश्चैव कर्तव्यं शास्त्रपारगैः ॥**
**पूर्वमानप्रमाणश्च कर्तव्यं विधिपूर्वकम् ॥१४०॥**

આ પ્રમાણે વાસ્તુશાસ્ત્રમાં પ્રતિમાના સ્વરૂપનું લક્ષણ કહ્યું છે. અને વિદ્વાન્ શિલ્પીઓએ લક્ષણાનુસાર પ્રતિમા કરવી તથા પૂર્વથી પરંપરાએ ચાલતું આવેલું માનનું પ્રમાણ પણ વિધિપૂર્વક યોજવું. ૧૪૦.

## બેઠી પ્રતિમાના પ્રમાણનાં ૪ સૂત્ર.

**ऊर्ध्वस्थितस्य मानार्द्धमुत्सेधं परिकल्पयेत् ॥**
**पर्यङ्कमपि तावत्तु तिर्यगायामसंस्थितम् ॥१४१॥**

ઉભી પ્રતિમાના પ્રમાણથી બેઠી પ્રતિમાનું પ્રમાણ અર્ધું અથવા ( ૫૪ ) ચોપન આંગળનું જાણવું.

પદ્માસનથી બેઠેલી પ્રતિમાના બે ઢીંચણ સુધીનું માપ લેવું તે પ્રથમ સૂત્ર, તેજ સૂત્રના માપે જમણા ઢીંચણથી ડાબા ખભા સુધી બીજું સૂત્ર, ડાબા ઢીંચણથી જમણા ખભા સુધી ત્રીજું સૂત્ર, અને ગાદીના ઉપરથી કેશ સુધી ઉંચાઇ માપવી તે ચોથું સૂત્ર. આ ચાર સૂત્રના માપમાં પ્રતિમા બરાબર હોવી જોઇએ. ૧૪૧.

## ઉભી જિનમૂર્તિનું પ્રમાણ.

**तालमात्रं मुखं तत्र ग्रीवाधश्चतुरङ्गुलम् ॥**
**कण्ठतो हृदयं यावदन्तरं द्वादशाङ्गुलम् ॥१४२॥**
**तालमात्रं ततो नाभिर्नाभिमेढ्रान्तरं मुखम् ॥**
**मेढ्रजान्वन्तरं तज्ज्ञैर्हस्तमात्रं प्रकीर्तितम् ॥१४३॥**
**वेदाङ्गुलं भवेज्जानुर्जानुगुल्फान्तरं करः ॥**
**वेदाङ्गुलं समाख्यातं गुल्फपादतलान्तरम् ॥१४४॥**
**केशस्थानं जिनेन्द्रस्य प्रोक्तं पञ्चांगुलायतम् ॥**
**ऊष्णीषश्च च ततो ज्ञेयमंगुलद्वयमुन्नतम् ॥१४५॥**

ઉભી પ્રતિમાના મુખની લંબાઇ ( ૧૨ ) બાર આંગળ, ગળું ૪ ચાર આંગળ, કંઠથી હૃદય ૧૨ બાર આંગળ, નાભિ ૧૨ બાર આંગળ, નાભિથી લિંગ સુધી ૧૨ બાર આંગળ, લિંગથી ઢીંચણ સુધી ૨૪ ચોવીસ આંગળ, ઢીંચણ ૪ ચાર આંગળ, ઢીંચણથી પગની ઘુંટી સુધી ૨૪ ચોવીસ અને ઘુંટીથી પગની પાની સુધી ૪ ચાર



"Aho Shrutgyanam"

આંગળ કરવા. કુલ ઉંચાઇના ભાગ ૧૦૮ આંગળ તે કેશાન્ત સુધી જાણવા. જિનેશ્વરનું કેશસ્થાન ૫ પાંચ આંગળ ઉંચું કરવું. તેમાં કેશ ૩ ત્રણ ભાગ અને (૨) બે આંગળ શિખા ઉન્નત કરવી. ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫.

**द्वादशाङ्गुलविस्तीर्णमायतं द्वादशाङ्गुलम् ॥**
**मुखं कुर्यात् स्वकेशान्तं त्रिधा तच्च यथाक्रमम् ॥१४६॥**

બાર આંગળ લંબાઈમાં અને ( ૧૨ ) બાર આંગળ વિસ્તારમાં કેશ શિવાય મુખ કરવું. તેમાં ૪ ચાર આંગળ કપાળ, ૪ ચાર આંગળ લાંબી નાસિકા અને ( ૪ ) ચાર આંગળ મુખ દાઢી સહિત કરવું. ૧૪૬.

### માનહીન ન કરવા વિષે.

**अन्यथा च न कर्तव्यं मानहीनं न कारयेत् ॥**
**क्रियते बहुदोषाः स्युः सिद्धिरत्र न जायते ॥१४७॥**

શિલ્પીએ માન પ્રમાણ છોડી કાર્ય કરવું નહિ. તેમજ કર્તાએ માન પ્રમાણ રહિત કાર્ય કરાવવું પણ નહિ. જો તેમ કરે તો ઘણા દોષો થાય અને તે કાર્યમાં લાભ મળે નહિ. ૧૪૭.

### શાસ્ત્રહીન ન કરવા વિષે.

**निर्दोषा जायमाना स्यात् शिल्पिदोषे महद्भयम् ॥**
**शास्त्रहीनं न कर्तव्यं स्वामिसर्वधनक्षयः ॥१४८॥**

શાસ્ત્ર પ્રમાણાનુસાર નિર્દોષ પ્રતિમા કરવામાં આવે તો સિદ્ધિ પ્રાપ્ત થાય. પરંતુ શિલ્પીથી માન પ્રમાણમાં દોષ થાય તો મોટો ભય ઉત્પન્ન થાય તેમજ શાસ્ત્રના પ્રમાણરહિત પ્રતિમા કરવામાં આવે તો કરાવનાર સ્વામીના સમસ્ત ધનનો નાશ થાય છે. ૧૪૮.

### આંગળ માને શુભાશુભ.

**एकाङ्गुला भवेत् श्रेष्ठा द्व्यङ्गुला धननाशिका ॥**
**त्र्यङ्गुला वृद्धिदा ज्ञेया वर्जयेत् चतुरङ्गुलाम् ॥१४९॥**
**पञ्चाङ्गुला भवेद् वृद्धिरुद्वेगश्च षडङ्गुला ॥**
**सप्ताङ्गुला नवा वृद्धिर्हीना चाष्टाङ्गुला सदा ॥१५०॥**

"Aho Shrutgyanam"

**नवाङ्गुला सुतं दद्याद् द्रव्यहानिर्दशाङ्गुला ॥**
**एकादशांगुलं बिम्बं सद्यःकामार्थसिद्धिदम् ॥१५१॥**

એક આંગળની ઉંચી પ્રતિમા શ્રેષ્ઠ, બે આંગળની ધનનો નાશ કરનારી, ત્રણ આંગળની પ્રતિમા વૃદ્ધિ કરનારી, ચાર આંગળની પ્રતિમા કરવી નહિ, પાંચ આંગળની વૃદ્ધિ કરનારી, છ આંગળની ઉદ્વેગ કરનારી, સાત આંગળની નવીન ધનાદિની વૃદ્ધિ કરનારી, આઠ આંગળની ન કરવી, નવ આંગળની પુત્ર આપનારી, દશ આંગળની દ્રવ્યહાનિ કરનારી અને અગિયાર આંગળની ઉંચી પ્રતિમા તરત કામ અને અર્થની સિદ્ધિ કરનારી જાણવી. ૧૪૯, ૧૫૦, ૧૫૧.

## પ્રતિમામાં શુભ રેખા.

**नंद्यावर्तवसुन्धराधरहयश्रीवत्सकूर्मोपमाः,**
**शङ्खस्वस्तिकहस्तिगोवृषनिभाः शक्रेन्दुसूर्योपमाः ॥**
**छत्रस्रग्ध्वजलिंगतोरणमृगप्रासादपद्मोपमाः,**
**वज्राभा गरुडोपमाश्च शुभदा रेखाः कपर्दोपमाः ॥१५२॥**

પાષાણ અગર લાકડાની મૂર્તિમાં નંદ્યાવર્ત, શેષનાગ, ઘોડો, શ્રીવત્સ, કાચબો, શંખ, સ્વસ્તિક, હાથી, ગાય, બળદ, ઇન્દ્ર, ચન્દ્ર, સૂર્ય, છત્ર, માલા, ધ્વજા, શિવલિંગ, તોરણ, હરણ, પ્રાસાદ, કમળ, વજ્ર, ગરૂડ અને શિવના સમાન રેખા હોય તો તે શુભ જાણવી. ૧૫૨.

## પ્રતિમામાં અશુભ રેખા અથવા ડાઘ.

**हृदये मस्तके भाले ह्यंशयोः कर्णयोर्मुखे ॥**
**उदरे पृष्ठसंलग्ने हस्तयोः पादयोरपि ॥१५३॥**
**एतेष्वङ्गेषु सर्वेषु रेखालाञ्छननीलिका ॥**
**बिम्बानां यत्र दृश्यन्ते त्यजेत्तानि विचक्षणः ॥१५४॥**
**अन्यस्थानेषु मध्यस्था त्रासफाटविवर्जिता ॥**
**निर्मलस्निग्धशान्ता च वर्णसारूप्यशालिनी ॥१५५॥**

હૃદય, મસ્તક, કપાલ, બન્ને ખભા, બે કાન, મુખ, પેટ, પૃષ્ઠભાગ, બે હાથ અને બન્ને પગ; આ સર્વ અંગે આસમાની અગર કાળી રેખાઓ અર્થાત્ લીંટા હોય તો એવી પ્રતિમાને પંડિતોએ અવશ્ય વર્જવી જોઇએ. ઉપર બતાવેલાં અંગ

"Aho Shrutgyanam"

સિવાય બીજે ઠેકાણે હોય તો તે પ્રતિમા મધ્યમ જાણવી; પરંતુ ખરાબ તીરાડો કે ચીરા આદિ દૂષણથી રહિત, સ્વચ્છ, ચિકણી, ઠંડી અને પોતાના વર્ણના રંગની રેખાઓવાળી હોય તો દોષકર્તા જાણવી નહિ. ૧૫૩, ૧૫૪, ૧૫૫.

## હીનાંગે દોષ વર્ણન.

**एतत्प्रामाणकं प्रोक्तमूर्ध्वं प्रासादपूजिता ॥**
**ऊर्ध्वदृष्टिर्द्रव्यनाशा दुर्भिक्षाय कृशोदरी ॥१५६॥**

આ પ્રમાણે પ્રતિમાની ઉંચાઇનું પ્રમાણ કહ્યું. તેમાં એકી સંખ્યાએ પ્રતિમા ઉંચી કરવી શુભ છે અને આથી ઉંચી પ્રતિમા પ્રાસાદમાં પૂજવી.

પ્રતિમાની દૃષ્ટિ ઉંચી રાખે તો દ્રવ્યનો નાશ કરનારી અને પેટનો ભાગ પાતળો કરી નાખે તો દુકાળ પાડનારી થાય છે. ૧૫૬.

**जंघाहीना भवेद् भक्षा कटिहीना च घातिनी ॥**
**अधोहीनातिदुःखाय शिल्पिनो भोगवर्जिताः ॥१५७॥**

જંઘાહીન ( પ્રમાણથી પાતળી ) પ્રતિમા કરે તો ભક્ષણ કરનારી, કટિ ( કેડ ) હીના થાય તો કર્તા કારયિતાનો ઘાત કરનારી અને નીચેના ભાગે હીના થાય તો અત્યંત દુઃખકર્તા તથા શિલ્પીઓના સુખને હાનિકર્તા થાય છે. ૧૫૭.

**वक्रनासादिकश्चैव करक्षीणे न लोपना ॥**
**भाले नखे मुखे चैव क्षीणेऽधिके कुलक्षयः ॥१५८॥**

નાસિકા, મુખ અને પગાદિ વાંકા હોય તેમજ હાથ પાતળા થાય તો કુલનો નાશકર્તા તથા કપાળ, નખો અને મુખાદિ પાતળાં અથવા પ્રમાણથી અધિક થાય તો કુલનો ક્ષય કરનારી જાણવી. ૧૫૮.

**विशाला क्षीणसंपत्तिर्नाभिलम्बे कुलक्षयः ॥**
**कक्षालम्बे वियोगश्च सौम्या सर्वार्थसिद्धिदा ॥१५९॥**

પ્રમાણથી પ્રતિમા વિશાળ ( મોટી લાંબી ) કરે તો સંપત્તિનો ક્ષય કરે, નાભિનો ભાગ લાંબો થાય તો કુલનો ક્ષય કરે, કાખનો ભાગ લાંબો કરે તો ઇષ્ટનો વિયોગ થાય અને સૌમ્ય ( બરાબર ) સ્વરૂપની કરે તો સર્વ પ્રકારના અર્થોની સિદ્ધિ આપનારી જાણવી. ૧૫૯.

"Aho Shrutgyanam"

**रोदन्ती च हसन्ती च मदिकाङ्गा च शिल्पिना ॥**
**कृशा द्रव्यविनाशाय दुर्भिक्षाय कृशोदरी ॥१६०॥**

શિલ્પીએ પ્રતિમા રડતી, હસતી અથવા મદ ભરેલાં અંગોવાળી કરી હોય તો તે હાનિકર્તા જાણવી. પાતળી દ્રવ્ય નાશ કરનારી અને પાતળા પેટવાળી દુર્ભિક્ષ કરનારી થાય છે. ૧૬૦.

**वक्रनासातिदुःखाय ह्रस्वाङ्गा क्षयकारिणी ॥**
**अनेत्रा नेत्रनाशाय शिल्पी स्याद् भोगवर्जितः ॥१६१॥**

વાંકા નાકવાળી પ્રતિમા ઘણું દુઃખ કરનારી છે, પ્રમાણથી નાનાં અંગોવાળી ક્ષય કરનારી છે, ચક્ષુ વગરની ચક્ષુ નાશ કરનારી છે અને શિલ્પી દુઃખી થાય છે. ૧૬૧.

**जायते प्रतिमा हीने कटिह्रासे च घातिनी ॥**
**जंघाहीने भवेद् भ्रातृपुत्रमित्रविनाशिनी ॥१६२॥**

પ્રમાણથી રહિત પ્રતિમા કરે તો તેમજ કમરનો ભાગ હ્રસ્વ ( પાતળો અને જાડો ) કરે તો ઘાતકર્તા થાય છે. જંઘાહીન કરે તો ભાઇ, પુત્ર અને મિત્રાદિનો વિનાશકર્તા થાય છે. ૧૬૨.

**ग्रीवाहीनेऽत्र विज्ञेयो ग्रीवारोगो न संशयः ॥**
**स्कंधहीने तु विज्ञेयः स्त्रीनाशो निरुपग्रहः ॥१६३॥**

ગ્રીવા–કંઠ હીન પ્રતિમા કરવાથી કંઠરોગ થાય છે એમાં સંશય નહિ કરવો. સ્કંધ હીન પ્રતિમા કરે તો સ્ત્રીનો નાશ અને ગ્રહનો ઉપદ્રવ થાય. ૧૬૩.

**हृदि हीने च निःशेषो बाहुहीनेऽपराक्रमः ॥**
**हीनहस्ते च स्त्रीहानिः पृष्ठहीने तथाऽसुखम् ॥१६४॥**

હૃદયહીન થાય તો નિઃશેષ (નિઃસંતાન), બાહુહીન કરે તો પરાક્રમ રહિત, હસ્તહીન થાય તો સ્ત્રીની હાનિ અને પૃષ્ઠ ભાગે હીન થાય તો દુઃખકર્તા થાય. ૧૬૪.

**पार्श्वहीने च विज्ञेयो गृहस्यापि परिक्षयः ॥**
**उरुक्षये विजानीयात् कुटुम्बस्य विनाशिनी ॥१६५॥**

પડખાના ભાગે હીન થાય તો ગૃહનો નાશ જાણવો અને છાતીના ભાગે હીન હોય તો કુટુંબનો નાશ કરનારી જાણવી. ૧૬૫.

"Aho Shrutgyanam"

नाभिप्रदेशहीने तु व्याधिस्तत्र प्रकोपितः ॥
अनार्हता च रिक्ता च शुक्रानां क्षयकारिणी ॥१६६॥

નાભિભાગે હીન કરેલી પ્રતિમા વ્યાધિનો પ્રકોપ કરે તથા અયોગ્ય અંગોવાળી અને યોગ્ય અંગોથી રહિત પ્રતિમા પુણ્ય કર્મોની ક્ષયકારિણી જાણવી. ૧૬૬.

उदरं क्षपयेद्यस्तु भार्या तस्य च नश्यति ॥
जानू न क्षपयेद्यस्तु पुत्रैः सह विवर्धते ॥१६७॥

શિલ્પી પ્રતિમાનું ઉદર (પેટ) પ્રમાણથી પાતળું કરી નાખે તો તેની સ્ત્રીનો નાશ થાય છે અને જે પ્રતિમાના જાનુ–ભાગો પ્રમાણથી પાતળા કરતો નથી તે પુત્રો સાથે વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. ૧૬૭.

जंघा यस्य प्रहीयेत प्रवासं तस्य निर्दिशेत् ॥
अति दीर्घाणि हृदयानि गोब्राह्मणविनाशिनी ॥१६८॥

જે પ્રતિમા જંઘા હીન કરે તેને પ્રવાસ કરવો પડે. પ્રમાણથી મોટાં નેત્રોવાળી પ્રતિમા ગો–બ્રાહ્મણોનો નાશ કરનારી જાણવી. તથા વિક્રાળ મુખવાળી અને નીચી દૃષ્ટિવાળી પ્રતિમા ક્ષય અને વ્યાધિઓના ભયને પેદા કરે છે. ૧૬૮.

## પરિકર–લક્ષણ.

अर्चासार्धगुणं कृत्वा परिकरं प्रयत्नतः ॥
तत्र सिंहासनं ज्ञेयमुदयेऽर्चार्धतस्तथा ॥१६९॥

પ્રતિમાની પહોળાઈથી પરિકરની પહોળાઈ દોઢી રાખવી અને તેમાં કરવાના સિંહાસન (ગાદી) ની ઉંચાઈ પ્રતિમાની પહોળાઈના અર્ધા ભાગે કરવી. ૧૬૯.

अधः पीठोदयः कार्यश्चांगुला दश एव च ॥
गजोदयः प्रयत्नेन ह्युदये द्वादशांगुलाः ॥१७०॥

સિંહાસનની કણપીઠની ઉંચાઈ દશ ભાગ–આંગળ કરવી અને હાથીની ઉંચાઈ બાર ભાગ કરવી. ૧૭૦.

षड्भागं छादिकायुक्तमूर्ध्वं तु चतुरंगुलम् ॥
उदयश्च समाख्यातो विस्तारश्चाथ कथ्यते ॥१७१॥

"Aho Shrutgyanam"

ઉપલી છજ્જિકા સાથે કણપીઠ છ ભાગની કરવી. તેમાં ચાર ભાગની કણપીઠ અને બે ભાગની નીચે છજ્જી કરવી. આ ઉંચાઇનું પ્રમાણ કહ્યું. હવે પહોળાઇનું પ્રમાણ કહું છું. ૧૭૧.

**चतुर्दशांगुलो यक्षः सिंहो द्वादश चांगुलः ॥**
**गजो वै दशभागश्च द्वौ द्वौ हि स्तंभिका भवेत् ॥१७२॥**

પહોળાઇમાં યક્ષ ભાગ ચૌદ, સિંહ ભાગ બાર, હાથી ભાગ દશ અને બે બે ભાગની થાંભલીની ખુણી કરવી. ૧૭૨.

**वसुभिर्मध्यदेवी च मृगयुग्मं प्रकीर्तितम् ॥**
**निर्गमश्च ततो ज्ञेयमंगुलानि च पञ्च वै ॥१७३॥**

મધ્ય ભાગમાં દેવી ભાગ આઠની પહોળી કરવી અને કણપીઠમાં મૃગનું જોડું કરવું તથા નીકળતો ઘાટ ભાગ પાંચ કરવો. ૧૭૩.

**अष्टादश च विस्तारे तत्र मध्येऽपि वै शृणु ॥**
**अष्टभिरूर्ध्वसंस्थानो मुनिरेकेन त्रिंशतिः ॥१७४॥**

પરિકરની પહોળાઇ ભાગ અઢારની કરવી. હવે તેમાં કરવાનાં સ્વરૂપોના વિભાગો સાંભળ. આઠ ભાગની પહોળી અને એકત્રીસ ભાગની ઉંચી ઉભી રહેલી મુનિની (અર્થાત્ કાઉસ્સગની ધ્યાનમાં ઉભેલી) પ્રતિમા કરવી. ૧૭૪.

**शेषश्च वलणं कार्यं मल्लिकातोरणोत्तमम् ॥**
**विस्तरे स्तंभिकागर्भमध्यभागे ततः शृणु ॥१७५॥**

તે પ્રતિમાના ઉપરના શેષ ભાગોમાં તોરણાદિથી સંયુક્ત મેરાપ કરવી અને તે પ્રતિમાની બાજુની બે થાંભલીઓના મધ્ય ભાગમાં કરવી. ૧૭૫.

**षडंगुलाश्च कर्तव्या विरालीगजचामराः ॥**
**स्तम्भिके द्व्यङ्गुले द्वे च शेषश्च मुनिविस्तरः ॥१७६॥**

ગ્રાહ, હાથી અને ચામર ( ચમ્મર અને કલશધારી ) છ ભાગની પહોળાઇમાં કરવાં. પ્રતિમાની બન્ને પડખે બે બે ભાગની બે થાંભલીઓ કરવી તથા બાકી રહેલી પહોળાઇમાં મુનિની પ્રતિમા કરવી. ૧૭૬

"Aho Shrutgyanam"

**निर्गमं गर्भसूत्रेण सर्वालङ्कारसंयुतम् ॥**
**दशांगुलं तिलकश्च कार्यं द्विस्तम्भिकोपरि ॥१७७॥**

સર્વ અલંકારો પોતપોતાના પ્રમાણથી અર્ધા ભાગે નીકારે રાખવા. અને બે થાંભલીઓ ઉપર તિલકો દશ ભાગનાં કરવાં. ૧૭૭.

**नक्रः षडंगुलः कार्यः क्षोभनश्चतुरंगुलम् ॥**
**मालाधराः कृता मध्ये चोपरि गज उत्तमः ॥१७८॥**

મગરનું મુખ છ ભાગનું કરવું અને તે ચાર ભાગ નીચું ઉતારવું તથા અંદરની પડખે માલાધર કરવા અને તેના ઉપર હાથી કરવો. ૧૭૮.

**भामण्डलस्य विस्तारो द्वाविंशत्यंगुलैर्मतः ॥**
**चतुर्विंशोदयः कार्यस्ततो मृणालछत्रकम् ॥१७९॥**

ભામંડલની પહોળાઈ કુલ ભાગ બાવીસ કરવી અને ઉંચાઈ કુલ ભાગ ચોવીસ કરવી અને ત્યાર બાદ મૃણાલછત્ર એટલે કમલદંડ અને છત્ર કરવાં. ૧૭૯.

**द्वयछत्रं तथाकारमूर्ध्वे चैवोत्पलोत्तमम् ॥**
**सर्वछत्रस्य विस्तारश्चाङ्गुला विंशतिर्मताः ॥१८०॥**

છત્રના ઉપરના ભાગમાં બે છત્રો ઉપરાઉપરી ગલતાકારે કરવાં તથા તે ગલતોમાં કમળની પાંખડીઓવાળા ઘાટ કરવા અને બધો છત્રવટો પહોળો કુલ વીસ ભાગનો કરવો. ૧૮૦.


**उपरि ढक्कधारा च तथा हि दशांगुलिका ॥**
**चत्वारो मणिबंधश्च द्वे चैवोपरि पट्टिके ॥१८१॥**

ઉપર બતાવેલા છત્રની ગલતાકારની ઢંકધારા ઉંચી ભાગ દશની કરવી અને નીચે ચાર ભાગનો મણિબંધ અર્થાત્ ભમરીઓ અથવા મોતીની ઝાલર કરવી તથા મણિબંધના ઉપરના ભાગે બે પટ્ટીકાઓ કરવી. ૧૮૧.

**मूलनायकदोर्गर्भे कार्यं परिकरोत्तमम् ॥**
**मसूरे विस्तरो यत्र तद्गर्भे कायस्वर्गयः ॥१८२॥**


મૂલનાયકના બન્ને હાથની બહારની ફરકેથી પરિકર કરવું તથા મસૂર (ગાદી) ની પહોળાઈની ફરકે કાઉસ્સગની ઉભી પ્રતિમા ગર્ભે કરવી. ૧૮૨.

"Aho Shrutgyanam"




પરિકરનો નકશો.


"Aho Shrutgyanam"



પૃષ્ઠ દર્શન.

પાર્શ્વ દર્શન.

"Aho Shrutgyanam"



 સિંહાસન અને કાઉસક સહિત શ્રીતીર્થંકરની મૂર્તિનો દેખાવ. 

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

**कायस्वर्गे यदा छत्रमूर्ध्वे च प्रतिमासनम् ॥**
**सर्वपरिकरस्याग्रे निर्गमं सार्धमङ्गुलम् ॥१८३॥**

કાઉસ્સગની પ્રતિમાના મસ્તક ઉપર છત્ર કરવું તથા તેના ઉપર પ્રતિમા બેસાડવાનો ગોખલો કરવો અને તે સર્વ પરિકરથી દોઢ ભાગ નીકળતું વધારે કરવું. ૧૮૩.

**तथा च तोरणं वक्ष्ये तत्प्रमाणमतः शृणु ॥**
**सर्वपरिकरमानं गर्भतोरणस्तम्भिका ॥१८४॥**

હવે હું તોરણ કરવાનું પ્રમાણ કહું છું તે સાંભળ. સર્વ પરિકરના માને બે થાંભલીઓના મધ્યમાં તોરણ કરવાં. ૧૮૪.

**अष्टांशा स्तंभिका गर्भाद् द्वाशीतिरुदयस्तथा ॥**
**द्वाविंशतिश्च विस्तारो मध्येऽङ्गुलादिकं भवेत् ॥१८५॥**

ગર્ભથી થાંભલીઓ આઠ આઠ ભાગ છેટે રાખવી અને મધ્યમાં કુલ સોળ ભાગ રાખવા. સમસ્ત પરિકરની કુલ ઉંચાઇ ૮૨ ભાગની જાણવી તથા પહોળાઇ ૨૨ ભાગ જાણવી. ઉંચાઇનું માપ કાઉસ્સગના મધ્ય ભાગથી કલશ સુધી લેવું. ૧૮૫.

**षडंशो निर्गमस्तत्र षड्भिर्बिम्बविरालिकाः ॥**
**सव्ये वामे च कर्तव्याः स्वरूपा लक्षणन्विताः ॥१८६॥**

કાઉસ્સગાદિનાં સ્વરૂપો છ ભાગ નીકળતાં કરવાં અને છ ભાગ પહોળી વિરાલિકા (મગર, ગ્રાસ, હાથી અને ચમ્મરધારીના ભાગો) કરવી. આ સ્વરૂપો ડાબી તથા જમણી બન્ને બાજુએ કરવાં. ૧૮૬.

**ग्रहाश्च निर्गमे कार्या ह्यङ्गुलैश्चैव पञ्चभिः ॥**
**दिग्भिर्यक्षभद्रश्च त्रीणि त्रीणि त्रिनासिकाः ॥१८७॥**

સિંહાસનમાં નીચે પાંચ ભાગે નીકળતા નવ ગ્રહો કરવા. દશ ભાગનું યક્ષભદ્ર અને ત્રણ ત્રણ ભાગની ત્રણ નાસિકાઓ કરવી. ૧૮૭.

**स्तंभिकाः त्रिस्रः कर्तव्या उभयोर्वामदक्षिणे ॥**
**पावटी च त्रिभिः प्रोक्ता यक्षो द्वादश एव च ॥१८८॥**

જમણે તથા ડાબે બન્ને પડખે ત્રણ ત્રણ ભાગની થાંભલીઓ કરવી, ત્રણ ભાગની પાવટી (પટ્ટી) કરવી તથા બાર ભાગનો યક્ષ કરવો. ૧૮૮.



"Aho Shrutgyanam"

**एकादश च कर्तव्यं ग्रासान्तश्च विचक्षणैः ॥**
**तस्योर्ध्वमंगुलत्रया पावटी च प्रयत्नतः ॥१८९॥**

અગિયાર ભાગનો લાંબો ગ્રાસ કરવો અને તેના ઉપર ત્રણ ભાગની પાવટી (પટ્ટી) પ્રયત્નથી કરવી. ૧૮૯.

**कायस्वर्गश्च कर्तव्य उदय एकत्रिंशतिः ॥**
**उपर्यन्तरकं कार्यं चत्वारः छत्रकं भवेत् ॥१९०॥**

ઉંચાઇમાં કાયસ્વર્ગ (કાઉસ્સગ) ની પ્રતિમા ઉભી ૩૧ ભાગની કરવી અને તેના ઉપર અન્તરાલ રાખી ચાર ભાગનું છત્ર કરવું. ૧૯૦.

**षड्भिश्च छत्रविस्तारो झालरी चतुरंगुला ॥**
**उपरि च छत्रद्वयमेकैकमंगुलं भवेत् ॥१९१॥**

છત્રની પહોળાઇ છ ભાગની કરવી. ચાર ભાગની ઝાલરી કરવી તથા તેના ઉપર એક એક ભાગનાં બે છત્રો કરવાં. ૧૯૧.

**उपरि फालनाः कार्यास्तत्र भेदमतः शृणु ॥**
**षड्भागं मुखभद्रश्च निर्गमं सार्धमेव च ॥१९२॥**

છત્રના ઉપર ગોખની ફાલના કરવી. તેમાં કરવાના ભેદ હવે સાંભળ. છ ભાગનું મુખભદ્ર કરવું અને તે નીકારે દોઢ ભાગનું રાખવું. ૧૯૨.

**मूला च नासिका कार्या द्वौ द्वावुभयोश्च वै ॥**
**तस्य बाह्ये प्रकर्तव्यं सार्धं सार्धश्च निर्गमम् ॥१९३॥**

બે બાજુએ બે બે ભાગની મૂલ નાસિકા ( કર્ણ ) કરવી અને બહારના ભાગે નીકળતું દોઢ દોઢ ભાગનું મળી ત્રણ ભાગનું ભદ્ર કરવું. ૧૯૩.

**डमरं पल्लवैर्युक्तमङ्गुलानां चतुर्दश ॥**
**तस्य मध्ये च कर्तव्यः पल्लवः षट् तथैव हि ॥१९४॥**

ચૌદ ભાગનું પલ્લવથી સંયુક્ત ડમર ( ઢોલ તથા શંખ વગાડતાં સ્વરૂપો ) કરવું અને તે ડમરમાં છ ભાગનાં પલ્લવ કરવાં. ૧૯૪.

**तस्योर्ध्वे तिलकं कार्यमंगुलानाश्चतुर्दश ॥**
**सर्वालङ्कारसंयुक्तं मकरैर्वामदक्षिणे ॥१९५॥**

"Aho Shrutgyanam"

ડમર ઉપર ચૌદ ભાગનું તિલક (કળશ) કરવું અને ઉપર પ્રમાણે સર્વ અલંકારોથી સંયુક્ત તથા જમણી તથા ડાબી બાજુઓમાં મકરના મુખ સહિત પરિકર કરવું. ૧૯૫.

**तन्मुखे तोरणं कार्यं वलणैः त्रयपंचभिः ॥**
**केवलज्ञानमूर्तिश्च ह्यग्रे कार्या विचक्षणैः ॥१९६॥**

બુદ્ધિમાન્ શિલ્પીઓએ મગરોના મુખમાંથી નીકળતાં તોરણો કરવાં અને ત્રણ અથવા પાંચ વલણ કરવી તથા પરિકરના અગ્ર ભાગે કેવલ જ્ઞાનમૂર્તિ કરવી. ( વલણ એટલે અર્ધ ગોળાકાર, તેમાં પાંદડાં અને હંસની પંક્તિ કરવી ). ૧૯૬.

## ઉભી પ્રતિમાનું પરિકર–સંક્ષિપ્ત લક્ષણ.

**छत्रत्रयं जिनस्योर्ध्वे रथिकाभिस्त्रिभिर्युतम् ॥**
**अशोकद्रुमपत्रैश्च देवदुन्दुभिवादिभिः ॥१९७॥**

શ્રીજિન પ્રતિમાના મસ્તકના ઉપરના ભાગે ત્રણ રથિકાઓથી સંયુક્ત એવાં ત્રણ છત્રો કરવાં અને તે છત્રો અશોક વૃક્ષનાં પાંદડાં તથા દેવદુન્દુભિ–નગારાં વગાડતા દેવો વડે અલંકૃત કરવાં. ૧૯૭.

**सिंहासनमस्तकाधो गजसिंहविभूषितः ॥**
**मध्ये च धर्मचक्रश्च पार्श्वयोर्यक्षयक्षिणी ॥१९८॥**

સિંહાસનના મસ્તકની નીચેનો એટલે વચ્ચેનો ભાગ હાથી અને સિંહથી વિભૂષિત કરવો, મધ્ય ભાગે ધર્મચક્ર કરવું તથા બન્ને બાજુના ભાગમાં યક્ષ યક્ષિણી કરવાં. ૧૯૮.

**द्वितालां विस्तरे कार्या बहिः परिकरस्य तु ॥**
**दैर्घ्ये तु प्रतिमातुल्यं तदूर्ध्वे तु नरायणम् ॥१९९॥**

મૂર્તિથી બહારના ભાગે પરિકરની પહોળાઇ બે તાલની અર્થાત્ ચોવીસ આંગળ અથવા ભાગની કરવી તથા લંબાઇમાં ઉભી પ્રતિમાની બરાબર કરવું. અને તેના ઉપરના ભાગે નરાયણ અર્થાત્ દેવદુન્દુભિવાદીઓનું સ્વરૂપ કરવું. ૧૯૯.

**वाहिका बाह्यके पातु गजसिंहैरलंकृता ॥**
**कर्तव्या द्वारशाखा च तन्मूर्तिगणसंयुता ॥२००॥**

હાથી અને સિંહ વિગેરેથી અલંકૃત કરેલી વાહિકા ( બોજો ઉઠાવનારી પીઠ ) બહાર નીકળતી કરવી અને તે ( પરિકરનું ) રક્ષણ કરો. દ્વારશાખાઓ તે તે મૂર્તિના ગણ–દ્વારપાલ સંયુક્ત કરવી. ૨૦૦.

"Aho Shrutgyanam"

## રથિકા સંયુત જીરણ લક્ષણ.

**जीरणं पञ्चधा प्रोक्तं रथिकार्चा च देवता ॥**
**ललितं चलिकाकारं त्रिरथवलिकोदरम् ॥२०१॥**
**श्रीपूज्यं पञ्चरथिकं सप्त वा नंदवर्धनम् ॥**
**रथिकोभयपक्षे तु मकरा विकृताननाः ॥**
**इतिकालवर्णैर्युक्तं कर्तव्यं रथिकान्तरम् ॥२०२॥**

( પરિકરના સમાન અન્ય દેવોને પણ આજુબાજુએ અને ઉપર શોભાનું વર્તુલ કરવા વિષે )

જીરણ એટલે શોભાનું વર્તુલ પાંચ પ્રકારનું કહેલું છે. અને તે જીરણની રથિકાઓના મધ્ય ભાગે પ્રતિમા સ્થાપવી. ત્રણ રથિકાઓથી યુક્ત અને જેનું ઉદર ( પેટનો ભાગ ) અર્ધ વર્તુલાકારમાં વળેલું હોય તેમજ છત્રના આકારવાળું હોય તે લલિત નામનું જીરણ જાણવું.

પાંચ રથિકાઓ યુક્ત જીરણ શ્રીપૂજ્ય નામે અને સાત રથિકાઓથી સંયુક્ત જીરણ આનંદવર્ધન નામે જાણવું. રથિકાઓના બન્ને પડખે વિરૂપ મોંઢાના મગરો કરવા. આ પ્રમાણેનાં આલવણ ( બાજુના સુંદર ઘેરાવાથી યુક્ત પ્રતિમાની પડખે રહેલી રથિકાઓનો અન્તર ભાગ ) કરવાં. ૨૦૧, ૨૦૨.

**रथिकायां भवेद्ब्रह्मा विष्णुरीशश्च चंडिका ॥**
**जिनो गौरी गणेशश्च स्वे स्वे स्थाने सुखावहाः ॥२०३॥**

ઉપર પ્રમાણે બનાવેલી રથિકા ( રથના સમાન દેવતાને બેસવા માટે બનાવેલો અર્ધચંદ્રાકારનો એક પ્રકારનો રથ ) માં બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, ચંડિકા, જિન, ગૌરી અને ગણેશની સ્થાપના કરવી. એ દેવો પોતપોતાના સ્થાનમાં સ્થિત થયે સુખને આપનારા છે. ૨૦૩.

## દિવાલને અડીને પ્રતિમા ન બેસાડવા વિષે.

**भित्तिसंलग्नबिम्बश्च पुरुषः सर्वथाऽशुभः ॥**
**चित्रमयाश्च नागाद्या भित्तौ चैव शुभावहाः ॥२०४॥**

દીવાલની અડોઅડ ચોઢેલાં દેવબિંબ અને ઉત્તમ પુરૂષની મૂર્તિ સર્વથા અશુભ છે; પરંતુ ચિત્રામણમાં નાગ આદિ દેવતાઓ તો સ્વાભાવિક રીતે દીવાલેજ હોય છે તેનો દોષ નથી. ૨૦૪.

"Aho Shrutgyanam"

## ખંડિત તથા દુષ્ટ મનુષ્યના સ્પર્શ વિષે.

**धातुलेप्यमयं सर्वं व्यङ्ग्यसंस्कारमर्हति ॥**
**काष्ठपाषाणनिष्पन्नं संस्कारार्हं पुनर्नहि ॥२०५॥**

**प्रतिष्ठितं पुनर्बिम्बे संस्कारः स्यान्न कर्हिचित् ॥**
**संस्कारे च कृते कार्या प्रतिष्ठा तादृशी पुनः ॥२०६॥**

**संस्कृते तुलिते चैव दुष्टस्पृष्टे परीक्षिते ॥**
**हृते बिम्बे च लिङ्गे च प्रतिष्ठा पुनरेव हि ॥२०७॥**

ધાતુની પ્રતિમા તથા ઇંટો, ચૂનો, માટી આદિ લેપની પ્રતિમા જો વિકલાંગ (ખંડિત) થઇ જાય તો પણ ફેર સુધારી પૂજવાને યોગ્ય થાય છે; પરંતુ લાકડાની તથા પાષાણની પ્રતિમા ખંડિત થઇ જાય તો ફરી સંસ્કારને યોગ્ય રહેતી નથી. ૨૦૫.

પ્રતિષ્ઠા થયા પછી કોઇ પણ જાતની પ્રતિમા સંસ્કારને યોગ્ય થાય નહિ. કદાચ કારણવશાત્ કાંઇ પણ સંસ્કાર કરવો પડે તો ફરી પૂર્વવત્ પ્રતિષ્ઠા કરવી જોઇએ. ૨૦૬.

કહ્યું છે કે પ્રતિષ્ઠા થયા બાદ જે મૂર્તિનો સંસ્કાર કરવો પડે, તોલ કરવો પડે, દુષ્ટ મનુષ્યનો સ્પર્શ થાય, પરીક્ષા કરવી પડે અને ચોર લોકો ચોરી કરી લઇ ગયા હોય તેવી પ્રતિમાની પૂર્વવત્ ફરીથી પ્રતિષ્ઠા કરવી જોઇએ. ૨૦૭.

## ઘર મંદિરમાં ધ્વજા ન રાખવા વિષે.

**न कदापि ध्वजादंडो स्थाप्यो वै गृहमंदिरे ॥**
**कलशामरसारौ च शुभदौ परिकीर्तितौ ॥२०८॥**

ઘરમંદિર ઉપર ધ્વજાદંડ કદી ચઢાવવો નહિ પરંતુ આમલસારો તથા કળશ ચઢાવવો શુભકર્તા છે. ૨૦૮.

**कर्णप्रतिरथभद्रोरुशृङ्गतिलकान्वितः ॥**
**काष्ठप्रासादः शिखरी प्रोक्तो तीर्थे शुभावहः ॥२०९॥**

કર્ણ, પ્રતિરથ અને ભદ્ર આદિ અંગવાળો તથા તિલક, ઉરશૃંગાદિથી વિભૂષિત બનાવેલો લાકડાનો શિખરબંધ પ્રાસાદ ઘરમાં પૂજવો નહિ તેમ ઘરમાં રાખવો પણ નહિ; પરંતુ તીર્થમાં અગર તીર્થયાત્રામાં સાથે હોય તો દોષ લાગતો નથી. ૨૦૯.

"Aho Shrutgyanam"

## વજ્રલેપ.

आमं तिन्दुकमामं कपित्थकं पुष्पमपि च शाल्मल्याः ॥
बीजानि शल्लकीनां धन्वनवल्को वचा चेति ॥२१०॥
एतैः सलिलद्रोणः क्राथयितव्योऽष्टभागशेषश्च ॥
अवतार्योऽस्य च कल्को द्रव्यैरेतैः समनुयोज्यः ॥२११॥
श्रीवासकरसगुग्गुलुभल्लातककुन्दुरूकसर्जरसैः ॥
अतसीबिल्वैश्च युतः कल्कोऽयं वज्रलेपाख्यः ॥२१२॥

કાચાં તેંદુ ફલ, કાચાં કૈયફલ, સીમળાનાં પુષ્પ, શાલવૃક્ષનાં બીજ, ધામન વૃક્ષની છાલ અને વચ; આ ઔષધોને સરખા વજને લઇ ૧૦૨૪ તોલા એટલે ૨૫ શેર ને ૨૪ તોલા પાણીમાં નાખી કવાથ બનાવવો. પાણી આઠમો હીસ્સો રહે એટલે ઉતારી તેમાં શ્રીવાસક વૃક્ષનો ગુંદર, હીરાબોળ, ગુગલ, ભીલાવા, દેવદાનો ગુંદર, કંદ્રપ રાલ, અલસી, અને બીલાં વિગેરેને ઝીણાં ખાંડી અંદર નાખી ખુબ હલાવવાથી વજ્રલેપ તૈયાર થાય છે. ૨૧૦, ૨૧૧, ૨૧૨.

## વજ્રલેપનો ગુણ.

प्रासादहर्म्यवलभीलिङ्गप्रतिमासु कुड्यकूपेषु ॥
सन्तप्तो दातव्यो वर्षसहस्राय तस्यायुः ॥२१३॥

इतिश्रीवास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे जिनमूर्तिस्वरूपलक्षणाधिकारे गुर्जरभाषायां द्वादशं रत्नं समाप्तम् ॥

ઉપરોક્ત વજ્રલેપ દેવમંદિર, મકાન, શિવલિંગ, પ્રતિમા (મૂર્તિ), દીવાલ અને કૂવો ઇત્યાદિ ઠેકાણે ગરમ ગરમ લગાડવાથી હજારો વર્ષ ટકી રહે છે. ૨૧૩.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મુલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું જિનમૂર્તિસ્વરૂપ લક્ષણાધિકાર નામનું બારમું રત્ન સંપૂર્ણ.**

"Aho Shrutgyanam"



શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ. રાણકપુર, મારવાડ.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# त्रयोदशं रत्नम् ।

## अथ प्रतिष्ठाविधिलक्षणाधिकारः ।

### પ્રતિષ્ઠા સમય.

उक्तपूर्णे तु पुण्याहे प्रतिष्ठा सर्वसिद्धिदा ॥
रवौ सौम्यायने कुर्याद् देवानां स्थापनादिकम् ॥ १ ॥

પૂર્વોક્ત વિધિ પ્રમાણે જ્યારે પ્રાસાદ સંપૂર્ણ થાય ત્યારે શુભ મુહૂર્તમાં પ્રતિષ્ઠા કરવી તે સર્વ પ્રકારની સિદ્ધિઓને આપનારી છે. જ્યારે સૂર્ય ઉત્તરાયણનો થએલો હોય ત્યારે દેવતા વિગેરેની સ્થાપના કરવી. ૧.

शुभे दिने मुहूर्ते च लग्ने सौम्ययुतर्क्षके ॥
अभिषेकः प्रतिष्ठा च प्रवेशादिकमर्घ्यतः ॥ २ ॥

શુભ દિવસે શુભ મુહૂર્તમાં અને શુભ નક્ષત્ર યુક્ત શુભ લગ્નમાં દેવતાઓની પ્રતિષ્ઠા, અભિષેક તથા દેવગૃહ પ્રવેશ વિગેરે કાર્યો પૂજનપૂર્વક કરવાં. ૨.

### મંડપવિધાન.

प्रासादाग्रे तथेशाने चोत्तरे मण्डपं शुभम् ॥
त्रिपञ्चसप्तनंदैकादशविश्वकरान्तरे ॥ ३ ॥

પ્રાસાદના અગ્ર ભાગે તથા ઇશાન કોણમાં અને ઉત્તર દિશામાં (૩) ત્રણ, (૫) પાંચ, (૭) સાત, (૯) નવ, (૧૧) અગિયાર અને (૧૪) ચૌદ ગજના અંતરે મંડપની રચના કરવી શુભ છે. ૩.

### મંડપાર્થે ભૂમિશોધન પૂર્વક દિક્ સાધન.

ज्ञात्वा पूर्वं धरित्रीं दहनखननसंप्लावनैः संविशोध्य,
पश्चात्कृत्वा समानां मुकुरजठरवद्वाचयित्वा द्विजेन्द्रैः ॥
पुण्याहं कूर्मशेषौ क्षितिमपि कुसुमाद्यैः समाराध्य शुद्धे,
वारे तिथ्याश्च कुर्यात्सुरपतिककुभः शोधनं मण्डपार्थम् ॥४॥

"Aho Shrutgyanam"

શુભ વારે અને શુભ તિથિમાં પ્રતિષ્ઠાનો મંડપ કરવા માટે શુદ્ધ પૂર્વ દિશા સાધવી. તે પહેલાં પૃથ્વીની બ્રાહ્મણાદિ વર્ણ તથા શલ્યાદિની પરીક્ષા કરવી અને પછી ભૂમિને બાળી એક હસ્ત ખોદવી અને તેમાં જલ ભરી વહેતું મૂકવું વિગેરે યુક્તિઓથી શુદ્ધ કરવી. ત્યાર પછી ભૂમિને દર્પણના સમાન સાફ ચિકણી બનાવવી. પછી શ્રેષ્ઠ બ્રાહ્મણો પાસે પુણ્યાહવાચન કરાવી કૂર્મ, શેષનાગ અને પૃથ્વી; એમની પુષ્પાદિ સામગ્રી વડે પૂજા કરવી. ૪.

## શંકુરોપણ.

**नृपाङ्गुलैः संमितकर्कटेन सूत्रेण वा वृत्तवरं विलिख्य ॥**
**रव्यङ्गुलं शंकुममुष्य मध्ये निवेशयेत्स्वाक्षिमिताङ्गुलिभिः ॥५॥**
**चतसृभिश्चापि ऋजूत्तमाभिः संस्पृष्टशीर्षं तु समेषिकाभिः ॥**
**सच्छंकुभा यत्र विशेदपेयाद् वृत्ते क्रमात्स्तो वरुणेन्द्रकाष्ठे ॥६॥**

ઉપર પ્રમાણે ભૂમિ શોધન કર્યા પછી પૂર્વ દિશા સાધવા માટે ૧૬ સોળ આંગળ પ્રકાર (કંપાસ) ની બે અણી પહોળી રાખી અથવા સૂત્ર વડે વર્તુલ ( ગોળ કુંડાળું ) કરીને વૃત્તના મધ્ય ભાગે બાર (૧૨) આંગળનો લાંબો શંકુ રોપવો. પછી સ્થિર થએલા શંકુની છાયા સવારમાં વર્તુલની રેખાના જે સ્થાનમાંથી વર્તુલમાં પ્રવેશ કરે તે જગ્યાએ પશ્ચિમ દિશાનું સૂચક એક ચિન્હ કરવું અને બપોર પછી શંકુની છાયા વર્તુલની રેખાના જે સ્થાનમાંથી બહાર નીકળે ત્યાં પૂર્વ દિશાનું સૂચક બીજું ચિન્હ કરવું. આ પ્રમાણે ક્રમે પશ્ચિમ તથા પૂર્વ દિશા સિદ્ધ થાય છે તેમજ ઉત્તર અને દક્ષિણ દિશા સિદ્ધ કરવા માટે. તે શંકુની છાયાના અગ્ર ભાગને લગાડી વીસ વીસ આંગળની ચાર (૪) કોમળ અને સીધી સળીઓ ચારે દિશામાં અણીઓ અડાડીને મૂકવાથી ઉત્તર અને દક્ષિણ દિશા પણ સિદ્ધ થાય છે. ૫, ૬.

**कर्के कीटे गोमृगे यूकया सा द्वाभ्यां चाल्या सिंहकुंभत्रिकेऽपि ॥**
**यामाशां वै भानुमान्याति तस्यां चाल्या द्वन्द्वे कार्मुके चालनं न ॥७॥**

કર્ક, વૃશ્ચિક, વૃષ અને મકર; આ ચાર સંક્રાન્તિઓમાં એક એક યૂકા (જૂ) પ્રમાણે શંકુની છાયા જે દિશામાં સૂર્ય હોય તે દિશા સામે ચલાવવી. તથા સિંહ, કન્યા અને તુલા તેમજ કુંભ, મીન અને મેષ; એમની ત્રણ ત્રણ સંક્રાંતિઓ મળી છ સંક્રાંતિઓમાં સૂર્ય જે દિશામાં હોય તે દિશા તરફ શંકુની છાયાથી બબ્બે યૂકા પ્રમાણેના અંતરે ચિન્હ કરવું. આ પ્રમાણે ઉત્તરાયણ અને દક્ષિણાયનના સૂર્યમાં પૂર્વ દિશા સાધવી. પરંતુ મિથુન અને ધન રાશિની સંક્રાન્તિઓમાં શંકુની છાયા ચલાવવાની જરૂર નથી. ૭.

"Aho Shrutgyanam"

## પ્રથમ મંડપ પ્રમાણ.

**मण्डपः स्यात्करैरष्टदशसूर्यकलामितैः ॥**
**स्तंभषोडशसंयुक्तस्तोरणादिविराजितः ॥८॥**

મંડપ આઠ (૮), દશ (૧૦), બાર (૧૨) અને સોળ (૧૬) ગજ સુધીનો કરવો અને તે સોળ (૧૬) થાંભલા તેમજ તોરણ વિગેરેથી સુશોભિત કરવો. ૮.

## દ્વિતીય માન (ગ્રંથાન્તરમાંથી).

**दशसूर्यकरोन्मितोऽधमः स्यादिनशक्रप्रमितैः करैस्तु मध्यः ॥**
**धृतिभूपकरोन्मितो वरीयान्नखहस्तोऽप्यथ मण्डपस्तुलायाम् ॥९॥**

દશ (૧૦) અથવા બાર (૧૨) હસ્તનો મંડપ કનિષ્ઠ, બાર અથવા ચૌદ (૧૪) હાથનો મધ્યમ તથા સોળ (૧૬) અથવા અઢાર (૧૮) હાથનો શ્રેષ્ઠ કહેવાય છે અને તુલા-દાનમાં વીસ (૨૦) હાથનો મંડપ ઉત્તમ કહેવાય છે. ૯.

**उच्चां भूमिं मण्डपस्य प्रकुर्याद्धस्तोन्मानामर्द्धहस्तोन्मितां वा ॥**
**मध्ये भूमिं मण्डपेनोन्मितां च त्यक्त्वा कुर्यान्मण्डपश्चेद् द्वितीयः ॥१०॥**

મંડપની ભૂમિ એક હાથ અથવા અર્ધો હાથ ( ગજ ) ઉંચી કરવી અને જો બીજો મંડપ બનાવવો હોય તો જેટલા હાથનો મંડપ હોય તેટલા હાથ પૂર્વ મંડપથી જમીન છોડી પછી બીજો મંડપ બનાવવો. ૧૦.

## મંડપમાં દ્વાર તથા મધ્યવેદીનું પરિમાણ.

**दिगन्तराले द्विकरं भवेद् द्वाश्चतुष्टयं वेदगजांगुलैस्तत् ॥**
**विवर्द्धितं मध्यवरिष्ठयोः स्याद्वेदीं त्रिभागेन समाकरोच्च ॥११॥**

કનિષ્ઠ મંડપોમાં પૂર્વાદિ દિશાઓની મધ્ય–વચમાં બે બે ગજ પહોળાં ચાર દ્વારો ચાર દિશાઓમાં કરવાં. મધ્યમ મંડપોમાં બે ગજ ચાર આંગળ પહોળાં તથા ઉત્તમ મંડપોમાં બે ગજ આઠ આંગળનાં પહોળાં ચાર દ્વારો કરવાં અને મંડપના ત્રીજા ભાગે મધ્યમાં એક વેદી કરવી ( અર્થાત્ મંડપના નવ ભાગ કરી મધ્યમાં વેદી કરવી યોગ્ય છે ). ૧૧.



"Aho Shrutgyanam"

### તુલાદાનમાં વિશેષ.

**तुलाप्रदानेऽधममध्ययोः स्यात्सा पंचहस्तोत्तमकेऽद्रिहस्ता ॥**
**ईशानभागे ग्रहवेदिका तु हस्तोन्मितोच्छ्रायवती त्रिवप्रा ॥१२॥**

તુલાપુરૂષના દાનમાં કનિષ્ઠ તથા મધ્યમ મંડપમાં પાંચ હસ્તની વેદી અને ઉત્તમ મંડપમાં સાત (૭) ગજની વેદી બનાવવી. ( આ મધ્ય વેદીને મહાવેદી પણ કહે છે ) તેમજ મંડપના ઇશાન કોણમાં એક ગજની લાંબી, પહોળી અને ઉંચી ત્રણ મેખલા વાળી ગ્રહવેદી કરવી. ૧૨.

### ધ્વજા અને પતાકા વિષે.

**ध्वजान् द्विहस्तायतिकाश्च पंचहस्तान्सुपीतारुणकृष्णनीलान् ॥**
**श्वेतासितश्वेतसितान्दिगीशवाहान्वहेद्दिक्करवंशशीर्षे ॥१३॥**

પૂર્વાદિ ક્રમથી આઠ ધ્વજાઓ કરવી અને તે આઠે બે બે ગજની પહોળી તેમજ પાંચ પાંચ ગજની લાંબી કરવી જોઇએ. તેમાં પૂર્વમાં પીત વર્ણ અને હાથીના ચિત્રસહિત ઇન્દ્રધ્વજ ( ૧ ), અગ્નિકોણમાં લાલ વર્ણ અને ઘેટાના ચિત્રયુક્ત અગ્નિધ્વજ ( ૨ ), દક્ષિણમાં કૃષ્ણ વર્ણ અને પાડાના ચિત્રયુક્ત યમધ્વજ ( ૩ ), નૈઋત્યમાં નીલ વર્ણ અને શ્વાનના ચિત્રયુક્ત રાક્ષસધ્વજ, ( ૪ ), પશ્ચિમમાં શ્વેત વર્ણ અને મગરના ચિત્રયુક્ત વરૂણધ્વજ ( ૫ ), વાયુકોણમાં લીલો વર્ણ તથા મૃગના ચિત્ર યુક્ત વાયુધ્વજ ( ૬ ), ઉત્તરમા શ્વેત વર્ણ અને હાથીના ચિત્રયુક્ત કુબેરધ્વજ ( ૭ ) અને ઇશાન કોણમાં શ્વેત વર્ણ તથા વૃષ ( બળદ ) ના ચિત્રયુક્ત શિવધ્વજ ( ૮ ) કરવો અને આ આઠે ધ્વજો દશ ગજ લાંબા વાંસના ધ્વજદંડોમાં પરોવી ધ્વજદંડની ઉંચાઇના પાંચમા ભાગે અર્થાત્ બે ગજ જેટલા જમીનમાં દાટી આઠ દિશાઓમાં ફરકતા મૂકવા. ૧૩.

**लोकेशवर्णास्त्रयुताः पताकाः शैलेन्दुदैर्घ्यायातकाश्च मध्ये ॥**
**चित्रं ध्वजं दिक्करदैर्घ्यवंशत्रिदोस्ततं प्रांतगकिंकिणीकम् ॥१४॥**

આઠે પતાકાઓ સાત સાત હાથ લાંબી અને એક એક હાથ પહોળી ત્રિકોણાકાર કરવી અને પૂર્વોક્ત ઇન્દ્રાદિ લોકપાલોના વર્ણ તથા નીચે આપેલાં આયુધોયુક્ત કરી દશ ગજ લાંબા વાંસના દંડમાં પરોવી પૂર્વાદિ ક્રમે જમીનમાં દાટવી. ઇન્દ્રનું આયુધ વજ્ર (૧), વહ્નિનું શક્તિ (૨), યમનું દંડ (૩), રાક્ષસનું ખડ્ગ (૪), વરૂણનું પાશ (૫), વાયુનું અંકુશ (૬), કુબેરનું ગદા (૭) અને શિવનું ત્રિશૂલ (૮) આયુધ

"Aho Shrutgyanam"

જાણવું. તથા મંડપના મધ્ય ભાગે દશ ગજ લાંબા વાંસ ઉપર સાત ગજ લાંબો અને ત્રણ ગજ પહોળો તેમજ છેડે ઘુઘરીઓવાળો અને શિરોભાગે ચામરવાળો મિશ્રિત રંગનો ધ્વજ લગાડવો. ૧૪.

**श्वेताश्च नवमीं पूर्वेशानयोर्मध्यतो बुधः ॥**
**विन्यसेत्तु पताकांश्च ध्वजांस्तानपि पूर्वतः ॥१५॥**

શ્વેત વર્ણની નવમી પતાકા પૂર્વ તથા ઈશાન કોણના મધ્ય ભાગમાં બુદ્ધિમાન પુરૂષે લગાડવી. આ પ્રમાણે પૂર્વાદિ ક્રમથી નવ ધ્વજો તથા નવ પતાકાઓ લગાડવી અને તેમને પોતાના દંડની ઉંચાઈના પાંચમા ભાગે જમીનમાં દાટવી અને તેની ચંદન પુષ્પાદિથી પૂજા કરવી. ૧૫.

## કુંડવિધાન.

**षोडशहस्तकुण्डश्च दशादधिकमिष्यते ॥**
**मण्डपे वेदिकामध्ये पञ्चाष्टनवकुण्डकम् ॥१६॥**

હોમ કરવાનો કુંડ દશ (૧૦) ગજથી સોળ (૧૬) ગજ સુધીના મંડપમાં કરવો અને મધ્ય ભાગે વેદિકા કરવી. તથા મંડપમાં પાંચ (૫), આઠ (૮) અથવા નવ (૯) કુંડ કરવા. ૧૬.

## પૂર્વાદિ ક્રમથી નવ કુંડ નિવેશ પ્રકાર.

**प्राच्याश्चतुष्कोणभगेन्दुखण्डत्रिकोणवृत्तांगभुजांबुजानि ॥**
**अष्टास्त्रि शक्रेश्वरयोस्तु मध्ये वेदास्त्रि वा वृत्तमुशंति कुण्डम् ॥१७॥**

પૂર્વમાં ચતુષ્કોણ ૧), અગ્નિકોણમાં યોન્યાકાર (૨), દક્ષિણમાં અર્ધચંદ્ર (૩), નૈઋત્યકોણમાં ત્રિકોણ (૪), પશ્ચિમમાં વર્તુલ (૫), વાયુકોણમાં ષટ્કોણ (૬), ઉત્તરમાં અષ્ટદલ પદ્માકાર (૭) અને ઇશાનમાં અષ્ટકોણ (૮) તથા પૂર્વ અને ઇશાનના મધ્યમાં (૯) નવમો આચાર્ય કુંડ વર્તુલ અથવા ચોરસ કુંડ કરવો. ( આ પ્રમાણે નવકુંડની રચના કરવી. આને જ નવકુંડી કહે છે. આઠ કુંડ આઠ દિક્પાલોના અને એક કુંડ આચાર્યનો મળી કુલ નવ કુંડ જાણવા. ) ૧૭.

## પંચકુંડી તથા એક કુંડી નિવેશ પ્રકાર.

**अशेषकुण्डैरिह पञ्चकुण्डी चैकं यदा पश्चिमसोमशैवे ॥**
**वेद्याः सपादेन करेण यद्वा पादान्तरेणाखिलकुण्डसंस्था ॥१८॥**

"Aho Shrutgyanam"

અશેષ કુંડો ( ખૂણાઓના કુંડો છોડી ) વડે પંચકુંડી કરવી અર્થાત્ પૂર્વમાં ચતુષ્કોણ, દક્ષિણમાં અર્ધચંદ્ર, પશ્ચિમમાં વૃત્ત અને ઉત્તરમાં પદ્મકુંડ તથા ઇશાન કોણમાં ચતુઃકોણ અથવા વર્તુલ કરવો. અને જો એકજ કુંડ કરવો હોય તો પશ્ચિમ, ઉત્તર અથવા ઇશાનમાં કેવળ ચતુઃકોણ કરવો. મંડપમાં બધા કુંડોની સ્થિતિ મહાવેદીથી સવા ગજને અંતરે અથવા મંડપના હસ્તમાને આવેલી મધ્યવેદીના માનના ચોથા ભાગનું અંતર રાખી કરવી. ૧૮.

## વિપ્રાદિ વર્ણક્રમથી તથા સ્ત્રિયોને કુંડ વિશેષ કથન.

**विप्राच्छ्रुत्यस्रं च वृत्तं च वृत्तार्धं त्र्यस्रि स्याद्वेदकोणानि वापि ॥**
**सर्वाण्याहुर्वृत्तरूपाणि चान्ये योन्याकाराण्यङ्गनानां तु तानि ॥१९॥**

બ્રાહ્મણને ચતુઃકોણ, ક્ષત્રિયને વર્તુલ, વૈશ્યને અર્ધચંદ્ર અને શૂદ્રને ત્રિકોણ કુંડ કરવો. અથવા ચારે વર્ણને ચતુઃકોણ કુંડ કરવો. કેટલાક આચાર્યો કહે છે કે વર્તુલ કુંડ સર્વ વર્ણોને યોગ્ય છે. સ્ત્રીઓને માટે યોનિકુંડ કરવો. ૧૯.

**सिद्धिः पुत्राः शुभं शत्रुनाशः शांतिर्मृतिच्छिदे ॥**
**वृष्टिरारोग्यमुक्तं हि फलं प्राच्यादिकुंडके ॥२०॥**

પૂર્વાદિ દિશાના ક્રમથી કુંડનું ફળ નીચે પ્રમાણે જાણવું. (૧) કાર્યસિદ્ધિ, (૨) પુત્રલાભ, (૩) શુભ, (૪) શત્રુનાશ, (૫) શાન્તિ, (૬) આયુષ્યવૃદ્ધિ, (૭) વૃષ્ટિ અને (૮) આરોગ્ય ફળ જાણવાં. ૨૦.


## હોમ સંખ્યા પ્રમાણે કુંડમાન.

**हस्तमात्रं भवेत्कुण्डं मेखलायोनिसंयुतम् ॥**
**आगमवेदमंत्रैश्च होमं कुर्याद्विधानतः ॥२१॥**

એક ગજનો કુંડ કરવો તે મેખલા તથા યોનિ સહિત કરવો અને તેમાં પુરાણ શાસ્ત્ર તથા વેદમંત્રો વડે વિધિપૂર્વક હોમ કરવો. ૨૧.

**अयुतं हस्तमात्रे हि लक्षार्धं तु द्विहस्तके ॥**
**त्रिहस्ते लक्षहोमं स्याद्दशलक्षं चतुष्करे ॥२२॥**
**त्रिंशल्लक्षं पंचहस्ते कोट्यर्धं षट्करे मतम् ॥**
**सप्तकेऽशीतिलक्षं स्यात्कोटिहोमं तथाष्टके ॥२३॥**

"Aho Shrutgyanam"




મંડપ અને કુંડોની રચના.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

એક ગજના કુંડમાં દશ હજાર ( ૧૦૦૦૦ ), બે ગજના કુંડમાં અર્ધો લાખ ( ૫૦૦૦૦ ), ત્રણ ગજના કુંડમાં એક લાખ ( ૧૦૦૦૦૦ ), ચાર ગજના કુંડમાં દશ લાખ ( ૧૦૦૦૦૦૦ ), પાંચ ગજના કુંડમાં ત્રીસ લાખ ( ૩૦૦૦૦૦૦ ), છ ગજના કુંડમાં અર્ધ કોટિ ( ૫૦૦૦૦૦૦ ), સાત ગજના કુંડમાં એંશી લાખ ( ૮૦૦૦૦૦૦ ) અને આઠ ગજના કુંડમાં એક કોટિ ( ૧૦૦૦૦૦૦૦ ) આહુતિ આપવી. ૨૨, ૨૩.

**शतार्द्धे रत्निः स्याच्छतपरिमितेऽरत्निविततं,**
**सहस्रे हस्तं स्यादयुतहवने हस्तयुगलम् ॥**
**चतुर्हस्तं लक्षे प्रयुतहवने षट्करमितम्,**
**ककुब्भिर्वा कोटौ नृपकरमपि प्राहुरपरे ॥२४॥**

પચાસ (૫૦) આહુતિ આપવી હોય તો રત્નિ ( ૨૧ આંગળનો ) કુંડ બનાવવો તથા સો ( ૧૦૦ ) હોમમાં અરત્નિ ( ૨૨॥ આંગળનો ) કુંડ કરવો તેમજ હજાર ( ૧૦૦૦ ) હોમમાં એક હસ્તનો, અયુત ( ૧૦૦૦૦ ) હોમમાં બે હસ્તનો, લક્ષ ( ૧૦૦૦૦૦ ) હોમમાં ચાર હસ્તનો, પ્રયુત ( ૧૦૦૦૦૦૦ ) હોમમાં છ હસ્તનો અને કોટિ ( ૧૦૦૦૦૦૦૦ ) હોમમાં આઠ અથવા દશ હસ્તનો કુંડ બનાવવો. કેટલાક આચાર્યો કહે છે કે કોટિ હોમમાં સોળ ( ૧૬ ) હસ્તનો કુંડ બનાવવો જોઇએ. ( આ ત્રણ પક્ષો સૂક્ષ્મ, મધ્ય અને સ્થૂલ હવિર્દ્રવ્યના ભેદે કરી જાણવા. જેમકે સૂક્ષ્મહવિર્દ્રવ્ય ઘૃતતિલાદિ, મધ્ય તિલજવદ્રાક્ષાદિ અને સ્થૂલ બિલ્વનારિકેલાદિ હવિર્દ્રવ્ય જાણવાં.) ૨૪.

## અન્ય આચાર્યોના મતે કુંડમાન.

**लक्षैकवृद्ध्या दशलक्षकान्तं करैकवृद्ध्या दशहस्तकं च ॥**
**कोटयर्धदिग्विंशतिलक्षलक्षदले मुनीष्वर्तुकृशानुहस्तम् ॥२५॥**

એક લાખથી દશ લાખ સુધી હોમ કરવો હોય તો એક ગજથી દશ ગજ સુધીના કુંડ કરવા. જેમકે એક લાખ હવન કરવો હોય તો એક ગજનો, બે લાખ કરવો હોય તો બે ગજનો વિગેરે. અન્ય મતે ૫૦ લક્ષ હોમમાં ૭ હસ્તનો, ૧૦ લક્ષ હોમમાં ૫ હસ્તનો ૨૦ લક્ષ હોમમાં ૬ હસ્તનો અને ૫૦ હજાર હોમમાં ૩ હસ્તનો કુંડ કરવો. ૨૫.

## કુંડોનું ભુજમાન.

**वेदाक्षीणि युगाग्नयः शशियुगान्यष्टाब्धयस्त्रीषवोऽ,**
**ष्टाक्षा वह्निरसा रसांगकमिता नेत्रर्षयोऽक्षस्वराः ॥**

"Aho Shrutgyanam"

**अङ्गुल्योऽथ यवाः खमभ्रमिषवः खं पंच षट्सागराः,**
**सप्ताभ्रं मुनयस्त्वमी निगदिता वेदास्त्रके बाहवः ॥२६॥**

એક હસ્તના કુંડમાં કુંડનું ભુજમાન ૨૪ આંગળ અને ૦ યવનું જાણવું. બે ગજના કુંડમાં ૩૪ આંગળ ૦ યવ, ત્રણ ગજના કુંડમાં ૪૧ આંગળ ૫ યવ, ચાર ગજમાં ૪૮ આંગળ ૦ યવ, પાંચ ગજમાં ૫૩ આંગળ ૫ યવ, છ ગજમાં ૫૮ આંગળ ૬ યવ, સાત ગજમાં ૬૩ આંગળ ૪ યવ, આઠ ગજમાં ૬૬ આંગળ ૭ યવ, નવ ગજમાં ૭૨ આંગળ ૦ યવ અને દશ ગજના કુંડમાં કુંડનું ભુજમાન ૭૫ આંગળ ૭ યવનું જાણવું. આ ભુજમાન ચોરસ અર્થાત્ ચતુર્ભુજ કુંડનું જાણવું. ૨૬.

## કુંડોના ભુજમાનનું કોષ્ટક.

| હસ્ત | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આંગળ | ૨૪ | ૩૪ | ૪૧ | ૪૮ | ૫૩ | ૫૮ | ૬૩ | ૬૬ | ૭૨ | ૭૫ |
| યવ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ | ૬ | ૪ | ૭ | ૦ | ૭ |
| યૂકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

## કુંડમાં યોનિયોજના પ્રકાર.

**कुंडत्रयी दक्षिणयोनिरैन्द्र्याः सौम्याग्रका स्यादितराणि पंच ॥**
**पश्चाद्भगानीन्द्रदिगग्रकाणि योनिर्न कोणे न च योनिकुंडे ॥२७॥**

પૂર્વ દિશાના ક્રમે ચતુરસ્ર, યોનિ અને અર્ધચંદ્ર; આ ત્રણ કુંડોમાં યોનિ કુંડોના દક્ષિણ ભાગે કરવી અને તેનું મુખ અર્થાત્ અગ્રભાગ ઉત્તર તરફ રાખવો અર્થાત્ હોતા ઉત્તરમુખે બેસે અને બાકીના પાંચ કુંડો અર્થાત્ ત્રિકોણ, વૃત્ત, ષટ્કોણ, પદ્મ અને અષ્ટકોણ; એમના પશ્ચિમ દિશાના ભાગે યોનિ લગાડવી અને યોનિનો અગ્રભાગ પૂર્વ તરફ રાખવો. પરંતુ કોણના અર્થાત્ પૂર્વેશાન મધ્યેના કુંડમાં તેમજ યોનિકુંડમાં યોનિ કરવી નહિ. ૨૭.


## સર્વ કુંડોના પ્રકૃતિભૂત ચતુષ્કોણનું સાધન.

**द्विघ्नव्यासं तुर्यचिह्नं सपाशं सूत्रं शंकौ पश्चिमे पूर्वगेऽपि ॥**
**दत्त्वा कर्षेत्कोणयोः पाशतुर्ये स्यादेवं वा वेदकोणं समानम् ॥२८॥**

"Aho Shrutgyanam"

પૂર્વોક્ત પ્રમાણે પૂર્વપશ્ચિમ દિશા શુદ્ધ કર્યા પછી પૂર્વપશ્ચિમ દિશાના છેડે પોતાને અભીષ્ટ અંતરે બે ખીંટીઓ ઠોકવી. બન્ને ખીંટીઓના વચલા અંતર ( વ્યાસ ) જેટલું બમણું લાંબું સૂત્ર લઇ તેના ચોથા ભાગમાં ચિન્હ કરી બન્ને ખીંટીઓમાં બાંધવું અને પછી સૂત્રના બન્ને તરફના ચતુર્થાંશ પકડી કોણા–ખૂણાઓ તરફ ખેંચવું. તેથી ચારે ખૂણાઓ શુદ્ધ થાય છે અને આ પ્રમાણે ચોરસ ક્ષેત્ર શુદ્ધ થાય છે. ૨૮.

## ૧ પૂર્વ દિશાનો ચતુષ્કોણ.




## ૨ યોનિકુંડ.


**क्षेत्रे जिनांशे पुरतः शरांशान्संवर्ध्य च स्वीयरदांशयुक्तान् ॥**
**कर्णाघ्रिमानेन लिखेन्दुखंडे प्रत्यक्पुरोऽङ्काद् गुणतो भगाभम् ॥२९॥**

ઉપર પ્રમાણે ચોરસ ક્ષેત્ર તૈયાર કરી તેના ચોવીસ (૨૪) ભાગ કરવા અને આગળનો ભાગ પાંચ આંગળના બત્રીસમા ભાગયુક્ત પાંચ આંગળ અર્થાત્ પાંચ આંગળ એક યવ અને બે યૂકા જેટલો વધારવો. પછી ફરીથી ક્ષેત્રના ચાર ભાગ કરવા એટલે ચાર ચોરસ થશે. તેમાં પશ્ચિમના જે બે ચોરસ છે તેમના મધ્યના ચિન્હમાં બરાબર કર્કટ ( કંપાસ ) મૂકવો અને તે કંપાસનો વિસ્તાર ( પહોળો ) કર્ણસૂત્રના ચોથા ભાગે રાખવો. આ પ્રમાણે કંપાસથી બે અર્ધચંદ્રો કરવા. પછી

"Aho Shrutgyanam"

આગળ વધારેલા ભાગના મધ્ય ચિન્હુથી સૂત્ર વડે બન્ને અર્ધચંદ્રોના ઉત્તરદક્ષિણના અગ્રભાગોને જોડી દેવા અને અંદરની તેમજ બહારની રેખાઓ ભુસી નાખવી એટલે યોનિ આકારનો યોનિકુંડ સિદ્ધ થશે. ૨૯.

## ૨ અગ્નિકોણ, યોનિ કુંડ.





## ૩ અર્ધચંદ્ર કુંડ.

**स्वशतांशयुतेषु भागहीनस्वधरित्रीमितकर्कटेन मध्यात् ॥**
**कृतवृत्तदलेऽग्रतश्च जीवां विदधात्विदुदलस्य साधु सिद्धयै ॥३०॥**

પોતાના સોમા ભાગયુક્ત જે ચોરસ ક્ષેત્રનો પાંચમો ભાગ તેનાથી હીન જે ક્ષેત્રનો વ્યાસ તેના પ્રમાણે કંપાસનું અંતર રાખી મધ્યભાગેથી ટુવો કરી કંપાસ ફેરવવો અને આ પ્રમાણે કરેલા અર્ધચંદ્રના આગળના ભાગમાં યોનિ કરવી. શુદ્ધ અર્ધચંદ્ર કુંડની સિદ્ધિ માટે આ રીત કરવી. ( ચોરસ ક્ષેત્રના પાંચ ભાગ કરવા અને તેમાંના પાંચમા ભાગમાં સો ભાગ કરી પોતાના સોમા ભાગ સાથે ક્ષેત્રમાંથી પાંચમો ભાગ હીન કરવો. પછી શેષ રહેલા ક્ષેત્રના વ્યાસના માને કંપાસ પહોળો રાખી મધ્યે ટુવો કરી ફેરવવો. અને થએલા અર્ધચંદ્રના આગળના ભાગમાં યોનિ કરવી એટલે શુદ્ધ અર્ધચંદ્ર કુંડ તૈયાર થશે. ) ૩૦.

"Aho Shrutgyanam"

૩ દક્ષિણ દિશા, અર્ધચંદ્ર કુંડ.




૪ ત્રિકોણ અને ૫ વર્તુલ કુંડ.

**वह्न्यंशं पुरतो निधाय च पुनः श्रोण्योश्चतुर्थांशकम्,**
**चिह्नेषु त्रिषु सूत्रदानत इदं स्यात्त्र्यस्रि कष्टोज्झितम् ॥**
**विश्वांशैः स्वजिनांशकेन सहितैः क्षेत्रे जिनांशे कृते,**
**व्यासार्धेन मितेन मंडलमिदं स्याद् वृत्तसंज्ञं शुभम् ॥३१॥**


ચોરસ ક્ષેત્રમાં ત્રણ ભાગ કરી તેમાંનો એક ભાગ આગળ વધારી ચિન્હ કરવું. તેવીજ રીતે ચોરસ ક્ષેત્રના ચાર ભાગ કરી બન્ને બાજુએ એક એક ભાગ વધારી ચિન્હ કરવું. અને પછી તે ત્રણે ચિન્હોમાં સૂત્ર છોડવું. તેથી સરલ રીતે ત્રિકોણ કુંડ સિદ્ધ થશે.

ચોરસ ક્ષેત્રમાં ૨૪ ભાગ કરવા. અને તેમાંના ૧૩ ભાગો લઇ તેમાં ચોવીસ (૨૪) ભાગ કરવા તથા તેમાંનો એક ભાગ તેરમાં મેળવી તેર ભાગ વધારવા અને વ્યાસના અર્ધા માને કંપાસ ફેરવવો. એટલે વૃત્ત નામનો શુભ કુંડ તૈયાર થશે. ૩૧.




"Aho Shrutgyanam"

૪ નૈઋત્ય કોણ, ત્રિકોણ કુંડ.




૫ પશ્ચિમ દિશા, વર્તુલ કુંડ.





"Aho Shrutgyanam"

## ૬ ષટ્કોણ કુંડ.

**भक्ते क्षेत्रे जिनांशैर्धृतिमितलवकैः स्वाक्षिशैलांशयुक्तै**
**र्व्यासाऽर्धान्मंडले तन्मितधृतगुणके कर्कटे वेन्दुदिक्तः ॥**
**षट्चिह्नेषु प्रदद्याद्रसमितगुणकानेकमेकं तु हित्वा,**
**नाशे सध्यर्तुदोषामपि च वृतिकृतेर्नेत्ररम्यं षडस्रम् ॥३२॥**

પૂર્વ પ્રમાણે ચોરસ ક્ષેત્રમાં ચોવીસ (૨૪) ભાગ કરી તેમાંના અઢાર (૧૮) ભાગોમાં બોંતેર (૭૨) ભાગો કરવા. તેમાંના એક ભાગ સાથે ૧૮ ભાગ ક્ષેત્રમાં વધારવા અને પછી આખા ક્ષેત્રના વ્યાસના અર્ધા માને વૃત્ત ફેરવવું અથવા એક ભાગ મેળવેલા ૧૮ ભાગ જેટલું વૃત્ત ફેરવવું. આ પ્રમાણે ઉત્તર દિશાએથી કંપાસ ફેરવતાં છ ચિન્હો થશે. તેમાંના એક એક ચિન્હને છોડી છ ( ૬ ) સૂત્રો છોડવાં. પછી સંધિના છ ભુજોનો તેમજ વર્તુલનો નાશ કરવાથી નેત્રોને સુંદર લાગનારો ષટ્કોણ થશે. ૩૨.

### ૬ વાયવ્ય કોણ, ષટ્કોણ કુંડ.





### બીજા પ્રકારે ષટ્કોણ કુંડ.

**अथवा जिनभक्तकुंडमानात्तिथिभागैः स्वखभूपभागहीनैः ॥**
**मितकर्कटकोद्भवे तु वृत्ते विधुदिक्तः समषट्भुजैः षडस्रम् ॥३३॥**

"Aho Shrutgyanam"

અથવા પૂર્વ પ્રમાણે ક્ષેત્રના ૨૪ ભાગો કરી તેમાંના ૧૫ પંદર ભાગમાં ૧૬૦ ભાગ કરી તેમાંનો એક ભાગ પંદરમાંથી હીન કરવો અને શેષ રહેલા પંદર ભાગ જેટલું વૃત્ત ફેરવવું. પછી વૃત્તમાં ઉત્તર દિશાથી સમ છ ભુજો કરવા એટલે બીજી રીતે ષટ્કોણ સિદ્ધ થશે. ૩૩.

## ૬ અન્ય પ્રકારે ષટ્કોણ કુંડ.




## ૭ પદ્મકુંડ.

**अष्टांशाच्च यतश्च वृत्तशरके यत्रादिमं कर्णिका,**
**युग्मे षोडशकेसराणि चरमे स्वाष्टत्रिभागो निते ॥**
**भक्ते षोडशधा शरांतरधृते स्युः कर्कटेऽष्टौ छदाः,**
**सर्वांस्तान्खनकर्णिकां त्यज निजायामोच्चकां स्यात्कजम् ॥३४॥**

પૂર્વ પ્રમાણે ક્ષેત્રના ૨૪ ભાગ કરી તેમાંના આઠમા ભાગે ક્ષેત્રમાં વૃત્ત ફેરવવું. પછી એ પ્રમાણે આઠમા ભાગે વધારતા જઇ કુલ પાંચ વૃત્તો ફેરવવાં. તેમાંનું પહેલું વૃત્ત કણિકા ( કળી ) રૂપ જાણવું અને ૨ તથા ૩ જા વૃત્તમાં સોળ કેસરો જાણવાં. છેલ્લા વૃત્તમાં આડત્રીસ (૩૮) ભાગ કરવા. તેમાંનો એક ભાગ છોડી છેલ્લા વૃત્તની ઉપરની બાજુએ ગોળાઇમાં સોળ (૧૬) ભાગ કરવા. અનંતર પાંચ પાંચ ભાગના અંતરે કંપાસ ફેરવવો એટલે પદ્મનાં આઠ દલો થશે. પછી બધાં કેશરો અર્થાત્ ૨ અને ૩ જું કેશરવૃત્ત ખોદી કાઢવું. પરંતુ પોતાના વિસ્તાર જેટલી કણિકા કેવળ ખોદવી નહિ. આવી રીતે પદ્મકુંડ સિદ્ધ થશે. ૩૪.

"Aho Shrutgyanam"


૭ ઉત્તર દિશાનો પદ્મકુંડ.



૮ અષ્ટકોણ કુંડ.

**क्षेत्रे जिनांशे गजचंद्रभागैः स्वाष्टाक्षिभागेन युतैस्तु वृत्ते ॥**
**विदिग्दिशोरंतरतोऽष्टसूत्रैस्तृतीययुक्तैरिदमष्टकोणम् ॥३८॥**

૮ ઇશાન કોણ, અષ્ટકોણ કુંડ.



"Aho Shrutgyanam"

ક્ષેત્રના ચોવીસ ભાગ કરી તેમાંના ૧૮ ભાગમાં ૨૮ ભાગ કરવા અને તેમાંનો એક ભાગ ૧૮ માં વધારી વૃત્ત ફેરવવું. વૃત્તમાં દિશા અને કોણમાં મળી આઠ આઠ ચિન્હ કરવાં અને પછી બે ચિન્હ છોડી ત્રીજે ચિન્હેથી સૂત્ર છોડવું. આ પ્રમાણે દરેક ચિન્હથી સૂત્ર છોડતાં અષ્ટકોણ કુંડ સિદ્ધ થશે. ૩૫.

### અન્ય પ્રકારે અષ્ટકોણ સમભુજ.

**मध्ये गुणे वेदयमैर्विभक्ते शक्रैर्निजषर्येङ्घिलवेन युक्तैः ॥**
**वृत्ते कृते दिग्विदिशोऽन्तराले गजैर्भुजैः स्यादथवाष्टकोणम् ॥३६॥**

અથવા ક્ષેત્રના ચોવીસ (૨૪) ભાગ કરી તેમાંના ૧૪ ભાગમાં ૪૭ ભાગ કરવા. તેમાંનો એક ભાગ ૧૪ ભાગમાં વધારી વૃત્ત ફેરવવું. આ પ્રમાણે દિશા વિદિશાઓના અંતરાલમાં આઠ ભુજો કરવાથી સમભુજ અષ્ટકોણ કુંડ સિદ્ધ થશે. ૩૬.

### ખાત તથા કુંડમાન.

**खातं क्षेत्रसमं प्राहुरन्ये तु मेखलां विना ॥**
**कंठो जिनांशमानः स्यादर्कांश इति चापरे ॥३७॥**

કુંડ ઉંડો ક્ષેત્ર સમાન જાણવો અર્થાત્ એક ગજનો કુંડ હોય તો મેખલા સાથે ઉંડો પણ એક ગજ કરવો. વળી કેટલાક આચાર્ય મેખલા સિવાય ક્ષેત્ર સમાન ઉંડો કુંડ કરવો એમ કહે છે. કુંડનો કંઠ ૨૪ મા અંશે કરવો. વળી બીજા કેટલાક આચાર્યો બારમા અંશે કરવો એમ કથન કરે છે. ૩૭.

### મેખલાના કનિષ્ઠાદિ ભેદ.

**अधमा मेखलैका स्यान्मध्यमं मेखलाद्वयम् ॥**
**श्रेष्ठास्तिस्रोऽथ वा द्वित्रिपञ्चस्वधमतादिकम् ॥३८॥**

એક મેખલા કનિષ્ઠ, બે મેખલા મધ્યમ અને ત્રણ મેખલા શ્રેષ્ઠ જાણવી; અથવા બે, ત્રણ અને પાંચની સંખ્યાએ કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ જાણવી. ૩૮.

### મેખલા લક્ષણ.

**अष्टधा विहितकुंडशरांशैः संखनेद् भुवमुपर्यनलांशैः ॥**
**मेखला विरचयेदपि तिस्रः षड्गजार्कलवविस्तृतपिंडाः ॥३९॥**

"Aho Shrutgyanam"

ક્ષેત્રના ૮ આઠ ભાગ કરી તેમાંના પાંચ (૫) ભાગ અર્થાત્ પંદર આંગળ ઉંડી ખોદવી અને ઉપરના ભાગે ત્રણ ભાગની (૯ આંગળની) ત્રણ મેખલા કરવી. તેનો વિસ્તાર ક્રમે છઠ્ઠા, આઠમા અને બારમા ભાગે કરવો એટલે ઉપરની મેખલા ૪ ભાગની, વચલી ૩ અને છેલ્લી ૨ ભાગની કરવી. ૩૯.

## યોનિ લક્ષણ.

**योनिर्व्यासार्धदीर्घा विततिगुणलवादायताङ्घिर्द्विभागा,**
**तुङ्गा तावत्समन्तात्परिधिरुपरिगा तावदग्रेण रम्यम् ॥**
**निम्नं कुंडं विशंती वलयदलयुगेनान्विताधो विशाला,**
**मूलात्सच्छिद्रनालान्तरवटरुचिराश्वत्थपत्राकृतिः सा ॥४०॥**

ક્ષેત્રના અર્ધા માને લાંબી, ક્ષેત્રના ત્રીજા ભાગે પહોળી અને ચોવીસમા ભાગે ઉંચી તેમજ ઉપર ફરતી મેખલાવાળી, આગળના ભાગે નમતી, કુંડમાં પ્રવેશ કરતી, બે અર્ધ ગોળ યુક્ત, નીચેના ભાગે વિશાળ, મૂળથી છેદ પાડેલી અને પીપળાના પાનના આકાર જેવી યોનિ સુંદર જાણવી. ૪૦.

**अथवापि मृदा सुवर्णभासा करमानं चतुरङ्गुलोच्चमल्पे ॥**
**हवने विदधीत वाङ्गुलोच्चं विबुधः स्थंडिलमेव वेदकोणम् ॥४१॥**

અથવા વિદ્વાન્ પુરૂષે થોડા હવનમાં પીળી માટીથી ચાર આંગળ ઉંચું અથવા એક આંગળ ઉંચું ચોરસ એક ગજનું સ્થંડિલ ( વેદીમંડલ ) કરવું. ૪૧.

## મંડલ વિધાન.

**एकद्वित्रिकरं कुर्याद् वेदिकोपरि मंडलम् ॥**
**ब्रह्मविष्णुरवीनां तु सर्वतोभद्रमिष्यते ॥४२॥**

વેદી ઉપર એક, બે અને ત્રણ ગજનું મંડળ કરવું. બ્રહ્મા, વિષ્ણુ તથા સૂર્યની ઉપાસનામાં સર્વતોભદ્ર મંડળ કરવું ઇષ્ટ છે. ૪૨.

**भद्रं तु सर्वदेवानां नवनाभि तथा त्रयम् ॥**
**लिङ्गोद्भवं शिवं स्याच्च लतालिसंयुतं तथा ॥४३॥**

સર્વ દેવતાઓને માટે સર્વતોભદ્ર મંડળ કરવું. નવનાભિ ( લિંગ ) અને ત્રણ લિંગ કરવાં તથા શિવનું મંડળ લિંગ તથા વેલ પાંદડા સંયુક્ત કરવું. ૪૩.

"Aho Shrutgyanam"

भद्रश्च गौरितिलकं देवीनां पूजने हितम् ॥
अर्धचन्द्रं तडागेषु चापाकारं तथैव च ॥४४॥
टंकारं स्वस्तिकश्चैव वापीकूपादि पूजयेत् ॥
पीठिका जलपट्टेषु योन्याकारश्च कामदम् ॥४५॥
गजदन्तं महादुःखे प्रशस्तं मंडलं भवेत् ॥
टंकारं चतुरस्रश्च गजदन्तमयायतम् ॥४६॥

દેવીઓના પૂજનને માટે સર્વતોભદ્ર મંડળ તથા ગૌરીતિલક મંડળ હિતકારક છે અને તળાવના પૂજન વિષે અર્ધચંદ્ર મંડળ તથા ધનુષાકાર મંડળ પૂજવા યોગ્ય છે તેમજ વાવ, કૂવાદિને ટંકાર એટલે ધનુષાકાર અને સ્વસ્તિક મંડળ પૂજવા યોગ્ય છે. પીઠિકા તથા જલપટ્ટ એટલે જલપ્રવાહ ( પાણીનો કાંસ અથવા નહેર ) ને યોનિના આકારના મંડળે પૂજવા તે સર્વ કામનાને આપનાર છે.

મહાદુઃખના નિવારણ માટે ગજદંત મંડળ પ્રશંસિત છે તેમજ ચોરસ અને ગજદંત મંડળના જેટલું લાંબું ધનુષાકાર મંડળ પણ પ્રશંસિત છે. ૪૪, ૪૫, ૪૬.

विख्यातं सर्वतोभद्रं ज्ञेयान्यन्यानि लोकतः ॥
पूर्वादितोरणं कुर्याद् यज्ञाङ्गवटपिप्पलम् ॥४७॥

સર્વતોભદ્ર મંડળ વિખ્યાત છે અને બીજાં મંડળોની વિધિ લોકાનુસાર જાણવી. પૂર્વાદિ દિશાના પ્રદક્ષિણ ક્રમે સ્તંભ તથા તોરણો વડ, પીપળો વગેરે યજ્ઞીય વૃક્ષનાં કરવાં. ૪૭.

## ઋત્વિજો તથા અન્ય વિધાન.

द्वात्रिंशाष्टचतुःषष्टिमृत्विजो वेदपारगान् ॥
कुलीनानङ्गसम्पूर्णान् पाद्यार्घ्यमभिमंत्रयेत् ॥४८॥

પ્રતિષ્ઠા વખતે વેદવેદાંગમાં પારંગત, કુલીન તથા સર્વાંગ સંપૂર્ણ એવા આઠ (૮), બત્રીસ (૩૨) અથવા ચોસઠ (૬૪) ઋત્વિજોને પાદ્યાર્ઘ્ય આપી આમંત્રણ કરવું. ૪૮.

मण्डपस्य त्रिभागेन चोत्तरे स्नानमण्डपम् ॥
स्थंडिलं वालुकं कृत्वा छायायां स्नापयेत्सुरान् ॥४९॥

મંડપના ત્રીજા ભાગે ઉત્તર દિશામાં સ્નાનમંડપ કરવો અને સ્નાન માટે રેતીનું સ્થંડિલ (સ્નાનની શિલા અથવા ચોકડી) કરવું તથા દેવતાઓને છાયામાં સ્નાન કરાવવું. ૪૯.

"Aho Shrutgyanam"

**पंचगव्यकषायैश्च वल्कलैः क्षीरवृक्षजैः ॥**
**स्नापयेत्पञ्चकलशशतवारजलेन च ॥५०॥**

પંચગવ્ય ( દહીં, દુધ, ઘૃત, ગોમૂત્ર અને છાણ ) અને કષાય વડે પાંચ અથવા સો ૧૦૦ કલશો ભરી જલથી સ્નાન કરાવી ક્ષીર વૃક્ષોની વલ્કલ ( છાલ ) રૂપી વસ્ત્રો ઓઢાડવાં. ૫૦.

**वेदमंत्रैश्च वादित्रैर्गीतमंगलनिस्वनैः ॥**
**वस्त्रेणाच्छादयेदीशं वेद्यन्ते मंडपे जपेत् ॥५१॥**

વેદમંત્રો, વાજિંત્રો તથા માંગલિક ગીતોના શબ્દપૂર્વક મંડપમાં વેદી પાસે દેવતાને શયન કરાવી વસ્ત્ર ઓઢાડવાં. ૫૧.

**तुलामारोपयेद्वेद्यामुत्तरादौ च तां न्यसेत् ॥**
**कलशं तु शिरोदेशे पादस्थाने कमण्डलुम् ॥५२॥**

વેદીમાં તુલારોપણ કરવું અને તે વેદીની ઉત્તરાદિ દિશામાં સ્થાપન કરવું. દેવતાના મસ્તક તરફ કલશ મૂકવો અને પગ તરફ કમંડલુ મૂકવું. ૫૨.

**व्यजनं पृष्ठदेशे तु दर्पणं वामतः शुभम् ॥**
**पुष्परागश्च गोमेदं पूर्वादौ वज्रधृक्स्थिते ॥५३॥**

દેવતાની પીઠ તરફ વ્યજન (વીંઝણો) અને ડાબી બાજુએ દર્પણ મૂકવું તે શુભ છે. પુષ્પરાગ અને ગોમેદાદિ રત્નો ઇંદ્રાદિદેવાધિષ્ઠિત પૂર્વાદિ દિશાના ક્રમે મૂકવાં ૫૩.

**वज्रवैडूर्यमुक्ताश्च त्विन्द्रनीलं सुनीलकम् ॥**
**पुष्परागश्च गोमेदं प्रवालं पूर्वदिक्क्रमैः ॥५४॥**

૧ વજ્ર, ૨ વૈડૂર્ય, ૩ મોતી, ૪ ઇન્દ્રનીલ, ૫ સુનીલ, ૬ પુષ્પરાગ, ૭ ગોમેદ અને ૮ પ્રવાલ; આ રત્નો પૂર્વાદિ ક્રમે મૂકવાં. ૫૪.

**सुवर्णं रजतं ताम्रं कांस्यं रीतिश्च सीसकम् ॥**
**वंगं लोहश्च पूर्वादौ सृष्ट्या धातूनिह न्यसेत् ॥५५॥**

સોનું (૧), રૂપું (૨), તાંબું (૩), કાંસું (૪), પીતળ (૫), સીસું (૬), કલઇ (૭) અને લોઢું (૮); આ આઠ ધાતુઓ અનુક્રમે પૂર્વાદિ આઠ દિશાઓમાં મૂકવી. ૫૫.



"Aho Shrutgyanam"

**वज्रं वह्निसहदेव्यौ विष्णुकान्तेन्द्रवारुणी ॥**
**संजीवी ग्रुष्पतिश्चैव स्वरिता च क्रमान्न्यसेत् ॥५६॥**

૧ વજ્ર (સેંદરડી), ૨ વહ્નિશિખા (કસુંબો), ૩ સહદેવી, ૪ તુલસીપત્ર, ૫ ઇન્દ્રવારૂણી (ઇન્દ્રામણી), ૬ શંખાવલી, ૭ ઉદ્યાકુલી અને ૮ સ્વરિતા; આ આઠ ઔષધિઓ પૂર્વાદિ આઠે દિશાઓમાં અનુક્રમે મૂકવી. ૫૬.

**यवो व्रीहिस्तथा कंगूर्जुर्णाह्वा च तिलैर्युता ॥**
**शालिमुद्गाः समाख्याता गोधूमश्च क्रमेण तु ॥५७॥**

૧ જવ, ૨ ડાંગર, ૩ કાંગ, ૪ જાર, ૫ તલ, ૬ ચોખા, ૭ મગ અને ૮ ઘઉં; આ આઠ અનાજ પણ ક્રમે પૂર્વાદિ દિશાઓમાં મૂકવાં. ૫૭.

**ततो महोत्सवं कुर्यान्नृत्यगीतैरनेकशः ॥**
**नैवेद्यमार्त्तिकं पूजामङ्गन्यासादिकं तथा ॥५८॥**

ત્યાર પછી મહોત્સવ કરવો. નૃત્ય કરાવવું તથા માંગલિક ગીતો વિગેરે ગાવાં તેમજ દેવતાઓને નૈવેદ્ય ધરાવવું, આરતી ઉતારવી અને અંગન્યાસાદિ સર્વ પૂજા-કાર્ય કરવાં. ૫૮.

**क्षीरं क्षौद्रं घृतं खण्डं पक्कान्नानि बहून्यपि ॥**
**षड्रसस्वादुभक्ष्याणि समन्तात्परिकल्पयेत् ॥५९॥**

દુધ, દહીં, ઘી, ખાંડ તથા બીજાં નાના પ્રકારનાં અનેક પકવાનો તેમજ ખટરસ યુક્ત સ્વાદિષ્ટ ભોજ્ય પદાર્થો બનાવી ચારે તરફ ગોઠવવા, ધરાવવા. ૫૯.

**विप्राणां संप्रदायैश्च वेदमंत्रैस्तथागमैः ॥**
**सकलीकर्णजीवन्यः सन्यासं च प्रतिष्ठयेत् ॥६०॥**

બ્રાહ્મણોના સંપ્રદાયોએ આગમ તથા વેદના સજીવન મંત્રો વડે ન્યાસપૂર્વક દેવતાઓની પ્રતિષ્ઠા કરવી. ૬૦.

## વસ્ત્રાલંકાર અને નૈવેદ્ય શિલ્પીને આપવા વિષે.

**यद्देवाभरणं पूजा वस्त्रालङ्कारभूषणम् ॥**
**तत्सर्वं शिल्पिने देयमाचार्याय तु याज्ञियम् ॥६१॥**

"Aho Shrutgyanam"

દેવતા સંબંધી આભૂષણ, પૂજા, વસ્ત્ર, અલંકાર અને ભૂષણ; એ સર્વ પદાર્થો શિલ્પીને આપવા અને યજ્ઞ સંબંધી સર્વ વસ્તુઓ આચાર્યને આપવી. ૬૧.

## પ્રાસાદના દેવતાઓનું પૂજન વિધાન.

**प्रासादे देवतान्यासं स्थावरेषु पृथक् पृथक् ॥**
**खरशिलायां वाराहं पौल्ये नागकुलानि च ॥६२॥**

પ્રાસાદમાં દેવતાઓનું આવાહન કરી સ્થાપના કરવી અને પ્રાસાદના દરેક થરવાળામાં અલગ અલગ દેવતાઓ સ્થાપવા. પ્રાસાદના ખડસલમાં વારાહ દેવતા અને વારિમાર્ગમાં નાગ દેવતાનું આવાહન અને પૂજા કરી નાગકુલ સાથે તેમની સ્થાપના કરવી. ૬૨.

**प्रकुंभे जलदेवाश्च पुष्पके किंसुरास्तथा ॥**
**नंदिनी जाड्यकुंभस्य कर्णाभ्यां स्थापयेद्धरिः ॥६३॥**

દરેક કુંભીમાં જલદેવતા, પુષ્પકંઠમાં અસુર દેવતા, જાડંબામાં નંદિની (કામધેનુ) અને બંને કર્ણિકાઓમાં વિષ્ણુ દેવતાનું આવાહન કરી સ્થાપના કરવી. ૬૩.

**गणेशं गजपीठे च ह्यश्वपीठे तथाश्विनौ ॥**
**नरपीठे नराश्चैव क्षमा च खुरकं जपेत् ॥६४॥**

ગજપીઠમાં ગણેશ, અશ્વપીઠમાં અશ્વિનીકુમાર, નરપીઠમાં નરદેવ અને ખરામાં પૃથ્વી દેવતાનું આવાહન યુક્ત સ્થાપન કરવું. ૬૪.

**भद्रे संध्यात्रयं कुंभे पार्वती कलशे स्थिता ॥**
**कपोताल्याश्च गंधर्वा मञ्चिकायां सरस्वती ॥६५॥**

પ્રાસાદના ભદ્રના કુંભામાં ત્રણ સંધ્યા ( પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંસંધ્યાના દેવતા ), કલશામાં પાર્વતી દેવી, કેવાલમાં ગંધર્વ દેવતા અને મંચિકામાં સરસ્વતી દેવીનું આવાહનપૂર્વક સ્થાપન કરવું. ૬૫.

**जंघायां च दिशां पालाः इन्द्र उद्गमसंस्थितः ॥**
**सावित्री भरणीदेशे शिरावस्याश्च देविकाः ॥६६॥**
**विद्याधरी कपोताल्यामन्तराले सुरास्तथा ॥**
**पर्जन्यं कूटछाद्ये च ततो मध्ये प्रतिष्ठितम् ॥६७॥**

"Aho Shrutgyanam"

જાંઘીમાં દિક્પાલો, ઉદ્‌ગમ ( ડોઢિયા ) માં ઇન્દ્રદેવ, ભરણીમાં સાવિત્રી, શિરાવટીમાં દેવીઓ, કપોતાલી ( પુષ્પકંઠ ) માં વિદ્યાધરી, અન્તરાલમાં સુર અને કૂટછાદ્ય ( છાજા ) માં પર્જન્ય ( મેઘ દેવતા ) ની આવાહનપૂર્વક પૂજા કરી સ્થાપના કરવી. આ પ્રમાણે થરોની પૂજા કરી દેવપ્રતિષ્ઠા કરવી. ૬૬, ૬૭.

**शाखयोश्चन्द्रसूर्यौ च त्रिमूर्त्तिश्चोत्तराङ्गके ॥**
**उदुम्बरे स्थितो यक्षश्चाश्विनावर्धचन्द्रके ॥६८॥**
**कोलिकायां धराधारं क्षितिं चोत्तमपट्टके ॥**
**स्तंभेषु पर्वतांश्चैव ह्याकाशश्च करोटके ॥६९॥**

દ્વારશાખાઓમાં ચંદ્ર અને સૂર્ય, ઉત્તરંગ (ઓતરંગ) માં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, ઉંબરામાં યક્ષ, અર્ધચંદ્ર (શંખાવટ) માં અશ્વિનીકુમાર, કોળીમાં શેષનાગ, ઉત્તમપટ્ટ (ભારવટ) માં પૃથ્વી, સ્તંભોમાં પર્વત દેવતાઓ અને કરોટક (ઘુમટ) માં આકાશ દેવતાની આવાહન–પૂજાપૂર્વક સ્થાપના કરવી. ૬૮, ૬૯.

**मध्ये प्रतिष्ठयेद्देवं मकरे जान्हवीं तथा ॥**
**शिखरस्योरुशृंगेषु स्थापयेत्पञ्च पञ्च वै ॥७०॥**

પ્રાસાદના ગભારામાં જે દેવતાનો પ્રાસાદ હોય તેમને સ્થાપવા. પરનાલમાં મગરના મુખે ગંગાજી અને શિખરના ઉરૂશૃંગોમાં પાંચ પાંચ દેવતાઓની આવાહનયુક્ત સ્થાપના કરવી. ( પાંચ દેવ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઇશ્વર અને ઇન્દ્ર. ) ૭૦.

**ब्रह्मा विष्णुस्तथा रुद्र ईश्वरस्य सदा प्रियाः ॥**
**शिखरे चैश्वरं देवं शिखायां तु सुराधिपम् ॥७१॥**

બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર; આ ત્રણ દેવો પ્રાસાદદેવતાને સદા પ્રિય છે. શિખરમાં ઇશ્વર અને શિખા ( કળશ ) માં ઇંદ્રની આવાહન યુક્ત સ્થાપના કરવી. ૭૧.

**ग्रीवायाममरं देवं घंटायाश्च निशाचरम् ॥**
**पद्माक्षं पद्मपत्रे च कलशे च सदाशिवम् ॥७२॥**
**छाद्यवामे तथाऽघोरं तत्पुरुषं तथेशकम् ॥**
**कर्णादिगर्भपर्यन्तं पञ्चाङ्गे च प्रतिष्ठयेत् ॥७३॥**

આમલસારાના ગળામાં અમરદેવતા, આમલસારામાં નિશાચર, પદ્મપત્ર (ચંદ્રસ)માં પદ્માક્ષ દેવતા, કલશમાં સદાશિવ, છાજાની ડાબી બાજુમાં અઘોર દેવતા,

"Aho Shrutgyanam"

જમણી બાજુમાં તત્પુરૂષ અને અઘોર દેવતાનો ઇશ ભૈરવ દેવતા સ્થાપવો. આ પ્રમાણે કર્ણથી ગર્ભ સુધી પ્રાસાદનાં પાંચે અંગોમાં દેવતાઓની સ્થાપના અને પૂજન કરવું. ૭૨, ૭૩.

## પ્રાસાદના દેવતાનું પૂર્ણ રીતે પૂજન ન કરવાથી પ્રાસાદ કરાવ્યાનું ફળ મળતું નથી.

**अर्चायुक्तिथरस्तंभपीठमंडोवरेषु च ॥**
**पूजनं लोपयेद्यत्र निष्फलं तत्प्रजायते ॥७४॥**

દેવતાની પૂજા, પ્રાસાદના થરો, સ્તંભ, પીઠ અને મંડોવર આદિની પૂજામાં જો દેવતાઓના પૂજનનો લોપ કરવામાં આવે તો પૂજાફળ નિષ્ફળ જાય છે અને પ્રાસાદ કરાવ્યાનું પુણ્ય ફળ પ્રાપ્ત થતું નથી. ૭૪.

## દેવતાની પ્રતિષ્ઠા કર્યા પછી પ્રથમ દર્શન.

**प्रथमं देवताहष्टेर्दर्शयेदन्तर्धाहितम् ॥**
**विप्रकुमारिकां वास्तुं ततो लोकान्प्रदर्शयेत् ॥७५॥**

પ્રતિષ્ઠા કર્યા પછી દેવાલય બંધ કરી પ્રથમ બ્રાહ્મણની કુમારિકાને દેવાલય ઉઘાડી દર્શન કરાવવું અને ત્યાર પછી સર્વ લોકોને દર્શન કરાવવાં. ૭૫.

## ગૃહસ્થે પ્રાસાદથી થતા પુણ્યની માંગણી કરવી અને શિલ્પીએ આશીર્વાદ આપવા વિષે.

**पुण्यं प्रासादजं स्वामी प्रार्थयेत्सूत्रधारतः ॥**
**सूत्रधारो वदेत्स्वामिन्नक्षयं भवतात्तव ॥७६॥**

પ્રાસાદ કરાવનાર ગૃહસ્થે પ્રતિષ્ઠા કરાવી સૂત્રધાર પાસે પ્રાસાદથી ઉત્પન્ન થનારા પુણ્યની પ્રાર્થના કરવી અને જ્યારે સ્વામી પ્રાસાદના પુણ્યની પ્રાર્થના કરે ત્યારે સૂત્રધારે “ हे स्वामिन्, तव अक्षयं पुण्यं भवतात्—भूयात् ” હે સ્વામી ! પ્રાસાદ કરાવ્યાનું અક્ષય પુણ્ય તમને પ્રાપ્ત થાઓ ” આ પ્રમાણે આશીર્વાદ આપવો. ૭૬.

## સૂત્રધાર પૂજન.

**अनन्तरश्च कर्तव्यं सूत्रधारस्य पूजनम् ॥**
**वस्त्रालङ्कारभोज्येन गोमहिष्याश्ववाहनैः ॥७७॥**

"Aho Shrutgyanam"

પ્રતિષ્ઠા કર્યા પછી સૂત્રધાર ( મુખ્ય શિલ્પી )ની પૂજા કરવી અને વસ્ત્ર, અલંકાર, ભોજન તથા ગાય, ભેંસ, અશ્વ અને વાહન વિગેરેથી સન્માન કરી સંતુષ્ટ કરવા. ૭૭.

**अन्येषां शिल्पिनां पूजा कर्तव्या कर्मकारिणाम् ॥**
**स्वाधिकारानुसारेण वस्त्रताम्बूलभोजनैः ॥७८॥**

તેમજ બીજા કામ કરનારા શિલ્પીઓની પણ પૂજા કરવી અને તેમના અધિકાર પ્રમાણે વસ્ત્ર, તાંબૂલ અને ભોજનાદિથી સંતુષ્ટ કરવા. ૭૮.

**शिल्पिनं पूजयेत्प्राज्ञः सोमपुराभिधं सदा ॥**
**तस्य हस्तेन कल्याणं कर्तव्यं रिद्धिसिद्धिदम् ॥७९॥**

બુદ્ધિમાન્ ગૃહસ્થે સદાસર્વદા સોમપુરા જાતિના શ્રેષ્ઠ શિલ્પીની પૂજા કરવી. કારણ કે તેના હસ્તે થએલું કામ કલ્યાણ, રિદ્ધિ અને સિદ્ધિને આપનારૂં થાય છે. ૭૯.

**सर्वेषां धनमाधारः प्राणिनां जीवनं परम् ॥**
**वित्ते दत्ते प्रतुष्यंति मनुष्याः पितरः सुराः ॥८०॥**

સર્વ પ્રાણી માત્રને આધાર ભૂત તથા જીવનરૂપ ધન છે. માટે ધનનું દાન કરવાથી માણસો, પિતૃઓ અને દેવતાઓ સંતુષ્ટ થાય છે. ૮૦.

## આચાર્ય પૂજન.

**आचार्यपूजनं कुर्याद् वस्त्रस्वर्णधनैः सह ॥**
**दानं दद्याद् द्विजातिभ्यो दानं धनुर्बलेषु च ॥८१॥**

વસ્ત્ર, સુવર્ણ અને ધનથી આચાર્યનું પૂજન કરવું અને પછી બ્રાહ્મણોને દાન આપવું. કારણ કે જેવી રીતે સેનામાં ધનુષ મુખ્ય છે તેવી રીતે પુણ્યોમાં દાન છે. ૮૧.

**महामहोत्सवः कार्यो महादानं प्रदीयते ॥**
**आचार्यसूत्रधारेभ्यो दद्याद् वस्त्राणि संमुदा ॥८२॥**

પ્રતિષ્ઠાનો મોટો મહોત્સવ કરવો અને મોટું દાન પુણ્ય કરવું તથા આચાર્ય અને સૂત્રધારનું સારી રીતે સન્માન કરી તેમને અમૂલ્ય વસ્ત્રો આપવાં. ૮૨.

"Aho Shrutgyanam"

## પ્રાસાદ તથા પ્રતિષ્ઠા કર્યાનું ફળ.

**देवानां स्थापनं पूजा पापहृद् दर्शनादिकम् ॥**
**धर्मे वृद्धे भवेदर्थः काममोक्षौ ततो नृणाम् ॥८३॥**

દેવોની સ્થાપના, પૂજા અને દર્શનાદિક પાપનો નાશ કરનારાં છે અને ધર્મની વૃદ્ધિ થવાથી મનુષ્યોને અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૮૩.

**पञ्चाशत्पूर्वपश्चाच्च ह्यात्मानं तु तथाधिकम् ॥**
**शतमेकोत्तरं सोऽपि तारयेन्नरकार्णवात् ॥८४॥**

પ્રતિષ્ઠા કરનાર પચાસ પેઢીઓ પહેલાંની અને પચાસ પેઢીઓ પાછળની તથા પોતે મળી કુલ (૧૦૧) એકસો એક પેઢીનો નરકરૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરે છે. ૮૪.

**कोटिवर्षोपवासश्च तपो वै जन्मजन्मनि ॥**
**कोटिदानं कोटिदाने प्रासादकलकारणे ॥८५॥**

નવો પ્રાસાદ કરાવવાથી કોટિ વર્ષો સુધી ઉપવાસ કર્યાનું, જન્મોજન્મ તપ કર્યાનું તથા કોટિદાનોમાં કોટિદાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. ૮૫.

**एकहस्ते तु प्रासादे कल्पं स्वर्गे च तिष्ठति ॥**
**पश्चाद्राज्यं च भूलोके कथितं नात्र संशयः ॥८६॥**

એક ગજનો પ્રાસાદ કરાવે તો એક કલ્પ પર્યંત સ્વર્ગમાં નિવાસ કરે છે અને પછી પૃથ્વીલોકમાં રાજ્ય કરે છે એમ કહેલું છે. એમાં જરા પણ સંશય કરવો નહિ. ૮૬.

* * * *

## જૈન પ્રતિષ્ઠા વિષે.

**प्रतिष्ठा वीतरागस्य जिनशाशनमार्गतः ॥**
**नमस्कारैः सुरमंत्रैः सिद्धिकेवलभाषितैः ॥८७॥**

વીતરાગ પ્રભુની પ્રતિષ્ઠા જિનશાશન માર્ગાનુસાર સિદ્ધિકેવલમાં કહેલા નમસ્કાર (નવકાર) દેવમંત્રોના ઉચ્ચારપૂર્વક કરવી. ૮૭.

"Aho Shrutgyanam"

**जिनानां मातरो याश्च यक्षिणी गौतमी तथा ॥**
**सिद्धिकाले च या जाता चतुर्विंशतिमूर्त्तयः ॥८८॥**

જિનદેવતાઓની માતૃદેવતાઓ તથા યક્ષિણી અને ગૌતમી વિગેરે શાશનદેવીઓ તેમજ સિદ્ધિ પ્રાપ્ત થતી વખતે ઉત્પન્ન થએલી ચૌવીસ યક્ષ, યક્ષિણી યથાયોગ્ય સ્થાને સ્થાપવી. ૮૮.

**इति स्थाप्या जिनावासे त्रिप्रकारं गृहं तथा ॥**
**सांभर्णं शिखरं मन्दारकं तत्वपदादिकम् ॥८९॥**

ઉપર કહેલી સર્વ માતૃદેવતાઓ જિનાલયમાં સ્થાપવી તથા સાંભર્ણું (સામરણ), શિખર અને મંદારક (ઘુમટ) એમ ત્રણ પ્રકારે જિનાલય જાણવું. ૮૯.

### ગ્રહ પ્રતિષ્ઠા વિષે.

**ग्रहाणां सर्वदेवानां पादपीठे प्रतिष्ठिता ॥**
**येनानन्तविभेदेन मूर्तिमार्ग उदाहृतः ॥९०॥**

ગ્રહોની પ્રતિષ્ઠા સર્વ દેવતાઓની પીઠિકાઓમાં કરવી. આ પ્રમાણે અનંત ભેદોએ કરી મૂર્તિમાર્ગ કહેલો છે તે શાસ્ત્રો દ્વારા જાણવો. ૯૦.

### વાપીકૂપાદિની પ્રતિષ્ઠા વિષે.

**माघादिपञ्चमासेषु वापीकूपादिसंस्कृताः ॥**
**तडागस्य चतुर्मास्ये कुर्यात्तथा षड्मार्गभिः ॥९१॥**

માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ અને જ્યેષ્ઠ; આ પાંચ મહિનાઓમાં વાવ, કૂપ ઇત્યાદિનો સંસ્કાર કરવો અને ચાતુર્માસ (ચોમાસા)માં તલાવનો સંસ્કાર કરવો. આ પ્રમાણે છ પ્રકારે ઉપરનાં શુભ મુહૂર્તોમાં વિધિવત્ સંસ્કાર કરી ઉપયોગ કરવો. ૯૧.

**असंस्कृतं जलं देवाः पितरो न पिबन्ति ते ॥**
**संस्कृते तु प्रमायन्ति तस्मात्संस्कारमाचरेत् ॥९२॥**

સંસ્કાર કર્યા વગરનાં વાવ, કૂવો, તલાવ વિગેરે જલાશયોનું જળ દેવો તેમજ પિતૃદેવો પીતા નથી અર્થાત્ ગ્રહણ કરતા નથી. પરંતુ સંસ્કાર કર્યા પછી જળાશયોના જળને પ્રમાણ કરે છે અર્થાત્ ગ્રહણ કરે છે. માટે અવશ્ય સંસ્કાર કરવો. ૯૨.

"Aho Shrutgyanam"

**जीवनं वृक्षजन्तूनां कारिते च जलाशये ॥**
**दत्ते वासभृते सौख्यं भुंक्ते स्वर्गे च मानवः ॥९३॥**

જલાશય કરવાથી વૃક્ષો તથા પ્રાણીમાત્રને જીવન મળે છે તથા આ પ્રમાણે પ્રાણીમાત્રને વાસ આપવાથી જલાશય કરનાર માણસ સ્વર્ગમાં ઉત્તમ સુખનો ઉપભોગ કરે છે. ૯૩.

## વાસ્તુ પૂજન વિધાન.

### સપ્ત પુણ્યાહ કરવા વિષે.

**कूर्मसंस्थापनं द्वारं पद्मशिला च पूरुषः ॥**
**घंटा ध्वजः प्रतिष्ठा च ज्ञेयं पुण्याहसप्तकम् ॥९४॥**

૧ કૂર્મશિલા સ્થાપન, ૨ દ્વારશાખા રોપણ, ૩ પદ્મશિલા સ્થાપન, ૪ ધ્વજાપુરૂષની સ્થાપના, ૫ ઘંટા સ્થાપન, ૬ ધ્વજ સ્થાપન અને ૭ દેવ પ્રતિષ્ઠા; આ સાંતને પુણ્યાહ સપ્તક જાણવું. આ સાત કાર્યોમાં વાસ્તુ પૂજન કરવું. ૯૪.

### ચૌદ વખત વાસ્તુ પૂજન કરવા વિષે.

**भूम्यारंभे तथा कूर्मे शिलायां सूत्रपातने ॥**
**द्वारोच्छ्रये खुरे कुंभे पटे पद्मशिलासु च ॥९५॥**
**शुकनासे च पुरूषे घंटायां कलशे तथा ॥**
**ध्वजोच्छ्राये प्रतिष्ठायां शांतिकानि चतुर्दश ॥९६॥**

૧ ભૂમ્યારંભ (પ્રથમ પાયો ખોદતી) વખતે, ૨ કૂર્મશિલા સ્થાપતાં, ૩ ખડસલ ચોડતાં, ૪ સૂત્ર છોડતાં, ૫ દ્વારશાખા સ્થાપતાં, ૬ ખરો ચોડતાં, ૭ થાંભલાની કુંભી બેસાડતાં, ૮ પાટ (ભારવટ) મૂકતાં, ૯ પદ્મશિલા વખતે, ૧૦ શુકનાશ વખતે, ૧૧ ધ્વજાપુરૂષ બેસાડતાં, ૧૨ આમલસારો ચઢાવતાં, ૧૩ કલશ (શિખરનું ઇંડું) ચઢાવતાં તથા ૧૪ ધ્વજાયુક્ત પ્રતિષ્ઠા વખતે વાસ્તુપૂજા કરવી. આ ચૌદ શાંતિકર્મ જાણવાં. ૯૫, ૯૬.

### સપ્ત પુણ્યાહ પ્રતિષ્ઠાનું મહાફળ.

**कृतकूर्मप्रतिष्ठायां खाते पूर्णसुसंस्थिते ॥**
**भूर्लोके लभते राज्यं सर्वजन्मसु शाश्वतम् ॥९७॥**

કૂર્મ પ્રતિષ્ઠા કરી ખાતનો નાભિનળ પૂર્ણરીતે ચણી લાવવાથી જન્મોજન્મ ભૂર્લોકમાં શાશ્વત રાજ્ય પ્રાપ્ત થાય છે. ૯૭.



"Aho Shrutgyanam"

**शिलाप्रतिष्ठमानासु दैवतैरत्र शुच्यते ॥**
**स्वर्गे चाभीप्सितं स्थानं राज्यं च जन्मजन्मनि ॥९८॥**

અન્ય આઠ દિશાઓની અષ્ટશિલાઓનું સ્થાપન થતાં દેવો ( પોતાનાં સ્થાન જવાના ) વિચારમાં પડે છે અને સ્થાપનકર્તા સ્વર્ગમાં ઇચ્છિત સ્થાન મેળવે છે તથા જન્મજન્માંતરમાં રાજ્ય પ્રાપ્ત કરે છે. ૯૮.

**द्वारे प्रतिष्ठमाने तु स्तंभोच्छ्रायसुसंयुते ॥**
**लोके महापुरं रम्यं शतयोजनकाञ्चनम् ॥९९॥**

દ્વારશાખા સંયુક્ત દ્વારની પ્રતિષ્ઠા કરવાથી લોકમાં સો યોજનના વિસ્તારવાળા રમણીય મહાપુરનું રાજ્ય પ્રાપ્ત થાય છે. ૯૯.

**पद्मशिलाप्रतिष्ठायां देवालये भूमस्तके ॥**
**एकच्छत्रं महाराज्यं जनलोकेषु लभ्यते ॥१००॥**

દેવાલયમાં પદ્મશિલાની પ્રતિષ્ઠા કરવાથી જનલોકમાં એકછત્ર મહારાજ્યની પ્રાપ્તિ થાય છે. ૧૦૦.

**पुरुषे प्रतिष्ठमाने आगममंत्रसंयुते ॥**
**तपोलोके ब्रह्मलोके त्रिदशैः सह क्रीडति ॥१०१॥**

શાસ્ત્રોક્ત મંત્રવિધિ સંયુક્ત ધ્વજાપુરૂષની પ્રતિષ્ઠા કરવાથી કર્તા તપલોક તેમજ બ્રહ્મલોકમાં દેવલોકની સાથે ક્રીડા કરે છે. ૧૦૧.

**घंटाप्रतिष्ठमानायामुत्पन्नायां क्षीरार्णवात् ॥**
**काञ्चनैः पुष्पविमानैः सत्यलोकं स गच्छति ॥१०२॥**

ક્ષીરસમુદ્રમાંથી ઉત્પન્ન થએલી ઘંટા એટલે આમલસારો ચઢાવવાની પ્રતિષ્ઠા કરવાથી કર્તા સુવર્ણમય પુષ્પવિમાનોમાં બેસી સત્યલોકમાં ગમન કરે છે. ૧૦૨.

**कृते महाध्वजारोहे पताकाध्वजचामरे ॥**
**गच्छति ज्ञानलोकं स यत्र ज्ञानश्च देवता ॥१०३॥**

પતાકાધ્વજ તથા ચામરસહિત મહાધ્વજારોપણ અને તેની સાથે દેવાલયમાં દેવપ્રતિષ્ઠા કર્યાથી કરાવનાર સ્વામી જ્ઞાનલોકને પ્રાપ્ત થાય છે કે જ્યાં સદા સર્વદા જ્ઞાનદેવતા બિરાજમાન છે. ૧૦૩.

"Aho Shrutgyanam"

## વાસ્તુપુરૂષની ઉત્પત્તિ.

भाद्रपदस्य मासस्य तृतीया कृष्णपक्षका ॥
वारः शनैश्चरः प्रोक्तो नक्षत्रं कृत्तिका भवेत् ॥१०४॥
योगस्तत्र व्यतीपातः करणं विष्टिसंभवः ॥
भद्रा चैव भवेत्तत्र कुलिकश्च तदा भवेत् ॥१०५॥
पुरान्धकवधे रुद्रललाटपतितः क्षितौ ॥
स्वेदस्ततोद्भुतं जातः पुरुषो वै सुदुःसहः ॥१०६॥

ભાદ્રપદ માસના કૃષ્ણપક્ષની તૃતીયા, શનિવાર, કૃત્તિકા નક્ષત્ર, વ્યતીપાત યોગ, વિષ્ટિકરણ, ભદ્રા તેમજ કુલિક; એ સર્વ યોગ આવેલા હતા તેવા યોગમાં પૂર્વે અંધકાસુર દૈત્યની સાથે યુદ્ધ કરતાં રૂદ્રના લલાટમાંથી પરિશ્રમને લીધે પરસેવાનું બિંદુ પૃથ્વી ઉપર પડયું અને તે પરસેવાના બિંદુમાંથી એક આશ્ચર્યકારક બનાવ બન્યો અર્થાત્ તે બિંદુમાંથી એક અતિદુઃસહ અને વિકાળ પુરૂષ ઉત્પન્ન થયો. ૧૦૪, ૧૦૫, ૧૦૬.

गृहीत्वा सर्वदेवैस्तं न्यस्तो भूमावधोमुखम् ॥
जानू कोणी च पादौ च रक्षोदिशि शिवे शिरः ॥१०७॥
चत्वारिंशद्युताः पञ्च वास्तुदेहे स्थिताः सुराः ॥
अष्टौ च बाह्यगास्तेषां वसनाद्वास्तुरुच्यते ॥१०८॥

સર્વ દેવતાઓએ તે પુરૂષને પકડીને ઉંધે મુખે ભૂમિ પર સૂવાડી દીધો. તેની બે જાંઘ, ઘુંટણ તથા પગ નૈઋત્ય દિશામાં અને માથું ઇશાન કોણમાં રહ્યું. આ પુરૂષના શરીર ઉપર પીસતાલીસ (૪૫) દેવતાઓ રહેલા છે અને એ ૪૫ દેવતાઓમાંથી આઠ આઠ દેવતાઓ ચારે દિશાઓમાં રહેલા છે. આ પ્રમાણે દેવતાઓએ તેના પર વાસ કરવાથી તે 'વાસ્તુપુરૂષ' કહેવાયો.૧૦૭, ૧૦૮,

अधोमुखेन सौख्यञ्च कुरुते हन्ति चान्यथा ॥
नैव तस्य विना शांतिं श्रीदः सुविहितो बलिः ॥१०९॥
प्रासादभवनादीनां प्रारंभे परिवर्तने ॥
वास्तुकर्मसु सर्वेषु पूजितः सुखदो भवेत् ॥११०॥


"Aho Shrutgyanam"

આ વાસ્તુપુરૂષને ઉંધે મુખે સૂવાડવાથી સુખ આપે છે અને જો ચત્તો સૂવાડયો હોય તો હાનિ કરે છે તેમજ વાસ્તુની શાંતિ કર્યા વગર લક્ષ્મી આપનારો થતો નથી પરંતુ સારી રીતે બલિદાન કરવામાં આવે તો લક્ષ્મી આપનારો થાય છે. ૧૦૯.

પ્રાસાદ તથા ઘર વિગેરેના આરંભમાં તથા સમાપ્તિ વખતે તેમજ સર્વ પ્રકારનાં વાસ્તુકર્મોમાં જો વાસ્તુપુરૂષનું પૂજન કરવામાં આવે તો તે સુખ આપનારો થાય છે. ૧૦૯, ૧૧૦.

## વાસ્તુ પુરૂષનું ચિત્ર.

પૂર્વ દિશા.




"Aho Shrutgyanam"

### વાસ્તુ પૂજન ન કરવાથી દોષ.

**वास्तुपूजां पुरा कृत्वा पश्चाद् भवनमाविशेत् ॥**
**अकृत्वा वास्तुपूजादिं गृहस्वामी विनश्यति ॥१११॥**
**तस्मात्पूजां विधायादौ गृहदेवालयादिके ॥**
**पञ्चधा पूजनं वास्तोः गृहकर्मणि सर्वदा ॥११२॥**

પ્રથમ વાસ્તુ પૂજન કરી પછી ગૃહમાં પ્રવેશ કરવો અને જો વાસ્તુપૂજાદિ પૂજન કાર્ય કર્યા સિવાય ગૃહપ્રવેશ કરે તો ગૃહસ્વામી અર્થાત્ ઘરધણીનું મૃત્યુ થાય. માટે પ્રથમ વાસ્તુપૂજન કરી પછી ગૃહ તથા દેવાલયાદિકનો પ્રારંભ તેમજ પ્રતિષ્ઠાદિ કાર્યો કરવાં. હમેશાં ગૃહકાર્યમાં પાંચ પ્રકારે વાસ્તુપૂજન કરવું. ૧૧૧, ૧૧૨.

### વાસ્તુદેવોનું પૂજન વિધાન.

**एकपदादितो वास्तुर्यावत्पञ्चाशहस्तकः ॥**
**द्वात्रिंशन्मण्डलान्येव क्षेत्रतुल्याकृतीनि च ॥११३॥**

એક (૧) પદથી તે એક હજાર (૧૦૦૦) પદ સુધીનો તથા એક ગજથી પચાસ (૫૦) ગજ સુધીનો વાસ્તુ પૂજવો. તેમજ ક્ષેત્રના આકાર પ્રમાણે આકૃતિવાળાં બત્રીસ મંડલો કરી વાસ્તુ પૂજવો. ૧૧૩.

**मणिभिः स्वर्णरूपाभ्यां विद्रुमेण फलेन वा ॥**
**चतुःषष्टिपदं वास्तुं लिखेद्वापि शतांशकैः ॥११४॥**
**पिष्टेन वाक्षतैः शुद्धैस्ततो वास्तुं समर्चयेत् ॥**
**पूर्वोक्तेन विधानेन बलिपुष्पादि चार्पयेत् ॥११५॥**

મણિ, સુવર્ણ, રૂપું, પરવાળાં અને ફલો વડે ચોસઠ (૬૪) અથવા સો ( ૧૦૦ ) પદનો વાસ્તુ રચવો. તેમજ પિષ્ટ ( લોટ ) તથા શુદ્ધ અક્ષત ( ચોખા ) વડે વાસ્તુ રચવો અને પછી વાસ્તુની પૂજા કરવી તથા પૂર્વોક્ત વિધાનથી બલિપુષ્પાદિ અર્પણ કરવાં. ૧૧૪, ૧૧૫.

### ૬૪ પદનો વાસ્તુ.


**अथातः संप्रवक्ष्यामि वास्तुलक्षणमुत्तमम् ॥**
**चतुरस्रीकृते क्षेत्रे ह्यष्टभागविभाजिते ॥११६॥**

"Aho Shrutgyanam"

**मध्ये चतुष्पदो ब्रह्मा षट्पदाश्चार्यमादयः ॥**
**कर्णे ह्यर्धपदा भक्ताः शेषाश्चैकपदाः स्मृताः ॥११७॥**

હવે ઉત્તમ વાસ્તુ લક્ષણ કહું છું તે સાંભળ. ચોસઠ ( ૬૪ ) પદના વાસ્તુના ચોરસ ક્ષેત્રમાં આઠ ભાગ કરવા. વચમાં ચાર ભાગમાં બ્રહ્મા, છ ભાગમાં અર્યમા, વૈવસ્વત વિગેરે અને વાસ્તુના કોણના દેવતાઓ અર્ધા પદમાં તેમજ બાકીના દેવતા એક પદમાં સ્થાપવા. ૧૧૬, ૧૧૭.

## ६४ पदनो वास्तु





૮૧ પદનો વાસ્તુ.

**चतुरस्त्रीकृते क्षेत्रे नवभागविभाजिते ॥**
**मध्ये नवपदो ब्रह्मा षट्पदाश्चार्यमादयः ॥११८॥**
**तृतीये पदमध्यस्था द्विपदाः परिकीर्त्तिताः ॥**
**शेषास्तु पदिका ज्ञेया एकयाशीतिपदे सुराः ॥११९॥**

"Aho Shrutgyanam"

એકાશી પદના વાસ્તુના ચોરસ ક્ષેત્રમાં નવ ભાગ કરવા. તેમાં મધ્યના નવ ભાગમાં બ્રહ્મા, બ્રહ્માની ચારે બાજુના છ છ ભાગમાં અર્યમા વગેરે, ત્રીજા પદના મધ્ય ભાગે રહેલા દેવતાઓ બે બે ભાગમાં અને બાકીના એક એક ભાગમાં સ્થાપવા. ૧૧૮, ૧૧૯.

## ८१ पदनो वास्तु




### ૧૦૦ પદનો વાસ્તુ.


**चतुरस्रीकृते क्षेत्रे दशभागविभाजिते ॥**
**वास्तुकर्णस्याष्टौ सार्द्धपदा मध्येऽष्टपदिकाः ॥१२०॥**
**चतुर्विंशो द्विपदाश्च मध्यमास्तु चतुष्पदाः ॥**
**ब्रह्मा षोडशभागैस्तु शतपदे व्यवस्थितः ॥१२१॥**

સો પદ (૧૦૦)ના વાસ્તુના ચોરસ ક્ષેત્રમાં દશ ભાગ કરવા અને વાસ્તુના કર્ણના દેવતાઓ દોઢ ભાગમાં, તેમજ મધ્યના કર્ણના દેવતાઓ આઠ આઠ પદમાં સ્થાપવા.

"Aho Shrutgyanam"

બાજુના ચોવીસ દેવતાઓ બે બે ભાગમાં અને મધ્યના દેવતાઓ ચાર ભાગમાં સ્થાપવા. બ્રહ્મા સોળ ભાગમાં સ્થાપવા. આ પ્રમાણે સો પદના વાસ્તુમાં વ્યવસ્થા કરવી. ૧૨૦, ૧૨૧.

## १०० पदनो वास्तु




**ईशो मूर्ध्नि च पूज्येत दक्षिणं कर्णमाश्रितः ॥**
**जयः स्कन्धे महेशाद्याः पञ्चलक्षणबाहुगाः ॥१२२॥**
**महेन्द्रादित्यमृत्युश्च भृङ्ग आकाशमेव च ॥**
**वह्निजानौ तथा पूषा सप्त पदालिषु स्थिताः ॥१२३॥**

મસ્તકે ઇશ દેવતાની પૂજા કરવી અને તે ઇશ વાસ્તુના દક્ષિણ કર્ણનો (કાનનો) આશ્રય કરી રહેલો છે. સ્કંધમાં જય અને મહેશાદિ પાંચ દેવો બાહુમાં રહેલા છે. મહેન્દ્ર, આદિત્ય, મૃત્યુ, ભૃંગ અને આકાશ; આ પાંચ દેવતાઓ જમણી જાંઘ ઉપર તથા પૂષા વિગેરે સાત દેવો પદાલિ એટલે પદના સાત ભાગોમાં રહેલા છે. ૧૨૨, ૧૨૩.

"Aho Shrutgyanam"

**पूषा चैव तथेनश्च गृहक्षेत्रो यमस्तथा ॥**
**गंधर्वो भृंगराजश्च मृगः सप्त सुरा इति ॥१२४॥**

પૂષા, સૂર્ય, ગૃહક્ષેત્ર, યમ, ગંધર્વ, ભૃંગરાજ તથા મૃગ; આ સાત દેવો પાદસ્થાને રહેલા જાણવા. ૧૨૪.

**पादयोरपि तस्यैव सप्त सप्त दलस्थिताः ॥**
**दौवारिकोऽथ सुग्रीवः पुष्पदंतो जलाधिपः ॥१२५॥**
**असुरशेषयमाश्च रोगो जानूतले स्थिताः ॥**
**नागो मुख्यश्च भल्लाटः सोमोऽद्रिरस्य बाहुगाः ॥१२६॥**

તે વાસ્તુપુરૂષના બે પગોના દલોમાં પણ સાત સાત દેવતાઓ રહેલા છે. દૌવારિક, સુગ્રીવ, પુષ્પદંત, જલાધિપ, અસુર, શેષ અને યમ; આ સાત ડાબા પગના દળોમાં જાણવા. રોગદેવતા જાંઘ તળે રહેલો છે. નાગ, મુખ્ય, ભલ્લાટ, સોમ અને અદ્રિ ( શૈલ ); આ દેવો વાસ્તુપુરૂષના ડાબા હાથ ઉપર રહેલા જાણવા. ૧૨૫, ૧૨૬.

**अदितिः संधिदेशे च वामे भागे दितिः स्थिता ॥**
**द्वात्रिंशद् बाह्यगा देवा नाभिपृष्ठे स्थितो विधिः ॥१२७॥**
**अर्यमा दक्षिणे वामे स्थाने तु पृथिवीधरः ॥**
**रविर्विवस्वान्मित्रश्च दक्षवामोरुगावुभौ ॥१२८॥**

સંધિદેશમાં અદિતિ, ડાબી બાજુએ દિતિ, આ બત્રીસ દેવો બહારના ભાગમાં રહેલા જાણવા. નાભિપૃષ્ઠમાં બ્રહ્મા, દક્ષિણ બાજુએ અર્યમા, ડાબી બાજુએ પૃથ્વીધર રહેલા છે. જમણી જાંઘ ઉપર વિવસ્વાન્ અને ડાબી જાંઘ ઉપર મિત્ર દેવતા રહેલા છે. ૧૨૭, ૧૨૮.

**आपस्तु मलवो वास्तु आपवत्सो हृदि स्थितः ॥**
**सावित्री सविता तद्वत् करदक्षिणमाश्रिता ॥१२९॥**
**इन्द्र ऐन्द्रश्च मेढ्रे स्याद् रुद्रो वै वामहस्तके ॥**
**अंतकोऽपि तथा तत्राऽतिवैलक्ष्यमिदं वपुः ॥१३०॥**

હૃદય દેશમાં જલદેવતા અને આપવત્સ રહેલા છે. તથા જમણા હાથ ઉપર સાવિત્રી અને સવિતા દેવતા રહેલા છે. ઇન્દ્ર અને જયંત એ મેઢ્ર ( લિંગ ) ઉપર રહેલા છે. તથા ડાબા હાથ ઉપર રૂદ્રદેવતા રહેલા છે તેમજ 'અંતક (યમ) પણ ડાબા હાથ ઉપર રહેલા છે. આ પ્રમાણે આ વાસ્તુપુરૂષનું શરીર અતિવિલક્ષણ છે. ૧૨૯, ૧૩૦.



"Aho Shrutgyanam"

ईशाने चरकी बाह्ये चिपिच्छा तु च पूर्वतः ॥
विदारिकाग्निकोणे च जिह्वायां च दिगाश्रिताः ॥१३१॥
नैऋत्ये पूतना स्कंदः पश्चिमे वायुकोणके ॥
पापराक्षसिका सौम्य चैवं सर्वान् प्रकल्पयेत् ॥१३२॥

ઇશાનકોણમાં બહારની બાજુએ ચરકી દેવતા, પૂર્વ દિશાએ ચિપિચ્છા, અગ્નિકોણમાં વિદારિકા અને જિહ્વામાં દિગ્પાલ દેવતાઓ રહેલા છે. નૈઋત્યકોણમાં પૂતના, પશ્ચિમમાં સ્કંદ અને વાયુકોણમાં પાપરાક્ષસી રહેલી છે. હે સૌમ્ય, આ પ્રમાણે સર્વ દેવતાઓની કલ્પના વાસ્તુપુરૂષના અંગમાં કરવી. ૧૩૧, ૧૩૨.

ઉપજાતિ.

यः पूजयेद् वास्तुमनन्यभक्त्या न तस्य दुःखं भवतीह किश्चित् ॥
जीवत्यसौ वर्षशतं सुखेन स्वर्गे नरस्तिष्ठति कल्पमेकम् ॥१३३॥

જે પુરૂષ અનન્ય ભક્તિ વડે વાસ્તુદેવને પૂજે છે તેને આ લોકમાં કોઇ પણ પ્રકારનું દુઃખ થતું નથી. એટલું જ નહિ પણ તે સો ૧૦૦ વર્ષ પર્યંત સુખશાંતિપૂર્વક જીવે છે અને મૃત્યુ પછી એક કલ્પ સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે. ૧૩૦.

## अथ वास्तुपूजनम् ।

## વાસ્તુપૂજન વિધિ.

પ્રાસાદ અથવા ઘરની ઉત્તર દિશાએ અગર ઇશાન કોણે શુદ્ધ મૃત્તિકાની બે ગજ સમચોરસ વેદી કરવી. ( વેદી ન બની શકે તો મોટો બાજોઠ કામમાં લેવો ). પછી વેદિકા અથવા બાજોઠ ઉપર બે ગજ સમચોરસ રેશમી શ્વેત વસ્ત્ર પાથરવું. તેમાં ચોખાનો સ્વસ્તિક (સાથીયો) પૂરવો–કરવો. શ્વેત વસ્ત્ર ઉપર પીત વસ્ત્ર પાથરવું અને તેના ઉપર ચોખાથી અષ્ટદલ કમળ કરવું. પીત વસ્ત્ર ઉપર રક્ત વસ્ત્ર પાથરવું અને તેના ઉપર સુવર્ણ અથવા પરવાળાંની વાસ્તુની રેખાઓ આલેખવી. પરંતુ જો શક્તિ ન હોય તો અક્ષત અથવા જવનો લોટ પાથરી સોનાની શલાકા વડે અથવા પરવાળાં વડે વાસ્તુની રેખાઓ ખેંચવી. ત્યાર પછી બ્રહ્માના સ્થાને જલપૂર્ણ કલશ સ્થાપવો.

### ૧ કલશમાં જલ ભરતાં નીચેનો મંત્ર બોલવો.

गंगे च यमुने चैव गोदावरि सरस्वति ॥
नर्मदे सिन्धो कावेरि जलेऽस्मिन्सन्निधिं कुरु ॥१॥

"Aho Shrutgyanam"

## કલશના દેવતા.

कलशस्य मुखे विष्णुः कण्ठे रुद्रः समाश्रितः ॥
मूले तस्य स्थितो ब्रह्मा मध्ये मातृगणाः स्मृताः ॥२॥
कुक्षौ तु सागराः सर्वे सप्तद्वीपा वसुंधरा ॥
ऋग्वेदोऽथ यजुर्वेदः सामवेदो ह्यथर्वणः ॥३॥

પંચરત્ન તથા સોનામહોર કે રૂપામહોર કલશમાં મૂકી ત્યાર પછી કલશના મુખે પાંચ પાન મૂકી ઉપર શ્રીફળ મૂકવું અને નીચેના મંત્ર વડે વચ્ચે નવ પદના સ્થાને કલશનું સ્થાપન કરવું.

ॐ श्रीसिद्ध्यै नमः। ॐ ब्रह्मणे नमः। ॐ ब्रह्मासने स्थिरो भव ॥

## નમસ્કાર.

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ॥
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥४॥

ॐ नमो श्रीवास्तुदेवाय। ॐ श्रीविश्वकर्मणे नमः।

નીચેના મંત્ર વડે પૂજાનાં દ્રવ્યોને તથા પોતાને પ્રોક્ષણ કરી પવિત્ર કરવા.

अपवित्रः पवित्रो वा सर्वावस्थांगतोऽपि वा ॥
यः स्मरेत्पुण्डरीकाक्षं स बाह्याभ्यन्तरः शुचिः ॥५॥

### (૨) પૂર્વાદિ ચાર દિશાના અર્યમાદિ ચાર દેવોનું નીચેના મંત્રો વડે આવાહન કરવું.

१ ॐ क्लीं सिद्ध्यै नमः। ॐ अर्यमणे नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरो भव।
२ ॐ क्लीं सिद्ध्यै नमः। ॐ विवस्वते नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरो भव।
३ ॐ क्लीं सिद्ध्यै नमः। ॐ मित्राय नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरो भव।
४ ॐ क्लीं सिद्ध्यै नमः। ॐपृथ्वीधरायनमः। आगच्छ२, अत्र स्थाने स्थिरो भव।

### (૩) ઇશાનકોણથી અંદરના અષ્ટકોણના આપવત્સાદિ આઠ દેવોનું આવાહન.

१ ॐऋद्ध्यैनमः। ॐ आपापवत्साभ्यांनमः। आगच्छतम्२, अत्रस्थाने स्थिरौ भवतम्।
२ ॐ ऋद्ध्यैनमः। ॐसावित्रिसवितृभ्यांनमः। आगच्छतम्२, अत्रस्थाने स्थिरौ भवतम्।
३ ॐऋद्ध्यैनमः। ॐ इन्द्रजयाभ्यां नमः। आगच्छतम्२, अत्रस्थाने स्थिरौ भवतम्।
४ ॐ ऋद्ध्यैनमः। ॐ रुद्रदासाभ्यां नमः। आगच्छतम्२, अत्रस्थाने स्थिरौ भवतम्।

"Aho Shrutgyanam"

## (૪) ઇશાનકોણથી પૂર્વના ઇશાદિ આઠ દેવોનું આવાહન.

१ ॐ ह्रीं श्रीं ईशाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२ ॐ ह्रीं श्रीं पर्जन्याय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
३ ॐ ह्रीं श्रीं जयाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
४ ॐ ह्रीं श्रीं इन्द्राय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
५ ॐ ऱ्हीं श्रीं सूर्याय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
६ ॐ ऱ्हीं श्रीं सत्याय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
७ ॐ ऱ्हीं श्रीं भृशाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
८ ॐ ऱ्हीं श्रीं आकाशाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।

## (૫) અગ્નિકોણથી દક્ષિણના અગ્નિ આદિ આઠ દેવોનું આવાહન.

९ ॐ क्रीं अग्नये नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
१० ॐ क्रीं पूष्णे नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
११ ॐ क्रीं विरोचनाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
१२ ॐ क्रीं गृहक्षताय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
१३ ॐ क्रीं यमाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
१४ ॐ क्रीं गंधर्वाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
१५ ॐ क्रीं भृंगाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
१६ ॐ क्रीं मृगाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।

## (૬) નૈઋત્યકોણથી પશ્ચિમના પિતૃઆદિ આઠ દેવોનું આવાહન.

१७ ॐ क्रीं श्रीं पितृभ्यो नमः। आगच्छत२, अस्मिन् स्थाने स्थिरा भवत।
१८ ॐ क्रीं श्रीं दौवारिकाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
१९ ॐ क्रीं श्रीं सुग्रीवाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२० ॐ क्रीं श्रीं पुष्पदन्ताय नम। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२१ ॐ क्रीं श्रीं वरुणाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२२ ॐ क्रीं श्रीं असुराय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२३ ॐ क्रीं श्रीं शेषाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२४ ॐ क्रीं श्रीं पापाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।

## (૭) વાયવ્યકોણથી ઉત્તર દિશાના રોગાદિ આઠ દેવોનું આવાહન.

२५ ॐ क्रीं श्रीं रोगाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२६ ॐ क्रीं श्रीं नागाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२७ ॐ क्रीं श्रीं मुख्याय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।

"Aho Shrutgyanam"

२८ ॐ क्लीं श्रीं भल्लाटाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
२९ ॐ क्लीं श्रीं सोमाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
३० ॐ क्लीं श्रीं शैलाय नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरो भव।
३१ ॐ क्लीं श्रीं अदित्यै नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरा भव।
३२ ॐ क्लीं श्रीं दित्यै नमः। आगच्छ२, अस्मिन् स्थाने स्थिरा भव।

## (૮) મંડળની બહારના પૂર્વાદિથી ચિપિચ્છાદિ આઠ દેવોનું આવાહન.

१ ॐ चिपिच्छायै नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरा भव।
२ ॐ विदार्यै नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरा भव।
३ ॐ जंभायै नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरा भव।
४ ॐ पूतनायै नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरा भव।
५ ॐ स्कंदाय नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरा भव।
६ ॐ पापराक्षस्यै नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरा भव।
७ ॐ यमाय नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरो भव।
८ ॐ चरकयै नमः। आगच्छ२, अत्र स्थाने स्थिरा भव।

આ પ્રમાણે વાસ્તુદેવતાઓનું મંત્રપૂર્વક આવાહન કરી ગંધપુષ્પાદિ તેમજ નૈવેદ્ય વિગેરેથી પૂજા આરંભવી.

## અથ હાથજોડ.

श्रीमन्महागणाधिपतये नमः। इष्टदेवताभ्यो नमः। कुलदेवताभ्यो नमः। स्थानदेवताभ्यो नमः। वास्तुदेवताभ्यो नमः। सर्वेभ्यो देवेभ्यो नमः। एतत्कर्मप्रधानदेवताभ्यो नमो नमः।

सुमुखश्चैकदन्तश्च कपिलो गजकर्णकः ॥
लंबोदरश्च विकटो विघ्ननाशो गणाधिपः ॥ ६ ॥
धूम्रकेतुर्गणाध्यक्षो भालचंद्रो गजाननः ॥
द्वादशैतानि नामानि यः पठेच्छृणुयादपि ॥ ७ ॥
विद्यारंभे विवाहे च प्रवेशे निर्गमे तथा ॥
संग्रामे संकटे चैव विघ्नस्तस्य न जायते ॥ ८ ॥
शुक्लाम्बरधरं देवं शशिवर्णं चतुर्भुजम् ॥
प्रसन्नवदनं ध्यायेत्सर्वविघ्नोपशान्तये ॥ ९ ॥
सर्वमङ्गलमाङ्गल्ये शिवे सर्वार्थसाधिके ॥
शरण्ये त्र्यम्बके गौरि नारायणि नमोऽस्तु ते ॥१०॥

"Aho Shrutgyanam"

सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममङ्गलम् ॥
येषां हृदिस्थो भगवान् मंगलायतनं हरिः ॥११॥
तदेव लग्नं सुदिनं तदेव ताराबलं चन्द्रबलं तदेव ॥
विद्याबलं दैवबलं तदेव लक्ष्मीपते तेऽन्घ्रियुगं स्मरामि ॥१२॥

## अथ संकल्पः ।

श्रीमद्भगवतो महापुरुषस्य विष्णोराज्ञया प्रवर्तमानस्याद्य ब्रह्मणो द्वितीये परार्द्धे विष्णुपदे श्रीश्वेतवाराहकल्पे वैवस्वतमन्वन्तरे कलियुगे प्रथमचरणे भरतवर्षे भरतखण्डे आर्यावर्त्तदेशे जम्बूद्वीपे अमुकनामसंवत्सरे अमुकमासे, अ० पक्षे, अमुकतिथौ, अमुकवासरे, अमुकनक्षत्रे मम सपुत्रस्य सभार्यस्य सहपरिवारस्य सर्वानिष्टप्रशान्तिपूर्वकं आयुरारोग्यवृद्धये गृहाधिष्ठितवास्तुपुरुषप्रीतये ब्रह्मादीनां वास्त्वङ्गदेवतानां प्रीत्यर्थं अमुककार्यनिमित्तं श्रीवास्तुदेवतापूजनमहं करिष्ये ।

ત્યાર પછી સુવર્ણની વાસ્તુની મૂર્તિને સ્નાન અર્ચનાદિ કરાવી સર્વ દેવતાની પૂજા આરંભવી.

## પંચામૃત સ્નાન.

पञ्चामृतैः स्नापयिष्ये कामधेनोः समुद्भवैः ॥
पयो ददामि स्नानार्थं देवेश प्रतिगृह्यताम् ॥१३॥

## શુદ્ધોદક સ્નાન.

गंगासरस्वतीरेवापयोष्णीनर्मदाजलैः ॥
स्नापितोऽसि मया देव तथा शांतिं कुरुष्व मे ॥१४॥

સ્નાન કરાવી નીચેના મંત્ર વડે મૂર્તિને કલશ પાસે પધરાવવી.

नानारत्नसमायुक्तं कांचनं रत्नभूषितम् ॥
आसनं देवदेवेश प्रीत्यर्थं प्रतिगृह्यताम् ॥१५॥

## નમસ્કાર.

नमस्ते देवदेवेश नमस्ते सुरपूजित ॥
नमस्ते जगदाधार नमस्ते वास्तुदेवते ॥१६॥

"Aho Shrutgyanam"

યજ્ઞોપવીત અર્પણ.

ब्रह्मादिदेवैः सर्वैश्च निर्मितं ब्रह्मसूत्रकम् ॥
यज्ञोपवीतदानेन प्रीयतां कमलापतिः ॥१७॥

વસ્ત્ર અર્પણ.

जीवनं सर्वलोकानां लज्जाया रक्षणं परम् ॥
सुवेषधारि वस्त्रं हि कलशे वेष्टयाम्यहम् ॥१८॥

અર્ચન પૂજન.

श्रीखंडचंदनं दिव्यं गंधाढ्यं सुमनोहरम् ॥
विलेपनं सुरश्रेष्ठ चंदनं प्रतिगृह्यताम् ॥१९॥
अगरुभिश्च कुंकुमैरर्चयेत्सर्वदेवताः ॥
कर्पूरस्वर्णसिन्दूरं ब्रह्मादिदेवमर्चयेत् ॥२०॥

પુષ્પ અર્પણ.

मल्लिकादिसुगंधीनि मालत्यादीनि वै प्रभो ॥
मयाहृतानि पूजार्थं पुष्पाणि प्रतिगृह्यताम् ॥२१॥

ધૂપ અર્પણ.

वनस्पतिरसोद्भूतो गंधाढ्यो गंध उत्तमः ॥
आघ्रेयः सर्वदेवानां धूपोऽयं प्रतिगृह्यताम् ॥२२॥

ઘૃતદીપ અર્પણ.

साज्यं च वर्तिसंयुक्तं वह्निना योजितं मया ॥
दीपं गृहाण देवेश त्रैलोक्यतिमिरापहम् ॥२३॥

નૈવેદ્ય.

पूगीफलश्च नारंगी जंभीरकरणस्तथा ॥
नारिकेलहिरण्यश्च ब्रह्मस्थाने प्रपूजयेत् ॥२४॥
शर्कराखण्डखाद्यानि दधिक्षीरघृतानि च ॥
आहारं भक्ष्यभोज्यं च नैवेद्यं प्रतिगृह्यताम् ॥२५॥

"Aho Shrutgyanam"

ભૈરવાદિ આઠ દિશાના દેવતાઓને બલિદાન.

नैवेद्यं पयःशर्कराखण्डगुडतिलैर्युतम् ॥
रक्षोभैरवक्षेत्रपालेभ्यो दद्याद् बलिं दिशि ॥२६॥

આચમન.

सर्वपापहरं दिव्यं गांगेयं निर्मलं जलम् ॥
आचमनं मया दत्तं गृह्यतां वास्तुदेवते ॥२७॥

તામ્બૂલ અર્પણ.

लवंगकर्पूरयुतं तांबूलं सुरपूजितम् ॥
प्रीत्या गृहाण देवेश मम सौख्यं विवर्द्धय ॥२८॥

આરતિ નિરાંજન.

चक्षुर्द सर्वलोकानां तिमिरस्य निवारणम् ॥
आर्तिक्यं कल्पितं भक्त्या गृहाण सुरसत्तम ॥२९॥

પ્રદક્ષિણા.

यानि कानि च पापानि जन्मांतरकृतानि च ॥
तानि तानि विनश्यंति प्रदक्षिणपदे पदे ॥३०॥

નમસ્કાર.

अपराधसहस्राणि क्रियंतेऽहर्निशं मया ॥
दासोऽयमिति मां मत्वा क्षमस्व परमेश्वर ॥३१॥
नमस्ते वास्तुपुरुष भूशय्यानिरत प्रभो ॥
मद्गृहे धनधान्यादिसमृद्धिं कुरु सर्वदा ॥३२॥

मंत्रध्यानम् ।

'ॐ ह्रीं श्रीं कुरुर स्वाहा ।' આ મંત્રનો ૨૧ વાર જાપ કરવો. તથા 'ॐ वास्तुदेवाय नमः ।' મંત્ર વડે વાસ્તુદેવને નમસ્કાર કરી નીચેના મંત્રો વડે દિગ્પાલ તથા ભૈરવને નમસ્કાર કરવા.

"Aho Shrutgyanam"

१ ॐ पूर्वे हेतकभैरवाय नमः । २ ॐ आग्नेये त्रिपुरांतकभैरवाय नमः ।
३ ॐ दक्षिणे आदिवैतालभैरवाय नमः । ४ ॐ नैऋत्ये अग्निजिह्वकभैरवाय नमः ।
५ ॐ पश्चिमे कालभैरवाय नमः । ६ ॐ वायव्ये करालभैरवाय नमः ।
७ ॐ उत्तरे एकपादभैरवाय नमः । ८ ॐ ईशाने कालमुखभैरवाय नमः ।
९ ॐ ऊर्ध्वे स्वच्छंदभैरवाय नमः । १० ॐ पाताले गंधमालिकभैरवाय नमः ।

## દિક્પાલ નમસ્કાર.

१ ॐ पूर्वे इन्द्राय नमः । २ ॐ आग्नेये अग्नये नमः ।
३ ॐ दक्षिणे यमाय नमः । ४ ॐ नैऋत्ये नैऋत्याय नमः ।
५ ॐ पश्चिमे वरुणाय नमः । ६ ॐ वायव्ये वायुदेवाय नमः ।
७ ॐ उत्तरे कुबेराय नमः । ८ ॐ ईशाने ईशानाय नमः ।
९ ॐ आकाशे ब्रह्मणे नमः । १० ॐ पाताले विष्णवे नमः ।

## અર્ઘ્ય પુષ્પાંજલિ.

आवाहनं न जानामि न जानामि तवाऽर्चनम् ॥
पूजां चैव न जानामि क्षमस्व परमेश्वर ॥३२॥
मंत्रहीनं क्रियाहीनं भक्तिश्रद्धाविवर्जितम् ॥
यत्पूजितं मया देव परिपूर्णं तदस्तु मे ॥३३॥

ત્યારપછી જે મુહૂર્ત કરવાનું હોય તે કરી નીચેના મંત્રથી વાસ્તુદેવતાનું વિસર્જન કરવું.

गच्छ गच्छ सुरश्रेष्ठ स्वस्थाने परमेश्वर ॥
यत्र ब्रह्मादयो देवा गच्छ त्वं वास्तुदेवते ॥३४॥
यांतु देवगणाः सर्वे पूजामादाय मामकीम् ॥
इष्टकामसमृद्ध्यर्थं पुनरागमनाय च ॥३५॥

ઇતિ વાસ્તુ પૂજન સમાપ્ત. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## अथ दिग्पालपूजनविधिः ।

दिक्पालः क्षेत्रपालश्च गणेशश्चण्डिका तथा ॥
एतेषां विधिवत्पूजां कृत्वा कर्म समारभेत् ॥३६॥



"Aho Shrutgyanam"

દિક્પાલ, ક્ષેત્રપાલ, ગણેશ અને ચંડિકા વિગેરેની વિધિવત્ પૂજા કરી ગૃહારંભ પ્રતિષ્ઠાદિ કાર્ય કરવાં. ૩૬.

### પૂર્વ દિશામાં

१ ॐ आँ ईं क्लीं इन्द्राय नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ इन्द्रस्तु महसा दीप्तः सर्वदेवाधिपो महान् ॥**
**वज्रहस्तो गजारूढस्तस्मै नित्यं नमोनमः ॥३७॥**

अष्टगजारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

### અગ્નિકોણમાં

२ ॐ ह्रीं ह्रौं ह्राँ वह्निमूर्त्तये नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ अग्निस्तु महसा दीप्तः सर्वतेजाऽधिपो महान् ॥**
**मेषारूढः स्रुचिहस्तस्तस्मै नित्यं नमोनमः ॥३८॥**

अष्टमेषारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

### દક્ષિણ દિશામાં

२ ॐ क्रौं क्रौं क्रूँ कालमूर्त्तये नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ यमस्तु महिषारूढः सर्वप्रेताधिपो महान् ॥**
**दण्डहस्तो महादीप्तस्तस्मै नित्यं नमोनमः ॥३९॥**

अष्टमहिषारूढक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

### નૈઋત્યકોણમાં

४ ॐ ऐं क्षाँ क्षीं क्षेत्रपालक्षेत्राधिपमृत्यवे नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ नैर्ऋतिस्तु महादीप्तः सर्वक्षेत्राधिपो महान् ॥**
**खड्गहस्तः शुनारूढस्तस्मै नित्यं नमोनमः ॥४०॥**

अष्टदिग्गजारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

### પશ્ચિમ દિશામાં

५ ॐ श्राँ श्रीं श्रुं वं विं वरुणाय नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ वरुणस्तु महादीप्तः सर्वस्वर्णाधिपो महान् ॥**
**नक्रारूढः पाशहस्तस्तस्मै नित्यं नमोनमः ॥४१॥**

अष्टदिग्गजारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

"Aho Shrutgyanam"

### વાયુકોણમાં

६ ॐ ऐं विश्वाधिनाथाय नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ वायुस्तु महसा दीप्तः सर्वश्रेष्ठाधिपो महान् ॥**
**ध्वजहस्तो मृगारूढस्तस्मै नित्यं नमोनमः ॥४२॥**

अष्टदिग्गजारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

### ઉત્તર દિશામાં

७ ॐ ह्रीं श्रीं कुबेराय नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ कुबेरो महसा दीप्तः सर्वयक्षाधिपो महान् ॥**
**निधिहस्तो गजारूढस्तस्मै नित्यं नमोनमः ॥४३॥**

अष्टदिग्गजारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

### ઈશાન કોણમાં

८ ॐ क्लीं क्लीं क्लूँ विश्वंभराय नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ रुद्रस्तु महसा दीप्तः सर्वदेवाधिपो महान् ॥**
**शूलहस्तो वृषारूढस्तस्मै नित्यं नमोनमः ॥४४॥**

अष्टदिग्गजारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

### આકાશે

९ ॐ ब्राँ ब्रीं ब्रूँ ब्रह्मणे नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ ब्रह्मा तु महसा दीप्तः सर्वसृष्ट्यधिपो महान् ॥**
**श्रुचहस्तो हंसारूढस्तस्मै नित्यं नमोनमः ॥४५॥**

अष्टदिग्गजारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

### પાતાલે

१० ॐ श्राँ श्रीं श्रीपतये नमः । स्थिरासने स्थिरो भव ।

**ॐ विष्णुस्तु महसा दीप्तः सर्वयोगाधिपो महान् ॥**
**तार्क्ष्यारूढो गदाहस्तस्तस्मै नित्यं नमोनमः ॥४६॥**

अष्टदिग्गजारुहक्षेत्रपालैः प्रयुक्तो बलिं गृह्ण २ स्वाहा ।

इति दिक्पालपूजनविधिः समाप्तः । शुभं भूयात् ॥

इतिश्री वास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते
शिल्परत्नाकरे प्रतिष्ठाविधिलक्षणाधिकारे गुर्जरभाषायां
त्रयोदशं रत्नं समाप्तम् ।

"Aho Shrutgyanam"

## પૂજા સામગ્રી.

શ્રીફળ નંગ ૨, રેશમી વસ્ત્ર નંગ ૩, તે બે બે ગજ સમચોરસ, શ્વેત, પીત અને રક્ત વર્ણનાં. ચોખા શેર ૨ા, સુવર્ણની મૂર્તિ સવા પાંચ વાલ, પંચરત્ન ( અથવા પંચરત્નની પોટલી નંગ ૨ ) તથા વાસ્તુની મહાદક્ષિણા રૂ. પા ) સવા પાંચ, તાંબાનો કળશ નંગ ૧ તથા ધોતી જોટો નંગ ૧.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પૈસા | નંગ | ૧૦૦ | એલાયચી | નંગ | ૧૦૦ |
| સોપારી | ,, | ૧૦૦ | લવીંગ | ,, | ૧૦૦ |
| બદામ | ,, | ૧૦૦ | પાન | ,, | ૧૦૦ |
| ખારેક | ,, | ૧૦૦ | કમળ કાકડી | ,, | ૧૦૦ |
| દ્રાક્ષ | ,, | ૧૦૦ | જાવિંત્રી | | ૦ા તોલો |

કેળાં, દાડમ, જામફળ, નારંગી, મોસંબી, કેરી વિગેરે પાંચપાંચ અને બીજોરૂં નંગ ૧, ફળફળાદિ, પુષ્પ, સિંદૂર, કપૂર, અગર, ચંદન, કેશર, અબીલ, ગુલાલ, ધૂપ, દીપ, કંકુ, નાડાછડી. નૈવેદ્યમાં પેંડા, બરફી, લાડુ અને સાકર સવા શેર લેવી. પંચામૃતમાં દૂધ, દહીં, ઘૃત, સાકર અને મધ.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત નર્મદાશંકર મુલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું પ્રતિષ્ઠાવિધિ લક્ષણાધિકાર નામનું તેરમું રત્ન સંપૂર્ણ.**

"Aho Shrutgyanam"

# चतुर्दशं रत्नम् ।

## अथ ज्योतिर्मुहूर्तलक्षणाधिकारः ।

### ત્યાજ્ય પ્રકરણ.

**तिथिनक्षत्रवाराणां दुष्टयोगान्परस्परम् ॥**
**व्यतीपातादिदुर्योगान् विष्टिदर्शार्कसंक्रमान् ॥ १ ॥**
**जन्मर्क्षतिथिमासांश्च तिथ्यर्द्धित्ववमं दिनम् ॥**
**पापैर्मुक्तं युतं भोग्यं विद्धं लत्तितमृक्षकम् ॥ २ ॥**
**उत्पातग्रहभिन्नश्च खग्रासे ग्रहणार्थकम् ॥**
**षण्मासावधि मासेषु त्रिषु ग्रासेऽर्द्धके सति ॥ ३ ॥**
**मासमेकं तु तुर्यांशे ग्रस्ते चन्द्रे च भास्करे ॥**
**त्र्यहं प्राग्ग्रहणात्सप्तदिनानि ग्रहणोत्तरम् ॥ ४ ॥**
**ग्रस्तास्ते तु त्र्यहं पूर्वं त्र्यहं ग्रस्तोदये परम् ॥**
**पूर्णे ग्रासे त्विदं ज्ञेयं खंडग्रासेऽनुपाततः ॥ ५ ॥**

તિથિ, વાર અને નક્ષત્રોથી ઉત્પન્ન થએલા દુષ્ટ યોગ તથા વ્યતીપાતાદિ દુર્યોગ, ભદ્રા, અમાવાસ્યા, સૂર્ય સંક્રાન્તિ, જન્મ નક્ષત્ર, જન્મ તિથિ, જન્મ માસ, તિથિવૃદ્ધિ, તિથિક્ષય, પાપગ્રહોએ ભોગવેલાં નક્ષત્ર તેમજ પાપગ્રહોથી યુક્ત નક્ષત્ર, પાપગ્રહો ભોગ્ય નક્ષત્ર અર્થાત્ પાપગ્રહ જે નક્ષત્ર પર જનાર હોય, પાપગ્રહોથી વીંધાએલાં નક્ષત્ર, પાપગ્રહોની લત્તાયુક્ત નક્ષત્ર, ઉત્પાતનું નક્ષત્ર અને ગ્રહોથી ભેદાયેલાં નક્ષત્ર તજવાં.

ખગ્રાસ ગ્રહણનું નક્ષત્ર છ મહિના સુધી તથા અર્ધગ્રાસ હોય તો ત્રણ મહિના સુધી અને ચંદ્રમા તથા સૂર્યનું ચોથા ભાગે ગ્રહણ હોય તો એક મહિના સુધી તજવું તેમજ ગ્રહણના પહેલા ત્રણ દિવસ અને ગ્રહણના પાછલા સાત દિવસ તજવા. ગ્રહણના ગ્રસ્તાસ્તમાં પહેલા ત્રણ દિવસ અને ગ્રસ્તોદયમાં પાછલા ત્રણ દિવસ તથા પૂર્ણ ગ્રાસમાં પહેલા અને પાછલા ત્રણ ત્રણ દિવસ ( તેમજ આ ત્રણ દિવસના હિસાબે ત્રિરાશિ કરી ખંડગ્રાસમાં પણ પહેલા અને પાછલા દિવસ ) તજવા. ૧, ૨, ૩, ૪, ૫.

"Aho Shrutgyanam"

दिनमेकं तु मासान्ते नक्षत्रान्ते घटीद्वयम् ॥
घटीमेकां तु तिथ्यन्ते लग्नांते घटिकार्द्धकम् ॥ ६ ॥
विषाख्या नाडिका भानां पातमेकार्गलं तथा ॥
दग्धाहं क्रांतिसाम्यश्च लग्नेशं रिपुमृत्युगम् ॥ ७ ॥
दिनार्द्धे च रजन्यर्द्धे सन्धौ च पलविंशतिम् ॥
मलमासं कवीज्यास्तं बालवार्द्धक्यमेव च ॥ ८ ॥
जन्मेशास्तं मनोभंगं सूतकं मातुरार्त्तवम् ॥
रोगोत्पाताद्यरिष्टानि शुभेष्वेतानि संत्यजेत् ॥ ९ ॥

માસના અંતનો ૧ દિવસ, નક્ષત્રાન્તમાં ૨ ઘડી, તિથ્યન્તમાં ૧ ઘડી, લગ્નાંતમાં અર્ધ ઘડી અને નક્ષત્રોની વિષ નામની નાડી; એ સર્વ તજવાં. પાતદોષ, એકાર્ગલ (દગ્ધ દિવસ, ક્રાંતિ સમય અને લગ્નનો સ્વામી શત્રુ તથા મૃત્યુ સ્થાનમાં હોય), મધ્યાન્હ તથા અર્ધ રાત્રિ, બન્ને સંધ્યાની સંધિમાં વીસવીસ પલ,અધિક માસ, શુક્ર અને બૃહસ્પતિનો અસ્ત તથા શુક્ર અને બૃહસ્પતિનાં બાલ્યત્વ અને વૃદ્ધત્વ; એ સર્વ તજવાં. તથા જન્મેશનો અસ્ત, મનનો ભંગ, સૂતક, માતાને ઋતુ પ્રાપ્ત થવી, રોગ અને ઉત્પાતાદિ અરિષ્ટ; એ સર્વ શુભકાર્યોમાં તજી દેવાં. ૬, ૭, ૮, ૯.

## સિંહસ્થ ગુરૂ તજવા વિષે.

शोको विवाहे मरणं व्रते स्यात्क्षौरे दरिद्रं विफला च यात्रा ॥
मौर्ख्यश्च दीक्ष्ये विघ्नं प्रतिष्ठिते सिंहस्थिते सर्वविवर्जनीयम् ॥१०॥

સિંહસ્થ ગુરૂ હોય તો વિવાહમાં શોક, વ્રતમાં મૃત્યુ, ચૌલમાં દરિદ્રતા તથા યાત્રામાં નિષ્ફળતા, દીક્ષામાં મૂઢતા અને પ્રતિષ્ઠામાં વિઘ્ન વિગેરે ફળો પ્રાપ્ત થાય માટે સિંહ રાશિનો ગુરૂ હોય ત્યારે સર્વ પ્રકારનાં શુભ કાર્ય કરવાં નહિ. ૧૦.

## ક્રૂર ગ્રહે ભોગવેલું નક્ષત્ર શુભ કામમાં લેવા વિષે.

भुक्तं भोज्यश्च न त्याज्यं सर्वकर्मसु सिद्धिदम् ॥
यत्नात् त्याज्यं तु सत्कार्ये नक्षत्रं राहुसंयुतम् ॥११॥

ક્રૂર ગ્રહે ભોગવેલું, ભોગવાતું કે ભોગ્ય નક્ષત્ર સર્વ કર્મમાં સિદ્ધિ દાતા હોવાથી ત્યાજ્ય નથી;પરંતુ શુભ કાર્યમાં તો રાહુથી યુક્ત થયેલું નક્ષત્ર યત્નપૂર્વક તજવું. ૧૧.

"Aho Shrutgyanam"

## રાહુથી હણાયેલ નક્ષત્ર શુભ ક્યારે થાય.

**धिष्ण्यं कामाय पर्याप्तं चन्द्रभोगाद् ग्रहाहतम् ॥**
**शुद्धं षड्भिर्भवेन्मासैरुपरागपराहतम् ॥१२॥**

ગ્રહથી હણાએલ નક્ષત્ર દોષમુક્ત થઇ ચંદ્રના ભોગમાં આવ્યા પછી શુભ કાર્યને માટે યોગ્ય થાય છે અને ગ્રહણથી હણાએલ નક્ષત્ર છ માસે શુદ્ધ થાય છે.

લલ્લ કહે છે કે દૂષિત નક્ષત્ર સૂર્યના ભોગમાં તથા ચંદ્રના ભોગમાં શાંત થતાં શુભ કાર્યમાં ગ્રહણ કરાય છે. વળી કેટલાક આચાર્યો કહે છે કે ગ્રહણનું નક્ષત્ર સૂર્યના ભોગમાં આવ્યા પછી શુદ્ધ થાય છે. સપ્તર્ષિઓ કહે છે કે એક માસમાં બે ગ્રહણ થાય તો બીજું ગ્રહણ થતાં પહેલા ગ્રહણથી દૂષિત નક્ષત્ર શુદ્ધ થાય છે અને બીજા ગ્રહણનું નક્ષત્ર છ માસે શુદ્ધ થાય છે. ૧૨.

## ગૃહારંભમાં શુભાશુભ માસ.

**चैत्रे शोककरं विद्याद् वैशाखे च धनागमम् ॥**
**ज्येष्ठे ग्रहाः विपीडन्ते आषाढे पशुनाशनम् ॥१३॥**
**श्रावणे धनवृद्धिः स्यात् शून्यं भाद्रपदे भवेत् ॥**
**कलहं चाश्विने मासे भृत्यनाशश्च कार्त्तिके ॥१४॥**
**मार्गशीर्षे धनप्राप्तिः पौषे च कामसंपदः ॥**
**माघे चाग्निभयं कुर्यात् फाल्गुने श्रियमुत्तमाम् ॥१५॥**

ચૈત્ર માસમાં ( ઘર કે પ્રાસાદનો ) આરંભ અર્થાત્ ખાત કરવામાં આવે તો શોક ઉપજે, વૈશાખ માસમાં કરે તો ધનની પ્રાપ્તિ થાય, જ્યેષ્ઠ માસમાં કરે તો કરાવનારને ગ્રહો પીડા કરે, આષાઢ માસમાં કરે તો પશુનો નાશ કરે, શ્રાવણ માસમાં કરે તો ધનની વૃદ્ધિ થાય, ભાદરવા માસમાં કરે તો શૂન્ય રહે, આસો માસમાં કરે તો ક્લેશ થાય, કાર્તિક માસમાં કરે તો ઘરધણીના નોકરોનો નાશ થાય, માર્ગશીર્ષ માસમાં કરે તો ધનની પ્રાપ્તિ થાય, પોષ માસમાં કરે તો સર્વ કામનાઓ અને સંપત્તિને આપે, માઘ માસમાં કરે તો અગ્નિનો ભય થાય અને ફાગણ માસમાં કરે તો ઉત્તમ લક્ષ્મીને આપે. ૧૩, ૧૪, ૧૫.

## ગૃહારંભમાં શુભાશુભ સંક્રાન્તિ.

**गृहसंस्थापनं सूर्ये मेषस्थे शुभदं भवेत् ॥**
**वृषस्थे धनवृद्धिः स्याद् मिथुने मरणं ध्रुवम् ॥१६॥**

"Aho Shrutgyanam"

कर्कटे शुभदं प्रोक्तं सिंहे भृत्यविवर्द्धनम् ॥
कन्यारोगं तुलासौख्यं वृश्चिके धनवर्द्धनम् ॥१७॥
कार्मुके तु महाहानिर्मकरे स्याद् धनागमः ॥
कुंभे तु रत्नलाभः स्याद् मीने सद्म भयावहम् ॥१८॥

ઘરનો આરંભ મેષ રાશિના સૂર્યમાં કરે તો શુભદાયક, વૃષ રાશિના સૂર્યમાં ધનની વૃદ્ધિ, મિથુનના સૂર્યમાં મૃત્યુ, કર્કના સૂર્યમાં શુભદાયક, સિંહના સૂર્યમાં સેવક–નોકરોની વૃદ્ધિ, કન્યાના સૂર્યમાં રોગકર્તા, તુલાના સૂર્યમાં સુખ આપનાર, વૃશ્ચિકના સૂર્યમાં ધનવૃદ્ધિ, ધનના સૂર્યમાં મહાહાનિ, મકરના સૂર્યમાં ધનપ્રાપ્તિ, કુંભના સૂર્યમાં રત્નલાભ અને મીનના સૂર્યમાં ઘરનો આરંભ કરે તો ભયકર્તા જાણવું. ૧૬, ૧૭, ૧૮.

## પ્રતિષ્ઠામાં લેવાના માસ.

मासे तपस्ये तपसि प्रतिष्ठा धनायुरारोग्यकरी च भर्तुः ॥
चैत्रे महारुग्भयदा च शुक्रे समाधवे पुत्रधनाप्तये स्यात् ॥१९॥

માઘ અને ફાગણ માસમાં દેવતાઓની પ્રતિષ્ઠા કરી હોય તો પ્રતિષ્ઠા, ધન, આયુષ્ય અને આરોગ્ય કરનારી છે. ચૈત્ર મહિનામાં મહારોગ અને ભયને આપનારી છે તથા જ્યેષ્ઠ અને વૈશાખ મહિનામાં કરનારને પુત્ર અને ધન આપનારી જાણવી. ૧૯.

## દેવતા વિશેષેણ માસવિશેષ.

याम्यायनेऽपि वाराहमातृभैरववामनान् ॥
महिषासुरहंत्रीश्च नृसिंहं स्थापयेद् बुधः ॥२०॥
श्रावणे स्थापयेल्लिङ्गमाश्विने जगदंबिकाम् ॥
मार्गशीर्षे हरिश्चैव सर्वान् पौषेऽपि केचन ॥२१॥

દક્ષિણાયનમાં વારાહ મૂર્તિ, માતૃકા, ભૈરવ, વામન, દુર્ગાદેવી અને નૃસિંહ; એ દેવતાઓની પ્રતિષ્ઠ કરવી શુભ છે. શ્રાવણ માસમાં શિવલિંગની પ્રતિષ્ઠા કરવી, આસોમાં જગદંબિકાની અને માર્ગશીર્ષમાં વિષ્ણુની પ્રતિષ્ઠા કરવી તથા પૌષ માસમાં સર્વ દેવતાઓની પ્રતિષ્ઠા કરવી એમ કેટલાક આચાર્યોએ કહેલું છે. ૨૦, ૨૧.

## નંદાદિ તિથિઓમાં કરવાનાં કાર્ય.

गीतं नृत्यं तथा क्षेत्रं चित्रोत्सवगृहादिकम् ॥
वस्त्रालङ्कारशिल्पादि नंदाख्यासु शुभं स्मृतम् ॥२२॥

"Aho Shrutgyanam"

विवाहोपनयौ यात्राभूषाशिल्पकलादिकम् ॥
गजाश्वरथकृत्यञ्च भद्रातिथिषु सिद्धिदम् ॥२३॥
सैन्यं संग्रामशस्त्रादि यात्रोत्सवगृहादिकम् ॥
भैषज्यञ्चैव वाणिज्यं सिद्ध्येत्सर्वजयासु च ॥२४॥
शत्रूणां वधबंधादि विषशस्त्राग्नियोजनम् ॥
कर्तव्यं तच्च रिक्तायां नैव सन्मङ्गलं क्वचित् ॥२५॥
व्रतबंधविवाहादि यात्राराज्याभिषेचनम् ॥
शांतिकं पौष्टिकं कर्म पूर्णासु किल सिद्ध्यति ॥२६॥

ગીત, નૃત્ય, ખેતી કરવી, ચિત્રવિદ્યા શીખવી, ઉત્સવ કરવા, ગૃહાદિક બનાવવાં, વસ્ત્રાલંકાર બનાવવા તથા પહેરવા અને કારીગરી શીખવી; આ કાર્યો નંદાસંજ્ઞક પડવો, છઠ અને એકાદશી; એ તિથિઓમાં કરવાં શુભ છે. ૨૨.

વિવાહ, યજ્ઞોપવીત, યાત્રા, આભૂષણ બનાવવાં તથા પહેરવાં, કારીગરી, કલા શીખવી, હાથી, ઘોડા અને રથ ચલાવવો તથા ઉપર બેસવું; આ સર્વ કાર્યો ભદ્રાસંજ્ઞક બીજ, બારસ અને સાતમ; એ તિથિઓમાં કરવાં સિદ્ધિ આપનારાં છે. ૨૩.

સેનાને ચલાવવી તથા લશ્કરી અભ્યાસ કરવો, યુદ્ધ કરવું, શસ્ત્રાદિ ચલાવવાં, બનાવવાં, યાત્રા, ઉત્સવ અને ગૃહાદિ કરવાં તથા ઔષધિ બનાવવી તેમજ વેપાર કરવો; આ સર્વ કાર્યો જયાસંજ્ઞક ત્રીજ, આઠમ અને તેરસ; એ તિથિઓમાં કરવાં સિદ્ધિદાયક છે. ૨૪.

શત્રુઓને મારવા, બાંધવા, વિષ આપવું, શસ્ત્ર ચલાવવું, અગ્નિ લગાડવી ઇત્યાદિ કાર્ય રિક્તા સંજ્ઞક ચોથ, નોમ અને ચૌદશ; એ તિથિઓમાં કરવાં પરંતુ મંગળકાર્ય કરવાં નહિ. ૨૫.

યજ્ઞોપવીત, વિવાહાદિ, યાત્રા, રાજ્યાભિષેક, શાન્તિક તથા પૌષ્ટિક કર્મો પૂર્ણાસંજ્ઞક પાંચેમ, દશેમ અને પૂનેમ; એ તિથિઓમાં કરવાથી સિદ્ધિ થાય છે. ૨૬.

## સામાન્ય શુભાશુભ તિથિઓ.

द्वितीया पञ्चमी चैव तृतीया सप्तमी तथा ॥
दशम्येकादशी कृष्णप्रतिपच्च त्रयोदशी ॥२७॥
पूर्णिमा तिथयो ह्येताः सर्वकार्ये शुभावहाः ॥
अन्यास्तु तिथयो नेष्टाः प्रोक्तकृत्ये शुभा मताः ॥२८॥



"Aho Shrutgyanam"

**कृष्णा चतुर्दशी शुक्ला प्रतिपद्दर्शसंज्ञका ॥**
**एताः शुभेषु कार्येषु वर्जनीयाः प्रयत्नतः ॥२९॥**

બીજ, પાંચમ, ત્રીજ, સાતમ, દશમ, અગિયારશ, કૃષ્ણપક્ષની એકમ, તેરશ અને પૂનમ; આ સર્વ તિથિઓ શુભ કાર્યમાં શ્રેષ્ઠ ફળ આપનારી છે. આ સિવાયની બીજી તિથિઓ શુભ નથી. પરંતુ જે તે તિથિમાં કહેલાં કાર્ય કરવામાં શુભ માનેલી છે. કૃષ્ણપક્ષની ચૌદશ, શુકલ પક્ષની પ્રતિપદા અને અમાવાસ્યા; આ તિથિઓ શુભકાર્યમાં યત્નપૂર્વક વર્જવી. ૨૭, ૨૮, ૨૯.

## તિથિ સંજ્ઞા ચક્ર.

| તિથિ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ ૩૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તિથિના સ્વામી | અગ્નિ | બ્રહ્મા | પાર્વતી | ગણેશ | સર્પ | કાર્તિકસ્વા. | સૂર્ય | શિવ | દુર્ગા | યમ | વિશ્વદેવ | વિષ્ણુ | કામદેવ | શિવ | ચંદ્ર-પિતર |
| નંદાદિ તિથિ | નંદા | ભદ્રા | જયા | રિક્તા | પૂર્ણા | નંદા | ભદ્રા | જયા | રિક્તા | પૂર્ણા | નંદા | ભદ્રા | જયા | રિક્તા | પૂર્ણા |
| શુકલપક્ષે અશુભાદિ સંજ્ઞા | અશુભ | અશુભ | અશુભ | અશુભ | શુભ | મધ્યમ | મધ્યમ | મધ્યમ | મધ્યમ | મધ્યમ | શુભ | શુભ | શુભ | શુભ | શુભ |
| કૃષ્ણપક્ષે શુભાદિ સંજ્ઞા | શુભ | શુભ | શુભ | શુભ | શુભ | મધ્યમ | મધ્યમ | મધ્યમ | મધ્યમ | મધ્યમ | અશુભ | અશુભ | અશુભ | અશુભ | અશુભ |

## શુભ નામક તિથિઓનું વર્ણન.

**मेषादीनां चतुर्णां हि चतस्रः प्रतिपन्मुखाः ॥**
**तिथयस्तच्चतुष्कस्य पञ्चमी परिकीर्तिता ॥३०॥**
**सिंहकन्यातुलादीनां षष्ठ्याद्यास्तिथयः क्रमात् ॥**
**दशम्येतच्चतुष्कस्य तथा चैकादशीमुखाः ॥३१॥**
**चतस्रो धनुरादीनामेतेषां पूर्णमास्यमा ॥**
**पापयुक्तस्य राशेर्या तिथिः सा न शुभावहा ॥३२॥**

મેષાદિ ચાર ચાર રાશિઓની પ્રતિપદાદિ ચાર તિથિઓ છે અર્થાત્ મેષ, વૃષ, મિથુન અને કર્કની ક્રમથી એકમ, બીજ, ત્રીજ અને ચોથ તિથિ જાણવી અને એકમાદિ આ ચાર તિથિઓની પાંચમ પૂર્ણા તિથિ જાણવી.

"Aho Shrutgyanam"

સિંહ, કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિઓની ક્રમથી છઠ, સાતમ, આઠમ અને નોમ તિથિઓ છે અને છઠ આદિ ચાર તિથિઓની દશમ પૂર્ણા તિથિ છે તથા ધન, મકર, કુંભ અને મીન; આ રાશિઓની ક્રમથી અગિયારશ, બારસ, તેરસ અને ચૌદશ તિથિઓ છે અને એકાદશ્યાદિ ચાર તિથિઓની પૂનમ તથા અમાવાસ્યા પૂર્ણા તિથિ છે પરંતુ જે તિથિ પાપગ્રહયુક્ત રાશિની હોય તે શુભકારક નથી. ૩૦, ૩૧, ૩૨.

## શુભાશુભ વાર.

**आदित्यश्चन्द्रमा भौमो बुधश्चाथ बृहस्पतिः ॥**
**शुक्रः शनैश्चरश्चैते वासराः परिकीर्तिताः ॥३३॥**
**शिवो दुर्गा गुहो विष्णुर्ब्रह्मेन्द्रः कालसंज्ञकः ॥**
**सूर्यादीनां क्रमादेते स्वामिनः परिकीर्तिताः ॥३४॥**
**गुरुश्चन्द्रो बुधः शुक्रः शुभा वारा शुभे स्मृताः ॥**
**क्रूरास्तु क्रूरकृत्येषु ग्राह्या भौमार्कसूर्यजाः ॥३५॥**
**स्थिरः सूर्यश्चरश्चन्द्रो भौमश्चोग्रो बुधः समः ॥**
**लघुर्जीवो मृदुः शुक्रः शनिस्तीक्ष्णः समीरितः ॥३६॥**

રવિ, સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ; આ સાત વારોનાં નામ છે. શિવ, દુર્ગા, કાર્ત્તિકેય, વિષ્ણુ, બ્રહ્મા, ઇન્દ્ર અને કાલ; આ સાત દેવો ક્રમે સાત વારોના સ્વામી જાણવા. ગુરૂ, સોમ, બુધ અને શુક્ર; આ ચાર શુભ વારો છે અને તે શુભ કાર્યમાં ગ્રહણ કરવા શ્રેષ્ઠ છે તથા મંગલ, રવિ અને શનિ; આ ત્રણ વારો ક્રૂર છે અને તે ક્રૂર કાર્યોમાં લેવા યોગ્ય છે. ૩૩, ૩૪, ૩૫.

વારોમાં રવિવાર સ્થિર, સોમવાર ચલ, મંગળવાર ઉગ્ર, બુધવાર સમ, ગુરૂવાર લઘુ, શુક્રવાર કોમળ અને શનિવાર તીક્ષ્ણ છે. ૩૬.

## પ્રતિષ્ઠાના વાર.

**तेजस्विनी क्षेमकृदग्निदाहविधायिनी स्याद्वरदा दृढा च ॥**
**आनंदकृत्कल्पनिवासिनी च सूर्यादिवारेषु भवेत्प्रतिष्ठा ॥३७॥**

રવિવારે પ્રતિષ્ઠા કરવાથી તેજસ્વી અર્થાત્ પ્રભાવશાલી, સોમવારે મંગળ કરવાવાળી, મંગળવારે અગ્નિદાહ, બુધવારે મનોવાંછિત ફલ આપવાવાળી, ગુરૂવારે દઢ ( સ્થિર ), શુક્રવારે આનંદ આપવાવાળી અને શનિવારે પ્રતિષ્ઠા કરવામાં આવે તો કલ્પ પર્યન્ત અર્થાત્ સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી સ્થિર રહેવાવાળી થાય છે. ૩૭.

"Aho Shrutgyanam"

## પ્રત્યેક વારમાં કરવાનાં કાર્ય.

राजाभिषेकमाङ्गल्यं यानमंत्रास्त्रमौषधम् ॥
रणः पण्याग्निसेवाद्यं सुवर्णादि रवौ स्मृतम् ॥३८॥
शङ्खमौक्तिकरूपादिभूषा गीतं क्रतुः कृषिः ॥
भोज्यं स्त्रीक्षुविकारांभः कर्मोक्तं सोमवासरे ॥३९॥
भेदस्तेयानृतं शाठ्यं विषशस्त्राग्निघातनम् ॥
प्रवालकरहेमाद्यमेतत्कुर्यात्कुजेऽहनि ॥४०॥
कलानैपुण्यवाणिज्यं संधिव्यायामसेवनम् ॥
वेदाध्ययनलिप्यादि विदध्याद् बुधवासरे ॥४१॥
यज्ञो धर्मः क्रिया विद्या माङ्गल्यं पौष्टिकं गृहम् ॥
यात्रा भैषज्यभूषाद्या विधेया गुरुवासरे ॥४२॥
गीतं स्त्रीरत्नशय्यादि वस्त्रं भूषोत्सवक्रियाः ॥
भूपण्यकृषिकोशाद्याः सर्वे सिद्ध्यन्ति भार्गवे ॥४३॥
गृहप्रवेशदीक्षादि गजबन्धः स्थिरक्रियाः ॥
दासशस्त्रानृतं स्तेयमेतत्सिद्ध्येच्छनैश्चरे ॥४४॥
खेटस्योपचयस्थस्य वारे कार्यं शुभावहम् ॥
तदेवापचयस्थस्य यत्नेनापि न सिद्ध्यति ॥४५॥

**રવિવારે** રાજાને રાજ્યાભિષેક, માંગલિક કાર્ય, યાન—રથાદિવાહન બનાવવાં તથા સવારી કરવી, તંત્ર સાધના કરવી, અસ્ત્ર ચલાવવાં અને બનાવવાં, ઔષધિ બનાવવી તથા ખાવી, યુદ્ધ કરવું, દુકાન કરવી, અગ્નિ લગાડવી, સેવા કરવી તથા સુવર્ણાદિનાં આભૂષણો બનાવવાં અને પહેરવાં વગેરે કાર્યો કરવા કહેલાં છે. ૩૮.

**સોમવારે** શંખ, મોતી, ચાંદી વિગેરેનાં આભૂષણો ધારણ કરવાં અને બનાવવાં, સંગીત વિદ્યા શીખવી, યજ્ઞ કરવો, ખેતી કરવી, ભોજન કાર્ય, સ્ત્રીસેવન, ગોળખાંડ બનાવવો તથા પાણીનો ફુવારો શરૂ કરવો વિગેરે કાર્યો કરવાં. ૩૯.

**મંગળવારે** ભેદ કરવો, ચોરી કરવી, જૂઠું બોલવું, ધૂર્તતા કરવી, ઝેર દેવું, શસ્ત્ર ચલાવવાં, અગ્નિ લગાડવી, ઘાત કરવો, પ્રવાળાં ધારણ કરવાં, કર નાખવો અને વસૂલ કરવો, સોનાનું કામ કરાવવું વિગેરે કાર્યો કરવાં શુભ છે. ૪૦.

"Aho Shrutgyanam"

**બુધવારે** કલા અથવા હુન્નર શીખવા, કલાઓમાં નિપુણતા, પ્રવીણતા મેળવવી, વેપાર કરવો, સંધિ કરવી, વ્યાયામ–કસરત કરવી, નોકરી કરવી, વેદ ભણવા, પુસ્તકાદિ લખવાં વિગેરે કાર્યો કરવાં. ૪૧.

**ગુરૂવારે** યજ્ઞ, ધર્મ, ક્રિયા, વિદ્યા, મંગલ કાર્ય, પૌષ્ટિક કર્મ, ગૃહારંભ, યાત્રા, ઔષધ ખાવું અને બનાવવું, અલંકારો ધારણ કરવા વિગેરે કાર્યો કરવાં. ૪૨.

**શુક્રવારે** ગીતવિદ્યા શીખવી, સ્ત્રીસેવન, રત્ન ધારણ કરવાં, શય્યાદિ એટલે પલંગ વિગેરે બનાવવા, વસ્ત્ર ધારણ કરવાં, આભૂષણો પહેરવાં, ઉત્સવ ક્રિયાઓ કરવી, ભૂમિ વેચવી તથા ખરીદવી, દુકાન કરવી, કૃષિ કરવી, ખજાનો સંઘરવો વિગેરે કાર્યો કરવાં શુભ છે. ૪૩.

**શનીવારે** ગૃહપ્રવેશ કરવો, મંત્રદીક્ષા લેવી, હાથી બાંધવો, સ્થિર કામો કરવાં, નોકરી કરવી, નોકર રાખવા, શસ્ત્ર ચલાવવાં, જૂઠું બોલવું અને ચોરી કરવી; આ કાર્યો સિદ્ધ થાય છે. ૪૪.

લગ્નથી ૩, ૬, ૧૦ અને ૧૧ મું ભુવન ઉપચય સ્થાન કહેવાય છે અને ૧, ૨, ૪, ૫, ૭, ૮, ૯, અને ૧૨ મું ભુવન અપચય સ્થાન કહેવાય છે. ઉપચય સ્થાનમાં સ્થિત ગ્રહના વારમાં કરેલું કામ શુભકારક થાય છે અને અપચય સ્થાનમાં રહેલા ગ્રહના વારમાં યત્નપૂર્વક કરેલું કાર્ય પણ સિદ્ધ થતું નથી. ૪૫.

## વારનો આરંભ ક્યારે થાય.

**वारादिरुदयादूर्ध्वं पलैर्मेषादिगे रवौ ॥**
**तुलादिगे त्वधस्त्रिंशत्तद्द्युमानान्तरार्धजैः ॥४६॥**

મેષાદિક છ રાશિમાં સૂર્ય રહ્યો હોય ત્યારે સૂર્યોદયની પછી તે દિવસના દિન-માન અને ત્રીશની વચ્ચેના આંતરાના અર્ધ પળ વડે વારનો આરંભ થાય છે, અને તુલાદિક છ રાશિમાં સૂર્ય રહ્યો હોય ત્યારે સૂર્યોદયની પહેલાં તેટલા પળે વારની પ્રવૃત્તિ થાય છે. ૪૬.

જેમકે ગુર્જર દેશમાં કર્ક સંક્રાંતિએ ઉત્કૃષ્ટ દિનમાન ઘડી ૩૩ પળ ૪૮નું હોય છે. તેમાંથી ત્રીશ બાદ કરતાં બાકી ઘડી ૩ પળ ૪૮ રહ્યાં. તેનો અર્ધ ભાગ કરતાં ઘડી ૧ પળ ૫૪ રહ્યાં એટલે સૂર્યોદય થયા પછી ૧ ઘડી ને ૫૪ પળે વારનો આરંભ જાણવો.

તેજ પ્રમાણે મકર સંક્રાંતિમાં જઘન્ય દિનમાન ઘડી ૨૬ ને ૧૨ પળનું હોય છે. તેને ત્રીશમાંથી બાદ કરતાં બાકી ઘડી ૩ ને ૪૮ પળ રહ્યાં. તેને પ્રથમની જેમ અર્ધું કરતાં ૧ ઘડી ને ૫૪ પળ રહ્યાં માટે તે દિવસે સૂર્યોદય પહેલાં ૧ ઘડી ને ૫૪ પળે વારનો આરંભ થાય છે. તેવી રીતે દરેક દિનમાનના હિસાબે વારનો આરંભ જાણવો.

"Aho Shrutgyanam"

## ગ્રહચક્ર

| નંબર | વાર | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રાહુ-કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગ્રહના સ્વામી | શિવ | દુર્ગા | કાર્તિકે | વિષ્ણુ | બ્રહ્મા | ઇન્દ્ર | કાલ | |
| ૨ | ,, સ્વભાવ | સ્થિર | ચર | ઉગ્ર | સમ | લઘુ | મૃદુ | તીક્ષ્ણ | |
| ૩ | સ્વામિત્વની દિશા | પૂર્વ | વાયવ્ય | દક્ષિણ | ઉત્તર | ઇશાન | અગ્નિ | પશ્ચિમ | નૈરૂત્ય |
| ૪ | ગ્રહના વર્ણ | રક્ત | શ્વેત | રક્ત | પીળો | પીળો | શ્વેત | શ્યામ | શ્યામ |
| ૫ | ગ્રહની જાતિ | ક્ષત્રિય | વૈશ્ય | ક્ષત્રિય | વૈશ્ય | બ્રાહ્મણ | બ્રાહ્મણ | શુદ્ર | શુદ્ર |
| ૬ | ,, સ્વભાવ | ક્રૂર | સૌ. ક્રૂર | ક્રૂર | સૌ. ક્રૂર | સૌમ્ય | સૌમ્ય | ક્રૂર | |
| ૭ | ,, લિંગ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી. ન. | પુરૂષ | સ્ત્રી | સ્ત્રી. ન. | પુરૂષ, નપુંષક |
| ૮ | રાશિ ભોગ-માસ | માસ ૧ | ઘડી ૧૩૫ | માસ ૧ાા | માસ ૧ | માસ ૧૩ | માસ ૧ | માસ ૩૦ | માસ ૧૮ |
| ૯ | પરસ્પર મૈત્રી | સો, મં, ગુ, | ર, મં, ગુ, | ર, સો, ગુ, | શુ, શ, રા, | ર. સો. મં. | બુ, શ, રા, | બુ, શુ, રા, | બુ, શુ, રા, |
| ૧૦ | મધ્યમ ગ્રહો | બુધ | મં, ગુ, શુ. રા. | શુ, શ, | મં, ગુ, રા, | શ. | મં, ગુ | ગુરૂ | |
| ૧૧ | મિત્ર ,, | સો, મં, ગુ, | રા, બુ, | ર, શો, ગુ, | ર, શુ, | શ, સો, મં, | બુ, શ, | બુ, શુ, | |
| ૧૨ | શત્રુ ,, | શુ, શ, | × | બુધ | સોમ | બુ, શુ, | ર, સો, | ર, સો, મં, | |
| ૧૩ | પરસ્પર બળ | ૭ | ૬ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ | |
| ૧૪ | સ્વઘર | સિંહ | કર્ક | વૃષ, મેષ | કન્યા, મિથુન | ધન, મીન | વૃષ, તુલા | મકર, કુંભ | કન્યા, મીન |
| ૧૫ | ઉચ્ચ ઘર | મેષ | વૃષ | મકર | કન્યા | કર્ક | મીન | તુલા | મિથુન, ધન |
| ૧૬ | નીચ ઘર | તુલા | વૃશ્ચિક | કર્ક | મીન | મકર | કન્યા | મેષ | ધન, મિથુન |
| ૧૭ | મૂળ ત્રિકોણ | સિંહ | વૃષ | મેષ | કન્યા | ધન | તુલા | કુંભ | કુંભ, સિંહ |
| ૧૮ | હર્ષસ્થાન | ૯ | ૩ | ૬ | ૧ | ૧૧ | ૫ | ૧૨ | |
| ૧૯ | હર્ષસ્થાન | મેષ | વૃષ | મકર | કન્યા | કર્ક | મીન | તુલા | મિથુન, ધન |
| ૨૦ | પસંદ સ્થાન | ૧૦ | ૧૦ | ૧૦ | ૧ | ૧૦ | ૭ | ૧, ૩, ૧૧ | |

"Aho Shrutgyanam"

| નંબર | વાર | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રાહુ–કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | પૂર્ણ દૃષ્ટિ | ૭ | ૭ | ૪, ૭, ૮ | ૭ | ૫, ૭, ૯, | ૭ | ૩, ૭, ૧૦, | ૫, ૭, ૯, ૧૨ |
| ૨૨ | પોણી દૃષ્ટિ | ૪, ૮, | ૪, ૮, | × | ૪, ૮, | ૪, ૮, | ૪, ૮, | ૪, ૮, | ૪, ૮, |
| ૨૩ | અર્ધ દૃષ્ટિ | ૫, ૯, | ૫, ૯, | ૫, ૯, | ૫, ૯, | × | ૫, ૯, | ૫, ૯, | ૫, ૯, |
| ૨૪ | એકપાદ દૃષ્ટિ | ૩, ૧૦ | ૩, ૧૦, | ૩, ૧૦, | ૩, ૧૦, | ૩, ૧૦, | ૩, ૧૦, | + | ૩, ૧૦, |
| ૨૫ | ગોચર શુદ્ધિ | ૩, ૬, ૧૦, ૧૧, | ૨, ૩, ૫, ૬, ૭. ૯, ૧૦, ૧૧, | ૩, ૬, ૧૦, ૧૧, | ૨, ૩, ૫, ૭, ૯, ૧૦, ૧૧, | ૨, ૫, ૭, ૯, ૧૦, ૧૧ | ૨, ૩, ૭, ૯, ૧૦, ૧૧ | ૩, ૬, ૧૦, ૧૧, | ૩, ૬, |
| ૨૬ | લલાટ ગ્રહસ્થાન | ૧ | ૫, ૬, | ૧૦ | ૪ | ૨, ૩, | ૧૧, ૧૨, | ૭ | ૮, ૯, |
| ૨૭ | કાર્ય બળ | નૃપ દર્શન | સર્વ | યુદ્ધ | જ્ઞાન | વિવાહ | ગમન | દીક્ષા | |
| ૨૮ | જન્મ નક્ષત્ર | વિશાખા | કૃત્તિકા | પૂર્વાષાઢા | શ્રવણ | પૂર્વા ફાલ્ગુની | જ્યેષ્ઠા | રેવતી | ભરણી અશ્વિની |
| ૨૯ | દિગ્મુખ | પૂર્વ | પશ્ચિમ | દક્ષિણ | ઉત્તર | ઉત્તર | પૂર્વ | પશ્ચિમ | દક્ષિણ |
| ૩૦ | ધાતુ | તાંબુ | મણિ | સોનું | કાંસું | રૂપું | મોતી | સીસું | |
| ૩૧ | ત્રિશાંશ ભોગદિન | દિન ૧ | ઘડી ૪૫ | દિન ૧૫ | દિન ૧ | દિન ૧૩ | દિન ૧ | દિન ૩૦ | દિન ૧૮ |
| ૩૨ | દ્વાદશાંશ ભોગદિન | ૨–૩૦ | ઘડી ૧૧૫ | ૩–૪૫ | ૨–૩૦ | ૩૨–૩૦ | ૮–૩૦ | ૭૫–૦ | ૪૫–૦ ૧/૧૨ |
| ૩૩ | નવમાંશ ભોગદિન ઘડી | ૩–૨૦ | ૦–૧૫ | ૫–૦ | ૩–૨૦ | ૪૩–૨૦ | ૩–૨૦ | ૧૦૦–૦ | ૬૦–૦ ૧/૬ |
| ૩૪ | દ્રેષ્કાણ ભોગદિન | ૧૦ | ઘડી ૪૫ | ૧૫ | ૧૦ | ૧૩૦ | ૧૦ | ૩૦૦ | ૧૮૦–૦ ૧/૯ |

## શુભાશુભ નક્ષત્ર.

**रोहिण्यश्विमृगाः पुष्यो हस्तश्चित्रोत्तरात्रयम् ॥**
**रेवती श्रवणश्चैव धनिष्ठा च पुनर्वसूः ॥४७॥**
**अनुराधा तथा स्वाती शुभान्येतानि भानि च ॥**
**सर्वाणि शुभकार्याणि सिद्ध्यंत्येषु च भेषु च ॥४८॥**

"Aho Shrutgyanam"

पूर्वात्रयं विशाखा च ज्येष्ठार्द्रामूलमेव च ॥
शतताराभमेतेषु कृत्यं साधारणं स्मृतम् ॥४९॥
भरणी कृत्तिका चैव मघाश्लेषे तथैव च ॥
अत्युग्रं दुष्टकार्यं यत् प्रोक्तमेषु विधीयते ॥५०॥

રોહિણી, અશ્વિની, મૃગશિર, પુષ્ય, હસ્ત, ચિત્રા, ત્રણ ઉત્તરા, રેવતી, શ્રવણ, ધનિષ્ઠા, પુનર્વસૂ, અનુરાધા તથા સ્વાતી; આ નક્ષત્રો શુભ છે અને સર્વ પ્રકારનાં શુભ કાર્યો આ નક્ષત્રોમાં સિદ્ધ થાય છે.

ત્રણે પૂર્વા, વિશાખા, જ્યેષ્ઠા, આર્દ્રા, મૂલ અને શતતારા; આ નક્ષત્રો સાધારણ છે અને તેમાં સાધારણ કાર્ય કરવાં શુભ છે.

ભરણી, કૃત્તિકા, મઘા તથા આશ્લેષા; એ અતિ ઉગ્ર નક્ષત્રો છે અને તેમાં અત્યંત ઉગ્ર કાર્યો કરવા કહ્યું છે. ૪૭, ૪૮, ૪૯, ૫૦.

## નક્ષત્રોમાં વિશેષ શુભાશુભ કાર્ય.

ध्रुवं स्थिरमिति ख्यातं रोहिणी चोत्तरात्रयम् ॥
तत्रामरगृहग्रामाऽभिषेकाद्याः स्थिरक्रियाः ॥५१॥
मृगश्चित्रानुराधा च रेवती मृदुमैत्रकम् ॥
तत्र गीतं रतिं कुर्याद्भूषा माङ्गल्यमम्बरम् ॥५२॥
पुष्याश्विन्यभिजिद्धस्तं लघु क्षिप्रमुदाहृतम् ॥
तत्र भूषौषधज्ञानं गमनं शिल्पकं रतिः ॥५३॥
ज्येष्ठार्द्रा मूलमाश्लेषा तीक्ष्णं दारुणमुच्यते ॥
तत्र भेदो वधो बंधो मंत्रभूतादिसाधनम् ॥५४॥
श्रवणादित्रिभं स्वातिपुनर्वसु चरं चलम् ॥
तस्मिन्वाजिगजारोहो वाटिकागमनादिकम् ॥५५॥
भरणी च मघा पूर्वा क्रूरमुग्रमुदाहृतम् ॥
विषशस्त्राग्निघातादि तत्र च्छेदविनाशनम् ॥५६॥
विशाखा कृत्तिका चैव मिश्रं साधारणं स्मृतम् ॥
नीलोत्सर्गोऽग्निकार्यैश्च मिश्रं तत्र च सिद्ध्यति ॥५७॥

રોહિણી અને ઉત્તરાત્રય એટલે ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા તથા ઉત્તરાભાદ્રપદ; આ નક્ષત્રો ધ્રુવ અને સ્થિર સંજ્ઞાવાળાં છે. તેમાં દેવાલય બનાવવાં,

"Aho Shrutgyanam"

ગ્રામ વસાવવું, રાજાને ગાદીએ બેસાડવો તથા સર્વ પ્રકારનાં સ્થિર કાર્ય શુભ છે. ૫૧.

મૃગશિર, ચિત્રા, અનુરાધા અને રેવતી; આ નક્ષત્રો મૃદુ અને મિત્રસંજ્ઞક છે. તેમાં ગાયન વિદ્યા શીખવી, સ્ત્રીસંગમ કરવો, આભૂષણ પહેરવાં, માંગલિક કર્મ કરવાં તથાં વસ્ત્રો પહેરવાં; એ કાર્યો કરવામાં શ્રેષ્ઠ છે. ૫૨.

પુષ્ય, અશ્વિની, અભિજિત્ અને હસ્ત; આ નક્ષત્રો લઘુ અને ક્ષિપ્રસંજ્ઞક છે. તેમાં આભૂષણ ધારણ કરવાં, ઔષધસેવન, જ્ઞાનસંપાદન, ગમન, કારીગરી, સ્ત્રીસંગમ; એ કાર્યો કરવાં સારાં છે. ૫૩.

જ્યેષ્ઠા, આર્દ્રા, મૂલ અને આશ્લેષા; આ નક્ષત્રો તીક્ષ્ણ અને દારૂણ સંજ્ઞક છે. તેમાં ભેદન, મારણ, બંધન, મંત્રસાધન, ભૂતાદિ સાધન વિગેરે કાર્યો સિદ્ધ થાય છે. ૫૪.

શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, સ્વાતિ અને પુનર્વસુ; આ નક્ષત્રો ચર અને ચલ સંજ્ઞક છે. તેમાં હાથી અને ઘોડા ઉપર ચઢવું, બગીચો બનાવવો અને પ્રયાણ કરવું; એ સર્વ કાર્યો કરવાં. ૫૫.

ભરણી, મઘા અને ત્રણ પૂર્વા અર્થાત્ પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા અને પૂર્વા ભાદ્રપદ; આ નક્ષત્રો ક્રૂર અને ઉગ્ર સંજ્ઞક છે તેથી તેમાં ઝેર આપવું, શસ્ત્ર ચલાવવું, અગ્નિ લગાડવી, મારવું, કાપવું અને વિનાશ કરવો ઇત્યાદિ કાર્યો સિદ્ધ થાય છે. ૫૬.

વિશાખા અને કૃત્તિકા; આ બે નક્ષત્રો મિશ્ર તથા સાધારણ સંજ્ઞક છે. તેમાં વૃષોત્સર્ગ, અગ્નિકાર્ય અને મિશ્રકાર્ય કરવાથી સિદ્ધિ થાય છે. ૫૭.

### ગૃહારંભમાં નક્ષત્ર અને વારનું ફળ.

**पुष्यध्रुवेन्दुहरिसर्पजलैः सजीवे-**
**स्तद्वासनश्च कृतं सुतराज्यदं स्यात् ॥**
**द्वीशाश्वितक्षिवसुपाशिशिवैः सशुक्रे-**
**र्वारे सितस्य च गृहं धनधान्यदं स्यात् ॥५८॥**

પુષ્ય, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદ, રોહિણી, મૃગશિર, શ્રવણ, આશ્લેષા અને પૂર્વાષાઢા; આ નક્ષેત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર પર ગુરૂ હોય અગર તે



"Aho Shrutgyanam"

નક્ષત્રના રોજે ગુરૂવાર હોય તે દિવસે ઘર કરવાનો આરંભ કરવામાં આવે તો તે ઘર પુત્ર અને રાજ્ય આપનારૂં થાય છે. ૫૮.

**सारैः करेज्यान्त्यमघाम्बुमूलैः कौजेऽह्नि वेश्माग्निसुतार्दितं स्यात् ॥**
**संज्ञैः कदास्तार्यमतक्षहस्तैर्ज्ञस्यैव वारे सुखपुत्रदं स्यात् ॥५९॥**

હસ્ત, પુષ્ય, રેવતી, મઘા, પૂર્વાષાઢા અને મૂલ નક્ષત્રો પર મંગળ હોય અગર તે દિવસે મંગળવાર હોય તે વખતે ઘરનો આરંભ કરે તો ઘર અગ્નિથી બળી જાય અગર પુત્રને પીડા કર્તા થાય છે. રોહિણી, અશ્વિની, ઉત્તરા ફાલ્ગુની, ચિત્રા અને હસ્ત; આ નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર પર બુધ હોય અગર તે નક્ષત્રના દિવસે બુધવાર હોય તે દિવસે ઘરનો આરંભ કરવામાં આવે તો સુખ આપનાર અને પુત્રદાયક થાય છે. ૫૯.

**अजैकपादाहिर्बुध्न्यशक्रमित्रानिलान्तकैः ॥**
**समन्दैर्मन्दवारे स्याद् रक्षोभूतयतं गृहम् ॥६०॥**
**अग्निनक्षत्रगे सूर्ये चन्द्रे वा संस्थिते यदि ॥**
**निर्मितं मंदिरं नूनमग्निना दह्यतेऽचिरात् ॥६१॥**

પૂર્વા ભાદ્રપદ, ઉત્તરા ભાદ્રપદ, જ્યેષ્ઠા, અનુરાધા, સ્વાતિ અને ભરણી; આમાંનાં કોઇપણ નક્ષત્રો પર શનિ હોય અગર તે દિવસે શનિવાર હોય તે વખતે ઘરનો આરંભ કરવામાં આવે તો તે ઘર રાક્ષસ અને ભૂત આદિનું નિવાસ સ્થાન થાય છે. કૃત્તિકા નક્ષત્રના ઉપર સૂર્ય અગર ચંદ્રમા હોય તે દિવસે ઘરનો આરંભ કરે તો તે ઘર તૈયાર થયા પછી જલ્દી અગ્નિથી બળી ભસ્મ થાય છે. ૬૦, ૬૧.

### પુષ્ય નક્ષત્રની પ્રશંસા.

**पापैर्विद्धे युते हीने चन्द्रताराबलेऽपि च ॥**
**पुष्ये सिद्ध्यन्ति सर्वाणि कार्याणि मंगलानि च ॥६२॥**

ચંદ્રમા અને તારા બલહીન હોય, પાપગ્રહોથી વિંધાએલ હોય અથવા પાપગ્રહોથી યુક્ત હોય તો પણ પુષ્ય નક્ષત્રમાં સર્વ માંગલિક કાર્યો સિદ્ધ થાય છે. ૬૨.

"Aho Shrutgyanam"

## નક્ષત્ર કોષ્ઠક નં. ( ૧ )

| | નક્ષત્રનાં નામ | ગણ | નામના અક્ષર | નક્ષત્ર નાં ચરણ | રાશિનાં નામ | નક્ષત્રની જાતિ | નક્ષત્ર લિંગ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અશ્વિની | દેવ | ચુ, ચે, ચો, લા. | ૪ | મેષ | વણિક | પુરૂષ |
| ૨ | ભરણી | મનુષ્ય | લિ, લુ, લે, લો. | ૪ | મેષ | ચંડાલ | ,, |
| ૩ | કૃત્તિકા | રાક્ષસ | અ, ઇ, ઉ, એ. | ૧ / ૩ | { મેષ<br>{ વૃષભ | બ્રાહ્મણ | ,, |
| ૪ | રોહિણી | મનુષ્ય | ઓ, વા, વિ, વુ. | ૪ | વૃષભ | ખેડુત | ,, |
| ૫ | મૃગશિર | દેવ | વે, વો, કા, કી. | ૨ / ૨ | { વૃષભ<br>{ મિથુન | સેવક | ,, |
| ૬ | આર્દ્રા | મનુષ્ય | કુ, ઘ, ઙ, છ. | ૪ | મિથુન | ઉગ્ર | સ્ત્રી |
| ૭ | પુનર્વસુ | દેવ | કે, કો, હા, હી. | ૩ / ૧ | { મિથુન<br>{ કર્ક | વણિક | ,, |
| ૮ | પુષ્ય | દેવ | હુ, હે, હો, ડા. | ૪ | કર્ક | રાજા | ,, |
| ૯ | આશ્લેષા | રાક્ષસ | ડિ, ડુ, ડે, ડો. | ૪ | કર્ક | ચંડાલ | ,, |
| ૧૦ | મઘા | રાક્ષસ | મા, મિ, મુ, મે. | ૪ | સિંહ | ખેડુત | ,, |
| ૧૧ | પૂર્વા ફાલ્ગુની | મનુષ્ય | મો, ટા, ટિ, ટુ. | ૪ | સિંહ | બ્રાહ્મણ | ,, |
| ૧૨ | ઉત્તરા ફાલ્ગુની | મનુષ્ય | ટે, ટો, પા, પિ. | ૧ / ૩ | { સિંહ<br>{ કન્યા | રાજા | ,, |
| ૧૩ | હસ્ત | દેવ | પુ, ષ, ણ, ઠ. | ૪ | કન્યા | વણિક | ,, |
| ૧૪ | ચિત્રા | રાક્ષસ | પે, પો, રા, રિ. | ૨ / ૨ | { કન્યા<br>{ તુલા | સેવક | ,, |
| ૧૫ | સ્વાતિ | દેવ | રૂ, રે, રો, તા. | ૪ | તુલા | ચંડાલ | ,, |
| ૧૬ | વિશાખા | રાક્ષસ | તિ, તુ, તે, તો. | ૩ / ૧ | { તુલા<br>{ વૃશ્ચિક | ચંડાલ | નપુંસક |
| ૧૭ | અનુરાધા | દેવ | ના, નિ, નુ, ને. | ૪ | વૃશ્ચિક | સેવક | ,, |
| ૧૮ | જ્યેષ્ઠા | રાક્ષસ | નો, યા, યિ, યુ. | ૪ | વૃશ્ચિક | સેવક | ,, |
| ૧૯ | મૂળ | રાક્ષસ | યે, યો, ભ, ભિ. | ૪ | ધન | ઉગ્ર | પુરૂષ |
| ૨૦ | પૂર્વાષાઢા | મનુષ્ય | ભુ, ધ, ફા, ઢા. | ૪ | ધન | બ્રાહ્મણ | ,, |
| ૨૧ | ઉત્તરાષાઢા | મનુષ્ય | ભે, ભો, જ, જિ. | ૧ / ૩ | { ધન | રાજા | ,, |
| ૨૨ | અભિજિત્ | વિદ્યાધર | જા, જે, જો, ખા. | ૦॥ | મકર | વણિક | ,, |
| ૨૩ | શ્રવણ | દેવ | ખિ, ખુ, ખે, ખો. | ૪ | મકર | ચંડાલ | ,, |
| ૨૪ | ધનિષ્ઠા | રાક્ષસ | ગ, ગિ, ગુ, ગે. | ૨ / ૨ | { મકર<br>{ કુંભ | સેવક | ,, |
| ૨૫ | શતભિષા | રાક્ષસ | ગો, સા, સિ, સુ. | ૪ | કુંભ | ઉગ્ર | ,, |
| ૨૬ | પૂર્વા ભાદ્રપદ | મનુષ્ય | સે, સો, દ, દિ. | ૩ / ૧ | { કુંભ<br>{ મીન | બ્રાહ્મણ | ,, |
| ૨૭ | ઉત્તરા ભાદ્રપદ | મનુષ્ય | દુ, શ, ઝ, થ. | ૪ | મીન | રાજા | ,, |
| ૨૮ | રેવતી | દેવ | દે, દો, ચ, ચી. | ૪ | મીન | ખેડુત | ,, |

"Aho Shrutgyanam"

## નક્ષત્ર કોષ્ઠક નં. ૨

| નંબર | નક્ષત્ર નામ | આકાશે દિશા | નાડી | નેત્ર | યોનિ | વૈર યોનિ | ઘાત તિથિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અશ્વિની | ઉત્તર ચારી | આદ્ય | મંદ લોચન | ઘોડો | પાડો | જયા |
| ૨ | ભરણી | ઉત્તર ચારી | મધ્ય | મધ્ય લોચન | હાથી | સિંહ | જયા |
| ૩ | કૃત્તિકા | મધ્યમ ચારી | અંત્ય | સુલોચન | બકરો | વાંદરો | નંદા |
| ૪ | રોહિણી | મધ્યમ ચારી | અંત્ય | અંધ લોચન | સર્પ | નોળીયો | પૂર્ણા |
| ૫ | મૃગશિર | દક્ષિણ ચારી | મધ્ય | મંદ લોચન | સર્પ | નોળીયો | જયા |
| ૬ | આર્દ્રા | દક્ષિણ ચારી | આદ્ય | મધ્ય લોચન | કુતરો | હરણ | નંદા |
| ૭ | પુનર્વસુ | દક્ષિણ ચારી | આદ્ય | સુલોચન | બીલાડો | ઉંદર | રિક્તા |
| ૮ | પુષ્ય | મધ્યમ ચારી | મધ્ય | અંધ લોચન | બકરો | વાંદરો | જયા |
| ૯ | આશ્લેષા | મધ્યમ ચારી | અંત્ય | મંદ લોચન | બીલાડો | ઉંદર | નંદા |
| ૧૦ | મઘા | ઉત્તર ચારી | અંત્ય | મધ્ય લોચન | ઉંદર | બીલાડો | રિક્તા |
| ૧૧ | પૂર્વા ફાલ્ગુની | ઉત્તર ચારી | મધ્ય | સુલોચન | ઉંદર | બીલાડો | ભદ્રા |
| ૧૨ | ઉત્તરા ફાલ્ગુની | ઉત્તર ચારી | આદ્ય | અંધ લોચન | બળદ | વાઘ | ભદ્રા |
| ૧૩ | હસ્ત | દક્ષિણ ચારી | આદ્ય | મંદ લોચન | પાડો | ઘોડો | પૂર્ણા |
| ૧૪ | ચિત્રા | મધ્યમ ચારી | મધ્ય | મધ્ય લોચન | વાઘ | બળદ | નંદા |
| ૧૫ | સ્વાતિ | ઉત્તર ચારી | અંત્ય | સુલોચન | પાડો | ઘોડો | નંદા |
| ૧૬ | વિશાખા | ઉત્તર ચારી | અંત્ય | અંધ લોચન | વાઘ | બળદ | રિક્તા |
| ૧૭ | અનુરાધા | દક્ષિણ ચારી | મધ્ય | મંદ લોચન | હરણ | કૂતરો | રિક્તા |
| ૧૮ | જ્યેષ્ઠા | દક્ષિણ ચારી | આદ્ય | મધ્ય લોચન | હરણ | કૂતરો | જયા |
| ૧૯ | મૂળ | દક્ષિણ ચારી | આદ્ય | સુલોચન | કૂતરો | હરણ | નંદા |
| ૨૦ | પૂર્વાષાઢા | દક્ષિણ ચારી | મધ્ય | અંધ લોચન | વાઘ | બળદ | રિક્તા |
| ૨૧ | ઉત્તરાષાઢા | દક્ષિણ ચારી | અંત્ય | મંદ લોચન | નોળીયો | સર્પ | રિક્તા |
| ૨૨ | અભિજિત | ... ... | મધ્ય | મધ્ય લોચન | નોળીયો | સર્પ | ... |
| ૨૩ | શ્રવણ | મધ્યમ ચારી | અંત્ય | સુલોચન | વાંદરો | બકરો | જયા |
| ૨૪ | ધનિષ્ઠા | મધ્યમ ચારી | મધ્ય | અંધ લોચન | સિંહ | હાથી | પૂર્ણા |
| ૨૫ | શતભિષા | મધ્યમ ચારી | આદ્ય | મંદ લોચન | ઘોડો | પાડો | નંદા |
| ૨૬ | પૂર્વા ભાદ્રપદ | ઉત્તર ચારી | આદ્ય | મધ્ય લોચન | સિંહ | હાથી | ભદ્રા |
| ૨૭ | ઉત્તરા ભાદ્રપદ | ઉત્તર ચારી | મધ્ય | સુલોચન | બળદ | વાઘ | ભદ્રા |
| ૨૮ | રેવતી | મધ્યમ ચારી | અંત્ય | અંધ લોચન | હાથી | સિંહ | નંદા |

"Aho Shrutgyanam"

## નક્ષત્ર કોષ્ઠક નં. ( ૩ )

| | નક્ષત્રનાં નામ | નક્ષત્રના સ્વામી | નક્ષત્ર શુભાશુભ | ધ્રૂવાદિ સંજ્ઞા | અધોમુખાદિસંજ્ઞા | નક્ષત્ર સ્વરૂપ | તારા સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અશ્વિની | અશ્વિનીકુમાર | શુભ | લઘુ, ક્ષિપ્ર | તિર્યઙ્મુખ | અશ્વમુખાકાર | ૩ |
| ૨ | ભરણી | યમ | ઉગ્ર | ક્રૂર, ઉગ્ર | અધોમુખ | ભગાકાર | ૩ |
| ૩ | કૃત્તિકા | અગ્નિ | ઉગ્ર | મિશ્ર, સાધારણ | અધોમુખ | ક્ષુરાકાર | ૬ |
| ૪ | રોહિણી | બ્રહ્મા | શુભ | ધ્રુવ, સ્થિર | ઉર્ધ્વમુખ | શકટાકાર | ૫ |
| ૫ | મૃગશિર | ચંદ્રમા | શુભ | મૃદુ, મૈત્ર | તિર્યઙ્મુખ | મૃગમુખાકાર | ૩ |
| ૬ | આર્દ્રા | શિવ | સાધારણ | તીક્ષ્ણ, દારૂણ | ઉર્ધ્વમુખ | મણી સમાન | ૧ |
| ૭ | પુનર્વસુ | અદિતિ | શુભ | ચર, ચલ | તિર્યઙ્મુખ | ગૃહાકાર | ૪ |
| ૮ | પુષ્ય | બૃહસ્પતિ | શુભ | લઘુ, ક્ષિપ્ર | ઉર્ધ્વમુખ | બાણાકાર | ૩ |
| ૯ | આશ્લેષા | સર્પ | ઉગ્ર | તીક્ષ્ણ, દારૂણ | અધોમુખ | સર્પાકાર | ૫ |
| ૧૦ | મઘા | પિતર | ઉગ્ર | ક્રૂર, ઉગ્ર | અધોમુખ | કીલ્લાકાર | ૫ |
| ૧૧ | પૂર્વા ફાલ્ગુની | ભગ | સાધારણ | ક્રૂર, ઉગ્ર | અધોમુખ | શય્યાકાર | ૨ |
| ૧૨ | ઉત્તરા ફાલ્ગુની | અર્યમા | શુભ | ધ્રુવ, સ્થિર | ઉર્ધ્વમુખ | શય્યાકાર | ૨ |
| ૧૩ | હસ્ત | સૂર્ય | શુભ | લઘુ, ક્ષિપ્ર | તિર્યઙ્મુખ | હસ્તાકાર | ૫ |
| ૧૪ | ચિત્રા | ત્વષ્ટા | શુભ | મૃદુ, મૈત્ર | તિર્યઙ્મુખ | મોતી સમાન | ૧ |
| ૧૫ | સ્વાતિ | વાયુ | શુભ | ચર, ચલ | તિર્યઙ્મુખ | પ્રવાલાકાર | ૧ |
| ૧૬ | વિશાખા | ઇંદ્રાગ્ની | સાધારણ | મિશ્ર, સાધારણ | અધોમુખ | તોરણાકાર | ૪ |
| ૧૭ | અનુરાધા | મિત્ર | શુભ | મૃદુ, મૈત્ર | તિર્યઙ્મુખ | મૂસલાકાર | ૪ |
| ૧૮ | જ્યેષ્ઠા | ઇંદ્ર | સાધારણ | તીક્ષ્ણ, દારૂણ | તિર્યઙ્મુખ | કુંડલાકાર | ૩ |
| ૧૯ | મૂળ | રાક્ષસ | સાધારણ | તીક્ષ્ણ, દારૂણ | અધોમુખ | વીછી આકાર | ૧૧ |
| ૨૦ | પૂર્વાષાઢા | જલ | સાધારણ | ક્રૂર, ઉગ્ર | અધોમુખ | શય્યાકાર | ૪ |
| ૨૧ | ઉત્તરાષાઢા | વિશ્વદેવ | શુભ | ધ્રુવ, સ્થિર | ઉર્ધ્વમુખ | ગજદંતાકાર | ૩ |
| ૨૨ | અભિજિત્ | બ્રહ્મા | શુભ | લઘુ, ક્ષિપ્ર | ઉર્ધ્વમુખ | ત્રિકોણાકાર | ૩ |
| ૨૩ | શ્રવણ | વિષ્ણુ | શુભ | ચર, ચલ | ઉર્ધ્વમુખ | ત્રણ પગલાકાર | ૩ |
| ૨૪ | ધનિષ્ઠા | વસુ | શુભ | ચર, ચલ | ઉર્ધ્વમુખ | સૂર્યાકાર | ૪ |
| ૨૫ | શતભિષા | વરૂણ | સાધારણ | ચર, ચલ | ઉર્ધ્વમુખ | ગોલાકાર | ૧૦૦ |
| ૨૬ | પૂર્વા ભાદ્રપદ | અજપાત્ | સાધારણ | ક્રૂર, ઉગ્ર | અધોમુખ | લીટી આકાર | ૨ |
| ૨૭ | ઉત્તરા ભાદ્રપદ | અનિર્બુધ્ન્ય | શુભ | ધ્રુવ, સ્થિર | ઉર્ધ્વમુખ | લીટી આકાર | ૨ |
| ૨૮ | રેવતી | પૂષા | શુભ | મૃદુ, મૈત્ર | તિર્યઙ્મુખ | મૃદંગાકાર | ૩૨ |

"Aho Shrutgyanam"

## યોગનાં નામ.

**विष्कुंभः प्रीतिरायुष्मान् सौभाग्यः शोभनाभिधः ॥**
**अतिगण्डः सुकर्माख्यो धृतिः शूलाभिधानकः ॥६३॥**
**गण्डो वृद्धिर्ध्रुवश्चाथ व्याघातो हर्षणाह्वयः ॥**
**वज्रं सिद्धिर्व्यतीपातो वरीयान् परिघः शिवः ॥६४॥**
**सिद्धिः साध्यः शुभः शुक्लो ब्रह्मेन्द्रोऽथच वैधृतिः ॥**
**योगानां ज्ञेयमेतेषां स्वनामसदृशं फलम् ॥६५॥**

( ૧ ) વિષ્કુંભ, ( ૨ ) પ્રીતિ, ( ૩ ) આયુષ્માન્, ( ૪ ) સૌભાગ્ય, ( ૫ ) શોભન, ( ૬ ) અતિગંડ, ( ૭ ) સુકર્મ, ( ૮ ) ધૃતિ, ( ૯ ) શૂલ, ( ૧૦ ) ગંડ, (૧૧) વૃદ્ધિ, ( ૧૨ ) ધ્રુવ, ( ૧૩ ) વ્યાઘાત, ( ૧૪ ) હર્ષણ, ( ૧૫ ) વજ્ર, ( ૧૬ ) સિદ્ધિ, ( ૧૭ ) વ્યતિપાત, ( ૧૮ ) વરીયાન્, ( ૧૯ ) પરિઘ, ( ૨૦ ) શિવ, ( ૨૧ ) સિદ્ધિ, ( ૨૨ ) સાધ્ય, ( ૨૩ ) શુભ, ( ૨૪ ) શુકલ, ( ૨૫ ) બ્રહ્મા, ( ૨૬ ) ઐંદ્ર અને ( ૨૭ ) વૈધૃતિ; આ સત્તાવીસ યોગ છે અને તેમનાં પોતાના નામ પ્રમાણે ફળ જાણવાં. ૬૩, ૬૪, ૬૫.

## અશુભ યોગની તજવાની ઘડી.

**वैधृतिर्व्यतीपाताख्यौ संपूर्णं वर्जयेच्छुभे ॥**
**वज्रविष्कुंभयोश्चैव घटिकात्रयमादिमम् ॥६६॥**
**परिघार्धं पञ्च शूले व्याघाते घटिकानवम् ॥**
**गण्डातिगण्डयोः षड् च हेयाः सर्वेषु कर्मसु ॥६७॥**
**एतेषामपि योगानां शेषं साधारणं स्मृतम् ॥**
**एके विरुद्धयोगानां पादमाद्यं त्यजन्ति हि ॥६८॥**

વૈધૃતિ અને વ્યતીપાત નામના બે યોગો શુભ કાર્યમાં સંપૂર્ણ તજી દેવા, વજ્ર, અને વિષ્કુંભ યોગની પ્રથમની ત્રણ ઘડી ત્યાગવી, પરિઘ યોગનો પૂર્વાર્ધ, શૂલ યોગની પાંચ ઘડી, વ્યાઘાત યોગની નવ ઘડી, ગંડ અને અતિગંડ યોગની છ છ ઘડી સર્વ શુભ કામોમાં ત્યાગવી. તેમજ ઉપર કહેલા આ યોગોનો શેષ ભાગ પણ સાધારણ જાણવો અને તે સાધારણ ફળદાતા છે. કેટલાક આચાર્યો વિરૂદ્ધ યોગોનો પહેલો પાદજ તજવો એમ કહે છે. ૬૬, ૬૭, ૬૮.

"Aho Shrutgyanam"

## કરણ પ્રકરણ.

**करणानि चराख्यानि बवबालवकौलवम् ॥**
**तैत्तिलं गरवाणिज्ये विष्टिरेतानि सप्त च ॥६९॥**
**गताश्च तिथयो द्वाभ्यां निघ्नाः शुक्लादितः क्रमात् ॥**
**बवाश्च करणं पूर्वे ज्ञेयं सैकं परे दले ॥७०॥**
**परे कृष्णचतुर्दश्यां दले च शकुनिर्भवेत् ॥**
**दर्शे चतुष्पदं नागं पूर्वापरविभागयोः ॥७१॥**
**शुक्ले प्रतिपदः पूर्वे दले किंस्तुघ्नसंज्ञकम् ॥**
**एतेषां करणानां हि चतुष्कं स्थिरसंज्ञकम् ॥७२॥**

(૧) બવ, (૨) બાલવ, (૩) કૌલવ, (૪) તૈત્તિલ, (૫) ગર, (૬) વાણિજ્ય અને (૭) વિષ્ટિ; આ સાત કરણ ચરસંજ્ઞક છે. ૬૯.

શુકલ પક્ષની પ્રતિપદાથી ગત તિથિઓને બમણી કરે અને જે અંક આવે તે અનુક્રમે બવાદિ કરણ તિથિના પૂર્વાર્ધમાં થાય છે અને જો તિથિના ઉત્તરાર્ધમાં કરણ જાણવી હોય તો બમણી કરેલી ગત તિથિઓમાં એક (૧) ઉમેરી બવાદિ કરણ જાણવી અને એટલું ધ્યાનમાં રાખવું કે દરેક તિથિને બે કરણ ભોગવે છે.

કૃષ્ણપક્ષની ચૌદશના બીજા ભાગમાં શકુનિ કરણ આવે છે અને અમાસના પહેલા ભાગમાં ચતુષ્પદ તથા બીજા ભાગમાં નાગ કરણ આવે છે તેમજ શુકલ પક્ષની પ્રતિપદાના પહેલા ભાગમાં કિંસ્તુઘ્ન કરણ આવે છે. આ ચારે કરણોની સ્થિર સંજ્ઞા જાણવી. ૭૦, ૭૧, ૭૨.

## કરણોના સ્વામી.

**इन्द्रो ब्रह्मा तथा मित्रश्चार्यमाभूरमायमाः ॥**
**कलिधर्माक्षनागाजः करणानामधीश्वराः ॥७३॥**

( ૧ ) ઇંદ્ર, ( ૨ ) બ્રહ્મા, ( ૩ ) મિત્ર, ( ૪ ) અર્યમા, ( ૫ ) પૃથ્વી, ( ૬ ) લક્ષ્મી, ( ૭ ) યમ, ( ૮ ) કલિ, ( ૯ ) વૃષ, ( ૧૦ ) સર્પ અને ( ૧૧ ) વાયુ; આ ક્રમે બવાદિ કરણોના સ્વામી જાણવા. ૭૩.

## કરણોમાં કરવાનાં કાર્ય.

**बवे पौष्टिककार्याणि विप्रकर्माणि बालवे ॥**
**कौलवे स्त्रीसुहृत्कर्म तैत्तिले सुभगाप्रियम् ॥७४॥**

"Aho Shrutgyanam"

गरे बीजाश्रितं कुर्याद्वाणिज्यं वणिजे चरेत् ॥
दाहपातादिकं विष्टयां न शुभं तत्र किञ्चन ॥७५॥
शकुनावौषधं मंत्रसाधनं पौष्टिकं चरेत् ॥
राज्यं गोविप्रयोः कर्म पितृकार्यं चतुष्पदे ॥७६॥
सौभाग्यं दारुणं नागे किंस्तुघ्ने मंगलं चरेत् ॥
एवंविधश्च विज्ञेयः करणानां कार्यविस्तरः ॥७७॥

બવ કરણમાં પૌષ્ટિક કર્મ, બાલવમાં બ્રાહ્મણોનાં કર્મ, કૌલવમાં સ્ત્રી અને મિત્રનાં કર્મ, તૈત્તિલમાં સૌભાગ્યવતી સ્ત્રીને પ્રિય કાર્ય, ગરમાં ખેતરમાં બી વાવવું તથા હળ જોતવું, વણિજમાં વાણિજ્ય કર્મ અને વિષ્ટિમાં–ભદ્રામાં–અગ્નિ લગાડવી, પાડવું વિગેરે દુષ્ટ કર્મ કરવાં પરંતુ કોઈ પણ શુભ કર્મ કરવું નહિ. શકુનિમાં ઔષધ સેવન, મંત્રસાધના, પૌષ્ટિક કાર્ય, ચતુષ્પાદમાં રાજ્યકર્મ, ગૌબ્રાહ્મણ કર્મ અને પિતૃકાર્ય, નાગમાં સૌભાગ્ય કર્મ તથા દારૂણ કર્મ અને કિંસ્તુઘ્ન કરણમાં મંગલ કાર્ય કરવાં. આ પ્રમાણે કરણોનો કાર્યવિસ્તાર જાણવો. ૭૪, ૭૫, ૭૬, ૭૭.

**કરણ ચક્ર.**

| શુક્લ પક્ષની તિથિ ૩૦ ઘડી | | | | કૃષ્ણ પક્ષની તિથિ ૩૦ ઘડી | | | | કરણનાં નામ | સ્વામી | સ્થિરાદિ સંજ્ઞા | શુભાશુભ કાર્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પૂર્વ ભાગ | | ઉત્તર ભાગ | | પૂર્વ ભાગ | | ઉત્તર ભાગ | | | | | |
| ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | કિંસ્તુઘ્ન | વાયુ | સ્થિર | શુભ કાર્ય કરવાં |
| ૫ | ૮ | ૧ | ૧૫ | ૪ | ૧૧ | ૭ | ૦ | બવ | ઇન્દ્ર | ચર | વ્રતોત્સવ, દેવળ, તલાવ કરાવવાં. |
| ૨ | ૯ | ૫ | ૧૨ | ૧ | ૮ | ૪ | ૧૧ | બાલવ | બ્રહ્મા | ચર | બ્રાહ્મણનાં કર્મ કરવાં. |
| ૬ | ૧૩ | ૨ | ૯ | ૫ | ૧૨ | ૧ | ૮ | કૌલવ | મિત્ર | ચર | સ્ત્રી અને મિત્રનાં કર્મ કરવાં. |
| ૩ | ૧૦ | ૬ | ૧૩ | ૨ | ૯ | ૫ | ૧૨ | તૈત્તિલ | સૂર્ય | ચર | વિવાહાદિ મંગળ કાર્ય કરવાં. |
| ૭ | ૪ | ૩ | ૧૦ | ૬ | ૧૩ | ૨ | ૯ | ગર | ભૂમિ | ચર | બીજ વાવવું, હળ જોતવું. |
| ૪ | ૧૧ | ૭ | ૧૪ | ૩ | ૧૦ | ૬ | ૧૩ | વણિજ | લક્ષ્મી | ચર | દેવપ્રતિષ્ઠા, ઘર, દુકાન બાંધવી. |
| ૮ | ૧૫ | ૧૪ | ૧૧ | ૭ | ૧૪ | ૩ | ૧૦ | વિષ્ટિ | યમ | ચર | શુભ કર્મ ન કરવાં. વિષ, શત્રુને હણવો, ક્રૂર કર્મ કરવાં. |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪ | શકુનિ | કલિ | સ્થિર | મંત્ર સાધન, ઔષધ સેવન, ગ્રહ પૂજા, પૌષ્ટિક કર્મ કરવાં. |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦ | ૦ | ૦ | ચતુષ્પાદ | વૃષ | સ્થિર | રાજ્યાભિષેક, ગાય, ભેંસ લેવી અને મિત્ર કાર્ય કરવાં. |
| ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૩૦ | નાગ | સર્પ | સ્થિર | સૌભાગ્ય કર્મ, યુધ્ધે જવું, ધૈર્ય રાખવું, વિદ્યાભ્યાસ કરવો. |

"Aho Shrutgyanam"

### ભદ્રા સંબંધમાં વિશેષ.

**एकादश्यां चतुर्थ्याञ्च शुक्ले भद्रा परे दले ॥**
**अष्टम्यां पौर्णिमायाञ्च भद्रा पूर्वदले स्मृता ॥७८॥**
**तृतीयायां दशम्याञ्च कृष्णपक्षे परे दले ॥**
**सप्तम्याञ्च चतुर्दश्यां भद्रा पूर्वदले भवेत् ॥७९॥**

શુકલ પક્ષની અગિયારસ તથા ચોથના રોજ તિથિના ઉત્તરાર્ધ એટલે બીજા ભાગમાં ભદ્રા રહે છે, અને શુકલ પક્ષની આઠમ તથા પૂર્ણિમાના દિવસે તિથિના પૂર્વાર્ધ એટલે પહેલા ભાગમાં ભદ્રા રહે છે અને કૃષ્ણ પક્ષના ત્રીજ તથા દશમના દિવસે ઉત્તરાર્ધ ભાગમાં તથા કૃષ્ણ પક્ષની સાતમ તેમજ ચોથના દિવસે પૂર્વાર્ધમાં ભદ્રા હોય છે. ૭૮, ૭૯.

### ભદ્રાનું અંગ વિભાગનું ફળ.

**पञ्चनाड्यो मुखे चैका कण्ठे तु हृदये दश ॥**
**पञ्च नाभौ कटौ षट् च विष्टेः पुच्छं घटित्रयम् ॥८०॥**
**कार्यनाशो मृतिर्लक्ष्म्या नाशो बुद्धेर्हतिः कलिः ॥**
**ज्ञेयं क्रमात्फलं विष्टेरिदमङ्गसमुद्भवम् ॥**
**कार्येऽत्यावश्यके विष्टेर्मुखमात्रं परित्यजेत् ॥८१॥**

પાંચ ( ૫ ) ઘડી મુખમાં, એક ( ૧ ) કંઠમાં, દશ ( ૧૦ ) હૃદયમાં, પાંચ ( ૫ ) નાભિમાં, છ ( ૬ ) કટિ ( કેડ )માં અને ત્રણ ( ૩ ) પૂંછડામાં એવી રીતે ત્રીસ ( ૩૦ ) ઘડિયોના વિભાગથી ભદ્રાનાં છ અંગો સમજવાં તથા કાર્યનાશ, મૃત્યુ, લક્ષ્મીનાશ, બુદ્ધિનાશ, કલેશ અને જય; આ પ્રમાણે અનુક્રમે ભદ્રાનાં છએ અંગોનાં ફળ જાણવાં. પરંતુ જો અતિ આવશ્યક કાર્ય હોય તો ભદ્રાનું મુખમાત્ર ત્યાગવું. ૮૦,૮૧.

### કલ્યાણી ભદ્રા.

**सुरभे वत्स ! या भद्रा सोमे सौम्ये सिते गुरौ ॥**
**कल्याणी नाम सा प्रोक्ता सर्वकार्याणि साधयेत् ॥८२॥**

હે વત્સ ! દેવ નક્ષત્રમાં સોમ, બુધ, શુક્ર અને ગુરૂવારે જે ભદ્રા આવે છે તેને કલ્યાણી ભદ્રા કહી છે અને તે સર્વ કાર્યોને સાધનારી છે. ૮૨.

### ભદ્રાના દોષોનો અપવાદ.

**तिथेः पूर्वार्धजा रात्रौ दिने भद्रा परार्द्धजा ॥**
**भद्रा दोषो न तत्र स्यात् कार्येऽत्यावश्यके सति ॥८३॥**



"Aho Shrutgyanam"

अजत्रयेऽब्जे लिङ्गे च भद्रा स्वर्लोकचारिणी ॥
कन्याद्वये धनुर्युग्मे चन्द्रे भद्रा रसातले ॥८४॥
कुंभे मीने तथा कर्के सिंहे चन्द्रे भुवि स्थिता ॥
भूर्लोकस्था सदा त्याज्या स्वर्गपातालगा शुभा ॥८५॥
वैधृतिर्व्यतिपातश्च विष्टिश्च भौमवासरः ॥
तथैव दुष्टताराः स्युर्मध्याह्नात्परतः शुभाः ॥८६॥

તિથિની પૂર્વાર્ધ ભાગની ભદ્રા રાત્રિમાં તથા ઉત્તરાર્ધની ભદ્રા દિવસે આવે તો અતિ આવશ્યક કાર્યમાં ભદ્રાનો દોષ આવતો નથી.

મેષ, વૃષ, મિથુન અને વૃશ્ચિકના ચંદ્રમામાં ભદ્રા સ્વર્ગ લોકમાં; કન્યા, તુલા, ધન અને મકરના ચંદ્રમામાં ભદ્રા પાતાલ લોકમાં તથા કુંભ, મીન, કર્ક અને સિંહના ચંદ્રમામાં ભદ્રા મૃત્યુ લોકમાં રહે છે. ભૂર્લોક ( પૃથ્વી ) ની ભદ્રા સર્વદા તજવી અને સ્વર્ગ તથા પાતાલ લોકની ભદ્રા સર્વદા શુભ જાણવી.

## ભદ્રા ચક્ર

| પક્ષ | તિથિ | ભદ્રાનો વાસ તથા નામ | ઘડી સંખ્યા | સ્થાન ફળ | ચંદ્રમા | લોકવાસ | ફળ |
|---|---|---|---|---|---|---|---|
| કૃષ્ણ પક્ષ | ૩ ૧૦ | આ તિથિઓના બીજા ભાગમાં ભદ્રા રહે છે, સર્પિણી નામ | ૩ | પુચ્છ વિજય | મેષ વૃષ મિથુન વૃશ્ચિક | સ્વર્ગ લોક | સુખ |
| શુકલ પક્ષ | ૪ ૧૧ | આ તિથિઓના બીજા ભાગમાં ભદ્રા રહે છે, વૃશ્ચિકી નામ | ૬ | કટિ બુદ્ધિ નાશ | | | |
| કૃષ્ણ પક્ષ | ૭ ૧૪ | આ તિથિઓના પહેલા ભાગમાં ભદ્રા રહે છે, સર્પિણી નામ | ૫ | નાભિ બુદ્ધિ નાશ | કન્યા તુલા ધન મકર | પાતાલ લોક | ધન પ્રાપ્તિ |
| શુકલ પક્ષ | ૮ ૧૫ | આ તિથિઓના પહેલા ભાગમાં ભદ્રા રહે છે, વૃશ્ચિકી નામ | ૧૦ | હૃદય લક્ષ્મી નાશ | | | |
| | | | ૫ | કંઠે મૃત્યુ | કુંભ મીન કર્ક | મૃત્યુ લોક | અશુભ |
| | | | ૫ | મુખ, કાર્યનાશ | સિંહ | | |

"Aho Shrutgyanam"

વૈધૃતિ યોગ, વ્યતિપાત, ભદ્રા, મંગળવાર અને દુષ્ટતારા; આ સર્વ મધ્યાહ્ન ( બપોરના બાર વાગ્યા ) પછી શુભ જાણવાં. ૮૩, ૮૪, ૮૫, ૮૬.

## ચંદ્રનું શુભાશુભ ફળ.

**स्वजन्मराशिमारभ्य चन्द्रराशिस्थितं फलम् ॥**
**चन्द्रे जन्मस्थिते पुष्टिर्द्वितीये नो सुखं भवेत् ॥८७॥**
**तृतीये धनलाभश्च चतुर्थे रोगसंभवः ॥**
**पञ्चमे कार्यनाशश्च षष्ठे द्रव्यागमो महान् ॥८८॥**
**सप्तमे भूपसम्मानस्त्वष्टमे मरणं ध्रुवम् ॥**
**नवमे च भयं ज्ञेयं दशमे कार्यसंपदम् ॥**
**एकादशेऽर्थलाभश्च द्वादशे विविधापदः ॥८९॥**

પોતાની જન્મરાશિથી ચંદ્રમાની રાશિ સુધીનું ફળ કહેવામાં આવે છે.

ચંદ્રમા જન્મરાશિમાં સ્થિત હોય તો પુષ્ટિ, બીજે હોય તો સુખની અપ્રાપ્તિ, ત્રીજે ધન લાભ, ચોથે હોય તો રોગની ઉત્પત્તિ, પાંચમો કાર્યનાશ, છઠ્ઠો મોટી દ્રવ્ય પ્રાપ્તિ, સાતમો રાજસન્માન, આઠમો મરણ, નવમો ભય, દશમો કાર્ય સંપત્તિ, અગિયારમો દ્રવ્યલાભ અને બારમો ચંદ્ર હોય તો અનેક જાતિની ઉપાધિ કરે. ૮૭, ૮૮, ૮૯.

## શુકલપક્ષ વિશેષ.

**द्वितीयः पञ्चमश्चन्द्रो नवमश्च शुभप्रदः ॥**
**शुक्लपक्षे विशेषोऽयं तुल्यमन्यत्तथोभयोः ॥९०॥**
**चन्द्रस्यैव बलं शुक्ले न तु ताराप्रधानता ॥**
**रात्रौ कान्ते बलोपेते स्वातंत्र्यं न च योषितः ॥९१॥**
**कृष्णपक्षे तु ताराया बलं ग्राह्यं सदा यतः ॥**
**क्षीणे वा प्रोषिते कान्ते गार्हस्थ्यं गेहिनी चरेत् ॥९२॥**

શુકલ પક્ષમાં બીજો, પાંચમો અને નવમો ચંદ્રમા વિશેષ શુભપ્રદ છે. શુકલ પક્ષમાં આ વિશેષતા જાણવી અને તે સિવાયના અન્ય ચંદ્રમા બન્ને પક્ષોમાં સમાન ફળ આપનારા છે.

શુકલ પક્ષમાં ચંદ્રમાનુંજ બલ પ્રધાન ગણાય છે, તારાનું બલ ગણાતું નથી. કારણ કે જેમ પતિ બલસંપન્ન હોય તો રાત્રિએ સ્રીની સ્વતંત્રતા રહેતી નથી તેમ શુકલ પક્ષની રાત્રિએ ચંદ્ર બલવાન હોવાથી તારાની પ્રધાનતા રહેતી નથી.

"Aho Shrutgyanam"

परंतु कृष्णपक्षमां सर्वदा तारानुं बल ग्रहण करवुं. केमके ज्यारे पति क्षीण थाय छे अथवा विदेश जाय छे त्यारे घरनुं स्वामीपणुं घरनी स्त्रीज करे छे. ९०, ९१, ९२.

### तारा बल.

**जनिभान्नवकेषु त्रिषु जनिकर्माधानसंज्ञिताः प्रथमाः ॥**
**ताभ्यस्त्रिपञ्चसप्तमताराः स्युर्नहि शुभाः क्वचन ॥९३॥**

जन्म नक्षत्र या नामना नक्षत्रथी आरंभ करीने दिन या नक्षत्र सुधी गणी नव नवनी त्रण पंक्ति करवी. ए त्रणे पंक्तिनी प्रथम ताराओनां नाम क्रमथी जन्मतारा, कर्मतारा अने आधान तारा जाणवां. ए त्रणे पंक्तिमां, त्रीजी, पांचमी अने सातमी अशुभ जाणवी ९३.

### तारानुं कोष्ठक.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| १ जन्म | २ संपत | ३ विपत | ४ क्षेम | ५ यर्म | ६ सधन | ७ निधन | ८ मैत्री | ९ परम मैत्री |
| १० कर्म | ११ ,, | १२ ,, | १३ ,, | १४ ,, | १५ ,, | १६ ,, | १७ ,, | १८ ,, |
| १९ आधान | २० ,, | २१ ,, | २२ ,, | २३ ,, | २४ ,, | २५ ,, | २६ ,, | २७ ,, |

आ ताराओमां प्रथम, बीजी अने आठमी तारा मध्यम फळ आपनारी छे. त्रीजी, पांचमी अने सातमी तारा अधम छे तथा चोथी, छठ्ठी अने नवमी तारा श्रेष्ठ कही छे.

**ऋक्षं न्यूनं तिथिर्न्यूना क्षपानाथोऽपि चाष्टमः ॥**
**तत्सर्वं क्षोभयेत्तारा षट्चतुर्थनवस्थिता ॥९४॥**

नक्षत्र अशुभ होय, तिथि अशुभ अने चंद्रमा अशुभ होय तोपण छठ्ठी, चोथी अने नवमी तारा सर्वने दबावी दे छे. ९४.

**यात्रायुद्धविवाहेषु जन्मतारा न शोभना ॥**
**शुभाऽन्यशुभकार्येषु प्रवेशे च विशेषतः ॥९५॥**

यात्रा, युद्ध अने विवाहमां जन्मनी तारा सारी नथी परंतु बीजा शुभ कार्यमां जन्मनी तारा शुभ छे अने प्रवेश कार्यमां तो विशेषे करीने शुभ छे. ९५.

### चंद्रनी दिशा.

**मेषे च सिंहे धनपूर्वभागे वृषे च कन्यामकरे च याम्ये ॥**
**मिथुने च तूले घटपश्चिमायां कर्के च मीने च अलि उत्तरायाम् ॥९६॥**

"Aho Shrutgyanam"

ચંદ્ર મેષ, સિંહ અને ધન રાશિનો થાય ત્યારે પૂર્વમાં; વૃષભ, કન્યા અને મકરનો દક્ષિણમાં; મિથુન, તુલા અને કુંભનો પશ્ચિમમાં તથા કર્ક, મીન અને વૃશ્ચિકનો થાય ત્યારે ઉત્તર દિશામાં હોય છે. ૯૬.

**ચંદ્રની દિશાનું ફળ.**

**सन्मुखे चार्थलाभं तु दक्षिणे सुखसंपदः ॥**
**पश्चिमे कुरुते मृत्युं वामे चन्द्रो धनक्षयम् ॥९७॥**

પ્રયાણમાં ચંદ્ર સન્મુખ હોય તો અર્થ લાભ–ધન પ્રાપ્તિ કરાવે, જમણી બાજુએ હોય તો સુખ સંપદા આપે, પાછળ હોય તો મરણ નીપજાવે અને ડાબી બાજુએ હોય તો ધનનો ક્ષય કરે. ૯૭.

**અન્ય દોષોને હરનાર ચંદ્ર.**

**करणभगणदोषं वारसंक्रान्तिदोषं,**
**कुतिथिकुलिकदोषं यामयामार्धदोषम् ॥**
**कुजशनिरविदोषं राहुकेत्वादिदोषं,**
**हरति सकलदोषं चन्द्रमाः सन्मुखस्थः ॥९८॥**

સન્મુખ રહેલો ચંદ્ર કરણ, નક્ષત્ર, વાર, સંક્રાન્તિ, કુતિથિ, કુલિક, પ્રહર, ચોઘડિયાં, મંગળ, શનિ, રવિ, રાહુ, કેતુ વિગેરે ગ્રહોના દોષ તેમજ અન્ય બધા દોષોને હરે છે. ૯૮.

**ચારે દિશામાં ફરતા ચંદ્રની ઘડી.**

**नाड्यः सप्तदश प्राच्यां याम्यां तिथिमतास्ततः ॥**
**ततः स्वर्गमिताः प्रत्यगुत्तरस्यां तु षोडश ॥९९॥**
**पुनः सप्तदश प्राच्यां दक्षिणस्यां चतुर्दश ॥**
**पश्चिमे नवसंख्यास्ता उदिच्यां पञ्चभूमिताः ॥१००॥**
**वारद्वयं भ्रमश्चेन्दोः स्ववासस्थानतः क्रमात् ॥**
**एकराशिस्थितोऽपीह तद्दिशाजं फलं दिशेत् ॥१०१॥**

આવશ્યક કાર્યમાં, ઘટિકાત્મક ચંદ્રમા ચારે દિશામાં ફરે છે તે લેવો. ચંદ્રમા ૧૭ ઘડી પૂર્વમાં, ૧૫ ઘડી દક્ષિણમાં, ૨૧ ઘડી પશ્ચિમમાં, ૧૬ ઘડી ઉત્તરમાં અને ફરી પાછો ૧૭ ઘડી પૂર્વમાં, ૧૪ ઘડી દક્ષિણમાં, ૨૦ ઘડી પશ્ચિમમાં તથા ૧૫ ઘડી ઉત્તરમાં રહે છે. આ પ્રમાણે ચંદ્રમા પોતાના નિવાસ સ્થાનથી અનુક્રમે ચારે દિશાઓમાં બે વાર ફરી વળે છે તો પણ ચંદ્રમા તો એકજ રાશિમાં સ્થિતિ કરી રહે છે પરંતુ ફળ તો તેજ દિશાનું આવે છે કે જે દિશામાં તે રહે છે. ૯૯, ૧૦૦, ૧૦૧.

"Aho Shrutgyanam"

## રાશિ લગ્ન ચક્ર.

| નામ | મેષ | વૃષ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નામના અક્ષર | અ, લા, ઇ | બા. વા, ઉ | ક, છ, ઘ | ડા, હા | મા. ટા | પા, ઠ, ણુ | રા, તા, | તો, યા | ભ, ઢ, ફ, ધ | ખા, જા, | ગો, સા | દા, ચા, ઝા, થા |
| સ્વામી | ભોમ | શુક્ર | બુધ | સોમ | રવિ | બુધ | શુક્ર | ભોમ | ગુરૂ | શનિ | શનિ | ગુરુ |
| શુભત્રિશાંશો | ૨૭ | ૨૦ | ૧૭ | ૪–૮ | ૧૮ | ૪–૮ | ૨૪ | ૧૨ | ૧૭ | ૨૨ | ૨૬ | ૪–૮ |
| શુભ નવમાંશો | ૭–૯ | ૩–૫ | ૬ | ૧–૩ | ૬ | ૩ | ૮–૯ | ૪ | ૬–૭–૯ | ૫ | ૬–૮ | ૧–૩ |
| માસ | ચૈત્ર | વૈશાખ | જ્યેષ્ઠ | અસાડ | શ્રાવણ | ભાદરવો | આસો | કાર્તિક | માર્ગશીર્ષ | પોષ | મહા | ફાગણ |
| ઋતુ | વસંત | ગ્રીષ્મ | ગ્રીષ્મ | વર્ષા | વર્ષા | શરદ | શરદ | હેમંત | હેમંત | શિશિર | શિશિર | વસંત |
| રવિદગ્ધા તિથિ | ૬ | ૪ | ૮ | ૬ | ૧૦ | ૮ | ૧૨ | ૧૦ | ૨ | ૧૨ | ૪ | ૨ |
| ચંદ્રદગ્ધા તિથિ | ૪ | ૧૦ | ૪ | ૧૦ | ૬ | ૧૨ | ૬ | ૧૨ | ૨ | ૮ | ૨ | ૮ |
| ક્રૂર તિથિ | ૧–૫ | ૨–૫ | ૩–૫ | ૪–૫ | ૬–૧૦ | ૭–૧૦ | ૮–૧૦ | ૯–૧૦ | ૧૧–૧૫ | ૧૨–૧૫ | ૧૩–૧૫ | ૧૪–૧૫ |
| સ્વરૂપ | બકરો | બળદ | દંપત્તિ | કાચબો | શૈલાચારી | કન્યા | ત્રાજવુ | વીંછી | અશ્વનર | મૃગ | ઘડાવાળોનર | માછલું |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રંગ | લાલ | શ્વેત | ફીકાલીલો | ફીકા લાલ | પાંડુ, ધોળો | વિચિત્ર | કાળો | પિંગલ પીળો | પિંગલ પીળો | ચિત્રો | પીળાબજુ | ધુથોમલાદય |
| દિશાઓ | પૂર્વ | દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર | પૂર્વ | દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર | પૂર્વ | દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર |
| સ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ |
| લિંગ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ઉચ્ચ ગ્રહો | રવિ | સોમ | રાહુ | ગુરુ | ૦ | બુધ | શનિ | ૦ | કેતુ | ભોમ | ૦ | શુક્ર |
| નીચ ગ્રહો | શનિ | ૦ | કેતુ | ભોમ | ૦ | શુક્ર | રવિ | સોમ | રાહુ | ગુરુ | ૦ | બુધ |
| બલી ગ્રહો | ૫ | રવિ, સોમ | ૫ | રવિ, સોમ | ૫ | રવિ, સોમ | ૫ | રવિ, સોમ | ૫ | રવિ, સોમ | ૫ | રવિ, સોમ |
| ષડાષ્ટક | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન | મેષ | વૃષ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા |
| ષડાષ્ટકનું ફળ | પ્રીતિ | શત્રુ | પ્રીતિ | શત્રુ | પ્રીતિ | શત્રુ | પ્રીતિ | શત્રુ | પ્રીતિ | શત્રુ | પ્રીતિ | શત્રુ |
| બીયા બારું | મીન | મેષ | વૃષ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ |
| ,, ફળ | શ્રેષ્ઠ | અશુભ | શ્રેષ્ઠ | અશુભ | શ્રેષ્ઠ | શુભ | શ્રેષ્ઠ | અશુભ | શ્રેષ્ઠ | અશુભ | શ્રેષ્ઠ | અશુભ |
| નવપંચક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન | મેષ | વૃષ | મિથુન | કર્ક |
| ,, ફળ | શુભ | શુભ | શુભ | મધ્યમ | શુભ | મધ્યમ | શુભ | શુભ | શુભ | શુભ | મધ્યમ | મધ્યમ |

"Aho Shrutgyanam"

## બાર રાશિના પુરૂષ તથા સ્ત્રીના ઘાત ચંદ્રાદિ.

| રાશિનાં નામ | મેષ | વૃષ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘાત માસ | કાર્તિક | માર્ગ-શીર્ષ | આષાઢ | પોષ | જ્યેષ્ઠ | ભાદ્ર-રવો | મહા | આસો | શ્રાવણ | વૈશાખ | ચૈત્ર | ફાગણ |
| ,, તિથિ | ૧,૬,૧૧ | ૫,૧૦,૧૫ | ૨,૭,૧૨ | ૧,૭,૧૨ | ૩,૮,૧૩ | ૫,૧૦,૧૫ | ૪,૯,૧૪ | ૧,૬,૧૧ | ૮,૩,૧૩ | ૪,૯,૧૪ | ૩,૮,૧૩ | ૫,૧૦,૧૫ |
| ,, વાર | રવિ | શનિ | સોમ | બુધ | શનિ | શનિ | ગુરૂ | શુક્ર | શુક્ર | મંગલ | ગુરૂ | શુક્ર |
| ,, નક્ષત્ર | મઘા | હસ્ત | સ્વાતિ | અનુ-રાધા | મૂલ | શ્રવણ | શત-ભિષા | રેવતી | ભરણી | રો-હિણી | આર્દ્રા | આ-શ્લેષા |
| ,, યોગ | વિષ્કુંભ | સુકર્મા | પરિઘ | વ્યા-ઘાત | ધૃતિ | શૂલ | સુકર્મા | વ્યતિ-પાત | વજ્ર | વૈધૃતિ | ગંડ | વજ્ર |
| ,, કરણ | બવ | શકુનિ | ચતુ-ષ્પાદ | નાગ | બવ | કૌલવ | તૈત્તિલ | ગર | તૈત્તિલ | શકુનિ | કિંસ્તુઘ્ન | ચતુ-ષ્પાદ |
| ,, પહોર | ૧ લો | ૪ થો | ૩ જો | ૧ લો | ૧ લો | ૧ લો | ૪ થો | ૧ લો | ૧ લો | ૪ થો | ૩ જો | ૪ થો |
| ,, સૂર્ય | ૪ થો | ૮ મો | ૧૨ મો | ૫ મો | ૯ મો | ૧ લો | ૬ ઠ્ઠો | ૧૦ મો | ૭ મો | ૧૧ મો | ૨ જો | ૩ જો |
| ,, ચંદ્ર | ૧ લો | ૫ મો | ૯ મો | ૨ જો | ૬ ઠ્ઠો | ૧૦ મો | ૪ થો | ૭ મો | ૪ થો | ૮ મો | ૧૧ મો | ૧૨ મો |
| ,, સ્ત્રી ચંદ્ર | ૧ લો | ૮ મો | ૭ મો | ૯ મો | ૬ ઠ્ઠો | ૩ જો | ૪ થો | ૨ જો | ૧૦ મો | ૧૧ મો | ૫ મો | ૧૨ મો |
| ,, મંગળ | ૫ મો | ૯ મો | ૧ લો | ૬ ઠ્ઠો | ૧૦ મો | ૨ જો | ૭ મો | ૧૧ મો | ૮ મો | ૧૨ મો | ૩ જો | ૪ થો |
| ,, બુધ | ૨ જો | ૬ ઠ્ઠો | ૧૦ મો | ૩ જો | ૭ મો | ૧ લો | ૮ મો | ૮ મો | ૫ મો | ૯ મો | ૧૨ મો | ૧ લો |
| ,, ગુરૂ | ૬ ઠ્ઠો | ૨ જો | ૧૧ મો | ૭ મો | ૧૧ મો | ૩ જો | ૫ મો | ૧૨ મો | ૯ મો | ૧ લો | ૪ થો | ૩ જો |
| ,, શુક્ર | ૭ મો | ૧૦ મો | ૩ જો | ૮ મો | ૧૨ મો | ૪ થો | ૯ મો | ૧ લો | ૧૦ મો | ૭ મો | ૫ મો | ૨ જો |
| ,, શનિ | ૩ જો | ૭ મો | ૧૧ મો | ૪ થો | ૮ મો | ૧૨ મો | ૫ મો | ૯ મો | ૧ લો | ૧૦ મો | ૧ લો | ૬ ઠ્ઠો |
| ,, રાહુ | ૮ મો | ૧૨ મો | ૪ થો | ૯ મો | ૧ લો | ૫ મો | ૧૦ મો | ૨ જો | ૧૧ મો | ૩ જો | ૬ ઠ્ઠો | ૭ મો |
| ,, લગ્ન | ૧ લું | ૨ જું | ૪ થું | ૭ મું | ૧૦ મું | ૧૨ મું | ૬ ઠ્ઠું | ૮ મું | ૯ મું | ૧૧ મું | ૩ જું | ૫ મું |

"Aho Shrutgyanam"

## ગ્રહબલ અને ચંદ્રબલ વિષે.

**उद्वाहे चोत्सवे जीवः सूर्यो भूपालदर्शने ॥**
**संग्रामे धरणीपुत्रो विद्याभ्यासे बुधो बली ॥१०२॥**
**यात्रायां भार्गवः प्रोक्तो दीक्षायाश्च शनैश्चरः ॥**
**चन्द्रमाः सर्वकार्येषु प्रशस्तो गृह्यते बुधैः ॥१०३॥**

વિવાહ અને ઉત્સવમાં ગુરૂનું બળ, રાજદર્શનમાં સૂર્યનું બળ, સંગ્રામમાં મંગળનું બળ, વિદ્યાભ્યાસમાં બુધનું બળ, યાત્રામાં શુક્રનું બળ, દીક્ષા લેવામાં શનિનું બળ અને સર્વ કાર્યોમાં ચંદ્રમાનું બળ પ્રશસ્ત છે, તેથી બુદ્ધિમાન પુરૂષો તેનું બળ ગ્રહણ કરી કાર્યારંભ કરે છે. ૧૦૨, ૧૦૩.

## તિથિવાર સિદ્ધિયોગ.

**एकादशी जीवदिने च षष्ठी भौमे त्रयोदश्यपि शुक्रवारे ॥**
**सूर्यो नवैकाष्टमिकाश्च सिद्धाश्चंद्रे द्वितीयादशमीनवम्यः ॥१०४॥**

એકાદશીના દિવસે ગુરૂવાર હોય, છઠને દિવસે મંગળવાર હોય, તેરશના દિવસે શુક્રવાર હોય; નવમી, એકમ અને આઠમ; એ ત્રણ તિથિઓમાંની ગમે તે તિથિના દિવસે રવિવાર હોય તથા બીજ, દશમ અને નવમી; એ ત્રણ તિથિઓમાંથી ગમે તે તિથિના દિવસે સોમવાર હોય તો તે દિવસે સિદ્ધિયોગ જાણવો. ૧૦૪.

**नंदा भृगौ बुधे भद्रा मंदे रिक्ता कुजे जया ॥**
**गुरौ पूर्णा खिले कार्ये सिद्धियोगाः शुभावहाः ॥१०५॥**
**नंदा भद्रा तथा नंदा जया रिक्ताथ भद्रिका ॥**
**पूर्णा सूर्यादिवारेषु वशिष्ठादिमतेऽशुभाः ॥१०६॥**

શુક્રવારના દિવસે નંદા તિથિ, બુધવારે ભદ્રા, શનિવારે રિક્તા, મંગળવારે જયા અને ગુરૂવારના દિવસે પૂર્ણા તિથિ હોય તો સિદ્ધિયોગ થાય છે અને તે સર્વ કાર્યોમાં શુભાવહ જાણવો. ૧૦૫.

નંદા, ભદ્રા, નંદા,જયા, રિક્તા, ભદ્રા અને પૂર્ણા; એ તિથિઓ સૂર્યાદિ સાત વારોમાં અનુક્રમે હોય તો વશિષ્ઠાદિ ઋષિઓએ અશુભ યોગ માન્યો છે. ૧૦૬.



"Aho Shrutgyanam"

## નક્ષત્ર વાર અમૃતસિદ્ધ યોગ.

**अर्के हस्तो मृगश्चन्द्रे गुरौ पुष्योऽश्विनि कुजे ॥**
**अनुराधा बुधे शुक्रे रेवती रोहिणी शनौ ॥१०७॥**
**अमृतः सिद्धियोगः स्यात् सर्वकार्यार्थसिद्धिदः ॥**
**यथा सूर्यस्तमो हन्ति दोषसंघांस्तथा त्वयम् ॥१०८॥**

રવિવારે હસ્ત, સોમવારે મૃગશિર, ગુરૂવારે પુષ્ય, મંગળવારે અશ્વિની, બુધવારે અનુરાધા, શુક્રવારે રેવતી અને શનિવારે રોહિણી નક્ષત્ર હોય તો અમૃતસિદ્ધિ યોગ થાય છે. તે સર્વ કાર્યો તથા સર્વ પ્રકારના અર્થની સિદ્ધિને આપનાર છે. જેમ સૂર્ય અંધકારનો નાશ કરે છે તેવી રીતે આ અમૃતસિદ્ધિ યોગ સર્વ પ્રકારના દોષોના સમૂહોનો શીઘ્ર નાશ કરે છે. ૧૦૭, ૧૦૮.

## અમૃતસિદ્ધિયોગ તજવા વિષે..

**पञ्चम्यादितिथौ त्याज्या हस्तार्काद्याः क्रमाच्छुभे ॥**
**योगाश्चामृतसिद्ध्याख्या अन्ये सर्वार्थसाधकाः ॥१०९॥**
**उद्वाहे गुरुपुष्यश्च प्रवेशे तु कुजाश्विनीम् ॥**
**त्यजेदेतत्प्रयत्नेन प्रयाणे शनिरोहिणीम् ॥११०॥**

પંચમ્યાદિ તિથિઓમાં અનુક્રમે હસ્ત અને રવિવારાદિથી થતો અમૃતસિદ્ધિ નામનો યોગ શુભ કાર્યમાં ત્યાગવો કહ્યો છે અર્થાત્ તિથિ પાંચમે હસ્ત નક્ષત્ર અને રવિવાર, છઠના દિવસે મૃગશિર અને સોમવાર, સાતમના દિવસે અશ્વિની અને મંગળ વાર, આઠમના દિવસે અનુરાધા અને બુધવાર, નોમના દિવસે પુષ્ય અને ગુરૂવાર; આ દિવસોએ અમૃતસિદ્ધિ યોગ શુભ કાર્યમાં તજવો અને આ સિવાયના બીજા અમૃત-સિદ્ધિયોગ સર્વ કાર્યોની સિદ્ધિ કરનારા છે. ૧૦૯.

વિવાહમાં ગુરૂવારના દિવસે પુષ્ય, ગૃહપ્રવેશમાં મંગળવારે અશ્વિની અને યાત્રામાં શનિવારના દિવસે રોહિણી ઇત્યાદિ નક્ષત્ર વારના યોગોને યત્નપૂર્વક તજવા. ૧૧૦.

## સિદ્ધ યોગ ચક્ર

| વાર | રવિ | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|---|
| તિ. સિદ્ધિ યોગ | ... | ... | ૩, ૮, ૧૩ | ૨, ૭, ૧૨ | ૫, ૧૦, ૧૫ | ૧, ૬, ૧૧ | ૪, ૯, ૧૪ |
| તિ. અશુભ યોગ | ૧, ૬, ૧૧ | ૨, ૭, ૧૨ | ૧, ૬, ૧૧ | ૩, ૮, ૧૩ | ૪, ૯, ૧૪ | ૨, ૭, ૧૨ | ૫, ૧૦, ૧૫ |
| નક્ષત્ર અમૃત સિદ્ધિ યોગ | હસ્ત | મૃગશિર | અશ્વિની | અનુરાધા | પુષ્ય | રેવતી | રોહિણી |

"Aho Shrutgyanam"

## વાર, તિથિ, નક્ષત્ર મળી થતું યોગ ચક્ર.

| યોગનાં નામ | ગમે તે વાર | ગમે તે તિથિ | કોઇ પણ નક્ષત્ર હોય | યોગનું ફળ |
|---|---|---|---|---|
| કુમાર યોગ | સોમ, મંગળ બુધ, ગુરૂ | ૧, ૫, ૬, ૧૦, ૧૧ | અ., રો., પુન., મ., હ., વિ., મૂ., શ્ર., પૂ-ભા. | ઘણો શ્રેષ્ઠ યોગ છે |
| રાજ યોગ | રવિ, મંગળ, બુધ, શુક્ર | ૨, ૩, ૭, ૧૨, ૧૫ | ભ., મૃ., પુષ્ય., પૂ-ફા., ચિ., અનુ., પૂ-ષા., ધ., ઉ-ભા. | શ્રેષ્ઠ છે |
| સ્થવિર યોગ | ગુરૂ, શનિ | ૪, ૮, ૯, ૧૩, ૧૪ | કૃ., આ., શ્ર., ઉ-ફા., સ્વા. જ્યે., ઉ-ષા., શ., રેવતી. | શ્રેષ્ઠ |
| દ્વિપુષ્કર યોગ | મં, ગુ, શ,. | ૨, ૭, ૧૨ | મૃ., ચિ., ધનિષ્ઠા. | શ્રેષ્ઠ |
| ત્રિપુષ્કર યોગ | મં, ગુ, શ,. | ૨, ૭, ૧૨ | કૃ., પુન., ઉ-ફા., વિ., પૂ-ભા., ઉ-ષા. | શ્રેષ્ઠ |

## નક્ષત્ર, વાર અને તિથિથી થતા અશુભ યોગ.

| યોગનાં નામ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | યોગનું ફળ |
|---|---|---|---|---|---|---|---|---|
| અમૃત સિદ્ધિ મૃત્યુ યોગ | હસ્ત તિ. ૫ | મૃગશિર તિ. ૬, | અશ્વિની તિ. ૭ | અનુરાધા તિ. ૮ | પુષ્ય તિ. ૯ | ... ... | ... ... | અશુભ |
| અબલા યોગ | આર્દ્રા તિ. ૧૨ | મૃગશિર તિ. ૧૧ | ... ... | રોહિણી તિ. ૨ | ... ... | ... ... | કૃત્તિકા તિ. ૫ | અશુભ |
| વિષ યોગ | કૃત્તિકા તિ. ૧૨ | ... ... | શતભિષા તિ. ૭ | ... ... | ... ... | ... ... | આશ્લેષા તિ. ૨ | અશુભ |
| દગ્ધ યોગ | ભરણી | ચિત્રા | ઉત્તરા. ષા. | ધનિષ્ઠા | ઉત્તરા-ફા. | જ્યેષ્ઠા | રેવતી | અશુભ |
| યમ ઘંટ યોગ | મઘા | વિશાખા | આર્દ્રા | મૂલ | કૃત્તિકા | રોહિણી | હસ્ત | અશુભ |

## સર્વ દોષનો નાશ કરનાર રવિયોગ.

**सूर्यभाद्दशमे षष्ठे तुर्ये विंशे त्रयोदशे ॥**
**नवमे चन्द्रनक्षत्रे रवियोगः शुभप्रदः ॥**
**अनेकदोषसंघानां ध्वसंकोऽयमुदाहृतः ॥१११॥**

સૂર્યના નક્ષત્રથી ચંદ્રમાના (દિનિયા) નક્ષત્ર સુધી ગણતાં ૧૦ મું, ૬ઠું, ૪ થું, ૨૦ મું, ૧૩ મું અને ૯ મું નક્ષત્ર હોય ત્યારે રવિયોગ થાય છે તે શુભદાયક છે અને તે અનેક દોષના સમૂહોનો નાશ કરનાર કહેલો છે. ૧૧૧.

"Aho Shrutgyanam"

## આનંદાદિ અઠ્ઠાવિસ યોગનું ચક્ર.

| નંબર | યોગ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | તજવાની ઘડી. | ફળ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આનંદ | અશ્વિની | મૃગશિર | આશ્લેષા | હસ્ત | અનુરાધા | ઉ. ષાઢા | શતતારકા | ૦ | સિદ્ધિ |
| ૨ | કાળદંડ | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | અભિ. | પૂ. ભાદ્રપદા | આખું | મૃત્યુ |
| ૩ | ધૂમ્રાક્ષ | કૃત્તિકા | પુર્નવસુ | પૂ. ફાલ્ગુની | સ્વાતિ | મૂળ | શ્રવણ | ઉ. ભાદ્રપદા | ૧ | અસુખ |
| ૪ | પ્રજાપતિ | રોહિણી | પુષ્ય | ઉ. ફાલ્ગુની | વિશાખા | પૂ. ષાઢા | ધનિષ્ઠા | રેવતી | ૦ | સૌભાગ્ય |
| ૫ | સૌમ્ય | મૃગશિર | આશ્લેષા | હસ્ત | અનુરાધા | ઉ. ષાઢા | શતતારકા | અશ્વિની | ૦ | સૌભાગ્ય |
| ૬ | ધ્વાંક્ષ | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | અભિ. | પૂ. ભાદ્રપદા | ભરણી | ૫ | ધન ક્ષય |
| ૭ | ધ્વજ | પુનર્વસુ | પૂ. ફાલ્ગુની | સ્વાતિ | મૂળ | શ્રવણ | ઉ. ભાદ્રપદા | કૃતિકા | ૦ | સુખ |
| ૮ | શ્રીવત્સ | પુષ્ય | ઉ. ફાલ્ગુની | વિશાખા | પૂં. ષાઢા | ધનિષ્ઠા | રેવતી | રોહિણી | ૦ | સુખ |
| ૯ | વજ્ર | આશ્લેષા | હસ્ત | અનુરાધા | ઉ. ષાઢા | શતતારકા | અશ્વિની | મૃગશિર | ૫ | ક્ષય |
| ૧૦ | મુદ્‌ગર | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | અભિ. | પૂ. ભાદ્રપદા | ભરણી | આર્દ્રા | ૫ | ધનનાશ |
| ૧૧ | છત્ર | પૂ. ફાલ્ગુની | સ્વાતિ | મૂળ | શ્રવણ | ઉ. ભાદ્રપદા | કૃતિકા | પુનર્વસુ | ૦ | રાજમાન |
| ૧૨ | મિત્ર | ઉ. ફાલ્ગુની | વિશાખા | પૂર્વાષાઢા | ધનિષ્ઠા | રેવતી | રોહિણી | પુષ્ય | ૦ | પુષ્ટિ |
| ૧૩ | માનસ | હસ્ત | અનુરાધા | ઉ. ષાઢા | શતતારકા | અશ્વિની | મૃગશિર | આશ્લેષા | ૦ | સુખ |

"Aho Shrutgyanam"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | પદ્મ | ચિત્રા | જ્યેષ્ઠા | અભિજિત્ | પૂર્વા ભાદ્રપદ | ભરણી | આર્દ્રા | મઘા | ૪ | ધન પ્રાપ્તિ |
| ૧૫ | લુંબક | સ્વાતિ | મૂળ | શ્રવણ | ઉત્તરા ભાદ્ર. | કૃત્તિકા | પુનર્વસુ | પૂર્વાફાલ્ગુની | ૪ | ધન હાનિ |
| ૧૬ | ઉત્પાત | વિશાખા | પૂર્વાષાઢા | ધનિષ્ઠા | રેવતી | રોહિણી | પુષ્ય | ઉત્તરાફા. | આખું | પ્રાણનાશ |
| ૧૭ | મૃત્યુ | અનુરાધા | ઉત્તરાષાઢા | શતતારા | આશ્લેષા | મૃગશિર | આશ્લેષા | હસ્ત | આખું | મૃત્યુ |
| ૧૮ | કાણ | જ્યેષ્ઠા | અભિજિત્ | પૂર્વાભા. | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | ૨ | કલેશ |
| ૧૯ | સિદ્ધિ | મૂળ | શ્રવણ | ઉત્તરાભા. | કૃત્તિકા | પુનર્વસુ | પૂર્વાફાલ્ગુની | સ્વાતિ | ૦ | કાર્ય સિદ્ધિ |
| ૨૦ | શુભ | પૂર્વાષાઢા | ધનિષ્ઠા | રેવતી | રોહિણી | પુષ્ય | ઉત્તરાફા. | વિશાખા | ૦ | કલ્યાણ |
| ૨૧ | અમૃતસિદ્ધિ | ઉત્તરાષાઢા | શતતારા | અશ્વિની | મૃગશિર | આશ્લેષા | હસ્ત | અનુરાધા | ૦ | રાજમાન |
| ૨૨ | મૂસળ | અભિજિત્ | પૂર્વાભા. | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | ૪ | ધન ક્ષય |
| ૨૩ | ગદ | શ્રવણ | ઉત્તરાભા. | કૃત્તિકા | પુનર્વસુ | પૂર્વાફાલ્ગુની | સ્વાતિ | મૂળ | ૭ | ક્ષય |
| ૨૪ | માતંગ | ધનિષ્ઠા | રેવતી | રોહિણી | પુષ્ય | ઉત્તરાફા. | વિશાખા | પૂર્વાષાઢા | ૦ | કુળ વૃદ્ધિ |
| ૨૫ | રાક્ષસ | શતતારકા | અશ્વિની | મૃગશિર | આશ્લેષા | હસ્ત | અનુરાધા | ઉત્તરાષાઢા | આખું | મહા કષ્ટ |
| ૨૬ | ચર | પૂર્વાભાદ્રપદા | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | અભિજિત્ | ૩ | કાર્ય હાનિ |
| ૨૭ | સ્થિર | ઉત્તરાભા. | કૃત્તિકા | પુનર્વસુ | પૂર્વા ફાલ્ગુની | સ્વાતિ | મૂળ | શ્રવણ | ૦ | મહારંભ |
| ૨૮ | વર્ધમાન | રેવતી | રોહિણી | પુષ્ય | ઉત્તરાફાલ્ગુની | વિશાખા | પૂર્વાષાઢા | ધનિષ્ઠા | ૦ | લગ્ન |

## આનંદાદિ અઠ્ઠાવિશ યોગ.

आनन्दः कालदण्डोऽथ धूम्राक्षोऽथ प्रजापतिः ॥
सौम्यध्वांक्षध्वजाश्चैव श्रीवत्सो वज्रमुद्गरौ ॥११२॥
क्षत्रं मित्रं क्रमेणैव मानसः पद्मलुम्बकौ ॥
उत्पातमृत्युकाणाख्याः सिद्धिश्चैव शुभामृतौ ॥११३॥
मूसलश्च गदाख्यश्च मातङ्गो राक्षसश्चरः ॥
स्थिरः प्रवर्द्धमानश्च नामतुल्यफला अमी ॥११४॥

આનંદ ૧, કાલદંડ ૨, ધૂમ્રાક્ષ ૩, પ્રજાપતિ ૪, સૌમ્ય ૫, ધ્વાંક્ષ ૬, ધ્વજ ૭, શ્રીવત્સ ૮, વજ્ર ૯, મુદ્ગર ૧૦, ક્ષત્ર ૧૧, મિત્ર ૧૨, માનસ ૧૩, પદ્મ ૧૪, લુંબક ૧૫, ઉત્પાત ૧૬, મૃત્યુ ૧૭, કાણ ૧૮, સિદ્ધિ ૧૯, શુભ, ૨૦, અમૃત ૨૧, મૂસલ ૨૨, ગદ ૨૩, માતંગ ૨૪, રાક્ષસ ૨૫, ચર ૨૬, સ્થિર ૨૭ અને પ્રવર્દ્ધમાન ૨૮; આ અઠ્ઠાવીસ યોગ પોતાના નામ પ્રમાણે ફળ આપનારા જાણવા. ૧૧૨, ૧૧૩, ૧૧૪.

भानुवारेऽश्विनक्षत्रात्साभिजित्कैश्च सर्वभैः ॥
भवन्ति क्रमशो योगा अष्टाविंशतिसंख्यकाः ॥११५॥

રવિવારના દિવસે અશ્વિની નક્ષત્રથી વર્તમાન નક્ષત્ર સુધી ગણતાં જે સંખ્યા આવે તે અનુક્રમે આનંદાદિ યોગ જાણવા અને અભિજિત્ સહિત બધાં નક્ષત્રો ગણવાથી અઠ્ઠાવીસ આનંદાદિ યોગો થાય છે. ૧૧૫.

मृगादारभ्य रात्रीशे श्लेषातः कुजवासरे ॥
हस्ताद् बुधेऽनुराधाभाद्गुरुवारे तथैव च ॥
उत्तराषाढतः शुक्रे शततारादितः शनौ ॥११६॥

સોમવારના દિવસે મૃગશિરથી, મંગળવારના દિવસે આશ્લેષાથી, બુધવારના દિવસે હસ્તથી, ગુરૂવારના દિવસે અનુરાધાથી, શુક્રવારના દિવસે ઉત્તરાષાઢાથી અને શનિવારના દિવસે શતભિષાથી ગણી આનંદાદિ યોગ જાણવા. ૧૧૬.

"Aho Shrutgyanam"

## તિથિવારથી દુષ્ટ યોગ.

**द्वादश्यर्के विधौ षष्ठी भौमे सप्ताष्टमी बुधे ॥**
**दश शुक्रे शनौ रुद्रा गुरौ नव हुताशनः ॥११७॥**

રવિવારે દ્વાદશી, ચંદ્રવારે છઠ, મંગળવારે સપ્તમી, બુધવારે અષ્ટમી, શુક્રવારે દશમી, શનિવારે એકાદશી અને ગુરૂવારે નૌમી તિથિ હોય તો હુતાશન યોગ જાણવો. ૧૧૭.

**द्वादश्यर्के विधौ रुद्रा भौमे पञ्च बुधेऽग्नयः ॥**
**गुरौ षष्ठ्यष्टमी शुक्रे दग्धाख्यो नवमी शनौ ॥११८॥**

રવિવારે દ્વાદશી, ચંદ્રવારે એકાદશી, મંગળવારે પંચમી, બુધવારે તૃતીયા, ગુરૂવારે ષષ્ઠી, શુક્રવારે અષ્ટમી અને શનિવારે નવમી તિથિ હોય તો દગ્ધ યોગ જાણવો. ૧૧૮.

**चतुर्थ्यर्के विधौ षष्ठी द्वितीया ज्ञेऽष्टमी गुरौ ॥**
**नव शुक्रे विषाख्यश्च सप्तमी कुजमंदयोः ॥११९॥**

રવિવારે ચતુર્થી, ચંદ્રવારે ષષ્ઠી, બુધવારે દ્વિતીયા ગુરૂવારે, અષ્ટમી, શુક્રવારે નવમી તથા મંગળ અને શનિવારે સપ્તમી તિથિ હોય તો વિષ નામક યોગ જાણવો. ૧૧૯.

**शनौ षष्ठी भृगौ सप्ताऽष्टमी जीवे बुधे नव ॥**
**कुजे दश विधौ रुद्राः क्रकचो द्वादशी रवौ ॥१२०॥**

શનિવારે ષષ્ઠી, શુક્રવારે સપ્તમી, ગુરૂવારે અષ્ટમી, બુધવારે નવમી, મંગળવારે દશમી, ચંદ્રવારે એકાદશી અને રવિવારે દ્વાદશી તિથિ હોય તો ક્રકચ નામનો યોગ જાણવો. ૧૨૦.

**प्रतिपज्ज्ञे रवौ सप्त संवर्त्तो योग ईरितः ॥**
**दग्धादींस्तिथिवारोत्थांस्त्यजेद्योगान्शुभे सदा ॥१२१॥**

બુધવારે પ્રતિપદા અને રવિવારે સપ્તમી તિથિ હોય તો સંવર્ત યોગ જાણવો. તિથિવારોથી ઉત્પન્ન થએલા દગ્ધાદિ યોગો સર્વદા શુભ કાર્યમાં ત્યાગવા. ૧૨૧.

"Aho Shrutgyanam"

## તિથિવારનક્ષત્રોત્પન્ન દુષ્ટ યોગ તથા સિદ્ધયોગ ચક્ર.

| યોગનાં નામ | તિ. ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ફળ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હુતાશન યો. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ચંદ્ર | મંગ. | બુ. | ગુ. | શુ. | શ. | રવિ | ૦ | ૦ | ૦ | અશુભ |
| દગ્ધ યોગ | ૦ | ૦ | બુ. | ૦ | મં. | ગુ. | ૦ | શુ. | શ. | ૦ | ચં. | રવિ | ૦ | ૦ | ૦ | ,, |
| વિષ યોગ | ૦ | બુ. | ૦ | ર. | ૦ | ચં. | મં.શ. | ગુ. | શુ. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ,, |
| ક્રકચ યોગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | શ. | શુ. | ગુ. | બુ. | મં | ચં. | રવિ | ૦ | ૦ | ૦ | ,, |
| સંવર્ત યોગ | બુ. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ર. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ,, |
| ચોથનું ઘર | શ. | શુ. | ગુ. | બુ. | મં. | ચં. | ર. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ,, |
| મૃત્યુ યોગ | મં. ગુ. | ગુ. શુ. | બુ. શુ. | ગુ. શુ. | શ. | ર.ગુ. | ર.ચં. ગુ.શ | બુ. | શુ. | શ. | ર. મં. | ચં. ગુ. | ચં. બુ. | ર.બુ. શુ. | શ. | ,, |
| વજ્રપાત | ૦ | અનુ. | ઉત્ત. ૩ | ૦ | મ. | રો. | હ.મૂ. | પૂ. ભા. | કૃ. | ૦ | રો. | ૦ | ચિ. સ્વા. | ૦ | ૦ | ,, |
| કાલ મુખી | ૦ | ૦ | અનુ. | ઉત્ત. | મ. | ૦ | ૦ | રો. | કૃ. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ,, |
| જ્વાલામુખી | મૂ. | ૦ | ૦ | ૦ | ભ. | ૦ | ૦ | કૃ. | રો. | અશ્લે. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ,, |
| વર્જ્ય યોગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ભ. | ૦ | પુષ્ય | અશ્લે. | ૦ | ૦ | ચિ. | ૦ | ૦ | ,, |
| અશુભ યોગ | સૂ. મં. | ચં. શુ. | બુ. | ગુ. | શ. | સૂ. મં. | ચં. શુ. | બુ. | ગુ. | શ. | સૂ. મં. | ચં. શુ. | બુ. | ગુ. | શ. | ,, |
| સિદ્ધિ યોગ | ર.શુ. | ચં. બુ. | મં | શ. | ગુ. | મં. શુ. | બુ. | ર.મં. શ. | ર.ચં. શ. | ગુ. ચં. | ગુ. શુ. | બુ. | મં. શુ. | શ. | ગુ. | શુભ |

### ત્રિવિધ ગંડાંત તજવા વિષે.

**नक्षत्रतिथिराशीनां गण्डान्तं त्रिविधं त्यजेत् ॥**
**नवपञ्चचतुर्थ्यन्त्यं द्व्येकार्द्धघटिकामितम् ॥**
**तावन्मितं ततोऽग्र्याणामादावपि परित्यजेत् ॥१२२॥**

નક્ષત્ર, તિથિ અને રાશિ; એમનાં ત્રણ પ્રકારનાં ગંડાંત તજવાં અર્થાત્ નક્ષત્ર ગંડાંત, તિથિ ગંડાંત અને લગ્ન ગંડાંત તજવાં. નોમ, પાંચમ અને ચોથ; એ તિથિઓની અંતની અનુક્રમે બે ૨, એક ૧ અને અર્ધ ઘડી ગંડાન્ત થાય છે. અથવા

"Aho Shrutgyanam"

નોમની અંતની બે ૨, પાંચમની અંતની એક ૧ અને ચોથની અંતની ૦॥ અર્ધી ઘડી ગંડાંત સંજ્ઞક હોવાથી તજવી. આવી રીતે આગળ નક્ષત્ર અને લગ્નની આદિની ગંડાન્ત ઘડી તજવાની છે. ૧૨૨.

### નક્ષત્ર ગંડાંત.

**ज्येष्ठामूलर्क्षयोः संधौ रेवत्यश्विभयोस्तथा ॥**
**आश्लेषामघयोरन्तराले नाडी चतुष्टयम् ॥१२३॥**

જ્યેષ્ઠા અને મૂળ નક્ષત્રની સંધિમાં ચાર ઘડી ગંડાંત થાય છે. અર્થાત્ જ્યેષ્ઠાની અંતની બે ઘડી અને મૂળ નક્ષત્રની આદિની બે ઘડી, આશ્લેષાની અંતની બે ઘડી અને મઘાની આદિની બે ઘડી તથા રેવતીની અંતની બે ઘડી અને અશ્વિનીની આદિની બે ઘડી ગંડાંત થાય છે. ૧૨૩.

### અન્યમતે તિથિ ગંડાંત.

**अन्तरे पञ्चमीषष्ठ्योः पूर्णिमाद्याह्वयोरपि ॥**
**दशम्येकादशीसंधौ गण्डान्तं घटिकाद्वयम् ॥१२४॥**

પાંચમ અને છઠની સંધિમાં બે બે ઘડી ગંડાંત થાય છે અર્થાત્ પાંચમની અંતની એક ઘડી અને છઠની પ્રથમની એક ઘડી તથા દશમની અંતની અને એકાદશીની પ્રથમની એક ઘડી તેમજ પૂર્ણિમાની અંતની તથા પ્રતિપદાની આદિની એક ઘડી ગંડાંત થાય છે. ૧૨૪.

### લગ્ન ગંડાંત.

**कर्कसिंहाख्ययोर्मीनमेषयोरन्तरे तयोः ॥**
**वृश्चिकाख्यधनुःसंधौ लग्नस्यैकं घटीमितम् ॥१२५॥**

કર્ક અને સિંહ લગ્નની મધ્યની એક ઘડી ગંડાંત થાય છે. અર્થાત્ કર્કના અંતની અર્ધી અને સિંહની પ્રથમની અર્ધી ઘડી ગંડાંત થાય છે. તે પ્રમાણે મીનના અંતની અને મેષના પ્રથમની તથા વૃશ્ચિકના અંતની અને ધન લગ્નના પ્રથમની અર્ધી ઘડી ગંડાંત થાય છે. ૧૨૫.



"Aho Shrutgyanam"

## કુલિક, કંટક, કાલવેલા અને યમઘંટ નામક ત્યાજ્ય મુહૂર્ત.

**मन्वर्कदशनागर्तुवेदनेत्रमिताः क्षणाः ॥**
**कुलिकास्ते रवेर्वारात्क्रमतः कण्टका बुधात् ॥१२६॥**
**गुरोस्ते कालवेलाख्याः शुक्रात्ते यमघण्टकाः ॥**
**त्यजेदेताञ्छुभे कार्ये निशि व्येकान् मूहूर्तकान् ॥१२७॥**

રવિવારાદિ સાત વારોના ક્રમથી ૧૪, ૧૨, ૧૦, ૮, ૬, ૪ અને ૨; આ મુહૂર્તો કુંલિક સંજ્ઞક થાય છે અને બુધવારે ક્રમથી આ મુહૂર્તો કંટક સંજ્ઞક થાય છે. ગુરૂવારે ક્રમે કાલવેલા સંજ્ઞક તથા શુક્રવારે ક્રમે યમઘંટ સંજ્ઞક થાય છે. આ મુહૂર્તો દિવસનાં કહ્યાં છે. અને આ મુહૂર્તોમાંથી એક ઘટાડવાથી રાત્રિનાં મુહૂર્તો થાય છે. શુભ કાર્યમાં આ સર્વ મુહૂર્તો ત્યાગવા યોગ્ય છે. ૧૨૬, ૧૨૭.

### દિવસે કુલિકાદિ ચક્ર

| વાર | ર. | ચં. | મં. | બુ. | ગુ. | શુ | શ. |
|---|---|---|---|---|---|---|---|
| કુલિક | ૧૪ | ૧૨ | ૧૦ | ૮ | ૬ | ૪ | ૨ |
| કંટક | ૬ | ૪ | ૨ | ૧૪ | ૧૨ | ૧૦ | ૮ |
| કાલ વેળા | ૮ | ૬ | ૪ | ૨ | ૧૪ | ૧૨ | ૧૦ |
| યમ ઘંટ | ૧૦ | ૮ | ૬ | ૪ | ૨ | ૧૪ | ૧૨ |

### રાત્રિ કુલિકાદિ ચક્ર

| વાર | ર. | ચં. | મં. | બુ. | ગુ. | શુ. | શ. |
|---|---|---|---|---|---|---|---|
| કુલિક | ૧૩ | ૧૧ | ૯ | ૭ | ૫ | ૩ | ૧ |
| કંટક | ૫ | ૩ | ૧ | ૧૩ | ૧૧ | ૯ | ૭ |
| કાલ વેળા | ૭ | ૫ | ૩ | ૧ | ૧૩ | ૧૧ | ૯ |
| યમ ઘંટ | ૯ | ૭ | ૫ | ૩ | ૧ | ૧૩ | ૧૧ |

### દુષ્ટ ક્ષણ.

**क्षणश्चतुर्दशः सूर्ये नवमद्वादशौ विधौ ॥**
**सप्तमो निशि भौमेऽह्नि तुर्यश्चाथ बुधेऽष्टमः ॥१२८॥**
**षष्ठद्वादशकौ जीवे चतुर्थनवमौ भृगौ ॥**
**शनौ चाद्यद्वितीयौ च त्याज्या दुष्टक्षणा इमे ॥१२९॥**

રવિવારે ચૌદમું મુહૂર્ત, સોમવારે નવમું અને બારમું, મંગળવારે રાત્રે સાતમું અને દિવસે ચોથું, બુધવારે આઠમું, ગુરૂવારે છઠ્ઠું અને બારમું, શુક્રવારે ચોથું અને નવમું તથા શનિવારે પહેલું અને બીજું મુહૂર્ત દુષ્ટ ક્ષણ થાય છે. આ સર્વ દુષ્ટ ક્ષણો શુભ કાર્યમાં તજવાં. ૧૨૮, ૧૨૯.

"Aho Shrutgyanam"

## માસ, તિથિ, નક્ષત્ર લગ્નશૂન્ય ચક્ર.

| ચૈત્ર | વૈશાખ | જ્યેષ્ઠ | આષાઢ | શ્રાવણ | ભાદ્ર-પદ | આસો | કાર્તિક | માર્ગ-શીર્ષ | પૌષ | મહા | ફાલ્ગુન | માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮–૯ | ૧૨ | ૦ | ૦ | ૨–૩ | ૧–૨ | ૧૦–૧૧ | ૦ | ૭–૮ | ૪–૫ | ૦ | ૦ | બન્ને પક્ષની તિથિ શૂન્ય |
| ૦ | ૦ | ૧૪ | ૬ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ | ૪ | કૃષ્ણ પક્ષ તિથિ શૂન્ય |
| ૦ | ૦ | ૧૩ | ૭ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૦ | ૦ | ૬ | ૩ | શુકલ પક્ષ તિથિ શૂન્ય |
| અશ્વિ. | ચિત્રા | પુષ્ય | ધનિ. | શ્રવણ | રેવતી | પૂ. ભા. | કૃત્તિકા | ચિત્રા | આ.અ. | મૂલ | ભરણી | નક્ષત્ર શૂન્ય |
| રોહિ. | સ્વાતિ | ઉ. ષા. | રોહિ. | ઉ ષા. | શતભિ. | | મઘા | વિશા. | હસ્ત | શ્રવણ | જ્યેષ્ઠા | |
| કુંભ | મીન | વૃષ | મિથુન | મેષ | કન્યા | વૃશ્ચિક | તુલા | ધન | કર્ક | મકર | સિંહ | રાશિ શૂન્ય |

## તિથિશૂન્ય લગ્ન ચક્ર.

| ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ | ૧૩ | તિથિ |
|---|---|---|---|---|---|---|---|
| તુલા | મકર | મિથુન | કર્ક | સિંહ | ધન | વૃષ | શૂન્ય લગ્ન |
| મકર | સિંહ | કન્યા | ધન | કર્ક | મીન | મીન | |

## આવશ્યક કાર્યે યોગનો અપવાદ.

तिथिवारोद्भवान्योगान्दुष्टाख्याँश्च भवारजान् ॥
तिथिभोत्थाँस्त्रितयजान्हूणे वंगे खशे त्यजेत् ॥१३०॥
नान्यदेशे निषिद्धास्ते गुणवत्तिथिभादिषु ॥
उत्पातमृत्युकाणाख्यान्नक्षोदग्धाख्यकालकान् ॥१३१॥
क्रकचं यमघण्टादीञ्छस्ते चन्द्रे शुभाञ्जगुः ॥
मध्याह्नोत्तरमित्येके यामोत्तरमथापरे ॥१३२॥

"Aho Shrutgyanam"

**यात्रातिरिक्तकार्येऽन्ये लग्नशुद्ध्या शुभाञ्जगुः ॥**
**कुयोगः सिद्धियोगश्च यदि स्यातामुभावपि ॥**
**सुयोगो हंति दुर्योगं कार्यसिद्ध्यै शुभावहः ॥१३३॥**

તિથિવારોત્પન્ન, નક્ષત્રવારોત્પન્ન તથા તિથિનક્ષત્રોત્પન્ન; આ ત્રણ પ્રકારના દુષ્ટ યોગ હૂણ, બંગ અને ખશ દેશમાં તજવા. પરંતુ તિથિનક્ષત્રાદિક સર્વગુણયુક્ત હોય તો આ ત્રણે દુષ્ટ યોગ અન્ય દેશમાં નિષિદ્ધ નથી. તેમજ જો ચંદ્રમા શુભ હોય તો ઉત્પાત, મૃત્યુ, કાણા, દગ્ધ, કાલ, ક્રકચ અને યમઘંટ આદિ કુયોગ શુભ થાય છે એવું પંડિતોએ કહેલું છે, અને કેટલાક આચાર્યોની એવી માન્યતા છે કે મધ્યાહ્ન કાળ પછી ઉક્ત કુયોગો શુભ થઈ જાય છે તથા કોઈ અન્ય આચાર્યોએ કહ્યું છે કે એક પ્રહર વીત્યા બાદ શુભ થાય છે. જ્યારે કેટલાક પંડિતોએ એવું કથન કરેલું છે કે યાત્રા સિવાય અન્ય કાર્યોમાં લગ્ન શુદ્ધ હોય તો કુયોગ શુભ થઈ જાય છે. તથા કુયોગ અને સિદ્ધિયોગ એક સમયમાં હોય તો સિદ્ધિયોગ કુયોગનો નાશ કરી દે છે અને કાર્યસિદ્ધિ થાય છે. ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩.

## અભિજિત્ નામનું મુહૂર્ત.

**रवौ गगनमध्यस्थे मुहूर्तेऽभिजिदाह्वये ॥**
**छिनत्ति सकलान्दोषाँश्चक्रमादाय माधवः ॥१३४॥**

સૂર્ય આકાશે મધ્ય ભાગમાં રહ્યો હોય ત્યારે અભિજિત્ નામનું મુહૂર્ત કહેવાય છે. તે વખતે માધવ ( વિષ્ણુ ) ચક્ર લઈને સર્વ દોષોને હણે છે. મધ્યાહ્ન કાળે એક ઘડી પહેલાં અને મધ્યાહ્ન પછી એક ઘડી સુધી એટલે મધ્યાહ્ને બે ઘડી વિજય મુહૂર્ત રહે છે તે સર્વ દોષોને હણનાર છે. ૧૩૪.

## છાયા મુહૂર્ત.

**सिद्धच्छाया क्रमादर्कादिषु सिद्धिप्रदा पदैः ॥**
**रुद्रसार्धाष्टनंदाष्टसप्तभिश्चन्द्रवद् द्वयोः ॥१३५॥**

રવિવારાદિ વારોમાં ક્રમે ૧૧, ૮॥, ૯, ૮, ૭, ૮॥ અને ૮॥ પદોએ રહેલી છાયા સિદ્ધિ આપનારી જાણવી. ૧૩૫.

"Aho Shrutgyanam"

| | | | |
|---|---|---|---|
| રવિવારે | ૧૧ | પગલાં | શંકુથી છાયાનું પ્રમાણ જોવા માટે શંકુ આંગળ સાત ૭ નો લાંબો કરાવવો અને તેને એક પાટલીમાં બેસાડી શંકુના મધ્ય ભાગથી પગલાંના બદલે આંગળના આંકા કરી વાર પ્રમાણે છાયા જોઈ મુહૂર્ત જોવું. |
| સોમવારે | ૮॥ | ,, | |
| મંગળવારે | ૯ | ,, | |
| બુધવારે | ૮ | ,, | |
| ગુરૂવારે | ૭ | ,, | |
| શુક્રવારે | ૮॥ | ,, | |
| શનિવારે | ૮॥ | ,, | |

**नक्षत्राणि तिथिर्वारास्ताराश्चन्द्रबलं ग्रहाः ॥**
**दुष्टान्यपि शुभं भावं भजन्ते सिद्धछायया ॥१३६॥**

નક્ષત્ર, તિથિ, વાર, તારા, ચંદ્ર અને ગ્રહો; એમનાં દુષ્ટ સ્થાન હોય તો પણ સિદ્ધછાયાના પ્રભાવે શુભ ભાવને પ્રાપ્ત થાય છે. ૧૩૬.

## વર્ગના સ્વામી.

**अकचटतपयशवर्गाः खगेशमार्जारसिंहशुनाम् ॥**
**सर्पाखुमृगावीनां निजपञ्चमवैरिणामष्टौ ॥१३७॥**

અ વર્ગ, ક વર્ગ, ચ વર્ગ, ટ વર્ગ, ત વર્ગ, પ વર્ગ, ય વર્ગ અને શ વર્ગ; એ આઠ વર્ગ છે અને તેના સ્વામી ક્રમે અ વર્ગનો ગરૂડ, ક વર્ગનો બીલાડો, ચ વર્ગનો સિંહ, ટ વર્ગનો શ્વાન, ત વર્ગનો સર્પ, પ વર્ગનો ઉંદર, ય વર્ગનો હરણ અને શ વર્ગનો સ્વામી મેંઢો અર્થાત્ ઘેટો જાણવો. ૧૩૭.

## લેણદેણ જોવાનો વિચાર.

**नामादिवर्गाङ्कमथैकवर्गे वर्णाङ्कमेव क्रमतोत्क्रमाच्च ॥**
**न्यस्योभयोरष्टहृतावशिष्टेऽर्द्धिते विशोपाः प्रथमेन देयाः ॥१३८॥**

બન્નેના નામના આદ્ય અક્ષરવાળા વર્ગના અંકને સામા રાખી પછી તેને આઠે ભાગ દેવો. જે શેષ રહે તેનો અર્ધો કરવો અને જે બચે તેટલા વિશ્વા પ્રથમ અંકના વર્ગવાળો બીજા અંકનો કરજદાર થાય છે. એવી રીતે વર્ગના અંકને ઉલટ સુલટ ગણવા અર્થાત્ બીજા વર્ગના અંકને પહેલો લખી પૂર્વવત્ ગણી બન્નેમાંથી જેના વિશ્વા અધિક થાય તે કરજદાર જાણવો. ૧૩૮.

**ઉદાહરણઃ**—નર્મદાશંકરનો વર્ગ પાંચમો છે માટે પ્રથમ પાંચનો આંકડો મૂકવો. અને અમદાવાદનો અ વર્ગ પ્રથમ છે. તેનો વર્ગ પહેલો આવ્યો તે

"Aho Shrutgyanam"

પાંચની જોડે ૧ મૂકવાથી ૫૧ થયા. તેને આઠે ભાગવાથી ૩ વધ્યા. હવે અમદાવાદનો અ વર્ગનો એક અને નર્મદાશંકરનો વર્ગ ૫, એકની જોડે મૂકવાથી ૧૫, થયા. તેને આઠે ભાગતા ૭ વધ્યા માટે અમદાવાદ નર્મદાશંકરનું દેવાદાર છે એમ જાણવું.

## પ્રતિમા અને પ્રતિષ્ઠા કરનારને વૈરભાવ.

**योनिगणराशिभेदा लभ्यं वर्गश्च नाडिवेधश्च ॥**
**नूतनबिंबविधाने षड्विधमेतद् विलोक्यं ज्ञैः ॥१३९॥**


યોનિ, ગણ, રાશિભેદ, લેણદેણ, વર્ગ અને નાડિવેધ; એ છ પ્રકારનાં બલ પંડિતોએ નવીન જિનબિમ્બ કરાવતી વખતે જોવાં જોઇએ. ૧૩૯.

## લગ્નકુંડલી બનાવવાની રીત.

**लग्नाद् भावास्तनुद्रव्यभ्रातृबन्धुसुतारयः ॥**
**स्त्रीमृत्युधर्मकर्माऽऽयव्ययाश्च द्वादश स्मृताः ॥१४०॥**

લગ્નના પ્રથમ સ્થાનથી બાર ભાવો અનુક્રમે જાણવા. ૧ તનુ, ૨ ધન, ૩ ભ્રાતૃ, ૪ બન્ધુ, ૫ પુત્ર, ૬ શત્રુ, ૭ સ્ત્રી, ૮ મૃત્યુ, ૯ ધર્મ, ૧૧ લાભ અને ૧૨ વ્યય છે. ( લગ્ન કુંડલીમાં જે બાર ખાનાં હોય છે તેને ભુવન અથવા સ્થાન કહે છે ). ૧૪૦.

### લગ્ન કુંડલી.




## ભુવનોનાં વિશેષ નામો.

**केन्द्रं पणफरश्चापोक्लिमं लग्नात्पुनः पुनः ॥**
**नवमं पञ्चमं स्थानं त्रिकोणं परिकीर्तितम् ॥१४१॥**

"Aho Shrutgyanam"

**त्रिदशैकादशं षष्ठं प्रोक्तं चोपचयाह्वयम् ॥**
**जामित्रं सप्तमं द्यूनं द्यूतञ्च मदनाभिधम् ॥१४२॥**
**रिःफं तु द्वादशं ज्ञेयं दुश्चिक्यं स्यात्तृतीयकम् ॥**
**चतुरस्रं तुरीयाष्टसंख्यं रंध्रमथाष्टमम् ॥१४३॥**

લગ્નથી લઇ કેન્દ્ર, પણફર અને આપોકિલમ; આ પ્રમાણે ચાર વખત ગણવાથી કુંડલીનાં બાર સ્થાનોની સંજ્ઞાઓ જાણી લેવાય છે અર્થાત્ ૧, ૪, ૭ અને ૧૦, આ ચાર સ્થાનો કેન્દ્ર સંજ્ઞક છે. ૨, ૫, ૮ અને ૧૧; આ ચાર સ્થાનો પણફર તથા ૩, ૬, ૯ અને ૧૨; આ ચાર સ્થાનો આપોકિલમ સંજ્ઞક છે. વળી નવમા અને પાંચમા સ્થાનને ત્રિકોણ, ત્રીજા, દશમા, અગિયારમા અને છઠ્ઠા સ્થાનને ઉપચય; સાતમા સ્થાનને જામિત્ર, દ્યૂન, દ્યૂત તથા મદન; બારમા સ્થાનને રિફ, ત્રીજાને દુશ્ચિક્ય, ચોથા અને આઠમા સ્થાનને ચતુરસ્ર તથા આઠમાને રન્ધ્રસંજ્ઞક સ્થાન રહેલું છે. ૧૪૧, ૧૪૨, ૧૪૩.

**भावि कार्यं पणफरात् ज्ञेयमापोक्लिमाद् गतम् ॥**
**केन्द्रे सर्वग्रहाः पुष्टाः त्रैकालिकफलप्रदाः ॥१४४॥**

પણફરથી થનારૂં કાર્ય અને આપોકિલમથી ભૂતકાલનું કાર્ય જણાય છે તથા કેન્દ્રમાં રહેલા પુષ્ટ સર્વગ્રહો ત્રણે કાલનું ફળ આપનારા છે. ૧૪૪.

## ઉચ્ચ ગ્રહો.

**मेषो वृषस्तथा नक्रः कन्याकर्कझषास्तुला ॥**
**सूर्यादीनां क्रमादेते कथिता उच्चराशयः ॥१४५॥**
**परमोच्चांशकाः सूर्यादिशो रामा गजाश्विनः ॥**
**बाणचन्द्राः शराः शैलदृशः खाश्विमिताः क्रमात् ॥१४६॥**

મેષ, વૃષ, મકર, કન્યા, કર્ક, મીન અને તુલા; આ સાત રાશિને અનુક્રમે સૂર્યાદિ ગ્રહોનાં ઉચ્ચ સ્થાન કહ્યાં છે. અર્થાત્ મેષનો સૂર્ય, વૃષનો ચંદ્ર, મકરનો મંગળ, કન્યાનો બુધ, કર્કનો ગુરૂ, મીનનો શુક્ર અને તુલાનો શનિ; એ ઉચ્ચ ગ્રહોનાં સ્થાન જાણવાં તથા ૧૦ દશ, ૩ ત્રણ, ૨૮ અઠ્ઠાવીસ, ૧૫ પંદર, ૫ પાંચ, ૨૭ સત્તાવીસ અને ૨૦ વીસ; આ અનુક્રમે સૂર્યાદિ ગ્રહોના શ્રેષ્ઠ ઉચ્ચ સ્થાન છે. ૧૪૫, ૧૪૬.

"Aho Shrutgyanam"

## નીચ ગ્રહો.

**सूर्यादीनां जगुर्नीचं स्वोच्चभाद्यच्च सप्तमम् ॥**
**राहोस्तु कन्यकागेहं मिथुनं स्वोच्चभं स्मृतम् ॥१४७॥**

સૂર્યાદિ ગ્રહોની ઉચ્ચ રાશિથી સાતમી રાશિ નીચ સ્થાનની કહી છે. અર્થાત્ તુલાનો સૂર્ય, ચંદ્રમા વૃશ્ચિકનો, મંગળ કર્કનો, બુધ મીનનો, ગુરૂ મકરનો, શુક્ર કન્યાનો અને શનૈશ્ચર મેષનો નીચ સ્થાનનો જાણવો તથા રાહુની કન્યારાશિ ગૃહ, મિથુન ઉચ્ચસ્થાન અને ધન નીચ સ્થાન જાણવું. ૧૪૭.

## મૂલ ત્રિકોણ.

**सिंहो वृषभमेषौ च कन्याधन्वितुलाघटाः ॥**
**सूर्यादीनां क्रमान्मूलत्रिकोणा राशयः स्मृताः ॥१४८॥**

સિંહ, વૃષ, મેષ, કન્યા, ધન, તુલા અને કુંભ; આ રાશિઓ અનુક્રમે સૂર્યાદિ ગ્રહોની ત્રિકોણ રાશિઓ જાણવી. અર્થાત્ સિંહનો સૂર્ય, વૃષભનો ચંદ્ર, મેષનો મંગળ, કન્યાનો બુધ, ધનનો ગુરૂ, તુલાનો શુક્ર અને કુંભનો શનિ મૂલત્રિકોણ જાણવા. ૧૪૮.

### ગ્રહોની ઉચ્ચાદિ રાશીનું ચક્ર

| સૂર્યાદિ ગ્રહો | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રાહુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉચ્ચ રાશિ | મેષ | વૃષ | મકર | કન્યા | કર્ક | મીન | તુલા | મિથુન |
| નીચ રાશિ | તુલા | વૃશ્ચિક | કર્ક | મીન | ધન | કન્યા | મેષ | ધન |
| પરમોચ્ચ રાશિ કેટલા અંશ સુધી | ૧૦ | ૩ | ૨૮ | ૧૫ | ૫ | ૨૭ | ૨૦ | ... |
| મૂલ ત્રિકોણ રાશિ | સિંહ | વૃષ | મેષ | કન્યા | ધન | તુલા | કુંભ | ... |

## ગ્રહોની દૃષ્ટિ.

**तृतीयदशमे पादं त्रिकोणेऽघ्रिद्वयग्रहः ॥**
**पश्येच्चतुर्थेऽष्टमे पादत्रयं पूर्णं तु सप्तमे ॥१४९॥**
**पूर्णं तु त्रिदशं मंदो पंचमं नवमं गुरुः ॥**
**भौमोऽष्टमं चतुर्थश्च सप्तमं सकला ग्रहाः ॥१५०॥**

"Aho Shrutgyanam"

દરેક ગ્રહો પોતાના સ્થાનથી ( ૩ ) ત્રીજા અને ( ૧૦ ) દશમા સ્થાનને એક પાદ, ( ૯ ) નવમા અને ( ૫ ) પાંચમાને બે પાદ, ( ૪ ) ચોથા અને આઠમાને ત્રણ પાદ તથા ( ૭ ) સાતમા સ્થાનને પૂર્ણ દૃષ્ટિથી જુવે છે. ૧૪૯.

૩ જા તથા ૧૦ મા સ્થાનને શનિ, ૫ મા તથા ૯ મા સ્થાનને ગુરૂ, ૮ મા તથા ૪ થા સ્થાનને મંગળ અને ૭ મા સ્થાનને સર્વ ગ્રહો પૂર્ણ દૃષ્ટિથી જુવે છે. ૧૫૦.

## આખો દિવસ અને આખી રાત મળી ભોગવાતાં બારે રાશિઓનાં લગ્નનાં ઘડીપળ જોવાનું કોષ્ઠક.

| લગ્ન | મેષ | વૃષ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘડી | ૩ | ૪ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૩ |
| પળ | ૫૭ | ૨૬ | ૭ | ૩૯ | ૩ | ૧૯ | ૧૯ | ૩૨ | ૩૯ | ૭ | ૨૬ | ૫૭ |

## દરરોજ ઘટાડચાની પળ જોવાનું કોષ્ઠક.

| લગ્ન | મેષ | વૃષ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પળ | ૭ | ૮ | ૧૦ | ૧૧ | ૧૧ | ૧૦ | ૧૦ | ૧૧ | ૧૧ | ૧૦ | ૮ | ૭ |
| વિપળ | ૫૪ | ૫૨ | ૧૮ | ૧૪ | ૪ | ૩૮ | ૩૮ | ૪ | ૧૪ | ૧૮ | ૫૨ | ૫૪ |

ઉપરના કોઠા ઉપરથી એમ સમજવું કે મેષ રાશિનું લગ્ન ૩ ઘડી ૫૭ પળ રહે છે. એજ પ્રમાણે દરેક રાશિઓનાં લગ્નો માટે સમજવું. મેષ રાશિનો સૂર્ય હોય ત્યારે સવારમાં સૂર્યોદય વખતે પ્રથમ મેષ રહે અને પછી વરખ ( વૃષ ) લગ્ન બેસે. આ પ્રમાણે આગળ સમજવું. પણ વિશેષ જાણવાનું એ છે કે જે દિવસે મેષ સંક્રાન્તિ બેસે તે દિવસે સવારમાં ૩ ઘડી અને ૫૭ પળ દિવસ ચઢતાં સુધી મેષ લગ્ન રહે અને પછી વરખ લગ્ન બેસે. હવે તે મેષનો સૂર્ય એક માસ સુધી રહેવાનો છે અને પછી વરખનો થવાનો છે. માટે દરરોજ મેષ લગ્ન ૭ પળ ૫૪ વિપળ ઓછું થતું જાય. તેથી મેષ સંક્રાન્તિના બીજે દિવસે સૂર્યોદયથી ૩ ઘડી ૪૯ પળ ને ૬ વિપળ દિવસ ચઢતાં સુધી મેષ લગ્ન રહે. આવીરીતે દરરોજ ઘટવાથી એક માસ પુરો થતાં વરખ સંક્રાન્તિ થવાના દિવસે મેષ લગ્ન સૂર્યોદય વખતે ઉતરી જાય અને તરતજ વરખ લગ્ન બેસે. ઉપર પ્રમાણે વરખ લગ્ન પણ દરરોજ ૮ પળ ને ૫૨ વિપળ ઘટે છે એટલે એક માસે વરખ લગ્ન પણ પુરૂં થઇ મિથુન લગ્ન બેસે છે. આ પ્રમાણે દરેક રાશિના લગ્નની રીત સમજવી.



"Aho Shrutgyanam"

# લગ્ન કે જન્મકુંડલી બનાવવા માટે લગ્ન શોધનની રીત.

જે સમયનું લગ્ન બેસાડવું હોય તેનો સમય ઘડી પળ ચોક્કસ જોઇ તેના કલાક અને મિનિટો એક બાજુ લખી રાખવી અને પછી તેની ઇષ્ટ ઘડી નીચે પ્રમાણે કરવી.

## ઇષ્ટ ઘડી લાવવાની રીત.

૧ સૂર્યોદયથી બપોરના બાર વાગ્યા સુધીમાં જેટલા કલાક અને મિનિટો થઇ હોય તેમાંથી તે દિવસના સૂર્યોદયના કલાક અને મિનિટો બાદ કરતાં શેષ વધે તેને અઢીએ ગુણવાથી ઘડી, પળ અને વિપળ થાય છે. ( તે એવી રીતે કે કલાકને અઢીએ ગુણવાથી ઘડી અને મિનિટને અઢીએ ગુણવાથી પળ થાય છે. ) તે સૂર્યોદયથી બપોરના બાર વાગ્યા સુધીની ઇષ્ટ ઘડી થઇ એમ સમજવું.

૨ બપોરના બાર વાગ્યાથી સાંજના સૂર્યાસ્ત સુધી જેટલા કલાક અને મિનિટો થઇ હોય તેમાં ૧૨ બાર ઉમેરી સરવાળો કરી તેમાંથી એજ દિવસના સૂર્યોદયના કલાક અને મિનિટો બાદ કરી બાકી રહેલા કલાકને અઢીએ ગુણવાથી ઘડી પળ આવે તે ઇષ્ટ ઘડી સમજવી.

૩ સૂર્યાસ્તથી રાત્રિના બાર વાગ્યા સુધી જેટલા કલાક અને મિનિટો થઈ હોય, તેમાંથી સૂર્યાસ્તના કલાક અને મિનિટો બાદ કરતાં તથા આવેલી સંખ્યાને અઢીએ ગુણતાં પ્રાપ્ત થએલી સંખ્યામાં આખું દિનમાન ઉમેરવાથી સૂર્યાસ્તથી રાત્રિના બાર વાગ્યા સુધીની ઇષ્ટ ઘડી થઇ એમ સમજવું.

૪ રાત્રિના બાર વાગ્યા પછીથી સૂર્યોદય થાય ત્યાંસુધીના જેટલા કલાક અને મિનિટો થઇ હોય તેને અઢીએ ગુણતાં આવેલી રકમમાં દિનમાન પુરૂં અને રાત્રિમાન અર્ધું ઉમેરવાથી રાત્રિના બારથી સૂર્યોદય સુધીની ઇષ્ટ ઘડી થઇ એમ સમજવું.

## ઇષ્ટ ઘડી લાવવાનું ઉદાહરણ.

માનો કે એક બાળકનો જન્મ કલાક ૯–૪૫ મિનિટે દિવસે થયો. પંચાંગમાં જોતાં તે દિવસે સૂર્યોદય કલાક ૬–૩૫ નો છે. તો હવે ૯–૪૫ માંથી ૬–૩૫ બાદ જતાં કલાક ૩–૧૦ મિનિટ આવી. એટલે સૂર્યનો ઉદય થયા પછી કલાક ૩–૧૦ મિનિટે તે બાળકનો જન્મ થયો. હવે તે કલાક અને મિનિટને અઢીએ ગુણવાથી ઘડી ૭–૫૫ પળ આવી એટલે સૂર્ય ઉગ્યા પછી ઘડી ૭–૫૫ પળે તે બાળકનો જન્મ થયો એટલે તેના જન્મની ઇષ્ટ ઘડી ૭–૫૫ પળ થઇ એમ સમજવું. પણ સમજો કે કોઇ બાળકનો જન્મ બપોરે કલાક ૩–૩૬ મિનિટે થયો. તો હવે તેમાંથી ૬–૩૫ બાદ

"Aho Shrutgyanam"

થઇ શકે નહિ. માટે ૩–૩૬ માં ૧૨ ઉમેરવાથી સળંગ કલાક ૧૫–૩૬ મિનિટ આવી. તેમાંથી સૂર્યોદયના કલાક ૬–૩૫ મિનિટ બાદ કરતાં કલાક ૯–૧ મિનિટ આવી. તેને અઢીએ ગુણી ઘડીપળ લાવવી.

તેવીજ રીતે એક બાળકનો જન્મ રાત્રે કલાક ૯–૪૧ મિનિટે થયો. તે દિવસે પંચાંગમાં સૂર્યાસ્તનો સમય કલાક ૫–૩૫ મિનિટે છે. તે ૯–૪૧ માંથી બાદ કરતાં ૪–૬ મિનિટ આવી. તેને ૨ા એ ગુણવાથી ઘડી ૧૦–૧૫ પળ આવી. તેમાં તે દિવસના દિનમાનની ઘડી ૨૭–૨૧ પળ ઉમેરતાં ઘડી ૩૭–૩૬ પળ બાળકના જન્મની ઇષ્ટ ઘડી આવી એમ સમજવું.

આવી રીતે ઇષ્ટ ઘડી નક્કી કર્યા પછી લગ્ન કયું આવે છે તે સહેલાઇથી જોવા માટે લગ્નપત્ર પૃષ્ઠ ૬૦૪ ઉપર આપેલું છે તે જોવું.

## લગ્નપત્ર જોવાની સમજુતી.

આપેલા લગ્નપત્ર ઉપરથી ગમે તે વખતનું લગ્નપત્ર કાઢી શકાય છે. તે એવી રીતે કે જે દિવસે જેટલી ઘડીપળ ઉપર લગ્ન લાવવું હોય તે દિવસનો સૂર્ય કયી રાશિનો છે તે પંચાંગ ઉપરથી જોઈ શકાય છે. કારણકે પંચાંગમાં દરેક મહિનાની સુદિની અને વદીની એવી બે કુંડળિયો આપવામાં આવે છે અને તેમાં દરેક ગ્રહ કયી રાશિમાં છે તે બતાવવામાં આવે છે. સુદિની કુંડલીમાં પુનમના રોજ દરેક ગ્રહ કયી રાશિનો કેટલા અંશ કળા અને વિકળાનો છે તથા તે ગ્રહની ગતિ પણ જણાવેલી હોય છે. તેવીજ રીતે વદીની કુંડલીમાં અમાસને રોજ દરેક ગ્રહ કયી રાશિમાં કેટલા અંશે છે તે જણાવેલું હોય છે. પણ પુનમ કે અમાસના દિવસે જે રાશિના જેટલા અંશે ગ્રહો હોય તે બતાવેલું હોય છે. પરંતુ ગ્રહો પોતાની ગતિ પ્રમાણે દરરોજ ફરતા હોવાથી જન્મ વખતે કે કોઇ મુહૂર્ત વખતે ગ્રહ કયી રાશિમાં કેટલા અંશે છે તે ગણત્રીથી નક્કી કરવું જોઇએ.

જેમકે સૂર્ય જે રાશિમાં જે દિવસે બેસે ત્યારથી એક મહિના સુધી તેજ રાશિમાં રહે છે એટલે એક મહિનામાં ત્રીસ ( ૩૦ ) અંશ ચાલે છે અને દરરોજ એક અંશ ચાલે છે. એક દિવસ અને રાત્રિ મળી ૧૨ લગ્ન અનુક્રમે પુરાં ભોગવે છે. સુદ સાતમ સુધીમાં જન્મ હોય તો તેની પાછળના મહિનાની અમાસની કુંડળીમાં સૂર્ય જે રાશિના જેટલા અંશે હોય તે અંશમાં રોજનો એક એક અંશ ઉમેરવો. એટલે તે દિવસે સૂર્ય તે રાશિમાં તેટલા અંશે છે એમ સમજવું અને જો સુદિ સાતમ પછી જન્મ હોય તો પુનમની કુંડળીમાં સૂર્ય જે રાશિમાં જેટલા અંશે હોય તે અંશમાંથી દરરોજના એક અંશ લેખે તેટલા અંશ ઓછા કરવા. તેથી સૂર્યના તે દિવસના અંશ આવશે. જેમકે એક બાળકનો જન્મ વદ પાંચમના રોજ છે અને તે મહિનાની પુનમની કુંડળીમાં સૂર્ય મકર રાશિનો ૨ અંશે છે તો તે પછીના પાંચમ સુધીના ૫ અંશ ઉમેરવાથી તે દિવસે મકરનો સૂર્ય ૭ અંશે છે એમ જાણવું.

"Aho Shrutgyanam"

## અમદાવાદમાં અયનાંશ ૨૩ ના આધારે વર્તેલું લગ્નપત્ર પલભા ૫-૫

| અંશો | ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ મેષ | ૨ ૫૪ | ૩ ૧ | ૩ ૯ | ૩ ૧૭ | ૩ ૨૪ | ૩ ૩૨ | ૩ ૩૯ | ૩ ૪૭ | ૩ ૫૬ | ૪ ૪ | ૪ ૧૨ | ૪ ૨૧ | ૪ ૩૦ | ૪ ૩૮ | ૪ ૪૭ |
| ૧ વૃષભ | ૭ ૪ | ૭ ૧૩ | ૭ ૨૨ | ૭ ૩૦ | ૭ ૩૯ | ૭ ૪૭ | ૭ ૫૬ | ૮ ૫ | ૮ ૧૫ | ૮ ૨૫ | ૮ ૩૫ | ૮ ૪૬ | ૮ ૫૬ | ૯ ૬ | ૯ ૧૬ |
| ૨ મિથુન | ૧૧ ૫૯ | ૧૨ ૧૦ | ૧૨ ૨૦ | ૧૨ ૩૦ | ૧૨ ૪૦ | ૧૨ ૫૦ | ૧૩ ૧ | ૧૩ ૧૧ | ૧૩ ૨૨ | ૧૩ ૩૪ | ૧૩ ૪૫ | ૧૩ ૫૬ | ૧૪ ૮ | ૧૪ ૧૯ | ૧૪ ૩૦ |
| ૩ કર્ક | ૧૭ ૩૨ | ૧૭ ૪૩ | ૧૭ ૫૪ | ૧૮ ૬ | ૧૮ ૧૭ | ૧૮ ૨૮ | ૧૮ ૪૦ | ૧૮ ૫૧ | ૧૯ ૨ | ૧૯ ૧૪ | ૧૯ ૨૫ | ૧૯ ૩૬ | ૧૯ ૪૮ | ૧૯ ૫૯ | ૨૦ ૧૦ |
| ૪ સિંહ | ૨૩ ૧૨ | ૨૩ ૨૩ | ૨૩ ૩૪ | ૨૩ ૪૬ | ૨૩ ૫૭ | ૨૪ ૮ | ૨૪ ૨૦ | ૨૪ ૩૧ | ૨૪ ૪૨ | ૨૪ ૫૨ | ૨૫ ૪ | ૨૫ ૧૫ | ૨૫ ૨૬ | ૨૫ ૩૭ | ૨૫ ૪૮ |
| ૫ કન્યા | ૨૮ ૪૩ | ૨૮ ૫૪ | ૨૯ ૫ | ૨૯ ૧૬ | ૨૯ ૨૭ | ૨૯ ૩૮ | ૨૯ ૪૯ | ૩૦ ૦ | ૩૦ ૧૧ | ૩૦ ૨૨ | ૩૦ ૩૩ | ૩૦ ૪૪ | ૩૦ ૫૫ | ૩૧ ૬ | ૩૧ ૧૭ |

| અંશો | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ મેષ | ૪ ૫૬ | ૫ ૫ | ૫ ૧૩ | ૫ ૨૨ | ૫ ૩૦ | ૫ ૩૯ | ૫ ૪૭ | ૫ ૫૫ | ૬ ૪ | ૬ ૧૩ | ૬ ૨૧ | ૬ ૩૦ | ૬ ૩૯ | ૬ ૪૭ | ૬ ૫૬ |
| ૧ વૃષભ | ૯ ૨૬ | ૯ ૩૭ | ૯ ૪૭ | ૯ ૫૭ | ૧૦ ૭ | ૧૦ ૧૭ | ૧૦ ૨૮ | ૧૦ ૩૮ | ૧૦ ૪૮ | ૧૦ ૫૮ | ૧૧ ૮ | ૧૧ ૧૯ | ૧૧ ૨૯ | ૧૧ ૩૯ | ૧૧ ૪૯ |
| ૨ મિથુન | ૧૪ ૪૨ | ૧૪ ૫૩ | ૧૫ ૪ | ૧૫ ૧૬ | ૧૫ ૨૭ | ૧૫ ૩૮ | ૧૫ ૫૦ | ૧૬ ૧ | ૧૬ ૧૨ | ૧૬ ૨૪ | ૧૬ ૩૫ | ૧૬ ૪૬ | ૧૬ ૫૮ | ૧૭ ૯ | ૧૭ ૨૦ |
| ૩ કર્ક | ૨૦ ૨૨ | ૨૦ ૩૩ | ૨૦ ૪૪ | ૨૦ ૫૬ | ૨૧ ૭ | ૨૧ ૧૮ | ૨૧ ૩૦ | ૨૧ ૪૧ | ૨૧ ૫૨ | ૨૨ ૩ | ૨૨ ૧૫ | ૨૨ ૨૬ | ૨૨ ૩૮ | ૨૨ ૪૯ | ૨૩ ૦ |
| ૪ સિંહ | ૨૫ ૫૯ | ૨૬ ૧૦ | ૨૬ ૨૧ | ૨૬ ૩૨ | ૨૬ ૪૩ | ૨૬ ૫૪ | ૨૭ ૫ | ૨૭ ૧૬ | ૨૭ ૨૭ | ૨૭ ૩૮ | ૨૭ ૪૯ | ૨૮ ૦ | ૨૮ ૧૧ | ૨૮ ૨૨ | ૨૮ ૩૨ |
| ૫ કન્યા | ૩૧ ૨૮ | ૩૧ ૩૯ | ૩૧ ૫૦ | ૩૨ ૧ | ૩૨ ૧૨ | ૩૨ ૨૩ | ૩૨ ૩૪ | ૩૨ ૪૫ | ૩૨ ૫૬ | ૩૩ ૬ | ૩૩ ૧૭ | ૩૩ ૨૮ | ૩૩ ૩૯ | ૩૩ ૫૦ | ૩૪ ૧ |

"Aho Shrutgyanam"

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ તુલા | ૩૪ ૧૨ | ૩૪ ૨૩ | ૩૪ ૩૪ | ૩૪ ૪૫ | ૩૪ ૫૬ | ૩૫ ૭ | ૩૫ ૧૮ | ૩૫ ૨૮ | ૩૫ ૪૦ | ૩૫ ૫૨ | ૩૬ ૩ | ૩૬ ૧૪ | ૩૬ ૨૬ | ૩૬ ૩૭ | ૩૬ ૪૮ | ૩૭ ૦ | ૩૭ ૧૧ | ૩૭ ૨૨ | ૩૭ ૩૪ | ૩૭ ૪૫ | ૩૭ ૫૬ | ૩૮ ૮ | ૩૮ ૧૯ | ૩૮ ૩૦ | ૩૮ ૪૨ | ૩૮ ૫૩ | ૩૯ ૪ | ૩૯ ૧૬ | ૩૯ ૨૭ | ૩૯ ૩૮ |
| ૭ વૃશ્ચિક | ૩૯ ૫૦ | ૪૦ ૦ | ૪૦ ૧૨ | ૪૦ ૨૪ | ૪૦ ૩૫ | ૪૦ ૪૬ | ૪૦ ૫૮ | ૪૧ ૯ | ૪૧ ૨૦ | ૪૧ ૩૨ | ૪૧ ૪૩ | ૪૧ ૫૪ | ૪૨ ૬ | ૪૨ ૧૭ | ૪૨ ૨૮ | ૪૨ ૪૦ | ૪૨ ૫૧ | ૪૩ ૨ | ૪૩ ૧૪ | ૪૩ ૨૫ | ૪૩ ૩૬ | ૪૩ ૪૮ | ૪૩ ૫૯ | ૪૪ ૧૦ | ૪૪ ૨૨ | ૪૪ ૩૩ | ૪૪ ૪૪ | ૪૪ ૫૬ | ૪૫ ૭ | ૪૫ ૧૮ |
| ૮ ધન | ૪૫ ૩૦ | ૪૫ ૪૧ | ૪૫ ૫૨ | ૪૬ ૪ | ૪૬ ૧૫ | ૪૬ ૨૬ | ૪૬ ૩૮ | ૪૬ ૪૯ | ૪૬ ૫૯ | ૪૭ ૯ | ૪૭ ૧૯ | ૪૭ ૩૦ | ૪૭ ૪૦ | ૪૭ ૫૦ | ૪૮ ૦ | ૪૮ ૧૧ | ૪૮ ૨૧ | ૪૮ ૩૧ | ૪૮ ૪૧ | ૪૮ ૫૧ | ૪૯ ૨ | ૪૯ ૧૨ | ૪૯ ૨૨ | ૪૯ ૩૧ | ૪૯ ૪૨ | ૪૯ ૫૧ | ૫૦ ૩ | ૫૦ ૧૩ | ૫૦ ૨૩ | ૫૦ ૩૩ |
| ૯ મકર | ૫૦ ૪૩ | ૫૦ ૫૪ | ૫૧ ૪ | ૫૧ ૧૪ | ૫૧ ૨૪ | ૫૧ ૩૪ | ૫૧ ૪૫ | ૫૧ ૫૫ | ૫૨ ૩ | ૫૨ ૧૨ | ૫૨ ૨૧ | ૫૨ ૨૯ | ૫૨ ૩૮ | ૫૨ ૪૭ | ૫૨ ૫૫ | ૫૩ ૪ | ૫૩ ૧૨ | ૫૩ ૨૧ | ૫૩ ૩૨ | ૫૩ ૩૮ | ૫૩ ૪૭ | ૫૩ ૫૫ | ૫૪ ૪ | ૫૪ ૧૩ | ૫૪ ૨૧ | ૫૦ ૩૦ | ૫૪ ૩૯ | ૫૪ ૪૭ | ૫૪ ૫૬ | ૫૫ ૪ |
| ૧૦ કુંભ | ૫૫ ૧૨ | ૫૫ ૨૧ | ૫૫ ૩૦ | ૫૫ ૩૮ | ૫૫ ૪૭ | ૫૫ ૫૬ | ૫૬ ૪ | ૫૬ ૧૩ | ૫૬ ૨૦ | ૫૬ ૨૮ | ૫૬ ૩૬ | ૫૬ ૪૩ | ૫૬ ૫૧ | ૫૬ ૫૮ | ૫૭ ૫ | ૫૭ ૧૩ | ૫૭ ૨૧ | ૫૭ ૨૯ | ૫૭ ૩૬ | ૫૭ ૪૪ | ૫૭ ૫૧ | ૫૭ ૫૯ | ૫૮ ૬ | ૫૮ ૧૪ | ૫૮ ૨૨ | ૫૮ ૨૯ | ૫૮ ૩૭ | ૫૮ ૪૪ | ૫૮ ૫૨ | ૫૮ ૫૯ |
| ૧૧ મીન | ૫૯ ૩ | ૫૯ ૧૪ | ૫૯ ૨૨ | ૫૯ ૩૦ | ૫૯ ૩૭ | ૫૯ ૪૫ | ૫૯ ૫૨ | ૦ ૦ | ૦ ૭ | ૦ ૧૫ | ૦ ૨૩ | ૦ ૩૦ | ૦ ૩૮ | ૦ ૪૭ | ૦ ૫૩ | ૧ ૦ | ૧ ૮ | ૧ ૧૬ | ૧ ૨૩ | ૧ ૩૧ | ૧ ૩૮ | ૧ ૪૬ | ૧ ૫૪ | ૨ ૧ | ૨ ૯ | ૨ ૧૬ | ૨ ૨૪ | ૨ ૩૧ | ૨ ૩૯ | ૨ ૪૭ |

ઉપર આપેલા લગ્નપત્રમાં મથાળે ૧, ૨, ૩ એ અંશોના આંકડા આપેલા છે. તે અંશોની તળેની લાઇનોમાં ડાબી બાજુ મેષ, વૃષભ એવી રીતે બારે રાશિઓનાં નામ આપેલાં છે. હવે જે વખતનું લગ્ન સિદ્ધ કરવું હોય તે દિવસે સૂર્ય જે રાશિમાં હોય તે રાશિની લાઇનમાં અને જેટલા અંશે હોય તે અંશની નીચે જ્યાં બન્નેની લાઇનો ભેગી થતી હોય ત્યાં જે આંકડો હોય તે આંકડો શોધી કહાડવો. તે આંકની ઘડીપળમાં જે વખતનું લગ્ન કાઢવું હોય તેની ઇષ્ટ ઘડીપળ ઉમેરી સરવાળો કરતાં ૬૦ ઉપરાંત આંકડો


"Aho Shrutgyanam"

આવે તો તેમાંથી ૬૦ બાદ કરતાં જે ઘડીપળ આવે તે ઘડીપળનો આંકડો અથવા તેને મળતો એક બે ઘડી આઘીપાછીનો આંકડો લગ્નપત્રમાં શોધી કાઢવો અને તે આંકડાની ડાબી લાઇનમાં જે રાશિ આવતી હોય તે રાશિનું લગ્ન અને તે આંકડાની ઉપરની સીધી લાઇનમાં મથાળે જે અંશનો આંકડો હોય તેટલા અંશનું તે વખતે લગ્ન છે એમ સમજવું.

**ઉદાહરણઃ**– સૂર્ય વરખ રાશિના ૨૨ અંશનો છે અને સૂર્યોદયથી ઇષ્ટ ઘડી ૧૦, ૨૫ પળ છે, તે વખતનું લગ્ન સાધવું છે. હવે લગ્નપત્રમાં વરખ રાશિના ૨૨ અંશના કોઠામાં ઘડી ૧૦–૩૮ પળ છે. તેમાં ૧૦ ઘડી, ૨૫ પળ ઉમેર્યાં ત્યારે કુલ સરવાળો ૨૧–૩ પળનો થયો. તે કર્ક રાશિના ૧૯ મા અંશના કોઠાની લગભગ છે માટે તે વખતે કર્ક રાશિના ૧૯ અંશનું લગ્ન નક્કી થયું એમ જાણવું. તે કર્ક લગ્ન મેષ રાશિથી ગણતાં ૪ થી રાશિ થઇ માટે કર્ક રાશિનું નામ નહિ લખતાં ૪ નો આંક લગ્નકુંડળીમાં પ્રથમના ખાનામાં મૂકવો અને ત્યાર પછી સિંહરાશિનો ૫ મો આંકડો કુંડળીમાં ડાબી બાજુના બીજા ખાનામાં મૂકવો અને ત્રીજા ખાનામાં કન્યા રાશિનો છ ૬ નો તથા ચોથા ખાનામાં તુલા રાશિનો ૭ નો આંક મૂકવો; આ પ્રમાણે બારે રાશિઓના બારે આંક બારે ખાનાઓમાં એક પછી એક અનુક્રમે નીચે પ્રમાણે મૂકવા.

## લગ્ન કુંડળીમાં રાશિ અને ગ્રહો બેસાડવાની રીત.

જન્માંક ૧૯




આ પ્રમાણે જન્મકુંડળી નક્કી કરી બારે રાશિઓના આંકડા બારે ખાનાઓમાં ગોઠવ્યા પછી તે દિવસે દરેક રાશિમાં કયો ગ્રહ કેટલા અંશે છે તે પંચાંગમાં જોઇ નક્કી કરી કુંડળીના તે તે રાશિના અંકવાળા કોઠામાં તે તે ગ્રહો મૂકવા.

"Aho Shrutgyanam"

૧ હવે આ નક્કી કરેલા લગ્નના દિવસે વરખ રાશિના ૨૨ અંશનો સૂર્ય છે. માટે વરખ રાશિનાં અંક ૨ વાળા કોઠામાં ' सू. ' અક્ષર લખવો. સૂર્ય એક રાશિમાં એક મહિના સુધી રહે છે એટલે દરરોજ એક અંશ ચાલે છે. તે પ્રમાણે પંચાંગમાં કુંડળી જોઇ વધઘટ થતી હોય તે પ્રમાણે અંશ કાઢવા.

૨ તે પછી ચંદ્ર કયી રાશિમાં કેટલા અંશે છે તે પંચાંગમાં પુનમ કે અમાસની કુંડળીમાં લખેલું હોય છે પણ ચંદ્ર સવા બે દિવસમાં એક રાશિ એટલે ત્રીસ ( ૩૦ ) અંશ ચાલે છે જેથી એક દિવસમાં લગભગ ૧૪ અંશ ચાલે. એ રીતે સવા બે દિવસ ચંદ્ર એક રાશિમાં રહે છે અને ત્યાર પછી બીજી રાશિમાં પ્રવેશ કરે છે.

પંચાંગમાં તિથિની સામે ચંદ્ર કયી રાશિનો છે અને કયે દિવસે કયી ઘડીએ બેઠેલો છે તે લખેલું હોય છે. હવે જ્યારે જે રાશિમાં ચંદ્રમા બેઠો ત્યારથી જન્મ કે ઇષ્ટ ઘડીપળ સુધી દરરોજના ૧૪ અંશ લેખે કેટલા અંશ છે તે ગણી જન્મ કે મુહૂર્તની ઇષ્ટ ઘડી વખતે કેટલા અંશે ચંદ્ર છે તે શોધી કાઢવું અને જે રાશિનો ચંદ્ર હોય તે રાશિનો આંક જે ખાનામાં હોય તે ખાનામાં ચંદ્રનો પહેલો ' चं. ' અક્ષર મૂકવો અને કુંડળીની નીચે ગ્રહના અંશનો કોઠો આપવામાં આવે છે તેમાં ચંદ્રની રાશિના નામ તળે તેના અંશ લખવા. એવી રીતે ચંદ્ર મિથુન રાશિનો છે માટે ૩ આંકડાવાળા લગ્નકુંડળીના કોઠામાં શુક્ર છે ત્યાં ચંદ્રને પણ મૂકવો.

૩ મંગળ જન્મ વખતે કયી રાશિના કેટલા અંશે છે તે જોવું. મંગળ દોઢ દિવસે એક અંશ ફરે છે એટલે જ્યારથી જે રાશિમાં મંગળ બેઠો હોય ત્યારથી દોઢ મહિના સુધી તે રાશિમાંજ રહે છે. માટે પંચાંગમાં પુનમ કે અમાસની કુંડલીમાં મંગળ જેટલા અંશનો જે રાશિનો હોય તે અંશમાં જન્મ દિવસ સુધીના દોઢ દિવસના એક અંશ પ્રમાણે ગણી અંશમાં વધઘટ કરી અંશ કાઢવા. હવે ઉપર જણાવેલા સમયે મંગળ મેષ રાશિનો છે માટે મેષ રાશિનો આંક ૧નો આવ્યો. જેથી લગ્ન કુંડળીમાં એક આંકવાળા મેષ રાશિના કોઠામાં મંગળનો પહેલો અક્ષર ' मं. ' મૂકવો અને કુંડળીની નીચે ગ્રહોના અંશનો કોઠો આપવામાં આવે છે તેમાં મંગળની રાશિના નામ તળે અંશ લખવા.

૪ બુધ એક દિવસે એક અંશ ચાલે છે અને એક મહિનામાં એક રાશિ ભોગવે છે. માટે પંચાંગમાં આપેલી કુંડલીમાં જે રાશિમાં હોય અને તે કેટલા અંશમાં છે તે નક્કી કરી તેમાં મુહૂર્તના કે જન્મના દિવસ સુધી દરરોજના એક અંશ પ્રમાણે ગણી વધઘટ કરી નક્કી અંશ કાઢવા. હવે ઉપર જણાવેલા સમયે બુધ વરખ રાશિનો છે માટે કુંડળીમાં વરખ રાશિનો આંક બેવાળા કોઠામાં બુધનો પહેલો

"Aho Shrutgyanam"

અક્ષર ' बु. ' લખવો અને તેની નીચેની કુંડળીમાં જે અંશ નક્કી થયા હોય તે લખવા. એવી રીતે દરેક ગ્રહોના અંશ, કળા ને વિકળા લખવી.

૫ ગુરૂ તેર ( ૧૩ ) મહિના સુધી એક રાશિમાં રહે છે અને બાર દિવસે એક અંશ ચાલે છે એટલે એક મહિને અઢી અંશ બદલાય છે તેથી મુહૂર્ત કે જન્મની ઇષ્ટ ઘડી વખતે કેટલા અંશે છે તે પંચાંગમાં જોઇ બાર દિવસના એક અંશ પ્રમાણે વધઘટ કરી ગુરૂ કયી રાશિનો અને કેટલા અંશે છે તે નક્કી કરી કુંડળીમાં મૂકવું. ઉપર જણાવેલા સમયે ગુરૂ કર્ક રાશિમાં છે માટે કર્ક રાશિનો ચોથો આંક લગ્નનાજ કોઠામાં છે ત્યાં ગુરૂનો ' गु. ' અક્ષર મુકવો અને નીચેની કુંડળીમાં તે રાશિની નીચે જે અંશ આવ્યા હોય તે મૂકવા.

૬ શુક્ર એક રાશિમાં એક માસ સુધી રહે છે એટલે દરરોજ એક અંશ ચાલે છે. તે પ્રમાણે ઇષ્ટ ઘડીના દિવસ સુધીમાં વધઘટ કરી જે રાશિનો અને કેટલા અંશે છે તે નક્કી કરી કુંડલીના કોઠામાં તે રાશિ ભેગો મૂકવો. હવે ઉપર જણાવેલા સમયે શુક્ર મિથુન રાશિમાં છે માટે મિથુન રાશિના ૩ જા આંક ભેગો શુક્રનો પહેલો અક્ષર ' शु. ' મૂકવો.

૭ શનિ એક રાશિમાં ત્રીસ મહિના સુધી રહે છે એટલે એક મહિને અથવા ત્રીસ દિવસે એક અંશ ચાલે છે માટે ઇષ્ટ ઘડીના દિવસે ફેરફાર વિશેષ થતો નથી અને કદાચ થતો જણાય તો વધઘટ કરી જે રાશિનો અને જેટલા અંશે હોય તે નક્કી કરી કુંડળીના કોઠામાં તે રાશિ ભેગો મૂકવો. હવે ઉપરના સમયે શનિ મકર રાશિમાં છે માટે મકર રાશિના ૧૦ ના આંક ભેગો શનિનો પહેલો અક્ષર ' श. ' મૂકવો.

૮ રાહુ અઢાર મહિના સુધી એક રાશિમાં રહે છે એટલે અઢાર દિવસે એક અંશ પાછો હઠે છે; કારણ કે તેની ગતિ ઉલટી છે એટલે ઇષ્ટ ઘડીના દિવસે પંચાંગમાં જે રાશિનો જેટલા અંશે હોય તેમાં ઘણે ભાગે ફેરફાર થતો નથી. માટે પંચાંગમાં જોઇ કુંડળીના કોઠામાં મૂકવો. હવે ઉપરના સમયે રાહુ કુંભ રાશિમાં છે માટે કુંભ રાશિના ૧૧ મા આંક ભેગો રાહુનો પહેલો અક્ષર ' रा. ' લખવો.

૯ કેતુ પણ એક રાશિમાં અઢાર માસ સુધી રહે છે એટલે એ અઢાર દિવસે એક અંશ પાછો હઠે છે. તે પણ ઘણે ભાગે પંચાંગની કુંડળીમાં જે રાશિમાં જેટલા અંશ હોય છે તેમાં અઢાર ( ૧૮ ) દિવસ સુધી કાયમ રહે છે. ઉપરના સમયે કેતુ સિંહ રાશિમાં છે માટે સિંહ રાશિના ૫ ના આંક ભેગો ' के. ' મૂકવો.

એવી રીતે લગ્નકુંડળી તૈયાર કરી લગ્નકુંડળીમાં આવેલા ગ્રહોનું શુભાશુભ ફળ તપાસવું.

"Aho Shrutgyanam"

## નવાંશ કુંડળી બનાવવાની રીત.

**धनुः सिंहोऽथ मेषश्च मेषाद्यास्तु नवांशकाः ॥**
**मकरो वृषभः कन्या मकराद्याः प्रकीर्तिताः ॥१५१॥**
**तुलामिथुनकुंभाख्यास्तुलाद्याः कथिता बुधैः ॥**
**कर्काद्यास्ते तु विज्ञेया मीनवृश्चिककर्कटाः ॥१५२॥**

ધન, સિંહ અને મેષ; એ ત્રણ રાશિના નવાંશ મેષથી ગણુવામાં આવે છે. મકર, વૃષ અને કન્યા રાશિના નવાંશ મકર રાશિથી; તુલા, મિથુન અને કુંભ રાશિના નવાંશ તુલા રાશિથી અને મીન, વૃશ્ચિક તથા કર્ક શશિના નવાંશ કર્ક રાશિથી ગણુવામાં આવે છે એમ પંડિતોએ કહ્યું છે. ૧૫૧, ૧૫૨.

### નવાશ ચક્ર.

| અંશ | કળા | મેષ | વૃષ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨૦ | મં | શ | શુ | ચં | મં | શ | શુ | ચં | મં | શ | શુ | ચં |
| ૬ | ૪૦ | શુ | શ | મં | સૂ | શુ | શ | મં | સૂ | શુ | શ | મં | સૂ |
| ૧૦ | ૦ | બુ | ગુ | ગુ | બુ | બુ | ગુ | ગુ | બુ | બુ | ગુ | ગુ | બુ |
| ૧૩ | ૨૦ | ચં | મં | શ | શુ | ચં | મં | શ | શુ | ચં | મં | શ | શુ |
| ૧૬ | ૪૦ | સૂ | શુ | શ | મં | સૂ | શુ | શ | મં | સૂ | શુ | શ | મં |
| ૨૦ | ૦ | બુ | બુ | ગુ | ગુ | બુ | બુ | ગુ | ગુ | બુ | બુ | ગુ | ગુ |
| ૨૩ | ૨૦ | શુ | ચં | મં | શ | શુ | ચં | મં | શ | શુ | ચં | મં | શ |
| ૨૬ | ૪૦ | મં | સૂ | શુ | શ | મં | સૂ | શુ | શ | મં | સૂ | શુ | શ |
| ૩૦ | ૦ | ગુ | બુ | બુ | ગુ | ગુ | બુ | બુ | ગુ. | ગુ | બુ | બુ | ગુ |

નવાંશ કુંડળી બનાવવા માટે એક રાશિ ત્રીસ ( ૩૦ ) અંશની હોય છે તેથી તેના નવ ( ૯ ) ભાગ કરી નવ ભાગનું કોષ્ઠક ઉપર પ્રમાણે બનાવવું. ઉપરના કોઠામાં નવાંશ ચક્રની મેષાદિથી બાર રાશિઓ લખેલી છે અને ડાબી બાજુના કોઠામાં નીચે ઉતરતાં જે લગ્ન આવેલું હોય તેના નવ ભાગના અંશ લખેલા છે. તે



"Aho Shrutgyanam"

લગ્ન જેટલા અંશનું હોય તે અંશના કોઠાની લાઇન અને જે રાશિનો નવાંશ આવ્યો હોય તે રાશિની લાઇન જે કોઠામાં એક થાય તે કોઠામાં જે ગ્રહ હોય તે ગ્રહ નવાંશ કુંડળીમાં પહેલા ભુવનમાં મૂકવો અને પછીના ગ્રહો પણ બીજી જે રાશિ આવતી હોય અને જેટલા અંશે હોય તે ખાનાની લાઇન જે કોઠામાં ભેગી થાય તે કોઠામાં જે ગ્રહ હોય તે તે રાશિમાં મૂકવો.

## નવાંશનું પ્રાધાન્યપણું.

**लग्ने शुभेऽपि यद्यंशः क्रूरः स्यान्नेष्टसिद्धिदः ॥**
**लग्ने क्रूरेऽपि सौम्यांशः शुभदोंऽशो बलायतः ॥१९३॥**

### લગ્ન, હોરા, દ્રેષ્કાર, નવાંશ દ્વાદશાંશ, ત્રિશાંશ માનનું કોષ્ઠક.

| લગ્ન માન | ઘડી,પળ | હોરા માન પલ, અક્ષર | દ્રેષ્કાર માન પલ, અક્ષર | નવાંશ માન પલ, અક્ષર, વ્યક્ષર | દ્વાદશાંશ માન પલ, અક્ષર | ત્રિશાંશ માન પલ, અક્ષર |
|---|---|---|---|---|---|---|
| મેષ, | ૩–૪૫ | ૧૧૨–૩૦ | ૭૫– ૦ | ૨૫– ૦– ૦ | ૧૮–૪૫ | ૭–૩૦ |
| વૃષ, | ૪–૧૬ | ૧૨૮– ૦ | ૮૫–૨૦ | ૨૮–૨૬–૪૦ | ૨૧–૨૦ | ૮–૩૨ |
| મિથુન, | ૫– ૫ | ૧૫૨–૩૦ | ૧૦૧–૪૦ | ૩૩–૫૩–૨૦ | ૨૫–૨૫ | ૧૦–૧૦ |
| કર્ક, | ૫–૪૧ | ૧૭૦–૩૦ | ૧૧૩–૪૦ | ૩૭–૫૩–૨૦ | ૨૮–૨૫ | ૧૧–૨૨ |
| સિંહ, | ૫–૪૨ | ૧૭૧– ૦ | ૧૧૪– ૦ | ૩૮– ૦– ૦ | ૨૮–૩૦ | ૧૧–૨૪ |
| કન્યા, | ૫–૩૧ | ૧૬૫–૩૦ | ૧૧૦–૨૦ | ૩૬–૪૬–૪૦ | ૨૭–૩૫ | ૧૧– ૨ |
| તુલા, | ૫–૩૧ | ૧૬૫–૩૦ | ૧૧૦–૨૦ | ૩૬–૪૬–૪૦ | ૨૭–૩૫ | ૧૧– ૨ |
| વૃશ્ચિક, | ૫–૪૨ | ૧૭૧– ૦ | ૧૧૪– ૦ | ૩૮– ૦– ૦ | ૨૮–૩૦ | ૧૧–૨૪ |
| ધન, | ૫–૪૧ | ૧૭૦–૩૦ | ૧૧૩–૪૦ | ૩૭–૫૩–૨૦ | ૨૮–૨૫ | ૧૧–૨૨ |
| મકર, | ૫– ૫ | ૧૫૨–૩૦ | ૧૦૧–૪૦ | ૩૩–૫૩–૨૦ | ૨૫–૨૫ | ૧૦–૧૦ |
| કુંભ, | ૪–૧૬ | ૧૨૮– ૦ | ૮૫–૨૦ | ૨૮–૨૬–૪૦ | ૨૧–૨૦ | ૮–૩૨ |
| મીન, | ૩–૪૫ | ૧૧૨–૩૦ | ૭૫– ૦ | ૨૫– ૦– ૦ | ૧૮–૪૫ | ૭–૩૦ |

"Aho Shrutgyanam"

લગ્ન શુભ હોય છતાં અંશ ( નવાંશ ) ક્રૂર હોય તો તે ઇષ્ટ સિદ્ધિને આપતો નથી, અને લગ્ન ક્રૂર હોય છતાં અંશ સૌમ્ય હોય તો શુભકારક છે. કારણ કે અંશજ બલવાન છે તેમજ ક્રૂર અંશ ( નવાંશ ) માં રહેલો સૌમ્ય ગ્રહ પણ ક્રૂર થાય છે અને સૌમ્ય ગ્રહમાં રહેલો ક્રૂર ગ્રહ પણ સૌમ્ય થાય છે. ક્રૂર અંશમાં રહેલા સૌમ્ય ગ્રહની દૃષ્ટિ પણ દુષ્ટ થાય છે અને સૌમ્ય ગ્રહમાં રહેલા ક્રૂર ગ્રહની દૃષ્ટિ પણ શુભ થાય છે એવું લલ્લ તથા શ્રીપતિ કહે છે. ૧૫૩.

## ઘર તથા દેવમંદિરોના આરંભમાં લગ્નબળ વિચાર.

**द्विःस्वभावे स्थिरे लग्ने शुभैर्व्यष्टांत्यगैर्ग्रहैः ॥**
**पापैरायारिगैः कुर्यान्मंदिरारंभणं बुधः ॥१५४॥**

દ્વિસ્વભાવ તથા સ્થિર લગ્ન હોય, ૮ મા અને ૧૨ મા સ્થાનને છોડી બીજા સ્થાનોમાં શુભ ગ્રહો હોય તથા પાપગ્રહ ૧૧ મા અને ૬ ઠ્ઠા સ્થાનમાં હોય તો બુદ્ધિમાન્ પુરૂષોએ ઘર અને મંદિરો બનાવવાનો આરંભ કરવો. ૧૫૪.

## ગૃહારંભમાં શુભ યોગો.

**लग्ने गुरौ रवौ षष्ठे द्यूने ज्ञे भार्गवे सुखे ॥**
**मन्द्रे त्रिगे कृतं तिष्ठेन् मंदिरं शरदां शतम् ॥१५५॥**

લગ્નમાં ગુરૂ, છઠ્ઠે સ્થાને સૂર્ય, સાતમે બુધ, ચોથે શુક્ર અને ત્રીજા સ્થાને શનિ હોય તો એવા મુહૂર્તમાં બનાવેલું મંદિર અથવા ઘર ૧૦૦ વર્ષ સુધી ટકે. ૧૫૫.

**तनौ शुक्रे सहोत्थेऽर्के षष्ठे भौमे सुते गुरौ ॥**
**समारब्धं गृहं तिष्ठेद्धायनानां शतं द्वयम् ॥१५६॥**

લગ્નમાં શુક્ર, ત્રીજા સ્થાને સૂર્ય, છઠ્ઠે સ્થાને મંગળ અને પાંચમા સ્થાને ગુરૂ હોય એવા યોગમાં ઘરનો આરંભ કરવામાં આવે તો તે ઘર ૨૦૦ વર્ષ સુધી ટકે. ૧૫૬.

**सूर्ये लाभगते शुक्रे तनौ नभसि चंद्रजे ॥**
**गेहं वर्षशतायुष्यं निर्मितं नृवरैर्भवेत् ॥१५७॥**

અગિયારમા સ્થાને સૂર્ય, લગ્નમાં શુક્ર અને બુધ દશમે સ્થાને હોય એવા યોગમાં પ્રારંભ કરેલું ઘર ૧૦૦ વર્ષ સુધી ટકે. ૧૫૭.

"Aho Shrutgyanam"

**चतुर्थे वाक्पतौ लाभे भौमे मंदे च खे विधौ ॥**
**अशीतिहायनायुष्यमारब्धं मंदिरं स्मृतम् ॥१५८॥**

ચોથા સ્થાનમાં ગુરૂ, અગિયારમે મંગળ અને શનિ તથા દશમા સ્થાને ચંદ્ર હોય એવા યોગમાં આરંભ કરેલું મકાન ૮૦ વર્ષના આયુષ્યવાળું જાણવું. ૧૫૮.

**शुक्रे स्वोच्चे तनौ वापि जीवे पातालगेऽथवा ॥**
**लाभगे वा शनौ स्वोच्चे संपद्युक्तं गृहं चिरम् ॥१५९॥**

શુક્ર ઉચ્ચ સ્થાનનો અથવા લગ્નનો હોય, ગુરૂ લગ્નમાં અથવા ચોથે સ્થાને હોય અને શનિ અગિયારમે અથવા ઉચ્ચ રાશિનો હોય તેવા વખતમાં આરંભ કરેલું મકાન સંપત્તિયુક્ત રહી ઘણાં વર્ષો સુધી ટકે છે. ૧૫૯.

**लग्नस्थे स्वर्क्षगे चंद्रे केन्द्रे जीवेऽथ खेचरैः ॥**
**स्वोच्चभिन्नांशगैर्गेहं लक्ष्म्या युक्तं स्थिरं भवेत् ॥१६०॥**

કર્ક રાશિનો ચંદ્રમા લગ્નમાં હોય, ગુરૂ કેન્દ્રમાં હોય તથા બીજા ગ્રહો પોતાની ઉચ્ચ રાશિના અથવા મિત્રની રાશિના હોય એવા યોગમાં બનાવેલું મકાન લક્ષ્મી સહિત ઘણાં વર્ષો સુધી સ્થિર રહે છે. ૧૬૦.

**भृगुर्विलग्ने यदि मीनसंस्थः कर्के गुरुस्तुर्यगृहं गतश्चेत् ॥**
**शनिस्तथैकादशगन्तुलायां गेहं चिरं श्रीसहितं तदा स्यात् ॥१६१॥**

મીન રાશિના લગ્નમાં શુક્ર હોય, કર્કનો બૃહસ્પતિ ચોથા ભુવનમાં હોય અને શનૈશ્ચર તુલાનો અગિયારમા ભુવનમાં હોય એવા વખતમાં પ્રારંભ કરેલું ઘર લક્ષ્મી સહિત ઘણા દિવસ સુધી ટકે. ૧૬૧.

## લગ્નેશ નેષ્ટ યોગફળ.

**सर्वे व्ययाष्टमगताः सकले न शस्ताः,**
**केन्द्रत्रिकोणधनगास्तु तथैव पापाः ॥**
**सौम्यान्वितोऽपि विधुरेव शुभो न लग्ने,**
**मूर्तौ तथैव निधने न शुभं शुभेषु ॥१६२॥**

સર્વ ગ્રહો બારમે અને આઠમે સ્થાને કોઇ પણ કાર્યમાં સારા નથી. કેન્દ્ર સ્થાનમાં, ત્રિકોણમાં અને ધન સ્થાનમાં પાપગ્રહો સારા નથી. જેમ લગ્નનો ચંદ્રમા

"Aho Shrutgyanam"

બુધયુક્ત હોય તો પણ સારો નથી તેવો જ આઠમા સ્થાનનો ચંદ્રમા પણ જાણવો. માટે આઠમા સ્થાનમાં કદાચ શુભ ગ્રહો હોય તો પણ તે સારા નથી. ૧૬૨.

**नीचांशस्थैस्तथा खेटैर्निर्धनं मंदिरं हि तत् ॥**
**खेटश्चेत्कोऽपि खे द्यूने परांशस्थेऽत्र मध्यतः ॥१६३॥**

જો નીચાંશમાં બધા ગ્રહો સ્થિત હોય તો આ યોગમાં બનાવેલ મકાન નિર્ધન થાય છે, અને જો કોઇ પણ એક ગ્રહ શત્રુ ગ્રહના નવાંશમાં સ્થિત હોવા છતાં દશમા અથવા સાતમા સ્થાનમાં હોય અને લગ્નેશ નિર્બળ હોય તો તે મકાન એક વર્ષની અંદર પરાયા હાથમાં જાય છે. ૧૬૩.

### લગ્નમાં અસ્ત પામેલા ગ્રહ વર્જવા.

**अनस्तगैः सितेज्येन्दुजन्मराशिविलग्नपैः ॥**
**स्वोच्चस्वक्षेत्रभागस्थैर्भवेच्छ्रीसौख्यदं गृहम् ॥१६४॥**

શુક્ર, ગુરૂ, ચંદ્ર, જન્મનો સ્વામી, રાશિનો સ્વામી અને લગ્નનો સ્વામી આટલા ગ્રહો અસ્ત પામેલા ન હોય તથા પોતાના ઉચ્ચ સ્થાને પોતાના ક્ષેત્રમાં અને પોતાના અંશમાં રહેલા હોય તો તે વખતે આરંભ કરેલું ઘર લક્ષ્મી અને સુખ આપનારૂં થાય છે. ૧૬૪.

### પ્રવેશ તથા પ્રતિષ્ઠા વખતે લગ્નબળ.

**चरे लग्ने चरांशस्थे प्रवेशो न शुभावहः ॥**
**शुभांशेन युते चोपचयस्थे च चरेऽपि सत् ॥१६५॥**
**शुभैः केन्द्रत्रिकोणायद्विगैरायत्रिषष्ठगैः ॥**
**पापैः शुद्धेऽष्टमे तुर्ये विजनुर्भाष्टमेंगके ॥१६६॥**
**शुभे भकूटके गेहे विधायाग्रे द्विजन्मनः ॥**
**जलपूर्णं घटं धृत्वा मांगल्येन गृहं विशेत् ॥१६७॥**

ચરલગ્ન તથા ચરલગ્નના નવાંશ હોય તો નવીન ગૃહ પ્રવેશમાં અશુભ જાણવા અને શુભ ગ્રહના નવાંશ યુક્ત ચર લગ્ન હોય અથવા ઉપચય એટલે ૩, ૬, ૧૦ અને ૧૧ મા સ્થાને લગ્નનો સ્વામી હોય તો એવા વખતમાં પ્રવેશ મુહૂર્ત શુભ જાણવું.

શુભ ગ્રહ કેંદ્ર એટલે ૧–૪–૭ અને ૧૦ મા સ્થાને તથા ત્રિકોણ એટલે ૫ અને ૯ મા સ્થાને અને બીજા સ્થાને બેઠા હોય, પાપગ્રહ અગિયારમે, ત્રીજે અને છઠ્ઠે

"Aho Shrutgyanam"

સ્થાને હોય, આઠમું અને ચોથું સ્થાન શુદ્ધ હોય અર્થાત્ તે સ્થાનોમાં કોઇ ગ્રહ ન હોય અને જન્મનું નક્ષત્ર, રાશિ તથા જન્મરાશિથી આઠમું લગ્ન ન હોય તેમજ ઘર અને ઘરના સ્વામીની રાશિનું ભકૂટ શુભ હોય એવા વખતમાં જળથી ભરેલા કળશ સહિત બ્રાહ્મણોને આગળ કરી મંગલપૂર્વક ગૃહપ્રવેશ કરવો. ૧૬૫, ૧૬૬, ૧૬૭.

## ગૃહપ્રવેશ વખતે સૂર્ય જોવા વિષે.

**रंध्रात्मजकुटुम्बायात्पञ्चभे भास्करे स्थिते ॥**
**पूर्वास्यादिगृहे श्रेष्ठः क्रमाद्वामगतो रविः ॥१६८॥**

પૂર્વાદિક દિશાઓમાં ઘરનું દ્વાર હોય તો અનુક્રમે આઠમા, પાંચમા, બીજા અને અગિયારમા સ્થાનથી પાંચ પાંચ સ્થાનોની અંદર સૂર્ય હોય તો પ્રવેશ કરનારની ડાબી તરફ રહે છે અર્થાત્ ઘરનું દ્વાર પૂર્વ તરફ હોય તો લગ્નથી આઠમા સ્થાનથી ગણતાં પાંચ સ્થાન સુધી સૂર્ય પ્રવેશ કરનારની ડાબી બાજુ રહે છે.

ઘરનું દ્વાર દક્ષિણ તરફ હોય તો લગ્નથી પાંચમા સ્થાન સુધીમાં સૂર્ય હોય તો પ્રવેશ કરનારની ડાબી બાજુએ રહે છે. ઘરનું દ્વાર પશ્ચિમ દિશા તરફ હોય તો લગ્નના બીજા સ્થાનથી પાંચ સ્થાનની અંદર સૂર્ય હોય તો તે પણ ડાબી બાજુ રહે છે તેમજ ઘરનું દ્વાર ઉત્તર તરફ હોય તો અગિયારમા સ્થાનથી ગણતાં પાંચ સ્થાન સુધીની અંદર સૂર્ય હોય તો પ્રવેશ કરનારની ડાબી બાજુ સૂર્ય રહે, એ પ્રવેશ વખતે ઉત્તમ જાણવો. ૧૬૮.

## પ્રતિષ્ઠા કુંડળીમાં ગ્રહ સ્થાપના.

**प्रतिष्ठायां श्रेष्ठो रविरुपचये शीतकिरणः,**
**स्वधर्माढ्ये तत्र क्षितिजरविजौ त्र्यायरिपुगौ ॥**
**बुधस्वर्ग्याचार्यौ व्ययनिधनवर्जौ भृगुसुतः,**
**सुतं यावल्लग्नान्नवमदशमायेष्वपि तथा ॥१६९॥**

પ્રતિષ્ઠાના સમયે લગ્ન કુંડળીમાં સૂર્ય જો ઉપચય ( ૩–૬–૧૦–૧૧ ) સ્થાનમાં હોય તો શ્રેષ્ઠ છે. ચંદ્રમા ધન અને ધર્મસ્થાન સહિત પૂર્વોક્ત સ્થાનોમાં ( ૨–૩–૬–૯–૧૦–૧૧ ) રહ્યો હોય તો શ્રેષ્ઠ છે. મંગળ તથા શનિ ત્રીજે, અગીઆરમે અને છઠ્ઠા સ્થાનમાં રહ્યા હોય તો શ્રેષ્ઠ છે. બુધ, ગુરૂ બારમું અને આઠમું સ્થાન છોડી કોઇ પણ સ્થાને રહ્યા હોય તો સારા છે, શુક્ર લગ્નથી પાંચમા સ્થાન સુધી ( ૧–૨–૩–૪–૫ ) તથા ૯–૧૦ અને ૧૧ મા સ્થાને રહ્યો હોય તો શ્રેષ્ઠ જાણવો. ૧૬૯.

"Aho Shrutgyanam"

## લગ્નેશ નિષેધ ગ્રહો વિષે.

**लग्नमृत्युसुतास्तेषु पापा रन्ध्रे शुभाः स्थिताः ॥**
**त्याज्या देवप्रतिष्ठायां लग्नषष्ठाष्टगः शशी ॥१७०॥**

પાપગ્રહ ( રવિ, મંગળ, શનિ, રાહુ અને કેતુ ) જો પહેલા, આઠમા, પાંચમા અને સાતમા સ્થાનમાં રહ્યા હોય, શુભ ગ્રહ આઠમા સ્થાનમાં રહ્યા હોય અને ચંદ્રમા પહેલા, છઠ્ઠા તથા આઠમા સ્થાનમાં હોય એવી રીતે કુંડળીમાં ગ્રહો બેઠેલા હોય તો તે લગ્ન દેવની પ્રતિષ્ઠામાં ત્યાગવા યોગ્ય છે. ૧૭૦.

## પ્રતિષ્ઠામાં ગ્રહ સ્થાપનાનું કોષ્ટક.

| | | | | |
|---|---|---|---|---|
| રવિ | ૩–૬–૧૧ | ૧૦ | ૫ | ૧–૨–૪–૭–૮–૯–૧૨ |
| સોમ | ૨–૩–૧૧ | ૧–૪–૬–૭–૯–૧૦ | ૫ | ૮–૧૨ |
| મંગળ | ૩–૬–૧૧ | ૦ | ૫ | ૧–૨–૪–૭–૮–૯–૧૦–૧૨ |
| બુધ | ૧–૨–૩–૪–૬–૧૦–૧૧ | ૬–૭–૯ | ૦ | ૮–૧૨ |
| ગુરૂ | ૧–૨–૪–૫–૯–૭–૧૦–૧૧ | ૬ | ૩ | ૮–૧૨ |
| શુક્ર | ૧–૪–૫–૯–૧૦–૧૧ | ૨–૩ | ૬–૭–૧૨ | ૮ |
| શનિ | ૩–૬–૧૧ | ૦ | ૫–૧૦ | ૧–૨–૪–૭–૮–૯–૧૨ |
| રા. કે. | ૩–૬–૧૧ | ૨–૪–૫–૮–૯–૧૦–૧૨ | ૦ | ૧–૭ |

## દેવતા અનુકૂળ લગ્નબલ.

**सिंहे सूर्यः शिवो द्वंद्वे लग्ने स्थाप्यः स्त्रियां हरिः ॥**
**कुंभे वेधाश्चरे क्षुद्रा द्व्यङ्गे देव्यः स्थिरेऽखिलाः ॥१७१॥**

સિંહ લગ્નમાં સૂર્યની, મિથુન લગ્નમાં શિવની, કન્યા લગ્નમાં વિષ્ણુની, કુંભ લગ્નમાં બ્રહ્માની, ચર લગ્નમાં ક્ષુદ્રા અર્થાત્ ચોસઠ યોગિણીઓની, દ્વિસ્વભાવ લગ્નમાં દેવીઓની તથા સ્થિર લગ્નમાં સર્વ દેવતાઓની પ્રતિષ્ઠા કરવી. ૧૭૧.

## ચંદ્રમાનું ફળ.

**मूर्त्तौ मृत्युकरः शशी धनगतो धान्यं सुखं विक्रमे,**
**वेश्मस्थः कलहं करोति सुतगः संतानगोत्रक्षयम् ॥**

"Aho Shrutgyanam"

**षष्ठे वैरिभयश्च सप्तमगतो दुःखं मृतिं मृत्युगः,**
**विघ्नं धर्मगतो बलश्च गगने लाभेऽर्थमंत्ये व्ययम् ॥१७२॥**

પ્રતિષ્ઠા કુંડળી વિષે લગ્નમાં ( પહેલા ભુવનમાં ) ચંદ્રમા હોય તો તે મૃત્યુ કરે, ધન ભુવનમાં ( બીજામાં ) હોય તો ધાન્યની વૃદ્ધિ કરે, પરાક્રમ ( ત્રીજા ) ભુવનમાં હોય તો કલેશ કરાવે, પાંચમામાં હોય તો સંતાન અને ગોત્રનો ક્ષય કરે, છઠ્ઠા ભુવનમાં હોય તો શત્રુનો ભય કરે, સાતમા ભુવનમાં હોય તો દુઃખ કરે, આઠમામાં હોય તો મૃત્યુ કરે, નવમા ભુવનમાં હોય તો વિઘ્ન કરે, દશમા ભુવનમાં હોય તો બળ આપે, અગીઆરમા ભુવનમાં હોય તો ધન અને બારમા ભુવનમાં ચંદ્રમા હોય તો તે વ્યય-ખર્ચ કરાવે. ૧૭૨.

### ચંદ્ર બલાબલ વિશેષ.

**शुभश्चन्द्रोऽप्यसत्पापात् सप्तमः पापयुक्तथा ॥**
**पापमध्यगतः क्षीणो नीचगः शत्रुवर्गगः ॥१७३॥**
**अशुभोऽपि शुभश्चन्द्रो गुरुणालोकितो युतः ॥**
**स्वर्क्षोच्चस्थः शुभांशे वा स्वाधिमित्रांशके तथा ॥१७४॥**

પાપગ્રહથી સાતમા ઘરમાં રહેલો ચંદ્રમા અથવા પાપગ્રહની સાથે હોય અગર પાપગ્રહોના મધ્યમાં હોય, ક્ષીણ હોય, નીચનો હોય તેમજ શત્રુવર્ગનો હોય તો શુભ ચંદ્રમા પણ અશુભ થઇ જાય છે. પરંતુ ચંદ્રમા ગુરૂની દૃષ્ટિયુક્ત હોય અથવા પોતાની કર્ક રાશિનો હોય, ઉચ્ચનો હોય, શુભ ગ્રહના નવાંશમાં અગર પોતાના અધિમિત્રના નવાંશમાં હોય તો અશુભ ચંદ્રમા પણ શુભ થઇ જાય છે. ૧૭૩, ૧૭૪.

### લગ્ન કુંડળીમાં ચંદ્રમાનું બળ અવશ્ય લેવા વિષે.

**लग्नं देहः षड्वर्गोऽङ्गकानि प्राणश्चन्द्रो धातवः खेचरेन्द्राः ॥**
**प्राणे नष्टे देहधात्वङ्गनाशो यत्नेनातश्चन्द्रवीर्यं प्रकल्प्यम् ॥१७५॥**

લગ્ન શરીર છે, ષડ્વર્ગ અંગ છે, ચંદ્રમા પ્રાણ છે અને બીજા ગ્રહો સપ્ત ધાતુ જાણવા. પ્રાણનો વિનાશ થવાથી શરીર, અંગ, ઉપાંગ અને ધાતુનો પણ વિનાશ થઇ જાય છે માટે પ્રાણરૂપ ચંદ્રમાનું બલ અવશ્ય લેવું જોઇએ. ૧૭૫.

### ગ્રહોની દૃષ્ટિ પડવા વિષેનું ફળ.

**पत्या युक्तो वीक्षितो वाथ सौम्यैर्यो भावः स्यात्तस्य वाच्या हि सिद्धिः ॥**
**हानिः पापैःक्रूरसौम्यैस्तु मिश्रं सर्वेष्वेवं चिन्तनीयं स्वबुद्ध्या ॥१७६॥**

"Aho Shrutgyanam"

જે સ્થાન પોતાના સ્વામી વડે યુક્ત હોય ( જે સ્થાન ઉપર પોતાના સ્વામીની દૃષ્ટિ પડતી હોય ) તથા જે સ્થાન સૌમ્ય ગ્રહ યુક્ત હોય અથવા સૌમ્ય ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો તે સ્થાન સંબંધી ફળની સિદ્ધિ જાણવી, તેમજ જે સ્થાનમાં પાપગ્રહ હોય અથવા પાપગ્રહની દૃષ્ટિ પડતી હોય તો તે સ્થાન સંબંધી ફળની હાનિ સમજવી. વળી જે સ્થાનમાં ક્રૂર અને સૌમ્ય ગ્રહ એકઠા હોય અથવા ક્રૂર અને સૌમ્ય ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો તે સ્થાન સંબંધી તેનું ફળ મિશ્ર જાણવું. આ પ્રકારે ગ્રહો અને ગ્રહોના સ્થાન વિષે સર્વ ઠેકાણે વિશેષ વિચાર પોતાની બુદ્ધિ વડે કરવો. ૧૭૬.

## ચંદ્ર અને ગ્રહોથી થતા ૪ કુયોગ.

**लग्नाङ्घिसप्तव्योमस्थो भवेत्क्रूरग्रहो विधोः ॥**
**आपीडा चैव संपीडा भृग्वाद्या वर्त्तिताः क्रमात् ॥१७७॥**

ચંદ્રથી ૧, ૪, ૭ અને ૧૦ મા ભુવનમાં ક્રૂર ગ્રહ હોય તો અનુક્રમે આપીડા, સંપીડા, ભૃગ્વાદ્ય અને વર્ત્તિતા યોગ થાય છે. આ યોગોમાં કાર્ય કરવાથી પોતાનો, બંધુનો, સ્ત્રીનો અને કાર્યનો નાશ થાય છે. ૧૭૭.

## યુતિ દોષ વિષે.

**राशौ सखेचरे चन्द्रे दोषः स्यात्स ग्रहाभिधः ॥**
**स त्याज्यः शोभने केचिन्नेत्याहुः सबुधेज्यके ॥१७८॥**

જે રાશિમાં ચંદ્રમા હોય તેજ રાશિમાં બીજો કોઇ પણ ગ્રહ હોય તો યુતિ દોષ થાય છે. એ દોષ શુભ કર્મમાં ત્યાગવો જોઇએ અને કેટલાક આચાર્યોનું એવું કહેવું છે કે બુધ અને ગુરૂ યુક્ત ચંદ્રમા હોય તો યુતિદોષ થતો નથી. ૧૭૮.

## લગ્ન શુદ્ધિ વિષે.

**अब्दायनर्तुमासर्क्षपक्षदग्धाहसंभवाः ॥**
**अंधकाणादिलग्नोत्थाः सपापेन्दुनवांशकाः ॥**
**दोषा नश्यंति जीवज्ञशुक्रैः केन्द्रत्रिकोणगैः ॥१७९॥**

વર્ષ દોષ, અયન દોષ, ઋતુ દોષ, માસ દોષ, નક્ષત્ર દોષ, પક્ષ દોષ, દગ્ધ દિન દોષ; અંધકાણાદિ લગ્ન દોષ અને પાપગ્રહસહિત ચંદ્રમા તથા ખરાબ નવાંશનો દોષ; એ સર્વ દોષો ગુરૂ, બુધ અને શુક્ર કેન્દ્ર તથા ત્રિકોણ સ્થાને હોય તો નષ્ટ થાય છે. ૧૭૯.



"Aho Shrutgyanam"

**कुनवांशग्रहोद्भूताः षड्वर्गेक्षणलग्नजाः ॥**
**शशिन्येकादशे सर्वे दोषा नश्यंति वै ध्रुवम् ॥१८०॥**

કુનવાંશ તથા ગ્રહણુથી ઉત્પન્ન થએલા તેમજ ષડ્વર્ગ, મુહૂર્ત અને લગ્નથી ઉત્પન્ન થએલા સર્વ દોષો અગિયારમે સ્થાને ચંદ્ર હોય તો નાશ પામે છે. ૧૮૦.

**लग्ने वर्गोत्तमे वेन्दौ द्यूनाथे लाभगेऽथवा ॥**
**केन्द्रकोणे गुरौ दोषा नश्यंति सकला अपि ॥१८१॥**
**केन्द्रकोणेऽपि जामित्रे दोषाणाञ्च शतं बुधः ॥**
**शुक्रः शतद्वयं हन्याल्लक्षं तु वचसां पतिः ॥१८२॥**
**लग्नेशो वा लवाधीशो लाभे केन्द्रे च संस्थितः ॥**
**दोषराशिं दहत्याशु तूलराशिमिवानलः ॥१८३॥**

ચંદ્રમા લગ્નમાં વર્ગોત્તમ નવાંશનો હોય અથવા સૂર્ય અગિયારમા સ્થાને હોય તથા ગુરૂ કેન્દ્ર અને કોણુમાં હોય તો સર્વ દોષોનો નાશ થાય છે. ૧૮૧.

સાતમા સ્થાનને છોડી કેન્દ્ર અથવા ત્રિકોણુમાં બુધ હોય તો ૧૦૦ દોષોનો નાશ કરે, તે સ્થાને શુક્ર હોય તો ૨૦૦ દોષોનો અને ગુરૂ હોય તો લાખ દોષોનો નાશ કરે. ૧૮૨.

લગ્નેશ (લગ્નનો સ્વામી લગ્નમાંજ હોય) અથવા લગ્નના નવાંશમાં અથવા અગિયારમે કે કેન્દ્ર સ્થાને સ્થિત હોય તો તેમ સર્વ પ્રકારના દોષસમૂહનો નાશ કરે છે જેમ અગ્નિ રૂના ઢગલાનો નાશ કરે છે. ૧૮૩.

## લગ્ન બલ વિષે.

**अयोगास्तिथिवारर्क्षजाता येऽमी प्रकीर्त्तिताः ॥**
**लग्ने ग्रहबलोपेते प्रभवन्ति न ते क्वचित् ॥१८४॥**
**यत्र लग्नं विना कर्म क्रियते शुभसञ्ज्ञकम् ॥**
**तत्रैतेषां हि योगानां प्रभावाज्जायते फलम् ॥१८५॥**

તિથિ, વાર અને નક્ષત્રોથી ઉત્પન્ન થનારા કુયોગો બલવાન ગ્રહ યુક્ત લગ્નમાં કદી વિઘ્ન કરવા સમર્થ થતા નથી અર્થાત્ લગ્નબલ ઉત્તમ હોય તો કુયોગોનો દોષ થતો નથી. જ્યાં લગ્ન વગર શુભ કાર્ય કરવામાં આવે ત્યાં તેવા યોગોના ફલનો પ્રભાવ પડે છે. ૧૮૪, ૧૮૫.

"Aho Shrutgyanam"

## વિવાહ લગ્ને શુભ યોગ.

शुभैर्लग्नगतैः खेटैरशुभैर्निधनोपगैः ॥
ध्वजोऽयं परिणीतात्र युवती प्रियवल्लभा ॥१८६॥
कुजेऽर्के लाभगे षष्ठे शनौ चंद्रे द्वितीयगे ॥
धर्मस्थैः खेचरैरन्यैः श्रीवत्सो योग उत्तमः ॥१८७॥
यदि स्यात्कन्यकालग्ने तृतीये चंद्रवाक्पती ॥
पंचमे भृगुरानंदो योगश्चानंदकृत्स हि ॥१८८॥
लाभेऽर्कोऽरिगृहे भौमो दुश्चिक्येऽथ शनैश्चरः ॥
योगोऽयमर्द्धचंद्राख्यस्तत्रोढा सुभगा सती ॥१८९॥
गुरौ धर्मे बुधे मूर्तौ लाभे मंदे गजाभिधः ॥
परिणीतेह वामाक्षी साध्वी धर्मार्थदायिनी ॥
खतुर्यनवगैः सौम्यैः शंखोऽयं शुभकृत्सदा ॥१९०॥

શુભ ગ્રહો લગ્નમાં અને પાપગ્રહો આઠમે સ્થાને હોય તો ધ્વજયોગ થાય છે. તે વખતે પરણેલી યુવતી પોતાના પતિને પ્યારી થાય. ૧૮૬.

મંગળ અને સૂર્ય અગિયારમે, શનૈશ્ચર છઠ્ઠે અને ચંદ્રમા બીજે તથા અન્ય ગ્રહો નવમે સ્થાને હોય તો શ્રીવત્સ નામનો ઉત્તમ યોગ થાય છે. ૧૮૭.

કન્યા લગ્ન હોય, ત્રીજા સ્થાનમાં ચંદ્રમા તથા ગુરૂ હોય અને પાંચમા સ્થાને શુક્ર હોય તો આનંદ નામનો યોગ થાય છે. તે સર્વદા આનંદ કરનારો જાણવો. ૧૮૮.

અગિયારમા સ્થાને સૂર્ય, છઠ્ઠે મંગળ અને ત્રીજે સ્થાને શનિ હોય તો અર્ધ-ચંદ્ર નામનો યોગ થાય છે. આ યોગમાં પરણેલી કન્યા સૌભાગ્યવતી અને સતી થાય. ૧૮૯.

ગુરૂ નવમા સ્થાને, બુધ લગ્નમાં અને શનિ અગિયારમે સ્થાને હોય તો ગજ નામનો યોગ થાય છે. આ યોગમાં પરણેલી કન્યા ધર્માર્થ કરનારી પતિવ્રતા અને સાધ્વી થાય.

દશમે, ચોથે અને નવમે સ્થાને શુભ ગ્રહ હોય તો શંખ નામનો યોગ થાય છે. આ યોગ સર્વદા શુભકર્તા જાણવો. ૧૯૦.

"Aho Shrutgyanam"


## ગૃહારંભ વખતે વૃષચક્ર જોવું.

**गृहारंभेऽर्कभाद्राभैः शीर्षस्थैर्दाह ईरितः ॥**
**अग्रपादस्थितैर्वेदैः शून्यं स्याद्वृषचक्रके ॥१९१॥**

**स्थिरता पृष्ठपादस्थैर्वेदैः पृष्ठे श्रियस्त्रिभिः ॥**
**लाभो वेदैर्दक्षकुक्षौ रामैः पुच्छे पतिक्षतिः ॥**
**कुक्षौ वामेऽङ्घ्रिभिर्नैस्वं मुखे पीडा त्रिभिश्च भैः ॥१९२॥**

ગૃહારંભમાં સૂર્યના નક્ષત્રથી દિનિયા નક્ષત્ર સુધી ગણતાં ત્રણ (૩) નક્ષત્ર વૃષના માથે સ્થાપવાં. તેનું ફળ દાહ; પછી ચાર (૪) નક્ષત્ર વૃષના આગલા પગે સ્થાપવાં. તેનું ફળ શૂન્ય; ચાર ( ૪ ) નક્ષત્ર વૃષના પાછળના પગે સ્થાપવાં. તેનું ફળ સ્થિરતા; ત્યાર પછી ત્રણ ( ૩ ) નક્ષત્ર પીઠ ઉપર સ્થાપવાં. તેનું ફળ લક્ષ્મીપ્રાપ્તિ; ચાર ( ૪ ) નક્ષત્ર જમણી કુંખે સ્થાપવાં. તેનું ફળ લાભ; વળી ત્રણ (૩) નક્ષત્ર પુછડે સ્થાપવાં. તેનું ફળ સ્વામીનો નાશ; ચાર ( ૪ ) નક્ષત્ર ડાબી કુંખે સ્થાપવાં. તેનું ફળ નિર્ધનતા અને ત્યાર પછી ત્રણ (૩) નક્ષત્ર મુખમાં સ્થાપવાં. તેનું ફળ પીડા જાણવી. ૧૯૧, ૧૯૨.

**વૃષચક્ર.**




"Aho Shrutgyanam"

## ખાત વખતે પૃથ્વી સૂતી કે બેઠી જોવાની રીત.

સુદિ ૧ થી તિથિ, રવિવારથી વાર અને અશ્વિની નક્ષત્રથી નક્ષત્ર એવી રીતે જે દિવસે મુહૂર્ત જોવું હોય તે દિવસની તિથિ, વાર કે નક્ષત્રની સંખ્યાનો સરવાળો કરી ચારે ભાગતાં જે શેષ રહે તેનું નીચે પ્રમાણે ફળ જાણવું.

૧ શેષ રહે તો પૃથ્વી ઉભી, ઘર કરતાં લડાઈ થાય.

૨ શેષ રહે તો પૃથ્વી બેઠી, તે સારી જાણવી.


૩ શેષ રહે તો તે પણ સારી જાણવી.

૦ શેષ રહે તો જાગતી, તે સારી નહિ.

## કૂર્મશિલા સ્થાપન વખતે કૂર્મચક્ર જોવું.

**तिथिस्तु पञ्चगुणिता कृत्तिकाद्यृक्षसंयुता ॥**
**तथा द्वादशमिश्रा च नवभागेन भाजिता ॥१९३॥**
**जले वेदा मुनिश्चंद्रः स्थले पञ्चद्वयं वसुः ॥**
**त्रिषट्कनव चाकाशे त्रिविधं कूर्मलक्षणम् ॥१९४॥**
**जले लाभस्तथा प्रोक्तः स्थले हानिस्तथैव च ॥**
**आकाशे मरणं प्रोक्तमिदं कूर्मस्य चक्रकम् ॥१९५॥**

કૂર્મ ચક્ર.




"Aho Shrutgyanam"

જે તિથિએ શિલા સ્થાપન કરવાની હોય તે તિથિને ૫, પાંચથી ગુણવી. પછી કૃત્તિકાદિ નક્ષત્રથી મુહૂર્તના નક્ષત્ર સુધી ગણતાં જેટલા અંક આવે તે અંદર ભેળવી તેમાં બીજા બાર (૧૨) અંક મેળવવા અને આવેલા સરવાળાને નવ (૯) થી ભાગવો. શેષમાં ૪, ૭ અથવા ૧ રહે તો જળ સ્થાને; ૫, ૨ અથવા ૮ શેષ રહે તો ભૂમિ ઉપર અને ૩, ૬ અથવા ૯ શેષ રહે તો આકાશમાં કૂર્મ જાણવો.

જળ સ્થાને કૂર્મ હોય તો લાભ, ભૂમિ ઉપર હોય તો હાનિ અને આકાશમાં કૂર્મ હોય તો મૃત્યુ થાય. આને કૂર્મચક્ર કહે છે, તે શિલા સ્થાપન વખતે અવશ્ય જોવું. ૧૯૩, ૧૯૪, ૧૯૫.

### દ્વાર સ્થાપનના મુહૂર્ત વખતે વત્સ જોવો.

**कन्यादीनां त्रिके सूर्ये द्वारं पूर्वादिषु त्यजेत् ॥**
**यत्र वत्समुखं तत्र स्वामिनो हानिदं कृते ॥१९६॥**

કન્યાદિ ત્રણ ત્રણ રાશિનો સૂર્ય હોય ત્યારે પૂર્વાદિ વિગેરે દિશાઓમાં દ્વાર મૂકવું નહિ. અર્થાત્ કન્યા, તુલા અને વૃશ્ચિક; એ ત્રણ રાશિના સૂર્યમાં પૂર્વદિશાએ દ્વાર મૂકવું નહિ; ધન, મકર અને કુંભ; એ ત્રણ રાશિમાં દક્ષિણ દિશાનું દ્વાર મૂકવું નહિ. એ પ્રમાણે મીનાદિ ત્રણ રાશિના સૂર્યમાં પશ્ચિમ તથા મિથુનાદિ ત્રણ રાશિના સૂર્યમાં ઉત્તર દિશાનું દ્વાર મુકવું નહિ. કારણ કે તે તે વખતે તે તે દિશામાં વત્સનું મુખ હોય છે. તેથી જો દિશાઓમાં દ્વાર મૂકવામાં આવે તો ઘર યા પ્રાસાદ કરાવનારને હાનિ થાય છે. ૧૯૬.


### વત્સનો દોષ ન લાગવા વિષે.

**सिंहे चैव तथा कुंभे वृश्चिके वृषभे तथा ॥**
**नैव दोषो भवेत्तत्र कुर्याच्चतुर्दिशामुखम् ॥१९७॥**

સિંહ, કુંભ, વૃશ્ચિક તથા વૃષભ રાશિના સૂર્યમાં ચારે દિશા તરફ દ્વાર મૂકવામાં આવે તો પણ વત્સનો દોષ આવતો નથી. ( કારણ કે તે વખતે વત્સનું મુખ કોણાઓ તરફ હોય છે ). ૧૯૭.

"Aho Shrutgyanam"

**વત્સચક્ર.**




આ વત્સચક્ર છે એટલે કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિના સૂર્યમાં વત્સનું મુખ પૂર્વ દિશામાં હોય છે અર્થાત્ ભાદરવો, આસો અને કારતક; આ ત્રણ માસ સુધી પૂર્વમાં હોય છે તેથી ત્યાં સુધી પૂર્વ કે પશ્ચિમ દિશામાં ઘરનું દ્વાર મુકવું નહિ એમ સાધારણ જ્યોતિષ જાણનાર કહે છે પરંતુ વિદ્વાન અને પ્રવીણ જ્યોતિષી તો એ ત્રણ માસમાં પણ સારો દિવસ જોઇ દ્વાર મુકવાનું મુહૂર્ત આપે છે. એટલે વાદવિવાદ થાય છે માટે તેમ ન થતાં સર્વજનો એક સરખી રીતે સમજે તે માટે ખુલાસો કરવામાં આવે છે.

આ વત્સચક્રમાં ઘરની ભૂમિની ચારે દિશાઓમાં સાત સાત વિભાગો કરવામાં આવ્યા છે અને દરેક કોણનો વિભાગ જુદો છે. ઇશાનથી અગ્નિ કોણ સુધીમાં સાત વિભાગો કરવામાં આવ્યા છે. તેમાં પ્રથમ વિભાગમાં પાંચ દિવસ વત્સ રહે છે, બીજામાં


"Aho Shrutgyanam"

દશ દિવસ, ત્રીજામાં પંદર દિવસ અને મધ્યમાં ત્રીસ દિવસ વત્સ રહે છે. પાંચમામાં પંદર દિવસ, છઠ્ઠામાં દશ દિવસ અને સાતમામાં પાંચ દિવસ વત્સ રહે છે. આ રીતે દરેક દિશામાં વત્સનું રહેવું થાય છે. માટે જે વિભાગમાં વત્સ હોય તેમાં અગર તેની સામેની દિશામાં દ્વાર મુકવું નહિ પરંતુ જે વિભાગમાં વત્સ હોય તે વિભાગ છોડીને બીજી તરફ દ્વાર મુકવું હોય, તો સારો દિવસ જોઇ મુકવાનું મુહૂર્ત આપવું અને જ્યારે વત્સ મધ્યના વિભાગમાં હોય ત્યારે તે દિશામાં અને તેની સામેની દિશામાં મધ્ય વિભાગે દ્વાર મુકવાનું મુહૂર્ત આપવું નહિ.

### ( ૩ ) બારણું બેસાડતાં દ્વાર ચક્ર જોવું.

**अर्काच्चत्वारि ऋक्षाणि ऊर्ध्वे चैव प्रदापयेत् ॥**
**द्वौ द्वौ दद्याच्च कोणेषु शाखायाश्च चतुश्चतुः ॥१९८॥**

દ્વાર ચક્ર.



**अधश्चत्वारि देयानि मध्ये त्रीणि प्रदापयेत् ॥**
**ऊर्ध्वे तु लभते राज्यमुद्वेगः कोणकेषु च ॥१९९॥**
**शाखायां लभते लक्ष्मीर्मध्ये राज्यप्रदं तथा ॥**
**अधस्ते मरणं प्रोक्तं द्वारचक्रं प्रकीर्तितम् ॥२००॥**

સૂર્યના નક્ષત્રથી દિનિયા નક્ષત્ર સુધી ગણી પ્રથમ ઉપર ઓતરંગે ચાર (૪) નક્ષત્ર મૂકવાં. પછી ચારે કોણાઓમાં બે બે નક્ષત્રો મૂકવાં. બન્ને દ્વારશાખાઓમાં ચાર ચાર નક્ષત્રો મૂકવાં. નીચે ઉંબરામાં ચાર નક્ષત્રો સ્થાપવાં અને છેવટનાં ત્રણ નક્ષત્રો દ્વારના મધ્ય ભાગે સ્થાપવાં.

ઉપર ઓતરંગે ચાર નક્ષત્ર સ્થાપન કર્યાં તેનું ફળ રાજ્યપ્રાપ્તિ, કોણાઓનું ઉદ્વેગ, શાખાઓનું લક્ષ્મીપ્રાપ્તિ, મધ્યનું રાજ્યલાભ અને નીચે ઉંબરાનું મરણ ફળ જાણવું. આ પ્રમાણે દ્વારચક્ર કહ્યું છે. તેનું શુભાશુભ ફળ આવી રીતે આવે છે માટે શુભ ફળને આપનાર નક્ષત્ર હોય તે દિવસે બુદ્ધિમાન પુરૂષે દ્વારનું મુહૂર્ત કરવું. ૧૯૮, ૧૯૯, ૨૦૦.

## (૪) સ્તંભ ચોઢતી વખતે સ્તંભચક્ર જોવું.

**सूर्याधिष्ठितभात्रयं प्रथमतो मध्ये तथा विंशतिः,**
**स्तंभाग्रे शरसंख्यया मुनिवरैरुक्तानि धिष्ण्यानि च ॥**
**स्तम्भाग्रे मरणं भवेद् गृहपतेर्मूले धनार्थक्षयः,**
**मध्ये चैव सुखार्थकीर्तिमतुलां प्राप्नोति कर्त्ता सदा ॥२०१॥**

સૂર્યના મહાનક્ષત્રથી દિનીયા નક્ષત્ર સુધી ગણત્રી કરી પ્રથમનાં ત્રણ નક્ષત્રો સ્તંભના અગ્ર ભાગમાં મૂકવાં. ત્રણથી તે તેવીસ સુધીનાં એટલે ૨૦ નક્ષત્રો મધ્ય ભાગમાં અને તેવીસથી તે અભિજિત્ સહિત અઠ્ઠાવીસ સુધી એટલે ૫ નક્ષત્રો સ્તંભના મૂળ ભાગમાં મૂકવાં, એમ મુનિવરોએ કહ્યું છે.

જો સ્તંભના અગ્ર ભાગમાં દિનીયું નક્ષત્ર આવ્યું હોય તો (ભવનના) માલીકનું મરણ, મૂળ ભાગમાં આવ્યું હોય તો ધન તથા મનોરથનો નાશ અને મધ્ય ભાગમાં આવ્યું હોય તો સુખ, ધન તથા અતુલ કીર્તિ ભવનના માલીકને પ્રાપ્ત થાય છે. ૨૦૧.


**स्तम्भस्यारोपणश्चैव प्रातर्मध्याह्नके तथा ॥**
**अन्यथा निधनं याति कर्ता दूषणमाप्नुयात् ॥२०२॥**



"Aho Shrutgyanam"

સ્તંભનું આરોપણ પ્રાતઃકાળમાં કે મધ્યાહ્ન કાળમાં કરવું. અને આથી વિપરીત સમયે કરે તો મકાનના માલિકનો નાશ થાય અને કર્તા દોષભાગી થાય. ૨૦૨.

### સ્તંભ ચક્ર.




### ( ૫ ) મોભ તથા પાટડા વખતે મોભચક્ર જોવું.

**मूले मोभे त्रिऋक्षे गृहपतिमरणं पञ्चगर्भे सुखं स्यात्,**
**मध्ये चैवाष्ट ऋक्षं धनसुतसुखदं पुच्छके चाष्ट हानिः ॥**
**पश्चादग्रे त्रिभानि गृहपतिसुखदं भाग्यपुत्रार्वदं स्यात्,**
**सूर्याद्दियं च ऋक्षं यदि विधुदिनभं मोभचक्रं विलोक्यम् ॥२०३॥**

સૂર્યના મહાનક્ષત્રથી તે દિનીયા નક્ષત્ર સુધી ગણત્રી કરી ત્રણ નક્ષત્રો મોભના મૂળમાં મૂકવાં તે અશુભ છે અને તે ઘરના માલિકનું મરણ નીપજાવે છે. ગર્ભમાં પાંચ મૂકવાં તે સુખ, મધ્યમાં આઠ નક્ષત્ર મૂકવાં તે ધન, પુત્ર તથા સુખ આપનાર, પુછડે આઠ નક્ષત્રો મૂકવાં તે હાનિ, પાછળના ભાગે તથા અગ્ર ભાગે ત્રણ નક્ષત્રો મૂકવાં તે ઘરના પતિને સુખ આપનાર તથા ભાગ્ય અને ઘણા પુત્રો આપનાર જાણવાં. આ પ્રમાણે મોભચક્ર તથા ભારવટ ( પાટડા ) નું ચક્ર એજ છે તે વિદ્વાનોએ જોવું. ૨૦૩.

"Aho Shrutgyanam"

પાટડો અર્થાત્ ભોભ ચક્ર.

| | | | | |
|---|---|---|---|---|
| ३ | ५ | ८ | ८ | ३ |


नेष्ट  श्रेष्ठ  नेष्ट  श्रेष्ठ

આમલસારો સ્થાપતી વખતે ઘંટા ચક્ર જોવું.

घण्टाचक्रं विधायैवं मध्ये पूर्वदिशाक्रमात् ॥
त्रीणि त्रीणि प्रदेयानि सृष्टिमार्गेण क्रामके ॥२०४॥
मध्ये चैव स्मृतो लाभो पूर्वभागे जयो रणे ॥
आग्नेयाश्चैव हानिः स्याद् दक्षिणे पतिनाशनम् ॥२०५॥
नैऋत्ये पारणालाभः पश्चिमे सर्वदा सुखम् ॥
वायव्यामश्वलाभः स्यादुत्तरे व्याधिसंभवः ॥
ईशाने वस्त्रलाभश्च घण्टाचक्रफलं स्मृतम् ॥२०६॥

ઘંટા ચક્ર

પૂર્વ દિશા





"Aho Shrutgyanam"

આમલસારાનું મુહૂર્ત કરવામાં ઘંટાચક્ર જોવું. ઘંટાચક્રના મધ્ય ભાગે ૩ ત્રણ નક્ષણ મુકવાં અને પછી પૂર્વ દિશાના ક્રમે પ્રદક્ષિણ ક્રમે ત્રણ ત્રણ નક્ષત્રો ચક્રમાં મુકવાં. મધ્યમાં લાભ, પૂર્વ દિશામાં રણસંગ્રામમાં વિજય, અગ્નિકોણમાં હાનિ, દક્ષિણમાં પતિનો નાશ, નૈરૃત્યકોણમાં પુત્રનો અલાભ, પશ્ચિમમાં સર્વદા સુખ, વાયુકોણમાં અશ્વલાભ, ઉત્તરમાં વ્યાધિનો સંભવ અને ઇશાનકોણમાં વસ્ત્રનો લાભ; આ ઘંટાચક્રનું ફળ જાણવું. ૨૦૪, ૨૦૫, ૨૦૬.

### ( ૬ ) પ્રવેશ વખતે કલશચક્ર જોવું.

मुखैकं दिक्षु चत्वारि चत्वारि गर्भे एव च ॥
त्रीणि त्रीणि गुदे कण्ठे वास्तुशास्त्रे नियोजयेत् ॥२०७॥
मुखऋक्षे शिरच्छेदः पूर्वे ह्युद्वेगसंभवः ॥
दक्षिणे धनहानिः स्यात् पश्चिमे सर्वसंपदः ॥२०८॥
उत्तरे राजसन्मानं गर्भे गर्भो विनश्यति ॥
चिरकालं वसेत्कण्ठे गुदे चारोग्यमादिशेत् ॥२०९॥

કલશ ચક્ર.




"Aho Shrutgyanam"

સૂર્ય નક્ષત્રથી દિનિયા નક્ષત્ર સુધી ગણી કલશના મુખમાં ૧, ચાર ચાર નક્ષત્ર ચારે દિશાએ, ચાર નક્ષત્ર ઘરમાં–ગર્ભે, ત્રણ નક્ષત્ર કંઠે તથા ત્રણ નક્ષત્ર નીચે પડઘીએ મૂકવાં. ૧ મુખમાં આવે તો શિરચ્છેદ, ૪ પૂર્વમાં ઉદ્વેગ, ૪ દક્ષિણે ધનહાનિ, ૪ પશ્ચિમે સર્વ સંપત્તિને આપે, ૪ ઉત્તરમાં રાજસન્માન, ૪ ઘરમાં ( ગર્ભમાં ) ગર્ભનાશ, ૩ કંઠમાં દીર્ઘકાળ નિવાસ અને પડઘીમાં નક્ષત્ર આવે તો આરોગ્ય પ્રાપ્ત થાય. ૨૦૭, ૨૦૮, ૨૦૯.

## હોમ વખતે આહુતિ ચક્ર જોવાની રીત.

**सूर्यभात्त्रित्रिभे चान्द्रे सूर्यविच्छुक्रपंगवः ॥**
**चन्द्रारेज्यागुशिखिनो नेष्टा होमाहुतिः खले ॥२१०॥**

સૂર્ય નક્ષત્રથી દિનીયા નક્ષત્ર સુધી ગણીને નીચે બતાવેલા ચક્રમાં ગ્રહોની નીચે ત્રણ ત્રણ નક્ષત્રો મુકવાં. ગણત્રીનો અંક શુભ ગ્રહના ખાનામાં આવે તો શુભ ગ્રહના મુખમાં આહુતિ પડે છે એટલે તે સારી જાણવી અને અશુભ ગ્રહના મુખમાં આહુતિ પડે તો તે સારી નથી. રવિ, શનિ, મંગળ, રાહુ અને કેતુ; આ ગ્રહોના મુખમાં આહુતિ પડે તો તે સારી નથી. ૨૧૦.

### આહુતિ ચક્ર.

| રવિ | બુધ | શુક્ર | શનિ | ચંદ્ર | મંગળ | ગુરૂ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| નેષ્ટ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | નેષ્ટ | શ્રેષ્ઠ | નેષ્ટ | શ્રેષ્ઠ | નેષ્ટ | નેષ્ટ |

## પ્રવેશ વખતે વત્સ, રાહુ તથા સૂર્યાદિ ગ્રહો જોવા વિષે.

**मीनादित्रयमादित्यो वत्सः कन्यादिकत्रये ॥**
**धन्वादित्रितये राहुः शेषाः सिंहादिकत्रये ॥२११॥**

સૂર્ય મીનાદિ ત્રણ ત્રણ રાશિની ત્રણ ત્રણ સંક્રાન્તિએ પૂર્વાદિ દિશામાં અનુક્રમે જાણવો. વત્સ કન્યાદિ ત્રણ ત્રણ રાશિથી અને રાહુ ધનાદિ ત્રણ ત્રણ રાશિની સંક્રાન્તિએ તથા બાકીના ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ; આ છ ગ્રહો સિંહાદિ ત્રણ ત્રણ રાશિની સંક્રાન્તિએ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં ક્રમે રહે છે એમ જાણવું. ( વત્સ, રાહુ વિગેરે પ્રવેશ વખતે સન્મુખ તજવા. ) ૨૧૧.

"Aho Shrutgyanam"

## રાહુ સન્મુખ હોવા છતાં દ્વાર મૂકવાનું વિધાન.

सन्मुखो राहुः पृष्ठे वा द्वारश्च स्थापयेत्सुधीः ॥
सूर्यांगुला शलाकाद्या विस्तारांगुलिका तथा ॥२१२॥
द्विशलाका द्विकोणे स्यात्ताम्रशुद्धा च तत्र वै ॥
स्थापिते वदने धीमानन्तरिक्षः प्रजायते ॥२१३॥

રાહુ સન્મુખ હોય કે પછવાડે હોય તેવા સમયમાં જો બારણું મૂકવાની આવશ્યકતા હોય તો બુદ્ધિમાન્ પુરૂષે નીચે બતાવેલી વિધિ અનુસાર દ્વાર સ્થાપન કરવું.

બાર આંગળ લાંબી અને એક આંગળ પહોળી એવી શુદ્ધ તાંબાની બે શલાકાઓ ( પટ્ટીઓ ) કરાવી દ્વારના બન્ને કોણાઓની નીચે મૂકી તેના ઉપર દ્વાર સ્થાપન કરવું. આ પ્રમાણે દ્વારનું સ્થાપન કર્યાથી અંતરિક્ષ દ્વાર થાય છે. તેથી રાહુનો દોષ લાગતો નથી. પરંતુ આ વખતે દ્વારપ્રતિષ્ઠા વિધિ કરવી નહિ. ૨૧૨, ૨૧૩.

पुनः शुद्धदिशाकाले तिर्यगृक्षे सुशोभने ॥
द्वारचक्रं शुभस्थाने बलिपूजाविधानकैः ॥२१४॥
खातयेत् कूच्छ्रितं द्वारभित्तिकायाश्च बुद्धिमान् ॥
नीत्वा तदा शलाकाश्च द्वारं वै स्थापयेत्तथा ॥२१५॥

ફરી જ્યારે રાહુ શુદ્ધ દિશામાં આવે ત્યારે તિર્યગ્ગતિના શુભ નક્ષત્રના દિવસે પોતાના મૂળ સ્થાનમાં દ્વારચક્ર ને દ્વારપ્રતિષ્ઠાની બલિપૂજાના વિધાનપૂર્વક નીચે બતાવેલી વિધિ પ્રમાણે સ્થાપવું.

બુદ્ધિમાન શિલ્પીએ દ્વારના ખુણાએ ( શલાકાની જગ્યાએ ) ભિત્તિમાં દિવાલ કોચી બાકું પાડવું અને શલાકા ખેંચી કાઢવી અને પછી દ્વાર સ્થાપી દિવાલમાં પાડેલું બાકું ચણી લેવું. આ પ્રમાણે દ્વારસ્થાપન વિધિ જાણવી. ૨૧૪, ૨૧૫.

## વત્સદોષ ઉત્પન્ન ન થવા વિષે.

भारद्वाजवशिष्ठानां वंशज्ञातीन् विशेषतः ॥
प्रासादे च चतुर्द्वारे पुरे च नगरायणे ॥२१६॥
कूपे कुण्डे तडागे वा वत्सदोषो न विद्यते ॥
द्वारस्याभ्यन्तरे द्वारे मध्ये भौमं चतुर्मुखम् ॥२१७॥

"Aho Shrutgyanam"

**प्रतिष्ठामण्डपे चैव होमस्थाने विशेषतः ॥**
**वत्सदोषो न कर्तव्यश्चाथ सौभाग्यदायकाः ॥२१८॥**

इतिश्री वास्तुशास्त्रे शिल्पशास्त्रिश्रीमूलजीसुतनर्मदाशङ्करसोमपुराविरचिते शिल्परत्नाकरे ज्योतिर्मुहूर्तलक्षणाधिकारे गुर्जरभाषायां शिल्पचतुर्दशरत्नं सम्पूर्णम् । शुभं भूयात् ॥

ભારદ્વાજ અને વશિષ્ઠ ગોત્રના વંશજો તથા જ્ઞાતિવાળાઓને વિશેષ કરીને વત્સ દોષ લાગતો નથી તેમજ ચતુર્મુખ પ્રાસાદ, પુર, નગર, કૂપ, કુંડ, તડાગ વિગેરે કરવામાં વત્સ દોષ લાગતો નથી તથા દ્વારની અંદરના ભાગે બીજું દ્વાર મૂકવામાં અને મધ્યમાં ચતુર્મુખ ભૂમિને વત્સ દોષ લાગતો નથી. તેવી રીતે પ્રતિષ્ઠાનો મંડપ કરવામાં તથા વિશેષ કરીને હોમસ્થાન બનાવવામાં વત્સ દોષ લાગતો નથી. વત્સ દોષ હોય તો પણ આ સર્વ સૌભાગ્યને આપનારાં જાણવાં. ૨૧૬, ૨૧૭, ૨૧૮.

**ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રમાં શિલ્પશાસ્ત્રી શ્રીયુત્ નર્મદાશંકર મુલજીભાઇ સોમપુરારચિત શિલ્પરત્નાકર નામના ગ્રંથનું જ્યોતિર્મુહૂર્ત લક્ષણાધિકાર નામનું ચૌદમું રત્ન સંપૂર્ણ.**

समाप्तम् ।

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# अथ परिशिष्ट प्रकरण ।

## જિન સિંહાસન માટે બીજી રીતે રાહુની સર્વાંગ મૂર્તિનું પ્રમાણ.

सिंहासनगतं राहुं करालवदनं लिखेत् ॥
वरदखड्गसंयुक्तं खेटशूलधरं लिखेत् ॥१॥

સિંહાસન ઉપર આરૂઢ થયેલો, વિકરાળ મુખવાળો તેમજ વર, તરવાર, ઢાલ અને ત્રિશૂળને ધારણ કરેલો રાહુ કરવો. ૧

## કેતુમૂર્તિ.

धूमास्त्विषा हि बहवः सर्वे वरगदाधराः ॥
गृध्रपृष्ठे समारूढाः लेखनीयास्तु केतवः ॥२॥

ધૂમાડાના જેવી કાન્તિવાળા, વર અને ગદા યુક્ત હાથવાળા તેમજ ગીધના વાહનવાળા કેતુ આલેખવા. ૨

## દ્વારમાને ઉભી પ્રતિમાનું પ્રમાણ.

द्वारोच्छ्रयेऽष्टधा कार्यं भागैकश्च परित्यजेत् ॥
सप्तभागं त्रिधा कृत्वा द्विभागं प्रतिमा भवेत् ॥३॥

દ્વારની ઉંચાઈમાં આઠ ભાગ કરવા. ઉપરનો આઠમો ભાગ છોડી નીચેના સાત ભાગમાં ત્રણ ભાગ કરવા અને બે ભાગ ઉભી પ્રતિમા કરવી. ૩.

## દ્વારમાને ઉભી પ્રતિમાનું બીજું પ્રમાણ.

द्वारं विभज्य नवधा भागैकश्च परित्यजेत् ॥
अष्टभागं त्रिधा कृत्वा द्विभागं प्रतिमा भवेत् ॥४॥

દ્વારની ઉંચાઇમાં નવ ભાગ કરી ઉપરનો નવમો એક ભાગ તજવો. આઠ ભાગમાં ત્રણ ભાગ કરી બે ભાગ ઉભી પ્રતિમા કરવી. ૪.

## પ્રાસાદમાને પ્રતિમાનું પ્રમાણ.

हस्ताच्च वेदहस्तान्तं षड्वृद्धिः स्यात्षडंगुलात् ॥
तदूर्ध्वं दशहस्तान्तं त्र्यङ्गुला वृद्धिरिष्यते ॥५॥

"Aho Shrutgyanam"

एकांगुला भवेद् वृद्धिर्यावत्पञ्चाशहस्तकम् ॥
विंशत्यंशाधिका ज्येष्ठा विंशत्यूना कनीयसी ॥६॥

એક ગજથી ચાર ગજ સુધીના પ્રાસાદને દર ગજે છ આંગળની વૃદ્ધિ કરી પ્રતિમા કરવી. ત્યાર પછી દશ ગજ સુધી ગજે ત્રણ આંગળ અને પછી પચાસ ગજ સુધી એક આંગળ વૃદ્ધિ કરવી. આ માનમાં વીસમા ભાગે અધિક કરવાથી જ્યેષ્ઠ માનની અને વીસમા ભાગે ઓછી કરવાથી કનિષ્ઠ માનની જાણવી. ૫, ૬.

### કપિલી ( કોળી ) નું પ્રમાણ.

अथातः संप्रवक्ष्यामि कपिलीमानमुत्तमम् ॥
प्रासादार्धे भवेज्ज्येष्ठा त्रिभागा मध्यमैव तु ॥७॥
जघन्या कोणमानेन सार्द्धां चाथ प्रपूजयेत् ॥
ज्येष्ठा च कपिली यत्र मण्डपं नैव कारयेत् ॥८॥

હવે કપિલી–કોળીનું ઉત્તમ માન કહું છું. પ્રાસાદમાનના અર્ધા ભાગે કરે તો જ્યેષ્ઠ માનની, ત્રીજા ભાગે મધ્યમ માનની અને કોણના માને કરે તો કનિષ્ઠ માનની જાણવી અથવા કોણ માનથી દોઢા ભાગે પણ કરવી. જે પ્રાસાદને જ્યેષ્ઠ માનની કોળી કરી હોય તેને મંડપ કરવો નહિ. ૭, ૮.

### કોળીના અગ્રભાગે મંડપ વિધાન.

संश्लिष्टाश्चैव रिक्ताश्च ह्यग्रतस्ते प्रकीर्तिताः ॥
कोली कोणफरकस्य मण्डपाः शुभदायकाः ॥९॥
कोलीकोणः सिंहकर्णो कर्तव्यस्तु सदा बुधैः ॥
प्रासादे कोणमानेन कोणसार्द्धेन वा तथा ॥१०॥

કોળીને જોડીને અગર છુટા તેના અગ્રભાગે મંડપો કરવા શુભદાયક કહેલા છે. બુદ્ધિમાનોએ કોળીની રેખા પ્રાસાદના સિંહકર્ણની રેખાના એક સૂત્રમાં રાખવી અને તે પ્રાસાદના કર્ણમાને અથવા તેથી દોઢી કરવી. ૯, ૧૦.

कपिलीं स्थापयेत्प्राज्ञो मण्डपं तत्र कारयेत् ॥
अर्धे पदे त्रिभागे वा कोणाधो नैव लंघयेत् ॥११॥
अथवा लंघयेद्यस्तु कुलं तस्य न विद्यते ॥
प्रासादे कोणमर्यादा जलान्तः स्थापयेद्बुधः ॥१२॥

"Aho Shrutgyanam"

પદના અર્ધા ભાગે અથવા ત્રીજા ભાગે કોળી કરવી અને તેને જોડીને મંડપ કરવો. કોણુથી ઓછા માનની કોળી કરવી નહિ અને જો કદાચ કરે તો કુળનો નાશ થાય છે. પ્રાસાદમાં કોણુની મર્યાદાને સાચવવા માટે વચમાં પાણીતાર કરવાં. ૧૧, ૧૨.

विविधाः फालनाः कार्याः कपिलीं शुभलक्षणाम् ॥
भद्रछंदे न कर्तव्या नहि मध्ये जलान्तरः ॥१३॥
अथवा स्थापयेद्यस्तु शिल्पिनं दोषकारकम् ॥
मध्ये जलान्तरं त्याज्यं क्रियते मंदबुद्धिना ॥१४॥
राजपीडा भवेत्तत्र निर्वाणं नैव गच्छति ॥
कपिली त्रिविधा ज्ञेया प्रासादे मंडपे स्थिता ॥१५॥

કોળીમાં નાના પ્રકારની ફાલનાઓ કરવી પરંતુ કોળીના ભદ્રમાં કરવી નહિ. તેમજ કોળીની ફાલનાઓમાં જલાન્તર કરવો નહિ. અને જો કદાચ કરે તો શિલ્પીને દોષકર્ત્તા થાય છે માટે કોળીના મધ્યે જલાન્તર તજવો અને જો કરે તો તે બુદ્ધિહીન શિલ્પી જાણવો. કોળીમાં પાણીતાર કરવાથી રાજમાં પીડા થાય છે અને કર્ત્તાને મોક્ષ મળતો નથી. પ્રાસાદ અને મંડપની મધ્યે રહેલી કોળી ત્રણ પ્રકારની જાણવી. ૧૩, ૧૪, ૧૫.

पूर्वोक्तेन प्रमाणेन कर्तव्यं तु सदा बुधैः ॥
भूमिभागविशेषेण पदमानं तु गृह्यते ॥१६॥
कपिलीं कारयेत्प्राज्ञो जलान्तरं न कारयेत् ॥
प्रासादकपिला माना वास्तुकर्मसुखावहा ॥१७॥

ઉપરના માને બુદ્ધિમાન શિલ્પીઓએ કોળીનું માન કરવું અને ભૂમિની સગવડતા હોય તો પદના માને કોળી માન લેવું. આ રીતે બુદ્ધિમાને કોળી કરવી અને તેની ફાલનાઓમાં પાણીતાર કરવો નહિ. પ્રાસાદમાને કરેલી કોળી વાસ્તુકર્મમાં સુખદાયક જાણવી. ૧૬. ૧૭.

### ગભારો પહોળો કરવા વિષે.

अथ चैव प्रवक्ष्यामि मानं गर्भगृहोत्तमम् ॥
गर्भव्यासषडंशश्च सपादो सार्धमेव च ॥
पदार्धे तु यदा चैव ज्येष्ठमध्यकनीयसम् ॥१८॥

"Aho Shrutgyanam"

હવે ગભારાનું ઉત્તમ માન કહું છું. ગભારાની પહોળાઇમાં છ ભાગ કરી એક ભાગ, સવા ભાગ અને દોઢ ભાગે વધારી ગભારો પહોળો કરવાથી જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ માનનો ગભારો જાણવો. ૧૮.

## ઉંબરા બરાબર કુંભીની ઉંચાઇનું પ્રમાણ.

खुरके ह्यर्धचंद्रश्च तस्योपरि ह्युदुम्बरम् ॥
कुंभकेन त्रिभागे वा पादे नीत्वा च मध्यकम् ॥१९॥
उदुम्बरान्ते कृता कुंभिः स्तंभं कृत्वा च पूर्वकम् ॥
सांधारे वा निरंधारे कुंभिं कृत्वा ह्युदुम्बरम् ॥२०॥

ખરાની બરાબર અર્ધચંદ્ર–શંખાવટ કરવો અને તેની ઉપર ઉંબરો કરવો અર્થાત્ કુંભાથી અર્ધ ભાગે, ત્રીજા ભાગે અથવા ચોથા ભાગે ઉંબરો નીચો કરવો. તેમજ ઉંબરા બરાબર કુંભી કરવી અને થાંભલો પૂર્વે કહેલા માને ઉંચો કરવો. ભ્રમવાળા અગર ભ્રમ વિનાના પ્રાસાદમાં ઉંબરા બરાબર કુંભી કરવી. આ મધ્યમ માન જાણવું. ૧૯, ૨૦.

## પ્રાસાદ વિનાના છુટા મંડપ અને ચોકીના થાંભલાની જાડાઇનું પ્રમાણ.

प्रासादेन विना यत्र मण्डपश्चाथ वेदिका ॥
तत्रायामस्य यन्मानं कार्यं कल्पयते ततः ॥२१॥
सभामण्डपस्तंभानां प्रमाणश्च ह्यतः शृणु ॥
दशमांशद्वादशांशचतुर्दश विशेषतः ॥२२॥
प्रमाणं तच्च विज्ञेयं पश्चाद् बुद्धिपुरःसरम् ॥
ज्येष्ठकनिष्ठमध्ये च कनिष्ठे ज्येष्ठमेव च ॥२३॥

પ્રાસાદ વિનાનો મંડપ કે ચોકી કરવી હોય તો તેના થાંભલાની જાડાઇનું પ્રમાણ થાંભલાની લંબાઇના માને યોજવું. લંબાઇના દશમા, બારમા અને ચૌદમા ભાગે જાડાઇ કરવી. જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ માનની યોજના શિલ્પીએ પાષાણની મજબૂતાઇ વિગેરેનો બુદ્ધિપૂર્વક વિચાર કરી કરવી. ૨૧, ૨૨, ૨૩.

## ભ્રમવાળા પ્રાસાદોની ભ્રમણીમાં કરવાનાં સ્વરૂપો.

प्रदक्षिणं यदा सूर्यसौम्यादीनां तथैव च ॥
भ्रमस्थाने प्रदातव्याः पूजिताश्च सुखावहाः ॥२४॥
नारदाद्या ऋषयश्च पाण्डवाद्या युधिष्ठिराः ॥
प्रासादे भ्रमसंस्थाने वास्तव्याश्च प्रदक्षिणे ॥२५॥

"Aho Shrutgyanam"

स्वच्छन्दभैरवाद्याश्च ह्यानंदः प्रतिभैरवः ॥
मुक्तियुक्तास्तथा देव्यो भ्रमस्थाने सुखावहाः ॥२६॥

ભ્રમવાળા પ્રાસાદોની ભ્રમણીમાં પ્રદક્ષિણ ક્રમે સૂર્ય, કુબેર વગેરે દેવોની મૂર્તિઓ કરવી તે સુખ આપનારી છે. તેમજ નારદ વિગેરે ઋષિઓ, યુધિષ્ઠિર આદિ પાડવો પણ ભ્રમણીમાં કરવા. સ્વચ્છંદ, આનંદ વિગેરે ભૈરવ તેમજ સુખ આપનારી દેવીઓ આદિની મૂર્તિઓ ભ્રમણીમાં કરવી સુખાવહ છે. ૨૪, ૨૫, ૨૬.

### મંડપોની રચના કયાં કયાં કરવી.

उत्सवार्थे प्रयत्नेन कर्तव्याः शुभमण्डपाः ॥
प्रासादे राजहर्म्येषु वाप्यां कूपतडागयोः ॥२७॥
तत्रैव मण्डपाः कार्या ऋषिराज शृणूत्तमम् ॥
प्रासादाग्रे शुभा रम्या मण्डपाः स्युरनेकधा ॥२८॥
प्राग्रीवविजयाद्याश्च मण्डपा उक्तमानयोः ॥
द्वयस्तंभास्ततो वृद्धिर्मण्डपः सार्द्ध उच्यते ॥२९॥

ઉત્સવ પ્રસંગે પ્રયત્નપૂર્વક શુભ મંડપોની રચના કરવી. પ્રાસાદ, રાજમહેલ, વાવ, કુવા અને તળાવના અગ્ર ભાગે મંડપોની રચના કરવી. પ્રાસાદના અગ્ર ભાગે શુભ અને મનોહર મંડપો અનેક પ્રકારના થાય છે. પૂર્વે કહેલા માને પ્રાગ્રીવ અને વિજયાદિ મંડપો કરવા અને તે બે બે સ્તંભની અનુક્રમે વૃદ્ધિ કરવાથી થાય છે મંડપ દોઢો કરવો સારો છે. ૨૭, ૨૮, ૨૯.

### પ્રાસાદનું દેવસ્વરૂપે વર્ણન.

प्रासादे देवरूपं स्यात् पादौ पादशिलास्तथा ॥
गर्भश्चैवोदरं ज्ञेयं जंघा पादोर्ध्वमुच्यते ॥३०॥
स्तंभाश्च जानवो ज्ञेया घण्टा जिह्वा प्रकीर्तिता ॥
दीपः प्राणोऽस्य विज्ञेयो ह्यपानो जलनिर्गतः ॥३१॥
ब्रह्मस्थानं यदेतच्च तन्नाभिः परिकीर्तिता ॥
हृदयं पीठिका ज्ञेया प्रतिमा पुरुषः स्मृतः ॥३२॥
पादचारस्तु हेकारो ज्योतिस्तच्चक्षुरुच्यते ॥
तदूर्ध्वं प्रकृतिस्तस्य प्रतिमात्मा स्मृतो बुधैः ॥३३॥

"Aho Shrutgyanam"

तत्कुंभादधो द्वारं तस्य प्रजननं स्मृतम् ॥
शुकनाशो भवेन्नासा गवाक्षः कर्ण उच्यते ॥३४॥
कायपाली स्मृता स्कंधो ग्रीवा चामलसारिका ॥
कलशस्तु शिरो ज्ञेयो ध्वजाः केशाः प्रकीर्तिताः ॥३५॥
मेदश्च वसुधा विद्यात् प्रलेपो मांसमुच्यते ॥
अस्थीनि च शिलास्तस्य स्नायुः कोलादयः स्मृतः ॥
एवं पुरुषरूपं तु ध्यायेच मनसा सुधीः ॥३६॥

પ્રાસાદનું દેવરૂપ નીચે પ્રમાણે જાણવું. પાયાની શિલાઓ તેના પગરૂપે છે, ગભારો પેટ, પાયાનો ઉપરનો ભાગ જગતી સુધીનો જંઘા, થાંભલાઓ ઢીંચણ, ઘંટ જીભ, પ્રાણ દીપ, પ્રણાલ ગુહ્યમાર્ગ, દેવતાનું સ્થાન નાભિ, પીઠિકા હૃદય અને પ્રતિમા પુરૂષ જાણવો. હેકાર પગનો સંચાર, દીપનો પ્રકાશ ચક્ષુ, ઉપરનો ભાગ તેની પ્રકૃતિ અને પ્રતિમા આત્મા જાણવો. કુંભાના તળાંચા નીચેનો ભાગ લિંગ, શુકનાશ નાસિકા, ગવાક્ષ કાન, શિખરનું બાંધણા મથાળું ખભો, આમલસારો કંઠ, કળશ મસ્તક અને ધ્વજા કેશો જાણવા.

પૃથ્વી મેદ, ચૂનાનો લેપ માંસ, શિલાઓ હાડકાં, કોલ એટલે ચૈવ અને કુકરા વગેરે સ્નાયુ જાણવા. વિદ્વાન પુરૂષે સર્વ અંગો પરિપૂર્ણ પ્રાસાદના અખંડિત રૂપનું મનથી ધ્યાન કરવું. ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬.

## સોળ માતૃદેવીઓનાં નામ.

गौरी पद्मा शची मेधा सावित्री विजया जया ॥
देवसेना स्वधा स्वाहा मातरो लोकमातरः ॥३७॥
धृतिः पुष्टिस्तथा तुष्टिरात्मनः कुलदेवता ॥
गणेशेनाधिका ह्येता वृद्धौ पूज्यास्तु षोडश ।

૧ ગૌરી, ૨ પદ્મા, ૩ શચી, ૪ મેધા, ૫ સાવિત્રી, ૬ વિજયા, ૭ જયા, ૮ દેવસેના, ૯ સ્વધા, ૧૦ સ્વાહા, ૧૧ માતા, ૧૨ લોકમાતા, ૧૩ ધૃતિ, ૧૪ પુષ્ટિ, ૧૫ તુષ્ટિ તથા ૧૬ કુલ દેવતા; ગણેશ સાથે આ સોળ માતૃદેવીઓ સદા પૂજનીય છે. ૩૭, ૩૮.

## દેવસેના માતૃદેવી.

मयूरवाहनां देवीं खड्गशक्तिधनुर्धराम् ॥
आवाहयेद् देवसेनां तारकासुरमर्दिनीम् ॥३९॥

"Aho Shrutgyanam"

મયૂરના વાહનવાળી, ખડ્ગ, શક્તિ અને ધનુષ્યને ધારણ કરનારી તથા તારકાસુરનો વધ કરનારી એવી દેવસેનાનું આવાહન કરવું. ૩૯.

## કુંડની પ્રાર્થના.

ॐ ये च कुण्डे स्थिता देवाः कुण्डाङ्गे याश्च देवताः ॥
ऋद्धिं यच्छन्तु ते सर्वे यज्ञसिद्धिं मुदान्विताः ॥४०॥
हे कुण्ड तव निर्माणं रचितं विश्वकर्मणा ॥
अस्माकं वाञ्छितां सिद्धिं यज्ञसिद्धिं ददातु भोः ॥४१॥

કુંડમાં અને કુંડના અંગોમાં રહેલા દેવતાઓ ઋદ્ધિ અને યજ્ઞસિદ્ધિ સહર્ષ આપો. હે કુંડ! તારૂં નિર્માણ વિશ્વકર્માએ કરેલું છે. તું અમને અમારી ઇચ્છિત યજ્ઞસિદ્ધિ આપ. ૪૦, ૪૧.

## સૂત્રધાર પૂજનવિધિ.

अथैवानन्तरं वक्ष्ये पूजनं सूत्रधारकम् ॥
यज्ञमण्डपयोर्मध्ये मण्डलं कारयेत्शुभम् ॥४२॥
पट्टैराच्छादनं कृत्वा स्वस्तिकञ्च समालिखेत् ॥
सूत्रधारं सूत्रासने पादौ प्रक्षाल्य सादरम् ॥४३॥
कुंकुमालेपनं कृत्वा दिव्यवस्त्रमावर्णयेत् ॥
मुकुटं कुण्डलं सूत्रं कंकणं मुद्रिकोत्तमा ॥४४॥
हारकेयूरसंयुक्तं पादाभरणसंयुतम् ॥
युग्मं स्त्रीपुरुषाणां च पुत्रपौत्रैश्च संकुलम् ॥४५॥
गृहोपस्करसमस्तं गोमहिष्यश्वादियुतम् ॥
दासीकर्मकराणां च यानसुखासनादिकम् ॥४६॥
ग्रामाणि च ततो दद्यादथवा भूमिरुत्तमा ॥
तेन तुष्टेन तुष्टा हि ब्रह्मविष्णुहरादयः ॥४७॥
कर्मकराणां सर्वेषां धनं दद्याच्च सर्वतः ॥
वस्त्रप्रावरणैः कृत्वा पुण्यं दानं सुसर्वतः ॥४८॥
योजनीयास्तथा सर्वे मिष्टान्नैः खण्डपक्वकैः ॥
ताम्बूलं विलेपनं च यावत्संतुष्टचेतसः ॥४९॥

"Aho Shrutgyanam"

**तुष्टेन च जगत्तुष्टं त्रैलोक्यं सचराचरम् ॥**
**सर्वतीर्थोद्भवं पुण्यं सर्वदेवानुपूजकम् ॥५०॥**

હવે હું ઉત્તમ સૂત્રધારની પૂજનવિધિ કહું છું. યજ્ઞ અને મંડપના મધ્યે શુભ મંડલ કરવું. વસ્ત્રોથી આચ્છાદિત કરી સ્વસ્તિક મંડલ રચવું. સૂત્રધારને સૂત્રાસને પાદ પ્રક્ષાલન કરી બેસાડવા. કુંકુમનું આલેપન કરી દિવ્ય વસ્ત્રો ઓઢાડવાં, મુકુટ પહેરાવવો, કુંડલ, સૂત્ર, કડાં, ઉત્તમ વીંટી, હાર, બાજુબંધ, પગનું આભરણ; આ અલંકારો સ્ત્રીપુરૂષ બન્નેને તેમના પુત્રપૌત્રાદિ પરિવાર સહિત આપવા. તેમજ દરેક જાતની ગૃહસામગ્રી, ગાય, ભેંસ, ઘોડો વિગેરે, દાસી કામ કરવા માટે ચાકર વર્ગ, વાહન, સુખાસન, કોચ–પલંગ વિગેરે, ગામ અથવા સારી ભૂમિનું દાન કરવું. સૂત્રધાર પ્રસન્ન થવાથી બ્રહ્મા, વિષ્ણુ, શંકર વિગેરે દેવો સંતુષ્ટ થયેલા જાણવા તથા બીજા બધા કારીગરોને ધનાદિની બક્ષીસ આપવી તેમજ યોગ્ય તેમને વસ્ત્રો ઓઢાડવાં તથા દાન આપવું. વળી દરેકને મિષ્ટાન્ન ભોજન કરાવવું અને પાનબીડું આપવું. ચંદન અર્ચવું, અને દરેક રીતે તેમને પ્રસન્ન ચિત્તવાળા બનાવવા. એમના સંતુષ્ટ થવાથી સચરાચર ત્રિલોક સંતુષ્ટ થાય છે અને સર્વ તીર્થોથી મળનારૂં તથા સર્વ દેવોનું પૂજન કરવાથી થનારૂં પુણ્ય પ્રાપ્ત થાય છે. ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦.

### વાસ્તુ કર્મના અધિકાર વિષે.

**वास्तुकर्म सोमपुराशिल्पाचार्येण कारयेत् ॥**
**अन्यजात्या न कर्तव्यं कर्ता भर्ता विनश्यति ॥५१॥**

વાસ્તુકર્મ સોમપુરા જાતિના શિલ્પાચાર્યના હસ્તે કરાવવું. બીજી જાતિના શિલ્પી પાસે કરાવવું નહિ. કરાવે તો કર્તા અને માલીક બન્નેનો વિનાશ થાય છે. ૫૧.

### વાસ્તુપીઠની સામગ્રીના અધિકાર વિષે.

**वास्तुपीठस्य भोक्तारः सूत्रधारश्च शिल्पकः ॥**
**अतस्तस्मै प्रदातव्यं वास्तुपीठं शुभेच्छुना ॥५२॥**

વાસ્તુપીઠની સામગ્રીના અધિકારી સૂત્રધાર અને શિલ્પીઓ છે. એટલા માટે કલ્યાણ ઇચ્છનારે વાસ્તુપીઠની સામગ્રી સૂત્રધારને આપવી જોઇએ. ૫૨.

### દેવતાની પૂજા સામગ્રીના અધિકાર વિષે.

**यद्देवाभरणं पूजावस्त्रालङ्कारभूषणम् ॥**
**स्नानमण्डपोपस्करं स्थालीपात्रं तु शिल्पिने ॥५३॥**

"Aho Shrutgyanam"

**शलाकामधुपात्रं च छत्रिकाद्यं च शिल्पिने ॥**
**स्नानशय्यामहाध्वजा दातव्या चैव शिल्पिने ॥५४॥**

દેવતા સંબંધીનું જે આભરણ, પૂજાસામગ્રી, વસ્ત્ર, અલંકાર અને આભૂષણ હોય, સ્નાન તેમજ મંડપ સંબંધી જે સામગ્રી હોય, થાળી, જળપાત્ર, શલાકા, મધુપાત્ર, છત્ર વગેરે તથા શય્યા અને મહાપતાકા વગેરે સામગ્રી શિલ્પીને આપવી. ૫૩, ૫૪.

## દ્વાર પ્રતિષ્ઠા વિધાન.

**द्वारस्य चोच्छ्रयः कार्यः शुभे चन्द्रबले स्थिते ॥**
**खातं कुर्यादुदुम्बरे पंचरत्नानि प्रक्षिपेत् ॥५५॥**
**उदुम्बरशाखाश्चैव ह्युत्तरंगादिहीनकम् ॥**
**वस्त्रेणाच्छादितं कृत्वा वास्तुदेवं समर्चयेत् ॥५६॥**
**आदौ दक्षिणशाखायाः स्थापनं कुरुते ध्रुवम् ॥**
**शाखाछेदचतुर्थांशे द्वारपालान् प्रपूजयेत् ॥५७॥**
**सहिरण्यैश्च कलशैर्वस्त्रेणाच्छादितक्रमैः ॥**
**अभिषेक उदुम्बरे शाखायामुत्तरंगके ॥५८॥**
**उदुम्बरे प्रतिष्ठायां शाखायां च यथोच्यते ॥**
**उत्तरंगादौ कर्तव्या प्रतिष्ठा सर्वकामदा ॥५९॥**

સારૂં ચંદ્રબળ જે દિવસે હોય તેવા શુભ દિવસે દ્વારશાખા બેસાડવી. ઉંબરાની નીચે ખાત કરી તેમાં પંચરત્ન મૂકવાં અને ઓતરંગ સિવાય ઉંબરા સાથે બારશાખો વસ્ત્ર વડે આચ્છાદિત કરી ઉભી કરવી અને વાસ્તુદેવતાનું પૂજન કરવું. પહેલી જમણી દ્વારશાખા બેસાડવી અને ત્યાર પછી ડાબી બેસાડવી. બારશાખના એક ચતુર્થાંશ ભાગે દ્વારપાલોને પૂજવા. સોના મ્હોર નાખેલા અગર સોનાના કળશથી ( જે સારાં વસ્ત્રોવડે ઢાંકેલો હોય ) ઉંબરો, બન્ને શાખાઓ અને ઓતરંગ ઉપર અભિષેક કરવો. ઉંબરો ચોડતાં, બારશાખ ઉભી કરતાં અને ઓતરંગ બેસાડતાં પ્રતિષ્ઠા કરવી તે સર્વ કામનાઓને આપનારી છે. ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯.

## ચોડવાનો વજ્રલેપ મસાલો.

**करालमुद्गीगुल्माषकल्कचिक्कणकाश्च ये ॥**
**चूर्णोपयुक्ताः पञ्चैते सुधाप्रकृतयो मताः ॥६०॥**

"Aho Shrutgyanam"

કરાલ, મુદ્દગી, ગુલ્માષ, કલ્ક અને ચિક્કણ; ચુર્ણ સહિત આ પાંચને ચુના સમાન ગણેલા છે. ૬૦.

**अभयाक्षबीजमात्रा शर्कराः सार्धचूर्णिताः ॥**
**ताः स्युः करालका मुद्गतुल्या याः क्षुद्रशर्कराः ॥६१॥**
**सैव मुद्गीति कथ्यते शिल्पशास्त्रविशारदैः ॥**
**सार्धत्रिपादत्रिगुणकिञ्जल्कसिकतान्वितम् ॥६२॥**
**चूर्णं शर्कराशुक्तयो र्यद् गुल्माषं तदुच्यते ॥**
**करालमुद्गपूर्वोक्तमानेन सिकतान्वितम् ॥६३॥**
**चणकस्य च चूर्णस्य यत्पिष्टं कल्कमिष्यते ॥**
**चिक्कणं केवलं क्वाथं बद्धोदकमिति द्विधा ॥६४॥**
**निश्छिद्रमिष्टमानेन क्षेत्रे त्विष्टकयाचिते ॥**
**पूर्वोक्तानां तु पञ्चानां विधातव्यं पृथक् पृथक् ॥६५॥**

અર્ધ ખાંડેલી હરડે, બહેડાં અને સાકર; એમને કરાલ કહે છે. મગના દાણા જેવા કરેલા સાકરના ટુકડાઓને મુદ્દગી કહે છે. દોઢ ભાગે, ત્રીજા ભાગે અથવા ત્રણ ગણા કેશર અને રેતી સાથેના સાકર અને શુકતના ચૂર્ણને ગુલ્માષ કહે છે. પહેલાં કહેલાં કરાલ, મુદ્દગી અને રેતી સાથે મેળવેલું ચણાના ચૂર્ણનું જે પિષ્ટ તેને કલ્ક કહે છે. કેવળ કવાથને ચિક્કણ તથા બદ્ધોદક એમ બે પ્રકારે કહેલો છે. ૬૧, ૬૨, ૬૩, ૬૪.

ઇંટોના ક્ષેત્ર–કામમાં ઇંટોને નિશ્છિદ્ર બનાવવા માટે પૂર્વે કહેલાં આ પાંચ મિશ્રણોનો જુદીજુદી રીતે ઉપયોગ કરવો. ૬૫.

**तत्र तत्र तदुक्तेन द्रवेण परिमर्दनेन् ॥**
**केवलेनाम्भसा पूर्वं पूर्वोक्तांस्त्रीन्प्रमर्दयेत् ॥६६॥**

તે તે મિશ્રણમાં કહેલા દ્રવ વડે મર્દન કરવું. પ્રથમનાં ત્રણ મિશ્રણોને કેવળ પાણી સાથે પહેલાં મર્દન કરવાં. ૬૬.

**क्षीरद्रुमामलाक्षाणां कदम्बाभययोरपि ॥**
**त्वग्जलैस्त्रिफलातोयं माषयूषं च तत्समम् ॥६७॥**
**मर्द्य शर्कराशुक्तयोश्चूर्णं तत्क्वाथवारिणि ॥**
**खुरसंघुट्टनं कृत्वा स्रावयित्वाथ वाससा ॥६८॥**
**चिक्कणं कल्पयेत्तेन बद्धोदकमथोच्यते ॥**

"Aho Shrutgyanam"

દૂધાળાં વૃક્ષ, આમળાં, બહેડાં, કદમ અને હરડેની છાલનું જલ તથા ત્રિફળાનું પાણી તેમજ તેટલું જ માષનું જૂષ; આ સર્વનો કવાથ કરી તેમાં શર્કરા અને શુક્તનું ચૂર્ણ નાખી ખૂબ હલાવવું અને પછી વસ્ત્રગાળ કરી તેના વડે ચિક્કણ બનાવવું. હવે બદ્ધોદક કહે છે. ૬૭, ૬૮.

**दधिदुग्धं माषयूषैर्गुलाज्यकदलीफलैः ॥६९॥**
**नालिकेराम्रफलयोर्जलैश्चैतत्प्रकल्पितम् ॥**
**बद्धोदकं भवत्येतत् समभागं नियोजयेत् ॥७०॥**

અડદનો જૂષ, ગોળ, ઘી, કેળાં તેમજ નાળીયેર અને કેરીના પાણીમાં દહીં દૂધ મેળવી બનાવેલું મિશ્રણ બદ્ધોદક કહેવાય છે. દરેક વસ્તુ સરખા ભાગે લેવી. ૬૯, ૭૦.

**लब्धचूर्णशतांशं तु क्षौद्रमंशद्वयं भवेत् ॥**
**आज्यं तु कदलीपक्कं नालीकेराम्बुमाषयुक् ॥७१॥**
**क्षीराङ्गत्वक्कषायं च क्षीरं दधि ततो गुलम् ॥**
**पिच्छिलं त्रिफलाम्भश्च त्र्यंशादिकमिदं क्रमात् ॥७२॥**
**अंशवृद्ध्या समायोज्य पूतपक्काम्बुशक्तितः ॥**
**एकीकृत्य करालं च प्रक्षिपेद् दृढवेष्टितम् ॥७३॥**
**अतीत्यैकदिनं पश्चादथैवं घनतां भवेत् ॥**
**नालिकेरस्य शाखाभिर्दण्डैश्च ताडयेन्मुहुः ॥७४॥**
**अतीत्य दशरात्रं तु मुद्गीगुल्माषकल्ककैः ॥**
**युक्तं संघुट्टितं युक्त्या सुधा भवति शोभना ॥७५॥**

દશ ભાગ ચૂર્ણ હોય તો તેમાં બે ભાગ મધ મેળવવું. ઘી, કેળાં, અડદયુક્ત નારીયેરનું પાણી, દૂધાળાં વૃક્ષોની છાલનો કાઢો, દૂધ, દહીં તથા ગોળ તેમજ ભાતનું ઓસામણ, ત્રિફળાનું પાણી; એ દરેક ત્રણ ભાગથી આરંભી એકેક ભાગ વધારી લેવાં. આ બધાં ભેગાં કરી તેમાં કરાલ નાખી ખૂબ મજબૂત બાંધી એક દિવસ રાખી મૂકવું. પછી તે ઘાડું થશે. તેને નારીયેરની શાખાઓ અગર દંડાઓ વડે ખૂબ પીટવું. આ પ્રમાણે દશ રાત્રિ વીત્યા બાદ મુદ્દગી, ગુલ્માષ અને કલ્ક સાથે યુક્તિપૂર્વક મિશ્રણ કરવાથી ઘણો ઉત્તમ ચૂનો તૈયાર થાય છે. ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫.

"Aho Shrutgyanam"

**पूर्वं द्व्यंशो करालं मधुकृतकदलीनालिकेराम्बुमाष-**
**व्यूषं वाक्षाकषायस्तनजलधिगुलत्रैफलाम्भांसि चैवम् ॥**
**वृद्धाग्न्यंशक्रमेण स्फुटशशिधवलं चूर्णयुक्तं शतांशं,**
**पिष्टं सर्वं यथावद् भवति परसुधावज्रलेपस्तथैव ॥७६॥**
**चतुस्त्रिद्वयमासान्तं मृष्टिकायुक्तिमर्दिता ॥**
**श्रेष्ठमध्योत्तमा ज्ञेया सुधा सौधादिबन्धिनी ॥७७॥**

કરાલ બે ભાગ તથા મધ, કેળાં, નારીયેરનું પાણી અને અડદનો વ્યૂષ, બહેડાંનો કાઢો, સ્તન, સમુદ્ર, ગોળ અને ત્રિફળાંનું પાણી; એ દરેક ત્રણથી આરંભી એકેક ભાગ વધારી લેવાં અને દશ ભાગ ચૂર્ણ મેળવી સર્વનું ખૂબ મર્દન કરવાથી શ્રેષ્ઠ વજ્રલેપ જેવો ચૂનો તૈયાર થાય છે. ૭૬.

આ તૈયાર થયેલા ચૂનાને ચાર, ત્રણ અને બે માસ પર્યંત મુઠીઓ દ્વારા મર્દન કરવામાં આવે તો ક્રમે શ્રેષ્ઠ, મધ્યમ અને ઉત્તમ ચૂનો બને છે. ૭૭.

[ શુક્તઃ– શુદ્ધ માટીના વાસણમાં ગોળ, મધ અને કાંજી; એ ત્રણેને એકઠાં કરી ડાંગેરની કોઠીમાં ત્રણ રાત્રિ દિવસ રાખી મુકવામાં આવે તેને શુક્ત કહે છે.

યૂષઃ– મગ વગેરે બેદળ દ્રવ્યને અઢારગણા પાણીમાં દાળ મળી જતાં સુધી સીઝવી પીવા જેવા કરતાં કંઈક ઘાડા પાકને યૂષ કહે છે. ]

### વાસ્તુશાસ્ત્રાવતાર.

**न कोपि कस्यचित्कर्ता कल्पे कल्पान्तरान्तरे ॥**
**वेदवच्च समुद्धर्ता विश्वकर्मा युगे युगे ॥७८॥**
**ऋषिभिर्वास्तुशास्त्रञ्च मन्वादिभिः प्रकाशितम् ॥**
**सृष्ट्यादौ ब्रह्मणा सार्द्धमाकाशात्कथितं पुरा ॥७९॥**
**ब्रह्मणस्तु मुनयः सर्वे प्राप्ता वै विश्वकर्मणः ॥**
**पुनश्च तपसा कृत्वा आत्मज्ञा ऋषिसत्तमाः ॥८०॥**

આ કલ્પ તથા કલ્પાન્તરમાં વાસ્તુશાસ્ત્રનો કર્તા બીજો કોઈ નથી પરંતુ વેદની માફક પ્રત્યેક યુગમાં વિશ્વકર્માજ વાસ્તુશાસ્ત્રના ઉદ્ધાર કર્તા છે. મનુ વગેરે ઋષિઓ દ્વારા વાસ્તુશાસ્ત્ર પ્રકાશમાં આવ્યું. પહેલાં સૃષ્ટિના આરંભમાં બ્રહ્મા સાથે આકાશમાંથી આ શાસ્ત્રનો ઉપદેશ થયેલો છે અને બ્રહ્મા તથા વિશ્વકર્મા પાસેથી તપે કરી આત્મજ્ઞ ઋષિમુનિઓએ પ્રાપ્ત કરેલું છે. ૭૮, ૭૯, ૮૦.

"Aho Shrutgyanam"

### વાસ્તુશાસ્ત્રના પ્રવર્તક.

**सुरज्येष्ठो विश्वकर्मा कुमारो नारदो भृगुः ॥**
**ईश्वरो नंदिकेशश्च च्यवनश्च महामुनिः ॥८१॥**
**मयश्चात्रिर्वास्तुदेवो वशिष्ठो मकरध्वजः ॥**
**बृहस्पतिश्चानिरुद्धो ध्रुवनो गर्ग एव च ॥८२॥**
**श्रीमत्स्यश्च महातेजा एते चाष्टादशैव हि ॥**
**शौनकोक्ताः सुरा एते वास्तुशास्त्रप्रवर्तकाः ॥८३॥**

ઇન્દ્ર, વિશ્વકર્મા, કુમાર, નારદ, ભૃગુમુનિ, ઇશ્વર, નંદિકેશ, મહામુનિ ચ્યવન, મય, અત્રિ, વાસ્તુદેવ, વશિષ્ઠ, મકરધ્વજ, બૃહસ્પતિ, અનિરૂદ્ધ, ધ્રુવન, ગર્ગ અને શ્રીમત્સ્ય; આ અઢાર શૌનકે કહેલા વાસ્તુશાસ્ત્રના પ્રચારકર્તા જાણવા. ૮૧, ૮૨, ૮૩.

### વાસ્તુશાસ્ત્રના જ્ઞાતાઓ.

**शौनको रावणो रामो रेणुकानंदनो हरिः ॥**
**रामांशो गालवो विप्रो गौतमो गोभिलस्तथा ॥८४॥**
**जयश्च विजयश्चैव सिद्धार्थश्चापराजितः ॥**
**विख्याचार्यो मुनिश्रेष्ठः त्रिदशैः पूजितस्तथा ॥८५॥**
**गच्छवीक्षमयपुत्राः कार्तिकेयो महामतिः ॥**
**च्यवनश्च वनत्सूनु वास्तुशास्त्रस्य वेदिनः ॥८६॥**

શૌનક, રાવણ, પરશુરામ, હરિ, ગાલવ, ગૌતમ, ગોભિલ, જય, વિજય, સિદ્ધાર્થ, અપરાજિત, વીખ્યાચાર્ય, ગચ્છ, વીક્ષ, મયપુત્ર, કાર્તિકેય; આ વાસ્તુશાસ્ત્રના જ્ઞાતાઓ જાણવા. ૮૪, ૮૫, ૮૬.

### વાસ્તુવિત્‌ની પ્રશંસા.

**वास्तु वेदसमं ज्ञानं वास्तु वेदसमक्रियम् ॥**
**वास्तु वेदसमं शास्त्रं वास्तुशास्त्रञ्च मानयेत् ॥८७॥**
**वास्तुज्ञानं स्वतःसिद्धं सृष्टिकाम पुराकृतम् ॥**
**तेनैव वास्तुशास्त्रेण लोको भवति पूजितः ॥८८॥**

વાસ્તુશાસ્ત્ર વેદના જેવું જ્ઞાન અને વેદના જેવી ક્રિયાવાળું છે. વાસ્તુ વેદ જેવું શાસ્ત્ર છે તેથી તેનું સન્માન કરવું. વાસ્તુજ્ઞાન સ્વયંસિદ્ધ સૃષ્ટિ અર્થે પહેલાં રચાયેલું શાસ્ત્રજ્ઞાન છે. એવા વાસ્તુશાસ્ત્ર વડે લોક સુખી થાય છે. ૮૭, ૮૮.

"Aho Shrutgyanam"

## વાસ્તુશાસ્ત્ર પ્રશંસા.

वास्तुवेत्ता यथा ब्रह्मा वास्तुवेत्ता यथा हरिः ॥
वास्तुवेत्ता यथा रुद्रो वास्तुवेत्ता च देवता ॥८९॥
वास्तुवेत्ता समो बंधुर्वास्तुवेत्ता समः सुहृद् ॥
वास्तुवेत्ता समो योद्धा न भूतो न भविष्यति ॥९०॥
वास्तुवेत्ताभवद्राजा वास्तुवेत्ता धनाधिपः ॥
वास्तुवेत्ता सखा राज्ञो वास्तुविदं प्रपूजयेत् ॥९१॥
कथं रुष्येत राजानः कथं रुष्यात्प्रजापतिः ॥
कथं रुष्याद्दतुनाथो यस्य तुष्टौ ग्रहसखाः ॥९२॥
अप्रदीपा यथा रात्रिरनादित्यो यथा नभः ॥
तथा शास्त्रार्थसंपन्नो वास्तुशास्त्रं विना द्विजः ॥९३॥
न वास्तुवर्जिते लोके वस्तव्यं भूतिमिच्छता ॥
चक्षुर्भूतो हि वास्तुज्ञस्तत्र धर्मः सनातनः ॥९४॥

વાસ્તુશાસ્ત્રનો જાણકાર બ્રહ્મા, હરિ અને રૂદ્ર સમાન તેમજ દેવતારૂપ છે. વાસ્તુવેત્તા બંધુ, સુહૃદ્ અને યોદ્ધા સમાન છે. એના જેવો હિતૈષી બીજો કોઇ થયો નથી અને થશે નહિ. વાસ્તુવેત્તા રાજા અને કુબેર સમાન છે તથા રાજાનો મિત્ર છે માટે વાસ્તુવેત્તાની પૂજા કરવી. વાસ્તુવેત્તાની પ્રસન્નતામાં, જેના બધા ગ્રહો મિત્ર બની જાય છે, તેના ઉપર રાજા, પ્રજાપતિ અને સૂર્ય કેવી રીતે કોપાયમાન થઇ શકે ?

જેમ દીવા વગરની રાત અને સૂર્ય વિનાનું આકાશ શોભાહીન છે તેમ વાસ્તુશાસ્ત્રને નહિ જાણનારો શાસ્ત્રસંપન્ન વિદ્વાન શોભાહીન જાણવો. પોતાનું કલ્યાણ ચાહનારે વાસ્તુવર્જિત દેશમાં વાસ કરવો નહિ; કેમકે વાસ્તુશાસ્ત્રને જાણનાર નેત્રરૂપ છે અને ત્યાં સનાતન ધર્મ રહેલો છે. ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૪.

"Aho Shrutgyanam"

# 'શિલ્પરત્નાકર' ગ્રંથના અગાઉ ગ્રાહકોનાં શુભ નામ.

| સંખ્યા | નામ | | ગામ |
|---|---|---|---|
| ૩ | પૂજ્યશ્રી જૈનાચાર્ય નીતિસૂરીશ્વરજી | | અમદાવાદ |
| ૩ | મીસ્ત્રી દલસારામ ખુશાલદાસ | સોમપુરા | ધ્રાંગધ્રા |
| ૧ | વેણીશંકર કિરપાશંકર | ,, | ,, |
| ૧ | ત્રિવેદી ભગવાનજી મગનલાલ | ,, | ,, |
| ૧ | મીસ્ત્રી ગિરજાશંકર રામકૃષ્ણ | ,, | ,, |
| ૧ | દવે ભગવાનજી હરીશંકર | ,, | ,, |
| ૧ | અમૃતલાલ કાનજી | ,, | ,, |
| ૧ | મીસ્ત્રી દેવજી કાનજી કોંટ્રાકટર | | ,, |
| ૧ | બાલાશંકર ગોપાલજી | સોમપુરા | ,, |
| ૧ | નાનાલાલ જેશંકર | ,, | ,, |
| ૧ | જેશંકર દયારામ | ,, | ,, |
| ૧ | મીસ્ત્રી પ્રભાશંકર ઓઘડલાલ | ,, | પાલીતાણા |
| ૧ | ,, ભાઇશંકર ઓઘડલાલ | ,, | ,, |
| ૧ | ,, અમરચંદ નાનચંદ | ,, | ,, |
| ૧ | ભગવાનજી નાનચંદ | ,, | ,, |
| ૧ | નારણદાસ ગીરધરલાલ | ,, | ,, |
| ૧ | મીસ્ત્રી ભાઇશંકર ગવરીશંકર | ,, | ,, |
| ૧ | સોલંકી કલ્યાણજી મકનજી | ,, | વઢવાણ કેમ્પ (હાલ કલાભવન, વડોદરા) |
| ૧ | રાવલ રવીશંકર દેવશંકર | સોમપુરા | વઢવાણ સીટી |
| ૧ | મીસ્ત્રી હિંમતલાલ ગીરધરલાલ | ,, | ,, |
| ૧ | લલ્લુભાઇ મલુશંકર | ,, | ,, |
| ૧ | આસર ધરમસી પુરૂષોત્તમ | | અંજાર–કચ્છ હાલ કલાભવન–વડોદરા. |


"Aho Shrutgyanam"

| | | |
|---|---|---|
| ૧ | કિશનલાલ મંગળજી સોમપુરા | સગવાડા, હાલ મુંબાઇ |
| ૧ | રામસહાય સોજીરામ રાજોરિયા આદિગૌડ | ગાજીકા થાના |
| ૧ | મુકુંદરામ સોજીરામ ,, ,, | ,, |
| ૧ | નારણસહાય કુસાલીરામ ,, ,, | ,, |
| ૧ | મીસ્ત્રી ધનજીભાઇ ભીમજી સોમપુરા | ભાવનગર |
| ૧ | દુર્ગાલાલ જગન્નાથ શર્મા | જયપુર, હાલ મુંબાઇ |
| ૧ | લુંબજી વનાજી સોમપુરા | મુંડારા—મારવાડ |
| ૧ | મનરૂપજી લીખમાજી ,, | ,, ,, |
| ૧ | કસ્તુરચંદ રત્નાજી ,, | ચાંણોદ ,, |
| ૧ | કસ્તુરચંદ તેજરાજ ,, | સુમેદપુર ,, |
| ૧ | હરીશંકર કનીરામજી ,, | વિરામી ,, |
| ૧ | પંડિત હિમ્મતવિજયજી | શિવગંજ ,, |
| ૧ | હમીરલાલ ચત્રુભુજજી સોમપુરા | ઉદેપુર—મેવાડ |
| ૧ | શિલ્પકાર ગિરધારીલાલ ચત્રુભુજજી | શિરોહી—રાજપૂતાના |
| ૧ | ઠેકેદાર અબદુલગની બાહુદીન | મકરાણા |
| ૧ | છાજુરામ જીવણુરામ પંડિત | કિશોરી—અલવર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | છનાલાલ કલ્યાણદાસ સુથાર | કડી. ( હાલ ) | કલાભુવન | વડોદરા | આર્ચફાયનલ |
| ૧ | દલસુખભાઇ હીરાલાલ શાહ | વડુપાદરા | ,, | ,, | ,, |
| ૧ | મોહનલાલ દામોદરદાસ ગજ્જર | વટવા | ,, | ,, | |
| ૧ | ગીરધરલાલ હીરજીભાઇ ચાવડા | રાજકોટ | ,, | ,, | |
| ૧ | નવીનચંદ્ર રવચંદભાઇ શાહ | સાદરા | ,, | ,, | |
| ૧ | નરવીર ઘેલાભાઇ મીસ્ત્રી | મંદિર | ,, | ,, | |
| ૧ | અંબેલાલ જગજીવન મીસ્ત્રી | વલસાડ | ,, | ,, | |
| ૧ | મંગળલાલ જેકીસન ,, | ,, | ,, | ,, | |
| ૧ | ટી. એમ. છાયા | પોરબંદર | ,, | ,, | |
| ૧ | એસ. કે. માનેક | | ,, | ,, | |
| ૧ | એસ. આર. વરમા | | ,, | ,, | |

"Aho Shrutgyanam"

# વંશવૃક્ષ–સોમપુરા નર્મદાશંકર મૂળજીભાઇ શિલ્પશાસ્ત્રી
## સં. ૧૯૯૫ સુધી.




वशिष्ठे च महागौरी,
चित्रशर्मा वदन्ति च ।
सिद्धिविनायको देवो,
यक्षश्चित्रेश्वरः कुले ॥
हरश्च शंकरो देवो,
भैरवो विजयस्तथा ।
वेदो यजुर्विजानीयात्,
शाखा माध्यंदिनीस्तथा ॥

વશિષ્ઠ ગોત્રની કુળદેવી મહાગૌરી, ચિત્રેશ્વર યક્ષ, હરશંકર, વિજય ભૈરવ, યજુર્વેદ, માધ્યંદિની શાખા, ત્રિપ્રવર ( વશિષ્ઠ, ઇન્દ્રપ્રમદ, ભારદ્વાજ ), અવટંક ત્રિવેદી, વડનગરા, ધ્રાંગધ્રા.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# ॥ शिल्पशास्त्र पारिभाषिक शब्दार्थ कोशः ॥

| शब्द | व्युत्पत्ति | शब्दार्थ |
|---|---|---|
| वालाग्र. | रेण्वष्टकेन वालाग्रं | આઠ ત્રસરેણુ મળી એક વાલાગ્ર થાય છે. |
| लिक्षा. | लिक्षा स्यादष्टभिस्तु तैः | આઠ વાલાગ્ર મળી એક લિક્ષા થાય છે. |
| यूका. | भवेद् यूकाष्टभिस्ताभिः | આઠ લિક્ષા મળી એક યૂકા થાય છે. |
| यवमध्य. | यवमध्यं तदष्टकात् | આઠ યૂકા મળી યવમધ્ય-આડો જવ થાય છે. |
| अंगुल. | अष्टाभिः सप्तभिः षड्भिः अंगुलानि यवोदरैः | આઠ, સાત અને છ આડાયવ મેળવવાથી અનુક્રમે જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ પ્રમાણનો એક આંગળ (ઇંચ) થાય છે. |
| हस्त. | तच्चतुर्विंशतिः करः | એવા ચોવીસ આંગળનો એક હસ્ત અથવા ગજ થાય છે. |
| प्राशय हस्त. | ज्येष्ठो हस्तः स विद्विद्भिः प्रोक्तः प्राशयसंज्ञितः | આઠ આડા યવ મળી એક આંગળ અને એવા ચોવીસ આંગળના ગજને પ્રાશય કહે છે. |
| साधारण हस्त. | यः पुनः कल्पितः सप्त यवकृतैरिहांगुलैः तज्ज्ञैः स मध्यमो हस्तः साधारण इति स्मृतिः | સાત આડા યવ મળી એક આંગળ એવા ૨૪ આંગળના ગજને સાધારણ અર્થાત્ મધ્યમ ગજ કહે છે. |
| मात्राशय हस्त. | मात्रेत्यल्पं यतः प्रोक्तं, हस्तश्च शय उच्यते । तेन मात्राशयः सः स्याद् हस्तो यः षड्यवाङ्गुलः | છ આડા યવ મળી એક આંગળ અને એવા ચોવીસ આંગળના થયેલા ગજને માત્રાશય ગજ કહે છે. |
| मात्रा. | स्यादेकमंगुलं मात्रा | એક આંગળને માત્રા કહે છે. |
| कला. | कला प्रोक्तागुलद्वयम् | બે આંગળને કલા કહે છે. |
| पर्व. | पर्वत्रीण्यंगुलान्याहुः | ત્રણ આંગળ મળી એક પર્વ થાય છે. |
| मुष्टि. | मुष्टिः स्याच्चतुरंगुला | ચાર આંગળની એક મુષ્ટિ—મૂઠ થાય છે. |
| तल. | तलं स्यात् पंचभिः षड्भिः कर पादांगुलैर्भवेत् | હાથના પાંચ અથવા પગના છ આંગળનું તલ થાય છે. |
| दृष्टि. | सप्तभिर्दृष्टिः | સાત આંગળની દૃષ્ટિ થાય છે. |
| तूणि. | अष्टभिरंगुलैस्तूणिरिष्यते । | આઠ આંગળની એક તૂણિ થાય છે. |

"Aho Shrutgyanam"

| शब्द | व्युत्पत्ति | शब्दार्थ |
|---|---|---|
| प्रादेश. | प्रादेशो नवभिस्तैः स्यात् | નવ આંગળનો એક પ્રાદેશ થાય છે. |
| शयताल. | शयतालो दशांगुलः | દશ આંગળનો એક શયતાલ થાય છે. |
| गोकर्ण. | गोकर्ण एकादशभिः | અગીયાર આંગળનો ગોકર્ણ થાય છે. |
| वितस्ति. | वितस्तिर्द्वादशांगुला | બાર આંગળની એક વિતસ્તિ–વેંત થાય છે. |
| पाद. | चतुर्दशभिः सः दृष्टः पादो नाम तथांगुलैः। | ચૌદ આંગળનો એક પાદ થાય છે. |
| रत्नि. | रत्निः स्योदकविंशत्या | એકવીસ આંગળની એક રત્નિ થાય છે. |
| अरत्नि. | स्यादरत्निः करोन्मितः | ચોવીસ આંગળ અથવા એક હાથને અરત્નિ કહે છે. |
| किष्कु. | द्वाचत्वारिंशता किष्कुरंगुलैः परिकीर्तितः। | બેંતાલીસ આંગળનો કિષ્કુ થાય છે. |
| व्याम वा पुरुष. | चतुरुत्तयाशीत्या व्यामः | ચોરાસી આંગળનો એક વ્યામ–વામ અથવા પુરૂષ થાય છે. |
| चाप वा नाडीयुग. | षण्णवत्याङ्गुलैश्चापं भवेन्नाडियुगं तथा | છન્નુ આંગળનું ૧ ચાપ–ધનુષ યા નાડીયુગ થાય છે. |
| दण्ड. | शतं षडुत्तरं दण्डः | એકસો છ આંગળનો દંડ થાય છે. |
| नल्व. | नल्वस्त्रिशंद्धनुर्मितः | ત્રીસ ધનુષનો એક નલ્વ થાય છે. |
| क्रोश. | क्रोशो धनुःसहस्रं तु | એક હજાર ધનુષનો એક ક્રોશ-ગાઉ થાય છે. |
| गव्यूति. | गव्यूतिस्तदद्वयं विदुः | બે ક્રોશને ગવ્યૂતિ કહે છે. |
| योजन. | चतुर्गव्यूतिरिच्छन्ति योजनं मानवेदिनः | ચાર ગવ્યૂતિનો એક યોજન થાય છે. |
| एक | १ | એકમ |
| दश | १० | દશમ |
| शत | १०० | સો |
| सहस्र | १००० | હજાર |
| अयुत | १०००० | દશ હજાર |
| नियुत | १००००० | લાખ અથવા લક્ષ |
| प्रयुत | १०००००० | દશ લાખ |
| अर्बुद, कोटि | १००००००० | કરોડ–કોટિ |
| न्यर्बुद | १०००००००० | દશ કરોડ |
| वृन्द | १००००००००० | સો કરોડ=અબજ |

"Aho Shrutgyanam"

| शब्द | व्युत्पत्ति | शब्दार्थ |
|---|---|---|
| खर्व | १००००००००००० | દશ વૃંદ=દશ અબજ=ખર્વ |
| निखर्व | १०००००००००००० | દશ ખર્વ |
| शंकु | १००००००००००००० | દશ નિખર્વ |
| पद्म | १०००००००००००००० | દશ શંકુ |
| अम्बुराशि | १००००००००००००००० | દશ પદ્મ |
| मध्य | १०००००००००००००००० | દશ અંબુરાશિ |
| अन्त्य | १००००००००००००००००० | દશ મધ્ય |
| पर | १०००००००००००००००००० | દશ અંત્ય |
| अपर | १००००००००००००००००००० | દશ પર |
| परार्ध | १०००००००००००००००००००० | દશ અપર |
| निमेष | दृङ्निमेषो निमेषः स्यात् | આંખની એક પલક |
| काष्ठा | तैः पंचदशभिः स्मृता | પંદર નિમેષની એક કાષ્ઠા જાણવી. |
| कला | × | ત્રીસ કાષ્ઠાની એક કલા જાણવી. |
| मुहूर्त | × | ત્રીસ કલાનું ૧ મુહૂર્ત. |
| अहर्निश | × | ત્રીસ મુહૂર્તનો ૧ અહનિંશ–રાત્રિ દિવસ જાણવો. |
| पक्ष | × | પંદર અહોરાત્રનું એક પખવાડીયું. |
| मास | × | બે પખવાડીયાનો એક મહિનો. |
| ऋतु | × | બે મહિનાની એક ઋતુ. |
| अयन | × | ત્રણ ઋતુનું એક અયન. |
| संवत्सर | ” | બે અયનનું એક વર્ષ. |
| राजधानी | यत्रास्ते नगरे राजा | જે નગરમાં રાજા રહેતો હોય તે નગરને રાજધાની કહે છે. |
| शाखानगर | शाखानगरमेवाह कर्वटं | શાખાનગરને કર્વટ કહે છે. |
| निगम | अनंतकर्वटमेवेह गुणैर्निगम उच्यते | ઘણાં કર્વટોના સમૂહને નિગમ કહે છે. |
| ग्राम | ग्रामः स्यान्निगमाद्धीनः | નિગમથી નાનું હોય તેને ગ્રામ કહે છે. |
| ग्रामकल्प | ग्रामकल्पो गृहस्त्वसौ | ગ્રામના ઘરોને ગ્રામકલ્પ કહે છે. |
| गोष्ठ | गोकुला वासमिच्छंति | ગાયો સાથે ભરવાડ જે ગામમાં રહેતો હોય તેને ગોષ્ઠ કહે છે. |

"Aho Shrutgyanam"

| शब्द | व्युत्पत्ति | शब्दार्थ |
|---|---|---|
| गोष्ठक | अल्पं तु गोष्ठकम् | નાના ગોષ્ઠને ગોષ્ઠક કહે છે. |
| पत्तन | उपस्थानं भवेद् राज्ञां | જે નગરમાં રાજાનું બીજું રહેઠાણ–બીજો મહેલ હોય તેને પત્તન કહે છે. |
| पुटभेदन (दक) | बहुस्फीतवणिग्युक्तं तदुक्तं पुटभेदनम् | જે ગ્રામમાં ધનવાન વણિકો અધિક સંખ્યામાં રહેતા હોય તે ગામને પુટભેદન કહે છે. |
| पल्ली | | જ્યાં ભીલ્લ લોકો પાંદડાં, ડાળો, ઘાસ અને પત્થરાઓની ઝુંપડીઓ બનાવી રહેતા હોય તેવા ગ્રામને પલ્લી કહે છે. |
| पल्लिका | | એથી થોડા ઝૂંપડાવાળા ગામને પલ્લિકા કહે છે. |
| जनपद | | જે નગરમાં રાજગાદી હોય તે સિવાયના બીજા ભાગને જનપદ કહે છે. |
| राष्ट्र, देश वा मंडल | | રાજધાની સાથે જનપદને રાષ્ટ્ર, દેશ અથવા મંડલ કહે છે અર્થાત્ રાજ્ય કહે છે. |

आवास, सदन, सद्म, निकेत, मंदिर, संस्थान, निधन, धिष्ण्य, भवन, वसति, क्षय, आगार, संश्रय, नीड, गेह, शरण, आलय, लयन, वेश्म, गृह, ओक, प्रतिश्रय. — આટલાં વગર મજલાનાં ઘરો હોય તેનાં નામ છે.

**अ**

| | |
|---|---|
| अभिगुप्ति | પાંદડાંઓથી બનેલા ઘરને કહે છે. |
| अवलोकन | ઘરની બારી |
| अवलोकनक | ફક્ત જોઇ શકાય તેવી જાળી |
| अलिन्द | ઘરની ઓસરી,પરસાળ (વરંડા) |
| अपवरका | નાની કોટડી=ઓરડી |
| अपवर्ग | ,, ,, |
| अर्गला | કમાડનો આગળીયો (ભુંગળ) |
| अर्गलासूची | મોટી ભુંગળ (મોટો આગળીયો) |
| अमेध्या | પેશાબ કરવાની જગ્યા ( મુતરડી ) |
| अवस्कर | જાજરૂ |
| अनुग—म— | પ્રતિરથ, પઢરો |
| अट्ट | પહોળું અને ઉંચું મકાન, કિલ્લા ઉપરનું સૈન્યગૃહ-અશરી |
| अट्टालिका | અગાસી |
| अट्टाली | રવેશ=નાની ગલેરી–છજ્જુ |
| अट्टालका | નાની અથવા નીચી અગાસી |
| अर्चागृह | દેવાલય |
| अध्व | માર્ગ, રસ્તો |
| असुर | રાહુ |
| अनंत | શેષનાગ ( વાસુકી ) |
| अग्नि | અગ્નિદેવ ( ૩ સંખ્યા ) |
| अक्षसूत्र | રૂદ્રાક્ષની માળા |
| अवकासिका | કર્ણશાળા |

"Aho Shrutgyanam"

अंबुज કમળનું ફુલ
अंगुष्ठ અંગુઠો
अनामिका ટચલી આંગળી પાસેની આંગળી
अभय આશીર્વાદ આપતો હાથ
अवलंब ઓલંબો
अभीति અભય ( ભય રહિત કરવા વિષે આશીર્વાદ
अष्टलोह સોનું, રૂપું, કલઇ, શીસું, તાંબું, પીતળ, કાંસું, લોઢું.
अरविन्द કમળ પુષ્પ
अरिष्टागार સૂતિકાગૃહ=પ્રસૂતિ ગૃહ
अर्चि ૩ સંખ્યા, અગ્નિ
अग्निभाग ૧૮ ભાગ
आश्रमाजिर આશ્રમનું આંગણું
आस्थलक બારણા આગળનું પગથીયાનું રમણું–નાનું પગથિયું
आक्रीडभूमि રમવાની જગ્યા
आयत લાંબુ
आयाम લંબાઇ
आदेशिक ઉપદેશક (ઉપદેશ કરનાર ગુરૂ)
आपवत्स ઉમાદેવી ( પાર્વતી )
आयुधागार શસ્ત્ર રાખવાનું સ્થાન
आस-आसरोट આસન–દાશો
आदेशिनी તર્જની આંગળી ( અંગુઠાના પાસેની આંગળી )
आगम શાસ્ત્ર
आनन મુખ–મોઢું
आयस લોઢું
अंकुश હાથીને હાંકવાનું હથિયાર

इ

इन्दु ચંદ્ર, ૧, સંખ્યા.
ईलिका થાંભલીઓ તોરણો સહિત કરવી તે.
ईहामृग વિતર્દિકા (દીપમાળ)ના સ્તંભોમાં કોતરેલા મૃગ.
इषु બાણ ( ૫, સંખ્યા )
ईक्षण આંખ ( ૨, સંખ્યા )
इन સૂર્ય, ૧૨ સંખ્યા

उ

उलोक ઘરના છાપરાનું અજવાળીયું
उपस्थान ત્રણ બાજુ પડદીવાળી બેઠક અથવા મોટો બેસવાનો બાંકડો
उपस्थानक બેસવાની ખુરસી.
उदकभ्रम નગરની ફરતી પાણીની ખાઇ
उदुम्बर બારણાનો ઉંબરો
उपकार्या કિલ્લામાં અંતરે અંતરે કરેલા કોઠા ( બુરજો ).
उद्यान બગીચો, તેમાં રમવાનો બંગલો ક્રીડાગૃહ
उच्छृति ઉંચાઇ
उच्छ्राय,उच्छ्रय ઉંચાઇ
उरुमंजरी ઉરશૃંગના નીચે કરેલાં કૂટ
उलूखल ખાણીયો–ખાયણી
उद्गम ડોઢીયો.

ए

एकशाल જે ઘરની એકજ ઓસરી હોય તે

क

कराल પ્રમાણથી વધારે ઉંચું
कर्वट શહેર, નગર ૨૦૦ થી ૪૦૦ ગામવાળા પ્રગણાની રાજધાનીનું ગામ
कटक સૈન્ય ( લશ્કર )
काल ૩, સંખ્યા
कण्ठा ઘરના ફરતી વંડી
कक्षा બે ઘરની વચ્ચેનો ખુલ્લો ચોક

"Aho Shrutgyanam"

कपाटाश्रय ઉંબરા ઉપરના લાકડાનો ભાગ
कपाट કમાડ સંપુટ, યુગલ
कर्णपिप्पली કાનની વચ્ચેનો નસવાળો ભાગ
कर હાથ ( ૨, સંખ્યા )
ककुभ् દિશા
कनिष्ठिका ટચલી આંગળી
कपिशीर्ष કોટના કાંગરા
कपिला પ્રાસાદની કોળી ( ગાય )
कपाल માથાની ખોપરી, મસ્તક
कल्हार કમળ પુષ્પ
कर्पट બે માર્ગનું નાનું ગામડું
कर्त्तिका કરવત, કાતર
कलाडियो ઘુમટ
कपाटपुट કમાડ
कांडवारिणी કોટના કાંગરાથી નીચેનો ભાગ, લશ્કરને ઉભા રહેવાની જગ્યા
काष्ठप्रणाली લાકડાની પ્રણાલ, ધોરીઓ
काष्ठविटङ्क દિવાલો સહિત લાકડાનું ઘર
काश्मशर्करः કાળા પત્થરની બાંધેલી સડક રસ્તો
कारुक કારીગર
काष्ठकर्ण કાટખુણો
कील લોઢાનો ખીલો, લાકડાની ખીલી
किरात જંગલમાં રહેનાર ભીલ જેવી જાત
कुड्य, भित्ति ભીંત, દિવાલ, કંઠ પણ કહે છે
कुमार કૈચકનું રૂપ મોટા સરામાં કરે છે.
कुरङ्ग મૃગ ( હરણ )
कुट्टिम અગાસી
कुमार કાર્તિક સ્વામી, ૬ સંખ્યા
कुष्ट ઇન્દ્રધ્વજ બેસાડવાનું સાલ
कुद्दल કોદાલો
कुन्त, कुन्ति ભાલો
कुंजर હાથી
कूर्च દાઢી મૂછ ભેગું
कुंडल કાનનો અલંકાર–કુંડલ
कुज મંગળવાર, તે નામનો ગ્રહ
कैवर्त ખલાસી, વહાણ ચલાવનાર
क्रीडागार રમવાની જગ્યા
कोष्ठक કોટડી
कोशपाल ખજાનચી
कोष्ठागार કોઠાર, દાણા ભરવાની વખાર
कोटर બખોલ, ઝાડની પોલાણ
कौमोदकी વિષ્ણુની ગદા
कंबु શંખ
कोद्दाल કોદાલો
कंबा, कंबिका ગજ, ૨૪, આંગળનો હસ્ત.
कक्षासन કઠેડો ( બેસતાં કાખમાં સમાય તેવો )
कीलका થાંભલા
कर्णा શંખાવટ
कैवल्य ૧ સંખ્યા
कैश्चिद જારી
कंदन કુંભી

### ख

खड्ग તરવાર
खट्वाङ्ग ખાટલાની ઇસ (શિવનું આયુધ)
खेट, खेटक ઢાલ ( પાંચ માર્ગવાળું મોટું ગામડું )
गर्भगृह દેવાલયનો ગભારો
गडदि થાંભલાની ઠેકી કાંઠાસરા ઉપરની
गजकर्ण ગણપતિના દેવાલયમાં ડાબી બાજુના યક્ષનું નામ
गजपृष्ठ નગરની ફરતી ખાઈનો કાંઠો
गज હાથી

"Aho Shrutgyanam"